આ ગ્રંથકર્તાનાં પુસ્તકો.

			રૂ.	આ.	પ.
સરસ્વતીચંદ્ર	ભાગ ૧.	ત્રીજી આવૃત્તિ ...	૧	૮	૦
„	ભાગ ૨.	બીજી „ ...	૧	૪	૦
„	ભાગ ૩.	... ...	૧	૮	૦
„	ભાગ ૪.	... ...	૩	૮	૦
સ્નેહમુદ્રા.	બીજી આવૃત્તિ	... ...	૧	૦	૦
યુરોપ, એશિયા, વગેરે ખંડોમાંની મહાપ્ર-					
જાઓમાં જનસ્વભાવનાં લાક્ષણિક દૃષ્ટાંત:			૦	૨	૦
The Classical Poets of Gujarat		...Rs.	0	4	0

સ્નેહમુદ્રાની ટીકા (સ્વર્ગવાસી જયંતીલાલ
મગનલાલ દેસાઈ બી. એ. કૃત જુદી છપાઈ છે)

ઉપરનાં પુસ્તકો નીચે લખેલે ઠેકાણેથી મળશે.

મુંબાઇ—કાળકાદેવી રોડ ઉપર **એન. એમ. ત્રિપાઠી**
એન્ડ કંપની તા. સર્વ બુકસેલરો.
બહારગામ—અમદાવાદ, સુરત, રાજકોટ, વગેરે ગામોના
પ્રસિદ્ધ બુકસેલરો.

સરસ્વતીચંદ્ર.

નવલકથા.

ભાગ ૪.

સરસ્વતીનું મનોરાજ્ય અને પૂર્ણાહુતિ

કર્તા

ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી,

બી. એ., એલ. એલ. બી., વકીલ, મુંબાઈ હાઇકોર્ટ,

નિવૃત્તિનિવાસ નડીયાદ.

अन्या जगद्धितमयी मनसः प्रवृत्तिः
अन्यैव खल्वपि रचना वचनावलीनाम् ।
लोकोत्तरा च कृतिराकृतिरन्यैव
विधातुर्यत्रैकतोऽपि चलितमन्यतः ॥

जगन्नाथ, रत्नाकर.

In the service of mankind to be
A guardian god below; still to employ
The mind's brave ardour in heroic aims,
Such as may raise us o'er the grovelling herd,
And make us shine for ever—that is life.

—*Thomson.*

સર્વ અધિકાર સ્વાધીન.

મુંબાઈ:

મુખ્ય એજંટ—એન. એમ. ત્રિપાઠી એંડ કંપની.

સંવત્ ૧૯૫૭. સન ૧૯૦૧.

મૂલ્ય રૂપીયા સહાડા ત્રણ.

બૉમ્બે,

એજ્યુકેશન સોસાઈટી મુદ્રાયંત્રમાં મુદ્રાંકિત.

PREFACE.

The last volume of Sarasvati-chandra is here offered to the public. It endeavours to complete the programme laid down in the preface to the third volume. In that preface it was suggested that the varied conflicts of life and thought at present visible all over India may one day end in reciprocal assimilation and harmony of the warring elements.

This process of assimilation, while it may not be able to surprise us with any sudden advent of peace, will make its presence felt sooner or later by floating on our horizon ideas and sentiments as foreign to our past experience as possibly Columbus and his ships may be imagined to have been to the minds of the anxious aborigines of old America as they watched his approach towards their shores. This may sound like an exaggerated note of alarm or an idle conceit at first sight. Cooler thoughts will, however, bring home the conviction that our present state of transition must one day end the effervescence of its lighter elements. That stage over, India must have her day of peace and comfort, and the only question is what kind of day that will be.

There seems to be a sort of presumption in proposing to answer such a question, and a presumption it might be if this book were of the nature of a historical disquisition or a scientific forecast. The writer of a novel may, however, well be allowed to indulge in dreams of future days according to his own lights, even where the forecast of any future at all must fall short of the exacting tests of scientific or philosophical critics. It is in such a dream-land or Mano-rájya that the design of the

present volume is laid out. It is on account of this feature of the volume that it is given the title of the Mano-rájya of Sarasvati or the Dream-land of the Minerva of our Indian Atheneum. And the writer's justification for this part of his performance is not that his dreams are prophetic, but that he may, by allowing the reader to have a clairvoyant view of them, help his countrymen in groping their way out of darkness into some kind of light. It will be some gain if by that procedure he can show and signal "a line clear" for those that may be wishing to know their place in the programme for hastening the hour of peace.

This object the writer has attempted to attain partly by speaking in the language of myths, legends, and traditions familiar to his countrymen. There is, in his opinion, a deep and almost scientific evolutional allegory consistently running throughout the plot of the great and prolific Mahabharata, and he has devoted a long and, perhaps, tedious chapter in this work to the exposition of this feature of that venerable epic. He is aware that in doing so he has obviously sacrificed well known canons of modern art; but considering the use made of this allegory in the latter part of the volume, the critic will probably be disposed to agree with his views as to the necessity of that course and the appositeness of this otherwise irrelevant-looking matter.

This groundwork of that epic has so much in common with some of the leading ideas worked out by modern social and political speculations, that it has been found possible to translate the latter into the terms of the former supplemented by other similar materials drawn from our ancient literature and modern popular beliefs, even where the beliefs are, to all appearances, superstitious. It is expected that such a use of these materials will enable the ordinary Indian mind to grasp and appreciate Western ideas and deals to some extent and to some useful purpose.

The existence of such common ideas and their possible influence on the people of this country will arouse a varied interest.

If there is a vast distance between modern India on the one hand and modern Europe and America on the other as regards their modes of thought and life, a similar distance can also be traced in several important points between ancient and modern India itself. It is usual to speak as if the present generation of Indians were witnessing the *fusion* of *two* great civilizations in the contact of the West with the East. If one can admit that India herself has exhibited more than one phase of civilization, and that the phases presented by her in her ancient days were far different things from the phase she now presents, it will be more accurate to say that we are not only hemmed in between the two civilizations of modern East and West, but that the awakenings of the far different ancient Indian civilization are also upon us as a *third* element of the fusion. If this last element differed in essential points from modern Western civilization, it also agreed with it (as the above-mentioned common ideas will attest) in recognising some very vital principles of thought and life as being of the essence of Progress and Civilization, as for instance, when the Aitareya Bráhmaṇa defined the Satya Yuga as the Age of Action or Progress and the Kali Yuga as the Age of Sleep or Stagnation. One of the objects aimed at in this volume is so to lift the veil from this part of our literature and history as to show some of the lines of our ancient thought and life along with those of the West in modern times and to bring their converging points into prominence. For that may enable our readers, as representing a part of modern India, to realize what elements are likely to have a preponderating influence in the fusion of the three great civilizations brought by Providence to bear upon the life of our nation and combined by that same power to shape her destiny by their confluence.

What is popularly called our stage of transition has consisted more or less of a condition in which the communities, professing to be under the influence of the one or the other of these civilizations, have been startled by the near approach and close contact of the rival civilizations, and have at times received one or the other of them with curiosity, suspicion, and distrust. The part played by the ordinary Indian mind during this stage has been shown in the first three volumes of this work. The present volume is mainly taken up with the part that is being played and will be played in that drama by a class of Indians which has been directly evolved by the actual contact and growing relations of these civilizations themselves. This is the class which is composed of educated natives. By reason of these very circumstances and others connected with its genesis and development this class is expected to take upon itself special and active functions in bringing about a happy fusion of the elements which have brought it into being and which constitute the special sphere of its usefulness. It is proposed in this volume to present, on the surface of mythical allegories and doctrinal language dear to Indian hearts, a faint but visible etching of the lines along which, by the performance of these functions by this class, assimilation and harmony may be expected to issue in the country out of the temporary phantoms of that religious, social, and political unrest and conflict which, in the course of this fusion, apparently disturb the mental peace of so many races in modern India, not excluding our English brethren. It is possible to fancy ourselves having a peep at a situation of peace, co-operation, and harmonious progress for all these; and if we can even conceive the feasibility of such a peep, we may also hope that what is only such a fiction to-day may become a fact to-morrow.

This hope is not without its foundation so long as educated Indians are assisted in maturing the robustness of their communal body in order that they may be

enabled to perform their legitimate functions with independence. Theirs is the position of the mediastine between the rulers on the one side and the masses of their own countrymen on the other, as also between the masses and the diverse classes of their countrymen themselves. They are a median organism in this way between various other sets of compliate and contradictory organisms, each of which is sufficiently charged with its own latent but powerful and impatient energies. These energies are by no means an evanescent factor in the case, but have in each case been stored up by the long and persistent action of civilizations which are bound to make the severest struggle for self-preservation. It has fallen to the lot of the educated classes to serve as organic sheaths and conductors between the multiform sets of organisms forming the repositories of these energies. The many-sided strain now put upon those classes and likely to grow in quality and quantity while performing these functions, requires that they should find proportionate strength and support from all those who contribute to the strain and will benefit by the capacity of this class to meet it.

The method of developing and maturing, in this mediastine class, a right and beneficent capacity, not only for meeting this strain, but also for performing their difficult functions, is a problem in whose solution all India—including its English population—is deeply and directly interested. The extent to which those at the helm of the State will be equal to the task of pursuing this method with foresight, sympathy and even sacrifice, will also be the measure of their own reward in the long run. But any such method, if method itself be not altogether abjured by them, must in any case involve a concession of the necessary and sufficient amount of free scope for independent action to the median organism, and must thereby afford a valid ground for the hope that some of the fictions, here offered, of what in part are only our hero's visions to-day, may

indeed become facts in some more practical fashion to-morrow.

The existence and the soundness of this hope are assumed in this volume. It is also assumed that educated natives, while grasping at all available extraneous assistance with all their might, will also enter manfully into a struggle on their own behalf, to bear their manifold strain and to perform their functions as much with patience and fellow-feeling as with intrepidity, perseverance, and wisdom. This volume attempts to present a perspective in which the description of this struggle will connect the reader with contemporaneous actualities, while his introduction into the dream-land of the attainment of the final fusion of the heterogeneous elements will open upon him distant but happier vistas of the past and future of his countrymen. Whether the various characters which fill this perspective are drawn with sufficient art and neatness, is a question best left to the critic.

Nadiad, G. M. T.
27th August 1901.

૨૯. હૃદયના ભેદનું ભાગવું ૫૧૨
૩૦. સિદ્ધલોકમાં યાત્રા ને સિદ્ધાંગનાઓનો પ્રસાદ, અથવા શુદ્ધ પ્રીતિની સિદ્ધિનું સંગત સ્વપ્ન ૫૩૯
૩૧. પિતામહપુરમાં આર્ય સંસારનાં પ્રતિબિમ્બ, અને પ્રીતિની મણિમય સામગ્રીના સંપ્રસાદ... ... ... ૫૫૬
૩૨. યજમાન કે અતિથિ? અથવા પુણ્યપાપમાં પણ પરાર્થબુદ્ધિ-ની સત્તા ૫૮૯
૩૩. સૂક્ષ્મ પ્રીતિની લોકયાત્રા ૬૦૨
૩૪. અર્જુનનાં વાયુરથ અને દાવાનળ ૬૧૫
૩૫. કુરુક્ષેત્રના ચિરંજીવો અને ભારતવર્ષનું ભવિષ્ય ૬૪૧
૩૬. ચન્દનવૃક્ષ ઉપર છેલ્લો પ્રહાર. ૭૦૨
૩૭. મિત્ર કે પ્રિયા? ૭૦૮
૩૮. સ્ત્રીજનનું હૃદય અને એ હૃદયની સત્તા ૭૧૨
૩૯. દેશપ્રીતિનું મનોરાજ્ય ૭૨૨
૪૦. ન્યાયધર્મની ઉગ્રતા ને સંસારના સંપ્રત્યયની કોમળતા ... ૭૫૦
૪૧. ખોવાયલાં રત્નો ઉપરની ધુળ. ૭૬૩
૪૨. મિત્રના મર્મપ્રહાર... ... ... ૭૭૨
૪૩. ન્યાયાધિકારીનાં આજ્ઞાપત્ર. ૭૮૦
૪૪. કોઈને કાંઈ સુઝતું નથી. ૭૮૩
૪૫. કંઈક નિર્ણય અને નિશ્ચય ૭૯૭
૪૬. અલખમન્દિરનો શંખનાદ અને આયુષ્યની પૂર્ણાહુતિ. ... ૮૦૧
૪૭. મોહનીમૈયાનો ઉગ્ર અધિકાર. ૮૦૬
૪૮. બે યુગ વચ્ચેના પડદામાં પડતા ચીરા ૮૧૩
૪૯. પુત્રી. ૮૨૩
૫૦. ગંગાયમુના. ૮૨૫
૫૧. સમાવર્ત્તન. ૮૩૭
૫૨. આરાત્રિક અથવા આરતી... ... ... ૮૪૫

સરસ્વતીચંદ્ર.

ભાગ ૪.

સરસ્વતીનું મનોરાજ્ય અને પૂર્ણાહુતિ.

"Mother Sage of Self-dominion,
Stem thy steps, O Melancholy.
The strongest plume in wisdom's pinion
Is the memory of past folly.

Mute the skylark and forlorn
While she moults the firstling plumes,
That had shimm'd the tender corn
O'er the beanfield's odorous blooms.

Soon with renovated wing
Shall she dare a loftier flight,
Upward to the daystar spring,
And embathe in heavenly light."

COLERIDGE.

સરસ્વતીચંદ્ર

ભાગ ૪.

સરસ્વતીનું મનોરાજ્ય અને પૂર્ણાહુતિ.

પ્રકરણ ૧.

સુભદ્રાના મુખ આગળ.

તાજું ઘાસ ઉગી આ રહે ને
ગાય ગર્ભિણી આવી ચરે તે;
એવાં તીર-વનોમાં ફરવા
ગામસોહ જતા મદ ધરવા. ભવભૂતિ.



ભદ્રા અને સમુદ્રના સંગમ આગળનો પ્રદેશ બારે માસ આવો રમણીય રહેતો. એ સુન્દર સંગમ આગળ વચ્ચોવચ્ચ આઠ માસ એક નદાનો સરખો રેતીનો બેટ બની રહેતો અને તેની બે પાસ સાગર અને સરિતાનો સંગમ નિરંતર થયાં કરતો, ને ત્યાં આગળ એ સંગમથી રુપાની ઘંટડીઓ જેવો—કુમુદસુંદરીના સ્વર જેવો—ઝીણો સ્વર મચી રહેતો હતો. સમુદ્રની ભરતી આવે ત્યારે વચલા બેટમાં ઢીંચણ સુધી પાણી ભરાતું, અને ચાતુર્માસમાં નદીના પૂરને પ્રસંગે ત્યાં ત્રણત્રણ માથાં પાણી ભરાતું. આ બેટને બધી વસ્તી "બેટ" નામથી જ ઓળખતી.

નદીની ઉત્તર પાસે બેટલે સુન્દરગિરિની પાસે જેને તીરે મ્હોટું મેદાન હતું, અને દક્ષિણ પાસે રેતીની પર્વત જેવી ઉંચી ભેખડો હતી, અને તેના ઉપરનાં ઝાડોના માત્ર શિખરભાગ દેખાતા. દક્ષિણ પાસેનું મેદાન ઘણું વિશાળ હતું અને તેના મ્હોટા ઢોળાવ ઉપર નદીની પાસે પ્રથમ માત્ર રેતીવાળો પ્રદેશ, તેથી ઉપર જતાં બારેમાસ લીલા રહેતા ઘાસ-

ાળો પ્રદેશ, તેથી ઉપર જતાં ઝાડની ઘટાઓવાળાં વન ઉપર વન, અને અંતે સુન્દરગિરિના શિખર અને તેને ઘેરી લેતા આકાશનો ઘેરો ધુમ્મટ ઉભો હતો. એ ધુમ્મટ પશ્ચિમ દિશામાં સમુદ્રના સપાટ વિસ્તાર ઉપર ઉતરી પડતો હતો અને માણસની દૃષ્ટિને કૂહેતો હતો કે "તહા-'રાથી જવાય એટલે દૂર જા અને જોવાય એટલું જો—અને 'તેની સાથે એ પણ જોઈ લે કે તહારી મર્યાદા કેવી છે." નદીના પૂર્વ ભાગમાં નદીનો પ્રવાહ વાંકો ચુકો થતો અને આગળ આગળ જે-ઈએ તેમ નહાનો નહાનો દેખાતો, એક પાસની ભેખડો અને બીજી પાસના ઢોળાવ વચ્ચે એક ઝીણી સેંથી જેવો—લીટી જેવો–વાળ જેવો ાગી અંતે અદૃશ્ય થઈ જતો હતો.

"મેટ" ને મધ્ય ભાગે એક ઉંચા છોબન્ધી ઓટલો હતો. ઓટલા ઉપર વાંસ દાટેલો હતો અને વાંસ ઉપર ઝીણી ધજા હતી. વાંસને નીચલે ભાગે એક ભગવા ખાદીના કપડાની રાવડી જેવું હતું. તેમાં કોરી ઋતુમાં એક બાવી રહેતી અને એક નહાના પથરા ઉપર માતાની મૂર્તિ કોતરી સિન્દુર આદિથી પૂજતી હતી. સુરગ્રામની વસ્તી એને મેટનાં માતાને નામે ઓળખતી. નદી અને તીરના મેદાન ઉપર ભર-વાડો, રબારીઓ, અને ગોવાળ લોક આખો દિવસ ફરતા અને પા-સેની લીલોતરીમાં પોતાનાં ટોળાંને ચરાવતા, ગામના લોક યાત્રાઓને દિવસે, રવિવારે, અને બીજા દિવસોએ સવાર સાંઝ માતાનાં દર્શન-નિમિત્તે આ સ્થળે આવતા અને સૃષ્ટિની રમણીયતાને પવિત્ર ધર્મસં-સ્કારો દ્વારા ભોગવતા.

માતાની બાવી યુવાવસ્થાના પૂરમાં હતી પણ વૈરાગ્યની સુન્દરતા તેના મનમાં રમી રહી હતી અને સાંસારિક વિકારોને હડસેલી નાંખી ભક્તિરસની ટોચ ઉપર નિરંકુશ વૃત્તિથી ફરકતી હતી. જે દિવસે કુ-મુદસુંદરી તણાઈ તે દિવસે સુંદર સ્વરથી બાવી ગાતી હતી અને ઓ-ાલા આસપાસ ગામની સ્ત્રીઓ તે ઝીલતી ગરબે ફરતી હતી.

"મા સુન્દરગિરિથી ઉતર્યા, બૉરદાળી મા,
"મા નૌતમ બાળે વેશ, ઝાંઝર વાગે મા.
"આ પ્રાતઃકાળે આભલાં, બૉરદાળી મા,
"તુજ ઘાટડીએ વીંટાય, ઝાંઝર વાગે મા.
"આ સુરજ સન્મુખ લટકતો, બૉરદાળી મા,

પેાની જળી હતી, અને છતને ઠેકાણે ચાર પાસનાં વૃક્ષેાની શાખાઓને આધાર આપી જળીને મથાળે થઈને વચલા ભાગમાં ઓકળીજ સાથે ગુંથાઈ જાય એમ વાળવામાં આવી હતી. જળીની ચારે પાસ વેલાઓ ચઢાવી દીધા હતા તેના ઉપરનાં લીલાં પાંદડાઓના ઉપર ભુરાં, ધેાળાં, પીળાં, કાળાં, અને લાલ ફુલેાએ ભાત પાડી હતી. લીલા રંગથી પુત્રીની આંખેાની સંભાળ રાખવાના આ સુન્દર માંડવા વચ્ચે ભુરા, લાલ અને ધેાળા કાચની પુરશીઓ, બાંક, અને ટેબલ ગેાઠવેલાં હતાં તેમાં કુસુમ પુસ્તકેા સાથે કાળ ગાળતી.

આ માંડવામાંથી નીકળવાના દ્વાર આગળ બદમેાગરા અને ગુલાબના છોડ દ્વારપાળ પેઠે ઉભા રાખેલા હતા. એ દ્વાર સામે નાનેા સરખેા પાણીનેા કુંડ હતેા. એ કુંડની બે પાસ પીતળની જળીઓ અને બે પાસ પગથીયાંવાળા આરસના આરા બાંધેલા હતા. ગુણસુન્દરી બારી આગળ ઉભી તે વેળા કુસુમ એક પાસની જળી આગળ આવી ઉભી હતી. એને શરીરે વસ્ત્ર ન જેવાં હતાં. ધેાળેા ગવનનેા ચણીએા પહેર્યો હતેા, પણ તેનેા કચ્છ વાળી દીધેા હતેા, અને ઢંચા અને પગ ઉઘાડાં હતા તે સાથે સાથે રેાપેલી કેળેાના થાંભલા જેવા દેખાતા હતા, અને તેનેા રંગ કેળમાંથી નીકળી આવેલા ગર્ભના જેવા રંગવાળા ચણીયામાં મળી જતેા હતેા. કચ્છ વાળેલા ચણીઆની ઉભી કલ્લીઓ કેળેાના માથાનાં પાંદડાં જેવી હતી. ચણીયાને મથાળે કમળ નાળ વીંટી દીધી હેાય તેમ નેફેા અને નાડું લાગતાં હતાં; અને નાડાના શિરેાભાગની ગાંઠ આગળ, અને તેની નીચે ચાર પાંચ આંગળ સુધી તંગ કરેલા બે પાસથી ખેંચાતા નેફાની ગાંઠ પાસેની ચણીયાની ફાટમાંથી દીસી આવતા બીડેલા કમળપુટના જેવા ઉદરભાગને શિરે, પરાગમાં ભરાઈ ધેાળેા—ભેાળેા થયેલેા ભ્રમર કમળાદળ ઉપર બેઠેા હેાય તેના જેવું, નાભિમંડળ બેઠેલું દૂરથી પણ દેખાતું હતું. આના ઉપર એવા જ વસ્ત્રની ચેાળી પહેરેલી હતી તેના અધેાભાગ અને નેફાની વચ્ચે પણ ઉજ્જ્વલ શરીર, ચણીયેા ફુલાડતા કેડની ઉપર ચઢાવેલી સુવર્ણમેખલા જેવું, ચંદ્રોદય પહેલાં કોમલ તેજના પટ્ટાવાળા પ્રાચીમુખ જેવું, નયનને હરનારું થઈ પડ્યું હતું. તંસતસતી ચેાળીના આગલા ભાગમાં બેારીયાને ઠેકાણે રુપાના આંકડાની હાર હતી, અને ભરાતા શરીરની ખેંચતાણથી એ આંકડા વચ્ચે દેખાઈ આવે એમ રહેવા દેઈ ચેાળીની બે કેારેા એક બીજાથી દૂર તણાઈ જઈ વચ્ચેના મેાહક શરીરને ગુપ્ત રાખવાના યત્નમાં હારતી હતી. આવી રીતે

દીસી આવતી ઉદરભૂમિમાંથી ઉગતી ગૌર અંગની ઉભી રેખા એક વેલી પેઠે કશાને આધારે ટેકાઈ ચળકતી હતી, તેને વચગાળે પર્વે પર્વે ફુલ જેવા રુપાના આંકડા સૂર્યતેજથી વિશેષ ચળકાટ મારતા હતા, અને વેલીને શિરે બે પાસ સુંદર ઘાટવાળાં ગોળ ફળ ઝુકી રહ્યાં હતાં. આ સુન્દર રૂપ-વાડીને યોગ્ય કોઈ ભોક્તા ન દેખતી હોય તેમ મુખપર ઉપર બે હાથની હાથેલીઓ ઢાંકી કુસુમ જાળી આગળ ઉભી રહી હતી, અને આ ઢાંકેલા મુખનીચેનું રૂપ ફરી ફરી નખથી સ્કંધસુધી જોઈ બારીએ ઉભેલી માતા નિઃશ્વાસ મુકતી હતી, અને મનમાં ફરી ફરી ગાતી હતી કે—

"न जाने भोक्तारं कमिह समुपस्थास्यति विधिः ॥

"ઓ પ્રભુ! આને માટે તેં કીયા નરને સરજેલો છે? મને તો "કોઈ દેખાતો નથી. તો એને જ શું કરવા સૃજી?"

આમ વિચાર ચાલે છે એટલામાં કુસુમ પાસેના એક પાતળા ઝાડ પાઝી, તેનો વાંસો લટકતા કેશભારથી ઢંકાઈ ગયો, જોતા જોતામાં ઉંચે ચઢી, બે શાખાઓના વચાળામાં ઉભી રહી, અને આકાશમાંથી નાનું વાદળી તુટી પડે તેમ કુંડમાં કુદી પડી, પા ઘડી પાણીને ચીરી પાણી તળે અદૃશ્ય થઈ પાછી ઉપર આવી, અને પાણીની સપાટી ઉપર હલેસાંથી તરતી રંગેલી નાની વિહારતરણિ* પેઠે સુંદર હાથના ટુંકા વામ ભરતી ભરતી તરવા લાગી. પાણીમાં પડી તે વેળાએ કપાયલા પાણીની છોળો ઉંચે ઉછળી અને ચોપાસ વૃષ્ટિગૃહ થયું. કુસુમ એવાજ વૃષ્ટિગૃહ (ફુવારા) વચ્ચે પાણી ઉરાડતી રમતી રમતી ભીના લાંબા કાળા કેશભારને શરીર ઉપર તરાવતી ખેંચતી જાતે તરવા લાગી, અને પુત્રીના કળાવિકાસને ગર્વથી સ્ફુરતી પણ બીજે વિચારે દુઃખમાં ડુબી જતી માતાની દૃષ્ટિ આંસુના વર્ષાગૃહ વચ્ચે પુત્રીની પાછળ તરવા લાગી.

એટલામાં સુન્દર પાછળથી આવી, ગુણસુન્દરીની પાછળ ઉભી રહી અને કહેવા લાગીઃ "ચંદ્રકાંતભાઈ જોડેના ખંડમાં એકલા અત્યંત શોકમાં બેઠેલા છે."

ગુણસુંદરી વિચારમાંથી જાગી. ચંદ્રકાંતવાળા ખંડમાંથી સ્વર આવતો હતો તે સાંભળતી બ્હાર ઉભી. ચંદ્રકાંત શોકમગ્ન મુખથી એક ખુરસી

* જાલી બોટ.

પર પડી, માથે હાથ મુકી, મનમાં એક શ્લોક ફરી ફરી ગાતો હતો પણ પાસેથી કાન માંડનારથી તે સંભળાતું હતું.

" लावण्यद्रविणव्ययो न गणितः क्लेशो महानर्जितः
" स्वच्छन्दं चरतो जनस्य हृदये चिन्ताज्वरो निर्मितः ॥
" एषापि स्वगुणानुरूपरमणाभावाद्धराकी हता
" को ऽ र्थश्चेतसि वेधसा विनिहितस्तन्वीमिमां तन्वता ॥* "

દુઃખી શ્લોક ગુણસુંદરીના દુઃખ સાથે સુસંવાદી થયો.

ગુણસુંદરી સ્તબ્ધ બની. ચંદ્રકાંત બડબડ્યોઃ " સરસ્વતીચંદ્ર, તું સ્વ-
" ચ્છન્દ વિહાર કરતો હતો તેમાંથી તારા હૃદયમાં ચિન્તાજ્વર પ્રકટ્યો
" તે તું આમ બટકે છે, જેને માટે તું આટલા જ્વરમાં સપડાયો તેને
" બીચારીને વાનરકરમાં ફુલ ગયા જેવું થયું. અને તેનું કારણ પણ તું જ!"

ગુણસુંદરીએ સુંદરનો ખભો હાથ વડે ડાબ્યો.

વળી ચંદ્રકાંત બોલવા લાગ્યોઃ " હરિ! હરિ! બની જોડ તુટી! બન-
" વાની જોડની પાંખો વચ્ચે વધારે ને વધારે જ અંતર પડે છે—હરિ!
" હરિ! બની બનાઈ બન રહી—અબ બનનેકી નાહી— "

ગુણસુંદરીએ છાતી ઉપર હાથ ડાબ્યો અને કાન આતુરતાથી ધર્યા.

ચંદ્રકાંત પ્રથમ બોલવા અને પછી નિઃશ્વાસ મુકી ગાવા લાગ્યોઃ " એક
વાર જોડ થઈ હત તો થઈ હત. હવે બીજી જોડ બંધાવી અશક્ય."

" ક્યાં તુજ તે વૈરાગ્ય, રસિક! તુને ભટકાવી લઈ જ જશે?
" ક્યાં હરિણાક્ષી હરિણી સમી સ્વચ્છન્દ વિહારવને ફરશે?
" પકડાઈ ગયો પળવાર અલિ સરસિજઉરે રજનિ પડતાં,
" થયું પ્રાત, ગયો ઉડી, ના સપડાય અનુભવી દક્ષિણ દંઈ કરતાં!
" ફરવું સ્વચ્છન્દ ગમ્યું તુજને, ફરવું મૃગીને સ્વચ્છન્દ ગમ્યું,
" નહીં મન્મથજનળ સમર્થ દીસે, ઉભયે સ્વચ્છન્દપણું જ વર્યું!"

દુઃખી બીચારા લક્ષ્મીનંદન! હતભારી વૃદ્ધાવસ્થામાં જે ભાગ્યબળે તમે પોતાના દુઃખનુ નિમિત્ત થઈ પડ્યા, તે જ ભાગ્યને બળે તમારા પુત્રને બંધમાંથી છોડ્યો. નહી પરણું—નહી પરણું—કહેનાર પુત્ર પિતાને પ્રસન્ન રાખવાના જ હેતુથી વીંધાવા તત્પર થયો, અને એ હેતુ સધાય

* પ્રાચીન શ્લોક.

" એમ નથી એમ જાણતાં માથે પડતી જાળમાંથી છલંગ મારી ન્હાસ
" ગયો ! હવે એને મ્હારે ક્યાં શોધવો ? "

ચંદ્રકાંત વિચારનિદ્રામાં પડી ગયો, અને સુન્દરગિરિનું સ્વપ્ન તેમ જ બંધ થયું.

" સુન્દરભાભી, આ સાંભળવાથી નથી સુખ આપણને—અને—નથ
" તેમને. સરસ્વતીચંદ્ર જડશે તોપણ તેમાં કુસુમનો સ્વાર્થ સધાય એમ
" નથી. એક પાસની ના હોય તો બીજીપાસને મરડીએ. પણ બે પાસનું
" વાંકું ત્યાં સીધું કરવું કઠણ. સરસ્વતીચંદ્રને પુત્ર જેવા ગણ્યા છે ને
" તેમને માટે કાળજું બળે છે માટે તેમને શોધવાનો સ્વાર્થ તો એટલે
" ખરો. બાકીની વાતમાં મન ઘાલવું તે નકામું છે. " ગુણસુંદરી ધીમે
રહી બોલી.

" ભાભીજી, મ્હારાં જેવાં તો ધીરજ હારે. પણ સહુને ધીરજ આપનાર
" તમારા જેવાં અનુભવી માણસ નિરાશ થાય એ નવાઈ છે. જુવો
" છોકરવાદીની પણ ઋતુ છે તે એને બેઠી છે ને એની ઉતરશે. ભ
" એણી પાસથી રજ બ્હીક નથી લાગતી. પણ કુમુદના ઉપર જેવ
" આટલી પ્રીત તેને મન કુમુદની બ્હેન અણબપતી ચીજ વસે તો
" બ્હીક બરી. " સુન્દર બોલી.

ચંદ્રકાંતનો સ્વર ફરી નીકળ્યો ને આ વાતો ફરી બંધ થઈ. તેના
મુખ ઉપર કંઈક સ્મિત, કંઈક હાસ્ય, ફરક્યું.

" કુસુમસુંદરીનો કુમારિકા રહેવાનો અભિલાષ રમણીય છે. તપો
"વનના હરિણના હૃદય પેઠે એનું હૃદય બાલભાવના ઉત્સાહથી ભરેલું
"છે, વ્યવહારસૃષ્ટિની રચનાના ભયનો લેશ દેખી શકતું નથી, નિર્દોષ
"સ્વતંત્ર વિહારનાં સ્વપ્નથી મોહ પામે છે, સંસારની ભોગસૃષ્ટિના દોષ
"જોઈ શકે એટલી એની બુદ્ધિ ચકોર છે, ધારેલો અભિલાષ પૂર્ણ કર
"વાના માર્ગ શોધી શકે એવી એની તર્ક-શક્તિ છે, અવલોકન કરી
"નવા વેશ કહાડે એવી દક્ષ છે—અને—અને મ્હારા મિત્રને રમકડા
"પેઠે એ રમાડે અથવા—મિત્રને રમવાનું રમકડું થાય એવી એ
"રમતીયાળ છે."

ગુણસુંદરી ફરી સ્તબ્ધ બની અને ચિત્ર પેઠે ઉભી. એની પાસ્યા
હાથ નાંખી એને ડાબી સુંદર ઊભી.

"પણ આ સર્વે ખેલ લોકાચારથી વિરુદ્ધ છે. વિધાચતુર જેવું રાજકીય પાણીમાં ઝખકોળાયલું માણસ આવાં મતતન્ત્ર (theories) વડે દોરાય એ અશક્ય છે. પણ આને આટલા કાળ સુધી આમણે કુમારી રાખી છે તે પણ નવાઈ છે. જો એના જેવો વિદ્વાન, દ્રવ્યવાન, વીર, અને દૃઢ આગ્રહી પુરુષ મુંબાઈનગરીના સ્વતંત્ર પવનમાં પ્રાણગ્રાહી થયો હોય તો તો નકકી આવા રમણીય સ્વતંત્ર પક્ષીને લગ્નના પંજરમાં પુરે નહી. એ પક્ષીને વિશાળ આકાશમાં ઉડતું જોવાનો મને અને મ્હારા જેવાઓને લોભ થાય એમ છે. પણ આ તો દેશી રાજ્યનાં બાંધેલા પાણીમાં બંધાઈ ગયેલાં માછલાંઓને અસ્વાભાવિક અને અવ્યવહારિક લાગવા જેવી વાત! પ્રિય મુંબાઈ! મ્હારી સ્વતંત્ર ચમરાવતી! નિર્ધન હોઈને તહારા સ્વતંત્ર વિશાળ સાગરમાં તરવું અને એનાં મોજાંને માથે ચહડવું એ દિવ્ય અધિકાર આ દેશી રાજ્યના મ્હોટમ્હોટા મિથ્યાભિમાની રાજાઓથી ને પ્રધાનોથી સમજાય એમ નથી! એમને મન મ્હારા જેવા રંક મનુષ્યો છોકરવાદી, ઘેલા, મૂર્ખ, અને નિર્માલ્ય! મ્હારા જેવાઓને મન રાજાઓ, પ્રધાનો, અને શ્રીમંતો દ્રવ્ય--કપાસનાં મેલાં ગાંઠાવાળાં ગોદડાં જેવાં છે! મ્હારે તે દ્રવ્ય અને અધિકાર ચરણ તળેની ધુળ જેવાં છે!

" Awake, my St. John! and leave all meaner things
" To low ambition and to pride of kings.*

"પવિત્ર પ્રિય ભર્તૃહરિ! તહારા હૃદયનો પરમાર્થ મ્હારા રંક હૃદયમ કટાયો છે.

" अधिगतपरमार्थान् पण्डितान् माऽवमंस्थाः
" तृणमिव लघु लक्ष्मीर्नैव तान् संरुणद्धि।
" अभिनवमदलेखाश्यामगण्डस्थलानाम्
" न भवति विसतन्तुर्वारणं वारणानाम् "॥

ચંદ્રકાંતે ઓઠ કરડ્યો, તેને કપાળે ભ્રૂકુટી ચહડી અને, પગ ભૂમિપર ઠબકાર્યો।

" Well, I feel my heart elated and buoyant. Poor
' as I am, I must find out my noble bird from its most
' hidden recesses, and rely upon my own strong arm,
' single and unaided, rather than suffer further delay

* D

" at the hands of the proud indifference that reigns
" supreme within bosoms where my own dear busi-
" ness has no status !"

સુન્દર કંઈ સમજી નહી. ગુણસુન્દરી સાંભળી રહી— નીચું જોઇ રહી. અધિકાર-જ્વાળથી અદૂષિત સ્ત્રી-ચિત્તમાં સરસ્વતીચંદ્ર ઉપરની પવિત્ર પ્રીતિના આ સ્વતંત્ર સંસ્કારનો પ્રતિધ્વનિ થયો. પોતાના સ્વામીને માથે આવેલો આરોપ અયોગ્ય છે એમ કહેવાયું નહી.

ચન્દ્રકાંત હસ્યો.

" મહારું ચાલે તો પ્રધાનજીને પુછું કે.—

* " वैखानसं किमनया व्रतमाप्रदानात्
" व्यापाररोधि मदनस्य निषेवितव्यम् ।
" अत्यन्तमेव सदृशेक्षणवल्लभाभिर्
" आहोनिवत्स्यति समं हरिणाङ्गनाभिः ॥

" Here is an angel that can shake to the roots the
" foundations of society in my beloved Bombay, and
" revolutionize the fortunes of her sex in that my
" city of Gods, if only He—He would stoop—stoop
" to conquer—*her*."

" That's pretty nearly impossible : *He* won't stoop
" any longer."

એકદમ એનો સ્વર બંધ થઈ ગયો. તે આરામ ખુરશીમાં ઢળી ગયો અને તેના મનમાં મૂક વિચારભાષા ઉદય પામી.

" I have committed a serious blunder. This loud
" soliloquy is a bad habit : out of place, out of time,
" and out of tune in this land of intellectual and
" sentimental bondage. Nay ! we, Bombay fools,
" have loose and quarrlesome tongues and restless
" verbosity from which these men here who study
" and practise the ways of the business of life, are
" quite free, and their art is worth acquiring.

---

* ગુજરાતી.

" There—too—my noble friend has got this noble art
" by birth and by instinct, while the pest of pauper-
" ism has left me a low-bred fool. Suppose, my wild
" utterances have assailed the sacred ears of my sweet
" hostess, what a wretched and ungrateful idiot must
" I have proved myself to her mind and how must
" I have marred its sweetness with my sour
" effusions ?"

આત્મપરીક્ષકને જાત ઉપર રોષ ચઢ્યો. આ છેલાં વાક્ય પણ મ્હોંટેથી બોલાઈ ગયાં, અને તેની સાથે જે પ્રસંગ વિનોદયોગ્ય ગણી ગુણસુન્દરી હસતી હસતી છતી થઈ, અને જે બંડમાં આવી. સુંદર પણ પાછળ આવી.

" ચંદ્રકાંતભાઈ, બારાબાટા સ્વાદ વગરનું ગળપણ જીભને કે પેટને કોઈ
" ને રુચે નહી. અમારા રુજવાડામાં અમે બરી બોટ્ટી મીઠાઈ
" રાબીએ તે વચ્ચે તમે મશાલો ચખાડો ત્યારેજ હીક લાગે. માટે
" અમને કે તમને કોઇને દોષ દેવાનું નથી." ગુણસુન્દરી ટોળ
કરી બોલી.

ગુણસુંદરીને જોઈ તથા સાંભળી ચંદ્રકાંત આભો બન્યો. પોતાના મનનું બધ બરું પડ્યું. પોતાથી બોલાયલું શું શું સંભળાયું હશે અને શું શું નહી સંભાળાયું હોય એ વિચાર અને ગુંથવારાની ગાંઠ ઉકેલતાં પ્હેલાં મેધાવિની પ્રધાનપત્નીના પ્રશ્નને ઉત્તર દેવો આવશ્યક લાગ્યો.

" ગુણસુંદરી બ્હેન, સરસ્વતીચંદ્ર જેવા મિત્રો જોતાં મ્હારા મનમાં
" મુંબાઇનિગરીનું અભિમાન વધે છે અને એજ નગરીમાં ઉછરેલા મ્હારા જેવા
" બ્રહ્મબન્ધુઓની ગ્રામ્યતા જોઈ એ અભિમાન ઉતરી જાય છે. બધુરામાં
" પુરું મ્હારા ખોવાયલા રત્નના વિયોગ પછી એ રત્નના સહવાસથી જરી
" તરી આવેલા સંસ્કાર પણ મ્હારામાંથી જતા રૂહેવા લાગ્યા છે, અને હવે
" તો સિંહીએ પાળેલા ઉંટને મળેલું ડ્હાપણ શોધવા વૃત્તિ થાય છે."

"એ શું ડ્હાપણ ?"

" પંચતંત્રમાં કથા છે કે સિંહના બચ્ચાં ભેગું ઉછરેલું ઉંટ તે સર્વની
" જનની સિંહી પાસે બડાશો મારવા લાગ્યું ત્યારે જનનીએ કહ્યું કે

" शूरोसि कृतविद्योऽ सि सुवृत्तोऽ सि च पुत्रक।
" यस्मिन् वंशे त्वमुत्पन्नो गजस्तत्र न हन्यते ॥

" આ ઉપરથી સિંહના બચ્ચાંઓના સહવાસને વાસ્તે પોતાને અયોગ્ય
" ગણી ઉંટ ત્યાંથી ન્હાસી ગયું. હું ગમે તેવો પ્રયત્ન કરું છું તોપણ કુલીન
" સંસ્કારો મ્હારામાં આવતા નથી, મ્હારા ઉપર ઉપકાર કરનાર કુલીન
" જનોનું હું મ્હારી ગ્રામ્ય રીતિથી અપમાન કરી બેસું છું, અને તેમને
" જે ઉચ્ચ આચાર સહજ છે તેનો વિચાર થતાં પણ મને વાર લાગેછે.
" એમ છતાં વિચાર થાય છે ને તે પ્રમાણે આચાર કરવા જઉંછું તો
" હાથમાં આવેલું પક્ષી ઉડી જાય છે. માટે મ્હારે પણ ઉંટની પેઠે
" જવું એમ વિચાર થાય છે. "

ગુણસુંદરી હસીને બોલીઃ " પણ તમારા ભાગ્યમાં તો ઉંટનું સદ્‌ભાગ્ય
" પણ નથી. ઉંટ સિંહગૃહ મુકી ઉંટોમાં ગયું, પણ તમે તો સરસ્વતીચંદ્રનો
" સહવાસ શોધવા જાવ છો. એટલે ઉંટનું દૃષ્ટાંત પણ બેહું નહી. "

" એનામાં એક ગુણ એવો છે કે જેમ જેમ મ્હારી છુટી જીભની
" ગ્રામ્યતા એ વધારે વધારે અનુભવે છે તેમ તેમ મ્હારા ઉપર વધારે
" વધારે પ્રીતિ રાખે છે; અને એની પ્રીતિ વધે છે એટલે મ્હારું ચિત્ત
" અવશ થઈ એની પાછળ ભટકે છે. ગુણસુંદરી બ્હેન, એ ગ્રહની પાછળ
" હું ઉપગ્રહ પેઠે ભટકું છું—તે મ્હારી ઇચ્છાથી નહી પણ એના આકર્ષણ-
" થી." ગંભીર અને નરમ બની જઈ રંક મિત્ર બોલ્યો.

ગુણસુંદરીને એની દયા આવી.

" ચંદ્રકાંતભાઈ, જે ચંદ્રનાં તમે આટલા કાંત છો એ ચંદ્રના કાંતને
" હાથમાં આવેલા અમે જવા દેઈએ તો અમે પણ એ ચંદ્રનાં કિરણને
" અયોગ્ય જ ઠરીએ. શું તમે એમ ધારો છો કે સરસ્વતીચંદ્રને માટે
" મ્હારું હૃદય બળતું નથી?" આટલું બોલતાં બોલતાં ગુણસુંદરીની આંખમાં આંસુની ધારા ચાલવા લાગી, અને એનો સુંદર હસ્ત એ આંસુ લ્હોવા જતાં જાતે જ એ આંસુથી ન્હાવા લાગ્યો અને હસ્તકમળ ઉપર ઝાકળના વર્ષાદ પેઠે આંસુ દીપવા લાગ્યાં.

ચંદ્રકાંતનું હૃદય ઓગળ્યું. ચતુર સ્નેહાળ પદ્મિનીનાં વચનામૃતથી આ હૃદયમાં નવો જીવ આવ્યો, અને સરસ્વતીચંદ્રના શોકમાં કુમદસુંદરીની માતાને પ્રત્યક્ષ ભાગ લેતી જોઈ ચંદ્રકાંત પોતાને પોતાનાજ કોઈ અવનવા કુટુંબમાં અવતરેલો અને ઉભેલો ગણવા લાગ્યો.

ગુણસુંદરી આગળ બોલવા લાગી.

"ચંદ્રકાંત ભાઈ, હું પુત્રવિનાનીને ઈશ્વરે સરસ્વતીચંદ્ર જેવો ઉત્તમ
"પુત્ર આપેલો મ્હારા દુર્ભાગ્યથી ખોવાયો. રંક અને ભાગ્યહીન કુમુદ-

"તો ધા મને ધણી પાસથી પડ્યો. હોયા પુત્રીઓ તો સ્ત્રીજાતિને સ્વભા-
"વસિદ્ધ રંક દશા માટે નિર્માયલી જ છે. પણ સરસ્વતીચંદ્ર જેવા
"પુત્રનું સુખ જોઈ હું સુખી થાત અને મને માતા જેવી તેમણે એક
"વાર ગણેલી તેમ ગણવાનું મ્હારી દુઃખી દશામાં એ ચુકત નહી. એ-
"મની પાસે મ્હારા હૃદયની વરાળ કંઈક નીકળી શકત તો હજીએ મ્હારા
"હૃદયમાં કંઈ કંઈ ઉભરા છે તે એ પુત્ર પેઠે શમાવી શકત. થોડાક
"દિવસના સહવાસમાં અમારી સાથે જેમણે ઘણીક માયા કરી છે, તે
"શું આ વેળાએ એંહી હોય તો મ્હારી દાઝ ન જાણે? શું મ્હારું દુઃખ
"એમને કહું તો એમને મ્હારી દયા ન આવે? શું એ દુઃખ ટાળવું
"એમના હાથમાં છે એવી એમની ખાતરી કરું તો મ્હારું મ્હોં એ તર-
"છોડે? આને સ્વાર્થ કહો કે સ્નેહ કહો, પણ મ્હારા પુત્રના મિત્ર
"ગણી તમારી પાસે હું કાળજું ઉઘાડું છું."

ગુણસુંદરીનાં આંસુ આટલું બોલતામાં સુકાવા લાગ્યાં હતાં અને તેના ડાઘ એના ગાલ ઉપર પડેલા હતા. ચંદ્રકાંતનું હૃદય આ જોઈ વધારે રંક થયું.

"ચંદ્રકાંતભાઈ, આટલી તો સ્વાર્થની કથા. જ્યાં સ્નેહ ત્યાં સ્વાર્થ, અને તેવો આ મ્હારો સ્વાર્થ કે પુત્રજેવાની પાસે હૃદયનાં
"મર્મસ્થળ ઉઘાડવાનો લોભ રાખું છું. પણ જો એમના દુઃખથી મને
"દુઃખ થાય અને એમને સુખી જોઈ સુખી થઉં એટલો એમના ઉપર
"મ્હારો સ્નેહ છે એમ કહું તો એ પણ સ્વાર્થ કેમ નહી? માટે એને
"પણ સ્વાર્થ કહો કે સ્નેહ કહો, પણ એ સ્વાર્થ પણ મ્હારું કાળજું
"બાળે છે. કોણ માબાપનો એ પુત્ર આજ કેવે હેકાણે હશે! એણે
"તમારતકો કયારે દીઠેલાં છે! કુસુમના પિતા એના સ્વભાવનો વાંક કહાડે
"છે પણ મને તો બીજો જ વિચાર થાય છે. જેણે મશરુની તળા-
"ઈમાં અર્ધું આયુષ્ય કહાડયું હોય અને વાળ સરખા જેને ખુચ્યા હોય
"તેને ભીષ્મપિતામહ પેઠે બાણશય્યા પર પળવાર પણ સુવું પડે તો તે
"સુવાણું માણસ કેટલું ચમકે? બમા બમા સાંભળનાર અને તમજેવા દેવાંશી
"મિત્રો જેની અહર્નિશ ચિન્તા કર્યા કરતા હશે એવા કોમળ અને સ્વસ્થ
"મન ઉપર પૂન્ય પિતાએ થોડા પણ હથોડાના ઘા માર્યા હશે તેનાથી
"એ સલક્ષણા મનવાળા પિતૃભક્ત મનસ્વીને આટલું ઓછું આવે તો તેમાં
"શી નવાઈ છે? અરેરે! અપર માના પુત્રના દુઃખનું આ જગન્નણીતું
"દૃષ્ટાંત થયું. ગુમાનને માટે એમના મનમાં ઓછી ભક્તિ ન હતી. એ

"ગુમાનનો સ્નેહ આવો ખોટો દેખનાર મ્હારા તાબા જ ઉત્પન્ન થયેલા
"સ્નેહને ખરો શી રીતે ગણે ? પણ હું સત્ય કહું છું કે જેવી મ્હારી બે
"પુત્રીઓની ચિન્તા મને રાત્રિ દિવસ બાળ્યાં કરે છે તેવી જ ત્રીજી ચિન્તા
"તમારા મિત્રની મ્હારા હૃદયમાંથી ખસતી નથી. ચંદ્રકાંત, જગતમાં એક
"લોહીનો સંબંધ કહેવાય છે તે ખોટો ને પારકા લોહીના સ્નેહ તે ખરો એ
"વાત સરસ્વતીચંદ્રના સંબંધમાં તમે અનુભવો છો તો મ્હારી સ્થિતિ પણ
"એવી જ સમજજો. જો આપણાં હૃદય પારદર્શક હત તો તમે આ વાત
"પ્રત્યક્ષ દેખત. "

બુદ્ધિમતી પણ્ડિત નારીની પાસે સ્ત્રીજાતિનો સ્વાભાવિક સ્નેહ કેવા ઉદ્‌ગાર કઢાવી શકે તે ચંદ્રકાંતે આજ પ્રત્યક્ષ અનુભવ્યું. મિત્રપ્રતિ સ્નેહ રાખવાનો એનો ગર્વ ગુણસુંદરીના સ્નેહ આગળ નમી ગયો, અને આંખો લ્હોતો લ્હોતો એ બોલવા લાગ્યો.

"ગુણસુંદરીબ્હેન, મ્હારા નમાયા મિત્રને આપનાં જેવાં માતા છે
"તે જાણી મને જેટલું સુખ થાય છે તેટલું જ દુઃખ તેને લીધે આપને
"થતું દુઃખ દેખી થાય છે. પણ આજ સુધી હું એમ જાણતો હતો કે
"સરસ્વતીચંદ્રની ચિન્તા કરનાર મ્હારા શીવાય બીજું કોઈ નથી; તે મ્હારો
"ગર્વ આજ ઉતરી ગયો, મ્હારા શોકમાં આપના જેવાં સમદુઃખભાગી
"છે એ જાણી મને આશ્વાસન મળે છે, અને હું સાધનહીન અને દ્રવ્યહીન
"રંક પુરુષ આ પુરુષરત્નનો શોધ કરવા જતાં હાંફી જતો હતો તેને હવે
"આપના જેવું સમર્થ અવલંબન મળ્યું જાણી હું પોતાને બળવાન ગણવા
"લાગ્યો છું. મ્હારા મિત્રનાં માતુઃશ્રી ચંદ્રલક્ષ્મી જાણે આયુષ્મતાં છે અને
"મ્હારે તેમના સમક્ષ અને તેમના આશ્રય નીચે રહી તેમના અતિ પ્રિય
"પુત્રરત્નનો શોધ કરવાનો છે એવું સુંદર ભાન આજ મને આપ આ
"સૌંદર્યઉદ્યાનમાં કરાવોછો. "

ચંદ્રકાંતને ગુણસુંદરી ઉત્તર આપે તે પ્હેલાં નવીન વેશ ધરી કુસુમ આવી અને આ કથામાં ભંગ પાડી સઉની વચ્ચે—હાંડીયો વચ્ચે ઝુમ્મર પેઠે—ઉભી. તરત તરી સ્નાન કરી આવ્યાનું લક્ષણ એના ચળકાટ મારતા મુખ અને કેશ ઉપર હતું. મુલતાની સ્ત્રીયોની પેઠે વસ્ત્ર ઉપર એક પાતળો કેશરી છેડો માથે ચ્હડાવી છાતીની ઉપર હોડી લીધો હતો, અને નાકે માત્ર એકલા એક જ મોતીની નથ પ્હેરી હતી. કુસુમોદ્યાનમાંની એક "નદી"માંથી લાંબી નાળવાળું શતપત્ર કમળ આણી, નાળ છાતીના છેડા ઉપર જનોઈની પેઠે નાંખી, કમલનો પત્રભાર ખભા

ઉપર પાછળ લટકતો લેઈ, નાળના મૂળ આગળનો છેડો પોતાના કર-
કમળમાં એવી રીતે રાખ્યો હતો કે નાળને બે છેડે કમળપત્ર હોય
એવી ભ્રાંતિ પળવાર થાય. એના બીજા હાથમાં એક પુસ્તક હતું અને
પુસ્તકનાં પાનાં વચ્ચે આંગળી રાખી હતી.

તરંગમાં રમતી રમતી કુસુમ સર્વની વચ્ચે આવી ઉભી. ઉભેલાં
માણસો કાંઈ કામ-કાજ કરતાં ન હોય અને તેમની વાતોમાં વિઘ્ન થવાનો
સંભવ જ ન હોય તેમ, સૂર્ય આકાશમાંથી તાપનું વમન કરતો હોય તેવી
વેળાએ તાપને તાપનું કામ કરવા દેઈ અષાંતી ઝરમર ઝરમર વૃષ્ટિ થાય
તેમ, માતા અથવા કાકી બેમાંથી એકના ઉપર પણ દૃષ્ટિ ન નાંખતી,
માત્ર ચંદ્રકાંતને જોતી, બાલિશ બાલકી, જેવી અંદર આવી તેવી જ
એને કહેવા લાગી.

" ચંદ્રકાંતભાઈ, આજ તમારું કામ પડ્યું છે. સરસ્વતીચંદ્ર અહીં
" આવ્યા હતા ત્યારે તેમનું રચેલું આ પુસ્તક મને આપી ગયા હતા.
" એમણે એક નવીન કવિતા જોડેલી હતી તે છાપેલી ન હતી, પણ
" એક કાગળના કડકા ઉપર લખેલી હતી અને તે કાગળ મહારા વાળા
" પુસ્તકમાં ભુલથી રહી ગયો હતો. કુમુદબ્હેન સુવર્ણપુર જતાં બ્હેલાં
" મને એ જડ્યો હતો અને એમને દેખાડ્યો હત તો એ મને એ
" કવિતાનો અર્થ સમજાવત. પણ એ વાંચ્યાથી બ્હેનને વેદના થશે જાણી
" મ્હેં એમને કાગળ આપ્યો નહી. અર્થ સમજવા સારુ એ કવિતા
" તમારી પાસે આણી છે."

" લાવો જોઈએ " કહી ચંદ્રકાંતે પત્ર લીધો અને મિત્રના હસ્તાક્ષર
જોઈ, મિત્રનાં જ દર્શન થયાનો અનુભવ કરી, તેમાંની કવિતા વાંચી,
એ ગળગળો થઈ ગયો. " હરિ ! હરિ ! " કહી, મ્હોં ઉપર હાથ
ફેરવી, મુગ્ધાને કહેવા લાગ્યો.

" કુસુમબ્હેન, હું અર્થ સમજ્યું. પણ બ્હેલી સરત એ કે તમારે
" એ કવિતા ગાવી, અને બીજી સરત એ કે તમે એમાંથી જાતે કેટલું
" સમજ્યાં છો તે કહી બતાવો તો બાકીનો અર્થ સમજાવું. ગુણસુંદરી
" બ્હેન, મ્હારા મિત્રને આ કવિતા પ્રિયતમ હતી— એના જીવનનો
" સાર આમાં છે."

ચંદ્રકાંતે પત્ર ગુણસુંદરીને આપ્યો, ગુણસુંદરી તે વાંચવા લાગી,
અને ઉત્સુક કુસુમની અધીરાઈ હાથમાં ન રહી.

"તમે વળી ગુણીયલને કયાં આપ્યેા ? એને વાંચતાં વાર લાગશે "ત્યાર પ્હેલાં તેા તમે અર્થ પણ સમજાવી ચુકયા હત !" ઓઠ ફફડા-વતી કુસુમ બેાલી.

ગુણસુંદરી વાંચતી અટકી નહી. એના ખંભા પાછળથી સુંદર એ પત્ર ઉપર દૃષ્ટિ નાંખવા લાગી. ચંદ્રકાંત હસતેા હસતેા બેાલ્યેાઃ "પણ "મ્હારી બે સરતેા પુરી કરેા ત્યાર પછી હું સમજાવું કે નહી ?"

"વારુ, ચંદ્રકાંતભાઈ, તમે વળી સરતેા કયાં નાંખી ? સમજાવેા ને જ એટલે ઝટ પાર આવે." કવિતાના અર્થભેાગની આતુર મુગ્ધા વિલંબનાં નિમિત્ત સહી શકી નહી.

"અમારી સરતેા તેા ખરી. તમે અમારી સરત પાળેા તેા અમે તમારી પાળીયે."

"ચાલેા—ત્યારે. પણ ગાયા વગર વાંચું તેા ?"

"ના. બે તેા સરત પુરેપુરી પાળેા."

કુસુમ લજ્જાવશ થઈ અને એના ગાલ ઉપર જણાઈ આવી. લજ્જા અને જિજ્ઞાસાનાં પરસ્પર-વિરેાધક આકર્ષણ વચ્ચે ખેંચાતી મુગ્ધાના રમ-ણીય મનેાવિકાર તેની મુખમુદ્રા ઉપર દેાલાયમાન થતા ચંદ્રકાંતે જેયા, અને એ સુંદર જ્યેાત્સ્નાના દર્શનથી શ્રમિત આંખે ઝળઝળીઆં આવ્યાં હેાય એવેા બે થઈ ગયેા ને મનમાં કહેવા લાગ્યેાઃ "સરસ્વતીચંદ્ર ! સરસ્વ-"તીચંદ્ર ! આ રમણીય સૃષ્ટિને તજી તું ક્યાં ભરાઈ ગયેા છે?—અરેરે!— "થીએાસેાફિસ્ટ" મત પ્રમાણે તહારા લિંગદેહને અત્રે મેાકલી આ કેાતુક "જેવાની શક્તિ તેા આપ ! તહારા શબ્દેા અને તહારા વિચાર સ્થળે સ્થળે "અલાદીનની મુદ્રા પેઠે કેવાં સત્વ ઉભાં કરે છે તે જો તેા ખરેા !"

લજ્જાનેા જિજ્ઞાસાએ પરાજય કર્યેા, અને નીચું જેાઈ રહી, અત્યંત બલાત્કારથી—હઠયેાગથી—લજ્જાને ઉરમાં ડાબી નાંખી, જિજ્ઞાસુ મુગ્ધા ગાવા સારુ ઓઠ ઉઘાડવા સ્પષ્ટ પ્રયત્ન કરવા લાગી. તે ઓઠનેા પ્રયત્ન દેખતેા ચંદ્રકાંત મનમાં ગણગણ્યેા—"द्विदलकन्दलकम्पनलालितः ॥"

ઓઠમાંથી સ્વર નીકળે ત્યાર પ્હેલાં સુન્દરગૌરી હસી પડી, કુસુમની મનદેાલાને હીંદેાળવા લાગી, અને એના કાનમાં કહેવા મંડીઃ

"કુસુમ, મ્હારી કુસુમ,—નથી સાકર ગરજ સમાન ગણી."

જાગેલા જેવી કુસુમ કાકીને ધક્કેા મારી બેાલી: "શું કાકી ! અમથું અમથું શાને માટે આવું બેાલતાં હશેા જે ?"

હસતી હસતી સુંદર સઉ સાંભળે એમ બોલી: "ચંદ્રકાંતભાઈ પાસેથી જોઈતી વાત સાંભળવાની ગરજે લાજને આઘે મુકી ગાવાનો ચાળો કર્યો- એ જ—શીરા સારુ શ્રાવક થઈ! બીજું શું?"

કુસુમની જિજ્ઞાસાએ દેખીતી લાજ મુકી, અને બોલી: "જાવ ત્યારે એમ. ચંદ્રકાંત મ્હારા ભાઈ, તેમની પાસેથી કાંઈ સારો બોધ પામવાને માટે તેમની આજ્ઞા પાળું—એનું નામ શીરો હોય તો અમે શ્રાવક. પછી કાંઈ?"

સુંદર પાછી પડી બોલી.

"બોઈ, ગા ત્યારે. ચંદ્રકાંતભાઈ પણ તમારી પરીક્ષા કરશે—જેણે મુકી લાજ, તેને નમાનું સરખું રાજ્ય."

કુસુમ હસી પડી અને બોલી: "હા-હા! એ ખરું. મ્હારે એ "રાજ્ય. ચાલો, ચંદ્રકાંતભાઈ, તમે તમારે સાંભળી લ્યો. કાકી "તો મને ઘેલી ગણી વેળા વીતાડશે. હું ગાઉંછું—પણ આ તો લાવણી "છે તે પુરુષોનો રાગ મ્હારાથી નીકળવાનો નહી—માટે અમસ્તું વાંચ- "વા જ દ્યો ને!"

"હવે કાંઈ છટકી જવાશે?" ચંદ્રકાંત બોલ્યો.

"લ્યો, ત્યારે ગાઈશ, પણ રાગમાં ભુલ ન કઢાડશો."

"ભુલો નીકળે ને કઢાડીએ નહી?"

"પુરુષના રાગ મને ન આવડે."

"ત્યારે તમારી ચતુરાઈમાં ઓટલો વાંધો."

"તમે ગાઈ બતાવો તો હું બરાબર ગાઉં."

"એવી કાંઈ આપણે સરત નથી."

"લ્યો ત્યારે. ભાઈની પાસે બ્હેનની ભુલો પડશે તો ભાઈને લાજ!"

આ પ્રશ્નોત્તરનો આમ પરિણામ આવ્યો જોઈ, સુન્દર બોલી. "ગા "બાપુ, ગા. ગાવાની થઈ તે તું કાંઈ ગાયા વગર રહેનારી હતી? ચંદ્ર "કાંતભાઈને માથે ગાડવો ઢોળી નાંખીને પણ તું ગાવાની. તે ગાઈ દે "એટલે અમે તો જાણીયે કે કુસુમ આવી લાવણીયો ગાય છે."

"હું! હવે તમને ઉત્તર શું કરવા દેઉં કે શીરો મ્હોંમાં જતાં વા "લાગે? —લ્યો, ચંદ્રકાંતભાઈ, સાંભળો."

થોડી વાર નીચું જોઈ, આંખો મીંચી, માતાપાસેથી કાગળ લીધા વિના મ્હોંડેથીજ કુસુમ લાવણ્યમયી (લાવણી) ગાવા લાગી, અને પુરુષના લલકારમાં સ્ત્રીકંઠનું લાલિત્ય અને બાળચેષ્ટાનો ઉત્સાહ ભરવા લાગી. ગાન મન્દ અને સ્થિર સ્વરે વિકસવા લાગ્યું:

" મચી રહ્યો કોલાહલ આજે, દશે દિશે ગાજે !
" તે તળે સરે કો ભિન્ન ચિત્ર સંસાર ! જગત ના જાણે ! ૧
" તરીઁ રહે ઉપર વ્યવહાર,
" સઉ સરી જંતા જ પ્રવાહ,
" સઉ દિવસ ભભુકતો તેજે,
" રવિ સળગીઁ રહે જગદેહે,
" તે નીચે નિશા નિજ ખેલ જમાવતીઁ, અંધ સોડીંયું વાળી !
" સ્ત્રીચરિત કરતી નિશા દિવસનું રૂપ ધરી આ જનમી ! ૨
" નભ ઉડુગણથી ઉભરાતું,
" તિમિરોદર ઘણું ઉપસાતું ,
" ઉર ચિત્ર સ્વપ્ન ભણીઁ ધાતું ,
" જગ મદનતન્ત્રી ધરીઁ ગાતું :—
" તે નહી દેખું, નહીઁ શુણું, રજનિ જ્યાં રૂપ દિવસનું ધારે;
" ઓ રજનિ ! ઘુંઘટ ઉઘાડ! નીરખવા તને ચિત્ત લલચાયે. ૩
" ઓ રજનિ ! તુંહારે કાજ
" મુખીઁ દઈશ હું આ સઉ સાજ !
" ઓ રજનિ ! જોવા તુંને,
" આ યુદ્ધયુદ્ધ ફોડીંશ હું તે. !
" ગૃહજાળ, લક્ષ્મીની જાળ, રચી મુજ શિરે રહે યુદ્ધયુદ્ધને ;
" એ યુદ્ધયુદ્ધ ફોડી, તોડીઁ બન્ધોંના બન્ધ, જોઈશ હું તુંને. ૪
" ઓ રજનિ ! જોવા તુંને મુને અભિલાષ ઘણો છે આજે !
" બહુ બહુ વર્ષ અભિલાષ ઉંડો ઉરમાં ધર્યો છે સાચે ! ૫
" હું ચન્દ્ર ! રજનિ, તું રજનિ ! જીવ હું, તું જ જેમ પરલોક ;
"તુજ તિમિરવીંશે તરીઁ જોઈશ-"ઉભો તુજ સમો ક્યાં જ પરલોક?" ૬
" તોડી જ સજડ આ બન્ધ,
" હું જોઈશ, રજનિ, તુજ ફન્દ !
" મુજ નવો થશે અવતાર !
" નવું તેજ પ્રકટશે આંખ !
" મુજ સરવા થાશે કાન !
" શુણીઁ શકીંશ હું યમનું ગાન !

" આ દમ્ભ થકી, આ ઢોંગ થકી સરી પડીશ રસાતળમાં હું !
" આ નાટકના પટને ચીરી પેંસીશ-ત્યાં વણવેશ નિશા તું." ૭

કુસુમ ગાઈ રહી ત્યાં સુધી સર્વ એકચિત્ત હતાં. લાવણી ગવાઈ રહી એટલે એકાદ મીનીટ કોઈ બોલ્યું ચાલ્યું નહી, અને કુસુમ પણ શ્રાંત લાગી.

અંતે ચંદ્રકાંત બોલ્યોઃ "બહેન કવિનું કવિત્વ કવિતાનું ગાન સાંભળી પ્રફુલ્લ
" થાય છે. આ કવિતાને ગવાતી સાંભળવાને એનો કવિ પ્રત્યક્ષ નથી. તે
' હત તો પોતાના ચિત્તને પુછી ગાન રસિકતાને કેવું ભાવ્યું તે કહેત. પણ
" હું તો રંક ઘરમાં રહેનાર છું તેને ગન તો આ નવીન પકવાન્ન મધુર
" લાગ્યું એ વિના બીજી પરીક્ષા નથી. હવે આપણી બીજી સરત
" પુરી કરો. "

એ આ બોલે છે એટલામાં " આવું છું " કરી કુસુમ હરિણની ત્વરાથી ગઈ અને આવી; સાથે એક પ્હોળી અને ઉંચાઈ વગરની પેટી લાવી. પેટી ઉઘાડતી ઉઘાડતી બોલી:

" ચંદ્રકાંતભાઈ, મ્હોંડે બોલીને તમને મ્હારો સમજેલો અર્થ કહેવાની
" સરત નથી. આ કવિતા ઉપરથી મ્હેં ચિત્ર કહાડેલાં છે તે જોઈને હું
" શું સમજી છું તે જોઈ લ્યો. "

" કાનને મધુરતા ચખાડી; હવે આંખને ચખાડો" ચંદ્રકાંત બોલ્યો.

" કુસુમને બધી વાતનો રસ, અને કોઈ વાતો એને શીખવનાર મળતું
" નથી તો જાતે જોઈ જોઈને શીખેછે. એની આ ગતિમાં નિત્ય વિકાસની
" સામગ્રી ભરવી એવી એના પિતાની આજ્ઞા છે. પુત્રીનો ઉચ્ચગ્રાહી વિ
" કાસ લોકાચારવિરુદ્ધ છે અને એ વિકાસને ઉદાર અને ઉદાત્ત ગ્રાહક
" ન મળે તો કન્યાને દુઃખમય આયુષ્ય ગાળવું પડે છે, માટે મને તો આ
" વિકાસ રાત્રે ઉજાગરા અને દિવસે ચિંતા કરાવ્યાં કરે છે. પણ ગૃહપ-
" તિની આજ્ઞા છે માટે તે પ્રમાણે ઉમંગથી વેલીઓને આધાર આપીએ
" તેમ કુસુમની સર્વ શક્તિઓને આશ્રય આપું છું. " ગુણસુંદરી બોલી.

" દેશી રજવાડાનાં બન્ધન મ્હેં નિન્દ્યાં તેનો અત્યારે પશ્ચાત્તાપ
કરવો પડે છે. જે ભૂમિમાં શ્રીમાન્ વિદ્વાનો પોતાની અનાથ
"કન્યાઓને લોકમાં ભયંકર ગણાતી પણ વસ્તુતઃ શક્તિરૂપ સરવસ્તી-
"દેવીનો પવિત્ર પ્રકાશ સમર્પે છે તે ભૂમિમાં, આર્યજનોનાં ખુંચી
"લીધેલાં શસ્ત્ર પાછાં આપવાની છાતી ચલવી શકે તો ઇંગ્રેજોને થાય
"તેવું, ઉદાર અને ઉદાત્ત પુણ્ય થાય છે. હબસીઓના દાસત્વના બંધ
"છોડનાર ઇંગ્રેજોને પ્રિય સ્વતંત્રતા--પૂજા આપના મંદિરમાં થાય છે, અને

"વિદ્યાચતુરભાઇને ઈશ્વરે આપેલો વૈભવ એક મહાપવિત્ર સમારમ્ભ પાછળ
"ખરચાય છે. ગુણસુંદરી બ્હેન, આપના ગૃહપતિએ આવી ઉદાર આજ્ઞા
"કરી અને આપના જેવાં પવિત્ર આર્યા એ આજ્ઞાને આવી ચતુરતાથી પાળો
"છો ને તેનું આ ફળ હું જોઉં છું તેથી પળવાર મ્હારા મિત્રની દેશભક્તિ-
"નો એક અભિલાષ સિદ્ધ થવા જોય છે અને મને તેનો આનંદ થાયછે.
"—કુસુમબ્હેન, તમારાં ચિત્ર બતાવો."

કુસુમસુંદરીએ પોતાની સુકટની સુગંધિત સુંદર પેટી ઉઘાડી. એને મુખમલની રાતી ગાદીથી ભરેલી હતી. પતિની સ્તુતિ સાંભળી પ્રફુલ્લ થયેલી માતાના હાથમાં પુત્રીએ એક ચિત્ર મુક્યું, અને તે ઉપર દૃષ્ટિ ઠારી ગુણસુંદરીએ ચંદ્રકાંતના હાથમાં મુક્યું.

ઇંગ્રેજ આધકારીઓની સ્ત્રીઓને ગુણસુંદરી ક્વચિત મળતી, અને તેમની પાસેથી કુસુમ દિગ્દર્શક ચિત્ર—Perspective drawing—ના સાધારણ નિયમો શીખી હતી, અને અનુકરણ અને કલ્પનાશક્તિના આશ્રયથી એની કળા કંઈક વધી હતી.

પ્રથમ ચિત્ર એક મ્હોટા જાડા ચિત્રપટને યોગ્ય પત્ર ઉપર કોહાડેલું હતું. આ ચિત્રપટના બે ભાગ પાડેલા હતા. ઉપલા ભાગમાં વાદળાં, નદીઓ, નદી મુખે સમુદ્ર, દ્રવ્યવાન મનુષ્યોના ઘોડાઓ અને ગાડીઓ, સેનાઓની છાયા, ઇત્યાદિ પદાર્થો સૂક્ષ્મ માપથી કોહાડેલા હતા, અને સૂર્યનું પ્રબળ તેજ તેમની ઉપર પડતું ચિત્રેલું હતું. એ ભાગની નીચે પૃથ્વીના એક ગોલાર્ધની વર્તુલ રેખા પટના એક ખુણાથી બીજા ખુણાસુધી કોહાડી હતી. એ રેખાની નીચે રાત્રિના અંધકારની કાળી છાયા કોહાડી હતી. એ છાયા વચ્ચે કાળું વસ્ત્ર પ્હેરી, વર્તુલરેખાને ઉંચી કરતી સ્ત્રી "રજનિ" ચિત્રી હતી. તે પોતાના વસ્ત્રનું સોડીયું વાળી ઉભી થવા પ્રયત્ન કરતી હતી, તેના શિરના કેશ રેખાને ચીરી ઉપર નીકળતા હતા, અને ચારે પાસની સૃષ્ટિને મ્હોટા કિરણ-પરિવેશ (Halo) વચ્ચે સમાવતી હતી.

ચંદ્રકાંત આ ચિત્ર આંખો પ્હોળી કરી જોઈ રહ્યો અને લાવણીનો પ્રથમ ભાગ વાંચવા લાગ્યો.

"ચંદ્રકાંતભાઈ, આ રેખાના ઉપલા ભાગમાં બધો કોલાહલ છે—સૃષ્ટિ-
"ના મ્હોટા પ્રવાહ અને સૂર્યનો પ્રકાશ છે. રેખાની નીચે રાત્રિ છે. તે સોડીયું
"વાળે છે, અને વચલી રેખાને કોડી એના વાળ, બ્હાર, ઉગી નીકળે છે. આ
"કેશ રેખા ઉપર ઉગે છે ત્યાં તેજવાળું રૂપ ધારે છે. રેખા ઉપર પણ એક
"રાતે નો રાત્રિ જ છે પણ આ રાત્રિના વાંળના પ્રકાશથી સર્વ પ્રકાશે છે

"અને રાત્રિ દિવસનું રૂપ ધારે છે—આ સર્વ ચિત્ર મેં લાવણી ઉપરથી
"ચિતર્યું છે—પણ એ ચિત્રનો ભાવાર્થ અને ઉદ્દેશ શો છે તે મહારાથી સમ-
"જાતો નથી."

ગુણ૦—" કુસુમ! સંસારનો અનુભવ થયા પછી તું તે સમજીશ."

કુસુમ—" અનુભવ થશે તો સહુ સમજશે. અનુભવ થયા પહેલાં સમ-
જાવો ત્યારે ખરાં."

ચંદ્ર૦—"જાવો, ત્યારે હું અનુભવ આપું. સરસ્વતીચંદ્ર મુંબઈમાં હતા
ત્યાં સુધીનો દિવસ, અને પછીની રાત. જ્યાં સુધી મુંબાઈમાં વિદ્યા, લક્ષ્મી,
વૈભવ, મિત્રો, માતાપિતા, અને એવા એવા સંસારના પ્રકાશ એની આંખ
આગળ ચળકાટ મારતા હતા ત્યાં સુધી દિવસ હતો. હવે એને રાત પડી."

કુ૦—" પણ એ દિવસ અને રાત્રિને ઉપર નીચે કેમ કહ્યાં, અને રાત્રિ
દિવસ કેમ બને?"

ચં૦—" માણસ માટીમાંથી ઉત્પન્ન થાય અને માટીમાં જાય. Dust
thou art, to Dust returnest. એ માટી તે આપણી બધી રાત્રિ
અને જન્મમરણની વચલો દિવસ દેખાય છે, પણ એ નાટકના વેશ
જેવો છે, રાત્રિ નાટકનો વેશ ભજવનાર અને આ દિવસ એ એનો
ખોટો વેશ."

ગુણસુંદરી ગણગણી: " --જન્મમરણની વચલો તે દિવસ—मध्ये*
व्यक्तमनादिविभ्रमवशादव्यक्तमाद्यन्तयोः"

કુસુમને નવા વિચારનો ચમકાટ થયો, એની આંખો ચળકવા લાગી,
અને બોટે આંગળી મુકી, બોલી ઉઠી. " હા, હા. માટે જ કહેલું છે કે

"Dust thou art to dust returnest,
"Was not spoken of the soul.

"એટલે જન્મમરણની વેળાએ માટીની ભાઈબંધી છે; એ માટી-એ રાત-
"અને એ રાત્રિને જોનાર જીવ જુદો. એ રાત્રિની ભાઈબંધી કરે તે સત્ય
"વાત દેખે. બાકી દિવસ તો બોટો. પણ તમે સરસ્વતીચન્દ્રના મુંબાઈના
"દિવસને દિવસ કહ્યા, ને પછીની રાત્રિ, એ રાત્રિદિવસ એક પદાર્થ
"શી રીતે?"

ચં૦—"આયુષ્યનાં દિવસરાત્રિ ઈશ્વર આપે છે તેમ સંપત્તિ વિપત્તિનાં
"દિવસરાત્રિ પણ એ જ આપે છે. લક્ષ્મી ચંચળ કહેવાય છે. તમારી હોડે-
"લી કસુંબી ચાદરનો રંગ કાચો છે તેમ લક્ષ્મી પણ કાચો રંગ છે. સંપત્તિ

* ઍંડ્રૈાણિક.

"માત્ર એવી છે. એ ચાદર—એ વિપત્તિ—એ ખરી રાત્રિ, અને એ ચાદર
"ઉપર આ કાચા રંગ ચ્હડે અને માણસની આંખને ઠંગે એટલે એ જ
"ચાદરને દિવસ કૂહેવાની."

કુ૦—"હં. હં. એટલે—એટલે— જુવો ને કે કુમુદબ્હેનનો વિવાહ
"રહ્યો ત્યાં સુધી દિવસ. સરસ્વતીચંદ્ર નાહ્યા અને બ્હેનને સુવર્ણપુર જવાનું
"થયું એટલે આ ચિત્રની ગોળ રેખા ઉપર રજનિના વાળ છે તેમાં એ
"ભરાવા માંડ્યાં, ને હવે એ રેખાનો ધુમટ ભાગ્યો અને રજનિના બોળામાં
"એ ઉતરી પડ્યાં.—"

ગુણસુંદરીનાં આંખમાં આંસુની ધારા ચાલી. બાલભાવવાળીએ બોધની ધુનમાં એ કાંઈ દીઠું નહી. એ આગળ બોલવા લાગી.

"વળી જુવો, મહારાજ મૂલરાજના આયુષ્યને પ્રસંગે મૃનામાતાને
"દિવસ હતો. મહારાજ શંકરરૂપ થયા એટલે મૃનામાતા આ સ્મશાન
"જેવા સંસારમાં મહાદુઃખે જીવે છે તે રાત્રિ."

ચંદ્ર૦—"એમ જ."

કુ૦—"સઉનો દિવસ ઉતરવાનો અને રાત્રિ ચ્હડી આવવાની. કુમારાં
"હઈએ એ રાત્રિ. પરણે એટલે દિવસ ને સૌભાગ્ય તુટે એટલે પાછી રાત્રિ.
"એ પરણવું-એ દિવસ-તે તે ઢોંગ ને ધતુરા ને બાકીની બધી રાત્રિ એ તે
"ખરી વાત. ચાલો હવે આગળ સમજવો."

ચંદ્ર૦—"જેટલું ચિત્ર આપ્યું તેટલું સમજવ્યું."

કુ૦—"લ્યો, ત્યારે, આ બીજું ચિત્ર."

સુન્દરે એ બીજું ચિત્ર વચ્ચેથી ઝડપી લીધું અને એ બોલવા લાગી :—
"ના, ચંદ્રકાંતભાઈ, અમારે એ ચિત્ર જોવાં નથી ને એ કવિતા એને સમ-
"જાવવીયે નથી. જેમાં ને તેમાં કુમારાં રૂહેવાની વાત આણેછે. એને તે
"હવણાંની ઘેલછા લાગી છે તે આપણે વધારવાની નથી."

કુસુમ કાકી સામી આંખો કૂહાડી જોઈ રહી.

"કાકી, આપો છો કે નથી આપતાં?—પછી કૂહેશો કે બોલી!"

સુંદર—"શું બોલવાની હતી જે? શ્રીકૃષ્ણને બાણીયે બાંધ્યા
"હતા તેમ તને પણ બાંધીને પરણાવવાની છે. હવે બહુ લાડ જવા દે."

કુસુમ.—"એમાં લાડ શાનાં? બોલાવો છો ત્યારે બોલું છું: તમારે તે
"આવી રાત્રિ કેમ ને ગ્હારે તે આ દિવસના ઢોંગ ધતુરા કેમ જોઈએ?
"વધારે બોલાવશો તો વધારે બોલીશ."

" Come, dear Emilia, and enjoy
" Reflection's favourite hour.

" પણ આવું તો સુખભરેલાં ચાંદરણામાં સુઝે. દુઃખની અંધારી
" રાત્રે તો માણસની બુદ્ધિ બ્હેર મારી જાય છે—તે—મ્હેં દીઠું છે."

ચંદ્ર૦—" કયાં ? "

કુ૦ —" ચાલો ને. હું નહી કહું. ડાહ્યાં ડાહ્યાં માણસો દુઃખમાં કેવાં
" થાય છે તે તાજું જ જોયું છે."

ગુણસુંદરી હસીઃ " મ્હારું નામ દેવા જતી હતી, ખરું ?"

કુસુમ હસીઃ " લ્યો ત્યારે એ જ."

સુંદરગૌરી : " લે, દુઃખમાં શું સારું સુઝે તે હું કહું—સુખે સાંભરે
" સોની ને દુઃખે સાંભરે રામ. "

કુ૦— " હું ! કાકી ભણ્યાં તો નથી. પણ અનુભવી છો તે સમજોછો.
" ત્યારે શું મેનારાણીને ત્યાં શંકરનાં પદ આજ ગવાય છે તે સુખમાં નહી
" ગવાતાં હોય ? "

ગુણ૦— " ના. "

કુસુમ૦— "ત્યારે તારાઓ તે ઈશ્વરના ઉંચા વિચાર—તે આવી રાત્રિમાં
સૂઝે. "

ચંદ્ર૦—" અને તારાઓ દેખાય છે નાના—પણ છે મ્હોટા."

કુસુમ૦- "એ પણ ખરું; પણ અંધકારના પેટમાં ઝાડ અને પર્વત
ભુંયાં તે શું ? "

ગુણ૦- " તે દિવસે તમારા પિતાએ ટેનીસનની કવિતા વાંચી હતી
તેમાં શોક શું કહે છે તે વર્ણવેલું સાંભરે છે ? "

કુસુમ૦—" હા. શોક કહે છે—

" The stars," she whispers, " blindly run,
" A web is wov'n across the sky !
" From out waste places comes a cry,
" And murmurs from the dying sun."

" પણ સરસ્વતીચંદ્ર તો રાત્રિના સ્વરને સત્ય ગણે છે અને ટેનીસને તો
તેને અસત્ય ગણ્યો છે તે ? "

ચંદ્ર૦— " તે કહીયો બોલો જોઇએ. "

કુસુમ૦—

" Come, Sorrow, Cruel fellowship,
" Priestess in the vaults of Death !

"મા રહામી આરસૉં રહાય, ઝાંઝર વાગે મા.
"આ ચકવા ચકવી હંસલા, બૉરદાળી મા,
"તુજ પગલે ભમતાં ગાય, ઝાંઝર વાગે મા.
"આ સાયર પાસે નાચતી બૉરદાળી મા,
"મા નદીમાં આવી ન્હાય, ઝાંઝર વાગે મા.
"અમ સમૉં સહુ ન્હાની બાળકી, બૉરદાળી મા,
"એને હઈયે વસતી માત, ઝાંઝર વાગે મા.
"આ અખિલ વિશ્વમાં વ્યાપતી બૉરદાળી મા
"મુજ કાળજડામાં માય, ઝાંઝર વાગે મા."

એક બ્રાહ્મણી ગાતી ગાતી નદીના મૂળ સામું જોતી હતી તે વચ્ચે બોલી ઉઠી અને ગરબામાં ભંગ પાડવા યત્ન કર્યો.

"સાધુ માતા! આ આઘેં શું દેખાય છે?"

બાવીએ નાકે આંગળી મુકી તેને ચુપ કરી અને ગરબો વાધ્યો, અને બદલાયો.

"આ બપોરને બપ્પોરીયે તમે દર્શન ઘોજો, માતરે,
"ત્યાં સાયર ને નદીં ઉછળે એમ જોબન ધરતાં માત
"જોબનરૂપ ધરો!"
"મા જોબનવંતાં! કરે આરતી સુરજ ભમુકીં તમ આજરે,
"ઘંટા જેવી સરિતા વાગે, સાયર નોબત થાય—
"ગાજે ઘોર ઘણો!"
"દશે દિશા માની જોગણીઓ લગાડીં રહીં છે લહાયરે
"હરિ હર બ્રહ્મા નમી પડ્યા ને સ્તોત્ર શક્તિનાં ગાય!
"માનાં બાળક સહુ!"
"સંસારને, રુવે રુવે કંઈ ઉઠી રહી એ આગરે,
"રાંક દીકરીયેા, માવડી, તહારી! લાગે ન એને આંચ,
"પાલવ તુજ રહાયેા!"
"હરિ હર બ્રહ્મા ને સહુ પુરુષેા–તેને કરીયે શુંયરે?
"માવડીં પાસે ગોહડીં કરતાં વળે દીકરીને હુંફ,
"અમે મા તુજ ખોળે!"
"તુજ ખોળે પડી રહીયે ત્યારે ભાગે ભવની ભાવટ રે,

"જ્ઞમકિંકરની બ્હીક ન લાગે, તરીં જ્ઞઈએ ભવસાગર,
" એમાં તું હોડી છો."

ગરબો આટલે સુધી આવ્યો ત્યાં સમુદ્રની ભરતી વધતી વધતી માતાના ઓટલા સુધી આવી, એટલે નીચે ગરબો ઝીલનારીઓને પગે પાણીની છોળ વાગી, અને સહુ ગરબો બંધ કરી ઉતાવળાં ઓટલા ઉપર ચ્હડી ગયાં.

બાવી ઓટલાને છેડે ફરી ભરતીનો રમણીય ઉત્સાહક પવન આવા લાગી, અને સમુદ્ર તથા નદીનાં પાણી ઉપર ફરતી લાંબી દૃષ્ટિ નાંખે છે ત્યાં પૂર્વભાગમાંથી આવી કાંઈક લાંબી વસ્તુ ઓટલે અથડાઈ અને ભરતીના બળથી પાછી નદીમાં ધક્કેલાઈ. નદી અને સમુદ્રનાં પાણી એકબીજાને ધક્કેલતાં હતાં ત્યાં આગળ એ વસ્તુ સ્થિર થઈ પાણી ઉપર તરી રહી. સમુદ્રનું કોઈ ચમત્કારી માછલું હોય એવું સહુને લાગ્યું. એ માછલાંજેવાની એક પાસે કાંઈક લટકતું હતું અને ત્યાં આગળ પાણીમાં લાલાશ આવતી હતી. એટલામાં લાંબી ઝીણી દૃષ્ટિ કરનારી બ્રાહ્મણી બોલી ઉઠી " માળ, કૂહો ન કૂહો પણ એ માછલું નથી— કોઈ છોકરીનું મડદું છે. "

સ્વર નીકળતામાં એક ગોવાળીયણ પાટલીનો કચ્છ મારી પાણીમાં કુદી પડી અને એ તથા એની પાછળ બીજી બે ત્રણ સ્ત્રીઓ તરતી તરતી તરનાર વસ્તુ ભણી જોતા જોતામાં વેગભરી વહી ગઈ.

એ સહુની પાછળ જોતી જોતી બાવી બોલી "માતાજીનો પરતો એવો
" છે કે નદીમાંથી આવતી વસ્તુ નદી ભણી અને રત્નાકરમાંથી આ-
" વતી વસ્તુ રત્નાકર ભણી માના બેટને અડીંગી બડી રૂહે અને
" હુબી ન જાય. તેમાં માજી પોતાની દીકરીઓને તો આંચ આવવા
" દેતાં જ નથી. આપણે આટલે છેટે છીએ તહોયે આ નીતરેલાં
" નિર્મળ પાણીમાં આ છોકરીને જોઈ શકીયે છીએ અને માજીની
" મરજી હશે તેથી જ એને ઉગારવામાં વાંધો નહી પડે. "
" ઈશ્વર એને ઉગારો " એક બાઈ બોલી.

" જો વળી આ ઈશ્વરવાળી ! બાપુ, તને ખબર છે કે માજીની છાયામાં
" પુરુષ પણ સ્ત્રી થઈ જાય છે અને હરિ હર બ્રહ્મા માજીને ઘેર ઘોડીયામાં
" ભરાઈ ગયા ત્યાં કોઈ ઈશ્વરને સંભારે તો માજીને કુંડું પડે. ઈશ્વર
" અને ઈશ્વરી જુદાં નથી. એ બેનાં સ્વરૂપ એક છે. પણ સ્ત્રીનાથી

" પુરુષરૂપ નારાયણ પાસે વાત કરતાં મનનો પડદો ઉઘડે નહી
" અને મરજાદ છુટે નહી માટે આપણી દૃષ્ટિએ ઈશ્વર ઈશ્વરી થઈ
" દેખાય છે, બ્રહ્માજી વિધાત્રી થાય છે, વિષ્ણુ લક્ષ્મીજી થાય છે,
" શિવજીનાં ઉમાજી થાય છે, અને એ સર્વ પુરુષરૂપોનો આત્મા
" એક નારાયણ છે તેમ નારાયણ અને એ સર્વ દેવદેવીઓનો
" આત્મા નારાયણી શક્તિ છે. મ્હેં અને તેં સ્ત્રીનો અવતાર ધર્યો
" ત્યાંથી જ એ શક્તિને ખોળે છીએ. માટે માજીના મંદિરમાં પુરુ-
" ષની વાત કરવી નહી— જો એ છોકરીને લેઈ સહુ પાણી ઉપર
" તરતાં તરતાં આણી પાસે આવે. માજીના મંદિર પાસે એની દીકરીઓ
" મુવેલી જીવતી થાય છે.— આ છોકરી પણ જીવશે."

" ખરી વાત— સ્ત્રીનો વૈરાગ્ય સર્વ સંસાર અને સંસારના દેવોને સ્ત્રીમય દેખે છે." બીજી બાઈ બોલી.

" હા— આ તરતાં તરતાં સહુ આવ્યાં " બાવી બોલી. તરતાં તરતાં છાછર પાણી આવતાં તરનારી સ્ત્રીઓ પાણી વચ્ચે ઉભી થઈ પગે ચાલી આવવા લાગી. તેમાંની બે જણીઓએ હાથ ઉપર શણતુલ્ય કુમુદસુંદરીને ચતી રાખી ઝાલી હતી. સમુદ્ર વચ્ચે ડોકીયાં કરી ઉભેલા બેઠકોના શિખરોનાં વચાળાંમાંથી વચલે ભાગે ઉગેલી સુંદર નાજુક લી-લોતરી દેખાઈ આવે તેમ આ સ્ત્રીયોની વચ્ચે તેમના હાથ ઉપર રહેલી કુમુદસુંદરી દેખાતી હતી. એને ઉચકનારી સ્ત્રીયોના પગ આગળ નીત-રેલું છાછર પાણી પોતાની નીચેનાં પૃથ્વીતળને બાઝી રહેલું લાગતું હતું, તેના ઉપર ધીમાં સ્થિર લાગતાં મોજાં એ પૃથ્વીને ચાંપી દેતાં લા-ગતાં હતાં, અને એ પૃથ્વીની કોમળ રેતી અને ઉંચાનીચા ભાગો પાણી-માંથી દીસી આવતા હતા: તેમજ પૃથ્વી પેઠે પડી રહેલી કુમુદના શરીર ઉપર પાણીથી લદબદતું વસ્ત્ર બાઝી ગયું હતું, એ વસ્ત્રની ભીની કરચ-લીઓ એના શરીર ઉપર ચંપાઈ ગઈ હતી, અને સૂક્ષ્મતાએ અને પાણીએ પારદર્શક કરેલા અને બાઝી ગયેલા વીલાયતી ગવનમાંથી શરી-રના ઉંચાનીચા ભાગ સ્પષ્ટ દેખાઈ આવતા હતા. માતાના મંદિર પાસે આવતી પુત્રીની શરીર-અવસ્થાને પુરુષદૃષ્ટિએ નિર્મેલી મર્યાદાઓ અ-પવિત્ર લાગતી હોય તેમ આ બાળકીની આ અવસ્થા નિર્ભયપણે ઉદય પામી લાગતી હતી. એના વસ્ત્રમાંથી ચારેપાસથી નીગળતું પાણી ચારે પાસનાં પાણીમાં પડતું હતું અને એના મનનાં દુઃખ અને વિકાર તેમ એના કર્મોવપાક માતાના પ્રતાપથી ઓગળી જઈ જાતે જ એને છોડી

નીચેના મહાસાગરમાં સરી પડતા હોય એમ એ પાણીની ધારાઓ એના શરીરપાસેથી સરી, નીચે ટપકી જતી હતી. આ મનુષ્યદેહનું આયુષ્ય ખુટી રહ્યા પછી અને પરમાત્મરૂપ જગદમ્બાના પારલૌકિક સાન્નિધ્ય પામતા પહેલાં વચગાળે શરીરને શબરૂપ થઈ શર્યવાહની ઉપર ચહડવું પડે તેમ અત્યારે કુમુદસુંદરી સ્ત્રીઓના હાથ ઉપર ચહડેલી હતી, અને આ સુંદર ચિત્તપવિત્ર ધામ ભણી અદૃશ્ય ઈશ્વરીની ઇચ્છા એને ગુપ્ત આકર્ષક કિરણો વડે ખેંચી લેતી હતી. દુષ્યંતને ત્યાં અનભિજ્ઞાન અને તિરસ્કાર પામેલી શકુંતલા પતિમંદિરની બ્હાર નીકળી કે દયા-વત્સલ માતૃજ્યોતિ એને આ પૃથ્વી ઉપરથી અદ્ધર ઉપાડી ગયેલું મહાકવિએ ગૂઢ મર્મ રાખી વર્ણવેલું છે તેમ એવા જ ગહન દુઃખને વશે નિર્વાસને પામેલી આ રંક અનાથ પુત્રીને ઉપાડી શરણવત્સલ નિરંજન માતૃજ્યોતિ જ માતૃગૃહમાં આજ તાણી લેતું હતું અને વિધાતાની ગતિ ન સમજતાં મન્દબુદ્ધિના સુવર્ણપુરમાં ચારે પાસથી પવનની ઝુંક ઉપર ચહડી આકાશવાણી ઘણાક કાનમાં કહેતી હતી કે

* सा निन्दन्ती स्वानि भाग्यानि बाला
वाहूत्क्षेपं क्रन्दितुं च प्रवृत्ता ।
स्त्रीसंस्थानं चाप्सरस्तीर्थमारा-
दुत्क्षिप्यैनां ज्योतिरेकं जगाम ॥

પ્રકરણ ૨.

સરસ્વતીચંદ્રની બ્યલખદીક્ષા.

विगतमानमदा मुदिताशयाः
शरदुपोढशशाङ्कसमत्विषः ।
प्रकृतसंव्यवहारविहारिणस्
त्विह सुखं विहरन्ति महाधियः ॥

(જેના માન અને મદ જતાં રહ્યાં છે; જેના આશયનું લોક મોદન કરે છે, શરદના પૂર્ણ ચંદ્રના જેવી જેની મનઃકાન્તિ છે, અને પ્રકૃતિથી પ્રવાહપતિત થઈ આવેલા શુભ વ્યવહારમાં જેઓ વિહાર કરેછે, એવા મહાબુદ્ધિવાળાઓ તો આ લોકમાં સુખે વિહરે છે.—**યોગવાસિષ્ઠ.**)

---

૧ ઠાઠડી. ૨ દેશવટો. ૩ માતૃગૃહ= મહીયર.

* "એ બાળા પોતાનાં ભાગ્યને નિંદતી હાથ ઉંચા કરી, રોવા લાગી; એટલામાં અપ્સરાતીર્થ પાસેથી સ્ત્રીવેશ ધરનારું એક જ્યોતિ એને ઉપાડી લઈ જતું રહ્યું:" શાકુંતલ.



રસ્વતીચંદ્રે જાગૃત અવસ્થામાં વધારે વિચાર કરી, ઉપકારવશ થઈ, વિરક્તિના રંગનો રાગી થઈ, પોતાના જીવનના દાતા વિષ્ણુદાસ બાવાને ઘણું પ્રસન્ન કરવા આખે શરીરે ભગવો વેષ— ધોતીયું, અંચળો અને માથે ફેંટો સર્વે—ભગવાં ધર્યું. તે કાળે બાવાના મઠોમાં અને ત્યાંથી આખા યદુશૃંગ ઉપર ભલખની ગર્જના જાગી રહી, અને તે ગર્જનાવચ્ચે વિષ્ણુદાસે સરસ્વતીચંદ્રના કાનમાં અતિપ્રસન્ન વદનથી યોગવાસિષ્ઠનો ઉપલો મંત્ર મુકયો અને એ મંત્રોચ્ચારનું શ્રવણ કરાવી એના પોતાના ઉત્તમોત્તમ અધિકારીની દીક્ષા આપી. એ દિવસ સર્વ જટાધરોએ અનધ્યાય અને અભિક્ષાનો પાળ્યો અને સર્વ પોતાને મનગમતે સ્થાને ફરવા નીકળી પડ્યા. સરસ્વતીચંદ્રને લેઈ વિહારપુરી અને રાધેદાસ તેને પર્વતનાં શૃંગો દેખાડવા નીકળી પડ્યા.

પ્રાતઃકાળે આ ત્રણ જણ ફરતા હતા તે કાળે તેમની વચ્ચે જે જિજ્ઞાસા, કુતૂહલ, પૃચ્છા, અને ગોષ્ઠીવિનોદ ચાલી રહ્યાં હતાં તેને સ્થાને અત્યારે વિહારપુરી અને રાધેદાસના મનમાં સરસ્વતીચંદ્રને વિષયે પૂજ્યભાવ ઉદય પામ્યો હતો, વિષ્ણુદાસ જેવા સદ્‌ગુરુએ ઉત્તમોત્તમ અધિકારે સ્થાપેલા પુરુષ ઉપર શ્રદ્ધા અને ગુરુભક્તિ સ્ફુરતાં હતાં અને વિનીત શિષ્યો જેવા બનેલા બંને જટાધરો, સરસ્વતીચંદ્રનાં ધીમાં પગલાંને અનુકૂળ બની, અર્ધો માર્ગ કાપતા સુધી એક શબ્દ બોલ્યા વિના અને એક પ્રશ્ન પુછ્યા વિના, એની બે પાસ એની પાંખો પેઠે એની સાથે ચાલતા દેખાતા હતા. જ્યોતિઃશાસ્ત્રમાં પારંગત ગુરુજીના વર્તાવ ઉપર શંકાની ટુંક સરખી મારવામાં નાસ્તિકતા અને દુષ્ટતા ગણનાર ગુરુવત્સલ શિષ્યોના મનમાં આ સમયે કંઈ પણ વિચાર થતો હોય તો તે સરસ્વતીચંદ્રના રૂપ અને વેશ સંબંધે હતો અને કંઈ પણ તર્ક થતો હોય તો એના પૂર્વાશ્રમ, એના પુણ્યોદય, અને એના ભાવી ઉત્કર્ષ વીશે હતો. ભસ્મ, ગોપીચંદન, લંગોટી, અને જટા એટલા વેશવાળા બે કાળા બાવાઓ વચ્ચે સર્વાંગે ભગવાં પણ શુદ્ધ ગેરુના રંગવાળાં વસ્ત્રો પ્હેરી ચાલતો ગૌર પુરુષ બે કાળા ગણ વચ્ચે ઉભેલા મહાદેવ જેવો, હનૂમાન સુગ્રીવ વચ્ચે ઉભેલા રામ જેવો, લાગતો હતો, અને બે બાવાઓનાં મન એનાં દર્શનથી તૃપ્ત અને નમ્ર થઈ જતાં હતાં.

"વિહારપુરી !" સરસ્વતીચંદ્રે પુછ્યું.

" જી મહારાજ ! " જરીક સામે આવી, શિર નમાવી વિહારપુરી બોલ્યો.
" આપણે ક્યાં જઈએ છીયે ? "
" પ્રાતઃકાળે પશ્ચિમ દિશા જોઈ. અત્યારે પૂર્વ દિશાનાં શૃંગો ભણી આપ આવ્યા. "
" પૂર્વ દિશામાં સામે જળ જળ થઈ રહેલું આ શું દેખાય છે ? "
" આપણે ઉંચામાં ઉંચા શૃંગ ઉપર છીયે, અને પર્વત અને રત્ન-
"નગરી વચ્ચે નીચામાં નીચું રેતીનું મેદાન છે તેમાં આ જળ નથી
"પણ મૃગજળનો સાગર છે."

સરસ્વતીચંદ્ર વિહારપુરીનો હાથ ઝાલી અટક્યો. " મૃગજળ કૂહે છે તે આ જ ? " ઓઠ ઉપર આંગળી મુકી ફરી બોલ્યોઃ " અહો ચારે કાંઠે ભરાઈ ગયેલા રમણીય જળના સરોવર જેવું આ સર્વ મિથ્યાજળ ? "

વિહારપુરી— " હાજી, એ સર્વ મિથ્યાજળ જ ! એની પાછળ સેંકડો મૃગો ભમે છે અને તરસે મરેછે. "

નિઃશ્વાસ મુકી, નીચલો ઓઠ કરડી, સરસ્વતીચંદ્ર બોલી ઉઠ્યોઃ
" વિહારપુરી ! રાઘવદાસ ! આ મિથ્યા સંસારના પ્રતિબિમ્બ જેવા આ
" મિથ્યાજળ ભણી મને ઘડી બે ઘડી જોઈ રૂહેવા દો—ગુરુજીના
" પવિત્ર ધામની યાત્રા સફળ થઈ—આ શૃંગ ઉપર સહુ બેસો. "

સહુ જો પથરાઓ ઉપર બેઠા. કોઈનો ઓઠ ઉઘડતો ન હતો. સરસ્વતીચંદ્રનાં નેત્ર મૃગજળ ઉપર ખેંચાઈ જતાં હતાં અને એના ચિત્તમાં વિચાર ઉઠતા હતા.

" મૃગજળ જેવી લક્ષ્મી ! તને મ્હેં તજી ! આ મૃગજળ જેવી રમણીય
" અને એના જેવી જ મ્હારે મન થયલી કુમુદ ! તને પણ તજી—
" પણ—પણ—"

" તું ક્યાં? હું ક્યાં? હાલ આ જ અનુભવ સુખકારક છે—હું તને મનથી
" પણ તજીશ. આ વસ્ત્ર ધર્યાં ! આ આશ્રમ સાધ્યો ! આપણું લગ્ન થયું
" હત તો પણ મરણ-કાળે વિયોગ હતો. તે વિયોગ આજથી જો ! ઘણા કાળ
" પછી આવવાની અવસ્થાને બુદ્ધિવાળાઓ ઘણા કાળ પ્હેલી જુવે છે—
" સાધે છે—કુમુદ!—ચંદ્રકાંત !—એક જીવ અનેક જીવોનાં સુખદુઃખનું
" સાધન થાય છે— હું તમને દુઃખ દેઉંછું—મરનાર પોતાની પાછળ
" જીવનારાઓને દુઃખ દે છે તેમ. મરનારને માથે એ દુઃખ દેવાનું
" પાપ નથી— આપઘાત કરનારને માથે છે; મ્હેં પણ એક જાતનો

" આપઘાત—આત્મઘાત— જ કરેલો છે ! સર્વ પરિવ્રાજકો, યુદ્ધોમાં
" મરનાર સર્વ યોદ્ધાઓ, કુટુંબ છોડી દ્રવ્યાદિને અર્થે સમુદ્રાદિ ઉપર
" પ્રયાણ કરનારાઓ, સર્વ એક રીતે આત્મઘાતી કેમ નહી? હોય તો
" તેને શિર આવાં પાપનો ભાર કેમ નહી ? "

" પુણ્ય કાર્યને અર્થે ખમેલો શરીરવ્યય પુણ્ય છે; અધમ કાર્યને અર્થે
" આણેલો શરીરવ્યય વ્યય જ છે. આ એક વિશ્વરૂપ શરીર એક
" આત્માથી સંધાયું છે, ઉભું છે અને એ આત્માની ઇચ્છાથી શાંત થશે.
" એ શરીરમાં રહેલાં આ સર્વ વ્યક્તિશરીરો--વ્યષ્ટિરૂપો— તે એકજ
" સમષ્ટિ શરીરના અવયવ છે. હું જેને મ્હારું શરીર કહું છું તે આ મહત્
" શરીરનો અંશ છે અને તેથી મ્હારું નથી. એ જ મ્હારું શરીર કુટું-
" બનો અંશ છે, પળવાર કુમુદની સાથે જોડાઈ દામ્પત્યના અંશરૂપ હતું;
" આ દેશનો અંશ છે, મનુષ્ય લોકનો અંશ છે! એ સર્વ શરીર મ્હારાં શરીર
" છે—આ દેખીતું શરીર તેમનો અંશ છે. આનો અથવા એનો વ્યય પુણ્ય
" કાર્યને અર્થે કરવો એ વ્યય નથી; એક અંશના વ્યયથી બીજા અંશોને
" પુણ્ય લાભ થાય તે કાર્ય સાધ્ય જ છે—બાકી " આત્મઘાત " તો
" થતો જ નથી—આત્મા અમર છે. ખરી વાત છે કે એ આત્માને
" તો શસ્ત્ર છેદતાં નથી અને પાવક બાળતો નથી. એ આત્મા તો
" વધતાં ઘટતાં આ સર્વ શરીરોથી ઉભરાયલા એક મહત્ શરીરમાં
" રહુરી—એ શરીરની મર્યાદાથી રહિત થઈ વસે છે— એ શીવાય
" બીજો આત્મા નથી! સરસ્વતીચંદ્ર ! તેં કીધા પુણ્ય કાર્યને અર્થે આ
" દુષ્ટ વ્યય કર્યો?"

આ આત્મપરીક્ષક પ્રશ્ને મસ્તકને ચકડોળે ચ્હડાવ્યું. તેમાં અંત-
ર્ધાન થવા લાગ્યું.

" विगतमानमदा मुदिताशयाः

"મ્હારું પુણ્ય કાર્ય—મ્હારો મુદિત આશય—કીધો? મુદિત—લોક-
"મુદિત—આશય—તું કયાં છે ? "

" Life is real ! Life is earnest ! "

"આયુષ્યનો મર્મ કયાં ?

" મચી રહ્યો કોલાહલ આજે દશે દિશે ગાજે
" તે મધ્યે થઈ ઉતરીં પડનીં, શૂર, નીચે નીચે જનજે.

" મુંબાઇનિગરીના પંડિતો, રાજ્યકર્તાઓ, કવિઓ, દેશસેવકો,
" લક્ષ્મીનંદનની લક્ષ્મી, ચંદ્રકાંતની મિત્રતા, કુમુદનો સ્નેહ—એ સર્વ

" કોલાહલમાંથી હું નીચે ઉતરી પડ્યો ! પહેલું પાતાળ યુદ્ધિષ્ઠનના સુ-
" વર્ણપુરમાં—,બીજું એના કારભારમાં—,ત્રીજું એના—ઘરમાં, ચોથું
" ભંડારવટીયા અને અર્થદાસમાં—,પાંચમું જંગલમાં અને રાત્રિમાં નાગના
" ભાર નીચે—એ પાંચ પાતાળમાં હું ઉતરી પડ્યો—આ છઠ્ઠા પાતાળમાં
" આવ્યો અને મ્હારા શેષનો ભાર ઉતરવાની વાત સાંભળું છું. હવે
" કીયા પાતાળમાં ઉતરવાનું હશે ? મહાન્ અજગરના જેવા લાંબા અને
" અનેક સાંધાવાળા આ વિચિત્ર સંસારના મુખમાં હું ઉતરતો ઉતરતો
" સરું છું—તે કીયા પુણ્ય કાર્યને અર્થે? ગંગામાં ઉતરી પડેલાં સીતાને
" ભવભૂતિયે ગંગા અને વસુંધરાનાં દર્શન કરાવ્યાં. મ્હારો વિધાતા
" મને કેટલાં પાણી તળે ઉતારશે? મ્હારે કેઈ વસુંધરાને પ્રત્યક્ષ
" કરવાની હશે? "

" અહો ભૂગર્ભળ ! અતિશય રમણીય અને ચમકતા ચળકાટ મા-
" રતા તમ્હારા વિશાળ સરોવરની સપાટી ઉપર અત્યારે તો આંખો ઠરે
" છે ! હું તમ્હારાથી દૂર રહી માત્ર આંખોને જ ઠારું એ પણ જોક
" ભાગ્ય જ ! અહો ! આ વસુને ધરનારી વસુંધરા ! "

આ વિચાર ઉઠે છે ત્યાં ઉડતો ઉડતો એક કાગળનો કડકો એના પગ આગળ આવ્યો, તેણે એના વિચારને તોડ્યા, એ કડકો એણે હાથમાં લીધો, અને એના ઉપરના અક્ષર જોઈ એ ચમક્યો.

ચંદ્રકાંતના ઉપર લખેલા પત્રનું પરબીડીયું ! અને બુલ્વર " સાહેબના અક્ષર !—તું આ સ્થળે. ! "

મ્હોટે સ્વરે કહ્યું: "વિહારપુરી ! આ પત્ર અહીં કયાંથી આવ્યો હશે ?"

બે ગોસાંઈયો હાથ જોડી આગળ આવ્યા. લખોટા પરના ઈંગ્રેજી અક્ષર તો ન સમજ્યા પણ વિચારમાં પડ્યા અને રાઘેદાસ બોલ્યો.

" નવીનચંદ્રજી ! બે ચાર દિવસ ઉપર આપણું મંડળ અલખ જગ-
" વવા ગયું હતું ત્યારે થોડાક ગોસાંઈઓના હાથમાં રત્નનગરીથી
" ભદ્રેશ્વર જવાના માર્ગ ઉપરથી એક કાગળોનું પોટકું જડી આવેલું હતું
" તે તેમણે ગુરુજીના આશ્રમમાં આણેલું છે. એણી પાસથી ઉપર આવ-
" વાનો એ માર્ગ એટલે તેમાંથી આ પત્ર પડેલો હશે."

વિહારપુરી: " એમજ. બીજી રીતે આવા અક્ષરનો આ સ્થળે સંભવ
" નથી. જી મહારાજ ! આપને આ અક્ષરનો બોધ છે ? "

સર૦—" હા. એ પોટકું મને જોવા મળશે ? "

" ગુરુજીની આજ્ઞા છે કે આપણા આશ્રમના સર્વ મર્મ-ગ્રન્થ અમારા
" નવીન જંજ્ઞાતૃકને બતાવી દેવા તો આ પોટકું તો તુચ્છ વાત છે. છ
" મહારાજ, આ પત્રમાં શો ઉદ્ગાર છે તે જાણવાનો અમને અધિકાર છે ?"

વિહારપુરીનાં પ્રીતિવાક્ય સાંભળી સરસ્વતીચંદ્રના નેત્રમાં જળ ઉભરાયું:
" પવિત્ર પ્રિય વિહારપુરી ! તમે જેવો મહારા ઉપર ઉપકાર કરોછો
" એવોજ ઉપકાર મહારાપર કરનાર મહારો એક મિત્ર રત્નનગરીમાં
" મહારે માટે બટકે છે તેના આ નામાક્ષર છે અને તેનું જ એ
" પોટકું લશે."

" વાહ ! મહારાજ ! તો એ રત્નનો પણ આપણે સત્કાર કરીશું.
" આજ્ઞા હોય તો હું અત્ર વેળા ત્યાં જઉં ! "

" તમારી પ્રીતિ મહારે માટે શું નહી કરે ? વિહારપુરી ! ત્યાં તમારે
" જ જવું એવો મેળ નથી. ગુરુજીની સેવામાં તમારી ન્યૂનતા કોઈ પુરે
" એમ નથી. માટે ગમે તે પણ કોઈ દક્ષ ગોસાંઈ રત્નનગરી જાય,
" મહારા મિત્ર પ્રધાનજીના અતિથિ છે તેને મળે અને પ્રધાનજી જાણે નહીં
" એવી યુક્તિ કરે, અને બને તો મહારા સંબંધી કાંઈ પણ કિંવદન્તી
" સંભાળાવ્યા વિના મહારા મિત્રને આ દિશાએ આકર્ષી આણે એવી
" મહારા ચિત્તની આતુરતા છે."

" એ તો અલખ જગાવનારાઓનો સહજ ઉદ્યોગ છે. "

" એ મિત્રનું નામ ચંદ્રકાંત છે. તે મુંબઈથી આવેલા છે. તેઓ અ-
" વ્યક્ત આકર્ષણથી ન જ આકર્ષાય તો તેમને એકલાનેજ મહારું અભિ-
" જ્ઞાન થાય એવી સંજ્ઞાઓ હું આપું તે તેમને તટસ્થપણે સંભળાવવી. "

" શી સંજ્ઞાઓ ? બોલો જોઈએ."

વિચારમાં પડી, નેત્ર મીંચી, થોડી વારે નેત્ર ઉઘાડી સરસ્વતીચંદ્ર બોલ્યો.

"ચંદ્રકાંત એકલા હોય ત્યાં જઈ અલખ જગવતાં જગવતાં બોલવું કે

" નહીઁ કાન્તા-નહીઁ નારીં,-હું,
" તહોય પુરુષ મુજ કાન્ત !
" જરૂ જેવો દ્રવતો શશી,
" ઝમરીં રસમય શશિકાંત. "

નેત્ર મીંચ્યાં, ઉઘાડી, વિહારપુરી બોલ્યોઃ

"જી મહારાજ, એ મંત્ર અવધાનમાં સંગ્રહી લીધો."

નેત્ર મીંચી રાણી થોડ થોડા શબ્દો રચી અટકી અટકી, મીંચેલે જ નેત્રે અંતર્વૃત્તિ રચી એકાગ્ર વિચારમાં મગ્ન સરસ્વતીચંદ્ર ધીરે ધીરે બોલવા લાગ્યો.

"સુન્દરગિરિનાં શૃંગ ચુંબતાં જલધરગણને,
"પવિત્ર સાધુવૃન્દ જગવતાં ત્યાંજ અલખને.
"મૃગજળ સરવરતીર પડ્યો છે રમણીય રસ્તો,
"જગ ત્યજી જનારાતણો પંથ—સંતોને સસ્તો.
"તુજ ઇન્દ્રપુરીની ભભકભરી નથી માયા ત્યાં તો;
"નથી ચંદ્રવિકાસિ કમળે સૂક્ષ્મસુગન્ધિ ત્યાં તો.
"તુજ વૃદ્ધ વૃદ્ધ પૂર્વજને ચિરંજીવ વસતા ત્યાં તો,
"હજી સુધી શ્રુતિને પ્રત્યક્ષ કરે સહુ અવનવી ત્યાં તો.
"ત્યજી ઇન્દ્રપુરી, ત્યજી કમળ, ત્યજી મળ સંસૃતિકેરા,
"લીધ ભગવો રંગ વિરક્ત, ઉદાસીન ફરું છું ફેરા.
"મુજ હૃદયે વિશ્વે દેવ પ્રકટીયા, તે તું જાણે!
"ગુરુજનઉદ્ગારો બોધ હોમતા ત્યાં આ ટાણે.
"આ બ્હાણું વાય નવું આજ, મન્દ ધીર પ્રકાશ લાગે,
"ધીમી ધીમી ઉઘડે મુજ આંખ, સૂર્યમંડળ ઉંચું આવે.
"આ ગિરિશૃંગ પ્રભાતહોમ થાતો તે કાળે
"નહીં મળે મિત્ર અધ્વર્યુ[૨], યજ્ઞમાં વિઘ્ન જ આવે."

સરસ્વતીચંદ્રે આંખ ઉઘાડી. વિહારપુરીએ ઉઘાડી, પણ આટલાં બધાં પદ એને અવધાનવશ થઈ ન શક્યાં તેનો અસંતોષ તેના મુખ ઉપર પ્રકટ્યો. સરસ્વતીચંદ્ર તે સમજી ગયો અને બોલ્યો.

---

૧. ચંદ્રવિકાસિ કમળ=કુમુદ.

૨. યજ્ઞ કરનાર કરાવનાર 'ગોર' તે ઋત્વિજ: "ઋત્વિગ્યજ્ઞકૃત્." તેના ચાર વર્ગ. (૧.) હોતા ઋગ્વેદના મંત્ર ગાય. ૨. ઉદ્ગાતા—જે સામવેદનું ગાન કરે. ૩. અધ્વર્યુ. ૪. બ્રહ્મન્. આમાં અધ્વર્યુ યજુર્વેદ ભણે. તેમાં હોતા પ્રથમં શંસાતિ તમધ્વર્યુઃ પ્રોત્સાહયતિ. યજ્ઞની સામગ્રી તત્પર કરવી અને હોતાનું પ્રોત્સાહન કરવું એ અધ્વર્યુનું કામ.

" વિહારપુરીજી, આ કવિતા હું મ્હારે અક્ષરે લખી આપીશ એટલે " વાંચનારને વિશેષ અભિજ્ઞાન થશે. "

વિહારપુરી તૃપ્ત પ્રસન્ન થયો તે પણ એના મુખ ઉપરથી દેખાયું. " તમે " આટલી વ્યવસ્થા કરો—હું પાછળ આવું છું " એટલા શબ્દો સરસ્વતી-ચંદ્રના મુખમાંથી નીકળતાં જટાધરો ઉઠ્યા, ચાલ્યા, અને પળવારમાં પર્વતના ખડકો અને ઝાડોમાં મળી જઈ અદૃશ્ય થયા.

અત્યારે પાછલા પ્હોરના ચાર વાગ્યા હતા, સૂર્ય પર્વત ઉપરનાં ઝાડો પાછળ અદૃસ્ય થયો હતો, અને તેના મધ્યાન્હની ભભકમાંથી મુક્ત થયેલો પર્વતની પૂર્વ દિશાનો નીચો પ્રદેશ દીર્ઘ છાયાના પટઉપર વધારે સ્પષ્ટ થયો હતો. ખડકને અઢીંગી સરસ્વતીચંદ્ર ઉભો થયો ત્યાં આ વિશાળ પ્રદેશ ઉપર તેની દૃષ્ટિ પડી. એક પાસ મૃગજળ, આસપાસ વનની ઘટા, વચ્ચે વચ્ચે રસ્તાઓની રેખાઓ, તળાવોનાં કુંડાળાં, અને સ્ત્રીયોનાં વસ્ત્રોની કોરો જેવી સ્થળે ઉઘાડી સ્થળે ઢંકાયલી નદીઓ: એ સર્વ ચિત્રોથી ભરેલા પટ ઉપર દૃષ્ટિ પડતાં સરસ્વતીચંદ્રની આંખ ચમકી અને અઢીંગણ મુકી દેઈ તે બોલ્યો.

" Woods over woods in gay theatric pride !' " વળી થોડી વાર રહી બોલ્યો—

" Amidst such stores shall thankless pride repine?'"[1] વળી અટકી બોલ્યો.

" Creation's heir, the world the world is mine !" [2]

શેતરંજની બાજી જેવા પટ ઉપર પડેલાં મ્હોરાંઓ પછી મ્હોરાંઓ ગણતાં ક્ષિતિજભાગમાં રત્નનગરીના મ્હેલો અને મુરજોના શિખરભાગ, સ્ત્રીની કંચુકીની બાંય ઉપર રંગેલાં અને ભરેલાં ટપકાં જેવા જણાવા લાગ્યા અને ત્યાં આગળ દૃષ્ટિ અટકી. દૃષ્ટિ અટકતાં તર્કરાશિ વિશ્વકર્મા પેઠે સૃષ્ટિ રચવા ઉભો થયો.

દક્ષિણમાંથી કુમુદસુંદરી અને ઉત્તરમાંથી વિષ્ણુદાસની પ્રતિમાઓ ચાલી આવી અને સરસ્વતીચંદ્રની બે પાસ વિહારપુરી અને રાઘેદાસની પેઠે ઉભી રહી. તે પ્રતિમાઓનાં મુખમાંથી તેમના જેવા કંઠથી વારા-ફરતી સ્વર નીકળવા લાગ્યા.

---

1. 2. Goldsmith.

કુમુદસુંદરીની પાસથી સ્વર નીકળ્યો :

૧ "ગેહે ગેહે જંગમા હેમવલ્લી."

વિષ્ણુદાસની પાસથી સ્વર નીકળ્યોઃ

૨ "માર્ગે માર્ગે જાયતે સાધુસઙ્ગઃ"

સરસ્વતીચંદ્ર સ્થિર થઈ ચિત્ર પેઠે ઉભો. પ્રતિમાઓ અદૃશ્ય થઈ. માત્ર સ્વર સંભળાવા લાગ્યા.

૩ "ક્ષણમપિ સજ્જનસંગતિરેકા
"ભવતિ ભવાર્ણવતરણે નૌકા।"

આ પરસ્પરવિરુદ્ધ સ્વરો વચ્ચે ગુંચવાતાં સરસ્વતીચંદ્ર પાછો ફર્યો અને આશ્રમ ભણી ચાલવા લાગ્યો. થોડી વારમાં કુમુદસુંદરીની પ્રતિમા તેની પાસે આવી જોડે જોડે ધીમે પગલે ચાલવા લાગી, અને ઉપડતે પગલે ગાવા લાગી. ગાતી ગાતી સાથે ચાલી—પગ ઉપાડવા લાગી.

"લીધો લીધો ભગવો વ્હાલે ભેખ, સુંદર થયો જોગીરે,
"મને વ્હાલો લાગે એનો વેશ, થયો બ્રહ્મભોગીરે. લીધો૦
"ચંદ્રજોગીની સાથ કુમુદ જોગણ થઈ ચાલી રે
"વ્હાલા! પ્રીતિનો સાઁજશું મેલ, રમીશું મ્હાલી રે. લીધો૦
"રુડા સુન્દરગિરિને કુંજે, લીલી છે લીલોતરી રે,
"શીળી છે છાય; એસી ત્યાં શોકસમુદ્ર જઈશું તરી રે. લીધો૦
"પેલા પત્થર બે દેખાય, વચ્ચે શિલા સાંકડી રે
"સમાઈ ત્યાં બે બેસીશું કાલ, કરીશું જ્ઞાનગોદડી રે. લીધો૦
"જુઠા જગનો કીધોછે ત્યાગ; સાચો રસ ઝીલીશું રે
"જેમાં ન મળે આળપંપાળ, અદ્વૈતથી રીઝીશું રે. લીધો."

ગાનમાં લીન થઈ, પ્રતિમાનો હાથ ઝાલવા અને તેને પ્રશ્ન પુછવા જતો સરસ્વતીચંદ્ર છેતરાયો; કોઈ હાથમાં આવ્યું નહી, પ્રતિમા અદૃશ્ય થઈ, અને તેને સટે વચ્ચે આવતી મ્હોટી શિલાનો પડદો દૃષ્ટિ આગળ ઉભો.

---

૧. "ઘેરે ઘેરે સોનાની વેલ જંગમ દીપેરે" શુકરંભાસંવાદ.
૨. "માર્ગે માર્ગે સાધુનો સંગ સાધુને થાયરે." શુકરંભાસંવાદ.
૩. ક્ષણ પણ સજ્જન-સંગતિ થાય,
ભવજળ તરવા નૌકા થાય-શંકરસ્વામી.

પ્રકરણ ૩.

સૌંદર્યનો ઉદ્યાન અને કુસુંભનો વિકાસ.

अनाघ्रातं पुष्पं किसलयमलूनं कररुहैः
अनाविद्धं रत्नं मधु नवमनास्वादितरसम् ।
अखण्डं पुण्यानां फलमिव च तद्रूपमनघम्
न जाने भोक्तारं कमिह समुपस्थास्यति विधिः॥



"અણસુંઘ્યું પુલ, નખવડે પણ અણચુંટી કળી, અણવીંધ્યું રત્ન, અણચાખ્યું નવું મધ, ખંડિત થવા ન માંડેલું પુણ્યોનું ફલ; એ સર્વના જેવું ડાઘ વગરનું આનું રૂપ છે; તેને ભોગવવા કીયા ભોગવનારને વિધાતા મોકલશે એની મને સમજણ પડતી નથી," સુંદર કન્યા શકુન્તલા વિષયે દુષ્યન્તને આવી ચિંતા પડી હતી. તે શ્લોકમાંથી " तद्रूपमनघम् "—" ડાઘ વગરનું આનું રૂપ" એટલા શબ્દોને ઠેકાણે " मेधा हि दुहितुः"—" દીકરીની મેધા એટલે બુદ્ધિના ચમકારા " એટલા શબ્દ ગુણસુંદરીએ મુકી દીધા હતા, અને એ શબ્દોથી વારંવાર તે ઉગતી કુસુમની ચિન્તા કર્યા કરતી હતી. તેમાં હાલમાં તો એક પાસથી કુમુદની ચિન્તા અને બીજી પાસથી કુસુમની ચિન્તા, એ બે દુઃખથી ભરેલાં બે ત્રાજવાંના ભાર એના મનની દાંડીને બે પાસથી નમાવતા હતા.

માતાને પુત્રીનું દુઃખ અસહ્ય શલ્યરૂપ થાય છે તેનો અનુભવ ગુણસુંદરીને હવે પૂર્ણ કળાથી થવા માંડ્યો. જુવાનીમાં શ્વશુરકુટુંબના ત્રાસદાયક ભારનીચે ચગદાઈ, કુટુંબિનીને યોગ્ય ઉદાર સ્વભાવથી, કુલીન વહુને સ્વાભાવિક ક્ષમાથી, ચતુર નારીના લક્ષણરૂપ ધૈર્યથી, શૂરી સ્ત્રીઓમાં સ્ફુરતી ધુરંધરતાથી, પતિની સાથે એકજ ધુરીએ જોડાઈ પતિનો ભાર હલકો કરવા તેની સાથે દોડવામાં પાછળ ન પડવાના પતિવ્રત ઉત્સાહથી, કુટુંબબળ જોત ઉકલી જતા સુધી ગુણસુંદરી શરીરમાં, બુદ્ધિમાં, અને સર્વ વાતમાં સતેજ રહી ટકી હતી. એ જળમાંથી મુક્ત થતાં, પતિની સમૃદ્ધિ વધતાં, દરિદ્ર દશાના ધર્મના અનુભવને અંતે રત્નનગરીના પ્રધાનની પત્નીના સમૃદ્ધિધર્મમાં ચતુર ભાગ લેવામાં આ આર્યા આગળ પડી હતી. પણ એ સમૃદ્ધિને સમયે બે પુત્રીઓની ચિંતા તેને પ્રથમ કાળની ચિંતાઓ કરતાં અધિક દુઃસહ લાગી. દુઃખકાળે ઉછેરેલી દુઃખોમાં ધાવેલી રંક કુમુદસુંદરીની બુદ્ધિસુંદરતા ભોગવવા મળેલો મૂર્ખ સ્વામી એ સુંદરતા

ભોગવી શકયો નહી ત્યારે ઉછળતી કુસુમસુંદરીની સુંદરતા ભોગવનાર જડતો પણ ન હતો. એ બે દુઃખ વચ્ચે કીયું દુઃખ અધિક ગણી સંભારવું અને કીયા દુઃખને ન્યૂન ગણી ભુલવું તે તેમની માતાને સુઝતું ન હતું.

એના રાણીના બાગમાંથી પોતાને ઘેર આવી આ દુઃખી અબળા એક આરામકુરશી ઉપર પડી અને મુખ ઉપર છાતી ઉપરનો છેડો ઢાંકી થોડી વાર મનમાં ને મનમાં રોઈ. અંતે આંખો લોહી, મુખ ઉઘાડી, કુમુદને સંભારી પ્રમાદધનને ઉદ્દેશી તેને ઠપકો દેઈ તેની પાસેથી ન્યાય માગતી હોય તેમ, કંઈક ક્રોધથી અને કંઈક દયામણે મ્હોંયે, ગાવા લાગી—

* "नैसर्गिकी सुरभिणः कुसुमस्य सिद्धा
"मूर्ध्नि स्थितिर्न चरणैरवताडनानि,"

"અથવા— બેટા પ્રમાદધન ! તને ગુણ ઓળખતાંજ નં આવડ્યા તો
"તેનો સ્વાદ તું શી રીતે ભોગવે ?

"गुणा गुणज्ञेषु गुणा भवन्ति ते निर्गुणं प्राप्य भवन्ति दोषाः ।
"सुस्वादुतोयाः प्रभवन्ति नद्यः समुद्रमासाद्य भवन्त्यपेयाः ॥

"અરેરે ! મીઠી નદીને ખારા સમુદ્રમાં ભેળવી ખારી કરી નાંખવાનું પાપ તે
"તો મારેજ માથે—સમુદ્રને શો ઠપકો દેવો ? તે તો મૂળથીજ ખારો
"હતો. મીઠાં સાસરીયાની લાલચે ખારો વર આપનાર મૂર્ખ માબાપ તો
"અમે જ ! મૂર્ખાઈ અમારી ને ફળ ભોગવે બિચારી કુમુદ ! શો
"માબાપનો તીર્થ ધર્મ ? હરિ ! હરિ !" આંખમાંથી આંસુની ધારા ચાલી રહી.

વળી એનાના બાગમાં બોલતી કુસુમને સંભારી વિધાતાને ગુંચવાયલે મુખે કહેવા લાગી—

"अखण्डं पुण्यानां फलमिव च मेधा हि दुहितुर्
"न जाने भोक्तारं कमिह समुपस्थास्यति विधिः" ॥

એટલું બોલી ફરી દીર્ઘ નિઃશ્વાસ મુકયો અને દુઃખથી થાકી, ઉભી થઈ, બારી બ્હાર પોતાની વિશાળ વાડીઉપર દૃષ્ટિ ઠારી આશ્વાસન શોધવા લાગી.

આ વાડી રત્નનગરી અને મુંબાઈ એના નમુનાઓના મિશ્રણરૂપ હતી. પ્રધાનપદે ચ્હડ્યા પછી મહારાજની ઇચ્છાનુસાર અને નવી પદવીને

---

* "સુગન્ધિ કુસુમની સ્થિતિતો સ્વભાવથી જ મસ્તક ઉપર સિદ્ધ છે; પગ વડે લાતો ખાવી એ તેની સ્વાભાવિક સ્થિતિ નથી; ભવભૂતિ.

યોગ્ય પ્રાસાદ—મ્હેલ—માં વિધાયતુરને જવું પડ્યું હતું અને તે પ્રાસાદ નગરીની બ્હાર એક મ્હોટા ઉધાનમાં* હતો. આ પ્રાસાદ અને ઉધાનની વ્યવસ્થા પ્રધાનપત્નીએ લીધી હતી, અને સંસ્કૃત તથા ઇંગ્રેજી વિદ્યાઓની રસિકતાને અનુસરી તેમાં સામગ્રી સજવામાં આવી હતી. નવા વૈભવને અનુસરી, દિને દિને નવા ગ્રન્થો—નવા અતિથિઓ—અને નવાં અવલોકનમાંથી સૂચનાઓ લેઈ સારગ્રાહિણી આ સામગ્રીઓમાં ફેરફાર કરતી. ગ્રીષ્મ, વર્ષા, અને હેમંતાદિ ઋતુઓ, પ્રાતઃકાળ, મધ્યાન્હ, સાયંકાળ, રાત્રિના પ્રથમ પ્રહર, ચંદ્રિકાસમય, અન્ધકારસમય, મિત્રમંડળને ફરવા બેસવાના પ્રસંગ, રાજવર્ગ અને લોકવર્ગના મેળાવડા, સ્ત્રીવર્ગની સમર્યાદ ગોષ્ઠીઓ, દમ્પતીના એકાંત વિનોદવિહાર, સુખના ઉત્સાહ, શોકના અવસાદ, પ્રધાનચિન્તાને આવશ્યક વિચારોત્તેજક ઉત્સાહક સ્થાન, અને સ્ત્રીજાતની રંક ચિન્તાઓની ઝીણી જળીઓની ગાંઠો ઉકલી જવા યોગ્ય ખુણાઓઃ આવા અનેક પ્રસંગો, સ્થાનો, અને વિષયોને યોગ્ય કુંજો, ગલીઓ, ફુવારા, ઝરા, ન્હાનાં તળાવો, ઝાડોની ઘટાઓ, રેતીનાં અને ઘાસનાં ઉઘાડાં મેદાન જેવા ભાગો, ઉંડી ગુફાઓ, નીચાં કોતર, ઉંચા પર્વતનાં અનુકરણ અને કૃત્રિમ મીનારાઓઃ આ સર્વ આ ઉધાનના જુદા જુદા ભાગમાં ગુણસુંદરીની ચિન્તાએ ખડાં કર્યાં હતાં. પ્રધાનને પોતાની સમૃદ્ધિ સાચવનારી પત્ની મળી એમ સર્વ કોઈ કહેતું. આ ઉધાનનું નામ મણિરાજે સૌંદર્ય-ઉધાન પાડ્યું હતું. એમાં રાજા અને રંક, વિદ્વાન અને મૂર્ખ, બાલક—યુવાન—અને વૃદ્ધ, સર્વને પ્રસંગે પ્રસંગે આમંત્રણ થતું; અને તેમનો સત્કાર કરી, તેમનાં હૃદય ઉઘાડી, ચતુર પ્રધાન પ્રજાનાં સુખદુઃખ સમજવા પ્રયત્ન કરતો, તેમનું પ્રોત્સાહન કરવામાં તેમ જ તેમને અંકુશમાં રાખવાનાં સાધન પામતો અને સર્વ લોક ઉપર ભયપ્રીતિનું રાજ્ય કરી, મહારાજની આજ્ઞાઓ સર્વત્ર વર્તાવતો, મહારાજના પોતાના હૃદયમાં પ્રજારૂપપત્ની પરનો પ્રણય ભરતો અને એ પ્રિયાનો અનુનય કરવાની તત્પરતા અને દક્ષિણતામાં આ યુવાન નાયકને કેળવતો, પ્રજાના પ્રવાહની લગામો ઉદય-દિશા ભણી ખેંચતો, અને રાજ્યના મહારથિનું સારથિપણું સિદ્ધ કરતો. આ સર્વ ધર્મકાળે ગુપ્ત રહી ધર્મમાં વર્તતી એ ધર્મોની સહધર્મચારિણી પતિના તેજનું આધાન ધરવા સમર્થ હતી, અને પત્નીહૃદયરૂપ ક્ષેત્રમાં પ્રધાનઉત્સાહનાં બીજ આ સૌન્દર્ય--ઉધાનમાં વવાતાં.

---

* બાગ, વાડી.

આ સુન્દરતાના ઉદ્યાનમાં ન્હાની કુસુમનો વિકાસ કરવાનાં સ્થાન રચવામાં માતા જાગૃત રૂહેતી. ઉદ્યાન તૈયાર કરતાં ત્રણેક વર્ષ ગયાં હતાં અને ભાગ્યહીન કાળમાં જન્મેલી કુમુદ પરગૃહમાં જવા યોગ્ય થઈ ત્યાં સુધી ન્યાં ઉદ્યાન સંપૂર્ણ થયો ન હતો, અને સરસ્વતીચંદ્રનો સંબંધ પળવાર એના ભાગ્યાકાશમાં ચમકારા કરી રહ્યો એટલો કાળ એ આ ઉદ્યાનનો લાભ પામી એના વિયોગ સાથે ઉદ્યાનથી પણ જુદી પડી, અને એનું દુર્ભાગ્ય એને જોતાજોતામાં પરગૃહમાં ધસડી ગયું. જે વિધાતાએ એના ભાગ્યનો અસ્ત કર્યો તેણે કુસુમનો ઉદય કર્યો, અને કુટુંબોપાધિથી જે માતાએ પ્રથમ પુત્રી કુમુદને પારકે હાથે ઉછરવા દીધી હતી તે માતાએ બીજી પુત્રી કુસુમને પોતાના હાથમાં લીધી. પ્રધાનના આવાસનો જે ભાગ સ્ત્રીવર્ગ માટે રાખેલો હતો તેની પાછળનો ઉદ્યાનભાગ કુસુમને માટે તૈયાર કરાવ્યો હતો. આ ઉદ્યાન--ભાગમાં કુસુમને એકાંત બેસવા, ઉઠવા, અભ્યાસ કરવા, શરીરને વ્યાયામ આપવા, વિનોદ લેવા, અને સર્વથા નિર્દોષ સ્વતંત્રતા લેઈ વિકાસ પામવા, જેટલી સામગ્રી જોઈએ તેનો સંભાર ભરેલો હતો. છતાં ઉગતી યુવાવસ્થાની સ્વતંત્રતાને સ્થાને અયોગ્ય નિરંકુશતા પેસી જવા પામે નહી, કુસંગતિનો વા સંચાર કરી શકે નહી, વર્જ્ય કરવાના મનોવિકાર ચેપી રોગની પેઠે ફાટી નીકળે નહી, સદભ્યાસવચ્ચે દુરભ્યાસ ડોકીયાં કરે નહી, અને ઉત્કૃષ્ટ વૃક્ષો વચ્ચે કાંટાવાળાં ઝાડ ઉગે નહી: તે સર્વ વિષયોમાં સંજ્ઞ રૂહેવા એવી વ્યવસ્થા રાખી હતી કે આ કુસુમોદ્યાનના સર્વ ગુપ્ત પ્રકટ ભાગો ઉપર પોતાની આરામકુરશી ઉપરથી, પોતાના હીંદોળા ઉપરથી, અને પોતાની અને સુંદરગૌરીની બારીઓમાંથી, બેસતાં ઉઠતાં અને જતાં આવતાં નિત્ય દૃષ્ટિ પડ્યાં કરે. પ્રિય પુત્રીનો બુદ્ધિપ્રભાવ સ્વતંત્ર વિકાસ પામે અને અગમ્ય સ્થાને સરી જાય નહી એ બે ફળ એક જ વૃક્ષ ઉપર એક જ ઋતુમાં આણવા ઉપર સૌંદર્ય--ઉદ્યાનની ધાત્રીની અનિમિષ ધારણા હતી.

અંતર્દુઃખથી થાકી, બાહ્ય આશ્વાસન શોધવા, ગુણસુંદરી બારી આગળ ઉભી ત્યાં નીચેના કુસુમોદ્યાન ઉપર દૃષ્ટિ ગઈ, અને કામાર્ત્તાને ચંદ્રદર્શન પ્રતપ્ત કરે તેવી રીતે કુસુમોદ્યાનમાં વિકસતી રમણીય કુસુમનું દર્શન તપ્ત માતાને પ્રતપ્ત કરવા લાગ્યું.

માતાની દૃષ્ટિ પડી તે વેળાએ નિર્દોષ કુસુમ પોતાના ઉદ્યાનમાં એવું શું કરતી હતી કે માતાને સન્તાપ થાય?

બારી નીચે પાસે એક માંડવો હતો, તેને ચારે પાસે લાકડાની ચી-

" Oh sweet and bitter in a breath
" What whispers from thy lying lips ?"

" આમાં શોકની જ્ભને જુદી ગણી. "

ચંદ્ર૦— "પણ એને મૃત્યુના મન્દિરના ધુમટમાં મીઠો ઉપદેશ કરનારી ગણી— અને સરસ્વતીચંદ્ર પણ —"

કુ૦— "એમ જ ગણે છે. એ વાત ખરી. હવે હું કહું. માયાની સૃષ્ટિના " પર્વતો આ અંધકારમાં નાશ નથી પામતા, પણ એમના એમ ઉભા છતાં " દેખાતા નથી અને દિવસે ન દેખાતા તારા રાત્રે દેખાય છે; તે દિવસે જુદો " અને રાત્રિયે જુદી; પણ રાત્રે જે દેખાય છે તે વધારે ઉત્તમ છે, અને "માટે જ લલચાઈને કહ્યું કે

" ઓ રજનિ ! ધુંધટ ! ઉઘાડ ! "

સુંદર૦— "જે એતો ગીતાજીમાં કહ્યું છે કે સંસારીની રાત તે યોગીનો દિવસ, ને યોગીની રાત તે સંસારીનો દિવસ.

ચંદ્ર૦— " કુસુમબહેન. તમારાં કાકી કહેછે તેમજ છે. ચારે પાસ " કોલાહલ મચી રહે એ દિવસ અને આવી શાંતિ તે રાત્રિ —તે દિવસને " ન દેખતાં આવી રાત્રિને દેખનાર યોગીઓ ત્રણ જાતના હોય છે. કનિષ્ઠ " જાતના યોગીમાં જગતના સંસ્કાર રહે છે, અને જ્યારે દિવસના અનેક " કોલાહલમાં માણસોનાં મન વિક્ષેપ પામે છે ત્યારે આવા યોગીઓનાં મન " અમુક સંસ્કારને જ જુવે છે અને ભોગવે છે, અને તેટલાજ સંસ્કાર " ઉપર લગ્ન થયલું ચિત્ત એ સંસ્કારના મોહની મદિરા પીને ઉન્મત્ત થઈ "પોતાનું ગાન કર્યા કરે છે--આવી રાત્રિ તેના મદને વધારે છે; મદ કરાવે તે " મદન. આવા યોગી, મદનતંત્રી વગાડતા, આવી રાત્રિમાં ગાયાં કરે છે."

કુસુમ૦—" બાણ૨ પાદશાહ બાલક અવસ્થામાં દુઃખી થયો અને " કાકાઓએ એને કૂવાડી મુકયો ત્યારે પર્વત ઉ૨ બેસી કવિતા ગાતો હતો " અને તંત્રી વંગાડતો હતો —તેની પેઠે જ આ ગાન ખરું કની ?"

ચંદ્ર —"એને કાંઈ મોહ ન હતો; પણ पीत्वा मोहमयीं प्रमादमदिरामुन्मत्त-
" भूतं जगत् એવું તમે કાલ ભર્તૃહરિના શતકમાંથી ગાતાં હતાં તેના જેવો
" કોઈ મદ ચહડે અને—"

ગુણ— " એ એ આગળ જતાં શીખશે. બીજી જાતના યોગીની વાત ચલાવો." "આગળ કેમ?" એમ બોલવા જતી જતી કુસુમ અટકી, અને વિચાર કરી બોલી. બીજા યોગીની હકીકત કહો ત્યારે.

ચંદ્ર— "બીજી જાતના યોગીઓમાં બાણ૨ પાદશાહ જેવા કવિલોક " આવ્યા. આવી રાત્રિના દર્શનથી જ તેમનાં હૃદય દ્રવે છે અને તેમના " મગજમાં વિચિત્ર સ્વપ્ન આવે છે અને તેવાં સ્વપ્ન પાછળ એ લોક દોડેછે. " તેથી કહ્યું કે.

" ઉર ચિત્ર સ્વપ્ન ભણી ધાતું. "

કુસુમ૦— " વારું, મધુસેવન કરનારાઓની બુદ્ધિ સતેજ થતી હશે ખરી ? માધમાં આવ્યું છે કે. —

" मधुरया मधुबोधितमाधवी
" मधुसमृद्धिसमेधितमेधया ॥

ચંદ્ર — " એ મેધા તો માત્ર મદ ચઢાવે. "

કુસુમ—" હા એમ તો ખરું. કરિણ તરત જોડેનીજ લીટીમાં છે કે,

" मधुकराङ्गनया मुहुरुमन्द—
" भ्रमदलौ मदलौल्यमुपाददे ॥

"આવી મેધાથી મદ થયો અને મદથી મધુકરી મધુકર પાસે ભમવા—" પોતે શું બોલે છે તેનું ભાન આવતાં મુગ્ધા શરમાઈ બોલતી બંધ પડી અને મનમાં સંસ્કૃત વિદ્યાને ગાળો દેવા લાગી. " બળ્યું, આ સંસ્કૃત ! બે માણસમાં બોલાતાં શરમાવે અને એનાથી અંજાઈએ તો કુમારાંને પરણાવે." મ્હોટે સાદે બોલી " વારુ, ત્રીજી જાતના યોગીની વાત કહો જોઈએ. "

" ત્રીજી જાતના યોગી એ રાત્રિનો ઘુંઘટ ઉઘાડે અને લક્ષ્મી આદિ ઢોંગ "છોડી રાત્રિને જોવા નીકળી પડે તે. " ચંદ્રકાંત બોલ્યો.

" સરસ્વતીચંદ્ર પેઠે ? " કુસુમે પુછ્યું.

ચંદ્ર૦—" એ તો તમે જાણો."

કુ૦—"ઠીક. પણ હવે તો આ ચિત્રો નહી દેખાડું. "

ચંદ્ર૦—"કેમ ? "

કુ૦—"આ પુરુષ અને સ્ત્રીને ઉંધતાં કર્યાં છે તેની મુખમુદ્રા ફેરવવી પડશે. "

ચંદ્ર૦—"શી રીતે ? "

કુ૦—"અર્થ સમજ્યાં ત્યારે પોતાની ભુલ જાતે જણાઈ. આ ચિત્ર બોટાં " પાડ્યાં છે. કેમ બરાં કરવાં તેતો વિચારવું પડશે. પણ એક કવિતામાં બે " જાતની આંખો કહી છે તેવી આ સ્ત્રી પુરુષની આંખો કરવા જેવું છે."

ચંદ્ર૦—" શી કવિતા છે ? "

કુ૦—"સાંભળો. "

"રસસુંદરીની સુંદરતા જગ જોતું ઉઘાડી આંખે !
"રસસુંદરીના રસ ભોગવતું—જગત મીંચેલી આંખે. "

ગુણ૦—"આ કવિતા કોની ? કુસુમ ! "

કુસુમ શરમાઈ ગઈ. નીચું જોઈ બોલી. "બ્હેનના ઉપર સરસ્વતીચંદ્રે "કાગળ લખ્યો હશે તેના એક ફાટેલા કડકા ઉપર હતી."

સુન્દર૦—"તે વારું, તે તું બ્હેનના કાગળો એમ ચોરતી ફરે છે કે શું ? "લાજ નથી આવતી ? "

કુસુમ૦—" લ્યો. ભુલ તો ખરી. પણ એમાં ચોરી શાની ? એણે "કાગળનો કડકો રઝળતો નાંખ્યો ત્યારે મ્હે વાંચ્યો. કાંઈ આંખો આધી "મુકીને ફરીયે ? બાપુ, પ્હેલા ચાર અક્ષર વાંચતાં કાગળ આધો મુકવો "જોઈએ તે કરવું ન સુઝયું એટલી ભુલ. "

સુંદર૦—"બધું તો ઝીણવટથી સુઝે અને આટલી મ્હોટી વાત ન સુઝી."

કુસુમ૦—"લ્યો. હવે ક્ષમા કરો. થયું તે થયું. પણ ચંદ્રકાંતભાઈ, હવે "આ કડીમાંની બે જાતની આંખો જેવી આંખો આ સ્ત્રીપુરુષની કુહાડી " તમને દેખાડીશ. કોણી તો કુહેશે. પણ વારુ બાળક છીયે તે આવું "વાંચવા સમજવાનું મન તો થાય. "

એક ચાકર એટલામાં આવ્યો. વિદ્યાચતુરે ચંદ્રકાંતને જરાશંકરને ઘેર જમવા બોલાવ્યો હતો. વળી માંદા સામંતને જોવાને રાણો ખાચર આવ્યો હતો તેને મળવાને તથા રાજ્યનીતિના વિષય તેની જોડે ચર્ચવાને મણિરાજે પોતાના રાજપુરુષોનો ન્હાનો મેળાવડો યોજ્યો હતો. તેમાં ભાગ લેવાને પણ ચંદ્રકાંતને આમંત્રણ હતું. આ સઉ સંદેશો ચાકરે પ્હોચાડ્યો. ચંદ્રકાંત વસ્ત્ર પ્હેરવા ઉઠ્યો. પ્હેરતાં પ્હેરતાં સરસ્વતીચંદ્ર અને કુસુમના યોગ-અયોગના વિચાર કરી ઉંડા નિઃશ્વાસ મુકવા લાગ્યો, અને દુઃખી હૃદયથી પ્રધાન પાસે જવા નીકળ્યો.

સ્ત્રીવર્ગ પોતાના ખંડમાં ગયો. જતાં જતાં સુંદર, કુસુમનો અંબોડો ઝાલી નીચો ખેંચી, તેનું મ્હોં ઉંચું કરી, ચુમ્બન દેઈ પુછવા લાગી:"મધુકરીનું મધુકર પાછળ ભમવાનું તું ગાતી ગાતી બંધ પડી. તે તું હવે નક્કી સરસ્વતીચંદ્રને પરણવાની!" અત્યંત ક્રોધથી રા તીચોળ થઈ કૌમારક વ્રતની ઉત્સાહિની બાળા, કાકીને ધક્કો મારી, સૌંદર્ય-ઉદ્યાનમાં પોતાના અભ્યાસના માંડવામાં ન્હાસી ગઈ. માતા ગુણસુંદરી કુસુમના વિકાસ વિશેષ જોઈ વધારે ખિન્ન થઈ, વધારે ચિંતામાં પડી, અને જેઠાણીનાથી પણ એકલી પડી સૌંદર્યઉદ્યાનમાં મનની અમુઝણ કુહાડવા જેવું નિર્ભક્ષિક સ્થાન અધીરે ધીમે પગલે શોધતી વેલાઓમાં અદૃશ્ય થઈ.

પ્રકરણ ૪.

દેશી રાજ્યોનો શો ખપ છે? ત્યને તેમનું શું થવા બેઠું છે? તેમનો કાંઈ ઉદ્ધાર છે? રાજસેવકો ને મુંબાઈ-ગરાજ્યો વચ્ચે ઝપાઝપી.

अणुभ्यश्च महद्भ्यश्च शास्त्रेभ्यः कुशलो नरः ।
सर्वतः सारमादद्यात्पुष्पेभ्य इव षट्पदः ॥

" What nature has disjoined in one way, wisdom may unite in another:" *Burke*:



પેા તે ઈંગ્રેજી રાજ્ય સાથ સંબંધ બાંધ્યેા તેનાં ગણાતાં વિષફ્-લનેા આરંભ સ્વતંત્ર સત્તાના પરિચિત મલ્લરાજને કડવેા લાગ્યેા હતેા; છતાં તેણે અંતકાળ સુધી એ સંબંધ બાંધવામાં ભુલ થઈ ગણી ન હતી. ઈંગ્રેજી વિદ્યાથી શૂન્ય પણ દૂરદર્શી એ મહારાજ પેાતાના મનનાં કારણ જગતને સમજાવી શકયેા નહી, અને સામંત અને મૂળરાજનાં મનનું સમાધાન કરી શકયા વિના તેણે દેહ છોડ્યેા હતેા. એ જ મહારાજના શાણપણે મણિરાજને ઈંગ્રેજી વિદ્યાનેા અને વિદ્યાચતુરનેા યેાગ કરી આપ્યેા હતેા અને વિદ્યાચતુરને પણ પેાતાના રાજ્યતંત્રના મંત્રેામાં પ્રવીણ કર્યો હતેા. રાજ વારસામાં અનેક રાજભંડાર મુકી જાય તેના કરતાં આવેા વારસેા સહસ્ત્રગણેા ઉત્તમ ગણવેા એ પેાતાના વિચારને એ મહારાજે આમ આચારમાં આણ્યેા હતેા, અને એ વિચાર-આચારનું અમૃતફળ રત્નનગરીની ભાગ્યશાલી પ્રજા એના મરણ પછી ભેાગવતી હતી. બટમેાગરાના પુલની પાંખડીઓનું એક પડ ખેંચી લેઈ એ તેા તરત અંદરથી એવું ને એવું પુલનું દળ નીકળી આવે તેમ મલ્લરાજનેા દેહ ખરી પડતાં એના જ હાથમાં પરિપક્વ થયલેા મણિરાજ પ્રજાના હાથમાં આવ્યેા, અને જરાશંકર નિવૃત્ત થતાં વિદ્યાચતુર આવ્યેા. પ્રવીણ બુદ્ધિમાન મનુષ્યેાની પલટણેાને અનુભવની કવાયત આપી એક બીજા પાછળ ઉભી રાખી, એવી રીતે તૈયાર રાખવી કે રાજ્યને અને પ્રજાને કદી કેાઈ રીતે યેાગ્ય પુરુષેાની ખેાટ પડે નહીં, એ વ્યવસ્થા, દૂરદર્શી અને ડાહ્યા રાજાઓનેા, એક મહાન્ ધર્મ છે.

મલ્લરાજની રાજ્યનીતિના નહાના વૃક્ષેાને નવા રાજાએ અને નવા પ્રધાને પાળી પેાષી મેાટા કર્યા એટલું જ નહી પણ મલ્લરાજના જે યેાગ્ય વિચાર બીજાઓ તેના લેખેા અને તેના વાર્તાવિનેાદના પ્રસંગેાની

ર માત્ર ભૂમિમાં પડ્યા હતા તેને મણિરાજે અને વિદ્યાચતુરે શોધી બોધી પરીક્ષાપૂર્વક આચારભૂમિમાં નાંખવા માંડ્યા હતા. કન્યા પરગૃહની જોઈએ તેમ પ્રધાન પરદેશનો જોઈએ એ વિચાર પ્રમાણે મલ્લરાજ આચાર કરી શક્યો ન હતો; એટલું જ નહી પણ રાજકુળમાં વંશપરંપરતા જેવી રાજ-ફલ આપનારી છે તેથી ઉલટી જ રીતે દેશી રાજ્યોમાં પ્રધાનકુલમાં વંશપરંપરતા રાજ-ફલને કુહોવડાવનારી અને પ્રધાનફલને નીરસ કરનારી છે એવા પોતાના અભિપ્રાયને પડતો મુકી જરાશંકરને સ્થાને વિદ્યાચતુરને નીમી, મલ્લરાજે રાજ્યને માથે જોખમ વ્હોરી લીધું હતું. પણ તેમાં તેનો એવો વિચાર હતો કે પરરાજ્યનું બળ ચોમાસાના પૂરપેઠે ઉભરાવા લાગે તે પ્રસંગે નવી અજમાશ કરવાનો કાળ નથી. આવાં કારણથી પોતે પ્રધાનપદ પામેલો હતો તે વિદ્યાચતુર સારી રીતે સમજતો હતો, અને પોતાના પછી કોઈ પરદેશી અને પરવંશનો પણ વિશ્વાસયોગ્ય સુપાત્ર પ્રધાન શોધી લેવામાં મણિરાજની દૃષ્ટિને નિષ્ફળ ન થવું પડે તે માટે તરત પોતાના હાથ નીચેના અધિકારીયોમાં થોડાક એવા સુપાત્ર પરદેશીયો શોધીને રાખ્યા હતા કે પ્રસંગ પડ્યે એક જ પુરુષ શીવાય બીજાને જોવાની-શોધવાની-અશક્તિ ન રૂહે અને અનેક સુપાત્રોમાંથી એક પાત્રતમ ગમે તે વેળા શોધી લેવામાં રાજાને બાધ આવે નહી. આ પુરુષો પરરાજ્યોના અનુભવી અને બુદ્ધિમાન હતા, અને આ રાજ્યનાં અંગના તેમ મ્હોટા રાજ્યવિચારના અને રાજ્યપ્રસંગોના પ્રકાશ તેમના ઉપર બને તેટલા પડવા દેવામાં વિદ્યાચતુરનું નિઃસ્વાર્થી અને સ્વધર્મપરાયણ મન રજ પણ સંકોચ પામતું ન હતું. રાણા ખાચરને માટે મેળવવાના બાનગી દરબારમાં આ મંડળને તેણે આમંત્રેલું હતું તે આવો જ પ્રકાશ તેમના ઉપર નાંખવાની યોજનાથી. ચંદ્રકાંતને આ દરબારમાં તેડ્યો હતો તેમ જ રત્નનગરીમાં મુંબાઈથી સહજ આવી ચ્હડેલા દક્ષિણી દેશવત્સલ ગૃહસ્થ વીરરાવ ધમ્પાટેને પણ આ દરબારમાં તેડ્યો હતો, અને તેનું કારણ એટલું હતું કે મુંબાઈવાસી સ્વતંત્રતાના ઉછાળાના ધક્કા લેવાનો લાભ પોતાના રાજકિંકરત્વના જ અનુભવી પુરુષોને મળે અને તેની સાથે આવા દરબારમાં બોલાવેલા અતિથિયોનો પણ કંઈ સત્કાર થાય. રાણા ખાચર જેવો વિરુદ્ધ મતનો અને જુની શૈલીનો પણ બુદ્ધિશાળી રજપુત રાજા રત્નનગરીના તેમ મુંબાઈના આવા ગૃહસ્થોનાં સમાગમમાં આવે અને વિચારચર્ચામાં ભાગ લે તો રાજસ્થાનોનું ઐક્ય સાધવામાં પોતે કાંઈક કારણભૂત થાય એવો પણ આશય આવા દરબાર યોજવામાં વિદ્યાચતુર રાખતો.

પરદેશી અધિકારીઓમાં એક જણ નામે પ્રવીણદાસ હતો. તે જ વાણીયો હતો. રાણા ખાચરના રાજ્યની પેલી પાસના એક નહાના રાજ્ય એ વતની હતો. એનો બાપ વ્યાપારી હતો અને એ પોતે ઈંગ્રેજી પ શાળામાં સુશિક્ષિત થઈ, તેમાં મામલતદારનું કામ કરી, એકાદ બે દે રાજ્યોમાં પ્રમાણિકપણાથી તથા રાજપ્રજાનું હિત જાળવી શક્યો હ મુંબાઈ જતાં એ રાજ્ય વિધાચતુરને રસ્તામાં આવતું, અને ત્યાં પડે પ્રસંગોએ અનેકધા આ ગૃહસ્થને પરખી પોતાના રાજ્યમાં આકર્ષી લી હતો. તે તાજે જ આવેલો હતો અને રત્નનગરીના વસુલાત ખાતા ભોમીયો થતો હતો. એ ખાતું આજસુધી વિધાચતુરના પોતાના હાથ હતું ત્યાંથી જુદું પાડી પ્રવીણદાસને આપવા વિચાર હતો.

ન્યાયખાતાને માટે ઈંગ્રેજી ન્યાયસાહિત્યના વિદ્વાન્ અને અનુભવી ન્ય શાસ્ત્રી શંકરશર્માને મુંબઈમાંથી શોધી કહાડ્યા હતા. શેતરંજમાં સામ રાજાને મહાત કરવા પોતાના મ્હોટા મ્હોરાનું બલિદાન આપવામાં જ શાણપણ છે તેવું જ ન્યાયને અંગે રાજ્યના મ્હોટા લાભોનું બલિદાન આ વામાં પણ છે, ન્યાયની શુદ્ધ સ્વતંત્ર પદ્ધતિથી રાજ્યનું વીર્ય વધે છે અ પ્રતાપ ઉગ્ર થાય છે ઇત્યાદિ સુપ્રસિદ્ધ ગણાતી પણ રાજ્યસત્તાના લો પુરુષોને અપ્રિય લાગતી રાજ્યનીતિના તીવ્ર આચાર પાળવામાં શંકરશ પ્રધાન ઉત્તેજન આપતો અને પોતાની પણ ભીતિ કે શરમનું બીજ સ ન્યાયખાતામાં દેખાતામાં જ નષ્ટ કરતો.

રત્નનગરીના રાજ્યમાં જંગલ તથા સમુદ્રતટે બંદરો હતાં તેના વિકા માટે પણ મુંબાઈથી જ જાતે પરખીને એ વિષયોનાં અનુભવી માણ રાખ્યાં હતાં. સર્વ રાજ્યોમાં નિર્માલ્ય ગણાતું અને દરિદ્ર પગારવાળા અ કારીઓના હાથમાં તિરસ્કારથી રખાતું વિદ્યાખાતું એક સમર્થ વિદ્વા સારા પગારથી સોંપવામાં આવ્યું હતું અને તેના ઉપર પ્રધાન પો અનિમિષ અને ઉદાર દૃષ્ટિ રાખતો. આવાં ખાતાઓના અધિકારીયોમ કેટલાકને શંકરશર્મા અને પ્રવીણદાસ સાથે આ દરબારમાં આમંત્રેલા હ

મલ્લરાજે નગરબ્હાર એક મહાન્ મ્હેલ બાંધવા માંડેલો હતો અ તેની યોજનાને વિસ્તાર આપી મણિરાજે તે પુરો કરેલો હતો. મ્હેલનું નામ મલ્લમહાભવન રાખ્યું હતું અને તેના આગલા ખંડનું વિદુરભવન પાડ્યું હતું. આજનો દરબાર વિદુરભવનમાં યોજેલો હતો.

વિદુરભવનમાં ચારે પાસ ભીંતોએ સંસ્થાન અને પરદેશોના નક્ટાંકેલા હતા અને પુસ્તકોનાં કબાટ ગોઠવેલાં હતાં તેમાં આ દેશના

પરદેશના, પ્રાચીન તથા અર્વાચીન, સમર્થ રાજપુરુષોનાં ચરિત્ર, તેમના લેખો, તેમનાં ભાષણો વગેરે વિષયોનાં પુસ્તકો સંગ્રહેલાં હતાં. એક કબાટમાં ઇંગ્રેજ રાજપુરુષો, તો બીજામાં જર્મન, અને ત્રીજામાં અમેરિકન, એમ અનેક દેશના રાજપુરુષોનાં પરિપક્વ થયલાં અનુભવ-પ્રદર્શન આ ખંડમાં આવનાર પ્રાજ્ઞની દૃષ્ટિને ચમકાવતાં હતાં.

આ સર્વની મધ્યે એક અર્ધ ભાગે સુંદર કોચ અને ખુરસીઓ વડે સભામંડપ રચ્યો હતો, અને બીજા અર્ધ ભાગે યુરોપ, અમેરિકા, હીંદ વગેરે સર્વ દેશનાં મુખ્ય તાજાં વર્તમાનપત્રો તથા ચોપાનીયાં ટેબલો ઉપર પાથરેલાં હતાં.

મણિરાજની અને તેના પ્રતિષ્ઠિત અતિથિની વાટ જોઈ આમંત્રેલા રત્નનગરીના અધિકારીઓ આ ભવનમાં ભરાતા હતા. અને તેનાં અનેક પ્રદર્શનો ઉપર દૃષ્ટિ ફેરવતા ફરતા હતા, અને તેનો ઉપયોગ કરતા હતા.

એક ટેબલ આગળ શંકરશર્મા, ચંદ્રકાંત અને વીરરાવને લેઈ બેઠો હતો અને વાર્તાવિનોદ કરતો હતો.

ચંદ્રકાંત:"શો ઉત્તમ પુસ્તકોનો સંગ્રહ! જે રાજા આ પુસ્તકોદ્યાનમાં માત્ર " આવી, એ ઉદ્યાનનાં ફુલોની વાસના જ લેઈ ચાલ્યો જાય તે તેટલાથી જ "ચતુર થઈ જાય !"

વીરરાવ હસ્યોઃ, "છટ ! આ તો માત્ર દેખાવ કરવાની વાત છે—દંભ છો " બાકી તો રજવાડો સર્વ અંદરથી સડેલો! All is rotten at the " core in these states ! Don't believe in this show " like a simpleton !"

આ કઠોર વચન સાંભળી શંકરશર્મા ચમક્યો. પ્રવીણદાસ છાનોમાનો પાછળ ઉભો હતો તેણે તેના સામું જોઈ નાકે આંગળી ધરી. બીજા સર્વ આશપાશ ભરાઈ ગયા. એવાં વાક્યોના પરિચિત ચંદ્રકાંતને પણ આ સ્થાને અને આ કાળે—મણિરાજના ભવનમાં—તેનો સત્કાર સ્વીકારવાને પ્રસંગે —વીરરાવનાં વચન અકૃતજ્ઞ અને અસ્થાને લાગ્યાં અને બોલી ઉઠ્યો.

" મિસ્ટર ધમ્પાટે ! તમારો વિચાર ખરો હોય તો પણ તેનો ઉચ્ચાર અસ્થાને છે."

વીર૦—"એ માખણ તમને સૈાપ્યું. અમારે તો વિચાર તે ઉચ્ચાર. You " see I do not care a fig for these foolish and dishonest

" forms ! યદ્યપિ શુદ્ધં લોકવિરુદ્ધં નાકરણીયં નાચરણીયમ્ એ અપ્રમાણિક-
" પણાનું શાસ્ત્ર,તે હૃદયના બાયલાઓને સોંપ્યું. સત્યના વીરોને દુનીયાની
" શી પરવા છે?"

વીરરાવે છાતી ફુલાવી અને ઓઠવડે પુત્કાર કર્યો. શંકરશર્મા ધીમે રહી હસીને બોલ્યો: " પણ ચારિત્ર્ય દૂષિત કર્યાના આરોપકાળે એકલું સત્યવ-
" ચન બોલ્યા છીયે કલ્પાથી આરોપી નિર્દોષી નથી ઠરતો."

" ઓ —મિસ્ટર—શંકરશર્મા !—" માથું અને આખું શરીર ઉંચું કરી, આળસ મરડી, હાથ ઉંચા કરી, વીરરાવ બોલ્યો, " એ તમારું ધર્મશાસ્ત્ર
" અમારા સત્યશાસ્ત્ર આગળ નિરર્થક છે. રાજનીતિમાં અસત્ય ભળે છે
" અને તમારા ન્યાયમાં પણ અસત્ય ભળે છે. પણ એવી નીતિ અને એવા
" ન્યાયના પંઝામાં ફસાયાથી સત્યના વીરો ડરતા નથી. ખરું જોતાં તો
" ધર્મમાત્રનો આધાર સત્ય ઉપર છે, ને મનુષ્યના જીવનનો અને એના સર્વ
" ઉચ્ચગ્રાહનો સ્તંભ સત્ય ઉપર ટકેલો છે. આપણા એક કવિએ ધર્મના
" જ મુખમાં વચન મુકેલું છે કે

" मया ध्रियन्ते भुवनान्यमूनि
" सत्यं च मां तत्साहितं बिर्भति ॥[२]

" અને પાશ્ચાત્ય પાંડિત્ય પણ એજ ઉદ્‌ગાર કરે છે. નીતિનો આધાર
" ધર્મ અને ધર્મનો આધાર સત્ય છે. સત્યના તેજની જ્વાળા, અગ્નિની
" જ્વાળા પેઠે, સર્વ અવસ્થાઓમાં, ઉંચી અને ઉંચી બળશે, લોકે ધર્મ
" ગણેલા અધર્મ સત્યના તાપથી ઓગળી જશે, અને કુરાજ્યોની રાજ્ય-
" નીતિને ઉથલાવી પાડવા સત્યના વીરો લડશે અને મરશે અને સત્ય
" વિજયી થશે. માટે સત્યના વીરોએ નથી જોવાનો દેશ, નથી જોવાનો
" કાળ, અને નથી જોવાનું પરિણામ. વિચાર તે ઉચ્ચાર ! એ જ અમારું
" સત્ય, અને Damn your states and politics for per-
" verting all the dictates of truth ! "

આ ગાળોના ઉદ્‌ગાર સાંભળતાં પ્રવીણદાસ તો માત્ર ઠંડો જ થઈ ગયો અને બીજા અધિકારીયોમાં ક્રોધ, હાસ્ય, તિરસ્કાર, આદિ અનેક વૃત્તિઓ સ્વભાવવૈચિત્ર્ય પ્રમાણે રોપાઈ ગઈ. પણ સર્વ આ વેગવાળા પ્રવાહથી સ્તબ્ધ હતા એટલામાં વિદ્યાચતુર અને મણિરાજ આવી સર્વની પાછળ

---

૧ ચારિત્ર્યદૂષણ= લાઈબલ=બારકાની બાબત હલકી કરવી.
૨ ચંડકૌશિક.

ઉભા હતા અને શાંત સ્મિત કરતા હતા; તેમાંથી વિધાચતુર આગળ આવ્યો અને ધીમે રહી વીરરાવને ખભે હાથ મુક્યો ત્યાં વીરરાવે પાછળ જોયું અને એના પગ ઉભા થયા. પોતાના વાક્યોનો એના ઉપર અને રાજા ઉપર શો અસર થયો હશે તેનો વિચાર જ તેને થયો નહી, અને વિચાર ન થયો તો ક્ષોભ પણ શાનો થાય ? પાછો ફરી તેણે વિધાચતુર સાથે હસ્તમેલન* કર્યું અને મણિરાજ ભણી વાધતાં વાધતાં બોલ્યો. " મહારાજ, રાજા અને પ્રજામાં મનુષ્યત્વ સામાન્ય છે, રાજત્વ
" કરતાં મનુષ્યત્વ પૂજ્ય છે, અને એ પૂજ્યત્વનું ચણતર સત્યના પાયા ઉપર
" બંધાયલું છે એ સત્ય આપ સ્વીકારો છો પણ અમારા વકીલસાહેબ
" ચંદ્રકાંતભાઈએ એથી વિરુદ્ધ શાસ્ત્ર પળાવવાનો પ્રયત્ન કર્યો માટે
" અમારે એમની સાથે લવણાં જ યુદ્ધ થયું હતું. "

મણિરાજે હસતાં હસતાં એની સાથે હસ્ત મેળવ્યો અને ઉત્તર દીધો.
" એવાં એવાં યુદ્ધોને માટે જ અમે આ વિદુરભવન રાખેલું છે અને તેમાં
" આપના જેવાનો સત્કાર કરીયે છીયે. મહારાણા ખાચરજીને લેઈ મૂળરાજ
" સત્વર આવશે તેમને આપની શક્તિ જોવાનો લાભ થશે. માટે ચાલો,
" આપણે આ સભામંડપમાં બેસીયે. "

સર્વ ઉઠ્યા અને સભામંડપમાં ચાલ્યા. એટલામાં દરવાજે નેકી સંભળાઈ, ઘોડા ખોખાર્યા, સર્વ મંડળ દરવાજે સામું ગયું, અને રાણા ખાચર તથા મૂળરાજને લેઈ પાછું ફર્યું. સર્વ વાતચીત અને સ્વર બંધ પડ્યાં, ચાલનારાના પગના ધસારા પણ સંભળાતા ન હતા, અને અગ્રભાગે માત્ર ખાચર અને મણિરાજ મન્દસ્મિત કરતા કરતા ધીમે સ્વરે ઓઠ ફરફડાવતા વાતો કરતા ચાલતા હતા. તે બે જણ એક સુવર્ણના ચિત્રિત કોચ ઉપર સામ સામે બેઠા. તેમની એક પાસ ખાચરના રાજ્યના એક બે ભાયાતો, તે પછી મૂળરાજ, અને તે પછી મણિરાજના ત્રણચાર ભાયાતો બેઠા. બીજી પાસ પ્રથમ વિધાચતુર, પછી વીરરાવ, પછી ચંદ્રકાંત અને તે પછી રત્નનગરીના બીજા અધિકારીઓ બેઠા.

રાણો ખાચર શરીરે પાતળો, પણ કદમાં ઉંચો હતો. વૃદ્ધાવસ્થાની કરચલીઓ એના મુખ ઉપર હતી, પણ હસીલી અને ખુનસભરી રજપુતાઈના આવેશે ભરેલી રતાશ એની ઝીણી પણ લાંબી આંખોમાં વીજળીની રેખા પેઠે ચળકતી હતી અને આંખોના ખુણા સુધી પ્રસરતી હતી. એના મુછોમાં ધોળા વાળ ભળવા લાગ્યા હતા; છતાં તેના આમળા કાન સુધી વળતા

* Shaking hands.

હતા. એના ઓઠ લાંબા હતા, અને એ આખા જગતને કંઈ લેખામાં ગણતો ન હોય એવો અભિમાની તિરસ્કાર એ આંખો અને ઓઠમાં સ્ફુરતો હતો. એ હસતો ત્યારે પણ એના હાસ્ય સાથે કોઈકે કટાર ઝઝુમતી હોય એમ લાગતું હતું. એક કોચના બે છેડા ઉપર બેઠેલા સસરો--જમાઈના દેખાવમાં સર્વાંગી વિરોધ સ્પષ્ટ હતો, અને આકાશના મધ્ય ભાગમાં ચંદ્ર અને ધૂમકેતુ પાસે હોય ત્યારે લાગે તેમ સૌમ્ય મણિરાજ અને તીવ્ર--ઉગ્ર ખાચર લાગતા હતા.

"રાણાજી, આ બે અમારા અતિથિ છે તે મુંબાઈથી આવેલા છે." ચંદ્રકાંત અને વીરરાવ ભણી દૃષ્ટિ કરી મણિરાજે હસતે મુખે કહ્યું.

"હા, મ્હોં ઉપરથી જ દેખાય છે." હાથેલીમાં દ્રાક્ષ ડાળતો ડાળતો ખાચર બોલ્યો.

"એમાં આ દક્ષિણી ગૃહસ્થનું નામ વીરરાવ છે તેમનો વિચાર એવો છે "કે દેશી રજવાડામાં અંદર ખાનેથી સળો જ છે." મણિરાજે કહ્યું.

"એમનો વિચાર એવો હશે! શું કરીયે? મુંબાઈમાંથી ચાલી આવેલી "ઉધાઈ રજવાડાનું કાળજું પણ કોરી ખાય છે; આવા મેમાનોને સંધ-"રવાનું ફળ કંઈ ન્હાનું સુનું હોય?" બીજી પાસની ભીંત ભણી નજર કરી હસતે હસતે ખાચરે ઉત્તર દીધો.

વીરરાવની આંખમાં ક્રોધના વીર આવ્યા, અને ઉત્તર ન દેતાં માત્ર ચંદ્રકાંતના કાનમાં એ કહેવા લાગ્યો. "Look! Look! Not only "does the devil coil and sting like the serpent, but "can breathe out his venom too!"

"He only pays in kind!" ચંદ્રકાન્તે વીરરાવના કાનમાં અમૃત રેડ્યું.

"*Me* he pays in kind? *You* say so?" વીરરાવે ઓઠ પીસી પુછ્યું.

"I believe he thinks so:" ચંદ્રકાંતે કહ્યું અને પછી મ્હોં મલકાવ્યું.

"કેમ, ચંદ્રકાંતજી, છાની છાની ગોષ્ટી ચલાવો છો તો રાણાજીને અને અમને પણ કાંઈ અમૃત સંભળાવો." મણિરાજે વાત છેડી.

વીરરાવ--- શુણો, મહારાજ. મુંબાઈમાં તો ઉધાઈ પણ છે અને સુધરાઈ પણ છે. તેમાંથી જેને જ્યાં ગ્રાહક મળે ત્યાં જાય છે. જે રજવાડામાં મુંબાઈની ઉધાઈ જ આકર્ષાતી હોય તે રજવાડાની જાતમાં જ કંઈક રોગ હોવો જોઇએ.

મણિરાજ—એ રોગ ક્રીયા સંસ્થાનમાં છે ને ક્રીયામાં નથી એ પ્રશ્નનું નિ-

રાકરણ વેગળું . રાખી જે જે સંસ્થાનમાં એ રોગ હોય તેનું ઔષધ શું એ દર્શાવો તો આપણી ચર્ચામાં કાંઇક સૂચક ભાગ આવે.

વિધા૦—ધમ્પાટે સાહેબને મન તો સર્વત્ર એ રોગ વ્યાપી ગયો છે.

મણિ૦—એમ હોય તો આપણે ત્યાં પણ એ રોગ છે એમ તકરાર ખાતર સ્વીકારો. તો પણ થયો રોગ ન થયો થવાનો નથી. પણ તેને ઉપાય શો ?

વીર૦—સાહેબ, મ્હારે મન તો એ રોગ અસાધ્ય થઈ ગયો છે; અને હવે તો The states must be stewed in their own sweet juice.

शरीरे जर्जरीभूते व्याधिग्रस्ते कलेवरे ।
औषधं जान्हवीतोयं वैद्यो नारायणो हरिः ॥

શંકરશર્મા–વીરરાવજીએ તો આપણા રામ પોકારી દીધા અને ફાંસીની સજા બતાવી દીધી. હવે તો વકીલ સાહેબની બુદ્ધિ કાંઈ શોધી કહાડે તો સાંભળીયે.

પ્રવીણદાસ– " ભાઈસાહેબ, જરા ધીરા થાવ. પાડોશીના દેશમાં કાંઈ " સંગ્રહ હશે તો આપણા દુષ્કાળમાં કાંઈ ઉપયોગમાં આવશે. માટે જે " રાજ્યમાં વીરરાવજી જેવાં રત્ન નીપજે છે તેની તો કથા કાંઈ પુછો. "

વીર૦–" શું પુછવું છે? બ્રીટિશ રાજ્યની દેશી પ્રજાની સંવૃદ્ધિમાં " દેશી રાજ્યોજ સરકતકર્તા છે. અને દેશીઓ રાજ્ય કરવા યોગ્ય " છીયે કે નહી એવો પ્રશ્ન ઉઠતાં ઇંગ્રેજી અધિકારીયો તમારા " ભણી આંગળી કરે છે અને કહે છે કે દેશીયોને સ્વતંત્ર " અધિકાર આપ્યાથી કેવી અવ્યવસ્થા થાય છે તે જેવું હોય " તો દેશી રાજ્યો બણી જનારો એટલે પ્રત્યક્ષ પાઠ—Object lesson " –મળશે. "

પ્રવીણ૦– "પણ રાવસાહેબ, અમે તો હવે મરણશય્યા પર સુતા તે " સુતા. પણ તમારામાં કેટલો જીવ છે તે તો કાંઈ જણાવાની કૃપા કરો."

વીર૦—" કેવી રીતે જણાવીએ ? ડેલ્હૂઝી જેવો કોઈ ગવર્નર જનરલ " આવે, અને રજવાડામાત્રને ઇંગ્રેજી રાજ્યમાં ભેળવી નાંખે તો તરત " અમારો જીવ હાલતો ચાલતો જણાય. નાત જાતના ભેદ જેમ અમને " પગલે પગલે નડે છે તેમ તમારાં રાજ્યોની સ્થિતિ અમારા અભિલા- " ષને પાછા હઠાવે છે. "

ખાચરનું મોં કમાણું થયું.

શંકર૦—" પણ તમારા લોકમાં હોળી સળગે ત્હોયે અમારે શું અને
" તમારા પ્રજાસંઘમાં દીવાળી પ્રકટે ત્હોયે અમારે શું ? તમારા લોકનો ઉદય
" ઇચ્છવા અમારો પ્રલયકાળ ઇચ્છવો એ કયાંનો ન્યાય ? રાવસાહેબ,
" Morality, Law ને Religion—નીતિ, ન્યાય, ને ધર્મ--સર્વ ઉપર
" તમે પાણી ફેરવો છો. "

વીર૦— " He who would rush into the front ranks,
" must tread upon somebody's corns. આખા દેશનો ઉદય
" જ્યાં સાધ્ય છે ત્યાં ચાર મરવા પડેલાં રીબાતાં રાજ્યોના પ્રાણ
" શમી જાય તો શું થયું ? એ વ્યાપારથી એ રાજ્યોની પ્રજા પણ સુખી થશે
" અને અમને સહાય થશે. આવા મહાન્ સાધ્ય આગળ ન્યાય, નીતિ,
" અને ધર્મ પ્રતિરોધ કરે તો તે પ્રતિરોધ દૂર કરવો. ક્ષત્રિયો યુદ્ધ કરે ને
" વચ્ચે ગાય આવે તો યુદ્ધ અટકાવવું નહી પણ ગૌવધ આવશ્યક હોય તો
" કરવો અને યુદ્ધ પુરું થયે તેનું પ્રાયશ્ચિત્ત કરવું ! "

સભાના મ્હોટા ભાગે આ શબ્દ સાંભળતાં કંપારી આણી અને વીરરાવ-
ભણી તિરસ્કાર અને ખેદભરેલી દૃષ્ટિ કરી. વીરરાવે તેને ગાંઠી નહી.

વિદ્યા૦—" રાવસાહેબ, આપણે હાલ ન્યાય, નીતિ અને ધર્મનાં ગહન
" પ્રકરણોમાં નહી ઉતરીયે. માત્ર ઇતિહાસ, સાધ્ય સાધન, અને ભવિષ્યની
" ચર્ચા કરીશું. તમે એમ ધારો છો કે જે સામ્રાજ્યના તમે અંશ છો તેના
" અમે અંશ નથી ? "

વીર૦—"That's it. બલબત, બે જણ તેના અંશ છીયે અને માટે
" જ હું કહું છું કે એ આખા શરીરનો આ એક અવિયવ કહોવાયો છે તેને
" કાપી નાંખવો કે એ અવયવનું વિષ આખા શરીરમાં વ્યાપી ન જાય.
" એક ભાગને રોગ અને આખા શરીરને તેનું ભય —એ સત્ય, અને
" તે પાયા ઉપર રચવાનો તે ધર્મ, ન્યાય, અને નય—કે જેનાથી આખા
" શરીરનું કલ્યાણ થાય. "

વિદ્યા૦—" તો હવે તમે શોધો કે અમારાથી તમને લાભ શો અને
હાનિ શી ?"

" વીર૦—" શું શોધવું છે ? દેશી રાજ્ય કદી હેકાણે આવવાનાં નથી. એ
" રાજ્યોના મર્મભાગોમાં રૂહેલી ખટપટ એમના રાજાઓને ભ્રમિત કરે છે
" અને અમારે ત્યાંથી જે સારા માણસ ત્યાં જાય તેને એ ખટપટ અને એ
" રાજાઓના ભ્રમ બગાડી નાંખે છે. અને એનો ગેપ અમને લાગેછે. દુખવા
" આવેલી આંખો સામાની આંખોને દુખવા આણે એમ તમારાં રાજ્યોની

" કથા છે-તે પોતે બગડે છે ને સામાને બગાડે છે. તેમની પ્રજા ચારે પા-
" સથી દુઃખ અને જુલમના પોકાર કરે છે. એ રાજાઓ ગમે તો દ્રવ્ય
" ઉડાવે છે ને દેવું કરે છે ને ગમે તો લોભ અને કંજુસાઈથી પ્રજાને માટે
" સંગ્રહેલું દ્રવ્ય લોકોપયોગને માટે પ્રવાહી થતું અટકાવે છે ને પાતાળના
" ભાંયરામાં નાંખે છે કે દુર્માર્ગે ઉડાવે છે. ને પ્રજા તો ભીખારી ને ભીખારી!
" એ રાજ્યોની પ્રજાને નથી મળવાનું જ્ઞાન, નથી મળવાની સ્વતંત્રતા, અને
" નથી મળવાનાં ઉદ્યોગ, સુખ અને મનુષ્યત્વ. તેઓ જે સદ્વસ્તુ શોધશે તેમાં
" તેમના રાજાઓ ને અધિકારીઓ સપત્નીકૃત્ય કરશે, ને ઝાંખરાં પેઠે પગલે
" પગલે નડશે. સુધરતા યુગની પાછળ એ રાજાઓ રૂહેશે અને પ્રજાને રાખશે.
" દેશી રાજ્યોથી લોકને લાભ કાંઈ નથી અને હાનિ સર્વથા છે. They
" are doomed and shall cease, and the sooner the better.
" એ રાજ્યોનો ઉપયોગ આખા જગતમાં કોઈને કશો નથી. એ રાજ્યો નષ્ટ
" થશે ત્યારે રાજાઓ પણ મનુષ્યત્વ પામશે અને અમારા મહાન્ સમારંભોમાં
" અમારા સહચારી થશે. એ રાજાઓનો અને તેમની પ્રજાઓનો જીર્ણોદ્ધાર
" કરવાનો આ જ એક માર્ગ છે અને બાકીના સર્વ પ્રયત્ન પવનના બાચકા
" છે.* એ રાજ્યો જેમ વહેલાં રામશરણ જાય તેમ તેમનો આ તેમના
" દુઃખજીવનમાંથી વહેલો મોક્ષ ને નવો અવતાર છે."

પ્રવીણ૦—" પણ ઈંગ્રેજી સત્તાથી તમારા ધનસંચય સમુદ્રપાર જાય છે
તેને સટે અમારે ત્યાં દ્રવ્ય ઘરમાં રૂહે છે અને તમારે ત્યાં આવી તમારું
પોષણ કરેછે તેનું શું ?"

શંકર૦ — " રાજ્યકળા અને રાજ્યનીતિના અનુભવ શીખવાની તમારે
" માટે એક જ શાળા રૂહેલી છે તે માત્ર દેશી રાજ્યોમાં છે અને ઈંગ્રેજ
" અધિકારીઓ સાથે કંઈક સમાન ભાવે સમાગમ પામવાનો લાભ અમારે
" ત્યાં જ છે. આ બધાંનું શું ?"

છેલ્લો બેઠેલો એક તરુણ અધિકારી બોલી ઉઠ્યોઃ " તમારે ત્યાં તમે સર્વ
" Plebian રૂહેવાના, અને અમારે ત્યાં આવી Patrician ના સંસ્કાર
" પામવાના, અને હલકા સંસ્કાર છોડી ઉચ્ચ સંસ્કાર પામવાના. તેનું શું ?

---

* " The *process* of *infusing* vitality into the Native States and quickening
" the abolition of time-honoured abuses seems needlessly slow to impatient
" reformers. . . . It would be an unfortunate conclusion to the
" efforts made in the Nineteenth Century for the preservation of Native
" States if the impatience of the Twentieth Century, or the indifference of
" the Native Chiefs to their own higher responsibilities, should force upon
" the statesman of the future a dissolution of the union."—*Lee Warner's*
" *Protected Princes of India.*"

" તમારાં શબ્દે શબ્દમાં તમારું કુળ જણાય છે તેને સટે રાજ્યના ઉચ્ચ
" સંસ્કાર પામવાનું સ્થાન દેશી રાજ્યો ન હોય તો તમને કોણ
" આપવાનું હતું ?"

મૂળરાજ હસતો હસતો બોલી ઉઠ્યોઃ "દેશી રાજ્યોને સ્વર્ગે મોકલી સુખી
" કરવાનો રસ્તો તો રાવસાહેબને ઠીક સુઝ્યો ! મહારાજ, મુંબઈમાં આવા
" સદ્‌ગૃહસ્થોની જ પાંજરાપોળ ભરી રાખેલી છે કે કાંઈ બીજું પ્રાણી છે ?"

વીરરાવની આંખ આ અપમાનથી રાતી થઈ. તે તીક્ષ્ણ વચન બોલવા જતો હતો તેટલામાં તે પ્રસંગ અટકાવવા ચંદ્રકાંતે ચર્ચામાં ભાગ લેવા માંડ્યો.

" મૂળરાજ, અમારા રાવસાહેબ પુસ્તકોના કર્તા અને વર્તમાનપત્રના તંત્રી
" છે. દેશી રાજ્યોનો તેમને જાત અનુભવ નથી, પણ રાજ્યોનાં માણસો
" લખી મોકલે તેથી સહુ જાણે.—મહારાજ, જેવો વીરરાવને દેશી રાજ્યો
" પ્રતિ તિરસ્કાર છે તેવીજ મ્હારા મિત્ર સરસ્વતીચંદ્રને આ રાજ્ય ઉપર પ્રી-
" તિ છે મને રજવાડાનો જાતઅનુભવ નથી, પણ મિત્ર પાસે મ્હેં ઘણાક
" પ્રસંગો સાંભળેલા અને ચર્ચેલા. મ્હારે આવે પ્રસંગે અભિપ્રાય બાંધવા
" પડેલા તે પરિપાકદશાને પામ્યા નથી, પણ જેવા છે તેવા દર્શાવવામાં કાંઈ
" દોષ લાગતો નથી. "

મણિ૦—" બેલાશક, બોલો. અમારાં છિદ્ર અને અમારા દોષ જાણવાને અમે અંતઃકરણથી આતુર છીયે."

ચંદ્ર૦—" મ્હારી કલ્પના પ્રમાણે અમારા લોકમાં સામાન્ય વર્ગ ઘણો છે,
" પણ રાજા અને સામાન્ય પ્રજાની વચ્ચે સૂક્ષ્મ પ્રસંગો એ કામ લાગવા અને
" એ ઉભય પક્ષની વચ્ચે મધ્યસ્થ થવા દ્રવ્યવાન્ અને સત્તાવાન્ એક ઉ-
" દાત્ત વર્ગ એટલે aristocracy ની અમારે જરુર છે. ઈંગ્રેજી રાજ્યના બ-
" ળથી હાલ જે લોકમન્થન ચાલે છે તેને અંતે, દહીં ભાગી છાશ પાણી એક
" થાય તેમ, દેશી રાજાઓની સત્તા ભાગશે અને અમારા જેવા પ્રજાવર્ગ સાથે
" તેઓ ભળી જશે. તોપણ બંગાળા ભણી જમીનદાર રાજાઓ છે તેમ આપણા
" રાજાઓ પણ ઈંગ્રેજી રાજ્યની અમ જેવી સામાન્ય પ્રજા અને રાજ્યકર્તા-
" ઓ વચ્ચે ઉદાત્તવર્ગરૂપ પગથીયું થશે, અને તે કાળે આજ જે જે દુઃખ
" અને બંધન ભોગવવાં પડે છે તેમાંથી મુક્ત થઈ રાજાઓ સ્વતંત્ર ને સુખી
" થશે અને સર્વ દેશના કલ્યાણનું સાધન થશે એવી મ્હારી બુદ્ધિ છે. "

શંકર૦—"રાજાઓ રાજા મટી ઉદાત્ત વર્ગમાં ભળે તેથી તમને શો લાભ?"

વીર૦—" સાહેબ, જે વાત હું કહેતો હતો તે જ અમારા આ ગુજ-
" રાતી ભાઇએ માખણ લગાડી કહી. "

શંકર૦—" ના, રાવસાહેબ. તમારો અભિપ્રાય તો રાજાઓને અને ઉદાત્ત
" વર્ગને સર્વને તોડી પાડી તમારા જેવા દિગંબર કરવાનો છે, અને ચંદ્રકાં-
" તજીની તો ઉદાત્તવર્ગ ઉપર શ્રદ્ધા છે. વળી રાજાઓનો વિવર્ત તમે ઇચ્છો છો
" અને ચંદ્રકાંત ઇચ્છતા નથી પણ પ્રારબ્ધને બળે નિર્મેલો ગણે છે."

વીર૦— " હા—પણ—તે—એકનું—એક—જ. "

ચંદ્ર૦—"ના જી. ઇંગ્રેજી ન્યાયની અને નયની સત્તા તમે છાપખાનાવાળા
" સમજી શકો એમ નથી. રોમન રાજ્યની જ્યારે સર્વ દેશમાં ચક્રવર્તી સત્તા
" થઈ ત્યારે **રોમન શાંતિ**—Pax Romana—સર્વત્ર વર્તી ગઈ અને
" ચારે પાસનો કોલાહલ મટી ગયો*—વાઘને દેખતાં પશુમાત્ર પરસ્પરવિગ્રહ
" અને શુભાશુભ છોડી દેઈ શાંત થઈ જાય તેમ બલિષ્ઠ સામ્રાજ્યના ન્યાય
" અને પ્રતાપ આગળ તે કાળની સૃષ્ટિ શાંત થઈ ગઈ. હીંદુસ્થાનમાં
"**ઇંગ્રેજી રાજ્યની શાંતિ** પણ એવો જ યુગ વર્તાવવા બેઠી છે. દેશી રા-
" જ્યોને અમારી હાઈ કોર્ટનો ન્યાય લાગુ નથી એ સત્ય છે; પણ તેમને
" રાષ્ટ્રીય ન્યાયશાસ્ત્ર—International law—નું સ્વાતંત્ર્ય નથી, અને બળે
" બળે સર્વ દેશી રાજ્યોનો એકભાવ કરનાર સરકારનો ઇચ્છાન્યાય અને દેશી
" રાજ્યોની ઢીલી બ્રહ્મીકરણ અરજીઓ એ બેની પરસ્પર ખેંચતાણમાં જીતી
" જનાર ઇંગ્રેજી બુદ્ધિનો ન્યાય ચક્રવર્તી થાય છે—એ ઇંગ્રેજીશાંતિના
" પ્રતાપ આગળ દેશી રાજાઓ ઉદાત્ત રાજપુરુષો થઈ જતા દેખાય છે—
" તેમનાં રૂપ બદલાવા માંડ્યાં છે અને અંતે એ પરિણામ સિદ્ધ થશે."

---

* "The Roman conquest relieved the nations from the interminable dissensions which threatened them on the dissolution of the Macedonian dynasty. The wars of the 'kites' and 'crows' were succeeded by a period of internal tranquillity more extensive, more durable, and more profound than any other in human annals. The Pax Romana stands out as an unique phenomenon in history. It was consolidated partly by the power of the Roman arms in repelling aggression from without; but not less perhaps by the constraining pressure of Roman law, which made every subject of the world-wide dominion know his place, and confine himself within it. The Roman law was an active and living principle. It was always open to receive new impressions and was anxious for improvement and development. It set before itself ideas of humanity and justice which it aimed at accomplishing. It trained multitudes of keen intellects in the contemplation and pursuit of broad and noble ends. It constituted in itself a wide and liberal education and familiarised its students first with the highest philosophy, and afterwards with the purest religion of the period. Nor was it unsuccessful in the attainment of its practical objects. It generated a spirit of confidence in the government, of obedience to command, of general contentment, and gave scope to the discipline of domestic affections.—*Merivale.*

શાંતિ૦—" દેશી રાજાઓ શુદ્ધ અને સદ્‌ગુણી થાય તો પણ તેમની
" એ દશા થશે એવું ધારો છો?"

પ્રવી૦—" શું તમે એમ ધારો છો કે અમારામાં એ ભાગ્ય અટકાવવા
" જેવું યુદ્ધિચાતુર્ય નથી ?"

ચંદ્ર૦—" *Pax Britannica*, બ્રીટિશ શાન્તિ—સૂર્યના ઉદય
" પેઠે સર્વ તેજને, તારાઓને તેમ ચંદ્રને પણ, અસ્ત કરશે. વૈરાટના મુખમાં
" અર્જુને કૌરવો અને પાંડવોની ક્રમશઃ ગતિ દીઠી તેવી જ આ શાંતિનાં
" મુખમાં શુદ્ધ અને અશુદ્ધ, પ્રવીણ અને મૂર્ખ, સર્વ રાજાઓએ પોતાની
" ગતિ જોઈ લેવી. દેશી રાજ્યોની પરસ્પરતકરારોમાં તેમ તેમની પોતાની
" સાથની તકરારોમાં સરકારે પોતાના હાથમાં ન્યાય રાખ્યો છે એટલું નહી
" પણ ન્યાયનાં ધોરણ પણ નવા કાળનાં વાળ્યાં વળે એવાં રાખ્યાં છે.
" એટલુંજ નહી પણ એ રાજ્યોની પ્રજાને ન્યાય આપવાનાં ત્રાજવાં પણ
" રાજાઓ જાતે બરોબર ઝાલતાં શીખવાના નથી, અને તેવે પ્રસંગે એ
" રાજાઓ અને તેમની સારી નરસી પ્રજા વચ્ચે વિરોધના પ્રસંગ સમાય-
" લાછે, એ પ્રસંગોએ આ ત્રાજવાં રાજાઓના હાથમાંથી અંગ્રેજનાં હાથમાં
" વશે કે કવશે ચાલ્યાં જશે. આ કાળે પ્રજાને દેશી રાજાઓના કરતાં પરદેશી-
" ઓનો રંગ અને સંગ વધારે મીઠો લાગશે; અને કોઈ પ્રસંગે સાસરાના
" જુલમથી ત્રાસેલી, તો અન્ય પ્રસંગે દક્ષિણ નાયક ઉપર મોહેલી, વંઠેલી.
" પ્રજાઓ પરણેલા સ્વામીને ત્યજી રંગીલા અને ચતુર પરદેશી વણજારાઓ
" સાથે ચાલી જશે. આપણા રાજાઓ તે હવે રાજા નથી અને માત્ર સરકારે
" રાખેલા સ્થાનિક અધિકારીઓની દશાને પામ્યાં છે—They are al-
" ready reduced into what Herbert Spencer calls Local
" Governing Agencies.* હવે તો આ ઉદ્યોગપર્વના યુગમાં નહાનાં
" રાજ્યોની પ્રજાઓ મ્હોટા રાજ્યની પ્રજામાં ભળતી જાય છે, અને
" તેમના પ્રાચીન સ્થાનિક રાજ્યાધિકારીઓ ઉદ્યોગાધિકારીઓ—ઉદાત્ત
" પુરુષો—Lords and Nobles—a noble aristocracy—થઈ
" જશે."

---

* While, with the compounding of small societies into large ones the political ruling agencies which develop locally as well as generally, become separate from, and predominant over, the ruling agencies of family origin, these last do not disappear ; but surviving in their first forms, also give origin to differentiated forms. The assemblage of kindred long continues to have a qualified semi-political autonomy, with internal government and external obligations and claims. And while family-clusters, losing their definiteness by interfusion, slowly lose their traits as separate independent societies, there descend from them clusters which, in some cases united chiefly by locality and in others chiefly by occupation, inherit their traits, and constitute local governing agencies supplementing the purely political ones.—*Spencer's Political Institutions.*

" તરત કાળમાં રાજાઓ અમારાં લોકલ્ બોર્ડ્ઝ્ અને મ્યુનિસિપાલિ-
" ટિઓ જેવાં સ્થાનિક સ્વરાજ્યની દશાને પામ્યાં જોશો. અને તેને
" અંતે બીજી દશા આવશે. "

પ્રવીણ૦—" તમારે એથી શો લાભ ? "

શંકર૦—" એવું થયાનાં દૃષ્ટાંત કંઈ દીધાં છે ? "

ચંદ્ર૦—" એનાં દૃષ્ટાંત જોવાં હોય તો ઇંગ્લાંડના બૅરનો (Barons)
" આજ ડ્યૂક અને કાઉંટ થઈ ગયા છે તે ! તમારા ભાયાતોની દશા
" પણ બીજી શી થઈ છે ? કાળક્રમે ઇંગ્રેજરાજ્યના મૂળગ્રાસીયામાં દેશી
" રાજાઓની ગણના થશે. અમને તેથી લાભ છે. અમો ઇંગ્રેજ પ્રજા પાસે
" દ્રવ્યના સંચય નથી અને ઉદ્યોગમાંથી અવકાશ નથી. અમારા રાજ્યમાં
" પ્રજાએ રાજા પાસે માગણું માગતાં નિરંતર આગ્રહથી અને મહાન્
" દ્રવ્યના વ્યયથી મહાભારત પ્રયત્ન કરવા પડે છે--તેનું દૃષ્ટાંત—અમારી
" કૉન્ગ્રેસ અને બીજાં જે જે કામ જુવો તે. બંગાળામાં જમીનદાર રાજા-
" ઓને અવકાશ, દ્રવ્ય અને ઉત્સાહ સર્વ છે. મુંબાઈ ઇલાકામાં વ્યાપાર
" છે તે વિદ્વાનોના હાથમાં નથી, અને તેઓ દ્રવ્ય શોધતાં અવકાશ ખુવે છે.
" વ્યાપારીઓ દ્રવ્ય અને અવકાશ વ્યાપારમાં રોકવા વધારે ઇચ્છે, અને અવ-
" કાશ અને દ્રવ્ય એ તેમની પાસે હોય, તો ઉત્સાહ તેમાં નથી આવતો.
" આ પાસના રાજાઓ જમીનદારો થઈ જાય તો મુંબાઈ ઇલાકામાં બંગાળા-
" ના રાજાઓ જેવો વર્ગ ઉભો થશે, તેમ થવા નિર્મેલું છે, તેમ થશે તો એવા
" દ્રવ્યવાન્ અવકાશવાન્ વર્ગમાં અમે વિદ્વાનો ઉત્સાહ ભરશું, અને
" એના કાર્ટા મેળવનાર ઉમરાવોએ પ્રજાનો ઝંડો લીધો હતો* તેવો

---

* The barons proclaimed themselves the army of God and Holy Church. The middle classes of England, both the yeomanry in the country and the Burghers in the towns, actively aided them; and rendered their success certain. It was no longer a rising of one order of the community but a *movement of all the free-men of the land.* John seems to have perceived the formidable importance which it thus assumed and he endeavoured *to detach* the barons from the national cause by offering special terms in favour of themselves and their immediate retainers. But the *baronial chiefs felt their true position as champions of a nation's rights* and disregarded the insidious offers of the King . . . who, in despair, sent the Earl of Pembroke to inform them that he was ready to comply with their petitions, and to desire that a place and time might be named for a conference. The barons answered, " Let the day be the 9th of June, the place, Runnymede."—*Sir Edmund Creasy's Rise and Progress of the British Constitution.*

" ઝુડો લેનાર અમારા દેશને મળશે ! એ અમારો પરમ લાભ—કે સરકાર,
" રાજાઓ, ને રૈયત સહુનું કલ્યાણ ! "

પ્રવીણ૦—શું તમે એવો અભિલાષ રાખો છો કે અમારે એ તમારા ઉદાત્ત લોક પેઠે તમને લાભ અપાવવા સરકાર સામે શસ્ત્ર ઉપાડવાની મૂર્ખાઈ કરવી ?

શંકર૦—શું એવો રાજદ્રોહી વિચાર તમારા હૃદયમાં રાખો છો ? ગમે તો તમે તમારા અત્યુત્સાહના વેગમાં ને વેગમાં એવા અંધ બન્યા છો કે એ અભિલાષમાં રહેલો રાજદ્રોહ જોતા નથી; અથવા ગમે તો તમે જાણી જોઈને રાજદ્રોહી અભિલાષ રાખો છો.

વીર૦—ભાઈ ચંદ્રકાંત, માખણ લગાવી લગાવીને પણ તમે આ પરિણામ આણ્યો ! ડાહ્યા થઈને સ્વીકારો કે આ મહાત્માઓ ઉદાત્ત પુરુષોનું વીરત્વ કે પ્રાજ્ઞત્વ બતાવવાને અશક્ત છે એટલું જ નહી, પણ મ્હારા તમારા જેવા રંક સામાન્ય મનુષ્યોના જેવું મનુષ્યત્વ પણ એમાં રહેવાનું નથી. વીલાયતના ડ્યૂક અને અર્લ સામાન્ય મનુષ્યોમાંથી નવા થતા ન હત તો જુના ડ્યૂક અને અર્લોના દીકરાઓની થાય છે તેમ એ લોકની સર્વ ઉદાત્તતા શૂન્ય થાત. પણ કયાં એ દેશ ને કયાં આ ? એ લોક પડતા પડતા ટકે છે અને આપણા લોક તો ઉભા રહેવા જતાં પડવા માંડે તો તે પછી ઉભા રહી શકવાની આશા શી ? એમનાં મુખમાં તો હવે યવ ને તિલ મુકો કે એમનો આત્મા આ પશુદેહને છોડી નવા મનુષ્યદેહમાં સંચાર કરી ઉચ્ચ ગતિ પામે ! આ જુવો અમારા મુંબાઈવાસી ન્યાયાધીશની સ્વતંત્રતા અહીં આવી મનુષ્યત્વ ખોઈ રાજદ્રોહથી બ્હીવા લાગી ! રામ બોલો ! ભાઈ રામ !

વીરરાવના મુખમાંથી રાજાઓ સંબંધી આ વચન નીકળતાં સહુ રજપુતોના મુખ ઉપર ક્રોધ, આંખમાં લોહી, અને કપાળે ભ્રુકુટી, ચ્હડી આવ્યાં. માત્ર મણિરાજના મુખ ઉપર કોઈ જાતનો વિકાર જણાયો નહી. શંકરશર્માએ સ્તબ્ધ રહી સહુ સાંભળ્યાં કર્યું. રત્નનગરીના અધિકારીઓમાંથી છેલ્લો બેઠેલો એક વૃદ્ધ પુરુષ ધીમે પણ સ્થિર સ્વરે બોલવા લાગ્યો :

" यथा यथा मुञ्चति वाक्यबाणम् ।
तथा तथा जातिकुलप्रमाणम् ॥ "

મણિરાજના ગ્રાસીયામાંનો એક હાવકું મુખ રાખી બોલ્યો: "દાસીપુત્ર
" વિદુરજીના ભવનમાં એમના જેવા કુલીન જનોને યોગ્ય વચન નીકળે
" તો કોઈએ ક્રોધ પામવા જેવું નથી."

સર્વનો ક્રોધ ઉતરી ગયો અને મણિરાજ અને વિદ્યાચતુર શીવાય સર્વ હસવા લાગ્યા, અને તેમના મુખ ઉપરથી ઉતરેલો ક્રોધ વીરરાવના મુખ ઉપર સંક્રાંત થયો. તે જોતાં જ, ચંદ્રકાંત બોલી ઉઠ્યો.

" વીરરાવ, Those who hit hard must be prepared to
" be hit hard ! ભાઉસાહેબ, આ ગૃહસ્થોનાં વાક્યોને પણ આપણી
" ચર્ચાનો, તમારી ચર્ચા જેવોજ, ભાગ સમજી, શાંત રહી ચર્ચા ચલાવો.
" નીકર આપણા મુંબાઈની પ્રતિજ્ઞા જોશો. "

વીર૦—" મ્હારી ભુલ એ થઈ કે તમે ચર્ચા ચલાવતા હતા તેમાં
" મ્હેં વિઘ્ન પાડ્યું. તમે એમની સાથે કેમ પ્હોચી વળો છો એ જોવાની
" હોંશ્યત વધારે સારી છે. "

ચંદ્ર૦—"તોય ભલે. મ્હારે ઘણાક પ્રશ્નોને ઉત્તર દેવાનો છે તેમ
" પ્રથમ તમનેજ કાંઈ ઉત્તર દેઈશ. પ્રથમ તો તમારી હોંશ્યત તમે ઓછી
" કરી નાંખી તેનું કારણ સાંભળો. ચર્ચાનો શુદ્ધ રસ ગાળો અને શાપથી
" વધતો નથી, પણ ઉદાત્ત રસના ભરેલાં નર્મવાક્યોથી અથવા ગુપ્ત મર્મ
" અને પ્રકટ વિનોદ એ ઉભયથી ભરેલી વાક્યરચનાથી ચર્ચાના પ્રહાર
" સફલ, આનંદજનક, શુદ્ધ રસના ઉત્તેજક, અને અદૃષ્ટ પણ અચુક
" રીતે સત્યના સાધક થાય છે. તમને આનો અનુભવ આપણા પ્રિય રત્ન
" કુલીન સરસ્વતીચંદ્રના સહવાસથી થયલો છે અને દેશી રાજ્યોના આવા
" પુરુષોના સહવાસથી પણ તે શીખશો. હું કબુલ કરું છું કે ઘણો પ્રયાસ
" કરવા છતાં મ્હારામાં તે કલા માત્ર સ્વલ્પ અંશે આવી છે તો એ પ્રયાસનો
" તિરસ્કાર કરનાર તમારા જેવામાં તે કંઈ પણ અંશે ન આવે તેમાં કાંઈ
" નવાઈ નથી. હું આ ગ્રહસ્થો પેઠે તમારો તિરસ્કાર કરતો નથી કારણ
" તમારા જેવા જ દોષનું હું પણ પાત્ર છું. પરંતુ આજે તમે હાર તો નહી
" પણ લાત ખાધી, તેનાથી તમારા મનમાં કંઈકે એટલું તો સત્ય વસશે
" કે આપણી રીતમાં કાંઈક દોષ છે. એ દોષમાંથી મુક્ત થવાના મ્હારા
" પ્રયાસને તમે **માખણ** કહો છો તેમાં મને ઇષ્ટાપત્તિ છે, કારણ
" सत्यं मृदु प्रियं वाक्यं धीरो हितकरं वदेत् એ શાસ્ત્રના આચારમાં માખણ
" હોયતો તે જેવું સ્વાદિષ્ઠ તેવુંજ પૌષ્ટિક છે અને તેમાંથી જ ઘીની આશા
" છે. એ માખણનો ઉદાત્ત ઉદ્ભવ પવિત્ર દુધમાંથી છે ને જ્યાં સુધી તેમાં
" અસત્યનું પાણી અથવા કુપથ્યની ખટાશ નથી મળ્યાં ત્યાં સુધી તે માખણ
" ગ્રાહ્ય છે. તમારા મરાઠી લોકનો આચાર વગરવિચારની ગાળો દેવામાં જ
" છે, પણ અમારે ત્યાં કંઈકે વધુ જ પ્રકરણ છે. તમારે ત્યાં પણ ઇન્દુપ્રકા-

" શનું વાક્ય અમારા જેવું જ છે કે—कस्यचित्किमपि नो हरणीयं मर्मवाक्यमपि
" नोच्चरणीयम्. તેમાં મર્મવાક્યના ઉચ્ચારને અને ચોરીના અપરાધને એક
" જ ત્રાજવામાં મુક્યાં છે. તમે જે રાજાઓમાં ઉદાત્તતા જોતા નથી તેની ઉ-
" દાત્તતા આટલાથી જ પ્રત્યક્ષ કરો કે તમારી આટલી ગાળો સાંભળવા છતાં,
" તમને અતિથિ ગણી; તમને સામું એક વચન તે નથી કહેતા. તમે જે ઉદા-
" ત્તતા જાતે સમજતા નથી તે જ ઉદાત્તતાના ત્રણ અંશ—સહનશીલતા,
" ક્ષમા, અને ઔદાર્ય—મહારાજ મણિરાજમાં આ પ્રસંગે પ્રત્યક્ષ કરો અને
" સ્વીકારો કે તમારા અભિપ્રાયનો એક પાયો એ પ્રત્યક્ષ પાઠથી ભાગી ગયો
" અને આપણા રાજાઓનું ઉદાત્તત્વ તમે ધારો છો એમ એકદમ ભ્રષ્ટ
" થાય એવું નથી."

" રાજદ્રોહની વાતમાં મહારે તમને અને રા. શંકરશર્મા એ ઉભય મુંબાઈ-
" વાસી ભાઇઓને ઉત્તર દેવાનો છે. મી: વીરરાવ રાજદ્રોહનો વિચાર જ
" અકર્તવ્ય ગણે છે ત્યારે રા. શંકરશર્મા તેનાથી અસ્થાને ડરે છે."

" વીરરાવજી, તમે વિચાર તે ઉચ્ચાર એ શાસ્ત્રનો આચાર પાળો છો.
" પ્રથમ તો આ શાસ્ત્ર જ અસત્ય છે. એ શાસ્ત્ર તમે જાતે જ સર્વત્ર
" પાળવાનું ઇષ્ટ ગણતા નથી. અત્યંત આજ્ઞાકર પુત્રના અંત:પુરની વાતો
" કોઈ પિતા જાણવા ઇચ્છતો નથી, અને તેના ઉચ્ચાર ઇચ્છતો નથી.
" મનુષ્યના અર્ધા શરીરને દૃષ્ટિગોચર કરતાં કે કરાવતાં સંસાર કંપારી ખાય
" છે, અને સત્યના કેટલાક ભાગને જોવાને આપણું જ્ઞાનેન્દ્રિય ના પાડે છે.
" વીરરાવજી, સ્વીકારો કે સત્યના ઘણાક અંશને પ્રત્યક્ષ કરવાની તમારે ના
" પાડવી પડશે ને એથી મહોટા અંશનો ઉચ્ચાર કરવાની ના પાડવી પડશે.
" તમારા ઉચ્ચારનું સૂત્ર અસત્યના પાયા ઉપર બાંધ્યું છે."

" તમારું એ સૂત્ર મહાન્ અનર્થોનું મૂળ છે તેનો—તમારા જાતભાઇઓ,
" વર્તમાનપત્રવાળાઓ અને મરાહા ભાઇઓ—બ્રીટિશ ઇન્ડિઆમાં અનુ-
" ભવ કરાવે છે. મુલ્વર સાહેબ બીચારા આપણને કહી કહીને થાકયા છે
" કે ઇંગ્રેજો અને દેશીઓનાં ચિત્ત પરસ્પરની વિદેશીયતાને ભુલી જશે નહી
" અને બન્ધુભાવ પામશે નહી ત્યાં સુધી હીન્દુસ્થાન એ રાજપ્રજાના
" પરસ્પર અવિશ્વાસમાંથી છુટશે નહી અને ત્યાં સુધી તેમાંથી કોઈનું કલ્યાણ
" થશે નહીં આ વિશ્વાસ અને આ કલ્યાણના માર્ગમાં જે કોઈ વિઘ્ન નાંખે
" તે દેશદ્રોહી છે અને દેશદ્રોહી તે રાજદ્રોહી છે. તમો ભાઇઓની હલ ઉપર
" એ દેશદ્રોહ અને રાજદ્રોહ નાચે છે અને તમારા દેશવત્સલ હૃદયને એનું
" ભાન નથી. ખરી વાત છે કે ઇંગ્રેજો સ્વાર્થપ્રબુદ્ધિ અને અવિશ્વાસનો સર્વતઃ

" ત્યાગ નથી કરી શકતા પણ એના અપવાદરૂપ ઉદાત્ત ચિત્તોનો એ દેશમાં
" અભાવ નથી એમ કોન્ગ્રેસના આધારભૂત ઇંગ્રેજો અને શીપન
" જેવાઓ ઉપર દૃષ્ટિ કર્યા પછી કોયો દેશી ના કહી શકશે? એ લોક
" આપણી ભાષા સમજી શકે તેના કરતાં એમની ભાષા આપણે વધારે
" સમજીએ છીયે, તેજ રીતે આપણાં ચિત્ત એ લોક સમજી શકે કે ન
" શકે પણ યત્ન કરનાર દેશી ઇંગ્રેજનાં ચિત્તને વધારે સમજી શકશે. જે
" વધારે સમજે તેને માથે વધારે ધર્મ. ઇંગ્રેજોનો મ્હોટો ભાગ આપણા ઉપર
" વિશ્વાસ કરે કે ન કરે, પણ આપણા ઉપર એવા વિશ્વાસની વૃદ્ધિ કરાવવી
" એ આપણા હાથમાં છે અને જે વસ્તુની એમ આપણી શક્તિ ઉદય પામી-
" છે તે શક્તિનો ઉપયોગ કરવાનો ધર્મ આપણે માથે ઉદય પામ્યો છે. તમ
" ભાઈઓના સૂત્રનો આચાર એ ધર્મનો કેવળ ભંગ કરે છે, પોતાનો ઉપર
" રાજ્યવર્ગનો નિષ્કારણ અવિશ્વાસ ખેંચી લેછે; અને ન ખવાય, ન રસ
" પડે, ન પેટમાં જાય, ન પોષણ કરે, અને કેવળ દાંત ભાગે એવા ગાયના
" શીંગડાનું ભક્ષણ કરવાનો મૂર્ખ અને દુષ્ટ પ્રયત્ન કરવો એ મહાન્ અનર્થ
" તમારી જીભનું પરિણામ છે. આ તમારું નિર્વ્હાલૌલ્ય જ્યાં સુધી મટશે
" નહી ત્યાં સુધી તમે અજ્ઞાત પણ પ્રત્યક્ષ દેશદ્રોહના પાતકમાંથી ઉગરશો
" નહી અને પરદેશી અવિશ્વાસી રાજ્યકર્તાઓમાં ઉદાત્તતા તો કયાંથી જ-
" ગાડો પણ આપણા ઉપરનો અવિશ્વાસ દિને દિને વધારશો અને તેમની
" અનુદાત્તતાના વાયુને વધારી એ વાયુના ઝપાટાઓને મૂર્ખ શાલ્મલિ પેઠે[૨]
" માથે વ્હોરી લેશો. "

" તમે દેશી રાજ્યમાંના નાત જાતના ભેદની ફરીયાદ કરો છો, પણ આ-
" પણી મુંબાઈમાં અને તમારા પુણામાં બીજું શું છે? આપણામાં દક્ષિણી અને
" ગુજરાતી, દક્ષિણીમાં—શણવી પ્રભુ અને બ્રાહ્મણ,—મરાઠા અને બ્રાહ્મણ,
" એ બ્રાહ્મણોમાં દેશસ્થ અને કોંકણસ્થ--ચિત્તપાવન અને કરાઢા વગેરે
" કેટલા કેટલા ભેદને વ્યવહારમાં આગળ આણી અનેક સુધારાઓનો સત્ય
" નાશ વાળવામાં આવે છે? સત્ય વાત છે કે તમારા જેવા શુદ્ધ દેશવત્સલવીરે

---

૧. ન શુષ્કવૈરં કુર્વીત બાહુભ્યાં ન નદીં તરેત્ ।
અનર્થકમનાયુષ્યં ગોવિષાણસ્ય ભક્ષણમ્ ॥
દન્તાશ્ચ પરિમૃજ્યન્તે રસશ્ચાપિ ન લભ્યતે॥ મહાભારત શાંતિપર્વ

૨, મહાભારતમાં એક કથા એવી છે કે પવનના રાજ્યમાં શાલ્મલિ વૃક્ષે તેને નારદની પાસે ઉભાં ઉભાં ગાળો દીધી, નારદે પવનને કહી, અને પવન-
રાજે પોતાના બળનું ભય દર્શાવી શિક્ષાની ધમકી આપી ત્યારે ભયથી એ વૃક્ષ જાતે જ શીર્ણ થયો.

" તેના સામા યુદ્ધ કરે છે પણ તમારા સામા પક્ષમાં બી. એ. અને એમ. એ.
" થયેલા ગૃહસ્થો, વકીલો અને ડાક્તરો, દીવાનો અને રાજાઓ ભળેલા છે.
" એ સામા પક્ષની ગર્જના ગરીબ ગુજરાતી રાજ્યોમાંથી તમારા દેશમાં
" નથી આવી. પણ અમો ગુજરાતી ભાઈઓ તમો મરાહાઓના દેશવત્સલ
" ભડકાથી તાપીએ છીએ ને કંઈક ગરમ થઈએ છીએ તે અમારામાંથી
" રાજકીય વ્યવહારમાંના આ જાતિભેદનું શૈત્ય કુહાડવા તમારા ઉચ્ચગ્રાહના તા-
" પનો કંઈક પ્રત્યક્ષસિદ્ધ અંશ આપો; અને અમારા રાજાઓને અને સરકારને
" ગાળો દેવામાં જેટલાં ઉદ્યોગ અને બળ વૃથાવાહ કરે છે તેમને તમારામાંથી૮૮
" એ ભેદ કુહાડવામાં સફળવાહ આપવામાં રોકો, અને પછી જુવો કે દેશી
" રાજ્યોમાં તે રંગની અસર આવે છે કે નહી ? વીરરાવજી, જો આપણે
" વિદ્વાન, દેખતા, અને, સુધરેલા છીયે તો તેના પ્રત્યક્ષ પાઠ અશિક્ષિત
" રાજ્યોમાં આપણા સદ્વર્તનથી આપવો જોએ—આપણી વિદ્વત્તા સત્ય હોય
" તો—એ સત્યને માથે એ ધર્મ પ્રકટ થાય છે. સો ગાળો દીધા કરતાં એક
" પ્રત્યક્ષ પાઠ અનેકધા સફળ થશે. यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ॥
" જો આપણે શ્રેષ્ઠ હઈએ તો આપણા વર્તનમાંથી સામાનાં વર્તનમાં મુદ્રા
" પાડો, અને તેમ કરવા અશક્ત હઈએ તો તેના કરતાં આપણી શ્રેષ્ઠતા સિદ્ધ
" નથી થઈ. That is *the* fact. What is the use of our wild
" talks and odious comparisons which only irritate
" others and lower ourselves ?"

મણિરાજ—" ચંદ્રકાંતજી, તમે એ અમારા અતિથિ છો. આ વિદુર-
" ભવનમાં અમારું એક શાસ્ત્ર એવું છે કે વિદ્વાન્ અતિથિઓનાં મનો-
" રાજ્યમાં તરતાં સત્ય કુહાડવી લેઈ લેવાં અને બાકીના ભાગની
" ઉપેક્ષા કરવી. વીરરાવજીનાં વાક્યોમાં જેટલાં સત્ય તરે છે તેનો, ક્રમ
" આવ્યે, અમારા પ્રધાનજી સત્કાર કરશે. તમને વીરરાવજીના ઉત્સાહમાં
" અંકુશયોગ્ય ભાગ લાગતો હોય તો એ અંકુશ બતાવવાનું બન્ધુકૃત્ય કરવા
" વિદુરભવન બ્હાર ઘણો અવકાશ મળશે. પણ હાલ તો એમના તમાર
" ઉત્સાહના સ્વતંત્ર નિર્ભર આવેગ ઝીલી લેવાને અમે કેટલા સમર્થ
" છીએ અને કેટલા નથી તેની પરીક્ષા તમ જેવા પાસે આપવા ઘો,
" અને તમારા ભણીથી તો પ્રસ્તુત વિષયના સંબંધમાં જે તમારા વિચારના
" ઉદ્ગાર અંકુરિત થાય તેનો ઉપભોગ કરવાનો અવકાશ આપો. અમારાં
" સ્વરૂપ અને સત્તાને ભુલી, તમારાં ચિત્તને બીલોર જેવાં પારદર્શક—
" અને તેજના રંગનાં પૃથક્કારક—કરી નાંખો; તેમાંના રસના નિર્મલ

" ઝરાઓના* પ્રવાહને આ સ્થાને નિરંકુશ થવા દો, તેના સ્ફાટિક ધારા
" ઉપર આવતા સુંદર તર્ક–રાશિના કંઠના કિન્નરગાનને સ્વતંત્ર રીતે
" વિકાસ પામવા દો, તેના ચિત્ર તટ ઉપરથી લચી રહેલી અનેકરંગી સુવા-
" સિત પુષ્પોથી ઉભરાતી તરુશાખાઓને જોવા દો, અને એ ચમત્કારના
" દર્શનથી અમને પડતા રસમાં અમો રાજવર્ગના કૃત્રિમ પદને—અમારી
" સેવાને નિમિત્તે--અમારી શત્રુતા સારવાનો અવકાશ ન આપો. રાજત્વના
" બંધનમાંથી છુટી પળવાર, તમને સાધારણ પણ અમને દુર્લભ એવો,
" શુદ્ધ મનુષ્યત્વનો વિહાર અમે જોઈ શકીયે, તેનો રસ ભોગવીએ, અને
" તેનો બોધ લેઈએ એવા ગુરુ અર્થને માટે જ આ વિદુરભવન રચાયલું છે."

ચંદ્રકાંત સ્મિત કરી બોલ્યો. " એ નવીન જાતના આતિથેયમાં પણ જે
" ઉદાત્તતાનું દૃષ્ટાંત સમાય છે તે મ્હારા મિત્રના ચરણ આગળ મુકું છું,
" અને એમને દેશી રાજ્યોમાં સર્વત્ર અનુદાત્તતાનો દુર્ગન્ધ આવે છે તેનો
" પ્રત્યુત્તર તેમાંથી લેવા વિજ્ઞપ્તિ કરું છું. અનુદાત્તતાનું દૃષ્ટાંત દર્શાવ્યા શી-
" વાય ઉદાત્તતાનું વ્યાખ્યાન પૂર્ણ થતું ન હતું માટે મ્હેં મ્હારા મિત્ર મિ૦
" વીરરાવને એ દૃષ્ટાંત દર્શાવવાનો માર્ગ લીધો હતો. એ માર્ગ હવે
" સમાપ્ત થયો."

" એ વિષયની સમાપ્તિથી હું એટલું પ્રથમ સિદ્ધ થયું ગણું છું કે રજવા-
" ડામાંથી અમારા ઉદાત્ત વર્ગનો ભાવી જન્મ હું જોઉંછું તેને સ્થાને તેનો
" ગર્ભપાત જોવામાં મી. વીરરાવ ભુલ કરે છે. એ ઉદાત્તતા પરદેશી અવિ-
" શ્વાસી રાજ્યકર્તાઓથી તેમની પ્રજાઉપર દર્શાવાતી નથી તેથી તેમની
" દૃષ્ટિમર્યાદામાં આપણા ભાણીથી રાજદ્રોહનાં સ્વપ્ન ઘડાં થાય તે સકારણ છે.
" પણ દેશી રાજ્યમાં એ સ્વપ્નસૃષ્ટિ ઉભી કરવાનું કારણ નથી. દેશી રાજ્યો-
" માં દેશીપરદેશીનો ભેદ જેવો અકારણ અને અસત્ય છે તેવુંજ રાજદ્રો-
" હનું ભય પણ અકારણ અને અસત્ય છે. આ વિષયનું વધારે વિવેચન કર-
" વાની અગત્ય નથી. કારણ એ રાજ્યોનું રક્ષણ અને સાચવણી ઇંગ્રેજને
" માથે છે એટલુંજ નહી, પણ મહારાજ **મલ્હા**રાજ જેવાની દીર્ઘદૃષ્ટિ,
" અભિજ્ઞતતા, ઉદારતા, ક્ષમા, આદિ ઉદાત્તગુણોનું પરિણામ એ થયું કે
" જ્યાં આખું જગત તો શું પણ અશંકાશીલ ધૈર્યવાન **સા**મંતસિંહ જેવા
" પિતાએ રાજદ્રોહ જોયો ત્યાં ત્યાં એ ઉદાત્ત મહારાજની ઉદાત્ત બુદ્ધિએ
" રાજદ્રોહની જળની વચ્ચે ગુંચવાયલો રાજગુણભક્ત આત્મા જોયો, એ

---

* स्फटिकशिलातलनिर्मलनिर्झर, बहुविधकुसुमैर्विरचितशेखर,
किन्नरमधुरोद्गीतमनोहर. ઇત્યાદિ કાલિદાસના વિક્રમોર્વશી ઉપરથી.

" આત્માનું રક્ષણ કર્યું, અને ગઈ કાલ જેને જગત રાજદ્રોહી ગણતું હતું તે
" આત્મા એ રક્ષણને બળે, મરણપથારીમાં સુતેલા પિતાનું રાજભક્ત આ-
" યુષ્ય વધારી, અત્યારે રાજભક્ત મૂળરાજને રૂપે આ મંડપમાં વિરાજે છે,
" અને એ ઉદાત્તતાનો ચમત્કાર પ્રત્યક્ષ કર્યા પછી ઉત્તમ દેશી રાજ્યોને
" રાજદ્રોહનું ભય નથી એવું મી. શંકરશર્મા સ્વીકારશે. મુંબાઈ જેવા સ્વતંત્ર-
" નગરની સ્વતંત્રતા એમનામાંથી કરમાયલી છે તે આ રાજ્યના માળીનાં
" પાણીથી તાજી થઈ એવું સત્ય સ્વીકારશે કે એમના ન્યાયાસન પાસે રંક
" પ્રજાના દ્રોહનો આરોપ કોઈ ઉન્મત્ત પુરુષોને માથે આવ્યો જોવાનો પ્રસંગ
' કદી આવે, પણ મલ્લરાજ અને મણિરાજના રાજ્યાસનનો દ્રોહ કરવાનો
" આરોપ તો નહી જ આવે ! એવા દ્રોહના આરોપીને આ રાજ્યની ઉ-
" દાત્તતા કંઈકિ જુદીજ શિક્ષા કરશે, અને એ દ્રોહના રોગીને, એ રોગના
" ચેપમાં હુબી ચેપ ઉરાડે એવી ન્યાયાસનની તરવાર નહી પણ કાંઇક બીજી
" જ રાજભક્તિની અમૃત--સંજીવની માત્રા આપશે. "

શંકર૦—" હું કાંઈ આ રાજ્યમાં રાજદ્રોહની વાત કરતો નથી પણ તમે
" અમારા રાજ્યો પાસે અમારા ચક્રવર્તીસામે રાજદ્રોહ કરાવવા ઇચ્છોછો
" તેની વાત કરું છું. "

ચંદ્ર૦— " સ્વરાજ્યમાં રાજદ્રોહનું સ્વપ્ન જોયાથી જ આ પરરાજ્યના
" રાજદ્રોહનું સ્વપ્ન તમને થયું તે-મ્હારા વાક્યનો તમે અવળો અર્થ કર્યો.
" બરી વાત છે કે એના કાર્ટાને માગનાર ઉભરાવો સશસ્ત્ર હતો. પણ મેં
" તો તમારા હાથમાંથી શસ્ત્ર બરી પડે અને રાજ્યાધિકારીઓ મટી તમે
" ઉદ્યોગાધિકારીઓ થાવ ત્યારે જ તમારી પાસે અમારા એના કાર્ટા મેળ-
" વવામાં સાહાય્ય ઇચ્છયું હતું. એ સાહાય્ય તમારા શસ્ત્રને બળે ઇચ્છયું ન
" હતું પણ તમારા ધનરાશિને બળે, ઇંગ્રેજ સાથે તમારી મૈત્રીને બળે, નય-
" શાસ્ત્રમાં તમારી સાનુભવ બુદ્ધિની કળાઓને બળે, અને લોકસંઘનાં મન
" સ્વહસ્તમાં લેઈ લેવાના અને રાખવાના પ્રભાવવાળા પ્રતાપને બળે. આ
" યુગમાં તો એ જ બળ અને કળ મનુષ્યનાં શસ્ત્ર છે અને એવાં શસ્ત્રો તો
" રાજદ્રોહનાં જ સંહારક છે. એ બળ અને કળના ગન્ધથી રાજદ્રોહનો
" દુર્ગન્ધ નાશ પામે છે. "

પ્રવીણ૦—" ભલે એમ હો પણ અમારે અમારા લાભ છોડી, અમારી
" પ્રજાઓને પડતી મુકી, તેમની પાસેથી તેમના હિતને માટે લીધેલું દ્રવ્ય,
" તમારે માટે ખરચવાનું કાંઈ કારણ? તમે દેશી રાજ્યોના ભાણેજ કે જમાઈ
" કેવી રીતે થાવ તે જણાવો તો ખરા કે અમારી પાસેથી ભાણેજનું તે તા-
" ણેજનું થવાનો તમારો હક કયાંથી જન્મ પામ્યો તે સમજાય! "

શંકર૦— " ધન લેવાનો તો લેવાનો પણ जामाता दशमो ग्रहः તેમ વગર
"સપાડે ધન લેઈ, અમને ગાળો દેવાનો, ફજેત કરવાનો, દુઃખી કરવાનો,
" અમારે માથે દશમા ગ્રહ પેઠે નઉતરની તરવાર વીંઝવાનો, અધિકાર કોણે
" સોંપ્યો કે નિત્ય સવારે તમારાં વર્ત્તમાનપત્રો શું ભસે છે તે અમારે જોવું
" પડે ?"

વીર૦—" ભાઈ, અમે તો તમારા ભાણેજ પણ નથી ને જમાઈ પણ
" નથી; પણ તમારા ઘરના બ્રાહ્મણ ગોર તો ખરા કે તમે ધર્મભ્રષ્ટ થાવ તો
" તમારાં ઘરની સ્ત્રીઓ જેવી પ્રજા પાસે ખુમો પડાવીએ ને તમને ધર્મને
" માર્ગે આણીએ. આજ કાલ તો ઘરના કુલગુરુથી ન થાય તે ઘરની
" સ્ત્રીથી થાકીને તમે કરો. આ દેશમાં કલિયુગમાં ધર્મનું રક્ષણ કરનારી
" સ્ત્રીયો છે તેનો ઘેરેઘેર અનુભવ કરો. "

શંકર૦—" આ વળી નવું તુત નીકળ્યું. "

વીર૦—"નવું કાંઈ નથી. જુનું જ છે. તમારી સ્ત્રીયો લગ્નમાં ગાય છે કે
" નાથ્યો રે નાથ્યો ! તમે નાસિકાના કીયા ભાગમાંથી નથાવ છો તે તમારી
" સ્ત્રીયો શોધી કૂહાડે, અને ઘરના ગોર તે અમે તેમને ઉશ્કેરીયે એટલે
" તમે નથાવ. એ તો અમારું કામ કે જે તે માર્ગે તમારા ઘરમાંથી ધર્મ
" દૂર ન જાય ! "

શંકર૦—" ને ગોરનું ત્રબાણું ભરાય ! "

વીર૦—" સાહેબજી ! મ્હારાં ભાષણની કુલીનતા તમારામાં પણ આવવા
" લાગી ને મ્હારી જ્ઞાતિ વધવા લાગી. હવે ભાઈ ચંદ્રકાંત, આમને ઉત્તર
" આપજો. '

ચંદ્ર૦—" અમારા અને તમારા સ્વાર્થ જુદા ગણવા એ જ મોટી
" ચુક છે. પ્રજાના ભણીથી વિચાર કરો તો આખા ભરતખંડની પ્રજાના
" સ્વાર્થ એક છે, ને જેમ જ્ઞાતિભેદથી એ સ્વાર્થને હાનિ છે તેમ પ્રાંતભેદથી
" કે પ્રજાભેદ ગણવામાં પણ આ સ્વાર્થને હાનિ છે. રાજાના ભણીથી વિચાર
" રો તો પણ સર્વ પ્રજાઓને અને માંડલિક રાજાઓને સાચવનાર ચક્રાવ-
" र्तीना साम्राज्यना अमे तमे अंशभूत छीओ अने ओ महान् यंत्र-
" નાં આપણે ચક્ર છીએ તે ચક્રોની ગતિમાં પણ સંવાદ*
" થવો અવશ્ય છે. શું હીંદુસ્થાનની સરહદ ઉપર હુમલા થશે ત્યારે
" તમે ઈંગ્રેજથી જુદા પડશો કે અમે જુદા પડીશું ? જ્યારે

---

* Harmony, સર્વ રાગોનો એક રાગમાં લય.

" ભરતખંડની સર્વ પ્રજાઓને માથે દુષ્કાળ પડશે, અથવા બ્હારની
" પ્રજાઓ સાથે વ્યાપારમાં સ્પર્ધા થશે, અથવાં રેલવે અને સરસ્વતીના
" પ્રસારના પ્રશ્ન ઉદ્દશે, ત્યાં શું અમે ને તમે પોતપોતાનાં પેટ ભરી
" સામાનાં દુઃખ જોઈ રહીશું, અથવા શું અમારે માથે આવેલી વિ-
" પત્તિઓ તમને જુદા ગણી છુટા મુકશે ને તમારો પક્ષપાત કરશે ?
" એ તો મ્હારા ઘરમાં લાગેલી આગ પાડોશીના છાપરાની પાંખ પક-
" ડવાની, અને મ્હારા ઘરમાં સંપત્તિ હશે તો કોઈ પ્રસંગે પાડોશીને
" તેનાથી કંઈક પણ લાભ મળશે. હિંદુસ્થાનનાં દેશી રાજ્યો, ઇંગ્રેજો,
" અમે તેમની પ્રજાઓ, અને તમારાં રાજ્યોમાંના રાજાઓ અને તેમની
" પ્રજાઓઃ એ સર્વના શુદ્ધ સ્વાર્થ એક છે. દિવસે દિવસે આખી પૃ-
" થ્વીની સ્વસત્તાક પ્રજાઓ અને રાજાઓ ભિન્ન ભિન્ન નિમિત્તે સંયુકત થઈ
" એક અંગીનાં અંગ થાયછે અને રાજકીય સંયોગમાંથી પ્રકટ થનાર પ્રજા-
" સંયોગ*ના હેતુમાં અને સ્વરૂપમાં વ્યાપારઉદ્યમ અંતે પ્રધાન થશે,
" તો અમારે તમારે જુદાં રૂહેવાની કલ્પના તો પડતી જ મુકવી. રાજ-
" કીય સંયોગ દ્વારા—federation દ્વારા—જુની દુનીયાંની પ્રજાઓ
" એક થાય છે, નવીની એક થાય છે, અને અંતે નવી ને જુની દુની-
" યાંઓની પ્રજાઓ એક થશે. આ જ ન્યાયે અમે, તમે, ને
" ઇંગ્રેજ, એક પ્રજા બનવાના; રાજ્યઐક્યમાંથી પ્રજાનું ઐક્ય
" એ આપણું છેલ્લું પગથીયું સમજવું. ઇંગ્લાંડમાં જન્મેલી ઇંગ્રેજી પ્રજાઓ,
" આ દેશમાંની તેમની સર્વ પ્રજાઓ, અને દેશી રાજ્યોની સર્વ પ્રજાઓઃ
" એ સર્વનાં ઉદરના સ્વાર્થનાં સાધન એક થાય છે, એ વાતથી એ સઉના
" કાન અને કાળજાં ઉઘડશે ત્યારે તેમની બુદ્ધિઓ એક થશે, અને બુ-

---

* The federation, like the colony, is an idea derived from the old world. The old world knew the federation and the colony on a small scale ; the new world has taught us to know them both on a great scale. The new world will perhaps go far beyond this, and teach the old world not only to organize the colony, but how to apply the federation to old States. The nations of the old world are *being* forced more and more together, sometimes by necessities from within, sometimes by pressure from without. The recently achieved unions of Germany and Italy may be looked upon as proceeding from the spirit of federation in a modified form and we may yet expect the exemplification of the same principle on the soil of the old Europe. Some have even predicted that a federation of the nations of Western Europe will be forced on by the increased aggressiveness *of* Eastern Europe : a *federation* of *peoples inspired by the modern spirit* of *commerce and industry* against those which are yet filled with the mediæval lust of conquest.—*E. J. Payne.*

" હિંગો એક થશે ત્યારે ત્યારે સર્વના હૃદયમાંથી એક જ નાદ અને શરીર-
" માંથી એક જ ગતિ નીકળશે. બ્રીટિશ હિંદુસ્થાન એ ઇંગ્લાંડનું
" સંસ્થાન, અને દેશી રાજ્યો તે એ હિંદુસ્થાનનાં સંસ્થાનઃ એવો સંબંધ
" બંધાઈ ચુક્યો છે તે વધારે વધારે સજ્જડ થશે. અમારાં વર્તમાનપત્રો
" તમને શાણપણ આપશે, તમને ધમકાવશે, તમારા ઉપર અન્યાય થતાં
" તમને સહાય થશે, અને તમે સારા હશો તો તમારા યશ ગાશે. અમારા
" પ્રસિદ્ધ દેશસેવક પુરુષો અમારી તેમ જ તમારી સેવા કરશે અને અમારી
" પાસે તેમ તમારી પાસે પોતાના શ્રમકાળે ભાથું માગશે. અમે તમારાથી
" છુટી શકનાર નથી અને તમે અમારાથી છુટી શકનાર નથી. આ ભાવી-
" કાળ આવે છે તેના પગલાંના ધબકારા સંભળાવા લાગ્યા છે અને તે સર્વ
" પાસથી સત્કાર પામશે. ઇચ્છાથી કે અનિચ્છાથી તમે તેનો સત્કાર કર-
" વાને નિર્મેલા છો."

વીરરાવ ચંદ્રકાંતના કાનમાં હસતો હસતો કહેવા લાગ્યોઃ " સામે
" બેઠેલું મંડળ તમારા ભાષણની અસરથી કુમ્ભકર્ણની નીતિને પ્રાપ્ત થયું
" છે ને નિદ્રામાં ઘોરે છે. નપુંસકો પાસે લટકા કરનારી સ્ત્રી નિરાશ
" થાય છે. "

ચંદ્રકાંતથી હસી પડાયું: " મહારાજ, વીરરાવનો સ્વભાવ ઉકળે છે
" ત્યારે સામાને ઉકાળે છે અને હસે છે ત્યારે આપણને હસાવે છે. તે
" આપને માલમ છે. પ્રવીણદાસજી, જે ઉદાત્ત પુરુષો શંકરશર્મા જેવા-
" ઓને મુંબાઇથી બોલાવી તેમને લાભ આપે છે અને તેમની પાસેથી
" લાભ લે છે, એજ ઉદાત્ત પુરુષો આખા ભરતખંડ સાથે જોડાશે ત્યારે
" આખા દેશનાં પુષ્પોનો વાસ લેશે અને આખા દેશનાં વૃક્ષોનું પોષણ
" કરશે. આ મહાન્ વ્યાપાર બેડવામાં તમે અમે સંધાયલા છીયે !"

છેલ્લાં વાક્યથી વૈશ્યકલાનો પ્રવીણ નમ્ર થઈ ગયો, અને પ્રસ્તુત
વિષયનો બીજો પ્રશ્ન લેઈ બોલ્યોઃ " ચંદ્રકાંતજી, ભલે તેમ હો. પણ
" અમારા રાજાઓનું રાજત્વ ખુંચી લેઈ ઇંગ્રેજને તેમને એકલા ઉદાત્તપણા-
" ના ખાડામાં નાંખે એ હું માનતો નથી. અમારી તમારી વચ્ચે ભેદ
" રાખવો, અને અમારી સામે તમારો—અને તમારી સામે અમારો—
" ઉપયોગ કરવો એ સરકારનો સ્વાર્થ છે અને એ ચતુર વ્યાપારીઓ એમ
" કરવામાં ભુલ ખાય એવા નથી. દેશી રાજ્યની સેનાઓ, દેશી રાજ્યનાં
" દ્રવ્ય, અને દેશી રાજ્યોની સત્તાઃ એ સર્વ—બોદ્દે ઉંદર અને ભોગવે ભો-
" રીંગ—એ ન્યાયે સરકાર વાપરી શકશે અને વગરમ્હેનતનો એ લાભ મુકી

" દે એવા એ મૂર્ખ નથી. પરદેશી મહારાજ્યોના ભયથી, અમારા અંદર
" અંદરના વિગ્રહથી, તમારી પ્રજાઓ એક થઈ અમને હેરાન કરે તો તેના
" ભયથી, અમારી પોતાની પ્રજા બંડ કરે તો તેના ભયથી, એમ અનેક
" જનતના ભયથી અમારું રક્ષણ કરવા સરકાર શક્તિમાન છે અને બંધાયા
" છે એ અમારો સરકારમાં લાભ છે. તમે જે સામ્રાજ્ય કહો છો તેના
" અમે અંશ છીયે એ વાત ખરી, પણ અમારો અને સરકારનો લાભ એક
" બીજનું ગુરુત્વ વધારવામાં છે અને ઘટાડવામાં નથી.* આ મહાન્ કાર્યને
' માટે, અંગ્રેજી વિદ્યાથી, રાજનીતિના ઉત્તરોત્તર કુળાચાર રૂપ થઈ ગયલા
" અનુભવથી, અને ઇંગ્રેજોના આશ્રયથી, અમારામાં અનેક કુળાઓ
" આવવાની, અને ઇંગ્રેજ તમારી સાથે સાસુનો સંબંધ રાખશે ત્યારે અમે
" તેમની દીકરીઓ પેઠે તમારી સાથે નણંદનો સંબંધ રાખશું, અને
" સાસુ અને નણંદનો વહુવારુ સામે એકસંપ થશે. ઈશ્વર ઘરમાં સંપ
" રાખશે તો અમે તમે ને તે બંપીને સુખે એકઠાં વસશું, પણ અમારા
" રક્ષણમાં સરકારને લાભ છે અને રાજાઓનું રાજત્વ તેઓ નષ્ટ નહી કરે.
" અમારાં ભાગ્ય સારાં છે."

વીર૦—"દેશી રાજાઓમાં હાલની ખટપટ અને ટુંકી દૃષ્ટિને સ્થાને
" કોઈ દિવસ પણ આ સંયોગને યોગ્ય સાત્વિક કુળાઓ અને દીર્ઘ દૃષ્ટિ
" આવે એ ધારણા જ મિથ્યા છે. ભલે તેમાં ઉદાત્તતા હોશે તો રૂહેશે; પણ
" વિદ્યા તેમની છે નહી, અને થતી નથી, તે હવે શી રીતે તેમનામાં આ-
" વવાની હતી? સરકારમાં વિદ્યા છે તો કળા છે, પણ આપણા રાજાઓમાં
" તો મૂલં નાઽસ્તિ કુતઃ શાખાઃ? એ વિદ્યા તે કાંઈ થોડાં ઘણાં પુસ્તકના
" સંગ્રહ કરવાથી આવે એમ છે?"

પ્રવીણ—"ભાઉ સાહેબ ભુલી કેમ જાવ છો? યુરોપની વિદ્યાને આપણે
" આકર્ષતા નથી, પણ એ વિદ્યા જાતે જ ઉડતી ઉડતી આપણા દેશ ઉપર
" આવી છે. એ વિદ્યાનો સત્કાર દેશી રાજ્યોમાં થાવ કે ન થાવ, એ
" રાજ્યોને એ વિદ્યા ઉપર પ્રીતિ હો કે ન હો, પણ એ દેશની વિદ્યાનું
" લાકડું એની મેળે બધે દાખલ થવાનું. કહેવત છે કે

---

* " Its (the paramount power's) duty is not only to protect, but to
" give strength and vitality to the Native sovereignties, allowing them full
" scope to develop their own systems of administration. It must rely to
" a large extent on the argument that, not merely the interests of British
" territory, but the solid interests of each protected sovereign, *are bound up*
" *in the common good of the United Empire.*"—*Lee Warner's Protected Princes of India.*

" ભાટ બ્રાહ્મણનું લાકડું વણ પૅસાડ્યું પૅસે,
" કહ્યું હોય કે ચોરે આવ્યે તો ઘરમાં આવીને બેસે.

" ઇંગ્રિજી વિદ્યા આપનાર બ્રાહ્મણોનાં અને વર્તમાનપત્રોના ભાટનાં લાક-
" ડાં તો પોતાની સ્વતંત્ર સત્તાથી અમારામાં પેસવાનાં જ* અને એ લાકડું
" પેઠું એટલે અમારા છોકરા તેને વશ થઈ તેની કળા શીખવાના જ."

ચંદ્ર૦--" ભાઈ, સરકારનો સ્વાર્થ તમને જીવાડવામાં છે એવો અનુ-
" ભવ થયલો સાંભળવામાં નથી. પણ માનો કે એમ છે. તમારા પ્રભાવથી
" જે વિદ્યા તમે મેળવવાના નથી તે વિદ્યા તમારા મગજમાં બળાત્કારે
" પ્રવેશ કરી તમારા અંધકારનો નાશ કરે અને રાજત્વને યોગ્ય બુદ્ધિ-
" વિકાસને તમે પામો એવું માનીયે, તો પણ એટલું તો સત્ય ગણશો
" જ કે તમે એટલો પ્રવાસ કરશો એટલામાં ઇંગ્રેજ સરકાર તમારાથી
" પચ્ચાસ ગણો વધારે પ્રવાસ કરશે અને તમે પાછળના પાછળ રૂહેવાના;
" અને તમારા પગ થાકશે એટલે તમે એથી પણ વધારે પાછળ પડ-
" વાના ને ઇંગ્રેજને ગાળો દેવાના. બળાત્કારે નીશાળે જતો નીશાળીયો
" નથી વધતો વિદ્યામાં ને નથી વધતો સંસારમાં. ધીમા માણસને આં-
" ગળીયે લેઈ ચાલનાર ઉતાવળો માણસ આખરે ધૈર્ય ખુવે છે ને
" ધીમા માણસને છુટો મુકી પોતાને રસ્તે એકલો પડે છે. એવી રીતે
" છુટો પડેલો ધીમો માણસ નથી રૂહેતો ઘેર અને નથી પહોચતો ઠેકાણે,
" પણ વચગાળે આથડે છે ને દુઃખી થાયછે. લાંબાની સાથે ટુંકો જાય,
" ને મરે નહી તો માંદો થાય. આજ યુરોપના પ્રવાહ એવા વેગબન્ધ
" ચાલે છે કે તેમાં તમારી આ દશા આવશ્યક લાગે છે. તમારા હૃદ-
" યની ઉદાત્તતા—તમારી પ્રકૃતિ—તમને નહી મુકે, પણ આ નવી
" કળાઓમાં આપણા રાજાઓ પાછળ પડશે અને વશે કે કવશે રાજ-
" ત્વથી ભ્રષ્ટ થવાના. તે વિષયમાં તેમનાં પુણ્ય પરવારેલાં નહી તો પર-
" વારતાં દેખાય છે, અને પરવારી રૂહેશે એટલે પ્રજાવર્ગમાં આ-
" વશે. શાસ્ત્રકારો કહી ગયા છે કે દેવતાઓ क्षीणे पुण्ये मृत्युलोके वसन्ति.
" પછી તો દેવતાઓના પૃથ્વીપર જન્મ મ્હોટાઓને ઘેર થાય તેમ
" રાજાઓના નવા દેહ ઉદાત્ત જમીનદારોના અવતાર ધરશે. "

પ્રવીણ૦—"રાજાઓની વાતમાં તમે બે જણ નૈરાશ્યદર્શી—pessi-
" mists—છો; અમે આશાદર્શી—optimists—છીએ. તમે જે ઇંગ્રેજોને

---

* Asia and Africa themselves will perhaps be gradually Europeanized through the preponderance given to European ideas by the independent forces of the new world.—*E. J. Payne.*

" સ્વાર્થજાળમાં અને વક્રરાજનીતિમાં હુમી અમારાં દુર્ભાગ્યના જ્વાળામુખી
" ઉઘાડતા જુવો છો તેમાં અમે દૂરથી અમારી આશાના, ન્યાયના, અને
" અમારા ઉચ્ચગ્રાહની ગંગાઓનાં મૂળ જોઈએ છીએ. બરી વાત છે કે
" અમે તેમના શિષ્યો હોઈ તેમની પાછળ ચાલીશું. તેમની સાથે ચાલી
" શકવાને અમારે ઘણો કાળ થશે. અમને રાજનીતિ શીખવતાં એ
" ગુરુઓ ગુપ્ત ગુરુભાગ પોતાની પાસે રાખશે અને અમને બધી કળાના
" પ્રવીણ થવા નહી દે. અમને સ્વતંત્ર વિકાસ પામવા દેવામાં એમનો
" અનુદાત્ત ભાગ અંતરાય નાંખશે અને અમારા રાજ્યોમાંના અશુદ્ધ
" ભાગ પાછળ પડશે. પણ જન્મ પામેલા સત્પ્રવાહ અંતે વધે છે; નાશ
" પામવાના નથી. અને અમારાં ને તેમનાં કર્તવ્ય છે તે એ લોકનો શિષ્ટ
" ભાગ આનંદથી સ્વીકારે છે* અને તે લોકની સંખ્યા અંતે વધશે.
" અમારી વૃદ્ધિ તેઓ પિતાની પેઠે ઇચ્છે છે; વૃદ્ધિ પામતાં અમને પડતાં
" કષ્ટ દેખી માતા જેવી અમારી રંક બુદ્ધિ અમારા ઉપર દયા આણી
" કષ્ટ દૂર રાખવાના માર્ગ બતાવતાં એ કષ્ટના અમૃતફળથી દૂર રાખે

---

* " They (the Native States) form so many centres where the Sikh,
" the Mahomedan, the Maratha, and the Dravidian can each bring out to
" the best advantage whatever may be peculiar in his national character
" and national institutions, under the generalising influence of English
" principles and English civilisation. Their opportunities for this lie
" essentially in the future." . . . " It is to be hoped that in the course
" of time there will be cemented between the paramount power and its
" feudatories a confidence and affection such as can be born only of a
" complete comprehension of the native modes of thought on the one
" side, and an appreciation of the great moral ends aimed at by modern
" civilization on the other. An understanding of that description would
" be the certain prelude to the grounding of a system compared to which
" that even of Akbar, was ' the baseless fabric of a vision.' When not only
" the higher governing classes—who already appreciate the truth—but the
" great mass of Englishmen employed in India shall have schooled them-
" selves to believe that real predominance consists alone, not in belonging
" to a mis-called dominant race, but in predominance in learning, in ability,
" in the higher mental qualities and moral powers of a man, irrespective
" of his colour, his nationality, and his creed ; when, too, the native
" shall have completely learned, as he is fast learning, that to take part in
" the affairs of the present age it will be necessary to abandon prejudices
" which restrict his progress, *then only may we feel that India is enter-*
" *ing up a path which will tend to her advancement in greatness and open*
" *out careers for her sons.*"— *Col. G. B. Malleson's Native States of India.*

" છે; પિતા પુત્રને નીશાળે મોકલે ને તેને રડતો દેખી દયાળુ મા તેને
" ઘરમાં સંતાડી રાખે તેમ. પણ અંતે ચાલશે પિતાનું, અને ઇંગ્રેજોમાંના
" ઉદાત્ત વર્ગમાં એ પિતૃબુદ્ધિ અને પિતૃપ્રયત્ન દેખાય છે તેનો અધિકાર
" અમારી બુદ્ધિમાતા મોડી વહેલી સ્વીકારશે.

ચં૬૦—" તમારી ઉદયદશા એમ બેસી ચુકી હોય તો એની ગતિ કેણી
" પાસ થતિ તમે દેખો છો ?"

પ્રવી૦—" સન ૧૮૭૧ થી પ્રશિયાના રાજ્યભેગાં જર્મનીનાં નહાનાં
" રાજ્યો જોડાયાં છે તે દિશામાં અમારી ગતિ થશે.* અમે અમારાં ઘર
" ઘરની અંદરથી સંભાળી રાખીશું તેમાં સરકાર આશ્રય આપશે ને વચ્ચે
" નહી પડે, અને સરકાર પરરાજ્યો સાથે યુદ્ધકાળના વિગ્રહ માંડશે અથવા
" શાંતિકાળની રાજનીતિના ઘોડાઓની સરતમાં પડશે તેમાં અમારા રાજ-
" ઓ તેમના માંડલિકરૂપે સહાયભૂત થશે અને એ કળાઓના અનુભવી
" થશે. નહાનાં રાજ્યોની હુંફથી જર્મનીનો મહારાજ કૈસરને હંફાવે છે
" તેમ અમારી હુંફથી ઈંગ્રેજી રાજ્ય રશિયાને હંફાવશે. તમો પ્રજાવર્ગને પ-
" રદેશી ગણી સરકાર તમારો અવિશ્વાસ કરે છે ને તમારા હાથમાં શ-
" સ્ત્રની છાયા દેખી ભડકે છે તેજ સરકાર અમારો વિશ્વાસ કરશે ને પોપટ
" કાગડાઓની bad company માં ભળ્યો હતો તેમ અમે તમારા સંગમાં

---

* The Constitution of the German Empire bears date April 16th, 1871. By its terms, all the States of Germany 'form an eternal union for the protection of the realm and the care of the welfare of the German people.' The supreme direction of the military and political affairs of the Empire is vested in the King of Prussia, who, in this capacity, bears the title of Deutscher Kaiser. According to Art. II. of the Constitution. 'the Emperor represents the Empire internationally,' and can declare war, if defensive, and make peace, as well as enter into treaties with other nations, and appoint and receive ambassadors. To declare war, if not merely defensive, the Kaiser must have the consent of the Bundesrath, or Federal Council in which body, together with the Reichstag, or Diet of the Realms, are vested the legislative functions of the Empire. The Emperor has no veto on laws passed by these bodies. The Bundesrath represents the individual States of Germany, and the Reichstag the German nation. The 58 members of the Bundesrath are appointed by the Governments of the individual States for each session, while the members of the Reichstag, 397 in number (about one for every 124,505 inhabitants), are elected by universal suffrage and ballot, for the term of five years. By the law of March 19th, 1888, which came into force in 1890, the duration of the legislative period is five years.—*The Statesman's Year Book*, 1896.

" બળીશું તો સરકાર અમારો પણ અવિશ્વાસ કરશે અને એ પોપટની દશા
" તે અમારી દશા થશે એમ હું માનું છું. તમારા સંગથી અમને થવાના
" ભાવી લાભ તમે દેખાડો છો તેના કરતાં આ દશા પામવાથી અમારી
" દુર્ગતિ વધારે થશે એવું પરિણામ, જમે ઉધારનું સરવાયું કહાડતાં, મને
" સ્પષ્ટ સુઝે છે. "

ચંદ્ર૦—" લાભાલાભના વિચાર કરતાં વર્તમાન પ્રવાહ કેણી પાસ વળે
" છે એ જોઈને તમારા ભાવિનો વર્તારો કહાડો. "

પ્રવીણ૦—" તમે જોશી થવાનો આરંભ કરો છો; હું વૈદ્ય થવાની
" ઇચ્છા રાખું છું. તમે science ને નામે fatalism ની જાળમાં ગુંચવા-
" યા છો; હું free will નો સત્કાર કરી duty શોધું છું ને તેમાં ઇષ્ટ
" પરિણામ જ જોઉંછું. તમે પ્રચ્છન્ન પ્રારબ્ધવાદી છો; હું પુરુષાર્થવાદી છું."

ચંદ્ર૦—" એ જેમ હો તે હો; એક ચર્ચામાં બીજી નહી ભેળીએ. જો
" મનુષ્યની દૃષ્ટિ ભાવી સત્યને પ્રત્યક્ષ કરી શકે તો એ સત્યના પાયા ઉપર
" એનો ધર્મ છે. શું તમારો ધર્મ એવો છે કે આંખો મીચી, મનના તર્ક
"કરવાવે એમ તરવાર વીંઝવી? સામાન્ય શત્રુના દર્શનથી એકત્ર
" થયેલું જર્મની, એ દર્શન બન્ધ થતાં, છિન્નભિન્ન થઈ જશે.
" એક મ્યાનમાં અનેક તરવારો સમાતી નથી; એક સ્ત્રીના અ-
" નેક સ્વામી હોતા નથી; એક સત્તાના અનેક ભાગીયામાંનો બલિષ્ટ
" ભાગીયો સર્વની સત્તા પોતાના ઉદરમાં સ્વાહા કરવાનો. તમારી સત્તા
" ઇંગ્રેજ સરકારના પેટમાં પચી જવાની. વૈરાટ સ્વરૂપના મુખમાં જવા
" નિર્મિત થયેલા પ્રવાહો જોઈ અર્જુન ધર્મ સમજ્યો છે તેમ તમારો
" પ્રવાહ જેના મુખમાં વળે છે તે જોઈ તમારો ધર્મ સમજો. રાજકીય
" સંયોગને અંતે નહાનાં રાજ્યોનો ધીમે ધીમે મ્હોટાં રાજ્યોમાં લય થ-
" વાનો, સૂર્યના તેજ જેવી સત્તામાં તારા અને ચંદ્ર જેવાની સત્તા હુબી
" જવાની, અને એ હસ્તિપદમાં સર્વ પદ નિમગ્ન થાય એટલે માત્ર પ્રજાઓનું
" ઐક્ય બાકી રહ્યું તે થવાનું. Federation નો અંત પણ આ, અને
"Colony નો અંત પણ આ–રોમમાં એ થયું હતું, જર્મનીનું થશે અને
" તમારું અમારું પણ એ જ થશે. તમારો પ્રવાહ આવા મુખમાં છે."

શંકર૦—" તમે એવા પ્રવાહોની ગતિને વ્યવહારદૃષ્ટિથી જોઈ શકતા
" નથી, તેમ પ્રવાહ પ્રવાહમાં પણ ભેદ છે તેનો વિવેક કરી શકતા નથી.
" ખરી વાત તો એ છે કે જર્મનીનું ઐક્ય નિત્ય કારણથી થયું નથી તેથી
" કારણને અભાવે ત્યાં કાર્યાભાવ થાય અથવા તમે ધારોછો એવું તૃતીયં

" નીકળે. આજ કાલ સુધરેલી પ્રજાઓ સર્વત્ર એક અંગીનાં અંગ થાયછે
" એટલી કથા તમે સ્વીકારો છો. પણ તે પ્રજાઓ પ્રજારૂપે સંધાતી
" નથી અને આ દેશમાં તો સંધાવાની નહી. એ પ્રજાઓ, પ્રજાસત્તાક
" અથવા રાજસત્તાક રાજકીય દેહને ધારણ કરી, એ દેહદ્વારા સંધાય
" છે. તમારી પ્રજાને રાજકીય દેહ ધરવાનો અવકાશ મળવો પરદેશી
" રાજ્યમાં અશક્ય છે. રાજકીય દેહવાળાં અમારાં સંસ્થાન, માથાવગર-
" ના ધડ જેવી--રાજકીય શિર વગરના કેતુ જેવી--તમારી પ્રજા સાથે,
" સંધાઈ શકે એ બનાવ કેવળ અશક્ય છે. અમે તમારી સાથે સંધાઈએ
" એવું જે તમારું સ્વપ્ન છે તે જાગૃત કાળને માટે નથી. તમારે અમારી
" ગરજને લીધે એ સ્વપ્ન તમને વહાલું લાગતું હશે. પણ અમે તમે
" સગોત્રી છીયે તેનું લગ્ન ઇંગ્રેજી રાજનીતિ થવા નહી દે."

વીર૦—" અમારી સાથે તેઓ તમારું લગ્ન નહી થવા દે; પણ
" તમારાં લુગડાંલત્તાં ફહાડી લેઈ અમારી સાથે લંગોટીયા ભાઇબન્ધી
" કરી રમવાને મોકલી દેશે. હિમાચલ અને કુન્યાકુમારી વચ્ચેના જોઈએ
" તેવડા મ્હોટા ક્ષેત્ર ઉપર આપણે ભાઇબન્ધી કરી બેલીશું, ને આ-
" પણે લહડીયે નહી ને આનંદથી રમીયે એટલી સત્તા સરકાર વાપરશે.
" હીંદુસ્થાનમાં ઇંગ્રેજનું રાજ્ય રાજસત્તાક છે અને તેવાં રાજ્યોના
" રાજાઓ પ્રતિસ્પર્ધી સત્તાવાળા ઉમરાવોને પ્રજા જેવા કરી નાંખે છે
" તેનું ઇંગ્લાંડમાં જ દૃષ્ટાન્ત છે. પ્હેલા ચાર્લ્સનો કાળ આવ્યો ત્યારે
" ટ્યૂડર રાજાઓને બળે મેગ્ના કાર્ટાવાળા બેરનો ભૂમિભેગા થઈ ગયા
" હતા અને તેને સટે પ્રજાવર્ગરૂપ શેષનાગનાં મુખ્ય મુખ પેઠે હેમ્પે-
" ડન અને ક્રોમ્વેલ, એ સાપે માંડેલી ફણાઓના અગ્રભાગે, દોલાયમાન
" થતા હતા. "

શંકર૦—" હવે એ યુગ વીતી ગયો. વિગ્રહકાળના અભિલાષોને સટે
" હાલ રાષ્ટ્રીયન્યાયના કાયદાઓ આગળ મુકુટધર મંડળનાં શસ્ત્ર સ્તમ્ભ
" પામે છે. અશ્રુતપૂર્વ અક્ષૌહિણી સેનાઓ મનુષ્યનાં સદ્‌ભાગ્યનું કચ્ચર
" ઘાણ વાળવા યુરોપમાં ખડી થઈ છે, ત્યારે નય-વ્યવહાર
" (diplomacy) નું શબ્દબ્રહ્મ એ સેનાઓની માયાને
" સ્વપ્નના દંભ જેવી અકર્મકર કરી નાંખે છે. બીજાં રાજ્યોના
" આ સર્વ સૈનિક દંભ વચ્ચે ઇંગ્રેજી રાજ્ય, આ નયવ્યવહારના સત્વનો
" વાવટો ઉરાડી, એ દંભના ખરચ-ખાડામાં ઉતરતું નથી. ત્યાં બેહેલો અ-
" શાંતિયુગ આખા જગતમાં બેસવા માંડ્યો છે. એ યુગનું અભિજ્ઞાન વ-

" ધારે વધારે પ્રસરશે તેમ તેમ રાજ્યો, વિગ્રહ કાળની આસુરી સંપત્તિ-
" ઓનો તિરસ્કાર કરી, શાંતિકાળની દૈવી સંપત્તિ,ઓની પૂજા કરશે.*

" વીરરાવજી,—હવે યુદ્ધશાસ્ત્રનાં રાજ્યને સ્થાને અર્થશાસ્ત્રનાં રાજ્ય
" ચાલશે, રાજકીય સત્તાના લોભને સ્થાને વ્યાપારસત્તાનો લોભ ચાલશે,
" અને ઇંગ્રેજ સરકારનું સામ્રાજ્ય અમારી સાથે અર્થવ્યવહારનો લોભ
" છોડી અમારી રાજકીય સત્તા ઉપર દૃષ્ટિ કરે એવાં વૈશ્યત્વહીન ઇં-
" ગ્રેજો નથી. રાષ્ટ્રીયન્યાયની શક્તિ પણ ધીરે ધીરે આ વૈશ્યત્વના તેજમાં લીન
" થઈ જશે. પ્રવીણદાસ જે યુગને પુરુષાર્થથી ઉત્પન્ન કરવા ઇચ્છેછે તે યુગનો
" પ્રવાહ મનુષ્યલોકના પ્રારબ્ધયુગે જન્મી ચુક્યો છે, અને એ યુગ ઇંગ્રેજોમાં
" જોવા છે તેથી એ લોક દેશી રાજ્યોની સત્તાને નિર્માલ્ય ગણી, છે ત્યાં, રા-
" ખશે અને એ રાજ્યોનું વ્યાપાર-મધુ ચુસશે. મનુષ્યાહારી રાક્ષસના હાથમાં
" સુન્દર સ્ત્રી જતાં તેના માંસભક્ષણના કરતાં તેના શૃંગારભોગ ઉપર વધારે
" પ્રીતિ કરે છે તેમ ઇંગ્રેજના પંજામાં ગયલાં દેશી રાજ્યોનું થશે. ઇંગ્રેજ
" રાજપુરુષો દેશી રાજાઓને પોતાના પ્રતિસ્પર્ધી નથી ગણતા, પણ
" ઉભયના સંયોગથી થતા લાભમાં તેમને પોતાના ભાગીયા† ગણી
" તેમની સંવૃદ્ધિ ઇચ્છે છે, અને એ રાજ્યોની સત્તા અને પોતાની
" સત્તાના સંયોગથી તેમના પરસ્પર સ્વાર્થનું પોષણ ઇચ્છેછે."

---

* No European power would now think of going to war for winning its neighbour's colonies, because colonial commerce is now in the main subject only to nominal restrictions and greater benefits than were derived in the last century by each nation from the exclusive commerce of its colonies now lie open to all, in the free trading system which is adopted by most nations in proportion to their enlightenment. We have thus seen the colonial system fall, and groups of free nations spring up in its place. This is the whole history of the new world.

E. J. Payne.

†" The secret of Roman success lay in the policy of separation and
" division. The secret of British success lies in the fact that one supreme
" authority was needed to keep the peace, to arbitrate between state
" and state, and to *unite* the isolated groups of Hindu, Mahomedan, and
" Aboriginal societies, under one standard of allegiance and one tie of
" common interests. The task which a Western nation has undertaken
' in far East is ambitious and full of anomalies. *Who are the partners*
' *in the Empire?* On the one side are nearly five hundred princes and
" chiefs * * * * *. On the other are a few officers of Government."

Lee-Warner's Protected Princes of India.

વીર૦—" એટલે સરકાર પુરુષ, તમે સ્ત્રી, અને ઉભયનો સંસાર—એમ
" જ કે નહી? ચંદ્રકાંત, હવે તો આ પતિવ્રતાને નમસ્કાર કરો ને તેની
" ક્ષમા માગો. પતિવ્રતા સ્ત્રીની પાસે તેનો સ્વામી પરસ્પર શૃંગારવાસ-
" નાની અભિવૃદ્ધિને સટે તેના માંસભક્ષણનો અભિલાષ રાખે એવાં
" વચન આપણે ઉચ્ચાર્યા એ આ મહાપતિવ્રતાનો શાપ આકર્ષે એવો
" દોષ! હરિ! હરિ! अब्रह्मण्यं अब्रह्मण्यम्! સતી માતા! અમારો અપ-
" રાધ ક્ષમા કરો!!"

શંકર૦—" વીરરાવ! બ્રહ્માના પાંચમા મુખ પેઠે તમારા મુખને
" બોલવું હોય તે ભલે તેની પાસે બોલાવો. મહાન્ વિષયને સામાન્ય
" વિચારની ભાષામાં બોલવાના મ્હારા પ્રયત્નમાં ઉપમા-દોષ આવતો
" હોય તો તેનો અર્થગુણ લઈ ભાષાદોષ સુધારી લેવા એ ગુણજ્ઞ
" જનનું કામ છે. મ્હારે કહેવાની કથા એટલી કે મ્હેં જે વર્ણવ્યો એવો
" સંબંધ સરકાર અને અમારાં સંસ્થાનો વચ્ચે બંધાશે. જર્મનીની
" પેઠે અમે ક્ષણિક અને નૈમિત્તિક સ્વાર્થથી ઇંગ્રેજી રાજ્ય સાથે
" બંધાવાના નથી પણ નિત્ય સ્વાર્થથી સંધાઈશું—"

વીર૦—"તમે ઉપમા આપી તેમાંની શૃંગારવાસના તો જુવાની
" જતાં નાશ પામે એટલી અનિત્ય છે. તમારી અને તમારા ધણીની
" જુવાની ઉતરે ત્યારે તમારું શું થાય?"

" Thank you!" **વીર**રાવને આથી વધારે ઉત્તર ન દેતાં **શંકર**શર્મા વાધ્યો.

" ચંદ્રકાંતજી, અમેરિકામાં યુનાઇટેડ સ્ટેટ્સનો સંયોગ જેવો છે તેવો દેશી
" રાજ્યોનો અને ઇંગ્રેજ સરકારનો કાળક્રમે થશે. અમે પાશ્ચાત્ય રાજ્યકળા-
" ઓથી પાછળ છીયે ત્યાં સુધી એ કાળ નહી આવે. પણ પરદેશી ઇંગ્રેજે
" પોતાની હીન્દી પ્રજાને સ્વાર્થ-વિરોધથી જે સુખ અને સમૃદ્ધિ કદી
" આપી શકવાની નથી એ સુખ અને સમૃદ્ધિ દેશીરાજ્યોના રાજ્યકર્ત્તાઓ
" પોતાની પ્રજાને પ્રમાણમાં અલ્પપ્રયાસે આપી શકશે, અને તે દિશામાં
" તેમના પ્રયાસ-પ્રવાહનો આરંભ કવચિત્ થયો છે. સાધારણ સદ્ગુણ, કંઈક
" ઉચ્ચ અભિલાષ, અને ઇંગ્રેજનું અનુકરણ કરી શકે એટલી કળાઃ આટ-
" લાના જ સંયોગથી દેશી રાજાઓ પોતાની પ્રજાને પાડોશની ઇંગ્રેજી પ્રજા
" કરતાં વધારે સુખી કરી શકે છે તે અમે પ્રત્યક્ષ કરી શકીયે છીયે.
" આ ગુણોનો વિકાસ અને પરિપાક દિવસે દિવસે વિશેષ થશે તેમ તેમાં
" અમારી પ્રજા અને તમારી પ્રજાઓનાં સુખ સરખાવતાં અમારી પ્રજા

" આગળ વધશે. અમારે ત્યાં તમારા જેવા—ઇંગ્રેજ અને દેશીઓ
" વચ્ચેના—ન્યાયભેદ નહી રૂહે; અમારે ત્યાંનું દ્રવ્ય પરદેશમાં નહી જાય;
" અમારી પ્રજા અમારી સામે સરકાર પાસે અરજીઓ કરે તેમાં અમારે
" રાજદ્રોહ ગણવાનો પ્રસંગ નથી તેથી અમારી પ્રજાને રાજદ્રોહના ભય
" નીચે ડબાઈ રૂહેવાનું કારણ નથી અને અમારી પ્રજા પોતાના અભિ-
" લાષ ખુલ્લે સ્વરે દેખાડશે; અને ગમે તો તમારે દુર્ભાગ્યે સરકારને
" માથે અંકુશ નથી પણ અમારી પ્રજાને ભાગ્યે અમારે માથે સરકાર
" અંકુશ છે તેના ભયથી—અમે અમારી પ્રજાને પારકા ધણી પાસે
" ફરીયાદ કરતી અટકાવવા—જાતે સુધરીશું, અને ગમે તો અમારી પ્રજાના
"વિચાર--આચારને—પરદેશી ઇંગ્રેજ અતિ પ્રયત્ને પણ ન સમજે ત્યાં-અમારા
" દેશી રાજપુરુષો સહજ સ્વભાવથી સમજી જશે અને પ્રજાને તૃપ્ત કરશે.
" જ્યારે અમારી અવસ્થા આ દિશામાં ઉંચી થશે ત્યારે ઇંગ્રેજી પ્રજા
" અને ઇંગ્રેજ સરકાર અમારા ગૌરવનો સ્વીકાર કરશે અને અમારી સત્તા
" વધશે એમાં શું કોઇને શક પડતી વાત છે ? અમારી આટલી ઉન્નતિ
" થશે ત્યારે—નીશાળીઆ ઉપર મ્હેતાજી ઉગામે એવી અમારા ઉપર હાલ
" સોટી પડે છે તેવી—સોટી અમારા ઉપર ઉગામતાં શું સરકાર વિચાર નહી
" કરે ? વીલાયતના પ્રજામતના પ્રવાહ અને બળના પ્રતાપથી જ અમારા
" મ્હેતાજી તે કાળે શરમાઈ જશે અને આ સોટી સંતાડશે. અમારા ઉપર
" પિતૃભાવથી આજ્ઞા કરનાર સરકાર તે કાળે, પ્રાપ્તે षोडशमे वर्षे पुत्रं मित्रमिवा-
" चरेत् નો ધારો શું અમારી સાથે નહી પાળે? તે કાળે અમારા અભિપ્રાયને,
" સરકાર અમારી બુદ્ધિનો સત્કાર કરીને, સ્વીકારશે, અને અમારા ન્યાયા-
" ધીશનું પદ ધારતાં શરમાશે. અમારી સાથે આવો સમભાવ થયા પછી
" હીંદી રાજાઓનું અને સરકારનું ઐક્ય ઉગ્ર થશે અને યુનાઇટેડ સ્ટેટ્સનાં
" સંસ્થાન પરસ્પર અભિપ્રાયના સરવાળાની આજ્ઞાનું ધારણ કરે છે તેવું જ
" હીંદુસ્થાનમાં થાય તો તેમાં કાંઈ અશક્ય નથી. રાજાઓ પોતાની
" પ્રજાની ઉન્નતિ કરવા જેટલો સ્વાર્થ સમજશે ત્યાં પોતાની પણ ઉન્નતિ
" કરશે. તેમની ઉન્નતિ થઈ એટલે ઇંગ્રેજ લોકનાં હૃદયમાં તેનું સન્મા-
" ન—તેમના સહજ સ્વભાવને બળે—ઉદય પામશે.

" The maturity of our own moral and intellectual
" altitude, whenever we reach it in the distant future,
" will not fail to command respect and love in the
" highest circles among Englishmen, if English in-

" stincts will have survived the period. The princes
" that will have then led their subjects to a climax
" of genuine prosperity, a vision of which a foreign
" Government will have tried in vain to conjure
" up before their own Indian subjects, will present
" a divine spectacle which will make your English
" Rulers blush with an awakened consciousness of
" their own inner frailties ! That will be the moment
" that will call them to the presence of a higher ideal,
" and I believe that also will be the beginning of an
" epoch when the Government will see the necessity of
" looking after your aspirations as if they were your
" kith and kin and not as your more powerful rivals
" and competitors. In the existence and growth
" of the native States, not only are their subjects
" interested, but the rest of India and its rulers will
" find to this extent their own fortunes involved."

વીરરાવ ખુશ થયેા અને ઉભેા થઈ શંકરશર્માની સાથે હાથ મેળવવા મંડી ગયેા અને બેાલ્યેા:

" Thank you, my friend, for having an ideal so
" beautiful ! I shall now be proud to claim you as
" my fellow townsman of Bombay.

" ચંદ્રકાંત મિ. શંકરશર્માના સામા મ્હેં જે ઉદ્ગાર કર્યા હતા તે બેાટા
" પડ્યા દેખી હું ખુશ થાઉંછું. બાકી આ વિષયમાં તેા અમારા બેના અ-
" ભિપ્રાય પૂર્વ પશ્ચિમમાં સામસામે જ છે. એમની આકાશગંગા છે તેા
" સુંદર અને દિવ્ય; પણ તેમાંથી પીવાનું પાણી મળે એમ નથી. It is all
" Utopia, you see ! મિસ્ટર શંકરશર્મા ! માફ કરજો—

" The man convinced against his will,
" Is of the same opinion still.

" મ્હારી પ્રકૃતિમાં તમારું ચેાકઠું બેઠું નહી, અને પ્રકૃતિં યાન્તિ ભૂતાનિ
" એવું ભગવદ્વાક્ય છે તે મ્હારાથી કાંઈ મિથ્યા થાય ?"

રાણેા બાયર ઘડીયાળ કૂહાડી જેવા લાગ્યેા. જેતેા જેતેા બેાલ્યેા.

"વિધાયતુરજી, માળાના મણકા તેા સારા છે પણ કાંઈક તેનેા મેર આણે..

વિદ્યાચતુર—" હા૭. એનો પણ હવે વારોજ આવ્યો છે.—વીરરાવજી,
" તમે દર્શાવો છો તે ભવિષ્ય દેશી રાજ્યોને શિર બેસે તો કાંઈ આશ્ચર્ય
" જેવું મને લાગતું નથી. પણ બરી વાત તો એ છે કે આપ ચારે વિદ્વાનોએ
" અમારા રજવાડાની જન્મકુંડલી રચવાનો પ્રયત્ન કર્યો; તે છતાં જ્યોતિ:-
" શાસ્ત્ર ઉપર શ્રદ્ધા રાખવાનો આરોપ આપને શિર કોઈ મુકે તો તમે
" સ્વીકારવાના નહી. એ શાસ્ત્રને નામે કે ભાગ્યપ્રવાહને નામે કે લોકપ્ર-
" વાહના શાસ્ત્રને નામે આવા વર્તારા બાંધવા સહેલા છે, પણ તે કેવી રીતે
" બરા પડશે તે કોઈથી કહેવાતું નથી, ઈશ્વરેચ્છાના મર્મ મનુષ્યબુદ્ધિથી અ-
" ગમ્ય છે, અને ધર્મનો પાયો સત્ય ઉપર છે એ વાત જેવી સાચી છે તેમ
" એ પણ સાચી વાત છે કે મનુષ્યનો અધિકાર ભૂત અને વર્તમાનનાં કેટકે
" સત્ય જાણવામાં જ સમાપ્ત થાય છે, અને ભવિષ્યનાં સત્યનું દર્શન તો
" સ્વપ્નદર્શન જેવું મિથ્યા છે. આ સત્યસ્વપ્નપર પડતા દૃષ્ટિપાત તો Specu-
" lative છે-અન્ધકારમાં દૃષ્ટિ નાંખવા જેવું છે. આવાં સત્ય ઉપર
" અમારે વ્યવહારધર્મનો પાયો રચવો અયોગ્ય છે.

" ઐતિહાસિક પર્યેષણાના વિષયમાં આવાં સત્ય શોધવાં યોગ્ય છે; એ
" પર્યેષણા વીજળી પેઠે ચમકારા કરી અંધકારના પર્વતોની વચ્ચોવચ
" પળવાર પ્રકાશમયી બાણો દર્શાવી દે છે, અને તેથી એ બાણની એક
" પાસ કોકાઈ રહેલાઓને બીજી પાસ જવાનું દિગ્દર્શન થાય છે. આવાં
' દર્શનનો લાભ લેવો એ ગ્રંથકારો ને રાજાઓનો એક આવશ્યક ધર્મ છે,
" કારણ તે ઉભય દેશકાળનાં કારણ છે અને આવી સૂક્ષ્મ દૂરદૃષ્ટિ નાંખી,
" વર્તમાન દેશકાળને સ્થળે નવીન દેશકાલ ઉભા કરવા એ તેમનું કર્તવ્ય
" છે. રાજા અને ગ્રન્થકાર ઉભયનાં શસ્ત્ર પ્રારબ્ધવાદના વ્યવહારનું છેદન
" કરે તો જ તેઓ પોતાનું કર્તવ્ય કરી શકે. દેશને માથે પરરાજ્યની
" સેના ચઢી આવે, દુષ્કાળ આવે કે સાર્વભૌમ વ્યાધિચક્ર ફરવા માંડે,
" ત્યારે દેશકાળનાં ભાગ્યથી સંતુષ્ટ રહેતો રાજા નષ્ટ થાય છે, અને પ્રજાને
" માટે કેવળ પુરુષાર્થને માની આ આપત્તિયંત્રને છિન્નભિન્ન કરવા સ-
" યોગી પ્રયત્ન કરનાર રાજા પ્રજાનું કલ્યાણ કરે છે અને રાજધર્મનું
" વિકટ ગૌરવ પાળે છે. અમારી પ્રજાનું કલ્યાણ કરવામાં અમારે આવી
" દૃષ્ટિ અને આવા પ્રયત્ન ધર્મ્ય છે."

" પણ પ્રજાઓએ તો ધર્મિષ્ટ રાજાના રચેલા દેશકાળની મર્યાદામાં રહી
" એ દેશકાળના ધર્મ સાચવવાના છે; અને એ દેશકાળનાં ભૂત અને
" વર્તમાન સત્ય શોધી, એટલે સુધી પ્રારબ્ધવાદી થઈ, આ પ્રારબ્ધમ-
" ર્યાદામાં—રાજાની આજ્ઞામાં—આણમાં—રહી, પોતાનો પુરુષાર્થ

" શોધવાનો છે. દેશી રાજ્યોને શિર ઇંગ્રેજી સામ્રાજ્યનું ચક્રવર્તિત્વ છે,
" સર્વ દેશી રાજ્યોના અને ઇંગ્રેજી રાજ્યના સર્વ સામાન્ય લાભાલાભ
" વિચારી અમારા રાજ્યોના સર્વ રાજાઓનું મહારથીપણું એ ચક્રવર્તીને
" શિર છે અને એ મહારથીની પાછળ વિગ્રહકાળનાં તેમ શાંતિકાળનાં
" પ્રયાણમાં અમારે ઉત્સાહથી અનુસરવું એ અમારો માંડલિક ધર્મ છે. એ
" ધર્મ જેટલી મર્યાદામાં અમારા ધર્મ પ્રજાધર્મને અનુસરતા છે. અમારો
" ચક્રવર્તી અમારે માટે જે દેશકાળ રચે તેમાં તમારી પેઠે જ પ્રારબ્ધવાદી
" થવું એ કંઈક અમારો ધર્મ છે. આખી મનુષ્યસૃષ્ટિના લોકપ્રવાહ કેમ
" ચાલે છે તેની પર્યેપણા અમારા વિષયમાં અમારો મહારથી કરે તે યોગ્ય
" છે; એવી એવી પર્યેપણાઓ કરી તે જે દેશકાળ અમારે માટે રચે તેમાં
" અમારે તેની પાછળ અનુસરવું એ વ્યવહાર પ્રસ્તુત વિષયમાં અમારે
" ધર્મ્ય છે. ચક્રવર્તી અમારે માટે જે દેશકાળ રચે તેના કરતાં વધારે પર્યેષણા
" વ્યવહારમાં કરવી એ અમારે માટે ધર્માતિક્રમ છે પણ અમારી પ્રજાના
" કલ્યાણના વિષયમાં જો એવી પર્યેષણા ન કરીએ તો અમારા ધર્મમાં
" અમે ન્યૂનતા રાખીયે. અમારી પ્રજાના કલ્યાણકાળે અમે તમારાં ય-
" તાવેલા સત્યઉપર અમારા ધર્મનો પાયો ચણીશું. પ્રસ્તુત વિષયમાં–ચ-
" ક્રવર્તીના સંબંધમાં—એ સત્યને અમે અંધકાર જેવાં ગણીશું, અને અ-
" મારો મહારથી જે પ્રનાલિકા દર્શાવશે તેના તેટલા પ્રકાશમાં સેનાની
" પલટણો પેઠે ચાલીશું; એમ ન કરીયે તો હજારો વર્ષોની અવ્યવસ્થાને
" અંતે ભરતખંડના ભાગ્યમાં ઈશ્વરે રચેલી સૂક્ષ્મવ્યવસ્થાના નાશના એક
" સાધક થવાનું મહાપાતક અમારે માથે બેસે. આ અમારા રાજાઓના
" ધર્મનું તારતમ્ય. "

" વીરરાવજી અને ચંદ્રકાંતભાઈ કહે છે તે પ્રમાણે અમારું વૈધવ્ય
" નિર્મૂલું કલ્પી, આજના અમારા સૌભાગ્યકાળે, અત્યારથી જ અમારા
" ચુડા ભાગવાનો ધર્મ પાળવાનું પ્રારબ્ધ વ્હોરી લેવાનું કાંઈ કારણ નથી;
" તેમ એ વૈધવ્યનું ભય અમારે શિર આવી બેસે તે પ્રારબ્ધની અવગણના
" કરવા જેવું પણ નથી. પ્રવીણદાસ અને શંકરશર્મા અમારા સદ્ભાગ્યનાં સ્વપ્ન
" જુવે છે તે સ્વપ્ન ખરાં પાડવાં એ મહાપુરુષાર્થ અને મહાપ્રારબ્ધ-ઉભય-ના
" હાથની વાત છે. એ પુરુષાર્થના આરંભ હજી સુધી દૃષ્ટિમર્યાદામાં ઉદય પામ્યા
" નથી. પણ આ બે વિદ્વાનોને સાધ્ય સુઝ્યાં છે તો કોઈને પણ સાધન
" સુઝે તો તે અશક્ય નથી. એ પુરુષાર્થને અંતે એ મહાપ્રારબ્ધનો કાળ
" રચવો તે તો ઈશ્વરના ને ચક્રવર્તીના હાથની વાત. તમારી સર્વની પર્યેષણા-
" ઓનો અમારે માત્ર આટલો ઉપયોગ.

વીર૦—" ચક્રવર્તીની આજ્ઞાઓ ન્યાય્ય હોય કે અન્યાય્ય હોય પણ
" તમે તેનું ધારણ કરવાનું દાસત્વ સ્વીકારો છો ? શું અમારાં વર્તમાનપત્રો
" એમાંની અન્યાય્ય આજ્ઞાઓ સામે અભિપ્રાય આપવામાં અને દેશી
" રાજ્યોના અધિકારની વાર્તા કરવામાં થડથી જ ભુલે છે ? "

ચંદ્ર૦—" શું તમારી અને ચક્રવર્તીની વચ્ચેના પ્રશ્નોમાં ચક્રવર્તી, જાતે
" પક્ષકાર હોવા છતાં, ન્યાયાધીશ થાય તે વાતની યોગ્યતા આપ સ્વી-
" કારો છો, અને એ સ્થિતિથી તમારા અધિકાર ઘસાતા નથી એવું આપ
" કહો છો ? "

વિદ્યાચતુર સ્મિત કરી બોલવા લાગ્યોઃ " ના જી. ચક્રવર્તી અમારા અને
" તેના પોતાના પક્ષ વચ્ચે ન્યાયાધીશ થાયછે તે અયોગ્ય છે અને તેથી
" અમારા અધિકાર ઘસાય છે એ વાત હું સ્વીકારું છું. પણ ભરતખંડના
" સામ્રાજ્યનો ન્યાય ચુકવવા ઇંગ્રેજ સરકારની ઉદારતાથી અથવા ચક્રો-
" કતાથી ન્યાય આપનાર બીજું કોઈ ધર્માસન અમને મળે એ પ્રસંગ
" આવતા સુધી એ સામ્રાજ્યનાં યંત્રનાં વર્તમાન ચક્રોમાંથી કોઈ પણ ચક્રમાં
" એ ધર્માસનની ગતિની પ્રતિષ્ઠા રહેવી જોઈએ, તેમ ન રહે તો સરકા-
" રની અને અમારી અવ્યવસ્થા થાય ને ભયંકર રૂપ પકડે, અને એ અ-
" વ્યવસ્થા અટકાવવા કોઈની પાસે પણ ધર્માધિકારની પ્રતિષ્ઠા હોવી
" જોઈએ તો વિદ્યા, બુદ્ધિ, ધર્મવાર્તા અને સત્તામાં ભરતખંડમાં
" શ્રેષ્ઠ રાજ્ઞના હાથમાં જ તે રહેવી જોઈએ. અને તેવું રાજત્વ સાંપ્રત
" ચક્રવર્તી શીવાય આજ બીજા કોનામાં છે ? ઇંગ્રેજ અધિકારીઓ નહાના-
" મોટા અનેક દોષનું પાત્ર હોવા છતાં, એજ ચક્રવર્તીમાં સર્વશ્રેષ્ઠ
" ગુણો છે અને તે ગુણના લાભ આગળ એ દોષ ભાલવિનાના છે. એ
" ગુણ તેમનામાંથી ઘસાય નહી અને એ દોષનો પ્રતીકાર થાય એ લક્ષ્ય
" ઉપર તરત અનુસંધાન કરવામાં અમારું ચાતુર્ય, અમારું બુદ્ધિબળ,
" અમારું માનસિક શૌર્ય, અમારી સ્વતંત્રતા, અને અમારા ધૈર્યની ચઢ-
" ડાઈઓ યોગ્ય છે. પણ એ ચઢડાઈઓ રાજ્ઞની બુદ્ધિ ઉપર પ્રધાનની
" રાજભક્ત બુદ્ધિ કરે તેવાં સાધનથી કરવાની છે. આ પ્રસંગમાં અમારું
" અને ઇંગ્રેજી હીન્દી પ્રજ્ઞનું ઘણાક અંશથી સમાનત્વ છે, અને પરસ્પરને
" સાહાય્ય આપવામાં ચક્રવર્તી પ્રતિ આપણા ધર્મનો અતિક્રમ નહી કરીયે
" ત્યાં સુધી કાંઈ બાધ મને લાગતો નથી. એટલુંજ નહી પણ એ સા-
" હાય્ય આપવું એ આપણો એક ધર્મ છે. આ વિષયમાં વીરરાવજી અને
" ચંદ્રકાંતજીના અભિલાષ કેવળ ધર્મ્ય છે."

" ગામ હોય ત્યાં બ્રાહ્મણની પેાળ પણ હોય અને ઘેડવાડેા પણ હોય.
" મનુષ્યવૃત્તિ હોય ત્યાં ઉદાત્તતા પણ હોય ને અનુદાત્તતા પણ હોય.
" ઇંગ્રેજ અધિકારીઓના ગુપ્ત ને પ્રકટ અનુદાત્ત મર્મ ભણીથી આપણેા
" ઘાત ન થાય એટલી સંભાળ રાખી, એ સંભાળને જે આપણેા એકલેા
" સ્વાર્થ ગણવાની પ્રવીણદાસ ભુલ કરે છે તે ન કરી, તમારા ઇંગ્રેજી
" ભરતખંડના મહાજનના અગ્રેસરેા, વિદ્વાનેા, અને વર્તમાનપત્રેા અમને
" સાહાય્ય આપે અને હપકા આપે અને અમે તેમને આપીએ અને
" તે માર્ગથી તમારા રાજા અને અમારા ચક્રવર્તીના ઉદાત્ત મર્મને સતેજ
" કરી, તેની પાસેથી મ્હોટાં વરદાન આકર્ષી લેઈએ તેા તેમાં રાજદ્રોહ
" નથી, અશક્યતા નથી, અને ધર્મ અને પુરુષાર્થ છે. દેશી રાજ્યેામાં
" આ પુરુષપ્રયત્ન કરવા જેટલી શક્તિ આવશે તેા તમારી ભાષક ને
" યાચક કાન્ગ્રેસને માથે ભરતખંડના રાજાઓના સંયેાગથી કેાઈ કાર્ય-
" સાધક સંયુક્તરાજસભા થશે અને તેમાં ચક્રવર્તી પ્રમુખસ્થાને વિરા-
" જશે. જર્મનીના રાજાઓના સંયેાગ—federation—કરતાં, અને
" અમેરિકાનાં સંયુક્ત સંસ્થાનેાનાં કરતાં, આ સંયેાગ, આ દેશની સ્થિતિ-
" નીતિને આધારે, કાંઈ જુદેા જ થશે. પણ એવેા પુરુષપ્રયત્ન જન્મ
" નહી પામે, અથવા જન્મ પામીને બુદ્ધિબળના દાવમાં હારશે, અથવા
" ધૈર્ય અને સદાગ્રહને સ્થાને ધૃષ્ટતા, ઉતાવળ, અને દુરાગ્રહના પાસા
" નાંખશે તેા રાજાઓની દશા, છે એનાથી વધારે દુઃખ ભરી, થશે.
" ગમે તેા આવી વૃદ્ધિ અને ગમે તેા આવેા વિનાશ, એ બેમાંથી એક
" ભાગ્ય દેશી રાજ્યેાને માથે ભમે છે; એ ભાગ્યનું વધારે નિશ્ચિત સ્વરૂપ
" આટલે છેટેથી આજ સમજવું કઠણ છે. આજ માત્ર એટલું સમજાય
" છે કે સર્વ રાજ્યેાને અને સર્વ લેાકપ્રવાહને અત્યંતત્વરાબળથી ખેંચતેા
" આજકાલનેા વેગવાન્ યુગ દેાડે છે તેની સાથે નહી દેાડી શકે તે પાછ-
" ળના અંધકારમાં રૂહી જશે અને દેાડધામ કરી રૂહેલી સૃષ્ટિના પગતળે
" આવી કચરાઈ જશે.* તમે કે અમે જે હઈશું તેને શિર આવા જ
" ભાગ્યનું ભ્રમણ જોઈ લેવું."

---

* "Constant changes . . the restless activity of the age and its
" ceaseless innovations are constantly bringing about. The day has passed
" when the East could 'bow low before the storm in patient deep disdain.'
" The legions still thunder by, but Oriental society can never go back
" entirely to what it was. To-morrow will not be as yesterday, and the
" intercourse of the Native States with the British Government can
" be no exception to the rule."—*Lee-Warner.*

" આ યુગની ગતિ આવી પ્રારબ્ધ છે તે અંત સુધી જશે. ઇંગ્રેજ રાજ-
" નીતિ એ યુગના પ્રવાહને સમજી નવા કાળ રચેંછે અને નવા કાળ રચશે,
" એ આપણું પ્રારબ્ધ. એ કાળ-સમુદ્રનું મોજું આવે તેના વેગને ન સમ-
" જતાં, એ વેગને વશ કરવાને સ્થાને તેના ધક્કાથી હુબી જઈશું તો એ
" આપણું દુર્ભાગ્ય આપણે હાથે રચાશે. એ મોજું ગમે એવું વેગવાળું,
" બળવાળું, અને મ્હોટું હશે તોપણ તેના પાણીથી સ્નાન કરી લેઈ, તેની
" નીચે અથવા તેનો ઉપર સ્થિરતાથી અને ધૈર્યથી ટકી રહેવાની ને તરવાની
" કળા આપણને આવડશે તો એ આપણો પુરુષપ્રયત્ન થશે, અને તેને
" સફળ કરવો એ ઇશ્વરેચ્છાની વાત છે. એ એમાંથી કીયું પરિણામ થશે
" તેની કલ્પના માણસ કરી શકે એમ નથી. એ કલ્પનાનો સટે એક જ વ-
" ર્તારો માણસ કરી શકે અને તે પ્રમાણે શ્રદ્ધા રાખે તો Free will
" નો સંપ્રદાય છોડી સર્વ પ્રારબ્ધવાદી થશે અને પુરુષપ્રયત્ન ત્યજશે. તેવા
" વર્તારા કરવામાં અધર્મ નથી પણ તે પર શ્રદ્ધા રાખવી એ આપણો ધર્મ
" નથી. એવા એકજ વર્તારા ઉપર શ્રદ્ધા રાખવા કરતાં, એવા અનેક વર્તારાઓ-
" માંથી જે આપણને સાધ્ય અને કલ્યાણકર લાગે તેનાં સાધન પાછળ, અને
" બીજાં વર્તારાઓના પ્રતીકાર પાછળ, **પુરુષપ્રયત્ન** કરવો એજ આપણો
" એક ધર્મ છે. એજ ધર્મ વ્યવહાર્ય છે. વ્યાપાર તેમ રાજનીતિના વ્યવહાર
" આવા ધર્મને આધારે ચાલેછે उत्थानेन सदा यत्स प्रयतेथा युधिष्ठिर એ
" **શાંતિ** પર્વના રાજધર્મના **ઉત્થાન**ધર્મને રાજાઓનો નિત્યધર્મ કહેલો છે
" તે ઉત્થાનને—પુરુષપ્રયત્નને—પ્રારબ્ધશ્રદ્ધાના આઘાતથી અનિત્ય ન થવા
" દેવો એજ રાજાઓનો શુદ્ધ ધર્મ છે—ધર્મ્ય વ્યવહાર છે—કાળબળના
" સામા પણ રાજાઓનો એજ ઉત્થાનધર્મ મિત્રરૂપ છે. "

" તમે ચાર જણાએ ચાર જુદા જુદા વર્તારા વર્ત્યા તેમાંના બે આશા-
" દર્શી અને બે નૈરાશ્યદર્શી છે. તે સર્વે વર્તારાઓનો ઉપયોગ કરવો એ
" રાજનીતિજ્ઞ પુરુષનો ધર્મ છે. એ ચારે વર્તારાઓ જે વર્તમાન દશાઓને
" દેખી બંધાયા છે તે સર્વે દશાઓમાં સત્યના અંશ છે અને અન્વહસ્તિ-
" ન્યાય પ્રમાણે જે અંશ એક પુરુષ જુવે છે તે બીજાની દૃષ્ટિએ પડ્યા
" નથી. આશા અને નૈરાશ્ય એક ઢાલની બે બાજુઓ છે; સુવર્ણમયી
" આશા જોનાર પ્રવીણદાસ અને શંકરશમો એક પાસ ઉભા છે, લોહમય
" નૈરાશ્ય જોનાર વીરરાવજી અને ચંદ્રકાંત બીજી પાસ ઉભા છે. એમની
" દૃષ્ટિઓમાં ઇંગ્રેજ રાજનીતિનું પ્રતિબિમ્બ પડેલું છે.

" The British Empire exists as a system of both
" Hopes and Fears for the Native States as for all

" natives as well, and on them it mostly lies to choose
" whether they will have the Hopes or the Fears,
" and the fortunes of *all* these States will be the un-
" knowable resultant of all varieties of the individual
" wisdom and working of each State, great and
" small, forward and backward, within its own isolat-
" ed sphere. Government sees the working of all of
" them: it is in touch with all of them. Each of our
" States on the other hand sees only that point of
" Government which affects its own isolated individua-
" lity, and is blind to the rest. It is this inequality of
" vision that makes the States unequal to the compre-
" hensive operations which the present system calls
" upon them to perform; and until this inequality
" is pronounced incurable or begins to perceptibly
" abate throughout, neither our fears nor our hopes
" can be looked upon as a constant factor."

આચરના સામું જોઈ વિધાચતુર સ્મિત કરી બોલવા લાગ્યોઃ " મહા-
" રાણાજી, આ ગૃહસ્થો ઇંગ્રેજીમાં સમજે છે તેટલું ગુજરાતીમાં સમજે
" એમ નથી. માટે એમને એમની ભાષામાં સમજાવવા ઇંગ્રેજી
" બોલવું પડ્યું તે ક્ષમા કરજો. મ્હારે એમને કહેવાનો સાર એટલો છે
" કે આપણાં સહુનાં ઘર સરકારપાસે કાણાં છે તેને સટે આપણી
" ફાટફુટ મટી જશે અને સરકારનું આખું ઘર જોઈ લેઈ આપણ
" સહુના પોતાનાં ઘર સંભાળવા જેટલા આપણે શાણા થવાને
" નિર્મેલા હઈશું તો સરકાર સાથે આપણે કોઈકે દિવસ ફાવીશું,
" અને તેમ નહી થાય તો સરકાર ફાવશે."

" પ્રવીણદાસ, આઘે ન જતાં સુવર્ણપુરના જાડસિંહના રાજ્યનો ઇતિ-
" હાસ તમે જાણો છો. જ્યાં સુધી દેશી રાજ્યોમાં જાડસિંહના રાજ્ય
" જેવી અનીતિ અને તેના જેવા ભ્રષ્ટાચાર અને ખટપટ કેવળ નિર્મૂળ
" નહી થાય, જ્યાં સુધી રાજાઓ અને પ્રધાનોનો મ્હોટો ભાગ સદ્ગુણનો
" માર્ગ નહી જુવે, જ્યાં સુધી પોતાના સ્વાર્થને સ્થાને પ્રજાનું હિત કરવા
" તેમની બુદ્ધિ નહી દોડે, ત્યાં સુધી વીરરાવજીના વર્તારાનું ભય આપણે

" માથે અવશ્ય ઝઝુમે છે, અને એવાં અનેક રાજ્યોની ભેખડો નદીમાં
" પડવા માંડશે તેની સાથે થોડાં ઘણાંક સારાં રાજ્યો પણ તેમની સાથે
" વશે કે કવશે ધસડાશે. ઉન્મત્ત જાદવોની જાદવાસ્થળીમાં કૃષ્ણ અને
" બળરામ ધસડાયા, અને દ્વારવો ભેગા ભીષ્મ ગયા તેવી સારાં રાજ્યોની
" પણ સ્થિતિ સમજવી. પોતાના સારાપણાના અહંકારથી તૃપ્ત રહેતાં
" રાજ્યોને આ ભય છે; રાજકીય વિષયોમાં છેટેના પાડોશીને ઘેર લાગેલી
" આગથી પણ બ્હીવાનું છે. વીરરાવજીના વર્તારામાં આ ભયંકર સત્ય
" સમાયલું છે."

" દેશી રાજાઓમાંથી અનીતિ અને દુર્ગુણ દૂર રહેશે એમ ધારો તો
" તેથી લાભ એ કે ચંદ્રકાંત ધારે છે એવી ઉદાત્તતા રાજાઓમાં રહેશે.
" પણ નીતિ અને સદાચાર બાનગી કુટુંબોની સ્થિતિ જાળવવા બસ
" થશે; પરંતુ રાજાઓને માટે તે બસ નથી. રાજ-અંગમાં ધર્મરાજ
" યુધિષ્ઠિર હશે, તો દ્યૂતમાં દ્રૌપદી ખોવા જેવી અતિ-પ્રતિજ્ઞાઓ કરશે
" અને બુદ્ધિહીન સત્યની પાછળ દોડશે."

"રાજ–અંગમાં ધર્મની સાથે ભીમ અને અર્જુનની આવશ્યકતા
" છે, સદાચાર સાથે બળ અને કળાની આવશ્યતા છે. ચક્રવર્તીને
" યુદ્ધકાળે આશ્રય આપવા જેટલું બળ દેશી રાજાઓમાં નહી
" રહ્યું હોય તો તેમનું ક્ષત્રિયત્વ જાળવવા અતિ-યત્ન કરવાની સરકારને
" ગરજ નથી, અને રાજાઓ રાજા મટી સ્થાનિક અધિકારીઓ થઈ જશે.
" શાંતિકાળમાં ચક્રવર્તીના સામ્રાજ્ય સંબંધો વિચાર સમજવા રાજા-
" ઓમાં બુદ્ધિ નહી રહે, અને તે વિચારથી ઉત્પન્ન થયલા આચારમાં
" ચક્રવર્તીના અધિકારીઓની સાથે સાથે ચાલવા જેટલી રાજાઓમાં
" શક્તિ કે કળા નહી રહે; તો એ રાજાઓની પ્રજાઓ ઇંગ્રેજ-વણઝા-
" રાઓની પાછળ પાછળ ભમશે અને રાજાઓ સ્થાનિક અધિકારથી
" પણ ભ્રષ્ટ થશે અને ચંદ્રકાંતનો વર્તારો અક્ષરે અક્ષર સત્ય નીવડશે."

" આવી અવસ્થા પામતાં રાજાઓ ઇંગ્રિજની દેશી પ્રજાઓ સાથે
" ભળી જઈ, પોતાના ઉદાત્ત ગુણથી, એ પ્રજાઓનું ઉપરીપણું નહી
" જાળવે તો અનુદાત્ત અને આળસુ થઈ વીરરાવજીનો વર્તારો ખરો
" પાડશે. રાજત્વ ખોવાનો કાળ આવતાં ઉદાત્તત્વ પણ ન ખોવું પડે,
" અને ઇંગ્રેજી રૈયતના શિર ઉપર રાજાઓની પ્રતિષ્ઠા રહે તો ઉદાત્તત્વની
" પણ દુર્ગતિ ન થાય, માટે જા—તેમ એક લોહીના અને
" પરસ્પરના ઉચ્ચાભિલાષમાં સંપત્તિવિપત્તિકાળે પરસ્પરનો આશ્રય રહે-

" લો છે માટે—ચંદ્રાંતક સૂચવે છે તેવો સંબંધ, એમનો અને આપણો,
" સ્પૃહણીય છે. "

"નૈરાશ્યદૃષ્ટ અવસ્થાઓનાં કારણ વિચારતાં જેવા આ પ્રતીકારક* ધર્મ
" છે તેવા જ આશાદૃષ્ટ અવસ્થાઓનાં કારણ વિચારતાં બીજા ઉદ્ભાવક†
" ધર્મ છે. ઉદ્ભાવક† એટલા માટે કે ચક્રવર્તીનું પોષણ કરી અમારી
" ડબાતી ચંપાતી સંપત્તિઓના સ્વતંત્ર અને પ્રફુલ્લ રૂપનો ઉદ્ભવ એ
" ધર્મના જ પાલનથી છે.

વીરરાવ હસતો હસતો બોલ્યો. " સાહેબ ચક્રવર્તીનું પોષણ રખે
" ભુલતા—ભુલશો તો શંકરશર્માનો રાજદ્રોહ આવી જશે. "

રાણો ખાચર—પ્રધાનજી, વીરરાવ તમને પણ મુકે એમ નથી.

વિદ્યા૦—" એ મુકે, પણ અમે એમનાથી મુકાઈએ તેમ નથી. વીર-
" રાવજી, રાજદ્રોહ હો કે ન હો. પણ તમે એક વાર્તા કબુલ કરશો કે
" નહાના વ્યાપારીઓથી મ્હોટા વ્યાપારીઓના જેવાં કામ કદી થવાનાં
" નથી. તેમને તો જાંઇટ સ્ટાક કંપનીમાં ભળવાથી જ મહાવ્યાપારમાં
" ભાગ લેવાનો સંભવ, અને એવી કંપનીમાં ઇંગ્રેજ જેવા અગ્રણી-વ્યાપા-
" રીની આવશ્યકતા. "

વીર૦—તે તમે રાજાઓની કંપની મળી શાં કામ કરવાનાં હતાં? ને
" હોય તો તેમાં નહાના રાજાઓની કંપની કયાં બસ નથી કે ચક્રવર્તી શો-
" ધવો પડ્યો ? "

વિદ્યા૦—" હિમાલયના બે સ્કંધ આગળ બે મહારાજ્યો આ દેશને
" ડાબી દેવા ઉભાં છે. તેમનો પ્રતીકાર કરવો એ પ્રથમ વ્યાપાર—તે
" ચક્રવર્તી વગર કદી બને નહી. "

વીર૦—" તે તમારે તો એક ધણી ગયો તો બીજો આવશે—નાતરીયા
" નાતમાં રંડાપાની બ્હીક શી ?"

વિદ્યાચતુર હસતો હસતો બોલ્યો: "જેની સાથે આટલો લાંબો સહવાસ
" થયો, જેણે અમારો આટલો નિર્વાહ કર્યો, જેના ગુણદોષ અમે સમ-
" જીએ છીએ, જેની સાથે લહડતાં ઝઘડતાં અમે આટલો સંસાર સુખથી
" નીભાવ્યો, તેવા જુના ધણીને મુકીને નવા અજાણ્યા માણસ સાથે
" નવો સંસાર માંડવાની ઇચ્છામાં કાંઈ ડહાપણ છે ? એ ધણી જાય તો તો
" અમારા તમારા ચુડા સાથે ભાગે—માટે આટલો રેલો તો, તમારી પોતાની
" તળેના રેલાના અનુભવથી અમારી તળેનો પણ સરખો સમજી લેવો."

---

*Remedial. †Creative, constructive.

ચંદ્ર૦—"વીરરાવ, પ્રધાનજીએ તમારી પોતાની ભાષામાં વાત કરવા
" માંડી એટલે તમે વ્હેલી સમજશો."

વિધા૦—" ચાલો ત્યારે મ્હારી ભાષામાં બોલું. વીરરાવ, આ દેશને
" માથેના આવા અનેક પ્રતીકારક વ્યાપારોમાં અમારે માથે સેનાધિપતિ
" જોઈએ તે તો કદાચિત્ ઈંગ્રેજ જેવા બીજા મળશે એમ તમે કહેશો. પણ
" અમારે ઘણાક ઉદ્ભાવક વ્યાપારોમાં પણ પડવાનું છે અને તેમાં આ ચક્રવર્તી
" જેવો ઉદાર દક્ષ નાયક અમારી કંપનીને અન્યત્ર મળવાનો નથી. અ-
" મારી પોતાની રાજ-સંપત્તિઓના તેમ ઈંગ્રેજની રાજ-સંપત્તિઓના
" ઉદ્ભાવક પ્રવાહો ગંગાયમુના પેઠે એકઠા થાય છે તેમ બીજા કોઈ
" મહારાજ્યમાં થતા નથી. કાં અમારા, કાં તમારા, ઉદ્ભાવક પ્રવાહો ઈં-
" ગ્રેજી રાજ્યમાં જેવી સ્વતંત્ર વૃદ્ધિ પામે તેવી યુનાઇટેડ સ્ટેટ્સના પ્ર-
" જાસત્તાક મહારાજ્યમાં પામે તેમ નથી તો બીજા મહારાજ્યોની તો
" કથા જ પડતી મુકવી. એ રાજ્યો એકલી પોતાની મૂળ પ્રજાનું હિત
" ઇચ્છે છે; ઈંગ્રેજ લોક આ હિતને ભુલી શકતા નથી, પણ અનેક રાજ્યો
" અને અનેક પ્રજાઓની કુળદેવી જેવી ઈંગ્લાંડની પ્રજાને પોતાનાં બાળક
" ભેગાં પારકાં બાળકોને ઉછેરતાં અને પાળી પોષી મ્હોટાં કરતાં આવડે
" છે. એવાં ઉદાર પોષણની અનુભવી પ્રજાના ઉદ્ભાવક વ્યાપાર અને તમારા
" ઉદ્ભાવક વ્યાપાર સંગમ પામી શકે છે તેમ જ અમારી પ્રજાઓના ઉદ્ભાવક
" વ્યાપારને વિકાસ આપવાને અમારે શિર એ જ દિશામાંથી ડબાણ થાય
" છે અને થશે, અને અમારી પ્રજાઓનો બાગ વધારતાં, વિકસાવતાં અમે
" શીખીશું એ અમારા ઉદ્ભાવક ધર્મની પ્રથમ સૃષ્ટિ અમારી પાસે ખડી
" થશે. એ અમારી મુખ્ય અને ઉત્તમ આશા. અને માઇસોરના રા-
" જ્યના જેવાં, અને એથી પણ શ્રેષ્ઠ બંધારણ ઘણા રજવાડાઓ સ્વીકારી
" શકશે ત્યારે આ આશાવૃક્ષને મ્હોર આવશે."

" જો એ આશા સાચી પડવાથી ઈંગ્લાંડનાં પ્રજાસત્તાક સંસ્થાનોના
" પ્રમુખો જેવા અમારા રાજાઓ થઈ જશે તો આ ઉત્તમ આશાના શિખર
" ભાગને અમે પ્હોંચીશું. આ કર્તવ્યમાં માત્ર અમારી પોતાની પ્રજા ઉપર
" જ અધિકાર વાપરવાનો છે અને તેના ઉપર જ અમારી ઉદારતા અને
" દક્ષતા ઢોળવાની છે, એટલે ઈંગ્રેજ સરકાર તેમાં સાહાય્ય આપશે, ઉત્સાહ
" આપશે, કળાઓ શીખવશે, અને વચ્ચે પડવાનો લોભ નહી રાખે. જો
" અમારી પ્રજાની એ દશા થશે તો સામ્રાજ્યના સામાન્ય લાભના વ્યા-
" પારોમાં પણ અમારી એ પ્રજાની ઇચ્છાઓનો અતિક્રમ કરી પોતાની

" સ્વાર્થી ઇચ્છાઓનું અનુસરણ કરવા અમને આજ્ઞા કરવા જેટલો છાતી ચ-
" ક્રવર્તીના અધિકારીઓ નહી ચલવે; એટલુંજ નહી, પણ આવો પ્રસંગ આવશે
" તો સરકારી અધિકારીઓની સર્વ આજ્ઞાઓ અમારે પ્રજા પાસે પ્રકટ કરવી
" પડશે અને તેમ થશે એટલે જે ગુપ્ત કારણ અને અવ્યવસ્થાની દેશી રાજ્યો
" ફરીયાદ કરે છે તે દૂર થશે. આટલો પુરુષપ્રયત્ન તો અમારામાં અમા-
" રાપણું હશે તો અમે સ્વાશ્રયથી કરી શકીશું. એમાં તો અમારાં હૃદયા શી-
" વાય બીજો શત્રુ અમને નડે એમ નથી. જ્યારે અમારી આ અવસ્થા થશે
" ત્યારે સરકારનાં Responsible Government વાળાં Colonies*
" કરતાં પણ અમારી સારી અવસ્થા થશે —કારણ સરકાર એ સંસ્થાન
" ઉપર Vetoing power રાખે છે તેવો અમારા ઉપર રાખવાનું બીજ
" એમના હાથમાં નથી. "

" અમે ઇંગ્લાંડનાં એક જાતનાં સ્વરાજસત્તાક—colonies—
" સંસ્થાન—છીએ."

" યુનાઇટેડ્ સ્ટેટ્સનાં સર્વતઃ પ્રજાસત્તાક અવયવો જેવાં ઇંગ્રેજનાં
" અવયવો દેશી રાજ્યો થઈ શકે એમ નથી; કારણ રાજાઓનો અભાવ
" થાય તો તેમને સ્થાને ઇંગ્રેજી જ રાજ્ય થાય—તેમની પ્રજાને ઇંગ્રેજો
" સત્તા આપે એવું સ્વપ્ન વર્તમાનમાં થાય એમ નથી. શંકરશર્માના
" વર્તારામાં આટલો અંશ સ્વપ્નાંશ છે."

" જર્મનીના મહારાજ્યનાં અવયવો પેઠે રાજસત્તાક સંસ્થાનો થ-
" વાનો લોભ આપણે રાખીયે તો તે ઇંગ્રેજને વધારે અનુકૂળ છે. જ-
" ર્મન મહારાજ સ્વેચ્છાથી એ અવયવોને યુદ્ધમાં અને યુદ્ધાદિના ખ-
" ર્ચમાં ખેંચી શકેછે તેવો વ્યવહાર આપણે શિર વાપરવા ઇંગ્રેજને
" અધિકાર નથી. આપણે ચક્રવર્તીની પાછળ—આપણી શક્તિ અને
" ઇચ્છા હોય તો-જઈયે. પરરાજ્યો સાથે સંબંધ રાખવાનો આપણો અ-

---

* The Colonies proper form three classes:—(1) The *Crown Colonies*, which are entirely controlled by the home government; (2) those possessing *Representative Institutions*, in which the Crown has no more than a veto on legislation, but the home government retains the control of public officers; and (3) those possessing *Responsible Government*, in which the home government has no control over any public officer, though the Crown appoints the Governor and still retains a veto on legislation.

The total expenditure of the Mother country in connection with the Colonies (exclusive of India) amounts to about 2 millions sterling annually mainly for military and naval purposes.

The Statesman's Year Bk. 1896.

" ધિકાર પોતાના હાથમાં સરકારે લેઈ લીધો તે તેમની પોતાની સે-
" નાઓ વડે આપણું રક્ષણ કરવાની સરતે લીધો છે; એવાં રક્ષણમાં
" આપણી સેનાઓ આપવા આપણે બંધાયા નથી. ઇંગ્રેજોનાં બીજાં
" સર્વ સંસ્થાનો કરતાં, અને જર્મની તથા યુનાઇટેડ્ સ્ટેટ્સ્નાં અવયવો
" કરતાં, આપણી આટલી વધારે સત્તા છે. આપણે સરકારને આવામાં
" આશ્રય આપીએ તે એમના ઉપર ઉપકાર."

"સરકારનાં ઉત્તમ—colonies—સંસ્થાનની પ્રજા જેવી આપણી પ્રજાને
" નહી કરીયે તો એ પ્રજામાં દેખાદેખીનો ક્ષોભ થશે ને ચંદ્રકાંતનો
" વર્તારો ખરો પડશે."

" એ ક્ષોભ ન થવા દેવા જેવું આપણે રાખીશું, પણ હાલ સા-
" મ્રાજ્યનાં સામાન્ય લાભમાં ચક્રવર્તીપર ઉપકાર કરતા હઈએ તેમ જે
" આશ્રય આપીએ છીયે તે આશ્રય આપવામાં કૃપણ થઈશું તો મોડાં
" વહેલાં જર્મનીનાં અવયવરાજ્યોની પેઠે આપણને ચક્રવર્તી બળ કરી
" ખેંચશે અને પ્રવીણદાસનો વર્તારો ખરો પડશે. સમુદ્રવ્યાપાર, રેલવે,
" વીજળીના તાર, અને સામ્રાજ્યરક્ષણમાં આશ્રય, આદિ અનેક વિ-
" ષયો આવા આશ્રયની વાત છે. હાલ જે ઉપકાર કરી નહી આપીએ
" તે કાળક્રમે આજ્ઞાથી આપશું, અને તે કહણ સરતો પાળી આપશું."

" આવા વિષયોમાં, અને સરકારને હાથે લેવા પડતા ન્યાયના વિષ-
" યોમાં, ચક્રવર્તીનો અધિકાર રાજાઓની સામ્રાજ્યસભાને સંપાય એ
" પ્રસંગને માટે અનેક જાતની ઉદ્ભાવક બુદ્ધિનો ઘણા કાળ સુધી આ-
" ગ્રહ જોઈએ અને એ દિશામાં પુરુષપ્રયત્નનો આરંભ થવાને પણ
" હજી ઘણી વાર છે. આ આરંભ થવા આવતા પહેલાં આપણી
" વ્યવસ્થા હશે કે અવ્યવસ્થા હશે તે ઈશ્વર જાણે."

વિદ્યાચતુર બોલતો બંધ પડ્યો. મણિરાજે સર્વને પુષ્પ, પાન અને સુગન્ધ વહેંચ્યાં, અને સર્વ હસતે મુખે ઉઠે છે તેવામાં એક માણસે મૂળરાજને એક ચીઠી આપી, મૂળરાજે મણિરાજને આપી, મણિરાજે તે વાંચી અને શોકમાં પડી પ્રધાનને કહ્યું.

" પ્રધાનજી, આપ હવે સત્વર ઘેર પધારો."

વિદ્યા૦—" મહારાજ, એ સમાચાર. કુમુદના હશે એમ હું
" ધારું છું. મહારું એ પુષ્પ કરમાઈ ગયું."

મણિરાજ—"આપના પિતાજી પાછા ફરવાના સમાચાર આ ચીઠીમાં છે."

ખાચર૦—" શું કુમુદસુંદરી હાથ ન લાગ્યાં ? વિધાચતુર !
" પુત્રીનેા વિયેાગ મહાદુઃખ કરે છે તેનેા મને અનુભવ છે."

મણિ૦—" પ્રધાનજી, હવે સત્વર ઘેર પધારેા. આપના ધૈર્યમાં
" કુટુંબને અંશભાગી કરેા. હું પણ ત્યાર સેારેા આવી જઈશ. પ્રધા-
" નજી, આપનું ધૈર્ય જાણનારે વધારે સૂચના કરવી પુનરુક્ત છે. બાકી
" મ્હારા ખેદથી તમારા ખેદની કલ્પના કરું તેા તેા પાર રૂહે એમ નથી."

મણિરાજની આંખ ભીની થઈ. સર્વ મંડળ અવસન્ન થયું. બે મીનિટના મૌનને અંતે વિધાચતુર બેાલ્યેા " મહારાજ, આણી પાસથી
" કુમુદ જવા બેઠી અને આણી પાસથી પ્રમાદધન પણ ગયા. મ્હારું અને
" બુદ્ધિધનભાઈનું ઘર—બેનાં ઘર સાથેલાગાં શૂન્ય થયાં. મ્હારા કરતાં
" એમનું દુઃખ અનેકધા વધારે છે. એમના દુઃખમાં મ્હારું દુઃખ ભુલું છું."

શેાકવાર્તા કરતાં કરતાં વિધાચતુરને મુત્સદ્દી મંડળ ભેગેા ગાડીમાં વીદાય કરી, મણિરાજ, ખાચર, અને મૂળરાજ બીજી ગાડીમાં ચ્હડ્યા. થેાડી વાર એ ગાડીમાં મૌન પ્રવર્ત્યું. અંતે ખાચર બેાલ્યેા.

" મણિરાજ, આ વાતેાડીયા મંડળીમાં બેસવામાં આપણા નાચરંગના
" દરબારનું ખરચ નથી ને નુકસાન પણ નથી એટલેા લાભ ઓછેા
" નથી. એ મંડળીમાં બેસી તમે સર્વ સાંભળ્યાં કરેા છેા અને બેાલતા
" નથી તે જોઈ હું પ્રસન્ન થાઉંછું. પણ એ લેાકની પુસ્તકીયા બુદ્ધિનેા
" પટ તમારા મન ઉપર બેસી જાય નહી તેની સાવચેતી રાખજો."

મણિરાજ—" એ બુદ્ધિને પ્રધાનજીનેા અનુભવ ચાળી નાંખે છે,
" અને આપના જેવાના સમાગમકાળે તેમાંના કુપથ્ય ભાગ ની.
" કળી જાય છે."

ખાચર—" એટલું બસ છે. બાકી જે વિષયની આજ વાતેા ચા-
" લતી હતી તેના સંબંધમાં ચક્રવર્તીની રાજનીતિની વાતેા તેા ઠીકાઠીક
" છે. પણ એમના અધિકારીઓમાં સારાનરસા આવે છે અને આપ-
" ણને અકળાવે છે તેનું-શું કરવું એ વીશે તમે કેવેા વિચાર કર્યેા છે?"

મણિ૦—" સત્ય પુછેા તેા મ્હારે તેમની સાથે એવી તકરાર હજી
" સુધી નથી પડી. વડીલ મહારાજે પરરાજ્ય સાથે અથડાઅથડી ન
" થવાના માર્ગ રચી મુકેલા છે તેની પ્રનાલિકાએ ચાલતાં અમને બહુ
" સુખ પડે છે. આપ સુચવેા છેા એવી તકરારનેા મ્હારે પ્રસંગ જ
" નથી આવ્યેા, પણ દૈવઇચ્છાથી એ પ્રસંગ આવશે ત્યારે આપ કંઇ
" નીતિ દર્શાવશેા તેનેા પ્રકાશ પાસે રાખીશ."

આયર--" એ તમારે માથે ઈશ્વરની કૃપા સમજવી કે સાહેબ લોક
" ને તેમનાં માણસો સાથે મારામારી થવા વખત નથી આવતો. પણ
" આવો શીળો દિવસ રોજ નહી રહે, માટે સાંભળી લ્યો. ચક્રવર્તી ને
" ગવર્નર ને કલકત્તાવાળા તો છેટે રહ્યા. પણ આ પાસેના સાહેબોમાં
" એ બહુ સારા આવે તો એ બહુ નરસા આવે છે; એ બહુ ડાહ્યા આવે
" તો એ બહુ મૂર્ખા આવેછે. એમનો ઢંગધડો કંઈ નહી; એક આમ
" હાંકે, ને બીજો આમ હાંકે. ત્યારે આપણે જેવાની સાથે તેવા થવું
" પડેછે. એમનું સુખ એ કે તુમારીયાંથી સરકાર સાથે કામ લે ને ન-
" હારો સાહેબ બે નરસાં તુમારીયાં તમારે માટે સરકારમાં મોકલી જાય
" તો સારો સાહેબ બે સારાં મોકલી જાય. આપણે એવા શા
" હઈએ કે એ સઉમાંથી કોઈ આપણા વળનો થાય નહી? માટે
" હમેશ એટલી સરત રાખવી કે વારાફરતી કોઈ કોઈ સાહેબ આપણે
" માટે સારાં તુમારીયાં લખતો જાય. પછી સરકાર તો તુમારીયાંની
" આંખે સઉ વાંચે, એટલે બે વાર નાખુશ થાય તો બે વાર ખુશ
" થાય અને વિચારે કે જ્યારે એક આપણું સારું બોલે છે ત્યારે બીજા
" તુમારીયાના લખનારની આંખમાં જ કંઈ કાણું હોવું જોઈએ. આ-
" ટલું થયું એટલે આપણે જીત્યા."

" બાકી તો એક સાહેબ કુદે ને રાતોપીળો થાય ત્યારે મનમાં સમ-
" જવું કે તું જવાનો ને હું રહેવાનો છું, બે દિવસ દારુ પી લે. ગાંડાં કહાડે
" તે વેઠવાં, પણ સામે ઘા કરવો નહી."

" એ લોક મૂર્ખા હોય તો પણ તેમની કલમ જબરી ને તુમારી-
" યાંમાં આપણે એને પહોચી વળીએ નહી; જબરી વિદ્યાવાળાથી છેટે
" જ નાસવું, કારણ એ લોક વગર ઘાયે હણે. એમનાથી છેટે હઈએ
" માટે આપણને એમનો ઘા પહોચશે નહી એમ પણ ધારવું નહી*—
" સરકાર પાસે એમના કાન; દેખીયે નહી ને ઘા કરે."

" એમ કરતાં સામાં થવું હોય તો ઘડી વાર વીસામો લેઈ વિચાર
" કરવો કે આપણો હાથ કેટલો પહોચશે. જે નદીને પેલે પાર તરી
" જવાનો વિશ્વાસ હોય નહી તે તરવાને પાણીમાં પડવું જ નહી.
" કોઈની પાસેથી એવું ખુંચી લેવું નહી કે આપણા હાથમાં આવેલું

---

* पण्डितेन विरुद्धः सन् दूरस्थोऽस्मीति नाश्वसेत् ।
दीर्घौ बुद्धिमतो बाहू याभ्यां हिंसति हिंसितः ॥ મહાભારત, શાંતિપર્વ.

" પાછું તે ખુંચી લે.* જેનું મૂળ ઉખેડી ન નંખાય એવું ઝાડ
" ખોદવું નહી; જ્યાં સામાનું માથું ન પડાય ત્યાં તેને હણવો નહી.†
" મણિરાજ, તરવાર વડે લહડવાનું તો નથી, પણ કલમ વડે લહડતાં
" પણ આ અનુભવની વાતો સરત રાખવી. સાહેબ લોક સરકારના
" દીકરા, તેમના વાંક માબાપને વસવાના નહી અને વસે તોયે
" તેમને શિક્ષામાંથી બચાવવા આપણને ધમકાવશે. કૌરવનાં માબાપ
" દીકરાઓના બધાયે વાંક સમજતાં હતાં, પણ તેમણે તેમને વાર્યા
" નહી; અને ગમે તેટલા પણ પાંડવ પારકા દીકરા, તેમના ઉપર ક્રોધ
" કર્યો, અને વ્યાસજીએ પાંડવને શાપ દેવા મનાઈ કરી ત્યારે બોડકી
" ગાન્ધારીએ ત્રીજા ઘરના શ્રીકૃષ્ણને શાપ દીધો કે જાદવાંસ્થળી કરી
" તારું કુળ સત્તાનાશ પામજો. જબરા દીકરાની માપાસે દીકરાની
" ફરીયાદો લેઈ જનાર પરભારો બાળક ગાળો ખાઈ પાછો આવે, અને
" પરભારાના પક્ષ લેનારને શ્રીકૃષ્ણના જેવા આમ છાંટા લાગે. આપણે
" સાહેબલોક સાથે લહડીયે તો આપણે પાછા ફરીયે ને આપણી સાથે
" આપણા સ્નેહીઓને પણ બમવું પડે. બરું પુછો તો આ કલમની લહ-
" ડાઈ એ બઈરાંની ગાળો જેવી ને વાણીયાના હોંકારા જેવી વાત. તેમાં
" આપણે ફાવીયે નહી-રજપુતોની લહડાઈઓ ગઈ."

" આટલા બધા વિચાર કર્યા પછી પણ એવો કોઈ સાહેબ વેઠાય
" જ નહી અને તેને ઉખેડવાનું ઠીક લાગે ને તેમ કરવું આપણાથી બને
" તેમ હોય તો એ કામ પાકું કરવું, એટલું જ નહી, પણ અનાજનાં
" છોડાં સળગેલાં હોય તેમ ઘણી વાર એકલો ધુમાડો જ નીકળ્યાં કરે
" અને ભડકો થાય નહી એમ ન કરવું; પણ તરત ભડકો ભભુકે ને
" આકરા તાપથી સામાને પોતાની ઝાળ દેખાડી દે એમ શીસમના બળ-
" તણ પેઠે આપણું પરાક્રમ ક્ષણવાર પણ જણાય અને આપણો પ્રકાશ
" જગત દેખે એવું કરવું‡. રાજાઓ હાથ ઉપાડે અને તેનું ફળ થાય

---

* न तत्तरेद्यस्य न पारमुत्तरेत्
न तद्धरेद्यत् पुनराहरेत्परः ॥ शांतिपर्व.

† न तत्खनेद्यस्य न मूलमुद्धरेत्
हन्यान्न तं यस्य शिरो न पातयेत् ॥ शांतिपर्व.

‡ मुहूर्तमपि राजेन्द्र तिन्दुकालातवज्ज्वलेत् ।
न तुषाग्निरिवानर्चिर्धूमयेत चिरं नरः ॥
शांतिपर्व.

" નહી તો તેટલા પ્રમાણમાં તેમનું રાજત્વ ઘસાય એવું તમારા પિતા
" કહેતા તે તે યથાર્થ છે. પહેલી વારના દ્યૂતને અંતે દ્રૌપદી ઉપરનો
" જુલમ જોતાં પણ આંધળા ધૃતરાષ્ટ્રને ન્યાય કે દયા ન સુઝયાં તેને
" પાપી પુત્રોની દુષ્ટતાએ ઉપાડેલા ઈશ્વરી ઉત્પાત જોઈ બ્હીક લાગી
" ત્યારે દ્રૌપદીને માગ્યાં વરદાન આપ્યાં ને પાંડવોને છોડ્યા. તે જ
" પ્રમાણે અધિકારી સાહેબો સામી સાધારણ ફરીયાદો ન સાંભળનાર
" સરકારની નજરે એ સાહેબો અતિદુષ્ટ થયલા દેખાશે ત્યારે એ ના એ
" સરકાર તેના ઉપર હાથ ઉપાડશે ને આપણું રક્ષણ કરશે. આવો કાળ
" આવે ત્યારે મજબુત પુરાવો અને પૂર્ણ રાજત્વ દેખાડી સકળ હાથ
" ઉપાડવો ને ત્યાં સુધીનો માર વેડી લેવો."

" ઘણી ફરીયાદો કરનાર ઉપર સાંભળનારને કંટાળો આવે છે. માટે
" આવા પ્રસંગ શીવાયના પ્રસંગોએ તો સાહેબો ઉપર ફરીયાદ ન કરતાં
" તેમની જ પાસેથી કળાથી કામ કઢાડી લેવાં."

" હોંશીયાર ને પાકા સાહેબોની પાસેથી કામ કઢાડી લેવું હોય તો
" તેમનાં કામ ભેગું આપણું કામ કઢાડી લેવું. કોયલ કાગડીનાં ઈંડાં ભેગાં
" પોતાનાં મુકે તે બધાં ઈંડાં સાથે સેવાય ને કોયલનું બચ્ચું જન્મી જતે ઉડી
" જાય. સરકારે સોંપેલાં કામ સાહેબો પોતાનું ગણી કરી લે છે અને આપણા
" કામ પણ સરકારે સોંપેલાં ગણી વગર ભલામણે પોતાનાં કામ ભેગાં કરી
" લે છે. કોયલ કાગડાને કાંઈ કહેતી નથી તેમ આવા સાહેબોને આપણે
" કાંઈ કહેવાનું નથી. આપણાં ઈંડાં તેમનાં ઈંડાં જેવાં દેખાય, આપણાં
" હિત તેમનાં હિતમાં જ લેખાય, તો એ ચતુર જનતની ચતુરતાનો આ-
" પણને પણ વગરમાગ્યે લાભ મળે. એમની સેના ભેગા રહી આપણા
" દીકરા રજપુતાઈની કળા જાળવે તે આનું દૃષ્ટાંત."

" નઠારા અને બળવાન સાહેબો સાથે સામાં થઈ લડવાનું ચાલતા
" સુધી રાખવું નહી. જો તેમનો નાશ ઇષ્ટ હોય તો તેમની સ્વારીના
" ઘોડાની નીચે પેંસી વરાહની કળા વાપરવી. જે સાહેબ વરાહને પોતાના
" ઘોડા નીચે પેંસવા દેવાની ગફલત કરશે તે સાહેબ ઉપર તેના ઉપરીઓ
" બહુ દયા નહી દેખાડે. સામાના ઘોડાની તળે જતા પહેલાં શરીર
" પ્રકટ થશે તો આ કળા રમતાં એ સાહેબના ભાલાની બ્હીક છે તે
" ભુલવું નહી."

" લોભી સાહેબો પાસે સોનાના મેરુ જેવાં દેખાવું. છેટેથી આપણું
" સોનું લેવા આવે, પર્વત ઉપર ચઢતાં થાકે, અને એમ કરતાં આવે તો

" સોનાનો કડકો કાપી પણ જાય ને મેરુનો ઉપકાર માની કામ કરે. પણ
" ભુલ્યે ચુકયે આપણે જાતે "સોનું લ્યો" એમ કહેવું નહી. કારણ એ
" માત્ર સોનાની શોભા જોતો હોય અને આપણે "લ્યો" કહીએ તો
" ફસાઈએ. આપણી શોભા જોઈને જ આપણા પર પ્રીતિ કરે એવા
" સાહેબ પણ હોય છે. તેનીપાસે જોવાના મેરુ થવું."

" સોનાના મેરુ થઈ શકવાની ઉદારતામાં કે કળામાં આપણે ન્યૂન
" હોઈએ તો સામાને આપણું ઘર પઈસાનું ખાલી અને માણસ વગરનું
" શૂન્ય દેખાડવું. આપણી પાસે તેને લલચાવવાને કોડી નજરે જ પડે
" નહી, આપણી ચાડી ખાવાને ઘરમાં કોઈ માણસ દેખાય નહી, અને
" જાતે ઘર શૂન્ય જોઈ જોનાર ચાલ્યો જાય ને આશા રાખે નહી ને થતું
" થવા દે એ પણ એક માર્ગ છે."

" આ છેલ્લી બે કળાઓ ચતુર માણસને વશ કરવાની છે. મૂર્ખને વશ
" કરવા નટ થવું અને નાટક કરવાં—જેમાંના એકને વીરરાવ માખણ
" કહેછે તે."

"સામો સાહેબ ડાહ્યો અને સદ્‌ગુણી હોય તો તેના ઉપર હૃદયમાંથી ભક્તિ
" રાખવી અને બ્હારથી સરખાપણે મિત્ર થવું; હૃદયમાં તેના દાસના દાસ
"થવું, અને જગતની આંખે આપણો મોભો હલકો ન થાય એવો મિત્રાચાર
" પ્રકટ રાખવો. જે લેતાં આવડે તો પૃથ્વીમાં સોનાનાં ફુલની વાડીઓ
" ઠેકાણે ઠેકાણે છે. શૂર, વિદ્વાન અને સેવા કરી જાણનાર તે ફુલો
" ચુંટેછે.* ભણિરાજ, રાજાઓ કાળને રચેછે અને આપત્તિકાળને સ્થાને
" સંપત્તિકાળ કરી નાંખેછે તે આવી કળાઓથી ને આવાં ફુલ ચુંટીને.
" આખો રજવાડો અકબર બાદશાહની સેવા કરતો હતો. સાહેબો મ-
" હાત્મા હોય તો તેમના ભક્ત મિત્ર થવામાં બાધ નથી. બીજી રીતના
" હોય તો દેશ તેવો વેશ કરવો એ રાજાઓનો ધર્મ છે. મમત કરી
" નાશ પામવો પ્રજાને પરવડે, પણ જેની વર્તણુકમાં એ પ્રજાનાં સુખદુઃખ
" રહેલાં છે તે રાજાને મમત પરવડે એમ નથી."

"આ પ્રમાણે જેવો સામો માણસ તેવા આપણે થવું, અને જે કળાથી
" તેની સાથેના વ્યવહારમાં આપણું કલ્યાણ થાય તે કળા વિવેકથી
" વાપરવી, એવું આપદ્ધર્મના પ્રકરણમાં ભીષ્મપિતામહે ધર્મરાજનેજ ધર્મ-
" વચન કહેલું છે. સરકારના ધર્મરાજ્યમાં એમના સાહેબો આપણને આપ-

---

* सुवर्णपुष्पितां पृथ्वीं चिन्वन्ति पुरुषास्त्रयः।
शूरश्च कृतविद्यश्च यश्च जानाति सेवितुम् ॥

" ત્તિમાં આણે ત્યારે ઔપણે પણ કોકિલ, વરાહ, મેરુ, શૂન્ય મ્હેલ, નટ, અને
" ભક્તિમિત્ર એ છમાંથી જે ઘટે તે રૂપ રાખવાનું છે.* આ વૃદ્ધોના મહાન
" અનુભવનું વાક્ય છે. આપણ રાજાઓની તો કાળે કાળે કળાઓ
" કળાઓ. "

" મૂળિરાજ, પ્રારબ્ધ અને દૈવ એ બે વાનાં પ્રજાને માટે છે પણ પ્ર-
" જાનું કલ્યાણ કરવામાં અને રક્ષણ કરવામાં રાજાએ પ્રારબ્ધ ન માનવું
" પણ પુરુષપ્રયત્ન જ માનવો એવું તમારા પ્રધાનનું વચન અક્ષરે અક્ષર
" સત્ય છે. પ્રારબ્ધ માનનાર રાજા નષ્ટ થાય છે. પ્રારબ્ધ અને સંતોષ સ્ત્રી-
" ઓને અને બ્રાહ્મણોને માટે છે. પ્રજાનાં પ્રારબ્ધ રચવાનો ને ફેરવવાનો
" અધિકાર ને ધર્મ રાજાને માટે છે માટે જ તેમાં ઈશ્વરનો અંશ કહેવાય છે.
" મૂળિરાજ, સરત રાખજો કે આપણે તો કાળે કાળે કળાઓ કરવાની
" છે. કાળ આપણા ઘોડા ને કળા એની લગામ ! ! પ્રારબ્ધથી ડરી એ
"લગામ કદી મુકી દેશો નહી! "

અનુભવી અને ચતુર શ્વશુર-રાજના ઉશ્કેરાયલા હૃદયમાંથી, તાકતી આંખોમાંથી, ને સ્થિરધીર મુખમાંથી, નીકળતો આ સૂક્ષ્મ ઉપદેશ જમા-તૃ-રાજ અત્યંત ધ્યાનથી અને એકાગ્ર, ઉત્સાહથી સાંભળતો હતો અને એ બે શત્રુ કુળમાં મૈત્રી રચવાની પ્રતિજ્ઞા લેનાર મૂળરાજ આ ઉપદેશના ઉદ્ગારથીજ પોતાની પ્રતિજ્ઞા સંપૂર્ણ સિદ્ધ થઈ સમજતાં પોતાની રાજ-ભક્તિના વૃક્ષને સફળ થયું માની તૃપ્તિ-સુધા પીતો હતો, તેવામાં પ્રથમ તેમના સ્વાર અને પછી તેમના ઘોડાઓ મલ્લરાજના પુત્રના મ્હેલના બાગના ભવ્ય દરવાજમાં ખોંખારતા ખોંખારતા પેઠા—તેની સાથે ભાગ્ય-શાળી મલ્લરાજની પવિત્ર ચતુર અને ઉદાર રાજનીતિનો આ કાલ એ ત્રણે જણના હૃદયમાં ઉદય પામ્યો. એ કાલને પુષ્પે પુષ્પે લખેલું હતું કે સાત્વિક રાજનીતિનો પોષક ધર્મરાજ જીવતાં સ્વર્ગ ભોગવે છે, અને પાછળના રાજાઓ અને તેની પ્રજાઓ, એવી સગર્ભ રાજનીતિનાં પુણ્ય ફળને ભોગવી, એવા ધર્મરાજના અમર આત્માને અમરશ્રેયસ્કર ગતિ આપેછે ને ક્ષીણે પુણ્યે મૃત્યુલોકે વસન્તિ એ શાસ્ત્ર આ અક્ષય્ય પુણ્યવાળા મહારાજને કદી અડકવા પામતું નથી.

---

* कोकिलस्य वराहस्य मेरोः शून्यस्य वेश्मनः ।
नटस्य भक्तिमित्रस्य यच्छ्रेयस्तत् समाचरत् ॥
शांतिपर्व.

પ્રકરણ ૫

નવરાત્ર.

किमिन्द्रजालमधुराणां मण्डनं नाकृतीनाम्

મધુરાં આકૃતિને જે અડકે તે તેના શૃંગારરૂપ થઈ જાય છે

કાલિદાસ.

विश्रम्य विश्रम्य तटद्रुमाणाम्
छायासु तन्वी विचचार काचित्
स्तनोत्तरीयेण करोद्धृतेन
निवारयन्ती शशिनो मयूखान् ॥

શૃંગારશતક—ભર્તૃહરિ.

નવીનરૂપ ભાષાંતર— "કોઇએક સુંદરી, નદીના તટ ઉપર ઝાડ ઝાડે તેની છાયામાં વીસામો લેતી લેતી ચાલતી જાય છે, અને દૂર આકાશમાંના ચંદ્રનાં કિરણ પોતાના હૃદયભણી આવેછે તે હૃદયમાં પેસતાં અટકી શકે એવું હોય તેવા, પોતે પહેરેલા સૂક્ષ્મ વસ્ત્રનો જે છેડો એ કિરણ અને એ પોતાની છાતી વચ્ચે [illegible] હતો તે કોડાને હાથવડે ઉંચો કરી કરી, ચંદ્રનાં એ કિરણને અટકાવ પ્રાણથી દૂર કરવા પ્રયત્ન કરતી જાય છે!"



"હુલારા! મધુરા મ્હારા હુલારી!—દેખ દેખ યહ મૈયાકા ખેલ"—એવું બોલતી બોલતી બેટની બાવી ઝુંપડી બ્હાર આવી અને ચૈત્રમાસને સાયંકાળે સમુદ્રના સામું જોતી માતાના ઓટલા ઉપર બેઠેલી બાળાને પાછળથી બાઝી પડી અને નીચી વળી ચુમ્બન કરી એની સુંદર આંખો સામું જોઈ રહી.

"ચંદ્રાવલી બ્હેન? હું માજીનું ઘણું ધ્યાન ધરું છું, પણ હૃદયનો પુરુષ હૃદયમાંથી બ્હસતો નથી." બ્હાના કરપલ્લવવડે આંખનાં આંસુ લ્હોતી લ્હોતી બાળા બોલી અને સમુદ્ર સામું જોઈ રહી.

"બેમાંથી કોયો પુરુષ બ્હસતો નથી?" જોડે બેસી ચંદ્રાવલી પુંછવા લાગી.

"જે પુરુષની સાથે સંસ્કારથી હું ચોરીમાં જોડાઈ હતી તે પુરુષ તો
"મ્હારા મરણ-ભાનથી સુખી થશે. એટલો મને માજીના ધામમાં આવ-
"વાથી જંપ છે. પણ જે મહાત્મા મને પોતાના સંસારમાંથી છુટી કરી પો-

"તાના હૃદયમાંથી છોડતો નથી તેને મ્હારું કૃપણ હૃદય પણ છોડી શકતું
" નથી. અરેરે ! મ્હારે કર તાટ અર્થે વદનાનો ત્યાગ કર્યો, [illegible]
" ત્યાગ કર્યો, અને મ્હને પણ ત્યાગ કર્યો. હવે તો માળીનું તેજ મ્હારા
"હૃદયના આ અંધારને નષ્ટ કરે તો હું રાંક પુરી જંપું." બોલનારીના
હૃદયમાંથી ઉંડો નિઃશ્વાસ મુખની વાટે નીકળ્યો.

પ્રિય વાચનારા આ બોલનારીને તું ઓળખી હશે. બાવી ચંદ્રાવલીના પ્રયાસથી હુએલી કુમુદસુંદરીનું શરીર હાથ આવ્યું હતું, એના ઉપચારથી એ જીવી હતી, અને ચાર દિવસ થયાં એના મનનું સમાધાન કરવાને પણ એજ બાવીની પ્રીતિ મચ્યતી હતી. કુમુદનાં સંસારસંસ્કારી ભીનાં વસ્ત્ર તદીએ નાંખી દેઈ માતાની પ્રસાદીની આછી હીરાગળ ચુંદડી એને પહેરાવી હતી તે અશ્રિમ સમુદ્રની લહેરોથી ફરફર ઉડતી હતી અને દુઃખી બાળકીની સુન્દર નાજુક શરીરવલ્લરી એવા રંગથી પણ વધારે સુંદર પ્રિય લાગતી હતી. એની સર્વ વાતો ચંદ્રાવલીએ સાંભળી લીધી હતી. માત્ર પ્રમાદધન અને સરસ્વતીચંદ્રનાં નામથી તેમ પોતાનું અને માતાપિતા અને શ્વશુરકુટુંબના નામથી કુમુદે એને અજાણી રાખી હતી અને તેને માટે ચંદ્રાવલીની ક્ષમા માગી લીધી હતી. સટે ચંદ્રાવલીએ એનું નામ મધુરી પાડ્યું હતું. દયા અને વહાલ આણી ચંદ્રાવલીએ કુમુદને શાંત કરવા માંડી.

"મધુરીમૈયા ! આ બેટમાં આવતા પહેલાંનું પાણી આ સ્વર્ગનું દ્વાર સમજ, અને એ દ્વારમાંથી આ માળીના ધામમાં તું આવી ત્યાંથી મૃત્યુલોકનો તેં ત્યાગ કર્યો એમજ તું સમજ. જેવો એક પુરુષ તહારા હૃદયમાંથી ખસ્યો તેવો જ બીજો પણ ખસશે એટલી માળીના ઉપર શ્રદ્ધા રાખ."

કુમુદના મુખ ઉપર સંધ્યાકાળની છાયા પડતી હતી તેવીજ એના હૃદયની પણ છાયા પડતી હતી. કાંઈ ઉતર દીધા વિના, પાછળ ઉગતા ચંદ્રની કૌમુદી, આગળ સમુદ્ર ઉપર, ચાદર પેઠે પથરાતી હતી તેટલુંજ એ જોઈ રહી.

ચંદ્રા૦—"બ્હેન મધુરી ! આ જોઈ ચંદ્રની પ્રભા ? પાછળ આ
" ચંદ્ર તો જો !"

" શું ચંદ્ર મ્હારી પાછળ છે ?" ભડકીને કુમુદે પાછળ જોયું, અને ચમકી જાગી પાછી આગળ દૃષ્ટિ કરતી ભ્રમર ચ્હડાવી ગાવા લાગી.

" किमसुभिर्ग्लपितैर्जड मन्यसे
" मयि निमज्जतु भीमसुतामनः ।
" मम किल श्रुतिमाह तदर्थिकाम्
" नलपरामपरो विबुधः स्मरः ॥[1]

બોલતાં બોલતાં એના મુખ ઉપર લજ્જાનો રંગ ચ્હડ્યો. શાંત પડી પાછી બોલી: " ચંદ્રાવલી બ્હેન ! નળનું મન ઉછાળવાની શક્તિને માટે " દમયંતીની દેવતાઓએ સ્તુતિ કરી હતી તેવી જ પોતાનું મન ઉ- " છાળવાની શક્તિને માટે આ પુરુષે મ્હારી સ્તુતિ કરી હતી. આવું " છતાં એણે મને મ્હારા હિતને માટે છોડી. કૂહો વારુ એ તે સં- " સારી કે જોગી ? હું પણ હવે એના હૃદયની પવિત્રતાને અનુસરી, " એના વિચારને છોડી, માજીના ચરણ-સ્પર્શમાં ચિત્ત પરોવીશ."

ચંદ્રા૦—" ધન્ય, બેટા ! ધન્ય છે. માજીના ચરણ આ મ્હડીમાં " છે તેટલા જ ન સમજીશ. એ ચરણ આખા વિશ્વને રોકે છે અને " માજીની દીકરીયોના હૃદયમાં સમાય છે. માજીની જે મૂર્ત્તિ આપણે " સેવીયે છીયે તેતો તેમના યોગને માટે. પણ માજીનો સ્વરૂપનું જ્ઞાન " જોઈયે તો તેમને અન્ય સ્વરૂપે સમજવામાં છે. જ્યાં જ્યાં સ્ત્રીલિં- " ગથી નામ છે અને શક્તિ કાર્યથી આકાર છે તે તે સર્વ સ્થાને " માજીના સાકાર સ્વરૂપનું જ્ઞાન પામી જા. જ્યાં જ્યાં એ નામરૂપની " કારણશક્તિ છે ત્યાં ત્યાં માજીના નિરાકાર સ્વરૂપને જોઈ લે. મા- " જીની મૂર્તિના એકાગ્ર યોગથી તું સંસારને ભુલી જઈશ. એના નિ- " રાકાર સ્વરૂપને પામી તું એના પદને પામીશ, અને તહારા હૃદયમાં " શક્તિ આરૂઢ થશે. તે પછી સંસારમાં જ્યાં જ્યાં તહારી દૃષ્ટિ " પડશે ત્યાં એના સાકાર સ્વરૂપનો અનુભવ તું કરીશ અને સર્વત્ર " મહાલક્ષ્મીનાં દર્શન કરીશ."

આ ઉપદેશ સાંભળતાં સાંભળતાં ફરી કુમુદસુંદરી સમુદ્ર ભણી જોઈ રહી અને ઉત્તર દેવાનું ભુલી ગઈ. ચંદ્રાવલી તેને બીજો વિનોદ આપવા લાગી.

" બેટા, હાલ માજીનાં નવરાત્રિ ચાલે છે અને થોડીક વાર પછી " સુરગ્રામની સ્ત્રીયો ગરબાનાં દર્શન કરવા આવશે. આપણે ગરબો " પ્રકટી મુકેલો છે તેની પાસે બેસી સહુ માજીનો ગરબો ગાઈશું, " અને તેમાં એના શુદ્ધ સ્વરૂપને પ્રતીત કરીશું."

---

૧ નૈષધ.

" ચંદ્રાવલી બ્હેન, હું તે પ્રસંગે જરુર અંદર આવીશ. ત્યા
" ધીમાં બ્હાર આ સમુદ્રનાં મોજાંમાં નાચતી ચંદ્રનીથી અને ત
" થઈને આવતા પવનથી મ્હારું મન જરી શાંત કરી લેઇશ. એ
" ગરબે આવનારાં પાસે હું ઉપદ્રવરૂપ થાઉં નહી. એ બ્હેન, હું
" મને બહુજ કંટાળો છું—બ્હરી ?" દયામણે મુખે કુમુદ પાછું બ
બોલી.

" માજીના ધામમાં આવી દીકરીઓ પોતાની વરાળ કુહાડે એ
" તેમનો અધિકાર છે. વારું, બેટા મધુરી, પણ તું કાંઈ ગ
" લાગીશ ?"

" શા વાસ્તે ન ગાઉં ? પણ મને તો મ્હારા હૃદયની કથાના
" ઢાળ ગાતાં આવડશે અને એમાં તો પુરુષની વાત આવે તે મા
" કુંડું ન પડે?"

નાક નીચે બે આંગળીયો ધરી, થોડી વારે તેને કુમુદના સામી ધ
ચંદ્રાવલી કુહેવા લાગી: " બ્હેન, આ બેમાંથી એક આંગળી ગ
જોઈએ !"

ધીરે રહી કુમુદે એક આંગળી ઝાલી.

" ચાલ બ્હેન; માજીની આજ્ઞા આવી. તહારે ગાવું હોય તે ગા
" ત્યારે તમે બન્ને હું અંહીં બેઠી બેઠી ગોળી મુકાશ."

ચંદ્રાવલી મ્હડીમાં ગઈ અને કુમુદ એકલી પડી. મ્હડીમાં સ્ત્ર
એકઠી થતી હતી અને તેમના પરસ્પર મિશ્ર સ્વર બ્હાર આવતા. સ
સમુદ્રનાં ઘહડતાં અને ફીનારા સાથે અથડાતાં મોજાંના ઘડીયે ઘ
થતા પછાડાની ગર્જના એ સ્વરોને પોતાનામાં મેળવી દેતા હતા.
દના કાન આગળ આ તોફાન થતું હતું અને ચિત્તને શાંત કરવા પ્ર
કરતું હતું. સંસારની વિચિત્ર ગર્જનાઓમાંથી છુટી શાંત સ્થા
આવેલીના કાનમાં આ મોજાંઓના ઉછાળા અને ગર્જનાઓ અ
પણ પ્રિય અક્ષરનો સેક કરતાં હતાં અને તેમના અભિષેકથી આ
તહાડકે એના હૃદયાગ્નિના અંગારાને ઠરાળીવી નાંખ્યા અને તે અં
રાને સ્થાને સૂક્ષ્મ ઉષ્ણ ભસ્મ રહી. જડ સૃષ્ટિના તોફાને મનુ
ષ્ટિના ઉદ્વેગને શાંત કર્યા.

થોડીક વારે કુમુદ કંઈક ટટ્ટાર થઈ અને મસ્તક ઉંચું કરી
દૃષ્ટિ ફેરવવા લાગી. પાણી ઉપર ચંદની ફરી વળતી હતી અને દૂ

સંધાતાં મોન્જમાં એનો પ્રકાશ અંદર સરી જતો હતો, ભાગતો હતો, સંધાતો હતો, અને વાંકોચુકો થતો હતો. છતાં ચંદ્રની એવી ને એવી કોમળ સુંદર લાગતી હતી. ઉંચી થતી આંખ એ દશાને જોવાં લાગતાં કુમુદને પ્રીતિચંદ્રિકા જેવી, સુન્દરતાની મૂર્ત્તિ જેવી, અને કોમળતાના આત્મા જેવી, પોતાની સાસુ સાંભરી આવી.

" અરેરે ! મ્હારા જેવી કૃતઘ્ન કોઈ નથી. સમુદ્રનાં મોન્જાં જેવ
" સુખદુઃખમાં તુટતા સંધાતા કાળજાંને આ ચંદ્રિકા જેવું જ સુંદર
" કોમળ રાખનાર મ્હારાં પૂજ્ય સાસુજી તો જગતમાં એક જ જન્મ્યાં છે.
" એમની પ્રીતિનો બદલો વાળવાનો તો રહ્યો, પણ આ મ્હારા કૃત્યથી
" એમના હૃદયને કેટલો શોક થયો હશે ? એમના કોમળ સ્વભાવ ઉપર
" કેવો ઘા પડ્યો હશે ? એમની વત્સળતાને કેટલું ઓછું આવ્યું હશે ?
" એમને જીવવું કેવું અળખામણું થઈ પડ્યું હશે ? એમનો દિવસ કેમ
" જતો હશે ? એમને રાત્રે કેવા ઉજાગરા પડતા હશે ? ધ્રિગ્ધિરે એમના
" જેવા સુપાત્રમાં મુકેલા સૌભાગ્યકુંકુમમાં હું દુષ્ટાએ દુર્ભાગ્યનો કો-
" યલો નાંખ્યો ! એમના જેવાં ઉદાર અને મ્હોટા હૃદયનાં સાધુજનને
" મ્હારા જેવી કાળી નાગણે દંશ દીધો ! એમનાં જેવાં જગદમ્બાનો
" મ્હેં પાપણીએ તિરસ્કાર કર્યો ! ઓ ગુણીયલ ! તું મ્હારી મા છે
" પણ મ્હારાં દેવી તો તહારા સ્વપ્નમાં પણ ન આવે એટલી મને ગણે
" છે અને ઢાંકે છે! એમનું કર્યું તહારાથી કદી થવાનું નથી. મ્હેં એ-
" મનો એવો અપરાધ કર્યો છે કે—ગુણીયલ, તહારે મ્હારું મ્હોં પણ
" ન જોવું જોઈએ. પણ આવા સહસ્ત્ર અપરાધોને અંતે હું જો
" મ્હારી રાંક દેવી પાસે જાઉં તો એમના જીવમાં જીવ આવે ને મને
" છાતી સરસી ડામે ! અરે, એમણે પેટના દીકરાને કે દીકરીને ગણ્યાં
" નથી એટલી મને ગણી છે. ઓ પરમેશ્વરી ! હું તહારે
" ખોળે પડી છું તે મને કંઈ એવો માર્ગ દેખાડ કે હું રંકને હાથે
" લાગેલું એ દેવી-રત્ન પોતાનું તેજ ન ખુવે. મને માર્ગ સુઝતો
" નથી. મને શું સુઝ્યું ? મને તે બ્હારવટીયે નદીમાં ખેંચી લીધી કે
" હું જાતે પડી ? હું જાતે જાણી જોઈને પડી કે વિચારમાં ને વિચારમાં
" પડી ગઈ? વિચારમાં પડીને પડી કે રેતી સરીને પગ સરી ગયો ?
" મને કાંઈ સાંભરતું નથી, સુઝતું નથી, સમજાતું નથી, અને મ્હારાથી
" કંઈ કલ્પાતું પણ નથી."

ઘડી વાર નીચું જોઈ રહી વળી ઉંચું જોયું ને પવનની લ્હેરો જોરથી સમુદ્રપર અથડાતી સાંભળી, ને કુમુદ બોલી ઉઠી.

" અલકબ્હેન ! અલકબ્હેન ! આમ શું કરેછો ! તમે મ્હારે માટે
" કેટલું કલ્પાંત કરી મુકયું હશે તે આ જોઉંછું ને જાણી જઉંછું.
" પણ તમે તમારા ભાઈની સાથે મ્હારી બાબતમાં લલ્લડશો નહી હો !
" હું જાણું છું–કે–લલ્લાવિના તમારાથી રૂહેવાવાનું નથી, પણ હવે
" એમને બીચારાને સુખે જંપીને બેસવા દેજો. મ્હેં એમના સુખનો
" માર્ગ મોકળો કરવાને જ આ કરેલું છે."

" ને કરંતો મન્દ ધુંધાટ ભર આનન્દશું,
" ફેંકી તરંગો મુજ ભણી ધીમે ધીમે નાચંત શું ? "

" કુસુમમાળાની આ કડી મ્હેં સમજાવી તહારે અલકબ્હેને એમજ
" કર્યું હતું—ને એટલામાં પિતાજીએ બારીમાં ડોકીયું કર્યું કે બ્હેન
" શરમાઈ ગયાં હતાં."

" અહો પૂજ્ય પિતાજી ! ઉન્નગરા કરી કરી, શિરસટ્ટાનાં જોખમ વ્હોરી
" વ્હોરી, તમે કીનારે આવ્યા ત્યાં મ્હેં તમને હુણાડ્યા જેવું જ કર્યું !
" તમારું મહાન્ ઘર મુકી હું અહીંયાં આવી ને તમારા પવિત્ર યશને
" લાંછન લગાડ્યું ! મ્હેં અભાગણીએ તમને લાજ લગાડી ! તમને
" હુણાડ્યા ! "

તે નીચું જોઇ રહી. થોડી વારમાં એનું મન પાછું ચસકયું ને બીજે સ્થાને દોડ્યું.

" સરસ્વતીચંદ્ર ! શું તમે હુબશો જ ! શું તમે હતા તે સ્થાને નહી જ
" જાવ ! શું તમારા દુર્ભાગ્યની હું સાધન જ થઈ ? "

" ક્રોધને નામે કોઈ તરે છે, કોઈ હુબે ને હુણાડે !
" હું ચાણ્ડાલિની હુણું હુણાઉં ! જ્યાં જઉં ત્યાં હાડે હાડે !
" લક્ષણવતીનાં ચરણ અડકતાં નવપલ્લવ કોઈ વેલી થતી,*
" હું જ અમંગળ શ્વાસ લેઉં ત્યાં લાંલી વેલીંયો બળી જતી !
" શાને જન્મ દીધો મુજને, ? પત્થર હું નહીં પેટ પડી !
" મરણ શરણ પણ ન લખ્યું લલાટે ! પનોતી હું તુજ લોહ તણી ! "

અત્યારે અર્ધચંદ્ર મધ્યાકાશમાં આવ્યો હતો. ધોળી ધોળી વાદળીયો ક્વચિત્ તેની આશપાસ તો ક્વચિત્ તેના ઉપર થઈને ચાલી

---

* લક્ષણવતીનાં પાદપ્રહારાદિથી અશોક વગેરે સપુષ્પ થાય છે એવી બ્રાહ્મણ કવિઓની કલ્પના છે.

જંતી હતી અને તે પ્રસંગે વાદળીયેા વચ્ચે થઇને ચંદ્ર સામેા ધસતે। દેખાતેા હતેા. માત્ર તેના અને તારાઓના અને તેમના અંતરથી જણાતું હતું કે આ દેખાવમાં ખરેા વેગ તેા વાદળીયેાનેા છે—ચંદ્રનેા નથી.

આણી પાસ આકાશમાં ચંદ્રની આ સ્થિતિ હતી તે કાળે એના પ્રકાશથી સમુદ્રપર આઘે એક વહાણ ઉંચું નીચું થતું દેખાતું હતું. એ ચંદ્ર અને એ વહાણ ઉપર વારાફરતી દૃષ્ટિ ફેરવતી બાળા ઉભી થઈ.

" આકાશમાં ચંદ્રને વાદળીયેા ડુબાડે છે અને સમુદ્રમાં વહાણને
" વાદળીયેા જેવાં મેાજાં ડુબાડે છે. શું તેમને આ સદ્ભાગ્ય છે અને
" મને નથી? આમને આમ સમુદ્રમાં હું ચાલી જઉં તેા મને કેાણ
" અટકાવનાર છે?"

બ્હીતે બ્હીતે કુમુદે આગળ પાછળ દૃષ્ટિ ફેરવી. એની આંખમાં ચંદ્રનું પ્રતિબિમ્બ ચળકતું હતું અને સાગરનું પ્રતિબિમ્બ સમાયું હતું. એ આંખમાં બીજી કાંઈ ચીજ પેંસી શકી નહી. એણે શૂન્ય ફીકું હાસ્ય કરવા માંડ્યું.

" હું હું હું હું! હવે હું એકાંતમાં છું. શેલી જેવા રસિક કવિને સમુ-
" દ્રમાં સુવાનેા અભિલાષ હતેા તે ઈશ્વરે પુરેા પાડ્યેા—સરસ્વતીચંદ્રે જ
" તે વાત મને કહી હતી. હું રાંક અબળા હેાડી ક્યાંથી લાવું? પણ
" વિશ્વંભર છે તે મ્હારા સામું પણ જુવે છે."

એ જરાક આગળ ચાલી અને પગની પ્હાનીએ પાણી અડકયું.

" હા! જરાક આગળ ચાલીશ કે પાણી ઢીંચણસુધી આવશે. જરીક
" આગળ જઈશ કે કેડ સુધી આવશે. જરીક આગળ બસે—ને
" પછી—માથા ઉપર પાણી ફરી વળશે ને દુઃખી કુમુદ હતી ન હતી
" થઈ જશે! બીચારી ચંદ્રાવળીના થેાડાક ભિક્ષાન્નમાં ભાગ પડાવવાનું
" મ્હારે માથે બાકી હતું તે પાપ લીધું. હવે સર્વ પાપ અને સર્વ
" દુઃખમાંથી મુક્ત થવાનેા વારેા આવ્યેા. માજીના મંદિરમાં આવી ને
" માજી માર્ગ દેખાડે છે. આણી પાસથી તણાઈ ત્યારે બેટ સાથે
" અથડાઈ; પણ હવે આ સમુદ્ર ભણી તેા બેટ નથી જ. દિવસે તણાઈ
" તે બધાંયે દીઠી ને ઉગારી; પણ આ અન્ધકારમાં તેા કેાઈ જુવે એમ
" નથી જ!"

કુમુદસુન્દરી હવે પાણીની કીનારી આગળ પગ પલાળી ઉભી, કચ્છ માર્યેા, કેડે ચુંદડીની ગાંઠ વાળી, અને માતાના મન્દિર ભણી પાછું મુખ

કરી; પાછી વળી, અને આકાશ ભણી જોતી હાથ જોડી નમ્ર સ્વરે બોલવા લાગી.

"ઈશ્વર અને ઈશ્વરીને નામે જેને જગત જાણેછે તે ઓ માજી! આ
"સંસારમાં તમે મને જન્મ આપ્યો, મને ક્ષણવાર મહાત્માનો આસંગ
"કરાવ્યો, અને અંતે તમે મ્હારા મનમાં એવી શ્રદ્ધા ઉત્પન્ન કરી છે કે
"તેમની તો શું પણ કોઈની કૃપાને હું પાત્ર નથી અને આ તમારી પવિત્ર
"સૃષ્ટિમાં રહેવાને હું રંક અનાથ બાળામાં યોગ્યતા પણ નથી અને શક્તિ
"પણ નથી. તો, માજી, હવે હું તમારાં નિરાકાર ચરણારવિન્દને પામવાનો
"પ્રયત્ન કરુંછું તેમાં નિરાશ ન કરશો. જનતે દેહ છોડવો એ લોકમાં પાપ
"ગણાય છે; એનું ફળ કષ્ટ ગણાય છે. પણ, મ્હારા જેવીને આ સં-
"સારમાં રહેવું જેટલું કષ્ટ ભરેલું છે એવું કષ્ટ કોઈ પણ નરકમાં નહી
"હોય—અને—માજી, સંસાર અને તમારા મન્દિર વચ્ચે યમરાજનું
"ધામ છે તો ગમે તેવું પણ એ ધામ તમારા મન્દિરની પાસે છે એટલે।
"તમારી પાસે આ સંસાર નથી. માજી, નથી! નરકમાં પડ્યા પછી
"માણસને કપાળે વધારે પાપ કરવાનું લખેલું નથી. ત્યાંથી તો શિક્ષા
"પુરી થતાં તમારી પાસે જ આવવાનું, માટે માજી! હું એ દુઃખ
"બમીશ અને તમારી પાસે આવીશ. માજી! મને એટલું ધૈર્ય આપો—
"એટલી મ્હારી છાતી ચલાવો."

"માજી, હું દુઃખી છું, અધમ છું, પાપી છું, મ્હારો કોઈને ખપ નથી,
"હું તમારી પાસે આવવા આતુર છું—મ્હારે આ સંસારમાંથી છુટકારો
"જોઈએ છીયે. માજી, સહસ્રવાર ક્ષમા માગુંછું, સહસ્રધા આશ્રય
"માગું છું, અને હવે મ્હારાં દુઃખનો અંત આવ્યો સમજું છું."

દક્ષિણ દિશા ભણી ફરી અને ઉભી. આઘેની ઉંચી ભેખડો અને તે ઉપરનાં ઝાડો અન્ધકારના પર્વત અને તેનાં શિખર જેવાં જણાતાં હતાં. યમરાજની એ દિશાને નમસ્કાર કરતી કરતી બોલી.

"પાસે છે જ પ્રકાશ, આઘે છે અન્ધકાર,
"જીવન આ, એ પડદો મરણનો! પાસે૦
"પાસે છે સંસાર, આઘે એ યમરાજ,
"દુખ છે સંસાર, સુખ યમગૃહ! પાસે૦
"ક્રૂર છે આ સંસાર, દયાળુ યમરાજ,
"અશરણશરણ યમ! નમો નમો! પાસે૦
"યમ! છો ધર્મરાજ, તમથી હું છું સનાથ,
"ધર્મરાજ, મને લ્યો ઉપાડીને! પાસે૦"

ઉત્તર દિશા ભણી ફરી; રત્નનગરી એણી પાસ જ હતી. એ નગરીને અને માતાપિતાને સંભારતી રોવા લાગી અને ઓડે આંગળી અરકાડી બોલવા લાંગી.—

" ઉત્તરમાં છે તમ વાસ, વ્હાલાં માતા ને તાત !
" છેલા કરું છું પ્રણામ—છેલા કરું છું પ્રણામ !
" વ્હાલાં માતાપિતાને નમું !
" મ્હારા વ્હાલા ઓ તાત ! મ્હારા વ્હાલા ઓ તાત !
" છેલા કરું છું પ્રણામ ! છેલા કરું છું પ્રણામ !
" ધર્મધીર છો ! કુમુદને ભુલજો !
" મ્હારી વ્હાલી ઓ માત ! મ્હારી વ્હાલી ઓ માત !
હૈયું ફાટશે, ઓ માત ! હૈયું ફાટશે ઓ માત !
" તમારું સંભારી રાંક કુમુદને !
" માડી ! કરજે તું માફ ! માડી ! ત્યજજે સંતાપ ।
" મ્હારો દુખીયારો બાપ, કુંળા હૈયાનો બાપ ।
" મને ભુલી એને ધૈર્ય આપજે !
" એકલી અ.. જાણી આજ, ભુલી ભટકતી આજ,
" મુકી માતાને તાત રોતાં હૈયા રે ફાટ !
" કુમુદ થાય છે જળશાયિની !
" મ્હારા વ્હાલા ઓ તાત ! મ્હારી વ્હાલી ઓ માત !
" આંસુ જશે ચોધાર, રોશો હૈયા રે ફાટ,
" મોઈ દીકરી ! બીજી વાર નહી મરે !
" માડી કરજે તું માફ ! માડી ! ત્યજજે સંતાપ !
" મ્હારો દુખીયારો બાપ ! કુંળા હૈયાનો બાપ !
" ભુલી દીકરી ભુલાઈ ના જશે ! "

આટલું બોલતાં બોલતાં, રોતી, કકળતી, આંસુથી ન્હાતી, શરીરે શીત આવ્યાથી ધ્રુજતી, કુમુદ કીનારાના છાછર પાણીમાં પડી ગઈ, અને પાણી ઉપર કોમળ કાયા અથડાયાથી સમુદ્રની છાલક ઉંચી ઉડી અને એ જડ જળનિધિને પણ દયા આવી હોય અને તેનાં આંસુ ચારે પાસ છંટાયાં હોય એમ થયું.

કુમુદ જાગી હોય તેમ પાણી વચ્ચે પાછી ઉભી થઈ અને, આંસુ લ્હોઈ,

દશે દિશાએ દૃષ્ટિ કરતી કરતી ચાલી. આગળ પગલાં ઉપાડવા માંડ્યાં, બે હાથ છાતીએ મુકયા, અને વળી જરીક ઉભી રહી, ઓઠ કરડી, બોલી:

" હવે, માજી મને સહાય થયાં અને યમરાજે મ્હારો હાથ ઝાલ્યો ! હવે
" મ્હારી છાતી ચાલવા લાગી ! હવે મ્હારો છુટકારો નક્કી થયો !

" ચળકે ચંદ્રનું સઘળે તેજ,
" ગાજે સાગર ચારે મેર ।
" વચ્ચે એકલીં ઉભીં હું નાર !
" જડે નહી સુખ-સરજનહાર.
" બની ઘેલીં દેખી સંસાર,
" ત્યજવા એને હું થઈ તયાર;
" પીયુ જોઈ વિરહિણીં રાચે જેમ,
" નીર ખું મરણ ઉમંગે તેમ.
" ચહું ઉમંગની લ્હેરે આજ.
" સજ્જ થયો મુજ સુખનો સાજ.
" છોડું તાત ને છોડું માત,
" ગુણીયલ મ્હારી ! કરજે માફ.
" તુજ પેટે ધરીને અવતાર,
" કુખ લજવીં તહારી મ્હેં, માત.
" જમ ! આ જગત થકી છોડાવ !
" ભાર જીવવાનો ઉતરાય !
" આ સંસારથીં ધસડી જાવ—
" પછી ગમે ત્યાં જમ લઈ જાવ ! *
" લહાવો લેવો, ત્યજી સંસાર,
" તો શો સ્વર્ગનરકમાં ભાર ? "

---

* Mad from life's history,
Glad to death's mystery
Swift to be hurl'd
Anywhere ! anywhere,
Out of the world !

Hood's Bridge of Sighs.

" પ્રિય સરસ્વતીચંદ્ર ! મરણમાં તમારા હૅમ્લેટ્ જેવી બ્હીક મને
" લાગતી નથી !

" જીવ્યું જોઈ ગાંડી થઈ હું તો,
" મરણપર મોહી પડી છું હો ! જીવ્યું૦
" જીવ્યું મુજ જાવું જડે કંઈ તો
" નરકમાં યે સુખ વિશેષ જ હો ! જીવ્યું૦
" અમુઝણ છોડી, છુટાય જ, તો,
" મરણ પછી પન્થ ગમે તે હો ! જીવ્યું૦
" આંખો મીંચી જાવું ગમે ત્યાં હો !
" બાપુ જમ ! ધસડ ગમે ત્યાં જો ! '

તેનો સ્વર બંધ થઈ ગયો. ધીરે ધીમે પણ સ્થિર પગલે હવે તે આગળ ચાલવા લાગી. તેની દૃષ્ટિ સામે જ જોઈ રહી હતી; આગળ, પાછળ, ઉંચું કે નીચું, જોતી તે બંધ રહી. તેના પગને સામેથી મોજાંનાં ધસારા અટકાવી ન શકયા, તેમ પાછાં વળતાં પાણીના હેલારાથી તે ધકેલાઇ પણ નહી. એની ગતિ હવે એની પોતાની જ હતી અને તેની સ્વતંત્રતાને વધારવા ઘટાડવા જગત અશક્ત નીવડ્યું. એની આંખમાં આગ્રહનો આવેશ-તેજ ધરી રહ્યો અને દાંતની હારેએ કોમળ પાંદડાં જેવા બે ઓઠને કરડી કુણજે રાખી લીધા. નવી જન્મેલી હાથણીની પેઠે નાજુક કુમ્ભ, સ્થળ આગળ કરી એની છાતી એના કોમળ પગને ખેંચવા લાગી. શરીર અને મનને બળવાન સાંકળથી બાંધી બાળા આમ આગળ ચાલવા લાગી અને એની સત્તા અપ્રતિહત થતી લાગી ત્યારે માત્ર એના આંસુએ એની આજ્ઞા પાળવા ના પાડી, અને એ આજ્ઞાને બળે પડેલાં આંસું સુકાવા પામતાં તે પહેલાં એ આજ્ઞાનો તિરસ્કાર કરી નવાં આંસુ આગળ ધસી આવતાં હતાં, અને આંસુના પ્રત્યેક બિન્દુમાં સરસ્વતીચંદ્રની છબી જોતી જોતી એ ચાલી.

પાછળના ચંદ્રના તેજથી કુમુદસુંદરીની છાયા સમુદ્ર ઉપર આગળ પથરાઈ હતી. આગળ છાયા અને પાછળ બાળા એમ બે જણ વાધવા લાગ્યાં તેમ તેમ શરીર પાણીમાં સંતાતું હતું, બ્હારથી ઘટતું હતું, અને છાયા ચળકતાં મોજાંમાં નહાની મ્હોટી થતી કુદતી હતી.

કેડ સુધી કુમુદસુંદરી ડુબી. તેની કોમળ છાતીને પાણીની છાલકો વાગવા લાગી, અને વાગવા લાગી તેની સાથે જ તેના કાનમાં નવીન

સ્વર આવવા લાગ્યો. અનાહત નાદ તો તે ન હતો; કારણ આ સ્વર બહારથી આવતો હતો. મનુષ્યનો સ્વર તે ન હતો, કારણ કોઈ મનુષ્યનો સ્વર સાગરના ઘુઘવાટ આગળ સંભળાય એમ ન હતું. પળમાં એ સ્વર આકાશમાંથી ચંદ્રની ચાંદની પેઠે સરી પડતો હતો; પળમાં તારાઓમાંથી ઝરતો હતો; પળમાં છેટેના અંધકારમાંથી આવતો હતો; પળમાં પવનની લહેર ઉપર નાચતો હતો; પળમાં પાછળથી આવતો હતો; પળમાં સમુદ્રનાં આઘેનાં ઉંડાં અગાધ પાણીની અંદરથી રસાતળને ફોડીને બહાર આવતો હતો; અને પળમાં સમુદ્રની ગંભીર ઉંડી ગર્જનાને ભેદીને આઘે ઉંડાણમાં કોઈ ગાનારનું ગાન સંભળાતું હોય એમ એ સ્વર આવવા લાગ્યો. એ સ્વરનું એ ગાન, એ સ્વરરૂપ એ ગાન, પળમાં કુમુદના કાનમાં પેંસવા લાગ્યું; પળમાં પાણી નીચે થઈને, એનાં પગમાં થઈને, એના શરીરમાં ચમકવા લાગ્યું; પળમાં એના શોકમ્લાન પયોધરમાં ઉભરાવા લાગ્યું; પળમાં એના હૃદયમાં ધબકારા કરવા લાગ્યું; પળમાં કણ્ઠમાં ગ્રહણ—ઉતર કરવા લાગ્યું; પળમાં એના ઓષ્ઠને અને નાસિકાને સ્ફુરાવવા લાગ્યું; એની આંખની કીકીયો, કપાળ, અને મસ્તક ત્રણે સ્થાને વીંઝાવા લાગ્યું. એ ગાનને વશ થઈ, એ ગાન સાંભળવાની ધુનમાં ને ધુનમાં, એ આગળ ચાલી, અને સતારના સર્વ તારમાં રણકારા થઈ રહે તેમ અંતર્બાહ્ય સર્વ સંસારમાં આ ગાનના ચમકારા થવા લાગ્યા.

" ધીમી ધીમી ચાલી તું તો કરવા તહારું કામ !
" માજીની ઇચ્છા એવી છે કે પાછી હવે તું આવ ! ધીમી૦.
" દીકરી, તહારા દીલને દીધો દાનવે દુષ્ટ જ ડહામ,
" શીતળ શાંતિ લેવા માજીની પાસ હવે તું આવ ! ધીમી૦
" શીતળ પાણી સાયરનું છે આગળ ઉંડું અગાધ,
" પણ તુજ મનનો તાપ શમાવે એ તો ઈશ્વરી માત ! ધીમી૦
" શરીર સુવાડવા સાયર નીચે થઈ છે તું આજ તયાર,
" પરલોકવાસી તારા હસે છે સાંભળી તુજ વિચાર. ધીમી૦
" ચમકે તારા સાંભળી તહારા રાંક મધુરા બોલ,
" રાત રુવે તને રોતી જોતી; મનના પડદા ખોલ ! ધીમી૦
" ચંદ્ર ઉભો છે એકલો ઉંચે દેવા કુમુદને કરાર;
" બેટા, બ્હીને છે શાને તું ? તહારે માજીનો સથવાર. ધીમી૦
" સાગરમાંથી પાછી નીકળ, માજીની પાસે આવ;

" જખ મારે છે જગત, જનેતાનૉં જેતૉં અમીભરૉં આંખ. ધીમી૦
" આંસુ તહારાં લ્હેાઈ લે, બેટા, ઉસકાં હૈયાનાં શમાવ;
" કુંકુમ તહારે લખ્યું જ લલાટે, માનેા માથે છે હાથ. ધીમી૦
" ઓઢુ કરડતૉં તું, આંખે આંસુની છાલક ચાલૉં ન માય;
" માળુંનું હૈયું પણ, તુજ દુખ આ દેખી, ભરાઈ જાય, ધીમી૦
" તહારા દુખનેા આરેા હવે તેા આ પાસે દેખાય,
" માજી ચાંપે હૈયે તને; હવે, બેટા, તું પાછી આવ ! ધીમી૦
" સાયર આવેા આભસરીખેા ઘેાર ગાજે દિનરાત,
" ક્યાં એ ને ક્યાં કેામળ કળી સમી, દીકરી, તહારી જાત? ધીમી૦
" સાયરને લ્યળુ, માળુંને મેાંઘે ખેાળે તું, બેટા, બેશ;
" બેાટી રે કાયા, બેાટી માયા, માજી જ માજી હમેશ. ધીમી૦ "

ગાનનેા આરંભ થયેા ત્યાં કુમુદનેા પગ જરીક અટકી પાછેા ચાલવા લાગ્યેા. ગાન વાધ્યું તેમ તેમ એ ચમકવા લાગી, અને ગાન પુરું થયું ત્યાં એના પગે આગળ ચાલવા સ્પષ્ટ ના કહી. આવે રાત્રિને સમયે સમુદ્ર ઉપર એકાંતમાં એ ગાન કેાણ કરેછે તે સમજાયું નહી. ગાન કેાણ કરેછે એ પ્રશ્નનું નિરાકરણ થતા પ્હેલાં તેા ગાનની અસર એના હૃદયમાં વ્યાપી ગઈ અને સર્વ વિચારને અસ્ત કરી નાંખ્યા. કલમના બેતરની રખવાળ યુવાન કણબણનેા લલકાર સાંભળી ચમકેલી હરિણી ગાન સાંભળવાની લ્હેમાં ડાંગર ખાવાનું ભુલી જાય* તેમ અત્યારનું ગાન સાંભળી ચમકેલી કુમુદ પેાતે આરંભેલેા અર્થ પળવાર ભુલી અને હરિણીના જેવી આંખેાથી ચારે પાસ દૃષ્ટિને ચપળ કરી ફેરવી એક ઠેકે સ્થિર કરવા લાગી. પળવાર ભુલાયલા વ્યવસાયનેા સ્મરણમાં ફરી ચમકાર થતાં એ આગળ પગ ઉપાડવાનું કરે છે અને ઉંડાં પાણીમાં ધસવા ચંચળ થાય છે ત્યાં એની પાછળ પાણીમાં કંઈક પછડાયું અને તેની સાથે ચંદ્રાવલીના હાથ કુમુદના શરીરની ચારે પાસ વીંટાઈ વળ્યા, અને એ માયાળુ સાધુજનનેા કેામળ સ્વર કુમુદના કાનમાં સ્થિર ગતિથી આવ્યેા.

---

* विगतशस्याजिघत्समघट्टयत्
कलमगोपवधूर्न मृगव्रजम् ।
श्रुततदीरितकोमलगीतक-
ध्वनिमिषे ऽनिमिषेक्षणमव्रतः ॥ माघ.

" મધુરી! મધુરી! તહારો આટલો જ વિશ્વાસ? બેટા, જો તું પાછી " ન ફરે તો તને માઠની આણ છે."

બીજી બે ચાર સ્ત્રીયો એની આશપાસ ફરી વળી. કુમુદ પાછી ફરી, અને ચંદ્રાવલીને બાઝી પડી, એની છાતીમાં મ્હોં માથું સંતાડી દેઈ, મોકળું મુકી મ્હોટે સ્વરે રોઈ પડી ને રોતી રોતી બોલી: " હું શું " કરું ને ક્યાં જઉં રે, મ્હારી મા? ચંદ્રાવલી બ્હેન, તમે મ્હારી માતાના " કરતાં વધારે હેત રાખ્યો છો પણ મને કાંઈ સુઝતું નથી—ને મ્હારાથી " નથી રૂહેવાતું રે મ્હારી મા?" કુમુદે ફરી હુઠવો મુક્યો, અને ચંદ્રમંડળ ભણી એ સ્વર ચ્હડ્યો.

એનું આશ્વાસન કરતાં સઉ એને લેઈ માતાના ઓટલા ઉપર ચ્હડ્યાં, એનાં ભીનાં વસ્ત્ર બદલાવ્યાં, અને માતાની સેવા પડતી મુકી દીકરીને શાંતિ આપવા ઉપચાર કરવા લાગ્યાં. કુમુદસુંદરી કોઈને મ્હોં દેખાડતાં શરમાઈ અને માત્ર ચંદ્રાવલીની સોડમાં ભરાઈ, એના બોળામાં મ્હોં સંતાડી, પાસે બેસી રહી. એના હૃદયના ધબકારાથી અને અટકવાની અશક્તિને લીધે ઘડી ઘડી ઉથલો મારતાં હુસકાંથી, એ જીવતી છે અને જગતી છે એમ સિદ્ધ થતું હતું. એ જગાએ સઉ આસપાસ ફરી વળી બેહાં અને એના મનને કળ વળે અને બીજી વાતોમાં એનું ધ્યાન જાય એમ ધીરે ધીરે સઉ કંઈ કંઈ વાતો કૂહાડવા લાગ્યાં સ્ત્રીયોની સંખ્યા પણ આહ્લાદની થઈ ગઈ. ચંદ્ર પણ મધ્યાકાશમાં આવી ગયો.

સર્વની વાતો ચાલી છતાં કુમુદનું મન તેમાં ગયું નહી. અંતે એક બાવી બોલી.

" ચંદ્રાવલી મૈયા, આપણા ગુરુજીને બ્હાં તો નવીન અતિથિ આવ્યા " છે, અને ગુરુજીનો તેમના ઉપર બહો પક્ષપાત છે."

કુમુદ કંઈક સાંભળવા લાગી.

" કિત મૈયા, તે કોણ છે અને જુના શિષ્યો મુકી તેમના ઉપર " કહાંસે પક્ષપાત થઈ ગયો?" ચંદ્રાવલીએ પુછ્યું. ઉત્તર સાંભળવામાં કુમુદનું હૃદય બળ્યું.

ભક્તિ૦—" એ અતિથિનું નામ નવીનચંદ્રજી છે."

કુમુદસુંદરીના શરીરમાં વીજળીનો ચમકારો થયો. તે સફાળી બેઠી થઈ અને છાતીએ હાથ મુકી સાંભળવા લાગી. ભક્તિમૈયા બોલી.

" ગુરુજીને એ પુરુષનો ત્રિભેટાના અરણ્યમાંથી લાભ થયો અને એ

" લાભના નક્ષત્રયોગ ઉપરથી પક્ષપાત થયો તે તેની બુદ્ધિ અને વિદ્વત્તા
" ઉપરથી વધ્યો. "

કુમુદસુંદરીને બનગૃત થયલી જોઈ, ચંદ્રાવલી બોલી. " મને લાગે
" છે કે હવે આપણે માજીની સેવાનો આરંભ કરીયે. મધુરીબૈયા,
" માજીની એક મૂર્ત્તિ વિશ્વરૂપ સાકાર છે; બીજી સાકાર મૂર્ત્તિ એ આ-
" કારમાં સમાયલી તે, પ્રતિજ્ઞથી, પ્રતિમામાં આવાહન પામેલી છે. અમ
" જોગી કુળની પ્રજ્ઞનો વિસ્તાર મત્સ્યેન્દ્રનાથ અને ગોરખનાથ બાવાના
" કાળથી નાથકુળને નામે ઓળખાય છે. એ બે મહાયોગીયોના શિષ્યોએ
" આપણાં જેવાં સામાન્ય મનુષ્યોને માટે પટયોગનો ઉપદેશ કરેલોછે. તે
" એવી રીતે કે શ્વેતગોળ પટ સામે બાંધવો અને યોગીએ બ્હાર ફરતી
" ઇન્દ્રિયોમાં આવાહન પામેલી અંતઃકરણની વૃત્તિઓને એ ઉજ્વળ પટમાં
" યુક્ત કરવી, અને એ વૃત્તિઓના આકર્ષક પદાર્થમાત્રની એ પટમાં જ
" પ્રતિષ્ઠા કરવી, એટલે વૃત્તિયો તેમાં જ યુક્ત રહેવાની. એટલો યોગ અ-
" ભ્યસ્ત થાય એટલે એ પટને સર્વ પાસથી કાપવો અને ફરી તેમાં એ
" ને એ જ પદાર્થોની પ્રતિષ્ઠા કરી ફરી યોગ આરંભવો. એ પ્રમાણે એ
" પટનો છેક બ્હાનો અંશ રહે ત્યાં સુધી યોગ કરવો. અંતે પટનો નાશ
" કરી નિરાકારમાં યોગ કરવો. સામાન્ય પ્રજ્ઞને આટલા યોગમાં પણ
" કઠિનતા પડી. ત્યારે ઇન્દ્રિયમય આકારને પ્રત્યક્ષ રાખી ઇન્દ્રિયોના
" વિષયોની તેમાં પ્રતિષ્ઠા કરવા માંડી અને એ પ્રતિમાના સત્વસ્થાને
" દેવચરિત્રની પ્રતિષ્ઠા કરી દીધી. બેટા મધુરી ! નાથકુળના યોગ
" પછી આમ પ્રતિમાયોગ સાધુજનોએ સાધનહીન મનુષ્યોને માટે
" દર્શાવ્યો. નિરાકાર પુરુષના યોગને માટે શાલિગ્રામ, શિવબાણ, આદિ
" ગોળ એટલે નિરાકાર જેવા પટના યોગ જેવા યોગ દર્શાવ્યા કે શિ-
" વજીના સ્વભાવવાળા શિવજીનો યોગ સાધે અને વિષ્ણુના સ્વભાવવાળા
" તેમનો યોગ સાધે. એ પણ જેને દુઃસાધ્ય થાય તેને માટે પંચાયતન
" દેવના આકારના યોગ દર્શાવ્યા. આપણ સ્ત્રીયોની બુદ્ધિયોને માટે, ગોળ
" અને પૌરુષ પ્રતિમાઓનો યોગ અનુચિત ગણી, માજીની સુન્દર સ્ત્રી-
" પ્રતિમાનો યોગ દર્શાવ્યો છે. સર્વ સુંદર પદાર્થો, સર્વ પ્રિયજન, અને તહારા
" મનનો માનીતો પુરુષ: એ સર્વની માજીના રૂપમાં પ્રતિષ્ઠા કરી લે અને એ
" યોગથી આ સંસારસાગરને તરી જા. પટયોગના છેલા કડકાનો યોગ થાય
" તેમજ માજીના ચરણકમલનો યોગ થાય ત્યાં ભક્તિયોગ સંધાયો ગણવો,
" અને માજીના હૃદયકમલમાં સર્વ પ્રિય પદાર્થોની પ્રતિષ્ઠા થઈ બનય ત્યાં

" નિરાકારનો ભક્તિયોગ હાથ લાગ્યો ગણવો. મધુરી, માજીના યોગનું
" આ સુન્દર રહસ્ય તને દર્શાવ્યું. એ યોગની સાધનાથી તું સંસારસાગરને
" તરી જવાની. તહારા હૃદયનો પુરુષ આ યોગથી તું પ્રત્યક્ષ દેખીશ
" અને માજીના ભક્તિયોગથી સર્વ યોગને પામીશ. માજીની દીકરીયોને
" આ યોગમાં, નથી પદ્માસનનું કામ, અને નથી દેશકાળનું કામ. પ-
" રણેલા પુરુષોને ત્યજી ગોપિકાઓ શ્રીકૃષ્ણ પાછળ દોડી હતી તે જ
" રહસ્ય સમજીને તહારી ઇન્દ્રિયોએ પરણેલા " બોટેલા " પદાર્થો જ્યાં
' હોય ત્યાં રૂહેવા દે, અને તેમને ત્યજી તેમની પ્રતિષ્ઠા માજીમાં કરી માજી
" પાછળ તહારી ઇન્દ્રિયોને દોડાવ, અને એ યોગથી ભક્તિસાધના કર-
" જો. મીરાંજી કેવી ભક્તિ કરતાં હતાં ?

" વાટ જુવે મીરાં રાંકડી, ઉભી ઉભી વાટ જુવે મીરાં રાંકડી ! "

' અથવા શ્રીકૃષ્ણની વાંસળીનો અવતાર પોતાના હૃદયમાં થતાં ગોપિકાઓ
" ઉભી હોય તો ઉભી ઉભી અને બેઠી હોય તો બેઠી બેઠી, રાત્રે કે દિવસે,
" ઘરમાં કે વૃન્દાવનમાં, સાસરે કે પીયર, સર્વાવસ્થામાં શ્રીકૃષ્ણનો યોગ
" પામતી હતી. શ્રીકૃષ્ણ અને લક્ષ્મીજી જુદાં નથી. શિવજી અને પાર્વતી
" જુદાં નથી. એ ગોપિકાઓ શ્રીકૃષ્ણનો યોગ પામતી હતી તેમ માજી-
" માં તું તહારા માતાપિતાનો, પ્રિય પુરુષનો, શ્રીકૃષ્ણનો, અને સર્વ કોઈ
" સુન્દર વસ્તુનો યોગ પામી જા. તહારે હવે કુવો હવાડો કરવાનો કે નદી
" દરીયામાં પડવાનું ગયું! હવે તહારો કુવો, તહારો હવાડો, તહારી નદી, તહારો
" દરીયો, તહારે જીવવું હોય તો તહારું આયુષ્ય અને મરવું હોય તો તહારું
" મરણ—સર્વ વસ્તુ --હવે તું માજીમાં સમાઈ ગઈ ગણી લે અને તેની
" માજીમાં પ્રતિષ્ઠા કરી લે. તું જ્યાં જાય, જે કામ કરતી હોય, જે વિચાર
" કરતી હોય, જે વસ્તુ શોધતી હોય, તે સર્વ સ્થાન, તે સર્વની પ્રતિષ્ઠા
" માજીમાં કરી લે, અને અસાર સંસારને તરીજા. "

આ યોગવાર્તા કરતાં કરતાં ચંદ્રાવલીને માતાનું સત ચઢ્યું હોય, ને માતાનું એનામાંજ આવાહન થયું હોય, તેમ એના મુખ ઉપર તેજ આવી ગયું, એની વાર્તામાં તીવ્રતા આવી, અને એના અક્ષરમાં સત્વ આવ્યું. એના અક્ષર નીકળી રહ્યા ત્યાં સુધીમાં સર્વ એનામાં લીન હતાં અને સર્વને એટલો યોગ થયો. અંતે કુમુદ નરમ પડી બોલી.

" ચંદ્રાવલીબ્હેન, તમે સત્ય કહો છો. સમુદ્રમાંથી હું પાછી આવી
" તે માજીની બોલાવી જ આવી છું. હું અન્ય સ્થાને મરણ શોધવાનું
" ત્યજી માજીના ચરણમાંજ શોધીશ. "

ભક્તિમૈયા બોલી ઉઠી: " એમ છે ત્યારે ચાલો તમે જ આરંભ કરો,
" અને તમારા હૃદયની વાસના બ્હાર નીકળી માજીના ચરણને પામે
" એવી ગરબી તમે જ ગાવ અને માજીને અર્પો."

" હા ! હા ! " સહુ બોલી ઉઠ્યાં.

કુમુદસુંદરી સાંભળી રહી, થોડી વાર નિરુત્તર રહી, એના ઉત્તરની વાટ જોઈ સહુ એના સામાં જોઈ રહ્યાં, અને કુમુદસુંદરીએ આંખો મીંચી, અને પછી નિદ્રામાંથી બોલતી હોય તેમ ઝીણો સ્વર કઢાડી, આંખો ઉઘાડી, માતાના ચરણ એક ટશે જોઈ રહી, હાથ જોડી, ગાવા લાગી, ગાતાં ગાતાં રોવા લાગી, રોતાં રોતાં ગાવા લાગી, અને એના આંસુના પ્રવાહ પાછળ એનો સ્વર નીકળે છે કે સ્વરના પ્રવાહ પાછળ આસું નીકળે છે તે કળાઈ શકાય એમ ન હતું. સર્વ સ્ત્રીઓ બેઠી બેઠી એની ગરબી ઝીલવા લાગી, અને સાથે એના શોકને, એનાં આંસુને અને એના રોવાને પણ, ઝીલવા લાગી !

" માજી ! મને કોઈ જોગી મળ્યો ને વાત કરીને વાહી !
" ભોગી ભ્રમર હું, તું મુજ કમલિની એમ કરીને સાહી. માજી૦ "

સરસ્વતીચંદ્ર પિતાને ઘેર એકાંતમાં મળ્યો હતો તે કાળ સ્મરણમાં ખડો થયો, એની અને પોતાની વિશ્રમ્ભકથાઓ સાંભરી, અને પાછળનો પત્રવ્યવહાર મસ્તકમાં તરી આવ્યો. તેની સાથે અકળાઈને ગાવા લાગી.

" દિવસ બધો કોમળ ગુંજારવ મુજ સરવર પર કીધો;
" હૃદય ઉઘાડ્યું મ્હેં મૂર્ખીએ, વાસ ધુતારે લીધો ! માજી૦ "

સરસ્વતીચંદ્રે કરેલા ગૃહત્યાગનો પ્રસંગ અને તે પ્રસંગે પોતાના ઉપર સોનેરી અક્ષરે લખેલો—આજ સુધી છાતી સરસો રાખેલો શ્લોક—દૃષ્ટિસમક્ષ ઉભો, ને ગરબી વાધી.

" રાત પડી ત્યાં રૂપ પ્રકાશ્યું ! જોગી કહે " હું ન ભોગી !
" પંક વીંશે તું જન્મી અભાગણી ! નહીં આપણ સંજોગી ! માજી૦
" રાત વીંશે તું રહીંશ બીંડાયલી ! પાંખ ન મ્હારી બીંડાતી !
" રહે સંતોષિણી ! રંક અભાગણી ! પાંખડી તુજ મીંચાતી " ! માજી૦
" માજી ! મને એ જોગી આટલું કહી ગયો કંઈ ચાલી;
" હું સંતોષી દુખીયારીને ભુરકી એણે નાંખી. માજી૦
" માજી ! મને એ સ્વપ્ને આવે, લત ભુંડી બહુ લાગી,
" ન મુકે પલ્લો[1], પ્હેરે ભલ્લો[2], શરમ વિનાનો ત્યાગી. માજી૦

---

૧. પલ્લો=પલ્લવ=પાલવ. ૨. ભલ્લો પ્હેરવો=નકટ થવું.

" એ સંસાર વિસારે મુકવા મ્હેં માયા બધીં છોડી,
" પડી નદીમાં, પડી જળનિધિમાં, પણ રતિ કર્મનીં થોડી; માજી૦
" બેડો[1] સઉનો હુબ્બો ક્યાંક જઈ, ન હુબ્બી નકામી હું તો,
" મરણનું સુખ પણ ન લખ્યું કપાળે! ન્યાય માજીનો શું જો? માજી૦
" માજી, મ્હોટાં છો; શું કહીયે ? અકળ કળા જ તમારી !
" રોતીં કકળતી મુજ જોવીને શાને લીધીં ઉગારી ? માજી૦
" કહ્યું મુજ ન કરે કાળજું; માજી, જીવવું શાને કાજે ?
" રાંક દીકરી એક મરણ જ માગે: જમ કયમ કહે છે ના જે? માજી૦"

છેલ્લા શબ્દોના ઉદ્ગાર કહાડતી કહાડતી બાળા માતા સામા હાથ જોડી રોતી હતી અને એને શબ્દે શબ્દે કંઠની ગદ્ગદતા બોલવામાં અંતરાય નાંખતી હતી. ગાઈ રહી ત્યાં થોડી વાર હાથ જોડી, રોતી રોતી, અવાચક જેવી થઈ નીચું જોઈ રહી, અને અંતે હૃદયને માર્ગ આપી મોકળું મુકી રોઈ પડી, અને આંખમાથી ટપકતાં આંસુની માળા પૃથ્વી ઉપર સરી પડતી હતી તે આંસુનાં ટપકાંઓ વચ્ચેની જગામાં થઈને એના ભાગ્યા તૂટ્યા બોલ માતા ભણી જવા લાગ્યા અને રોવું પણ એ બોલના સથવા-રામાં જવા લાગ્યું.

" ઓ માજી ! તમે આ સંસાર કર્યો તેમાંથી છુટી થવાને મ્હેં એક
" મરવું માગ્યું, પણ બબ્બે પુરુષોને જેનો બાપ ન નીકળ્યો અને તેમણે
" જેને બારણે બોલાવીને કહાડી મુકી તેને તમારા જમ સંગ્રહે એટલું
" ભાગ્ય પણ મ્હારા કપાળમાં ન જ નીવડ્યું !

" માજી, જેનો હાથ જમે પણ ન ઝાલ્યો તેના હૃદયના ઉભરા તમારી
" પાસે નીકળી જાય છે તે ક્ષમા કરજો ! જ્યારે જગતમાં અને જગતમ્હાર
" મ્હારું કોઈ થતું નથી ત્યારે તમે મજ રંક અનાથને આશ્રય આપોછો.
" તો સર્વથા એ જ સત્ય છે કે સંસાર જુઠો છે ને ઈશ્વરી જગદંબા જ
" સાચાં છે અને જગતમાં ફરતાં તેમજ જગતમાંથી નીકળતાં,હે ઈશ્વરી,
" તમારા જ ચરણમાં રંક સ્ત્રીયોનો સંસાર સમાપ્ત થાય છે,અને અમ અનાથ
" અબળા દુખીયારી જાતને તમારું જ જોર છે. હે જગદમ્બા! સુસવાટા
" નાંખતાં પવન જેવાનાં તોફાનથી મહાન્ વૃક્ષોના પાંદડાં ખરી પડે છે અને
" ડાળો ભાગી પડે છે તેવે કાળે ખુણે બોચલે પડેલી સંકોચ પામતી

---

1 બેડો = વહાણ.

" નહાની નહાની વેલીઓની લીલી કોમળ કુંપળોના આધાર—નખે તો-
" ડતાં તુટે એવા—અખંડિત રૂહે તેમ મજ જેવી તહારી રંક પુત્રી આવા
" પ્રદેશમાં આવા પ્રસંગો વચ્ચે અખંડિત રૂહે અને આવી માયાળુ
" બ્હેનો પાગે ઉભરા કૂહાડી શાંત થવા પામે, ત્યારે, હે જગત્જનની!
" એ તહારા જ પ્રતાપની અને તહારી જ કૃપાની સંજ્ઞાને આમ પ્રત્યક્ષ
" જોતાં છતાં મ્હારું મન તહારા ચરણમાં વિરામ ન પડે તો મ્હારા જેવી
" કૃતઘ્ન કોણ, વારું? જનની! માતા! યોગને આશ્રયે હું તહારા
" આટલાં બે ચાર તસુનાં જડ પગલાંમાં મ્હારા સંસારસર્વસ્વનું
" આવાહન કરું અથવા તહારા નિરાકાર નિરંજન સર્વગામી અંતર્યામી
" જ્યોતિમાં મ્હારા મનને લય પમાડું તો તે ઉભય ક્રિયાઓનું ફળ એક
" જ થાય છે અને તે ફળ પામી, સંસારને ભુલી, હું તહારા પદને પામ-
" વાનો અનુભવ કરું છું—અત્યારે કરું છું તેમજ સર્વદા કરાવજે. માજી!
" મ્હારે એટલું જ જોઈએ છીએ કે અત્યારની સ્થિતિ શ્મશાનવૈરાગ્યના
' જેવી થઈ પ્રસંગ ઉતરતાં ઉતરી જાય નહી, વીજળીના ચમકારા પેઠે
" આ ક્ષણે ઝમુકી બીજી ક્ષણે બંધ થાય અને મને સંસારના સર્વવ્યાપી
" અંધકારમાં પાછી ઝબકોળે એવું થાય નહી, ઝાંઝવાંના જળ પેઠે દોડાવી
" દોડાવી આખરે તરસીને તરસી રાખે નહી, સ્વપ્નના સુખપેઠે ઉઘાડી
" આંખો વાળી જાગૃત કૂહેવાતી અવસ્થાનીપેઠે પાછી આવેલી અ-
" વસ્થા આ સુખને ખોટું કૂહે અને પોતાની ભયંકર સ્થિતિની પ્રતીતિ
" કરાવે એવું થાય નહી—એટલું વરદાન તમારી પાસે માગું છું!"

આટલું બોલતાં બોલતામાં કુમુદનાં આંસુ બંધ થઈ ગયાં હતાં અને ગાલ ઉપર માત્ર તેના શેરડા દીવાને પ્રકાશે ચળકતા હતા. એનો સ્વર ધીર અને સ્થિર થઈ ગયો અને એના હૃદયમાં નવું બળ આવ્યું. એનામાં નવા પ્રાણ આવ્યા અને અનાથ રંક અબળાને સ્થાને સનાથ થઈ નવું સત્વ ધારણ કરવા લાગી. એનાં નેત્રમાં, મુખમાં, અને કપાળમાં નવું તેજ આવ્યું, અને તે સર્વ જોતાં ચતુર ચંદ્રાવલીએ પ્રસંગનો લાભ લેઈ પોતાનું કાર્ય આરંભ્યું.

" બેટા મધુરી, તેં માજીના પ્રતાપનો ચમત્કાર અનુભવ્યો. માજીની
" આ પ્રતિમાના યોગનો અંશ તેં સાધ્યો. હવે માજીના સાકાર મહત્સ્વ-
" રૂપનું અને નિરાકાર વ્યંગ્ય સત્વનું સત્કીર્તન કરીયે તે સાંભળ અને
" તહારા હૃદયમાં ઉતાર."

હાથ જોડી, આંગળાંમાં આંગળાં પરોવી, માતા સામી બેસી, ચંદ્રા-

વળી ધીરે સ્વરે ગાવા લાગી; બેઠી બેઠી બીજી સ્ત્રીયો ધીમે ધીમે એક લયથી ઝીલવા અને વચ્ચે વચ્ચે હળવી તાળીયો પાડવા લાગી.

**" માજી! સાકાર ને નિરાકાર છો !
" બધા ત્રિભુવનમાં એમ વ્યાપ્ત છો. માજી૦
" સંધ્યા સાવિત્રી છો, સઉની આઈ છો,
" ગૌરી ધાત્રી પરમભદ્રદાયી છો. માજી૦
" માજી ! ચંદ્રરૂપે શાન્ત જ્યોતિ છો,
" દેવી નૈર્ઋતી છો, રાજલક્ષ્મી છો. માજી૦
" માજી ! વૈષ્ણવી માયા તમે જ છો,
" બ્રહ્માણ્ડ-પ્રતિષ્ઠા તમે જ છો. માજી.
" સર્વ ભૂતની ચેતના દેવી છો,
" સર્વભૂતની બુદ્ધિ દેવી છો. માજી૦
" સર્વ ભૂતમાં ક્ષુધા થઈ વસો !
" સર્વ ભૂતમાં છાયા થઈ રહો ! માજી૦
" સર્વ ભૂતમાં શક્તિ થઈ ઉભાં !
" સચરાચર તૃષ્ણા થઈ ઉભાં ! માજી૦
" જાતિ, ક્ષાન્તિ, લજ્જા, ને શાન્તિ, જે,
" શ્રદ્ધા, વૃત્તિ, લક્ષ્મી, ને કાન્તિ જે, માજી૦
" સ્મૃતિ, ભ્રાન્તિ, દયા, તૃપ્તિ, તુષ્ટિ, જે,
" ઇન્દ્રિયોની વળી અધિષ્ઠાત્રી જે, માજી૦
" ચિતિ-રૂપે મહત્-અણુવ્યાપી તે !
" આઈ ! ઈશ્વરી ! પરમેશ્વરી તું તે ! માજી૦
" પ્રકટયાં સર્વ દેવોનાં શરીરથી
" મહાલક્ષ્મી ત્રિગુણ ભવ્ય દેહથી ! માજી૦
" દેવી પુરુષરૂપે દેવ થઈ ગઈ,
" જાણે તે જ જુવે માજીની ગતિ ! માજી૦
" નેતિ નેતિ કરીં તમને કો શોધી લે,
" માને ચરણે વારી કોઈ મોહી રૂહે ! માજી૦
" કર્મ, ભક્તિ, યોગ, ધ્યાન, જ્ઞાનથી,
" શાંતિ ઘો છો સહસ્ર એવા હાથથી ! માજી૦
" સર્વ સત્ત્વમયી એવી આઈ તું !

** ચણ્ડીશતક ઉપરથી. રાગ—" સનખનપુર સાયીમાં બહુ ચરા !

" નિરાકાર અને સાકાર તું ! મા૭૦
" સ્વધા, સ્વાહા, વળી વષટ્કાર, તું !
" સુધા, નિત્ય, અક્ષર, સર્વાધાર, તું. મા૭૦
" માત્ર માત્રા પ્રકટ અર્ધ ત્હારી છે!
" શેષ શોધી શોધી વાણી હારી છે ! મા૭૦
" વાણી હારે ને મન પણ હારતું !
" છે નિરંજન ને નિરાકાર તું ! મા૭૦
" માના કીર્તનમાં સુધાશુક્તિ છે !
" માની ભક્તિમાં સાયુજ્યમુક્તિ છે ! મા૭૦
" ચણ્ડીપાઠ ભણે ચન્દ્રાવળી !
" માને ચરણ પડે એ લળી લળી ! મા૭૦"

આ પ્રમાણે ગીત પછી ગીત અને કીર્તન પછી કીર્તન ગાતાં સર્વજણે રાત્રિના પ્રથમ બે પ્રહર ગાળ્યા અને તેને અંતે, માતાના ચરણમાં યથાશક્તિ યથામતિ આત્મ-ચિત્તમાં રહેલા પદાર્થોનો યોગ સાધી, મન્દિર બ્હાર અને ભરતીના પાણી વચ્ચેના ઓટલા ઉપર સર્વ સ્ત્રીઓ ભૂમિની શય્યા કરી અને ચંદ્રિકાને હોડી લેઈ સુઈ ગઈ. સમુદ્રનાં મોજાંનો મૃદંગનાદ તેમની વૃત્તિઓને શાંત કરવા લાગ્યો, અને તેના જળકણને સાથે લેઈ ઉડતી પવનલહરી તેમનાં શરીરમાં જડતા ભરી નિદ્રાદેવીનો વિજયશંખ ફુંકવા લાગી.

સર્વના નેત્ર મીંચાયાં ન મીંચાયાં થયાં ત્યાં કુમુદે પોતાનાં નેત્ર કંઈક ઉઘાડ્યાં અને આકાશમાંના ચન્દ્ર-બિમ્બમાં હૃદયના ચંદ્રની પ્રતિષ્ઠા કરી. એ યોગમાં થોડીવાર લીન રહી. તેમાંથી જાગતાં ભક્તિભૈયાનો નવીનચંદ્ર સાંભર્યો. તે જ કાળે ચંદ્રાવલીએ પાસું ફેરવ્યું અને આંખો ઉઘાડી. મધુરીની આંખોઉપર ચંદ્રાવળીની આંખો પડી.

" મધુરી, તું હજી જાગે છે ? "

" ચંદ્રાવલી બ્હેન, મ્હારામાં એવી વાસના ઉત્પન્ન થઈ છે કે કાલ પ્રાતઃકાળે હું ભક્તિભૈયા સાથે યદુશૃંગનાં દર્શન કરવા જાઉં."

વાતો સાંભળતાં ભક્તિભૈયા જાગી. " ચંદ્રાવલીભૈયા, મધુરીને મ્હારી સાથે મોકલો. "

ચંદ્રા૦—" પણ ભૈયા, એના નહાના કોમળ ચરણ એ ગિરિરાજ

" ઉપર ચ્હડી શકશે ? એ શ્રાન્ત થશે અને એને વિશ્રાન્તિ આપવા
" તમારે વિશ્રાન્તિ પામવી પડશે."

કુમુદ૦—"માજી મને એટલું બળ નહી આપી રૂહે ? "

ભક્તિ૦—" આપશે જ. અને આ નાજુક ચરણ થાકી જશે
" તો તહારી ન્હાની સરખી સુંદર કાયાને અમે અમારા હાથમાં ઉપાડી
" લેઈશું—ન્હાની પુષ્પકળીને માળણ ઉપાડી લે તેમ. દુલારી મધુરી !
" અમારાં કદ્રૂપાં શરીર તહારા જેવીનો આમ યોગ પામી સુંદર દેખાશે.
" સુન્દરતાનો યોગ સર્વને સુન્દર કરે છે ! ચંન્દ્રાવલીમૈયા ! આ સૂચના
" અવશ્ય સ્વીકારો."

ચંદ્રા૦—" એ સર્વ તમારી પ્રીતિને યોગ્ય જ છે; પણ મૈયા,
" દુલારીને મ્હારી પાસેથી છુટી કરતાં મ્હારી છાતી ચાલતી નથી. એના
" હૃદયઉપરથી દુઃખનો ભાર હજી ઉતર્યો નથી અને સમુદ્રમાંથી એને
" માજીયેજ ઉગારી લીધી તે તમે આજ જ જોયું છે. તમારી જોડે
" આવી એ એકલી પડશે અને માજીયે શાન્ત કરેલા એના કાળજામાં
" જમની જોગણીઓ જાગશે એવું મને ભય રૂહે છે. માટે હાલ તો એને
" રૂહેવા જ દો."

કુમુદ૦—" ચંદ્રાવલી બ્હેન, જે માજીયે આજ જ એ જોગણીયોને
" હાંકી કૂહાડી છે તે જ માજી એવી જ કૃપા ફરી કરશે. મને મ્હારા
" હૃદયનો કંઈક વિશ્વાસ આવવા લાગ્યો છે. "

ભક્તિ૦—" મૈયા, અમે એને સાચવી લેઈશું. યદુશૃંગની સુન્દરતામાં
" મહાલક્ષ્મીનો જ વાસ છે અને માજીની એ સુન્દરતા મધુરીને
" નવો જીવ આપશે. એને વ્હીલી મુકતાં અમારે જ આવી મધુર
" દીકરીનો વીજોગ વેઠવો પડશે. અમે એને પળવાર પણ વ્હીલી નહી
" મુકીયે. "

ચંદ્રા.—" ભલે ત્યારે. પણ જોજો ! મ્હારા જીવનો જીવ તમારા
હાથમાં રૂહેશે. "

સર્વ નિદ્રાવસ્થ થયાં. ઇષ્ટપ્રસંગની પ્રાપ્તિથી કુમુદ પણ નિદ્રામાં પડી. ચંદ્રના શીતળ સુન્દર કિરણ એના શરીર ઉપર સ્વચ્છન્દ ગુપ્ત વિહાર કરવા લાગ્યા, અને એના હૃદય ઉપરના યુગ્મ અવયવની વચ્ચેના અંતરાલ ભાગમાં સંચાર પામી, રોમકૂપનાં છિદ્રોમાં પડી, એના હૃદયના અંતર્ભાગમાં સરી જઈ, નવીન સૃષ્ટિ રચવા લાગ્યા.

કુમુદને સ્વપ્નોદય થયો. પોતે માંચના ઓટલા ઉપર બેઠી છે, સમુદ્રમાં છેટે તોફાન જાગ્યું છે, ત્યાં મોજાં બબ્બે માથાં ઉછળી રહ્યાં છે, પવનના ઝપાટા આવે છે, ને સમુદ્રની ગર્જના સામી એ પવન ગર્જના કરે છે, આકાશ પણ ક્રૂર અને ભયંકર દેખાય છે, અને તે સર્વની વચ્ચે એક નહાનો "બેડો"—દ્રવ્ય ભરેલો બતેલો—જરી જરી દેખાય છે, મોજાં ઉંચું ચહડતાં બેડો ઘડીમાં તેની ટોચ ઉપર દેખાય છે અને ઘડીમાં તેની પાછળ અદૃશ્ય થયો લાગે છે, મોજું નીચે પડી જાયછે—પાણીમાં ખાડો પડે છે, ત્યાં બેડો ઉપરથી નીચે એકદમ પડી જાય છે અને—"ઓ હુબ્યો" "ઓ ભાગ્યો—" થાય છે, પવનના જોરથી તેના સઢ ફાટી જાય છે અને સઢનો દંડ ભાગી જાય છે, અને સર્વને સ્વપ્નમાં સમુદ્રતીર ઉપર એકલી બેઠેલી આતુર સુન્દરી જુવે છે, બેડામાં તેનો જીવ છે—તેના પ્રાણ છે—તેનું સર્વસ્વ છે, બેડો ઉગરે અને કીનારે આવે તો એ સુન્દરીના જીવમાં જીવ આવે અને બેડો હુબે તો સુન્દરીનો જીવ જાય એમ છે ! એક પાસ સમુદ્રમાં બેડો ઉછળે છે ત્યારે બીજી પાસ આમ સુન્દરીના દેહમાં તેનું હૃદય ઉછળે છે—આ બે ત્રાજવાંની દાંડી ઝાલી આકાશમાંનો દૃષ્ટિદાતા ચન્દ્ર વિધાતા પેઠે ઉભો છે ! દીન હૃદયની રંક કુમુદને આ મહાસ્વપ્નોદય અત્યારે થતો હતો, અને સ્વપ્નમાં તે લવતી હતી—ગાતી હતી—તે પાસે સુતેલી સ્ત્રીયો, જાગી ઉઠી, જિજ્ઞાસાથી, આતુરતાથી, સ્નેહથી, અને શોકથી, સાંભળતી હતી.

" બેડો, બાઈ, બુડતો તહારો રે ! અંબે ! આઈ ! પાર ઉતારોરે !
" ભર દરીયામાં તોફાન લાગ્યું, પવન ઝપાટે વાંય,
" બેઠી કીનારે હું જોતી એકલડી, બેડો ન કયાંય જણાય ! બેડો૦
" સામે પારથી નીકળ્યો એ છે, ભરીંને રત્નભંડાર;
" કંઈકિ વેપારી વાટ જુવે છે, કયારે આવે એ આ પાર ? બેડો૦
" સઢ મ્હેં જોયા હવણાંજ; જાણ્યું, આવે એ આ ઘડીમાંય;
" જોતા જોતામાં, આશ ધરાવી, પાછો ગયો કેઈ પાસ ! બેડો૦
" કંઈ કંઈ જનનો માલ છે એમાં, કાળજાં કંઈકિ કપાય !
" માજી ! તમારા બેડીયા* એમાં હારી હારી અકળાય ! બેડો૦
" માજી ! તમારી બાધા રાખું, ભરીશ હું કુંકુમથાળ,
" બેડલીઓ હેમ ક્ષેમ આવે તો ! નીકર થશે મુજ કાળ. બેડો૦"

---

* બલાસીઓ.

પ્રકરણ ૬.

સરસ્વતીચંદ્રની અશ્રુધારા.

"And the Raven, never flitting, still is sitting, still is
sitting,
"On the pallid bust of Pallas, just above my chamber door;
"And his eyes have all the seeming of a demon's that is dreaming,
"And the lamp-light, o'er him streaming, throws his shadow on the floor,
"And my soul, from out that shadow that lies floating on the floor,
"Shall be lifted—never more!"—*Edgar Allan Poe.*



ગુણદાસ પોતાના મંડળ સાથે અલખ જગવવા પર્વત ઉપરથી ઉતરી નીચે ગયા હતા ત્યાં તેમની ગુફામાં સરસ્વતીચંદ્ર એકલો પડ્યો હતો અને વિહારપુરી તથા રાઘેદાસે આણી આપેલા પત્રોનું પોટકું ઉઘાડી તેમાં ડુબી ગયો હતો.

બ્રહ્મચારીઓએ ચંદ્રકાંતને લુટી એના સામનમાંથી હાથ આવેલા સર્વ કાગળો માર્ગમાં ફેંકી દીધા હતા તે બાવાઓએ ઉપાડી લેઈ આવ્યા હતા. સરસ્વતીચંદ્રના હાથમાં આજ એ પત્રો આવ્યા અને એકાંત મળતાં મંત્રસંયોગ જેવી સિદ્ધિ પામી એ પત્રોમાં ડુબ્યો.

ચંદ્રકાંત સરસ્વતીચંદ્રનો પરમ મિત્ર હોવા છતાં, દ્રવ્યસુખી મિત્રના સુખસરોવરમાં દુઃખમહાસાગરનું ખારું પાણી ભેળવવા ન ઇચ્છનાર રંક મિત્રે પોતાની નિર્ધનતા અને કુટુંબક્લેશની કુથલી કે સંજ્ઞા સરખી સરસ્વતીચંદ્ર પાસે કદી કરી ન હતી. પણ પોતાના રંક મિત્રો અને કુટુંબજનોના પત્રવ્યવહારમાં એની દુઃસ્થિતિની છાયા પડી રહી હતી અને એ છાયાનું આજ સરસ્વતીચંદ્રે પ્રથમજ દર્શન કર્યું. એ છાયાનો એના હૃદયમાં પ્રથમાવતાર થયો તેની સાથેજ એ ચકિત થયો, સ્તબ્ધ થયો, અને દુઃખિત થયો.

" અહા ! ચંદ્રકાંત ! ચંદ્રકાંત ! શું તહારે શિર આવાં દુઃખ છે ને મને
" તેનું સ્વપ્ન પણ તહેં આવવા દીધું નથી ? પ્રિય કુમુદનું દુઃખ તો મ્હે દીઠું,
" પણ પ્રિય મિત્રનું તો માત્ર વાંચ્યું જ. મિત્ર ! તહેં મ્હારી સાથે ભેદભાવ
" રાખ્યો ! સરસ્વતીચંદ્ર ! તહારા ઉપર તો હજી સુધી કાંઈજ દુઃખ
" નથી પડ્યું. તું જ્યાં ગયો ત્યાં અન્નપૂર્ણાની કૃપા જોઈ અને જાતની ચિંતા
" તો કરી જ નથી, પણ આ તો નવું દર્શન ! "

એ ઉભો થયો, મિત્રના પત્રો છાતી સરસા ચાંપવા લાગ્યો, અને નેત્રમાં અશ્રુધારા ચાલી રહી. એક પત્થર ઉપર બેહો અને એક પત્ર વાંચવા લાગ્યો.

" પ્રિય ચંદ્રકાંત,

" તમે સરસ્વતીચંદ્રને શોધવા ગયા છો, પણ ગંગાભાભી શીવાય
" તમારા ઘરમાં કોઈને આ વાત ગમતી નથી. મુંબાઈનું ખરચ અને
" પ્રમાણિકપણાની કમાઈ એ બે વાનાં વચ્ચે સાપ અને ઉંદરનો સંબંધ છે.
" તમારાં માતુઃશ્રી બડબડે છે અને પુછેછે કે સરસ્વતીચંદ્ર તમને શું
" દુધ દોહી આપવાના હતા કે જેવી તેવી પણ આ કમાઈ છોડી એની
" પાછળ પ્રવાસનું વિશેષ ખરચ કરો છો ? તમારું નિત્યનું ખરચ તમારી
" સાધારણ કમાઈને ખાઈ જાય છે, તેમાં તમે આ નવું ખરચ આરંભ્યું
" અને તમારી ગેરહાજરીમાં કમાઈ બંધ છે એટલે ઘરમાં સહુને ખરચ
" ઓછું કરવાનો વારો આવ્યો છે અને તેનું કારણભૂત થયલા સરસ્વ-
" તીચંદ્ર તેમની ગાળો ખાય છે.

" ખરું પુછો તો મને તમારી વર્તણુકમાં કંઈક વિરોધ લાગે છે. ગમે
" તો ઘરમાં સહુને વશ રાખી સહુને સ્વેચ્છા પ્રમાણે ખરચ કરતાં અટકાવો.
" તેમ કરવામાં કુટુંબકલેશનું ભય છે, પણ બે પઈસા ઉગરે ત્યારે એવો
" કલેશ કરનાર બડબડે તે ગમે તો સ્વસ્થ થઈ સાંભળી રહો અને ગમે
" તો એક વાર એવી ગર્જના કરો કે સહુ કલહનાદ શાંત થઈ જાય.
" એક વાર ભુંડા કહેવાશો પણ જન્મારાનું સુખ થશે. બાકી ખરચ કર-
" વાની ટેવ પાડી એ ટેવ ઘડી ઘડી બંધ કરવાની આશા રાખો તે મિથ્યા
" છે, એ ટેવને લીધે તમારે નામે દેવું કરવાનું એમને જ્યાં સુધી સુઝયું
" નથી ત્યાં સુધી ઈશ્વરની તમારા ઉપર કૃપા છે.

" બીજો માર્ગ એ છે કે સરસ્વતીચંદ્રે મુંબાઈ છોડતી વેળા તમને જે
" મ્હોટી રકમ આપી છે તે તેની ગણી તમારે માટે ન વાપરવાના સદ્‌ગુણનું
" મિથ્યાભિમાન છોડી દો તો સહુને સુખ થશે. જ્યારે એમ કરતાં મન

" અટકતું હોય તો મને મુખ્તારનામું મોકલો અને બેંકમાંથી પઇસા ઉપા-
" ડ્યા રજા આપો. લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મ્હોં ધોવા જવું
" કામનું નથી.

" હું તમારા જેટલું ભણ્યો નથી, પણ ગણ્યો વધારે છું ને માયા
" રાખ્યોછો તો આટલું કહુંછું પછી વિદ્યાનું પુછડું ઝાલી રાખવું હોય
" તો તમે ભોગવજો ને અમે જોઇશું."

" લા૦ તમારો બાળપણનો સ્નેહી
" સંસારીલાલ."

ચંદ્રકાંત ઉપર આવેલા પત્રોમાંના ઘણા નીચે એણે ટીકામાં ટાંચણ કરેલું હતું અને તેમાં પોતે લખવા ધારેલા અથવા લખેલા ઉત્તરનો સાર હતો. ઉપરના પત્ર નીચેનું ટાંચણ એના હાથનું "સરસ્વતીચંદ્ર વાંચવા લાગ્યો.

" ચંદ્ર પાછળ ચંદ્રકાંત દ્રવે તે ઘરના પથરા ન સમજે. પારકું
" આવાની દુહાડ મ્હારે માટે તમારી સળકે તો ઘરમાં ભેળાં થયેલાંની
" પોતાને માટે સળકે એ તમે જાત અનુભવથી સમજજો. આપણા
" શરીરમાં પઇસાનું માંસ હોય ને ઘરમાં ઝાડુ કુહાડવા સાવરણી ન
" હોય ત્યારે ઘરના ડાંસ માંસ ચાખે પણ ખરા. પણ માબાપને બ્હા-
" ર કુહાડી સાળીને સંગ્રહે એવો સાહેબ લોકનો રીવાજ આપણે પા-
" ળતા નથી. આપણે તો ડાંસ કરડો કે માંકણ કરડો પણ જેનનો
" દયાધર્મ પાળી પરલોકનું સુખ ઇચ્છીએ છીએ. ઘરનાં ભુ-
" ખ્યાની દુહાડ સળકશે તે આપણા શરીરમાં હશે ત્યાં સુધી ખાશે.
" કુવામાં હશે ત્યાં સુધી હવાડામાં આવશે. યોગી થઇને જોવું કે
" અકરાંતીયાં ખાય છે કેમ ને દુષ્કાળીયાં મરે છે કેમ ? અને આપણે
" આપણા આત્માનંદમાં મગ્ન રહેવું. સાક્ષી થઈ આનંદરૂપ થવું તે
" આ જ. પારકી માના જાયા દેશ લુટે ને ઘરના જાયા ઘર લુટે તે
" લુટાલુટ વચ્ચે ઉભાં રહી દિગમ્બર યતિ થવું એ આપણે કપાળે
" લખેલો છટ્ટીનો લેખ છે. દેશ લુટે તે જણરાને કાંઈ કહેવાય નહીં. તે
" સાસુ ઉપરની રીસ નહાનાં બાળક ઉપર કુહાડનારી વહુવારુની પેઠે
" ઘરનાં કંગાળ માણસો ઉપર રીસ કુહાડવી એ બાયલું કામ સરસ્વ-
" તીચંદ્રના સુગન્ધનો રસિક પુરુષ નહીં કરે. જે નરને લાખો રુપીયાની
" લક્ષ્મીને લાત મારતાં આવડી તેનો સહવાસી ચંદ્રકાંત શ્વાનની ચાટ-
" મારી ભાખરીના કડકા સારુ ભપ્પાભપ્પ તે બચકાંબચકી નહીં કરે."

આ પત્ર પેાટકામાં પાછું મુકતેા મુકતેા અને બીજું પત્ર ફ્હાડતેા ફ્હાડતેા સરસ્વતીચંદ્ર આવેશમાં આવી ગાવા લાગ્યેા.

" Open here I flung the shutter, when, with many a flirt and flutter,

" In there stepped a stately Raven of the saintly days of yore." *

પૃથ્વીને લાત મારી વાધ્યેા.

" Not the least obeisance made he; not a minute stopped or stayed he;

" But with mean of lord or lady, perched above my chamber-door—

" Perched upon a bust of Pallas, just above my chamber-door." *

થેાડીવાર અટકયેા. બીજો પત્ર ઉઘાડતાં પ્હેલાં હાથનેા સ્વસ્તિક રચી, પત્થર ઉપર બેસી રહી, વળી ગાવા લાગ્યેા.

" Though thy crest be shorn and shaven, thou, I say, art sure no craven;

" Ghastly, grim, and ancient Raven, wandering from the nightly shore—

" Tell me what thy lordly name is on the night's Plutonian shore?" *

" હા !-અહા !-ડાબા હાથની તર્જની ઉભી કરી કાન આગળ કંપતી ધરી;

" નરરત્ન કંઈ મુજ દેશ વીંશે
" બહુ આધિ વ્યાધિ ઉપાધિ સહે !
" નર રંકની ત્યાં કરવી શેી કથા ?
" ધનરાશિ નિરર્થક મુજ પડ્યા !"

ગેાઠ કરડી ભ્રમર ચ્હડાવી બીજો પત્ર વાંચવાનું આરંભ્યું. એને મથાળું ન હતું અને નીચે સહી ન હતી. માત્ર ચંદ્રકાંતની સ્ત્રી ગંગાના વાંકાચુકા અક્ષર હતા.

---

* Poe.

" તમારો કાગળ પ્હોચ્યો છે. નણંદે ફ્રોડી વાંચી આપ્યો છે. તમે
" એ કાગળ જુદો લખી ઉપર ટીકટ ચ્હોડવાનું ખરચ કર્યું તે કોઈને
" ગમ્યું નથી તેથી મ્હેં આ કાગળ સંસારીલાલને બીડવા આપ્યો છે.
" હવેથી તો એમ પણ કાગળ નહી લખાય. કારણ સંસારીલાલને
" કાગળ આપવા જઉં એટલે ઘરમાંની સઉ સતીઓ મ્હારી વાતો કરે
" છે. તે તો જાણે કે ન ગાંહુ, પણ બીચારા સંસારીલાલ મ્હારે માટે
" નકામા વગોવાય એ અણજુગતું. તમારા ઘરમાં જે વાત અણજુગતી
" નહી થાય તે નવાઈ. હું મ્હારી પોતાની વાતમાં તો ધુટડા ગળી જઉંછું
" પણ આટલું આટલું તમે કરોછો તેનો પાડ ન માને તો ધુળ નાંખી ;
" પણ ઉલટાં ખાય ને ખોદે તે આપણાથી ખમાતું નથી. તમારી વાતમાં
" કોઈ બોલે ત્યારે તો હું સઉને શેર શેરની ચ્હડાવું છું ને માથાની થાઉં
" છું. બાકી ઘરનું કામ ઉસેડીને કરું છું ને મને કાપડું આપતાં સઉના
" જીવ કચવાય છે તે જુદું."

" બધાને બધું જોઈએ ને તમારે કે કીકી સરખીને પાઈ જોઈએ નહી
" એવો ધંધો છે. પણ વળી લખશો કે પરદેશ ગયો ત્હોયે કુથલી કરે છે ને
" જંપવા દેતી નથી. માટે આટલાથી બધું સમજજો."

" કીકી નીશાળે જાય છે તે સઉ બડબડે છે કે ઘરમાં રંહેતી હોય
" તો કામ તો કરવા લાગે ને છોકરીયોને ભણીને શું કરવું છે. જમવાને
" વખત સઉને થયો હોય ત્હોયે કીકીને નીશાળને માટે મોહું થાય
" તેની ફીકર કોઈને નહી. બે દિવસ એણે ફી માગી ત્હોયે કોઈને
" તે આપવા વખત ન મળ્યો. કાલ તો નંબર ગયો ને રોઈને ફી માગી
" ત્યારે એને ઉલટી ધમકાવી અને મ્હારો મીજાજ હાથમાં રહ્યો નહી
" એટલે જુદ્ધ મચાવ્યું ત્યારે ફી મળી. હું રોઈ નથી માટે ફીકર
" કરશો નહી."

" કીકીનો વિવાહ કરવાનો વિચાર ચાલે છે પણ ઠેકાણું તમને અણગ-
" મતું છે તેથી સઉ અટકયું છે. બને તો તમને પુછ્યા વગર પરભાર્યું કરી
" દેવા સુધી ઉમંગ રાખ્યો હતો. પણ હું કાગડી જેવી ચેતી ગઈ એટલે
" બીજું જુદ્ધ મચાવ્યું ને તરત તો વાત તોડી નાંખી છે. ભાણાને કન્યા
" નથી તેથી સાટું થાય એવો તાલ હતો તેમાં તરત તો મ્હેં ધુળ નાંખી છે."

" આટલી નવાજુનીથી તમારું પેટ ભરાશે. પછી પરદેશમાં અજીર્ણ
" થાય એટલું લખું તો મ્હારેજ વેઠવું પડે, કારણ તમારા વગર બીજું
" કોઈ મ્હારી દયા જાણે એમ નથી. કોણ જાણે કેઈ રાંડ આ સંસાર
" ધડવા જેટલી નવરી પડી હશે."

" બધાંને બકવું હોય તે બકે ને ઘરમાં પઈસા ખુટશે તો હું ચાંદ્રાયણ
" કરીશ ને સકુને સાથે ભુખ્યાં રાખીશ. પણ જેને શોધવા ગયા છો તેને
" લેઈને જ આવજો ને હાથમાં આવેલા પાછાં ન્હાસવાનું કરે તો આ
" કાગળ વંચાવી દાખલો દેજો કે ગંગાના જેવી બાયડીઓ ઘેરે ઘેર વેઠે છે
" ને પ્હોચી વળે છે તેનાથી હજારમા ભાગ જેટલી તમને તો
" કોઈએ ચુંટી પણ ભરી નથી ને એવા સકોમળ તમે થયા તેમ સઉ
" બાયડાઓ થશે તો બ્રહ્માએ ઘડેલી બધી બાયડીઓ કુમારી રહેશે. પણ
" બાપના વાંક માટે બાયડીને રોવડાવે એવો ન્યાય બારીસ્ટરે કર્યો તેવો
" ન્યાય તમારું જોઈ વકીલ કરી બેસશે તો બીચારાં કુમુદસુંદરી તો ગર-
" દન માર્યા મુવાં પણ ગંગાભાભી તો તમારી કોટે વળગશે."

ગંભીર અને તીવ્ર આવેશને કાળે સર્વ ભુલી ઉભો થયો ને એકલો એકલો પણ બડબડ હસી પડ્યો.

" ગંગાભાભી, તમે સઉથી જોરાવર ! " વળી શાંત પડ્યો ને શોકની છાયા મુખ ઉપર આવી. " ચંદ્રકાંત, આ સર્વ હાસ્યરસ વચ્ચે ઉભાં થઈ
" તહારા સંસારના શોકશંકુ મ્હારું હૃદય વીંધે છે. ગંગાભાભી, શું તમે એમ
" કહોછો કે ઘેરેઘેર આર્ય સ્ત્રીઓની દશા તમારા જેવીજ છે ? જો એમ
" હોય તો તેથી મ્હારું દુઃખ શાંત થવાને બદલે સહસ્રધા પ્રદીપ્ત થાયછે. શું
" આ દુઃખ ઘેરેઘેર છે? સરસ્વતીચંદ્ર, ગૌતમ બુદ્ધને જેમ એક સંજ્ઞા જોઈ
" અનેકનું ભાન થંયું તેવુંજ તને અત્યારે થાયછે અને તહારા દુઃખની વાદળી
" આકાશના એક નહાના ભાગમાંથી વેરાતી દેખાઈ આકાશના સર્વ ભાગને
" ઘેરી લેઈ બંધાય છે ? હરિ! હરિ ! હરિ ! અહા ! પ્રિય કુમુદ ! તહારો
" ત્યાગ કરી મ્હેં તને એકલીને અનાથ કરી નથી, પણ અનેક સ્ત્રીયોને
" અનાથ કરી છે ! તહારા જેવી સહધર્મચારિણીના સંયોગથી હું સર્વ
" સ્ત્રીજાતિ સાથે મ્હારા કાર્યને સાંધી શકત ને ગંગાભાભી જેવી અનેકનાં
" દુઃખ દૂર કરત !—આ સર્વમાં તહારો અને ધનનો—ઉભયનો—બ્હપ હતો
" અને ઉભયનો મ્હેં ત્યાગ કર્યો ! ગંગાભાભીનાં અશિક્ષિત વાકયોમાં પણ
" સ્ત્રીજાતિનું પવિત્ર રસચેતન સ્ફુરે છે અને સ્ત્રીજાતિનું સ્નેહસ્વાતંત્ર્ય
" બળથી બ્હસારા કરેછે—તો—તેનામાં વિદ્યાના આવાહનથી શું ન થાત ?"

" મુજ દેશ વીંશે રસમાળો વિના
" ફળપુષ્પ ધરે નહીં નારીલતા !
" રસશોધનસેચન ના જ બને !
" ધનરાશિ અચેતન મુજ રહે ! "

" Chandrakânta ! thou noble bust at my chamber-
" door ! The Raven is ominous that perches on thy
" head ! And it casts a shadow from which my soul–
" Shall *be* lifted ? never more !
" *Shall be lifted—never more !* "

ગંગાના પત્ર નીચે ચંદ્રકાંતે લખેલું ટાંચણ વાંચવા માંડ્યું, " મને
" સમાચાર કહેતાં કે લખતાં કે મ્હારી પાસે ઉભરા કહાડતાં મ્હારી
" દયા ન જાણવી ને બીજા કોઈની બ્હીક ન રાખવી. સ્વામી અને સ્ત્રીનાં
" અંતઃકરણ એક બીજા પાસે ઉઘડે એ તેમનો અનિવાર્ય અધિકાર
" છે. તેમાં માતાપિતા કે બ્રહ્મા જે કોઈ અંતરાય નાંખવા આવે
" તેને ધક્કો મારવામાં ધર્મ છે. એ ધર્મ ન પાળવાથી લગ્ન રદ
" થાય છે ને માબાપ છોકરાનું લગ્ન કરાવે ત્યારથી તેમને આટલી
" વાતમાં અધિકારનું રાજીનામું આપે છે. માટે આ વાતમાં કોઈનું
" કહ્યું માનવું નહી. બાળક પ્રતિ આપણો ધર્મ પણ એવાં જ કા-
" રણથી અનિવાર્ય છે. કોકીના વિવાહ અને અભ્યાસની વાતમાં
" મ્હેં કહ્યું છે તે જ કરવું અને કોઈની વાત ગાંહવી નહી પણ
" માથાનાં થઈ ધાર્યું કરવું.

" કેટલાક સ્વામી માને વશ થઈ સ્ત્રી ઉપર જુલમ કરેછે અને કે-
" ટલાક સ્ત્રીને વશ થઈ માબાપ ઉપર જુલમ કરે છે. આ ઉભય જાતના
" સ્વામી અધર્મી અને અન્યાયી છે. એક પાસ માબાપ અને એક
" પાસ સ્ત્રી એ વચ્ચે ન્યાય કરવો એ જ ધર્મ છે. પણ એ પાસના વિશ્વાસ
" વિના આ ન્યાય શુદ્ધ થતો નથી અને તે શુદ્ધ હોય તો પણ તેનો
" અમલ અરોબર થતો નથી. ગંગાબહુ, આટલું સમજવા જેટલું મ્હેં
" તમને ભણાવ્યાં છે. તમે મ્હારી પાસે મન ઉઘાડી વાત કરી શકોછો
" એટલું ઘરનાં બીજાં માણસ કરે એમ નથી. તો તેમનો ને તમારો
" શુદ્ધ ન્યાય કરવો એ મ્હારાથી બને એમ નથી. તમે નહાનાં હતાં
" ત્યારે અરસપરસ સ્નેહ બંધાય અને મ્હારાં માણસ તમારાં થાય
" અને તમે એમનાં થાવ એટલો પ્રયત્ન મ્હેં કરેલો છે તે તમને બબર
" છે. તમે મ્હોટાં થયાં ત્યાર પછી મ્હેં તમને અને તેમને પુરી સ્વતંત્રતા
" આપી છે એટલે તમારે સહુએ એક બીજાને કેમ સંભાળી લેવાં અને
" કેમ સુધારવાં કે પાંશરાં કરવાં એ હવે તમારી ચતુરાઈનું અને તમારા
" મનુષ્યમાનું કામ છે તેમાં હું વચ્ચે પડવા ઇચ્છતો નથી. રોપશો તેવું

" લણશો ને તમારાં સુખદુઃખ તમે જનતે ભોગવશો—તે મ્હારે માથે
" નહી. શાસ્ત્રના વચન પ્રમાણે પુત્રને સોળે વર્ષે મિત્ર ગણવો ને સ્ત્રી
" ઘેર આવે ત્યાંથી મિત્ર થાય. તેને સટે દેશરીવાજ પ્રમાણે મ્હેં ગંગા
" વહુ વીશ વર્ષનાં થયાં ત્યાં સુધી તેમને બાળક ગણ્યાં ને તેમને ત્યાં
" સુધી રમાડ્યાં પણ બરાં ને રોવડાવ્યાં પણ બરાં. ત્યાર પછી એ અધિકાર
" છોડી તેમને કુલઅધિકાર આપેલો છે. એટલે હવે તમારે કે ઘરમાં
" કોઈએ એવી આશા ન રાખવી કે ઘરકુથલીના ન્યાયના કડાકુટામાં ચંદ્ર-
" કાંત પડે. બાકી આપણી મિત્રતા તો મરતા સુધીની ઠરી તેથી
" તમારી વાતો સાંભળવા અને માગો ત્યાં તમને સારી શીખામણ
" આપવાને આપણે કેડ ભીંડીને તૈયાર છીએ. તમારે જે જોઈએ તે
" માગવા તમારી સ્વતંત્રતા છે. તમે ધેલું માગો છો કે ડાહ્યું માગો છો
" તે વિચારવાનું કામ તમે મિત્ર થયા પછી હું હાથમાં રાખતો નથી.
" કારણ પુરુષ જે ઇચ્છે તે ડાહ્યું અને સ્ત્રી જે ઇચ્છે તે ગાંડું એ શાસ્ત્ર
" હું માનતો નથી. નહાનાં છોકરાંની પેઠે મ્હોટી ઉમરની સ્ત્રીઓને પણ
" સ્વામીની ઇચ્છાના સાંકડા ચીલામાં કેદ કરી ચલવવી એ વાત મિત્ર-
" ધર્મથી ઉલટી છે અને એમાં જગતનું કલ્યાણ પણ નથી. કારણ પુરુષ
" કરતાં સ્ત્રીયો ડાહી હોય એવું પણ હોય છે અને સ્ત્રીપુરુષ એ બે મિત્રોએ
" સંસાર એકઠો ચલાવવો હોય અને બે જણે સુખી થવું હોય તો બે
" જણે કાળજું ઉઘાડી એક બીજાને શાણપણ આપવું અને પુરુષે સ્ત્રીનું
" કહ્યું કરવું કે સ્ત્રીએ પુરુષનું કહ્યું કરવું તેના કરતાં બેમાંથી જે ડાહ્યું
" હોય તેનું ચાલે એ કરવું સારું છે. મ્હારા કરતાં ગંગાબહુ ડાહ્યાં
" છે એમ હું માનતો નથી, પણ એમની પોતાની બાબતમાં હવે એ
" સગીર નથી માટે જનતે વહીવટ કરે એવો મ્હેં ઠરાવ કર્યો છે. તમારે
" અને ઘરનાં માણસને કજીયા થાય ત્યાં તમારે તથા તેમને જેવો વહીવટ
" કરવો હોય તેવો કરવો. લ્હડીને કે લ્હડ્યા વગર કળા વાપરીને જે
" ઠરશે તેનું ચાલશે. આપણે એ કડાકુટમાં પડવાના નથી ને સઉ તમને
" અને તેમને સોંપ્યું. ઘરમાં વહીવટ તમારો તેમાં હું વચ્ચે નહી પડું,
" અને ઘરબ્હાર વહીવટ મ્હારો તેમાં તમને પુછવાનો નથી. તમારો આ
" વહીવટ કરવામાં જે માગશો તે આપીશ. પણ કુવામાંથી બુટે ને
" તમે તરસ્યાં રહો તો હવાડાનો વાંક નથી."

" સરસ્વતીચંદ્ર બાબત તમે લખ્યું તે બરાબર છે. લોક ધારે છે કે
" એ બાપ ઉપર રીસાઈને નહાસી ગયા. પણ તમે બરી વાત સમજ્યાં

" છો. જે સંસારનો કડાકુટો આપણને ગભરાવે છે તેનો એમણે પરણ્યા-
" પહેલાં જ ત્યાગ કર્યો. આપણી પશ્ચિમ બુદ્ધિ થઈ તે પરણીને પસ્તાયાં
" અને એમણે આગળ બુદ્ધિ વાપરી તે સુખી થયા; પણ એમનો દોષ એ કે
" એકલપેટા થઈ એમણે પોતાનો સ્વાર્થ વિચાર્યો અને બીચારાં કુમુદસુંદ-
" રીનો ન વિચાર્યો. આપણે ઘરનું દુઃખ વેઠીએ છીએ ને ગજ
" પ્રમાણે એક બીજાને સુખી કરીએ છીએ તો એમનાથી કુમુદસુંદરી કેવાં
" સુખી થાત? લક્ષ્મીનંદનના બોલ સામું એમણે જોયું, પણ અનુભવ
" નહી તેથી એમ ન સમજ્યા કે મ્હોંડે બોલે એટલું મનમાં હતું
" નથી ને ઘડીનો ઉભરો જન્મારો પ્હોચતો નથી. સાંભળ્યા પ્રમાણે
" લક્ષ્મીનંદન બહુ પસ્તાય છે, અને એમનું શું થશે તે ખબર નથી.
" સરસ્વતીચંદ્ર ઘેર આવશે તો સંસારમાં પડી જાતે દુઃખી થશે એમાં
" વાંધો નથી, પણ બીજાં સઉને સુખી કરશે. રામસીતાને દુઃખ પડ્યું
" તો રાવણ મુઓ અને જગતનું કલ્યાણ થયું, માટે મ્હારે સરસ્વતી-
" ચંદ્રને ઘેર આણી દુઃખી કરવા છે ને સંસારને સુખીયો કરવો છે—
" માટે— મ્હારી લાડકી ગંગા! તહારું કહ્યું કરીશ ને ચંદ્રને લીધા
" વિના ચંદ્રકાંત પાછો ઘેર આવવાનો નથી. એ બે જણ આવે ત્યાં સુધી
" આપણા ઘરમાં જાદવાસ્થળી કરવી કે દ્વારામતીનું સુખ કરવું એ તમારી
" મરજીની વાત છે. તને " તમે " લખ્યું છું તે વાંચી તું બીજવાઈશ,
" ઘરનાં કોઈ જાણશે તો મ્હોં મરડશે, અને બ્હારનું કોઈ જાણશે તો
" હસશે. પણ એવું જોવાની તો મને ટેવ પડી છે તે ગંગાને બબર
" છે. કાગળ પેટ ભરાય એટલો લાંબો લખ્યો છે કે મુંબાઈ આવીને
" મ્હેણું સાંભળવું ન પડે."

વાંચણ પુરું થયું અને વાંચનારે દીર્ઘ નિઃશ્વાસ મુક્યો. પિતાને દુઃખ થાય છે તે માન્યું નહી પણ પિતા ઉપરનો સ્નેહ નેત્રમાં આંસું વહાવવા લાગ્યો.

" સુખી શાને નહી પિતા?
" હવે શાની કરો ચિન્તા?"

પૃથ્વી ઉપર ઘુંટણે પડ્યો અને આકાશ સામા હાથ જોડી ઉંચું જોઈ સજળનેત્ર દીનમુખે ગાવા લાગ્યો.

" પિતા તું એક છે સઘ્ધે!
" જગતને બાંધ્યું તહેં બઘ્ધે.

" પ્રીતિની સાંકળો બાંધી,
" હૃદય સહુનાં લીંધાં સાંધી.
" શરીર આ જે થકી જાયું,
" હૃદય આ જેશું શીવાયું,
" કરી કંઈ કંઈ કૃપા જેણે
" શિશુવય આ ભર્યું સ્નેહે,
" પિતા આ દેહના એ જે,
" પ્રભુ ! તું સુખ દે તેને.
" પિતાનો તું પિતા એક,
" દીધો જે સ્નેહને લેંય
" ધરી તે સ્નેહની આણ,
" કરેંછું રંક ઉદ્ધારઃ
" નથી એ સ્નેહ મ્હેં તોડ્યો,
" નથી સુતધર્મ તરછોડ્યો,
" પિતા પર ક્રોધ નથીં કીધો,
" પિતા પર દ્વેષ* નથીં લીધો.
" પિતાના સુખનો રસ્તો
" કીધો છે માત્ર મ્હેં સસ્તો.
" પિતાના ઓ પિતા ! દેજે,
" પિતાને સુખ શાન્તિને !
" પિતાને સુખ દેવાને,
" મહા સુતધર્મ બ્હેવાને,
" પિતાને દીધું સ્વાતંત્ર્ય,
" ત્યન્યાં પ્રીતિ-લક્ષ્મીનાં તંત્ર.
" ત્યજી એ કારણે દારા,
" હૃદયના દાહ સ્વીકાર્યા;
" પિતાના સુખને કાજે

" દ્વેષઃ 'જેમ કે એને સંસાર ઉપર દ્વેષ આવી ગયો; અનદ્વેષ ઇત્યાદિમાં સંસ્કૃત પ્રયોગ એજ અર્થે છે.

" કર્યું એ સર્વ પળમાંહે.
" હૃદયનો મંત્ર એ સર્વે,
" પિતા સહુનો તું કલ્પે.
" હૃદયની દીપમાલી એ,
" હૃદયની રમ્ય ભાતિ એ,
" પ્રભુ ! તહેં કલ્પી ! તહેં પ્રેરી !
" પ્રભુ ! તહેં ગ્રન્થિ ઉકેલી !
" સકળ એ સર્વ કરજે તું !
" પિતાનું સુખ ભરજે તું !
" શરીર આ દુઃખતપ્ત છે,
" હૃદય આ શોકસંતપ્ત છે:—
" પિતાના સુખ કાજે તે,
" પિતાની શાન્તિ માટે તે.
" પ્રભુ ! માગું ! રડી માગું. "
" સકળ એ વાસના માગું ! "

ઉડી, આંખો લોહી, વિચારમાં પડી, બોલી ઉઠ્યોઃ

" પ્રિય કુમુદ ! આ યજ્ઞ ઉપર બલિદાનમાં તું હોમાઈ ! કુલીન પ્રમાદધન ! તહારા ભાગ્યશાલી મુખમાં એ બલિ-હોમ થયો છે અને તહારા હૃદયમાં એ આહુતિ રસસાયુજ્ય પામો ! પ્રિય કુમુદ ! એક ચંદ્રકાંતના દુઃખમાં અનેક નરરત્નનાં દુઃખ અને એક રંક કુમુદનાં દુઃખમાં અનેક સ્ત્રી-રત્નનાં દુઃખ દેખું છું-નકી—નકી મહારા ભાગ્યહીન દેશમાં --

" ધરતી રસ-સુન્દર કોમળતા,
" ફળ-પુષ્પ ધરે નહીં નારીં લતા !
" રસપોષણ સૂર્ય વિના ન બને !
" ઘનરાશિ અચેતન મુજ રહે ! "

બીજો એક પત્ર લીધો. તે ચંદ્રકાંતના મહોટા ભાઈનો લખેલો હતો. એ ભાઈ નિરક્ષર જેવો હતો અને કાપડીયાને ત્યાં નામું લખતો. એ કાગળના ઉપલા ભાગ ઉપર અંહી તંહી દૃષ્ટિ ફેરવી વચ્ચેથી વાંચવા માંડ્યું.

" ભાઈ, મહારે મહોટે મહોયે નહાનડીયાંની વાતો કરવી ધટારત નહી, પણ
" કાળજું બળે ત્યારે લખી જવાય. માજીનું કહેલું ભાભીને ભાવતું નથી.

" જ્યાં સુધી બીજું નુકસાન ન હોય ત્યાં સુધી જુવાનીયાં વાજું મનસ્વી-
" પણે ચાલે તો બાધ નહી. પણ પઈસાની બાબતમાં તો પુરુષોનું ચાલવું
" જોઈએ. અમે તો પાઈએ પઈસે ભેગું કરીયે તેને રુપાનાણાનું ખરચ કાળ-
" જે વાગે. તમે ઘણું ભેગું કરો પણ ખરચો ઝાઝું. તે જાતે ખરચો ત્યાં
" સુધી નભે; પણ તમારાં બઈરાંયે તમારી પેઠે ખરચવા માંડે એટલે અમે
" તમે સરવાળે સરખા થયા ગણવા. બીજું, તમે સુધારાવાળા કન્યાઓને
" માટે મ્હોટા ને ભણેલા વર જુવો, પણ અમે તો એવું જાણીયે કે નહાના
" મ્હોટા થશે ને ભણેલા ભીખ માગે છે અને માત્ર જેનો ઓરડો ભરેલો
" હશે ત્યાં કન્યા આપીશું તો એના રોટલાની ફીકર નહી કરવી પડે, માટે
" ફોકટની વાતનો જે વિચાર કરવો હોય તે કરજો ને બાયડીયોને બ્હેકાવશો
" તો બાવા ટળશે. પછી આજ કાલ તો ઘેરે ઘેર રાણીનું રાજ્ય છે
" તેમાં ભાઈબાંધુ બોલે તે નગારાંમાં તતુડીના નાદ જેવું થવાનું તે જા-
" ણીને તતુડી વગાડીએ છીએ. કારણ કાળજું બળે છે ને બોલાવે છે."

આ કાગળ નીચે પણ ચંદ્રકાંતના અક્ષર હતા.

" ભાઈજી, લખો છો તે સત્ય છે. શું કરીયે? નહાનપણમાં પરણાવ્યા
" ત્યારથી નગારાપાસે બેઠા છીએ તે નગારું આણનાર પણ તમે અને
" આજ નગારાથી કંટાળો છો તે પણ તમે. સુધારાવાળામાં હું ભળ્યો છું
" તે પણ સત્ય છે. મને તમે ભણાવ્યો ન હત તો સુધારામાં ભળત
" પણ નહી, અને તેની સાથે તમને પંદર રુપીઆ મળે છે તેટલા
" જ મને મળતા હત, એટલે આવ ભાઈ હરખા ને આપણે
" બે સરખા થાત. વાણીયાવિદ્યા કરી ઈંગ્રેજી ભણાવ્યો તો
" વધારે કમાઈ થાય છે ને તેમાંથી તમારે માટે મ્હારા પટારા
" ઉઘાડા રાખ્યા છે. અમે સુધારાવાળા રાણીજીની વફાદાર રૈયત, તે
" રાણીજીની વહુવારુઓને બ્હેકાવીએ નહી તો અમારા ઉપર રાજદ્રોહનો
" આરોપ આવે ને સુધારાવાળા અમને કાળે પાણીયે કહાડે. માટે સા-
" સુજી ને જેઠનાથી જેટલું બરચાય તેટલું બરચો તેમાં તમને કોઈ
" ના નહી કહે, અને વહુવારુ બરચે તેમાં સાસુ કે જેઠે ન બોલવું
" આમ છે, માટે આપને ફરીયાદ કરવાનું કાંઈ કારણ નથી. મઝા કરો.
" મ્હારી પાસેથી છુટશે ત્યારે તમારે મને આપવું નથી અને મ્હારે
" તમને આપવું નથી— તેવું છુટે ત્યારે એમ જાણજો કે બાર વરસ
" મને ભણાવ્યો તો બાર વરસ મ્હારી કમાઈ મ્હેં સઉ પાસે ભોગવાવી
" અને તેરમે વર્ષે ભણ્યાનો બદલો પુરો થઈ રહ્યો."

" આમ છે. માટે આ બાર વર્ષ ધનના બૃહસ્પતિ બેઠા છે તેયે તમારા
" ને બીજાં સઉના ભેગા; ને સઉને ભાગ્યે પછી અચળી ગ્રહદશા કે પનોતી
" બેસશે તેયે તમારી સઉની બેસશે. આપણે તો જ્યાંથી આવ્યા
" ત્યાં જવાને બેહા છીયે ને આપના આશીર્વાદથી જન્મથી મરણસુધી
" પરમાનંદસ્વરૂપમાંજ લીન છીએ. માટે ચિન્તા ફીકર રજકરશો નહી
" અને તતુડીના જેવું બોલવું મુકી દઈ નગારાને ઢાંકી દેવા ભેરી નાદ
" કરશો કે પડઘમ જેવું બોલશો તહોયે કાન ઉઘાડા જ રાખીશું અને
" કહેશો તે સાંભળીશું. કોઈનું સાંભળી હું તમને કનડવાનો નથી અને
" તમારું સાંભળી બીજા કોઈ ને કનડવાનો નથી. આપ મહારા મહોટા
" ભાઈ છો તે આપની સેવા કહેશો તેટલી કરીશ. બાકી વડીલના
" વચનથી નહાનેરાંને મારવાં એવો પરશુરામનો જુગ વીતી ગયો અને
" સરે વીક્ટોરીયા રાણીનો જુગ બેહો છે, માટે દેશકાળ પ્રમાણે વર્તીને
" ચાલવું એવું તમારો ભાઈ ભણ્યો છે તે આ જન્મમાં તો ભુલાય કે
" મિથ્યા થાય એમ નથી."

એક હાથમાં પત્ર રાખી અને બીજો છાતીયે મુકી સરસ્વતીચંદ્ર ગર્જી ઉઠ્યોઃ

" હર ! હર ! હર ! હર ! હર ! ચંદ્રકાંત ! તું ભાઈ આગળ
" દુઃખને ગણતો નથી અને કેવળ ખડખડ અટ્ટહાસ્ય કરેછે; પણ જે
" વાક્યોમાં તું દુઃખને ગણતો નથી તેના અંતઃશ્વાસમાંથી ઉંડી ધમ-
" ણોનો વેગ સંભળાય છે અને તહારું જે હાસ્ય પુવારા પેઠે પુટી રહે છે
" તેનાં નિર્મળ જળના મધ્યભાગમાં તહારા ચીરાતા મર્મભાગની રુધિ-
" રધારાઓ હું જોઉં છું ! હરિ ! હરિ ! હરિ ! ચંદ્રકાંત ! તહારો
" શોક જગતનો પરાભવ કરે છે અને અભિમાન ભર્યો ઉડે છે—

" Thy deep-seated proud pain is the raven—of
" which it was so truly said—
" *Not the least obeisance made he !*"
" And it has—
" *Perched upon my bust of Pallas—just above my*
chamber-door !"

બીજો પત્ર લીધો. તે કવિ તરંગશંકરનો લખેલો હતો.

" સહૃદય નાનારસ મનોજ્ઞ પ્રિય મિત્ર,

" તમારી ઇચ્છાને અનુસરી તમારા કુટુમ્બકાર્યની ચિન્તા હું રાખું
" છું. વિચિત્રચિન્તાકર આ સંસારમાં કોઈ નિશ્ચિન્ત નથી, માટે
" ચિન્તા રાખવા બેસીશું તો તમારાથી કે મ્હારાથી નિશ્ચિન્ત રૂહેવાય
" એમ નથી એવો તમારો સર્વદા સર્વને ઉપદેશ છે તે યોગ્ય છે. માટે
" તમારી ગૃહસ્થિતિ વીશે વિશેષ તમને લખવું તે પુનરુક્તિ કરવા જેવું
" છે, પણ મને સોંપેલા ક્ષેત્રનું અવલોકન કરી તમને વૃત્તાન્ત લખવા તે
" મ્હારો ધર્મ છે માટે લખું છું."

" તમારા બન્ધુએ તેમ ગંગાભાભીએ તમને પત્રો લખેલાં છે તે
" ઉપરથી મ્હારે જણવવાનું તમે જાણી લીધું હશે. મ્હારે હવે એટલુંજ
" જણવવાનું બાકી છે કે તમારાં સર્વ કુટુમ્બીઓ કેવલસ્વાર્થી છે,
" અને તેમને તમારા પ્રતિ ન્યાયવૃત્તિ નથી તો દયા તો ક્યાંથી હોય ?
" હું એક કાળે જાણતો હતો કે આ દશા મ્હારા એકલાની જ હશે,
" અનુભવ વધતાં ઘેર ઘેર એ જ દશા દીઠી, એ દુષ્ટ નીરસ સંસારનો
" ગન્ધ માત્ર આવતાં ચતુર સરસ્વતીચંદ્રે તેનો સહસા ત્યાગ કર્યો, અને એ
" સંસારના સર્પોથી હાથે પગે અને કોટે વીંટાયલા રહી શિવજી પેઠે
" સંસારને સ્મશાન ગણી તેમાં આત્મવિભૂતિથી નિજાનંદમાં રૂહેનાર તો
" તમને જ દીઠા ! શુદ્ધ નિઃસ્વાર્થ પ્રીતિરસ સંસારમાં તો કોઈ પણ
" સ્થાને નથી એવી મ્હેં વ્યાપ્તિ બાંધી છે, અને સંસાર એવો નીરસ છે
" માટે જ સંસારમાં ન જડતો રસ કાવ્યાદિમાં તરતો દેખી મનુષ્યો
" કવિજનો ઉપર પ્રીતિ રાખે છે ! જો સંસારમાં જ રસ શુદ્ધ સ્વરૂપે
" હોય તો કવિઓનો ભાવ કોણ પુછે ?— રસના આત્માને મુકી માત્ર
" અક્ષરમય રસનો આદર કરવા કોને અવકાશ મળે ?"

" પ્રિય ચંદ્રકાન્ત ! આ વ્યાપ્તિમાં ગંગાભાભી પણ અપવાદરૂપ
" નથી. તમે કુટુમ્બમાં સર્વ પ્રતિ ઉદારતા રાખી છે તેનું મહાફલ એ
" થયું છે કે તમારો હાથ કયારે પ્હોચ્યો વળતો બંધ થશે તેની કોઈને
" ખબર નથી અને તમારો હાથ સર્વદા પ્હોચ્યશે તો તમારો દેહ ક્યાં
" સુધી કામ કરશે તેની કોઈને ખબર નથી અને તેવે કાળે જે વસ્તુ
" જેના હાથમાં હશે તેની પાસે તે રૂહેશે અને જેની પાસે કોઈ વસ્તુ-
" સંગ્રહ નહી હોય તે સંગ્રહશૂન્ય થઈ દુઃખી થશે અને તેની
" કોઈ સંભાળ નહી રાખે—આમ સર્વના મનમાં છે અને સર્વ સ્વાર્થ-
" સંગ્રહ કરવા મથે છે. સ્ત્રી ઉપર પુરુષનો પક્ષપાત સ્વાભાવિક રીતે
" હોય છે, તે તમારે નથી, અને જેના ઉપર તમારો પક્ષપાત નથી

" તે સ્ત્રીના હૃદયમાં તમારે માટે પ્રતિધ્વનિ કેવી રીતે થઈ શકે તે
" હું સમજતો નથી. શુષ્ક સ્નેહનો પ્રતિધ્વનિ અ-રસિક ચિત્તોમાં થતો
" નથી અને થાય તો ટકતો નથી. ગંગાભાભીને પોતાની જાત વળગી છે
" અને પોતાનાં બાળક વળગ્યાં છે ત્યાં સુધી તેમને સ્વાર્થ વળગ્યો છે. એ
" સ્વાર્થમાં જ્યાં સુધી એમના અર્ધાંગરૂપ થઈ એ સ્વાર્થમાં તમે પક્ષપાત
" નહી કરો ત્યાં સુધી તેના ઉંડા સ્નેહની તમે આશા રાખતા હો તો તે
" વ્યર્થ છે. તમારું ઇતર કુટુંબ પોતાના સ્વાર્થોથી છુટતું નથી, પોતાના
" યોગ્યાયોગ્ય પક્ષપાતોથી છુટતું નથી, પોતાના બાળકોની સમૃદ્ધિ ઇચ્છે
" છે, અને તેની સાથે એવો અભિલાષ રાખે છે કે એવા જ સ્વાર્થોથી,
" એવાજ પક્ષપાતોથી અને એવાં જ બાળકોથી ગંગાભાભીનું ચિત્ત
" છુટી જાય ! Do unto others as you would have it
" done unto yourself—આપણા ભણી સામાની જે કૃતિની ઇચ્છા
" રાખીએ છીએ તેવીજ કૃતિ આપણે સામા તરફ કરવી—એ ભાવના
" આપણાં કુટુંબોમાં ઉદય પામી શકતી નથી ત્યાં સુધી ગંગાભાભીની
" વૃત્તિઓ ઉપર તમારે પક્ષપાત કરવો જોઈયે. આ જ એમની પાસેથી
" સ્નેહ પામવાનું સાધન, આ જ એમના અને તમારા સુખનું સાધન,
" અને એ સાધન નહી કરો ત્યાં સુધી તમારા ઘરમાં ચારે પાસ મચી
" રહેલી આ વ્યવસ્થા દિવસે દિવસે વિકાસ પામશે.

" મ્હારા પોતાના કુટુમ્બની વ્યવસ્થા હું આવાં સાધનોથી જ રાખું
" છું. જેમની અવ્યવસ્થા દૂર કરવા પ્રયત્ન કરીયે તેની ગાળો ખાઈએ
" છીએ અને જેનો પક્ષપાત કરીએ છીએ તે આપણો પક્ષપાત કરે
" છે એટલે મ્હારું સુખ પણ જળવાય છે. તમારા જેવા નિષ્પક્ષપાતી
" થઈ સહુની ગાળો ખાવી અને સર્વથા અવ્યવસ્થા રાખવી તેના કરતાં
" આ મ્હારા માર્ગમાં મને પ્રમાણમાં સુખ લાગે છે.

" ખરું પુછો તો એક મ્યાનમાં બે તરવારો સમાય નહી અને એક
" ઘરમાં બે સ્ત્રીયો સમાય નહી. માટે જ સાસુવહુને જુદાં રાખવાંનો
" ઇંગ્રેજી વ્યવહાર મને સુખકર લાગે છે બાકી શુદ્ધસ્નેહ તો તેમનો પણ
" શૂન્ય છે અને આપણામાં પણ શૂન્ય છે."

" આવા આવા અનેક અનુભવના વિચાર કરી હું મ્હારા કુટુંબની
" વ્યવસ્થા રાખું છું, અને વેદાન્તીઓ સંસારને દુઃખમય કહે છે તેને
" હું નીરસ માનું છું. વેદાન્તીઓનો આનન્દ સંસારમાં નથી માટે
" જનતે જ આનન્દરૂપ થવામાં શ્રેષ્ઠતા માને છે. તેમ સંસારમાં રસ નથી

" માટે જાતે જ રસરૂપ થવામાં હું શ્રેષ્ઠતા માનું છું. વ્યવહારમાં મ્હોટા
" મ્હોટા વેદાન્તીઓ અને સંન્યાસીઓ રાગદ્વેષનો ત્યાગ કરી શકતા નથી અને
" આનંદરૂપ ન થઈ શકતાં આનન્દના ગપાટા હાંકે છે. હું પણ નીરસ
" સંસારનો ત્યાગ કરી શકતો નથી અને રસરૂપ ન થઈ શકતાં રસના
" રાગડા તાણું છું. ચંદ્રકાંતભાઈ, તમારા આશ્વાસનમાટે હું આ મ્હારો
" અનુભવ લખું છું. પણ સરસ્વતીચંદ્ર જડે તો તેમને એ કૂહેશો।
" નહી. તેમણે આજ સુધી પ્રોસ્પેરોની ભિરાણ્ડા જેવું અને યુદ્ધના
" પ્રથમ વય જેવું જીવન જ અનુભવેલું છે એ શુદ્ધ સરલ રસના પાત્રમાં
" આપણા સંસારની શાહી પડવા દેશો નહી."

" જો એ તમને મુંબાઈની દશા પુછે તો કૂહે જો કે આપણું
' મુંબાઈ તો આપણા મંડળમાં જ સમાયલું છે; અને એવા મુંબાઈની
" દશાનો તરંગ તમારી પાસે ઉછળે છે તેને એમની પાસે તમે ઉછાળજો."

" ગોપિકા ઘણી ઘણી રુવે છે કુંજકુંજમાં,
" રોતી મુકી સર્વને તું કૃષ્ણચંદ્ર ક્યાં ગયો ?
" પદ્મમાળ પાણીમાં ઉંચાં વિકાસી મુખને
" જોઈ રહેતી વ્યોમમાં, રસિક ભ્રમર ક્યાં ગયો ?
" રસરસિક કંઈ કવિ ને કંઈક શુદ્ધ સાક્ષરો
" મળી વીંટાઈ પુંછતા, ઉદાત્ત ચંદ્ર ક્યાં ગયો ?
" સહુ સખીથી એકલી અગ્ર વાંચી રાધિકા
"વ્રજ ભુલામણીમાં ભુલી રટતી "ધૂર્ત ક્યાં ગયો ?"
" દેશવીરો, કવિજનો, સાક્ષરો, સુભાષકોઃ —
" એ સહુથી છુટી તું જતો, કાંત, ચંદ્ર જ્યાં ગયો !
" શોધજે, તું શોધજે, કાંત પવન, ચંદ્રને !
" કુમુદમાળ ઉંચું જુવે, ઘનથી ચંદ્ર શું છુટ્યો ?
" વેરજે, તું વેરજે, પવન, શ્યામ મેઘને !
" ચકોર પાંખ ઉંચી કરે, ઘનથી ચંદ્ર શું છુટ્યો ?
" વેરજે, તું વેરજે, પવન, પેલા મેઘને !
" ચકોર આંખ ઉંચી કરે ચંદ્રમા શું કંઈ દીઠો ?
" વેરજે તું વેરજે, કાંત પવન, મેઘને !
" તરંગ ઉછળી રહે ઉરે, ચંદ્ર ચળકો ક્યાં રહ્યો !

" પ્રિય ચંદ્રકાંત ! સરસ્વતીચંદ્રના સ્નેહરસે ફારસી બેતના રાગને
" મ્હારા હૃદયની સારંગીમાં આમ ઉતારી સંસ્કારી કરી દીધી છે. નિ-
" રક્ષર અ-રસિક ગૃહિણી ઉપર ગમે તેટલો પક્ષપાત કરવા જાઉં છું,
" ગમે તેટલી gallantry અને chivalry ની ઈમારત મનમાં બાંધવા
" જાઉં છું, પણ તેના હૃદયની સ્વાર્થવાસના મ્હારા ચણતરને દારુગોળા
" પેઠે ઉરાડી મુકે છે તે પ્રસંગે હું ગોલ્ડસ્મિથને સંભારી ભાષાંતર કરી
" ગાઉં છું કે, —

" સ્ત્રીની પ્રીતિ તો સર્વથી ખોટી,
" મોહ જાળ નાંખે જોતી જોતી;
" જાળ નાંખે; જોતામાં ફસાવે,
" ફાવે ત્યાં જ એ ધુતકારીં નાંખે;
" કુહાવે અબળા ને નરને નચાવે,
" ગોરી ગુમાનભરી પછી રાચે.
" નરના દુઃખની મશ્કરી કરતી
" નારી પ્રીતિ ખરી નવ ધરતી.

" પ્રીતિની હુંફ પંખી ધરે કો,
" સુરલોકમાં હો કે નહી હો.
" પ્રીતિ નામે સળગાવી આગ,
" નારી નરને કરે છે ખાખ.
" મોહમાયા ને જોગણી કુહાવે,
" નારી નરને ન જંપે સુવા દે !
" બેટા, શાને વેહવી એની શુળો ?
" એની પ્રીતિમાં મુકની પુળો.

" જગતમાં ન જડતી સ્ત્રીપ્રીતિને કવિતામાં શોધું છું અને સાતમે
" આકાશ ચહડાવી તે મૂર્ત્તિની સુંદરતામાં ગુમ્કી રહું છું તેની ના નથી.
" પણ જગતમાં જડતી સ્ત્રીપ્રીતિ તો ઉપર ગાઈ તેવી છે. મ્હારા
" વર્ગમાં તમને ભળેલા જોઈ દુષ્ટ આશ્વાસન પામું છું. સરસ્વતીચંદ્રને એવી
" પ્રીતિમાંથી બચેલા જોઈ તેને ભાગ્યશાળી માનું છું અને એના ચકોરપણા
" ઉપર મોહ પામું છું. બસ, જ્યાં હશે ત્યાં એમના હૃદયના નિર્મળ રસમાં
" સંસારનો મેલ નીચોવાશે નહી અને એ રસ નિર્મળ રૂહેશે. જગતમાં
" એના જેવા નિર્મળ રસની એક પણ મૂર્ત્તિ પ્રત્યક્ષ કરી તરંગ આ નીરસ
" સંસારમાં પોતાનો રસાવતાર સફળ થયો માનશે."

આ પત્રને અંતે પાછા ચંદ્રકાંતના અક્ષર હતા. " Hobbes જેવા
" તત્વશોધકો અને બીજા નૈયાયિકો વ્યાપ્તિઓ બાંધેછે તે પોતાના
" અનુભવ અને જ્ઞાનમાં પરસ્પરવિરોધ જાણી જોઈને નથી રાખતા.
" પણ કવિઓના સંસારઅનુભવની વ્યાપ્તિઓ એક જાતની બંધાય અને
" તેમનો રસાત્મા જુદી જાતનો થાય તે તમે પ્રત્યક્ષ કરાવ્યું. વૈરાગ્ય
" અને રસના પરસ્પરવિરુદ્ધ પ્રવાહમાં તરનાર સરસ્વતીચંદ્ર પણ તમારા
"જેવા જ કવિ છે અને તમે એ કવિજનોને સમભાવ થાય તે મ્હારા જેવા
" કવિત્વશૂન્ય પ્રાણીએ જોવા જેવો ખેલ છે. કૃષ્ણઅવતારનું રહસ્ય પણ
" કંઈક આવાજ વિરોધાભાસથી ભરેલું છે એમ તમે સમજાવેલું તેનું
" અત્યારે સ્મરણ થાય છે.

" મ્હારા ઘરની અવ્યવસ્થા દર્શાવી તે ખરી છે. એ અવ્યવસ્થામાં
" જેવાં સર્વ કુટુમ્બીઓ કારણભૂત છે તેવીજ રીતે હું ને તમારાં ભાભી
" પણ કારણભૂત છીયે. છતાં મ્હારે તમારાં ભાભી ઉપર પક્ષપાત રાખ-
" વાની કર્તવ્યતા દર્શાવી એ પણ કવિત્વનોજ વિરોધાભાસિત ચમત્કાર છે."

" કવિરાજ! ઈંગ્રિજોની રીતને અનુવર્તી આપણે ગૃહિણીઓ ઉપર
" પક્ષપાત કરવાનો કાળ આવવાની વાર છે. જ્યાં સુધી આપણે ઘર-
" માંથી માતાપિતાદિક મંડળને કહાડી મુકવા ઠરાવ કર્યો નથી ત્યાં સુધી
" પક્ષપાતના કરતાં પક્ષોત્પાત વધારે ઉચિત છે. તે એવી રીતે કે બે
" પક્ષ—બે પાંખો—ઉંચી કરવી, એક પાંખઉપર માતાપિતાદિ ભારને
" વ્હેવો અને બીજી ઉપર સ્ત્રીપુત્રાદિને લેવાં, તે બેનું પરસ્પરસંઘટ્ટન
" થાય નહી અને પરસ્પરવિનાશ થાય નહી માટે તે બેના મધ્યભાગમાં
" આપણો શરીર-પિણ્ડ રાખવો અને પછી એ પાંખો વડે ઉડવું—એને
" હું પક્ષોત્પાત ગણું છું. એ પાંખો ઉપરના ભાર નીરસ હો; પરંતુ એ
" ભારનું વહન અને એ પક્ષોત્પાત—એ ઉભયમાં મ્હારે મન રસ છે; પણ
" મને આપની પેઠે તે રસની કવિતા કરતાં આવડતી નથી. જો તે કવિતા
" મને આવડતી હત તો સરસ્વતીચંદ્રને હ્હાસી જવા દેત નહી."

" હું કુટુંબમાં સર્વ જનને સ્વતંત્રતા આપું છું, મ્હારો દેહ ન હોય તો
" મ્હારા ડખાણ વિના અને મ્હારા પક્ષપાત વિના સર્વને જેવી રીતે
" પોતાના બળથી અને કળાથી પરસ્પર સ્વાર્થોના સંઘટ્ટન વચ્ચે રહેવું
" પડે તેવી રીતે આજથી રહેવાનો અભ્યાસ તેમને હું પાડું છું. એ અભ્યાસ
" હાલ ક્લેશકર છે, પણ અંતે સર્વ પરસ્પરનું રક્ષણ અને પોષણ કરવાનું
" શીખશે અને સર્વ સુખી થશે એવી હું આશા રાખું છું. હું એ સ્વાતંત્ર્ય

" રસનો રસિક થઈ સર્વને એ રસ પીતાં શીખવું છું અને કુટુમ્બમાં એક
" જણનું સ્વાતન્ત્ર્ય નષ્ટ કરવામાં બીજું કોઈ કારે નહી એટલું બળ
" વાપરું છું. આમ કરવામાં મ્હારું ધન--સર્વસ્વ જશે તો હું તટસ્થ
" રહી હાસ્ય કરીશ, કારણ એ વ્યયથી દ્રવ્યવતી અવસ્થાને માટે અપાત્ર
" સિદ્ધ થયેલો કુટુમ્બવર્ગ ઉચિત દરિદ્રતાને પામશે, અને દરિદ્રતાનું
" અમૃત સર્વનાં હૃદયમાં અમૃત ભરશે, એવી દરિદ્રતા મ્હારાં સર્વ રત્નો-
" ઉપર લાગેલા કચરા અને કર્કશતા કૂહાડી નાંખી સર્વને સુવૃત્ત અથવા
" અકર્કશ અને સતેજ કરશે. કવિરાજ! મને આમાં પણ રસ
" પડશે. શુદ્ધ પ્રીતિ અને નિર્મળ રસ તો અત્યંત નિષ્કિઞ્ચનતામાં
" અથવા તૃપ્તિસાધનની પ્રાપ્તિ પછીનાં મનોરાજ્યોમાં જ જડે છે.
" મધ્યાવસ્થામાં ન જડે. એ પ્રાપ્તિ મ્હારાથી થાય એમ નહી હશે તો
" રસસિદ્ધિની સાધનાને અર્થે એ નિષ્કિઞ્ચનતામાં મને ઇષ્ટાપત્તિ છે.
" એ પ્રાપ્તિનો ત્યાગ કરવા ઉડી પડેલા સરસ્વતીચંદ્ર એ મનોરાજ્યમાંથી
" ભ્રષ્ટ થશે માટે એ પક્ષિરાજને પકડવા આથડું છું. એ મ્હારી ઇષ્ટા-
" પત્તિ અને એ પક્ષિરાજનું મનોરાજ્ય—એ ઉભય દેશકલ્યાણનાં સા-
" ધન છે અને તેમાં જ મ્હારું, તમારું, તેમનું, અને ઇતર સર્વનું ક-
" લ્યાણ છે. ગરીબ બીચારાં કુમુદસુંદરી! સરસ્વતીચંદ્રના મનોરાજ્યનું
" રસતત્વ પત્રદ્વારા ચાખી, એ પક્ષિરાજની પાંખ ઉપર બેસવાનો સમય
" સમીપ દેખી, યમજવનિકા જેવા અભેદ્ય અંધકારમાં લીન થઈ ગયાં!
" એમની વાર્તા તો અસાધ્ય થઈ!

" કવિરાજ! તમે કહોછો કે ઘરમાં કોઈની પ્રીતિ નિર્મળ નથી અને
" સ્વાર્થનો મેલ સર્વની પ્રીતિને નીરસ બનાવી મુકે છે. સત્ય છે. પણ
" ઉદાત્ત ચિત્તનો રસ સ્વયંભૂ છે અને સામાની પ્રીતિની અપેક્ષા રા-
" ખતો નથી. બ્હાનપણમાં માતાપિતાનો સ્નેહ બાળકના ભણીથી પ્રી-
" તિની અપેક્ષા રાખતો નથી. આપણે સ્વદેશઉપર પ્રીતિ કરીયે
" છીયે ત્યારે દેશ આપણા ઉપર પ્રીતિ રાખે એવી ગણના કરતા નથી.
" એવી પ્રીતિ તો ગમે તો ઈશ્વરપ્રીત્યર્થ રાખીયે છીયે કે ગમે તો
" આપણા ચિત્તનો રસપ્રવાહ એ દિશામાં બ્નતે બ્નય છે. આપણાં
" નિરક્ષર કુટુમ્બ ઉપર પણ આપણો પ્રીતિરસ એવો જ સ્વયંભૂ
" છે, એ રસ પ્રીતિપાત્ર વિષયની પ્રીતિના પ્રત્યાઘાતરૂપે સ્ફુરતો નથી,
" પણ જડમાં આત્મચેતન પેઠે સ્વપ્રકાશે સ્ફુરે છે."

* આપણાં કુટુમ્બોમાં નિઃસ્વાર્થતાની--નૈષ્કામ્યની આશા રાખવી તે

" જ ખોટી વાત છે. આત્માને લેઈને સર્વ પ્રિય છે એવું શ્રુતિવચન છે
" તે સાક્ષરોને ઉદ્દેશે છે તો આપણાં નિરક્ષર પામર કુટુમ્બીઓને ઉ-
" દ્દેશે એમાં શી નવાઈ? તેમના સ્વાર્થની શુક્તિઓમાં પ્રીતિનાં સ્વયંપ્ર-
" કાશ મુક્તાફળ ઢંકાયલાં હોય છે તે શોધી, સ્વચ્છ કરી, ભોગવવાં
" એ ઉદાત્ત રસિક જનોનો રસમાર્ગ છે."

" સંસારમાં સર્વ જનોનાં ચિત્ત ન્હાની ન્હાની સૃષ્ટિમાં અનેક તૃ-
" ષ્ણાઓ અને અનેક લિપ્સાઓ રાખે છે. આપણાં ચિત્તમાં સરસ્વતી
" અથવા રસનો ઉદય થતાં એ સર્વ નાશ પામે છે અને તેને સ્થાને
" બીજી વિભૂતિ રચાય છે. દ્રવ્યવાનોએ દ્રવ્યનું અભિમાન ન ધરતાં
" દ્રવ્યહીન બન્ધુઓ ઉપર દયા આણવાની છે, તેમ સરસ્વતી આદિની
" વિભૂતિ ધરનારે નિરક્ષર જનોની ક્ષુદ્ર અને મલિન વાસનાઓ ઉપર દયાજ
" આણવાની છે. ધર્મશોધકો કહી ગયા છે કે દયા ધર્મકો મૂલ હૈં તેમ
" તેમની જોડે આપ જેવા કવિયો પણ ઉદ્ગાર કરશો કે દયા પ્રીતિનું
" મૂળ છે. આવા આર્દ્ર રસને ધરનાર મહાત્માઓ જ કહે છે કે

" उपकारिषु यः साधुः साधुत्वे तस्य को गुणः ।
" अपकारिषु यः साधुः स साधुः सद्भिरुच्यते ॥

" જેમ જેમ કુટુમ્બવર્ગ અથવા સ્ત્રીજનની પ્રીતિ વધારે સ્વાર્થ
" ભરેલી દેખું છું, તેમ તેમ મ્હારા હૃદયની પ્રીતિમાં વધારે ઉલ્લાસ
" આણવા પ્રયત્ન કરું છું. ઈશ્વરે તેમને કોઈક યોગથી મ્હારા સંબં-
" ધમાં સૃજી મુક્યાં; તેમ કરવાનો તેનો હેતુ તો અગમ્ય છે, પણ
" સહૃદય જનોની દૃષ્ટિ એવી જોઈએ કે એ દૃષ્ટિ જ્યાં પડે ત્યાં આ-
" ત્મવત્ જુવે, અને નિકટ રહેલાં ઉપર પ્રથમ પડવું એ મ્હારી
" દૃષ્ટિનો ધર્મ છે તો મ્હારી હૃદયવૃત્તિને હું એવો રસધર્મ શીખવું
" છું કે દૃષ્ટિદ્વારા એ વૃત્તિ જ્યાં જુવે ત્યાં આત્મવત્ જુવે અને એ
" નિકટસંબંધી જનને પણ આત્મતુલ્ય કરવા પ્રયત્ન કરે. આમ
" જ જ્યાં જ્યાં દૃષ્ટિ પડે ત્યાં ત્યાં રસધર્મ પ્રવર્તાવું છું અને यत्र
" यत्र मनो याति तत्र तत्र समाधयः એ વાક્યના અનુભવના અભ્યાસનો
" આરંભ કુટુંબમાંજ કરું છું. Charity begins at home."

સરસ્વતીચંદ્રે પત્ર બગલમાં મુક્યો અને ઉંચું જોઈ વિચારગ્રસ્ત થયો.

" કુમુદસુંદરી ! આપણી પ્રીતિ શુદ્ધ હતી. દયામૂલક પ્રીતિ તે વત્સ-
" લતા. સમરસમૂલક પ્રીતિ તે મૈત્રી અને દામ્પત્ય પણ મૈત્રીનો જ

" પ્રકાર છે. ચંદ્રકાંત ! તહારા ઘરના દામ્પત્યનો દયામાં સમાસ કરી
" દેતો તને જોઉં છું ત્યાં મૈત્રીમૂલક દામ્પત્યને વિષયે તહારું હૃદય નિરાશ
" થતું જોઉં છું. ચંદ્રકાંત ! તરંગશંકર ! તમારા સંસારનાં ચિત્ર
" ઘેરે ઘેર હોય તો દેશની અધોગતિ થતી સમજવી, અને તમારા
" ઉચ્ચગ્રાહ માત્ર એ અધોગતિમાંથી સકુટુમ્બ પોતાની જાતને
" ઉદ્ધારવાના પ્રયત્ન છે. આર્ય વિદ્વાનો આ ઉદ્ધારને માટે આ પીડા
" ભોગવે છે તે વધારે ફલદ કે લોકસામે સુધારાનાં યુદ્ધ થાય છે તે
" વધારે ફલદ ? જ્યારે સુધારાનાં વાદિત્ર સમાજોમાં ગાજે છે અને થોડાંક
" પરાક્રમાધિક મનુષ્યોને આશ્રય આપી સુધારાની સિદ્ધિ તેટલાનેજ થતાં
" તેમને વિજયમાળા પહેરાવી અને સમાજશાખાઓ સ્થાપી શાંત થાય
" છે, ત્યારે આ કુટુમ્બોદ્ધારક વિદ્વાનો વગરવાદિત્રે પોતાનાં આખાં કુટુ-
" મ્બને માત્ર આત્મબળે ઉચકવાના અપ્રસિદ્ધ પણ વિકટ પ્રયત્નનો કલેશ પામે
" છે. ખરી વાત છે કે હજી સુધી ગંગાભાભી સમાજમાં જવા યોગ્ય
" નથી થયાં અને સુધારાના અગ્રેસર ઉદ્ધતલાલનાં શ્રીમતી પેઠે પુસ્તક
" પણ રચતાં નથી અથવા ઇંગ્રેજી ઉદ્ધાર કરી શક્તાં નથી; પણ
" જ્યારે ઉદ્ધતલાલ માત્ર શ્રીમતીનો અને તેમની પુત્રીઓનો જ ઉદ્ધાર
" કરી શકે છે અને તેમને સો ફૂટ ઉન્નતિ આપે છે ત્યારે તરંગશંકર અને
" ચંદ્રકાંતનાં આખાં કુટુમ્બ ને કુટુમ્બ દશ દશ ફૂટ ચ્હેડેછે અને તેમનું
" અનુકરણ કરી આશપાસની વસ્તીમાં કેટલું થતું હશે ? આ એમાં ગમે
" તે ફળ વધારે હો પણ ચંદ્રકાંતનો શ્રમ પરોપકારી છે અને જેવો
" એ પરોપકાર ગુપ્ત છે તેવોજ એ સ્વાર્થપરિત્યાગનો ભરેલો છે. શ્રી-
" મતીની વિદ્યાના ઉપભોગમાં ઉદ્ધતલાલનો પોતાનો જ સ્વાર્થ સરે છે
" ત્યારે ચંદ્રકાંત અને તરંગશંકરનાં હૃદય દામ્પત્યમૈત્રીની પ્રાપ્તિમાં નિરાશ
" છે. અશિક્ષિત સ્ત્રીપુરુષોને આ મૈત્રી સ્વતઃ મળે છે. બુદ્ધિધન અને
" સૌભાગ્યદેવીને અશિક્ષિત મૈત્રી જ છે, પણ શિક્ષિત પુરુષોને અશિ-
" ક્ષિત સ્ત્રીઓ સાથે એ મૈત્રી અસંભાવ્ય છે. ત્યાં તો માત્ર ચંદ્રકાં-
" તના જેવી વત્સલતા જ છે. આખા કુટુમ્બને લાભ આપવામાટે
" ચંદ્રકાંતે ગંગાને આપવામાં ન્યૂનતા રાખી છે અને પોતે દામ્પત્યમૈં-
" ત્રીથી હીન રહ્યો છે."

" एके सत्पुरुषाः परार्थघटकाः स्वार्थं परित्यज्य ये ॥

" ચંદ્રકાંત ! આ સ્વાર્થપરિત્યાગ તેં કર્યો છે ! આ સત્પુરુષત્વ તહારું છે !
" પણ શું એ ઉત્તમ વસ્તુના ત્યાગ વિના એવી જ રીતે કુટુંબને ફલ

" આપવાનો માર્ગ નથી? શું ગૃહિણીને દળી નાખ્યા શીવાય કુટુમ્બમુખ
" પોષવાનો માર્ગ નથી? કુમુદસુંદરી! ક્ષમા કરજે! તમારા સુખનો ત્યાગ
" કર્યાથી એવા સુખનગરની અવસ્થા કેવી રીતે કેટલા વિદ્વાનો વેડે છે
" તે આજ જોયું અને મ્હારી દશાથી તેમની દશા હું સમજી શકીશ.
" પ્રિય પિતા! પ્રિય કુમુદ! બુદ્ધે કરેલો ત્યાગ જો અધર્મથી ભરેલો ન
" હોય તો મ્હેં કરેલો ત્યાગ તો કંઈ લેખામાં નથી."

" પ્રિય ચંદ્રકાંત, કુટુમ્બવત્સલતાને લીધે જે સ્નેહસૃષ્ટિનું સ્વપ્ન તું
" તહારા મન્દિરમાં રચી શકતો નથી, જગતવત્સલતાને લીધે જે સ્નેહ-
" સૃષ્ટિનો ત્યાગ બુદ્ધે કર્યો, એ જ સૃષ્ટિને પાસે આવતી દેખી હું ત્યાંથી
" પલાયિત થઈ ગયો તેમાં મ્હેં તમે ખોયેલી પ્રાપ્તિનો અંશ પણ ખોયો
" નથી. જે કુટુંબકલેશ વેઠવાની શક્તિ તમ નિર્ધન મિત્રોમાં આવી રીતે
" દેખાઈ છે તે કલેશના માત્ર સ્વપ્નથી હું કમ્પ્યો છું અને...પ્રિય કુમદ!—
" એ કંપનાર પુરુષ તહારી પ્રીતિને પાત્ર ન હતો. પણ તહારો મ્હેં વિશ્વાસ-
" ઘાત કર્યો, તું મ્હારે લીધે અનેકધા કષ્ટ પામી, એ સર્વનું પ્રાયશ્ચિત્ત કેવી
" રીતે કરવું તે અત્યારે મને સુઝતા લાગ્યું છે."

" એક દિવસ એવો હતો કે જ્યારે મને સૃષ્ટિમાત્ર કુમુદના સુખ-
" સ્વપ્નમય ભાસતી હતી. એક દિવસ એવો આવ્યો કે જ્યારે એ જ
" સૃષ્ટિ કુમુદના દુઃખસ્વપ્નથી ભરેલી લાગી અને મ્હેં ગાયું કે

" ઉરે ઓ એકલી તું તું!"

" હવે હું એ માયાનું સ્વપ્ન નષ્ટ કરી ભગવાન બુદ્ધની પેઠે પ્રાયશ્ચિત્ત
" કરીશ. કુમુદસુંદરી! બુદ્ધે જગતના કલ્યાણને અર્થે સ્વપ્રિયાનો ક્રૂર
" ત્યાગ કર્યો હતો તેની કવિતા મ્હેં તમારા ઉપર મોકલી હતી. એજ
" કવિતાનો ઉપદેશ હું આજ જનતે લઉં છું અને એ જ મહાપુરુષની
" પેઠે હું તમારી ક્ષમા માગવા આવીશ એવો દિવસ આવશે!"

આમ કહી એ ચારે પાસની શિલાઓનાં શિખર જોતો જોતો ફરવા લાગ્યો, અને મધ્યરાત્રે સુતેલી પ્રિયાનો ત્યાગ કરવા નીકળી પડતા બુદ્ધની વાણી ફરતો ફરતો સરસ્વતીચંદ્ર ગાવા લાગ્યો.*

" મુજ પ્રજ્ઞ મને છે પ્રિય, પ્રિય છે પિતા, પ્રિય પ્રિયા છે,
" મુજ હૃદય ધડકતું પ્રેમ તેમના ગ્રહી, પ્રીતિ રમ્યા છે.

---

* આર્નોલ્ડના લાઈટ આફ એશિયા ઉપરથી સૂચિત.

" આ રાત્રિ ગાજતી આજ,
" મુજ મ્હેલ તણી ચોપાસ
" આ અન્ધકાર વીંટાય,
" તે અન્ધકારની મધ્ય
" સુઈ રહ્યું પુત્ર—ગૃહરત્ન,
" એ પ્રજ્ઞ, તાત, ને પ્રિયા, પુત્ર: પ્રીતિરત્ન સર્વ મ્હારાં છે,
" મુજ હૃદય વેગ બળ ધરી ધડકતું, છુટે નહી છોડ્યાં એ. મુજ૰
" મુજ હૃદય વીંશે એ જડ્યાં; દ્વાર ભણી જવા ચરણ ઉપડે જ્યાં,
" મુજ હૃદયસૂત્ર ખેંચાય પાછું પ્રીતિબળે: જડાયાં એ સ્યાં! મુજ૰

" જઉં પલંગ ત્યજી ગૃહદ્વારે,
" ત્યાં હૃદય પાછું ખેંચાયે;
" જઉં પલંગ ભણી હું પાછો,
" સુતી પ્રિયાની જોઉં આંખો,
" ચોપચ્યાં શિથિલ પથરાયાં,
" વિશ્વાસે નેત્ર મીંચાયાં,
" સુતી દીન મક્ષિકા જેવી
" પડી રહી પાંપણો કેવી?

" એ મૂર્તિ પ્રીતિવિશ્વાસતણી સુતી મુકી જતાં ન જવાયે,
" નહીં હૃદય ધડકતું મટે, ચરણ જડ થયા કહ્યું ના માને! મુજ૰

" હું વતું હવે શા રીતે?
" પ્રીતિ નહીં હારે, નહીં છુતે!
" ઓ તાત! પ્રિયા! ઓ પુત્ર!
" ઓ માત! પ્રજ્ઞ! સુખસૂત્ર!
" કરું વધુ વધુ સૂક્ષ્મ વિચાર,
" ત્યમ ત્યમ આ હૃદય ચીરાય.
" સહુ પ્રાણી દુઃખમય ભાસે,
" જનતા પીડાતી જગ આખે;

" તે સહુની પીડા દૂર કરવા,
" કલ્યાણ જગતમાં ભરવા,
" થઈ પ્રબુદ્ધ ગૌતમ આજે,
" થઈ તપસ્વી, તપ ગુરુ માંડે !
" જગના સહુ આધિ વ્યાધિ
" હરવા નવી બુદ્ધિ સાધી.
" એ તપમાં બુદ્ધ તપાશે,
" નવી યજ્ઞ વેદિ મંડાશે.
" પશુમાત્ર હવે ઉગરશે,
" મુજ પ્રીતિ એ હોમે પડશે !
" મુજ પ્રીતિ એકલી હોમાશે !
" બીજું જગત જીવી સુખી થાશે
" ઓ તાત ! પ્રિયા ! ઓ પુત્ર !
" ઓ માત ! પ્રજા ! સુખસૂત્ર !
" મુજ હૃદયપ્રીતિનાં અંગ તમે સહુ ! અંગ સર્વ છો મ્હારાં !
" જન-પશુ જગના કલ્યાણ યજ્ઞ પર હોમું અંગ સહુ મ્હારાં ! મુજ૦

" હવે શાક્યસિંહ, ગર્જે છે,
" પ્રીતિગુફા છોડી, નીકળે છે !
" જગ નવું આશ્વાસન લે છે,
" દુષ્ટોનાં ઉર કમ્પે છે,
" હવે દયાધર્મ પ્રકટે છે,
" દીન જગત સુખે જંપે છે,
" ઓ નવો મુજ અવતાર ! પ્રિયા ! તે જોઈ દયા દીલ ધરજે !
" ઓ દયાધર્મ સ્થાપવા પરિવ્રાજિકા થઈ ઘર ત્યજજે ! મુજ૦

" ઓ હતી પ્રિયા જે કાલ !
" તુજ દ્વાર આવશે કાલ,
" લઈ ભિક્ષુ-કમંડળ હાથ,
" ગૌતમ; તે નીકળે આજ

" જગદુદ્ધારણને કાજ !
" ઓ પ્રિયા ! ભુલી મુજ દોષ,
" ત્યજી પ્રીતિમાયાત્રિદોષ,
" ધરી હૃદય સત્ય નિર્વાણ,
" કરી ઉદ્ધારદૃષ્ટિ તે કાળ,
" દેજે તું ક્ષમાની ભિક્ષા !
" લેજે તું બુદ્ધની દીક્ષા !
" એ મહાધર્મને કાજ ત્યજી પ્રીતિસાજ, સુકવી મુજ આંસુ,
" લોહીશ હું જગનાં આંસુ, પ્રિયા થઈ બુદ્ધ તું પણ ત્યજ આંસુ ! મુજ૦

આટલું ગાઈ રહ્યો ત્યાં આસપાસની પત્થરની ભીંતોમાંથી એક પાસથી કુમુદસુંદરીની છાયા ચાલી આવી બીજી પાસની ભીંતમાં અદૃશ્ય થઈ ગઈ. એ ભીંતોના શિખર ઉપર ઉગેલા એક મહાન્ વૃક્ષની શાખા લટકતી લટકતી ભીંતના મધ્ય ભાગ આગળ લીંચકા ખાતી હતી તે શાખાના છેડા આગળના પાંદડાંમાં સરસ્વતીચંદ્રે પોતાની માતા ચંદ્રલક્ષ્મીની આકૃતિ જોઈ, અને પિતાને ઘેર જોયેલી છબીના સાદૃશ્ય ઉપરથી નહાનપણમાં જોયેલી જનનીની છાયા ઓળખાતાં પુત્રની આંખમાં આશ્ચર્ય અને અશ્રુ ઉભરાયાં. મૃત માતાનાં દર્શન થતાં પુત્ર સ્તબ્ધ થયો અને હાથ જોડી છાતી આગળ ધરી રાખ્યા અને શું બોલવું, શું પુછવું, ઇત્યાદિ વિચાર કરે છે ત્યાં શાખા ઉપર બેઠેલી માતૃછાયાના ઓઠ કુંપળો પેઠે ઉઘડવા લાગ્યા અને પાસેની કુંપળોમાં બેઠેલી કોકિલાના જેવા રાગથી ઉત્સુક, શાંત, અને કોમળ ઉદ્ગાર કરવા લાગ્યા. કોમળ હૃદયની માતા પોતાને મનાવતી હોય અને પોતે નહાનો બાળક હોય એવો સંસાર આ ક્ષણે આ મનસ્વી પુરુષના હૃદય પાસે ખડો થયો.

* " પુત્ર મુજ ! જ તું ઘેર ! જાની એકવાર!
" ગમે તેવો છે તોય તુજ તાત મુજ પ્રાણ ! પુત્ર૦
" ઉભી ઉભી હું સ્વર્ગમાંથી જોઉં આંસુધાર
" વહેતી વહેતી અટકતી ન તુજ પિતાને ગાલ ! પુત્ર૦
" ભેખ ભગવો લઈ ન જઈશ, જોઈ એને એ
" રોઈ મરશે હૈયાફાટ, દેહ ત્યજશે એ ! પુત્ર૦

---

* રાગ-ફારસી બેત ઉપરથી.

" બાળ વયનો મુકૉને તંને દેહ ત્યજ્યો મ્હેં,
" ત્યાંથૉ જૅવ્યો આશ તુંમાં ધરૉંને તાત એ ! પુત્ર૦
" સ્નેહ મ્હારે કાજ ધર્યો ને હજી ધરે,
" કોમળ હૈયું ધરતો તહારો તાત એ તો એ ! પુત્ર૦
" પુત્ર મ્હારા ! થાનૉ ડાહ્યો ! ઘેર જા હવે !
" જોઈ પરલોકમાંથૉં રોઉં; તાત તુજ રુવે. પુત્ર૦
" નથૉ ગુમાન, નથૉ ધુતાર, કોઈ ન, એનું ત્યાં !
" એકલો એ રોઈ મરે ! જનૉં, પુત્ર, ત્યાં ! પુત્ર૦
" મ્હેં કર્યા ઘણાક એના દોષ, એ તો એ
" ભુલૉં ગયો તાત તહારો, રાખૉં ક્ષમાને. પુત્ર૦
" જેવૉં ક્ષમા મુજને દે તું, તેવૉં ક્ષમા દે
" વૃદ્ધ તહારા તાતને તું ! રોઈ એ મરે ! પુત્ર૦
" પુત્ર ! તું રૉંસા ન ! ઘેર જનૉં ! ઘેર જા !
" વૃદ્ધ વિકળ તાતને તું હૈયા સાથે સહા ! પુત્ર૦
" પુત્ર ! માનું કહ્યું તું કરની ! ઘેર જનૉં ! જા !
" વૃદ્ધ વિકલ તાતને તું હૈયાસાથે સહા ! પુત્ર૦
" હઠ, હઠીલા, છોડની તું ! ઘેર જનૉં ! જા !
" રોતો વિકલ વૃદ્ધ તાત ! હૈયાસાથે સહા ! પુત્ર૦"

છેલ્લી બે કડી ગાતી ગાતી માતૃચ્છાયા અદૃશ્ય થઈ. બે હ વચ્ચે આખું મુખારવિંદ સંતાડી દેઈ સરસ્વતીચંદ્ર પુષ્કળ રોયો. ચ શાંત પડી, આંસુ બંધ કરી, મુખ ઉપરથી હાથ ઉપાડવા લાગ્યો અન ઉપાડતાં ઉપાડતાં બુદ્ધકાવ્યમાંથી ગાયેલી કડી ફરી ગાવો લાગ્યો.

" ઓ તાત ! પ્રિયા ! ઓ પુત્ર !
" ઓ માત ! પ્રજા ! સુખસૂત્ર !
" મુજ હૃદયપ્રીતિનાં અંગ તમે સહુ ! અંગ સર્વ છો મ્હારાં !
" જન-પશુ-જગના કલ્યાણ યજ્ઞપર હોમું અંગ સહુ મ્હારાં !"

શાંત પડી થોડી વારે શિલાપર બેસી પોટકામાંથી વળી એક પત્ર કૂહાડી વાંચવા લાગ્યો. એ પત્ર ગુર્જરવાર્તિકના તંત્રી ઉદ્ધતલાલનો લખેલો હતો.

" પ્રિય ચંદ્રકાંત,

" તમારો પત્ર પહોચ્યો. સરસ્વતીચંદ્રે પોતાના દ્રવ્યથી, પોતાની
" વિદ્યાથી, પોતાના ઉત્સાહથી, અને પોતાના શ્રમથી આપણી નગરીના
" સર્વ સાક્ષરમંડળને અને સર્વ દેશવત્સલોને ઉપકારવશ કરી દીધેલા
" હતા એટલું કહી બેસી રહીયે તો તેના મૂલ્યના વર્ણનમાં ન્યૂનતા
" આવી જાયછે. ઉપકાર કરવો એ તો ગમે તે સત્પુરુષ કરી શકે છે.
" પણ આપણો મિત્ર તો આપણાં સર્વ કાર્યોમાં પરોવાઈ ગયો હતો-
" ગુરુત્વાકર્ષણ સર્વ પરમાણુઓમાં પરોવાઈ જાય તેમ. દેશમાં વિદ્વાનો
" જોઈએ છીએ, દેશવત્સલ પુરુષો જોઈએ છીયે, શ્રીમાન્ પુરુષો જોઈએ
" છીયે, વિચારકો જોઈએ છીયે ઉત્સાહકો જોઈએ છીયે, કાર્યગ્રાહી
" પુરુષો જોઈએ છીયે, સુધારકો જોઈએ છીયે, લોકવર્ગના પ્રીતિપાત્ર
" જનો જોઈએ છીયે, ઈંગ્રેજોના પ્રીતિપાત્રજનો જોઈએ છીએ, ઉદ્વર-
" ચિંતાથી મુક્ત અને અવકાશવાળા જોઈએ છીયે, અને બીજું ઘણું
" ઘણું જોઈયે છીયે. એટલું જ બસ નથી. કારણ શ્રીમાન્ હોય ને
" પરોપકારી પણ હોય નહી અને વિદ્વાન પણ હોય નહી તે શા
" કામનો ? વિદ્વાન હોય ને ઘરમાં તુમ્બીપાત્ર વસાવવા રાત્રિ દિવસ
" તેને મથવું પડતું હોય તે શા કામનો ? દુઃખી નર્મદ કહી ગયો છે કે

" પછી શું કરવું કાલ,
" કુટુમ્બના એવા જ્યાં હાલ ?
" અટ્ટાળ બુદ્ધિનેત્ર વિશાળ !"

" દલપતરામ પણ ગાઈ ગયા છે કે

" ભાઈઓ જેની ભારજ ભુંડી રે
" તેને શિર આપદ ઉંડી રે.

" નવલરામે ગાયું છે કે

" ભાઈ તો ભૂંગોળ ને ખગોળમાં રમે છે;
" પેલીનું તો ચિત્ત ચુલામાંહ્ય ?
" દેશી ! કહેનીં કેવું આ કુજોડું તે કહેવાય ?

" માટે આપણે તો સર્વ ક્ષુદ્ર ચિન્તાઓથી મુક્ત અને સર્વ
" દેશકાર્યોની ઉદ્ભાવક વૃત્તિયોથી અને શક્તિયોથી સમૃદ્ધ સમર્થ
" શ્રીમાન્ વિદ્વાનો જોઈયે છીયે, અને એ આશાને કેટલેક અંશે સિદ્ધ
" કરે એવું દૈવત લક્ષ્મીનંદનના ઘરમાં સિદ્ધ થવા આવતાં હાથમાંથી
" જતું રહ્યું ! આહા ! કુમુદસુંદરી જેવાં રત્નનો તેને યોગ થવા

" આવેલો તે સ્વપ્નવત્ થઈ ગયો ! એવી રસિક સાક્ષર લલના સાથે એ
" પુરુષનો યોગ થયો હત તો આપણા લોક ઉપર કેવાં કેવાં અમૃતની વૃષ્ટિ
" થાત ! પણ આ તમારો કુટુમ્બકલેશી ગૃહસંસાર—જેને તમે મિથ્યાભિ-
" માનથી આર્યસંસારનું નામ આપોછો તેનું સત્તાનાશ જજો ! તમારી એ
" જ દુષ્ટ અવ્યવસ્થા અને મૂર્ખતાના ભણ્ડાર જેવી ગૃહવ્યવસ્થાએ આપણા
" હાથમાં આવેલું રત્ન સમુદ્રમાં નાંખી દીધું છે અને હવે ચંદ્રકાંતભાઈ તેને
" શોધવા ડુબકાં માર્યા કરેછે ! સરસ્વતીચંદ્ર હાથમાં આવશે તે ઓછો
" લાભ નથી, પણ તેને હવે કુમુદસુંદરીનો યોગ અશક્ય છે અને સ્ત્રીજા-
" તિની ઉન્નતિનું એક નાવ ભાગી ડુબી ગયું છે. I hope at least
" now you will admit that our joint family system
" is the worst plague that destroys our countrymen
" all throughout the land and eats up all that is
" fair and fruitful in the world of our hopes."

" સંસારસુધારાનો વિષય લ્યો ! શું તમારે બાળલગ્ન અટકાવવાં છે ?
" જ્યાં સુધી જુની બુદ્ધિનાં અને નિરક્ષર મનુષ્યો તમારા ઘરમાં વસેછે અને
" તમારા બાળકોના ઉપરનો તમારો અધિકાર ભગ્ન કરી નાંખે છે, ત્યાં સુધી
" આમાનું કાંઈ બનવાનું નથી. શું તમારે વિધવાઓને સધવા કરવી છે ?
" જ્યાં સુધી તમે આવાં આવાં મનુષ્યોને તમારી કમાઈના રોટલા ખવરાવી
" તેમના બળની વૃદ્ધિ કરો છો ત્યાં સુધી આમાંનું કાંઈ થનાર નથી અને
" તમારું પોતાનું બળ બીચારી વિધવાના બળ કરતાં વધનાર નથી. શું
" તમારે તમારી પુત્રીઓને સાક્ષર કરવી છે ? શું તમારે તમારી સ્ત્રીને
" રસોડાના ધુમાડામાંથી અને વાસણ સાજવાની રાખમાંથી ઉગારી
" સરસ્વતીની સુંદર સૃષ્ટિમાં લેવી છે અથવા જીવનનાં જે સાધારણ સુખડ
" સુખ અને સુવાસ તમે એકલપેટા થઈ ભોગવો છો તેમાંના કંઈક ભાગ-
" નો ભોગ તમારી પ્રિય પત્નીને, તમારી પુત્રીઓને અને તમારા પુત્રોની
" સ્ત્રીઓને દેખાડવો છે ? અથવા શું તમારે તમારી પોતાની કમાઈ
" અને શક્તિ તથા સ્વતંત્રતાને તમારા ઇષ્ટ સન્માર્ગે વાપરવી છે અને
" તેમ કરી તમારી ઈંગ્રેજી વિદ્યાને સાર્થક કરવી છે ? હું તમને કહું છું
" કે જ્યાં સુધી તમે કુટુંબના ભેગા વસી તેમની મૂર્ખ ઇચ્છાઓ
" પ્રમાણે અને દુષ્ટ વાસનાઓથી તમારાં સમર્થ હાથપગને બેડીઓ
" નંખાવા દેશો ત્યાં સુધી આ સર્વ સત્કાર્યોમાંથી એક પણ કાર્ય તમે
" કરી શકવાના નથી ! "

" ત્યારે અસંખ્ય મધમાખો મધપુડામાં રૂહેછે તેમ આપણા લો-
" કમાં, ત્રીજી પેહેડીના વડીલનાં બધાં બાળકો અને તેમણે પારકે
" ઘરથી આણેલી કન્યાઓ, સઉએ એકહાં રૂહેવાનો ચાલ શાથી પડ્યો
" અને તેમાં શો લાભ છે ? પારકા ઘરની કન્યાઓ અને પોતાના
" ઘરની દીકરીઓને એક પ્રીત શી રીતે થવાની ? પ્રાચીન કાળથી
" જ શબ્દ બંધાયો છે કે ન નન્દત ઇતિ ननान्दा—ભાભીને જોઈને આ-
" નંદ ન પામે તે નણંદ ! હજારો વર્ષ પેહેલાં બંધાયલી આ શબ્દાર્થ-
" રચના જણાવે છે કે નણંદ અને ભોજાઈને બારમો ચંદ્ર એ આ-
" પણા દેશનો પરાપૂર્વનો અનુભવ છે. જો એમ છે તો પોતાના ઘરની
" નણંદ અને પારકા ઘરની " ભોજાઈ " વચ્ચે પક્ષપાત કરવાના પ્રસંગ
" આવતાં નણંદની મા અને ભોજાઈની સાસુનું ચિત્ત કોનાપર હસે
" અને કોના પર રુહે એ તરત સમજાય એવી વાત છે. આવે કાળે
" સુડી વચ્ચેના સોપારી જેવા નણંદના ભાઈ અને ભાભીના વરની
" અવસ્થા તમે સમજો છો. તમે કૂહેશો કે આપણે ભણ્યા તેથી
" માબાપને ખોટાં ગણી વહુઓને મડમ કરીએ છીએ ને માબાપને
" ગણકારતા નથી. પણ માબાપને છોકરાઓ પરણાવતાં ઓરીયો વીતે
" છે, પણ પછી વર વહુના સામું જુવે એટલે વરની માની આંખો
" કાતરીયાં બાય ને વરની બ્હેનની જીભ સાપણ પેઠે વિષોદ્ગાર કરે
" એ તો તમારો જુના કાળનો આચાર છે.

" श्वश्रूः पश्यति नैव पश्यति यदि भ्रूभङ्गवक्रेक्षणा
" मर्मच्छेदपटु प्रतिक्षणमसौ ब्रूते ननान्दा वचः ।
" अन्यासामपि किं ब्रवीमि चरितं स्मृत्वा मनो वेपते
" कान्तः स्निग्धदृशा विलोक्यति मामेतावदागः सखि ॥

" Take it, this a New Year's Day present of a toy that
" was made by your artist before English education
" was born in the land ! એક પાસથી આખા ઘરનો ભાર અને
" બીજી પાસ બાળલગ્ન અને કૃત્રિમ પ્રેમાભાસના ફુંક મારતાં ઉડી
" જાય એવાં હલકાં પુલકાં:— એ બે વચ્ચે ઉભેલો નર ઘરના ભારનો
" ત્રાસ ઓછો કરવા પુલકાંને ફુંકી મારે એમાં તમને શું નવાઈ
" લાગે છે ? ખરી વાત છે કે સ્વતંત્ર અને બળવાન્ પુરુષો આ
" ભારને હલકો કરેછે અને ઉડી જતાં પુલકાંને ટકાવી રાખે છે, પણ
" એવા પ્રસંગ આવે છે ત્યારે લોક એને નિન્દે છે અને સ્ત્રીવશ અથવ

" બાયલો અને પાપી ગણે છે. સ્વાભાવિક સ્વકુટુંબભાર અને લોકાપવા-
" દના ધક્કા આમ એક જ પાસ વાગે છે અને તેને ન ગણનાર પુરુષો
" જવલે જ નીકળે છે. આવા પુરુષોને ઘેર વહુરો સાસુ ઉપર જુલમ
" કરે છે કહેશો તો હું તેની ના નથી કહેતો. તમારાથી એક પગલું
" વધારે ભરી હું તો એવું પણ કહું છું કે જે ઘરમાં એક વાર છોક-
" રાઓ માવડીયા હોય છે તે જ છોકરાઓ આઘાતપ્રત્યાઘાતના નિયમથી
" અથવા પોતાની સ્ત્રી અને સંતતિ ભણીના સ્વાર્થમાં વધારે સુખ-
" શાંતિના આસ્વાદનના આવિર્ભાવથી ઉત્તરાવસ્થામાં સ્ત્રીવશ થાય છે,
" અને જે વહુરોની જુવાની દુષ્ટ સાસુઓ પોતાની જુવાનીને કાળે
" બગાડે છે તે વહુરો સત્તાવાળી થતાં સાસુઓનું ઘડપણ નીચોવી
" નીચોવીને બગાડે છે ! લોક ભલે આમાં જુલમ અને પાપ લેખો, પણ
" હું તો આ ચિત્રમાં અન્યાયનો બદલો અન્યાય— ઈશ્વરનો જ નિર્મેલો—
" જોઉછું ! આ સંઘટ્ટન ननान्दा શબ્દના જન્મકાળથી ચાલતું આવેલું છે!
" શું આપણે એ અવ્યવસ્થા ચાલુ રાખવાને બંધાયલા છીયે? કોઈ પણ
" રીતે હું આ બન્ધન જોતો નથી. પુરુષ, સ્ત્રી, અને અવિવાહિત
" બાળકો—એટલાં મળીને એક કુટુંબ ગણવું એ પ્રકૃત છે. એવાં
" અનેક કુટુમ્બોના શમ્ભુમેળાને એક ગણી એ મૂર્ખાઈ અને દુષ્ટતાના
" બીચડાને એક ઘરમાં ભરી બદબદવા દેવો અને એ સમાજને
" 'એક કુટુમ્બનું' નામ આપી તેના ઉપર કુટુમ્બવત્સલ થવાનો
" ફાંકો રાખવો એ ચંદ્રકાંતને ગમતું હશે, પણ મને તો તેમાં પ્રકૃત
" શુદ્ધાચાર નહી પણ કેવળ વિકૃતિવાળો ભ્રષ્ટાચાર જ લાગે છે, અને
" પરાપૂર્વથી ચાલતો આવેલો છે માટે એ ભ્રષ્ટાચાર જાળવવો એવું
" તો તમે પણ નહી કહેો."

" આ શમ્ભુમેળાનાં કુટુમ્બને એકઠાં રાખવાનો આચાર આપણા પૂર્વ-
" જોની જંગલી અવસ્થાનું ચિન્હ છે તે આપણે સાચવી રાખેલું છે. પ્રા-
" ચીન કાયદાઓનો તત્ત્વશોધક સર હેન્રી મેન્ તમે વાંચ્યોછે. તેણે બહુ
" શોધન કરી દર્શાવ્યું છે કે જુના કાળમાં લોકસ્થિતિ સામાજિક—
" tribal-હતી અને સર્વ પાશ્ચાત્ય દેશોમાં સુધારો થતાં એ સ્થિતિ
" સામાજિક મટી દૈશિક-territorial- થઈ છે. પ્રજાઓ પૂર્વે સામા-
" જિક સાંકળોથી સંધાતી હતી; સુધારાના યુગમાં દૈશિક સાંકળોથી
" સંધાય છે. પૂર્વે અમુક લોકના દેશ કહેવાતા; હાલ અમુક દેશના લોક,
" કહેવાય છે. પૂર્વે આર્યો, દેવો, મ્લેચ્છો, યવનો, રાક્ષસો, સેમીટીક લોક

" ટ્યૂટનો , કેલ્ટ લોક, ફ્રાંક્ લોક, આદિ લોકવર્ગથી પૃથ્વીનો વિસ્તાર સમ·
" જતો; હાલ હીંદુસ્થાન, ઇંગ્લેંડ, ફ્રાંસ, ચીન, આદિ ભૂમિ-વિભા-
" ગોથી પૃથ્વીનો વિસ્તાર સમજાય છે. સંક્ષેપમાં આદિકાળ એટલે જંગલી
" અવસ્થાને સમયે પ્રજાઓ સ્વજાત્યભિમાન અથવા સ્વલોકાભિમાન ધરતી
" ત્યારે સુધારાના યુગમાં સ્વદેશાભિમાન ધરાય છે. આપણી નાતો અને
" આપણાં શમ્ભુમેળા થયલાં કુટુમ્બો એ માત્ર આ દેશના સ્વજાત્યભિમાનના
" જંગલી કાળનો અવશેષ બાકી રહેલો છે, અને હવે તેને નષ્ટ કરશે તે
" ચુણી થશે, ને તેને વળગી રૂહેશે તે જતે નષ્ટ થશે અને તેમનો નાશ
" થયો એટલે તેમના આ યુગનો પણ નાશ જ થયો સમજવો. સર્ હે-
" નરી મેનનું સૂત્ર આપણી ભાષામાં લેઈએ તો આદિકાળમાં પ્રજા-માળા
" સામાજિક હતી અને એ માળાના મણિકા કુટુમ્બો હતાં ત્યારે સુધારાના
" યુગમાં એ માળા દૈશિક થઈ છે અને તેના મણિકા વ્યક્તિઓ છે;
" કુટુમ્બ એ માત્ર એક નહાની જાતિ છે, નાત એ જરા મ્હોટી જાતિ
" છે, અને લોકવર્ગ એ પુરેપુરી મ્હોટી જાતિ છે. જાત્યભિમાન અને
" કુટુમ્બાભિમાન આદિકાળનો અવશેષ છે; દેશાભિમાન સુધારાના યુગનો
" પુરવારો છે."

" આદિ કાળના લોક જંગમ-nomadic-રૂહેતા. તેઓ કાળે કાળે દેશ
" બદલતા અને અમુક તેમનો દેશ હતો એમ કૂહેવાતું નહો. આખી જાતિ
" ને જાતિ આર્યોને નામે ઓળખાઈ, તેની અનેક શાખાઓ સમુદ્રના તરંગો
" પેઠે એક પછી એક યુરોપમાં ગઈ, અને એશિયાના દક્ષિણ ભાગમાં
" આવી. યુરોપ, ઈરાન, અને હીંદુસ્થાન આમ વસ્યાં છે. આપણા ક્ષત્રિયો,
" આપણા બ્રાહ્મણો, આપણા વૈશ્યો, આમ જાતિ-બંધ થઈ આ દેશમાં
" વસ્યા. બ્રાહ્મણોએ જાતિઓ અને તેની શાખાઓ જાળવી એટલું જ
" નહી, પણ ગોત્ર અને શાખાઓ જાળવી—કુટુમ્બોમાંથી એ જાતિ-
" ઓ થઈ. આપણામાં એ સામાજિક સાંકળો હતી, પણ લોકને દેશે દેશે
" સ્થાયી થવું પડ્યું તેમ એ સાંકળો તુટી, અને દેશવાસ, નગરવાસ,
" આદિ સંબંધોથી એક બ્રાહ્મણજાતિમાંથી અનેક બ્રાહ્મણો થયા અને
" એક વૈશ્યોમાંથી અનેક જાતિનું મહાજન થયું. આ હાલની આપણી
" નાત જાતો—એ—નથી સામાજિક સાંકળો, નથી દૈશિક સાંકળો, પણ
" બેનું મિશ્રણ છે, ત્યારે આપણાં કુટુમ્બજાળ કેવળ સામાજિક માળાના
" મણિકારૂપે રહ્યાં છે. તમારે આ મણિકા જાળવી રાખવા છે અને
" મ્હારે તે તોડી નાંખવા છે. "

" તમે કહો છો કે એક કુટુમ્બનાં અવયવીભૂત મનુષ્ય પરસ્પર
" ઉપકાર કરવા મથે એ ઉચ્ચગ્રાહ નભાવવો યોગ્ય નથી."

" પ્રથમતો એ તમારો પરોપકારક સંપ્રદાય—altruism—ધુમાડાના
" બાચકા જેવો છે. એ સંપ્રદાય માત્ર નામનોછે, જેમ ननान्दा શબ્દને
" જન્મકાળે આ સંપ્રદાયનો આચાર સસલાનાં શીંગડા જેવો હતો તેવોજ
" આજ છે, એ ઉચ્ચગ્રાહ Utopia જેવો છે, તમારા કે કોઈના ઘરમાં
" હું તે દેખતો નથી. માત્ર તમારા જેવા કોઈકના મનોરાજ્યમાં તે હશે."

" બીજું એ ઉચ્ચગ્રાહ અશાસ્ત્રીય છે. અર્થશાસ્ત્રથી એ વિરુદ્ધ છે.
" દ્રવ્યની ઉત્પત્તિ અને વૃદ્ધિ ગુરુતમ થવાનું શાસ્ત્રીય સાધન એ છે કે
" દરેક મનુષ્યમાં પોતાનો શ્રમ અને પોતાની બુદ્ધિ એ ઉભયને અત્યંત
" કસવાની વૃત્તિ અને શક્તિ રહેવી અને વધવી જોઈએ, અને શ્રમ
" લેનાર અને બુદ્ધિ વાપરનાર મનુષ્યને પોતાના પ્રયત્નનું સંપૂર્ણ ફળ
" જ્યાં સુધી મળતું નથી ત્યાં સુધી આ વૃત્તિ અને શક્તિ વિકાસ
" પામતી નથી. એક જણ પરસેવાનાં ટીપાં ઉતારતો કમાય અને તેનો
" ફલપ્રવાહ બીજાં મનુષ્યો ઉપર ઢોળાય એ આપણાં સામાજિક
" કુટુમ્બનો ન્યાય છે, અને શ્રમજીવન અને બુદ્ધિજીવનથી થતા
" દ્રવ્યવિકાસને જે શક્તિ અને વૃત્તિનો વિકાસ કેવળ કારણરૂપે આવ-
" શ્યક છે તે કારણનો આ તમારો કુટુમ્બન્યાય જડમૂળથી પ્રધ્વંસ
" કરેછે ! માઈ ડિયર ચંદ્રકાંત, તમારાં કુટુમ્બના ન્યાયથી તમારું ચિત્ત
"વ્યગ્ર થઈ ગયું છે, તમારું શરીર જર્જરિત થયું નથી પણ થશે, અને
" એ કુટુમ્બ તમારાં આધિરૂપે, વ્યાધિરૂપે, અને ઉપાધિરૂપે તમને ચારે
" પાસથી ચટકા ભરેછે તેની વેદના સામે તમારા જ્ઞાનતંતુને જડ કરવા
" જ્ઞાનમાર્ગ અને " ફીલસુફી " ની ભાંગ તમે પીયો છો તે વ્યર્થ છે એ
" નક્કી જાણજો. તમારો દમ્ભ કદાચિત્ થોડા દિવસ ટકશે તો અંતે તે
" તમને દગો દેશે. અને તમારો પરિણામ ગમે તે થાવ પણ તમારા
" અસંખ્ય દીન સ્વદેશી મનુષ્યો આ જ્ઞાનમાર્ગ કેવી રીતે મેળવશે અને
" મળતાસુધી તેમનો કચ્ચર ઘાણ કેવો વળી જશે તેનો તો વિચાર કરો !
" જ્યાં સુધી આ જંગલી કાળના કુટુમ્બોના આ શમ્બુમેળા વેરણછેરણ
" થયા નથી ત્યાં સુધી ચંદ્રકાંત જેવાં રત્ન ઉપરનો કચરો સાફ થાય
" એ આશા વૃથા છે અને એવા પુરુષોની શક્તિ ઉપર આધાર રાખનાર
" માણસો ઢોર પેઠે ચંદ્રકાંતના બીડમાં ચારો ચરશે અને ખેતરોની
" ઉપયોગી વાડો તોડશે, ગાયો અને ભેંસો જેટલું દુધ નહી દે, આ-

" બલા અને પાડાઓ પેઠે મસ્તી કરશે અને રાંક ગાયોભેંશોને રંજાડશે,
" : અને સ્વતંત્ર મનુષ્યશક્તિથી દ્રવ્યોપાર્જન કરવાની શક્તિ કે શૂરત્વ
" તેમનામાં આવવાનાં નથી. તમારાં કુટુમ્બો ઉપર દયા રાખવી અને
" શરીરબળવાળાં બીબારીઓને દાન કરવું એ ઉભય કાર્ય ઉભય પક્ષકારને
" હાનિકારક છે અને સ્વ-પર-પાતક છે ! પણ અર્જુને કમાયલી દ્રૌપ-
" દીને પાંચે ભાઈઓએ વહેંચી લેવા મૂર્ખ માતાએ કરેલી ભ્રષ્ટ આજ્ઞા
" પાળવાનો જંગલી આચાર લક્ષ્મીબાઈના સંબંધમાં પાળવો એ તમારા
" જેવા પંડિતોને પણ પ્રિય છે! સર્વથા ઈંગ્રેજી વિદ્યા હજી સુધી તમારા
" જેવાઓ ઉપર પડી તે મરુભૂમિમાં વૃષ્ટિ થયા જેવું જ થયું છે! બોટી કુટુ-
" મ્બવત્સલતાનો ત્યાગ કરવા સરસ્વતીચંદ્રની છાતી ચાલી નહી એટલા
" તેઓ બાયલા તો બરા, કારણ કુમુદસુંદરીનો સ્વીકાર કરી પછી લક્ષ્મીનં-
" દનના દ્રવ્યને લાત મારવી જોઈતી હતી; તેમ કરતાં તેઓ પાછા હઠ્યા.
" પણ આ ઉત્તમ કાર્ય ન થયું તો મધ્યમ પક્ષ એમને જડ્યા કે જં-
" ગલી કુટુમ્બજાળની પાશ માથા ઉપર ફેંકાતી જોતાં સત્વર ચેતી
" ગયા અને જાળ આગળથી બસી ગયા, તે એટલી એમની ચતુર-
" તાને હું ધન્યવાદ આપું છું ! મ્હારો આ પત્ર તેમને દેખાડજો અને
" મધ્યમ પક્ષમાંથી ચ્હડી ઉત્તમ પક્ષમાં આવવા તેમને સમર્થ કરજો."

" આ અર્થશાસ્ત્રનું તાત્પર્ય. હવે નીતિશાસ્ત્ર લ્યો. આપણે કીયું
" નીતિશાસ્ત્ર પકડીશું ? સર્વ શાસ્ત્રોમાં ચોરી અને અસત્યનો પ્રતિષેધ છે.
" શું તમારા કુટુમ્બમેળાઓનું બંધારણ એવું છે કે આ બે વસ્તુ ત્યાંથી
" દૂર રહે ? રામનું રાજ્ય છીનવી લેવાની આજ્ઞા કૈકેયીએ દશરથની
" પાસે કરાવી તે દિવસ એવો હતો કે સત્યપ્રતિજ્ઞાને આધારે ઉઘાડે
" દિવસે લુટ થતી થવા દેવી પડી. જ્યાં કુટુમ્બમેળો ત્યાં કુટુમ્બછત્ર
" –patriarch–ના દ્વારા થયેલી અનીતિ જેવી આમ રામરાજ્યમાં થઈ
" તેવીજ ધૃતરાષ્ટ્રના છત્ર નીચે અધિકતર ધૂર્તતાથી થતી આપણે વાંચી
" છે. મ્હોટા નહાના ભાઈઓ ને પુત્રો અને તેમની સ્ત્રીઓ, પુત્રીઓ,
" પુત્રપુત્રીઓનાં બાળકો, અને સર્વનાં માતાપિતાઃ—એ સર્વનાં સમવિ-
" ષમ ભાગ્યો અને એ સર્વની વચ્ચેના અનેક પક્ષપાત અને રાગદ્વેષનાં
" ચિત્ર કૈકેયી અને ધૃતરાષ્ટ્રના યુગથી તે આજ સુધી આ ભૂમિમાં પડી
" રહ્યાં છે, અને કૌરવ પાણ્ડવોનાં જેવાં નીતિઅનીતિનાં નહાનાં મ્હોટાં
" ઘૂત અને યુદ્ધ ઘેરઘેર થોડાં અથવા વધારે, ગુપ્ત અથવા પ્રકટ,
" મચી રહ્યાં છે. જે દેશના ગૃહસંસારમાં જ પવિત્રતા અને શાંતિને

" સ્થાને મલિનતા અને ક્ષોભ આમ રોગપ્રકોપ પેઠે નિષ્કંટક વર્તે છે
" ત્યાં નીતિનું રાજ્ય છે એવું કહેવા કોયો અનુભવી છાતી ચલાવેછે ?
" ઈંગ્રેજી કુટુમ્બોમાં આવા કુટુમ્બકલહનો સંભવ જ દૂર છે, ત્યાં મા-
" તાઓને પુત્રી અને વધૂ વચ્ચે પક્ષપાત કરવાનો અવકાશ જ નથી, ત્યાં
" કમાનારની કમાઈના ચોર ઘરના ભીતર ભાગમાં જ સરજી મુકેલા
" હોતા નથી; ત્યાં પતિપત્નીનો પ્રેમ અને બાલવયનાં બાળક અને
" તેમનાં માતાપિતાવચ્ચેની વત્સલતા શીવાય બીજું ત્રાહીત મનુષ્યોની
" ખટપટ હોતી નથી, અને પરિમિત સંખ્યાવાળું અને પરસ્પરાનુકૂળ
" સ્વાર્થવાળું આવું ઈંગ્રેજી કુટુંબ ગૃહસંસારની નીતિ અને શાંતિ અનુ-
" ભવે છે; ચોરી, લબાડી અને પરસ્પર વિનાશની રાગદ્વેષ ભરેલી કળા-
" ઓને અવકાશ આપતું નથી, અને નહાના ઝુંપડાંઓમાં પણ ઇન્દ્રપુ-
" રીના વૈભવ જેટલું સુખ આપનારી કળાઓને ખીલવે છે. પાંચ
" હજારની કમાઈવાળો હીંદુ જે વૈભવ ભોગવતો નથી અને જે સુખ, શાંતિ
" અને નીતિ એક પાસ પણ જોઈ શકતો નથી તે પચાસ રુપીઆની
" કમાઈવાળો યુરોપીઅન પોતાના રંક ઝુંપડાની અંદર અને પોતાની
" ચારે પાસ રહેલાઈથી રાત્રિદિવસ બડાં કરી શકે છે અને
" તેના આનંદથી તે રાત્રે નથી ફુલતો એટલો દિવસે ફુલે છે અને
" દિવસે ફુલતો નથી એટલો રાત્રે ફુલે છે ! તેની શરીરસંપત્તિ, તેનો
" આનંદ, તેનો પ્રેમ, તેનો ધર્મ, અને તેની નીતિ— એ સર્વને માટે
" એને અવકાશ છે અને તેને બાંધ આવવા દેનાર કૌટુમ્બિક શમ્ભુ-
" મેળાનું નામ તેને બબર નથી! એ નર સામાજિક માળાનો મણિકા
" નથી, જ્ઞાતિ કે જાતિની વ્યક્તિ નથી, કુટુમ્બસંકર બાવળમાંનો
" કાંટો નથી, પણ એ દૈશિક વાડીમાનું ફુલ છે અને વગર જાતિનો
" અને વગર કાંટાનો એ અર્ધાંગનો સર્વાળો એક-કુટુમ્બ-રૂપ વૃક્ષ તે
" પોતેજ છે ! પ્રિય ચંદ્રકાંત, તમે એ લોકના પ્રદેશમાં જન્મ્યા હત
" તો જુદા જ ગૃહરાજ્યમાં દીપતા હત ! જે જીવો તમારા ઘરમાં
" કુટુમ્બભાર થઈ જાતે ભ્રષ્ટ થાય છે અને બીજાને ભ્રષ્ટ કરે છે તે પણ ઈંગ્રેજ
" ભૂમિમાં જન્મ્યા હત તો જાતે પુણ્યશાલી થયા હત અને બીજાંનાં
" પુણ્યના કારણભૂત થયા હત ! સ્વાર્થ, પરમાર્થ, અને દેશોન્નતિ—એ સર્વ
" સૃષ્ટિની એકત્ર ઉદ્ભાવના જ્યાં આમ થઈ શકે છે એવી આ પાશ્ચાત્ય ગૃહ-
" સ્થિતિમાં સન્નીતિ છે કે સરસ્વતીચંદ્ર અને ચંદ્રકાંત જેવા કલ્પવૃક્ષનો નાશ
" કરી નાંખે એવા—તીડોનાં વાદળાંથી ભરેલા—આપણા કુટુમ્બમેળા-
" ઓમાં સન્નીતિ છે એ પ્રશ્નનો ઉત્તર આપતાં શુદ્ધ નિર્ણય કોને નહી સુઝે!

" My dear Chandrakanta ! Our joint family system
" has but a blasting influence on the growth of our
" individuals, on our economical and moral conditions,
" and even on our national and political growth. It
" has kept our beings stunted in intelligence and
" action. It has turned our best sentiments into
" cruel mockeries and machines for grinding down
" the nervous systems of our young men and women
" in all ranks of life. Our idea that the world is
" misery, is special to India, being born of this our
" special national engine for destroying all warmth of
" youth; and lo, we are all only old men or children
" in India in spite of our ages ! And for any reform,
" woe be unto every idea of your social or domestic
" reconstruction or even improvement so long as you
" have not touched the root of the disease and said :
" Down with the joint family ! "

" પ્રિય ચંદ્રકાંત! હું રેડિકલ છું. અતિસુધારક છું., અને માટે જ લોકોએ
" તિરસ્કારમાં આપેલું નામ સ્વીકારી ઉદ્ધતલાલ નામ સ્વીકાર્યું છે.
" મ્હારા મનમાં સિદ્ધાંત બંધાયો છે; અને ઘણા અનુભવે, ઘણા અવ-
" લોકને, ઘણા વાચને, અને ઘણા વિચારે, મ્હારા હૃદયમાં નિશ્ચય રચ્યો છે.
" આ આપણા દેશમાં મૂર્ખતા અને દુષ્ટતાની ભરેલી અવ્યવસ્થામાંથી
" લોકનો ઉદ્ધાર કરવાને માટે ઉદ્ધત થવાની આવશ્યકતા જ છે. ઉદ્ધતિ
" વિના આપણી ઉન્નતિ નથી, અને આપણી વિદ્યાના સંસ્કારોને
" અને આપણી બુદ્ધિના નિર્ણયોને આ દેહ છતાં કોઈ રીતે પણ સફળ
" થયા જોવાની ઇચ્છા હોય તો આ દેશમાં સર્વત્ર કચરાપટ્ટીના ઢગલાઓ
" પેઠે રૂઢિને નામે રૂઢ થયેલા મૂર્ખાચાર અને દુષ્ટાચારને ઝાડી ઝાપટી
" આપણી સર્વ ભૂમિને સાફ કરી દેવી અને તેમ કરવાને માટે દરેક
" મનુષ્યે પ્રથમ આરંભ પોતાના ઘરમાં કરવો. તમે પુછશો કે મ્હેં
" મ્હારા ઘરમાં શું કર્યું ?"

" તો સાંભળો. છોકરાંએ માબાપની આજ્ઞા પાળવી અને ઉપકાર
" માનવો એ એ સૂત્ર આપણા લોકમાં મર્યાદાહીન થઈ પ્રવર્ત્યો છે. ગો-

" સાંઈજી મહારાજાઓની સેવા ભાવિક સ્ત્રીઓએ તન મન અને ધનથી
" કરવી અને તનને એવું અર્પણ કરવું કે વ્યભિચારને પણ દોષરૂપ ન
" ગણવો એવો દુષ્ટાચાર એક કાળે હતો તે તમે વાંચ્યું હશે. યોગ્ય
" સૂત્રનો અત્યુપયોગ થાય એટલે દુરુપયોગ થાય તેનું આ દૃષ્ટાંત છે.
" એજ ન્યાયે માબાપની આજ્ઞા પાળવાનું યોગ્ય સૂત્ર કેવી અયોગ્ય
" રીતે લોક સમજે છે તે જુવો. જે વયમાં બાળક બાળક હોય છે અને
" તેના પોતાના ભવિષ્ય સુખને માટે જ તેના ઉપર માતાપિતાની આ-
" જ્ઞાઓની આવશ્યક નીતિ છે તે વય જતાં એ આજ્ઞાઓ કેવળ અ-
" સ્થાને અને અનધિકૃત છે. એ આજ્ઞાઓનો ભાર માતાપિતાના
" સ્વાર્થને માટે નથી, પણ બાળકના સ્વાર્થને માટે છે, અને જેમ પુત્ર-
" પુત્રીઓનાં શરીર પિતામાતાના જેવડાં થાય છે તેમ તેમની બુદ્ધિઓ
" પણ કાળે કરીને પિતામાતાના જેવડી થાય છે. ખરી વાત છે કે
" પિતામાતાનો અનુભવ પુત્રપુત્રીઓને ન હોય, પણ તેટલા જ કારણથી
" પિતામાતાની આજ્ઞાનો ભાર પુત્રપુત્રીઓ ઉપરથી ઉઠવો યોગ્ય ન
" ગણીયે તો તો પિતામાતાનાં વર્ષ હમેશ પુત્રપુત્રીઓથી વધારે હોય
" જ અને તેના પ્રમાણમાં તેમનો અનુભવ પણ વધતો જાય અને મા-
" તાપિતા મરે ત્યાં સુધી પુત્રપુત્રીઓને માથેથી આજ્ઞાનો ભાર કદી ઉઠવો
" જોઈતો નથી. નક્કી, આવું મૂર્ખ અને દુષ્ટ સૂત્ર આપણાં શાસ્ત્રોએ
" બાંધ્યું નથી, પણ આપણી હાલની પ્રજ્ઞા એ સૂત્રને મનમાં માંન્ય
" ગણે છે. સત્ય સૂત્ર એ છે કે જે આપણાં શાસ્ત્ર કહી ગયાં છે તે એ કે

" પ્રાપ્તે ચ ષોડષે વર્ષે પુત્રં મિત્રં સમાચરેત્ ।

" સોળમે વર્ષે પુત્રને મિત્ર ગણવો તે શા કારણથી અને કેવી રીતે ?
" પિતાની આજ્ઞાનું ગૌરવ એ કાળથી નષ્ટ થાય છે અને પુત્રનું સ્વાતંત્ર્ય
" સિદ્ધ ગણાય છે. જો પિતાનો અનુભવ એ આજ્ઞાનું કારણ હત તો
" આમ ગણાત નહી. જો પિતાનો સ્વાર્થ એ આજ્ઞાનું કારણ હત તો
" આમ થાત નહી. જો પિતાએ કરેલા ઉપકાર એ આજ્ઞાનું કારણ
" હત તો આમ થાત નહી. ત્યારે એ આજ્ઞા-વિધિનું કારણ શું ?
" સોળમા વર્ષ સુધી પુત્રની બુદ્ધિ ઉગતી હતી અને ત્યાં સુધી
" એના સ્વાર્થને માટે પિતાની બુદ્ધિને માથે પુત્રને આજ્ઞા કરવાનો
" અધિકાર હતો. સોળમે વર્ષે એ કારણ નષ્ટ થતાં કાર્ય નષ્ટ
" થયું ગણ્યું. સોળમા વર્ષથી પુત્રની બુદ્ધિ શાસ્ત્રોએ સ્વતં-
" ત્રતાને યોગ્ય ગણી અને પિતાની આજ્ઞાનો અધિકાર ખેંચી લીધો.

" એ કાળથી પછી જો પિતા આજ્ઞા કરેતો તે શાસ્ત્રનિષિદ્ધ છે. ત્યાર
" પછી પુત્રની બુદ્ધિને સ્વતંત્રતા આપવામાં જ તેનું કલ્યાણ છે અને
" પિતાનામાં અધિક બુદ્ધિ હોય તો તે પુત્રની પાસે મિત્રની પેઠે વાપરે,
" પણ તેમ ન કરતાં આજ્ઞા કરવા જાય તો તે પિતા પાપી છે, દુષ્ટ
" છે, એ નકી સમજજો. બુદ્ધિ એ ઈશ્વરનો પ્રસાદ છે, તે ઓછી-
" વત્તી આપવી એ ઈશ્વરનું કામ છે, તે જેવી હોય તેવી ઈશ્વરના જ્યો-
" તિરૂપ ગણવા યોગ્ય છે. ગાયત્રી દ્વિજમાત્રને તે વાતનું નિત્ય સ્મરણ
" કરાવે છે, એ જ્યોતિ મન્દ અથવા ઉગ્ર રૂપે પ્રકાશતું હોય તો પણ
" તેનું તિરોધાન કરવાનો અધિકાર માત્ર ઈશ્વર અને રાજા શીવાય
" બીજા કોઈને નથી, અને જે કાળે એ જ્યોતિનું સ્વાતંત્ર્ય જન્મે ત્યાર
" પછી પિતા એ તેના ઉપર આજ્ઞા કરવી એ આ જ્યોતિની અને તેની
" સ્વતંત્રતાની હત્યા કરવા જેવું દુષ્ટ કર્મ છે. કેટલાક પુત્રોની બુદ્ધિ પિ-
" તાના કરતાં મન્દ હોય અને તે પુત્રની બુદ્ધિને સ્વતંત્રતા આપવાથી
" પુત્રને હાનિ હોય, પણ તે હાનિ થતી અટકાવવા આજ્ઞા કરવાનો
" અધિકાર પિતાને પ્રાપ્ત થતો નથી. જો એવી રીતે પિતાને અધિકાર
" પ્રાપ્ત થતો હોય તો એ પરિણામ થાય કે પોતાને જગતનાથી ડાહ્યાં
" ગણવાનો અભ્યાસ સર્વને છે તે ન્યાયે સર્વ પિતાઓ પોતાને પુત્રનાથી
" ડાહ્યા ગણે અને પુત્રનું બુદ્ધિજ્યોતિ કદી સ્વતંત્રતા પામેજ નહી. માટે
" જ સુજ્ઞ શાસ્ત્રકારે વયની મર્યાદા મુકી કહ્યું કે સોળ વર્ષે પુત્રમાં આ
" જ્યોતિની સંભાવના થવી જોઈએ ને પિતાનો આજ્ઞાધિકાર બંધ થવો
" જોઈએ. સોળને સ્થાને હરાડ કે વીશ કે ગમે તેટલી સંખ્યા મુકવી એ
" વાત દેશકાળ પ્રમાણે રાજા અથવા શાસ્ત્ર અથવા દેશાચારના હાથમાં
" રહે એમાં કાંઈ બાધ નથી. પણ આજ્ઞા કરવાના લોલુપ પિતાના હાથમાં
" તે વાત ન હોવી જોઈએ. ગમે તે વયે પણ આ મર્યાદા બંધાય એટલું
" બસ છે, પણ મર્યાદાકાળ થયો કે જેમ બાળકી સ્ત્રીઅવસ્થા પામી
" પિતાથી અસ્પૃશ્ય ગણાય છે તેમ પુત્ર પુરુષાવસ્થા પામી પિતાથી અ-
" ન્યોન્ય ગણાવો જોઈએ. આ વિષયમાં લોકકલ્યાણનું સત્ય સૂત્ર આ છે
" તે સર્વ સુધારેલા દેશોમાં મનાયું છે. રોમમાં પિતૃસત્તા —*patria*
" *potestas*— ભાગી તે આ જ વિચારે. ઈંગ્લાંડમાં પણ એમ જ થયું છે.
" આપણામાં પણ ઉક્ત મર્યાદા લખેલી છે. માત્ર અર્વાચીન કાળમાં જ
" આપણે કપાળે એ મર્યાદા તુટી છે અને પુત્રો વૃદ્ધ થતા સુધી માતાપિતા
" તેમના ઉપર આજ્ઞા કરવાની લોલુપતા રાખે છે, એ લોલુપતાને અટ-
" કાવવા ઇચ્છા રાખનાર પુત્રને માથે કૃતઘ્નતાનો આરોપ મુકે છે અને

" બુદ્ધિમાન પુત્રોને પણ મૂર્ખ પિતાઓની મૂર્ખતા અને દુષ્ટતાનું હાસત્વ
" કરવું પડે છે અને એ પુત્રોની સ્ત્રીઓને અનેક રાગદ્વેષથી ભરેલી સાસુઓ,
" નણંદો વગેરેની યમદંષ્ટ્રામાં નિરંતર વાસ કરવો પડે છે. હાલના આપણાં
" કૌટુમ્બિક નીતિશાસ્ત્રનું અથવા અનીતિશાસ્ત્રનું આ પરિણામ છે અને એ
" શાસ્ત્રને લત્તાપ્રહાર કરી ઉદ્ધતલાલે લોકકલ્યાણના શુદ્ધ શાસ્ત્રનો આચાર
" પોતાના કુટુમ્બમાં આરંભ્યો છે.

" મ્હારા પિતાએ મને વિદ્યાભ્યાસ કરાવવા જે દ્રવ્યવ્યય કર્યો તેને લોક
" મ્હારા ઉપર ઉપકાર કર્યો કહે છે. તમારાં ન્યાયાસનો આગળ મનાતા
" જીમૂતવાહનના સંપ્રદાય પ્રમાણે બાળકને વિદ્યાભ્યાસ કરાવવા પિતા
" જે દ્રવ્ય ખરચે તે માતાએ આપેલા ધાવણની જોડે સરખાવેલું છે.
" વિદ્યાભ્યાસ પામવા માટે પિતાનો જે ઉપકાર માનવાનો છે તે ધાવણ
" આપનારી માતાના ઉપકારથી અધિક નથી. જાતે ઉત્પન્ન કરેલા
" બાળકને ધાવણ આપવું તે જાતે વાવેલા બીજના છોડને પાણી
" સિંચવા જેવું છે. પાણી સિંચવાનું કૃત્ય બીજ વાવવાની ક્રિયાને અંગે
" લાગેલું છે અને ધાવણ આપવાનો જનનીધર્મ પુત્રોત્પત્તિને અંગે વળ-
" ગેલોછે. પ્રજા ઉત્પન્ન કરવાનું જે જનની સમજે છે પણ ધાવણ આપ-
" વાનું સમજતી નથી તે જનની પોતાના ધર્મથી ભ્રષ્ટ થાય છે અને
" માતાનો ઉપકાર ધાવણ આપવાને માટે માનવાનો નથી, પણ
" જન્મ આપવાને માટે હોય તો તે યોગ્ય થાય. જે જનની બાળકને
" જન્મ આપી તેનો સંસાર દુઃખમય કરે છે તે જનનીએ આપેલો
" જન્મ ઉપકારરૂપ નથી, પણ અપકારરૂપ જ છે; એ જન્મ માતાએ
" પ્રીતિભાવે આપ્યો ગણવાનો નથી, પણ શત્રુભાવે આપેલો ગણવાનો
" છે. વિદ્યાનું ધાવણ જે પિતા આપતો નથી તે પિતા આ જ ન્યાયે
" શત્રુ છે, અને વિદ્યા આપે તે માટે તેનો ઉપકાર માનવાનો નથી,
" પણ જે જન્મ આપીને તેને સફળ કરવા પિતાએ પ્રયત્ન કર્યો હોય
" તે જન્મને માટે તેટલા પ્રયત્નના પ્રમાણમાં તેનો ઉપકાર માનવો
" યોગ્ય છે અને એટલા પ્રયત્નના પ્રમાણમાંજ એની પ્રીતિ વસ્તુરૂપ
" ગણવી. બાકી જીવતા પુત્રની સામે શત્રુભાવના પ્રયત્ન કરી, પુત્ર મરતાં
" પિતા રડવા બેસે એ રડવાને પ્રીતિ ગણવી તે તો ભસ્મને અગ્નિ કહેવા
" જેવું છે. લક્ષ્મીનંદન હવે કલ્પાંત કરે છે તે આવા જ પ્રકારનું છે.
" મ્હારાં માતાપિતાએ વિદ્યાદાન શીવાય બીજું જનકકૃત્ય મ્હારા
" પ્રતિ કરેલું નથી. બ્હાનપણમાં મ્હારું લગ્ન કર્યું તે પણ શત્રુકૃત્ય

" કર્યું એમ હું માનું છું, પણ મૂર્ખતાને લીધે આ શત્રુકૃત્યતાનું
" તેમને ભાન ન હતું, પણ આ પણ એક પ્રીતિકૃત્ય છે એવું તેમને
" ભાન હતું; માટે જ આ શત્રુકૃત્યને હું જનકકૃત્યની તુલામાં મુકું છું. જનક-
" કૃત્યને નામે ઓળખાતા આ શત્રુકૃત્યનું સ્વરૂપ સવેળાએ સમજવાનો
" પ્રસંગ આવ્યો એ સરસ્વતીચંદ્રનું મહાભાગ્ય, એ પ્રસંગ આવતાં તરત
" ચેતી ગયા એ એમની ચતુરતા, અને એ પ્રસંગ સુધારવાને ઠેકાણે
" બગાડી નાંખ્યો એ એમની અનુભવશૂન્યતા !

" મ્હારા પિતાએ મને ભણાવ્યો, પરણાવ્યો, અને અન્નાદિ આપી
" ઉછેર્યો. આ ત્રણ જનકકૃત્યને અંગે તેમને ત્રણેક હજાર રુપીઆનું ખરચ
" થયું છે, તેના વ્યાજનું વ્યાજ ગણતાં કુલ સાતેક હજાર રુપીઆ થાય
" છે. મને પરણાવેલી શ્રીમતી પ્રતિ મ્હારો ધર્મ પાળવામાં મને વિઘ્ન
" આવે એવાં શત્રુકૃત્ય મ્હારાં માતાપિતાએ આરંભ્યાં ત્યાંથી તેમનાં જ-
" નકકૃત્ય બન્ધ થયાં અને તેમનાં ભેગા રહેવામાં મને અધર્મ જણાયો. એ
" અધર્મ જણાતાં આહારે વ્યવહારે ચ સ્પષ્ટવક્તા સુખી ભવેત્ એ ધર્મ મ્હેં પાળ્યો,
" અને કુટુમ્બથી જુદા રહેવાનો ધર્મ ધર્મ્ય ગણી સાધ્યો. પિતાના જનક-
" કૃત્યનું મૂલ્ય સાત હજારનું થાય તે આપવા તરત મ્હારી શક્તિ નથી,
" પણ તેનું વ્યાજ તેઓ ઉપજાવી શકત એટલું હું મ્હારી કમાઈમાંથી બસારો
" વેહી તેમને આપ્યાં જઉંછું અને જીવીશ ત્યાં સુધી આપીશ. સાત હજાર
" રુપીઆ મ્હારી પાસે હાલ નથી તે મળશે તેમ તેમ આપીશ એવી મ્હારી
" પ્રતિજ્ઞા છે તે માતાપિતાને જણાવી દીધી છે. આથી વધારે બન્ધન
" મ્હારે શિર હોય એમ હું સમજતો નથી. ગ્રેથેન્સ નગરીમાં એવો
" કાયદો હતો કે જે પુત્રને પિતાએ વિદ્યાદાન ન આપ્યું હોય તે પુત્રને
" માથે પિતાને તેની વૃદ્ધાવસ્થામાં અન્નવસ્ત્ર આપવાનું બન્ધન નહી. ઈંગ્રેજ
" લોકમાં તો લગ્ન થતાં પુત્ર જુદો જ થાય છે અને સર્વ બન્ધનથી
" મુક્ત થાય છે. પુત્રને માતાપિતાના ઉપકારને નામે અતિબન્ધનનો દાસ
" કરી દેવો આ આપણાં લોકમાં પ્રશસ્ત ગણાય છે, અને કુન્તીમાતાના
" કાળથી રૂઢ થયલા આ આચારનો અવશેષ આજ સુધી આપણા લોકમાં
" ચિરંજીવ રહેલો છે તે માત્ર સામાજિક કાળની જંગલી પ્રશસ્તિનો આ-
" પણાં હૃદય ઉપર રહેલો આવેશ જ છે. પ્રિય ચંદ્રકાંત, હું સરસ્વતીચંદ્ર
" પેઠે આવા આવેશને વશ થતો નથી, પણ આવેશહીન વિચારદ્વારા
" ધર્માધર્મનો વિવેક કરું છું, અતિધર્મને નામે શિષ્ટ ગણાતાં અતિબન્ધનને
" તીક્ષ્ણ ધારવાળી છરીથી સત્વર કાપી નાંખું છું, અતિસ્વતંત્રતાને રૂપે

" શોધાતાં અણ્ધન સુંધી શોધી તેનાથી દૂર રહું છું, અને ધર્મની
" તુલા હાથમાં રાખી તેણી પાસ બેધડક પ્રવર્તું છું ! જેટલું હું સમજું
" છું તેટલું તમે સમજો છો. પણ વ્યાધિ જાણતા છતાં ઔષધ કરતાં
" ડરો છો ! તમે Let-Alonist છો! તમે અપકીર્ત્તિથી દૂર રહો
" છો અને ઘરમાં અતિબન્ધનોને કરોળીયાઓનાં જળાં પેઠે ચારે પાસ
" વધવા દોછો, તેનું ફળ ભોગવો છો અને ભોગવશો ! તમે તમારું
" દેશનું કલ્યાણ કરી શકવાના નથી. લિટનની નવલકથામાંથી નીચલો
" સંવાદ તમારા ઉદ્દીપનને માટે લખ્યું છું તે વાંચજો અને વિચારજો !
" બાકી બાપનો કુવો કહી તેમાંનું પાણી ખારું હોય તહોયે પીવું એ
" તો તમને પ્રિય નહી જ હોય!

"तातस्य कूपोऽयमिति ब्रुवाणाः क्षारं जलं कापुरुषाः पिबन्ति એ એતદ્દેશીય
" વાર્તા અને હવે કહું છું લીટનની પારદેશીય વાર્તા.

"My dear Ma'am," said the Parson, "there are many
" institutions in the country which are very old, look
" very decayed, and don't seem of much use; but I
" *would not pull them down for all that !*"

" You would *reform* them, then," said Mrs. Hazeldean.

" No, I would not, Ma'am," said the Parson, stoutly.

" What on earth would you do, then?" quoth the squire.

" Just *let 'em alone*," said the Parson. " Master
" Frank, there's a Latin maxim which was often in
" the mouth of Sir Robert Walpole, and which they
" ought to put into the Eton Grammar–'*Quieta non*
" *movere*'. If things are quiet, let them be quiet ! I
" would not destroy the stocks because that might
" seem to the ill-disposed like a license to offend;
" and I would not repair the stocks, because that
" puts it into people's heads to get into them."

" ચંદ્રકાંત ભાઈ, તમે આ Parson જેવા છો. ગમે તો આવળા
" પ્રવાહોને સત્વર અટકાવી દો; તેમ ન કરો તો તેને સુધારો. પણ

" હાથપગ ધોણી રાખી સર્વ જનદ્વારસ્થળીના સાક્ષિરૂપ થઈ બેસી
" રહેવું એ શ્રીકૃષ્ણને પરવડ્યું, કારણ તેમને સ્વધામ પ્હોચવું હતું.
" પણ તમારે તો હજી આખું મહાભારત બાકી છે માટે એવા મહાત્મા
" થવું તમને પરવડવાનું નથી."

" આ પત્ર ઘણા વિસ્તારથી લખ્યો છે તેનું કારણ એ કે સરસ્વતી-
" ચંદ્ર તમને જડે તો પણ મુંબાઈ આવવાની ના કહે તો આ પત્ર વાંચે
" અને જેવા ચતુર અને મર્મજ્ઞ છે તેવા અનુભવજાગૃત થાય."

ઉદ્ધતલાલનો પત્ર વાંચી, શ્રાન્ત થઈ, નિઃશ્વાસ નાંખી સરસ્વતીચંદ્ર પળવાર બેસી રહ્યો. વળી પત્રની જોડે ટાંકેલા પત્રમાં ચંદ્રકાંતના અક્ષર વાંચવા લાગ્યો.

" પ્રિય ઉદ્ધતલાલ ! આપણી દુર્વ્યવસ્થાનું જે ચિત્ર તમે પ્રત્યક્ષ કરો
" છો તે અસત્ય નથી, પણ એ ચિત્ર અપૂર્ણ છે. આપણાં કુટુંબ
" સામાજિક છે, આપણા કુટુમ્બમાં કુટુમ્બસંકર છે, એ સંકર જ્ઞાતિ-
" સમાજ અને કુટુમ્બસમાજનાં હિતનું પોષણ કરે છે અને યુરોપી-
" યનોમાં પ્રત્યેક મનુષ્ય—પ્રત્યેક વ્યક્તિ—પોતાના ઉચ્ચગ્રાહ શોધી લે છે
" તેવી રીતનો વ્યક્તિઓનો ઉચ્ચગ્રાહ આપણા દેશમાં થતો નથી.
" કુટુમ્બભાર વહેનાર સ્ત્રીપુરુષોના મર્મભાગ આ રીતથી ઘસાય છે
" અને એ સ્ત્રીપુરુષો અશક્ત થઈ જાય છે, તેમ જ જે કુટુમ્બોને
" તેઓ વહે છે તે કુટુમ્બોમાં પણ અનેકધા અનર્થકારક દુર્ગુણો પ્રવેશ
" કરવા પામે છે. આ સર્વ ચિત્ર તમે આલેખ્યો છો તે ચંદ્રકાંતને ઇષ્ટ
" છે. સુધારાના ઇષ્ટ પ્રવાહો મૂળ આગળ અટકે છે તેનું કારણ તમે
" આ કૌટુમ્બિક દુર્વ્યવસ્થાને ગણ્યો છો તે પણ યોગ્ય છે."

" પણ તમારા ચિત્રમાં ન્યૂનતા છે તે પૂરવા હું ઇચ્છું છું. કુટુ-
" મ્બભાર વહેનાર સ્ત્રીપુરુષોના કલ્યાણમાં જ કુટુમ્બનું કલ્યાણ સ-
" માયલું છે એટલી બુદ્ધિ કુટુમ્બજનમાં ઉદય પામે તો તેમના
" સામે જે પ્રહાર કરવા તમે પ્રયત્ન કરો છો તે પ્રહાર કરવાનું
" કારણ અર્ધું ઓછું થઈ જાય. આ બુદ્ધિ જે જે કુટુમ્બોમાં હોય છે
" ત્યાં ત્યાં ઘણાક અનર્થ ઓછા હોય છે. સામાન્ય વિદ્યાથી, સામાન્ય
" વિચારથી, અને ભાર વહેનાર ઉપર વિશ્વાસ ઉપજવાથી, આ બુદ્ધિ
" ઉદય પામે એમ છે. વિદ્યા કેમ વધારવી અને ક્યારે વધશે એ તમે
" જાણો છો. વિદ્યા વધતાં વિચાર વધશે. વિદ્યા શીવાય પણ વિચાર
" વધે છે તે સ્વાભાવિક બુદ્ધિ અને અનુભવથી થાય છે. આપણા

" ઉપર કુટુમ્બજનોનો વિશ્વાસ વધારવો એ આપણું કામ છે. એ
" વિશ્વાસ ઉપજાવવાની કળા જાણનાર જગતમાં હોય છે તે મ્હારાં હાલનાં
" યજમાન ગૃહિણી ગુણસુંદરીનો ભૂત ઇતિહાસ સાંભળી હું બુદ્ધિગોચર
" કરું છું. સાત્વિક વૃત્તિ, નિર્મળ પ્રીતિ, ધૈર્ય, ઉદારતા આદિ અનેક
" સદ્‌ગુણો આ વિશ્વાસ ઉપજાવનારમાં હોવાં જોઈયે. સામાન્ય મનુષ્યોમાં
" તે આવવાં દુર્લભ છે એ સત્ય છે. પણ આ સદ્‌ગુણોનાં પાત્ર મનુષ્યો
" દેશમાં શશશૃંગ પેઠે કેવળ દુર્લભ નથી એટલું જણવવાને માટે હું આ
" કહું છું."

" કુટુમ્બના શમ્ભુમેળા ન થતાં પ્રત્યેક મનુષ્ય પોતાનાં સ્ત્રી અને
" બાળક સાચવી જુદો રહે તો જે કલ્યાણ થવાનું તમે લખો છો તે
" પણ થાય તેની ના નથી. પણ એ માર્ગથી દેશને લાભ થાય એમ
" તમે સમજતા હો તો તે ભુલ છે એમ હું કહી શકતો નથી, પણ
" એ સિદ્ધાંત યોગ્ય શોધન કરી તમે બાંધ્યો નથી એટલું તો હું કહી
" શકું છું. હું તો એ પણ કહું છું કે એ માર્ગથી એ પુરુષ એક કલ્યાણ
" શોધી અન્યથા હાનિ પણ પામેછે. પછી એ હાનિ મ્હોટી કે લાભ
" મ્હોટો એ નીરાળો પ્રશ્ન છે."

" આ વિષયમાં કંઈક અન્વહસ્તિન્યાયનો સંભવ છે. પણ સઉ
" આંધળાઓના અનુભવને ખોટા ન ગણતાં એ અનુભવોનો સરવાળો
" કરીશું તો સત્ય જડવાનો સંભવ છે."

" હાલ આયુષ્યના વીમા ઉતરે છે, લગ્ન પ્રસંગ તથા ઉત્તરક્રિયાના
" વ્યયને માટે વીમા ઉતરે છે, અને એ વીમા વીમાસમાજો ઉતારે છે. કુ-
" ટુમ્બને માટે પરસેવો ઉતારી પોતે રળેલું સર્વ દ્રવ્ય કુટુમ્બના પોષ-
" ણમાં ખરચી મરી જનારની સ્ત્રી અને તેનાં બાળકનું પોષણ કરવા
" બાકી રહેલું કુટુમ્બ ઇચ્છે છે, એવું પોષણ ઘણા કાળ સુધી નહી
" તો થોડા કાળ સુધી આ કુટુમ્બ કરે છે, એ વાત જો સત્ય હોય
" તો આ મરનારનો વીમો પણ વગર ઉતરાવ્યે ઉતરાવ્યો સમજવો.
" તેણે કરેલો વ્યય આ વીમાને લીધે તેના મરણ પછી ઉગી નીકળે
" છે. ખરી વાત છે કે આ ફળ લેવાનો પ્રસંગ સર્વને નથી આવતો.
" પણ વીમાકંપનીએ ઉતારેલા વીમાનો લાભ મરીને લેવાનો તો
" થોડાંજ મનુષ્યોને હોય છે અને તેમની સંખ્યા ઝાઝી હોય તો વીમા-
" કંપની દેવાળું કૂટાડે. આપણા કુટુમ્બો એ એક જાતની વીમા-
" કંપનીઓ જ છે એમ સમજશો તો મ્હારો ભાવાર્થ સમજશે."

" કુટુમ્બનાં મનુષ્યો ઘરમાં છેક નિરુદ્યોગી નથી બેસી રહેતાં. સહુ
" પોતપોતાના ગજાપ્રમાણે અને બુદ્ધિપ્રમાણે પરસ્પર સેવા કરે છે અને
" અનેક સેવકોનું કામ કરે છે. ખરી વાત છે કે બ્હારના ચાકરો
" ઉપર અંકુશ રાખીયે તેવો કુટુમ્બજનો ઉપર નથી રખાતો; પણ
" કેટલીક રીતે બ્હારના ચાકરો ઉપર અનેકધા અંકુશ રાખવા છતાં
" જે વિશ્વાસ નથી રખાતો તે કુટુમ્બજન ઉપર રાખી શકાય છે.
" એટલું જ નહી પણ ઘરમાં કુટુમ્બ હોય તો તે એક જાતનો કીલ્લો
" છે. એ કીલ્લાથી બ્હારનાં માણસ ઘરની સ્ત્રીયોને ફોસલાવી જવાની
" હોમત નથી કરતાં-યુરોપમાં એ કીલ્લાઓની ન્યૂનતાને લીધે ઘેરે
" ઘેર જે નીતિભીતિ રૂહે છે તે ત્યાં જઈ આવશો તો જાણશો.
" પ્રિય ઉદ્ધતલાલ ! સ્ત્રીયો ઉપરથી વિશ્વાસ ઉઠેલો અનુભવવાથી વધારે
" કલેશ થાય છે કે તેમની મર્યાદા સાચવી રાખનાર કુટુમ્બથી થતા કલેશ
" વધારે છે તેની તુલ્ના કરવાનો પ્રસંગ મ્હારે કપાળે હજી સુધી તો આવ્યો
" નથી. હું એમ નથી કહેતો કે તમે કહો છો તે ખોટું છે. હું તો તમારા
" ચિત્રમાં ઉમેરવાની વસ્તુ દેખાડું છું."

" આપણાં સામાજિક કુટુમ્બો દેશને લાભકારક નથી એમ તમે નહી
" કહી શકો. જે અર્થશાસ્ત્ર આજ સુધી યુરોપમાં અભેદ્ય મનાતું હતું
" તેમાં સોશ્યલિસ્ટ સંપ્રદાયે ભેદ પાડ્યો છે. યુરોપમાં એક ઘર અત્યંત
" શ્રીમંતનું તો બીજે જ અત્યંત નિર્ધનનું હોય છે; ત્યાં શ્રીમંતના ઘરમાં-
" અન્નના ઢગલા ખરીદવા જેટલું દ્રવ્ય રસરાગમાં ઢોળાય તે જ કાળે
" બીજેનો નિર્ધન અપવાસ કરી પગ ઘસતો કહેવાય છે. એ સર્વ દુઃ-
" શાનો નાશ કરી શ્રીમંતને અને નિર્ધનને સર્વ દ્રવ્ય વ્હેંચી આપવાનો
" અભિલાષ ધરનાર જનસંઘ આજ યુરોપમાં ઉભો થયો છે અને બુદ્ધે બુદ્ધે
" નામે રાજાઓને, પ્રજાઓને અને સર્વ રૂઢ વ્યવહારોને ધ્રુજાવે છે. આ સંપ્રદાય-
" વાળાનો ધ્રુજારો એ દેશોમાં કેટલું બળ કરશે, કેટલું ફાવશે, વગેરેની
" કલ્પના કરવી આપણે જરુરની નથી. પણ જે અભિલાષ સોશ્યલિસ્ટો
" રાખે છે તે અભિલાષની ઘટાપત્તિ આપણા દેશમાં રૂપાન્તરે હું પ્રત્યક્ષ
" દેખું છું. એક કમાનારની દ્રવ્યસંપત્તિ અનેક કુટુમ્બજનોના પોષણને
" અર્થે આ દેશમાં ઢોળાય છે. નાતો અને વરા કરવાના રીવાજ પણ
" એવા જ કારણથી વધ્યા હોય કે ઘણું કમાનારની સંપત્તિ જેમ કુ-
" ટુમ્બમાં ઢોળાય તેમ જ્ઞાતિમાં પણ ઢોળાય. આ સર્વ વ્યવસ્થામાં મને
" સોશ્યલિસ્ટ સંપ્રદાય જ આપણા દેશમાં સિદ્ધ થયો લાગે છે. જે

" સંપ્રદાય યુરોપની વર્તમાનલોકવ્યવસ્થા નીચે જ્વાળામુખી પેઠે
" ધુંધવાય છે અને એ વ્યવસ્થાને છિન્ન ભિન્ન કરવાને ધુમાડા કૂહાડે
" છે તે સંપ્રદાયને આપણા દેશમાંથી છિન્ન ભિન્ન કરી યુરોપની
" સ્થિતિ ઇચ્છવામાં આ દેશનું કલ્યાણ છે એમ હું કહી શકતો નથી.
" આપણો દેશ રંક છે, આપણા લોક શક્તિહીન છે, આપણું રાજ્યતંત્ર
" પરતંત્ર છે, અને આપણા કાયદા અને આપણાં દ્રવ્ય પરદેશીઓની
" બુદ્ધિઓને અધીન છે, તેવે કાળે તમારા અભિલાષ સિદ્ધ થાય અને
" હિમાચળથી સેતુબંધ રામેશ્વર સુધી વસી રહેલાં કરોડો કુટુમ્બોને
" નિરાશ્રિત કરી રઝળતાં મુકી તેમનાં ઉદર ભરનાર સમર્થ કમાના-
" રાઓ જુદા નીકળી પડે અને પોતાના એકલપેટા સ્વાર્થને વધા-
" રવા કે કુટુમ્બોના દોષ કૂહાડવા પ્રયત્ન માંડે તો ઘેર ઘેર કેવો
" કલેશ ઉભો થાય, આખી આર્ય ભૂમિમાં કેટલી અવ્યવસ્થા થાય,
" ચારેપાસ નિર્ધનતા અને અનાથતા અથવા નિરાશ્રિતતા વિપ-
" ત્તિના વાદળ પેઠે ત્રુટી પડે અને બીજું શું શું થાય તે કલ્પાતું
" નથી! આવી અવસ્થાના સાધનભૂત થવામાં ધર્મ છે કે અધર્મ
" છે તેનો વિચાર તમને સોંપું છું! પ્રિય ઉદ્ધતલાલ! મ્હારી અને મ્હારી
" ગંગાની સંપત્તિ વધારવાને માટે મ્હારાં મૂર્ખ વ્હાલાંઓનો ત્યાગ
" કરવાનો પ્રશ્ન ઉઠે છે ત્યારે તેમના જેવી આખી આર્ય પ્રજાની
" સ્થિતિ મ્હારા ચિત્તમાં આમ ખડી થાય છે, કુટુમ્બવત્સલતા મ્હારી
" દેશવત્સલતાને જાગૃત કરે છે, અને એજ દેશવત્સલતા પાછી મ્હારી
" કુટુમ્બવત્સલતાને દૃઢ કરે છે! પ્રિય ઉદ્ધતલાલ! મ્હારી બુદ્ધિ ઘણા
" ઘણા વિચાર કરે છે અને હૃદય ઘણી ઘણી વૃત્તિયોને અનુભવે છે.
" પણ અંતે એ સર્વ દુનીયાનો છેડો મ્હારા આ ઘરમાં જ આવે છે."

" અને—અને—એ ઘરનું, એ દુનીયાનું, એ વ્યવસ્થાનું કે અવ્યવ-
" સ્થાનું, અને એ પ્રજાનું, મન્થન મ્હારા હૃદયના ગોળામાં વધારે વધારે
" થાય છે તેમ તેમ એ ભાગ્યહીન હૃદયમાં તો છાશ ની છાશ જ રૂહે
" છે અને તેના ઉપર તરી આવેલું માખણ તો સરસ્વતીચંદ્રરૂપે ઉછળી
" પડી કોણ જાણે કયાંક જતું રહ્યું છે! મ્હારું હૃદય વલોવાયલું નિ-
" રર્થક થયું!"

" કારણ? હું સરસ્વતીચંદ્રના અભિલાષ જાણું છું અને એ અભિલાષ
" સિદ્ધ થાય તો મ્હારા સંપ્રદાયના અને તમારા સંપ્રદાયના સર્વના અભિ-
" લાષ સિદ્ધ થાય."

" તમે ઇચ્છો છો અને હું ઇચ્છું છું એ ઉભય વસ્તુઓ એકત્ર
" આણવાના માર્ગ છે. કુટુમ્બમેળાના અનર્થ તમે જાણો છો તેમ પ્રા-
" ચીન કાળમાં પણ વિદિત હતો. પુત્રાદિક ઉપર અન્નવસ્ત્ર માટે આ-
" ધાર રાખી વડીલો વાનપ્રસ્થ દશા સ્વીકારતા તે આ જ અનર્થમાંથી
" બચવા અને બચાવવા માટે. ધૃતરાષ્ટ્રનું વાનપ્રસ્થ એવીજ રીતે લેવા-
" યલું હતું. આ કાળમાં આ અનર્થ એક રીતે વધ્યા છે તો બીજી
" રીતે તેનો ઉપાય પણ સાથે જ જન્મ્યો છે. ઇંગ્રેજી વિદ્યાના પ્રસંગથી
" તેમ ઇંગ્રેજી સ્વતંત્રતાના કાળબળથી જુવાનીયા વાજુ એક જાતના રાગ
" કઢાડે છે અને વડીલો હજી જુના જ રાગ કઢાડે છે. આ બે રાગના
" વિસંવાદ વર્તમાન કુટુમ્બકલેશોનું કારણ છે. કાળક્રમે એ કારણ નષ્ટ થશે,
" કારણ કે જુના રાગ કઢાડનાર કાળવશ થશે અને નવાઓ વૃદ્ધ થશે તે
" પોતાના ભૂતઅનુભવ સંભારી પોતાનાં બાળકોથી જુદા રાગ નહી કઢાડે.
" તેવો પ્રસંગ આવે ત્યાં સુધીનાં સાંપ્રત કાળમાં થતા કુટુંબકલેશ અને
" જ્ઞાતિબંધ પણ અનિવાર્ય છે તો અનિત્ય પણ છે. એ કલેશઆદિથી ખિન્ન
" થનારને આ અનિત્યતાનું સ્મરણ આપી કહેવું કે ધીરસ્તત્ર ન મુહ્યતિ.
" બાકી આ કાળમાં નોકરી અને બીજા ઉદ્યોગને અર્થે પુત્રો અને ભાઇઓ
" વડીલોને દેશમાં મુકી પરદેશના વાસી થાય છે તેનું ફલ પણ પ્રાચીન
" વાનપ્રસ્થ જેવું જ થાય છે. માત્ર વાનપ્રસ્થમાં વડીલો વનમાં જતા
" અને પુત્રો ઘેર રહેતા અને વનમાં પ્રસંગે જઈ વડીલોને અન્ન વસ્ત્ર
" પહોચાડતા, તેને સટે આજ વડીલો ઘેર રહે છે અને પુત્રાદિક
" પરદેશ જાય છે, અને અન્નવસ્ત્રાદિકના માર્ગ પણ નીકળે છે.
" વડીલો અને જુવાનીયાઓ એક જ ગામમાં રહે છે ત્યાં તમે વર્ણવેલી
" સ્થિતિ પ્રાપ્ત થાય છે ત્યારે તમે જે માર્ગ કહ્યો એવા માર્ગ નીકળે
" છે અથવા તો ઘરમાં મહારા અને તરંગશંકરના જેવા માર્ગ કહેવાનાર
" હોય તો તેવા નીકળે છે. આપણા જેવા માર્ગ કહેવાનારાની ખોટ નથી.
" માત્ર સરસ્વતીચંદ્રે આ અપૂર્વ માર્ગ કહ્યા, અને ન આવ્યા તમારી
" નાતમાં ને ન આવ્યા મહારી ન્યાતમાં ! "

" પ્રિય ઉદ્ધતલાલ ! Subject to all these things that I
" have said here, I plead unreservedly and fully
" guilty to the charge you have framed so pointedly
" against me ! *I could have raised* my Ganga and
" my children to the position which was due to them
" from an EDUCATED *paterfamilias.*

" But the existence of a wider family and my
" deference to the feelings of the other heads of that
" family have made me sacrifice the higher interests
" of my own wife and children. I may be wrong;
" I may have sinned. But I may also be right; and
" I have tried to err on the safer side,—safer so far
" as the fortune of our people may be measured by
" that of their numbers.

" I am not quite what you call a Let-Alonist. The
" Hindu ideal is eminently *socialistic* in life and
" practice, and, though I am no socialist in aspira-
" tions, I feel it a duty to give fair scope to the free
" operation of that ideal side by side with the forces
" of Western *Individualism* which are stirring our
" souls, so that both may by the laws of natural
" selection adjust themselves to each other and
" bring about a happy combination of the special
" blessings of each. The main feature of our Hindu
" Socialism is that it is *Protective*. It protects the
" purity of the sex from outside influences which
" operate elsewhere and are always at the mercy of
" accidents and intrigues. It protects the weak, the
" infants, the women, and the aged, from starvation
" and its consequential crimes. It protects the family
" wealth, from the whims and follies of profligates and
" imbeciles at home and from the operations of rogues
" abroad, by a domestic organisation of people who
" can watch like dogs and guard like sentinels. It
" protects and protects. Our Western Individualism
" is on the other hand essentially *Progressive*, and
" Progress is safety in these days. To explain my
" whole being in a sentence, I am breathlessly
" watching the confluence of socialism and individu-

" alism, wish welfare to both, am anxious to guard
" against socialism becoming oppressive and indivi-
" dualism becoming aggressive, for what is protective
" has a tendency to become *oppressive* and what is
" progressive has a tendency to become *aggressive*.
" The sacrifices that one has to make in order to
" secure a combination of the two boons without
" their abuses, are *mine*, and the blessings of full
" individualism are *yours*. I sincerely love you
" for the noble blessings with which you have
" surrounded yourself. But for poor me, dear friend,
" it is of the essence of my sacrifice that I must
" abstain from securing them to myself until I am
" able to share them more or less with the whole
" group of my dear and poor joint family. This
" means Poverty, Patience, Forbearance and even
" Suffering for at least one generation, and I am
" prepared to wait so long or even longer. Perhaps,
" nay probably, we shall agree better with our sons
" in that new generation than our elders do with
" us in this. That's my hope built upon the fact
" that, unlike our elders, we have had the same
" education that our sons are receiving now."

સરસ્વતીચંદ્રે પત્ર પેાટકામાં મુકયેા, અને, પેાટકું એક પાસ મુકી, ઉભેા થયેા, વિચારગ્રસ્ત થયેા, અને અંતે શિલાઓની એક ભીંતથી બીજી ભીંત ભણી, અને બીજીથી પહેલી ભણી, એમ હેરાફેરા કરવા લાગ્યેા અને પેાતાની હડપચી ઝાલી, પેાતાના મુંબાઈના મિત્રેાના પત્રેાનું મનન કરવા લાગ્યેા. ઘડીક ઉભેા રૂહે અને ઘડીક ચાલે. આ અસ્વસ્થ દશામાં તેનું હૃદય તેના મસ્તિકના વિચારને કવિતારૂપ આપતું હતું, અને હૃદયની કવિતા પળે પળે પુવારાના પાણી પેઠે મુખસંપુટમાંથી પુટતી હતી, પણ અંતર્વૃત્ત મસ્તિકને કે હૃદયને તે બાહ્ય ક્રિયાનું ભાન ન હતું. માત્ર એ સંગીતને તાલ દેવા તેનાં નેત્ર ઘડીક અશ્રુપાત કરતાં હતાં અને ઘડીક તે અશ્રુ-

થી હીન થઈ કોઈકે નવીન આનંદથી ચળકતાં હતાં અને આનંદમાં પણ આંનંદનો અશ્રુપાત થઈ જતો હતો.

દૈન્ય–મુદ્રાથી મડના એક જાડા કાગળ ઉપર જાડી કલમથી તે લખવા લાગ્યો, ગાવા લાગ્યો, અને નિઃશ્વાસ મુકવા લાગ્યો.

" પ્રિય ચંદ્રકાંત, પ્રિય ભ્રાત, તુજ સંસાર દુઃખમય ભાસે,
" મ્હારી આજ જ ઉઘડી આંખ જુવે છે દુઃખ તુજ મુજ પાસે !
" દુખ દૈત્યસમું દેખાય,
" તુજ કોરી કાળજું ખાય;
" દુખ, અનેક ધરતું વેશ,
" તને ચીંટી વળે ચોમેર.
" તે મધ્ય ઉભો તું, સૂર*,
" નથી દુખને ગણતો, શૂર !
" નથી ગણતો વિધિનો દોષ,
" નથી ધરતો કોઈ પર રોષ,
" દુખ–પશુની મૃગયા કાજ જગત-વનમાં તું ધસે એકાંત,
" મન વ્યાયામે† અમુઝાવી, શરીર કૃશ કરે સુહૃદ વિદ્વાન !
" પ્રિય ચંદ્રકાંત !૦"

છેલ્લી પંક્તિઓ ગાતાં ગાતાં ચંદ્રકાંત ઉપર દયા, પ્રીતિ, અને બહુમાન હૃદયમાં શાંતરૂપ હતાં તે જ્વલમાન થયાં.

ઉભો રહ્યો.

" ધન-બિન્દુ કાજ તપ કરતો,
" ધન આપું તો ન કર ધરતો,
" ધનસંગ્રહ કાજે મથતો,
" પ્રિય જનના દોષ ન ગણતો !
" એ સ્વાર્થી જનોના લોભ તૃપ્ત કરવા તું બને ઉદાર;
" ધન-રુધિર ચુસાયે તોય ન્યધન વિદ્વાન ધરે ઉત્સાહ !"
" પ્રિય ચંદ્ર૦"

દયાર્દ્ર મુખ થઈ ગયું.

" તુજ કુટુમ્બ કૃમિનું જાળ,
" ધરતું તુજ દુખનું ન ભાન,

---

* સૂરઃ વિદ્વાન્. † વ્યાયામ=કસરત.

" કરતું કોલાહલ નાદ,
" દેતું ન સ્વસ્થતા-દાન ! "

ક્રોધ કરી, ભ્રુકુટિ ચઢાવી, પગ ઠબકાર્યો
" છે સ્વાર્થી સગાં, ને નારીં સ્વાર્થની સગી ત્હારીં, ઓ ભાઈ !"
નરમ પડી ગયો.

" તે પર તું વત્સલ રહે, દેહને દમે, તપસ્વીં તું ભાઈ !
" પ્રિય ચંદ્ર૦ "

ફરકો દેઈ બોલ્યો.

"નથીં મને મર્મ આ કહેતો,
"અંતર્વ્રણ* અંતર્ રહેતો !! "

અશ્રુધારા ચાલવા લાગી.

" ધિક્ ધરતો હું અવતાર, ધિક ભંડાર ભર્યા ધનના મ્હેં !
" ધિક ક્રોધ સાહસથી ત્યાગ, ધિક ન રંકતા જોઈ ત્હારી મ્હેં !"

પોતાની જાત ઉપર તિરસ્કાર આવી ગયો. એક પત્થર ઉપર બેઠો. ટાંગી ઉઠ્યો. એક ઝાડના થડઉપર પત્ર ટેકવી લખવા લાગ્યો.

" મુજ દેશ હાથ તું રત્ન
" દીધું વિધિયે, કરીંને યત્ન;
" તે ઉદરયાતના કાજ
" ધુળ-ઢગલામાં ઢંકાય !

" ઓ ભાઈ ! ભાઈ ! મુજ ભાઈ ! દુઃખ તુજ જોઈ, હૃદય મુજ ફાટે !
" હું થીં થતો સુહૃદનો દ્રોહ; દેશનો દ્રોહ; જોઈ રહું આ તે !
" પ્રિય ચંદ્ર૦ "

વિચારમાં લીન થઈ, 'આ સ્થિતિ શું નિરુપાય છે ?' એવો પ્રશ્ન ઉઠાવી ગાવા લાગ્યો.

" ધનવાન દેશમાં ઝાઝા,
" ન ધરે અજ્ઞાનની માઝા !
" ધન ધુળ વીંશે તે ભેળો,
" ધન જઈ સમુદ્રે રેંડે,
" ધન પાપપુંજમાં પ્રીણે,
" ધન ધુવે મૂર્ખ રસ હોણે !

---

* અંદરનો ઘા.

" ધનવાન સઉનાં માપ માપતી લક્ષ્મી નાચ નચવી આ,
" ગણુવધૂ ગણિકા દઈ તાળી, નાચતી પછી હસતી પળમાં !"
" પણ–પણ–આ મહારા દ્રવ્યવાન્ ભાઈઓ નિરક્ષર છે, મૂર્ખ છે,
" તેમનો દોષ શો કહાડવો ? શું એવા કોઈ વિદ્વાનો નથી કે જેમની
" પાસે પરોપકારયોગ્ય દ્રવ્ય પણ છે ? જો એવા ધનવાન્ વિદ્વાનો છે,
" તો નિરક્ષર ધનવાનોનો દોષ કહાડવો તે અયોગ્ય છે."
" શો કહાડું મૂર્ખનો દોષ ?
" શૉદ શોધું મૌર્ખ્યના કોષ ?
" મુજ ભણ્યા ગણ્યા વિદ્વાન ઘણા ધનવાન, તેય છે કેવા ?
" ધન મળતાં, જડતા નવી ધરી, ભણ્યું ભુલ્યા હોય બધું તેવા !
" અથવા, હું જ સાક્ષર છતે મૂર્ખ છું !
" શો કહાડું અન્યનો દોષ ?
" શૉદ ભરું પરનિન્દાકોષ ?
" મુજ છે જ લક્ષ્મી આસન્ન,
" છે સરસ્વતી સુપ્રસન્ન,
" નથી તોય કર્યો વિચાર
" હજી સુધી તો મનની માંહ !
" જગ જોવા ગૃહ ત્યજી આવ્યો,
" પ્રિય સુહૃદ ન પણ પરખાયો !
" મુજ દૃષ્ટિ આગળ ચાલે–
" ન નિકટ—નહીં અંતર્—ભાળે !
" પ્રિયમિત્રમર્મને જોયું, હૃદય મુજ રોયું, સ્વપ્ન ધરીં, જાગ્યો !
" પ્રિય મિત્ર ! તુજ સંતાપ સમજજે હવે ઘડીમાં ભાગ્યો !"

વળી વિચાર કરવા લાગ્યો.

" એક ચંદ્રકાંતના સંસારમાં અનેક ચંદ્રકાંતના સંસાર જોઉં છું. જેવું
" એકનું દુઃખ તેવાં દુઃખ અનેકને ! વિદ્યા એ લક્ષ્મી નથી; એટલું જ
" નહી, પણ સરસ્વતી અને લક્ષ્મીનો વિરોધ જુનો ગણાય છે તે મહેં
" આજ પ્રત્યક્ષ કર્યો. ચંદ્રકાંતની શાંત બુદ્ધિ કુટુમ્બયજ્ઞમાં ગંગાને હોમે
" છે ! ઉદ્ધતલાલનો બુદ્ધિકોપ શ્રીમતીને આત્મવત્ કરવાના ઉત્સાહથી
" કરોળીયાના જેવી કુટુમ્બજાળને તોડી નાંખી તે જાળના સ્થાનને ઝાપટી

" નાંખી ચોણું કરવા મહાન્ વિગ્રહ માંડે છે. તરંગશંકર સ્ત્રી ઉપર પક્ષપાત
" કરે છે, પણ કુટુંમ્બને દૂર નથી કરી શકતો, અને કવિત્વે પ્રકટેલો રસ-
" પ્રકાશ સંસારમાં મેળવી શકતો નથી. ગંગા ! પાર્વતીથી શિવજીનું અપમાન
" ન ખમાયું—તેવો જ પાર્વતીના જેવો તહારામાં ગુણ છે; સ્વામીને માટે
" તહારા હૃદયમાં રસ છે; તહારા સ્વાર્થની ધુળથી તે ઢંકાયો છે અને એ
" ધુળ ઝાપટી નાંખવાની સાવરણી ઘરમાં વસાવવા દ્રવ્ય જોઈએ તે
" ચંદ્રકાંત પાસે નથી."

નવી સૃષ્ટિનું દર્શન થતાં અને એ સૃષ્ટિનું હાર્દ સમઝાતાં સરસ્વતી-ચંદ્રનું શરીર કંપવા લાગ્યું, અને તેના ચિત્તમાં નવા ચમકારા થવા લાગ્યા. હૃદયમાં પ્રકટેલા વિચારો મુખગાનમાં સ્ફુરવા લાગ્યા.—" આહા ! "

ચંદ્રકાંત અને તરંગશંકરની દશા સ્મરી બોલ્યો, બોલી બોલી લખતો ગયો.

" નર-રત્ન કંઈ કંઈ ગુપ્તપણે
" બહુ આધિ વ્યાધિ ઉપાધિ સહે ;
" જનરંકનો સાં કરવી શી કથા ?
" ધનરાશિ નિરર્થક મુજ પડ્યા ! "

વળી અટક્યો, વળી ગાવા લાગ્યો.

" નરરત્ન કંઈકિ દરિદ્રદશા—
" તણી ધુળ તળે ઢંકાઈ રહ્યાં;
" નરરત્ન વિશોધન ના જ બને ;
" ધન-સાધન મુજ અસાધક રૂહે ! "

વળી ઉંચું જોઈ બોલ્યો.

" નરપીયૂષશોધન ના જ બને;
" ધનઔષધિ મ્હારી નકામી રહે !"

વળી ઉભો, ઉદ્ધતલાલ અને ચંદ્રકાંતને સરખાવવા લાગ્યો.

" નરવ્યાઘ્ર કંઈ મુજ દેશ વીંશે
" દુખપંજર માંહી પુરાઈ રહે;
" શૂરણ્ધનમોક્ષ ન કોઈ કરે ;
" ધિક્ નિષ્ફળ મુજ સઉ ધનને ! "

ગંગા સ્મરણમાં સ્ફુરી.

" ધરતી રસસુન્દર કોમળતા
" ફળપુષ્પ ધરે નહીં નારીલતા;
" ન ખીલે રસપોષક માળી વિના—
" માળી છે– પણ નિર્ધન છે—
" શું સિંચે રસ માળી સ્વવિત્તવિના ?"
" ધનરાશિ અચેતન મુજ રહ્યા ! "

" પ્રિય કુમુદ ! તું તો માળી વિનાની જ રહી ! ધન છે—પણ
" માળી જ નથી. એ તહારી દુર્દશા મ્હેં કરી!"

" પ્રિય હોય, કુમુદ, કંઈ તું મને,
" પ્રિય હોય, સુમિત્ર, કંઈ તું મને,
" તમ તુલ્ય અનેક ગુણાકરના
" ગુણ ખીલવું રાશિ ત્યજી ધનના !"

એના હૃદયમાં આનંદ અને ઉત્સાહનો ઉદય થયો.

" શિવિરાજ તુલા પર દેહ મુકે,
" કરું તે જ કથા મુજ દ્રવ્ય તણી !
" નવનીત બન્યું ઉર જોઈ શકે
" નહીં અશ્રુભર્યા જનરત્ન ભણી.
" ગૃહત્યાગ થયો મુજ સાર્થક સહુ !
" દીઠ ગુપ્ત પદાર્થ સુદૃશ્ય બહુ !
" ગૃહભાગી થઈ, ફળભાગ હવે
" દઉ દેશતણાં જનદૈવતને ! "

આટલું બોલી તે પૃથ્વી ઉપર પલાંઠી વાળી બેસી ગયો અને એનો ભગવો અંચળો એના શરીરની આશપાસ વેરાઈ પૃથ્વી ઉપર પથરાઈ રહ્યો. તેના ઉપર દૃષ્ટિ પડતાં એ ચમક્યો, એ કવિતા હાસતી લાગી અને એકદમ એ ઉભો થયો.

" સરસ્વતીચંદ્ર ! એ સર્વ અભિલાષ આ વેશને અનુચિત છે ! જે
" મૂર્ખતાએ ઘર છોડાવી અંહી આણ્યો તે જ મૂર્ખતાએ આજ ઘણા
" દેશદશાનું દર્શન કરાવ્યું. તો હવે ત્યજેલું ગૃહ પાછું સ્વીકારવું, ધનભાઈને
" અર્પેલું ધન પાછું લેવા ઇચ્છવું, આ લીધેલો વેશ ત્યજવો—
" એ તે હવે—મૂર્ખતા કે શાણપણ ? અધર્મ કે ધર્મ ?"

" अनारम्भो हि कार्याणां प्रथमं बुद्धिलक्षणम् ।
" आरब्धस्यान्तगमनं द्वितीयं बुद्धिलक्षणम् ॥

" પ્રથમ બુદ્ધિલક્ષણ નષ્ટ થયું, તો બીજું તો રાખવું. I have " commited myself to this stage—by folly or by " fortune, and I shall be at least consistent with " myself and stick to what I have accepted. That " saves me an amount of thought and vexation. " આપેલું પાછું લેવું એ પાપ છે ! "

" દેશનું કલ્યાણ ધનદ્વારા કરવું ઈશ્વરને સોંપું છું. એ કલ્યાણનાં " સાધન હતાં તે ગયાં તે ઈશ્વરની ઇચ્છા ! નવા પન્થમાંથી નવાં સાધન " શોધીશું. છોડેલાં શસ્ત્ર પાછાં લેવાં નથી! કુમુદ! તહારે માટે કરેલી પ્રતિજ્ઞા " હવે તુટશે નહી ! તને દુઃખકુણ્ડમાં નાંખી દીધાનું પ્રાયશ્ચિત્ત કરવા " જે જવાળામુખ સંન્યાસની પ્રતિજ્ઞા લીધી હતી તેને યોગ્ય વેશ આ જ છે.

" શું જગતમાં એક પણ પદાર્થ એવો છે કે જેથી ઘેર જવાની વાસના " મ્હારામાં પ્રકટે? શું પરમાર્થ અથવા દયાને નામે મ્હેં કરેલું પાપ ધોવાશે " અને લીધેલી પ્રતિજ્ઞા છુટશે ? કુમુદસુંદરી ! તમારો ત્યાગ કરી તમને " જે દુઃખમાં મ્હારી સ્વચ્છંદતાએ નાંખેલાં છે તેનું પ્રાયશ્ચિત્ત મ્હારી પ્રતિજ્ઞા " પ્રમાણે જ કરીશ ! અને બુદ્ધની પેઠે આ જ વસ્ત્રો પ્હેરી તમારી ક્ષમા " એક દિવસ માગીશ. મ્હારી અલ્પશક્તિ પ્રમાણે આ જ વેશે લોકહિતનો " પ્રયત્ન કરીશ. "

" ચંદ્રકાંત, મુંબાઈ છોડવા પ્હેલાં હું ધારતો હતો કે દેશહિત, લોક- " હિત, અને આત્મહિત, ત્રણે વાંનાં દ્રવ્યવિના સિદ્ધ થઈ શકે છે, અને તહેં " દ્રવ્યના લાભનો પક્ષવાદ કર્યો, ત્યારે મ્હેં તેના સામો પક્ષવાદ કર્યો, અને " મ્હારા પક્ષને સત્ય માની મ્હેં દ્રવ્યનો ત્યાગ કર્યો. તહારા પક્ષવાદનું મૂળ " અનુભવ હતું—તહારા અનુભવ વિનાનો મ્હારો પક્ષ હવે મને મૂર્ખતા " ભરેલો લાગે છે અને તહારા જેવાઓને ઉપયોગી થવાનું સાધન મ્હેં " હાથે કરી ખોયું. હવે એ થયું ન થવાનું થનાર નથી, અને લીધેલી " પ્રતિજ્ઞાઓ છુટનાર નથી, અને દ્રવ્યના સાધન વિના આ શરીરથી જે " અર્થ સરે તે જ યોગ્ય છે. હવે આપણા લોકે સ્વીકારેલો પ્રારબ્ધવાદ " સ્વીકારવામાં મને સુખ લાગે છે. મ્હારો હાલનો પ્રતિજ્ઞાધર્મ તે વાદને જ " અનુકૂળ લાગે છે. "

" તરંગશંકર, પ્રીતિને માયારૂપ અસત્ય ગણવાનું તમે શીખવ્યું તે
" પ્રમાણે કુમુદની પ્રીતિનું સ્વપ્ન ફૂંહાડી નાંખ્યું તોં હું આ મ્હારા સાંપ્રત
" વેશને યોગ્ય કાર્ય કરું—એની ના નહી. પણ ક્ષુદ્ધને સ્વપ્રિયાએ ક્ષમા અર્પી
" તે પ્રમાણે હું કુમુદસુંદરીની ક્ષમા મેળવું ત્યાંસુધી ક્ષુદ્ધના શાંત સંન્યા-
" સનું શમસુખ લેવાનો મને અધિકાર નથી ! ક્ષુદ્ધના ત્યાગથી એની રાણી
" પરહસ્તગત થઈ ન્હોતી. કુમુદ, તું પ્રમાદને હાથ ગઈ અને અસહ્ય દુઃખ
" પામી—તેનું કારણ હું ! લોકદૃષ્ટિએ વિવાહવિધિ થયો નથી ગણી હૃદયે
" સ્વીકારેલો વિવાહ તોડવાનું પાપ કરનાર તે હું છું ! "

" પ્રિય ચંદ્રકાંત ! પ્રથમ હું મ્હારી પ્રતિજ્ઞા પાળીશ અને કુમુદનું ઉદાર
" ચિત્ત મને શુદ્ધ ક્ષમા અર્પે ત્યાં સુધી હું નિરાધાર અને નિરાકાર–અલખ–
" રહી આ વેશે ભટકીશ અને મ્હારા હૃદયમાં પ્રીતિના અંગારને અહોનિશ
" બળવા અને બાળવા દેઈશ !

"અહો ઓ જીવ મ્હારા રે !
"દઈ આ દંશ દારાને,
"ઘટે ના ભોગ-સંસાર,
" ઘટે ના શાન્ત સંન્યાસ ! ! ! "

ક્રોધથી પાસેના પત્થર ઉપર મુક્કી મારી અને પગ પૃથ્વી ઉપર અફાળ્યો.

" શરીરે ભસ્મથી છાયો,
" ઉરે અત્યન્ત સંતાપ્યો,
" ઉંડો જ્વાળામુખી જેવો,
" હવે સંન્યાસ આ તેવો ! "

કપાળે, ઓઠે, અને આંખોમાં ઉગ્ર, તીવ્ર ને દૃઢ નિશ્ચય પ્રકટ્યો.

" સ્ફુરે પોતે, ન દેખાય,
" કુમુદની ગન્ધ ગ્રહી વાય,
" અરણ્યે એકલો વાયુ !
" જીવન એ ભાવિ છે મ્હારું !"

હાથ આકાશમાં વીંઝ્યો અને મુખ ઉપર આત્મપ્રીતિ અને તૃપ્તિ જ્વલિત થઈ.

" ચંદ્રકાન્ત ! ચંદ્રકાંત ! ક્ષમા કરજે ! કુમુદની ક્ષમા મળતા સુધી
" આ પ્રીતિના તપથી તપોમય સંન્યાસ છે, ક્ષમા મળ્યા પછી શાંત

" સંન્યાસ છે, અને એ સંન્યાસની શાન્તિને કાળે તને અને મ્હારા
" ત્હારા દેશને સ્મરીશ અને વગર દ્રવ્યે તેમનું હિત કેમ કરવું એ
" વિચારી મ્હારો પક્ષવાદ સિદ્ધ કરીશ."

પોતાના વેશ ભણી જોઈ હાથેલીથી અંચળાને ઝાલી, તેના ભણી જોઈ બોલ્યો.

" અલખના અરક્ત રક્ત રંગ ! હું તને અપમાન નહી આપું. "પ્રકૃત
" વ્યવહારમાં વિહરવું" એવી શિક્ષા મને દીક્ષામાં જ મળેલી છે–તો–
" કુમુદવિષયે હું આમ પ્રવાહપતિત થયો છું અને મને આ જવા-
" ળાસુખ સંન્યાસ અને તેનો વ્યવહાર જ પ્રકૃત છે. એ વ્યવહારમાં
" હું વિહાર કરું અને એ પ્રકૃત તપવડે મનને શુદ્ધ કરું તો આ વે-
" શથી કંઈ પણ વિરુદ્ધતા નથી—કારણ આ મ્હારી દીક્ષા છે !"

આટલું બોલે છે ત્યાં આકાશમાં કુમુદનો સ્વર સંભળાયો.

" લીધો લીધો ભગવો વ્હાલે ભેખ,
" સુન્દર થયો જોગી રે !
" મને વ્હાલો લાગે એનો વેશ,
" થયો અલભોગી રે !"

ચારે પાસ જોયું પણ કુમુદ જણાઈ નહી.

" અહા ! મ્હારા હૃદયના સંસ્કાર બાહ્ય સંસારમાં પ્રતિધ્વનિરૂપે
" મૂર્ત્ત થાય છે અને જ્યાં જાઉં છું ત્યાં મને અકળાવે છે—પણ અકળા-
" મણ એ જ મ્હારું પ્રાયશ્ચિત્ત માની હું તેને યથેચ્છ વર્તવા દેઉં છું."

વળી કુમુદનો સ્વર સંભળાયો.

" ચંદ્ર જોગીની સાથ કુમુદ જોગણ થઈ ચાલી રે,
" વ્હાલા ! પ્રીતિનો સાજીશું મેલ, રમીશું મ્હાલી રે !"

સ્વર બંધ પાડી, સરસ્વતીચંદ્ર બોલ્યો.

" હે રમ્ય પ્રિય સ્વર ! પ્રીતિનું આ રમ્ય સ્વપ્ન હું ઇચ્છતો નથી—
" એ સ્વપ્નના ઉદ્‌ગારમાં પાપ છે, અહિત છે. હે અમૂર્ત્ત સ્વર ! એ
" ઉદ્‌ગારને તું શાંત કર અને મ્હારી દુષ્ટતાના દોષના ઉદ્‌ગાર કૂહાડ !"

આને અન્યથા ઉત્તર મળતો હોય તેમ આ વાક્ય પૂર્ણ થતાં ગુફા અને મહ વચ્ચેની બારીમાં આવી એક બાવાએ ગર્જના કરી—

" નન્દકો નન્દન એક આનન્દ દેત હૈય !"

ગુફાની ચારે પાસે પત્થરની ભીંતોમાં, ઉપર આકાશમાં, નીચે ઝરાના

પાણીમાં, પાસેના વડની શાખાઓની ઘાડી જળમાં, અને અન્યત્ર સર્વત્ર પ્રતિધ્વનિ ઉઠ્યો.

" એક આનન્દ દેત હુય !"

એ આનન્દનો સત્કાર સરસ્વતીચંદ્રના હૃદયમાં પણ થયો, અને બારી ભણી મુખ ફેરવ્યું ત્યાં બારીમાંનો સાધુ એના ભણી પ્રસન્ન મુખથી આવવા લાગ્યો.

પ્રકરણ ૭.

કુમારિકા કુસુમ અને વિધવા સુન્દર.

"The husbandless woman exists in two shapes. She is either a spinster or a widow. Most nations permit both institutions to grow up side by side with each other with the result that the reciprocal proportions of the numbers of the two classes undergo fluctuations on principles very similar to those of the two metals of a double currency under the guidance of economical laws. Social science is interested in noting how these fluctuations tell upon the general welfare of the nation. The poet of domestic charms falls in love with the different features of the lights and shades of the twin sisters—the spinster and the widow. There is also a cynical way of subjecting both creatures to a camera observation and comparing the shadows of the two reflected upon its plate. This is especially useful in a country like India where the Hindus have chosen and contrived to escape the fluctuations of a domestic double currency by keeping the widow a permanent coin and excluding the spinster altogether from their mint. The propounders of justice and of the equality of

the two sexes may well protest against this gross injustice to the weaker sex. But, apart from that, no small interest gathers round the questions whether India with this monometallism for her social economics is really a loser on the whole, and whether the world of bimetallists has gained anything substantial, or, to be more serious and less offensive to the fastidious moralist, whether the world has gained on the whole by its submission to the ordinary laws of nature, and India has suffered by working out this artificial system within its families.—*Anonymous.*



વિધાત્યતુરનું કુટુંબ એકઠું થઈ ગયું. વૃદ્ધ માનત્યતુરે ઘેર આવી કુમુદ વીશે આશા મુકી અને મુકાવી. બુદ્ધિધનના પત્રથી પ્રમાદધનના મૃત્યુની કૃષ્ણપત્રી જણાઈ ગઈ. એક દિવસમાં રંક પુત્રીનું અને મૂર્ખ જમાતાનું મરણ સિદ્ધ થયું. અમાવાસ્યાની રાત્રિના અંધકારમાં ચોમાસાનાં વાદળાંનો અન્ધકાર ભળે, એવડો અન્ધકાર જગતમાં વ્યાપી જાય, અને નિદ્રાની જડતામાં વૃષ્ટિના શૈત્યની જડતા ભળે, તેમ વિધાત્યતુરના પ્રધાન મ્હેલમાં થઈ ગયું. કુમુદ ગયાનો શોક પૂર્ણ વિકાસ પામવા આવ્યો અને પ્રમાદધનના નામ ઉપર આરોપ, ઠપકા, ગાળો અને શાપની વૃષ્ટિ પુરી થઈ નહી, ત્યાં પ્રમાદધનના સમાચારે એ ગાળો અને શાપને શાંત કર્યા, અને વિધવા થતાં મ્હેલી મૃત્યુ પામેલી પુત્રી ભાગ્યશાલી ગણાઈ, અને એ વિચારે એના ઉગ્ર શોકને શાંત કર્યો. માણિરાજ પોતે સર્વને આશ્વાસન આપી પાછા ગયા. મિત્રો, કુટુમ્બજન, જ્ઞાતિજન, અધિકારી મંડળ, રાજમ્હેલનું મંડળ, અને પ્રતિષ્ઠિત નાગરિકમંડળ, સર્વની આખો દિવસ આવજ્ઞ થઈ અને અનુશોચનના વ્યવહારે શોકના હૃદયરસને છિન્નભિન્ન કરી નાંખ્યો. અતિશય વ્યવહારવ્યાપારમાં ગયેલા દિવસને અંતે રાત્રિસમયે શ્રાન્ત થયેલું સર્વ મંડળ વિશ્રાન્તિને ખોળે પડી નિદ્રામાં પડ્યું. વિધાત્યતુરની નિદ્રા, ઈશ્વરેચ્છાનો વિચાર થતાં ગાઢ થતી, પુત્રીના ગુણ અને ભાગ્ય સાંભરતાં મસ્તિકમાંથી દૂર થતી, શોક તરી

આવતાં નેત્રદ્વારમાં આવજા કરતી, મોહનો વિજય થતાં નિઃશ્વાસને માર્ગ આપતી અને સંસારનું અસાર સ્વરૂપ સમજાતાં પાછી આવતી, અને અંતે એ પાછો નિદ્રામાં પડતો. પુત્રીનું સૌભાગ્ય અખંડ રહ્યું અને વૈધવ્ય જોવા વારો આવ્યો નહી એ વિચાર રોતાં રોતાં થઈ આવતો ત્યારે ગુણસુન્દરી શાંત થતી, પણ રંક અને સુશીલ પુત્રીનાં દુઃખ સાંભરતાં એની આંખમાં આંસુની રેલ ચાલતી. એને આખી રાત નિદ્રા ન આવી, પણ ઘડીક એ સુતી સુતી આંસુ સારતી, ઘડીક પથારીમાં બેઠી થઈ રોતી, ઘડીક શાંત થઈ ઉઘાડી કે મીંચેલી આંખે પણ જાગૃત હૃદયે પડી રહેતી, અને ઘડીક પાસે સુતેલી સુંદરની સાથે કુમુદની વાતો રોતી કકળતી કરતી.

દિવસે દિવસે શોક જુનો થવા આવ્યો, અને સંસારનો વ્યવહાર સર્વનાં સ્મરણચક્ષુ ઉપર પડદો નાંખવા લાગ્યો; કુમુદના સમાચારથી સર્વ કુટુમ્બની આ અવસ્થા થઈ એટલા દિવસ તેમના ચિત્તમાંથી કુસુમની ચિન્તા અદૃશ્ય થઈ. માતાના આશ્વાસનમાં-અને શોકવ્યવહારનાં કાર્યોમાંથી પરવારતાં એકલાં-પડવાના પ્રસંગ વધતા ગયા અને તેની સાથે આ બાળકીના હૃદયમાં નવા અનુભવના પરિણામ, નવા વિચાર, અને નવી ચિન્તાઓને ભરવા લાગ્યા, અને તે પ્રમાણે પોતાનું ભવિષ્ય બાંધવાની આતુરતા એના એકાંત અવકાશમાં વીજળીના જેવા ચમકારા કરવા લાગી. આણી પાસથી કુસુમ આમ આકર્ષાવા લાગી, ત્યારે બીજી પાસથી બીચારી સુન્દરની ચિન્તાઓ વધવા લાગી. વિદુષી છતાં ગુણસુન્દરીને કુમુદનો ઘા અતિશય લાગ્યો અને એ હૃદયશૂન્ય બન્યા જેવી દેખાતી હતી અને ગૃહકાર્યથી તેમ કુસુમની ચિન્તાથી કુમુદના શોકે એને મુક્ત કરી. સુન્દર એક પાસથી ગુણસુન્દરીની પાછળ પાછળ ભમતી અને બીજી પાસથી કુસુમની પાછળ ભમવાનું એની દૃષ્ટિએ મુક્યું નહી. ગુણસુન્દરીને શોકમુક્ત કરવામાં, અને મોઈ પુત્રીના શોકમાં ડુબેલી માતાએ એકલી પડવા દીધેલી કુસુમના સ્વચ્છન્દ લાગતા આવેશને ડાબેલા રાખવામાં, સુન્દરની ચિન્તાઓ વહેંચાઈ ગઈ, અને જન્મપર્યંત પોતાને આભારી કરનારી ગુણોયલ દેરાણીએ કરેલા ઉપકારોનો બદલો વાળવાનો આ ઈશ્વરે આપેલો પ્રસંગ જાળવવામાં સુન્દર શિથિલ થઈ નહી.

પોતાના લતાગૃહના માંડવામાં, પાસેના તળાવની કોર ઉપર, અને આ-

શપાશની કુંજગલીઓમાં, આખો દિવસ અને રાત્રિને પ્રથમ પ્રહરે કુસુમ એકલી એકલી ફરવા લાગી અને પોતાના વિચારની ચક્રદોલાએ (ચકડોળે) ચઢવા લાગી.

" પરણ્યાં એટલે પડ્યાં એ વાત નકી ! કુમુદબ્હેન ! તું ગઈ અને પ્ર-
" માદધન ગયા ! તમે એ જીવતાં હત કે તું એકલી જીવતી હત તો
" તહારા દુઃખનો પાર ન હતો ! એ દુઃખનું કારણ તહારો વિવાહ ! વિ-
" વાહ એ સ્ત્રીજાતનો શત્રુ છે. વૈધવ્યમાંથી મરણે તને છોડવી! એ
" વિચારથી ગુણીયલને આવા દુઃખમાંથી કળ વળે છે ! તેનું કારણ
" શું ? કુમુદબ્હેન પરણી ન હત અને વિધવા થઈ ન હત તો સુખી
" હત ! માણસ મરે તો પણ તેનો શોક પાછળ રહે છે તેમ લગ્નદશા
" સમાપ્ત થાય તો પણ તેની છાયા પાછળ રહે છે—એ છાયા તે વૈધવ્ય !
" જે લગ્નની છાયા આટલી ભુંડી છે તે લગ્ન કેટલું ભુંડું હોવું જોઈએ ?
" બ્હેનના વૈધવ્ય કરતાં એનું મરણ સારું ગણાયું ! માટે આપણે તો
" વૈધવ્ય પણ નહી ને લગ્ન પણ નહી ! માત્ર કાકીને મને પરણાવી બા-
" ડામાં નાંખવાની ઘેલછા લાગી છે. પણ ગુણીયલ હજી બોલતી નથી,
" અને અત્યાર સુધી હું કુમારિકા રહી છું તે પિતાજીની કૃપાથીજ. "

આટલો વિચાર કરી એ હરિણી પેઠે દોડી અને ગુલાબના છોડ વચ્ચેની ગલીમાંથી દોડી આવી તળાવ પાસે એક ભુરા કાચની બરણી જેવી બેઠક ઉપર બેઠી. એને દોડતી દેખી સુંદર આઘેથી પાસે આવી એને માથે હાથ મુકી બોલવા લાગી.

" બેટા, તું દોડાદોડ કરે એ તે આટલે વયે છોકરી માણસને માટે કંઈ
" સારું કહેવાય ? તું બ્હોટી થવા આવી ! "

કુસુમ— "છોકરી જો પરણી હોય ને પછી દોડે તો તે બોટું કહે-
" વાય. પરણ્યા સુધી કુમારિકા ગમે તેવડી હોય તે દોડે. "

સુન્દર—" પણ હવે તહારે પરણવાનું કંઈ છેટે છે ? ગુણીયલને તહારી
" કેટલી ચિન્તા થાય છે તે તને ખબર છે ? કુસુમ, હવે તું કાંઈ ડાહી
" થા. આવે કાળે માની ચિન્તા તું ઓછી નહી કરે તો પછી ક્યારે
" કરવાની હતી ? "

આ વાક્યના મર્મભાગે સકળ પ્રહાર કર્યો અને કુસુમ અંકુશમાં આવી ગંભીર થઈ ગઈ. મનુષ્યમાત્રની નિરંકુશતાને પ્રસંગ છોડાવે છે. દુષ્ટો શિક્ષા-રૂપ વિપત્તિના પ્રસંગથી અંકુશમાં આવે છે. મૂર્ખ જનને અંકુશમાં આણવા એક વિપત્તિ બસ નથી, પણ અનેક વિપત્તિઓના બખ પડે છે. ચતુર અને

સાધુ પણ અનુભવહીન જનને પોતાની અથવા પારકી વિપત્તિનું દૂરથી પણ દર્શન થતાં બોધ મળે છે અને વગર—અંકુશે બોધનો અંકુશ જાતે સ્ફુરે છે. બોધના અંકુશને યોગ્ય પણ બાળ વયના ઉત્સાહથી ભરેલી યુવાવસ્થાને આવા દર્શનમાંથી લેવાના પ્રબોધનું ભાન આણનાર પ્રિયબોધક મનુષ્ય જોઈએ છીએ. આવો સંયોગ કુસુમને હતો. એના વિકાસની નિરંકુશતા જોઈ ગુણસુંદરી હબકતી હતી, ત્યારે સ્વતંત્ર બુદ્ધિવાળાં મનુષ્યોની પ્રકૃતિનો સુજ્ઞ વિધાયતુર એને ધૈર્ય આપતો હતો અને બાલક શરીરરૂપ યજ્ઞ ઉપર બુદ્ધિના અગ્નિને દાસત્વમાં નાંખવાનું પાપકર્મ ન કરવાનાં કારણ બતાવી એ અગ્નિને કેવી રીતે કેવા તપથી સાધવો એ દર્શાવતાં બોલ્યો હતો કે—" ગુણીયલ ! નવી પરણેલી મુગ્ધા
" સ્ત્રીને જેમ દક્ષ નાયક બળથી નહી પણ કળાથી વશ કરી લે અને
" એ મુગ્ધાનો રસ વધારે, તેમ જ બાળકની બુદ્ધિને પણ કેળવવાની
" છે. જો આપણાં બાળક આપણા કરતાં વધારે બુદ્ધિવાળાં થાય એમ
" આપણી ઇચ્છા હોય તો તેમની બુદ્ધિને આપણી બુદ્ધિની બેડીઓમાં
" કેદ ન કરવી, કારણ માબાપની બુદ્ધિની માત્ર આજ્ઞાકર થવા શીખેલી
" બુદ્ધિ સ્વતંત્ર રીતે ઉડવાનો અભ્યાસ પામતી નથી. બાળકની બુદ્ધિને
" પગે માબાપે ઘડેલી બેડીઓ નાંખવી નહી, પણ એ બુદ્ધિ જાતે
" ચાલે, પડે, અને ઉઠે અને શક્તિ હોય તો દોડે તેમાં માબાપે વિઘ્ન ન
" નાંખવું. એ બુદ્ધિ પોતાની કળાથી નૃત્ય કરે તો કરવા દેવું. તેને વિદ્યા
" એ અન્ન છે, વિચાર એ વ્યાયામ (કસરત) છે, સ્વતંત્રતા એ તેના
" પ્રાણનું પોષણ કરનાર પવન છે, ઉત્સાહ એ એની ક્રીડાભૂમિ છે,
" અને સંસારનું અવલોકન એ એને જીવન આપનાર પાણી છે. માતા-
" પિતાનો ધર્મ એ છે કે એ પાણી નિર્મળ રાખવું, એ પવન નિર્મળ
" અને અપ્રતિરુદ્ધ રાખવો, એ ક્રીડાભૂમિમાં અધમ સંગતિ જવા દેવી
" નહી, અને એ વ્યાયામમાં ન્યૂનતા કે અતિશય થાય નહી અને વ્યાયામને
" અંતે ફરવા માંડેલા લોહીથી ભરેલી નસોમાં અયોગ્ય પદાર્થને સ્થાને
" પોષક અન્ન જાય. માતાપિતા ભણીના અંકુશની સમાપ્તિ આટલામ
" થાય છે. બાલ્યાવસ્થામાં આટલા અંકુશમાં રહી બાળકની બુદ્ધિ મરજી
" પડે તેવું નૃત્ય કરે તે કરવા દેવું. એ અવસ્થા જેમ જેમ પુરી થતી
" જાય તેમ તેમ એ બુદ્ધિના અન્નસાથે બાળકના ભવિષ્ય પ્રયાણને
" યોગ્ય ભાથું ભરવું, અને તેની ક્રીડાભૂમિમાં સુખદુઃખોથી ભરેલા
" સંસારનાં ચિત્ર મુકવાં, દુષ્ટ પવન નિવારનાર તેમ પવનને સુગન્ધ-
" વાહક કરનારા રસ એના ભવનના સર્વ ભાગમાં મુકવા: એટલું સરત

" રાખવું. યુવાવસ્થા—આદિ પ્રવાહો સ્વતંત્રતાને વધારનાર છે તે કાળે
" આવા રસથી જે કામ થશે તે શુષ્ક શિક્ષાપાઠથી નહી થાય, માટે એના
" વિચારરૂપ વ્યાયામને વધવાનાં સાધન ઉભાં કરવાં પણ તે એવાં હલકાં
" ન કરવાં કે પ્રમાદ થાય અને એવાં ભારે ન કરવાં કે અતિશ્રમ
" થાય. અને અંતે એના અવલોકનરૂપ જીવનનો પ્રવાહ ગંગા જેવો
" રાખવો, અર્થાત્ સર્વ કાળે શુદ્ધ અને જગત્ને પાવન કરનારો કરવો,
" અને સર્વગ્રાહી આકાશના પ્રતિબિમ્બનું સર્વાંગે પ્રતિબિંમ્બ સંગ્રહનારો
" કરવો; પ્રાણીમાત્રની તૃષા ભાગનાર, જીવન આપનાર, ચારે પાસની
" વનસ્પતિનો પોષક, અને હિમાચલ જેવા ઉચ્ચ સ્થાનમાંથી સર્વદા
" પ્રભવ પામતો એ પ્રવાહને કરવો! સમુદ્ર જેવા વિશાળ અને પ્રાણ-
" પોષક પ્રયાણમાર્ગરૂપ ઇષ્ટાપત્તિનો—અનેક ગુમ્ન પણ સતત નીતિઓથી—
" સાધક ગંગા-પ્રવાહ જેવો બાલક-બુદ્ધિના આ અવલોકનના
" પ્રવાહને કરવો. ગુણીયલ ! શુદ્ધ વિદ્યાદાનનો માર્ગ અને
" પરિણામ આવો છે, અને પુત્રીનું સ્ત્રીત્વ અને પુત્રનું પુરુષત્વ
" લક્ષ્યમાં રાખી આ માર્ગ લેવાય તો તેના નિયમ ઉભયને
" સામાન્ય છે અને એ માર્ગ પુત્રમાત્ર અને પુત્રીમાત્રનાં જાતકર્મ
" આદિ સંસ્કારોમાંનો એક આવશ્યક સંસ્કાર છે. એ સંસ્કાર ન આપે
" તે માતા અથવા પિતા પોતાના ધર્મથી ભ્રષ્ટ થાય છે. આપણા
" લોક ક્ષુદ્ર થયા છે અને શુદ્ધ ધર્મ સમજતા નથી. પણ આ પવિત્ર
" ધર્મથી તું ભ્રષ્ટ થઈશ નહી ! એ વિષયમાં તહારા ધર્માધર્મમાં મ્હારો
" ભાગ છે, તું મ્હારી સહધર્મચારિણી છે, અને આટલા ધર્મનું કૃત્ય હું
" તને સોંપું છું, કારણ મને વ્યવહારમાંથી અવકાશ ઓછો મળે છે. પણ
" ઈશ્વરે સર્વ રીતિથી અનુકૂળતા કરી આપી, તેને પાત્ર થવા મ્હેં તને
" વિદ્યા આપી છે, અને તું પુત્રીને આપજે અને એની બુદ્ધિને સંસ્કાર
" પામેલા મણિ જેવી કરવાનો મ્હેં તને માર્ગ બતાવેલો છે. ગૃહિણી ગૃહમુ-
" च्यते. માટે આ ગૃહકર્મની સફલતા તહારા ઉત્સાહ ઉપર આધાર રાખેછે.
" તને આપેલી વિદ્યાને લીધે આ ધર્મમાં તું મ્હારી સહધર્મચારિણી છે."

વિદ્યાચતુરે કુસુમના સંબંધમાં આ શિક્ષા આપી હતી તે ગુણસુંદરીએ લખી રાખી નિર્વ્હાગ્રે કરી હતી. પુત્રીને વિદ્યા અને બુદ્ધિસ્વાતંત્ર્ય આપવાનું કારણ કોઈ પુછે ત્યારે પતિવ્રતા ઉત્તરમાં "પતિઆજ્ઞા" દર્શાવતી હતી. એ આજ્ઞાને કોઈ ભુલભરેલી ગણે ત્યારે પતિપ્રતિજ્ઞાનું સમર્થન કરવા આ શિક્ષાના અક્ષરોનો સારોદ્ધાર કરી સાક્ષરા જય પામતી. છતાં સ્ત્રીજાતિને સ્વાભાવિક ભીતિ તે ગુણ-

સુંદરીના હૃદયને પુત્રીના સ્વાતંત્ર્યફલના સંબંધમાં નિરંતર કંપાવતી, અને પોતાની ભીતિ ખરી ન પડે એવું એ નિત્ય ઇચ્છતી. એ ભીતિ ખરી પડશે કે ખોટી એ શંકા ગુણસુંદરીને અને સુન્દરને નિત્ય થતી. એ શંકાનું સમાધાન કાળક્રમે અને કુસુમના પૂર્ણ વિકાસને અંતે જ થાય તેમ હતું. ભત્રીજીને માની ચિન્તા ઓછી કરવાનું કહેતાં કહેતાં સુન્દરનું હૃદય આ શંકાથી ધડકવા લાગ્યું. વગર-અંકુશે ઉછરેલી કન્યાની બુદ્ધિમાં વિપત્તિધર્મનો બોધ કેવી રીતે સ્ફુરેછે તેનું અવલોકન અનુભવી વિધવા આતુરતાથી કરવા લાગી. એ આતુરતાને લીધે પોતાને પ્રશ્ને પ્રશ્ને કાકી ભત્રીજીનાં નેત્ર ભણી દૃષ્ટિ ધરવા લાગી, અનુભવહીન પણ મેધાવિની બાળાના ઉત્તરે ઉત્તરે તેના અક્ષરોદ્ગાર ભણી પોતાના કર્ણને એકાગ્ર કરવા લાગી, અને એ ઉદ્ગારકાળે અનેક વિકારો અનુભવતી પ્રિય વત્સાના નખથી શિખ સુધીના સર્વ ભાગો ઉપર સહજ સ્ફુરતી ચેષ્ટાઓને વત્સલ કાકી અનેક પ્રિય-ચિન્તક ચિન્તાઓથી વીજળી પેઠે સહસા, ત્વરાથી, સર્વતઃ અને ક્ષણભરમાં સુપ્રકાશિત કરવા લાગી.

કાકીનો પાલવ ઝાલી કુસુમ બોલી.—

" કાકી, તમે એમ સમજો છો કે ગુણીયલના દુઃખમાં વધારો કરવા જેવાં " મ્હારાં કૃત્ય છે? "

સુન્દર—ના, તહારાં કૃત્ય એવાં નથી, પણ તહારા વિચાર અને બોલ ગુણીયલની ચિન્તાઓ વધારે છે.

કુ°—ત્યારે ગુણીયલ મને જાતે કેમ કહેતાં નથી?

સુ°— તહારા પિતાજીની આજ્ઞા છે કે તહારા વિચાર જાણવા પણ રોકવા નહી; તેને વાળવા પણ મરડવા નહી.

કુ°—ત્યારે એટલું તો ખરુંકની કે મ્હારા વિચાર નિર્દોષ છે?

સુ°—હું કાંઈ પંડિત નથી. પણ આ વિચાર પ્રમાણે તું ચાલીશ તો વિપરીત કરી બેસવાની અને જાતે દુઃખી થઈ બીજાને દુઃખી કરવાની! ઇંગ્રેજી ભણેલા પુરુષો ઘર ચલાવવા બેસે ત્યારે સ્ત્રીજાતે તેમની મરજી પ્રમાણે વર્તવું પડે, પણ એટલી તેમની આજ્ઞા પાળવાથી આપણાં કાળજાં કંપતાં મટે નહી.

કુ°—જ્યારે મ્હારી ચિન્તા પિતાજી એક રીતે કરે અને ગુણીયલ બીજી રીતે કરે ત્યારે મ્હારે શું કરવું?

સુન્દરે કુસુમને જરીક બસેડી અને એક બેઠક ઉપર બેજણ સંકડાઈને બેઠાં. સુન્દરે કુસુમને બગલમાં લીધી.

સુ૦—પુત્રોની સંભાળ પિતા લે અને પુત્રીની માતા લે. જો તું ગુણી-યલના વિચારમાં વળે તો તહારા પિતાને વાંધો નથી.

કુ૦— તો મહારા વિચારને વાળો— એને મરડી નાંખવા શું કરવા મથો છો? મહારે કુમારાં રૂહેવું છે. એ વિચારને મરડી નાંખી તમે બધાં પરાણે પરણાવશો ત્યારે મહારું કંઈ જોર છે? ગાય ને દીકરી—તેને મા-બાપ મોકલે ત્યાં જાય.

કુસુમનું હૃદય ભરાઈ આવ્યું, તેનાં વિશાળ નયન આંસુથી ઉભરાયાં, બાળક હૃદય દુઃખના આવેશથી ધડકવા લાગ્યું, અને કાકીની છાતી ઉપર માથું નાંખી બાળા ધીમે ધીમે રોવા લાગી. સુંદરે ઉંડો નિઃશ્વાસ મુક્યો. "એટા કુસુમ! એક દીકરીને પરણાવી સરાયાં નથી અને બીજી દીકરીનું "પ્રારબ્ધ કેવું નીવડશે તે વિચારતાં અમારાં કાળજાં કમ્પે છે તો તહારા "જેવી ચકોર જાતને ચિન્તા થાય એમાં નવાઈ નથી. પણ પરણ્યા "પછીનાં સઉ દુઃખ કુમારાં રહ્યાંનાં દુઃખથી ઓછાં."

કુસુમ આંસુ સુકવી મ્હોં ઉંચું કરી બોલવા લાગી. કાકી, માતાની ચિન્તા ઓછી કરવાની વાત પડતી મુકી, વાદવિવાદમાં ભળ્યાં લાગ્યાં. માતાની ચિન્તા ઓછી કરવાની વાતમાં કુસુમને પોતાનું કાળજું હારી જતું લાગ્યું. વાદવિવાદમાં ઉતરતાં પોતાની બુદ્ધિ ચાલતી લાગી.

"કાકી, પરણેલાંનાં દુઃખ સઉ દેખીયે છીયે. કુમારાંનાં દુઃખ કોણે દીઠાં છે?"

સુ૦— ડોસા કુમારા દીઠા છે; ડોશી કુમારી દીઠી નથી તો તેનું સુખ કે દુઃખ કશું યે શી રીતે દેખાય? બાકી અનુમાનથી જોવાનું તે તો બે પગે ચાલે તે દેખે. ન દેખે એકલી મ્હારી ઘેલી કુસુમ!

કુ૦— ઘેલી ભત્રીજી ન દેખે તો ડાહ્યાં કાકી દેખાડે!

સુ૦— જો બાળક પાસે બધી વાતો થાય નહી અને બાળક મ્હોટાંની વાતો કરવાના ચાળા કરે ત્યારે મ્હોટાંએ ન કહેવાનું કહેવું પડે.

કુ૦— એમ કરો ત્યારે.

સુ૦— તું લાજ છોડાવીશ ને છોડીશ પણ મમત મુકવાની નહી.

કુ૦— ત્યારે એમ. પણ બોલો તો ખરાં.

સુ૦— જેણે મુકી લાજ, તેને નહાંતું સરખું રાજ્ય.

કુ૦— હા ભાઈ, એમ, પણ બોલો.

સુ૦— હું કંઈ તહારો ભાઈ નથી. પણ લે, સાંભળ ત્યારે. આ જગતમાં

કુ૦— તેમને તેમ ગમ્યું. ગમવા ન ગમવાની વાત; તેમાં કારણ શાં ? કોઈને ભાવે ગળ્યું, ને કોઈને ભાવે તીખું; કોઈને ગમે સંસાર માંડવાનું ને કોઈને ગમે કુમારાં રહેવાનું.

સુ૦— ના, એમ નથી. ભાવવું ન ભાવવું તેનો આધાર જીભ ઉપર છે. પણ ભુખની વાસના જેવી સંસાર માંડવાની વાસના પ્રાણીમાત્રને વખત આવ્યે થાય છે. જેમ ઝાડમાત્રને પોતપોતાની ઋતુ આવ્યે ફળપુષ્પ થાય છે તેમ પ્રાણીમાત્રમાં યૌવનનો વા વાતાં મોડી વહેલી સંસારની વાસના જ્યતે ઉત્પન્ન થાય છે.

કુ૦— પણ રાણી સાહેબનાં શિક્ષક મિસ્ ફ્લોરા મડમ છે તે હજી કુમારાં છે, ને બીજું બોલું ?

સુ૦— બોલને.

કુ૦ — ના, પણ તમને બોટું લાગે ને મને વહેડો.

સુ૦— ના, નહી બોટું લાગે.

કુ૦— બીજું તમે પણ ક્યારે સંસાર માંડ્યો છે ?

સુન્દર હૃદયનો નિઃશ્વાસ હૃદયમાં ડાબી બોલી.

" મડમને વાસના નહી થઈ હોય તો થશે ને આજ નહી તો ચાર વર્ષે સંસાર માંડશે. ને બેટા, કાકીની વાત કાકીનું હૃદય જાણે છે કે પરમેશ્વર જાણે છે."

કુ૦— " ત્યારે તો તમને વાસના થઈ હશે."

આંખો ચોળતી, આડું જોતી સ્વસ્થ બનતી સુન્દર બોલી.

" જો, ઈશ્વરે જ્યાં જ્યાં પ્રાણ અને યૌવન મુક્યાં છે ત્યાં ત્યાં બે " વાસના પણ મુકી છે. વિધાત્રી, લક્ષ્મીજી, અને પાર્વતી બે જગદમ્બાના " સ્વરૂપ; તેમાં પણ બે વાસના પ્રકટી છે તો તહારી કાકી જેવી રાંક " જાત તે કોણ માત્ર ? વાસના તો યૌવન સાથે ઘડાઈ. તે યૌવન " સાથે જશે. પણ બે વાસના મારવી બે ડાહ્યાં અને સદ્‌ગુણી " માણસનું કામ."

કુસુમ જય મળ્યો ગણી ઉભી થઈ હસતી હસતી બોલી.

" ત્યારે બે શુભ કામ કાકીથી બન્યું તે ભત્રીજી બનાવશે ! પણ " બેટલી હરકત સારુ પરણવાના બાડામાં પડવાનું હોય તો આપણી " બોબી ના."

સુન્દરે હાથ ઝાલી કુસુમને પાછી બેસાડી.

સુ૦—બેશ તો બરી. બેટલામાં ડુલી શું ગઈ? આજ મ્હેં તહારી સાથે

સહીપણાં માંહ્યાં ત્યારે બધુંયે કહેવું પડશે ને એ કહેવાનું તો હજી ઘણું છે.

કૃ૦–લ્યો કહો. તમને કહેતાં થાક નહી ચઢે તો મને સાંભળતાં શો થાક ચઢવાનો છે ?

સુ૦–તું જાણે છે કે વાસના મારવાનું કામ રહેલું છે. પણ એના જેટલું વિકટ કામ કંઈ નથી. ઋષિ મુનિ અને બ્રહ્માદિક લોકે એનાથી પરાભવ પામી ભુલેા ખાધો છે.

કૃ૦—પણ એ તો તમે પુરુષોની વાત કરી. એ વાસના ગમે તેવી વિકટ હશે; છતાં જગતમાં સતીઓ કેટલી બધી થઈ ગઈ છે ? હું ધારું છું કે આ વાસનાને જીતવામાં પુરુષોના કરતાં સ્ત્રીઓ વધારે ફાવી હશે, તેથી જ્યારે પુરુષોમાં મ્હોટા મ્હોટાની ચુકો ગણાઈ છે ત્યારે સ્ત્રીઓમાં મ્હોટાં મ્હોટાંનું સતીપણું ગણાય છે.

સુન્દરને ભત્રીજીની બુદ્ધિ ઉપર વહાલ ઉપજ્યું ને બોલી.

" બેટા, તહારામાં અનુભવનું કામ સારવા ઈશ્વરે બુદ્ધિ આપી છે.
" સતીઓ વધારે થઈ છે તેના અર્થ તો બે થાય. એક તેં કહ્યો તે.
" અને બીજો એવો થાય કે પુરુષો ઘણું ખરું સારા હોય છે ને માત્ર
" ભુલેા કરનારા આંખે ચઢે છે, ત્યારે સ્ત્રીયો ઘણી ખરી નઠારી હોય
" છે ને તેમાંથી માત્ર થોડી સારી નીવડનારીઓ છે તેથી તેમનાં દૃષ્ટાંત
" લેવાય છે. આવો ચે અર્થ કરનાર કરે, ને પુરુષોની બોલીમાં ને
" પુસ્તકોમાં લોક આપણ સ્ત્રીયોને ગાળો દેતા આવ્યા છે કે સ્ત્રીયો
" જાતે નઠારી તેથી પુરુષ ફસાય છે. હવે ખરી વાત જોઈએ તો આમાં
" કંઈક સાચું છે ને કંઈક ખોટું છે."

કૃ૦—કેવી રીતે ?

સુ૦—વાસના તો ઈશ્વરે પુરુષ અને સ્ત્રી બેમાં મુકી છે. પણ સ્ત્રીની વાસનાને માથે કેટલાક અંકુશ ઈશ્વરે મુક્યા છે ને કેટલાક લોકે મુક્યા છે. સ્ત્રીને લજ્જાનું ભૂષણ છે તે જ એની વાસનાનો અંકુશ છે. જે સ્ત્રી લજ્જાવતી છે તેની વાસનાને બ્હાર ફુટી નીકળતાં મહાપ્રયત્ન પડે છે. માટે આ લજ્જાનું પોષણ કરવું. એમ જ સ્ત્રીને પોતાની જાતનું અભિમાન હોય છે અથવા પોતાના કુળનો વિચાર હોય છે તે સર્વ આ વાસનાના અંકુશ છે.

કૃ૦—ત્યારે શું સ્ત્રીયો આ અંકુશને વશ છે તેથી સારી છે અને તેનું પોતાનું જાતબળ નથી ?

સુ૦—છે. એ પણ છે અને અંકુશ પણ છે. સ્ત્રીના શરીરમાં બળ નથી, પણ હૃદયમાં એવું બળ છે કે દુષ્ટ પુરુષો સતીના સામું જોતાં કંપે છે. રાવણ જેવો સીતામાતાને હરી ગયો ખરો, પણ અશોક વનમાં બાર વર્ષ માજી રહ્યાં ત્યાં એ દુષ્ટ, તેમના દૃષ્ટિપાતથી ધ્રુજતો, આવીને જતો રહેતો, અને રામજીના સામી લ્હડવા છાતી ચલવી, પણ માજીના શરીરને અડકી શકયો નહી. બેટા, રામજીના કરતાં સીતાજીએ વધારે પરાક્રમ કર્યું અને સ્ત્રીજાતને માથે એમનો હાથ હોય ત્યાં સુધી પુરુષ જખ મારે છે. અને પુરુષો સારા અને પંડિત હોય, પણ જાતે વાસનાને રોકી શકતા નથી ત્યારે સામી સ્ત્રી પોતાનું બળ બતાવી પુરુષને સારે રસ્તે ટકવા દેઈ શકે એમ હોય છે. પુરુષ અને સ્ત્રી બે સારાં હોવા છતાં બે જણને વાસના ઉત્પન્ન થાય તેવે કાળે જો સ્ત્રી ધારે તો તેને બળે બે જણ શુદ્ધ રહી શકે અને વાસના નિષ્ફળ થાય. એવું છતાં સ્ત્રી પોતાનું બળ આવી સારી રીતે વાપરવાને ઠેકાણે પુરુષને લલચાવવા બેસે તો પુરુષનું ગજું નથી કે વાસનાને રોકી શકે. પુરુષની લલચાવી સ્ત્રી ન લલચાય, પણ સ્ત્રીનો લલચાવ્યો પુરુષ ટકી શકે એમ ન ધારવું. આવી જાતનું પોતાનું છતું બળ સ્ત્રીયો ન બજાવે ત્યારે સાધુ પુરુષો એમને ગાળો દે તે તેમનો વાંક નહી.

કુ૦—ત્યારે મને લાગે છે કે એક પુરુષ અનેક જીવતી સ્ત્રીયો કરે અને સ્ત્રી વિધવા થયા પછી પણ તમારી પેઠે—જાઓ, નહી કહું. પણ આપણા લોકમાં આવા ચાલ છે તેનું કારણ એ જ હશે કે પોતાની અને પુરુષની વાસના રોકવામાં બધી બાજી સ્ત્રીના હાથમાં છે—

સુ૦—વાહ, દીકરી, જીવતી રહેજે. અને એટલા માટે જ આપણે પુરુષના વાદ નહી. એટલા માટે જ શાસ્ત્રમાં આપણે માથે મર્યાદાઓ મુકી છે.

કુ૦— સુધારાવાળા એમ કહે છે કે પુરુષ બળવાન છે ને સ્ત્રી અબળા છે તેથી પુરુષોએ શાસ્ત્રો કરી સ્ત્રીઓના સુખની મર્યાદાઓ બાંધી અને પોતે સ્વતંત્ર રહ્યા.

સુ૦—ના બેટા, એ સુધારાવાળા પુરુષો ઝીણવટ સમજતા નથી. બાળા મ્હોટાની સાથે લ્હડવા માંડે ત્યારે બાળકની પેઠે અમર્યાદ ન થતાં બાળકનું રક્ષણ કરી તેને કઠેકાણે વાગી બેસે નહી એમ લાપટઝાપટ કરી બાળકને વશ કરવું એ મ્હોટાનો ધર્મ. નિર્બળ અને બળવાન, સમજુ અને અણસમજુ એવાંઓના પરસ્પર વ્યવહારમાં બળવાન અને સમજુને માથે મર્યાદા અને ધર્મ હોય છે. સંસારની વાસનાઓને અંગે સ્ત્રી પુરુષ કરતાં વધારે

બળવાળી છે અને સ્ત્રી બળ કરી વાસના રોકી શકે છે માટે શાસ્ત્રે બાંધેલી મર્યાદાઓ પાળવી એ સ્ત્રીના બળનો ધર્મ છે.

કુ૦—જ્યારે એમ સ્ત્રીયોમાં બળ છે ત્યારે મને પરણવાનું કેમ કહો છો?

સુ૦—બધી સ્ત્રીયો બળવાળી નથી હોતી.

કુ૦—તે બળવાળી ન હોય તો પરણે અને બળવાળી ન પરણે. આનો ઉત્તર સુન્દરને બરોબર સુઝ્યો નહી. તો પણ વિચાર કરતી કરતી બોલી.

" જો, બળવાળી પોતાના બળને લીધે ન પરણે તો બળવગરની
" બીજી લાલચોથી ન પરણે. એકજણ ચાલ પાડે તો બધે ઠેકાણે ચાલ
" પડે, માટે શાસ્ત્રવાળાઓ ઘણો વિચાર કરી પાળ બાંધી તેને પાણી
" ઓળંગી શકે નહી. બેટા, આપણાં પ્રારબ્ધ આપણાં હાથમાં નથી
" પણ અનુભવી લોક અને ત્રિકાળ જ્ઞાની ઋષિ મુનિયો આપણાં પ્રારબ્ધ
" બાંધી ગયા છે તેમાં સર્વલોકનું અને આપણું કલ્યાણ જ રહેલું છે.
" તેમણે મ્હારે માટે આવું પ્રારબ્ધ બાંધ્યું અને તહારે માટે પરણવાનું
" પ્રારબ્ધ બાંધ્યું તેમાં મહારાજ મણિરાજ પણ ફેર કરી શકે એમ
" નથી; તો તહારા પિતાજી ભણીની તો આશા તહારે મુકવી જ!"

કુ૦— વારુ, એ તો બધું ઠીક. પણ ધારો કે આરબ્બઓ, બાવીઓ, અને મડમો કુમારી રહે છે તેમ હું પણ રહું તો મને પોતાને શી હાનિ?

સુ૦— તું આજ ધારે છે કે તહારામાં વાસના રોકવાનું બળ છે, પણ તે હમેશ તેમજ રહેશે એમ ન ધારવું.

કુ૦—પછી?

સુ૦ —પુરુષને માયાની બ્હીક, પણ સ્ત્રીને માયા અને કાયા બેની બ્હીક,— જ્યાં જાય ત્યાં બ્હીક. ડગલે ડગલે ને પળે પળે ને વસ્તીમાં તેમ એકાંતમાં પણ એ બ્હીકે.

કુ૦— પછી?

સુ૦— શરીરની રચના ઈશ્વરે એવી કરી છે કે પુરુષ ગમે તેટલી ભુલો કરે તે જગત જાણે નહી; પણ સ્ત્રીની એક ભુલથી એવું થવા વારો આવે કે તેનું શરીર જ તેની અધોગતિ પ્રસિદ્ધ કરે અને તેની મુક્તિ ગમે તો બાળહત્યાથી કે ગમે તો નાત જાત અને લાજનો ત્યાગ કર્યાથી જ થાય. કુસુમ, સંસારનાં જરીક સરખા પણ લ્હાવાની અનુભવીયણ વિધવાને પ્રારબ્ધનો સંતાપ રહી શકે પણ સંસારનું

સ્વપ્ન પણ જેણે દીઠું નથી એવી કુમારિકાને આ સંતોષ શી રીતે વળવાનો હતો અને આ પપળામણમાંથી તે શી રીતે તરવાની હતી ?

કુ૦—પછી ?

સુ૦— તું હાલ સમર્થ માતાપિતાની છાયામાં રૂહે છે અને ત્હાડ-તડકો જાણતી નથી. પણ ત્હારાથી જાતે કમાવા જવાવાનું નથી, ધડપણ મંદવાડ, અને મરણ સઉને માથે ભમે છે, તો માબાપની એકડી કરેલી લક્ષ્મીનો વિશ્વાસ નથી. ત્હારાં માતાપિતાની જે સ્થિતિ આજ છે તે નિત્ય રૂહેવાની નથી, અને તેમના દેહ નહી હોય ત્યારે તું અશરણ થઈ સંસારમાં એકલી પડીશ, ત્હારી દાઝ દયા જાણનાર કોઈ રૂહેવાનું નથી, અને તું કાકીના બોલ સંભારીશ ને રોઈશ— પણ ત્હારાં આસું-લ્હોનાર અંગનું માણસ તને મળવાનું નથી.

કુ૦— પછી ?

સુ૦— પરણેલી રાંડે તેને પીયર ને સાસરુ બે છે. મ્હારાં ભાઈ ભોજાઈને મ્હારું મ્હોં ગમ્યું નહી અને મને ભુખી તરસી ઘરમ્હાર કૂહાડી ત્યારે પરણી હતી તો મ્હારે આટલાં મ્હાની ભાભી હતાં તેને મ્હારી દયા આવી ! ગુણસુંદરી હતાં તો સુન્દર આજ જીવે છે. કોઈ ઠેકાણે દરબારની બ્હીકે તો કોઈ ઠેકાણે લોકલાજથી, કોઈ ઠેકાણે લોકલા-જથી તો કોઈ ઠેકાણે ગયા સ્વામીના સ્મરણથી, કોઈ ઠેકાણે તેથી તો કોઈ ઠેકાણે કુટુમ્બભાવથી કે દયાથી, મ્હારા જેવી અનેક રાંડીરાંડો સાસરી-યામાં સમાસ પામે છે, અને એક ઠેકાણે ભોજાઈને જેનું મ્હોં ગમતું નથી તેનું મ્હોં સાસરાની દેરાણી જેઠાણી કે દીયર જેઠ જુવે છે અને બીજે ઠેકાણે સાસરીયાંને દયા ન આવે તો ભાઈ બ્હેનને સંગ્રહે છે. કુસુમ, વગર પરણેલી કુમારિકા ભાઈને પણ ભારે પડે અને ભાઈ કૂહેશે કે પરણવાનું હાથમાં છતાં પરણતી નથી ને મ્હારે માથે પાંચશેરીયો થઈ બેઠી ! તને બબર છે કે ગરીબ પીયરમાં પરણેલી દીકરી સાસરે જતાં વાર લગાડે તો ગાળો બાય છે, તો જન્મારા સુધી માથે પડ્યા જેવી બ્હેન કોણ ભાઈને ગમવાની હતી ? ત્હારે ભાઈ આવશે, ને તું સાસરેથી ચાર દિવસની મ્હેમાન થઈ પીયર આવીશ તો ભાઈ ત્હારો સત્કાર કરશે. પણ કુમારી રહી તો ભાઈ ત્હારો ભાર વેઠી શકશે નહી અને તેને ત્હારું મ્હોં પણ નહી ગમે. હું વિધવાને સુખ છે તે પણ તું કુમારી રહીશ તો તને નહી મળે !

કુ૦—પછી ?

સુ૦—શું–પછી–પછી–કર્યા કરે છે ? મેં આટલું કહ્યું તેનો કંઈક ઉત્તર તો દે ? અમે કુતરાં તે ભસ ભસ કરીયે ને મોંધીળા મ્હારાં બોલ ન બોલે.

કુ૦—કાકી, ક્રોધે ન ભરાશો. તમે અનુભવની વાતો કહી. તેનો હું ધીમે ધીમે વિચાર કરીશ ને કંઈ માર્ગ કઢાડીશ.

સુ૦—શાના માર્ગ કઢાડવાની હતી જે? ભાઈબાપા કર્યે નહી માને તો હાથ પગ બાંધીને મનાવવું પડશે.

કુ૦—તે હાથપગ બાંધજો ને માથું યે મરડી નાંખજો. એમાં કાંઈ લેવા જવું છે ? બાકી વિચાર કરવા જેવું હોય ત્યારે તરત ઉત્તર ન યે દેવાય.


સુ૦—ન દઈશ, બાપુ, ન દઈશ. હું જાણું જ છું તો કે કુમુદ રાંક હતી તેણે મરીને તમારી માને દુઃખ દીધું અને તું કુમારી રેહોને દેવાની છે. જુવાનીમાં જેને સાસુ નણંદે જંપી બેસવા ન દીધાં તેને આજ દીકરીયો શી રીતે જંપવા દે ?

કુ૦—તે, કાકી, એ વાત નહી થાય. ગુણીયલનું કહ્યું કરવાની મેં ના કહી નથી. મ્હારા વિચાર વાળવાની વાત હતી—તે વિચાર તમારાથી ચળે તો વાળો. મ્હારા વિચાર વાળ્યા વગર મ્હારી મરજી ઉપરાંત કંઈ કરવું હશે ને કરશો તો હું એટલી શ્રદ્ધા રાખીશ કે મ્હારાં છત્રરૂપ છો ને અનુભવી છો તે જે કરશો તે સારું જ હશે. બાકી મ્હારા વિચાર તો જે હોય તે. તે ઉપર મ્હારું જોર નહી.

આટલું બોલે છે ત્યાં આશપાસ કોઈના પગનો ધસારો થયો. તેની સાથે આ વાતો બંધ પડી અને બે જણ ધસારાની દિશામાં જવા ઉઠ્યાં.

પ્રકરણ ૮.

ફુલોરા અને કુસુમ.



જકીય નીતિ જ્યાં જ્યાં ઉદાર, દીર્ઘદૃષ્ટિવાળી, અને કાર્યગ્રાહી થઈ છે ત્યાં ત્યાં ભિન્ન રાજ્યોના રાજપુરુષોના પરસ્પરસંબંધ ગાઢ થયા છે. બે રાજ્યના રાજ્યો મિત્ર હોય તો પરસ્પરનાં લાભનું આસ્વાદન કરવા માટે, અને શત્રુ હોય તો પરસ્પરનાં છિદ્રસ્થાન અને મર્મસ્થાન સુંઘી કઢાડવાને માટે એ રાજાઓ દૂર હોવા છતાં સમીપ જવાના ચિત્રમાર્ગ શોધે છે અને રચે છે. અકબર મહારાજાના કાળમાં રજપુતોને મિત્રો કરવામાં આવ્યા હતા અને રજપુતાણીઓને બાદશાહી

જનાનામાં લેવામાં આવી હતી. આજના કાળમાં આ મંત્ર ઇંગ્રેજો સાધતા નથી તેનાં અનેક કારણ છે, પણ જે દેશી રાજાઓ જાતે અથવા પોતાના રાજપુરુષોદ્વારા ઇંગ્રેજ અધિકારીઓમાં ભોજનાદિ વ્યવહારમાં ભળે છે તેને આ મંત્રસાધનાનો કંઇક અનુભવ થાય છે. ચતુર્વર્ણમાં અને ચતુર્વર્ણ બ્હાર રજપુતોને ઇદંવ્યવહાર ચલવવા શાસ્ત્રથી અને લોકાચારથી સ્વતંત્રતા મળેલી છે તે આ મંત્રસાધનાને અનુકૂળતા આપવાનેજ માટે છે. ભોજન-કાળે અને વિનોદ-વિહારને સ્થાને ઇંગ્રેજોનાં હૃદય ઉઘડે છે એવાં અન્યત્ર ઉઘડતાં નથી. તેમના ધર્મગુરુઓ અને તેમની સ્ત્રીઓ અન્ય પ્રજાઓને તેમનાં હૃદયમાં અવકાશ અપાવી શકે છે એવો અવકાશ અન્ય નિમિત્તોથી ક્વચિતજ મળે છે. આવા અવકાશ મેળવવાને કમલાવતી રાણીને કોઈ ઇંગ્રેજ સ્ત્રીનો પ્રસંગ કરી આપવો એવો સંકલ્પ મલ્લરાજે ઉત્તર કાળમાં યુવરાજ પાસે કરાવ્યો હતો.

મણિરાજ રાજ્યપતિ થયા પછી પિતાનો સંકલ્પ એને અન્ય કારણોથી પણ ઇષ્ટ થયો. શાસ્ત્ર પ્રમાણે આર્ય ક્ષત્રિયોને જેમ ભોજનાદિ ગમે ત્યાંથી ગ્રાહ્ય છે તેમ આર્ય બ્રાહ્મણોને વિદ્યા ગમે ત્યાંથી ગ્રાહ્ય છે. ક્ષત્રિયો રાજ-વિદ્યાના વિષયમાં એ વિદ્યાના બ્રાહ્મણ છે અને ઇંગ્રેજી વિદ્યા આજ રાજ-વિદ્યા છે તો વિદ્યારૂપે તે રાજભવનમાં પૂજ્ય છે. આજ કાલના રાજાઓના રાજવ્યવહારમાં કુલાચારને નામે અનેક અનાચાર ચાલે છે અને રાજકુમારો અને રાજસેવકોના રાજકાર્યમાં અનેક રીતે પ્રતિબન્ધરૂપ થાય છે. મલ્લ-રાજના કુળાચારનું એક સૂત્ર એ હતું કે "યુગે યુગે યુગાચાર." પોતાના રાજભવનમાં આ સૂત્રના વિરોધી કુળાચાર પ્રવેશ પામે નહી અને પર-રાજ્યોના જેવા ગંહાઈ ગયેલા અદીર્ઘદર્શક અને પ્રતિબન્ધરૂપ કુળાચાર પોતાના કુળને ભ્રષ્ટ કરે નહી એવા હેતુથી રત્નનગરીના રાજભવનમાં સંસ્કૃત વિદ્યા સ્ફુરવા દેવામાં આવી હતી તે જ ન્યાયે ઇંગ્રેજી વિદ્યાને પણ માર્ગ આપવો એવો મણિરાજનો સંકલ્પ થયો અને વિદ્યાચતુરે તેનું અભિનન્દન કર્યું. આ યોજના પાર પાડવાને માટે ઇંગ્લેંડથી મ્રેવ સાહેબની વિધવા દ્વારા કોઈ ઉચ્ચ કુળની ઉચ્ચ શીલવાળી પંડિત સ્ત્રી શોધતાં મિસ્ ફ્લોરા નામની પચીશ વર્ષની કુમારિકા મળી આવી. તેને વર્ષેક દિવસથી કમ-લાવતી રાણીના શિક્ષણકાર્યમાં યોજી હતી, અને પતિવ્રતા રાણી પતિની આજ્ઞા ઉત્સાહથી સ્વીકારી અધિકારપદવી ભુલી જઈ શિષ્યા થઈ શિષ્ય-ધર્મ પાળતી હતી.

કુમુદસુંદરીના શોકમાં ગુણસુંદરી ગ્રસ્ત થવાથી કુસમના મન-ઉદ્યાનનું જલસેચન મન્દ પડ્યું હતું. કમલારાણીએ આવતાં જતાં તે જોયું અને

પતિની આજ્ઞા લેઈ ફ્લોરાને કુસમ પાસે મોકલવા માંડી. ઈંગ્રેજ કુમારી કલાઓમાં નિષ્પન્ન* હતી તો કુસુમ તે કલાઓની જિજ્ઞાસુ હતી. ફ્લોરા દેશી વ્યવહારની જિજ્ઞાસુ હતી તો કુસુમ ઈંગ્રેજ સ્ત્રીઓના સુધડ સંસ્કારોની રસીયણ હતી. ફ્લોરાને દેશી સ્ત્રીઓની બુદ્ધિમાં અને ગૃહનીતીમાં કંઈ ગ્રાહ્ય લાગતું તો ઈંગ્રેજ સંસારમાં શું ગ્રાહ્ય છે અને દેશી સંસારને તે કેટલું અનુકૂલ કે પ્રતિકૂલ છે તે શોધવાનો કુસુમને અભિલાષ હતો. પરસ્પર અપેક્ષાઓ અને વાસનાઓ પૂરવાના આવા યોગથી ફ્લોરા અને કુસુમના વાર્તાવિનોદ રસભર થવા માંડ્યા.

કુસુમને બેસવાના બંડમાં જવાની નીસરણી ઉપર ચહડતાં ચહડતાં એક પાસની ભીંતમાંની બારીમાંથી કુસુમને પોતાની પાસે આવવા દોડતી ફ્લોરાએ જોઈ. એ આવી પ્હોચતા સુધી પોતે ત્યાંજ ઉભી રહી. એ આવી એટલે આંગળીએ વળગી બે જણ ઉપર ચહડ્યાં. વાતો ગુજરાતીમાં ચાલી; ફ્લોરા ગુજરાતી સમજવા બોલવા પ્રયત્ન કરતી હતી અને ગુંચવારો પડતાં સ્મિત કરતી હતી.

ફ્લો૦—"મિસ કુસુમ—બ...હે...ન કુસુમ—કુસુમ બ...હે...ન."

કુ૦—"બ...હે...ન નહી, બ્હેન."

ફ્લો૦—"બરોબર. લખવા અને વાંચવામાં ત...મા...રી—ભા... ષા...ફેર રાખે છે. "કુસુમ બ્હેન! બરોબર?"

કુ૦—"બરોબર! ફ્લોરા બ્હેન! મ્હારા તમારા નામનો અર્થ એક ૪ છે."

લો૦—"યેસ્! હા. તમે કુસુમ—હું કુસુમ. તમે..કુમારી..હું "કુમારી."

વાત કરતાં કરતાં બે જણ ઉપર આવ્યાં. એક અનેકાસન* ઉપર બેઠાં.

કુસુમે ફ્લોરાને એક ચીનાઈ પંખો આપ્યો; તેના પવનથી પરસેવો શાંત કરતી ફ્લોરા પુછવા લાગી."

"આનું નામ શું?"

"વીજણો?"

"તમારી સાથે કોણ હતું?"

---

* Accomplished.

* અનેક મનુષ્યને બેસવાનું આસન, કોચ.

"મ્હારાં કાકી સુન્દર. તેમને બોલાવું ?"

"હા. ખુશીથી."

સુન્દરને કુસુમ બોલાવી આવી. સઉ બેઠાં. ફ્લોરા બોલી "આ. વો..જી. ખુશી છો ?"

સુન્દર—"હા. કુસુમ તમારાં બહુ વખાણ કરે છે."

ફ્લો૦—"એમની.. મ્હારા..ઉપર..માયા-છે."

સુ૦—"કુસુમ, મડમ સાહેબ કુમુદ જેવું મધુર અને ઝીણું બોલે છે."

કુ૦—"હા. પણ એમને મડમ સાહેબને ઠેકાણે ફ્લોરા બ્હેન કહેવાનું ગમે છે—ફ્લોરા એટલે ફુલ, અને કુસુમ એટલે પણ ફુલ. અને બે જણ કુમારાં."

સુ૦—"વારું, ફ્લોરા બ્હેન તમે કુમારાં ક્યાં સુધી રૂહેશો ? કુસુમને તો હવે પરણવું પડશે."

ફ્લો૦—સુન્દરકાકી, -અમે, તો બાળક છીએ ને તમે મ..હોટાં. મ્હોટાં છો. પરણવું હોય તે પરણે. ન પરણવું હોય તે ન પરણે. સઉ ગમવા, "ન ગમવાની વાત. કુસુમબ-હેન-ન-કુસુમબ્હેન-ને ગમે તો પરણે. મને ન "ગમે તો ન પરણું."

"સુ૦—"પણ તમે એને પરણવાની શીખામણ આપો. એની મા "બહુ ચિંતા કરે છે."

ફ્લો૦—"એમની કેળવણી પુરી થાય અને એમને પ્રીતિ થાય સારે 'પરણે."

કુ૦—"કાકી, એ તો અવળે ઠેકાણેથી મદદ માગી. એમના આચાર-"વિચાર આપણાથી જુદા; ત્યાં તમે ન ફાવો. પણ ચાલો હું, તમને "સંતોષ અપાવું. 'ફ્લોરા બ્હેન, તમારે ત્યાં સ્ત્રીનું મન પ્રીતિથી દૂર "કયાર સુધી રૂહે છે ?"

ફ્લો૦—"પ્રીતિની સૃષ્ટિ ઈશ્વરના હાથમાં છે."

કુ૦—"પણ સ્ત્રી ધારે તો કુમારિકા થઈ શુદ્ધ રહી શકે કે નહી ?"

ફ્લો૦—"અલબત રહી શકે. જેને ઉદ્યોગ છે અને.. ઈશ્વરનું ભય છે.. "તેને ઈશ્વર.. મદદ આપે.. છેજ."

સુ૦—"પણ વીલાયતમાં સ્ત્રીયો તમારા જેવા ઉદ્યોગ કરી શકે છે. "અમારા દેશમાં તેમ નથી."

ફ્લો૦—"યેસ્.. એ ફેક્ટ—એ વાત ખરી. પ..ણ.. પ્રધાનજી દ્રવ્ય-"વાનૂ છે. બળથી પુત્રીને પરણાવવી એ અમારા લોક પાપ ગણે છે.

" અમારા.. ચાલ-. પ્રમાણે પરણવાનાં વર્ષ પણ કુસુમબ્હેનને થયાં નથી."

સુ૦—" બાપનું દ્રવ્ય દીકરીને નકામું. વળી દીકરી પરણાવ્યાથી પાપ
" નથી ને ન પરણાવવી તેમાં પાપ છે. બાકી કન્યાદાન જેવું માબાપને
" બીજું પુણ્ય નથી. કન્યાદાન દેવું એ કાંઈ બળાત્કાર નથી. કન્યાદાન
" કન્યાના કલ્યાણ માટે છે ને બાળકનું કલ્યાણ માબાપ ઇચ્છે તેમાં
" બળાત્કાર ન કહેવાય."

ઈંગ્રેજ કન્યાથી આ ભાષણ સમજાયું નહી. કુસુમ તે સમજી અને બીજી વાત કહાડવા પ્રયત્ન આરંભ્યો.

" કહો, કાકી, મરજી હોય તો મ્હારો અભ્યાસ આરંભીયે. પણ તે ઈંગ્રેજીમાં થવાનો એટલો તમારે વાંધો."

" ના બ્હેન. તું ભણ અને હું બેઠી બેઠી જોઇશ કે ઇંગ્રેજી કેમ બોલો છો."

બે કુમારિકાઓએ એક ઈંગ્રેજી પુસ્તકનું પ્રકરણ આરંભ્યું. તેમાં એક વાક્ય એવું આવ્યું કે " He continued a lover, though they were married at least five years back." કુસુમથી આનો વસ્તુ-અર્થ સમજાયો નહીં. કુલોરા તે ઇંગ્રેજીમાં જ સમજાવવા લાગી.

" જ્યાં સુધી પુરુષ અપરિણીત હોય છે ત્યાં સુધી તેને સ્ત્રી ઉપર
" મોહ જુદો રહે છે. એ કાળની પ્રીતિમાં નવીનતા છે. નવીનતા પુરી
" થાય અને લગ્ન થાય તે પછી કાળક્રમે મોહ જાતે જ બંધ થાય
" છે એવો નિયમ છે. એ નિયમમાં અપવાદ હોય તેની નવીનતા."

કુ૦—" પારસી નાટકમાં એક દિવસ ગાયન હતું તે આવાજ
" અર્થનું હતું.

" ગુલ,—પ્રીત કરવી છે સહેલ ધણી પણ નીભાવ બહુ મુશ્કેલ. "

કુલે૦—એમજ.

કુ૦—ત્યારે જે દેશમાં પ્રીતિના કારણથી અને સ્વતંત્રતાથી સ્ત્રીપુરુષો જાતે લગ્ન કરે છે તેનો મોહ આટલોજ?

કુલે૦—એમજ.

કુ૦—તે પછીનો પ્રેમ કેવો હોય છે?

કુલે૦—લગ્ન પછી દમ્પતીને પરસ્પરગુણદોષનો પરિચય થાય છે, તેને અંતે ઉભયનો ગુણસંવાદ નીકળે ત્યાં મિત્રતા થાય છે અને બાકીનો વર્ગ સુખે દુઃખે કે સંતોષથી જીવનનો નિર્વાહ કરે છે અથવા. લહે છે.

—છેલ્લો પરિણામ આવે તો અબળા જાતિને જ સહેવું પડતું હશે?

૮૦—હા...સ્તો.

—ત્યારે અમારા તમારા લોકના આચારોના આરંભમાં ફેર છે! પરખુંજ છે.

૮૦—જે હોય તે એ જ, ખરી વાત આ જ છે.

—ત્યારે પુરુષ લગ્ન થતા સુધી રમણ (Lover) હોય છે અને પછી સ્વામી થાય છે.

૮૦—એમજ.

—રાજકવિ ટેનિસનનાં "રાજકુમારી" કાવ્યનો અર્થ આ કુંચીથી શે?

૮૦—શું તમે એ કાવ્ય વાંચ્યું છે?

—મ્હારી મ્હેનના વિવાહિત પતિ સરસ્વતીચંદ્રે એ પુસ્તકના કેટલાક મ્હેન પાસે વાંચ્યા અને સમજાવ્યા હતા ત્યારે હું હતી.

૮૦—માં કુસુમના મ્હોંમાં સરસ્વતીચંદ્રનું નામ સાંભળી સુન્દર ચમકી. તો ન સમજાયું પણ તર્ક કરવા લાગી.

૮૦—ટેનિસનનું બીજું કોઈ કાવ્ય તમે વાંચ્યું છે?

—વાંચ્યું છે પણ થોડુંક જ સમજાયું છે. કવચિત્ પિતાજી સમજાવે, મ્હારાં માતા સમજાવે, કવચિત્ જાતે વાંચું, અને બાકીનું એમનું રહે. તમને અવકાશ મળે ને સમજાવશો તો ઘણી ઉપકૃત થઈશ.

૮૦—એ સમજાવતાં મને બહુ આનંદ થશે. પણ તમને કોઈ ભાગ ગ્રે હોય તો બોલો જોઈએ.

—સાંભળો, "ઈન મેમોરિયમ" માંથી બોલું છું.

" દીઠો મ્હેં સુખભર એ તો દિન!
" હું તેના ગાનમાં બનું લીન!
" સમજું બધું સત્ય એ શું હું આ જ?
" હતો ન અખંડ એ સુખસાજ;
" હતો ન પ્રમોદ એ સંપૂર્ણ!
" સમજવામાં રહ્યું ઘણું ન્યૂન.
" સુખદિનસરિતાના મૂળ પાસ,
" સુધાજળ જ્યાં ઝરે છે ત્યાંજ,
" તરે કાળા તિમિર મઝ..ર,

" શરીર પુચ્છ ઝાપટે જળપર!
" અને બીહામણું એ નીર,
" તરે યમના જ જ્યાં એ વીર!"

ફ્લે।૦—ઉપકાર થયો. મ્હારી મધુર કુસુમ! તું જે કૂહેશે તે હું તને શીખવીશ. એટલું જ નહી પણ આવી સુન્દર શિષ્યાને અન્ય વસ્તુ પણ શીખવીશ—તે શીખશો?

કુ૦—તમે શીખવવાની કૃપા કરશો ત્યારે અવશ્ય શીખીશ.

ફ્લે।૦—પણ તમારા હીંદુસંસારના આચારમાં તેનો સમાસ થયો નહી હોય તો?

કુ૦—એ પ્રશ્નનો ઉત્તર મ્હારાં માતાપિતા પાસેથી લેજો. મ્હારાં પ્રારબ્ધ તેમની આજ્ઞાને વશ છે અને તેમની આજ્ઞાની યોગ્યતા ઉપર મને સંપૂર્ણ શ્રદ્ધા છે.

આ વાર્તા ચાલે છે એટલામાં માણસ સાથે વિદ્યાચતુરનો નામપત્ર—"કાર્ડ"—આવ્યો. તેને ફ્લોરાની અનુમતિ મળતાં વિદ્યાચતુરે પ્રવેશ કર્યો. સર્વ ઉભાં થયાં અને ગુજરાતીમાં વાર્તા ચાલી.

ફ્લે।૦—અંદર આવો.....જી. મિસ્ કુસુમનાં શિક્ષણનો વિષય અમે ચર્ચીએ છીએ.

વિ૦—તેનો પરિણામ શો આવ્યો!

ફ્લે।૦—તેમની બુદ્ધિ પરિણામ પામી છે. Mr. Pradhànji it will be a privilege to have to teach so very precocious a pupil. I also shall have to learn something from her. My sweet Kusum, will you teach me how to translate the word "precocity" into your Vernacular

કુસુમ નીચું જોઈ રહ્યો.

ફ્લોં૦—જુ..વો. પિતા પાસે bashful..bashful..શરમાળ..થઈ ગયાં!

ફ્લોંરાએ કુસુમને ગળે હાથ નાંખ્યો અને એના હાથને ચુમ્બન કર સુન્દર ચમકી, પણ ફ્લોરાએ તે જાણ્યું નહી.

ફ્લોં૦—Mr. Pradhànji, what if I teach your swe child some of *our* accomplishments?—Say, introdu her to the piano, teach her some singing, some pair

ing and so on? Just turn her into an artist and make her life sweeter?

વિ૦—Does Kusum like them?

કુલીં૦—She has no likes or dislikes. She leaves all to her father with the boundless confidence of a child.

વિ૦—Well, considering her social surroundings, it is not possible to say that these otherwise good things will also prove her blessings.

કુલીં૦—How?

વિ૦—You perhaps know that she is bound to marry, and we don't know whether her unknown husband and his people will relish these things.

કુલીં૦—Why should she be bound to marry? She has a mind to remain as single as I am? You mean *you* will be cruel to her and force her to marry—Such a sweet bird to be forced into marriage? No, no, my good sir, I swear you shan't do anything of that kind!

વિ૦—My good lady, you first get your point solved by her and her mother; and then we shall see. વિદ્યા-ચતુર હસતો હસતો બોલ્યો.

વાતો કરતાં કરતાં સર્વ દાદર ઉતર્યાં. ફૂલોંરા ગાડીમાં બેસી ઘેર ગઈ. વિદ્યાચતુર ન્હાવા ગયો. સુન્દરે કુસુમનો હાથ ઝાલી રાખી છેટે ધર્યો, અને ચાલતી ચાલતી બોલી. "મેર મોઈ, તહારે હાથે એના ઓહ અડક્યા "તે હાથ અજીહા થયા—ધોઈ નાંખજે. એ ઓઠે શું નહી અડક્યું હોય? "આજ હાથ વટલાયા, કાલ મ્હોં વટલાવજે, ને પછી એના ઉપદેશથી "કાળજું વટલાવજે!"

વિચારમાં પડેલી કુસમે ઉત્તર ન દીધો.

માત્ર ઓઠપર આંગળી મુકી ગણગણતી ચાલી. એકાંત શોધતી ચાલી અને ગણગણતી ગઈ. પાસે ઉભેલી કાકીને ન દેખતી ગણગણતી ગઈ. ગુણસુંદરીને શાંત પાડવા એક સંન્યાસીએ કહેલા શ્લોક સ્મરણમાં સ્ફુરી આવ્યા.

૧ "पुत्रामित्रकलत्रेषु सक्ताः सीदन्ति मानवाः ।
"सरःपङ्कार्णवे मग्ना जीर्णा वनगजा इव ॥

"પરણે તે પડે ને બાળક તો કુમારી પણ પડે. તેનું કોઈ સ્વજન
"નથી. તેને તો સ્વજનની આશા પણ નિરાશા—ગુણીયલનો શોક
"ઓછો કરવા સ્વામીજી કાલ કહેતા હતા તે આજ સમજાયું કે—
"સ્વજન કોઈ સુખ આપનાર નથી !

૨ "मन्ये मायेयमज्ञानं यत्सुखं स्वजनादपि ।
"निदाघवारणायालं निजच्छाया न कस्यचित् ॥

"શું પરણ્યા વિના નહીજ ચાલે ? તર્જની ઉંચી કરી ઓઠે મુકી.
"શાસ્ત્રમાં સંબંધમાત્રને દુઃખકર ગણ્યો છે તે કાલ જ સાંભળ્યું!"
છાતીપર હાથ મુકી દૃષ્ટિ મીંચી.

૩ "यावतः कुरुते जन्तुः सम्बधान् मनसः प्रियान् ।
"तावन्तोऽस्य निखन्यन्ते हृदये शोकशङ्कवः ॥"

આંખ ઉઘાડી હાથેલીની બેવડ કેડે મુકી. તેને કહેતી હોય તેમ
જોઈ રહી. "બ્હેન! તું ગઈ તે સુખી થઈ! હું રહી તે દુઃખી થઈ.
"સ્વામીજી બોધ કરે છે, માતા સાંભળે છે, ને પિતા જનણે છે! છતાં કુસુ-
"મને તો તે સર્વ ન જેવુંજ છે ને દીવો લેઈનેકુવામાં પડવાનું છે!

"સ્વામીજીએ બરોબરજ કહ્યું કે.

૪ "एक एव चरेन्नित्यम्
"कन्याया इव कङ्कणम् ॥

"હું સ્વામીજીને પગે પડી મનનું માગ્યું બ્હોંયે માગું તો નહી મળે ?

---

૧. સરોવરના પંકસાગરમાં જીર્ણ વનગજ સરી જાય એમ પુત્ર, મિત્ર અને સ્ત્રીમાં સક્ત થયલાં માનવીઓ તેમાં ફસી પડે છે.

૨. એમ જાણું છું કે, જે આ સ્વજનનું સુખ કહેવાય છે તે પણ આ માયા છે, અજ્ઞાન છે. જેમ ગ્રીષ્મનો તાપ ખાળવાને પોતાની છાયા બસ નથી થતી તેવુંજ આ સુખ પણ તે છાયા જેવું છે.

૩. પોતાના મનગમતા જેટલાં સંબંધ જન્તુ રચે છે એટલા શોકશંકુ એના હૃદયમાં ખણાય છે.

૪. કન્યાના કંકાસ પેઠે એકલાં એક જ ચરવું.

" સ્વામીજીએ જ કલ્યાણનું સ્થાન બતાવ્યું ને તે મને ગમ્યું છેઃ—

૧ " कुरङ्गाः कल्याणं प्रतिविटपमारोग्यमटवि
" स्रवन्ति क्षेमं ते पुलिन कुशलं भद्रमुपलाः ।
" निशान्तादस्त्यन्तात्कथमपि विनिष्क्रान्तमधुना
" मनोऽस्माकं दीर्घामभिलषति युष्मत्परिचितिम् ॥

" એ..આવા..આવા શ્લોક રાતદિવસ સાંભળ્યાં કરીયે, વાંચ્યાં કરીયે, " ને એવાંજ સ્થાનમાં રહીયે તો પછી બાકી શું જોઈએ? પણ ગાય " ને દીકરી તે વળાવે ત્યાં જાય! શું પિતાજી મ્હારો અભિલાષ પુરો નહી " પાડે? શું આ મ્હોટા ખાડામાં હું પડવાને જ સરજી છું?

વિચાર કરતી કરતી ચાલી. પોતાના ઘંડ આગળ આવી ને વિચારમાં ને વિચારમાં કમાડ સાથે માથું પછડાયું, તહોયે તે ચમકી નહી. ત્યાં ઉભી ઉભી જાગી હોય તેમ બોલવા લાગી.

" હાં હાં! જરૂર મારે છે. પિતાજી ગમે તે કરે પણ વર મળશે " ત્યારે પરણાવશે કની? સરસ્વતીચંદ્ર જડવાના જ નથી ને બીજો " વર મળવાનો જ નથી. પિતા મ્હારા સામું નહી જુવે પણ અનાથનો " બેલી ઈશ્વર કહ્યો છે તે યે શું મ્હારા સામું નહી જુવે?"

નવી આશાના ઉમંગથી સ્વસ્થ થયલી બાળકી કમાડ ઉઘાડી અંદર પેઠી અને કમાડ વાસી દીધાં.

સુન્દર સઉ સાંભળતી પાછળ પાછળ ચાલતી હતી તે ઉભી રહી અને છાતીએ હાથ કુટી બોલી ઉઠી.

" છોકરી! ગજબ કર્યો! હવે તો તું બાપની બે ન રહી!"

પ્રકરણ ૯.

સૌભાગ્યદેવીનું અખંડ સૌભાગ્ય.



હસંસારના પ્રશ્ન રાજ્યતંત્રના પ્રશ્નો જેવા જ " વિકટ છે! સુન્દર ગૌરી કહે છે કે કુસુમને ભણાવી " ન હત તો આવા અભિલાષ ન રાખત! હીંદુ સંસારી " કહે છે કે કન્યાને સર્વદા કુમારિકા ન રાખવી. નવીવિધા " કહે છે કે આપણા ઘરમાં બાળક વયનું પણ મનુષ્ય જ છે

---

૧. એ મૃગો! તમારૂં કલ્યાણ થાવ. વૃક્ષોના શાખાએ શાખાએ આરોગ્ય ઝરનારા જંગલ! તું ક્ષેમ રહે! રેતી ભરેલા નદીતીર! તહારું કુશલ હો! એ શિલાઓ! તમારું ભદ્ર હો! દુષ્ટ પરિણામવાળા આ નિશા-ન્તમાંથી મહામયત્ન વડે બ્હાર નીકળી જઈ અમારું મન હવે તમારા દીર્ઘ પરિચયનો અભિલાષ રાખે છે.

" અને તેને બલાત્કારે તો શું પણ સજ્ઞાન વય થતા સુધી પરણાવવાનો
" વિચાર પણ અન્યાય છે! કુસુમને વિરક્તિના અભિલાષ છે; આર્યસ્ત્રી-
" યોને વૈધવ્ય-કાળ વિના વૈરાગ્ય અશક્ય છે! એના અભિલાષ સિદ્ધ
" કરવાથી આ દેશકાળમાં તેને આમરણાન્ત દુઃખ શીવાય અન્ય પરિ-
" ણામ નથી. ન્યાય જોવો કે પરિણામ? એક પાસ પુત્રોની સ્વતંત્રતા
" નષ્ટ કરવાનો અન્યાય અને બીજી પાસ હીંદુસંસારની વ્યવસ્થામાં
" કુમારિકા સ્ત્રીને માટે સર્જાઈ કરેલાં ભયંકર પરિણામ! નવી અને જુની
" વિદ્યાઓએ મને આમ સુડી વચ્ચેના સોપારી જેવો કરી દીધો છે!"

આવા વિચારોમાં ડુબી ગયેલો પણ હસતો હસતો વિદ્યાચતુર એક મધ્યાન્હે પોતાના આરામાસનમાં ડુબી ગયો, અને કરેલા ભોજનનો નીશો ચઢેલો તેથી નિદ્રાવશ થઈ ગયો. થોડી વારે તેની આંખ ઉઘડી ત્યાં સામે એક આસનઉપર ગુણસુંદરી બેઠેલી. એના હાથમાં પોસ્ટમાં આવેલા પત્રોના લખોટા હતા અને એનાં નેત્રમાં એકાંત અશ્રુધારા ચાલી રહી હતી. પતિ જાગતાં તે સ્વસ્થ થઈ ગઈ અને તેના હાથમાં પત્રસમુદાય મુકતી મુકતી કરમાયલે મુખે બોલી; "સૌભાગ્યદેવીએ પણ સ્વર્ગવાસ કર્યો!"

"હેં! શું થયું?" કરી વિદ્યાચતુર ચમકી ઉઠ્યો અને પત્રો હાથમાં લેતો પત્નીના સામું આતુરતાથી અને શોકથી જોઈ રહ્યો.

" પુત્ર દુષ્ટ નીવડ્યો અને પરલોકમાં ગયો; કુમુદ પણ ગઈ અને પ્રગા-
" ઢધનને લીધે જ ગઈ! સાથે લાગેલા સર્વ પાસથી માર પડ્યો અને માથાણુ
" હૈયું ફાટી ગયું. બુદ્ધિધનભાઈને માથે હવે બાકી ન રહી. આવી
" સદ્ગુણી અને સ્નેહાળ જોડ ખંડિત થઈ! પ્રભુને એ જ ગમ્યું. આપણું
" દુઃખ હવે ઢંકાઈ ગયું. ઈશ્વરે કંઈકે તેના સામું જોયું છે તે છ માસનો
" ગર્ભ પુત્ર અવતર્યો છે. પણ એટલા અણુવિકસ્યા ફુલ ઉપરનો આશા
" તે તો કાચા સુતરનો તાંતણો!" ગુણસુંદરી બોલી.

વિદ્યાચતુરે કાગળો એક ટેબલ ઉપર મુકી દીધા અને આસનમાં એનું શરીર ઢળી ગયું અને આંખોમાં પાણી ભરાઈ આવ્યું.

" ગુણીયલ! બહુ માઠું થયું! યુવાવસ્થા ઘા ભુલે છે, પણ ઉતરતી
" અવસ્થામાં પડેલા ઘા વકરે છે. જ્યારે સ્ત્રીપુરુષ વૃદ્ધ થાય છે ત્યારે
" પરસ્પરાશ્રયની અપેક્ષા વધે છે. મહારાજ મલ્લરાજને અંતકાળે
" મેનારાણીની સેવાથી જ સુખ હતું! ભવભૂતિએ સ્નેહનું પરિણામ વૃદ્ધ-
" અવસ્થામાં મૂક્યું છે—

" अद्वैतं सुखदुःखयोरनुगुणं सर्वास्ववस्थासु यत्
" विश्रामो हृदयस्य यत्र जरसा यस्मिन्नहार्योरसः ।
" कालेनावरणात्ययात् परिणतं यत्स्नेहसारे स्थितम्
" भद्रं तस्य सुमानुषस्य कथमप्येकं हि तत्प्राप्यते ॥

" હરિ ! હરિ ! મહાભુંડુ દુઃખ—

ગુ૦—" પુરુષ પુરુષનો સ્વાર્થ જુવે છે, પણ બે ભીંતો સાથે પડતી
" નથી અને સૌભાગ્ય સાથે ગયેલાં સૌભાગ્યદેવી તો ભાગ્યશાલી જ થઈ
" ગયાં. માત્ર સંતાનની દુર્દશાની કૂહેણી રહી ગઈ. મ્હારા વ્હાલા ! મને
" એમના જેવા મૃત્યુની વાસના છે. રાજ્યકાર્યમાં આપને મ્હારી જ્ઞાત
" વિસારે પડશે. સ્ત્રીયોને તેમ નથી. મેનારાણીનું દૃષ્ટાંત પ્રત્યક્ષ છે."

વિ૦—" આપણા દેશમાં તહારે આવો ભેદ ગણવાનો અવકાશ છે.
" આપણા લોકનો વ્યવહાર આપણા સર્વ પુરુષોને માથે આ મ્હેણું ઉભું
" રાખે છે."

ગુ૦—" મ્હારાં વચનમાં એવી મર્મવેધકતા મુકું તો આપના સ્નેહને
" માથે આરોપ મુકતાં મ્હારોજ સ્નેહ વીંધાય. હું સોળે આની માનું છું કે
" યુરોપમાં આપણા જન્મ અને સંયોગ હત તો પણ હું આ જ વચન કૂહત."

વિધાચતુર નરમ પડ્યો. " હું જાણું છું કે તને મ્હારા ઉપર દયા અને
" વિશ્વાસ સંપૂર્ણ છે. પણ શાસ્ત્રમાં કહેલું છે કે સ્ત્રીપુરુષ પરસ્પર પ્રેમ રાખે
" છે તે પણ આત્માને જ પ્રાપ્તકામ કરવા માટે છે, અને મને પાંછળ મુકી
" પ્રથમ જવાની વાતને ઉત્કૃષ્ટ તહેં ગણી તે એવા જ કારણથી."

ગુ૦—"આજ સુધી હું તમારી પાસે હારી નથી તે આજ હારી, પણ
" ઓ મ્હારા ચતુર—,મરણ આવશ્યક છે જ તો જેનું જીવન વધારે
" લોકોપયોગી છે તે જ જીવનને લંબાવવાની વાસના ઘટે. આપના જીવનનો
" સદુપયોગ ક્યાં અને અમો સ્ત્રીયોનો ઉપયોગ કોણ માત્ર ? "

વિ૦—" પર્વત મહાન્ હોય છે પણ તે કોમળ વસુંધરાથી છવાય છે
" ત્યારે જ પ્રાણીઓને ઉપયોગી થાય છે. જડ જેવા શૈલ સમુદ્રવચ્ચે
" ઉભા હોય છે ત્યારે તો માત્ર વહાણોના વિનાશના જ સાધક થાય છે."

ગુ૦—" હું બીજી વાર હારી ! ઓ મ્હારા ચતુર ! હું દુઃખી છું. મને
" મ્હારો સ્વાર્થ ભુલાવતો હશે અને હું આપને દુઃખનું સાધન થઈશ ! પણ
" સૌભાગ્ય—દેવીના જેવું જ મૃત્યુ હું ઈશ્વર પાસે માગું છું ! મ્હારા
" હૃદયમાં બીજી વાત પેસતી નથી."

વિ૦—" તો એ ન્યાય ઈશ્વરને જ સોંપી એ વાતનો તું વિચાર કરવો
" જ છોડી દે તો શું ?"

ગુ૦—" હું છોડું પણ વિચાર છુટતો નથી. કુમુદ ગઈ! હવે એક
" કુસુમ છે તેને કુમારી રાખો કે પરણાવો! મ્હારું આયુષ્ય ન હોય તો
" મ્હારે વિચાર ન કરવો પડે. સંસાર દુઃખમય છે. "

વિ૦—" હવે બીજી વાત જ કરો. આ પત્રોમાં તમે કહ્યું તે જ છે કે
" કોઈ મ્હારે જાણવા જેવું વિશેષ છે ?"

ગુ૦ —" એક પત્ર ચપલકિશોરીનો છે ને બીજો વનલીલાનો છે તે
મ્હેં વાંચ્યા છે. બીજા પત્રો પુરુષોના છે તે મ્હેં ઉઘાડ્યા નથી."

વિ૦—" આ જ સમાચાર એમાં હશે ?"

ગુ૦—" ચપલકિશોરી પોતાના પિતાને માટે કુસુમનું માગું કરે છે,
" વનલીલા પણ એજ વીશે લખે છે."

વિદ્યાચતુર આભો બન્યો. " કુસુમ બુદ્ધિધનને માટે ?"

ગુણસુંદરી સ્વસ્થ રહી બોલી :—" કનિષ્ઠિકાએ કાલિદાસ કવિનું નામ
" આવ્યું અને બીજી આંગળીએ મુકવા જેવો કોઈ મળ્યો નહી તેથી એ
" આંગળી નામવગરની રહી ને અનામિકા કહેવાઈ. આપની કનિષ્ઠિકાએ
" જડેલા સરસ્વતીચંદ્ર બોવાયા અને અનામિકા નામવગરની રહી છે.
" પણ ત્રીજી આંગળી મ્હોટી છે ને ત્યાં મ્હોટા વયના બુદ્ધિધનભાઈને
" મુક્યા વગર છુટકો નથી. દેશ પરદેશ નાતમાં કોઈ બીજો નથી.."

વિ૦—" ગુણીયલ, તું શું બોલે છે ? દુઃખણા બ્હેનની ભાણીને માટે
" જે વયનો વર તમેંજ ન જોયો તે કુસુમને માટે જોવાની આ વાત તું
" શી કરે છે ? "

ગુ૦—" ખરી વાત છે. કુમુદના દુઃખથી મ્હારી બુદ્ધિ નષ્ટ થઈ છે ને
" કુસુમની ચિન્તાથી મન ધુમાડાના બાચકા ભરે છે. પણ મને જે સુઝે છે
" તે આ."

વિ૦—"પ્રમાદને કુમુદ દીધી તે કાળે ઉતાવળ થઈ ગઈ તો પશ્ચિમ
" બુદ્ધિએ પશ્ચાત્તાપ કરાવ્યો. પણ એ તો એકલી વિદ્યાનું જ કજોડું
" હતું અને આ તો સાથે વયનું પણ કજોડું !"

ગુ૦—" અલકનો પત્ર કાળજું વલોવે છે. તેને કુમુદ ઉપર ખરો
" સ્નેહ હતો ને વચન આપે છે કે બુદ્ધિધને દેવી ઉપર જે સ્નેહ રાખેલો
" તે ઉપરથી સમજી લેવું કે કુસુમને પણ તેવાજ સુખની સીમા થશે

"અને કુમુદને માથે જે વીતી છે તેનો ખંગ વાળવાને આ જ રસ્તો
"બતાવે છે."

વ૦—એ તો ગમે તે કહે.

ગુ૦—વનલીલા પણ લખે છે કે આ ઘર ઉંધું વળ્યું. અને બુદ્ધિધનભાઈને કુમુદનું દુઃખ દેવીના દુઃખ કરતાં વધારે લાગે છે તે સઉમાંથી એમનો ઉદ્ધાર કરવાનો એક આ જ માર્ગ છે ને તેથી ઘણાંક અંતઃકરણ શીતળ થશે.

વિ૦—એ સર્વ કરતાં પણ કુસુમ કુમારી સારી. પુત્રી દેતાં પુત્રીના જ સ્વાર્થનો વિચાર કરવો.

ગુ૦—આપ શું બોલો છો તેની મને સમજણ નથી પડતી. શું કુસુમનો સ્વાર્થ કુમારાં રહેવામાં છે? ગમે તો સંસારના પ્રવાહ અવળે માર્ગે ચાલે છે કે ગમે તો દુઃખથી આપણી બુદ્ધિઓ બ્હેરી થઈ છે.

વિ૦—ગુણીયલ, મને પણ એમ જ લાગે છે. મને લાગે છે કે આપણે બે જણ આજ ઘેલાં થયાં છીએ.

ગુ૦—બીજા બે પત્રો તો વાંચો.

વિદ્યાચતુરે તે પત્ર ટેબલ ઉપર નાંખ્યા.

"હું તો એ પત્રો કાંઈ વાંચતો નથી! ગુણીયલ, સરસ્વતીચંદ્રનું
"નક્કી થાય ત્યાં સુધી કાંઈ વિચાર કરવો નથી."

ગુ૦—એ તો સત્ય; પણ આ યે જાય ને તે યે જાય એમ ન થાય! કોઈ આપણા ઉપર બેશી રહ્યું નથી ને મમતાથી બોલાવનારને ધક્કો મારી આપણેજ ગરજ બતાવવી પડે ને મા તું કહેતીતી તે કહે ન થાય!

વિ૦—ઠીક—ઠીક, જોઈ શું.

દ્વાર અર્ધ ઉઘાડું હતું ત્યાં ઉભી ઉભી કુસુમ આ સઉ સાંભળતી હોય તેમ વિદ્યાચતુરને લાગી, અને તેમ લાગતાં તેણે ધીમે રહી તેને બોલાવી.

"કુસુમ!"

દ્વાર આગળથી કુસુમ વીજળીના ચમકારા પેઠે ઝપાટાબંધ બીજી પાસ ચાલી ગઈ. ચાલતાં ચાલતાં માતાપિતાની આંખોને પોતાની આંખો બતાવી છતી થતી ગઈ. જન્મ્યા પછી તેમની આજ્ઞા આજ જ પહેલવહેલી એણે લોપી. એની આંખોમાં તીવ્ર રોષની રતાશ અને અ-

નાથતાના ભાને આણેલાં આંસુની છાલક સ્પષ્ટ હતી. છેટેથી પણ તે બે નાનાં માતાપિતા જોઈ શક્યાં. જોઈ રૂહે તે પહેલાં તો તે ચાલતી અદૃશ્ય થઈ ગઈ. દ્વાર આગળ જઈ ગુણસુંદરીએ એને બે ત્રણ વાર બોલાવી. છતાં કુસુમ દેખાઈ પણ નહી અને બોલી પણ નહી.

ગુણસુંદરીના મનનો સ્વાભાવિક શાંત ગુણ આજ જતો રહ્યો. પિતા બોલાવે અને પુત્રી ન બોલે તે એનાથી ખમાયું નહી. શોકમાં ક્રોધ ભળ્યો. રાત્રિ હતી તેમાં વળી કાળાં વાદળાં ચઢ્યાં. પુત્રીની પાસે જતી તેને વિધાત્રતુરે અટકાવી.

વિ૦—ગુણીયલ, તહારા અને કુસુમના ઉભયના અધિકારમાં જે વાત નથી તે કરવા કરાવવા તું તત્પર થાય છે.

ગુણસુંદરી અટકી. દીન થઈ ગઈ અને બોલી. "પુત્રીને આટલું લાડ ઘટતું નથી."

વિ૦-મન ઉપર બળાત્કાર થતો નથી અને બાળકોનાં મનને વાળ્યાં વગર તેમની ક્રિયાશક્તિ ઉપર બળાત્કાર કરનાર માતાપિતા બાળકને દાસ-ત્વનાં બન્ધનમાં નાંખવાનું પાપકર્મ કરે છે.

ગુ૦—મહારી બુદ્ધિ કુણ્ઠિત થઈ ગઈ છે. આપ કહેતા છો તેમ હશે. હું આજ સુધી આપની ઇચ્છા પ્રમાણે વર્તી છું અને વર્તીશ. પણ હવે ગમે તો કુસુમના વિચાર અને તેના પ્રયોગ ઉભય આપના એકલાના હાથમાં રાખો અને મને આ ઉપાધિમાંથી મુક્ત કરો; અને ગમે તો સર્વ વાત અમારી સ્ત્રીબુદ્ધિ પ્રમાણે થવા દો. અને આ ઉપાધિમાંથી આપ જાતે મુક્ત થઈ જાવ. પણ મહારી સ્ત્રીબુદ્ધિમાં આપનું પૌરુષ ભરવાનું બંધ કરો—સુરંગમાં દારુ ભરવાથી સુરંગનો જ નાશ થાય છે તેમ મહારી બુદ્ધિનું હવે થશે. હું આપને પગે પડી આટલું માગી લેઉંછું.

ગુણસુંદરી ગળગળી થઈ ગઈ અને એક ઉંડી બુરશીમાં પડી.

"જે પુરુષ પુત્રી ઉપર બળ-આજ્ઞા નથી કરતો તે તહારા જેવી પતિવ્રતા
"પ્રિયતમ સ્ત્રી ઉપર કેમ કરશે? વહાલી ગુણીયલ! તહારો ગુંચવારો હું સર્વથા
"સમજું છું અને તેમાંથી તને મુક્ત કરું છું. પણ એ ભારનો હું જાતે
"નિર્વાહ કરું તે પ્રસંગે સાક્ષિભૂત થઈ મહારી સાથે રહેવામાં તો તમ્રી
"તને કાંઈ પ્રતિબન્ધ નહી લાગે."

આમ કહેતો કહેતો વિધાત્રતુર ગુણસુંદરી પાસે ગયો અને હાથ ઝાલી તેને બુરશી ઉપરથી ઉઠાડી.

ભારમુક્ત થવાથી સ્વસ્થ થઈ હોય તેમ તે ઉભી થઈ અને ધીરે રહી બોલી: " पतिसाहचर्यात्पतिव्रता पतिवृत्ताऽपि भवति. ઓ મ્હારા વ્હાલા ચતુર, " ઓ મ્હારા વ્રતરૂપ! આપનું વૃત્ત તે જ મ્હારું વૃત્ત જેથી થાય અને આપણું " અદ્વૈત સર્વરૂપે થાય એવું આપનું સાહચર્ય મને આપવા આપ તત્પર થાવ " ને હું અભિનન્દું નહી તો તો પૂર્વનો સૂર્ય પશ્ચિમમાંજ ઉગશે! આજ " સુધીના અનેક સુખદુઃખોમાં જ્યાં ત્યાં पतिरेव गतिः स्त्रीणाम् તેનો અનુ- " ભવ મ્હેં કરેલો છે અને આપે કરાવેલો છે, અને બ્હાણુપણમાં માતાપિ- " તાને તેમ આ વયમાં સંતાનને પણ આપની પ્રીતિ અને આપની આજ્ઞા " કરતાં હું વધારે લેખતી નથી. તેમની સંભાળ ઈશ્વરને સોંપી અને મ્હારી " સંભાળ આપને સોંપી!"

પ્રકરણ ૧૦.

કુસુમની કોટડી.



તાપિતાની વિશ્રમ્ભકથા કુસુમે સાંભળી લીધી અને ત્યાંથી જ તેના મનને મ્હોટો ધક્કો લાગ્યો.

પોતાના ખંડમાં તે આવી, દ્વાર બંધ કરી દીધાં, અને સુન્દર-ઉદ્યાનમાં એક બારી પડતી હતી ત્યાં કહેરે ટેકો દેઈ ઉદ્યાનના લાંબા વિસ્તાર ઉપર દૃષ્ટિ નાંખતી ઉભી. કાને પડેલા શબ્દોએ એને દિઙ્મૂઢ બનાવી દીધી અને તે શબ્દોએ ઉત્પન્ન કરેલી કલ્પનાએ એનાં આંસુને ગાલ ઉપર જ સુકવી દીધાં અને તેના ડાધ બારીમાં આવતા તડકાએ ચળકાવવા માંડ્યા. એની રોષભરી આંખોની રતાશ લીલા ઝાડોની વટા ઉપર પડતાં નરમ પડી અને ઝાડો ઉપર પડતા તડકાના પ્રતિબમ્બને બળે એના મનની કલ્પના પણ શ્રાન્ત થઈ અને શ્રાંતિને બળે શાન્ત થઈ ગઈ. આ સર્વ સ્થિતિ પામતાં તેના વિચાર બીજી દિશામાં વળ્યા.

" પિતાજી અને ગુણીયલ—એમાંથી કોઈનો વાંક કહાડવા જેવું નથી- તેઓ મ્હારા સ્વાર્થનો જ વિચાર કરી મ્હારે માટે જ આટલો કલેશ પામેછે. મ્હારા મનની સ્થિતિ તેમને વિદિત હોય તો તેમનો કલેશ પણ દૂર થાય અને મ્હારું ધાર્યું પણ મને મળે!"

" આ ઝાડોની વટાથી અને આ તડકાથી મ્હારો કલેશ દૂર થયો. " કલેારા કહેતાં હતાં કે દેવીની સૃષ્ટિદ્વારા પણ ઈશ્વર પ્રકટ થાય છે

" અને મનુષ્યને સુખ અને આનંદ આપે છે તે આ જ ? મીરાંબાઈ ગાઇ
" ગયાં છે કે—

" મીરાં ભક્તિ કરે રે પ્રકટકી,
" ઓ નાથ ! તુમ જાનત હો સબ ઘટકી ! "

" એ પ્રકટ ઈશ્વર તે આજ હશે ! પ્રતિમામાં અને આ ઝાડોમાં ને
" તડકામાં પણ ઈશ્વર પ્રકટ થાય છે અને એ પ્રકટ ઈશ્વરનો મને આજ
" સાક્ષાત્કાર થયો ! ઓ પ્રકટ પ્રભુ ! મીરાંબાઈ વાઘના પંજામાં પડેલાં
" બચ્યાં તો મને તો હારે તે પ્હેલાં બચાવવાની છે ! તે શું તું મને નહી
" બચાવે ? હું પણ કહું છું કે

" કુસુમ ભક્તિ કરે રે પ્રકટકી,
" ઓ નાથ ! તુમ જાનત હો ઇસ ઘટકી !"

થોડી વાર એમની એમ ઉભી. અંતે એક ખુરસી પર બેઠી ને બોળામાં હાથ નાંખી વિચાર કરવા લાગી.

"યુદ્ધિધનની પિતા સ્પષ્ટ ના કહે છે અને ગુણીયલ હા કહે છે. મેં જાણ્યું કે સરસ્વતીચંદ્ર જવાના નથી એટલે નીરાંત થઈ, ત્યારે આ નવું કયાં જાગ્યું ? મ્હારે એકનું યે કામ નથી ને બીજાનું એ નથી. ઈશ્વર કરે ને આ વાતમાં ગુણીયલ હારે ને સરસ્વતીચંદ્ર જડે નહી તો મ્હારું ધાર્યું થાય! માટે હું પણ હાલ તો એમ જ કરું કે યુદ્ધિધનની ચોખ્ખી ના કહું એટલે ગુણીયલ હારશે ને પિતા ફાવશે."

" પિતા આ વાતમાં ફાવ્યા એટલે અંતે હું ફાવવાની ! "

દ્વાર ઉઘાડ્યું અને માતાપિતાને ગયેલાં દીઠાં. તેમના ખંડમાં કુસુમ ગઈ. ટેબલપર પત્ર હતા તે લીધા—" પિતા ઉપર મ્હારા સંબંધના કાગળ આવે તે વાંચવામાં ચોરી ખરી! બ્હેન સરસ્વતીચંદ્રના પત્ર પિતા ઉપરના હોય તોયે છાનીમાની વાંચતી."

નરભેરામનો પત્ર વિધાયતુરઉપર હતો તેમાં યુદ્ધિધનને માટે કુસુમનું માગણું, અત્યંત આર્જવ અને યાચના ભરેલું કર્યું હતું. યુદ્ધિધનની હવે લગ્ન માટે ઇચ્છા નથી પણ મહારાણા સમેત સર્વનો વિચાર દૃઢ છે એમ પણ લખેલું હતું. કુસુમને આશા પડી. યુદ્ધિધનનો પત્ર વાંચવા લાગી.

"પ્રિય વિધાયતુરજી,

" મ્હારા ગૃહસંસારનાં બે રત્ન ખોવાયાં, પત્થર હુબ્બો અને તેના ભારથી
" ચંપાઈ તેની તળે રત્ન પણ હુબ્બાં. મ્હારી પુત્રી તથા મ્હારો સહાયક

" મિત્ર નરભેરામ તેમના પ્રેમને લીધે મને ફરી સંસારમાં પડેલો જોવા
" ઇચ્છે છે અને મ્હારી ઇચ્છાવિરુદ્ધ તેમણે લખેલા પત્ર આપે વાંચ્યા હશે.
" તેમના હાથ રોકવાની મ્હારી શક્તિ નહી, માટે જ એ થયું છે. પણ
" એમની કોઈની ઇચ્છા સફળ થવાની નથી એટલું આપ મ્હારું સિદ્ધાન્ત-
" વચન સ્મજજો."

" મ્હારા ઘરમાંથી કુમુદસુંદરી ગયાં ત્યાંથી મ્હારું સર્વસ્વ ગયું. મ્હારો
" દુષ્ટ પુત્ર ગયો તે તેણે કરેલા અપરાધને યોગ્ય જ થયેલું છે. મને તેને માટે
" તિલમાત્ર પણ શોક નથી — ઉલટો પુત્રજન્મથી બીજાંઓને આનન્દ થાય
" એટલો એ પુત્રના મૃત્યુથી મને આનંદ થયો છે. મ્હારું ઘર અને મ્હારો
" સંસાર એના મૃત્યુથી નિષ્કલંકજ થયો છે."

" કુમુદસુંદરીની સાસુ વહુના શોકથી ગઈ! તમારો ગુણસુંદરી ઉપર
" સ્નેહ છે તે ઉપરથી મ્હારો મ્હારી ધર્મપત્ની ઉપરનો સ્નેહ જાણી લેજો.
" એણે મ્હારો વિપત્તિકાળ દીઠેલો ને મ્હારો સંપત્તિકાળ પણ દીઠો. સર્વ
" દશામાં એ મ્હારી ભાગીયણ હતી, અને એવી સ્ત્રીનો હું સ્વામી હતો
" એટલાથી મ્હારા હૃદયમાં અભિમાન આવે છે. મ્હારાં પુણ્યનો સંચય
" આટલા ભોગથી ક્ષીણ થયો હશે એટલે એ ગઈ. હવે વિશેષ સંસાર-
" ભોગની મને વાસના નથી. નવો ભોગ કે નવો અવતાર ઉભય હવે મને
" અનિષ્ટ છે."

" મ્હારું વૈરાગ્ય શ્મશાનવૈરાગ્ય નથી. હું રંક વિધવાનો પુત્ર હતો ને
" સુવર્ણપુરના મહારાણાનો પ્રધાન થયો. કુમુદસુંદરી સાક્ષાત્ લક્ષ્મીજીનો
" કે સરસ્વતીનો અવતાર હતાં. તેમના નિવાસથી મ્હારું ગરીબ
" ઘર પવિત્ર થઈ ગયું. એની સાસુ જેવી પતિવ્રતાના યોગથી
" મ્હારો આત્મા પવિત્ર થઈ ગયો. જે ઇશ્વરે એ મહાન્ સંયોગો
" વચ્ચે મને મુકવાની કૃપા કરી હતી તે જ ઈશ્વરે હવે મને એ સંયોગથી
" મુક્ત કર્યો છે તે તેણે કાંઈ કારણથી જ કરેલું હશે. મ્હારા મહારાણાની
" કૃપા મ્હારાથી છુટતી નથી. તેમનાં રાજ્યકાર્યમાં કેટલાક મ્હોટા પ્રસંગો
" હજી બાકી છે તે પુરા કરી હું એમની પાસેથી એવું માગવાનો છું કે
" મ્હારે માથેથી ભાર ઉતારી નરભેરામને માથે મુકવો અને મને આત્મ-
" કલ્યાણને માટે કાશીવાસ કરવા દેવો. આ યુગમાં સંન્યસ્ત યોગ્ય લાગતું
" નથી અને જ્ઞાનની પ્રાપ્તિને અંતે જે સંન્યસ્ત થવું જોઈએ તે જ્ઞાન પ્રાપ્ત
" થતા પ્હેલાં લેવા મને અધિકાર પણ નથી. કાશીનિવાસથી અનેક મહા-
" ત્માઓના પ્રસંગ પડશે અને તે શોધવાનો લોભ મને થયેલો છે તે છોડી
" હું સંસારમાં પડીશ એવું નરભેરામ માને છે. પણ તે પામર છે અને

" મ્હારા મનના અભિલાષ સમજી શકતો નથી માટે જ એ પ્રયત્ન કરે છે."
" " દેવી એક બાળક પુત્ર મુકી ગઈ છે. જો તે જીવશે તો તેની બ્હેનને
" હાથે ઉછરશે. નહી જીવે તો મને શોક નથી. મ્હોટો કરેલો પુત્ર દુષ્ટ
" થયો અને મુવો, તો વીજળી પેઠે ક્ષણવાર ચમકતો બાળક સુપુત્ર નીવડશે
" એ જાણવું કઠણ છે. એની માતા કૃતકૃત્ય થઈ ગઈ. એ સ્વર્ગમાં ગઈ.
" એનો આત્મા સ્વધામ પ્હોચ્યો ને હજી અમર છે. એનો શોક કરવો તે
" મિથ્યા મોહ છે. મને એ મોહ કે શોકમાંનું કાંઈ નથી."

" વ્યવહારદૃષ્ટિએ જોતાં પણ ઉતરતે વયે લગ્ન કરવાની વૃત્તિ મૂર્ખતા
" ભરેલી જ લાગે છે. પ્રધાનપદ સુધીના અનુભવની પ્રાપ્તિથી જે માણસ
" ઘડાય તેને તો આ વાત હસ્તામલક જેવી સુદૃશ્ય હોવી જોઈએ. નરંભે-
" રામની સૂચના યોગ્ય છે એવું જે હું માનું તો તેટલાથી એટલું સિદ્ધ થયું
" ગણવું કે મ્હારી બુદ્ધિ પ્રધાનપદને યોગ્ય નથી એટલું જ નહી પણ ક્ષુદ્ર
" છે. કારણ સામાન્ય બુદ્ધિવાળાને પણ આવા મહાન્ પદના અનુભવથી જે
" બોધ મળવો જોઇએ તે બોધ મને મળ્યો ન હોય તો મ્હારામાં બોધ
" લેવાની સામાન્ય વિવેકશક્તિ પણ નથી એમ જ માનવાનો પ્રસંગ
" આવે. કેવળ પુત્રવાસના પામર જીવને માટે છે. ઉતરતી વયના અને
" પ્રધાનપદે ચ્હડેલા બુદ્ધિમાન પ્રાણીને માટે નથી."

" ન્યાયમાર્ગે જોતાં પોતાના સ્વાર્થને માટે પારકી કન્યાનો ભવ બાળવો
" અને વૈધવ્યના માર્ગમાં મુકવી એ મહાપાપ લાગે છે. એ પાપ કન્યાના
" વૃદ્ધ થતા વરને તેમ બાપને ઉભયને માથે છે."

" અનેક માર્ગે આ વાતનો વિવેક મ્હેં કરી જોયો છે. એક કલ્પના
" સરખી પણ આ ઉપાધિ સ્વીકારવામાં દોષ શીવાય અન્ય ફળ જોતી
" નથી. નરભેરામ મ્હારા ઉપરની પ્રીતિને લીધે જ ભુલે છે."

" ચિ. કુસુમસુન્દરીને કોઈ વિદ્વાન્ નીતિમાન્, રૂપવાન્, શ્રીમાન્, યુવાન્
" સ્વામી મળે એવો મ્હારા અંતઃકરણનો આશીર્વાદ છે અને મ્હારો પોતાનો
" આપેલો આશીર્વાદ હું જાતે નિષ્ફળ નહી કરું. કુમુદસુંદરીની બ્હાની
" બ્હેન તે મ્હારે પુત્રીરૂપ જ છે."

બુદ્ધિધનનો આ પત્ર વાંચી રહી તેની સાથે કુસુમનું શેર લોહી ચ્હડ્યું. તેની નિરાશા નષ્ટ થઈ અને આંખમાં તેજ આવ્યું. ઉતાવળથી પોતાના ખંડમાં આવી અને છાતીએ હાથ ભીંડી એકલી એકલી બોલવા લાગી.

" હા..શ ! હવે જગત જય મારે છે. કુસુમની પ્રાર્થના પ્રભુએ સાંભળી.
" બુદ્ધિધનભાઈ ! તમારું ઘણું જ કલ્યાણ થજો ! તમારા પત્રથી જ મને
" ઉપદેશ મળે છે. તમારા જેવા અનુભવી પુરુષોને જે વાત આટલી ઉભરે

" સત્ય લાગે છે તે મને આજથી લાગે છે. સ્વામીજીની કથામાં પણ મ્હારો
" જ બોલ ખરો પડે છે. ફ્લોરા બ્હેન પણ મ્હારી જ ગાડીમાં છે. સરસ્વતી-
" ચંદ્રને પણ મ્હારી જ પેઠે છે—એ તો મ્હારા પ્રથમ ગુરુ. હવે માત્ર
" ગુણીયલ અને કાકીને જીતવાં રહ્યાં. સરસ્વતીચંદ્ર નહી જડે એટલે પિતા-
" જીની ચિન્તા નથી. "

" કાકી શા શા વાંધા કૂહાડે છે ? પ્રથમ કૂહે છે કે વાસના રોકવી કઠણ
' છે. પછી કૂહે છે કે શાસ્ત્રકારો પરણવાની મર્યાદા બાંધી ગયા છે. ત્રીજું
" સ્ત્રીની એક ભુલ પ્રકટ થઈ જાય, અને ચોથી વાત એ કે કુમારી
" સ્ત્રીને રૂહેવાનું ઘર ન મળે, બાવાના પઈસા ન મળે, લોક ચાળા કરે, ને
" સ્ત્રીજાતને માયા ને કાયા બેનાં ભય.

" જે બાવી થઈએ તો આ બધા વાંધા દૂર થાય. મફત બાવાનું મળે,
" પુરુષનો સંગ નહી એટલે સ્ત્રીને લાલચ નહી, અને અનેક સ્ત્રીઓ
" વચ્ચે રૂહેવાનું એટલે પુરુષવર્ગને બ્હાર રાખી વગર ભયે રૂહેવાનો કીલ્લો!
" બાવીઓ રૂહે છે તે પણ શાસ્ત્રની મર્યાદામાં જ હશે કની ?

" આ ઘરમાંથી નીકળવું પડે એ પ્હેલું દુઃખ—ને બાવીઓની પેઠે જાડાં
" લુગડાં પ્હેરવાં પડે અને જરબાજરો બાવો પડે એ બીજું દુઃખ."

" પ્હેલા દુઃખનું તો કંઈ નહી. કાલથી જાડાં લુગડાં ને જરબાજરીની
" ટેવ પાડીશું. વાડીમાં માળણને ઘેર લુગડાં, જર, ને બાજરી છે."

" નાત જાત બગડવાની બ્હીક નથી—કયાં હાથે રાંધતાં આવડતું નથી
" જે વટાળ થશે ?.

" એ ટેવ પાડવા જઈશું તો કાકી ને ગુણીયલ પુછાપુછી કરશે."

" કહીશું કે વર ગમે તેવો મળે ને ગરીબ ઘરનો હોય તો જાડે લુગડે
" ને જરબાજરીએ પણ-નીભાવ કરવો પડે કની ? સારો વર મળશે નહી
" ને મ્હારું ચાલશે નહી ને મુશ્કે મારી ગમે તેને પરણાવશે તો ભાગ્ય
" પ્રમાણે વર્તવું પણ પડશે."

" ત્યારે એ તો એ જ ! એક પન્થ ને દો કાજ ! વળી સ્વામી સારો હોય
" તે પણ પ્રથમ મીઠો હોય ને પછી કડવો થાય એ તો ફ્લોરાના દેશમાં
" પણ છે ને આપણામાં પણ છે. તેવું થાય તો શું કરીયે ? માટે એ જ
" માર્ગ કે આપણે ટેવ પાડવી. "

" સંસ્કૃત ભાષા અને અનુભવની ભાષા બે વાનાં સ્ત્રીયોને સરખાં ! "
કંઈક નવા વિચારમાંથી જાગી હોય તેમ બોલી.

" સંસ્કૃતમાં શૃંગાર હોય તો છોકરીઓને કોઈ સમજાવે નહી—પરણ્યા
" પછી સ્વામી સમજાવે ત્યારે."

" વૈરાગ્યની વાતમાં પણ સંસારની વાતો—તે અનુભવ વગર સમજાય
" નહી."

" શૃંગારમાં યે અનુભવ ને વૈરાગ્યમાં યે અનુભવ. સંસ્કૃતનો શૃંગાર
" સમજાય નહી ને પારકાંનો અનુભવ સમજાય નહી. અનુભવનાં વાક્ય
" સાંભળીયે ને સમજાય નહી તે જાણે તુમડીમાંના કાકરા ખખડ્યા! અનુ-
" ભવ વગર એ કાકરાની વાત પણ ન સમજાય."

" રમણ પરણે એટલે રમણ મટે ને સ્વામી થાય—એ ઇંગ્રેજનો
" અનુભવ ફ્લોરાએ સમજાવ્યો. એ સમજાયો ત્યારે આપણા લોકનો
શ્લોક પણ સમજાયો!

* " पुराऽभूदस्माकं प्रथमसविभिन्ना तनुरियम्
" ततो नु त्वं प्रेयान् वयमपि हताशा प्रियतमा।
" इदानीं नाथस्त्वं वयमपि कलत्रं किमपरम्
" हतानां प्राणानां कुलिशकठिनानां फलमिदम् ॥

" આનો અક્ષરે અક્ષર જાણતી હતી, પણ સ્ત્રીપુરુષનું એક શરીર
" મટ્યું અને પ્રેયાન્ ને પ્રિયા એમ એ થયાં, તે પછી તેનાં પણ સ્વામી
" અને કલત્ર થયાં! આ જાદુની વાત આપણા લોક ભુલી ગયા છે તે
" ફ્લોરાએ ઇંગ્રેજોનો અનુભવ કહ્યો ત્યારે હું સમજી."

" ગરજ સરી એટલે વૈદ્ય વેરી! આપણામાં પણ ગાય છે કે—
" પહેલાં તે બાઈજી એમ કહેતાં જે—વહુ! તું મ્હારી સાકર રે,
" હવે તે બાઈજી એમ શું બોલો—" વહુ, તું મ્હારી ચાકર રે?"

" જ્યારે સર્વ સંસારનો જ માર્ગ આવો છે ત્યારે સરસ્વતીચંદ્ર પહેલેથી
" ચેત્યા! મ્હારે પણ એક જ માર્ગ!"

" આ ગુણીયલ અમરતાં દુઃખ પામે છે: એ એક પાસનું જ જુવે
" છે! એ કોણ જાણે શું હશે! પણ કંઈ નહી. ધારેલે રસ્તે—જર,
" બાજરી, ને જાડાં લુગડાંની ટેવ પાડવી ને જંગલમાં કે ગરીબ ઘરમાં
" ચાકર વગરની હદ તેમ કામ કરવાની ટેવ પાડવી. એ ટેવ સહુને
" એક કારણથી ગમશે, મને બીજા કારણથી ગમશે "

---

* પ્રથમ કાળમાં આપણા બેનાં શરીર મળી આ એક શરીર હતું. ત્યાર પછી તમે પ્રિય થયા અને હું માત્ર બીચારી આશાભંગ ભરી તમારી પ્રિયતમા જ થઈ ગઇ. અને હવે આજના કાળમાં તમે મ્હારા નાથ છો અને હું માત્ર તમારી સ્ત્રી જ છું. હવે બીજું શું? આ હતપ્રાણ વજ્રજેવા કઠણ થઈ દેહને છોડતા નથી તેનું આ દુઃખ ચાખવાનું જેટલું બાકી છે તેટલું આખું છું. (પ્રાચીન.)

" હિમાચલ અને મેનકાએ ઘણીયે એક વાત ધારી, પણ પાર્વતીનો
" વિચાર સિદ્ધ થયો અને સર્વેયે સંમતિ આપી."

*" इति भ्रुवेच्छामनुशासती सुताम्
" शशाक मेना न नियन्तुमुद्यमात् ।
" क ईप्सितार्थस्थिरनिश्चयं मनः
" पयश्च निम्नाभिमुखं प्रतीपयेत् ॥

" મ્હારાં ગુણીયલ મેના જેવાં છે, હું પાર્વતીની પેઠે તપ ઇચ્છું છું—મ્હારું
" ધારેલું કામ મ્હોટ મ્હોટાઓ શુભ ગણે છે! તો પાર્વતીની પેઠે હું પણ
" ફાવીશ જ! માટે એ તો એ જ! નવી ટેવનો આરંભ કરવો!"

કુસુમની કોહડીનું દ્વાર ખખડ્યું અને તેના વિચારે વિચાર અને ઉદ્‌ગાર બંધ પડ્યા.

પ્રકરણ ૧૧.

મલ્લમહાભવન

અથવા

રત્નનગરીની રાજ્યવેધશાળા,

અને

મહાભારતનો અર્થવિસ્તાર.

लौकिकानां हि साधूनामर्थं वागनुवर्तते ।
ऋषीणां पुनराद्यानां वाचमर्थोऽनुधावति ॥

भवभूति :



ણા બાચરના સત્કારને અર્થે ભરેલી સભામાં થયેલી ચર્ચાએ મણિરાજના હૃદયમાં અનેક વિચારો ઉઠાડ્યા. પોતાના પિતાની દીર્ઘદૃષ્ટિ ઉપર, સંયમ ઉપર અને રાજ્યનીતિ ઉપર એની દૃષ્ટિ જતી ત્યારે એ ઉત્સાહમાં આવતો. અન્ય રાજાઓના અપભ્રંશ જોતો ત્યારે એ નિરાશ થતો હતો. ઇંગ્રેજ અધિકારીઓમાંનો દુષ્ટ વર્ગની સત્તાનું પ્રાબલ્ય જોઈ એને ક્રોધ ઉપજતો. તેમાંના મૂર્ખ અને ઉન્મત્ત ભાગની ચેષ્ટાઓ

---

* શંભુ-વર પ્રાપ્ત કરવા તપ આદરવાને જવાની આમ અચલ ઇચ્છા દર્શાવી દેનાર પુત્રીને તેના ધારેલા ઉદ્યમમાંથી મેનકા અટકાવી શકી નહી. ઇષ્ટાર્થને માટે સ્થિર નિશ્ચયવાળા મનને અને નીચા પ્રદેશમાં સરવા માંડેલા પાણીને પાછું અવળી દિશામાં વાળવાને કોની શક્તિ છે?—કુમારસમ્ભવ.

જોઈ હૃદયમાં ગૌરવ આવતું. અન્ય દેશી રાજાઓની દુષ્ટતા જોઈ એ હૃદયમાં શોક ઉભરાતો. તેમની મૂર્ખતા, પ્રમત્તતા અને ભયંકર અવ્યવસ્થાનાં ચિત્ર દૃષ્ટિ આગળ પ્રત્યક્ષ થતાં એનાં નેત્રમાંથી અશ્રુધારાઓ અપ્રતિહત ચાલતી. ઇંગ્રેજ અધિકારીઓમાંના સુજ્ઞ અને ઉદાત્ત વર્ગના આશ્રયનું પોતે આસ્વાદન કરેલું હતું તે સ્મરણમાં આવતાં આશાના કિરણ દૃષ્ટિમર્યાદા તળે સંતાયલા કોઈ સૂર્યના બિમ્બમાંથી નીકળતા લાગતા. ઇંગ્રેજ સરકારની રાજ્યનીતિ જોઈ તેના મસ્તકમાં ઘડીક અવ્યવસ્થા થતી અને ઘડીક શાંતિ થતી. આવા ચાર પાંચ દિવસ ગાળ્યા, અને તે પછી એક દિવસે મધ્યાન્હવેળાએ આશા અને નિરાશા વચ્ચે દોલાયમાન થતો યુવાન્ રાજા મલ્લમહાભવનના કુરુક્ષેત્રભવન નામનાં ખંડમાં એક છેડેથી બીજા છેડા સુધી આવજાવ કરતો હતો.

આ મલ્લમહાભવનની મૂળ યોજના મલ્લરાજે કરી હતી. રાજ્યમાં "બાંધકામ" અથવા "પબ્લિક વર્ક્સ"નાં ખાતાં આજ ઇંગ્રેજી પદ્ધતિથી ચાલતાં જોવામાં આવે છે. દેશ અને નગરની શોભા વધારવી અને સાર્વજનિક ઉપયોગમાં દ્રવ્યવ્યય કરવો એવા બે હેતુથી આજકાલ એ ખાતાનાં ધોરણ પ્રવર્તે છે. ઇંગ્રેજી રાજ્યમાં એ ઉભય હેતુ ધ્યાનમાં રખાય છે અને ઉપયોગ પ્રધાન વસ્તુ ગણાય છે અને શોભા ગૌણ ગણાય છે ત્યારે દેશી રાજ્યોમાં ગમે તો શોભા પ્રધાન ગણીને એક માર્ગે ઉદારતા રખાય છે અને ગમે તો પ્રધાન અને ગૌણ ઉભય ભેદને સરખા ગણી ઉભય વિષયમાં કૃપણતા રખાય છે એવો એક કાળે વિધાયતુરનો અભિપ્રાય હતો. મૂલરાજની સાથે આ વિષય ચર્ચતાં તે મહારાજે વિશેષ એ બતાવ્યું કે દેશી રાજ્યોની મોટી સંખ્યામાં તો આજકાલ એવું જ જોવામાં આવે છે કે રાજાઓ અને તેની જાતની સેવા કરનારાઓના નિવાસના અને ભોગનાં સ્થાનને જ શોભા આપવી અને અનેક રાણીઓ અને રાજપુત્રોના લગ્નાદિ પ્રસંગોમાં ને ભોગવિલાસોમાં પ્રજાના દ્રવ્યનો નાશ કરવો એ કાર્ય જ આજકાલ પ્રધાન ગણાયછે, અને તેમાં પણ જતે દિવસે થોડા ખરચે થતા દેશી રીતના ભોગવિલાસને સ્થાને જતે દિવસે ઇંગ્રેજી ધમકની પોલી શોભા, ટુંકા આયુષ્યના પદાર્થો, અને તાત્પર્યને સ્થાને દેખાવ ઉપર પ્રીતિ, એ ત્રણ વસ્તુઓ હાલનાં વ્યયમાં અનેકધા વૃદ્ધિ કરશે. વૃદ્ધ આચારને વળગી રહેનાર વૃદ્ધ કે વિચારથી શૂન્ય યુવાન્ રાજપુત્રવર્ગ, પ્રજાનું સપત્નીકર્મ કરવામાં તત્પર અને રાજાઓનું અને રાજકુમારોનું રાજત્વ અને મનુષ્યત્વ ચુસી લેવામાં સ્વાર્થ અને વિલાસ સમજનારી રાણીઓ અને રાજકુમારીઓ, અને જેવાં જેવાં અનેક ભયસ્થાન દેશી રાજાઓને શિર ઝઝુમે છે અને સત્કાર્યને સ્થાને દુઃસ્થિતિનું દર્શન કરાવે છે તેનો આલેખ મલ્લરાજે વિધાયતુરને દર્શાવ્યો

હતો. ભીષ્મપિતામહે શરશય્યા ઉપર સુતાં સુતાં ધર્મરાજને અનેક અનુભવથી ભરેલી રાજનીતિ શાન્તિપર્વમાં સમજાવી છે તેમ આ વૃદ્ધ મહારાજે આ દુઃસ્થિતિના સંબંધમાં પોતાના અનુભવ અને વર્ત્તારા પોતાના વાનપ્રસ્થ કાળે પોતાના યુવરાજ અને તેના પ્રધાન વિદ્યાચતુરને સમજાવ્યા હતા. જરાશંકર પણ એ કાર્યમાં એ મહારાજનું મન્ત્રીપણું કરતો હતો. એ મહારાજનું નામ અમર રાખવા કોઈ મ્હોટું ભવન બાંધવાનો યુવાન વર્ગમાંથી સૂચના એક દિવસ થતાં અને તેની સંમતિ મંગાતા વૃદ્ધ મહારાજે સ્મિત કર્યું.

" વિદ્યાચતુર, નામ કોઈનું અમર રહેલું નથી અને રહેવાનું નથી. નામ
" અને રૂપ એજ નશ્વરતાનાં સ્વરૂપ છે. પણ તમારી ઇચ્છાને કંઈક
" અનુકૂળ થવાય અને ભવિષ્યમાં જ્યાં સુધી આ રાજ્યમાં બુદ્ધિમાન્
" નીતિમાન્ રાજાઓ રાજ્ય કરવા ઉત્પન્ન થાય ત્યાં સુધી તેમની બુદ્ધિને
" આપણા અનુભવનું કાંઈક અવલમ્બન મળે અને પ્રજાપાસેથી આ
" સિંહાસન પાસે આવેલું દ્રવ્ય પ્રજાને ફળે એવા વ્યયનો માર્ગ કાંઈ
" કહાડીશું."

આ સૂચના પછી મૂલરાજે રત્નનગરીની રાજ્યવેધશાળા નામના ભવનની કલ્પના[1] કરી અને યુવરાજે તેનો આલેખ[2] કરાવી તે પ્રમાણે કાર્યસિદ્ધિ[3] કરાવી. વૃદ્ધ મહારાજની ઇચ્છા પ્રમાણે તેનું નામ રાજ્યવેધશાળા (એટલે રાજ્યરૂપ આકાશમાં ગમન કરનાર ગ્રહોની ગતિ આદિનું દર્શન કરવાની વેધશાળા[4]) પાડ્યું. તેની સાથેજ યુવરાજની ઇચ્છાથી એનું નામ મલ્લમહાભવન પણ પાડ્યું અને ઉભય નામના લેખ એ ભવનના તોરણ-ઉપર કોતરાવ્યા. આ તોરણદ્વારમાં[5] પેસતાં એક વિશાળ અને સુન્દર ઉદ્યાનમાં જવું પડતું. અનેક લતાગૃહો, કુંજવનો, તળાવો, વાવો, કુવાઓ, કુંડો, બેઠકો, વટાઓ, અને પશુપક્ષિના પંજરોનાં ચિત્ર જોવા સાજવચ્ચે, થઇને જતાં અન્તે એ મહાભવન આવતું.

એ ભવનમાં વૃદ્ધ મહારાજે પોતાના અનુયાયી રાજાઓના ઉપદેશ માટે વિચિત્ર યોજનાઓ કરી કહાડી હતી. અલિન્દમાર્ગમાં[6]થી મુખદ્વારમાં પેસતાં તરત વિદુરભવન નામનો લાંબો ખંડ આવતો. એ ખંડની પાછળ બીજા પાંચ ખંડ હતા. એ પાંચ ખંડનાં નામ દુર્યોધનભવન, દુઃશાસનભવન, કર્ણભવન, દ્રોણભવન અને પિતામહભવન, એવાં હતાં.

---

૧. Mental design માનસિક કલ્પના. ૨. Written design. ૩ Execution. ૪. Observatory. ૫ .Gate.

૬. Porch, Portico. બંગલાના દરવાજા આગળ અગાશી અથવા આરકા વગેરેવાળી જગા.

આ પાંચે ખંડની હાર કૌરવશાળા નામથી ઓળખાતી. તે પાંચેનાં દ્વાર કુરુક્ષેત્ર નામના એક બીજા લાંબા ખંડમાં પડતાં. એ ખંડની એક પાસ પાંડુભવન અને બીજી પાસ ધૃતરાષ્ટ્રભવન હતાં. કુરુક્ષેત્રની બીજી પાસ કૌરવશાળાની સામે પાંડવશાળા હતી ને તેનાં દ્વાર પણ કુરુક્ષેત્રમાંજ પડતાં. પાંડવશાળાના પાંચ ખંડ નામે ધર્મભવન, ભીમભવન, અર્જુનભવન, નકુલભવન અને સહદેવ ભવન એવાં હતાં. એ પાંચેની પાછળ પાંચાલી ભવન નામનો લાંબો ખંડ હતો અને તેમાં તે પાંચેનાં દ્વાર પડતાં હતાં.

ચંદ્રકાન્ત અને વીરરાવનાં મર્મવેધક વાક્યોને વિદ્યાચતુરે વિદુરભવનમાં ઉત્તર આપેલા હતા તેનાથી મણિરાજને તૃપ્તિ થઈ ન હતી અને મર્મવચન એના મર્મભાગને ગુપ્ત કળાથી કાપતાં હતાં. આ વેદનાના નિવારણને માટે આજ વિદ્યાચતુરે તે બે જણને મલ્લમહાભવન જોવા બોલાવ્યા હતા અને એ ભવનનાં રહસ્યનું પ્રકટીકરણ કરી એટલાથી જ તેમને તૃપ્ત કરવા અને મણિરાજને શંકારહિત કરવા વિદ્યાચતુરે કલ્પના કરી હતી. તે ઉભય ગૃહસ્થોના પક્ષપાતનું સ્થાન સરસ્વતીચન્દ્ર રત્નનગરી આવ્યો હતો ત્યારે આ ભવનમાં આવી ગયો હતો અને નવા વિચાર લેઈ ગયો હતો એ વાતથી એ ગૃહસ્થોને આ સ્થાનમાં આવવા આકર્ષણ થયું હતું. તેમની વાટ જોઈ યુવાન મણિરાજ કુરુક્ષેત્રભવનમાં આતુરતાથી હેરાફેરા કરતો હતો.

થોડીવારમાં અતિથિમંડળને લેઈ વિદ્યાચતુર ત્યાં આવ્યો. કુરુક્ષેત્રની વચ્ચે એકાસન* અને અનેકાસન† સામસામી હતાં તે ઉપર સહુ ગોઠવાયા. કેટલીક સાધારણ પૃચ્છા અને વાર્તા થયા પછી આ ભવનસંબંધે વાર્તા ચાલી. વિદ્યાચતુરે એનો ઇતિહાસ કહી બતાવ્યો. મલ્લરાજનું હૃદય તેમાં જણાતાં વીરરાવને પણ તેના ઉપર પ્રીતિ ઉપજી.

"કેવું ભવ્ય અંતઃકરણ! ચંદ્રકાન્ત! Look at the poetry of His late Highness's heart! There's something stern and magnificent in his views, words, and acts!" વીરરાવે હૃદય ખુલાવી ચંદ્રકાન્ત ભણી જોઈ કહ્યું.

"Undoubtedly 'tis so. And yet but a few days back, in this very building, you abused his fellows".

ચંદ્રકાંત બોલ્યો.

---

* ખુરશીઓ. † બાંક, કોચ.

વીર૦—છી છી છી છી ! ચન્દ્રકાન્ત ! તમે કંઈ સમજ્યા જ નથી. આખી રાત્રિના આખા આકાશમાં ચંદ્ર વૃદ્ધિક્ષય પામતો એકલો એક ફરે છે તેથી જગત્ ઉધતું મટતું નથી અને અન્ધકાર સમસ્ત નાશ પામતો નથી. મલ્લમહારાજની પોતાનીજ નિરાશાનું કારણ જુવો ! તમારા દેશના હોલ્લા પેઠે છાપરા ઉપર બોલતા બોલતા તેઓ થાકી ગયા અને માત્ર એક જ બોલ બોલ્યા કે " એકલો શું કરું ? એકલો શું કરું ?"

પિતાની સ્તુતિથી તૃપ્ત થતું મણિરાજનું હૃદય આ નિરાશાનું ચિત્ર જોઈ ખિન્ન થયું. તેના હૃદયનો અનુભવી પ્રધાન તે ચેતી ગયો અને બેદ્દશાને વ્યગ્ર કરવા બીજી કથા કરવા લાગ્યો.

" વીરરાવજી, આ મહાભવનનો ઇતિહાસ તમે સાંભળ્યો હવે ઉઠો અને તેના મર્મભાગ જુવો અને સમજો."

સઉ ઉઠ્યા. આગળ મણિરાજ અને વિદ્યાચતુર અને પાછળ અન્ય મંડળ ચાલ્યું. કુરુક્ષેત્રની એક પાસ પાંડુભવન હતું તેમાં સઉ પેઠા.

એ ભવનમાં પેસતાં સામે પાણ્ડુરાજાની અને એની આશપાશ તેની બે રાણીઓની પ્રતિમાઓ આરસની હતી. પાણ્ડુમૂર્તિના સિંહાસનની આગલી પાસ સુવર્ણલેખ હતો.

" આપત્કાળે રાજાઓ રાજ્યયોગ શાથી પામે છે ? પ્રથમ રાજ્ય ધરનાર
' દેહ જોઈએ—જેનાથી રાજવંશ વૃદ્ધિ પામે. આ પ્રત્યક્ષ દેહવાલો દેહી
" ધૃતરાષ્ટ્ર અન્ધ છે અને તેનો નહાનો ભાઈ શૌર્યાદિક્ષાત્રકલાસંપન્ન
" રાજત્વ ગુણ છે તે દેખતો છે, સમર્થ છે, અને નહાનો ભાઈ છતાં તે જ
" રાજ્યનો યોગ પામે છે. રાજ્યયોગકાળે પરાક્રમઅંગ તે આ જ પાણ્ડુ-
" રાજા છે અને રાજત્વગુણની વંશવૃદ્ધિ એના જ વંશમાં છે. મલ્લરાજના
" અનુયાયી રાજ્યાધિપો એ રાજાનું સત્વ સાચવશે તો નશ્વર સંસારમાં
" તેમનું રાજત્વ જીર્ણોદ્ધાર પામશે. રાજ્યયોગનો અધિકારી ધૃતરાષ્ટ્ર
" નથી—પણ પાણ્ડુ છે એ વાત નિત્યસિદ્ધ છે."

એક પાસની ભીંત ઉપર મણિરાજે કોતરાવેલો અંગ્રેજી લેખ હતો.—

" Spirit of Acquisition and Growth ! Thou wert
' born to acquire and to grow and not to enjoy.
" Thou wert born for Duties and not for Rights !
" Attempt not to rest from Duties and enjoy any
' Rights. Power is the sweet charmer by thy side,

" and awful will be the moment that will tempt thee
" to her embraces. For, beware if warning can avail it
" against thy frailty, the moment of thy Fruition of
" her charms will also be the moment of thy Death!
" Great spirit of Dominating Growth! Thy moment
" of Fruition of Power will mean the moment of thy
" disappearance! So disappeared King Pandu the
" moment he rushed into the arms of fair Madri!"

સામી ભીંતે ટુંકો લેખ હતોઃ—" રાજાઓને ભોગ નથી, ધર્મ છે. ભોગ-
" વિલાસનો પ્રથમ ચમત્કાર પાણ્ડુરાજાએ યમની તરવારમાં દીઠો. ૨-
" ત્નનગરીના રાજ્યાધિપો! આ કથા ભુલશો માં!"

વીરરાવ સર્વ વાંચી એક પાસ ઉભો. " શું આ વાર્ત્તામાં આવું રૂપક છે?
" આ ઉપદેશ પાળનાર રાજા મ્હેં હજી સુધી દીઠો નથી. જો રત્ન-
" નગરીમાં એ નિયમ પળાતો હોય તો વીરરાવ એક જણની પાસે
" પોતાના ઉદ્ગાર પાછા ખેંચી લેવા બંધાયલો છે."

મણિ૦—વીરરાવ, આપણે આ ભવન જોવા આવ્યા છીએ. હું રંક બાળક એ ભવનના મહાન ઉચ્ચગ્રાહને પામ્યો છું કે નહી તે જોવા નથી આવ્યા. અમારા ઉચ્ચગ્રાહના ઉચ્ચાર જેટલા મ્હારા આચાર છે એવું માનશો માં. મને બાકી એટલું અભિમાન છે કે વૃદ્ધ મહારાજ એ આચારની સીમાને પ્હોચ્યા હતા. વળી આ મ્હારે નામે લખાયલા ઉદ્ગારમાં જીવ મુકનાર મ્હારા ગુરુ પ્રધાનજી છે એટલે એ ઉદ્ગારની શક્તિપણ મ્હારી સમજશો માં.

વીર૦—જે વિનય મ્હારા વંશને દુર્લભ છે તે આપણામાં પળે પળે દેખું છું. રાજકુળમાં જન્મ પામ્યાનો મહિમા હું આજ પ્રથમ પ્રત્યક્ષ કરું છું.

મણિ૦—હું વિનયવાક્ય બોલતો નથી. સત્ય બોલું છું.

વીર૦—આપ આપના હૃદયમાં જે સત્ય માનો છો તે જ બોલોછો. આપનો વિનય હૃદયનો છે, કેવળ વાણીનો જ નથી.

ચંદ્ર૦—મહારાજ, રાજયોગનું અંગ પાણ્ડુરાજાને ગણોછો તેવા યોગની અશક્તિને આ કાળે આમાંથી દેશી રાજાઓએ શો ઉપદેશ લેવો?

મણિ૦—વૃદ્ધ મહારાજના ઉપદેશમાત્રના આધાન પ્રધાનજી હતા. આપના પ્રશ્નનો ઉત્તર પેલા ગ્રન્થમાંથી મળશે. એ ગ્રન્થમાં પ્રધાનજીએ વૃદ્ધમહારાજના વિચાર લખેલા છે

મલ્લમહાભવનનો મન્ત્રી એક ગ્રન્થ એક ટેણલપરથી લાવ્યો અને તે ઉઘાડી એક ભાગ ચન્દ્રકાન્તને આપ્યો તેમાં વિદ્યાચતુરના હાથનો એક લેખ હતો કે " રાજ્ય એટલે પૃથ્વી એવું મલ્લમહારાજ સમજતા ન હતા. તેમની ઉદારબુદ્ધિમાં પૃથ્વી તૃણતુલ્ય હતી. રાજ્ય એટલે રાજત્વ અથવા રાજગુણોનો સમુદાય એવી તેમની બુદ્ધિ હતી. જેમ પૃથ્વી ઉપર એકલાં જાળને બળે તૃણ પોતાને કાળે ઉગેછે તેમ પૃથ્વી ઉપર એકલા રાજત્વને બળે રાજસત્તા યોગ્ય ઋતુમાં ઉગેછે. એ સત્તાને લોક રાજ્ય કહેછે, પણ સત્ય જોતાં રાજત્વ સામાન્ય મનુષ્યો કરતાં રાજાઓમાં વિશેષ છે, અને રાજશબ્દ ઉપરથી થયેલું રાજત્વ, તે જ રાજ્યનો અર્થ છે. પૃથ્વી.તો થયલા અને થનાર રાજાઓની ધર્મશાળા છે, ક્ષેત્ર છે. રાજત્વ તે ધર્મશાળામાં નવી નવી પ્રજાઓને ભરેછે. રાજત્વ તે ક્ષેત્રમાં સત્તાનો ફાલ ભરેછે. મ્હોટા ક્ષેત્રમાં પાક ઓછો થાય અને નહાનામાં ઘણો થાય. તેમ પૃથ્વીનો વિસ્તાર ઓછો હોય એવા નહાના પ્રદેશમાં મ્હોટા પ્રદેશ કરતાં વધારે ફળ ભરનાર રાજત્વ વધારવું તે પણ રાજ્ય વધારવા જેવું જ છે. ઇંગ્રેજી સામ્રાજ્યનાં અંશભૂત દેશી સંસ્થાનોમાં આમ રાજત્વ વધે તો તેપણ રાજ્યયોગની જ વૃદ્ધિ છે. માણ્ડલિક રાજાઓની આ વૃદ્ધિ ચક્રવર્તીને લાભકારક છે, અને આવી રાજ્યવૃદ્ધિ કરવામાં દેશી રાજાઓ નહી ફાવે તો તે દોષ ચક્રવર્તીનો સમજવો નહી, પણ દેશી રાજાઓ ઉપર માદ્રીએ ઉપજાવેલા મોહનું જ તે કાર્ય સમજવું."

ચંદ્રકાન્ત આ ઉત્તરથી સજડ થઈ ગયો, વીરરાવનો ઉન્માદ શિથિલ થઈ ગયો. ઉભય ગૃહસ્થો જિજ્ઞાસાના જ સેવક થઈ ગયા.

ચંદ્ર૦—આવાં પુસ્તક કેટલાં છે ને તેનો શો ઉપયોગ થાય છે ?

વીર૦—આ જમણા ખુણામાં મ્હોટું આસન શા ઉપયોગમાં આવે છે ?

વિદ્યા૦—પ્રત્યેક ભવનમાં આવાં પાંચ પુસ્તકો હોય છે. એક પુસ્તકમાં વૃદ્ધ મહારાજની સૂચનાઓ સ્મરણમાં આણી હું લેખ લખું છું. બીજા પુસ્તકમાં આયુષ્માન્ મહારાજ—પોતાના વિચાર, અનુભવ, અને વિદ્યા વધેછે તેમ તેમ પોતાના ભાવી કાળના અને અનુયાયીઓના ઉપયોગને માટે—પ્રસંગે પ્રસંગે લેખ લખે છે. ત્રીજું પુસ્તક કોરું છે તે ભરવાનું રત્નનગરીના ભાવી રાજાએ. ચોથું પ્રધાનોએ પોતાના અનુભવ લખવા માટે. અને પાંચમામાં આ ભવનનો સાક્ષર મન્ત્રી આ ચારે પાસની પુસ્તકશાળામાનાં પુસ્તકોમાંથી ઉતારા, સૂચન, વગેરે મહારાજશ્રીના ઉપયોગને માટે, સંક્ષેપમાં લખે છે. આ જમણા ખુણામાં મહારાજશ્રીને માટે વિચારણાસન છે. આ મહાભવનના પ્રત્યેક ભવનમાં આ જ મન્ત્રી, આવાં પુસ્તક, અને આવાં આસન છે.

પાણ્ડુભવનનાં પુસ્તકો આ ભવનનાં જ વિષયને સંબંધે છે. આ પુસ્તકોમાં આ ભવનના જ સૂચવેલા વિષય વિચારાય લખાય છે. વિચારણાસન ઉપર દિવસમાં અમુક કાળે બેસવું, આ ગ્રન્થો અને લેખો વિચારવા અને વધારવા, રાજ્યમાં ઉદ્‌ભવતા પ્રસંગો આ ભવનના વિષયને લગતા હોય તો તે આ ભવનના જ લેખોને વશ રહી તેના જ સાધનથી વિચાર અને આચારના માર્ગ શોધવા, અને આ ભવનના લેખોની આજ્ઞાઓ પોતાથી અને પોતાના સેવકોથી કેટલી પળે છે અને કેટલી નથી પળતી તેના સૂક્ષ્મ વિચાર કરી આત્મપરીક્ષામાં જાગૃત રહેવું—એટલું કામ આ વિચારણાસન ઉપર અદ્‌વાડીયામાં યોગ્ય સમયે બેસી મહારાજ સ્થિર મનથી કરે છે. આ મહાભવનના પ્રત્યેક ભવનનો આમ વારો આવે છે.

ચંદ્રકાન્ત અને વીરરાવ અન્યોન્યના સામું જોઈ રહ્યા. અંતે કુન્તીની મૂર્તિનીચેનો લેખ વાંચવા લાગ્યા. "ધૈર્ય અને ક્ષમાની મૂર્તિ! મહત્ દુઃખોમાં પુત્રોએ યુગના યુગ ક્રહાડ્યા, તે કાળે તહેં ધૈર્ય કે ક્ષમા ખોઈ નથી. રાજ્યકાર્યને સિદ્ધ કરવા, તહારા પાંચ પુત્રોને પરિપાકદશામાં આણવા, અસ્તમાંથી ઉદય જોવા, જે ધર્મતપની આવશ્યકતા છે તે તહે તપેલું છે. તહારા વિના કોઈ રાજ્યમાં પાણ્ડવોનો જન્મ નથી, ઉદય નથી, સિદ્ધિ નથી."

આ ખંડમાંથી સર્વ બહાર નીકળ્યા અને જોડેના ખંડમાં ગયા. જતાં જતાં વિદ્યાચતુર બોલ્યોઃ "પાણ્ડુભવન રાજ્યયોગનું સાધન છે. બાકીનાં ભવન રાજ્યક્ષેમનાં છે. રાજ્યના યોગક્ષેમની એ વ્યવસ્થા છે. અલભ્યનો લાભ તે યોગ—લબ્ધનું પાલન તે ક્ષેમઃ अलभ्यलाभो योगः स्यात् क्षेमो लब्धस्य पालनम्. પાણ્ડુરાજાવિના રાજ્યયોગ નથી, પાંડવકૌરવાદિની યોગ્ય સંસ્થાવિના રાજ્યક્ષેમ નથી. એ ક્ષેમને માટે શુદ્ધ રાજત્વના ક્ષેત્રમાં દેવોના પ્રસાદથી ઉત્પન્ન થયલા ગુણરૂપ પાણ્ડવો છે તેનાં આ પાંચ ભવન આ પાસ છે. સ્થૂલ અંધ નૃપદેહરૂપ, ધૃતરાષ્ટ્રથી જન્મેલા રાજ્યતન્ત્રરૂપ રાજ્યકાર્યરૂપ—કૌરવો અને તેના સહાયકોનાં ભવન પાંડવભવનોની સામે છે. રાજ્યક્ષેમના દેહમાં જ્ઞાનેન્દ્રિયના સમૂહને ધરનાર ઉત્તમાંગ—મસ્તકરૂપ—આ પાણ્ડવભવનો છે અને કર્મેંદ્રિયના સમૂહ બાકીના દેહરૂપ આ બાકીનાં ભવન છે. કર્મેન્દ્રિયો ઉપર બળ વાપરવાનાં અધિકારિ જ્ઞાનેન્દ્રિયો જેવાં રાજ્યાવયવોમાં જ્યેષ્ઠ અને શ્રેષ્ઠ-જે ધર્મ તે ધર્મનું આ ધર્મભવન પાણ્ડુભવનની જોડે જ રચેલું છે.

ધર્મભવનમાં યુધિષ્ઠિરની પ્રતિમા પાસે સહુ આવી ઉભા. એટલામાં વિદ્યાચતુરે આટલું દિગ્દર્શન કરાવી દીધું.

યુધિષ્ઠિરની ગંભીર મૂર્ત્તિના ચરણ નીચેના આરસાની તકતીમાં સુવર્ણલેખ હતો.

" ગૃહસંસારથી આરંભી રાજ્યસંસારના શિખર ઉપર ચહડતાં મલ્લ-
" રાજને એક જ પદાર્થમાંથી સ્વસ્થતા જડે છે. તે પદાર્થ તે ધર્મ. આજ
" કાલ શૈવ વૈષ્ણવ ખ્રિસ્તિ મુસલમાન આદિ મતમતાંતરવાચક શબ્દોમાં
" જણાતા મમતામૂલક ધર્મસાથે ધર્મરાજના ધર્મને લેવાદેવા નથી. સર્વ
" પ્રજાઓને, સર્વ દેશમાં, સર્વ યુગમાં, સામાન્ય પૂજનીય ધર્મ તે ધર્મરાજનો
" ધર્મ છે. રાજ્યયોગ સિદ્ધ કરી રાજ્યક્ષેમની વાસના રાખનાર આર્ય પાણ્ડુ-
" મહારાજે જ્યેષ્ઠ પુત્રને સ્થાને ધર્મને માગ્યો છે ને મલ્લ પણ એજ માગે છે.
" દ્રૌપદીવસ્ત્રહરણ કાળે સર્વ પાણ્ડવો આત્મસ્થ પ્રત્યક્ષ સ્થૂલાદી બળ નિવારી
" દેખીતા અતિયોગ્ય ક્રોધવૈરાદિ વિકારોને સંયમી, માત્ર જ્યેષ્ઠબન્ધુ ધર્મરા-
" જની આજ્ઞાને વશ રહી, સર્વ અન્ય પદાર્થના ત્યાગી થયા. મલ્લ પણ
" પોતાના રાજ્યમાં, દેહમાં, અને વંશમાં એજ પરિણામ ઇચ્છે છે ! એ ધર્મનું
" સ્વરૂપ જાણવું હોય તે વ્યાસમુનિના અક્ષરતીર્થ કાવ્યમાં સ્નાન કરી પવિત્ર
" થાય. ધર્મ જ જીવતે દેહે સ્વર્ગ પામે છે. ધર્મ જ જાગે છે. રાજ્યભારમાં
" સ્વસ્થ નિદ્રા પણ ધર્મને જ છે. અધર્મની શય્યામાં સુનારને કાંટા જ છે."

પ્રતિમાનીચેના સ્તમ્ભની આગલી પાસ આ લેખ હતો. બીજી બે પાસ મહાભારતમાંથી શ્લોક હતા.

એક પાસ લખ્યું હતું. "વાંચનાર! પાણ્ડુરાજાએ કુન્તી પાસે ધર્મરૂપ યમ-
" દેવનું આવાહન કરાવી ધર્મરૂપ જ્યેષ્ઠ પુત્ર પ્રથમ માગ્યો તે શું કહીને ?

"अद्यैव त्वं वरारोहे प्रयतस्व यथाविधि ।
' धर्ममावाहय शुभे स हि लोकेषु पुण्यभाक् ॥ १ ॥
"अधर्मेण न नो धर्मः संयुज्येत कथञ्चन ।
"लोकश्चायं वरारोहे धर्मोऽयमिति मन्यते ॥ २ ॥
"धार्मिकश्च कुरूणां च स भविष्यति न संशयः ।
"धर्मेण चापि दत्तस्य नाधर्मे रंस्यते मनः ॥ ३ ॥
"तस्माद्धर्मं पुरस्कृत्य नियता त्वं शुचिस्मिते ।
"उपचाराभिचाराभ्यां धर्ममावाहयस्व वै ॥ ४ ॥ "

બીજી પાસ લખ્યું હતું.

" પાણ્ડવોમાં જયરૂપ અર્જુન પોતે ધર્મનીજ આજ્ઞામાં છે, ધર્મના બળ-
" થી જ જયની આશા રાખે છે, અને ધર્મમાં જ શ્રદ્ધા રાખે છે. તે શું કહે

" છે ? ધર્મરાજને પોતાને શત્રુપણાથી વ્યસન જોઈ ગળ્યુન ધર્મને ધર્મનું
" ળ દર્શાવી સ્તવે છેઃ—

" प्रज्ञयाऽभ्यधिकान् शूरान् गुणयुक्तान् बहूनपि ।
" जयन्त्यल्पतरा येन तन्निबोध विशाम्पते ॥ १ ॥
" तत्र ते कारणं राजन् प्रवक्ष्याम्यनसूयवे ।
" नारदस्तमृषिर्वेद भीष्मद्रोणौ च पाण्डव ॥ २ ॥
" एवमेवार्थमाश्रित्य युद्धे देवासुरे ऽब्रवीत्
" पितामहः किल पुरा महेंद्रादीन् दिवौकसः ॥ ३ ॥
" न तथा बलवीर्याभ्यां जयन्ति विजिगीषवः ।
" यथा सत्यानृशंसाभ्यां धर्मेणैकेन चानघ ॥ ४ ॥
" ज्ञात्वा धर्ममधर्मं च लोभं चोद्यममास्थिताः ।
" युध्यध्वमनहंकारा यतो धर्मस्ततो जयः ॥ ५ ॥"

भीष्मपर्व.

ભવનમન્ત્રીએ પ્રધાનના પુસ્તકમાંથી એક પાનું ઉઘાડી બતાવ્યું; વીરરાવે મ્હોટેથી વાંચ્યું.

"The highest sense of Duty and unflinching obedience to the Highest Principles of the Eternal Code of Morality which can illumine the Soul of the humblest and the highest for the weal of the world :— these have the *first right* to command and control Intelligence, Power, and All! So sang the Indian Sage and Bard, and lucky is the nation where He will be obeyed."

વીર૦—આ બધા માનસિક મન્ત્રમાં રાજકીય વિષય શો છે ?

વિદ્યા૦—આ યુધિષ્ઠિરભવનમાં ધર્મરાજની મૂર્ત્તિપાછળ તમે જુવો છે. તેમાં થઈને પાછળ પાંચાલીભવનમાં જવાય છે. પાંચાલી પ્રજ્ઞાદેવી—તેના પતિઓ એટલે પાલકો પાંચ પાંડવો છે. એનું પાલન કરનાર પતિઓમાં જ્યેષ્ટ ધર્મરાજા છે. જેને તમે ધર્મનો માનસિક મન્ત્ર કહો છો તે ધર્મરાજાને મન પાંચાલીના કરતાં વધારે પ્રિય છે. તે મૂર્તિના ચરણુની-ચેના લેખથી તમે જુવોછો. પાણ્ડુભવનમાં તમે એક વિચારણાસન જોયું તેને હેઠાણે આ ભવનમાં ત્રણ ખુણામાં ત્રણ વિચારણાસન છે અને ચોથામાં પુસ્તકો છે. એક વિચારણાસન ઉપર બેસી ધર્મરાજા ઉપર દૃષ્ટિ કરી મહારાજ

માનસિક ધર્મના વિચાર તેમ આચારની રાજ્યસંબંધમાં વિચારણા કરેછે. આ રાજ્ય અને પરરાજ્ય વચ્ચે, પોતાના જીવનને માટે, અને પોતાના કુટુંબને માટેના ધર્મવિચાર એજ આસનમાં થાય છે. ત્યાર પછીના ખુણામાં બીજું વિચારણાસન છે ત્યાં બેસી મહારાજ રાજસેવકોના ધર્મ શોધે છે, રચે છે, અને પોષેછે. મહારાજ યુધિષ્ઠિર વ્યૂહરચનામાં કુશળ હતા. સૈનિક—military—તેમ સભ્ય—civil—રાજસેવકમાત્રની વ્યૂહરચનાના સંબંધની આજ્ઞાઓ આ જ આસનની વિચારણામાંથી જન્મે છે, સર્વ સેવકોના ધર્મ અને તેમની સ્વધર્મનિયન્ત્રણા—Discipline—ના રશ્મિઓને (reins-લગામોને) આ સ્થાનમાં જ યમરાજના જેવી ઉગ્ર દૃષ્ટિથી મહારાજ ખેંચી રાખે છે અને રાજ્યધર્મના અશ્વ જેવા સેવકોનું પાલનનિયમન કરેછે. ત્યાર પછીના ખુણામાં ત્રીજું વિચારણાસન જુવો છો ત્યાં બેસી મહારાજ, પ્રજામાં રહી પ્રજાના શત્રુ જેવા થતા અપરાધીઓના—અને પરસ્પરબન્ધુત્વ ભુલી વિગ્રહમાં પડતા વાદીપ્રતિવાદીઓના— ધર્મ શોધે છે, રચે છે, અને એ રચના પ્રમાણે તીવ્ર ન્યાય થાય છે કે નહી તે તોળે છે અને તે તુલના પ્રમાણે ન્યાય્ય આજ્ઞાઓ કરી પ્રજાને સ્વસ્થ કરે છે. પ્રત્યેક આસન ઉપર વિચાર કરી પાંચાલીભવનમાં મહારાજ જાય છે. એ પ્રિયતમા મહારાજના આ પ્રયત્નથી પ્રસન્ન થશે કે નહી અને થઈ કે નહી તે વાત મહારાજ આતુરતાથી જાણી લે અને એ પ્રિયતમાના પ્રેમાસ્પદ થાય એ લોભ ધર્મરાજની આ પાંચાલીની દૃષ્ટિના પ્રસાદમાંથી મહારાજના સાત્વિક અન્તઃકરણમાં પ્રસરે એટલા માટે વૃદ્ધમહારાજે કરેલી યોજના આ ભવનમાં તમે પ્રત્યક્ષ કરો છો.

વીર૦—Happy is the man who comes to this nobly conceived hall and bows in deep humility to the high and sacred thoughts it fills one with ! A thousand blessings from this poor heart of mine flow towards your Highness as I witness this stern and holy ideal and its fullest, clearest expression.

વીરરાવે મણિરાજના હાથને બળથી ડામ્યો.

ચંદ્રકાંત વીરરાવના કાનમાં બોલ્યોઃ " Mind you, you are treating a prince like a private man quite mannerlessly ! ".

વીરરાવે પણ કાનમાંજ વાત કરી; " Damn your etiquette

where I simply give a clear form to my admiration! Is not a prince a *man*?"

ચર્પટ—"You are rude, whether you are pleased or pained—like a dog that barks and bites or fawns and licks!"

મણિરાજના વચને આ ગુપ્ત વિગ્રહનો અંત આણ્યો અને સહુ તેના શ્રવણમાં વ્યાપૃત થયા.

મણિ૦—વીરશ્રવજી, આ સર્વ વિચારણાસનમાં બેસુંધું ત્યાં ધર્મરાજનું દર્શન મ્હારા ચિત્તમાં અનેક મન્ત્ર મુકે છે, મ્હારા અભિમાનને શાન્ત કરી નાંખે છે, અને જે ધર્મ પાળવા તેમની તીવ્ર આજ્ઞા પ્રત્યક્ષ થાય છે તે ધર્મ પ્રીયે એ જાણવાની આતુરતા થતાં, પ્રથમ પુછું છું આ ચારે પાસ લટકતી પુસ્તકશાળાને, પછી પુછુંછું દેશકાળને, પછી પુછુંછું મ્હારા રાજ્યના અનુભવને અને તેનાજ હિતને, અને પછી પુછુંછું મ્હારા રંક હૃદયને. વૃદ્ધ મહારાજે જે ગ્રંથિ બતાવેલી છે અને એવી રીતે વિચારેલો શોધેલો ધર્મ રાજ્યને હિતકર છે એવું મનાવનારી શ્રદ્ધા વિરાટની સભામાં મહાત્મા મહાબુદ્ધિવાન શરે અર્જુને ધર્મરાજનું અભિજ્ઞાન કરાવતાં કહેલાં વાક્યોમાંથી જન્મતી જોઉંછું.

ભવનમન્ત્રીએ મણિરાજના પુસ્તકમાંથી એ શ્લોક કઢાડી એના હાથમાં મુકયા અને મણિરાજે જાતે તે વાંચ્યા.

"इन्द्रस्यार्धासनं राजन्नयमारोढुमर्हति ।
ब्रह्मण्यः श्रुतवांस्त्यागी यज्ञशीलो दृढव्रतः ॥
एष विग्रहवान् धर्म एष वीर्यवतां वरः ।
एष बुद्ध्याधिको लोके तपसां च परायणः ॥
एषोऽस्त्रं विविधं वेत्ति त्रैलोक्ये सचराचरे ।
न चैवान्यः पुमान् वेत्ति न वेत्स्यति कदाचन ॥
दीर्घदर्शी महातेजाः पौरजानपदप्रियः ।
पाण्डवानामतिरथो यज्वा धर्मपरो वशी ॥
महर्षिकल्पो राजेन्द्रः सर्वलोकेषु विश्रुतः ।
बलवान् धृतिमान् दक्षः सत्यवादी जितेन्द्रियः ॥
अस्य कीर्तिः स्थिता लोके सूर्यस्येवोद्यतः प्रभा ।
संसरन्ति दिशः सर्वा यशसोऽस्य द्विबांशवः ॥

एष वृद्धाननाथांश्च पङ्गूनन्धांश्च मानवान् ।
पुत्रवत्पालयामास प्रजा धर्मेण वै, प्रभुः ॥
एष धर्मे दमे चैव क्रोधे चापि जितव्रतः ।
महाप्रसादो ब्रह्मण्यः सत्यवादी च पार्थिवः ॥
एष धर्मपरो नित्यमनृशंसश्च पाण्डवः ।
कथं नार्हति राजार्हमासनं पृथिवीपते ॥ ”

મણિ૦—વીરરાવજી, આવા સૂક્ષ્મ અને માર્મિક ધર્મના જ્ઞાનનું રહસ્ય સમજ્યા વિના દીર્ઘદૃષ્ટિ નથી, સત્ય અને નિત્યબળ નથી, સ્વસ્થતા નથી; લોકનું કલ્યાણ નથી; અને રાજાનું રાજત્વ નથી. પાંચે પાણ્ડવોમાંથી એક જ જણ પિતામહના બોધનો અધિકારી ઠર્યો હતો તે કોણ ? મહારાજ ધર્મ રાજા. પાંચે પુત્રોમાં પાણ્ડુ મહારાજે પ્રથમ ઇચ્છ્યો તે કોણ? ધર્મ. એ ધર્મના ઉચ્ચગ્રાહ હું પળે પળે શોધું છું અને મ્હારા ચરણ તે શોધમાં થાકી જાય છે ત્યારે વૃદ્ધમહારાજને સ્મરી તેમની ક્ષમા માગું છું—કારણ તેમના પવિત્ર આસન ઉપર બેસવાની મ્હારી યોગ્યતામાં ન્યૂનતા આ ધર્મભવનમાં મને અનેકધા દીસી આવે છે અને એક બાળકના જેવું મ્હારું હૃદય થઈ જાય છે. ધર્મપાલનમાં આમ હૃદય કમ્પે છે, એ પાલનમાં મ્હારી પોતાની અશક્તિ કે દુર્વૃત્તિ અથવા અન્ય સ્થાનથી આવેલી વિપત્તિ વિઘ્ન નાંખે છે ત્યારે વૃદ્ધ મહારાજે ધર્મની સ્તુતિ રચાવેલી છે તે સાંભળી ધૈર્ય પામું છું.

ભવનમન્ત્રીએ પુસ્તકમાંથી તે સ્તુતિ કૂહાડી અને મણિરાજે કરેલી સંજ્ઞા ગ્રહી વાંચવા માંડી.

“ રાજ્ય પિતાતણું ના જ મળ્યું ! મળતાં છીનવે શઠ દ્યૂતકળામાં !
લાખનું મન્દિર ! દ્રૌપદીવસ્ત્રહરા કુરુરાજની દુષ્ટ સભામાં !
તે સ્મરતાં પ્રિય બન્ધુચતુષ્ક ઉંચા ઉછળે ગુરુવૈરથી ક્રોધે !
તે સહુ શાન્ત રહી જ જુવે યમસુત, ધરે મન ધર્મપ્રબોધે !
પાંડુસુતોનું અહિત વિચારી, કુલઘ્ન અધર્મ ભરે ઉરમાંહે;
જાળ રચે કુરુનન્દન કંઈ જ કળાથી દયાવણુ પાંડવકાજે ;
સુરઅસુરમુનિથકી આશ્રય શોધી તપસ્વિવિનાશ વિમર્શે;
એ અપકાર સટે ઉપકાર કર્યા યમનન્દનને જ પ્રકર્ષે !
દુષ્ટ અધર્મ ભરાવ જ ભૂતળ ઉપર ! પાપનું રાજ્ય પ્રવર્ત્તો !
નાશની જાળ રચાવ શિરે ! શિરઉપર દૈત્ય હસો કરી નૃત્યો !

ધર્મ તણા રણમાં ગભરાય ન એ થકી ધર્મ-યુધિષ્ઠિર એક !
ધર્મથી જન્મ, સ્વદેહથી સ્વર્ગ, ધરે નિજધર્મથી મલ્લ સ્વટેક !"

પદ્ય પુરું થતાં મણિરાજે ધર્મમૂર્ત્તિને નમસ્કાર કર્યા, અને ધર્મભવન તથા ભીમભવન વચ્ચે આવવાજવાનું દ્વાર હતું તે ભણી સર્વ વળ્યા.

વિદ્યા૦—પાંચે પાંડવભવનો વચ્ચે આવાં દ્વાર છે અને કુલજ્યેષ્ઠ ધર્મરાજા ચાર નહાના ભાઈઓને પુછ્યા વિના ધર્મનિર્ણય કરે નહી અને ચાર ભાઈઓ મ્હોટા ભાઈની આજ્ઞા વિના ડગલું ભરે નહીઃ એવું પાંચે ભાઈઓનું ઐક્ય કયારે જળવાય કે પરસ્પર દર્શનને માટે અને પૃચ્છા માટે સર્વને એક બીજાનાં ભવનમાં આવવા જવા આવાં દ્વાર હોય ત્યારે. તે જ પદ્ધતિથી સર્વ ભવનનાં વિચારણાસન ઉપર બેસી વિચાર કરી તે વિચારોને પરિપાકદશામાં આણવા અંતે આ દ્વારમાં થઈને મહારાજ ધર્મભવનમાં આવે છે, અને દ્વારે દ્વારે આટલો સંકેત લક્ષમાં રાખે છે.

સર્વે ભીમભવનમાં પેઠા અને ઉગ્ર ભીમપ્રતિમા પાસે આવી ઉભા.

વિદ્યા૦—ચંદ્રકાંત, વાયુપુત્ર ભીમસેનનું આ ભવન છે. પાંચાલી—પ્રજા—નું બળ સાચવનાર—Spirit of Protection, Prestige and Power—તે આ છે. મૂર્તિ નીચે વૃદ્ધ મહારાજનો લેખ વાંચ્યો.

"મલ્લરાજનું બળ એના સૈન્યમાં નથી. એનું સૈન્ય એના દેહને માટે નથી અને એના કુટુંબને માટે પણ નથી. રત્નનગરીની પાંચાલી પ્રજાને માટે એટલે એ પ્રજાના રક્ષણને માટે એ સૈન્ય છે, અને એ સૈન્ય એ પાંચાલીના પ્રાતિકાર્યમાં પ્રવૃત્ત થાય ત્યાં સુધી જ એ સૈન્યમાં બળ છે. એવા બળવાળા એ સૈન્યના આત્મારૂપ ભીમસેન ! અર્જુનનું બળ દૂરગામી અસ્ત્રમાં છે તો તારું બળ સમીપઘાતી શસ્ત્રોમાં છે. એ શસ્ત્રાસ્ત્ર માત્ર ચર્મચક્ષુ દેખે છે તે નથી, પણ હે વાયુપુત્ર ! તારા પિતા વાયુદેવના જેવો અદૃશ્ય સ્પર્શજ્ઞેય સર્વવ્યાપી અને પ્રાણદાતા એવો તારો પ્રતાપ છે. પાંચાલીનો ગુપ્ત પરાભવ કરનાર રાજ્યમાંના અંતઃશત્રુ કીચક—ઉપકીચક પેઠે તારા બાહુબળથી અંધકારમાં જ નાશ પામશે. એ સતીનો પ્રકટ પરાભવ કરનાર તારા જ રાજકુળના કુલાંગાર અંતઃશત્રુઓ તારી ગદાના પ્રકટ પ્રહારથી નાશ પામશે. બ્હારના રાક્ષસો સામે પણ તારું જ બળ સંહાર કરશે. પાંચાલી દુઃખ પામશે ત્યારે પ્રથમ આશ્વાસન તારા બળથી પામશે. ધર્મ-

---

૧ ઉત્ = ઉપરથી ફેંકવું—ઉપરથી ફેંકવાનું હથીયાર. ૨ શસ્ = કાપવું ઉપરથી કાપવાનું હથીયાર.

રાજા વિના તહારે માથે મ્હોટો ભાઈ નથી. પણ તેની આજ્ઞામાં રહી પાંચાલીના દુઃખનું નિવારણ કરવું અને વાયુપેઠે એના શત્રુઓનો સર્વતઃ સ્પર્શ કરવો એ તહારું કર્તવ્ય છે. માતાને, ધર્માદિ ચાર બન્ધુઓને, લાક્ષાગૃહમાંથી અને રાક્ષસોમાંથી ઉગારી બ્હારે લેઈ વાયુપેઠે વહનાર બળ તે તું જ છે.”

વિદ્યા૦—આ વૃદ્ધ મહારાજે લખાવેલો લેખ છે. લેખસ્તમ્ભની બે પાસ માત્ર ટુંકા જ લેખ છે.

“જ્યેષ્ઠ બન્ધુને પુછ્યા વિના ચાલીશ નહી” એવો લેખ ધર્મભવન ભણી હતો. “પાંચાલી પાછળ છે તેના ઉપર સતત દૃષ્ટિ રાખી તેના શત્રુઓ ભણી સર્વદા જાગૃત રહેજે” એવો લેખ બીજી પાસ હતો.

વિદ્યા૦—ધૃતરાષ્ટ્ર એ રાજાઓનો દેહ છે. દુર્યોધન એ રાજાના દેહને હાથે ઉત્પન્ન થયેલો, રાજાના શતપુત્રો—ભાયાતો અને મિત્રોના હાથમાં ગયેલો, રાજ-નય—Royal policy—છે. દુઃશાસન એ રાજાનો હાથમાં દુષ્ટ પ્રજાને શિક્ષા કરનારી દંડશક્તિ છે. આ ત્રણ પુરુષ ધર્મરાજાનું રાજ્ય ખુંચવી લેઈ, પાંચાલીનો જ પરાભવ કરવા પ્રવર્તે, ત્યારે આ ચર્મચક્ષુને સમીપ લાગતા આ શત્રુઓને માટે ગદારૂપ શસ્ત્ર લેઈ ભીમમૂર્ત્તિ ઉભી છે. આ ભવનનાં પુસ્તકોના લેખ એ વિષયોને ઉદ્દેશી છે. આ ખંડમાં તમે ચાર વિચારણાસન જોશો. પ્રથમ આસન ભીમમૂર્ત્તિની પાછળ છે તેમાં બેસી મહારાજ પોતાના ચારપુરુષો—spies—ની આ વિષયની વાતો સાંભળે છે; વર્તમાનપત્રો વાંચે છે, અને એ, એવી જાતનાં સાધનો વડે મૂર્ત્તિપાછળના દ્વારમાં દેખાતા પાંચાલીભવન પર દૃષ્ટિ નાંખી, પ્રજાનાં દુઃખો જોતા રહે છે, અને પોતાના દેહરૂપ ધૃતરાષ્ટ્રનાથી જાણ્યે અજાણ્યે તેમ દુર્યોધન-દુઃશાસનાદિ ધૃતરાષ્ટ્રના અનેક પુત્રોને હાથે પાંચાલીના કોમળ તનમનને ક્યાં ક્યાં વેદના થાય છે તે જોતા રહે છે, અને નગરચર્યાના વિચાર પણ ત્યાંજ ઘડાય છે. બીજું આસન આ ખુણામાં છે તેમાં બેસી વૃકોદરના પોષણનો વિચાર કરે છે. રાજ્યબળનું ઉદર પોષવાને, રાજ્યસેવકોનું ઉદર પોષવાને, અને દુઃષ્કાળાદિ કાળે એ ઉદર ભુખે મરે નહી માટે, અનેકધા મહાન્ અન્નરાશિ—દ્રવ્યરાશિ—જોઈએ તે સંચયની રક્ષા અને વ્યવસ્થા આ આસનમાં વિચારાય છે. અમારા રાજ્યના Store-keeper અને સેનાના Commissariat ની વ્યવસ્થા એ જ સ્થાને થાય છે. આ પ્રમાણે વિરાટ રાજાના બાઉધર રસોઈઆની આ સ્થાને સંભાળ લેવાય છે. દુર્યોધન અને દુઃશાસન આદિનાં ક્રીયાં ક્રીયાં અંગ પાંચાલીને

પીડા કરે છે તે પ્રથમ વિચારણાસનમાં વિચારાયું હોય છે. ત્રીજા આસનમાં એ વિચારના નિર્ણય પ્રમાણે ભીમસેનની ગદા ઉપડે છે. રાજ્યનું જે અંગ દુષ્ટ નીવડે તેને એ ગદા ચૂર્ણ કરે છે. કોઈકનો પગાર કપાતાં તો કોઈકની સેવા ખોવાતાં રાજસેવકો ભીમના ગદાપ્રહાર અનુભવે છે. મહારાજના ભાયાતો પર અને મહારાજની સેવકસેનાપર યોગ્ય પ્રસંગે આ ગદા દયાવિના પડે છે. મહારાજનું કુટુમ્બ પણ ધર્મરાજની આજ્ઞા લોપતાં કે પાંચાલીને પરાભવતાં આ ગદાથી ડરે છે. કેટલીક પ્હેડીઓથી રત્નનગરીમાં પ્રજાવત્સલ મહારાજે જ થયા છે. પણ પ્રજાને માટે શત્રુકર્મ કરવા, અથવા પ્રજારક્ત ભીમસેનને શતહસ્તીના બળથી ડામી નાંખવા, કોઈ કાળે આ સિંહાસનના ભાવી ધૃતરાષ્ટ્રને વૃત્તિ થાય તો તેને સુધારવા અને જ્ઞાનદૃષ્ટિ ઉપર આણવા તેની બાથમાં જીવતા ભીમસેનને સટે જ નાંખવા લોખંડના ભીમસેનો પણ આ જ આસનમાં ઘડાય છે અને પાંચાલીનું સૌભાગ્ય સંપૂર્ણ કલાથી પોષાય છે. રાજનયરૂપ દુર્યોધન અને દંડશક્તિરૂપ દુઃશાસન પાંચાલીની સેવા કરવાને સટે એના રૂપ ઉપર કુદૃષ્ટિ કરે તો તે નય અને દંડનાં એટલાં દુષ્ટ અંગ પ્રથમ આસનમાંથી દેખાતાં આ આસનમાંથી ભીમની ગદાને વશ થાય છે. ચોથા વિચારણાસનમાં બેસી મહારાજ પોતાની સેના અને સેવકોમાંથી સારો ભાગ ચાળી કુહાડે છે એટલે અન્ય આસનો ઉપર બેસી જેને પાંચાલીના શત્રુ ગણ્યા હોય તે વર્ગનો બહિષ્કાર કરી બાકીના વર્ગની ગણના કરે છે. તે પછી પ્રથમ આસનપર પાંચાલીનાં દુઃખનાં નિમિત્ત જે જે ગણ્યાં હોય અને જેનો પ્રતીકાર બીજા અને ત્રીજા આસન ઉપર ન વિચાર્યો હોય તેવા શત્રુઓને ગણી કુહાડે છે. પરરાજ્યોમાં થતા શત્રુઓથી અને દુષ્કાળ તથા વ્યાધિઆદિ શત્રુઓથી પાંચાલીનો જીવ કંપતો રહે છે તે સર્વ શત્રુઓનાં ગણિત આ જ આસન ઉપર બંધાય છે. તે પછી આ શત્રુઓની સાથે પ્રસંગ પડ્યે ગદાયુદ્ધ કરવા માટે બહિષ્કૃત સેના અને સેવકોને સજ્જ અને શક્તિમત્ કરવાના વિચાર આ જ ચતુર્થાસન ઉપર બંધાય છે. વાયુ જેવી સૂક્ષ્મ સતતગતિવાળા વાયુપુત્રના દર્શનથી આ સર્વ આસનો ઉપરના વિચારો પ્રોત્સાહન પામે છે, અને આ પુસ્તકશાળામાંથી અને અન્ય સાધનોથી આ વિચારો સપક્ષ થાય છે. આ સર્વ રહસ્ય આ ભવનમાં લખવાનાં પેલાં પુસ્તકોમાં છે.

ચંદ્ર૦—પરરાજ્યના શત્રુ સામે આ યુગમાં સેના તમારે શા કામની?

વિદ્યાચતુર હસીને બોલ્યો:—" આ યુગમાં વાદ્યુદ્ધ ચલવવાની કળા પ્રાપ્ત કરવી પડે છે અને પરરાજ્યો સાથે તથા સરકાર સાથે સ્વાર્થવિરો-

ધના પ્રશ્ન ઉઠતાં લેખ-આદિનાં શસ્ત્ર અને બુદ્ધિ તથા કલમની કળાઓ વાપરવી પડે છે તે વૃદ્ધ મહારાજની અનન્યબુદ્ધિના પ્રતાપથી આ ચતુર્થાસન ઉપર સજ્જ થાય છે.”

વીર૦—ત્યારે શું તમે સેના રાખતા નથી? અથવા રાખોછો તો શું કરવા?

વિદ્યા૦—ચક્રવર્ત્તી સમગ્રસામ્રાજ્યના શત્રુ સામે પ્રવર્ત્તે ત્યારે તેની સૈન્યગંગામાં અમો નહાનાં સંસ્થાનોની લઘુ સેનાનદીઓનાં જળ ભળે એ પ્રસંગને માટે અમે તત્પર રહીયે છીયે. ભાવી યુગમાં શું કરવું પડશે તે કલ્પાતું નથી પણ રાજ્ય છે તેના રાજત્વને અંગે જ નહાની સરખી સેના અથવા “ સશસ્ત્ર પ્રાંતરક્ષકો ”—armed police—અમે રાખીયે છીયે. તેને તેના યોગ્ય શસ્ત્રાસ્ત્રકળાથી સજ્જ અને શક્તિમત્ કરવા એ પણ આ ચતુર્થાસન ઉપર જ વિચારાય છે. સંક્ષેપમાં ધર્મરાજ્યની આજ્ઞાઓની અવજ્ઞા અટકાવવાનું કામ અને અંતઃશત્રુ કે બાહ્યશત્રુ દ્વારા કે વિપત્તિદ્વારા પાંચાલીના થયેલા અથવા થવાના પરાભવના પ્રતીકારનું કામ જે પ્રતાપ અને બળથી થાય તે સર્વ આ ભીમભવનના ચાર આસનમાં ઉદ્ભવ અને પરિપાક પામે છે અને આ પુસ્તકશાળા તેનું પોષણ કરે છે.

વીર૦—રાજસેવકો ઉપર ભીમની ગદા પડવા કાળ આવે છે ખરો?

વિદ્યા૦—રત્નનગરીના રાજસેવકો નીમતાં પહેલાં જ ઘણી સૂક્ષ્મ સંભાળ રાખવામાં આવે છે અને એમ છતાં પ્રસંગવશાત્ અથવા મનની નિર્બળતાથી ક્વચિત્ કોઈ સેવક પાંચાલીનું અહિત કે અપ્રિય કરે તો ભીમની વાયુગતિથી તે વાત ગુપ્ત રહેવા પામે નહી અને તેની ગદાથી મુક્ત રહી શકે નહી.

ચંદ્ર૦—રાજસેવકોનાં પાલન, શિક્ષણ અને દંડ આ ભવનમાં થાય છે, પણ તેમને અધિકારમાં પ્રવેશ કરાવે છે કોણ? પ્રવેશ પહેલાં તેમનું શોધન કરે છે કોણ?

વિદ્યા૦—તેનું શોધન થાય અર્જુનભવનમાં; તે પછી કુરુક્ષેત્રમાં આપ્ત મંડળની અને મન્ત્રીમંડળની યથોચિત સંખ્યાને આમંત્રણ કરી, સર્વ ભવનના વિચાર તે મંડળસાથે કરી, મહારાજ જ્યારે અધિકાર આપે છે. એકવાર અધિકાર પામેલા સેવકને આગળ વધારવો હોય તો જે ભવનના વિચારમાં એના અધિકારનો વિષય આવતો હોય તે ભવનમાં વિચારણા

કરી છેલ્લી આજ્ઞા ક્રમ કરવી તે ધર્મભવનને સોંપાય છે. હવે આપણે ન્યર્જુનભવનમાં જઈએ.

સર્વ તેમાં ગયા. ન્યર્જુનમૂર્ત્તિ રૂપિકેતન રથમાં આરૂઢ હતી અને એ ભવન સર્વથી મ્હોટું હતું. સારથિસ્થાને સ્મયમાન કૃષ્ણમૂર્ત્તિ હતી. રથના છત્રને અગ્રભાગે ફરીનારી ઉપર ચારે પાસ ફરતો ઇંગ્રેજીમાં ન્હાને અક્ષરે સુવર્ણલેખ હતોઃ—

"Hail! Glorious Spirit of Activity, Enterprise, and Progress! Unimpeded, Unbeaten, and All-Powerful! Proceed Forward ever and ever over land and sea and through Heaven itself! For Thou wast Heaven-born."

વિદ્યા૦—ચંદ્રકાંતજી, વૃદ્ધમહારાજને આ ભવન પ્રિયતમ હતું. આ ભવનમાં પાંચ વિચારણાસન છે—[1]યોગાસન, [2]નીતિઆસન, [3]ક્રિયાસન, [4]વિજયાસન, અને [5]વિભૂતિઆસન. કૃષ્ણ અને અર્જુન, નર અને નારાયણ, એ એના ઇષ્ટયોગથી આ પાંચ આસનના વિચાર સધાય છે. પોતાનાસહિત પાંચે પાંડવો અને પાંચાલીના જન્મહેતુ સફલ કરનાર રાજકીય પુરુષકાર—પુરુષપ્રયત્ન—તે અર્જુન અને સારથિ શ્રીકૃષ્ણ. ઈશ્વરકૃપાના સારથિપણા વગરના પુરુષકારને કાળાઓ પણ લુંટેછે.

વીર૦—પ્રધાનજી, આપનું રૂપક ક્લિષ્ટ થઈ ગયું—ક્લિષ્ટતાને પણ સીમા હોય છે. આટલી બધી વિચારણાઓ, ને શાંતિકાળની અને આજના ઇંગ્રેજી યુગની વ્યવસ્થાઓ, તે સર્વનો પણ તમે ભીમની ગદામાં અને ન્યર્જુનના તીરકામઠાંમાં સમાસ કરો તે તો અમારી બુદ્ધિ સહી શકતી નથી.

We should be fools without common sense to accept the pedantry of these far-fetched allegories. Surely our hoary Vyâsa had no idea of any of these your interpretations of his simple designs. I am quite sure the bard contemplated neither your Spirit of Prestige and Power, nor your Angel of Progress, when he penned his bulky volumes to bring into one place his heterogeneous mass of fictions, adages, and nursery tales—and, may be, experiences.

વધા૦—"વીરરાવજી, આ વાત છેક ઉતાવળ કરવાથી સુઝે એમ નથી.
"પ્રથમ તો વ્યાસ કવિએ ઐતિહાસિક અથવા કાલ્પનિક વ્યક્તિઓના જ્યંજ-
"નકાળે તેમનામાં રૂપક ગુણનું પણ સાથે સાથે આવાહન કરેલું હોય એમાં
" શું કાંઈ અસંભવિતતા છે? બીજું એક વાલ્મીકિના રામચંદ્રમાંથી કેટલા
" કવિજને કેટલા ભિન્નભિન્ન સ્વભાવવાળા રામ વર્ણવેલા છે? એ સ્વભાવ-
"વૈચિત્ર્યમાં શું એવા કેટલાક પરસ્પરવિધદૃક ગુણો નથી કે જે સાથે લાગા
"એક જણમાં ન હોઈ શકે? બરી વાત એ છે કે મહાકવિએ કરેલી એક
" કલ્પનાને કાળાંતરે અન્યકવિયો દેશકાળની અનુકૂળતા પ્રમાણ અનેક રૂપ
"આપેછે તેથી જ મહાકવિનું વીર્ય સફળ અને અમર થાય છે. એવા કવિ-
"યોનાં કાવ્યનો આત્મા આવીજ રીતે અનેક પુત્રોમાં અવતરે છે. એવા
"મહાકવિઓની કલ્પનાની વિભૂતિ તો આવી અનેક કલ્પનાઓના
"પ્રસવમાં જ છે.

"गृह्णन्तु सर्वे यदि वा यथेच्छम्
"नास्ति क्षतिः क्वापि कवीश्वराणाम् ॥
"रत्नेषु लुप्तेषु बहुष्वमर्त्यैः
"अद्यापि रत्नाकर एव सिन्धुः ॥

"મહાકવિનું રત્નાકરત્વ તેની પાસેથી રત્નો લેવાય અને તે રત્નોને અનેક
"નામરૂપ અપાય તેમાં જ છે. કાળ-મહાસાગરને તળીયેથી રત્નો શોધી
"વર્તમાન સૃષ્ટિમાં મુકનાર રત્નવ્યાપારીઓ તો કવિયો જ છે. એ રત્નોને
"નવા ગુણ આપનાર કવિજન પણ તેમ કરવામાં નિરંકુશ હોય છે.
"ત્રીજું આપણામાં જુના મુનિલોકે કાવ્યો કર્યાં અને નવા કવિલોકે
"કર્યાં તેમાં ભવભૂતિ એવો ફેર જણાવે છે કે **નવા કવિજનની વાણી**
"**અર્થને અનુસરે છે અને મુનિજનની વાણીને અર્થ અનુસરેછે.**
"મુનિલોકના પ્રાસાદિક ઉદ્ગાર એવા હતા કે તેમના મિતાક્ષરમાં અનેક
"સંસ્કારો ભરાતા અને વધતી બુદ્ધિને વધતા ચમત્કાર આપતા. તેઓ
"જે બીજાક્ષર મુકી ગયા છે તેમાં સૂક્ષ્મદર્શક બુદ્ધિને અક્ષરનો વૃક્ષ જડે
"છે. ગોલ્ડસ્મિથે તો લખ્યું કે Remote, unfriended, melan-
"choly, slow; એમાં slow શબ્દમાં ભરાયલા અર્થસંસ્કાર સમજ-
"વતાં એને ન સુઝયું તે ત્રાહીત ડાકતર જહાનસનને યથાર્થ સુઝયું. એ
"સર્વ સંસ્કાર લેખનકાલે કવિના મસ્તિકમાં અનિર્વચનીય રૂપે સ્ફુરતા
"હતા અને તે સર્વનો ગન્ધ slow શબ્દમાં આવ્યો. એ કાળ જતાં કવિની
"જ સ્મૃતિ જડ થઈ ત્યારે સત્પરીક્ષકે તે સર્વ સંસ્કારનું સ્વરૂપ એ શબ્દ-

---

૧ પ્રાચીન.

" રૂપ કુસુમકળીમાં સૂક્ષ્મદૃષ્ટિ નાંખી દેખાડ્યું. ભાટેજ અને વધારે સબળ
" કારણથી વ્યાસવાલ્મીકિના અક્ષરમાં વાણીને અર્થ અનુસરે છે અને
" અનુસરનાર અર્થ શોધવો એ એવા કવિની પૂજા કરવા જેવું છે અને
" એવા અર્થોનાં દર્શન કરાવવામાં લોકનું કલ્યાણ છે તે વૃદ્ધ મહારાજે
" ધ્યાનમાં રાખ્યું છે અને અમારું બીજું મંડળ તેમાં સાધક થયું છે."

વીર૦—(સ્મિત કરી) એ પણ સુન્દર કહ્યું. ચાલો ત્યારે એ દૃષ્ટિથી સમજવો. We shall see what Spirit of Progress you can spin out of old man Vyása. Only see that you don't make things too comical for my prosaic wits.

અર્જુનના રથના એક ચક્રની નાભિ ઉપર "નીતિ" શબ્દ લખેલો હતો અને બીજાની નાભિ ઉપર "ક્રિયા" શબ્દ હતો. તે દર્શાવતો વિદ્યાચતુર બોલ્યોઃ "આ મહાત્માનો રથ નીતિ અને ક્રિયારૂપ બે ચક્ર ઉપર ચાલે છે. તેનું સમાધાન અર્જુનને જે શ્લોક વડે પાંડુરાજાએ કુન્તીપાસે માગ્યો હતો તેમાંથી નીકળશે."

ભવનમન્ત્રીએ મણિરાજનાં પુસ્તકમાંથી એ શ્લોક કઢાવ્યા.—

"अतिमानुषकर्माणं यशस्विनमरिन्दमम् ।
नीतिमन्तं महात्मानमादित्यसमतेजसम् ॥
दुराधर्षं क्रियावन्तमतीवाद्भुतदर्शनम् ।
पुत्रं जनय सुश्रोणि धाम क्षत्रियतेजसाम् ॥ "

વિદ્યા૦—અર્જુનની નીતિ અને ક્રિયા કેઈ કેઈ અને કેવી કેવી હતી તેનો ઉત્તર રથધુરીના અગ્રભાગે બે અશ્વના મસ્તકોની વચ્ચે આ શૈપ્યપટ્ટમાં તામ્ર-સુવર્ણ અક્ષરથી લખેલો છે.

ત્યાં જઈ તે અક્ષરો સર્વ જોવા લાગ્યા.

" અર્જુનનો અવતાર થતાં કુન્તીને આ ગંભીર અશરીરવાણી પ્રત્યક્ષ
" થઈ હતી અને તેમાં અર્જુનની નીતિ અને ક્રિયાનાં સ્તોત્ર હતાં.

" अदित्या विष्णुना प्रीतिर्यथाभूदभिवर्द्धिता ।
तथा विष्णुसमः प्रीतिं वर्द्धयिष्यति ते ऽर्जुनः ॥
एष मद्रान् वशे कृत्वा कुरूंश्च सह सोमकैः ।
चेदिकाशिकरूषांश्च कुरुलक्ष्मीं वहिष्यति ॥
एतस्य भुजवीर्येण खाण्डवे हव्यवाहनः ।
मेदसा सर्वभूतानां तृप्तिं यास्यति वै पराम् ॥

ग्रामणीश्च महीपालानेष जित्वा महाबलः ।
भ्रातृभिः सहितो वीरस्त्रीन्मेधानाहरिष्यति ॥
एष युद्धे महादेवं तोषयिष्यति शंकरम् ।
अस्त्रं पाशुपतं नाम तस्मात्तुष्टादवाप्स्यति ॥
तथा दिव्यानि चास्त्राणि निखिलान्याहरिष्यति
विप्रनष्टां श्रियं चायमाहर्ता पुरुषर्षभः ॥

" મલ્લરાજ જે નીતિ અને ક્રિયાનાં બીજ આ વાક્યોમાં જુવે છે તે
" એના શોકને શાંત કરેછે અને એના હૃદયને આનંદ આપે છે. સર્વ
" પાંડવો દેવપુત્રો છે, પણ ઇન્દ્રનો પુત્ર તો ક્રિયાવાન્ અર્જુન જ છે. ધર્મ
" અને ભીમની તે આજ્ઞા પાળે છે પણ પાંચાલીને પ્રાપ્ત કરનારી ક્રિયા તો
" અર્જુનની જ છે. શ્રીકૃષ્ણ પાંચે પાંડવ અને છઠી પાંચાલીના સહાયક
" છે પણ તેમણે સારથિપણું તો ક્રિયાવાન્ અર્જુનનું જ કરેલું છે,
" ક્રિયાના પરમજ્ઞાનની ગીતા પણ તેને જ કહેલી છે, અને વિશ્વરૂપ પણ
" તેને જ પ્રત્યક્ષ કરાવેલું છે. રત્નનગરીના સિંહાસન ઉપર બેસનાર
" કાચ જેવા માનવી! પાંચાલીનો પક્ષપાત અર્જુન ઉપર જ છે, શ્રીકૃ-
" ષ્ણનો પણ તેમ જ છે, અને સર્વ પાંડવોના પ્રાણ પણ તેનામાં જ છે ! તે
" અર્જુનની નીતિ અને ક્રિયાનું પોષણ નહી કરો તો પુરુષરત્નોની જનની
" રત્નનગરી તમારી નથી તે અવશ્ય સમજજો અને મહાત્મા વ્યાસમુ-
" નિયે આ ક્રિયાવાન્ દેવસ્વરૂપનાં ભૂતભવિષ્ય કહેલાં છે તે રહસ્ય ધ્યા-
" નમાં રાખજો."

"वरुणं च कुबेरं च धर्मराजं च पाण्डव ।
शक्तो ह्येष सुरान् द्रष्टुं तपसा विक्रमेण च ॥
ऋषिरेष महातेजा नारायणसहायवान् ।
पुराणः शाश्वतो देवस्त्वजेयो जिष्णुरच्युतः ॥
अस्त्राणीन्द्राच्च रुद्राच्च लोकपालेभ्य एव च ।
समादाय महाबाहुर्महत्कर्म करिष्यति ॥ "

ભવનમન્ત્રીએ પ્રધાનનાં પુસ્તકમાંથી આ ભાગ ઉપરની ટીકા વાંચવા માંડી.

" અર્જુન શસ્ત્રના કરતાં અસ્ત્ર ઉપર વધારે પ્રીતિ રાખેછે. એનાં અસ્ત્ર
" જેમ દૂરગામીછે તેમ એ જાતે પણ દૂરગામી છે. એની ગતિ પોતાના રાજ્ય-
" બ્હાર છે, દેશબ્હાર છે, સમુદ્ર ઉપર છે, સ્વર્ગમાં છે. દૃષ્ટિ, નિપુણતા
" અને કર્મ એ ત્રણ અસ્ત્રને અર્જુન આગળ ફેંકે છે. જ્યારે દેશી

" રાજાઓ પોતપોતાનું સંભાળી બેસી રહે છે ત્યારે—અર્જુન સર્વદા આ
" ત્રણ અસ્ત્રને ગતિ આપ્યાં જ કરેછે. પૃથ્વીનું સર્વત્ર આચ્છાદન કરી
" દેનાર જલનિધિ વરુણ દેવને અર્જુન સુદૃષ્ટ કરી લે છે-જોઈ આવેછે-
" એની દૃષ્ટિ અને ગતિ વરુણના મહાસાગરની પેલી પાસ વધે છે.
" તેમજ સ્વર્ગના વસનાર—ધનપતિ—કુબેરને અને યમરાજ-ધર્મરાજને
" એ જોઈ આવે છે. અન્ય દેવો મનુષ્યનાં ભાગ્યના અને પ્રારબ્ધના
" અધિષ્ઠાતા છે તે સર્વને અર્જુન જોઈ લેછે. વિદ્યા-આદિ તપ અને
" પ્રવાસ આદિ વિક્રમથી આમ તે દ્રષ્ટા થાય છે. એ ક્ષત્રિયરૂપે પૂર્વ
" જન્મનો તેજસ્વી વિદ્વાન્ તપસ્વી બ્રાહ્મણ છે, ઋષિ છે. આ જગતની
" વૃદ્ધિમતી ક્રિયાનો એ પુરાણ અને સનાતન દેવ છે—He is the olt
" eternal Spirit of Progress. તે સર્વદા જય ઇચ્છે છે—
" જયેચ્છાથી પ્રવૃત્તિ કર્યા કરે છે—જિષ્ણુ છે. એ દેવનો માર્ગ રોકનાર
" શત્રુઓથી તે જીતાય એમ નથી. બ્રાહ્મણ દ્રોણ જ્યારે એનો માર્ગ
" રોકશે ત્યારે નારાયણના સાહાય્યવાળો આ નર—ઋષિ અજેય નીવડશે.
" વૃદ્ધપુરાણ પિતામહ એનો માર્ગ રોકશે ત્યારે પણ આ પુરાણોત્તમ પુરુષ
" જયવાન્ થશે. સૂર્યપુત્ર ઉદાર કર્ણ પણ આ મહાતેજથી તેજસ્વી નરવડે
" અસ્ત થશે. આ સર્વ ફળ પામવાને માટે આ ક્રિયાવાન્ રાજપુરુષ,
" સ્વર્ગમાં જઈ ઇન્દ્રપાસેથી, હિમાલય જેવા ગિરિરાજના શિખર ઉપરનાં
" અરણ્યમાં જઈ કિરાતરૂપ મહાદેવપાસેથી, સમુદ્ર અને પૃથ્વીપાર જઈ
" ત્યાંના દેવો અને લોકપાળ પાસેથી, અનેક દિવ્ય અસ્ત્રો મેળવશે અને
" મોટાં કર્મ કરશે. મલ્લરાજ અર્જુનનું આ માહાત્મ્ય સ્પષ્ટ જોતા
" હતા, અને એ અર્જુનની વૃત્તિ, શક્તિ, અને પ્રવૃત્તિ રત્નનગરીના રાજ-
" ગોમાં સનાતન વસે એવી સંભાળ રાખવા આ રાજ્યના પ્રધાનોને
" કહી ગયા છે અને આ પત્રદ્વારા કહાવે છે. એ પરમ આજ્ઞાને અનુસરી
" આ લેખ લખ્યો છે કે રત્નનગરીનાં રાજ્યરત્નોમાં અર્જુનની દૃષ્ટિ, જિ-
" ષ્ણુતા, અને ક્રિયા સનાતન વાસ કરે, અને આ સિંહાસનસ્થ વંશરૂપ
" પુરાણપુરુષ પાંચાલીના હૃદયના ઉચ્ચગ્રાહને ઉચ્ચતર લેતો લેતો શા-
" શ્વત વૃદ્ધિસમૃદ્ધિનો ભોક્તા થાય."

વિદ્યા—"Such, Mr. Virarav, is the Spirit of Pro-
" gress drawn by our late Master's hand, if not by Vy-
" asa. The Spirit stops not within Indian shores but
" invades with mighty enterprise all worlds at home

" and abroad with his ever-growing Vision, his ever-
" restless Agressiveness, and his all-absorbing Action,
" and triumphs over all that check the march of
" Progress. This is the दृष्टि, जिष्णुता, and कर्म, which the
" far-seeing Vyasa has preserved in his work like seeds
" for sowing future crops in the land where his
" mighty soul had sojourned."

વી૨૦—I think I must hold my tongue at least until we reach the end of this curious chapter of your political literature.

વિધા૦—હવે આ ભવનનાં આસન જુવો. રથના અશ્વની સામે, કુરુક્ષેત્રમાં જવાના દ્વાર આગળ આ યોગાસન છે. ત્યાંથી કૃષ્ણ ઉપર, અર્જુન ઉપર, બાજીનાં પાંડવભવન ઉપર, પાંચાલી ભવનમાં, અને સર્વ કુરુભવન ઉપર થોડી ઘણી દૃષ્ટિ પડેછે. યોગાસન ઉપર શ્રીકૃષ્ણે પાંડવો માટે કરેલીં સર્વ ચિન્તાના વિચાર કરવાના છે. પારદેશીય વિષયોમાં આ રાજ્યનો પ્રતાપ જાળવવા, આ રાજ્યની પ્રજા અને રાજ્યની વર્તમાન અને ભવિષ્ય સ્થિતિ સમૃદ્ધિ વધારવા અને પોષવા, જે જે વિચાર કરવા પડે તે સર્વ વિચાર કરવા આ યોગાસનમાં રાજયોગ સાધવો પડે છે. અર્જુનભવનનાં સર્વ આસનોમાં જે નીતિ અને ક્રિયા ઉછેરાય છે તેનાં બીજ આ આસનના યોગવડે રોપાય છે. એ બીજથી ઉગેલી વૃક્ષવાટિકાની વ્યવસ્થા અન્ય આસનોમાં થાય છે, પણ એ વ્યવસ્થાના સર્વ પ્રવાહ ઉપર આ આસનમાંનો યોગ દૃષ્ટિ રાખે છે. શાંતિ, ધૃતિ, શીઘ્રતા, સમયસૂચકતા, પ્રતિભા, સત્ય, ધર્મ, સદ્વૃત્તિનો વિજય, આદિ સર્વ સદ્દષ્ટિ અને સદ્વસ્તુના સાહાય્યથી, બુદ્ધિ અને અવલોકનના બલથી, રાજશક્તિના અધિકારથી, અને ઈશ્વરેચ્છાના સંધાનથી આ આસનમાં શ્રીકૃષ્ણપરમાત્માના ઉપદેશ પ્રમાણે યોગ રચાય છે, વિશ્વરૂપનું દર્શન યોગવિના થાય છે, ક્રિયારમ્ભે અને ક્રિયાકાળે અર્જુનના દ્વૈધીભાવનો નિરોધ થાય છે, ધર્મરાજના અતિધર્મ–Super-stitions-નો પ્રતિરોધ થાય છે, પાંચાલીનાં પટકુલ પુરાય છે, તેના સ્વામીના પુરુષકારનું સારથિત્વ થાય છે, અને સર્વ સજ્જન અને સદ્વસ્તુથી દેશમાં અને લોકમાં સદ્યુગ બેસાડવામાં આવે છે. શ્રીકૃષ્ણ જેવા યોગેશ્વરની યોગદૃષ્ટિરૂપ દૂરદર્શક કાચનલિકા—telescope—વ્યાસ જેવા ચતુર ગણક ગોઠવી ગયા છે. આ યુગના રાજ્યોના અને મહારા-

ત્યોના અર્જુનની નીતિ અને ક્રિયાઓનો અસ્ત્રધર આત્મા–Progress-આવીજ યોગનલિકાથી દૃષ્ટિમાન થાય છે, પ્રોત્સાહન પામે છે, અને પ્રવૃત્તિમાન્ થાય છે.

જરીક અટકી પ્રધાન વાંચ્યો.

"This is the Seat of Inspirations and Aspirations,
"of the Thinker of the State, of the Thinker that
"ever watches and thinks out with the largest heart
"and knowledge the lines of Progress that can result
"in the public weal, of the thinker that thinks coolly,
"dispassionately, and as if without taking more than
"the part of the chariot-driver to the Angel of
"Progress. This Angel of Thought keeps aloof from
"Action even in the midst of the turmoils of the
"battle, and his watchful presence at the centre of
"the strife is, like that of the *unarmed* Krishna,
"intended but to minister to the Soul of the State and
"lead her along the right path as she works on the
"Body that shrouds her Majesty with Power. He is
"'Yoga' itself in the midst of Action, and it is he
"who prompts and advises and furthers the cause of
"Progress on all sides at all times in all the great
"contests and contingencies that gather round
"nations and their protectors. વીરરાવજી, ચંદ્રકાંતજી, નહાના
"કે મહોટા રાજ્યમાં આવો કોઈ–Thinker-યોગી-જોઈએ કે જે પૂર્ણ અવ-
"કાશથી રાજ્યનું અને પ્રજાનું સારથિત્વ કરે. એવા યોગી અને એવા અર્જુ-
"નના યોગવિના રાજાઓ નિર્માલ્ય છે અને પ્રજાઓ અનાથ છે. એવા યો-
"ગને માટે જ આ અર્જુનરથના ધ્વજપટ ઉપર ચળકતો લેખ તમે જુવો કે

"यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः ।
"तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ॥"

મણિરાજે મન્દ સ્મિત કરી ભવનમન્ત્રીને કહ્યું:—"આપણે ત્યાં કોઈ
"દ્વારિકાથી કીયા કૃષ્ણને આણવા તે વીશે વૃદ્ધ મહારાજનો લેખ કહાડો."
તે લેખ વંચાયો.

" પાંડવોના મન્ત્રી કૃષ્ણ હતા તેવા મન્ત્રી આ રાજ્યના રાજાઓ-
" એ રાખવા અને દૂર દ્વારાવતીમાંથી ઇન્દ્રપ્રસ્થમાં તેડવા. તેમના અશસ્ત્ર
" પણ યોગયુક્ત, સારથિત્વનો લોભ રાખવો, અને સટે હૃદયથી પૂ-
" જ્યભાવ રાખવો. અર્જુનના યોગાસન ઉપર બેસનાર રાજાએ એ
" આસનનો યોગ આવા મન્ત્રીસમક્ષ આદરવો અને લક્ષ્યમાં રાખવું કે
" सदानुकूलेषु हि कुर्वते रतिं नृपेष्वमात्येषु च सर्वसंपदः. રાજાને મન્ત્રી
" અનુકૂળ જોઈએ—તે ક્રિયાસનમાં, પણ યોગાસનમાં સંપૂર્ણ અંશે
" અને નીતિઆસનમાં સમાન અંશે રાજાએ મન્ત્રીને જ અનુકૂળ થવું.
" એ મન્ત્રી પાંડવોનો અને પાંચાલીનો—કૌરવોનો નહી."

મણિ૦—યોગાસન સામે કુરુક્ષેત્રમાં જવાને માર્ગે જ પ્રધાનજીનું
" મન્ત્રાસન" છે.

વિદ્યા૦—હવે આપણે નીતિઆસન ભણી જોઈએ.

ચંદ્ર૦—યોગાસનની વાર્તામાંથી ખસી બીજી વાતમાં જવાનો આગ્રહ પ્રધાનજીનો વિનય કરે એ એમને યોગ્ય છે.

મણિ૦—આપ સત્ય સમજ્યા છો. એટલા માટે મ્હારા જેવા લઘુ-વક્તાને વિદ્વત્તાના વિસ્તાર બોલવો દુર્ઘટ છતાં આ આસનનો ભેદ બતાવવા યત્ન કરવો પડે છે. વધારામાં હવે માત્ર એક બે વાત બાકી છે. ધર્મ-રાજના ભવનમાં લેખ હતો કે यतो धर्मस्ततो जयः। જે કે એ વાત સત્ય છે તો પણ અતિધર્મ-નામના રોગનો ધર્મને પણ ભય છે, ઈશ્વરકૃપા વિના ધર્મને પણ ફળ આવતાં નથી; અને યોગાસન વિના ધર્મનાં રહસ્ય સમજાતાં નથી; માટે રથના દક્ષિણ અશ્વની પાસે લેખ છે તે પ્રમાણે જયનો ઉદ્ભવ કૃષ્ણમાંથી જ છે તેમ બીજો લેખ આ વામ અશ્વની વામ પાસે લટકાવ્યો છે, અને એ લેખોનાં સમાધાન શ્રીકૃષ્ણના હાથમાંની રશનાનાં અને કશાના પડોમાં અનેક યોગરૂપે ગૂઢ રહેલાં છે તે ગીતા. આદિમાંથી સમજાય.

દક્ષિણ લેખ વંચાયોઃ

यथा तु नारदः प्राह यतः कृष्णस्ततो जयः ॥
गुणभूतो जयः कृष्णे पृष्ठतोऽन्वेति माधवम् ।
तद्यथा विजयश्चास्य संततिश्चापरे गुणाः ॥

વામ લેખ વંચાયોઃ

यतो धर्मस्ततः कृष्णो यतः कृष्णस्ततोजयः ।

અણિ૦—હવે અન્ય આસનો પ્રધાનજી સમજાવશે.

વિદ્યા૦—"નીતિ એટલે રાજ્યનીતિ અને રાજનીતિ: પાંચાલી તે પ્રજ્ઞા અને પાંડવો તે રાજગુણ; તે ઉભયના કલ્યાણને માટે જે સાર્વજનિક વિચારથી રચાય તે રાજ્યનીતિ. રાજ્યનીતિ તે True statesmanship; રાજનીતિ તે માત્ર diplomacy and political craft or statecraft. એકલા રાજની સત્તા સબળ કરવાને રાજા અથવા અમાત્ય જે પરાનુસન્ધાનાદિ કળાઓ વાપરે તે રાજનીતિ. સર્વદર્શન અને યોગથી જે લોકકલ્યાણને લક્ષ્ય કરનાર સિદ્ધાંત રચાય તે યોગાસન ઉપર. એ સિદ્ધાંતનો નિર્વાહ કરવા કેવાં સાધન શોધવાં અને સજ્જ કરવાં એ રાજ્યનીતિ નીતિઆસન ઉપર રચાય છે. તમારું રાષ્ટ્રીય ધર્મશાસ્ત્ર—International law—આ નીતિઆસન ઉપરથી જોવાય છે. ચક્રવર્તી ઇંગ્રેજ સરકાર સાથેનો વ્યવહાર આ નીતિઆસન ઉપરના વિચારમાંથી રચાય છે. This is the Seat of Statesmanship. The Seat of Thought points out the goal. The Seat of Statesmanship finds out the ways and means of reaching the goal, and here too the Seat of Thought watches and guides. Foreign Policy, Treaties, and the like are designed and approved here. Here too the Actions, which the next Seat goes through, are designed. This is the seat of perfecting Arjuna's Designs. યોગાસન ધનુષ્યધર છે. નીતિઆસન તેનું ધનુષ્ય છે. એ ધનુષ્ય ઉપર ક્રિયારૂપ બાણ ચઢાવવાનું કામ ક્રિયાસન પર થાય છે. વિજય અને વિભૂતિ એ બે વાનાં આ સર્વનાં ફળ છે. રાજ્યનીતિ આ આસનમાં રચાય છે. રાજનીતિ કૌરવભવનમાં રચાય છે અને તેનો અધિકાર રાજ્યનીતિને અનુકૂળ રહેવાનો છે. "This is the Seat of large-minded Policy *for* the people and of Perfected Design; and the Spirit that presides over it, reaches with long arms the Greatest Arts of State prevalent in the most distant parts of the world, and, moving more in that line, utilizes and conquers the Powers of Nature and the Spirits of the Age. And in all his designs he creates what is noble, good, and great, and you can never draw him into

anything that is ignoble, bad, and mean. Arjuna is, therefore, called Bibhatsu.

" न कुर्यां कर्म वीभत्सं युध्यमान: कथंचन ।
तेन देवमनुष्येषु वीभत्सुरिति विश्रुत: ॥

"યોગાસન પાસે નીતિ-આસન નીતિચક્રની સામે છે. ક્રિયાચક્ર સામે યોગાસનની બીજી પાસ આ ક્રિયાસન છે.

"ક્રિયાસન સમક્ષનું ક્રિયાચક્ર શા શા ઉપદેશ કરે છે? કૃષ્ણને અર્જુનની પ્રથમ ક્રિયા એ કે સમુદ્રઆદિના દેવતા વરુણ પાસેથી અને અગ્નિપાસેથી દિવ્ય અસ્ત્ર મેળવ્યાં. એ અસ્ત્રવડે ઇન્દ્ર, યમ, વાયુ, પર્વત, અશ્વિનીકુમાર, ધનપતિ, રુદ્ર, વસુ, આદિ સર્વ દેવોનાં શસ્ત્રાસ્ત્ર નિષ્ફળ કરી નાંખ્યાં—એ બીજી ક્રિયા. અગ્નિને આગળ કરી, ખાંડવવનમાં સૃષ્ટિના સર્વ દેવોને વશ કર્યા અને અગ્નિને તૃપ્ત કર્યો. The Angels of Thought and Progress, joined together, subdued all Powers of Nature with arms obtained from fire and water, and to fire were subordinated the other Powers of Nature. This phase of Progress has got a meaning in these days, and this Seat of Progress directs our eyes to this. શિવજી પાસેથી પાશુપત અસ્ત્ર મેળવ્યું—તે પણ અર્જુને સંહારક શક્તિઉપર એમ જય મેળવ્યો અને તેના સાધનથી એ અસ્ત્ર મેળવ્યું—તે અસ્ત્રનો પ્રભાવ કેવો છે.—

" अवध्यो नाम नास्त्यत्र त्रैलोक्ये सचराचरे ।
मनसा चक्षुषा वाचा धनुषा च निपात्यते ॥

"મન, ચક્ષુ, અને વાણીથી તેમ ધનુષ્યથી જંગમ તો શું પણ સ્થાવરનો પણ નિપાત કરવાની ક્રિયા આમાં કહી છે. ક્રિયાનાં આ સર્વ અસ્ત્ર તો અર્જુને પરાક્રમથી મેળવ્યાં. પણ એ સ્વર્ગની નીસરણી ઉપર ચઢ્યો ત્યાં જ દેવમાત્ર એના દર્શનથી પ્રસન્ન થઈ ગયા અને એને અસ્ત્રો પછી અસ્ત્રો પ્રીતિથી આપવા લાગ્યા. કુરાજનીતિવાળા કૌરવને રાજ્યનીતિનો ક્રિયાવાન્ નરદેવ પરાભવ પમાડે તે પરાભવરૂપ કર્મને દેવકાર્ય ગણી યમરાજે મૃત્યુ આપનાર મૃત્યુદંડ અર્જુનને આપ્યો, જલેશ્વર વરુણે સર્વને વશ કરનાર વરુણપાશ આપ્યા, અને ધનપતિ કુબેરે "અંતર્ધાન, દ્યુતિકર, અને પ્રસ્વાપન" અસ્ત્ર આપ્યાં. સ્વર્ગના ગન્ધર્વ ચિત્રસેને એને

ઇન્દ્રાણીથી સ્વર્ગનાં નૃત્ય, ગીત, અને વાદિત્ર શીખવ્યાં. સંસારને મૃત્યુ આપવા, બન્ધમાં નાંખવા, અને પ્રસન્ન કરવાની ક્રિયાઓનાં સાધનો ક્રિયાવાન્ અર્જુન પૃથ્વીને છેડે જઈ આવી રીતે લેઈ આવ્યો, તે સર્વ ક્રિયાઓનું દર્શન આ ક્રિયાસનમાંથી થાય છે. એ અસ્ત્રમાત્ર કૌરવો સામે કેમ વાપરવાં તે ભીષ્માદિપર્વનાં રહસ્ય સમજ્યાથી સમજાશે. આ રત્નનગરી સંસ્થાનના નૌકાશ્રયો,[1] અગ્નિરથના માર્ગ,[2] પરદેશના વ્યાપાર, પ્રજાનાં પરદેશપ્રસ્થાન,[3] દેશી અને પરદેશી વ્યાપારીઓના સંબંધ, દેશી તથા પરદેશી વિદ્યાઓ: પદાર્થશાસ્ત્રો—કળાઓ—અને શોધો; એ સર્વ ઉપર અનિમિષ લક્ષ્ય રાખી તે દિશામાં ક્રિયા પામનાર અસ્ત્રોને પાંડવ અને પાંચાલીના કલ્યાણને માટે, ફેંકવાને આ રાજ્યના અર્જુનમાં ઉત્સાહ, શક્તિ, અને બુદ્ધિ આવે એવો માર્ગ આ ક્રિયાસનસ્થ અર્જુનને આ ભવનની સર્વ સામગ્રી દેખાડે છે. "સબ ભૂમિ ગોપાલકી, યામેં અટક કહાં?" એ નિયમ માનનાર ગોપાલભક્ત અર્જુનને ધર્મ અને ભીમની આજ્ઞા શીવાય બીજી ચીજ અટકાવતી નથી. એ "શ્વેતવાહન[4]"નાં સાધન મલિન નહી પણ ઉજ્વળ હોય છે. વામ અને દક્ષિણ બે હાથ સરખા ગણી તેમાંથી ફાવે તે હાથે બાણ નાંખનાર—Habit, Prejudice, and Superstition વગેરે અભ્યાસદોષથી થયેલી વિક્ષેપશક્તિઓથી મુક્ત રહી ગમે તે હાથે—અર્જુન ક્રિયા કરે છે અને તેથી જ તે સવ્યસાચી કહેવાય છે. This is the seat of free Activity, of execution of Designs, of Enterprise, and, in short, for preparing and furthering without stint or reserve the means and movements of such Progress Policy as may be matured in the seats of Thought and Statesmanship. This seat sends forth ships, merchants, students, scientists, artists, and artisans from Ratnagari and aspires to import the latest triumphs of art, science, industry, learning and commerce into this country. Even the military and naval education of our cadets, Bhayads and others in foreign schools is attended to here. We propose from this place to carry out a programme of giving a general all-sided lift to the

---

૧. બંદર, કુરજી. ૨. રેલવે. ૩. Emigration. ૪. અર્જુનનું નામ.

subjects of this State in all concerns, physical, moral, educational, economical, and in fact in all matters that can raise their life and status.

"ક્રિયાસનના પાછળ પેલી પાસ ક્રિયાના ઈશ્વરદત્ત ફળરૂપે થતા વિજયનો સત્કાર કરવાને વિજયાસન છે. વિજય અને જિષ્ણુ એવાં અર્જુનનાં નામ છે. His conquests are not merely those of arms, but he also makes them by exercising influence over the world outside his kingdom and by extending what people have of late been calling "spheres of influence." He exports the powers and products of his State to distant fields and brings money. He is, therefore, called the Conqueror of Wealth. અર્જુનનું નામ ધનંજય પણ છે. પરદેશને આ દેશની વસ્તુઓથી મોહિત કરી ત્યાંથી દ્રવ્ય લાવનાર વિજય તે આ જ છે—એ ક્રિયામાં વિજયનાં અસ્ત્ર દૂર દેશોમાં ફેંકાય છે. અગ્નિ અને વરુણનાં આપેલાં અસ્ત્ર આ વિજય માટે જિષ્ણુનાં ફેંકેલાં વચ્ચે છે. બીજી રીતે કૌરવની રાજનીતિ ઉપર પાંડવોની રાજ્યનીતિએ મેળવવાનો તે વિજય પણ આ આસનમાં સમાપ્ત થાય છે. ભીષ્મપિતામહ સામે શિખંડી ઉભો કર્યો, દ્રોણ અને અશ્વત્થામા જેવાની મહાવિદ્યાઓ સામે મહાવિદ્યા ઉભી કરી બ્રહ્મતેજનો દુરુપયોગ નષ્ટ કર્યો, કર્ણનો નાશ કર્યો ઇત્યાદિ વિજય શ્રીકૃષ્ણ અને અર્જુનના સંયોગથી અર્જુનને પ્રાપ્ત થયા છે તેમાં પણ રાજ્યનીતિનાં રહસ્ય છે. The Spirit of Progress conquers Bhishma–the Grandfather Spirit of Old Wisdom and Tradition, and quiets, without destroying, Drona, the Spirit of Learning and Knowledge, when these lend themselves to the service of a wrong cause—the cause of mere statecraft and royal person as opposed to the weal of the State and People.

"વિજયાસન મુકુટ ચોથા ખુણામાં વિભૂતિઆસન છે. વિજયનું ફળ વિભૂતિ છે, યુદ્ધકાળ અને શાંતિકાળના વિજયને અંતે અર્જુનના સાધનથી પાંડવો અને પાંચાલી નવી વિભૂતિ દેખે છે. દેશવિદેશનાં રત્નો—નરરત્ન અને વસ્તુરત્ન—રાજ્યમાં આવે તે તે રાજ્યની વિભૂતિ રચે છે. It is the Spirit of Progress that *imports* and attracts

freely and without prejudice the best things and men of foreign birth. It is this Spirit of Importation that makes a nation *great.* અર્જુને પરરાજ્યમાંથી શું શું આણ્યું ? પાંચાલીને કોણે આણી ? શ્રીકૃષ્ણ જેવા યોગેશ્વરને અશસ્ત્ર રહીને પણ સારથિપણું કરાવવા દ્વારકામાંથી કોણ લેઈ આવ્યું ? ખાંડવવન બાળવા જતાં એમનું સાહાય્ય કોણે લીધું ? દૈત્ય અને મનુષ્યો વચ્ચેનો વૈરભાવ ભુલી દૈત્યકુળના મયદાનવને પોતાને ઘેર કોણે આણ્યો ? અનેક દ્રવ્યો અને રત્નોથી મયદાનવે રચેલો સભારૂપ વિભૂતિ કોને લાધે ? દૂરદેશથી અસ્ત્રો કોણે આણ્યાં ? સ્વર્ગસુધી જઈને મહાવિભૂતિઓ લેઈ પાછું ઘેર કોણ આવ્યું ? એ સર્વ કામ અર્જુને કર્યું, દેશવિદેશ ભ્રમણ કરી અનેક કળાથી વિભૂતિઓ આણનાર ઉદાર અર્જુન વૃદ્ધમહારાજને બહુ પ્રિય હતો. રાજસૂય અને અશ્વમેધ જેવા યજ્ઞ, કૃષ્ણ જેવા મિત્ર અને મંત્રી, કુરુલક્ષ્મીનું વહન, મયની સભા, અને એવી અનેક વિભૂતિઓને પરદેશથી આણી સ્વદેશમાં તેમનો સત્કાર કરનાર રાજ્યપુરુષકાર અર્જુનનાં સ્તોત્ર આ પુસ્તકોમાં ભરેલાં છે. This is the seat of Higher Life achieved and filled by the activities and enterprise of the Spirit of Progress. From the seat of High Thought to that of High Design. From High Design to the seat of full and forward Execution, and from that to Success, the nation is lifted, and from the seat of Success the nation is ushered by the Spirit of Progress into this last seat of Greatness and of High Life and Higher Fruition.

" વીરરાવ ! ચંદ્રકાંત ! મ્હેં તમને આ ભવનના લેખોનો અને વૃદ્ધ મહારાજના પ્રિયતમ રાજગુણોનો વિસ્તારજ્ઞળ દર્શાવી દીધો. તેમના લેખ મને નિર્વ્હાયે આવી ગયા છે; બાકીનાં ભવન ગૌણ છે; તેનું સંક્ષેપમાં વર્ણન કરવાનું; તે કુરુભવનમાં બેસી શંકરશર્મા અને પ્રવીણદાસ પાસે કરાવીશું. તમે ઘણો શ્રમ લીધો છે. અમને તો વૃદ્ધ મહારાજ ઉપરનો અમારો સ્નેહ આવી કથાઓ કરતાં તેમના સંસ્કાર સ્મરણમાં આણે છે ને આનંદ આપે છે. પણ તટસ્થ શ્રોતાજનને તે કાંઈક શુષ્ક અને નીરસ લાગે. આપનો મમતા અમારા ઉપર ન હોય તો આટલો શ્રમ લેવો પરવડે જ નહીં. "

ચંદ્ર૦—મને તો આ સ્થાનમાં કાંઈ નવીન જ આનંદ થયો છે અને પળવાર સરસ્વતીચંદ્રને ભુલી જઉં છું અને પળવાર એના આત્માને આ ભવનમાં ફરતો પ્રત્યક્ષ કરું છું.

વીર૦—સાહેબ! વ્યાસને માથે રૂપક લઈ આખું હીંદુસ્થાન હગવાનો આરોપ મુકો છો; અને તે રૂપકને પણ ક્લિષ્ટ કરી નાંખો છોઃ તેથી થતો હાસ્યરસ આનંદરૂપજ ગણું છું. અને બુદ્ધા વ્યાસને બાદ કરી તમારાં ભવન અને આસનોના ઉચ્ચગ્રાહ વિચારતાં શુદ્ધ આનંદ થાય છે.

વિદ્યા૦—ચાલો, એ બહુ છે. હવે બેસીને વાતો આટોપી દેઈએ.

સર્વ કુરુક્ષેત્રમાં ગયા અને બેઠકો ઉપર બેઠા. પ્રવીણદાસે વિષય આરંભ્યો.

પ્રવી૦—રાજસત્તાનું સ્વરૂપ માદ્રી; તેને દિવ્ય વૈદ્ય અશ્વિદેવના જોડાએ બે પુત્રો આપ્યા —એક સુન્દરતાનું સ્વરૂપ નકુલ, અન્ય પ્રાજ્ઞતાનું સ્વરૂપ સહદેવ. વૈદ્યદેવોની કૃપાનાં ફળ શરીરનો સુન્દરતા અને શરીરનાં આરોગ્ય-પોષણ એ બે છે. રાજ્ય અને પ્રજા બે મળી જે એક શરીર થાય છે તેની સુન્દરતાને નકુલ જાળવે છે અને તેના આરોગ્ય-પોષણનો પ્રાજ્ઞ સહદેવ છે.

નકુલ ચિત્રમાર્ગવિદ્ છે. તેના ભવનમાં પાંચાલીની શૃંગારસામગ્રી તૈયાર થાય છે. તેને અર્થે તે રાજ્યનું દ્રવ્ય ખરચે છે. સહદેવ ભંડાર ભરે અને નકુલ ખરચે. રાજ્યસત્તાનું પ્રથમ સુફળ એ કે રાજ્યની સમૃદ્ધિ પ્રજાને અર્થે ખરચાય—સુન્દર કળાઓથી, ચિત્રમાર્ગોથી, નકુલભવનમાં તે વિચાર-આચાર રચાય છે. વૈરાટનો અશ્વપાલ થઈ અશ્વિપુત્રે કામ કરેલું છે. રત્ન-ગરીની પ્રજામાં ઉદ્યોગ આદિનાં ફળ પરદેશમાંથી આણવા અર્જુન પ્રવર્તે છે, પણ પ્રજાનાં મનને આનંદ આપી પ્રજામાં ઉદ્યોગની અને સુન્દરતાની કળા-ઓનો પ્રવીણતા અને રસજ્ઞતા ઉત્પન્ન અને વિકસિત કરવી તે નકુલભવ-નમાં થાય છે. —Nakula introduces and fosters all our indigenous industries and arts, including what you call the fine arts. અમારા ચિત્રકારો, ગાયકો, શિલ્પકારો, યંત્રકારો આદિ સર્વ કળાનાં સ્થાનમાં નકુલદેવ નિપુણતા, દ્રવ્ય, અને ઉત્સાહ ભરે છે, અને નવા નવા વેશ ફૂલાડતાં તેમને શીખવે છે. પોતાનાં ઘર સુન્દર અને સ્વચ્છ રાખવાં અને સગવડોથી અને વિનોદસ્થાનથી ભરવાં એ કામ સ્ત્રીજાતિ કરે એવું પુરુષથી થતું નથી. તેમજ નગરો, ગામડાં, અને જનપદ દેશ એમાં પણ આ ક્રિયા કરવો પડે છે, તે પ્રજા જાતે કરી શકે એટલું રાજાથી નથી થતું. પ્રજાને આ કામમાં અભ્યસ્ત, રસિક, પ્રવૃત્ત અને સુશિક્ષિત રાખવી

એ કામ નકુલ કરે છે—He creates, trains and fosters our Municipalities and Local Self-Governments. શાસ્ત્રો—"સાયન્સ"—"sciences;" દર્શન—ફિલોસોફી, ઉચ્ચ અને સામાન્ય વિદ્યાઓ અને સર્વ લોકમાં તેના પ્રચારો,-High and popular educations, પ્રજાની જુની રૂઢિયોના સુન્દર ભાગનું રક્ષણ અને નવી સુન્દરતાનો સત્કાર, શરીરબળને માટે અને શરીરસૌંદર્યને માટે વ્યાયામશાળાઓ, ઇત્યાદિ પ્રજાની રંજનસામગ્રી નકુલભવનમાં વિચારાય છે ને રચાય છે. Nakula is our Spirit of Beauty, Arts, and Æsthetics and is Lord Mayor and Chamberlain ministering to the wants and decorations of the towns and chambers of Her Majesty the Páncháli of this State. He looks after our refinements and manners—he this beautiful Prince of Refinement and Æsthetics. He looks after the physical, mental, sentimental, and moral growth of the people, and his anvil is always working out new and beautiful implements of arts and science for the health, hygiene and recreation of sweet Páncháli.—

"નકુલભવન મુકી કનિષ્ઠ બન્ધુ સહદેવનું ભવન આવ્યું. વૈરાટને ત્યાં એ ગોસંખ્ય—ગોપાળ—થઈ રહ્યો હતો. ગો એટલે ગાય, પૃથ્વી, વાણી,—દ્રવ્યમાત્ર; તેની સંખ્યા ગણ્યાં કરવી, રક્ષણ કરી રાખવો, અને તેનાં પોષણ—દોહન કરવાં એ આ વૈદ્યપુત્ર સહદેવનું કાર્ય. એ અમારો "સર્વેઅર," surveyor; એ જ અમારો વસુલાતી અધિકારી—રેવન્યુ કમિશનર. એજ કાર્યને અર્થે પ્રજાનાં ભૂત તથા વર્તમાન જાણી ભવિષ્ય જાણવું અને સુધારવું એ કામ આ વૈદ્યનું—આ પ્રાજ્ઞનું. અમારા દેશની સમૃદ્ધિસંબંધી એટલે ભૂમિ, દ્રવ્ય, આદિ સર્વ અર્થ સબંધી પ્રશ્નો જાણી સર્વ વાતની ચિકિત્સા જાણી ઔષધ કરવાં એ આ પ્રાજ્ઞનું કામ. પ્રજાની સમૃદ્ધિ વિચારવા વધારવાના કામને લીધે તેમાંથી રાજભંડાર—કેટલો ભરવો-પાંડવ કૌરવને કેટલું આપવું, રાજાએ કેટલો વ્યય કરવો, પ્રજાને માટે કેટલો વ્યય કરવો, સંગ્રહ કેટલો કરવો, ઇત્યાદિ સર્વ વિચાર અમારા સહદેવભવનમાં થાય છે. Sahadeva is our spirit of Prescience and Prudence. He solves our economical problems and governs and distributes his collections. The

taxpayer's comforts and prospects are at his heart while he gives to the rulers their due.

" રત્નનગરીના રાજ્યની ખાણો, જંગલો, કૃષિકારો, અને નદીમાતૃકતા--canal irrigation, એ આ ગૌસંખ્યનો પ્રાજ્ઞતાને સોંપેલાં છે. લોકનું આરોગ્ય-Public Health, દેશનું આરોગ્ય--Sanitation, એ સર્વ અમારા અશ્વિપુત્ર સહદેવના મનને ઉંધોગમાં રાખે છે. એ સહદેવને ત્રિકાળજ્ઞાની કહો, જ્યોશી કહો, કે વૈદ્ય કહો—એ સર્વ પાંડવોના આ નહાનકડા ભાઈની બુદ્ધિને સોંપેલાં છે. સર્વ મ્હોટા ભાઈઓ દ્રવ્યના વિષયમાં પોતાના આ નહાના ભાઈને પ્રથમ પુછીને પછી પોતાની વાત કરે છે. સહદેવ ગણી ગણીને વાત કરેછે—He is a cool *calculator*—just like a merchant."

વીરરાવ ખડખડીને હસી પડ્યો—" હા હા હા હા—વાણીયાને વાણીયો ગમ્યો ! Yes, but I admit he *must* be consulted and obeyed too by rash men like myself. Go on, Mr. Pravinadas, I am really thankful."

પ્રવીણ૦—"આ પાંચે ભવનની પાછળ પાંચે પાંડવનાં ભવનમાં જવા-આવવાનાં દ્વારવાળું પાંચાલીભવન છે. એ પાંચાલીનું અંતઃપુર છે; શૃંગારભવન છે. It is our People's Hall. પ્રજ્ઞના સર્વ વર્ગને મહારાજ સાથે ગુપ્ત મન્ત્ર કરવાનું આ ભવન છે. અમારા રાજ્ઞ—પ્રજ્ઞના સમાગમ, "લેવીયો," ને "ઇવનીંગ પાર્ટીઓ" આ ભવનમાં જ ભરાય છે. અમારી પ્રજ્ઞના સર્વ વર્ગના ઉત્સાહ અને અભિલાષ આ જ ભવનમાં મહારાજ પ્રીતિથી જાણી લે છે, અને પાંડવો પાસે તે સફલ કરાવે છે. સહદેવના ભવનની જોડે પાંડુભવન સામે ધૃતરાષ્ટ્રભવન છે. એ "રાજશરીર" ની મૂર્ત્તિનું ભવન છે. પાંડવો જેમ પાંચાલીની ચિંતા કરે છે તેમ કૌરવો રાજ્ઞશરીરની ચિંતા કરે છે, અને કૌરવભવનોમાં તેની જ ચિંતા થાયછે. ધૃતરાષ્ટ્ર જાતે અંધ છે--રાજ્ઞમાત્ર લોકના અંતઃપ્રવાહ જોવાને અશક્ત છે, માટેજ રાજ્ઞ ચારચક્ષુ* કહેવાય છે. અંધ ધૃતરાષ્ટ્રને સંજયરૂપ ચાર છે; તે પાંડવકૌરવના સર્વ વર્તમાન એકલા ધૃતરાષ્ટ્રને વિદિત કરે છે. સંજય એકલું ચારકર્મ કરતો નથી, પણ પ્રજ્ઞને અર્થે કૌરવપાંડવોનાં પરાક્રમ તટસ્થ રહી દેખે અને રાજ્યનીતિ અને રાજનીતિના સર્વ પ્રપંચોના પ્રવાહને આદિથી

---

*ચાર=છાનો દૂત, spy; ચારની આંખે દેખે તે ચારચક્ષુ.

અંતસુધી પ્રત્યક્ષ કરે છે અને ધૃતરાષ્ટ્ર પાસે પ્રત્યક્ષ કરાવે છે. He is, like the phonograph, an apparatus for recording and reporting the spiritual and the physical voices that fill all atmosphere in the State——like your journals and newspapers. He is the king's Binocle and Field-glass.

" બ્રાહ્મધર્મ પ્રકટ છે, પણ વૈશ્યકળા કોઈ પણ પુસ્તકમાં નથી. માટે વૈશ્યપ્રજ્ઞના ગુપ્ત મન્ત્ર સમજાવનાર વૈશ્યાપુત્ર યુયુત્સુને સ્વપુત્ર કરી ધૃતરાષ્ટ્ર પોતાની પાસે રાખે છે. પતિ કરતાં પત્ની વધારે દેખે તો અચલા પ્રચલા થાય તે રાજતંત્રમાં ઉચિત નહી માટે ગાન્ધારી અંધ પતિની જોડે અંધ થવા આંખે પાટા બાંધે છે. રાણીનું આ પતિવ્રત છે. રાજના શરીરનો વંશ અજરામર રાખવાનું શતપુત્રવાળા ધૃતરાષ્ટ્રને માથે છે. તેને સો પુત્રો માગેલા મળ્યા તે તેના ભાયાતો જ સમજવા. બાકી રાજા જાતે ગાન્ધારીને ——એકપત્નીને——વરેલો. તે નિયમ આ રાજ્યમાં પળાય છે. સર્વ કૌરવભવનોમાં એકેક ભયાસન છે તેમાં તે ભવનના અધિષ્ઠાતાનું ભય જોવાય છે. ધૃતરાષ્ટ્ર વંશ વધારનાર છે તેને વત્સલતાનું ભય છે. દુર્યોધનની દુર્નીતિનું ભવિષ્ય તેના જન્મપ્રસંગે ધૃતરાષ્ટ્રને જણાવવામાં આવ્યું હતું. દ્રૌપદીવસ્ત્રહરણપ્રસંગે તેણે તે પુત્રની દુષ્ટતા પ્રત્યક્ષ કરી. શ્રીકૃષ્ણ યુદ્ધપ્રસંગ અટકાવવા પાંડવોપાસેથી આવ્યા ત્યારે પણ તેમ જ થયું. ત્રણે પ્રસંગે જુદાજુદા મહાત્માઓએ ધૃતરાષ્ટ્રને કહ્યું કે તારા પુત્રનો નાશ કરવો અને કંઈ નહી તો ત્યાગ તો કરવો જ એવો તારો રાજધર્મ છે. પણ એકે પ્રસંગે વત્સલ પિતા તે ઉપદેશ માની શક્યો નહી. પાંડવપક્ષનો વિરોધ કરનાર દુષ્ટ પુત્રને શાસન કરવામાં જે પિતાની વત્સલતા આડે આવશે તે ધૃતરાષ્ટ્રની દુર્દશા પામશે એવો એ ભવનના ભયાસનનો ઉદ્દેશ છે. તે દુર્દશાનાં બીજ ઉગતાં નષ્ટ કરવા મહારાજ પ્રયત્ન કરે છે. ધૃતરાષ્ટ્રે ધર્મરાજ ઉપર કરેલી અસૂયાનું ભય આ વત્સલતાનું અંગ છે. હવેનાં ભવન શંકરશર્મા સમજાવશે. "

શંકરશર્મા—" બીજું દુર્યોધનભવન સામે દેખો છો. રાજશરીર ધૃતરાષ્ટ્ર; તેના પ્રથમ પુત્ર જેવો રાજનય તે દુર્યોધન અથવા સુયોધન છે. રાજના શરીરને પ્રકૃતિપુરુષોમાં અને પ્રજ્ઞમાં પ્રતિષ્ઠા આપનાર વસ્તુ રાજનય છે.

" दुरोदरच्छद्मजितां समीहते
" नयेन जेतुं जगतीं सुयोधनः ।

"અર્જુનમાં જેમ નીતિ અને ક્રિયા પ્રબ્બર્થે છે તેમ દુર્યોધનમાં નીતિ અને ક્રિયા રાજશરીરને અર્થે છે. અર્જુન રાજ્યનીતિ—Statesmanship —માં કુશળ છે તો દુર્યોધન રાજનીતિ—Diplomacy—માં કુશળ છે. રાજનીતિની ત્વરાને લીધે પાંડવનો મામો છતાં શલ્ય જેવો મહારથિ દુર્યોધનના પક્ષમાં આવ્યો. શત્રવર્ગને વશ કરવાને માટે શકુનિ જેવો મન્ત્રી એણે શોધ્યો—Set a thief to catch a thief ની નીતિ આ શોધમાં વપરાઈ. કર્ણ જેવા દાતાનો આ રાજનયે સંગ કર્યો અને સર્વ શક્તિયોમાં વડી શક્તિ જે ઉદાર દાતાની તેના ફલથી મહાબળવાન્ કર્ણ દુર્યોધનના પક્ષમાં લ્હડ્યો. બ્રહ્મતેજ, બ્રહ્મવિદ્યા અને બ્રહ્મશસ્ત્રના સ્વામી દ્રોણાચાર્ય અને અશ્વત્થામા જેવા બ્રાહ્મણોને લોભાવી આશ્રય આપવાની નીતિ પણ દુર્યોધનની હતી. ભીષ્મપિતામહનું બળ પણ એજ રાજનીતિને વશ રહ્યું. દ્રોણ અને ભીષ્મ પાંડવના ભક્ત હતા છતાં, દુર્યોધનની નીતિએ દ્રવ્યબળથી તેમને સેવક કરી લીધા હતા. "શું કરીયે? અર્થો વડે અમને દુર્યોધને ભરપુર કર્યા છે એટલે અધર્મના પક્ષની સેવા કરવી એજ અમારો ધર્મ થયો છે"— એ વાક્યનો આ જ્ઞાની પુરુષોને ઉદ્ધાર કરવા વારો આવ્યો તે દુર્યોધનની રાજનીતિને બળે. વૈરાટનગર પાસે ભીષ્મ, દ્રોણ અને કર્ણ એકઠા મળી લ્હડ્યા ત્યારે કૃષ્ણ વિનાના એકલા અર્જુને તેમને હરાવ્યા. પણ દુર્યોધનની રાજનીતિએ તેમના જ કર્ણ ઉંકયા ત્યારે એમાંના અકેકા વીરે કૃષ્ણ સાથે નીકળેલા અર્જુનને હંફાવ્યો. ભીષ્મ, દ્રોણ, કર્ણ, શકુનિ, અને શલ્ય જેવા મહારથિઓને પોતાના પક્ષમાં આટલા બળથી લેઈ શકનાર આવી રાજનીતિ રાજ્ઞઓને યોગ્ય છે: પોતાના સો ભાઈઓ—ભાયાતો–ને પક્ષમાં લેઈ તેમનું પોષણ કરનાર, તેમનું બળ વધારનાર, તેમને વિદ્યા અપાવનાર, રાજનીતિ પણ દુર્યોધનની છે. ભાઈઓ ને ભાયાતો, ઘરના વૃદ્ધ, બ્હારના શૂર, બ્હારની વિદ્યા અને રંક ગૃહમાં પડેલું કર્ણરત્ન, એ સર્વને શોધી આશ્રય અને પોષણ આપનાર રાજનીતિનો અધિષ્ઠાતા દુર્યોધન પાંડવોથી જીતાયો તેનું કારણ યોગેશ્વર કૃષ્ણનો આશ્રય લેવાની અર્જુનની નીતિ. દુર્યોધન અને અર્જુન એક પક્ષમાં હોય તો તો અજેય જ થાય: એવી એવી નીતિના વિચારાચારનાં આસન જોડે દુર્યોધનભવનનું ભયાસન જુવો. પાંડવ અને પાંચાલીની સેવા કરવાને સ્થાને તેમનો વિરોધ કર્યો અને તેમને દુઃખ દીધું અને રાજનીતિ પાપમાર્ગે વળી. એ રાજનય—દુર્યોધનનું મુખ્ય ભયસ્થાન. પાંડવોની યુદ્ધગીતા એવી હતી કે "युध्यध्वमनहंकारा:" ત્યારે દુર્યોધને છેલે સુધી અહંકારને જ સ્વીકાર્યો છે અને કોઈની વાત સાંભળી નથી, એ એનું બીજું

ભયસ્થાન. આ "અહંકાર," એટલે કેવળ ગર્વ નહો પણ " હું" પણું એજ દુર્યોધનનાં દુર્મંત્રિતનું સૂક્ષ્મ ન્યગ્રોધબીજ અને એજ તેનું ભયસ્થાન. A king has no rights for his own *personal* interests and enjoyment. If he thinks he has them, he vitiates the whole policy of the State, and is unfit as Duryodhana to rule a people. જે જંધા ઉપર આધાર પામી આ રાજનયનું અંગ ટકે છે અને ગદાયુદ્ધ કરે છે તે જંધા ઉપર અંતે ભીમની ગદા પડશે અને રાજનયને પડતો મુકી રાજ્યનય રાજ્ય કરશે. પોતાના સર્વ મોધાં સાધનનો નાશ જોયા પછી અંતે એકલું પડી આ રાજનયનું બાલી થયેલું બોખું નાશ પામશે. અર્જુન અને ભીમનો પ્રતાપ તેને જોવો પડશે એટલું જ નહી, પણ ધર્મને હણી દુર્યોધને વશ કરેલા શલ્યને ધર્મ જ મારશે અને સહદેવ જેવા માણસને હાથે શકુનિ જેવો ધૂતખેલક મન્ત્રી નાશ પામશે. તે સર્વ જોયા પછી દુર્યોધનનું બોખું પડશે. The chicaneries and knaveries, the jobberies and the manœuvrings and bunglings, of diplomatic gamblers, in promotion of mere personal ends, must eventually fall under the persistent hammer of the cool and calculating wisdom of patriotic heads whether wearing the crown or not. દુર્યોધનરૂપ રાજનયના અનેક નામવાળા, અનેક ગુણવાળા સો ભાઈઓમાંથી જે ભીમની ગદાથી બચશે, તેનો નાશ ચિત્ર માર્ગ જાણનાર નકુળને હાથે થશે તે પણ દુર્યોધન જોશે. The Spirit of Æsthetics and Arts will stultify the one hundred cadets and military rulers fallen under the evil grip of an ominous self-centred policy. They will be metamorphosed by the policy of Nakula from the bodies of dangerous cadets and rowdy soldiers into those of peaceful and virtuous citizens.

" આ પછી રાજની દંડશક્તિરૂપ દુઃશાસનનું ભવન. રાજ્યના બરા અધિકારીયો પાંડવોની સેવા કરવાને સટે દુર્યોધનને માની; પાંચાલીનાં—પ્રજાનાં—વસ્ત્ર કેશ ખેંચનાર આ દુષ્ટને ભીમની ગદાનું ભય છે, અને વૈરથી ભીમ તેનું રુધિર પીશે. The Spirit of Power and Protection raised by the hand Divine for the service of the nation will one day kill this imp of brute physical

force, this minion of military and regal power, and will, to set an example, drink his blood like a Spirit of Retribution if not revenge. Let rulers beware!

"આ પછી કર્ણભવન અર્જુન ભવનના સામું છે. એ દાનશક્તિનું સ્વરૂપ છે. દાનશક્તિનો જન્મ પાંડવોની જ માતાથી છે. જે રાજ્યમાં આ શક્તિ નથી કે તે નપુંસક છે. જે રાજ્યમાં આ શક્તિની સીમા હશે તે રાજા મૂર્ખ હશે કે દુષ્ટ હશે તો પણ આ શક્તિને પ્રતાપે ઘણી વાર ટકી શકશે. એને ભય માત્ર એટલું કે કૃષ્ણ જેવા સારથિને લેઈ અર્જુનનો રથ સામો હશે ત્યારે કર્ણનો નાશ સમજવો. એના ગુણદોષ સંભળાવતાં પિતામહે એના દોષ કહેલા છે કે,

" अकस्मात्पाण्डवान् सर्वानवाक्षिपसि सुव्रत ॥
जातोऽसि धर्मलोपेन ततस्ते बुद्धिरीदृशी ।
नीचाश्रयान्मत्सरिणी द्वेषिणी गुणिनामपि ॥

" જો આટલા અવગુણ ન હત તો કર્ણના બાકીના ગુણ મ્હોટા છે.

" जानामि समरे वीर्यं शत्रुभिर्दुःसहं भुवि ।
ब्रह्मण्यता च शौर्यं च दाने च परमां स्थितिम् ॥
न त्वया सदृशः कश्चित्पुरुषेष्वमरोपम ॥

"The power of generous gifts, patronage, and munificence, is the greatest prerogative of the Crown. A policy that relies upon the power of its generous hand, will only fail where it marches against the combined forces of the Progressive and Just principles of Public Weal or degenerates into vanities and jealousies."

" તે પછી તમે ગુરુભવન દેખો છો. એમાં દ્રોણાચાર્ય અને અશ્વત્થામાની પ્રતિષ્ઠા છે. વિદ્યાને વિદ્યારૂપે અને કલાને કલારૂપે સાધે, જાતે તેનો ઉપયોગ કરે નહી, અને તે વિદ્યા અને કલાનો ઉપયોગ કરી શકનારને તેનો ઉપયોગ શીખવે—એ ગુરુ, એ બ્રાહ્મણ: પછી તેને યજ્ઞોપવીત હો કે ન હો. આર્મસ્ટ્રૉંગ અને ક્રપ જેવા તોપોના રચનાર આ ન્યાયે બ્રાહ્મણો જ ગણવા. જો આવા બ્રાહ્મણો જાતે યુદ્ધમાં ભળે અને અશિક્ષિત જગત ઉપર પોતાનાં દિવ્ય અસ્ત્ર પ્રહરે તો અધર્મ થાય અને જગતનો નાશ થાય.

આ દેશના બ્રાહ્મણોમાં ધર્મથી શસ્ત્રગ્રાહી માત્ર પરશુરામ થયા છે, અને ધર્મકાર્ય આટોપી રહ્યા પછી એમની ક્ષાત્રશક્તિ પણ નવા અવતારના તેજથી રામાવતારમાં અસ્ત થઈ. દ્રોણ જેવાના સંગ્રહથી જ અર્જુનને અસ્ત્રવિદ્યા પ્રાપ્ત થઈ, માટે સર્વ આયુષ્ય વિદ્યાના ઉપાર્જન અને દાનમાં ગાળનાર ગુરુજનનો સંગ્રહ તે રાજનીતિનું એક ઉત્તમ કાર્ય છે. પણ એવા બ્રાહ્મણો ગુરુત્વ મુકી યુદ્ધમાં પ્રવર્ત્યા, તે પણ ક્ષાત્રના નાશ માટે, તે પણ અર્જુન જેવા શિષ્યના દ્રોહને અર્થે, તે પણ ધર્મસામ્મે અધર્મની સેવાનિમિત્તે—ત્યાં એ ગુરુજનનો નાશ કરવા, અર્જુનનો અતિધર્મ ન ગણુકારી, કૃષ્ણસંકેત થયો. When learning abuses its functions and lends its strength to help wicked policies, the Angel of Divine Wisdom must hold up his ægis to protect the Spirit of Progress and, if that Spirit has pious scruples against self-protection, then, to create new agencies for the purpose. અર્જુન તો ગુરુહત્યા કરે નહી ત્યારે દ્રોણનો નાશ કેમ થાય? બ્રાહ્મણ શસ્ત્ર ધરે અને ક્ષાત્ર કરતાં વધારે પરાક્રમ કરે. પણ બ્રાહ્મણ થયેલું હૃદય ક્ષાત્ર નહી થાય. શસ્ત્રગ્રાહી બ્રાહ્મણનું આ મર્મસ્થાન. "પુત્ર મુવો" એ સમાચારથી, ક્ષત્રિય જ્યાં અસ્ત્ર ત્યજે નહી ત્યાં તે બ્રાહ્મણ દ્રોણે ત્યજ્યાં. That is the weak point in a Brahmána. His heart is soft there. યુદ્ધકાળે અનેક ઋષિયો રણક્ષેત્રમાં આવ્યા અને અધર્મને અર્થે કરવા માંડેલું યુદ્ધ પડતું મુકવા દ્રોણને સૂચના કરી. Can a Bráhmana's heart resist an appeal to the eternal principles of Dharma and knock off scruples that his higher nature projects before his eye?—એ ઋષિયોની સૂચનાએ દ્રોણનું હૃદય કંપાવ્યું. એ અવસ્થાએ શીર્ણ કરેલા બ્રહ્મવૃક્ષને ધૃષ્ટદ્યુમને તોડી પાડ્યું. જે અગ્નિકુંડમાંથી પાંચાલી પ્રકટ થઈ હતી તેજ અગ્નિકુંડમાંથી ઘસી નીકળેલા અથવા ધૃષ્ટતાવાળા પ્રકાશવાળો ધૃષ્ટદ્યુમ્ન ક્ષત્રિયના ઘરમાં પ્રકટ થયો તે બ્રાહ્મણત્વનો દુરુપયોગ કરનાર ગુરુજનને હણવા માટે. He is the Spirit of Audacious Light —Bold Reform-born of Burning Flames to destroy the overgrowth of Learning's Power where this Power is exerted on behalf of the Regal Power and

against the Angel of Progress and his brothers.
"દ્રોણને ભીમસેને વાક્ય વડે ગદ્ય મારી કહેલું છે કે

" यदि नाम न युध्येरन् शिक्षिता ब्रह्मबन्धवः ।
" स्वकर्मभिरसंतुष्टा न स्म क्षत्रं क्षयं व्रजेत् ॥

" જેમ શૂદ્રાદિને બ્રાહ્મણનાં કર્મ નિષિદ્ધ છે તેમ બ્રાહ્મણને ક્ષત્રિયોનાં કર્મ નિષિદ્ધ છે. તે નિષેધ ન માનનારને શિક્ષા છે. Bhima bears no infringement of Duties and Discipline.

" એ જ ભવનમાં અશ્વત્થામાનો પણ સમાસ છે. બ્રાહ્મણ વૈરનો પ્રેર્યો શું શું અનિષ્ટ અને અધર્મ્ય કર્મ કરી બેસે તે જાણવું હોય તો અશ્વત્થામાના કર્મ જોવાં. साक्षरा विपरीता राक्षसा भवन्ति તેનું એ દૃષ્ટાંત છે. એ બ્રાહ્મણને શ્રીકૃષ્ણનું ચક્ર લેવાનો દુષ્ટ લોભ થયો હતો. એણે નારાયણાસ્ત્ર અને બ્રહ્માસ્ત્રનો પાંડવો સામે દુરુપયોગ કર્યો. એ અસ્ત્રનાં રહસ્ય જાણનાર શ્રીકૃષ્ણે તેનો પ્રતીકાર અર્જુન પાસે કરાવ્યો. જ્યારે રાજ્યસાગરમાં તોફાન જાગે અને કૌરવો બ્રાહ્મણ પાસે બ્રહ્માસ્ત્ર ફેંકાવે એટલે બ્રહ્મતેજની જ્વાલાઓ પાંડવો સામે બ્રાહ્મણ પાસે ફેંકાવે ત્યારે ક્રિયાવાન્ અર્જુને તેવુંજ અસ્ત્ર ફેંકવું એટલે એ જ્વાલાઓ સામે એવીજ જ્વાલાઓ ફેંકવી જેથી સ્વજનતીય જ્વાલાઓ એકબીજામાં શાંત થશે. When the sacerdotal and learned classes yield to being set up in sectarian spirit against the path of what is right and progressive in the State and among the people, the Spirit of Progress may as well raise counter-sects and break the force of the former by allowing them to dash against the latter. This is meeting Brahmâstra with Brahmâstra. It is what we in these days would call setting up journals against journals and congresses against congresses in order to further the cause of Progress and thresh out superior results. બ્રાહ્મણો સામે બ્રાહ્મણ ને શાસ્ત્ર સામે શાસ્ત્ર.

"પણ અશ્વત્થામા બ્રહ્માસ્ત્ર ન ફેંકતાં માત્ર નારાયણાસ્ત્રજ ફેંકે તો તેના સામે ન થતાં તેની જ્વાલાને અપ્રતિહત બળવા દેવી એટલે એ તેજ જાતેજ શાંત થશે. બ્રાહ્મણો જાતે તોફાન કરવાનું મુકી દેઈ અને પોતાનાં શાસ્ત્રશસ્ત્ર પડતાં મુકી માત્ર જગન્નિયંતા શ્રીનારાયણને નામે નારાયણનાં ધર્મશાસ્ત્રનું તેજ

પાંડવો સામે પ્રકટ કરે ત્યારે તો નીતિમાન્ અર્જુને માત્ર તેને જોયાં જ કરવું, અને તે તેજની જ્વાલાઓને જાતે પ્રકટ થવા દેવી ને તેનો પ્રતિરોધ કરવો નહી એટલે ધર્મની સેના કેણી પાસ છે અને અધર્મની કેણી પાસ છે એટલું બતાવી તેજ જાતે જ શાંત થઈ જશે, અને તેનાથી માત્ર ધર્મપક્ષનું જ પ્રકટીકરણ થશે. This is the weapon of Divine Learning. The flames of Divine Learning can never hurt the cause of Righteousness if they are allowed to burn themselves away unopposed; for they can only show where Righteousness is and where it is not. Opposition makes them more critical and searching. These flames can only be fanned and rendered more irresistible by such oppsition; while left to themselves they pass away into the lights of Nature and leave no vantage to those that had generated them.

"દુષ્ટ અશ્વત્થામાને શિક્ષા એટલી જ થઈ કે તેના મસ્તકનો મણિ લેઈ-લેવામાં આવ્યો અને મસ્તકમણિહીન ચિરંજીવ થઈ આજસુધી જગતના શૂન્ય દેશોમાં એ ક્વણનં કર્યાકરે છે.* મસ્તકનો મણિ તે ઉત્તમાંગમાંના બ્રહ્મરંધ્રમાંનો સદ્બુદ્ધિરૂપ પ્રકાશ. બ્રાહ્મણને એનાથી પ્રિયતર શું? હું ધારું છું કે અશ્વત્થામા આવા રૂપમાં આજકાલના બ્રહ્મબંધુઓની જિવ્હાદ્વારા ક્વણે છે–તેમના પૂર્વજોના મસ્તકમાંનો અર્થજ્ઞાનરૂપ મણિ હવે આજના બ્રાહ્મણોના મસ્તકમાં નથી અને જેની તેની જીભે માત્ર જ્ઞાનશીવાયના ઉદ્ગારનું ક્વણન ચિરંજીવ જણાય છે તે જ શ્રીકૃષ્ણનો શાપેલો અશ્વત્થામા છે."

"હવે પિતામહભવન એ છેલ્લું છે. He is the Spirit of the Traditions, Experience, and Wisdom of Ages. પિતામહ એ પુરાણઅનુભવની મૂર્ત્તિ છે, એમનું જ્ઞાન, એમની નીતિ, અને એમના સદ્ગુણોમાં આ દેશની આશા છે, પણ અધર્મનો રાજનય જ્યારે તેને અધર્મના યુદ્ધમાં આગળ કરશે ત્યારે યોગેશ્વર કૃષ્ણ પ્રતિજ્ઞા મુકી શસ્ત્ર ધરશે ને ક્રિયાવાન્ અર્જુનને વૃષ્ટતર કરશે, અને કન્યાશરીરમાંથી પુરુષશરીરરૂપે પ્રકટ થયલા શિખંડીને આગળ કરી વિચિત્ર વ્યૂહ રચશે. શિખંડીના સામાં પિતામહ મનસ્વિતાથી અસ્ત્રપ્રહાર નહી કરે અને શિખંડીની પાછ-

* કણ્યાં કરેછે.

ળથી આવતાં બાણોને વશ થશે. જે દેશમ

પ્રસંગ પણ આવેછે. પિતામહે દેશના અન વમના કલ્યાણત બય પ્રવતવુ જા. ઈએ તેમ ન કરતાં કૌરવને આશ્રય આપી અર્જુનનો માર્ગ રોકે ત્યારે નીતિમાન્ અર્જુને એટલુંજ કરવું કે પિતામહના મનમાંનાજ કાંઈકે એવા શિખંડી જેવા અભ્યાસ અને અધ્યાસ શોધી કહાડવા કે તેના સામું યુદ્ધ કરવામાંથી પિતામહ નિવૃત્ત થાય અને શરશય્યામાં પડે. The Spirit of Tradition is invincible. But find out an apparition of some of the vagaries that are haunted by this Spirit and unman his heart and keep yourself shooting from behind the apparition. The Spirit of Tradition will then lie prostrate upon a bed of arrows piercing his body through a thousand new holes. અનુભવથી દૃઢ અને સિદ્ધ થયલા જ્ઞાનના દેહમાં આ વિધિથી અનેક છિદ્રો પડે છે. પણ પિતામહ પડ્યાપછી પણ જીવે છે. રૂઢિઓ પડ્યા પછી પણ શરશય્યાપર જીવે છે. સાત્વિકવૃત્તિવાળા સુપાત્ર ધર્મમૂર્ત્તિ યુધિષ્ઠિરપાસે શ્રીકૃષ્ણયોગેશ્વર પિતામહ આટલા આયુષ્યનો પરમ લાભ લેવડાવે છે. શાંતિપર્વ અને અનુશાસનપર્વ જેવી મજ્જૂષાઓમાં ભરેલા ગંભીર ઉદાત્ત અને પરમબુદ્ધિથી શોધી સંસ્કારેલા અનુભવરત્નોના અક્ષય ભંડાર પિતામહ પાસેથી લેઈ લેઈ યુધિષ્ઠિર રાજા રાજ્યના અને પ્રજાના પરમ ક્ષેમના આધાર થયા. What rare wisdom is stored up in the traditions and customs of our nation? While not yielding to what is wrong and rotten in them, it is worth our while to see that we do not allow them to pass away from our midst before some wise and impartial soul-seers extract the stores which the Spirit has preserved so long and is only too willing to hand over to fit and willing souls. In this hall of this Grandfather-Spirit we try to sit as his apt pupils with His Highness at our head and ever jealous when the Spirit seems to lean in favour of the Kauravas."

શંકરશર્માએ પુરું કર્યું.

વિદ્યા૦—"આ કૌરવભવન પાછળ વિદુરભવન છે–તે અમારા અતિથિવર્ગને અને મિત્રોને મળવાનું સ્થાન. એ અમારો Visitors' and Friends' Hall તમે દીઠો છે. આ સર્વ ભવનો ઉપર એક માળ છે. તેમાં સહુથી પાછળ સુભદ્ર ભવન છે. સુભદ્રા અથવા મહિષી આસન, પરિક્ષિત અથવા યુવરાજ આસન, ધનસમૃદ્ધિસત્તાસન, અને વિચક્ષણજનસંબંધ આસન–એવાં ચાર આસન એ ભવનમાં છે અને એ ચારે ભદ્રના યોગથી રાજ્યઅંગનું ને પ્રજાનું ભદ્ર કેમ વધારવું તે વિચારાય છે. તે ભવન મુકી આગળ મનુષ્યદેહભવન, મોક્ષભવન અને ચક્રવર્તી ભવન છે. ચક્રવર્તી ભવનમાં સરકાર પ્રતિ અમારા આ સામ્રાજ્યના અંશરૂપે ધર્મ અને અધિકાર વિચારાય છે; સરકારની નીતિ, સરકારની ક્રિયા, અને સરકારના ઉદ્દેશ અને ઉપદેશ–તે સર્વના સંગ્રહ અને વિચાર થાય છે; અને સરકારના મ્હોટા અધિકારીઓનો, ચક્રવર્તીના અને અમારા સંબંધપ્રમાણે, સત્કારસમારંભ થાય છે. મોક્ષભવનમાં ચાર આસન છે. ધર્મ અને ભક્તિથી નિર્વાણ, મોક્ષથી નિર્વાણ, રણક્ષેત્રથી નિર્વાણ અને મૃત્યુના અન્ય માર્ગ, એવાં આસનો આ ભવનમાં છે અને મધ્યભાગે કોઈ જીવન્મુક્ત મહાત્મા આવે તેને માટે વ્યાસાસન છે. ત્રીજું ભવન મનુષ્યદેહ ભવન છે, તેમાં રાજદેહ; રાજ્યભ્રષ્ટ મનુષ્યદેહ; કારાગ્રહાયુષ્ય, અને ઉત્તરાશ્રમાયુષ્ય—એવાં ચાર આસન છે.

"સર્વથી છેલું આ આપણે બેઠા છીયે તે કુરુક્ષેત્ર–અમારો "કાઉન્સિલ હોલ" છે. મધ્યે આ વૃદ્ધ મહારાજ મલ્લરાજની મૂર્ત્તિ આ સ્તમ્ભ ઉપર તમે દેખો છો. સ્તમ્ભની ચારે પાસ આ રાજ્યના ભૂતઇતિહાસનાં સ્મારક ચિત્ર છે. મહારાજમૂર્ત્તિના હાથમાં આ ચક્ર ફરે છે. જેટલાં આ ભવન છે તેટલા દાંતા આ ચક્રને છે અને દરેક દાંતમાંના દૂરદર્શક કાચથી એકેકું ભવન પ્રત્યક્ષ થાય છે. ચક્ર એ આ રાજ્યવેધશાળાનું વેધદર્શક યંત્ર છે. આ પવિત્ર મૂર્ત્તિની પાસે મંત્રિમંડળસહિત બેસી મહારાજ રાજ્યકાર્યના વિચાર કરે છે અને પિતાના યોજેલા ભવનોમાંથી એક પણ ભવન અને એક પણ આસનનો ઉપદેશ ભુલાય નહી તે વીશે સાવધાન રૂહે છે.

ચંદ્ર૦—ત્યારે આ ક્ષેત્રના અને ભવનોના ઉદ્દેશમાં કાંઈ ફેર છે?

વિદ્યા૦—અમારે સર્વને માટે પ્રસ્તુત કાર્યને સંબંધે ભેગા વિચાર કરવાને કુરુક્ષેત્ર છે. મહારાજના એકાંત વિચારને માટે, એકાંત કાર્યને માટે અને એકાંત અભ્યાસ માટે-for self-training—આ સર્વ ભવનો છે.

એ સર્વમાંનાં વર્ગીકરણ તમે જોયાં. રાજ્યકાર્યમાંનો એક પણ વિષય મહારાજની દૃષ્ટિ બ્હાર રહે નહી, વિષયના લગતા ઉદ્દેશ, ઉપદેશ, પુસ્ત કશાળાઓ, અનુભવશોધન અને મહારાજના પોતાના પ્રસંગભૂત વિચાર— એ સર્વના સંગ્રહનાં પણ વર્ગીકરણ કરી આ ભવનોમાં રાખેલાં છે. We have found out and developed the classifications of Vyasa sufficiently for our purposes.

ચંદ્ર૦—ઇતિહાસ ગણાતા કાવ્યમાંના પાત્રવર્ગને રૂપકરૂપ કર્યાથી તમારે શિર નાસ્તિકતાનો અપવાદ આવતો નથી ?

વિદ્યાચતુરે સ્મિત કર્યું. " પાંડવો અને કૌરવોને ઐતિહાસિક પુરુષો ગણવા નહી એવું કહેવાનો ઉદ્દેશ અમે રાખતા નથી. તેવા પુરુષ થઈ ગયા હો કે ન હો એ શોધ કરવો એ તમારા જેવાનું કામ છે. મહા-કવિએ ઇતિહાસ સાથે રૂપક પણ કેમ મુક્યાં ન હોય ? વ્યાસજીનાં મુકેલાં બીજનું વર્ગીકરણ કરી વૃદ્ધ મહારાજે આ બોધ અને રમ્યતાનું સ્થાન કરેલું છે.

વીર૦—મહારાજને બોધ અને સુન્દરતા તેમ આશ્વાસન પણ આ સ્થાને જ મળવું જોઈએ.

વિદ્યા૦—"ધર્મભવનનો હેતુ જીવતાં સ્વર્ગ આપવાનો જ છે. યોગા-સન આગળ શ્રીકૃષ્ણનો ઉપદેશ છે—

" कर्मण्येवाधिकारस्ते मा फलेषु कथंचन ॥

" આ ઉપદેશ સર્વ ક્રિયાઓને કાળે સ્વસ્થતા અને આશ્વાસન આપે છે. મનુષ્યદેહભવનમાં જઈ મહારાજ સર્વ અવસ્થાઓ માટે તત્પર રહે છે. ચક્રવર્તી ભવનમાં જઈ રાજ્યધર્મના સહાયરૂપ સરકારને દેખે છે અને સરકારના વર્તનમાં દોષ હોય તેનો અન્યભવનોમાં વિચાર કરી, આ કાઉન્સિલ હોલમાં સિદ્ધાંત ઉપર આવે છે અને તેપ્રમાણે નિર્વાહ કરવા મન્ત્રીઓને આજ્ઞા કરે. તેપછી ફળસંબંધે પોતાનો અનધિકાર સ્વીકારી મનુષ્યદેહભવન અને મોક્ષભવનમાંથી આશ્વાસન અને સ્વસ્થતા પામે છે. ભૂતકાળના મહાત્માઓનું અનુભવમૂલક પણ ચમત્કાર ભરેલું બુદ્ધિજ્યોતિ પ્રત્યક્ષ કરી તદ્રૂપ થવાનો ઉત્સાહ અહીં મહારાજ સપક્ષ કરે છે, અને ભવિષ્ય માટે સંભારનો સંગ્રહ કરે છે. Here His Highness provides a kindergarten to study what Bacon called

The Wisdom of the Ancients, and here we also lay the germs for the evolution of a brighter, benigner, future for our State and subjects.

વીરરાવ—મ્હારો કઠોર વિનોદ જતો રહ્યો અને, પ્રધાનજી, હું પણ તમારી વાતનો વધારે વિચાર કરતાં વધારે આશ્વાસન પામું છું. It is true, your Highness, what the Pradhanji says. It is of no use leading a fidgety life and be mourning and grumbling over things over which we have no control.

ચંદ્રકાંત—મહારાજ, માળાનાજ જપનો જે સામાન્ય મનુષ્યને ઉપયોગ છે એવી જાતનો પણ એથી અનેકધા ઉચ્ચ આશ્વાસક અને પવિત્ર ઉપયોગ આ અનેક ભવનોનાં આસનોના વિચારની આવૃત્તિથી થાય છે. શોધ, ઉપદેશગ્રહણ, અનુભવ, વિદ્યા, બુદ્ધિ, નીતિ, શાસ્ત્રો, પુસ્તકો, વિચાર, અને ક્રિયાવડે યથાશક્તિ પ્રયત્ન કરી પ્રજાનું કલ્યાણ આપ કરી શકશો. અને કોઈ વાતમાં તેનું કલ્યાણ નહી કરી શકો તો પણ તેમ કરવાનો આપનો પોતાનો પ્રયત્ન સંપૂર્ણ થયો એટલે બાકીના પરિણામ માટે આપને હાથે કાંઈ બાકી રહેતું નથી. એટલાથી આપની કૃતકૃત્યતા છે.

વીરરાવ—My friend is practically blessing your Highness without seeming to do so. It is a political way of doing it, but I do not complain of it after this day's explanations of politics. I too tender unqualified apologies for the vagaries of my મિત્રવર્ય and join in blessing your Highness openly and definitely though in less refined terms.

ચંદ્ર૦—મહારાજ, આપને અમારે માટે આજે ઘણો શ્રમ પ્હોચ્યો છે. આપની સુજનતા તો સુપ્રસિદ્ધ છે જ. પણ આજે આ મહાભવનમાં આપના ઉચ્ચગ્રાહનું દર્શન પામી અમે આપના ઉપર કંઈ અન્ય પ્રીતિ જ અનુભવીયે છીએ.

વીર૦—I say "Ditto" to all that has fallen from my friend's lips.

મણિ૦—વીરરાવજી, રાજદેહનાં દર્શન મનુષ્યદેહવાળાને જેટલાં દુર્લભ નથી એટલા મનુષ્યદેહના સંચાર અને વ્યવહાર રાજદેહવાળાને

દુર્લભ છે. આથી આપના જેવા સાક્ષરોના વિચારઆચારનું દર્શન કરવા મને ઘણી આતુરતા રહે છે. અંતઃકરણ અને મુખનાં દ્વાર તમારાં કુટુમ્બ આગળ ઉઘાડાં રાખો તેમજ મ્હારી પાસે ઉઘાડોછો, તે મ્હારા મનને નવું જ દર્શન છે અને નવો જ આનંદ આપે છે.

વીર૦—મ્હારે કહેવું જોઈએ કે આપના જેવા ઉચ્ચગ્રાહ ઘણાક રાજ્યો રાખી શકે તો શંકરશર્મા અને પ્રવીણદાસનાં સ્વપ્ન કંઈક અંશે ખરાં પડે અને ઇંગ્રેજને હાથે દેશી રાજસ્થાનનો નવો ઉદ્ધાર થાય.

શંકર૦—વીરરાવજી આટલું સ્વીકારે તે આ રાજ્યને ઓછું આશાજનક નથી.

ચંદ્ર૦—મહારાજ, બીજા રાજા આપના જેવા થાય કે ન થાય, પણ આપ તો ખરો રાજધર્મ યથાશક્તિ પાળવા પ્રવૃત્ત છો, અને આપનો ધર્મ આપની ઉચિત પ્રવૃત્તિથી જ સમાપ્ત થાય છે. તો તે પછી જગત ઉંધું ચતું થાય તેની સાથે આપને લેવા દેવા નથી. આપની આશાઓ, ઉત્સાહો, અને સ્વસ્થતા–એ સર્વ જોઈએ તેટલાં છે. જે બોધ, અનુભવ, અને ક્રિયાને આપ શોધો છે તે શોધ આ મહાભવનથી સફળ થશે એટલે દેશી રાજ્યમાં રાજ્યનયથી—True Statesmanship-થી જેટલું થઈ શકે તેટલું થશે. તે થયું એટલે આપે પોતાને કૃતકૃત્ય જ માનવા. વિશેષ તો પ્રધાનજી કહે તો ખરું.

વિદ્યા૦—વિશેષ એ કે ભોજનકાળ થયો છે એટલે હવે સર્વ તે કાળનો ધર્મ સાચવવા પ્રવૃત્તિ કરીયે.

સર્વ વેરાયા. મણિરાજનો અંતઃખેદ અતિથિઓનાં છેલ્લાં વચનથી નષ્ટ થયો.

પ્રકરણ ૧૨.

ચંદ્રકાંતના ગુંચવારા.



"મહા" રે તે આ મહાભવનનું શું કામ હતું? સરસ્વતીચંદ્રની "સાથે દેશી રાજ્યોની ચર્ચાને અને આ મહાભાર"તના અર્થવિસ્તારને શો સંબંધ છે કે જીવતા "મિત્રના શોધની ત્વરામાં આ કથાઓથી વિલંબ થાય?" આવા વિચાર કરતો કરતો ચંદ્રકાંત સૌંદર્યઉદ્યાનના કોટ ઉપર એકલો ફરતો હતો અને એક પાસનો ઉદ્યાન અને

બીજી પાસ નાગરિકોના વિનોદ માટે રાખેલું ઉઘાડું ચોગાન—તે ઉપર દૃષ્ટિ ફેરવતો હતો. એના મનમાં ઘણી જાતના ગુંચવારા હતા. પ્રથમ એણે વિદ્યાચતુર શોધ કરશે એવી આશા રાખી હતી. બ્હારવટીયા, કુસુમના સમાચાર, સામંતનો મંદવાડ આદિ અનેક વિઘ્નોએ આ આશાને ખોટી પાડી. જતે શોધવા જવા ચંદ્રકાંતે નિશ્ચય કર્યો ત્યારે ગુણસુંદરીના સ્નેહવ્યંજક શબ્દોએ એને શીતળ કર્યો, પણ ધારેલા શોધમાં કાંઈ પણ વધારો ન થયો. કાલ વિદુરભવનની સભામાં તો આજ કુરુક્ષેત્રની આસપાસનાં ભવનોમાં સરસ પણ પોતાના શોધમાં નિરુપયોગી ચર્ચામાં કાળક્ષેપ થઈ ગયો. સરસ્વતીચંદ્રના ઉપર આટલો સ્નેહ દેખાડનાર ગુણસુંદરીપાસે શી રીતે કહેવું કે હવે મને એકલો જવા દો અને તમારા સાહાય્યની મ્હારે અપેક્ષા નથી ? આ પ્રશ્નોએ ચંદ્રકાંતને મધુર ગુંચવારામાં નાંખ્યો, અને પાલડીનીચે હાથ ઘાલી માથું પંપાળતો પંપાળતો તે ચારે પાસ શોધવા લાગ્યો કે ચારે પાસની જડ અને ચેતન સૃષ્ટિમાંથી કાંઇ સૂચના કે સમાધાની મળે છે.

પોતે ફરતો હતો તે કોટના અગ્રભાગે મુરજના આકારની મેડીયો હતી તેમાં ગુણસુંદરીને બેસવાની શાળાઓ હતી અને નીચે કુસુમનો લતા-મંડપ, જળકુંડ વગેરે હતાં. ત્યાંથી તે કોટના બીજા છેડા સુધી માત્ર અનેક વૃક્ષોના શિખરભાગ અને વચ્ચે વચ્ચે ભૂમિકાઓ દેખાતાં હતાં. કોટની બીજી પાસ ક્ષિતિજમાં રત્નનગરીનો કોટ અને તેનાથી ઉંચા પ્રાસાદો—મ્હેલો—ના ઉપલા ભાગ દેખાતા હતા. ઉઘાન અને નગરના કોટ વચ્ચેના ચોગાનમાં અનેક લોક આવ જા કરતા હતા. ગામડાંથી આવેલા અનેક વ્યાપારીઓ હાટ માંડી બેઠેલા હતા, અથવા તો ધાન્યાદિક વેચ-વાના પદાર્થ ભરેલાં ગાડાં વચ્ચે વચ્ચે છોડી રાખી દલાલો સાથે અને નગરના વ્યાપારીઓ સાથે મ્હોટે સ્વરે ભાવ ઠરાવતા હતા. વણઝારાની પોઠો, ઉંટ, ઘોડા, ઢોર, અને ઘેટાં બકરાંના વ્યાપારીયો પોતાનાં સ્થાન જમાવી ઉભા અથવા બેઠા હતા. બંદરી માલની ખપત તથા આપલે પણ આ સ્થાને થતી હતી. વચ્ચે વચ્ચે ભીખારીયો, સાધુઓ, ફકી-રો અને બ્રાહ્મણો જુદા જુદા રાગ કહાડી, જુદા જુદા ઉચ્ચાર કરી ઉદરપૂર્ત્તિ પામવા ફરતા હતા. એ સર્વ ચિત્ર વચ્ચે દરબારી દોરથી અથવા રાજકીય સત્તાના ચિન્હથી અથવા પટાવાળાઓના પરિવારથી અધિકારીઓ જણાઈ આવતા હતા અને આવજા કરતા હતા.

ચંદ્રકાંતની દૃષ્ટિ આ સર્વ કાંઇઉપર ફરી ફરી ફરી વળતી હતી. "શું

આટલા મહાન્ અને ચિત્ર સમુદાયમાં સરસ્વતીચંદ્ર મને શોધવા ન ઉભો હોય? શું એ સઉમાં એના સમાચાર આપનાર કોઈ નહી હોય?"

ખીસામાં હાથ મુકી આળસ મરડે છે ત્યાં તેમાંથી હાથમાં બે ચાર પત્ર આવ્યા. એ પત્ર વાંચેલા હતા. તે પાછા મુક્યા.

" મુંબાઈમાં ગંગા એટલી માંદી છે કે મ્હારી ત્યાં જરુર છે. બર્યા
" ઘરમાં તેના તનમનની આ પ્રસંગે કોઈ સેવા કરનાર નથી એમ
" સંસારીલાલ લખે છે, ને કીકી લખે છે કે તમે નહી આવો તો મ્હારી
" બા મરી જશે."

" કારકુન લખેછે કે મુંબાઈ છોડ્યાથી મ્હારો ધંધો ધુળધાણી થઈ જવા ઉપર છે અને ઘરમાં ખરચની વ્યવસ્થા જુદી જ છે."

" સરસ્વતીચંદ્રના કરતાં આ વાત વધારે નથી—પણ ગંગા મરે તે
" તો કાળજે ધક્કો લાગે—આવે પ્રસંગે હું ત્યાં ન હઉં તો ઈશ્વરનો અપ-
" રાધી થાઉં—પણ એનો મંદવાડ ક્યાં સુધી ખ્હેચશે તે કહેવાતું નથી
" અને આ શોધ કરવાનું પડતું મુકવું એ તો ચંદ્રકાંતથી નહી થાય."

માથે ટોપી હતી તે નીચે હાથ ઘાલી વાળમાં આંગળી ઘસતો ઘસતો તે કોટની ભીંત ઉપર આવજા કરવા લાગ્યો. થોડી વારમાં પ્રવીણદાસ અને શંકરશર્મા ઉપર આવ્યા. હાથ મેળવી વાતો કરતા સર્વ એક મુરબ્બની અગાશીમાં ગયા. સર્વ રવેશ ઉપર બેઠા. ચંદ્રકાંતના મનની ડોલાયમાન સ્થિતિ સર્વે સમજ્યા અને તેનું કારણ પુછવા લાગ્યા.

ચંદ્ર૦—આપને વિદિત છે કે સરસ્વતીચંદ્રના શોધને માટે હું અત્ર આ-
વેલો છું. આણી પાસ આવ્યો ત્યારે એ શોધ કર્યા વગરનો હતો તેવોજ હજી સુધી છે. ઘરમાં મંદવાડ છે ત્યાં પણ મ્હારી જરુર છે. મને લાગે છે કે હવે મ્હારે આપનાથી જુદાં પડવું જોઈએ.

શંકર૦—આપ કેણી પાસ જવા ધારો છો?

ચંદ્ર૦—ઘરમાં મંદવાડ છે તેની તો મિત્રોની સહાયતાથી વ્યવસ્થા કરીશ; પણ મિત્રરત્નના શોધ માટે નીકળ્યો છું તેમાં આપ શો આશ્રય આપી શકશો તેની જિજ્ઞાસા આજ સુધી અતૃપ્ત રહી એટલે હવે ઈશ્વરે આપેલાં હાથપગ ચાલે તેણી પાસ ચલવવા કલ્પના છે.

શંકર૦—અમે શો આશ્રય આપીશું પુછો છો તેમાં અમે એટલે આ શરીર કે આ રાજ્ય?

ચંદ્ર૦—આપ કહો તે.

શંકર—જો આ રાજ્યપાસે આશ્રય માગતા હો તો બે રીતે મળે. રાજ્યમાં કાંઈ અપરાધ થયો હોય તો પોલીસ શોધ કરે. સરસ્વતીચંદ્રના સંબંધમાં અર્થદાસનું ન્યાયાન્વેષણ થવાનું એટલે પોલીસ શોધ કરે છે જ. બીજું અમારું "સરભરાખાતું" રાજ્યના અતિથિવર્ગની સરભરા કરે છે; પણ આપ રાજ્યના અતિથિ નથી. આપ રાજ્યપ્રસંગે પધારેલા નથી. આપ પ્રધાનજીના અતિથિ છો એટલે તેમના કુટુમ્બવત્ છો અને તેથી મહારાજને મન તથા અમારે મત પણ કુટુમ્બવત્ છો તે ન્યાયે આપ માગો તે આશ્રય આપવો એ અમારો ધર્મ છે.

ચંદ્ર૦—સરસ્વતીચંદ્ર આપના રાજ્યમાં ગુપ્તપણે સંચાર કરે છે તેને શોધવામાં આપના રાજ્યસ્થાનનો કુટુમ્બન્યાય શો આશ્રય આપી શકશે તે જાણ્યા પહેલાં મ્હારી ઇચ્છા વધારે સ્પષ્ટ કરી શી રીતે દર્શાવું?

પ્રવીણ૦—આપ મનમાં સંકોચ રાખી વાત કરો છો. પ્રધાનજીના મનમાં એમ છે કે અર્થદાસના સંબંધમાં સરસ્વતીચંદ્રના શરીરનો શોધ પોલીસ કરે છે એટલે આપના શરીરને અથડામણમાં નાંખવાની અગત્ય નથી.

ચંદ્ર૦—પોલીસ શું કરે છે તે જાણવા પામું તો મનની આતુરતા શાંત થાય, સૂચના કરું અને શો આશ્રય માગવો તે સમજું.

પ્રવી૦— તે આપને જણાવવામાં કાંઈ ઢીલ નહી થાય.

ચંદ્ર૦—મ્હારે પોતાને પણ આ શોધને માટે જવાની ઇચ્છા છે તો આ શરીર અથડાવવું પડે તેની ચિંતા પ્રધાનજીએ રાખવી નહી. મ્હારી શાન્તિ એવી અથડામણથીજ થશે. હું આટલા દિવસ બેસી રહેલો છું તે મને બહુ ઉદ્વેગ થાય છે.

શાન્તિ૦—આપનું મન રોકાયલું રહે એટલા કારણથી જ મહારાજશ્રી જાતે પ્રધાનજીસહિત મલ્લભવન આદિ સ્થાનોમાં આપની સાથે કાલગમન કરે છે. સરસ્વતીચંદ્રના મિત્ર ઉપરનો કુટુમ્બભાવ એમને એટલું કરાવે છે.

ચંદ્ર૦—હું જેને સરસ્વતીચંદ્ર વિષયે સહુના પ્રમાદનું ચિન્હ ગણતો હતો તે આમ સ્નેહનું કાર્ય નીવડે છે, તે જાણી હું સ્વસ્થ થાઉં છું, પણ મ્હારો ગુંચવારો તો મ્હારા અથડાવાથીજ મટશે.

પ્રવી૦—તેમાં આપની ઇચ્છા પ્રમાણે થશે જ.

શાન્તિ૦—એ વાતનો સત્વર માર્ગ કઢાડીશું. બીજું પ્રધાનજીના શિરનામાથી આ પત્ર આવેલો છે તે કોનો છે તે સમજ્યનું નથી પણ સરસ્વતી-

ચંદ્રના સંબંધમાં કાંઈક લખેલું છે તેથી આપને જોવા મોકલ્યો છે.

ચંદ્રકાંતે પત્ર લીધો. વાંચ્યો. ગંગાએ પોતાના ઉપર પત્ર લખેલો પણ ઉપર ચંદ્રકાંતનું નામ લખવું રહી ગયેલું અને પ્રધાનનું નામ હતું તેથી પત્રની આ દશા થઈ. તેમાં લખાણ ટુંકું જ હતું.

" મને મંદવાડ છે પણ તમે એમના એમ પાછા આવશો તે મને ઠીક
" નહી પડે. તમારાં ઘરમાં સર્વને એમ છે કે સરસ્વતીચંદ્ર મરે કે ન જડે
" તો તમારા ઘરમાં પઈસો આવે. મ્હારા મંદવાડને બ્હાને તમને
" બોલાવવા કાગળ લખે છે તે આ જ મતલબથી. પણ એવો પઈસો
" આવેલો એ સઉ ખાઈ જશે ને તે નહી રહે તમારી પાસે ને નહી રહે
" સરસ્વતીચંદ્ર પાસે. સરસ્વતીચંદ્ર જડશે તો જેટલા તે આપણા છે એટલાં
" તમારા ઘરનાં આપણાં નથી. માટે ખોટાં સગાનું માનશો નહી ને ખોળો
" છો તેને ખોળજો. ધુતારાલાલનાં માણસ તમારા ઘરમાં આવે છે, જાય છે
" ને લાંચ લાલચો આપે છે. મ્હારું નામ દૈઈ બોલાવે તો છેતરાશો નહી ને
" આવશો નહી. મને મંદવાડ છે ને મરીશ તેનું મને દુઃખ નથી. કારણ
" તમારા ઘરમાં સુખ દીઠું નથી ને દેખવાનું નથી, પણ હું મરીશ તો સર-
" સ્વતીચંદ્ર મ્હારાં છોકરાનું કલ્યાણ કરશે ને તમારા ઘરમાંથી છુટી છોકરાં
" તેને હાથ જશે. માટે મ્હારા મરવાની ચિંતા ન કરતાં સરસ્વતીચંદ્રનો
" જ સ્વાર્થ રાખજો."

ચંદ્રકાંતને પરસેવો થઈ આવ્યો ને કપાળપર તેનાં ટીપાં ઉભરાયાં; પણ ઓઠ કરડી થયેલો વિકાર બીડી રાખી મુખપર આવેલો ભાવ પાછો ખેંચી લીધો. પત્ર બીસામાં મુક્યો ને મુકતાં મુકતાં બોલ્યો.

" આ પત્ર મ્હારા ઉપર છે. તેનો સાર કોઈ વેળા સમજાવીશ. હાલ
" તો આપે જે ઉપકાર કરવા ધારેલો છે તે કરો."

પ્રવીણ૦—બહુ સારું. પ્રધાનજીને સર્વ વાત વિદિત કરી આપને સંદેશો મોકલીશું.

બે જણ ગયા. ચંદ્રકાંતના ક્ષોભનો પાર રહ્યો નહી. આણી પાસ ઉઘાન અને પેલી પાસ વસ્તીનો તરવરાટ—કશામાં એનું મન ગયું નહી. એટલામાં આઘેના કોલાહલમાં અનેક અવ્યક્ત, મિશ્ર અને મ્હોટા સ્વર નીકળતા હતા તે વચ્ચેથી એક ઉચ્ચ સ્વરે ગાયેલી સાખી ચંદ્રકાંતના કાનના પડદા સાથે અથડાઈ.

" જડ જેવો દ્રવતો શશી,
" સ્મરી રસમય શશિકાંત."

આ શબ્દો કાનમાં પ્હોંચતાં તે ચમક્યો અને ઉદ્યાનની બ્હાર સ્વર બોલનારને શોધવાને તેનાં નયન સહસા વળી ગયાં.

પ્રકરણ ૧૩.

તારામૈત્રક.



પ્રાતઃકાળે ભક્તિભૈયા અને અન્ય સાધુજનના સાથમાં કુમુદસુંદરી સુંદરગિરિઉપર જવા નીકળી તે જ પ્રાતઃકાળે સરસ્વતીચંદ્ર વિહારપુરી અને રાધેદાસના સાથમાં સુરગ્રામ અને સમુદ્રતટ જોવા પર્વતઉપરથી નીચે જવા નીકળ્યો.

સુન્દરગિરિનું પશ્ચિમ અંગ આ કાળે વિચિત્ર રમણીયતા ધરતું હતું. પર્વતની આનતિ[1] શિખરથી ભૂમિસુધી ધીમે ધીમે થતી હતી અને પ્હોળાં પગથીયાવાળા મ્હોટા આરા પેઠે સમુદ્રના તટ સુધી ગોઠવાયલી લાગતી હતી. એ આરાનો નીચેનો ભાગ, કેટલાંક સ્થાન આગળ સુરગ્રામસહિત, દૃષ્ટિમર્યાદાની નીચે હુમી જઈ આગળ નીકળી આવતા ખડકો નીચે ઢંકાયલો હતો, અને આરાના નીચલા ભાગ સાથે સમુદ્રના મોજાં અથડાતાં હોય એમ ઉપર ઉભેલાને લાગતું. ચિત્ર વિચિત્ર વૃક્ષોની ઝાડીઓ, લીલાં અને સુકાં ઘાસનાં જંગલ, વચ્ચે વચ્ચે ઉઘાડાં કાળાં માથાંવાળા ખડકો અને તેની અણીયાળી શિખાઓ, અને અનેક ન્હાના મ્હોટા સર્પ જેવા અને કંઈક દેખાતા ને કંઈક ન દેખાતા વાંકાચુકા રસ્તાઓ,—એ સર્વ પદાર્થ તીર્થવાસી બ્રાહ્મણોના સાથરાઓ પેઠે અને તેમની સામગ્રી પેઠે આરા જેવા ઢોળાવ ઉપર પથરાયલા હતા.

આ બધો ભાગ પશ્ચિમ દિશાનો હતો અને ચૈત્રમાસની વાદળાં વગરની રાત્રિને અંતે સૂર્ય ઉગ્યા પ્હેલાં તેના કિરણ પૂર્વમાંથી ચ્હડી પર્વતના શિખર ઉપરથી પશ્ચિમમાં ઉતરતા હોય એવો મન્દ આભાસ થતો હતો. આકાશ સ્પષ્ટ કેવળ ભુરું અને ડાઘા વગરનું હતું અને છેલ્લામાં છેલ્લો તારો અસ્ત થઈ ગયો હતો. સૂર્ય, તારા અને વાદળાં —એમાંના કંઈ પણ પદાર્થવગરનું, નીચેના સમુદ્રનાં મોજાં કે પ્રતિબિમ્બશક્તિ કે પ્રવાહકર્મ વગરનું, કરચલી વગરની મ્હોટી ભુરા વસ્ત્રની છત જેવું આકાશ હતું. તેને એક છેડે સમુદ્રપારની દૃષ્ટિમર્યાદાનો મ્હોટો તટ હતો અને બીજે છેડે

---

૧ ઢોળાવ, incline, gradient.

પર્વતના શિખર આગળનો ઉંચો તટ હતો પૃથ્વીના શિખરગૃહ[1] જેવા આ બે તટ વચ્ચે, ગયેલી રાત્રિના અંધકારનેસ્થાને, રંકજનયોગ્ય અને સાદી પણ સુન્દર ચળકતી છત ઈશ્વરે આમ અત્યારે ચહડાવી દીધી હતી તે કાળે સાધુજનોના સથવારામાં કુમુદસુંદરી અર્ધો ઢોળાવ ચહડી ગઈ હતી, અને માર્ગની આશપાશની શિલાઓઉપર બે અને સર્વ સ્ત્રીઓ વિશ્રાન્તિ લેવા વાતો કરતી બેઠી હતી.

પર્વત ઉપર જવાના આ માર્ગનો આ સ્થાને મ્હોટો વાંક[2] પડતો હતો, અને આ મંડળ એવે ટેકાણે બેઠું હતું કે ઉપરથી ઉતરનાર છેક ત્યાં આગળ આવે ત્યાં સુધી એમને દેખે નહી પણ નીચે જનારના ઉપર ત્યાંથી ઘણે છેટે સુધી દૃષ્ટિ જાય. માર્ગમાં ટેકાણે ટેકાણે તર–સ્થાન[3] હતાં. કેટલાંક તર-સ્થાન માર્ગની બે પાસે હતાં; કેટલાંક માર્ગના બેટની પેઠે આવી રહેતાં. કેટલાંક તરસ્થાન ગોળ અથવા લાંબા ઓટલા પેઠે ચણેલાં હતાં. પ્રસ્તુત તરસ્થાને માર્ગની બે પાસ શિલાઓ નાંખી હતી. એ તર-સ્થાન, વિશ્રામસ્થાન અથવા વીસામા ઉપર થાકેલા વટેમાર્ગુ થાક ઉતારતા.

કુમુદસુંદરી અર્ધો પર્વત ચહડી આવી હતી, પણ પ્રાતઃકાળના મધુર ઉત્સાહક[4] પવનને બળે તેમ હૃદયના ઉત્સાહક પ્રસંગને બળે એને પડેલો અપરિચિત દીર્ઘ શ્રમ જાણે તે અનુભવતીજ ન હોય તેમ સહુ સાથે વાર્તાવિનોદમાં ભળી જતી હતી. એના સુંદર ગાલ ઉપર આવેલી રતાશ, એના હાથ પગની અસ્વસ્થ શિથિલતા અને આંગળાનું ઘડી ઘડી વળવું, એના ઉરઃસ્થલઉપરના વસ્ત્રનો કંપ, એના અટકતા બોલ અને તેને ઘડી ઘડી અટકાવનાર શ્વાસ, એની સંકોચાતી આંખો, ભ્રૂભંગ અને કપાળની કરચલીઓ, અને એનાં વસ્ત્ર તથા કેશભારની કંઈક અવ્યવસ્થા, આ સર્વ એના શારીરક શ્રમના પરિણામ હતા કે એના ઉત્સાહિત મનોરથે પ્રેરેલા ચાઞ્ચલ્યનાં કાર્ય હતાં તેનો નિર્ણય કરવો કઠણ હતો. વાસ્તવિકરીતે અર્ધી વાત આ ખરી હતી અને અર્ધી બીજી પણ ખરી હતી, પણ સૂક્ષ્મ વિચાર કરી જાણનારને જ આ બે અવસ્થાઓનું મિશ્રણ સમજાય એમ હતું.

સર્વ સાધુ સ્ત્રીઓ વચ્ચે એકલી કુમુદસુંદરી રૂપથી, વસ્ત્રથી, અને અલંકારથી જુદી પડતી હતી. ભક્તિભૈયા ઉંચી, પ્હોળી, કાળી, અને કદ્રૂપી

---

૧ માળીયું, ૨મ્હોટીયું, કાતરીયું, Loft. ૨ વળવું, વાંકું થવું, curve. ૩ માર્ગ "ઉતરવાનાં" સ્થાન, landing places, ચ્હડતાં ઉતરતાં બેસવાની જગાઓ. ૪ Bracing.

બાવી હતી. બીજી બાવીઓ એનાથી નીચી હતી અને એક વામનરૂપ ઠીંગણી બાંવીને બાદ કરતાં બીજી સર્વ કુમુદથી ઘણી ઉંચી હતી, અને ઠીંગણી હતી તે સટે ઘણીજ જાડી હતી. કુમુદનાથી કાળાં તો સર્વ હતાં, પણ પરસ્પર કાળાશ વધતી ઘટતી હતી. જો રંગમાં જ રૂપ આવી જતું ન હોય તો એકએ સ્ત્રીયોમાં સુન્દરતા અને લાવણ્યના ચમકારનો અતિશય હતો. સર્વ બાવી�ઓનાં વસ્ત્ર તો ભગવાં જ હતાં. માત્ર કુમુદે માતાની પ્રસાદીની ચુંદડી પ્હેરી હતી તે ધોળાં ટપકાંવાળી કસુમ્બલ અને રેશમી હતી. એનાં નિત્યનાં વસ્ત્ર એક ધોળા નહાના કડકામાં બાંધી ઠીંગણી બાવીએ સાથે લીધાં હતાં. સુવર્ણપુરમાં જે અલંકાર પ્હેરેલા હતાં તે પ્હેરીને જ એ હુણી હતી અને તે અલંકાર અત્યારે પણ એના શરીર ઉપર હતા. શરદ્ઋતુની વાદળીઓ વચ્ચે ચન્દ્રલેખા જેવી દેખાતી કુમુદ આ બાવીઓની વચ્ચે એક પથરા ઉપર બેઠી હતી.

ભક્તિભૈયા કુમુદની પીઠે હાથ ફેરવતી હતી.

"એટા મધુરી, આજના જેટલો શ્રમ તો તહારે કોઈ દિવસ પણ લેવો નહી પડ્યો હોય?"

"ના, પણ અત્યારે સાધુજનની સંગતિ, અને થોડીવાર પછી પવિત્ર સ્થાનનાં દર્શનનો આશા, એ બે લાભનો પ્રાપ્તિથી આ શરીરનો શ્રમ તેમ મનનાં દુઃખ બે વાનાં ભુલી જાઉં છું. મૈયા, યદુશૃંગ હવે કેટલે છેટે હશે?" કુમુદે પ્રશ્ન પુછ્યો.

"હજી તો આપણે અર્ધો માર્ગ આવ્યાં. આવ્યાં એટલું ને એટલું બાકી રહ્યું."

"મધુરી મૈયા, તહારા કોમળ ચરણ શ્રાંત થયા છે—કમળની ચોળાયલી નાળો જેવા થયા છે—હું તેનું જરી મર્દન કરું": ઠીંગણી બાવી બોલી ને કુમુદના પગ ચાંપવા લાગી.

"વામની મૈયા, આપણા ચરણ સરખા જ છે. મ્હારા શ્રાન્ત થાય તો તમારા પણ શ્રાન્ત જ હશે. માટે રહેવા દો." મન્દ લીલાથી તેના હાથ બસેડતી બસેડતી કુમુદ સ્મિત કરી બોલી.

"મૈયા, મ્હારા ચરણ છે તો તહારા જેવડા પણ લોખંડના થાંભલા જેવા કઠણ છે. ને શ્રમ ઢાંકવા તું મ્હોં મલકાવે છે, પણ કમળપત્ર જેવા મુખમાં જે કોમળતા છે તે કંઈ કઠણ થઈ શકે છે?" વામનીએ ચરણ છોડ્યા નહી.

"વામની, તહારા હાથ-પગના જેવો મહારા હાથ-પગમાં દોષ નથી. માટે તહારું કામ મને કરવા દે": ભક્તિમૈયા હસતાં હસતાં વામનીના હાથ ખસેડી જાતે પગ ચાંપવા લાગી.

વામની આધી ખસતી ખસતી બોલી : " સંપૂર્ણપણે દોષ દૂર કરવો હોય તો તમે પણ ખસો અને સ્થાને મોહની મૈયાને બેસવા દો કે સુન્દરને સુન્દરતાનો યોગ થાય."

શ્યામ પણ રૂપવતી મોહની કુમુદની પાસે બેઠી અને ભક્તિ ખસી. ખસતાં ખસતાં હસી અને બોલી.

" સત્ય વચન તો પાળવું જોઈએ તે પાળું છું, પણ આ બેમાં " સુન્દર કોણ અને સુન્દરતા કોણ ?"

વામની અને ભક્તિ ઉભય કુમુદ અને મોહની સામે એક ટશે જોઈ રહ્યાં અને તેમની કીકીઓમાં વિનોદક હાસ્ય રમવા લાગ્યું.

" આપણને મધુરી મૈયા સુંદર લાગે છે માટે તે સુન્દર. એનું રૂપ જેવું " સુન્દર છે તેવા જ એના ગુણ સુન્દર છે માટે તે સર્વનો આત્મા પણ " સુન્દરતારૂપ જ હોવો જોઈએ. માટે સુન્દર પણ એ અને સુન્દરતા પણ એ જ. એનું લખરૂપ સુન્દર અને અલખ આત્મા સુન્દરતા. કેમ બંસરી મૈયા ?" કુમુદના હાથના કમળનાળ જેટલા બળથી ન અટકતાં તેના ચરણ ચાંપતી ચાંપતી મોહની બીજી રૂપવતી બાવીને પુછવા લાગી. પુછતાં પુછતાં એના શાંત પ્રેમનું લાવણ્ય એના મુખ ઉપર સ્ફુરવા લાગ્યું.

ભક્તિ૦—બાકીના માર્ગમાં એને આપણે તેડી લઈશું.

કુ૦—મૈયા, એ તો અઘટિત જ થાય. તમ સાધુજનને એવી રીતે ભારરૂપ હું નહી થઈ પડું. હું ધીમી ધીમી જાતે જ ચ્હડીશ.

બંસરી બીજી પાસથી કુમુદને ભેટી પડી તેને છાતી સરસી ગળી ચુમ્બન કરતી કરતી બોલી.

" મધુરી ! માજી તને યદુનન્દનના ધામમાં મોકલે છે તે પુણ્યકાર્યમાં તને આશ્રય આપવો એ તો અમ અલખના જોગીકુળમાં અમારું પોતાનું જ પુણ્યબીજ રોપાતું જોવાનો માર્ગ છે. સાંભળ—

" સાધુ સાધુનો સંગ કરીને
અલખ પ્રભુને પામે રે
અલખ પમાડીં જગાડે તેને
લખ ચોર્યાશી ના'વે!— શુણ, મેરી મૈયા, તું ! "

આ પુરું થાય એટલામાં તો તુમડી ઉપર બાંધેલી એક તારની સા-રંગ*એકજણી પાસથી લેઈ સજ્જ કરી તેમાં આ કડીઓ મોહની ઉતારવા લાગી. ગાયન અને વાદિત્રના સ્વર પ્રભાતની લક્ષ્મીમાં પ્રસરવા લાગ્યા ત્યાં વામની ઉઠી.

" બ્રહ્માણી, મહાલક્ષ્મી, અને રુદ્રાણી જેવાં તમે ત્રણ જણ એક બીજાને બાઝીને બેહાં છો ત્યાં મને પણ આનંદની ઊર્મિ ચ્હડી આવે છે. મધુરી મૈયા ! મહાસાગર અને ગિરિરાજ વચ્ચે સૂર્યવિનાના આ કોમળ મધુર આકાશ જેવી તું અમને પ્રિય લાગે છે. તહારા હૃદયનાં દુઃખ અમે કાલ રાત્રે જ દીઠાં છે. અમ સાધુજનના સ્થાનમાં તહારાં જેવાં દુઃખ છેક અપરિચિત નથી, પણ અમે દુઃખને પણ યદુનન્દનનો પ્રસાદ ગણી ભોગવીએ છીયે. સુંદરતા અને પ્રીતિ એ પણ અમારે ત્યાં પરિચિત છે; એટલું જ નહી, પણ તમે સંસારી જનો જ્યારે પ્રીતિ કર્યા પહેલાં વિવાહ કરો છો ત્યારે અમો સાધુજન હરિભજનમાં લીન રહીયે છીયે, પુરુષને ન પરણીયે તો શ્રી અલખને શરણ રહીયે છીયે, અને શ્રીકૃષ્ણ પરમાત્માને ત્યાં મહાલક્ષ્મીની કુખમાં જન્મેલો મન્મથ અમારાં અંતઃકરણમાં જાગે છે તો તેની પવિત્ર આજ્ઞાને વશ થઈ વિવાહ પણ કરીયે છીયે. ભગવાન્ મન્મથનાં દીધેલાં દુઃખમાં પણ કાંઈક જુદી જ મધુરતા છે. એનાં આપેલાં સુખદુઃખ અમે ભોગવીએ છીએ તેથી તહારી સ્થિતિ સમજીએ છીએ અને તને તેમાંથી ઉગારીશું. અમારા સ્નેહનો પરિણામ શ્રીઅલખમાં આવે છે તે સાંભળ અને જો સ્નેહ કરે તો અમારા જેવોજ રાખજે. દુઃખ, શ્રમ, ઇત્યાદિ વિચાર છોડી દે અને અમે જે પ્રદેશમાં તને લેઈયે છીયે તેના પ્રેમનું કીર્ત્તન સાંભળ."

વામની કુમુદના સામી ઉભી રહી જરીક નૃત્ય કરતી ગાવા લાગી, બંસરી તેમાં રાગ ભેળવવા લાગી, અને મોહની સાજકનો સ્વર ભેળવવા લાગી.

' " જોની, સુંદરી મૈયા અલખની !
સુન્દર લખઈંપ તું !

---

* " ભરથરી " (ભર્તૃહરિના અનુચર) લોકમાં સાજક નામની સારંગી ઘણું ખરું વપરાય છે.

૧. ' જનની જીવો ગોપીચંદની '—અને ' જોગ લીધો રાજા ભરથરી '—એ રાગ.

નાચી રહી માયા લખ્યતણી,
તેમાં મન્મથશર તું !—જોની૦
હૃદય કોરે, મૈયા, પુરુષનાં,
પીતી લખ્યરસ પાન તું;
એ રે હૃદયમાં સરી જતાં
ધર અલખ્યનો પ્રકાશ તું !—જોની૦
પ્રીતિ કરીને, મૈયા, પુરુષમાં
ત્હારો અલખ જગાવની !
યદુનંદન પ્રભુના આનંદમાં
શુદ્ધ સ્નેહોને નચાવની ! જોની૦
એ રે લ્હાવો સંસારનો,
એ છે સ્નેહનો સારજી !
એ રે સુન્દર પન્થ મુક્તિનો
કોમળ અબળાને હાથ જી.—જોની૦

વામનરૂપ પણ કિન્નરકંઠી સાધુસ્ત્રીનું ગાયન મોહનીના સાજકના કોમળ સ્વરમાં ભળ્યું. એનાજ વામન પણ ચતુર ચરણનું નૃત્ય અને લાલિત્યકળાત્રાળા શરીરના હાવભાવ એક થઈ ગયાં અને કણ્ઠ અને તન્ત્રી ઉભયના સ્વરોને પોતાનામાં લય પમાડવા લાગ્યાં. ગાય છે કોણ ને વગાડે છે કોણ ? ગવાય છે શું ને વાદિત્રમાં ઉતારાય છે શું ? એ સ્વર બોલે છે કે એક ? કંઠ બોલે છે કે તન્ત્રી ? આ સર્વ પ્રશ્ન નિષ્ફળ થાય, પ્રશ્નો સુઝેજ નહી—એમ ગાયનસામગ્રીનો સંવાદ થયો. નવા પ્રાતઃકાળનું કોમળ તેજ, મંદ પવનની મિષ્ટ શીતળ લહરી અને અનેક સ્વર અને ચિત્રોથી ભરેલા પણ સજીવ એકાકાર પટ જેવા લાગતા ગિરિરાજનો આનતિ-પ્રદેશ,-એ સર્વ સંગીતની આ મધુર કલિકાના પ્રસરતા પરાગથી તન્મય થવા લાગ્યાં. સર્વ સાધુ સ્ત્રીઓ તેના પવિત્ર રમણીય આનંદમાં ક્ષણવાર લીન થઈ ગઈ—નવીન રસથી ઘૂર્ણાયમાન થવા લાગી. પણ તે જ પદાર્થો કુમુદસુંદરી ઉપર ભિન્ન અવસ્થાનું નિમિત્ત થઈ પડ્યા. વામનીના સંગીતમાંના લખ અલખમાં તેને કંઈ સમજણ પડી નહી, પણ તેમાં દર્શાવેલા પ્રેમાળ સ્ત્રીના ઉત્સાહનાં મર્મ એનાં મર્મને અચિન્ત્યાં વલોવવા લાગ્યાં. ક્ષણ ભુલાઈ ગયેલો પુરુષ ક્ષણમાં પાછો સ્ફુરી આવ્યો. એ પુરુષના પ્રિયતમ અભિલાષો પ્રથમાવસ્થામાં રસ અને ઉત્સાહથી પોતાના કાનમાં અને હૃદયમાં ભરાયા હતા, એ અભિ-

લાપ સિદ્ધ કરવાની શક્તિવૃત્તિવાળા સમર્થ સ્વામીની સાથે પ્રાણયાત્રા અને લોકયાત્રા કરી, તેની સહધર્મચારિણી થઈ, તે સહચારકાળે ઉચ્ચાભિલાષી વિદ્વાન પતિના હૃદયમાં ગુપ્ત મંત્ર પ્રેરવાના પોતાને અભિલાષ થયા હતા. તે કાળ સ્મરણમાં ખડો થયો. વિધાતાની વિચિત્ર ઇચ્છાથી આવા શુદ્ધ સ્નેહની સૃષ્ટિમાં લેઈ જવા તત્પર થયલો પ્રિયજન ઉદાસીન થઈ ગયો, તેને સ્થાને માત્ર કામદેવના મંદિરમાંનાં અને શાંત ગૃહસંસારમાંનાં સ્વપ્ન દેખાડનાર પતિનો જ યોગ થયો, એ પતિ પણ શત્રુ થયો, એ સ્વપ્ન પણ નષ્ટ થયાં અને નેત્રના પલકારા જેટલા કાળમાં કેઈ કેઈ અનુભવ અને ચમત્કાર જોવા પડ્યા. આ સર્વ ચિત્ર વામનીના ગાને કુમુદના ચિત્તમાં ઉભું કર્યું. સુવર્ણપુરથી નીકળવું શું ? બ્રહ્મારવટીયામાંથી બચવું શું ? નદી શી ? સમુદ્ર શો ? ચંદ્રાવલી શી ? આત્મહત્યા શી ? તેમાંથી બચવું શું ? પર્વત શો ? આ નવી યાત્રાનો આરંભ શો કરવો ? સરસ્વતીચંદ્ર સાધુઓમાં જવા શા ? તેના ઉપર તેમના ગુરુનો પક્ષપાત થવો શો ? એની પાસે હવે જવાની પોતાની વૃત્તિ શી થવી ? પોતે જઈને શું કરવાની હતી ?– ઇત્યાદિ અનેક પ્રશ્નો–સંકલ્પવિકલ્પો–ચોપાસ દેખાતા પથરાઓ પેઠે તેની પાસે ખડા થયા. એ પથરાઓ કાંઈ કામના ન હતા, ભાગે નહી એવા કઠણ હતા, હવે એના ઉપર ચાલવું અનિવાર્ય હતું, અને કોમળ પગને તે ખુંચે એમાં તો નવાઈ શી ? પોતાના વિચાર–પ્રશ્ન પણ કામના ન હતા, ઉત્તર મળે નહી એવા કઠણ હતા, અનિવાર્ય હતા, અને કોમળ હૃદયને અનેક શલ્ય તુલ્ય હતા. વામનીના ગાયનમાં વચ્ચે વચ્ચે સ્વર લંબાતા ત્યારે કુમુદના મનમાં આ વિચારો ઉઠતા, ગાયન-કાળે દીવાની વાટ પેઠે સંકોરાતા અને તેને લીધે જ પાછા સ્થિર જ્વલમાન થતા; અને સાજકના સ્વરથી કંપતા. બોલ્યા ચાલ્યાવિના, હાલ્યા વિના, સ્તબ્ધરૂપે અને મૌનથી એણે સર્વ સાંભળ્યાં કર્યું પણ પોતાના ચીરાતા હૃદયની ચીસો અનાહત નાદ પેઠે સંભળાવા લાગી અને નેત્રમાં અશ્રુધારા ચાલવા લાગી.

ગાયન અને નૃત્ય થઈ રહ્યું ત્યાં ભક્તિમૈયા ઉઠી અને ઉભેલી વામનીની હડપચી ઝાલી બોલી ઉઠી–" વામની, આ ગાન, આ સ્થાન, અને આ પ્રભાત અને આ સુંદર સ્વરૂપ:–એ સર્વ શું શ્રીકૃષ્ણપરમાત્માની રાસલીલા નીરખાવવા યોગ્ય નથી ?"

આનો ઉત્તર મળતા પહેલાં તો માર્ગનો વાંક ઓળંગી સરસ્વતીચંદ્રને લેઈ વિહારપુરી અને રાધેદાસ ઉતરી આવ્યા. સ્ત્રીમંડળને જોઈ તેઓ સ્તબ્ધ થઈ સંકોચાઈ ઉભા. તેમને જોઈ સ્ત્રીઓ પણ વીજળીની

ત્વરાથી સાવધાન અને સ્વસ્થ થઈ ઉભી. ભક્તિમૈયા માર્ગ આગળ જરા આગળ આવી અને તેણે તથા રાધેદાસે યદુશૃંગના સાંકેતિક અભિવંદનનો ઉચ્ચાર કર્યો. "નન્દકો નન્દન એક આનન્દ દેત હય!" આ ઉચ્ચારની ગર્જના સરસ્વતીચંદ્ર અને કુમુદ વિના બાકીના સર્વ મંડળે કરી અને વધારી તે ગર્જનાને કાળે તેમાં ન ભળેલાં એ જણની દૃષ્ટિ એક બીજા ઉપર સ્વાભાવિક રીતે વળી. ગર્જના તેનું જ કારણભૂત થઈ. ભગવાં વસ્ત્રમાં ઢંકાયલો પ્રિયજન તેને શોધનારીથી અલક્ષિત કે અનભિજ્ઞાત રહી શકયો નહી. કુમુદે તેને ત્વરાથી ઓળખી લીધો. સરસ્વતીચંદ્રે તેને જોઈ, મુખમુદ્રા અને અન્ય સર્વાકારથી દૃષ્ટિ આગળ કુમુદસુંદરી જ ઉભી લાગી; પણ આ સ્થાને એ હોવાનો સંભવ કોઈ પણ રીતે નથી એમ ગણી સ્ત્રીજન ભણીથી નેત્ર પાછું ખેંચી લેવા—નિવૃત્ત કરવા—પ્રવૃત્તિ થઈ, પણ સર્વરૂપે ઇષ્ટ પ્રતિમા જણાઈ તેના ભણીથી નયનને નિવૃત્ત કરવા હૃદયની શક્તિ રહી નહી, અને એ પ્રવૃત્તિનિવૃત્તિનો પરસ્પર વિરોધ ટાળવા કુમુદનાં અશ્રુપૂર્ણ નેત્રના દૃષ્ટિપાત અશક્ત થવા લાગ્યા.

श्यामास्वङ्ग चकितहरिणीप्रेक्षणे दृष्टिपातम्
वक्त्रच्छायां शशिनि शिखिनां बर्हभारेषु केशान् ।
उत्पश्यामि प्रतनुषु नदीवीचिषु भ्रूविलासान्
हन्तैकस्मिन् क्वचिदपि न ते चण्डि सादृश्यमस्ति ॥*

વિયોગી નાયકોને જેનું સર્વદેશીય સાદૃશ્ય આમ જડતું નથી તેવાનું સર્વતઃ સાદૃશ્ય આ સ્થાને જોઈ સરસ્વતીચંદ્ર સ્તબ્ધ થયો, પર થયો, અને માત્ર દૃષ્ટિને અસ્થિર રહેવા દેઈ ઉભો રહ્યો. યદુનની ગર્જનાઓ શાંત થઈ એટલામાં આ સર્વ વિચારો અને વિકારો નામાં ન ભળતાં શાંત રહેનારનાં હૃદયમાં અને શરીરમાં આવો ઉદ્ર રચી રહ્યા. સાધુજનોના મુખમાં ગર્જના હતી અને હૃદયમાં શાંતિ ો. આ બે સંસારી જનોનાં હૃદયમાં મન્થન હતું અને મુખ ઉપર ાંતી શાન્તિ હતી.

આ હૃદયમન્થનનું કારણ થયેલી ગર્જના બંધ થઈ તેટલામાં કુમુદ- ા સર્વ સ્ત્રીમંડળ પુરુષોને ઘેરીને ઉભું અને પ્રશ્નોત્તર થવા લાગ્યા.

---

* માલતીમાધવ

ભક્તિ૦—વિહારપુરી, ગુરુજીના નવીન જૈવાતૃકને લેઈ ક્રીયા પ્રદે-
શમાં અલખ જગવવા જાવ છો?

વિહાર૦—સુરગ્રામનાં પવિત્ર રમણીય સ્થાન એમને દેખાડવાં એવી
ગુરુજીની આજ્ઞા છે.

વામની૦—નવીનચંદ્રજી તે આ જ કે?

કુમુદ જાણતી છતાં પળવાર કંપી.

વિહાર૦—હા, એ જ.

મોહની૦—ભવ્યતા અને સુન્દરતાનો સંયોગ પુરુષવર્ગમાં આજે જ
પ્રત્યક્ષ કર્યો. વિહારપુરી, કંઈ કંઈ જનોની રમણીય લખ વાસનાઓની
આશાઓને નષ્ટ કરી સ્ત્રીસૃષ્ટિથી આ રૂપને પરોક્ષ કરવું ગુરુજીએ
શાથી ઉચિત ધાર્યું?

કુમુદના હૃદયનો નિઃશ્વાસ મુખમ્હાર સાકાર થયો—પ્રત્યક્ષ થયો—
લાગ્યો. એની અંતર્ની જિજ્ઞાસાને ધૃષ્ટ જ્ઞાનને માર્ગ જવાનું વાહન
મળ્યું. નીચી રહેતી દૃષ્ટિને પાંપણોમાંથી ઉંચી વળવા દેઈ એ વિહા-
રપુરીના મુખ ભણી જોવા લાગી.

વિહારપુરી સ્મિત કરી બોલ્યોઃ "મોહનીમૈયા, એક સૃષ્ટિથી બીજી
સૃષ્ટિને પરોક્ષ કરવી એ કામ તો શ્રીયદુનંદનની માયાનું છે. ગુરુજી
તો માત્ર અધિકારીઓને શ્રીઅલખનું સ્વરૂપ પ્રત્યક્ષ કરાવે છે; અને
સૂર્યના પ્રકાશથી ચંદ્ર અને તારાનો પ્રકાશ ઝાંખો થઈ જાય છે તેમ
અખલના પ્રકાશથી લખ સૃષ્ટિ શાંત થવી ન થવી એ તો એ
પ્રકાશના અને અધિકારીના બુદ્ધિક્ષેત્રના સંયોગનું પરિણામ છે. ગુરુ
એ વાતમાં સર્વદા તટસ્થજ રહે છે."

બંસરી૦—ત્યારે શું કૃષ્ણ કદમ્બમાં અલખ રહી ગોપિકાજનના
હૃદયને અવશ કરનાર કૃષ્ણ-સ્વરૂપના અલખ જ્યોતિનું લખ ગાન આ
પુરુષના હૃદયમાં ઉતરી શકયું છે?

વિહાર૦—બંસરી, ગુરુજી પાસે આવતા પહેલાંથીજ એ બંસરી એ
હૃદયમાં પ્રહારેલી જણાઈ છે.

આ ઉત્તરથી કુમુદ વિના સર્વે સ્ત્રીઓનાં હૃદય તપ્ત થયાં. કુમુદનું
હૃદય તો અધિક તપ્ત થયું. બંસરીએ સરસ્વતીચંદ્રને પ્રણામ કર્યો અને
શરમાતી શરમાતી બોલી: "સાધુજન! પુરુષ અને સ્ત્રી એ એકજ

વૃક્ષ ઉપર ઉગતી ન્યારી ન્યારી કુસુમકલિકાઓ છે. તેમના રંગ અને સુવાસ ન્યારા છે. પણ તેમનો પરસ્પર સહચાર અનેક ધર્મનો ધરનાર અને અનેક ફલનો દાતાર થાય છે. એ સહચારનું મધુરમાં મધુર સ્વરૂપ તમે સાધો એવો અમારો આશીર્વાદ છે.”

મોહની૦—એવું સુન્દરમાં સુન્દર સ્વરૂપ તમે સાધો એવી મ્હારી આશિષ છે.

ઉભય સુન્દરીઓને સરસ્વતીચંદ્રે માત્ર મસ્તક નમાવી મન્દ સ્મિત વડે ઉત્તર આપ્યો—આભાર માન્યો.

વામની હસતી હસતી બોલી: “વિહારપુરી, દક્ષિણામૂર્ત્તિ પેઠે મૌન ધારી સ્મિત કરતા આ અતિથિનો અને સુન્દરગિરિનો સહવાસ કેટલો ધાર્યો છે? ગિરિરાજના કીયા શૃંગ ઉપર અને કીયા ધામમાં એમનો નિવાસ કલ્પ્યો છે?”

રાધે૦—વામનીબૈયા, શ્રવણમનન કરતાં અતિથિના મનમાં સુન્દરગિરિ સુન્દર ભાસે ત્યાં સુધી એ બેનો સહવાસ છે. હાલ તો એ ગુરુજીના અન્તેવાસી[1] છે. કાળક્રમે અનેક શૃંગોમાંથી જે ધામ ઉપર એમનો પક્ષપાત થશે ત્યાં એ વસશે.

વામની—પણ એમના સ્વકંઠમાંથી કોઈ શબ્દનો ઉદ્‌ગાર અમને લભ્ય થઈ શકશે કે નહી? સહવાસ એમની ઇચ્છા ઉપર ગુરુજીએ રાખ્યો તે ઉચિત છે. પણ એમની ઇચ્છા જાણવી તો બાકી રહી.

સરસ્વતીચંદ્રને હવે ઓઠ ઉઘાડ્યા વિના છુટકો રહ્યો નહી. તેનાં નેત્ર કુમુદભણી તણાતાં હતાં, હૃદય અંતર્મા ને અંતર્મા જ વળતું હતું, છતાં ભૂમિકાને ઉચિત વેશ ભજવવો એજ ઉચિત થયું. નેત્ર વશ કરી તે ધીમે ધીમે સ્મિતપૂર્વક બોલ્યો.

“અલક્ષ્યના ભક્તિયોગમાં મગ્ન આર્યાઓ બોલાવશે ત્યારે આ શરીરને બોલવામાં જ સુન્દરતા લાગશે. સાધુજન! ગુરુજીએ આ શરીરને જીવનનું દાન કરેલું છે ત્યારથી એ શરીર તેમની ઇચ્છાને જ વશ છે. આ ગિરિરાજ જેવો નામમાં અને દર્શનમાં સુન્દર છે તેવીજ એની જડ ચેતન સર્વ સમૃદ્ધિ સુન્દર છે. તે સર્વ સુન્દર વસ્તુઓમાંથી અને સુન્દર સ્થાનોમાંથી કોનો કેટલો સહવાસ મને આપવો એ વિચાર ગુરુજી જ કરશે અને તેમની વૃત્તિ તે જ મ્હારી પ્રવૃત્તિ સમજવી.”

---

૧. પાસે વસનાર, શિષ્ય.

વામની૦—વાહ, વાહ, નવીનચંદ્રજી, સુન્દર છો અને સુન્દર બોલો છો.

ભક્તિ૦—એવું સુન્દર બોલે છે કે તે સુન્દરતાથી લેવાયલી વામનીને પાતાના પ્રશ્નના ઉત્તરમાં કાંઈજ મળ્યું નથી, છતાં બધું મળ્યું હોય તેમ તૃપ્ત થઈ ગઈ. સુન્દરતાનો પ્રભાવ એવો જ લબ્ધ થાય છે. વારું રાધેદાસ, તમે સુરગ્રામમાં રાત્રિ ગાળવાના છો કે ગિરિરાજ ઉપર? આ પ્રશ્નનો ઉત્તર આપવો તે તો તમારા હાથની જ વાત છે.

રાધે૦—તમે હાર્યા. એ બે શીવાય ત્રીજું સ્થાન શું રાત્રિ ગાળવાને માટે નથી?

સ્મિતપૂર્વક શરીર ઉછાળી વામની બોલી :—"હા! હા! એ તો ભક્તિમૈયા ભુલ્યાં. ચન્દ્રાવલીનાં માજી વિહારપુરીના હૃદયમાં ઉતરે તો એ ત્રીજું સ્થાન બને."

સર્વ સાધુ સ્ત્રીઓ સ્મિત કરવા લાગી. વિહારપુરી ગંભીર થઈ બોલ્યો—"રાધેદાસ, સુંદરતાના વિવાદમાં સ્ત્રીજન જીતે એ સ્વાભાવિક છે. એ વિવાદમાં પડવું એ આપણા ધર્મનો અતિક્રમ કરાવે એવો માર્ગ છે. એ છોડી આપણે અતિથિને લેઈ માર્ગે પડીએ એ જ હવે વધારે ઉચિત છે."

વામની૦—સુંદરગિરિ ઉપર ચરણ મુકી સુન્દરતાનો તિરસ્કાર કરવો એ કૃતઘ્નતા છે.

વિહાર૦—સત્ય છે. માટે જ સુંદરતાનો પૂર્વપક્ષ સુંદરીઓની પાસેથી શ્રવણ કરવાનું રાખી અમે કર્કશ પુરુષો તેનો ઉત્તર પક્ષ છોડી દેઈએ છીએ. વામની મૈયા, દિવસ ચહડશે અને ભગવાન સૂર્યનારાયણ તપશે અને શિલાઓને તપાવશે ત્યારે બીજા કોઈના ચરણને નહી તો જે પુષ્પલતાને લેઈ તમે જાવછો તેને કરમાવી નાંખશે. માટે હવે આપણે પોતપોતાને માર્ગે પડીએ.

'પુષ્પલતા' શબ્દ ઉચ્ચારતાં કુમુદ ભણી આંગળી કરી. સ્ત્રીમંડળની દૃષ્ટિ એણી પાસ ગઈ અને દૃષ્ટિ જતાં એનું મ્લાન વદન સર્વને ચિંતાનું કારણ થઈ પડ્યું. પુરુષો સાથેનો વિનોદ મુકી સર્વ કુમુદ ભણી વળ્યાં, તેઓ તેમ જતાં યદુનંદનની ગર્જના કરતા ઉભય સાધુઓ અતિથિને લેઈ માર્ગે પડ્યા. "જી મહારાજ, આ માર્ગે નહી—આણી પાસ"- કરતા કરતા સાધુઓ અદૃશ્ય થયા. તેમની પાછળ ચાલતા સરસ્વતીચંદ્રના નેત્રેન્દ્રિયના મૂળ આગળના તંતુ કુમુદ ભણી સ્થિર રહ્યા, પણ નેત્રની બાહ્ય કીકીઓ માર્ગની

દિશામાં બળથી વળી અને તેને કુમુદ પરોક્ષ થઈ. માત્ર "મધુરી, બેટા મધુરી" એટલા શબ્દો બે વાર કર્ણમાં પેઠા અને પછી તેના ભણકારા રણકારો કરી રહ્યા. સર્વ સ્ત્રીઓ પોતાની પાસે આવી છતાં કુમુદની દૃષ્ટિ હઠ કરી યોગીઓની પાછળ જ ગઈ, સરસ્વતીચંદ્રના પગના પાછલા ભાગમાં ઠરી, પગ અદૃશ્ય થતાં તેના અંચળા ઉપર ચહડી, તે અદૃશ્ય થતાં તેના મસ્તકના પાછલા ભાગમાં ઠરી, અને તે અદૃશ્ય થતાં આંસુની ધારાઓમાં ઢંકાઈ જાતે અદૃશ્ય થઈ. સાધુજનોના કોમળ દયાળુ પ્રશ્નોને ઉત્તર આપવાને સટે તે વિકળવદનથી તેમના સામું જોઈ રહી. સર્વ સ્ત્રીઓ એક બીજાના સામું જોતી જોતી, પળવાર એક બીજાનો સાથે ધીમે ધીમે કંઈક ચિંતાતુર વાતો કરતી કરતી એકમત થઈ, અને તેને અંતે ભક્તિમૈયાએ કુમુદને ઉપાડી લીધી, છાતી સરસી ડાબી દીધી, અને જાતે પગે ચાલવાના હેતુથી એની પાસેથી ઉતરી પડવાના કુમુદના શરીરના આગ્રહી પણ કોમળ પ્રયાસને નિષ્ફળ કરી દેઈ આ ઉંચા બલવત્ શરીરવાળી ભક્તિ અન્ય સ્ત્રીઓ સાથે ગિરિરાજ ઉપર ચહડવા લાગી.

આ તરસ્થાનસુધી આવતાં જેટલો મ્હોટેથી તેમનો વિનોદ ચાલતો હતો તેટલીજ ધામેથી અત્યારે એમની પરસ્પર ગોષ્ઠી અટકી અટકી જરી જરી થતી હતી અને તેમાંથી કંઈક શબ્દો ભક્તિનાં બભા ઉપર પડેલી કુમુદના કાનમાં જતા હતા.

"તારામૈત્રક જ!" બંસરી મોહનીના કાનમાં ભણી.

"આંખના તારાઓનું કે આકાશના તારાઓનું?"—તેમના મુખ અને કાન વચ્ચે માથું ઘાલતી પગની પ્હાની ઉપર ઉંચી થતી થતી વામની ઉતાવળું ઉતાવળું પણ ધીમેથી બોલી.

તેને બસેડી નાંખતી નાંખતી બંસરી ગણગણી—"નક્ષત્રોનું મૈત્રક તો નક્ષત્ર જાણે, પણ કીકીયોને તો બળવાન વ્યાધિ લાગ્યો."

વામની વળી ઉછળી અને તેમના કાનમાં બોલી—"વ્યાધિ લાગ્યો આધિ લાગ્યો, લાગ્યો મદનઉપાધિ."

મોહની સર્વને બસેડી આંસુ સાથે બોલતી સંભળાઈ. "શ્રીકૃષ્ણ પરમાત્મા કરે તે બરું. ક્યાં એ યોગીનો યોગ અને ક્યાં આની પ્રીતિની મધુરતા?—બાકી તારામૈત્રક તો નિઃસન્દેહ જ!" નિઃશ્વાસ મુકતી મોહની ભક્તિની પાછળ ચાલી.

સર્વ ચાલીગ્યેા. તેમના મુખમાં ગેાષ્ઠીના અને શ્લેાકના ઉદ્‌ગાર થતા હતા.

મેાહની—"દક્ષિણાનિલ જેવા મધુર યેાગી!

"[1]लवङ्गलतिकाभङ्गदयालुर्दक्षिणानिलः।
कथमुन्मूलयत्येष मानिनीमानपर्वतान् ॥"

વામની—"રાત્રિએ જે પુરુષનું નામાદિ શ્રવણ કર્યું હતું તે આ જ! યેાગી છે તેાયે તે આ જ!

"[2]लतां पुष्पवतीं स्पृष्ट्वा स्नातो विमलवारिणा ।
पुनः संपर्कशङ्कीव मन्दं चरति मारुतः ॥"

આ સાંભળતાં જ ભક્તિના ખભા ઉપર કુમુદે નેત્રકમળ ઉધાડ્યાં જણાયાં. ત્યાં બંસરી ઉત્સાહમાં આવતી બેાલી;

[3]"निसर्गसौरभोद्भ्रान्तभृङ्गसंगीतशालिनी।
उदिते वासराधीशे स्मेराऽजनि सरोजिनी ॥"

કુમુદને એક ખભેથી બીજે ખભે ફેરવતી ફેરવતી સામે ઉદય પામેલું સૂર્યબિમ્બ જેઈ રહી, ભક્તિભૈયા બેાલી;

[4]"क्षणमयमुपविष्टः क्ष्मातलन्यस्तपादः
प्रणतिपरमवेक्ष्य प्रीतमह्नाय लोकम् ।
भुवनतलमशेषं प्रत्यवेक्षिष्यमाणः
क्षितिधरतटपीठादुत्थितः सप्तसप्तिः ॥"

"એ સૂર્ય ક્ષિતિધરપર પાછેા આવશે—ભૈયા, આવશે. મધુરીને હવે મહારે ખભે આપેા; એમ કહેતી કહેતી મેાહનીએ કુમુદના શરીરને લેવા

---

૧. લવંગની લતાનેા ભંગ કરતાં જેને દયા આવે છે એવેા આ દયાળુ દક્ષિણાનિલ માનિનીના માનપર્વતનું ઉન્મૂલન કેમ કરતેા હશે?(પ્રકીર્ણ શ્લેાક)

૨. પુષ્પવતી લતાના સ્પર્શથી અભડાઈ વિમલ જળથી ન્હાઈ, ફરીને કેાઈ સંસર્ગ થાય એવી શંકાથી આ પવન મન્દ મન્દ ચાલે છે. (પ્રકીર્ણ)

૩. સ્વાભાવિક સુગન્ધથી આકર્ષાયલા ભ્રમરના સંગીતની શેાભા શેાભતી કમલિની, દિવસપતિ ઉદય પામતાં, સ્મિત કરવા લાગી. (પ્રકીર્ણ)

૪. પૃથ્વીતલ ઉપર પ્રાદ મુકી ક્ષણવાર (પર્વતતટ ઉપર) બેઠેલેા આ સૂર્ય, પેાતાને પ્રણામ કરવામાં વ્યાપૃત થયેલા પ્રીતિથી પ્રસન્ન થયલા લેાકને ઉતાવળથી જેઈ લેઈ, નીચે ઉભેલા બાકીના અશેષ ભુવનતળને ઉપરથી, સામેથી, જેઈ લેવાને માટે, પર્વતના તટ ઉપરથી આ ઉઠે છે!—(પ્રકીર્ણ)

હાથ અરકાજ્યા. તેનો લાભ લેઈ જતે ચાલવા ઉતરી પડવા ઇચ્છતી પોતાની પળવારની અવશતા સ્મરી શરમાતી કુમુદ બોલી;

"મૈયા, તમારે હાથે પરસેવો વળ્યો છે. મને હવે ઉતરવા દ્યો અને
" અમૃતપાન કરાવતા સર્વ શ્લોક ફરી ફરી સાંભળવા દ્યો."
" મધુરી, એ પરસેવો તહારો પોતાનો છે–મ્હારો નથી."... ... ...

પ્રકરણ ૧૪.

સુરગ્રામની યાત્રા.

તીર્થક્ષેત્ર સુરગ્રામમાં ઘણાંક દેવાલય હતાં. પણ તે સર્વ ગામબ્હાર નદી અને સમુદ્રના તીર ઉપર અને તેમના સંગમ ઉપર હારોહાર ઠઠંબધ હતાં. ગામમાં માત્ર બે જ માર્ગ પાવડીપને એકબીજાની આગળ પાછળ સમાંતર રેખામાં આવેલા હતા. એ બે માર્ગની વચ્ચે ઘરોની એક હાર હતી તેમ તેનાથી માર્ગની બીજી પાસ બે હારો મળી, ત્રણ હારો ઘરની હતી. વચલી હાર બેવડી હતી એટલે એક ઘર આ પાસ અને બીજું બીજીપાસ દ્વારવાળું હતું. એક માર્ગનું નામ ગુરુમાર્ગ અથવા ગોરની શેરી હતી. બીજો માર્ગ ચૈાટાને નામે પ્રસિદ્ધ હતો. ગોરની શેરીમાં તીર્થના ગોર-બ્રાહ્મણો રહેતા. ચૈાટામાં વસવાયા અને વ્યાપારી લોક તથા ખેડુતો રહેતા. શેરી અને ચૈાટાની વચલી હારમાં એક મ્હોટું શિવાલય હતું અને તેનો આશપાશ કહેરાબંધ ઉઘાડો ચોક છોબન્ધના તળવાળો હતો. પૂજા અને દર્શન કરનારનો ભીંડ આછી થતી હતી. કારણ સ્નાન વગેરેમાંથી પરવારી ભોજનસામગ્રીનો આરંભ કરવા જવાનો વેળા હવે સર્વને થતી હતી.

પ્રાતઃકાળે નવ વાગતામાં સરસ્વતીચંદ્ર પોતાના સાથ સાથે ચંહી આવી પહોચ્યો અને આ શિવાલયના આ ચોકની એક પાસના ઓટલા ઉપર બેઠા બેઠા સર્વ થાક ઉતારવા લાગ્યા. મુંબાઈ નગરીના રોણકદાર બંગલાઓમાં રહેલાને ગામડુંજ નવાઈની વાત હતી તો આ સ્થાને કાંઈ વિશેષ લાગે એ સ્વાભાવિક હતું. સુવર્ણપુરના કારભારીના ઘરમાં અને યદુશૃંગના મઠમાં તો કંઈક ભવ્યતા હતી અને રાજેશ્વરના દેવાલયથી આ દેવાલય બહુ જુદું

જાતનું ન હતું; પણ ચારે પાસનો ગામડા ગામનો દેખાવ તેના મન ઉપર કંઈ વિચિત્ર મુદ્રા પાડતો હતો. કુમુદસુંદરીને દીઠા પછી તે એજ છે એવો નિર્ણય થવામાં ઘણો બાધ હતો, પણ તેના સ્વરૂપના સંસ્કાર મસ્તિ-કમાંથી ખસતા ન હતા, એટલુંજ નહી પણ અનેક વિચારોને ઉત્પન્ન કરતા હતા. શિવાલયને જોઈ રાજેશ્વર અને ત્યાંના અનેક ઇતિહાસઅનુભવ મન-માં તરવરવા લાગ્યા સહચારી બાવાઓનો સાથે તે ગોષ્ઠીવિનોદ કરતો હતો તેમાં આ સર્વ સંસ્કાર ખડા થઈ વિઘ્ન નાંખતા હતા. વાર્તા કરતાં વચ્ચે વચ્ચે અધ અધ ઘડી સુધી કોઈ પણ બોલે નહી એવી વેળા પણ આવતી હતી. આવી મૌનભરી ઘડીઓમાંની એક ઘડી વહી જતી હતી તેટલામાં એક બ્રાહ્મણ મહાદેવનાં દર્શન કરવા આવ્યો, ઘંટ વગાડવા લાગ્યો, અને દર્શન કરી, ચોખા નાંખી, મંડપના બ્હારના પગથીઆ ઉપર બેસી પાવડી ઉતારી બેઠો. દર્શન કરવા આવનાર બે ચાર છોકરાં તેની આસપાસ વીંટાઈ વળ્યાં.

"અલ્યા છોકરાઓ, જુવો, કહું છું તે સાંભળજો ને જિવ્હાગ્રે કરજો. બધા દેવ તો કપટી છે, પણ આપણા શિવજી તો મ્હારા જેવા ભોળા છે. માથામાં અક્કલ ન હોય, હાથમાં સ્વભાવ ન હોય,ને કાળજામાં ભાન ન હોય તે લોક શું નરકમાં પડે છે? ના! અક્કલવાળાની સંભાળ અક્કલ રાખે ને ભાનવાળાની સંભાળ તેમનું ભાન રાખે. પણ તે કાંઈ ન હોય તે ભોળાઓની સંભાળ ભોળોનાથ રાખે! ભોળાઓનો ભોળોનાથ તો અવતાર કે આકાર વગરનો ગોળ મટોળ એટલા માટે છે કે તેને ભોળાઓ જેમથી ઝાલે તેમ ઝલાય અને રાંકના પાણીની પૂજાથી તૃપ્ત થાય. માટે ડાહ્યા હો તો ભોળાને જ ભજજો!

ભોળા ભોળા શંભુ! વિજ્યાનું પાન!
ઘરનું યેં બરચ્ય નહીં--સુવાને સ્મશાન! બમ્ ભોળા!"

આમ ધુમ પાડી આ બ્રાહ્મણ ઉઠ્યો અને બાવાઓ પાસે આવ્યો "કહો, બાવાજી, આજ અત્યારે અંહી ક્યાંથી?

"મ્હેતાજી, આ અમારી બેની મધ્યે બેઠેલા અમારા અતિથિ છે તેમને ગુરુજીની આજ્ઞાથી તમારું ક્ષેત્ર બતાવવા લાવ્યા છીએ." વિહારપુરીએ ઉત્તર દીધો.

મ્હેતાજી—(સરસ્વતીચંદ્રને નમસ્કાર કરી) આપનું નામ?
સરસ્વતી૦—(સામો નમસ્કાર કરી). નવીનચંદ્ર.

મ્હેતાજી—વર્તમાપત્રોમાં એક...ચંદ્રની વાત આવે છે તે તો આપ નહી ?

સરસ્વતી૦—શી વાત આવે છે ?

મ્હેતાજી—મુંબાઈ છોડી એક વિદ્વાન્ અદૃશ્ય થઈ ગયા છે તેનું નામ ચંદ્ર ઉપર છે.

સરસ્વતી૦—વાત જાણીયે ત્યારે ઉત્તર દેવાય. તમે કીયા પત્રમાં વાંચ્યું ? અંહી વર્તમાનપત્રો આવે છે ?

મ્હેતાજી—પાસે જ અમારી. શાળા અને પુસ્તકશાળા છે તેમાં છે.

સરસ્વતી૦—ત્યાં ચાલશો ?

"જી મહારાજ" કરી તેના સહચારીઓ ઉઠયા અને સર્વજણ એક માળવગરની ઓરડીઆગળ આવ્યા. તેને દ્વારે એક કાગળ ચ્હોડી તે ઉપર શાહીથી "પુસ્તકશાળા" એમ લખ્યું હતું. અંદર પુસ્તકોની પેટી, એક ગાદી, ત્રણ ચાર તકીયા, અને આખી ઓરડીમાં માયેલી જાજમ, એટલી સામગ્રી હતી. ટેબલ ખુરશી ન હતાં. ગાદી આગળ એક શેતરંજી ઉપર રાજ્યકર્તાએ મોકલાવેલાં બે વર્તમાનપત્ર હતાં; અને એક પુસ્તકશાળાના વર્ગણી આપનારાની વર્ગણીમાંથી રાખેલું પત્ર હતું. રાજ્યના નિયમ પ્રમાણે દરેક ગામડાની શાળાની પુસ્તકશાળામાં એક વર્ત્તમાનપત્ર મફત અપાતું અને વર્ગણી આપનારાઓ વર્ગણીમાંથી જેટલા પઈસાનાં વર્તમાનપત્ર મંગાવે તેટલા જ ખરચનાં બીજાં પત્ર રાજ્યમાંથી મળતાં. પુસ્તકોની અમુક સંખ્યાઉપર પણ એવો જ નિયમ હતો. મુંબાઈના એક પત્રમાં લક્ષ્મીનંદનશેઠે પ્રસિદ્ધ કરાવેલા ગદ્યપદ્યાત્મક લેખ હતા અને તેને મથાળે "સરસ્વતીચંદ્રનો શોધ—નંબર ૧૦" એવા અક્ષર મ્હોટમ્હોટા હતા. એ અક્ષર ઉપર દૃષ્ટિ પડતાં સરસ્વતીચંદ્રનું હૃદય ધડકવા લાગ્યું અને ઉતાવળથી ફરી ફરી સર્વ વાત વાંચતાં આવતાં આંસુ મહાપ્રયત્નથી તે ડાબી રાખી શક્યો. "બીજા કંઈ પત્રો અને સમાચાર છે કે ?"

મ્હેતાજી—હા જી, આ રત્નપુરીમાં નીકળતા પત્રમાં અમારા પ્રધાનજીના કુટુંબમાં બનેલા શોકકારક સમાચાર છે.

તે ઉતાવળથી વાંચતાં વાંચતાં સરસ્વતીચંદ્ર ગભરાયો. પ્રમાદધન મુવો, કુમુદસુંદરી હુબી ગયાં, સૌભાગ્યદેવી ગુજરી ગયાં, અને બુદ્ધિધનને સંન્યસ્તનો વિચાર છે !—આ સર્વ વાંચતાં સરસ્વતીચંદ્ર હબકી

ગયો, છાતી ઉપર હાથ ફેરવવા લાગ્યો, અને નેત્રનાં આંસુ ખાળી ન શક્યો. પોતાની વાત ગુપ્ત રાખવાની શક્તિ ખસવા લાગી.

મ્હેતાજી—આપને આ સમાચારથી આટલું દુઃખ થાય છે—આપ જ સરસ્વતીચંદ્ર તો નથી?

વિહાર૦—જી મહારાજ, જ્ઞાન અને વૈરાગ્ય એ શોકનાં શામક છે.

રાધે૦—જી મહારાજ, આ સમાચાર સાથે આપનો સંબંધ જાણીયે તો આપનાં દુઃખ હલકાં કરવાનો માર્ગ સુઝે.

વિહાર૦—ગુરુજી સંસારથી અને દુઃખથી મુક્ત છે, પણ એમના પ્રિયજનને દુઃખથી મુક્ત કરવામાં સંસારને શૂન્ય નથી ગણતા.

સરસ્વતીચંદ્ર શોકને ડાબી શક્યો. તેનાં અશ્રુ દૂર થયાં. માત્ર મુખ ઉપર શોકની છાયા રહી. સર્વને એકહો ઉત્તર આપવા પ્રયત્ન કર્યો, તેમ કરતાં કપાળે પ્રસ્વેદ-પરસેવો-વળ્યો—તે લ્હોતો લ્હોતો બોલ્યો.

"સરસ્વતીચંદ્ર ન્હાસી ગયો તેની મને લેશ ચિન્તા નથી. આ મુંબાઈના સમાચાર નિષ્ફળ છે. પણ હું સુવર્ણપુરમાં રહેલો છું અને બુદ્ધિધનભાઈના સૌજન્યનું આસ્વાદન કરેલું છે તેનો આ ક્ષણિક શોક ક્ષણમાં શાંત થયો. સાધુજન, મ્હારું દુઃખ તો ગુરુજીએ દૂર કર્યું છે જ. હવે તેમને શ્રમ આપવાનો કંઈ અવકાશ નથી."

મ્હેતાજીની જિજ્ઞાસા નષ્ટ થઈ. સાધુજન તૃપ્ત થયા. એટલામાં એક વણિક ગૃહસ્થ આવ્યો અને વિહારપુરીને નમીને બોલ્યો.

"મહારાજે મ્હારા ઉપર કૃપા ઓછી કરી દીધી કે પોતે અંહી પધારી મને કૃતાર્થ્યું નહી. પણ મ્હારી ભક્તિઉપર પ્રભુએ જ નજર કરી ને મને આપનાં દર્શન થયાં. મહારાજ, ત્રણે મૂર્ત્તિઓ રંકને ઘેર પધારી ભોજન લેવાની કૃપા કરો."

વિહાર૦—શેઠજી, બ્રાહ્મણપાસે શુદ્ધ અન્ન કરાવો. પર્યટણ કરીને અમે પાછાં આવશું.—મ્હેતાજી, અમારી જોડે ચાલશો?

મ્હેતાજી૦—શાળાની વેળા થતા સુધી સાથે આવી શકીશ. આપને ક્યાં ક્યાં જવું છે?

વિહાર૦—પવિત્ર અને રમણીય સ્થાન જેટલાં હોય તેટલાં જોવાં.

મ્હેતાજી—ત્યારે તો તેને માટે બે ત્રણ દિવસ જોઈએ.

સરસ્વ૦—એક સ્થાન જોયે તેના જેવાં બીજાં અનેક જોયાનું વળે એવાં નમુનાનાં સ્થાન દેખાડો.

મ્હેતાજી— સાંજસુધીમાં તેટલું થઈ શકે.

વિહાર૦—એવાં સ્થાન તમે કીયાં કીયાં ગણ્યા છો ?

મ્હેતાજી૦— નદી અને મહાસાગર ઉપરનાં સર્વ દેવાલયોની પ્રદક્ષિણા કરી લ્યો અને માર્ગમાં મુખ્ય દેવાલય આવે તેનાં ગર્ભાગાર સુધી જોઈ લેવાં. રત્નાકરેશ્વરનું શિવાલય, રાધિકેશજીનું મંદિર, લક્ષ્મીજીનું મંદિર; અને ચ્યર્હતનાથનો અપાસરો એટલાં ધામ મનુષ્યે બંધાવેલાં બરાબર જોવાં. રત્નાકર સાથે નદીનો સંગમ, બેટનાં માતાજી, ગિરિરાજની તલેટી પરનો હરિકુંડ, બુદ્ધગુફા, મહાસાગરનો આરો, પેલી પાસનું બંદર, અને મ્હોટી વાવ—એટલાં સ્થાન પાસે સૃષ્ટિની સુંદરતા જોવાની છે.

સરસ્વતી૦—એ તો જડ સૃષ્ટિ બતાવી. પણ જોવા જેવી કંઈ ચેતનસૃષ્ટિ પણ હશે.

મ્હેતાજી—હાજી, જોવા જેવી જીવતી સૃષ્ટિમાં મુખ્ય વસ્તુ હું પોતે, બીજા અમારા ગોર અને ભટ, અને ત્રીજી ચોથી ચીજો અમ સંસારીઓને માટે છે; આ ભેખને માટે નથી.

" તમારાં દર્શન તો થયાં. હવે પાંચ છ દિવસનાં વર્તમાનપત્ર લેઈ સાથે કોઈને મોકલો તો અવકાશ મળ્યે વાંચીશું; બાકીનો સમય તમે અને વિહારપુરી લેઈ જાવ ત્યાં ગાળીશું." સરસ્વતીચંદ્ર કંઈક સ્મિત કરી બોલ્યો.

રાધે૦—બધાં સ્થાનોમાં જવાને હેકાણે એકલા રાધિકેશજીના મન્દિરમાં જઈયે, કારણ ત્યાં આજ હકોરજીની પ્રતિષ્ઠાનો વાર્ષિક ઉત્સવ હશે.

તે પ્રમાણે ઠર્યું. માર્ગે ચાલતાં ચાલતાં મ્હેતાજીએ પુછ્યું.

" નવીનચંદ્રજી, તમને વર્તમાનપત્રની રસિકતા કયાંથી પ્રાપ્ત થઈ? એ તો અમારી નવી વિદ્યાની સૃષ્ટિ છે."

સરસ્વતી૦—નવી વિદ્યાનો મને પણ કંઈક અનુભવ છે. કહો, રાજકીય વગેરે બીજા વર્તમાન શું છે ?

મ્હેતાજી—રાજકીય સમાચાર ત્રણ જાતના. આ સંસ્થાનના તમે જાણ્યા. કુમુદસુંદરી ગયાં. સામંતસિંહ ગયા. ને રાણો ખાચર રત્નનગરીમાં છે. મ્હોટા રાજ્યના સમાચાર તો જોઈએ તેટલા. કંઈક મ્યુનીસીપાલિટી ખરાબ તો કંઈક ઇંગ્રેજી અમલદાર ખરાબ. કંઈક ઇંગ્રેજી ધોરણ બોટું

તો કંઈક તેનો પ્રયોગ ખોટો. કંઈક હસવાનું તો કંઈક ક્રોધે ભરાવાનું ને કંઈક રોવાનું. ત્રીજાં રાજકીય સમાચાર બીજાં દેશી રાજ્યોના. ત્યાં તો ગમે તો ક્રોઈનાં વખાણનાં પુગાં ફુંકાય છે તો કંઈ ક્રોઈને ગધેડે બેસાડાય છે. ત્હાડું ધાન ને ચાડીયું માણસ—એ વ્હાલાં લાગે તેમ પરનિન્દાની વાતો વર્તમાનપત્રોનો રોજગાર વધારનારી થઈ પડી છે. શું કરીયે? જેવા રાજા તેવા લોક, ને જેવા લોક તેવા રાજા. એ બે જેવા તેવા તેમના કારભારી—એ ત્રણનાં જાત, જેડું, ને જાત્રા. પ્રજાઓ અભણ, રાંક અન્યાયી, અદેખી, અને વિઘ્નસંતોષી. અધિકારીયો સ્વાર્થી, પુશામતીયા, પ્રમત્ત, ઉન્મત્ત, અને માણસથી ડરે પણ ઈશ્વરથી ન ડરનારા. રાજાઓ મૂર્ખ, આળસુ, દમ્ભી, સ્ત્રીલંપટ, દારુડીયા, પ્રજાને દુખાવનારા, અને જાતે દેવામાં અને દાસોમાં દુબનારા. વર્તમાનપત્રોની આ વાતો સાંભળી સાંભળીને હું કાઈ ગયો, અને ક્રોઈ ક્રોઈ વખત તો આ પુસ્તકશાળા બંધ કરાવવા પ્રધાનજી ઉપર લખવા વિચાર થાય છે, પણ બીજા વિચારથી કલમ અટકે છે. છાપું વાંચવું ને મગજ ઉકાળવું. કાજી કયા દુબળા કે સારા શહેરની ચિન્તા—તેવી આખી દુનીયાની ચિન્તા વ્હોરી લેવી.

સરસ્વતીચંદ્ર ગંભીર થઈ ગયો. ઉત્તર દીધો નહી. વાર્તા ચાલી નહી. માત્ર સહુના ચરણ ચાલતા હતા. આખા દેશના અનેક વિચારો એના મસ્તકને અને હૃદયને વલોવવા લાગ્યા.

"મ્હારો દેશ! મ્હારી કુમુદ! મ્હારા પિતા! મ્હારી મુંબાઈ!—કુમુદ—દેશ—" એવા અવ્યક્ત ઉચ્ચાર આના હૃદયમાં ઉછળવા લાગ્યા. આમ જતાં જતાં દેવાલયો માર્ગમાં આવવા લાગ્યાં અને શાંતિનો મેઘ ઝરમર ઝરમર વૃષ્ટિ કરવા લાગ્યો.

હવે માર્ગમાં બે પાસ નહાનાં મ્હોટાં દેવાલયોની હારો આવવા લાગી. છેક નહાની કૂહેરીઓ ચાર પાંચ વ્હેંતની હતી તો મ્હોટાં કૂહેરાં એકાદ માળથી બબે માળ જેવડાં ઉંચા પણ હતાં. તેમની બાંધણી, તેમના ઘાટ, તેમના ઇતિહાસ, તેમની વ્યવસ્થા અને વર્તમાન અવસ્થા—આ સર્વ વિષયની વાતો ચાલી. ચાલનારાના પગનાં પગલાં જોડે પલટણોનાં પગલાં પેઠે સરખે વેગે આ વાતો ચાલી, અને સરસ્વતીચંદ્રના જાગેલા સાંસારિક સંસ્કારોને ઘડી ઘડી ઝાંખા કરવા લાગી. "શું નવા યુગને બળે એક દિવસ આ કૂહેરાં નવાં બંધાતાં બંધ પડશે અને જુનાંમાં પ્રતિમાઓને સ્થાને સમાજને ભરાશે અને સરકારની આશીસો બેસશે?" પ્રશ્ન ઉઠ્યો તેવો ઉત્તર મેળવ્યાવિના જાતે સહજ શાંત થઈ ગયો.

સુરગ્રામની વસ્તી એવી ન હતી કે આ સર્વ રચના ઉભી કરી શકે. પણ એક કાળે આ સ્થાને મ્હોટું તીર્થ હતું તેવામાં ઘણે છેટેથી આવનાર દ્રવ્યવાન્ યાત્રાળુઓની વાસનાઓએ આ ઠાઠ ઉભો કરેલો હતો. એ ઠાઠ વચ્ચેનો માર્ગ સાંકડો પણ સ્વચ્છ હતો. માણસની દશા બદલાય છે તેમ આ સ્થાનને પણ વારાફેરા અનુભવવા પડ્યા હતા. યાત્રાળુઓની મ્હોટી ભીંડને! અને મ્હોટા મેળાઓનો કાળ ગયો. પછી તીર્થ ગોઝારા જેવું થયું. વળી મહારાજના સમયમાં તેનો જીર્ણોદ્ધાર થવા લાગ્યો. વચ્ચે આ દ્રહેરાંઓ ઉપર લીલોતરી ઉગી હતી, અને લીલ બાઝી હતી, અને લુણો લાગ્યો હતો; તેને સ્થાને આજ સર્વ સાફ અને ધોળાવેલું હતું. માર્ગમાં પ્રથમ ઘાસ ઉગતું અને પથરાઓ નડતા તેને સ્થાને હવે ઘાસનું નામ દેખાતું ન હતું અને સટે સાફ બાંધેલો માર્ગ હતો. દ્રહેરાંઓ પાસે કાગડા ઉડતા હતા તેને સ્થાને બીજાં પક્ષીઓ જણાતાં હતાં. કુવાઓનાં થાળાં ભાગેલાં અને પાણી ગંધાતાં હતાં ત્યાં નવાં થાળાં અને મીઠાં નિર્મળ પાણી થયાં. દ્રહેરાંનાં ભાગેલાં પગથીઆં નવાં સમાં કરાવેલાં તેમાં વચ્ચે વચ્ચે દાણા વેરાયલા જોવામાં આવતા હતા તેથી શ્રદ્ધાળુ સ્ત્રીઓનો પગસંચાર જણાતો હતો. જુની નીશાનીમાં માત્ર એટલું જણાતું હતું કે લીમડા, પીપળા, વડ વગેરે પવિત્ર વૃક્ષોએ દ્રહેરાંઓની ભીંતોમાં, ધુમટમાં, અને નળીયાંમાં પોતાની શાખાઓ પેંસાડી દીધી હતી. તેને કાપી નાંખવાનું ક્રામ વૃક્ષમાં પણ જીવ ગણનાર દયાળુ વસ્તીને ગમ્યું ન હતું, અને જેમ અનેક પ્રાચીન આચારને આપણે પ્રીતિથી આપણી આશપાશ વીંટાવા દેઈએ છીએ તેમ આ પ્રાચીન ડાળાંઓ અને પાંદડાઓને પણ દ્રહેરાંઓની આશપાસ નીરાંતે વીંટાઈ રૂહેવા દીધાં હતાં. આ સર્વ કથા મ્હેતાજી અને સરસ્વતીચંદ્ર વચ્ચે માર્ગમાં ચાલતી હતી અને સાધુઓ તેમની પાછળ પાંછળ અનુચર પેઠે પણ છાતી ફુલાડી બોલ્યા ચાલ્યાવિના ચાલતા હતા. દ્રહેરાંઓને શાખાઓ નીરાંતે ગમે ત્યાં વળગેલી જોઈ સરસ્વતીચંદ્ર બોલ્યો :

" મ્હેતાજી સાહેબ, આર્યોનાં ચિત્તની કોમળતા મનુષ્યજાતિનું રક્ષણ કરી પુરી થતી નથી. પશુપક્ષીને સંભાળી રાખી સંતોષ પામતી નથી પણ વૃક્ષજીવનનું પણ આ પોષણ કરેછે તેમાં તેમની ભુલ હશે પણ એ ભુલ પણ માહાત્મ્યની છે. આવાં કોમળ હૃદયવાળા મહાત્મા ઓની ભૂમિમાં જન્મ લીધાનું અભિમાન આ દેહથી છુટતું નથી એવા કોમળ મહાત્માઓનાં ચિત્ર પ્રત્યક્ષ કરાવતી આ રચના ઉપર પ્રીતિ થાય છે. વિહારપુરી !"

વિહાર૦—જી મહારાજ!

સરસ્વતી૦—આ અભિમાન અને આ પ્રીતિ આ ભેખને પાત્ર ખરાં કે નહી?

હસીને વિહારપુરી પાછળ ચાલતો ચાલતો બોલવા લાગ્યો. "જી મહારાજ, સત્પુરુષના હૃદયમાં જે પદાર્થ લખ થાય તે અલખને પ્રિય જ હોય, કારણ એવાં હૃદય શ્રીઅલખની વિભૂતિઓમાં શ્રેષ્ઠ છે."

રાધે૦—ગુરુજી પાસે શ્રવણ કરેલું છે કે વિરક્ત જનોનાં મન અન્યથા શીર્ણ થાય છે અને વિકારમાત્ર શાંત થાય છે ત્યારે પણ રંક જીવ ઉપર દયા, સમૃદ્ધ સજ્જનનો અનુમોદ, દુર્જનોનાં દુષ્કૃત્યોની ઉપેક્ષા, અને અલખની વિભૂતિના દર્શનની પ્રીતિ–એટલો તેમના મનનો સ્વભાવ શેષ રહે છે.

વિહાર૦—જી મહારાજ, રાધેદાસ યથાર્થ કહે છે.

મહેતાજી—મહારાજ, ઈંગ્રેજી વિદ્યા એ સર્વનો અસ્ત કરશે.

સરસ્વતી૦—ઈંગ્રેજોની સત્તાના કાળમાં અને ઈંગ્રેજી ભણેલા રાજ-પ્રધાનની સંમતિથી આ જીર્ણોદ્ધાર થયો છે.

મહેતાજી—એ વાત તો સત્ય. કાનની ખુટ પકડું છું.

આમ ગોષ્ઠી ચાલે છે ને સર્વ ચાલ્યા જાય છે એટલામાં રાધિકેશજીનું મન્દિર આવ્યું. પંદરેક પગથીયાં ચઢી તેમાં જવાનું હતું. પગથીયાં ઉપર મ્હોટાં કમાડોમાં થઈ માંહ્ય જવાનું હતું. કમાડની માંહ્યલી પાસ બે સામસામી નહાની ઓટલીઓ હતી. તેમાં એક પાસ થોડા દિવસ થયાં એક પોળીયો રાખ્યો હતો, તે એક કપડાનો કડકો પાથરી ઉપર બેઠો બેઠો ચલમ ફુંકતો હતો. મંદિરને કંઈક ઉપજ હતણાં હવણાંની વધી હતી અને એક સાધુને ભંડારી બાવો કરી અંદર રાખ્યો હતો. સરસ્વતીચંદ્રે આ મંદિરનાં પગથીયાં ઉપર પગ મુકયો ત્યાં ભંડારીની ઘંટ-ઘડીયાળમાં અગીયારના ટકોરા થયા. તે ગણવા સર્વ પળવાર ઉભા. મંદિરમાં આવી પ્હોચવું, ઘડીયાળનું વાગવું, ઇત્યાદિ નવી સૃષ્ટિએ ચાલતી વાર્તામાંથી સર્વને જગાડ્યા અને નવા જીવનને જોતા કર્યા.

એકપાસ મંદિરના આગળનાં મહાદ્વાર અને કોટ, અને બીજી પાસ મંદિરનો મંડપ, અને તેમની વચ્ચે મંદિરની આશપાસ ફરતો ચોક હતો. કોટ અને ચોક વચ્ચે ભંડારી વગેરે મંદિરના સ્થાપક, વ્યવસ્થાપક અને

પૂજક વર્ગને માટે અને તેમના સેવકોને પોતપોતાના કામમાં ઉપયોગી થાય એવી ગોઠવણ કરી હતી. મંદિરના આગલા મંડપને ત્રણ પાસથી કમાનોવાળા અને કમાડ વગરના ઉંચા દરવાજા હતા. તેની વચ્ચે આરસનો ચોક ને ઉપર ઘુમટ હતો. પાછળ ગર્ભાગાર હતું ને તેમાં સિંહાસન હતું. જોડે શય્યાખંડ તથા જલગૃહ વગેરે રચના હતી.

બાલપણથી મુંબાઈ અને ઈંગ્રેજી અભ્યાસના જ પરિચિત પુરુષને આ દેખાવ નવીન લાગે તે પહેલાં તો અંદર ફરતા ફરતા તથા બેઠેલા ભક્તમંડળનાં ગાનકીર્તન એના કાનના પડદા સાથે અથડાવા લાગ્યાં અને એના હૃદયના નિત્ય સહવાસી સંસ્કારોને અદૃશ્ય કરી તેને સ્થાને ચઢી બેઠાં.

એક વૃદ્ધ પણ બળવાન બાંધાવાળી સ્ત્રી કોટમાં પોળીયા પાસે સાથરો નાંખી બેઠી હતી અને પોતાની જંઘા થાબડતી થાબડતી અને શરીર આગળ અને પાછળ વીંઝતી વીંઝતી ગાતી હતી.

"જાવું છે, જી,—જાવુંછે—જાવુંછે જરુર ! (ધ્રુ૦)
કાયા તહારી કામ ન આવે, ઝાંખુ થાશે નુર ;
એવા સરખા આથમી ગયા ઉગમતા અસુર ! જાવું૦
મ્હોટે ઘેર હાથી ઘોડા હળ અને હજુર,
એવા સરખા વહી ગયા—નદીયોનાં પૂર ! જાવું૦
રહ્યા નથી, રહેશે નહી, રાજા ને મજુર ;
એવા સરખા ઉડી ગયા—આકડાનાં તુર ! જાવું૦
એકી સાથે જમતા હતા દાળ ને મસુર !
દાસ જીવણ કહે, કર જોડી, "ભજી લ્યો ભરપૂર !" જાવું૦"

જીવન અને મૃત્યુનો વિચાર સરસ્વતીચંદ્રના મનોરાજ્યમાં એકદમ ખડો થયો. ડોશી ગાઈ રહી તેની સાથે તેના સાથરા ઉપર રુપીયો રાંટો નાંખવાને હાથ ખીસું ખોળવા લાગ્યો. અંચળાને ખીસું નહી અને રુપીયો તો સ્વપ્નમાં જ હાથે રહ્યાં. ઉદાર હાથ નિરાશ થઈ પાછો ફર્યો અને હૃદયના એક ભાગે બીજાને પુછવા માંડયું— "આવું સંસ્કારરત્ન આપનારી આ સ્ત્રીને બદલામાં આપવાનું દ્રવ્ય તે હવે મ્હારી પાસે ન મળે ! હાથ ધરીને કંઈ પ્રતિગ્રહ ન કરનારો હું—તે મ્હારું હૃદય સંસ્કારનો પ્રતિગ્રહ વગર પુછ્યે કરે છે. અથવા બ્રાહ્મણનું હૃદય જ્ઞાન અને સંસ્કારના પ્રતિગ્રહ કરવાને માટે જ સરજેલું છે."

ત્યાંથી પગ ભાંગ્યે ઉપડ્યો એટલામાં તો ચોકના બીજા ભાગમાં કોઈ લહેંકા કરી ગાતો હતો. તેના લલકારે સંસ્કાર-શોધકને ઉભો રાખ્યો.

"મુકરર મા...નની કહ્યું મ્હા...રું,
એક દિન મા...ટીસેં મીલ જા...વું...
એક દિન પં...ખીસેં...ઉડ જા...વું...
મુકરર મા.....નની...કહ્યું મ્હા..રુઉઉઉ..."

મ્હારુના રુનો ઉકાર સાંભળનારનાં કાનમાંથી કાળજામાં પેઠો અને કાળજું વલોવવા લાગ્યો. રુકારનો રણકારો ઘણો પ્હોચ્યો. સરસ્વતીચંદ્ર દૂહાડી ઉપર હાથ ફેરવતો ઉભો. ગાનારે એટલામાં તો કેટલીક કડીયો પુરી કરી અને વિચારની ધુનમાં આ વચલો ભાગ કાનમાં કે ધ્યાનમાં પેંસે ત્યાર પ્હેલાં છેલ્લી કડીયો સંભળાઈ. ગાનાર ખીલી ખીલીને ગાવા લાગ્યો.

"જુઠૉ રે કા..યા..જુઠૉ રે માયા
જુ...ઠા માલ કૂટા...યા...
જુ...ઠા રે તહારાં સગાં સંબંધી
કોઈ...કટ કે..રા ખા..યા. મુકરર૦
અંત સમે કોઈ કામ ન આવે,
પા..છળથી પસ્તા..વું..,
ભોજો ભગત કહે ભજી લ્યો ભાઈ !
હું ગુણ ગોવિંદનાં ગાઉં !.."
મુકરર માનની કહ્યું મ્હારું,
એક દિન માટીસેં મીલ જાવું,
એક દિન પંખીસે..ઉડ...જાવું..."

"ઉડ જાવું..ઉડ..જાવું :" એ અક્ષરો આજ ચિરંજીવ થયા.

"કાયા જુઠી.. એ સત્ય. ઉડી..જવું.. એ સત્ય. ફેરો ફોકટ થયો કે સાર્થક થયો એ બીજો પ્રશ્ન. એ ફેરો ક્યારે સાર્થક થયો ગણવો એ ત્રીજો પ્રશ્ન. અને એજ સહુથી કઠણ પ્રશ્ન."

મ્હેતાજી૦—વિહારપુરીજી, આ ગાયું એટલે સુધી બધા ધર્મનો બોધ એક—માયા ખોટી, મૃત્યુ નકી, ને હરિભજન કરી મોક્ષ પામવો ત્યાં સુધી વાંધો નહી, પણ કોયા હરિને ભજવો? વિષ્ણુને, શંકરને, શક્તિને, ખ્રીસ્તને, કે મહમદ પેગમ્બરને? પેલા મંદિરમાં હતા ત્યાં શિવકીર્તન કરવાં અને અંહીયાં રાધાકૃષ્ણનો વિહાર ગાવો. ત્યારે સાચું તે શું ?

રાધેદાસ—શિવ ઔર વિષ્ણુ તો એક જ હય.

મ્હેતાજી—જો એક જ છે તો આ અનેક નામ [illegible] અનેક કથા પુરાણને ભજન શું કરવા જોઈએ? બધું એ એકજ કરોની કે આ નકામી કડાકુટ, નકામાં ખરચ, ને નકામા ઝધડા ન થાય! ગોળ મટોળ મ્હારા શિવજીને પાણી પાંદડાની સેંધી પુજા કરવી મુકી આ ઢોંગ ને ખરચ શું કરવા કરવાં!

વિહારુ—મ્હેતાજી, અલખ તો એકજ છે. પણ તે જ્ઞાનમાર્ગનું લક્ષ્ય છે. લખ પણ એક જ છે—પણ તેના વિહાર અનેક છે અને તે ભક્તિ-માર્ગનું લક્ષ્ય છે. માટે જ ભક્તિ બહુમાર્ગિણી અને બહુરૂપિણી છે. તેમાંથી જે માર્ગે, જે રૂપે, ભક્તિ પામો તે ભક્તિથી ભક્તિનું પરમ સાધ્ય લખરૂપ પમાય છે.

મ્હેતાજી—પણ અનેક માર્ગ અને અનેક રૂપમાંથી લેવું કીયું ને પડતું કીયું મુકવું?

વિહારુ—અધિકાર પ્રમાણે.

મ્હેતાજી—શિવ ભજવા કે વિષ્ણુ ભજવા તેમાં અધિકાર શો?

વિહારુ—જો, બચ્ચા, અધિકાર સર્વમાં છે. લખરૂપનો અનેક લહરી-વાળો પ્રવાહ સર્વ પાસ મહાસાગર પેઠે ચાલી રહ્યો છે. તેમાંની લહરીઓ કેણી પાસ જાય છે? જેની પાછળ જે હોય તેની પાછળ તે જાય છે. તેમજ પિતા પાછળ પુત્ર ને પિતાની ભક્તિ પાછળ પુત્રની ભક્તિ. સર્વ ધર્મ અને સર્વ ક્રિયાઓ સમીપસ્થ પદાર્થોને ઉદ્દેશી વર્તે છે. પિતા કોણ ને પુત્ર કોણ? તેમના પરસ્પર સામીપ્યથી તેમના શરીરના ધર્મ રચાય છે. અનેક બાળકોને ભૂખ્યાં રહેવા દેઈ પોતાના બાળકને સ્તન્યપાન[1] આપવું તે માતાનો ધર્મ ને બાળકનો ધર્મ છે. તેમજ કુટુંબનો ઇષ્ટ દેવ સ્વીકારવા તે બાળકને શીખવવું એ કુટુંબનો અધિકાર.

મ્હેતાજી—ત્યારે તો કુળધર્મ છોડવો નહી.

વિહારુ—નહી.

સરસ્વતીચંદ્ર રસથી સર્વ સાંભળી રહ્યો હતો તેણે પુછ્યું: "વિહારપુરીજી, એ ઉત્તરમાં દોષ નથી!"

વિહારપુરી આગળ આવી પુછવા લાગ્યો: "જી મહારાજ, કયા દોષ આતા હે?"

---

૧. સ્તન્ય એટલે ધાવણ-તેનું પાન.

સરસ્વતીચંદ્ર—કાલ સવારે ગુરુકૃપાથી મ્હારોજ કુળધર્મનો અધિકાર બદલાયો તમે દીઠો.

રાધે૦—એ વાત તો સત્ય.

વિહાર૦—જી મહારાજ, મ્હારી ચુક થઈ. મ્હેતાજી, તમારું સમાધાન અમારા નવીન જૈવાતૃક કરશે ને તેનો અમને પણ લાભ મળશે.

સરસ્વ૦—આપને વિદિત હશે કે जन्मना जायते शूद्रः संस्काराद् द्विज उच्यते.

વિહાર૦—હા, જી.

સરસ્વતી૦—જન્મથી ભક્તિમાર્ગમાં જન્મ્યો હોય તે સંસ્કારથી જ્ઞાન-માર્ગમાં જાય.

મ્હેતાજી—પણ જ્ઞાનમાં જાય તે કંઈ ભક્તિને વખોડે કે?

સરસ્વ૦—વખોડવાની કાંઈ આવશ્યકતા નથી. ઉપલે પગથીયે ચ્હડીયે એટલે નીચલા સાથે કાંઈ સંબંધ રહેતો નથી. નવો સંબંધ થાય એટલે જુનો જાય. પ્રાતઃકાળેજ વિહારપુરીજીએ ઉપદેશ કર્યો હતો કે અલખનો પ્રકાશ અને અધિકારીની બુદ્ધિ એના સંયોગથી લખસૃષ્ટિ ઉપરામ પામે છે. વિહારપુરીનો આત્મા અતિ પ્રસન્ન થયો.

"જી મહારાજ, હું તો અલખનાં રહસ્ય શુકમુખ પેઠે ઉચ્ચારું છું, પણ આપ તેને પ્રકાશિત કરો છો—"

રાધે૦—અને સાથે અમારાં હૃદયકમળને વિકસાવો છો.

મ્હેતાજી—નવીનચંદ્રજી મહારાજ, ત્યારે ભક્તિમાર્ગમાંના અનેકમાંથી કોણે સ્વીકારવો?

સરસ્વ૦—અનેક સંસ્કારોના અનેક પ્રવાહમાંથી જેનો પટ તમારી બુદ્ધિ ઉપર વધારે બેસે તે ઇચ્છાથી કે અનિચ્છાથી તમે સ્વીકારવાના જ.

વિહારપુરી વિચારમાં પડ્યો હતો તે સ્મરણ વિકસાવી બોલ્યો: "જી મહારાજ, ગુરુજીનું વચન હવે સ્મરણમાં સ્ફુર્યું. આપનું વચન તેને અનુસરતું જ છે. સર્વના સરખા જઠરાગ્નિને દેશ કાળ પ્રમાણે જુદી જુદી જનતનાં અન્નાદિની આહુતિઓ અપાય છે, તેમ સર્વની સરખી ભક્તિવાસનાને માટે એક દેશમાં વિષ્ણુ પ્રિય છે, બીજામાં શિવ છે, ત્રીજામાં પેગમ્બર છે, અને ચોથામાં વિશ્વાસીયોનો દેવ છે. એ સર્વ સંસ્કાર જન્મ અને સહવાસથી અનધિકારીઓને મળે છે. એ ધર્મોમાંથી એકનો ત્યાગ કરી બીજાનું ગ્રહણ કરવાથી અનધિકારી અધિકારી થતો નથી, પણ ઉલટો ભ્રાંત

થાય છે. તેને માટે જ કહેલું છે કે, स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥ પણ અનધિકારી અધિકારી થાય એટલે તો તેને જ્ઞાન સ્વતઃ ઉદય પામે છે.”

મ્હેતાજી—તે તમારા જ્ઞાનમાં પણ ક્યાં એકપણું બળ્યું છે ? આ જુવો કબીરપન્થી, જૈન, સાંખ્ય, વેદાન્ત વગેરે—અખો કહે અંધારો કુવો ને અધડો ભાગી કોઈ ના મુવો— માટે જ તમારા જ્ઞાન કરતાં અમારી જેવી તેવી પણ ભક્તિ સારી.

વિહારી૦—અલખમાર્ગમાં ભક્તિ તો પ્રથમ સાધન જ છે. યોગજ્ઞાનાદિ તો તે પછી છે. અધિકારનો ક્રમ છે.

મ્હેતાજી—તો ખરું. બાકી આ તો શું ? જ્ઞાનની બડાશો મારવી એ તો સર્વને આવડે ને બડાશો મારવા શીવાય બીજું તો જ્ઞાન પણ નહી ને ભક્તિ પણ નહી.

સહુ વાતો કરતા ચાલતા હતા તે આટલી વાત થઈ એટલામાં તો મંદિરના મંડપનાં પગથીયાં ચ્હડી અંદર આવ્યા. સરસ્વતીચંદ્રને બીજું વર્તમાન પત્રો મંગાવેલાં તે આપી, સમય થયે મ્હેતાજી શાળામાં ગયા.

મંદિરમાં અત્યારે રાજભોગનો સમય થવાને કંઈક વાર હતી, પણ ધીમે ધીમે લોક ભરાતા હતા. ગામની વસ્તી થોડી હતી તે થોડાં વરસથી વધવા માંડી હતી. તેમાં થોડાથોડા પરગામના યાત્રાળુઓ તો હમેશ આવજા કરતા. મંદિરમાં બહુ ભીંડ ક્વચિત્ થતી; પણ શરદ્ઋતુના આકાશમાં આછી વાદળીઓ અંહી તંહી હોય તેમ દર્શન કરવા આવનાર મંદિરમાં અહીં તંહી બેઠેલાં, ઉભેલાં, ચાલતાં, પ્રતિમાને નીહાળી રહેતાં, વાતો કરતાં, કીર્તન કરતાં, અને અમસ્તા રાગ કહાડતાં, યુવક અને વૃદ્ધ સ્ત્રી પુરુષો અને બાળકોનાં આછાં ટોળાં દ્વારોમાં, પગથીયાં ઉપર, ભીંતે અડીંગેલાં, ચોકમાં અને મંડપમાં ભરાયલાં, લાગતાં હતાં. કોઈ સ્નાન-આદિ કરી પવિત્ર થઈ ઉઘાડે અંગે ટીલાં ટપકાં સાથે હતાં. મુંબઈવાસીને નિર્માલ્ય લાગે એવાં પણ ગામડામાં તો સુંદર અને આકર્ષક લાગતાં વસ્ત્રો કોઈએ પ્હેરેલાં હતાં. કોઈએ માત્ર અબોટીયાં જ પ્હેર્યાં હતાં. મ્હેતાજી ગયા તે વેળા ત્રણે સાધુવેશ યુવકો આ સ્થાને આવી પ્હોચ્યા હતા. વિહારપુરી અને શાંતદાસ દેવને નમસ્કાર કરી ઉભા. સરસ્વતીચંદ્રનું હૃદય જ મૃદુભાવથી પ્રવણ થયું અને બાહ્ય આકૃતિ સ્વસ્થ જ રહી.

એના જમણા હાથ ભણી એક ભક્ત એક પગે ઉભો રહી ઇષ્ટદેવની

સુન્દરતાના અભિમાનની લહેમાં દેવને એક ટશે ન્યાળી રહી બીહાગ ગાતો હતો.

રાધે૦—જી મહારાજ, શ્રીકૃષ્ણ પરમાત્માને માટે રાધિકાજી વાસકસજ્જ થઈ આખી રાત વાટ જોઈ રહ્યાં હતાં. સંસારની રાત્રિમાં ભક્ત પણ તેવીજ વાટ જુવે છે. એ વિયોગ અને આતુરતાને કાળે રાધિકાજીએ જેવી રીતે કાળક્ષેપ કર્યો તેનું જ અનુકરણ ભક્ત કરે છે. એ રાત્રિ પુરી થઈ ત્યારે જ રાધાજીને પ્રભુ મળ્યા. સાધારણ કામી જનનો મેળાપ રાત્રિ થાય છે. રાધિકાજીની પરા ભક્તિને પ્રભુ વશ થયા તે તો માયાનો અન્ધકાર ગયો અને આતુર ભક્તિની સીમા આવી ત્યારે. રાધાસ્વરૂપ થઈ રાધિકેશજીનો ભક્તિયોગ ધરતાં ધરતાં આ ભક્તનું હૃદય દ્રવે છે તે જુવો.

સરસ્વતીચંદ્રે દૃષ્ટિ ફેરવી. ગાનાર ભક્તને પોતાના કીર્તનમાં અન્ય પદાર્થોનું ભાન જ ન હતું. તે એકનું એક પદ ફરી ફરી ગાતો હતો.

" જલસુત[1] વિલખ ભયે, સુરતખીને જલસુત વિલખ ભયે! (ધ્રુ૦)
હિમસુતાપતિરિપુ* તન પ્રકટે...ખગપતિ[3] ચખ ન પયે[4] ! સુરત૦
સારંગસુતા સારંગ લીયો કરપે...સારંગ સ્થિર ભયે: સુ૦
સારંગ દેખ રીઝ રહે સારંગ... લે રથ રાખ રહે રે! સુ૦
સારંગસુતંઅંક કર લીનો...સારંગંચિત્ર [11]ઠયે; સુત૦
સારંગ દેખ ચૌકે ઓહી સારંગ...લે રથ ભાગ ગયેરે. સુ૦
પ્રાત ભયો જબ પ્રકટે કચ્છપનંદન[12], સંતન સુખ ભયે ! સુ૦
સુરદાસ કહત હરિપ્રતાપ વ્રજવનિતા સુખ લહે.[13] સુ૦"

છેલી પંક્તિ ફરી ફરી ગાઈ અશ્રુ ભર્યો ભક્ત લાંબો થઈ દેવને સાષ્ટાંગ

---

૧. કમળ; રાધાનાં નેત્રકમળ. ૨. (કૃષ્ણ-ચંદ્રની) સુરત એટલે મુખછબી વિના. * કામદેવ, મદન. ૩. ખગપતિ=ગરુડપતિ=કૃષ્ણ. ૪. ચખ (ચક્ષુ: આંખ) ખગપતિને પીતી (પામતી) નથી. ૫. રાધા. ૬. વીણા. ૭. હરિણ. ૮. ચંદ્રમાંનું હરિણ. ૯. સારંગ એટલે દીપ; તેનો પુત્ર કાજળ. કાજળનો અંક (નીશાની) હાથમાં કર્યો. ૧૦. સારંગ એટલે વાઘ; વાઘનું ચિત્ર. ૧૧. ઠયે=ચિત્રયું. ૧૨. કશ્યપનંદન=સૂર્ય. ૧૩. કૃષ્ણને વિયોગે રાધાએ વીણા લેઈ વિનોદ ઇચ્છયો, ત્યારે તે સાંભળવા હરિણવર્ગ અને ચંદ્ર સ્તબ્ધ થઈ ઉભા, રાધાએ વિરહથી ચંદ્રદર્શન ન વેઠાતાં હાથેલીમાં કાજળવડે વાઘ ચિત્રયો. તે જોઈ હરણ નાઠાં. ચંદ્રનું હરણ પણ બ્હીન્યું ને રથ લેઈ નાઠું તે ચન્દ્ર અસ્ત થયો ત્યાં સૂર્ય ઉગ્યો ને કૃષ્ણદર્શન પણ થયાં. એ આ પદનો અર્થ.

નમસ્કાર કરી ભીંતને ટેકી ઉભો રહ્યો, અને નેત્ર મીંચાઈ ગયાં. ફરી ફરી સંભળાતાં સર્વને અર્થ બેસી ગયો.

રાધે૦—નવીનચંદ્રજી, આ ભક્તરાજે ભક્તિનો યોગ શ્રીરાધિકેશના દર્શનમાં સાધ્યો અને વ્રજવનિતાનું સુખ અનુભવે છે—આ પરાભક્તિનો સમાધિ.

સરસ્વતીચંદ્રે ઉત્તર મુખવડે ન દીધો, પણ તેના હૃદયમાં ધ્વનિ થયો:—

"'Tis the yearning for the Beautiful!—for the Beautiful in the Divine. It is the Beauty which the sightseers admire, but to the Bhakta is a trance of intense love. There is a form of beauty floating on the air before his loving eye and singing the sweet melodies of Divine raptures into his wistful ears."

એક પ્રૌઢા સ્ત્રી મંડપની વચ્ચે દેવનાં દર્શન કરતી કરતી હાથ જોડી ગાતી હતી. તેના આગળ એક તુળસી ભરેલો ટોપલો પડેલો હતો. તેમાંથી લીધેલી એક માળા એના હાથમાંથી લટકતી હતી. એનું શરીર દુ:ખીયું અને દુબળું હતું. એના ગાલ બેસો ગયા હતા. એના વસ્ત્રમાં અનેક થીંગડાં હતાં. આ દુ:ખી અબળાના પગ આગળ એક બાળક-પુત્ર એના શરીરને બાઝી ઉભો હતો, અને રહી રહીને રોતો હતો. પણ તે કંઈ લક્ષમાં ન લેતાં આ બાળકની માતા માત્ર દેવને ન્યાળી રહી હતી અને એ પ્રતિમામાં આરોપેલો સર્વવ્યાપી ઈશ્વર સાંભળતો હોય તેમ એના મુખમાંથી ધીરે ધીરે અક્ષર ખરતા હતા.

"મીરાં ભક્તિ કરે રે પ્રકટકી! નાથ તુમ જાનત હો સબ ઘટકી; (ધ્રુ૦)
રામમંદિર મીરાં દર્શન આવત, તાલ બજાવત ચટકી,
પાયલ ઘુઘુરુ રુમઝુમ વાગત, લાજ સંભાળો ઘુંઘટકી! મીરાં૦
ધ્યાન ધરત મીરાં ધરણીધરનકો ને સેવા કરત ખટપટકી,
શાલિગ્રામકું તુલસી ચ્હડાવત, ભાલ તિલક, માંહી ટપકી! મીરાં૦
વિખના પ્યાલા રાણાજીએ ભેજ્યા ને સાધુ સંગત મીરાં અટકી,
હરિચરણામૃત કરી પી ગઈ મીરાં, જેસી જાનત અમૃત ઘટકી. મી૦
સુરદેારપર ચલી એક ધારા ને સીર ગગરીપર મટકી,
બાઈ મીરાં કહે પ્રભુ ગીરધર નાગર, એસી સુરત બની જ્યમ નટકી
મીરાં ભક્તિ કરેરે પ્રકટકી!"

"વિખના પ્યાલા"ની કડી ગાતાં ગાંતાં આ સ્ત્રીના નેત્રમાંથી આંસુની ધાર નિરંકુશ થઈ. છેલ્લી કડી ગાતાં તે ઘેલી જેવી દેખાઈ. તેના અંતમાં કંઈક ઉંડું દુઃખ હતું. તેના રોતા બાળક ભણી તે દૃષ્ટિપાત પણ નાંખતી ન હતી. અંતે દીર્ઘ નિઃશ્વાસ મુકી, બાળકને એમનું એમ રહેવા દેઈ, તુળશીનો ટોપલો લેઈ સામી સામી ચાલી અને સિંહાસન ઉપર ઉંધો વાળ્યો. એ તુળશીની ભેટનો સ્વીકાર થયો જ હોય અને ઈશ્વર ઉપર વિશ્વાસ આવ્યો હોય તેમ આશ્વાસન પામી આ સ્ત્રી સ્વસ્થ વદનથી પાછી આવી, બાળકને ઉચક્યું, અને તેની પાસે હાકોરજીને "જયજય"—"જે જે કરાવી" એક પુરાણી ભાગવતની કથા કરતો હતો તેની પાસે બાળકને ખોળામાં લેઈ સાંભળવા બેઠી.

આ સર્વ પ્રત્યક્ષ કરતો કરતો સરસ્વતીચંદ્ર કહેવા લાગ્યો; "વિહારપુરી, આ સ્ત્રી બહુ દુઃખી હશે અને તેના અનાથ હૃદયમાં એની ભક્તિએ આશ્વાસક અમૃત રેડ્યું તે આજે પ્રત્યક્ષ કર્યું. સુખી જીવને ભક્તિથી શું થાય છે તે જોવાનું બાકી રહ્યું."

વિહાર૦—"જી મહારાજ, તે પણ કયાંક લખ થશે."

આ ઉત્તર કાનમાં પ્હોચતાં પ્હેલાં તો કુમુદસુંદરી સાંભરીઃ "કુમુદ! દુઃખી કુમુદ! આવા જ દુઃખથી તું હુખી! તહારા જેવાં કેટલાં સુંદર પુષ્પો દુઃખના ભાર નીચે કચરાઈ ચીમળાઈ નિર્માલ્ય થઈ ધુળ ભેગાં લોકના પગનીચે છુંદાંતાં હશે!—તહારા જેવીજ આ દુઃખીયારી! તેના જેવું આશ્વાસન તને ન મળી શકયું! ઇંગ્રેજી વિદ્યાએ ન આપ્યું, સંસ્કૃત વિદ્યાએ ન આપ્યું, માંતાપિતાએ ન આપ્યું, મ્હેં ન આપ્યું!—તે અમૃત આ રંક અશિક્ષિત સ્ત્રીને આ સ્થાને મળ્યું!—આજ જે સુન્દર દુઃખી મુખ દીઠું તે જ તું ન હોય! તું તે હોય-તો-તને આવું અમૃત ન મળે? તહારાં દુઃખમાં આ અમૃતથી શાન્તિ ન વળે? એ શાંતિ આપવી તે મ્હારા અધિકારમાં નથી.—આ ભેખ—હવે બુદ્ધિધનના ઘરના જેટલું પણ—આશ્વાસન આપવા દે એમ નથી! પ્રમાદધન મુવો. તું વિધવા થઈ. સુંદરગિરિ ઉપર આવી, ચૂલખની સ્વતંત્રતાને પ્રાપ્ત થઈ...મ્હારા અપરાધનું પ્રાયશ્ચિત્ત શકય થયું—પણ...આ ભેખ...પણ તું તે હોય ખરી! મળતાં મ્હોનાં માણસ જગતમાં કયાં નથી હોતાં?—સર્વથા આ સંકલ્પવિકલ્પ અપ્રાપ્તકાલ છે."

મન સ્વાધીન થયું અને વિચાર બંધ પડ્યા. દેવના સિંહાસન પાસે

ઉભી ઉભી એક સુન્દર મુગ્ધા ગાતી હતી. તેનાં વસ્ત્ર ભગવાં હતાં, પણ મુખ અને અવયવોમાં લાવણ્ય અને લાલિત્ય ઉભય હતાં. બે ત્રણ પુરુષો કેટલેક છેટેથી તેના સામી વિકાર ભરેલી દૃષ્ટિ કરી ઉભા હતા. પણ એની આશપાસ બીજી સ્ત્રીયો કીલ્લો રચી ફરી વળી હતી, અને વ-ચ્ચેનો માર્ગ જરા વધારે રાખી તેમાં આ મુગ્ધાને રાખી હતી. એ બાળા ચંદ્રાવલીની ભાણેજ હતી, અને માશીનું અનુકરણ કરી કુમારી રહેવાનો નિશ્ચય કરી બેઠી હતી અને સાધુજનોમાં એવા નિશ્ચયવાળી સ્ત્રીયો મરતા સુધી પરણે નહી તેની નિન્દા થતી ન હતી. આ મુગ્ધા પોતાના મનથી શ્રીકૃષ્ણપરમાત્માને જ વરેલી હતી અને તેમ સમજી તેવા જ હાવભાવ કરી દેવને ઉદ્દેશી ગાતી હતી.

" આવત મોરી ગલીયનમેં ગિરિધારી !
આવત મોરી ગલીયનમેં ગિરિધારી !"

ગલીને એક છેડે પોતે હોય ને બીજે છેડેથી પ્રિયજનને આવતે દેખી આંખો ને હાથ તે છેડા ભણી લંબાવતી હોય તેમ કરવા લાગી અને પ્રિયજનને જોઈ શરમાતી મુગ્ધા મ્હોં સંતાડતી હોય તેમ ચિન્તી પાછી હઠીને મ્હોંપર લાજ તાણવા લાગી.

" મ્હેં તો છુપ રહી લાજ કુમારી,
" આવત મોરી ગલીયનમેં ગિરિધારી !—
" મ્હેં તો છુપ રહી . . લાજ . . કુમારી . . આવત૦"

મ્હોંડું ઉઘાડી નાંખી શ્રીકૃષ્ણને આલિંગન દેવા બે હાથ પ્રસારતી હોય અને ઉમંગમાં આવતી હોય તેમ કરી બોલી.

" વૃન્દાવનમેં મીલ ગઈ મોહન,
" છુપ રહો રાધે જ્યું પ્યારી ! આવત૦"

એ ગાતી ગાતી દોડી જઈ મૂર્ત્તિના પગને બાઝી ચુમ્બવા લાગી.

વળી આઘી ખસી તેને દૃષ્ટિપાતથી લલચાવવા દૃષ્ટિ નાંખી, મન્મથન ઘેનમાં આવી ડોલતા મદનવશ પ્રિયને સમાનભાવથી કૂહેતી હોય તેમ લહેકાતે ધીરે સ્વરે હાથ લંબાવી ધીમી ધીમી મૂર્ત્તિ ભણી જતી ગાવા લાગી

" મીલ જાવ, મનમોહન પ્યારે !
" મોહન પ્યારે! નન્દદુલારે!—મીલ !—"

સરસ્વતીચંદ્રના હૃદયમાં વીજળીના કડાકા પેઠે ધ્વનિ થયો !

" I swear—I swear—there is no lascivious note in these lines of our good friend Dayârâm in spite of all that libidinous veneer over them which is meant to dazzle and catch into its flame the unlearned worldly sinking soul in order that she may rise therefrom like the phœnix into the heaven of Devotion. Is then this a lewd religion as they say ? Is this mere worship of the fetish as they say ? Most certainly not. As I understand and realize the depth of this sweet girl's heart, she is not more distant from the highest purity and the abstractest devotion than Cowper was when he loved and worshipped the Eternal Fair in his Olney hymn. The girl's vision is at this moment stretched over the vistas of Infinity and Beauty and Love far beyond this man-manufactured Idol, far beyond this Temple of clay and stone, exactly like the vision of Byron's Dying Gladiator looking at his distant Dacian dame and children as if they were present before his eyes in the midst of the Roman audience against whom he had closed them. Her ideal is sweet and harmless, and has all the pleasure and sport which they in the West get from their balls and dances ! If there be no vice in the latter, surely there is none in this—the former. And have my countrymen a right to object to all this as being a wrong side of religion ? No—no—not until the generation that frowns at this can boast of the birth of a new poet of God whose fervour of soul shall be able to soar as high as does the spirit of this song in this child ! And—the Christian missionaries—? I think I realize what must always make them fail in a country so rich in the light of

the Heart. Their only chance lies in waiting until our people become colour-blind on this their light-some land. Are they destined to be so blind? No—this sweet girl says—No. Keshab Chunder's last-stage, too, says—No! Evil will be that day for India when these temples of divine raptures will have been turned into the soul-less laboratories and work-shops of materialistic ideals! Science I love!—but not at the cost of this—the sweet living heaven of the poverty-stricken angels of my country. Can't give *them* up for the highest blessings of the Western civilization! Poor sweet angels! You shall live through the din and the turmoil that the world wakes with!"

વિચાર થઈ રહ્યા. કુમુદનું મધુરી-સ્વરૂપ સાંભર્યું. જિજ્ઞાસા સુતેલી જાગી. મન ચંચળ થયું. પગ અસ્વસ્થ થયા. મ્હોટેથી બોલાયું.

"વિહારપુરી, આપણે ચાલશું?"

"જી મહારાજ, ભલે ચાલો."

સરસ્વતીચંદ્ર વિના સર્વ જણે દેવને પ્રણામ કર્યા. એ અને તે સર્વ જણ પાછા ફર્યા અને મંદિર બ્હાર નીકળ્યા. સામી ચંદ્રાવલી મળી. તેને જોઈ વિહારપુરી આગળ નીકળી ગયો. એ પણ એની પાછળ છેટે ઉંચું જોયા વિના ચાલી ગઈ. ચાલતાં ચાલતાં કંઈક વિચાર થતાં પાછી ફરી, અને રવિદાસને પકડી પાડી ઉભો રાખી પુછવા લાગી.

"રાઘેદાસજી, ભક્તિમૈયા માર્ગમાં દૃષ્ટ થઈ?"

"હા. હવે તો તે યદુશૃંગ ઉપર બ્હોંચ્યા હશે."

"એની સાથે બ્હારી મધુરી હતી?"

સરસ્વતીચંદ્ર ઉત્તર સંભળવા ઉભો.

"કોઈ નવીન ગૃહસ્થ કન્યા તો હતી."

"તે શ્રાંત હતી કે અશ્રાન્ત હતી?"

"અમે આવ્યા ત્યારેથી હતો. જુદા પડ્યા ત્યારે એને તેડી હતી."

"હતી. એ કન્યા કોણ છે?"

" તમ પુરુષ જાતિની કઠોરતાનો ભોગ થઈ પડેલી એ બાપડી હુબતી
" હુબતી માતાને શરણ આવી જીવી છે."
" જ્યાં ત્યાં અમ પુરુષોનો જ દોષ?"
" છે તે છે."
" એકના દોષને માટે સર્વને દૂષિત ગણવા યોગ્ય નથી."
" રાધેદાસ, ઉત્કર્ષના લોભને હું દોષ કેમ કહું? જે લોભ મ્હેં રખાવ્યો
તેને હું દોષ કેમ કહું? પણ આપણે આ વાત પડતી જ મુકવી.
બિન્દુમતીને દીઠી?"
" મંદિરમાં છે. ઠાકોરજી જોડે પ્રણય અને અભિનય કરતી હતી."
" પુરુષનો પ્રણય કરવા કરતાં આ વસ્તુ સારી."
" સત્ય બોલે ત્યાં ના કેમ કહેવાય?"
રાધેદાસ બ્હાર ચાલ્યો. ચંદ્રાવલી અંદર ચાલી. સરસ્વતીચંદ્ર રાધે-
દાસથી આગળ ચાલતો હતો. વિહારપુરી સહુથી આગળ દીકળી ગયો
હતો અને આમની વાટ જોતો માર્ગમાં ઉભો હતો.
ચંદ્રાવલીને બિન્દુમતી સામી મળી અને ભેટી પડી બોલી.
" વિહારપુરી જોડે નવીન કોણ હતું!"
" ભૈયા, વિહારપુરી જોડે
" આપણે શી ચિન્તા!"
" તેની આકૃતિ રમણીય હતી."
" ત્હારે કયાં પુરુષનું કામ છે?"
" હું તો સહજ પુછું છું. એ ઘણું કરીને વિષ્ણુદાસજીના અતિથિ છે."
" હં! ત્યારે તો આપણે તેનું કામ છે-મધુરીની કથા તેં સાંભળી છે
કની?"
" તે પુરુષ આ?"
" એમ જ હોવું જોઈએ."
" સૂર્ય ગયે પદ્મિની મીંચાય છે તે યોગ્યજ છે. મધુરીનાં દુઃખની મધુરતા
" અને તીવ્રતા હવે સમજાય છે."
" અર્રે, તું માજીનું મંદિર એ દિવસ જોવાશ?"
હા. કેમ?"
મધુરી વીશે મ્હારો જીવ ઉંચો હતો—તેથી વધારે ઉંચો થયો—"
તે યદુશૃંગ જવા ધારો છો?"
હો."
" પણ ત્હારે—"

" મ્હારે તેનું શું કામ છે? મધુરીને સુખ કરી પાછી આવીશ."
" ભલે. જાવ ત્યારે."
" કોઈ સ્ત્રીયેાને તમ્હારી સાથે રહેવાનું કહીશ."
" ક્યારે જશેા?"
" તે બેટ જઈને નિર્ણય કરીશું."
" ભલે."

" અથવા—બિન્દુબેટા, તું પણ મ્હારી સાથે જ ચાલજે; મંદિર કોને
" સોંપીશું."
" કેમ વિચાર ફેરવ્યેા?"

" શરીર એકલું પડે ત્યારે કાળજું હાથમાં ન રહે—તેા વિપરીત
" થાય. બેટા, જેને એવું ભય હેાય તેણે કોઈ ન મળે તેા બેાલતું બાળક
" પણ સંગતમાં રાખવું."

" માશી, સાધુજનેાનેા કાળ સર્વદા મનને આમ અંકુશમાં રાખવામાં
" જ જતેા હશે?"

" સંસારમાં જન્મ લેનાર સર્વને માટે એ સાધુચરિત ઉચિત છે, તેા
" સાધુનેા આ ભેખ ધરે તેનું તેા પુછવું શું?"

" પણ વિવાહિત જનેાને એ પ્રયાસની આવશ્યકતા નહી રહેતી હેાય?"

મન્દ સ્મિત કરી, મુગ્ધાને ચુમ્બન કરી, તેને વાંસે જરીક થાબડી, ચંદ્રાવલી બેાલી.

" બેટા, અનેક ભેાગ અને ભેાગનાં સાધન હાથમાં છે તેને પણ સં-
" તેાષ દુર્લભ છે તે પામવાને આવું સાધુચરિત જેઈએ છીયે તેા તમ્હારા
" જેવી આ નાની સરખી કોમળ દેહલતિકાને શ્રી અલખ ભગવાનના
" અશરીર યેાગથી તૃપ્ત રહેવા માટે કેટલું જાગૃત રહેવું પડે વારું? બેટા
" બિન્દુ, તું અને મધુરીના વયમાં બહુ ફેર નથી. તમ્હારી સાથે એ
" મન મુકી વાત કરશે ને એને સુખી કરવામાં તું સાધનભૂત થાય તેા
" એ પુણ્ય તમ્હારે ઓછું નથી. માટે પણ મ્હારી સાથે ચાલ. મન ઉપર
" જય, માજીનેા યેાગ, અને અન્ય જીવેાને સુખી કરવાઃ એ ત્રણ કામ પુરાં
" થાય તેા સાધુજીવનનું ફળ પૂર્ણ મળ્યું ગણવું."

પ્રકરણ ૧૫

કુસુમનું કઠણ તપ.

"કુસુમ, ઓ કુસુમ, તને ખોળી ખોળીને તો હું થાકી ગઈ! બળ્યું, આમ તે શું કરતી હઈશ?" એમ બોલતી બોલતી કુસુમનાં માંડવા આગળ થઈને સુન્દર ઉતાવળી ઉતાવળી ચારેપાસ જોતી જોતી ફરતી હતી. આજ પ્રાતઃકાળની તે જડતી ન હતી અને એને માટે નિર્મેલા કોઈપણ સ્થાનમાં તેનો પત્તો ન હતો. એમ કરતાં કરતાં છેટે માળણની ઓરડીની પાછળ એક પીપળા તળે કંઈક ધસારો લાગ્યો, કાન માંડ્યા, બીજી ઝાડ પાછળ સંતાઈને જોયું, અને જુવે તો એક હાંલામાં કંઈક રાંધવા બેહલી કુસુમની પીઠ—માળણનો જાડો સાલ્લો પહેરેલે તેથી—એકદમ ઓળખાઈ નહી...પણ જરીક એક પાસથી જોયું તો કાન, નાક, આંખ, ગાલ—સર્વ કુસુમનાં જ. શ્વાસ રુંધી સ્તબ્ધ થઈ, છાતીએ—હાથ મુકી, કાકી ભત્રીજીનો આ ચિત્રવેશ જોઈ રહી. નાક ચ્હડાવી, ઓઠ લંબાવી, આંખો સંકોડી, અનેક ગુંચવારામાં પડી, મનમાં ને મનમાં સુન્દર બડબડી: "આ છોકરીથી તો ત્રાહિ દીનના "નાથ! એ શું કરે છે ને શું કરશે તે આપણાથી તો કંઈ સમજાય "નહી. એની માને દુઃખ આવી પડ્યું એટલે એને સુઝતું નથી ને "બાપને કારભારમાં દીકરીનું ચરિત્ર વસતું નથી. એવાં એવાંની બુદ્ધિ 'લોપ પામી ગઈ ત્યાં મ્હારા તે શા આશરા!—છતી થઉં?—ના, "ના, જોઉં તો ખરી કે આ વેશ આખરે કેવો ઉતરે છે?"

માળણની ઝુંપડી અને વાડીના કોટવચ્ચે ખાલી જગા હતી અને તે એક પીપળાના ઝાડની છાયાથી ઢંકાઈ હતી. આ ઝાડના મૂળ આગળ કુસુમે બાંયમાંજ ખાડો બોદ્દી ચુલો કર્યો હતો અને તેમાં દેવતા સળગાવી ઉપર હાંલીમાં બીચડી ચ્હડાવી હતી. પોતે પાસે એક ઈંટ ઉપર અર્ધોત્થિત—અર્ધોત્કુ—અધુકડી બેઠી હતી. પોતાના શરીર ઉપરથી સર્વ અલંકાર ફ્હાડી મુકેલા હતા, પણ પીંપળાના તળ આગળ પોતે કોઈ વેલી પેઠે બેહેલી લાગતી હતી અને પીપળાનો અલંકાર જાતેજ થઈ પડી હતી. કૃષ્ણપક્ષમાં મધ્યરાત્રિયે ચંદ્રબિમ્બ ક્ષિતિજમાં ઉગે અને આસપાસના

પ્રદેશમાં રમ્ય નવીન પ્રકાશ પ્રકટાવી રહે તેમ ઝાડના મેલા થડ આગળ કાળા સાલ્લામાં કુસુમનું ગૌર મુખબિમ્બ નવીન કાન્તિ ધરતું હતું. તે જોતાં સુન્દરને ઉમળકો આવ્યો અને છતી થઈ તેને બાઝી પડતી પ-
ડતી અટકી.

ઝાડની ડાળો અને પાંદડાં વચ્ચેથી કોયલ ટહુકી ઉઠે તેમ શાન્તિની છાયાથી ઉભરાતા આ સ્થાનમાં કુસુમ બોલી ને સુન્દરનો પગ અટક્યોઃ

" જમની, આ ચુલામાંથી દેવતા બેર જાય છે ને ધુમાડો થાય છે
" તે ભુંગળી વગર શું કરવું ? "

ઘોડેકે છેટે ઉગેલું ઘાસ એક લાંબી કાતરવડે બેસાને કાપતી કાપતી માળણ બોલીઃ

" ઉભાં રહો, ભુંગળી લાવું."

" ના ના, ભુંગળી ન હોય ત્હોયે ફુંક મરાય એમ કર."

" તે વારુ અમ માળીડાંને યે ભુંગળી મળે તે તમને જંગલમાં નહી
" મળે? ત્યાં તો ઘણાએ વાંસ હોય."

" પણ વાંસને કાપવાનું જોઈએ કની ? આપણે તો વગર ભુંગળીયે
" તાપ લાગે એવું બતાવ."

" માળણ ઉઠી આવી, ને ચુલા સામું જોતી જોતી બોલી. " વારું,
" બહેન, તમે કર્મી લોક તેને આ તે શા અકર્મીના ધંધા કરવા ? જાવ,
" બેર જાવ! જુવો તો બધ આ ધુમાડે તમારી આંખો કરી છે તે—
" કેસુડાનાં ફુલ જેવી ?"

"ના, તે હું કહું તે કર."

માળણ કંઈ વિચાર કરી બોલી.

" પાંદડાં ને ઘાસનો દેવતા—તે પુરો થયો; એ હવે બીજાં સુકાં પાંદ-
" વીણી લાવ્યા વગર નહી બળે."

" તે તેમ કરતાં તો બીચડી કાચી કાચી સુકાઈ જશે. તળે છે થોડો
" બુકો તે લાગશે. માટે ફુંકવાનો રસ્તો બતાવ."

" મ્હારી તો અક્કલ ચાલતી નથી. ફુંક જેવી ફુંકો મારો તે તમારાં
" નાજુક મ્હોમાં જોર કેટલું ? હું ફુંક મારું તો બભડાવ ને તમારામાં
" ફુંકવાનું જોર નહી !"

કુસુમ જરાક ઉંચી થઈ વિચારમાં પડીને બોલી ઉઠી. " જો, ભુંગ-

ીને ઠેકાણે આ હાથેલી મ્હોં આગળ રાખું તે ફુંક મારું તો દેવતા
સળગશે કેની ?''

'' હા, હ્યો, એમ કરી જુવો.''

ફુંક મારતાં આંખમાં રાખ ઉડી ને માળણ હસી પડી.

'' હ્યો હ્યો હવે! જાવ ઘેર. જેનું કામ તે તે જ કરે. આવા રુડા મ્હો-
'' ઉપર રાખોડી ઉડી ચ્હોટી તે બાવીઓ જેવાં કાળાં હત તો તો બરો-
'' બર લાગત.''

''ત્યારે આ કેવી લાગે છે?'' હાથેલી વડે ભુલી ત્યાંથી ફરી ફુંક મા-
રવાનું કરતી કરતી કુસુમ બોલી, ને ઉત્તર મળતા ચ્હેલાં હાથેલી ધરી ફુંક
મારવા લાગી. માળણને ઉત્તર સુઝે ત્યાર ચ્હેલાં ભડકો થયો અને સુન્દર
પાસે આવી બોલી ઉઠી.

'' આ દિવસમાં ધોળી વાદળીઓથી ઢંકાયલો ચંદ્ર લાગે છે એવું તમારું
'' રાખોડીવાળું મ્હોં લાગે છે! કુસુમ!''

કાકીને દેખી કંઈક ચમકી, અંતે સ્વસ્થ થઈ, હાંલાનું ઢાંકણું ઉઘાડી એક
ધોયેલા છોડીયાવડે બીચડીના દાણા ફોહાડો ચાંપી જોતી, એણી પાસ જ
દૃષ્ટિ રાખી, કુસુમ બોલી.

'' કાકી, એ રાખોડો તે એ મ્હોં—એ બે આખરે એક દેખાવનાં તે
'' આજથી અજમાવી જોઉં છું કે એ બેનો અરસપરસ મેળ કેવો થાય
'' છે? આખરનું જે સાથી તેનું આજથીજ હેત કરું છું.''
'' કર્યું કર્યું એ હેત! ઉડ-આધી-રોજ નવા નવા વેશ ફોહાડે છે તે હવે
'' નહી નભે. બળદાર જમની! જો આ છોકરીને બંહી આવવા
'' દીધી તો!''

જમની '' કાકીના મ્હેં તો ઘણું યે સમજાવ્યાં પણ એ કંઈ એમ
જેવાનું માને? ફોહાડ કરીને આવું આવું કરે છે!''

સુંદર—તે કેમ, કુસુમ, કહ્યું માને છે કે નહી! ઉલ્ટે છે કે ઘરમાંથી
વડીલને બોલાવું?

ચાંપેલો દાણો હાંલીમાં પાછો નાંખી હાંલી ઢાંકતી ઢાંકતી કાકી ભણી
કંઈક ફરીને ઉંચું જોઈ કુસુમ બોલવા લાગી.

'' તે શું, કાકી, એમ જાણો છો કે વડીલ કુસુમને તમારી પેઠે
ધમકાવશે?''

'' ના, તું તો એમની હૈયાની હોડી—લજવામણી! તે તને કેમ ધમકાવે?

" પણ એટલું તો થશે કે તમારા આ ચાળા જોઈ વડીલ દુખના
" દરીયામાં ડુબશે. માનું કાળજું બાળે છે ને દાદાનું બાળ ! જોઉં તો
" ખરી કે કોનાં કોનાં કાળજાં બાળે છે ? ભાયડાઓ છોકરીયોને
" ભણાવે ન આમ બગાડે તે તમારા બાપ નથી જાણતા, પણ દાદા તો
" જાણે છે."

હાંલી ઉઘાડી માંહ્ય પાણી રેડતી રેડતી હસતી હસતી પાણીની ધાર ભણીજ આંખ રાખી કુસુમ બોલી.

" કાકી, એ તો ભુલ્યાં. દાદા તો વળી પિતાજી જેટલું પણ કુસુમને કહેવાના નહી અને પિતાજીની જોડે તો બહુ બોલાય નહી, પણ દાદાજીને તો કહેવાય એટલું કહું."

મ્હોં. લંબાવી ખભા ઉંચા કરતી સુંદર બોલી: "ઉંહ- તું તે કોઈને ગાંઠવાની નહી. શું કરીયે આને તે ? પણ બોલ તો ખરી કે આ બધું
" શું કરે છે ને આ વેશ શો કહાડ્યો છે ? મને તો તમારી કંઈ સમ-
" જણ પડતી નથી."

" કાકી ! કોઈને ભારે પડ્યા વિના ગરીબ થઈ એકલાં બાવીઓ
" પેઠે કેમ રહેવાય—આવું કેમ બવાય ને આવું કેમ પહેરાય તે
શીખું છું." ઉભી થઈ, કાકીના સામી ફરતી, પહેરેલા વસ્ત્રનો જોડો પાલવ હાથમાં ઝાલી બતાવતી, અને આંખવડે હાંલી બતાવતી કુસુમ પ્રફુલ્લ મુખથી બોલી અને અંતે જય પામતી હોય તેમ કાકીની આંખો સામું તાકીને જોઈ રહી.

" કુસુમ, તમારે કરવું હોય તે કર. પણ આ કંઈ સારું કરતી નથી!" નઃશ્વાસ મુકી સુંદર એક ઝાડના ઠુંઠા ઉપર લમણે હાથ મુકી બેઠી અને કુસમના ચુલા સામું જોઈ રહી.

થોડી વારે હાંલીમાં જોઈ, ઉભી થઈ બે ચાર પાંદડાં વીણી, કુસુમ પત્રાળું કરવા બેઠી, ને તેને સળીયોના કડકાથી સાંધતી સાંધતી બોલી
" કાકી, આ અન્ન ખાવું હોય તો ચાલો–એ પણ મિષ્ટ લાગશે, એથી
" પણ જઠરાગ્નિ તૃપ્ત થશે."

" શું આમ હાથમાંથી જવાને બેઠી છે ? તમારા ઘરના અન્ન જેવું આ અન્ન ન હોય અને એ જાડું અન્ન તમારા નાજુક પેટમાં ને નળામાં ખુંચશે ને પ્રાતઃકાળે ઔષધ ખાવું પડશે."

" કાકી, આ ખીચડી ખાતે તો બે ત્રણ દિવસ થયા."

"હેં! ત્રણ દિવસ થયાં ખાય છે? દીકરી, ગજબ કર્યો!"—છાતી ઉપર હાથ મુકતી સુન્દર ચપ લેઇને ઉભી થઈ અને હાંલીને અડકવા ગઈ.

"હાં, હાં, અડકશો નહી—નવણમાં છું" કુસુમ ગાજી ઉઠી.

"હવે જાણ્યું તહારું નવણ ને બવણ. જરમનીનું લુગડું, જરમનીની માટલી, ને બધું નવણમાં હશે બરું કની?"

"તો, આ જુવો. પણે કાલને માટે ધોઈ સુકવી મુકેલું લુગડું પેલા ઝાડની ડાળ ઉપર, ને આ હાંલી તો કુંભારના ઘરની નવી છે. કાકી, આવો તો ખરાં; જરા ચાખો તો ખરાં, જુવો તો ખરાં વારુ, આમ શું ગાંડાં કૂહાડો છો?"

"હા હા, હું ગાંડી, ને તું ગાંડી તે ડાહી. હું તો અડકું છું ને હાંલી બાંલી બધું લઉંછું ઘરમાં તહારાં માને ને બાપને દેખાડવાને." સુન્દર અડકવા ગઈ, કુસુમે તેને અટકાવી.

"જો, તહારે આ વાત તેમનાથી છાની રાખવી હોય તો એટલું કબુલ કર કે આવું આવું જે જે ધતીંગ કરે તેની પ્રથમ મને જણ કરવી."

"તે તમે કબુલ કરોછો કે તમારે એ વાત કોઈને કૂહેવી નહી?"—

"હા."

"ને મને અટકાવવી નહી?"

"એ તો અટકાવવાનું હોય ત્યાં અટકાવીયે પડે!"

"તે બળથી કે કળથી?"

"કળથી, બાપુ, કળથી.. એટલું યે કબુલ તો કર."

"નક્કી—ખાતરી?"

"હા નક્કી! ખાતરી!"

"જાવ ત્યારે કબુલ."

"ત્યારે કૂહે કે આવું આવું શું શું વાર્યું છે?"

"જુવો. ગુણીયલના મનમાં મને બુદ્ધધનભાઈને પરણાવવાનું છે-તેની આપણે ના છે. બ્હેનના સસરા તે મ્હારા વડીલ. પિતાજીના મનમાં મને સરસ્વતીચંદ્રને પરણાવવી છે-તેમાં પણ આપણી ના સમજવી. અને આ ચંદ્રકાંતભાઈના ઘરમાં એક છે ને તેના ઉપર મને બીજી બેસાડવાની માગણી તેમના ભાઈએ કરી છે—તે કાગળ પિતાજી ઉપર છે—તેની પણ ના."

સુન્દર૦—એ વાતની ના તો સમજાઈ. પણ સરસ્વતીચંદ્રની ના કેમ કહે છે?

કુસુમ—એ વાતની નામાં છેલ્લેસુધી મને મદદ આપો તો સમજવું. પિતાજી, દાદાજી, ગુણીયલ, જરાશંકરમામા ને એ બધાંને આ વાતમાં તમારે સમજાવવાં.

સુન્દર૦—તે એટલી બધી હું બન્ધાઉં તેને સટે તું કેટલું બન્ધાય છે?

કુસુમ૦—સરસ્વતીચંદ્રને ના પરણવાનું મ્હારું કારણ તમને બદલામાં સમજાવું.

સુન્દર૦—ના, તે એટલામાં બદલો ન વળે; હું બંધાઉં તેના બદલામાં તું સરસ્વતીચંદ્રને પરણવાને બન્ધાય છે!

કુસુમ૦—આવડી આવડી ના!

એણે "આવડી" ઉચ્ચારતાં હાથના ચાળા કર્યા.

સુન્દર૦—ત્યારે અમારી યે આવડી આવડી ના; આટલી છોકરી મને પટાવે છે—જમની, જો તો ખરી.

જમની—કુસુમબા, ત્યારે કહીજ ઘોને. કાકાબાને યે મનની વાત ન કહીયે?

કુસુમ૦—જો તમે આટલું બન્ધાવ તો હું એટલી બન્ધાઉં કે—સરસ્વતીચંદ્ર જડે ને પોતાના વિચાર ફેરવે તો પણ તેટલાથી કંઈ મ્હારે મ્હારા વિચાર ફેરવવાના નથી—પણ હું પુછું એ બધા પ્રશ્નોના ઉત્તર આપે ને એવા ઉત્તર આપે કે તેથી મ્હારા મનનું સમાધાન થાય ને મ્હારા વિચાર ફરે ને તેમનો ને મ્હારો એનો વિચાર એક થાય તો પછી હું મને ઠીક લાગે તે વિચાર કરું—તે વિચાર કરું—હાં—વિચાર કરું; બીજું કાંઈ અત્યારથી બંધાવાનું નહી.

સુન્દર૦—આ જોને—આનું આમ થાય, તેનું તેમ થાય, પેલાનું પેલું થાય—તો પછી મ્હારાં કુસુમ બ્હેન શું કરે—વિચાર કરે! બીજું કાંઈ ન કરે, પણ વિચાર કરે. જાવ અમે તો કંઈ—બંધાતાં નથી.

કુસુમ૦—હું તો આ ખાવા બેસું.

પત્રાળું તૈયાર થયું હતું. તેમાં ખીચડી નાંખી કુસુમ ખાવા લાગી. સુન્દર કેડે હાથ દઈ ઉભીજ રહી. વળી સ્મરણ સ્ફુરતાં બોલી.

"કુસુમ, બીજી વાતમાં બન્ધાવાનું પડતું રહ્યું, પણ વાત કહેવા તું બંધાઈ છે તે તો કહે કે તેં શાં શાં ધતીંગ ધાર્યાં છે?"

કુસુમ હસી પડી. "કાકા, આ અન્નમાં ગેરો નીશો છે કે સાંભરેલું ભુલી જવાય છે."

સુન્દર.—"ઠીક છે ત્યારે હું બુબ્બથી ભુલી જઈશ." સુન્દરે જવા માંડ્યું, કુસુમે તેને ઉભી રાખી.

કુસુમ૦ -- ઉભાં તો રહો. જરા મશ્કરી કરીયે તેમાં સું રીસાવછો જે ! મહારા વિચાર ધારેલા છે તે તું, જમની, કાકીને કહે. પછી બાકા રહેશે તો હું કહીશ.

સુન્દર— કહે બાપુ, જમની, તું કહે; એ નહી કહેવાની.

જમની —કાકીબા, બ્હેનને તો બાવીની પેઠે રહેતાં શીખવું છે, માળણ પેઠે રહેતાં શીખવું છે, અને જાણવું છે કે અમે બધાં રહીયે છીયે તેમ એમનાથી રહેવાય કે નહી ?

સુન્દર—પછી ?

જમની — હું તો આટલું જ જાણું.

સુન્દર—તેમાં તે શું વધારે કહ્યું ? કેમ કુસમ ? શું ધાર્યું છે ?

કુસુમ—મ્હોં ધોઈ ઉઠી, અને મ્હોં લ્હોતી લ્હોતી આગળ આવી બોલી.

" કાકી, લ્યો હું જ કહીશ. મ્હારે જમી લેવું હતું તેમાં વાર થાય માટે આટલી યુક્તિ કરી ઉતાવળથી જમી લીધું. હવે સાંભળો. આ કાળમાં કુમારી સ્ત્રીયોને દ્રવ્ય વિના બાવા પીવાનો વાંધો પડે અને મ્હોટાં ઘરનાં બાળકથી રાંક લોકની રહેણી પ્રમાણે રહેવાય નહી એવું તમે જ કહ્યું હતું. મ્હેં મ્હારી હવે બાતરી કરી લીધી કે આ લુગડાં મ્હારાથી પ્હેરાશે, આ ધાન્ય મને પચશે ને ભાવશે, ને આવે ઠેકાણે રહેવામાં મને કંઈ હરકત નહી પડે. આ માળણનો માસના બે રુપીઆના ખરચથી નિર્વાહ થાય છે— લુગડાં, બાવાનું, અને માટલાં લાકડાં સુધાંત ! બાર માસે એ ચોવીશ રુપીઆ થયા. તે ચાર ટકા પ્રમાણે છસો રુપીઆનું વ્યાજ થાય. પિતાજી મને કન્યાદાનમાં એટલી રકમ તો ઓછામાં ઓછી આપવાનું ધારશે ત્યારે આ તો એ રકમ પણ નહી જોઈએ. એટલા રુપીઆ પિતાજી જેમને પોતાને નામે રાખવા હોય ત્યાં રાખે અને મને આટલું વ્યાજ આપાવે એટલે આપણે થયું. તેટલામાં તો " તાકડધીના " થાય ને કુમારી કુસુમ મિસ્ કુલોરાનાથી પણ વધારે સુખી થાય."

સુન્દર—તને આ બધું કોણે શીખવ્યું ?—હશે. હવે એ બાયડ ત્હારામાં આવી. ચાલ પછી શું કરવું છે ?

કુસુમ૦—પિતાજીને નાતજાતની હરકત પડે નહી ત્યાં સુધી મને ઘરમાં રાખશે ત્યાંસુધી રહીશ. તેવી હરકત પડવા માંડશે ત્યારે—

સુન્દર૦—ત્યારે શું ?

કુસુમ—ત્યારે કે—ગાઉં ?—

" કુસુમ બ્હેન ચા...લ્યાં...રે...,ગોદાવરી ! "

" ગોદાવરી જતાં તો પડસિા બેસે, પણ સુરગ્રામ, સુન્દરગિરિની બાવીઓ, અને એવાં એવાં સ્થાન કયાં ઓછાં છે કે જ્યાં સ્ત્રીની જાતને બ્રણ ભય નથી અને મનજી બંડકરે તેને કેદ કરવાને તો સાધુજનોના કીલ્લા તૈયાર જ છે. કાકી, હવે સુન્દર મીરાંબાઈ થવાને તૈયાર છે."

સુન્દર—તે ગાંસડાં પોટલાં કયારે કરવાનાં છે ?

કુસુમ—આવી જાત્રા કરવાને ગાંસડાં પોટલાં શાં ? શરીરનો રથ અને મનની સ્વારી; કુસુમ કૂહાડે સંચ, ત્યાં તો આનંદની વારી.

સુન્દર—પણ પિતાજી ઘરમાં રાખે ત્યાં સુધી તો રૂહેવું છેની ?

કુસુમ—એમાં કાંઈ વાંધો નથી. માત્ર વચ્ચે એક દિવસ આ બધાં સ્થાન જોવા જવું છે અને કયાં ટીક પડશે તેનો નિર્ણય કરી રાખવો છે.

સુન્દર—તે કયારે ?

કુસુમ—કાંઈ નિમિત્તે પ્રસંગ આવશે.

સુન્દર—કુસુમ, હવે ઘરમાં આવવું છે કે નહી ?

કુસુમ—હાસ્તો, હવે ઘર અને આશ્રમ બે કુસુમને મન સરખાં છે, ને પિતાજી અને ગુણીયલ બે બે શિવપાર્વતી જેવાં છે; તેના મન્દિર જેવું આ ઘર આશ્રય આપશે ત્યાં સુધી ત્યાં જ આનન્દ છે. કાકી, કુસુમનું આયુષ્ય હવે તપોમય સમજવું. મીરાંબાઇનો કાળો કામળો કુસુમને ગમ્યો છે—એને સંસારના બીજા રંગ લાગે નહી ને ત્હારામાં હોડાય.

સુન્દર—કુસુમ, કન્યાઓને વિદ્યા આપતા પ્હેલાંજ સંસારમાં પરોવવી બે શાસ્ત્ર ત્હારા દૃષ્ટાંતથી વધારે સમજાશે. અને—બીજાં માબાપ પોતાની કન્યાઓને વિદ્યા આપતાં ત્હારા દૃષ્ટાંતથી ડરશે અને તે બાપડીઓને વિદ્યા નહી મળે—એ સર્વ સંસારનું પાપ—કુસુમ—ત્હારે માથે ! માતાપિતાને અને સંસારને દુઃખી કરી તેનું દુઃખ દેખી પસ્તાજે ને કાકીને સંભારજે!

ક્રોધ અને અશ્રુથી ભરેલી સુન્દર ચાલી ગઈ. કુસુમ બેઠે આંગળી મુઠી પાછળ ઉભી રહી—તેનું મુખકમળ કાકીની છેલ્લી શબ્દવૃષ્ટિના

પ્રહારથી નમી ગયું. નવા ઉંડા વિચારમાં પડી જઈ તે ધીમી ધીમી ચાલવા લાગી. તેના મનના પ્રબળ તાપને દેખી બ્હારનો તાપ હારી જતો હોય અથવા એવા તાપવાળી સુન્દર બાળાને વધારે તાપ ન આપવો એવી સૂર્યને કે મેઘને દયા આવતી હોય–તેમ એક વાદળું સૂર્યની નીચે આવી ગયું, અને કુસુમના મ્લાન શરીર ઉપર છત્રની છાયા થઈ.

"શકુન તો બહુજ સારા થાય છે" —મ્લાનિ ત્યજી કુસુમ કાકીની પાછળ ગઈ, અને શકુનદર્શક આશીર્વાદ હૃદયમાં ઉભેલા સત્વના મુખમાંથી નીકળતો સાંભળતી સાંભળતી લ્હેમાં ને લ્હેમાં સ્વંગૃહમાં ચાલી. તેના હૃદયને આજ એ સત્વ પ્રથમ દેખાયું અને જે ખંડમાં સરસ્વતીચંદ્રના મુખમાંથી ભાષણ સાંભળ્યું હતું ત્યાં, તેના જેવો સ્વર ધારી, એ સત્વ કહેવા લાગ્યું.

"સૌંદર્યોદ્યાનના સુન્દર કુસુમ ! તહારું ભાગ્ય રાત્રિવિકાસિ કુમુદ જેવું નથી. આ દેશકાળને અપરિચિત સ્વતંત્રતાની જે વાસના તહારામાં જન્મી છે તે વાસનાનો પિતા હું છું. એ વાસનાના બીજનું આજ સુધી ગુપ્ત એકાંતમાં તહારા ઉરમાં જગત્થી અદૃષ્ટ રક્ષણ અને પોષણ તેં કર્યું છે. તહારા જેવી જેની માતા અને મ્હારા જેવો જેનો પિતા એ વાસનાને શાનું ભય છે ?"

પોતાની વાસનાને માથે આવાં "માતાપિતાની" કલ્પનાથી કુસુમ કમ્પી—એ કલ્પનાજ એ વાસનાને ભયંકર લાગી. તે ભયથી એ કમ્પવા માંડે છે ત્યાં ગૃહમાં એક બારીએ વિદ્યાચતુર એકલો ઉભો ઉભો કાંઈ રાજ્યસંબંધી વિચાર કરતો દીઠો. કુસુમને દૂરથી જોતાં તેના વિચાર અટક્યા. કુસુમના કૌમારવ્રતની વાસના એને વિદિત હતી અને એના મનોરાજ્યને પ્રિય હતી; એ વાસનાનો ઉદય કુસમમાં થયો તે એને અભિનન્દનીય લાગતો હતો; માત્ર આ દેશકાળમાં એ વાતુ વ્યવહારવિરુદ્ધ છે અને એ વાસનાનો ઉદય કન્યાને દુઃખકર અને અનિષ્ટકર છે એટલો—આ વિષયની તુલના કરતાં—સામો પક્ષ સમજ્યો અને સત્ય લાગ્યો હતો. આ ગુંચવારામાંથી છુટવાનો માર્ગ તેને હજી જડ્યો ન હતો. પણ એક પાસથી આ વિષયમાં ગુણસુંદરીની ચિન્તાનો તે અંશભાગી થયો હતો, ત્યારે બીજી પાસથી આ વાસનાની તૃપ્તિ શોધવાને માર્ગે નીકળી પડેલી પુત્રીના તપની વાર્તા સુન્દરને મુખે સાંભળી એ ઉત્કર્ષથી પિતાનું હૃદય ફુલ્યું હતું. એટલામાં જ એ ઉત્કર્ષદાત્રી મેધાવિની દુહિતાને દાદર ઉપર જોઈ પિતાના

હૃદયે હૃદયમાં કાલિદાસની વાણીવડે, પણ ઉચ્ચાર બોલ્યાવિના, આશીર્વાદ દીધો કે—

"रम्यान्तरः कमलिनीहरितैः सरोजै-
श्छायाद्रुमैर्नियमितार्कमयूखतापः ।
भूयात्कुशेशयरजो मृदुरेणुरस्याः
शान्तानुकूलपवनश्च शिवश्च पन्थाः ॥

" કુસુમ ! સંસારમાં તારો માર્ગ આવો કરી આપવા તારો પિતા પ્રયત્ન કરશે. કુમુદ ગઈ તેમ તેને જવા દેવી નથી. આવી દુઃખકારક એક ભુલ થઈ તેવી બીજી કરવી નથી. જે અવિશ્વાસ અને ભયથી આ મન્દિરમાં રહી રહી તું ઓછું આણે છે અને આવું તપ કરે છે તેમાંથી મુક્ત કરી તારા સુન્દર સ્વતન્ત્ર પવિત્ર અભિલાષને સફલ કરે એટલી શક્તિ—એટલી વૃત્તિ – શું મ્હારી અપત્યવત્સલતામાં નથી ? કુસુમ જેવી એક નહાની બાલકી–હવે એકલી એજ – તેનો અપરાધીન રૂહેવાનો, ઉપાધિ મુક્ત રૂહેવાનો, અભિલાષ, વેળાસર સમજ્યો છતાં રત્નનગરીના પ્રધાન જેવો પિતા તેટલો અભિલાષ સિદ્ધ કરવા અશક્ત નીવડે એ દેશકાળનું તારતમ્ય."

" રંક કુમુદની સ્વતંત્રતા ઉગતા પ્હેલાંથી મ્હેં નષ્ટ કરી. આ પ્રધાનપદની જંજાળમાંથી જન્મેલા પ્રમાદને બળે મ્હેં એ નષ્ટ કરી. મ્હારા ભાગ્યોદયને કાળે જન્મેલી કુસુમની સ્વતંત્રતાને એનું પ્રારબ્ધ મ્હારી પાસે વિકાસ અપાવે છે. એ વિકાસ આપવો એ મ્હારો ધર્મ મ્હારી દૃષ્ટિમાં જણાય છે.

"કુમુદનાં દુર્ભાગ્ય જોઈ આ દૃષ્ટિ ઉઘડી—તેનો લાભ કુસુમને મળશે—
" એ તેનું ભાગ્ય. અનાર્ય થઈ ગયલા લોકાચાર ઉપર વિશ્વાસ રાખી હું
" સ્વકાર્યનો અનભિજ્ઞ રહ્યો, મ્હેં મહાપ્રમાદ કર્યો, અને પરિણામમાં કુમુદ
" જેવી સુશીલ રંક પુત્રીરૂપ ગૃહરત્ન ખોયું ! કુસુમને એમ ખોવી નહી
" એ હવે પ્રતિજ્ઞા. પુત્રહીન ગુણીયલે પુત્રીઓને પુત્રસમાન ગણી છે, અને
" એકના નાશથી તે આવી વિકલ થઈ છે તો બીજીના દુઃખથી તેને શું
" નહી થાય ? એના મનની ચિન્તા, અને કુસુમની ચિન્તા—સર્વ હવે
" મ્હારે શિર પડી ! પરણે તે પાળે ને જન્મ આપે તે આત્મજનું જીવન
" સુધારે. કુસુમનું જીવન સુધારવું—એના જેવીના મનોરાજ્યને ધ્વસ્ત કે-
" ર્યાથી નહી પણ સફલ કર્યાથી જ એ જીવન સુધરશે."

" આ મ્હારા વિચારમાં કેટલું સત્ય છે તે મને સુઝતું નથી. પુત્રી ઉપર

" માતાપિતાનું વાત્સલ્ય તેમને રંક કરી દે છે, વિકલ કરી દે છે, પરાધીન કરી
" દે છે ! કણ્વ મુનિને પણ કહેવું પડ્યું હતું કે वैकल्यं मम तावदीदृशमपि स्ने-
" हादरण्यौकसः ॥ સર્વથા પુત્રીનો પિતા વિકલ જ છે – પુત્રના દુઃખથી.
" પણ એમ જ થતું હશે. બુદ્ધિધન અને લક્ષ્મીનંદનને અત્યારે કેવી
" તીવ્ર વેદનાઓ થતી હશે ?

"I fear I am, what they call, *Doting*. A strange
" weakness is creeping over my soul, and I don't
" know what absurd follies I shall commit next, while
" under the magic influence of this awful weakness.
" Let it be ! The weakness, if weakness, is noble and
" blessed, and I am not going to be frightened out of
" it by its being called a weakness. For the sake of
" this dear innocent child, I shall, like the poet, say
" to my manlier soul–" Resist not the weakness."

" અનાથ બાળક માતાપિતાની પ્રીતિથી જ સનાથ છે. શંકરાચાર્ય
" જેવા ત્યાગીએ પણ એ પ્રીતિને પૂજ્ય ગણી છે. માતાપિતા જ્યારે
" પુત્રપુત્રીનાં રક્ષક પોષક નહી થાય ત્યારે બીજું કોણ થશે ? The
" State certainly cannot take care of all its children
" when parents call parentage an accident and shift
" all duty *from their own heads*. It is, *therefore*,
" for the parents to look to the preservation and
" advancement of the cradled world. Parents alone
" can do this work most efficiently as being placed
" nearest their little ones and able to study their
" wants and give them that warmth which can
" develop the seeds of adolescence. This is a
" function which parental affection alone can best
" perform, and, therefore, by the logic of final
" causes, the function is also a duty. And I must
" perform it best for my little Kusum. When
" affection cooperates with duty, custom and con-
" vention must be ruled out of order !"

"કુસુમ! લગ્નના ઉપાધિમાંથી મુક્ત રહેવાનો તહારો અભિલાષ દૃઢજ રહેશે તો આવા કષ્ટ તપની અપેક્ષા વિના જ તહારો પિતા તહારા અભિલાષ સિદ્ધ કરશે ને જે સૌંદર્યઉદ્યાનમાં તું આજ રહે છે તેવીજ રમણીય જગામાં એ અભિલાષની વાડી ખીલવશે. એ ધર્મને માટે નાતજાત ને પ્રધાનપદ જેવા સર્વ સ્વાર્થનો ત્યાગ કરવા એ તત્પર છે."

પ્રકરણ ૧૬.

શશી અને શશિકાન્ત.



ધુજનના મુખમાંથી સરસ્વતીચંદ્ર સંબંધના પદ્યાક્ષર કાને પડતાં ચંદ્રકાંત સૌંદર્યોદ્યાનમાંથી બહાર નીકળ્યો અને લોકસમુદાયમાં કાને પડેલા સ્વરનો ઉચ્ચારનાર શોધ્યો. દમયન્તીને શોધવા નીકળી પડેલા સુદેવનું પ્રેમાનંદકવિએ વર્ણન કર્યું છે કે

"કર્યું કાનું ન સાંભળે, છે કલેવરમાં કષ્ટ;
સુદેવ ને દમયન્તીની ત્યાં મળી દૃષ્ટે દૃષ્ટ"

એ વર્ણનમાં સુદેવના હૃદયની જે વૃત્તિ સમન્વય છે તેવી જ વૃત્તિથી, "શશી" અને "શશિકાંત" એટલે ચંદ્ર અને ચંદ્રકાંતનો સંયોગ કરનારી કડી સમજતાં, ચંદ્રકાંતને વાર ન લાગી. આટલામાં જ સરસ્વતીચંદ્ર હશે જાણી આ ઉદ્યાનબ્રહ્મરના લોકવચ્ચે કાન અને આંખને ચોપાસ અતિપ્રવૃત્ત કરતો કરતો એ આગળ ચાલ્યો. હાથની કૃહાણીઓથી સર્વને ધક્કા મારી તે ઘેલાની પેઠે ઘસતો હતો. સર્વ જાતની પાઘડીઓ અને સર્વ જાતનાં વસ્ત્રોમાં સરસ્વતીચંદ્રનાં વસ્ત્રનો કે આકારનો આભાસ ન જડ્યો. ઘણું શોધી શોધી થાકી પાછો ફરે છે ત્યાં ઉદ્યાનના કીલ્લાની એક પાસ ઉગેલા ઘાસ ઉપર ચાર પાંચ બાવાઓ બેસી ચલમ ફુંકતા હતા અને એક બાવો તેમના સામો પગ ઉપર પગ ચઢાવી તેમની સાથે વાતો કરતો હતો અને વચ્ચે વચ્ચે "શશિ" અને "શશિકાંત," વાળી કડી બોલતો હતો. ત્યાં આગળ આવી ચંદ્રકાંત ઉભો અને આ સાધુના મુખમાં આ શબ્દ સાંભળી ચમક્યો.

"નક્કી આ મહારો મિત્ર હોય!—પણ આ પંક્તિયો તો એની "જ!" પાસે ગયો અને બાવાઓની વાતો સાંભળવા લાગ્યો.

"કયા ભૈયા! અલખ જગવવાનું છોડી આ નવો સંપ્રદાય કયાંથી કઢાડો છો?"

"મ્હારા ઉદ્ગારમાં જે આત્મા અલખ રહ્યો છે તે તેના અધિકારીનાં
"કર્ણપુટમાં જતાં ત્યાં અલખ જગાવશે."

જોડે બેઠેલા બાવાને ચલમ આપતો આપતો બીજો બાવો બોલ્યો.

"જગાવો અલખ આ ચલમમાં! માર ફૂંક! એ આપણો સંપ્રદાય."

"આ ચલમમાં અલખ અગ્નિ પ્રથમ ભડકારૂપે લખ થાય છે અને પછી અમારા અંતઃકરણમાં લખ થાય છે -- તમે યદુશૃંગવાસી તે ન સમજોઃ" એક જણ બોલ્યો.

એને ઉત્તર ન મળ્યો. ગાનાર ફરી ગાવા લાગ્યો.

"સબ સંસારકી ચૉલમ ઘગાવો, અલખ ફૂંક વાં ફૂંકો ફૂંકો,
"ચૉલમ મૉટ્ટીકી, અગ્નિ લખકા, અલખ ફૂંક વાં ફૂંકો ફૂંકો!"
"ભૈયા, છોડી દે આ ચલમને ને ફૂંક આ અલખ ફૂંક!"

મ્હોંમાંથી ચલમ પળવાર દૂર રાખી એક જણ હસી પડ્યોઃ "દેખો ઓ બોધ દેનેવાલા સાધુ! ભૈયા, ચલમકા આસ્વાદન કબી કીયા હય?"

એના ઉત્તરમાં ગાનાર માત્ર ગાવા લાગ્યો.

"મુખકી ચૉલમકું મૂર્ખ લેત હય, મે નહી લેનેવાલા!
"યદુનંદનકી ચૉલમ હૃદયમેં મેં તો ફૂંકનેવાલા!"

"અચ્છા ભૈયા, તુમ તુમારી ચીલમ ફૂંકો! અમ અમેરી ચીલમ ફૂંક લેઉંગા"

"નહીં કાન્તા નહીં નારીં, હું, તહોય પુરુષ મુજ કાન્ત!
"ઢંઢ જેવો દ્રવતો શશી, સ્મરીં રસમય શશિકાન્ત"

ચંદ્રકાંત ધૈર્ય ખોઈ આગળ આવ્યો ને બાવાને નમસ્કાર કરી પુછવા લાગ્યો.

"બાવાજી, આપ કયાંથી આવો છો ને આ ઉદ્ગારનો અર્થ શો છે?"

"એ ઉદ્ગાર સમજવાનો અધિકારી હશે તે સમજશે. એનું રહસ્ય બીજાપાસે પ્રકટ કરવાનો મને નિષેધ છે."

"વારુ, આટલુંજ ગાવાનું છે કે બાકી કાંઈ ગાવાનું છે?"

"બચ્ચા, તેરા નામ કયાં?"

"મ્હારું નામ ચંદ્રકાંત."

" હાં ? ચંદ્રકાંત ? નામ તો અચ્છા છે. જો નામ પ્રમાણે અર્થ
" હોય તો મ્હારું ગાવાનું જાતે જ સમજી લ્યો. તમારો ઉતારો ક્યાં છે ?"

" પ્રધાનજીને ત્યાં. "

" મ્હારા જેવો કોઈ સાધુજન થોડા દિવસ ઉપર આપને મળ્યો
" હતો ? "

" હા, મહારાજના બાગ પાસેના તળાવ પાસે. "
બાવો વિચાર કરી બોલ્યો. " ચંદ્રકાંતજી, મ્હેં જે ગાયું તેમાં કાંઈ
તમને સ્વાર્થ છે ? "

" સમજાયલું સત્ય હોય તો તો તમારા ગાયામાં મ્હારા સર્વ સ્વાર્થ છે.
" સર્વ સાર છે." ચંદ્રકાંત નિઃશ્વાસ મુકી બોલ્યો.

આ પ્રધાનના અતિથિ છે જાણી, અને આ વાતમાં સાર ન લાગતાં, ચલમ ફુંકનાર ઉઠી ચાલી ગયા અને આ બે જણ એકલા પડ્યા. ચારે પાસ દૃષ્ટિ કરી સાવધ થતો બાવો બોલ્યોઃ " ચંદ્રકાંતજી, તમારો સ્વાર્થ અને સાર કોનામાં છે ? "

" શશિકાંતના શશીમાં મ્હારો સર્વ સ્વાર્થ છે,

" જો એમ હોય તો હું વિશેષ બોલું તે ઉપરથી અભિજ્ઞાન પામો—"
ચંદ્રકાંત અત્યાતુર સ્તબ્ધ થ્રઈ સાંભળતો ઉભો. બાવે જરા પણ સુંદર સ્વરથી ગાવા માંડ્યું.

"સાંભળો, ચંદ્રકાંતજી, અને પછી મનન કરો–"

" સુંદરગિરિનાં શૃંગ ચુમ્બતાં જળધરગણને—" વગેરે પંક્તિયો બાવાએ ગાવા માંડી; " જગ ત્યજી જનારા તણો પંથ–
" સંતોને સસ્તો ! " એ પંક્તિ આવી.

આ પંક્તિ સાંભળતાં ચંદ્રકાંત કંપવા લાગ્યો ને મનમાં બોલ્યો—
" શું તેં જગ છોડી જ દીધું ? " તેનો વિચાર વધે તે પ્હેલાં ગાયન વાધ્યું, " ઇંદ્રપુરી " અને "ચન્દ્રવિકાસિ કમળના" ત્યાગ સાંભળી તેનું અભિજ્ઞાન સ્પષ્ટ થયું. " લીધ ભગવો ભેખ વિરક્ત" — એ શબ્દ નીકળતાં તો તેનાં નેત્રમાં અશ્રુ રહ્યાં નહી એને નેત્રમાંથી નીકળી ગાલ ઉપર આવ્યાં.

" શું બાવાજી, મ્હારા ચંદ્રે તમારા જેવો ભેખ લીધો છે ? મને
" હવે સ્પષ્ટ વાત કહો વા. હું સંસારી છું ને મ્હારું હૃદય હવે કંઈ

"નથી કરતું. શું મ્હારો ચંદ્ર સાધુ થયો!" લ્હેવા માંડેલાં આંસુ વધારે વધારે નીકળવા લાગ્યાં.

ચંદ્રકાંતનાં અશ્રુ જોઈ બાવાના મનમાં પણ પોતાના શ્રોતાનું અભિજ્ઞાન સિદ્ધ થયું, અને આર્દ્ર હૃદયથી તે ચંદ્રકાંત સામો ઉભો રહી એનાં અશ્રુ લ્હેવા લાગ્યો અને બોલ્યો.

"બચ્ચા, તહારે રજ પણ ગભરાવું નહી. તહારા મિત્રરત્નને તું "સત્વર પ્રાપ્ત કરીશ. એ અમારું પણ રત્ન છે. એ જીવ તહારે મા-"ટે તૃષિત છે ને મ્હારા મુખમાં જે ઉદ્ગાર છે તેનો પ્રભવ એ-"નાજ એ જ મુખમાંથી, એનાજ હૃદયમાંથી, અને એની જ તૃષા-"માંથી છે. એ ઉદ્ગારસુધાનું પાન એકવાર કરી લે ને બોધી લે કે "તહારા મિત્રની તહારે માટેની તૃષા તહારાથી સમજાય."

અશ્રુ લ્હેતો લ્હેતો મિત્રવિયુક્ત મિત્ર "બોલો બોલો, બાવાજી, બોલો-"પરમુખે પણ મિત્રના શબ્દ મિષ્ટ છે — પ્રણ —"

"પણ" વાણું વાક્ય નીકળવા ન દેતાં બાવાએ આગળ ગાયું અને ગાન પુરું થયું— "નહી મળે મિત્રઅદર્શન—યજ્ઞમાં વિઘ્ન જ આવે!"


"આવ્યું—ભાઈ, યજ્ઞમાં વિઘ્નજ આવ્યું— તેં આ ભેખ લીધો "ત્યારથી જ—બાવાજી, હવે મને કાંઈ જાતે કહે—સુન્દરગિર ઉપર "મ્હારો મિત્ર ક્યાં છે.? તેનું શરીર કેવું છે? તેના અન્નપાનની વ્ય-"વસ્થા કેવી છે? તેના મનની અવસ્થા કેવી છે? તે મને ક્યારે મળશે? "ક્યાં મળશે? મ્હારે અત્યારેજ નીકળવું છે. આમાંથી જેટલા ઉત્તર દે-"વાય તેટલા સત્વર આપો. એ જીવમાં અનેક જીવોનું જીવન છે અને "મ્હારું તો સર્વસ્વ તેમાં જ છે."

"બચ્ચા, આ કામ ગુપ્તપણે કરવાની મને આજ્ઞા છે. આ સ્થાન "ને સમય તેને પ્રકટ કરવાને અનુકૂળ નથી. તહારું રત્ન સુવર્ણની "પેટીમાં સાચવી રાખેલું છે અને સર્વ રીતે આનન્દરૂપ છે. એ-"ટલું જાણી શાન્ત અને શીતળ થા. તું જેમ મ્હોટાના ગૃહનો અતિથિ "છે તેમ તહારો મિત્ર મહાત્માનો પ્રિયતમ અતિથિ છે. જો તને શોધતું "કોઈ આવે છે—હું તેમની જિજ્ઞાસાને જાગૃત નહી કરું. ચંદ્રકાંતજી, હું "આ સ્થાને સંધ્યાકાળથી પ્રાતઃકાળ સુધી તમારી વાટ જોઈશ અને "એકાંતમાં તમારી ઇચ્છા પૂર્ણ કરવાનો સંકેત દેખાડીશ."

શંકરશર્મા અને પ્રવીણદાસ ત્યાં આવી પ્હોચ્યા. બાવો ચાલ્યો ગયો. ચંદ્રકાંત ગુંચવાતો ઉભો રહ્યો અને આવેલા ગૃહસ્થો સામો ફર્યો. બાવાની ગોષ્ઠીમાં ભંગ પાડનાર આ મિત્રોનો યોગ અત્યારે તેને રજ પણ ગમ્યો નહી. તેના મ્હોં ઉપરનો કડવાટ ઢાંકયો ન રહ્યો. પણ બાવો તો ચાલ્યો ગયો અને હવે તો પ્રારબ્ધ જે ઢીલ કરે તેને વશ થવામાં બળાત્કારે તૃપ્તિ આણવી પડી. મિત્રના સમાચારના અભિજ્ઞાને ઉત્પન્ન કરેલા સંરંભમાં તે ઉઘાન છોડી મસ્તક ઉપર પાઘડી વિના આટલે સુધી આવેલો હતો. તેનું અચિંત્યું ભાન આવ્યું અને ભાન સાથે લજ્જાયુક્ત થયો. આ નવા મિત્રોને પણ આ દેખાવથી જિજ્ઞાસા અને ચિન્તા થઈ હતી અને તે બે જણે સાથે લાગો પ્રશ્ન પુછ્યો કે તમે અંહી આમ કયાંથી?

પ્રકરણ ૧૭.

ચન્દ્રકાન્ત, અને કારાગૃહમાં સરસ્વતીચંદ્રનો શોધ.



ધુએ ગુપ્ત રાખવા સૂચવેલી વાત કહ્યા વિના આ પ્રશ્નનો ઉત્તર આપવો જેવો કઠણ હતો તેવોજ કંઈ પણ ઉત્તર આપ્યાવિના ચાલે નહી એવી પોતાની સ્થિતિ હતી.

"મ્હારા મિત્રના કંઈ સમાચાર જેવું મળવાનું નિમિત્ત લાગવાથી ઉતાવળમાં હું આમ આવ્યો."

"કંઈ સમાચાર મળ્યા?"

"મળ્યા તે ન મળ્યા જેવા છે ને તેટલા પણ ગુપ્ત રાખવાને હું બંધાઈ ચુકયો છું"

"કાંઈ ચિન્તા નહી. આપ કારાગૃહમાં ચાલો; ત્યાં કેટલાક સમાચાર એકઠા થયા છે તે જાણી લેઈશું ને આપની ઇચ્છા સમજી વ્યવસ્થા કરીશું.." શાંતિશર્માએ કહ્યું.

બન્ધનપાત્ર કરેલા અપરાધીઓને માટે એક કારાગૃહ, અને ન્યાયનિર્ણય થતા સુધીના બદ્ધશંકિત જનોને માટે બીજું, એમ બે કારાગૃહ એક મન્દિરના આગલા પાછલા ભાગોમાં રાખેલાં હતાં. પ્રથમ ગૃહ અપરાધીઓનું કારાગૃહ—પાકું કેદખાનું—કહેવાતું, અને બીજું શંકિતકારાગૃહ અથવા કાચું કેદખાનું કહેવાતું. ઈંગ્રેજી રાજ્યમાં શંકિતકારાગૃહ દેશપાલક–પોલીસ–અધિકારીઓના હાથમાં હોય છે. પણ તેઓ તેમ કરવામાં

બદ્ધ જનો ઉપર ત્રાસ વર્ત્તાવે તે બન્ધ કરવાના હેતુથી ભૌમ-ભવનમાંથી એક આજ્ઞા નીકળી હતી અને તે પછી બે કારાગૃહ એકજ કારાગૃહાધિકારીને સોંપ્યાં હતાં, અને દેશપાલકોને શંકિતકારામાં માત્ર શોધનને અર્થે જવાના અધિકાર રાખેલા હતા.

ચન્દ્રકાંતને લેઈ પ્રવીણદાસ અને શાંતિશર્મા શંકિતકારાના દ્વાર આગળ આવ્યાં ત્યાં દેશપાલક વર્ગના બે કનિષ્ટ અધિકારીઓ-સીપાઈઓ-એમને સામે મળ્યા અને અંતર્—અંદર—લેઈ ગયા.

વચ્ચે એક ચોક અને ચોપાસ લોખંડના સળીયાથી કરેલી કોટડીઓવાળી ઓસરીયો હતી. તેમાંની અર્ધી કોટડીઓ ખાલી હતી અને અર્ધીમાં બન્દીલોક-કેદીઓ-હતા. તેમાંની એકમાં અર્થદાસ બેઠો હતો, તેને કારાધિકારીએ આંગળી વડે દેખાડ્યો અને સર્વ ચોકના મધ્યભાગમાં ખુરશીયો ઉપર બેઠા. થોડી વારમાં હરભમ, ખાનદુલ્લાખાન અને કૃતેહસંગ ત્યાં આવ્યા. તે પછી રત્નનગરીના રાજ્યનો મુખ્ય દેશપાલક કેટલાક પત્રો તથા લખેલાં પુસ્તકો લેઈ આવ્યો.

" સરદારસિંહ, સરસ્વતીચંદ્ર વીશેના સર્વ સમાચાર પુરાવા સહિત
" ચંદ્રકાંતભાઈને બતાવો " પ્રવીણદાસે મુખ્ય દેશપાલને કહ્યું.

" હાજી, અને તેની સાથે એમનો પોતાનો પણ કેટલીક વાતમાં પુરાવો
" લેવો પડશે " સરદારસિંહ બોલ્યો.

" બોલો, બોલો, જેમ નિરુપયોગી વાત ઓછી થાય ને ત્વરા વધારે
" થાય એમ કરજો." શાંતિશર્મા બોલ્યો.

એક આન્હિક-રોજનીશી-નું પુસ્તક સરદારસિંહ ઉઘાડવા લાગ્યો અને ઉઘાડતાં ઉઘાડતાં બોલતો ગયો.

" જી, સરસ્વતીચંદ્ર કેટલાક માસ સુવર્ણપુરના અમાત્ય બુદ્ધિધનભાઈને ઘેર અતિથિ હતા અને તેમને કારભાર મળ્યો તે જોઈ બીજે દિવસે
" ત્યાંથી નીકળ્યા.....એ નીકળ્યા તેને બીજે દિવસે કુમુદબ્હેન નીકળ્યાં.
" સુવર્ણપુરની બ્હાર રાજેશ્વર મહાદેવ છે ત્યાંથી એક ગાડામાં બેઠા,
" અને નીકળતા પ્હેલાં પ્રમાદધનભાઈનો બાનગી માણસ નામે રામસેન
" એમને મળી આવ્યો હતો. ચંદ્રકાંતભાઈનો એમના ઉપર પત્ર વાંચ્યો.
" બુદ્ધિધનભાઈ સાથે કેટલીક વાત ચીત કરી, ચંદ્રકાંતભાઈ મ્હારા મિત્ર
" છે એવું કહી, તેમને મળવા જવાને નિમિત્તે એમણે સુવર્ણપુર છોડ્યું."
ચંદ્ર૦—"ક્યાં મળવાનું હતું ?"

સ૨૦—ભદ્રેશ્વરમાં. સુવર્ણપુર રહ્યા ત્યાં સુધી એમણે નવીનચંદ્ર નામ ધાર્યું હતું. બુદ્ધિધનભાઈના ઘરમાં તેઓ રહેતા હતા અને તે જ સંબંધમાં કાંઈ કારણ થવાથી પ્રમાદધનભાઈને ક્રોધ ચઢ્યો અને તેમણે ક્રોધમાં સમુદ્રમાં પડી આત્મહત્યા કરી.

ચંદ્ર૦—શું કારણ?

સ૨૦—તે હાલ ઉપયોગનું નથી અને તેની કથા ગોપ્ય છે. જેટલી વાત કહી તેટલીનો પુરાવો આપણાં માણસોએ સુવર્ણપુરથી જ મેળવ્યો છે. હવે ગાડામાં બેઠા પછીનો પુરાવો છે. તેમની સાથે ગાડામાં વ્યર્થદાસ નામનો પેલો બેઠો છે તે વાણીયો, તેની સ્ત્રી, અને એક બ્રાહ્મણ ડોશી એટલાં હતાં. સુરસિંહ અને ચંદનદાસે તેમને લુટ્યાં. સરસ્વતીચંદ્ર વ્યર્થદાસની સ્ત્રીનું રક્ષણ કરવા પ્રયત્ન કર્યો. તેમ કરવા જતાં તેમને પોતાને મારી પછાડી ચંદનદાસ અને તેના સ્વાર ધસડી એંચી લેઈ ગયા. આટલી વાત નિશ્ચિત છે. હવે પછી જે બન્યું તેની વાર્તા બે ત્રણ રૂપે આપણી પાસે આવી છે ને જ્યાં સુધી અમે તેનો નિર્ણય કરી શકાયે નહી ત્યાંસુધી ન્યાયના ધર્માસન પાસે આ કામ વસ્તુતઃ ચાલવું અશક્ય છે.

ચંદ્ર૦—એ શી વાર્તાઓ છે?

સ૨૦—પ્રથમ વાર્તા પ્રમાણે સરસ્વતીચંદ્રને બ્હારવટીયાઓએ કતલ કર્યા છે.

ચંદ્રકાંત હૃદયમાં કમ્પ્યો. બ્હારથી અવિકારી દેખાયો.

સ૨૦—બીજી વાર્તા પ્રમાણે વ્યર્થદાસે મણિમુદ્રામાટે તેનું ખુન કર્યું. ત્રીજી વાર્ત્તા પ્રમાણે તેઓ કોઈક સ્થળે વિદ્યમાન છે.

ચંદ્ર૦—તે તમારી ત્રીજી જ વાર્ત્તા સત્ય છે. બીજી વાર્ત્તા હું માનતો નથી. ત્રીજી અસત્ય ઠરે તો પ્રથમ સત્ય હોય.

સ૨૦—પ્રથમ વાર્ત્તા હીરાલાલ નામનો મુંબાઈનો માણસ કરે છે. તેના કહેવા પ્રમાણે સરસ્વતીચંદ્રનું ખુન બ્હારવટીયાઓને હાથે મીટિંગ હદમાં થયું છે—તેમ હશે તો આ કામ ત્યાં ચાલશે.

ચંદ્ર૦—હીરાલાલ લુચ્ચો છે-જુઠો છે.

સ૨૦—તે અસ્તુ. અમારાં માણસોની બાતમી પ્રમાણે વ્યર્થદાસે ખુન કરેલું છે અને તે અમારી હદમાં થયું છે-પણ એ બાતમી જ છે—પુરાવો શોધવો બાકી છે.

ચંદ્ર૦—તે બાકી જ રહેવાનો છે.

સર૦—તે અસ્તુ. ત્રીજી વાત અર્થદાસ કહે છે, પણ સરસ્વતીચંદ્રના શરીરનો પત્તો તે બતાવી શકતો નથી.

ચંદ્ર૦—પણ તે સત્ય જ બોલેછે. એ પત્તો આપ મેળવો.

સર૦—તે અસ્તુ. મહારો તથા આપનો અભિપ્રાય એક જ છે. પણ શોધવાનું શરીર જડે ત્યાં સુધી સર્વ વાર્તા સાંભળની ઘટે છે. સરસ્વતીચંદ્રનો સગો ધૂર્તલાલ મુંબાઈના કારાગૃહમાં છે. હીરાલાલ તેનો માણસ મારે બટપટી છે. તેણે જલ્લાના કલેક્ટરને અરજી કરી છે કે તેની વાર્ત્તાનું શોધન ઇંગ્રેજી કોર્ટમાં થવું જોઈએ. તેનું લખાણ આ રાજ્યસાથે પોલીટિકલ એજેન્ટ દ્વારા ચાલે છે.

ચંદ્ર૦—એની પાસે કંઈ પ્રથમદર્શનીય પુરાવો છે?

સર૦—દેખાતો નથી. પણ અર્થદાસ ઇંગ્રેજી પ્રજા હોય અને અપરાધનું સ્થળ પણ ઇંગ્રેજી હદમાં હોય ત્યારે પ્રથમદર્શનીય પુરાવો હોય ન હોય તેની અમારા પોલીટિકલ એજંટ કદી કદી બહુ પરવા નથી કરતા.

ચંદ્ર૦—તે નથી કરતો પણ તમે કેટલી કરોછો?

સર૦—આવા પ્રશ્નો અમારે ત્યાં ચક્રવર્તીભવનમાં વિચારાય છે અને ત્યાંની આજ્ઞા પ્રમાણે વર્ત્તન થાય છે. પ્રસ્તુત પ્રસંગમાં બેત્રણ ગુંચવારા છે. હીરાલાલ કંઈ કારણથી સરસ્વતીચંદ્રની હત્યા સિદ્ધ કરવા ઇચ્છે છે અને સરકારી પોલીસમાં પૈસા વેરે છે. પોલીસ કલેક્ટરને સમજાવે છે ને કલેક્ટરનો ચીટનીસ પણ હીરાલાલને વશ છે. એજંસીનો શીરસ્તેદાર પણ તેને વશ છે. પ્રધાનજી સાથે સરસ્વતીચંદ્રનો સંબંધ તુટેલો ગણી તે નિમિત્તે આ પ્રસંગમાં ન્યાય થવાનો અસંભવ ગણી હીરાલાલ આ કામ ઇંગ્રેજી કોર્ટમાં ચલવવા ઇચ્છે છે અને સર્વ તેને ટેકો આપે છે. આવાં આવાં કારણોથી એજંસી સાધારણ નિયમ પ્રમાણે પુરાવો બસ છે કે નહી તેનો નિર્ણય અમારી પાસે કરાવવા ઇચ્છતી નથી.

શાંતિ૦—ત્યારે પુરાવો જ ઓછો હોય તો છો ને કામ ચાલતું ઇંગ્રેજી કોર્ટમાં? ત્યાં શું બોટું થવાનું છે જે?

સર૦—ના જી, પ્રથમ તો અર્થદાસ જે શંકિત છે તે જ એ વાત ઇચ્છતો નથી. ધૂર્તલાલના મનમાં એમ છે કે ગમે તેમ કરી સરસ્વતીચંદ્રને મુવેલા કરાવવા—પછી કોઈ અપરાધી ઠરો કે ન ઠરો—કારણ તેમને તેમ કરવામાં દ્રવ્યનો લાભ છે. અર્થદાસના મનમાં એમ છે કે હીરાલાલ પોતાના

સ્વાર્થને માટે એને મારી પાડશે; અને ઇંગ્રેજી હદમાં કામ ચાલવાની અરજી કરવા હીરાલાલ ઘણુંએ સમજાવે છે, પણ ન્યાર્થદાસ એનો એક થતો નથી ને અરજી કરતો નથી. હીરાલાલના મનમાં એવો પેચ છે કે ન્યાર્થદાસ ઇંગ્રેજી કોર્ટમાં જઈ સરસ્વતીચંદ્ર મરેલો કબુલ કરે અને પોતે ખુન નથી કર્યું પણ ખ્હારવટીયાઓયે કર્યું છે એવું કહે—પછી એની પાસેની મણિમુદ્રાનાં અનુમાનથી કોર્ટ એને શિક્ષા કરે કે છોડે તેની હીરાલાલને બહુ પરવા નથી. સરકારી પોલીસ ધારે તો સરસ્વતીચંદ્રને શોધી શકે એ નક્કી છે તેટલું જ એ પણ નક્કી છે કે તેઓ સરસ્વતીચંદ્રને શોધાવાનું ધારેજ નહી એટલી હીરાલાલે ચોકસી કરી છે.

ચંદ્રકાંતે ઓંઠ પીસ્યા, "ધૂર્તલાલ કેદમાં પડ્યો પડ્યો પણ આટલા દાવ રમે છે! ઠીક! પણ બગડેલી પોલીસ જેને શોધતી નથી તેનો શોધ તમે કેટલે સુધી કર્યો છે?"

હસતો હસતો સરદારસિંહ બોલ્યો: "અમે પણ પોલીસ જ છીયે કની? ઇંગ્રેજી પોલીસને હીરાલાલનું દ્રવ્ય મીઠું લાગે તે અમને કડવું લાગવાનું હતું?"

ચંદ્રકાન્ત—હું કાંઈ તમારા ઉપર એવો આક્ષેપ નથી કરતો.

સર૦—મુંબાઇગિરી ભાષા આક્ષેપવાળી હશે—આપના મનમાં આક્ષેપ નહી હોય. પણ હશે. હવે આપની આતુરતા યથાશક્તિ તૃપ્ત કરીશું. જુવો, સાહેબ; ઇંગ્રેજી કોર્ટમાં આ કામ ચાલે ન ચાલે તેની ચિન્તા ચક્રવર્તીભવનને છે—અમારે સાધારણ રીતે ચિન્તા નથી હતી, પણ આ કામમાં તેમ નથી. મુંબાઇમાં તેમ અન્યત્ર શુદ્ધ અંતઃકરણવાળી પોલીસની વૃત્તિ એટલી હોય છે કે ખરો અપરાધી હાથમાં આવ્યો તો તેને જવા દેવો નહી—પછી ખરા આરોપ ઉપરથી કે ખોટા આરોપ ઉપરથી મરે તેની પોલીસને ચિન્તા નહી.

"તમે પોતે પોતાને સર્ટીફિકેટ તો સારું આપો છો!"—ચંદ્રકાંત હસી પડ્યો ને બોલ્યો. સરદારસિંહ ગંભીર મુખ રાખીને જ ઉત્તર દેતો ગયો.

"હાજી, ન્યાયાધીશોની આંખોમાં તમે પક્ષવાદીઓ ધુળ નાંખો તે અંજાય તો ભલે, પણ અમે ન અંજાઈયે. પણ આ ચર્ચા પડતી મુકી માંડેલી કથા પુરી કરવી સારી છે. બુદ્ધિધનભાઇના ઘરમાં સરસ્વતીચંદ્ર રહેતા હતા તે જ ખંડની જોડે પ્રમાદધનભાઈનો ખંડ હતો. આ સંબંધમાં સુવર્ણપુરમાં અનેક સારી ખોટી વાતો ચાલે છે; અને આ કેસ ઇંગ્રેજી

કોર્ટમાં ચાલશે તો આ વાતનો પુરાવો પાકો હીરાલાલના હાથમાં છે ને તે પુરાવો કોર્ટમાં મુકી, સરસ્વતીચંદ્રનું ખુન શા કારણથી થયું, અને કોણે કરાવ્યું એટલું પાકે પાયે સિદ્ધ કરી, આરોપ અને શિક્ષા કોને માથે પડવા દેવાં તેની ચિંતા અનુમાનો કરનાર ન્યાયાધીશને માટે હીરાલાલ રહેવા દેવાનો છે; પણ વિનાકારણ અમારા પ્રધાનજીના બાળકની ફજેતી ઇંગ્રેજી કોર્ટમાં અમે થવા દેનાર નથી!

ચંદ્ર૦—મ્હારા કામમાં મને પૂર્ણ આશ્રય આપ આપશો એવો હવે મને નિશ્ચય થયો. ચાલો, બોલાજી.

સર૦—હવે સરસ્વતીચંદ્રની વાત કરીયે. જો ધર્મદાસનું કહેવું સત્ય હોય તો ત્રિભેટાના વડની પેલી પાસ ઘાસનું બીડ છે તેમાં ચન્દનદાસના સ્વારો સરસ્વતીચંદ્રને ઘસડી આણી પડેલો નાંખી ન્હાસી ગયા હતા.[1] મણિમુદ્રા લેઈ દોડેલો ધર્મદાસ રાત્રે એ વડના ડાળોમાં સંતાઈ રહેલો હતો, અને મ્હારવટીયાઓ રાત્રે એ જ વડતળે વાતો કરતા હતો, તે અર્થદાસે સાંભળી હતી. આપણા બે માણસ તે રાત્રે એ જ વડમાં હતા અને નીચેથી ઉંચા જતા ભડકાનું તેજ અર્થદાસના હાથમાંની વીંટીના હીરા ઉપર ચળકતું હતું[2] તે એ બે માણસોએ જોયું હતું. મ્હારવટીયા વેરાયા એટલે એ બે જણમાંથી એક જણ મનહરપુરીના મુખીને ખબર કરવા ગયું અને બીજું માણસ ધર્મદાસની પાછળ પાછળ ચાલ્યું[3], અને તેમાંથી આ મુદ્રાનો પત્તો લાગ્યો છે. જે જગાએ ધર્મદાસનો ને સરસ્વતીચંદ્રનો ભેટો થયો હતો ત્યાં પાણી અને ઘાબાજરીયાં છે, તેમાંથી પગલાં નીકળેલાં માર્ગ ઉપર જાય છે, અને ત્યાંથી બીજાં પગલાંઓભેગાં અદૃશ્ય થાય છે. જે ગાડામાં તેમણે પ્રવાસ કરેલો તે ગાડાવાળાને ધર્મદાસે ઓળખાવ્યો છે અને તેમાં બધું લુટાતાં એક પોટકું રહી ગયેલું તેમાં કાગળો જોતાં એ સરસ્વતીચંદ્રનું લાગેછે.

"એમ!"—ચંદ્રકાંતે હર્ષમાં આવી ઉદ્ગાર કર્યો.

સર૦—હાજી, ધર્મદાસ કહેછે, કે એની સ્ત્રીનું રક્ષણ કરવા સરસ્વતીચંદ્ર ગાડા બ્હાર કુદી પડ્યા તેવામાં એ પોટકું ગાડામાં રહી ગયું હશે.

"શું મ્હારા મિત્રે એટલું શૌર્ય દેખાડ્યું?— વાહ! સરદારસિંહ, ધર્મદાસ બોલે છે તે સત્યજ છે." ચંદ્રકાંત વચ્ચે બોલ્યો

---

૧. ભાગ ૨ પૃષ્ઠ ૧૦. ૨. ભાગ ૨. પૃ ૪ પંક્તિ ૨૪–૨૫. ૩. ભાગ ૨ પૃષ્ઠ ૧૧. પંક્તિ ૭.

સ૨૦—તે અસ્તુ. પણ વાંધો એટલો આવે છે કે અર્થદાસ એ માણસનું નામ નવીનચંદ્ર કહેતો નથી પણ ચાંદાભાઈ કહે છે.

ચંદ્ર૦—એમાં કાંઈ નહી–જે એક નામને બદલે તે બીજા નામને પણ બદલે.

સ૨૦—તે જે હોય તે ખરું. હવે અમે અમારા રાજ્યમાં ગામે ગામે થાણાંઓમાં નવીનચંદ્ર અને ચાંદાભાઇને અમુક નીશાનીઓ વડે શોધવા આજ્ઞાઓ મોકલી છે—પણ કોઈ ઠેકાણેથી હજી પત્તો નથી.

ચંદ્ર૦—થયું, એનો પત્તો નથી ત્યારે બીજી વાતો ધુળ ને ધાણી.

સ૨૦—એમ જ છે, પણ હવે કાંઈક આશા પડે છે.

ચંદ્ર૦—શી?

સ૨૦—આપણી વાતો થાય ને અમારું કામ થાય એવો માર્ગ હવે લેવાનો છે. આપ અમને સાક્ષ્ય[1] આપો તે આ માણસ લખશે.

"મ્હારું સાક્ષ્ય! તે શાનું? આ શી ધાંધળ છે?" ચંદ્રકાંત ભડકીને બોલ્યો.

સ૨૦—હાજી, બોલો. હું સંક્ષેપમાં જ પુછી લેઇશ. આપ આજ બપોરે વસ્ત્રો પ્હેરી સૌન્દર્યોદ્યાનમાંથી બ્હાર નીકળ્યા હતા અને ત્યાં કોઈ સાધુ આપને મળ્યો હતો?

ચંદ્ર૦—હા. તમે શાથી જાણ્યું?

સ૨૦—એ પ્રશ્ન અકારણ છે. એ સાધુએ સરસ્વતીચંદ્રની વાત કરીને આપને તેને મળવાને બોલાવ્યા છે?

ચંદ્રકાન્ત અટક્યો. સાધુએ જે વાત ગુપ્ત રાખવા કહેલી તે કહેવું જેવું અનિષ્ટ હતું તેવું જ તેનું ગોપન પણ અસત્ય ભાષણ વિના અસાધ્ય હતું અને અસત્ય તો અનિષ્ટ જ હતું. સરદારસિંહ તેનો ગુંચવારો સમજ્યો હોય તેમ બોલ્યો.

"આપને એ વાત ગુપ્ત હોય તો બલાત્કારે પ્રકટ કરાવવાનું મ્હારે કારણ નથી. મ્હારે એટલું જ કહેવાનું છે કે એ સાધુ આપની પાસે જે વાત ગુપ્ત રીતે કરે તે પુરેપુરી રાખજો અને આપને પોતાની સાથે કંઈ તેડી જવા કહે તો અમને સમાચાર કહી પછી ખુશીથી જજો અને જેટલી વાત અમને કહેવી તમને યોગ્ય લાગે તેટલી કહેજો ને કહો તે

---

1 જુબાની.

વેળાસર કહેજો. અમે અમારા ચાર મન્ત્રશોધકો—ડિટેક્ટિવ—
લીએ તેના કરતાં આપ આ મન્ત્ર ઘણારે સારી રીતે શોધી શ
ગોટલું માત્ર લક્ષ્યમાં રાખજો કે અમને કહેવા જેવું નહી કહો અ
વેળા વીત્યા પછી કહેશો તો અમારા હાથમાંથી વાત જતી ર
કોઈ રંક માણસ માર્યો જશે, મુંબાઈમાં સરસ્વતીચંદ્રના પિતા
મિત્રોની યોજનાઓ ઉપર પાણી ફરી વળશે, અને સરસ્વતીચન્દ્ર
કુમુદબહેનના શત્રુઓ વિષવાર્તાઓ ભર કોર્ટમાં નિર્ભય થઈ કરશે.

ચંદ્ર૦—તે વાતમાં તમને આશ્રય આપવો અને તમારો આ
લેવો એ મહારો નિઃશંક ધર્મ છે.

સર૦—એમજ. પણ બે વાત બીજીયે લક્ષ્યમાં રાખવાની છે.
આપના શીવાય સરસ્વતીચન્દ્રની ભાળ બીજા કોઈને લાગી છે
માલમ પડશે તો એ મહાત્મા તમને પણ નહી મળે, અને સુવર્ણપુ
જ્યાં આવ્યા ત્યાં છે ત્યાંથી બીજે સ્થાને જશે. વળી એ ક્યાં છે
કોઈ બીજા માણસને માલમ પડશે અને તેની જીભ હાલશે તો હ
લાલ બાણુશે અને સરસ્વતીચન્દ્ર જીવતા માલમ પડે તો એમને
કરાવવા એવી એની પ્રતિજ્ઞા છે. માટે પણ આ વાત અત્યંત
રાખવી અને માત્ર મને વેળાસર કહેવી કે તે જ્યાં હોય ત્યાં એ
રક્ષણમાટે હું વ્યવસ્થા કરી શકું. છેલ્લી વાત આપને કહેવાની એ
કે હીરાલાલપાસેથી આ નાટક કોર્ટમાં ચહડે ત્યારે ચહડવા દેઈ, તે ૫
કાંઈ પુરાવો આપે ત્યાર પહેલાં, સરસ્વતીચંદ્રને તે કોર્ટમાં પ્રત્યક્ષ ક
અને તેમને જીવતા સિદ્ધ કરી હીરાલાલની ફરીયાદને જડમૂળથી
કરવી અને બીજો કાંઈ દુષ્ટ પુરાવો આપવાનો પ્રસંગ તોડવો. આવો ન
સંકેત છે તે સિદ્ધ કરાવવા જેટલી સહાયતા તમે સરસ્વતીચંદ્રપાસે આ
શો એટલે આ પોલીસને કે રાજ્યને એમને બીજા કાંઈ પણ સંકો
રાખવાનું કારણ નથી.

"મને લાગે છે કે આટલું હું કરી શકીશ:" ચંદ્રકાન્ત વિચાર
કરતો બોલ્યો.

"ચન્દ્રકાન્તભાઈ, આપના ઘરમાં પણ હીરાલાલની બટપટ છે તે ભુ
માં." સરદાર ઉઠતો ઉઠતો બોલ્યો.

"મહારા ઘરમાં!" ચંદ્રકાંત ચમક્યો: "મહારા ગરીબના ઘરમાં તે
શું કરવાનું હતું?"

"શ્રીમંતના રંક મિત્રો શ્રીમંત જ સમજવા. આપના મ્હોટાભાઈ અને આપનાં માતા ગંગાબાને માથે શોંકુય લાવવા પ્રયત્ન કરે છે અને તેમને હીરાલાલનો શેઠ દ્રવ્યની સહાયતા આપે છે."

"ધૂર્તલાલને તેથી શું ફળ?"

"આપ સરસ્વતીચંદ્રને શોધવું મુકી ઘેર જાવ તો ધૂર્તલાલ નિશ્ચિન્ત થાય તે એને ફળ."

"એ તો સમજ્યો—" ચંદ્રકાંત કંઈક હસી પડ્યો. "મૂર્ખ, એમાં તે છેતરાવાના. ગંગા મરે ત્હોયે ચંદ્રકાંત હાથમાં લીધેલું છોડવાનો નથી તે બીજી બાયડી કરવાની હોળીમાં પડવા માટે તે આ રત્નનો શોધ કરવો પડતો મુકશે?"

"ત્યારે—તો ક્ષમા કરજો —કાંઈ વધારે પણ સૂચવવું પડશે."

"સરસ્વતીચંદ્રનું મરણ જેઓ ઇચ્છેછે તેઓ જ ગંગાબાની કાશ પણ ફ્હાડવા ઇચ્છેછે."

"કારણ?" ચંદ્રકાંતને કપાળે પરસેવો છુટ્યો.

"કારણ એ જ કે મુંબાઈ છોડતી વેળા સરસ્વતીચંદ્રે આપેલા પત્રો તથા દ્રવ્યની કુંચી તમે અંહી હો ને ગંગાબા સ્વર્ગમાં હોય તો જ તેમને મળે. શોંકુયના ડરથી જો ગંગાબા શત્રુનું કહ્યું નહી કરે તો સ્વર્ગમાં જશે."

"એ વાત તો ખરી! અરેરે! આ ગુંચવારો સઉથી ભારે આવ્યો!" માથું ખંજવાળતો દાંત પીસતો, ડોકું ધુણાવતો, અને હાથપગ પછાડતો ચંદ્રકાંત બડબડ્યો.

"તેની પણ ચિન્તા ન કરશો. આપ અમને આપના સ્વહસ્તના અક્ષર આપો કે ગંગાબા અમારા માણસ ઉપર વિશ્વાસ રાખે અને તેની જોડે મુંબાઈ છોડી અત્રે આવે અથવા આપના કોઈ સમર્થ મિત્ર મુંબાઈમાં હોય તો તેને ત્યાં જાય."

"તરંગશંકર—ઉદ્ધતલાલ—ના—તરંગશંકર ગરીબ છે—ઉદ્ધતલાલ ખ્હોચી વળશે—હા, ઉદ્ધતલાલના ઉપર ચીઠ્ઠી આપું છું ને પરભાર્યો પત્ર લખું છું તેને ત્યાં ગંગાને મુકજો."

"ઠીક, તમે ગંગાબા ઉપર પરભાર્યો પત્ર ન લખશો. તે તેના શત્રુના હાથમાં જશે."

"બરોબર. પણ તમે આ કામ કેટલા દિવસમાં કરશો?"

"ગંગાબાનું કામ પાંચ દિવસમાં કરીશું. ત્યાં સુધી તો કાંઈ ભય નથી."

"તો હું ગંગાને તમને સોંપું છું ને સરસ્વતીચંદ્રને મને સોંપો."

"એમજ. પણ મેં કહેલી વાતો એકેએક લક્ષ્યમાં રાખજો. ભુલશો તો માર ખાશો."

એટલીથી સર્વ વેરાયા. સરદારસીંહના શબ્દોના ભણકારા ચંદ્રકાન્તના કાનમાંથી ગયા નહી. એક પાસ સરસ્વતીચંદ્રને અને બીજી પાસ ગંગાને માથે ઝઝુમતાં ભયસ્થમોએ એની સ્વસ્થતાનો નાશ કર્યો. અંતે રાત્રિ પડી. રાત્રિયે ચંદ્રકાન્તે બાવાની વાટ જોઈ. પણ તે મળ્યો નહી. સટે કોઈ વટેમાર્ગુએ તેના હાથમાં ચીઠી આપી કે "ગુપ્ત વાત પ્રકટ થવાના ભયથી આપણો સંકેત પાર ઉતારવામાં ઢીલ થઈ છે. જો એવું ભય તમે જ ઉત્પન્ન કરશો તો સંકેત નષ્ટ થયો ગણવો. જો ગુપ્ત વાત ગુપ્ત રાખી શકશો તો બોયેલો પ્રસંગ પુનઃપ્રાપ્ત થશે." સૌંદર્યોદ્યાનના દ્વારરક્ષક અંધકારમાં ચંદ્રકાંત ઉભો હતો ત્યાં એના હાથમાં ચીઠી મુકી વટેમાર્ગુ કૂદકે ને ભૂસકે દોડી ગયો, દ્વારના ફાનસના પ્રકાશથી ચીઠી વાંચી ગુંચવાયલો ચન્દ્રકાંત વધારે ગુંચવાયો, ગભરાયો, બીજવાયો, અને ચિન્તામાં પડ્યો. પ્રાતઃકાળે બાવાને શોધવા, નેન જડે તો એકલાં બદ્રીશૃંગ જવા, મનમાં ઠરાવ કર્યો. એક સરસ્વતીચંદ્રને તો શોધવાનો હતો તેમાં બીજો બાવો શોધવાનો થયો. વિધાતાની ગતિમાં આવાં વૈચિત્ર્ય જ છે.

પ્રકરણ ૧૮.

અલખ મન્મથ અને લખ સમપદી.[1]

"Fool, not to know that Love endures no tie,
"And Jove but laughs at Lovers' perjury!"
Dryden.

"Let me not to the marriage of true *minds*
"Admit impediments."—*Shakespeare.*

વિષ્ણુદાસના મઠથી અર્ધા કોશને છેટે વિવાહિત સાધુઓનો મઠ હતો. તે ગૃહસ્થમઠ કહેવાતો. તેની પાછળ તેટલેજ છેટે પરિવ્રાજિકામઠ હતો તેમાં અવિવાહિત અને વિધવા સાધુસ્ત્રીઓ રહેતી. પરિવ્રાજિકામઠની રચના વિષ્ણુદાસબાવાના મઠ જેવી હતી. ગૃહસ્થમઠ પણ ઘણી વાતમાં તેવોજ હતો, તેમાં

---

૧. લગ્નના મંગળ ફેરા અને સાત પગલાં ભરાય છે તે સમપદી.

ફેરમાત્ર એટલો હતો કે તેને એક માળ હતો, અને તે ઉપર નહાના નહાના ખંડ ત્યાં વસનાર દમ્પતીઓને માટે હતા, અને દરેક ખંડની પાછળ નહાનો સરખો અગાસીનો કડકો સહ સહનો નીરાળો હતો. આ મઠ "વિહાર" નામથી પણ ઓળખાતો. ત્રણે મઠ વચ્ચે પર્વતની લીલોતરી અને શિલાઓ હતી; અને સાધુઓએ તેમાં ધ્યાનયોગ્ય, તપયોગ્ય, અને વિહારયોગ્ય કુંજવન કરેલાં હતાં, અને પર્વત ઉપર ઉડનાર પક્ષીઓ તેમાં ટોળાબંધ આવ જા કરતાં.

ભક્તિમૈયા વગેરેનો સાથ કુમુદસુંદરીને લેઈ ખરે મધ્યાન્હે પરિવ્રાજિકામઠના દ્વાર આગળ આવ્યો. શ્રમથી અને ભુખથી કુમુદસુંદરીનું શરીર ગ્રીષ્મના કુમુદ પેઠે મ્લાન થઈ ગયું હતું, પણ નવી સૃષ્ટિના દર્શનથી સતેજ થવા કોમળ પ્રયત્નનો ઉત્સાહ અનુભવતું હતું. માર્ગમાં જ ત્રણે મઠોની સ્થિતિ અને અલખનું રસરહસ્ય એણે સાધ્વીઓ પાસેથી જાણી લીધાં હતાં અને નવીનચંદ્રનો ઇતિહાસ પણ પ્રસંગે પ્રસંગે પુછી લીધો હતો. એના મનના મર્મ જાણનારી ચતુર વત્સલ સ્ત્રીઓએ એની તૃષાને સર્વાંગે તૃપ્ત કરી હતી અને એની નિરાશાના ઉદરમાં આશાનો ગર્ભ પ્રકટાવ્યો હતો.

મઠના મધ્યભાગે વિશાળ ચોક હતો અને તેની વચ્ચોવચ્ચ એક ઓટલો અને ઓટલા ઉપર એક મ્હોટો તુળસીક્યારો અને પીપળો હતાં. તુળસીક્યારાને અડીંગી પીપળાની છાયામાં કુમુદને બેસાડી અને આશપાશ પરિવ્રાજિકાઓ વીંટાઈ વળી અને અનેક સુન્દર પ્રશ્નોત્તરની પરંપરાથી થોડોક કાળ તો અજ્ઞાત જ ચાલ્યો ગયો. અન્તે એક ઓસરીમાં સર્વે ભોજન કરવા બેઠાં..તે પછી સર્વેની છુટી છુટી ટોળીયો પડી ગઈ; અને કોઈ ટોળીમાં જ્ઞાનની, તો કોઇમાં રસની, અને કોઇમાં રસની તો કોઇમાં વ્યવહારની, વાર્ત્તાઓ ચાલી રહી. કોઈ ટોળીમાં અધ્યાત્મ રામાયણ વંચાવા લાગ્યું, તો કોઇમાં તુળસીના ચમત્કાર પ્રકટવા લાગ્યા. એક સ્ત્રી પૂર્વાવસ્થામાં દક્ષિણી હતી, તે "તુકા"ના અભંગ ગાતી હતી અને બેચાર જણીને મરાઠી-ગુજરાતીમાં છટાથી અને રસથી સમજાવતી હતી. બે ત્રણ ટોળીઓમાં ભજન ગવાતાં હતાં અને સાથે તુમ્બુરા સાજક અને એકતારાના સ્વરનો સંવાદ[1] થતો હતો.

આ પ્રમાણે રમણીય પવિત્ર કાળવિનોદ કરતાં ઉત્તર મધ્યાન્હ ચાલ્યો ગયો. કુમુદે કંઈક નિદ્રા પણ લેઈ લીધી, અને જાગૃત થતાં પર્વતની

---

૧. Concert.

ઉત્સાહિની પવનલહરીથી ચારેપાસના સમાજ સાથે ભળી જવા ઉમંગથી પ્રયત્ન કરવા લાગી. તેના મનની સુધરતી દશા જોઈ સાધ્વીઓને પણ આનંદ થતો ગયો, અને સંધ્યાકાળે આકાશમાં ચંદ્રોદય થયો તેની સાથે સ્ત્રીવનમાં કુમુદિની જેવી કુમુદ પણ ઉત્ફુલ્લ થઈ ભાસી. મઠની ઓસરીમાંથી એક બારી પર્વતના એક ઉંડા અતટ[1] ભાગઉપર પડતી હતી, તેને જળીવાળું જ્હાર લટકતું છજું હતું તેમાં કુમુદ બેઠી હતી, અને ઘડીમાં બારીજ્હાર જોતી હતી તો ઘડીમાં બારી પાસે ઓસરીમાં બેઠેલી બંસરી અને મોહનીની વાતો ધ્યાનથી સાંભળતી હતી.

બારી જ્હારનો અતટ પચાશેક વામ ઉંડો હતો, સુરગ્રામથી આવવાના માર્ગના એક છેડાના દશ પંદર હાથ જેટલી જગાનું વળણ આ અતટને તળીયે આવતું હતું, ત્યાંથી એક પાસના ચ્હડાંવ વચ્ચે તેનું મ્હોં દેખાતું હતું, અને એ મ્હોં આગળ એ વળણ દિવસે પણ બારીએ ઉભેલાંની દૃષ્ટિને અદૃશ્ય થતું હતું. આજે શુક્લપક્ષનો મધ્યભાગ હતો અને સંધ્યાકાળથી જ ચંદ્ર આકાશના મધ્યભાગમાં ઉદય પામતો હતો. અતટ આગળના ઉંડા ઉંડાણમાં એનું શાંત તેજ ચમકતું હતું, અને કાળા કુહણ અન્ધકાર અને ખડકોના હૃદયની ઉંડામાં ઉંડી અને એકાંતમાં એકાંત ખોમાં ચન્દ્રકાની કોમળ સૂક્ષ્મ પ્રભા ચન્દનના લેપ પેઠે લીંપાઈ જતી હતી; અને એ કઠિનતા અને કોમળતાનું સુંદર રસિક તેજસ્વી મિશ્રણ આ દેશકાળના દૃશ્યને તેમ દ્રષ્ટીને[2] પ્રશાંત ગંભીર કરી દેતું હતું. સુરગ્રામ ગયેલા સરસ્વતીચંદ્રને પાછો આવતો આ ખોના તળીયાને માર્ગ શોધતી કુમુદની આંખ એ તળીયાના અંધકારમાં પણ ફરકતી છાયાઓથી ચમકતી હતી; એની ચિત્તવૃત્તિ ચન્દ્રકાનું એ ભાગ ભણીનું વહેવું આતુરતાથી લક્ષ્યમાં રાખતી હતી; અને તળીયામાં પવન ગુંચવાયાથી સુસવાટ આવતા કે ખડકોની બખોલોમાં ઉગેલાં પાંદડાંનો બખડાટ અથવા તેમની વચ્ચે થઈ નીકળતા પવનનો ધમારો સંભળાતાં એના કાન સજ્જ અને સાવધાન થઈ જતા હતા.

આવી આતુરતા ભરેલી શાંતિ-અશાન્તિના મિશ્રણસમયે પાસે બેઠેલી બંસરી અને મોહનીની વાતો સાધારણ હત તો તેમાં કુમુદનું ચિત્ત ચ્હોટત નહી, પણ બારી જ્હારનો દેખાવ શાંત ગંભીર છતાં કુમુદને ઉન્માદક હતો તેવીજ આ સાધ્વીઓની ગોષ્ઠી શાંત રસથી ભરેલી છતાં કુમુદના મનોરાગની પ્રોત્સાહક હતી.

---

૧. તટવગરનો. precipice. ૨. જોનારી.

બંસરી—મોહની, સામે આ આકાશમાં ચન્દ્ર લટકયો છે તેના સામે મધુરીમૈયાનો મુખચન્દ્ર તોળાઈ રહેલો છે, પણ એ ચંદ્ર શીતળ અને શાંત છે તેને સટે મધુરીનું પુષ્પજીવન તપ્ત નથી લાગતું?

મોહની—મધુર મધુરી ! તહારા પુષ્પજીવનનો જૈવાતૃક ચન્દ્ર આ જ પ્રદેશમાં છે તે જાણી તું શાન્તિ પામ.

કુમુદ૦—પ્રિય બ્હેનો ! મ્હારા જીવનને એ ભાન અભાન જેટલું જ સંતાપકર છે. આ આકાશના ચન્દ્રની પ્રત્યક્ષતાથી તેની ચન્દ્રિકાને ભોગવીએ-છીયે, પણ મ્હારા ચન્દ્રનો પ્રત્યક્ષ સંયોગ મ્હારે અધર્મ્ય છે અને હું તેની વાસના રાખતી નથી. મ્હારા હૃદયમાં પ્રકટેલો દવાગ્નિ પોતાનું ક્ષેત્ર બાળી દેઈ કાષ્ટાદિનો અભાવે જ શાન્ત થશે.

બંસરી—તમારા સંસારી જનોની સ્થિતિ પ્રમાણે તહારું કહેવું સત્ય છે—ગાઢ પ્રેમની ભરેલી માલતીનાં નિઃશ્વાસ સાથે પણ એવો જ ઉદ્ગાર નીકળ્યો હતો:—

* "जवलतु गगने रात्रौ रात्रावखण्डकलः शशी
दहतु मदनः किं वा मृत्योः परेण विधास्यति ।
मम तु दयितः श्लाघ्यस्तातो जनन्यमलान्वया
कुलममलिनं न त्वेवायं जनो न च जीवितम् ॥

" તમ સંસારી જનોની અવસ્થા આવા લેખોથી અને તહારા જેવાં દૃષ્ટાંતથી અમે સમજી શકીયે છીયે. પણ તું હવે અલખ ભગવાનના આશ્રમોમાં આવી છે ત્યાં આ તહારા સંસારનાં કૃત્રિમ બન્ધન છુટી જશે અને તહારું કલ્યાણ થશે."

કુમુદ૦—બ્હેન, પતિવ્રતાનો ધર્મ તો સર્વ માર્ગમાં એક જ છે અને તેમાંથી ચળવું નહી એવો મ્હારો નિશ્ચય છે.

બંસરી—માલતીનો પણ નિશ્ચય જ હતો અને તે ચળ્યો તે જ વાત ધર્મ્ય ગણાઈ.

---

* પૂર્ણચંદ્ર ગગનમાં રાત્રે રાત્રે જવાલારૂપે પ્રકટો ! મદન મને બાળી નાંખો ! —મૃત્યુથી વધારે તે એ શું કરવાનો હતો? હું તો મ્હારા શ્લાઘ્ય તાતને, વિમળ વંશની જનનીને, અને વિમલ કુળને દયિત ગણું છું. તેના આગળ મ્હારો પ્રિયજન પણ દયિત નથી અને આ મ્હારું જીવન પણ દયિત નથી—ભવભૂતિ.

કુમુદ૦—આલતીને મ્હારા જેવો પ્રશ્ન ન હતો. એક પાસ માતાપિતાની આજ્ઞા અને બીજી પાસ પ્રિયજન —એ બેમાંથી કોને પ્રસન્ન કરવું તેટલું જ એને જોવાનું હતું. તેને કંઈ મ્હારી પેઠે વિવાહિત પતિનાં બન્ધનમાંથી છુટવાનો દુષ્ટ અભિલાષ ન હતો. મ્હેં નિશ્ચય કર્યો છે કે એ અભિલાષથી મ્હારે દૂર રૂહેવું.

બંસરી—મૈયા, તહારા હૃદયની શુદ્ધિ અને મધુરતા તહારી પાસે આ શબ્દો બોલાવે છે, પણ સત્ય ધર્મના જ્ઞાન વિનાની કેવળ હૃદયશુદ્ધિથી શુદ્ધ દૃષ્ટિ ઉઘડતી નથી અને શુદ્ધ ધર્મ દેખાતો નથી.

કુમુદ—સર્વ ધર્મ જેને શ્રેષ્ઠ ગણે છે એ પાતિવ્રત્યને પ્રિય ગણવું અને આ જીવિતને અને જીવિતના નાથને અપ્રિય ગણવાં એવો મ્હારો ધર્મ છે. બંસરી બ્હેન, તમારી પ્રીતિ મને જે માર્ગે લેવા ઇચ્છેછે અને મને સુખી જોવા ઇચ્છેછે તે માર્ગને મ્હેં ઘણા દિવસથી અશુદ્ધ ગણ્યો છે અને તેણી પાસ દૃષ્ટિ સરખી ન નાંખવા દૃઢ નિશ્ચય કર્યો છે.

બંસરી—મૈયા, તહારા નામાભિધાન જેવો એ નિશ્ચય મધુર છે, પણ તેનો આધાર સત્ય ધર્મ ઉપર નથી.

કુમુદ—કેમ નથી?

બંસરી—પતિવ્રત ઇચ્છનારીના જે પતિરૂપને તહારું વ્રત ગણવું ધર્મ્ય છે એ પતિ કોયો? તું જે દૃષ્ટિને દૂર રાખે છે તે દૃષ્ટિ તહારી? કે એ દૃષ્ટિને દૂર રાખનારી દૃષ્ટિ તહારી? મધુરી, આ યુગના સંસારી જનોમાં એટલા બધા દુરાચાર દૃઢ થઇ ગયા છે અને એટલા અધર્મ ધર્મ ગણાયા છે કે તહારા જેવી સુન્દર મધુર પક્ષિણી પણ તેની જાળમાં પડી રીબાય છે. હવે તું આ અમારા સાધુજનોના આશ્રમોમાં આવી; જે વીર્યવાન્ કલ્યાણકારક આચાર પ્રાચીન આર્યો પાળતા તે, તમારા દૂષિત સંસારથી દૂર રહી, અમે અગ્નિહોત્રીના અગ્નિ પેઠે સાચવી રાખ્યો છે અને અમારા આશ્રમમાં આવી તું એ આચારનો ધર્મ જોઇશ અને જોઇશ એટલે પાળીશ. મધુરી, દુષ્ટ સંસારે જે યુવાનપાસે તહારું પાણિગ્રહણ કરાવ્યું તે યુવાનને જાણતાં પ્હેલાં તું અન્ય જનને મનથી વરી ચુકી હતી અને તે અન્યજન જ તહારો પતિ—તહારો એક પતિ તે એજ. કન્યા જેને મનથી વરે તે તેનો વર. માતાપિતાનો વરાવેલો કે વરેલો વર તે કન્યાનો વર નહી, અને તેટલા માટે જ શ્રીકૃષ્ણે રુક્મિણીનું હરણ કર્યું તે મહાધર્મ ગણાયો. મધુરી, જો ચન્દ્રને તું તહારો આત્મા આપ્યો તે તહારો એકજ પતિ અને જે

યુવાનને ત્હારાં માતાપિતાએ ત્હારું શરીર આપ્યું તે ત્હારો ભર—હવે ત્હારું પતિવ્રત કેવું તે સમજી લે.

કુમુદે ઉંડો નિઃશ્વાસ મુક્યો અને આંખ ભીની થઈ તે બારી બ્હાર જોઈ લ્હોઈ નાંખી. બ્હાર જોતાં બેાને તળીયે—કંઈક છાયા—કંઈક ઘસારો—લાગ્યો. મોહની ઉઠી, કુમુદની પાસેથી નીચે જોયું, અને એની જોડે એને શરીરે હાથ ફેરવતી બેાલી.

" મધુરી, ત્હારા ભરને જોવાને સંસારે તને જે દૃષ્ટિ વિવાહના નામથી આપી છે તે દૃષ્ટિ ત્હારી નથી—તે વિવાહ ત્હારો નથી. ત્હારા જીવનો શુદ્ધ વિવાહ તો ત્હારા ચંદ્ર સાથે થયો છે અને ત્હારા હૃદયની દૃષ્ટિ તે તો તેના ભણી વળી ચુકી છે જ. ત્હારી પેાતાની દૃષ્ટિ તે આ ચર્મચક્ષુને પ્રવૃત્ત કરનારી એ હૃદયદૃષ્ટિ જ; —જો જો મધુરી—આ બેાના તળીયા નીચેની છાયાઓ તને ચકિત કરે છે - શું એ છાયાઓમાં ત્હારો પતિને જતો આવતો તું શંકતી નથી? તું માતાજીની ધ્વજામાંથી આ સ્થાને ચ્હડી આવી તે એ ચંદ્રના દર્શનને માટે નહી? એ શંકા કરનારી અને એ દર્શન શોધનારી ત્હારા હૃદયની દૃષ્ટિ તે જ ત્હારી દૃષ્ટિ!—એ દૃષ્ટિ ત્હારા શુદ્ધ પતિને જ વરી છે અને એ દૃષ્ટિને લીધે જ તું પતિવ્રતા છે! માટે દુષ્ટ સંસારના દુષ્ટ આચારોએ જેના સંસર્ગથી ત્હારી દેહલતાને મ્લાન કરી દીધી છે તેનો હવે સર્વથા ત્યાગ કરી ત્હારા શુદ્ધ સત્વને પામ. મધુરી, ત્હારી દૃષ્ટિ તું કહે છે તે નહી; ત્હારી દૃષ્ટિ તો હું કહું છું તે જ —જો એણે અત્યારે તને રેામાંચથી ભરી દીધી છે."

કુમુદ૰—એ સિદ્ધાંતોનો પ્રતિવાદ કે પ્રતિપક્ષ કરવાની મ્હારામાં શક્તિ નથી. મ્હારું ભાવિ તો મ્હેં કહ્યું તેમ બંધાઈ ચુક્યું છે-તેમાંથી મને ભ્રષ્ટ કરવાનો પ્રયત્ન કૃપા કરી ન કરશો.

મોહની—સંસારે ત્હારી બુદ્ધિમાં આટલો બધો ભ્રમ મુકી દીધો છે; અમે તને ભ્રષ્ટ નહી કરીયે —શુદ્ધ સુન્દર કરીશું.

કુમુદ—મ્હારે એવાં શુદ્ધ પણ નથી થવું અને સુન્દર પણ નથી થવું. એ શુદ્ધિ અને સૌંદર્યનો ગ્રાહક મને વિડમ્બનારૂપ થયો છે અને જો મ્હારું કલ્યાણ ઇચ્છો તો એ વિડમ્બનામાંથી મને મુક્ત કરો અને તમારા સત્સંગની શાન્તિ આપો.

મોહની ગમ્ભીર થઈ દયા આણી બેાલી: " તે યે પ્રાપ્તકાલ થશે ત્યારે મળશે. પણ મધુરી બૈયા, કહે વારું—તું તે ત્હારું શરીર કે ત્હારો અન્તરાત્મા?"

કુમુદ— બળ્યું એ શરીર અને બળ્યો એ અન્તરાત્મા.

બંસરી.—મોહની ભૈયા, જેનાથી મધુરી તપ્ત થાય છે એ વિષય પડતે. મુકી દે અને એને શાંતિ મળે એવો કાંઈ વિષય કુંહાડો.

મોહની—મધુરી, તને શો વિષય વિનોદ આપશે ?

કુમુદ—મ્હારા સંસાર ભુલી જવાય એવું ગમે તે બોલો.

"શું બોલીશું ?"—મોહની અને બંસરી એક બીજાના સામું જોઈ રહ્યાં.

"આપણા આશ્રમોનાં વર્ણન કરીશું ?" મોહનીએ પુછ્યું.

બંસરી—મોહની, તને મ્હારા કરતાં બે વર્ષ વધારે થયાં છે અને ઘણા દિવસથી મન્મથાવતારનું માહાત્મ્ય સમજાવવા તેં મને વચન આપેલું છે તે પાળવાનો અવસર સારો છે.

કુમુદ—એ વિના બીજી વાત નથી?

બંસરી—અમ સાધુજનોમાંથી કોઈ વિહારમઠમાં રહે છે અને કોઈ પરિવ્રાજિકામઠમાં રહે છે. કોને કીયામાં રહેવાનો અધિકાર છે અને કયારે એ અધિકાર બંધ થાય છે કે બદલાય છે તે જાણવા ઉપર અમારી સતતઃ દૃષ્ટિ રહે છે, અને અલખ માર્ગના ગુરુજનોએ સ્ત્રીજનની ચિન્તા રાખી મન્મથાવતારનું માહાત્મ્ય રચી રાખેલું છે તે સર્વ સ્ત્રીયોને શાન્તિપ્રદ થાય છે. મધુરી. તું પણ તેથી શાન્તિ પામીશ.

કુમુદ—મ્હારા મનોરાગને પ્રદીપ્ત ન કરે એવી તે કથા હોય તો ભલે બોલો.

મોહની—તો બે જણ સાંભળો. બંસરી, શ્રી અલખ ભગવાનનાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર, એ ત્રણ લખરૂપ છે. "હું એક છું તે અનેક થાઉં !" એ કામરૂપ બ્રહ્મા પોતેજ શાશ્વત કામ છે. સર્વસંહારક રુદ્રે એ કામ દૃષ્ટિએ પડતાં તેને ભસ્મ કર્યો, પણ તે અનંગ થઈ અમર રહ્યો. ઉત્પત્તિ અને લયના કારણભૂત લખસ્વરૂપને આમ વશ ન થયો તે કામને જગતસ્થિતિના કારણરૂપ શ્રીયદુનંદને, પોતાને ત્યાં પુત્ર કરી, જન્મ આપ્યો અને આજ્ઞાવશ રાખ્યો તે પ્રદ્યુમ્નરૂપે રહ્યો. બ્રહ્મારૂપે કામદેવ જાતે ઈશ્વર છે. શંકરે તેના દેહને બાળ્યો પણ તેના આત્માની અમરતાને વશ થઈ પાર્વતીને પરણી લાવ્યા. તેને જીતનાર એક—શ્રીયદુનન્દન—તેના મન્દિરમાં મન્મથનો અવતાર થયો. સમજી ?

બંસરી—ના.

મોહની—સંસારનું પોષણ કરવું તે વિષ્ણુની પ્રવૃત્તિ. એ દેવના ભક્તોએ

કામદેવને બ્રહ્માનો અવતાર ગણી, વિષ્ણુનો પ્રિયપુત્ર ગણી અને શંકરથી પણ અજેય અનંગ ગણી, તેને આદર આપવો. એ સત્વ જગતના કલ્યાણનું સાધન છે અને તેમાં સ્ત્રીજનનું રક્ષણ તો એજ કરે છે.

બંસરી—કેવી રીતે ?

મોહની—જે, ઇતર પ્રાણીઓમાં પરસ્પરસંહાર અને પરસ્પરભક્ષણના ધર્મ પળાય છે ત્યાં કામદેવના પ્રતાપથી સ્ત્રીજાતિનું રક્ષણ થાય છે. એ જાતિઓમાં તું જોઈશ તો ઢેલ કરતાં મોર સુન્દર અને સિંહણ કરતાં સિંહ સુન્દર અને અલંકૃત હોય છે—એ જાતિઓમાં સુન્દરતા પુરુષમાં હોય છે અને તેના મોહપાશમાં પુરુષ સ્ત્રીને નાંખવાને પ્રયાસ કરીને પણ સ્ત્રીના મોહમાં પડે છે અને તેનું રક્ષણ કરે છે અને તેનો ધર્મસહચર બને છે. મનુષ્યજાતિમાં એથી ઉલટું છે. અજ્ઞાની દશામાં તે રાક્ષસ વિવાહ અને પૈશાચ વિવાહ શોધી રાક્ષસ થાય છે. પણ જો તે જ્ઞાની થાય છે તો તેના જ્ઞાનની જ્વાલા શંકર જેવી થઈ મન્મથને ભસ્મસાત્ કરી શકે છે. મયૂરીમાં પોતા ઉપર પ્રીતિ ઉત્પન્ન કરવા સુન્દર સુપિચ્છ સુશિખ મયૂર જે મોહથી કલાપ અને નૃત્ય કરી રહે છે તે મોહને પુરુષના ચિત્તમાંથી જ્ઞાનાગ્નિ દગ્ધ કરી નાંખે છે; અને અનેક સુન્દરતા અને રસની ભરી સ્ત્રીને શ્રીમન્મથ સહાય ન થાય તો જેટલા પુરુષ એટલા કેવળજ્ઞાની થાય તે જ્ઞાની એટલા સંન્યાસી થાય; અને જે પુરુષ જ્ઞાની ન જ થઈ શકે તે મધુરીના શરીરના જર જેવા રાક્ષસ થાયઃ અને સ્ત્રીયો ગમે તો અશરણ થાય કે ગમે તો દુષ્ટને શરણ થાય. શું ભગવાન મન્મથ આવી મુગ્ધ મધુરીને સહાય થયો હત તો એની આ અસહ્ય દુષ્ટવશ અને અશરણ દશા થઈ હત ? બોલ, બંસરી, બોલ.

"નાસ્તો." બંસરી બોલી. કુમુદ નિરુત્તર થઈ નીચી દૃષ્ટિએ મોહનીના ચરણને જોઈ રહી. તેના નેત્રમાં દીનતા આવી અને હૃદયમાં કંઈ નવું સત્વ પ્રવેશ પામતું ભાસ્યું.

મોહની—જ્યારે સંસાર ભ્રષ્ટ થયો ત્યારે શ્રીકૃષ્ણ પરમાત્માના આ જ્યેષ્ઠ પુત્રનો અનાદર થયો અને માત્ર આપણા વિહાર જેવાં સ્થાનોમાં તેની પૂજા થાય છે.

બંસરી—જો તેની પૂજા આવશ્યક જ હોય તો આ પરિવ્રાજિકામઠે શા માટે જોઈએ ? અને આ મહાત્માઓ બ્રહ્મચર્ય પાળે છે તે શું ખોટાં ?

મોહની—બ્રહ્મા જે જાતે જ કામરૂપ છે તેને ત્યાં સરસ્વતી જેવી કુમારિકા અને નારદ જેવા બ્રહ્મચારી શિષ્ટ ગણાય છે, અને તેના જેવાં

અલખ–ગાન જેના હૃદયમાં ઉતરે છે તે તો, જગતના શ્રવણ માટે—કલ્યાણ માટે જ—પોતાના એ અલખ ગાનને સાકાર કરી, લખગાન કરી રહે છે. એવાં નારદ અને સરસ્વતીઓ તો બ્રહ્મદેવનાં એટલે કામદેવનાં મોટાં બાળક છે અને બાકીના સંસારીઓને સ્વબન્ધુ ગણે છે. એ બ્રહ્માનાં બીજાં બાળકોની પ્રવૃત્તિથી જગતની વૃદ્ધિ છે. આપણા નારદ-મણુ ગુરુજીની પરિચર્યાના ગાનમાં મગ્ન રહે છે. આપણી સરસ્વતીઓ આ મહમાં વીણાધારિણી થઈ રહે છે. અને બાકીની આપણી સૃષ્ટિ વિહાર-મહમાં પ્રદ્યુમ્નજીનું પાલન કરે છે અને શ્રીયદુનંદનની સેવા કરે છે.

બંસરી—સંસારીઓ કામદેવનું પાલન કરે અને સાધુજન પાલન કરે તેમાં શો ફેર ? સંન્યાસી અને અલખ યોગીના વૈરાગ્યમાં શો ફેર ?

મોહની—ચંદ્રાવલીના હૃદયના પતિમાં અને મધુરીના શરીરના જાર પતિમાં જેટલો ફેર છે એટલો સાધુના અને સંસારીના મન્મથ-ચોપણમાં ફેર. ચંદ્રાવલીનો હૃદયપતિ અલખયોગી છે અને મધુરીનો હૃદયપતિ આજ સુધી એને અશરણ કરી નાંખનાર સંન્યાસી હતો. હવે થાય તે ખરો.

કુમુદ—"જાર" શબ્દ મહારા હૃદયને ખુંચે છે—હું તે પુરુષને જ આ શરીરનો અધિકારી સમજું છું—એ શ્રદ્ધામાંથી મને ભ્રષ્ટ કરવાનો પ્રયત્ન કરો તો હું તેના સામે હજી ટકી શકીશ. પણ તેની આમ નિન્દા કરો તે મહારાથી વેઠાતી નથી.

બંસરી–માટે જ તું મધુરી છે. મધુર જનોની હૃદયવૃત્તિને મૂર્ખની કે દુષ્ટની કે શત્રુની પણ નિન્દા ગમતી નથી. તેમના હૃદયમાં મધુરતા એટલી ગાઢ હોય છે કે નિન્દાના કણમાત્રની ખારાશથી એ મધુરતા અસ્વસ્થ થાય છે.

કુમુદની સાથે છજામાં બેઠેલી મોહની એને ઉમળકાથી આલિંગન દેતી બોલીઃ "મધુરી, તને જે શબ્દ વિષમ લાગે તે અમે અવશ્ય નહી કહીયે અને તને સુખી કરે એવા જ ઉચ્ચાર કરીશું. उपकारिषु यः साधुः साधुत्वे तस्य को गुणः। अपकारिषु यः साधुः स साधुः सद्भिरुच्यते ॥ તહારા ઉપર આટલું આટલું વીતાડનારને માટે તહારું અંતઃકરણ આટલું દ્રવે છે તે તહારી મધુરતાને અમે ખારી નહી કરીયે. પણ પ્રસ્તુત પ્રકરણના દૃષ્ટાન્તમાં કંઈ પદાર્થ તહારા સંસાર-માંથી લેવાઈ ગયો હોય તો ક્ષમા કરજે. અમે લખ—ભગવાનની વિભૂતિને લખ કરી તે દ્વારા અલખ જગવીયે છીયે, માટે તહારા સંસારને પણ લખવિભૂતિના અંશ ગણી તેની કથા કરીશું.

કુમુદ–જો મહારા હૃદયને શાંત કરવાને માટે તેમ કરતાં હો તો ભલે. પણ

એ હૃદયના મર્મસ્થાન ચુંથાય એ વિના અન્ય ફળ ન થાય, એવી વાત છેડશો નહી.

મોહની—બાઢમ્—મ્હારી મધુરી—બાઢમ્. અમે સર્વથા તેમ કરીશું. તો શાંત થા અને સાંભળ. એક કાળ એવો હતો કે સંસારમાં આઠ જાતના બધા મળી એટલે શુદ્ધ વિવાહ અને અશુદ્ધ વિવાહ ઉભય હતો. કાળાંતરે સંસારે ગાન્ધર્વવિવાહને વર્જ્ય ગણ્યો, પણ અમ અલખ માર્ગના યોગીકુળમાં તો એટલો એ વિવાહ જ પ્રશસ્ત અને અન્ય વિવાહનું મૂળરૂપ ગણ્યો છે. જગતનું કલ્યાણ તેથી જ છે એમ માનીયે છીયે, અને તેનું કારણ એટલું કે ભગવાન્ મદનનો સ્વયંભૂ અવતાર એ હૃદયમાં સંપૂર્ણ કલાથી પ્રકટે એટલે તેમાં અલખની લખવાસના પ્રકટ થઈ ગણીયે છીયે, અને જે અલખનાં પ્રત્યક્ષ દર્શનનાં અધિકારી નથી તેને તે અધિકાર પામવાનો એક માર્ગ મન્મથના સ્વયંભૂ અવતારનું જ્યોતિ ઝીલવામાં છે.

બંસરી— તે તો સંસારીયો પણ ઝીલે છે.

મોહની—ના, એમ નથી. મદનનો અવતાર એક નથી. મદનવૃક્ષની સ્થિતિ ત્રણ અને અવતાર અનેક છે. કામ, ભોગ અને પ્રીતિ એવી ત્રણ આ વૃક્ષની સ્થિતિ છે. એ વૃક્ષનાં પૃથ્વીતળે ગુપ્ત રહેલાં બીજ અને મૂળની દશા એ કામ; પૃથ્વી બ્હાર અનેક રસનલિકાઓથી—નસોથી—તરબતર થઉ તે ભોગ; અને પત્ર, પુષ્પ, ફલસમૃદ્ધિ તે પ્રીતિ, રતિ, આદિ નામથી[1] શાસ્ત્રકારે વર્ણવી છે. હવે મદનના અવતાર પુછો તો અનેક છે. પણ પ્રધાનપક્ષ આંગળી બ્હેડે ગણાય એટલા ચાર છે. પાશવ કામ, જાર કામ, પરિશીલક કામ, અને પુત્રાયિત કામ. પશુ જાતિનો કામ તે પાશવ કામ; તેમાં ધર્મવૃત્તિ નથી, અધર્મવૃત્તિ નથી, ને સંકલ્પસૃષ્ટિ નથી—માત્ર ચાક્ષુષાદિવૃત્તિથી ભોગ્યસૃષ્ટિની દૃષ્ટિસાથે કામવૃક્ષનું બીજ રોપાય છે અને સ્થૂલ ભોગથી પ્રીતિનો ફાલ થાય છે. બીજો જારજનનો કામ તે જારકામ; એમાં ચક્ષુઃપ્રીતિ, મનઃસંયોગ, આદિ બીજદશાની પરંપરાથી કામનો અવતાર થાય છે, અને સંકલ્પસૃષ્ટિ સૂક્ષ્મ થઈ શકે છે; પણ તે કામ નિરંકુશ છે, અધર્મ્ય છે, મનુષ્યજાતિમાં અવ્યવસ્થા અને વર્ણસંકરનો પ્રેરક છે, પુરુષને અન્ય પુરુષાર્થોમાં બાધક અને વિક્ષેપક છે, સ્ત્રીજાતિની સમષ્ટિના શારીરક તેમ આર્થિક—એટલે જીવિકાના—કલ્યાણનો પરિણામે પ્રધ્વંસક

---

૧. रसो रतिःप्रीतिर्भावो रागो वेगः समाप्तिरिति रतिपर्यायाः × × फलावस्था रतिः × × फलावस्थायां सुखत्वेन चित्तपरिस्पन्देन रमणाद्रतिः। (કામશાસ્ત્રકારો)

છે, અને સંતતિનાં સર્વ સદ્ભાગ્યનો ઉચ્છેદક છે. નિરંકુશતાનો નિરંકુશ સ્વાદ–મોહ એ જ આ વૃક્ષનો બીજાત્મા છે અને એનું ભયંકર વિષ મરણ-સુધી પહોચ્યાં કરે છે. પરિશીલક[1] મદન સંવનન[2]કાલથી વિવાહ સુધી બીજદ-શામાં રૂહે છે, અને વિવાહ પછી જ તેની ભોગદશા અને રતિસમૃદ્ધિ ઉદય પામે છે. આમરણાન્ત, સંયોગે તેમ વિયોગે, એ ઉદય, આકુઞ્ચન-સમ્પ્રસારણ પામતો પામતો, દમ્પતીનાં હૃદયમાંના સ્નેહમય અલખનું અદ્વૈત લખ કરાવે છે, અને નિષ્કામ વાસનાથી શારીરક કામને, બાલિશ પુત્રવત્, ક્વચિત્ લાલન આપે છે તો ક્વચિત્ તેને અંકુશમાં મુકી, લખરૂપને તેમ અલખરૂપને લક્ષ્ય કરેછે. વિવાહપછીનો એ પુત્રાયિત કામ અને તજ્જન્ય-પ્રીતિ કીટભ્રમરીન્યાયથી આધ્યાત્મિક થઈ જાયછે --આ દમ્પતી પરસ્પરનાં સ્થૂલ શરીર જોતાં જોતાં સૂક્ષ્મ શરીર જોવા લાગે છે અને તેમાંથી પરસ્પરનાં અધ્યાત્મસ્વરૂપ પ્રત્યક્ષ કરી તેનો ભોગ અને તેની રતિને પામે છે. એ ઉચ્ચતમ સૂક્ષ્મ પ્રીતિ અલખના વિહારવાસીઓને જ પરિચિત છે. સુન્દરગિરિ બ્હારના સંસારી જન એટલી તો અધોગતિને પ્રાપ્ત થયા છે કે આ અધ્યાત્મપ્રીતિનું સ્વપ્ન પણ જોઈ શકતા નથી. મધુરી ! મ્હારી મધુરી ! ત્હારા મનના પતિના સંયોગથી તું આ પ્રીતિને પામત અને તેનું માહાત્મ્ય અનુભવત; તે શુદ્ધ પ્રીતિમાંથી ત્હારા આ માની લીધેલા પતિના સંયોગથી તું ભ્રષ્ટ થઈ! શું એ ભ્રષ્ટ સંસારના અધોગત આચારવિચારમાંથી અમ સાધુજનોનો સંગ તને ઉદ્ધાર નહી આપી શકે?

કુમુદ વજ્રમય હૃદય કરી બોલી: "મોહનીભૈયા, જે સ્વપ્નનું બીજ ઉડી ગયું તેની વાત પડતી મુકો. એ બીજદશાનું માહાત્મ્ય મને મ્હારા ઇષ્ટ જનના માહાત્મ્યનું સ્મરણ કરાવે છે, અને હું શદ્રી જેવી એ મહાત્માના દર્શન કરવાને માટે જ આવી છું–તેના દર્શનથી તૃપ્ત થવું એટલો જ મ્હારો અધિકાર છે અને એટલો જ મ્હારો ઉદ્ધાર છે. એથી વધારે લોભ તે અતિલોભ છે! એમાં મ્હારો ઉદ્ધાર નથી, વિનિપાત છે. કૃપા કરી તે સંબંધે પ્રશ્ન ન પુછતાં એ માહાત્મ્યનું જ પ્રકરણ ચલાવો; કારણ અમ સંસારી જનોના આચાર વિચાર કરતાં તે જુદી જાતનો તમ સાધુજનોનો ઉત્કર્ષ મને એટલું આશ્વાસન આપે છે કે મ્હારા હૃદયશલ્યનું ઉન્મૂલન કરવાની મ્હારી અશક્તિને હું અપવિત્ર ગણતી હતી તે નિર્દોષ છે એટલું

---

૧. શીલ્= મનથી ધ્યાનમાં આરોપવું. પરિશીલક એટલે વારંવાર શી-લન કરનાર.

૨. સંવનન=લગ્ન પહેલાં સ્ત્રીને વશ કરવાનો પ્રયત્ન=Courtship, wooing.

આજથી—તમારી કૃપાથી—હું જોઉંછું.” એના શબ્દોચ્ચારમાં એના હૃદયની શાન્તિ સ્ફુટ લાગી.

મોહની—મધુરી, તું એથી પણ વધારે જોઈશ. તહારો હૃદયદેશ કેવળ નિર્દોષ છે એટલું જ નહી, પણ તહારી એ સ્થિતિને લીધેજ તું હજી પવિત્ર છે. એ દંશ જો તહારામાં જાગૃત ન હત તો અમે તને પામર અને દુષ્ટ ગણત. પરિશીલક કામનું લક્ષણ તને કહ્યું એ કામ વિવાહ પ્હેલાં પરિશીલક હોય છે અને વિવાહ પછી પરિશીલક તેમ જ પુત્રાયિત હોય છે. પણ તમ સંસારી જનોના આચારમાં વિવાહ પ્હેલાંનું પરિશીલન કે સંવનન તો હતું જ નથી—માત્ર પાછળથી “કેવળપુત્રાયિત” અને સ્થૂલ કામ: હોય છે, ભોગ પણ સ્થૂલ હોય છે, અને પ્રીતિ પણ કેવલ સંપ્રત્યયાત્મિકા હોય છે.

કુમુદ—એ પ્રીતિ, એ સંવનન, અને એ પરિશીલન મને અભિજ્ઞાત કરાવો.

“તે તો તહારા ઇષ્ટ પુરુષનું કામ—બાકી મોહની જૈયા અનુભવહીન જનને આપી શકે તેટલો બોધ તને આપી શકશે.” ચાલતી વાર્ત્તાના શ્રવણમાં આવી ભળી બેઠેલી બે ત્રણ બીજી સ્ત્રીયોમાંની એક બોલી.

મોહની—ચુપ, પ્રમત્તા, ચુપ! તું મધુરીનાં સુખદુઃખની મધુરતા જાણતી નથી ત્યાં સુધી તને કંઈ કટાક્ષ વચન બોલવાનો અધિકાર નથી. મધુરી, પ્રીતિ ચાર[1] જાતની કહી છે: વિષયાત્મિકા, સંપ્રત્યયાત્મિકા, આભિમાનિકી, અને આભ્યાસિકી. શબ્દરૂપાદિ પ્રત્યક્ષ વિષયોના ભોગથી થાય તે વિષયાત્મિકા પ્રીતિ; એ પાશવ કામનું ફલ હોય છે. જે પુરુષને મ્હેં અથવા મ્હારા કુટુમ્બે મ્હારો પતિ માન્યો છે અથવા જેને હું શોધું છું તે આ જ પુરુષ હોવો જોઈએ એવી બુદ્ધિથી—સ્વયંભૂ મદનની સૂચના વિના—તે પુરુષ ઉપર કોઈ સ્ત્રી પ્રીતિ કરે તે સંપ્રત્યયાત્મિકા. તહારા શરીરના પતિ ઉપર તું જે મધુર પ્રીતિ રાખે છે તે આવી સંપ્રત્યયાત્મિકા છે. સંબન્ધાદિનો કોઈ જનમાં અધ્યારોપ કરવો અને તે હેતુથી પ્રીતિ થાય તે આ. વિષયના વિચાર વિના, અભ્યાસ વિના, માત્ર સંકલ્પાત્મક જે મન તેના સ્વચ્છન્દ સંકલ્પથી[2] જ, જે ભોગ થાય તેની પ્રીતિ અભિમાનથી

---

१. अभ्यासादभिमानाच्च तथा संप्रत्ययादपि ।
विषयेभ्यश्च तन्त्रज्ञाः प्रीतिमाहुश्चतुर्विधाम् ॥ (કામશાસ્ત્રકારો.)

૨. Fancy.

થઈ માટે આભિમાનિકી કહી છે. કેવળ કોઇકિ સ્વચ્છન્દ સંકલ્પથી જાગેલા, પણ વિષયને ગૌણ ગણનાર, સ્વયંભૂ મદનના ઉત્કટ બોધના બળથી, પણ યોગ્ય પરિશીલન વિનાની, પ્રીતિ આભિમાનિકી થાય છે. સ્વયંવરે વરાયલાં વરકન્યાની પ્રીતિ અભ્યાસ વિનાની હોવાથી તેમ વિષયને ગૌણ ગણનારી હોવાથી આભિમાનિકી ગણવી. આવી પ્રીતિનું અવલોકન આમ સાધુજનોને થતું નથી અને અમારાં ચિત્ત જ્ઞાનભક્તિને વશ રહેછે તેમાં જાતે એવા સંકલ્પ થતા નથી, માટે હું તેનું દૃષ્ટાન્ત આપી શકતી નથી. પણ એટલું જાણું છું કે અલખ ઉપરની અમારી પ્રીતિને અલખ ન માનનાર નાસ્તિકો આભિમાનિકી પ્રીતિ ગણે છે. જો નાસ્તિકોની અશ્રદ્ધા સત્ય હોય તો તો તેને મન આપણી બિન્દુમતીની પ્રીતિને તેઓ આભિમાનિકી ગણે તો તેમાં દોષ ન કહેવાય. હવે ચોથી પ્રીતિ આભ્યાસિકી છે. कर्मणां पुनः पुनरनुष्ठानमभ्यासः . કેવળ વિષયનો, કે સંકલ્પનો, કે અભિમાનનો, ભોગ કરવાને બદલે તેમના વિના અથવા તેમના સહિત પણ કોઈ કર્મના અભ્યાસથી જે પ્રીતિ થાય તે આભ્યાસિકી પ્રીતિ. સ્તન્યપાનની આસક્તિવાળું બાળક માતા ઉપર પ્રીતિ કરે તે આભ્યાસિક : બાળકને વિષયનું ભાન નથી, સંકલ્પ નથી, અભિમાન નથી, પણ માત્ર અભ્યાસ છે. સંસારી જનોમાં બાળકને બાળક સાથે વરકન્યાને નામે ગોઠવવાનો ચાલ છે. તે બાળકયુગને પરસ્પર સાહચર્યના અભ્યાસથી કાલક્રમે આભ્યાસિકી પ્રીતિ થઈ શકે છે અને ત્યાં સુધી આભિમાનિકી પ્રીતિ હોય છે, અથવા તહારાં જેવા મધુર જીવને સંપ્રત્યયાત્મિકા પ્રીતિ હોય છે, અથવા તો અપ્રીતિ અને ક્લેશ હોય છે– જે અપ્રીતિના ફળનું તહારી આભિમાનિકી પ્રીતિના કુપાત્ર પુરુષે તમે આસ્વાદન કરાવેલું છે.

બેઠેલી સ્ત્રીઓમાંથી એક બોલી ઉઠી: "મૈયા, સંસારી જનોના ધર્મ જાણવામાં નથી રસ અને નથી લાભ. એને સ્થાને હવે આપણા અલખ માર્ગના ધર્મ બોલો."

મોહની—તું એકલીજ મહારાં ઓતજનમાં હત તો તેમ કરત. પણ સંસારસાગરમાંની માછલી જેવી આ મધુરી આપણા મીઠા જળમાં ખેંચાઈ આવી છે તેના પ્રાણવાયુને પોતાના સહજ પ્રાણનું શોધન કરી આપણા જળમાંના પ્રાણનું ધારણ કરાવવું છે તેનો માર્ગ તું ન સમજે. મધુરી મૈયા, આ ચાર જાતના કામ, તેના વૃક્ષની ત્રણ દશા, અને તેની ફલપુષ્પ સમૃદ્ધિરૂપ ચાર જાતની પ્રીતિ તને કહી દીધી. હવે તેના પરસ્પરસંબંધ

સમજ, અને અમારા આ માર્ગમાં તે સર્વના વ્યાવર્તક વિશેષ છે તે પણ સમજ. આજ સુતા પ્હેલાં આ વિષય તને કરબદ્દર[1] જેવો હું કરી આપીશ અને સ્વસ્થ નિદ્રાનો તું ઘણે દિવસે અનુભવ કરીશ.

કુમુદ—તમારી સર્વની હું દુઃખી જીવ ઉપર કૃપા છે.

મોહની—કામ, ભોગ, અને પ્રીતિ, સ્થૂલ શરીરને વિષય કરે છે ત્યારે સ્થૂલ હોય છે; સૂક્ષ્મ શરીરને વિષય કરે છે ત્યારે તે સૂક્ષ્મ હોય છે અને તેને અધ્યાત્મ પણ કહે છે. અમારે ત્યાં કેવળ–સ્થૂલ કામાદિ નથી, પણ સ્થૂલસૂક્ષ્મ અને કેવળસૂક્ષ્મ હોય છે. ધર્મ, ભક્તિ, અને જ્ઞાનથી જેમ મોક્ષ શોધાય છે તેમ આ ઉભય સૂક્ષ્મ કામાદિથી પણ શોધાય છે. અમારાં સાધુજન કેવલ સ્થૂલ કામાદિને સંગ્રહતા નથી અને તેનો નિરોધ કરવામાં અમારી ષટ્સંપત્તિઓ વ્યાપૃત રહે છે. પણ સૂક્ષ્મ કામાદિનો અમે નિરોધ કરતાં નથી. કન્યાના કંકણ પેઠે કોણે એકલાં અવિવાહિત રહેવું અને અલખની લખવાસનાએ સંયોજવા માંડેલા કીયા જીવ-અણુઓયે ત્રસરેણુકાદિ સંયુક્ત રૂપ પામવાં એ વ્યવસ્થા એ લખ-વાસનાની છે–શ્રી યદુનન્દનની છે, મનુષ્યની નથી. બે જીવ-અણુનાં ભિન્ન સ્ફુરતાં હૃદયમાં મન્મથોદય થાય અને એના મન્થનથી એ હૃદય, ભિન્ન અણુઓ પેઠે, અયસ્કાન્ત અને અયોધાતુ પેઠે, એક બીજાના સાન્નિધ્યમાં આકર્ષાય ત્યારે સાધુઓ ચેતી લે છે કે વ્યતિષજતિ પદાર્થાનાન્તરઃ કોપિ હેતુઃ । આ આન્તર હેતુભૂત લખ-વાસનાથી ઉન્મીલિત થતાં ઉભય હૃદયકમલ પરસ્પરનું સંબોધન અને અભિજ્ઞાને કરે છે અને એ સંયોગ કરવા શ્રી યદુનન્દન ઇચ્છેછે કે નહી તે જાણવા મન્મથને પરિશીલક કરે છે અને પુરુષસાધુ સાધ્વીજનનું સંવનન કરે છે. સ્ત્રી પરિશીલન કરે નહી તો એ સંયોગ-વાસના પુરુષે ત્યજવી, અને પુરુષ સંવનન કરે નહી તો સ્ત્રીએ સંયોગવાસના ત્યજવી, એવી પ્રભુની ઇચ્છા ગણીએ છીએ. પણ જો તેવું કાંઈ ન હોય તો શ્રીયદુનન્દનની ઇચ્છાને અનુકૂળ ગણી તેમના પુત્ર કામદેવ પોતાનાં સર્વ અસ્ત્ર લેઈ પરિશીલન-કાર્યે સ્થૂલસૂક્ષ્મરૂપે સજ્જ થાય તેમનો સત્કાર કરવો એ સાધુજનમાં લખરૂપની અલખપૂજા ગણાય છે. આ પૂજાનો સંવનનથી આરંભ થાય છે, પરિશીલન એ એનો દ્વિતીય પણ દુસ્તર વિધિ છે, અને તે વિધિ નિર્વિઘ્ન સમાપ્ત થાય તો સંસારી જનોના સાત વિવાહ ત્યજી તેમજ તેમનું વરણ-વિધાન-જાળ ત્યજી, અમે ગાન્ધર્વ

---

૧. હાથમાં આમલું બોર (ફળ).

વિવાહથી આ સર્વ પૂજા સમાપ્ત કરીએ છીએ અને મદનની કેવળ-પરિશીલન દશા પણ સમાપ્ત થાય છે.

કુમુદ—પરિશીલન, સંવનન આદિ શબ્દોના અર્થ સમજાવો. તમારામાં લગ્નવિધિ નહી ? તમારામાં બાલવિવાહ સમૂળક નહી? વિધિ નહી તે વિવાહ કેવો? વિવાહ નહી તો પછી વૈધવ્ય શાનું !

બંસરી હસી પડી—"મધુરી, આજ તો તું છેક મુગ્ધા થઈ ગઈ! એથી પણ ઓછી ન્હાની બાલા થઈ ગઈ!—કે આ પ્રશ્નો પુછેછે! નવીનચંદ્રજી જેવાનું પરિશીલન પામી આ પ્રશ્નો તું પુછેછે તે કેવી નવાઈ! "

મોહની—બંસરી, સુરગ્રામમાં સંસારીઓનો સંસર્ગ મને થયો છે તેથી જાણ્યું છે કે આપણને જેમ મધુરીના સંસારથી આશ્ચર્ય લાગે છે તેમ આપણા મદનવૃક્ષથી તેમને પણ આશ્ચર્ય લાગે છે. મધુરી, અમારા વિહારમાં મદનવૃક્ષ, જેને મદનપ્રરોહ પણ કહીયે છીયે, તેની મૂળ વ્યવસ્થા કામસૂત્રકારોએ સંસારમાટે લખેલાં શાસ્ત્રો ઉપરથી કરી છે. પણ જેમ સંસારીઓ અન્નપાન અને વિહારનું ફળ શારીરક પોષણ અને આનન્દમાં શોધે છે તેમ અમે તે સર્વનું ફળ લબ્ધરૂપના પોષણમાં અને અલભ્ય આનંદના બોધનમાં શોધીયે છીએ અને તેટલા પ્રયોજનને ઉદ્દેશી અમારા રહસ્યસિદ્ધાન્તીઓએ, કામશાસ્ત્રકારોના આશય લેઈ શ્રીકૃષ્ણપુત્ર કામદેવનું માહાત્મ્ય સમજી, તેને અંગે અમારા મદનપ્રરોહની વ્યવસ્થા કરેલી છે. આથી કામશાસ્ત્રની પરિભાષામાં અલભ્યપ્રીતિના અર્થનો ગુમ્ફ ગુંથી એના જ શબ્દોમાં જુદું પારિભાષિક સમજીયે છીયે. જુઓ, શીલ શબ્દ મૂળ ગતિવાચક છે. કોઈને પ્રાપ્ત કરવું તે તેનું શીલન. કોઈના હૃદયને પ્રાપ્ત કરવું તે પણ તેનું શીલન. પરિતઃ ચારે પાસથી વારંવાર શીલન કરવું તે પરિશીલન. એ શબ્દોનો પ્રયોગ ઘણાં રમણીય સ્થાનમાં થાય છે. યદનુગમના યગહનમપિ શીલિતમ્—એમાં ગહનના અંતર્ભાગમાં પ્રાપ્ત થવું અને તેની ભુલભુલામણીના રહસ્યને પણ પ્રાપ્ત કરવું એ ઉભય અર્થ છે. સ્મેરાનના સપદિ શીલ્ય સૌધમૌલિમ્—તેમાં સ્ત્રીએ પુરુષને અને તેનાં હૃદયરહસ્યને પ્રાપ્ત કરવાનો અર્થ છે. ચલ સખિ કુઞ્જં સતિમિરપુઞ્જં શીલય નીલનિચોલમ્—એમાં નીલ વસ્ત્રમાં લપટાઈ જવાનો અર્થ છે. નીલવસ્ત્ર જેવા અલભ્ય હૃદયનું રહસ્ય પામવા પણ તેમાં એમજ લપટાવું પડે છે. વળી શશ્વચ્છ્રુતોસિ મનસા પરિશીલિતોસિ—એમાં એ શબ્દના સર્વ અર્થોની કળાઓ આવી જાય છે. શીલન શબ્દ આમ ગતિવાચક અને સમાધિવાચક પણ છે. એક હૃદયે બીજા હૃદયમાં, વસ્ત્રના હૃદયમાં શરીર થાય તેમ, સમાહિત થવું તે તેનું

શીલન કરવું. લવંગલતાના સર્વ અંતર્ભાગમાં ચારે પાસથી વાતો કોમલ પવન ધીરે ધીરે સરી જાય તેમ પુરુષ સ્ત્રીના અને સ્ત્રી પુરુષના હૃદયમાં સરે તે પરિશીલન. ललितलवङ्गलतापरिशीलनकोमलमलयसमीरे – એમાં અનેક લતાઓ વચ્ચે થઈ આવેલા પવનનું લતાઓએ પરિશીલન કર્યું અને પવને લતાઓનું પરિશીલન કર્યું એમ ઉભય સૂચના છે. મધુરી, નવીનચંદ્રજી જેવાએ તહારું સુન્દર પરિશીલન કર્યું અને પછી તહારો ત્યાગ કર્યો એ અધર્મ થયો. જ્યાં પરિશીલન સંપૂર્ણ અને ઉભય પક્ષનું થયું ત્યાં વિવાહ જ સમજવો. અગારો અલખમાર્ગ તમને ઉભયને આ ધર્મ પ્રાપ્ત કરાવશે.

કુમુદ–એ કંઈ થવાનું નથી. મૈયા, આપણું પ્રકરણ ચલાવો.

મોહની—એમ ચાલો. પણ લક્ષ્યમાં રાખજે કે રત્નાકરના તરંગ દીર્ઘ કાળ સુધી એક પછી બીજા ગતિમાન્ રહી અંતે ખડકને તોડે છે એમ અમે તમારો અધર્મ તોડીશું અને તે સુન્દર રમણીય વિધિથી તમને પ્રસન્ન કરીને જ કરીશું. હશે. જો સંસારીયોના કામશાસ્ત્રમાં પણ કન્યાનું શીલન વિહિત છે, વિસ્રમ્ભણ વિહિત છે, અને તેવું જ સંવનન પણ આવશ્યક હોય ત્યારે વિહિત છે. સંવનન એટલે વશીકરણ અને તે માત્ર અનુરંજનલક્ષણ છે. કામસૂત્રકાર કહે છે કે वाल्यामेवं सति धर्माधिगमे संववनं श्लाघ्यमिति घोटकमुख : ॥ જો ધર્મ પ્રાપ્ત થતો હોય તો બાલાનું સંવનનં શ્લાઘ્ય છે. વિવાહમાં લાજાહોમમાં વર યાચે છે કે ઓ કન્યા, મેં તહોરે સંવનન કર્યું છે તે અગ્નિનું અનુમત હો[1] !" સંવનન વિના વિવાહનો હોમ' ન સિદ્ધ નથી. સ્ત્રી વનિતા શા માટે કહેવાય છે? તેનું વનન થયું છે– સંવનન થયું છે, માટે તે વનિતા; સંવનન વિના સ્ત્રી વનિતા થતી જ નથી. પુરુષ સ્વભાવે ધૃષ્ટ છે અને સ્ત્રી લજ્જાવશ પરવશ છે અને તેની હૃદય કલિકાની કોમળ નહાની સરખી પાંખડીઓ પ્રીતિપુરસ્કર સાવધ અદંશ નખ વડે પુરુષે ક્યારે ઉઘાડવી તે, આ વાક્યમાં કહ્યું છે અને તે ન સંવનન પુરુષે સ્ત્રીનું કરવાનું તે મધુરી, તહારું નવીનચંદ્રજી કરી ચુક્યા છે, તમારાં હૃદયનું પરસ્પરપરિશીલન સમાપ્ત થઈ ચુક્યું છે, અને હવે તો માત્ર એટલું જ કહેવાનું બાકી રહ્યું છે કે

पुरश्चक्षूरागस्तदनु मनसोऽनन्यपरता
तनुग्लानिर्यस्य त्वयि समभवद्यत्र च तव ।

---

१. मम तुभ्यं च संवननं तदग्निरनुमन्यतामियं स्वाहा.

युवासोऽयं प्रेयानिह सुवदने मुञ्च जडताम्
विधातुर्वैदग्ध्यं फलतु च सकामोऽस्तुमदनः ॥

यस्यां मनश्चक्षुषोर्निबन्धस्तस्यामृद्धिः ॥ नेतरामाद्रियेत ॥ જે જનમાં ચક્ષુને લખ નિબન્ધ અને મનનો અલખ નિબન્ધ તે જનમાં જ આદર કરવો, તે જનમાંજ ઋદ્ધિ છે અને અન્યજનમાં નથી. આ નિબંધ ભગવાન્ મન્મથ રચે તે પછી સંવનનકાળે અને પરિશીલનદશામાં સ્ત્રીપુરુષ આ મન્મથના મન્થનથી તપ તપે છે અને તે તપમાં સિદ્ધ થાય ત્યારે પરસ્પર-સંકલ્પની પરિપાકદશા થતાં જે પ્રતિજ્ઞાઓ થાય તે ગાન્ધર્વ વિવાહ. હૃદયનો વિવાહ તો પરિશીલનની મંગલ સમાપ્તિ થતાં જ થયો સમજવો; પણ એ અલખ વિવાહમાં લખશરીરનો ભાગ છે માટે લખ પ્રતિજ્ઞાઓ વડે લખ ગાન્ધર્વ વિવાહ ઉચિત છે. મધુરી, તેં અને તારા ચંદ્રે આ તપ સાધ્યું છે, તારો પ્રિયજન આ ગિરિરાજ ઉપર છે, અને તું પણ અહીં અલખની પ્રેરી આવેલી છે; તો તારી માલતીના જેવી જડતાને અમે ત્યજાવીશું અને આવાં સુંદર હૃદય ઘડવામાં વિધાતાએ જે ચાતુર્ય વાપર્યું છે તેને તમારા સંયોગથી અમે સફલ કરીશું અને પરિશીલનદશામાં કામનો કામ અપૂરિત રહેલો છે તેને પૂરી અમે મન્મથનું પણ સફળ પૂજન કરીશું.

કુમુદ પોતાને માટે આ સર્વ વાતમાં પોતાનું નામ સાંભળવું તે પાતક ગણતી હતી અને પોતાનું નામ એમાંથી દૂર રખાવવા પ્રયત્ન કરતી હતી— તેણે હવે ધૈર્ય ખોયું અને ચમકી બોલી ઉઠી.

" મોહનીભૈયા, જો તમારો આવો વિચાર હોય તો મને સત્વર પાછી ચન્દ્રાવલીભૈયા પાસે મોકલી દો કે જ્યાં હું પુરુષનું નામ પણ ન સાંભળું. તમારી કથા જેટલી રમણીય અને બોધક લાગેછે એટલા જ તેમાં આવતા મ્હારા અને મ્હારા પતિસંબંધમાંના ઉદ્ગાર મને કડવા લાગે છે. તમ સાધુજન સ્વયંવર કરો તો ભલે કરો. કન્યાઓ જ્યાં જાતે પોતાનું દાન કરે ત્યાં તમે કહોછો તે સત્ય હો. પણ મને તો મ્હારા પિતાએ જેને અર્પી તેનું આ શરીર આમરણાન્ત થઈ ચુકયું છે, અને હૃદય ઉપર તો બળ નથી પણ બાહ્યવ્યાપાર તો મ્હારા પિતાએ વરાવેલા વરને જ શરણ રાખીશ.

મોહની—હું—" હૃદય ઉપર બળ નથી " તે જ સત્ય છે. મ્હારી મધુરી, જડ શરીરનો વિવાહ નથી, પણ ચેતન હૃદયનો વિવાહ છે. વિવાહ

---

૧. માલતીમાધવ.

હૃદયનો છે અને શરીરનો વિવાહ જેને શાસ્ત્રકારો "વરણુ-વિધાન" કહે છે તે તો માત્ર તેનું ઉપકારક ઉપલક્ષણ છે. સ્થૂલ શરીરનો વિવાહ સ્થૂલ છે—જડ છે. અમે સૂક્ષ્મ ચેતન વિવાહનો જ સત્કાર કરીયે છીએ જો.—

व्यूढानां हि विवाहानामनुरागः फलं यतः
मध्यमोपि हि सद्योगो गान्धर्वस्तेन पूजितः ॥
सुखत्वादवहुक्लेशादपि चावरणादिह
अनुरागात्मकत्वाच्च गान्धर्वः प्रवरो मतः[1] ॥

મધુરી, ગાન્ધર્વને ઉત્તમ ગણવાનાં આમાં કારણ ગણાવ્યાં તેમાં એક તો તેની અનુરાગાત્મકતા છે અને બીજું કારણ અવરણ એટલે વરણુ-વિધાનનો અભાવ છે. શકુન્તલાદિનાં દૃષ્ટાંત પછી પુરુષોથી કન્યાઓ વઞ્ચિત થાય નહી માટે વરણુવિધાન પ્રશસ્ત ગણ્યું, પણ તે વિધાન થયું એટલા માટે પરિશીલનની અને સંવનનની આવશ્યકતા મટી જતી નથી. સંસારી જનોએ તે મટાડી અને વિવાહને કેવલ સ્થૂલ કરી નાંખ્યો માટે તે ભ્રષ્ટ થયા. તેમનાં શરીર તમારા જેવાં તે જો! કેટલાં નિર્બળ! તેમના સંસાર જો! સુખમય નહી, પણ કષ્ટમય! સંસારી જનો સદાચારને છોડી દુરાચારમાં અને દુઃખમાં પડવાના માર્ગ ઉપર ભ્રષ્ટ થયા છે ને તેનાં ફળ ભોગવેછે ને ભોગવશે. મધુરી, એ માર્ગે ચ્હડી તમારા પિતાએ તમારા શરીરનું વરણુવિધાન કર્યું તેથી તમારા અલખ વિવાહને બાધ નથી આવતો. ધાર કે નવીનચંદ્ર જોડે તમારું વરણુવિધાન થયું હત અને તેમાં સ્ત્રીમંડળ બેચાર ગીત ગાવાં ભુલી ગયાં હત—તો તેથી તમારો વિવાહ અપૂર્ણ રહેત?

કુમુદ—ના.

મોહની—તેઓએ વરઘોડો કહાડ્યો હત નહી અથવા જ્ઞાતિભોજન કર્યું હત નહી તો?

કુમુદ—તો પણ કંઈ નહી. સપ્તપદી એક જ આવશ્યક વિધિ છે.

મોહની—તો નેતિ નેતિ કરી અલખ આત્માનું અભિજ્ઞાન થાય છે તેમ નેતિ નેતિ કરી અલખ મન્મથના અવતારમાં જ વિવાહનું તત્વ તને દર્શાવીશ. સપ્તપદીમાં બે પગલાં વાંકાં ચુકાં મુકાયાં હત તો?

કુમુદ—તેનું કંઈ નહી.

મોહની—તેમાં પ્રતિજ્ઞાના શબ્દો તમારે ઠેકાણે તમારો ગોર બોલ્યો હોય તો?

કુમુદ—તે તો નિત્ય થાય છે જ.

---

૧. કામતન્ત્ર.

મોહની—તો સમજ કે તહારો વિવાહ આ વિધાનમાં નથી, પણ સંકલ્પમાં અને સંકલ્પની પ્રતિજ્ઞામાં છે.

કુમુદ—હા, પણ પિતાએ મહારા દાનનો સંકલ્પ કર્યો અને પ્રતિજ્ઞા લેવડાવી.

મોહની—હા, પણ સંકલ્પ કરનાર અને પ્રતિજ્ઞા કરનાર એક કે જુદાં? તહારા પિતાએ સંકલ્પ કર્યો પણ પ્રતિજ્ઞા તહારી પાસે લેવડાવી. સત્ય જોતાં વરકન્યા જ સંકલ્પ કરે અને પ્રતિજ્ઞાઓ લે. પિતાએ બલાત્કારે કે આજ્ઞા વડે પુત્રી પાસે પ્રતિજ્ઞાઓ લેવડાવવી એવું કોઈ શાસ્ત્રનું શાસન કે વિધાન નથી. એ તો તમારા મૂર્ખ ભ્રષ્ટ સંસારી જનોનો આચાર છે. પિતા કન્યાદાન દે તે તો શકુન્તલા જેવી આપત્તિમાંથી પુત્રીને ઉગારવાને જ સાક્ષી થાય છે; અને તેની, અને તેને અભાવે ઇતર કન્યાદાનના અધિકારીઓ છે તેની આવશ્યકતા તો માત્ર ઘોડે ચહડનારનું પેંગડું ઝાલી રાખવાને માટે જ છે. તે ન હોય તો કન્યા જાતે સ્વયંવર કરે— વરણવિધાન વિના અને કન્યાદાન વિના વિવાહસિદ્ધિમાં કંઈ બાધ નથી એટલું જ નહી; પણ ભ્રષ્ટ માતાપિતા જ્યારે દાનનો અધિકાર વાપરી અવિવાહને વિવાહ નામ આપી કન્યાઓને સંપ્રત્યયાત્મક પ્રીતિની જાળમાં નાંખે, અને એ જાળ અલખભગવાનની કૃપાથી તૂટી જાય, ત્યારે તેમાંથી મુક્ત થયેલાં હૃદય અલખ મદનને વશ થઈ પવિત્ર પરિશીલન કરી અલખપ્રીતિનો માર્ગ શોધે તો તે યોજના સુન્દર અને ધર્મ્ય છે. સધુરી, એ રમણીય ધર્મ્ય અલખ માર્ગે તહારું હૃદય ચહડ્યું છે તેને અમે અપૂર્વ સાહાય્ય આપીશું.

કુમુદ—અષ્ટવર્ષા તે ગૌરી વગેરે વાક્યોથી કન્યાવયની મર્યાદા નીમી જે પ્રતિજ્ઞાઓ શાસ્ત્ર તેની પાસે કરાવે છે, અને પિતાએ આપેલું દાન સફળ કરી સ્વામીની સેવા કરવા એ પ્રતિજ્ઞા લેવાય છે, તે નિષ્ફળ કરવાનો તમારો પ્રયત્ન અધર્મ્ય છે ને મહારી પાસે તો વૃથા છે.

મોહની—વૃથા હો પણ અધર્મ્ય નથી. તેં કહેલાં વાક્યો તમ સંસારી જનના કોઈક દેશકાળને ઉદ્દેશી કોઈ શાસ્ત્રકારોએ લખેલા છે તેટલા કાળ માટે તે ઉપયોગી હશે. પણ તેમાં સર્વ દેશકાળનો સનાતન ધર્મ નથી. એવો ધર્મ તો અમે પાળીએ છીયે તે છે. જે શાસ્ત્રો તેં કહેલાં વાક્ય ઉચ્ચારે છે તેમાંજ બીજું પણ કહેલું છે તે સાંભળ. સંસારી જન ભ્રષ્ટ અને દુષ્ટ થઈ ગયા છે તેના વર્તનથી તો એ શાસ્ત્ર પણ વિરુદ્ધ છે. તેમાં તો રજોદર્શન પહેલાં જે સ્વામી વધૂનો અભિયોગ કરે તેને શિર અધોગતિ અને

બ્રહ્મહત્યા મુકી છે.[1] એ શાસ્ત્ર પણ પ્રસ્તુત વિષયમાં શું કહે છે તે કહું છું. એ શાસ્ત્રોમાં પણ વરણકાલે વધૂએ વરને વરમાળા આરોપવી વિહિત છે. જો પિતાની દાનેચ્છા જ વરણને માટે પર્યાપ્ત હોય તો આ વરમાળાનો વિધિ વ્યર્થ થાય; જો તે વ્યર્થ ન હોય તો વરણમાં કન્યાની ઇચ્છા આવશ્યક છે. શું તે ઇચ્છા ગૌરી રોહિણી આદિ બાલકીઓને હોય છે? શું વરવધૂની પ્રતિજ્ઞાઓ એવી કન્યા બોધપૂર્વક ગ્રહી શકે? કન્યાની વૃત્તિવિના પિતા કન્યા દાન આપે છે એવું શું તેને દેનાર પિતાએ સમજવાનું છે કે લેનાર વરે સમજવાનું છે? શાસ્ત્રપ્રમાણે તો કન્યાદાનને કાળે કામ-સ્તુતિનો[2] પાઠ યોજાય છે તેમાં સ્પષ્ટ મંત્ર છે કે આ દાન કરનાર કામ છે, દાન લેનાર કામ છે, અને દાન જાતે પણ કામ છે. વળી વર કહે છે કે સોમે આ કન્યા ગંધર્વને આપી, ગંધર્વે અગ્નિને આપી અને અગ્નિયે મને આપી. વળી વર કન્યાને કહે છે કે "હું સામ અને તું ઋક્, હું દ્યૌ અને તું પૃથ્વી, તે આપણે બે વિવહન કરીયે, ચાલ!" વિશેષ વહન તે વિવહન–વિવાહ. સંસારમાં બે જણે એક કાર્ય–એક જીવન–રચી તેનું વહન કરવું તે વિવાહ. જે વધૂ આ વાક્યોના શ્રવણને યોગ્ય છે તે શું તમારી રોહિણી દશાવાળી–કે જે પરિશીલનમાં કે કામમાં સંમજે જ નહી? મધુરી, આદિ ઋષિઓ એવું ગણતા ન હતા. તેઓ તો કન્યાપાસે સપ્ત પદ ભરાવતાં વર પાસે કન્યાને "સખા" શબ્દથી સંબોધાવે છે. સખ સપ્તપદા ભવ સા મામનુવ્રતા ભવ અને કન્યાપાસે વરને લગ્નકાળે પગલે પગલે કહેવડાવે છે કે[3]—

[4]सुखदु:खानि सर्वाणि त्वया सह विभज्यते ।
यत्र त्वं तदहं तत्र प्रथमे साब्रवीदिदम् ।।
कुटुम्बं रक्षयिष्याम्यावालवृद्धकादिदम् ।
अस्ति नास्तीति पश्यामि द्वितीये साब्रवीदिदम् ।।

---

१ प्राग्रजोदर्शनात्पत्नीं नेयाद्गत्वा पतत्यधः ।
व्यर्थीकारेण शुक्रस्य ब्रह्महत्यामवाप्नुयात् ।। अश्वलायन, संस्कारभास्कर.

२ ॐ कोदात्कस्मा अदात् कामोदात् कामायादात् । कामो दाता काम: प्रतिगृहीता कामैतत्ते ।।

३ સંસ્કારભાસ્કર:—૪. પ્રથમ પગલે કન્યાએ વરને કહેવું કે "સર્વ સુખદુ:ખનો તહારી સાથે વિભાગ કરવામાં આવે છે; જ્યાં તું ત્યાં હું તેવીજ." ૨. બીજે પગલે કહેવું કે" બાળકથી તે વૃદ્ધ સુધીનું આ કુટુંબનું રક્ષણ કરાવીશ; ને જે છે અને જે નથી તે જોઉંછું:"૩ ત્રીજે પગલે કહેવું કે

भर्तृभक्तिरता नित्यं सदैव प्रियभाषिणी ।
भविष्यामि पदे चैव तृतीये साब्रवीदिदम् ॥
आर्त्ते आर्त्ता भविष्यामि सुखदुःखसमभागिनी ।
तवाज्ञां पालयिष्यामि कन्या तूर्यपदेब्रवीत् ॥
ऋतुकाले शुचिस्नाता क्रीडिष्यामि त्वया सह ।
नाहं परतरं गच्छेः कन्या पञ्चपदेब्रवीत् ॥
इहाथ साक्षी नौ विष्णुस्त्वयाऽहं नैव वञ्चिता ।
उभयोः प्रीतिः सम्भूता कन्या षष्ठपदेब्रवीत् ॥
होमयज्ञादिकार्येषु भवामि च सहायिनी ।
धर्मार्थकामकार्येषु कन्या सप्तपदेब्रवीत् ॥

"જે કન્યાને માથે આવડી અને આટલી પ્રતિજ્ઞાઓનો ભાર મુકાય તે કન્યા શું આઠદશ વર્ષની કેવલ બાલા હોવી જોઈએ? તમારા સાંપ્રત સંસારમાં તો કન્યાઓ સ્વમુખે આટલું બોલી શકતી નથી એટલું તેમનું સદ્ભાગ્ય છે, નીકર શુકપેઠે તે બોલી જાય તોપણ શું? શાસ્ત્રકારે તો એમજ જાણેલું કે આ વાક્યો બોલતી બોલતી કન્યા તે સમજશે અને સ્વીકારશે તે જ્ઞાન અને તે સ્વીકાર પરિશીલન વિના થવાનાં નહી. કારણ "વિષ્ણુ સાક્ષી છે કે આપણી પ્રીતિ બની ચુકી છે" એ છઠા પગલાનું વાક્ય હવે કરવાની પ્રીતિની પ્રતિજ્ઞા નથી, પણ એ વાક્ય બોલાયું તે કાળે બનેલી પ્રીતિનું વાક્ય છે. દશ બાર વર્ષની અપરિશીલિત અને અપરિશીલક કન્યાના મુખમાં આ વચન મુકાવનાર સંસારીઓ કેવા દુષ્ટ હોવા જોઈએ? હજી તો સમાપ્ત નથી થતું. આ પછી વર વધૂના ખભા ઉપર હાથ મુકી તેના "હૃદય" નું "આલભન" કરે છે અને કન્યાને એ હૃદયને ઉદ્દેશી કહે છે કે મ્હારા વ્રતમાં તહારા આ હૃદયને મુકુંછું તે મ્હારા ચિત્ત જેવું તહારું ચિત્ત હો!

"ભર્તા ઉપર ભક્તિમાં નિત્ય રત થઈશ; સદાજ પ્રિયભાષિણી થઈશ." ૪ ચોથે પગલે તેણે કહેવું કે તું દુઃખી હઈશ તું હું દુઃખી થઈશ—સુખ-દુઃખની સમભાગિની થઈશ ને તહારી આજ્ઞાને પાળીશ. "૫. પાંચમે પગલે કહેવું કે "ઋતુકાળે શુચિ સ્નાત થઈ તહારી સાથે ક્રીડા કરીશ; હું બીજાને ગમન નહી કરું." ૬. છટ્ઠે પગલે કહેવું કે "હવે અંહી વિષ્ણુ આપણા સાક્ષી છે કે તેં મને છેતરી નથીજ; આપણી બેની પ્રીતિ બની ચુકી છે." ૭. સાતમે પગલે કહેવું કે ધોમયજ્ઞાદિકાર્યોમાં તેમ ધર્માર્થકામકાર્યોમાં હું તહારી સહાયિની થઈશ.":—સપ્તપદીમાં આ કન્યાની પ્રતિજ્ઞાઓ.

" मम व्रते ते हृदयं दधामि मम चित्तमनुचित्तं तेऽस्तु ।
मम वाचमेकमना जुषस्व प्रजापतिष्ट्वा नियुनक्तुमह्यम् ॥

"જે કન્યાના હૃદયને વર આમ' 'आलभन" કરે તે કન્યાનું વય પરિશીલન અને સંવનન યોગ્ય હોવું જોઈએ. તે પ્રતિજ્ઞા કરી કન્યા કહે કે આપણી પ્રીતિ થઈ ત્યારે વર કહે કે " તહારા હૃદયને મ્હેં આમ પ્રાપ્ત કર્યું છે તેવું નિત્ય હો !" પરિશીલન વિના આ કેમ થાય ? અથવા તો વધૂવર આમ બુદ્ધિપૂર્વક સત્ય ઉચ્ચારે તો તે જ પરિશીલક મદનની પરિપાકદશા. તે દશા પામ્યા વિના એ દશાના નામનો દમ્ભવિવાહ સંસારીઓ યોજે છે તેથી શુદ્ધ વિવાહ થતા નથી અને એવા વિવાહથી સંયોજિત સ્ત્રીપુરુષ દમ્પતી નથી. મધુરી, તહારા સામ્પરદ્રિક વિવાહ કાળે તહારી અશિક્ષિત બુદ્ધિની વઞ્ચના થઈ ગઈ, એવા વિવાહથી યોજાયલો પુરુષ તહારો પતિ નથી. જેને તને ભગવાન્ કામદેવે અર્પી છે ને જેની સાથે તહારો મનઃસંયોગ થયો છે તેની સાથે તહારી અલખ પ્રીતિ થઈ છે, તેની સાથે તહારો અલખ વિવાહ થયો છે, ને તે જ તહારા હૃદયનો અને હૃદય સાથે શરીરનો અધિકૃત ધર્મ્ય પતિ છે. તહારા પિતાએ કરેલું કન્યાદાન તો કેવળ વઞ્ચના છે."

કુમુદ૦—અન્ય કન્યાઓને માટે તેમ હો. પણ મ્હેં તો મ્હારી પ્રતિજ્ઞાઓ બોધપૂર્વક સાંભળી છે ને સ્વીકારી છે.

મોહની—તેમ હો. તો તહેં બે જણને પ્રતિજ્ઞાઓ આપી ગણવી. મધુરી, હું તને ભ્રષ્ટ કરવાને મથતી નથી. હું તને શુદ્ધ કરવાને મથું છું. અમ અલખમાર્ગી સાધુજન અલખ વિવાહ કરીએ છીએ. અમારાં સૂક્ષ્મ અલખ શરીરના ચેતનનું વિવહન પ્રથમ થાય છે અને તેવા વિવાહ પછી સ્થૂલ શરીર સ્થૂલ પ્રીતિ કરે છે. અમારો પરિશીલક મદન અને બીજદશા સમાપ્ત થતાં આ સૂક્ષ્મ વિવાહ થાય છે, તે પછી અમારાં દમ્પતીઓનાં અલખ જીવ અને સૂક્ષ્મ દેહ અલખ ભોગ ભોગવેછે અને ફલમાં અલખ આભ્યાસિકી પ્રીતિને પામે છે. કર્મપરંપરારૂપ સાહચર્યજીવનનો અભ્યાસ આ પ્રીતિને ઉત્પન્ન કરે છે અને એજ પ્રીતિથી પોષણ પામી નવા નવા અલખ કામભોગમાં પોષણ પામે છે. જ્યાં સુધી દમ્પતીનાં શરીર શીર્ણ થતાં નથી ત્યાં સુધી સ્થૂલ કામ પુત્રાયિત થઈ રહે છે, અને સૂક્ષ્મ કામ દમ્પતીનાં સૂક્ષ્મ દેહોને સૂક્ષ્મ ભોગમાં પ્રવૃત્ત કરે છે. એમાંથી એક સ્થૂલ દેહ શીર્ણ થતાં પુરુષ કિંવા સ્ત્રી સાધુજન એ શીર્ણ દેહને મરેલો ગણે છે પણ સૂક્ષ્મ દેહને અલખમાં લય પામી મુક્ત અને અમર થયો ગણે છે, અને એ અલખ દેહને પ્રત્યક્ષ ગણી સંસારી જનમાં વૈધવ્ય અને મૃતપત્નીક દશાનો મોહશોક થાય છે તે અમારે

ત્યાં થતું નથી. વિવાહિત સાધુ, પતિનો અથવા પત્નીનો સ્થલ દેહ પડ્યા પછી, ફરી વિવાહ કરતા નથી એટલુંજ નહી પણ પોતાના પ્રીતિવિષયને અલખ રૂપે પ્રત્યક્ષ ગણી તેના ભોગનું આસ્વાદન કરે છે અને એની સૂક્ષ્મ પ્રીતિ અવ્યભિચારિણી રહે છે. મધુરી, સંસારી જનો પેઠે અમારી વિધવાઓ કરકંકણનો કે સુન્દરવેશનો નાશ કરતી નથી; પણ અલખ પતિને પ્રત્યક્ષ માની, સર્વ સુન્દરતાનુ સંરક્ષણ કરી, ઋિન્દુમતીના જેવા અલખભોગનું અને અલખપ્રીતિનું સતત સુધારસવાદન અમો કરીયે છીએ. મધુરી, પ્રત્યક્ષ પ્રમાણ જો—આ કંકણધર હસ્ત!"

પોતાનો હસ્ત લંબાવી તેમાંનું કંકણ કુમુદને પ્રફુલ્લ અભિમાનથી અને આનંદથી દર્શાવતી મોહની પ્રેમાવેશમાં આવી ઉભી થઈ, અને નેત્ર મીંચી બોલવા લાગી.

"મધુરી, મ્હારા ઇષ્ટ સખાનો સ્થૂલ દેહ પડ્યો છે પણ આ સ્થૂલ ચક્ષુ "બંધ કરેછું ત્યાં મ્હારા એ સખાનાં અલખ સ્વરૂપને અન્તશ્ચક્ષુથી પ્રત્યક્ષ "કરી તે સૌભાગ્યથી આ કંકણ રાખું છું—અનાહત નાદ જેવો એનો "અલખ સ્વર મ્હારા શ્રવણપુટમાં આવે છે—તેની સંમતિથી આ સ્થૂલ "નેત્ર ઉઘાડું છું."

આટલા પતિભોગથી વિધવા મોહનીના નેત્રમાં આનંદાશ્રુ આવ્યાં હતાં તે લ્હોતી લ્હોતી એ કુમુદ પાસે બેઠી અને બોલવા લાગી.

"મધુરી, અલખ પ્રીતિ જ સત્ય છે, અને તેવી ધર્મ્ય સુન્દર પ્રીતિ તમારે નવીનચંદ્ર જેવા મહાત્મા સાથે શુદ્ધ પરિશીલનથી થઈ છે તે જ તમારો વિવાહ; અને અન્ય વિવાહ તો તમારી વઞ્ચના થઈ છે. એ વઞ્ચનામાંથી હવે તું મુક્ત થઈ, અને તમારી અલખ અને લખ સુન્દરતાનો અધિકારી તમારા યોગની વાસના રાખે છે એવું તું જાણે તો તેટલા જ્ઞાનથી તમારી સંપ્રત્યયાત્મિકા પ્રીતિ સૂર્યની કાંચળી પેઠે સ્વતઃ શીર્ણ નહી થાય? શું તમારા શુદ્ધ ભાગ્યોત્કર્ષનો પ્રવાહ તું દેખતી નથી?"

કુમુદ—તમે કહો છો એવો ભાગ્યોદય આ અવતારમાં તો હું ઇષ્ટ ગણું એમ નથી. તમારી વર્ણવેલી પ્રીતિને મ્હારું હૃદય પૂજે છે. એવી પ્રીતિ મ્હારા ભાગ્યમાંથી આવેલી ગઈ, અને હવે તો આ દગ્ધ જીવનું શરીર દગ્ધ થાય તેટલો કાળ આથડવાનું બાકી છે તે ચંદ્રાવલીમૈયાના વિરાગ બોધથી શાંતિ પામી આથડી લેઇશ.

નિરાશ અને શાંત થઈ, અશ્રુ રોકી કુમુદ બોલી.

મોહની—પણ તે શા માટે? નવીનચંદ્ર પ્રતિ તહારે શું કાંઈ ધર્મ નથી? સંસારી જનોએ કરેલી તહારી વિવાહવંચનાએ શું એ ધર્મમાંથી તને મુક્ત કરી?

સ્થિર સ્વરે કુમુદ બોલી:-ધર્મ--અધર્મનો વિચાર મને હવે સ્પષ્ટ થતો નથી. પણ મ્હારી વિવાહવંચના થઈ નથી. મ્હારી વિવાહ-પ્રતિજ્ઞાઓ મ્હેં બોધસહિત કરી છે; તેના અર્થગામ્ભીર્યનું પ્રમાદથી મ્હેં મનન ન કર્યું, પણ જેને એ પ્રતિજ્ઞાઓ આપી તે સાથે અસત્યવાદિની તો હું નહીંજ થાઉં. તેમાં તમારા મુખમાંથી એ પ્રતિજ્ઞાઓના મન્ત્ર આજ આમ સ્પષ્ટ સાંભળીને તો હું એટલો નિશ્ચય કરું છું કે આ શરીર એ પતિને પરાયણ રહેશે. મોહનીમૈયા, આ પાસેની બોમાં ભરેલા અન્ધકારના ઉપર ચ્હડી ચન્દ્ર જેમ આવો પ્રકાશ ભરે છે તેમ તમારા બોધ મ્હારા હૃદયમાં આજ શાંત મંદ પ્રકાશ ભરે છે, અને તેથી હું બે વાનાં પ્રત્યક્ષ કરું છું. પ્રથમ તો બોની બ્હારના સ્પષ્ટ સુન્દર પ્રકાશમાં ન્હાતી આ આકાશમાંની અને પૃથ્વી ઉપરની સૃષ્ટિ જેવી તમ સાધુજનની સ્વતંત્ર પવિત્ર સુન્દર પ્રીતિસૃષ્ટિ જોઉં છું. પછી આ બોને મુખે આ જાળીમાં કેદ થયેલી મ્હારી આંખ, બ્હાર, બોમાં, અને આ સ્થાનમાં જુદી જુદી સ્થિતિ જુવે છે તેવી જ મિશ્ર ગતિવાળા મ્હારા અનેક પ્રીતિપ્રવાહોને જોઉં છું—પણ આ બ્હારના પ્રકાશમાં ન્હાવાનો અધિકાર આ જાળીમાં રહેલા પ્રાણીને નથી તેમ મ્હારા ચંદ્રના પ્રીતિપ્રવાહમાં ન્હાવાનો અધિકાર આ પ્રતિજ્ઞાજાળીમાં બેઠેલી હું છું તેને નથી.

મોહની૦—આ મધુરતમ વાક્યોપાસે હું નિરુત્તર છું. મેધાવિની, અલખ મતના કામશાસ્ત્રમાં મને નિરુત્તર કરનારી તું મળી. પણ આ જાળીબ્હાર તને કાયે માર્ગે કેવી રીતે લેવી અને અલખ પ્રીતિનો આનન્દ તને કેમ અપાવવો એ શોધ હું હજી કરીશ.

કુમુદ—તમે એ શોધ કરશો તો પણ આવા પવિત્ર વૈરાગ્ય પામેલા મ્હારા ચન્દ્રને હું મ્હારા યોગથી ગ્રસ્ત થયો જોવા ઇચ્છતી નથી.

મોહની—તે ઇચ્છા પુરવી ન પુરવી એ તો અલખનું કામ છે-તહારું નથી.

કુમુદ—ભલે, પણ જેને હું મ્હારું કલ્યાણ ગણતી નથી તેનો લાભ મને અપાવવા તમારે શા માટે આટલો આગ્રહ ધરવો?

મોહની—અલખનું કામશાસ્ત્ર જાણનારી મોહની તહારી અલખ વાસનાઓ વધારે સમજી શકશે.

કુમુદ—મ્હારી વાસના મ્હેં તમને કહી દીધી.

મોહની—ત્હારી આભિમાનિકી વાસના કેઈ અને આભ્યાસિકી કેઈ, લગ્નવાસના કેઈ અને અલખ વાસના કેઈ, એ વિષય સમજવામાં અલખનું કામશાસ્ત્ર જે અપૂર્વ દૃષ્ટિ આપે છે તે વડે સર્વ મ્હારે જાતે સૂક્ષ્મબુદ્ધિથી જોઈ લેવું પડશે. મધુરી, ત્હારી જિવ્હા ઉપર જે હૃદયમાધુર્ય લખરૂપે વિલસે છે તે પણ હું જોઉં છું, અને ત્હારી હૃદયશય્યામાં જે અલખ માધુર્ય છે તે પણ હું જોઉંછું. એ લખ માધુર્ય અને અલખ માધુર્ય પરસ્પર સંયુક્ત હોવા છતાં પરસ્પરથી ભિન્ન છે. હું તે ઉભય માધુર્યમાંથી મધ લેઈ મધપુડો રચીશ અને તેમાનું મધ તને આસ્વાદન માટે આપીશ.

પ્રકરણ ૧૯.

મધુરી માટે મધુરી ચિન્તા.



કુમુદની કથા થોડાક અવસરમાં—થોડીક ઘડીઓમાં—પરિવ્રાજિકામઠમાં અને વિહારમઠમાં સુપ્રસિદ્ધ થઈ ગઈ. સંસારધર્મ અને અલખ ધર્મ એ ઉભયના મિશ્રણથી એક જીવનમાં જીવાયલાં બે વિવાહવાળાં જીવનની કથા સર્વ સાધુજનોને ચમત્કાર ભરેલી લાગી અને તેને માટે અનેક શાસ્ત્રાર્થ અને અનેક ચર્ચાઓ આ ઉભય મઠમાં થવા લાગી. આ સંબંધમાં મધુરીના નામ સાથે નવીનચંદ્રજીનું નામ પણ ગવાયું, પરંતુ મધુરીની સાથેનું એનું વર્તન અધર્મ્ય ગણાયું. તેમ જ બીજી રીતે વિષ્ણુદાસ સ્વામીનો એના ઉપરનો પક્ષપાત વધારે ઉચિત ગણાયો. આટલી વાતમાં સર્વ એકમત થયાં. ચર્ચાનો વિષય માત્ર એટલો જ રહ્યો કે અલખ સંપ્રદાય પ્રમાણે આ બે પ્રેમી જીવનનો યોગ કરાવવો, કે ન કરાવવો અને કરાવવો તો કેવા વિધિથી કરાવવો.

કુમુદ સાધ્વીઓમાં રાત્રે સુતી. થોડી વાર તેને સરસ્વતીચંદ્રના વિચાર થયા અને આંખ ઘડીમાં મીંચાય ને ઘડીમાં ઉઘડે. એની બેપાસ મોહની અને બંસરી સુતાં હતાં તે એના ઉપર અને એના મુખ ઉપર ઉંચાં થઈ દૃષ્ટિ નાખતાં હતાં અને પાછાં સુઈ જતાં હતાં.

પ્રાતઃકાળે સરસ્વતીચંદ્રને સાધુવેશમાં જોઈ કુમુદના ચિત્તને અત્યન્ત ધક્કો લાગ્યો હતો. બ્યા મઠમાં સાંભળેલી વાતોથી એ ધક્કો જતો રહ્યો અને

એના મનનો કેટલોક ભાર પણ જતો રહ્યો. તે કંઈક સ્વસ્થ થઈ સુતી. પણ નેત્ર મીંચાય ત્યાં પ્રાતઃકાળનું ચિત્ર પ્રત્યક્ષ થાય અને ઉઘડે ત્યાં વિચાર સુઝે.

" આવા પુરુષ ત્યાગી હોય તે સારું કે સંસારી હોય તે સારું ?" " એ સંસારમાં હોય તો કેટલા પ્રાણીનું કેટલું કલ્યાણ કરી શકે? હું તો ભાગ્યહીન છું તે છું પણ આવું રત્ન આ ભસ્મમાં અદૃશ્ય થાય તે તો અનિષ્ટજ !" " હું હવે તેમને શું કહેવા કથવાની હતી ? " " અરેરે ! જેમની ભવ્ય સુન્દર આકૃતિ પ્રાતઃકાળના ચંદ્ર જેવી નિસ્તેજ થઈ ગઈ છે— અંહી તેમને આવું ખાવાપીવાનું અને આવાં સ્થાનોમાં સુઈ રહેવાનું—એવા કષ્ટ તપમાં તો શરીર આમ સુકાય જ ! " "—પણ તેમના મુખની આનન્દમુદ્રા તો એવી ને એવી જ છે." " સહુએ તેમને બોલાવવા પ્રયત્ન કર્યો ન કર્યો થયો!" " મિતાક્ષર—તે પણ આગ્રહી સાધુજનની ચતુરતાએ કહાડાવ્યા." " નક્કી, એમનો શોકશંકુ ઉંડો છે. ઉડો ઉંડો પણ છે!" " તેમણે નક્કી મને ઓળખી !" થોડી વારમાં તેના નયન પાસે પ્રિય મૂર્ત્તિ ઉભી થઈ તે જોતી જોતી કુમુદ સ્વપ્નવશ થઈ. સ્વપ્નમાં લવી.

[1] " त्वत्स्नेहसंविदवलम्बितजीवितानि
किंवा मयापि न दिनान्यतिवाहितानि ॥"

મોહની અને બંસરી બેઠાં થઈ સાંભળવા લાગ્યાં. ફરી તે લવી.

[2] " शोकशङ्कुः
मर्माणि कृन्तन्नपि किं न सोढः ॥ "

મોહની ધીમેથી બંસરીને કહેવા લાગી: " બંસરી, અલખના કામતંત્રમાં કહી છે તે गुह्या सेयं परंपरा. "

બંસરી—" હા, એમજ—

[3] " देहादाभ्यन्तरा लज्जा लज्जास्वाभ्यन्तरं मनः
ततः कामस्ततो भाषा गुह्या सेयं परंपरा ॥"

મોહની—" માધવે કહી હતી તેવી જ આ અવસ્થા.

---

૧. ત્હારા સ્નેહના જ્ઞાનથી મ્હારા જીવનને ટેકવનાર કેટલા દિવસ મ્હેં પણ નથી ગાળ્યા ?—ભવભૂતિ.

૨: મમને કાપતા શોકશંકુને પણ મ્હેં શું વેઠ્યો નથી ?—ભવભૂતિ.

૩. દેહથી આભ્યંતર લજ્જા, લજ્જાથી આભ્યંતર મન, તેથી કામ, ને તેથી ભાષાઃ—આવી ગુફામાંની ગુફા એ મુગ્ધામાં હોય છે.

"[1] वयोऽवस्थां तस्याः शृणुत सुहृदो यत्र मदनः
प्रगल्भव्यापारश्चरति हृदि मुग्धश्च वपुषि॥"

છેટે ચરણસંચાર સંભળાયો. ભક્તિમૈયા અને વામની મઠનાં આવ્યાં. મોહની અને બંસરી સામાં આવ્યાં.

"સર્વ વ્યવસ્થા થઈ ગઈ:" વામની બોલી.

ભક્તિ૦—વિહારમઠના કુઞ્જવનમાં યમુનાકુંડ પાસે મંડપ બંધાશે. ત્યાં ચંદ્રોદયકાળે રાસલીલા આરમ્ભાશે. તે પહેલાં સાયંકાળે ગુરુજી સર્વ સાધુમંડળની નિરીક્ષા કરી લેશે. નવીનચંદ્રજી ગુરુજી સાથે ફરવા નીકળશે. રાસલીલામાં તેમનું આકર્ષણ કરવાનું બાકી છે. મધુરીમૈયાને ક્યાં ક્યાં લેવી તે વિચારવાનું છે.

મોહની—તમે ધારોછો તેવું સુલભ કામ નથી.

બંસરી—સંસારે બનાવેલી સંપ્રત્યયાત્મ પ્રીતિની પ્રતિજ્ઞા તેની અલભ્ય પ્રીતિને ફળવા દે એમ નથી.

મોહની—તમારી ભુલ છે. એવાં બન્ધન માલતીએ તોડ્યાં હતાં ને મદયન્તિકાએ પણ તોડ્યાં હતાં.

ભક્તિ૦—એ બન્ધનમાં એને રાખવી કે ન રાખવી એ વિચાર શ્રી અલભ્ય ભગવાનનો છે. આપણું કામ એટલું છે કે તપ્ત લોહને તપ્ત લોહનો યોગ કરાવવો: तप्तेन तप्तमयसा घटनाय योग्यम्[2]. આપણાં હૃદયે ધારેલો યોગ અનવસર હોય તો મન્મથ અનંગ જ રહેશે અને શરીર ધરી રતિને નહી વરે.

મોહની—તે તો અવતાર ધરી ચુક્યો છે.

ભક્તિ—તેણે અવતાર ધર્યો છે કે નહી તે તો તેને અવતાર આપનાર શ્રી યદુનન્દન જાણે. તું અને હું ન જાણીયે.

બંસરી—ત્યારે આપણું કર્ત્તવ્ય શું?

ભક્તિ—દૃષ્ટિ પડે અને સત્ય જણાય તે પછી જ ધર્મ જણાય. નવીનચંદ્રજીને મધુરીની અવસ્થા વિદિત થાય તે પછી તેના હૃદયમાં શું લખ થાય છે તેનાં આપણે સાક્ષી થવું. તેમની બેની વાસનાઓ આપણને લખ થાય

---

૧. સાધુ સુહૃદયવાળી તે પ્રિયાના વયની અવસ્થા શુણો! એના હૃદયમાં મદન પ્રગલ્ભપણે પોતાના વ્યાપાર ચલવ્યો જાય છે અને એના શરીરમાં મુગ્ધપણે સંતાઈ રહેછેઃ ભવભૂતિ.

૨. કાલિદાસ. "તપેલા લોહ સાથે તપેલું લોહ ઘટાવવું યોગ્ય છે.

તે પછી વિચાર કરવો કે તેમનો સુન્દર યોગ કરાવવા દૂતીધર્મ પાળવો કે તેમને શાન્ત વૃત્તિ પમાડવા અલખ પરમાત્માનું બોધન કરવું.

મોહની—ભક્તિમૈયા, બહુ જ સૂક્ષ્મ દૃષ્ટિથી કહ્યું. ગુરુજી નિરીક્ષા કરવા આવે ત્યારે નવીનચંદ્રજી મધુરીનું અભિજ્ઞાન પામે એવો યોગ રચવો; અને રાસલીલાને અવસરે નવીનચંદ્રજીની વાસના દૂરથી જાણી લેવી અને તે પ્રમાણે પછીનો વિચાર કરવો.

ભક્તિ૦—યોગ્ય છે.

બંસરી—પણ મધુરીની ગુહાપરંપરામાં પ્રવેશ પામવો શી રીતે? સમ્પદીની લખ પ્રતિજ્ઞા અને પરિશીલનના સમાવર્ત્તનની અલખ પ્રતિજ્ઞા વચ્ચે ખેંચાતી મધુરીમૈયાના વીંધાતા મર્મ કેઈ વાસનાથી શાન્ત થશે તે પ્રથમ જાણવું વધારે આવશ્યક નથી?

ભક્તિ—એ પણ સત્ય છે.

મોહની—તેનો વિચાર કરવાને આખી રાત્રિ છે.

વામની૦—પેલી બારીએ તાળું વાસ્યું છે?

મોહની૦—કેમ?

વામની૦—નિરાશ હૃદયનું પ્રેરેલું શરીર સમુદ્રમાંથી બચ્યું તેને આ બારીબ્હાર પડવાનો પણ માર્ગ છે.

બંસરી૦—હવે તે હૃદય નિરાશ નથી.

ભક્તિ૦—ના. પણ ઠીક કહ્યું. ચન્દ્રાવલીનું મૂર્ત્ત હૃદય આજે આપણે આણેલું છે. વામની, જા, તાળું વાસી આવ.

વામની તાળું વાસવા ગઈ.

સર્વ સ્ત્રીઓએ કુમુદની આશપાશ ધાબળીઓ પાથરી અને સુતી.

નિદ્રાવશ થતી થતી વામની બોલી.

"ભગવન્ મન્મથ! અલખનાં લખ રૂપ કેટલાં છે? મનુષ્યાવતારનાં હૃદયને ઉદ્ધાર આપવાનાં સ્થાન કેટલાં છે? પણ શ્રી અલખની ઇચ્છા એવી છે કે યુવજનનો પક્ષપાત તો તહારા ઉપરજ થાય!

[1]"कति कति न वसन्ते वल्ल्यः शाखिनो वा
"किसलयसुमनोभिः शोभमाना बभूवुः ॥

---

૧. વસન્ત ઋતુમાં કેટલી કેટલી વેલીઓ ને કેટલા કેટલા વૃક્ષ કળીઓથી અને પુષ્પોથી શોભિત ન થયાં? પણ યુવાનોને અને યુવતિઓને હલાલો તો અભિનવ કલીયોના ભારથી લચેલો માત્ર એક રસાલ (આંબો) જ થયોઃ (અપ્રસિદ્ધ.)

" तदपि युवजनानां प्रीतये केवलोऽभूत्
" अभिनवकलिकालीभारशाली रसालः ॥"

બંસરી—"રસાલોપમ રસાલ ભગવન્ સ્વયંભૂ મન્મથ! તહારો અવતાર જગતને સર્વાંગથી કલ્યાણકારક છે.

" आधिश्रियाने त्वमसि भवतः पल्लवचयो
" धुरीणः कल्याणे तव जगति शाखाः श्रमहराः ॥
" मुदे पुष्पोल्लेखः फलमपि च तुष्टयै तनुभृतां ॥
" रसाल त्वां तस्माच्छ्रयति शतशः कोकिलकुलम् ॥"[1]

મોહ૦—સંસારે લેવડાવવી હોય તેટલી પ્રતિજ્ઞાઓ તે લેવડાવે. પણ યુવજનનાં હૃદયમાં સત્તા તો જેની છે તેની જ છે. મધુરી, તહારો ઉદ્ધાર તો એ દેવના અર્ચનમાં જ છે.

ભક્તિ૦—" આવી સુન્દર સુકોમળ દેહલતિકાને આવાં આવાં દુસ્તર સ્થાનોમાં ખેંચી લાવનાર પવન જેવા ભગવન્ મદન!

" हारो जलार्द्रवसनं नलिनीदलानि
" प्रालेयसीकरमुचस्तुहिनांशुमासः ॥
" यस्येन्धनानि सरसाणि च चन्दनानि
" निर्वाणमेष्यति कथं स मनोभवाग्निः ॥"[2]
" प्रासादीयति वैणवादिगहनं दीपीयति द्राक्तमः
" पर्यङ्कीयति भूतलं दृषदपि श्लक्ष्णोपधानीयति ॥

---

૧. હે રસાલ! ઉદ્યાનમાં શ્રીમાન તું છે, તહારો પલ્લવસમૂહ કલ્યાણમાં ધુરીને સ્થાને--અગ્રે-છે, તહારી શાખાઓ જગતમાં શ્રમહર છે; તહારાં પુષ્પોનો ઉલ્લેખ પ્રમોદ—આનન્દ-આપનાર છે; તહારું ફળપણ શરીરધારીઓને તુષ્ટિ—સંતોષ—આપનાર છે; માટે જ, ઓ રસાલ, કોકિલોનાં ટોળાં સેંકડો સંખ્યાબંધ તહારો આશ્રય શોધે છે. (અકીર્ણ)

૨. હાર, જળથી ભીનાં વસ્ત્ર, કમળપત્ર, બાકળના છાંટા વર્ષાવનાર ચંદ્રકિરણ, અને સરસ ચન્દનઃ એ જેનાં કાષ્ઠ છે તે મદનરૂપ અગ્નિ કેવી રીતે હોલાવાનો હતો? (બાણ)

૩ કામદેવનો મહિમા કેવો નમસ્કારયોગ્ય છે? તેનાથી વાંસનું વન મ્હેલ જેવું થાય છે, અંધકાર એકદમ દીવા જેવો થાય છે. પૃથ્વીનું તળીયું પલંગ જેવું થાય છે, પત્થર પણ સુંવાળા ઉશીકારૂપ થાય છે, કચરો કસ્તુરી થાય છે, ને બીજું શું કહીયે? જે કામદેવના દૃષ્ટિપાતથી રસાવિષ્ટ યુવકયુગલ આવા ચમત્કાર—પરતા—અનુભવે છે તે દેવને નમસ્કાર કરવા યોગ્ય છે. (અકીર્ણ).

" कस्तूरीयति कर्दमः किमपरं यूनो रसाविष्टयोः
" येनालोकितयोः स वन्द्यमहिमा देवो नमस्यः स्मरः ॥ "

સર્વને ઉત્તર દેતી હોય તેમ કુમુદ લવી.

[1] " जलधर जलभरनिकरैरपहर परितापमुद्धतं जगत :
" नो चेदपसर दूरं हिमकरकरदर्शनं वितर ॥

મોહની—" ભક્તિભૈયા, નવીનચંદ્રજી પાસે કોઈ એવી દૂતીને મોકલો કે તે તેને સ્પષ્ટ સમજાવે કે,

[2] " वितर वारिद वारि दवातुरे
" चिरपिपासितचातकपोतके।
" प्रचलिते मरुति क्षणमन्यथा
" क्व च भवान् क्व पयः क्व च चातकः ॥ "

નિદ્રામાં ને નિદ્રામાં હા ભણી ભક્તિભૈયા શાંત નિદ્રામાં પડી.

પ્રકરણ ૨૦.

સખીકૃત્ય.*

" Silence in love bewrays more woe,
" Than words, though ne'er so witty."
Sir W. Raleigh.



તઃકાળ થયા પ્હેલાં પરિવ્રાજિકામઠનું સર્વ મંડળ જાગૃત થઈ ગયું હતું અને દંતધાવન (દાતણ) અને પ્રાતઃસ્નાન સર્વેયે સૂર્યોદય પ્હેલાં કરી લીધાં. ધોયેલાં ભગવાં વસ્ત્ર પ્હેરી સર્વ સાધુસ્ત્રીઓ પોતપોતાના પ્રાતઃ—કર્મમાં ભળી ગઈ. ભક્તિભૈયા વગેરે આપણું ઓળખીતું મંડળ " મધુરી "ને લેઈ વિહારમઠના કુઞ્જવનોમાં જવા

---

૧. હે જલધર મેઘ! ગમે તો પાણીની મુસળધારે વર્ષાવી જગતના ઉદ્ધત પરિતાપને હર! અને તેમ તું ન કરે તો દૂર જતો રહે અને ચંદ્રકિરણનાં દર્શન કરવા દે. (ચન્દ્રકવિ)

૨. હે મેઘ! દવાગ્નિએ આતુર કરેલું આ ચાતકનું બચ્ચું ઘણા કાળથી તૃષિત છે ને પાણી ઝંખે છે તેને તું પાણી આપ. જો તે હાલ તું નહી આપે તો પક્ષી સંસારના સંયોગ ક્ષણભંગુર છે, અને આ પવન વાઈ રહ્યો છે. તેથી ક્ષણમાં તું ક્યાં, તહારું પાણી ક્યાં? અને આ ચાતક ક્યાં?—એવું થઈ જશે! (પ્રકીર્ણ)

* वैश्वासिकाज्जनाद्रहसि प्रयोगाञ्छास्त्रमेकदेशं वा स्त्री गृह्णीयात् ॥—

નીકળ્યું અને રાત્રે ત્યાં રચવા ધારેલી રાસલીલા વગેરેની પરિપાટી[1] ત્યાંનાં મંડળ પાસેથી જાણી લેવા લાગી અને કુમુદને સમજાવવા લાગી.

પર્વતના એક મહાન્ શૈલને મથાળે પૂર્વરાત્રે ચન્દ્ર પરિપૂર્ણ પ્રકાશ નાંખી શકે અને દક્ષિણના અને પશ્ચિમના પવન આવી શકે એવે સ્થાને એક ખુલ્લો ચોક હતો. ત્રણે મઠ કરતાં એ સ્થાન ઉંચું હતું. ત્રણે મઠોઉપર ત્યાંથી દૃષ્ટિ પડતી અને મઠોમાંથી આ સ્થાન દેખાતું. તેની વચ્ચોવચ એક મહાન્ કદમ્બ વૃક્ષ રોપેલો હતો અને ચારેપાસ છેટે છેટે નહાના પણ રમણીય સુવાસિત પુષ્પના રોપાઓ પોષીને ઉછેર્યા હતા. ચોકની ચારે પાસ મનુષ્ય જઈ શકે નહી એવાં નહાનાં પણ ઉંચાં ઉભાં શૈલાગ્ર હતાં અને પૃથ્વીઉપર અપ્રસિદ્ધ પણ અનેકરંગી સુન્દર પક્ષિયો ત્યાં બેસતાં, માળા બાંધતાં, અને મધુર કોમળ ગાન કરી રહેતાં. આ ચોક ઉપર મધ્યે યમુના-કુંડ હતો ત્યાં આગળ રાત્રે રાસલીલાની યોજના હતી. સમુદ્રનો પટ ત્યાંથી શુદ્ધ દેખાતો અને એના તરંગની લેખાઓ અને તેમાંના ફીણના ચળકાટ કોઈ ગૌર યુવતિના ઉદરભાગની રોમાવલીઓ જેવા આટલે છેટેથી લાગતા હતા. એ ભાગ ઉપર દૃષ્ટિ નાંખી સહુ ઉભાં અને એ સૃષ્ટિની સુન્દરતાની સ્તુતિ કરવી તે એ સુન્દરતાના ઉપભોગમાં વિઘ્ન જેવી લાગી. સર્વ બોલ્યાચાલ્યા વિના, હાલ્યા વિના, કેટલીક વાર માત્ર સમુદ્રનાં અને આકાશનાં દર્શન કરી રહ્યાં અને શાંત આનંદ તેમનાં હૃદયમાં પવનની પેઠે પેસવા લાગ્યો.

આ શાન્તિ વામનીએ તોડી.

"મધુરીભૈયા, સમુદ્રની લહરી અને તે ઉપર થઈ આવતા આ પવનથી તને આનંદ થતો દેખાતો નથી! તને એ રમણીય પદાર્થોથી કંઈક ઉલટી જ અસર થાય છે."

કુમુદ—એ સમુદ્ર મ્હારા ભૂતકાળનું સ્મરણ કરાવે છે. મ્હારા હૃદયના સ્વામીએ મને ચન્દ્રિકાની ઉપમા આપી અને પોતાને સમુદ્રની ઉપમા આપી જુહું જુહું લખ્યું હતું કે સમુદ્રના તરંગ ઉછાળવાની શક્તિવાળી

आचार्यास्तु कन्यानां प्रवृत्तपुरुषसंप्रयोगा सहसंप्रवृद्धा धात्रेयिका तथाभूता वा सखी सवयाश्च मातृश्वसा विस्रब्धा तत्स्थानीया वृद्धदासी पूर्वसंदृष्टा वा भिक्षुकी स्वसा च। विश्वासप्रयोगात् ॥ કન્યાએ કામતંત્રનો ઉપદેશ કેવાકેવા ગુરુપાસે લેવો તેમને આમાં ગણાવ્યા છે. એવો ઉપદેશ કરવાનો "સખી" ને અધિકાર એમાં અપાયો છે.

૧. કાર્યક્રમ. Programme.

ચન્દ્રિકાને ધન્ય છે. ચન્દ્રિકા દેખાતી નથી અને સમુદ્ર તો જાતે જ ઉછળ્યાં કરે છે.

વામની—ચન્દ્રિકાના યોગથી તે વધારે ઉછળશે.

કુમુદ—એ ચન્દ્રિકા ઉદય પામશે. અમારી ચન્દ્રિકા તો શિવજીના જટાજૂટમાં ડબાઈ ગઈ છે.

બંસરી—અલખ મદનની નટકળા એ સંતાયલી ચંદ્રિકા અને ગંભીર સમુદ્ર ઉભયને સર્વાવસ્થામાં વશ કરનારી છે.; માટે મુગ્ધ મધુરી, એ નટકળા અમાવાસ્યાએ પણ સમુદ્ર પાસે પરોક્ષ ચન્દ્રિકાનું સ્મરણ કરાવે છે. તહારા હૃદયની ભીરુતા તને અવિશ્વાસથી કંપાવે છે. પણ તમારાં જેવાં હૃદય-યુગના યોગ મ્હેં ઘણા દીઠા છે.

કુમુદ—જેને નિરાશા જ પ્રિય છે તેને વિપરૂપ આશા આપવાનો પ્રયત્ન શા માટે માંડો છો?

વામની—તું શું એમ સમજે છે કે નવીનચંદ્રના હૃદયમાંથી પારા પેઠે તું સરી ગઈ છે? મુગ્ધ મધુરી, મ્હેં તમારું તારામૈત્રક સ્પષ્ટ દીઠું છે—જેવો તહારા નેત્રમાં રાગ હતો તેવો જ તેનામાં હતો. શું તું એમ કહી શકે છે કે આ મહારું બોલવું અસત્ય છે?

કુમુદના હૃદયકીલ્લા ઉપર આ પ્રશ્ને સકળ છાપો માર્યો. તેને ગઈ કાલનું ભાન આવ્યું, પોતાની અંતર્દશા અન્યજનને પારદર્શક થઈ લાગી, એ પ્રશ્નનો પ્રત્યુત્તર કરાયો નહી, તે ખિન્ન થઈ, લજ્જાવશ થઈ, અને નીચું જોઈ રહી.

વામની—" શા માટે લજવાય છે? શા માટે કર્ત્તવ્યસિદ્ધિમાં શંકિત રૂહે છે? અમે તહારું સખીકૃત્ય કરવા તૈયાર છીએ. અમે તહારું દૂતીકૃત્ય કરવા તૈયાર છીયે. તહારા ઇષ્ટજનના હૃદયવીશે તો રજ પણ શંકા રાખીશ નહી. મ્હેં તેનાં નયન ધ્યાનથી જોયાં છે. આ ગિરિરાજઉપર તહારા ચરણ મ્હડતા જોઈ તેને નકકી નવી આશા આવી છે તે મ્હેં જાણી. શાથી જાણી? મ્હેં તે જનને જોયો તેથી જાણી. તેને કેવો જોયો?—

* राधावदनविलोचनविकसितविविधविकारविभंगम्
जलनिधिमिव विधुमंडलदर्शनतरलिततुङ्गतरङ्गम्

---

* "ખળભળી રૂહે જ્યમ ઊર્મિ અનંકથી સાગર શશી ઝળકંતાં,
ત્યમ પ્રિયવદનની અળપઝળપથી જ વિધવિધ ભાવ ભ્રમંતાં
નીરખ્યા રસમય હરિને રતિ તલસંતા."
ગીતગોવિન્દ (રા. કે. હ. ધ્રુવના ભાષાંતર) ઉપરથી.

हरिमेकरसं चिरमभिलषितविलासम् ।।—

—એવો તહારા ઇષ્ટ જનને મ્હેં તેના દૃષ્ટિપાતથી જોઈ લીધો છે. માટે આશા નિરર્થક ગણી એસી રૂહેવું એ તને યોગ્ય નથી. તહારો ઇષ્ટ આવા જલનિધિ જેવો જ છે ને તું તેની ચંદ્રિકાજ છે તે તેણે તને જ પ્રથમ કહેલું હતું તે હજીય સત્ય છે."

કુમુદ કંઈક સ્મિત કરી બોલી " વામનીભૈયા, તમારા કામતન્ત્રના સંપ્રદાય નથી મને આવડતા ને નથી મ્હારા ચંદ્રને. તમે કહો છો કે કર્તવ્ય ભુલી એસી રૂહેવું નહી પણ અમ સંસારી જનને તો તે એસી રૂહેતાંજ આવડેછે. તમ સાધુજનનાં ઉચ્ચ જીવનમાં અમે ખારાં જળનાં મત્સ્ય ભળીયે તો અમારું મરણ થાય."

બંસરી— નિરાશાએ તહારી આશાનું આવરણ કરેલું છે. પણ સ્ત્રીઓની હૃદયગુહા ઉપર જેમ લજ્જાનો પટ છે તેમ પુરુષની હૃદયગુહા ઉપર ગમ્ભીરતાનો કર્કશ લાગતો પટ છે, તે પટ ફાડી નાંખીશ તો પછી તને જણાશે કે તેના આભ્યંતર ભાગમાં તેનો સત્ય અગ્નિકુંડ હોલાયો નથી. એ અગ્નિ તે એનો કામ, એની જવાળા તે એની ભાષા—એ સર્વ હાલ પ્રચ્છન્ન છે તે ઉઘાડ, એટલે ત્યાં તહારા હૃદયનો પ્રતિધ્વનિ સંભળાશે, તહારા હૃદયના બિમ્બનું પ્રતિબિમ્બ દેખાશે, અને તહારું હૃદય જેના પ્રતિબિમ્બરૂપ છે તે બિમ્બ પણ દેખાશે. તહારા અને એના હૃદયના મર્મગ્રન્થિ ગુંચવાયા છે તે તે કાળે ઉકલશે. માટે તેમ કરવાનો માર્ગ લે.

[1] " शृणु रमणीयतरं तरुणीजनमोहनमधुरिपुरावम्
कुसुमशरासनशासनवन्दिनि पिकनिकरे भज भावम् ।।
अनिलतरलकिसलयनिकरेण करेण लतानिकुरम्बम्
प्रेरणमिव करभोरु करोति गतिं प्रति मुञ्च विलम्बम् ।।

" તહારી પોતાની હૃદયગુહા પણ અનેક આવરણથી છવાઈ છે અને નવીનચંદ્રથી થયેલા અપ્રિયનો ડાઘ મધુરીના મધુર હૃદયના મર્મભાગમાંથી લ્હોવાતો નથી. તે લ્હોવાતો નથી અને પ્રકટ કરાતો નથી ત્યારે તહારી

---

૧. તરુણીજનમનમોહન મધુરી જો પૉયુ બંસી બજાવે;
મદનની આણ મંદે કોયલડી ગજવે શુણ, સહી, ભાવે.
ચંચલપલ્લવ પાણિથી તુજને પ્રેરે આ વનવેલી;
ભાટે મેલી વિલમ્બ, સસંભ્રમ ચાલ અપટ અલબેલી.
ગીતગોવિંદ.(રા.કે. હ. ધ્રુવ.)

જિવ્હા ઉપર અનેક નિમિત્તો ચઢી આવે છે તેથી તું જાતે પણ ઠગાય છે. પણ સત્ય વાત સાંભળી લે. અંતર્મા કોપેલી ચંડી ! સાંભળી લે ને કોપ ઉતારી શાણી થા.

" अधिगतमखिलसखीभिरिदं तव वपुरपि-रतिरणसज्जम्
चण्डि रसितरशनारवडिण्डिममभिसर सरसमलज्जम् ॥
स्मरशरसुभगनखेन सखीमवलम्ब्य करेण सलीलम्
चल वलयक्वणितैरवबोधय हरिमपि निजगतिशीलम् ॥ "

કુમુદે દીર્ઘ નિઃશ્વાસ મુક્યો. તેની આંખમાં પળવાર આંસુ આવ્યાં, પળવાર રતાશ ચહડી આવી, અને વળી આંસુ ઉભરાયાં. "બંસરીભૈયા, આ હૃદયના અગ્નિને તેના ભસ્મમાં છવાયલો જ રૂહેવાદો. તમને જે ક્રિયા માંગલિક અને સુખરૂપ લાગે છે તે મને અધર્મ્ય અને દુઃખરૂપ થઈ પડે છે— વિપરીત થઈ પડેછે. નક્કી, તમારા હૃદયમાં મ્હારી વિડમ્બના ધૃષ્ટ નહીજ હોય !"

સાધુસ્ત્રીઓને આ સાંભળી હસવું આવ્યું. પણ ભક્તિભૈયા દયા દર્શાવી બોલી.

"એટા મધુરી, સુખમાર્ગ દુઃખરૂપ લાગવાનાં ઘણાં કારણ હોય છે, અને સ્ત્રીયોને વિશેષ હોય છે. તેમાં તું જેવીમાં તો તે આમ અતિશયપણું પામે તેમાં કાંઈ નવાઈ નથી. આપણ સ્ત્રીજાતનાં હૃદય કોમળ કહીયે છીયે તે એટલા માટે કે તેમાં ઘાત પડતાં જેવી વાર લાગતી નથી તેવીજ તેમાંથી પ્રત્યાઘાત થતાં પણ વાર લાગતી નથી. તહારી પાસે સુખ દુઃખરૂપ થાય છે તેની ચિકિત્સા પણ અમારા શાસ્ત્રમાં છે. અને તહારે તેથી કોઈ જાતની ભીતિ રાખવી નહી. તેમજ અમે તો નવીનચન્દ્રજીના હૃદયમાં તહારે માટે પ્રેમ જ કલ્પીએ છીએ તેના પ્રેમનો તું તિરસ્કાર કરતી દેખાય છે તે પણ તિરસ્કાર નથી પણ તિરસ્કારાભાસ છે—એવી અમારી ચિકિત્સા છે.

" स्निग्धे यत्परुषासि यत्प्रणमति स्तब्धासि यद्रागिणि
द्वेषस्थासि यदुन्मुखे विमुखतां यातासि तस्मिन् प्रिये ॥

---

૧. ચણ્ડી! તું રતિરણધીરધુરંધર ધાયડમલ્લ ગવાયે ;
માટે રશનાદુંદુભિ દમકવી, ચલ, ત્યજી લાજ, ત્રિયા હે !
મન્મથમદભીણા મનમોહનને રસીલી ! રસભેરે
જગવ જગવ જઈને કરકંકણને રણકારે ઘેરે.
ગીતગોવિંદ. (૨૧. કે. ૬. ધ્રુવ.)

तद्युक्तं विपरीतकारिणि तव श्रीखण्डचर्चा विषम्
शीतांशुस्तपनो हिमं हुतवहः क्रीडा मुदो यातनाः ॥ "*

મોહની દયાર્દ્ર મુખ કરી પાસે આવી અને કુમુદને વાંસે હાથ ફેરવતી બોલી: " મધુરી, તહારી ચિકિત્સા અમે સશાસ્ત્ર કરી છે અને તહારું ઔષધ પણ સશાસ્ત્રજ કરીશું. તહારે અમારા ઉપર અને અમારા શાસ્ત્ર ઉપર શ્રદ્ધા રાખવી. જે સુખ અત્યારે નિરાશાથી તને દુઃખરૂપ થાય છે તે સુખસમયે પાછાં સુખરૂપ થશે. માટે મ્હારું કહ્યું માન, નવીનચન્દ્રજીના ત્યાગના વિચારનો ત્યાગ કર, અને આવશ્યક હશે અને તહારા પગ નહી ઉપડે તો અમે એ પુરુષને તહારી પાસે આણીશું એટલી—તેમની દયાર્દ્રતા ઉપર—અમારી શ્રદ્ધા છે.

** " हरिरभिसरति वहति मधुपवने
किमपरमधिकसुखं सखि भवने ॥
कति न कथितमिदमनुपदमचिरम्
मा परिहर हरिमतिशयरुचिरम् ॥
किमिति विषीदसि रोदिषि विकला
विहसति युवतिसभा तव सकला ॥
जनयसि मनसि किमिति गुरु खेदम्
शृणु मम वचनमनीहितभेदम् ॥
हरिरुपयातु वदतु बहुमधुरम्
किमिति करोषि हृदयमतिविधुरम् ॥ "

---

* રાગીશું અણરાગ ને વળગતા આવંતશું વામતા,
મીઠાશું કડુતા, તથા પૅડી પગે લોટંતશું રુસણાં,
રાખે ઉલટૉ; તે તુંને ઘટતું કે શીતાંશુ ભાનુ બને,
બાળે હિમ, વલોવતાં વળી ક્રીડાસુખો મુઝાવી તને! (રા. કે. હ. ધ્રુવના ભાષાન્તર ઉપરથી ગીતગોવિન્દ.)

** મધુનો પવન વહે, હરિ આવે!
શું સુખ, સખી, ઘરમાં પછી લાગે?
"હરિ સુન્દર છે, હરિને પરિહર માં!"
લવી કેટલું એ હું ગણતી તુજ પગલાં?
લવી એવું ઘડી ઘડી પ્રથમથકી હું!
હઠીલી! હઠ છોડી દે, સમજી નહી તું.
રોતી નિરાશ અનાથ તું શાને?
હસતી યુવતિ સહુ તુજને આજે!
ખેદ મહા મન લાવતી શો તું?
યોગ કરાવું! વચન મુજ શુણ તું.
મધુર મીઠું વદતા હરિ આવે!
એવું કરું! શીદ હૃદય ઝુરાવે?
ગીતગોવિન્દ.

કુમુદે કંઈજ ઉત્તર દીધેા નહી, પણ તેની આંખમાં આંસુની છાલકેા ઉભરાવા લાગી. સામેના સમુદ્રનાં મેાજાંની છાલકેા આં આંખેાને સુખ દેતી મટી અને એમાં કંઈક નવું સત્વ પ્રવેશ પામતું હેાય તેમ એ હૃદયને ધરનારીની આકૃતિ થઈ ગઈ. તેનું દુઃખ ઘટવાને બદલે વધતું જોઈ, આશાના ઉત્સાહને સટે મર્મસ્થાનમાંથી ઉભરાતેા ક્ષેાભ જોઈ, સાધુસ્ત્રીઓ દુઃખી થઈ. તેમને પેાતાની ચિકિત્સામાં દેાષ લાગ્યેા. અને ઔષધ તેા તે પછીનું જ. તેમને આ ગુંચવારેા થાયછે એટલામાં કુમુદને પાછળથી કેાઈએ ખેંચી. તેણે ચમકીને ઉંચું જોવા પ્રયત્ન કર્યેા. તે પ્રયત્ન સફળ થયાં પ્હેલાં તેા તેનું દુઃખી રેાતું મુખારવિંદ ચન્દ્રાવલીની વત્સલ છાતીમાં સમાઈ ગયું અને ચંદ્રાવલીના બે હાથ એના હૃદયને અને શિરને પેાતાની છાતી સરસા ચાંપવા લાગ્યા.

"દુલારી, મધુરી, દુલારી! મ્હારેા જીવ રહ્યેા નહી તે હું હવે આવી છું અને તહારા હૃદયની શાન્તિ પાછી આપીશું. મેાહનીમૈયા, તમારાં વચન મ્હેં સાંભળ્યાં છે. પણ આની ચિકિત્સા ઘણી વિકટ છે. એક પાસથી શુદ્ધ આભિમાનિકી અને આભ્યાસિકી પ્રીતિ એક ઉપર અને બીજી પાસથી બીજા ઉપરની સંપ્રત્યયાત્મિકા પ્રીતિ— અને એ ઉભયપ્રીતિ પણ કેવળ સ્થૂલ નહી પણ સૂક્ષ્મ—અતિસૂક્ષ્મ–છે. એના સંપ્રત્યયનું શું કરવું અને અભિમાન અને અભ્યાસનું શું કરવું એ તેા ચિકિત્સા પછીની વાત. એના સંપ્રત્યયનું રક્ષણ કરી, એના અભિમાન અને અભ્યાસને શાંત વિસ્મૃત કરાવી, શ્રી જગદમ્બાના કલ્યાણકારક હૃદયપાવન કૃપાપ્રસાદનું એને આસ્વાદન કરાવીશું તેા શું એને વૈરાગ્યનું શમસુખ પ્રાપ્ત નહી થાય?"

ચંદ્રાવલીનેા અને પેાતાની છાતીઓ વચ્ચેથી પેાતાના હાથ બ્હાર કૂહાડી ચંદ્રાવલીની કેડ પાછળ એ હાથ વીંટી કુમુદ બેાલી ઉઠી: "મ્હારે હવે એજ જોઈએ છીએ—ચંદ્રાવલી મૈયા, મ્હારે એ જ જોઈએ છીયે. જુવેા, આટલું સાંભળતાં મ્હારાં આંસુ ઉડી ગયાં." કુમુદ આધી ખસી અને ચંદ્રાવલીના સામું જોઈ વગર આસુએ જોઈ રહી.

મેાહની—ચંદ્રાવલી મૈયા, એની નાડી-પરીક્ષા તમે પુરી કરી નથી.

બંસરી—અમે એની હૃદયગુહામાં કંઈક ઉતરેલાં છીયે.

વામની—તમારી પરીક્ષા સત્ય હેાય તેા એટ છેાડી, યદુશૃંગ ઉપર આવવાની ઉતાવળી ઇચ્છા ન થાય.

કુમુદ—સર્વ આરેાપને પાત્ર છું, પતિત છું, પણ ઔષધ તેા એક જ ચન્દ્રાવલીમૈયાવાણું જોઈએ છીયે.

મોહની—તેની શક્તિ ક્યાં અને તહારી ક્યાં? જે ઔષધ એકથી છરવાય છે તે બીજાને મૃત્યુરૂપ થઈ પડે છે.

ચંદ્રાવલી—મધુરી, તને પ્રિય, હિત, અને પથ્ય હશે તે જ માર્ગ શોધીશું. તહારી જે ચિકિત્સા કરી આ કૃપાળુ સાધુજનોએ તહારું સખીકૃત્ય કરવા માંડ્યું છે તે ગભરાયા વિના કે ક્ષોભ વિના તેમને કરવા દે કે અમારી ચિકિત્સા શુદ્ધ અને સંપૂર્ણ થાય. તેનું ઔષધ કરતી વેળા તહારી સંમતિ વિના કંઈ પણ નહી કરીયે એ સત્ય સમજજે. વિવાસિત અદૃશ્ય સીતાએ રામનું દર્શન કર્યું અને રામનો સ્પર્શ કર્યો તે કાળે જેમ સીતાની પાસે તમસા હતી તેવી જ મને સમજજે. ભક્તિમૈયા, તમે જે સાધનથી ચિકિત્સા આરંભી છે તે કંઈકે જાણું છું, અને બાકીનાં સાધન પછી જણવજો. પણ તે ચિકિત્સાની વેળાએ મ્હારી દુલારીને રજ પણ વ્યથા થાય એમ ન કરશો.

એની પાછળથી બિન્દુમતી આગળ આવી બોલી. "મધુરીમૈયા, તું ગભરાઈશ નહી. તહારી અનેક પડવાળી પ્રીતિ જેવી સૂક્ષ્મ તેવી પવિત્ર છે ને તેવીજ રમણીય ઐન્દ્રજાલિક છે.

[1] "तटस्थं नैराश्यादपिच कलुषं विप्रियवशात्
वियोगे दीर्घेऽस्मिन् झटिति घटनोत्ताम्भितमिव ॥
प्रसन्नं सौजन्यादपि च करुणैर्गाढकरुणम्
द्रवीभूतं प्रेम्णा तव हृदयमस्मिन् क्षण इव ॥

"કેમ બંસરીમૈયા, સત્ય કે નહી? મને તો દૃષ્ટાંત વાંચેલું સુઝ્યું બાકી અનુભવ તો તમને."

બંસરી—તહારી મેધાના તર્ક આગળ અમારા અનુભવનાં અનુમાન પાછાં પડે છે. માટે તહારી વાત સાંભળીશું પણ ઔષધકાળે તો અનુભવને જ આગળ આણવો પડશે.

---

૧. છે આશ તજી બનીર્યું ઉદાસી, રોષ ભર્યું તજવા થકી,
ટમટમી રહ્યું આ દીર્ઘ કાળ વિયોગમાં મળવા મથી,
સૌજન્યથી સુપ્રસન્ન, બળી પ્રિયજનદુઃખે અનુકમ્પથી,
આ ક્ષણ ગણ્યું રસમય હૃદય તુજ પ્રેમ ઉદય થયા થકી.
ઉત્તરરામ 'રા. મણિલાલના ભાષાંતર ઉપરથી. વળી જુવો આ ગ્રંથ ભાગ. ૧ પૃષ્ઠ ૩૦૯.

પ્રકરણ ૨૧.

હૃદયચિકિત્સા અને ઔષધ.

दया वा स्नेहो वा भगवति निजेऽस्मिन् शिशुजने
भवत्याः संसाराद्विरतमपि चित्तं द्रवयति ।
अतश्च प्रव्रज्यासमयसुलभाचारविमुखः
प्रसक्तस्ते यत्नः प्रभवति पुनर्दैवमपरम् ॥

(હે ભગવતી! આ શિશુજનપ્રતિ તમારી દયા કહો કે પ્રીતિ કહો–જે કહો તે સંસારથી વિરકત થયલા તમારા ચિત્તને ઓગાળે છે; અને આધીજ સંસાર છોડતાં તમે કરેલી પ્રતિજ્ઞાઓને જે આચાર સુલભ હોવો જોઈએ તેથી વિમુખ અને અવિચ્છિન્ન આ પ્રયત્ન તમે માંડ્યો છે તે સફળ થવો જોઈએ ! પંરથી દૈવ તો છેજ—માલતીમાધવ.)



પ્રિવ્રાજિકામઠમાં કન્યાઓ, વિધવાઓ, અને પરિવ્રાજિકાઓ સર્વનો વાસ હતો અને કન્યાને કામતંત્રના શાસ્ત્રીય બોધ એમાં કરવા દેવામાં આવતા હતા. પણ કન્યાને પુરુષનો યોગ કરવાની કથા આવે તેના વિચાર-આચાર આ મઠની બ્હાર અને વિહારમઠની બ્હાર રાખવામાં આવતા. વિહારમઠમાં પણ માત્ર વિવાહિત દમ્પતીઓનાજ વાસ હતા. પરિવ્રાજિકા મઠની અધિષ્ઠાત્રીના પદઉપર કોઈ વિધવાને જ રાખવામાં આવતી. અવિવાહિત, વિવાહિત, અને પરિવ્રાજક ત્રણે જીવનના અનુભવવાળી કાર્યગ્રાહિણી વિદુષીને આ મઠની અધિષ્ઠાત્રી નીમવામાં આવતી. વિહારમઠમાં વિવાહિત, સુશિક્ષિત, ઉદાર, રસજ્ઞ, શાસ્ત્રસંપન્ન દમ્પતી અધિષ્ઠાતા અને અધિષ્ઠાત્રી નીમાતાં. ચંદ્રાવલી એક કાળે વિહારપુરી સાથે વિવાહિત હતી ત્યારે એ દમ્પતીનો પાસે વિહારમઠનું આધષ્ઠાનપદ હતું. તે ઉભય પરિવ્રજિત થયાં એટલે વિહારપુરી વિષ્ણુદાસજીના મઠમાં ગયો અને ચન્દ્રાવલી પરિવ્રાજિકામઠની અધિષ્ઠાત્રી થઈ. તે પછી ચન્દ્રાવલી સુન્દરગિરિનો ત્યાગ કરી એટમાં ગઈ અને તેને સ્થાને મોહની એ મઠની અધિષ્ઠાત્રી થઈ હતી. એ મઠમાં કોઈ કન્યા મદનોન્મુખ થાય તો તેની વિવાહપર્યન્ત સંભાળ લેવી, તેનું ઉપદેશક સખીકૃત્ય કરવા સખી નીમવી, અને આવશ્યકતા હોય

તો કન્યાને દૂતીનો યોગ કરી આપવો એ પણ અધિષ્ઠાત્રીનું કર્તવ્ય હતું. સખી અને દૂતી સ્થૂલ અને સૂક્ષ્મ ઉભય કામ અને પ્રીતિની અભિજ્ઞ હોય તે જ યોગ્ય ગણાતી. કામતન્ત્રકારોએ કેવળ સ્થૂલ પ્રીતિનું શાસ્ત્ર બાંધેલું છે ત્યારે આ મઠમાં એ શાસ્ત્રને સુધારી તેમાં સૂક્ષ્મ પ્રીતિનુ શાસ્ત્ર ઉમેરેલું હતું. સ્થૂલ એટલે લખ પ્રીતિમાંથી સૂક્ષ્મ એટલે અલખ પ્રીતિનું ઉદ્‌બોધન કરાવવું આવશ્યક ગણવું એ અલખના કામશાસ્ત્રનો વ્યાવર્ત્તક હતો.

ચન્દ્રાવલી આ સર્વ વિષયમાં પ્રવીણ હતી અને એક કાળે રસિક હતી. વિષ્ણુદાસ ત્રણે અલખમઠના ગુરુ થયા અને અલખમાર્ગને અને મઠોને તેમણે નવી પ્રતિષ્ઠા આપી તે પછી પોતાની પાછળ યોગ્ય અધિકારીને અનુયાયી કરવો એટલી તેમની વાસના હતી. પણ ગૃહસ્થ સાધુનો તેને માટે ઉત્તમ અધિકાર ગણાતો ન હતો, અને કેવળપરિવ્રાજકો તેમના આશ્રય નીચે હતા તેમાં કોઈ એ પદને માટે યોગ્ય બુદ્ધિવાળું ન હતું. વિહારપુરી ઉપર તેમની દૃષ્ટિ હતી પણ તે વિવાહિત હતો. આ વાત ચન્દ્રાવલીને કાને આવતાં ગુરુજીની વાસના તૃપ્ત કરવા, પોતાના સ્વામીનું પારમાર્થિક કલ્યાણ કરવા, સર્વ સાધુજનનું અને અલખમઠનું વ્યવસ્થાતંત્ર કલ્યાણકારક રહે એવી બુદ્ધિથી, અને તે દ્વારા સંસારમાં અલખ-બોધની ગર્જના સફળ થાય એવી વાસનાથી, ચન્દ્રાવલીએ વિહારપુરીને અભિલાષ દર્શાવ્યો કે તેણે ગુરુજી પાસે રહેવું અને તેણે તથા પોતે પ્રવ્રજ્યા સાધવી. સર્પ કાંચળી ઉતારે તેમ મદનવિકારનો ત્યાગ કરી આ દમ્પતી એક બીજાને આશીર્વાદ દેઈ વિયુક્ત થયાં, અને તેમની પ્રીતિની અને તેમની વિરક્તિની ચમત્કૃતિભરેલી સુન્દર રસિક કથાઓ ત્રણે મઠનાં સાધુજનોમાં ચાલી. પરિવ્રાજિકામઠની અધિષ્ઠાત્રી થયા પછી પણ સુન્દરગિરિ ઉપર દમ્પતી અનાયાસે મળતાં તે પોતે લીધેલા વ્રતને પ્રતિકૂળ ગણી અને પોતાના અને સ્વામીના વૈરાગ્યના ભયનું કારણ ગણી, ચન્દ્રાવલી પર્વત છોડી માતાના ધામમાં ગઈ અને પુરુષરૂપે ઈશ્વરની કલ્પનાને પોતાના વૈરાગ્યને પ્રતિકૂળ ગણી અલખનાં અમ્બા-સ્વરૂપમાં યુક્ત થવા લાગી. આ સ્થિતિ તેણે આજસુધી પાળી, પણ કુમુદ ઉપરની દયાએ અને વત્સલતાએ એને પાછી આટલી સંસારિણી કરી દીધી. પરિવ્રાજિકામઠની બારા પર્વતની ગોમાં પડતી હતી અને સમુદ્રમાં જલશાયિની થવા ઇચ્છનારોનું હૃદય એ બારીને દેખી શું સાહસ કરવા નહી લલચાય એ વિચારે ઉપજાવેલા ભયને લીધે ચંદ્રાવલી કુમુદ ગયા પછી જાતે પાછળ પાછળ આવી. એ ભય તો દૂર થયું, પણ પર્વત ઉપર આવ્યા પછી આપણે જે જે વાર્તા જાણીયે

છીયે તે એના જાણવામાં આવી અને અનેક નવીન ગુંચવારા એના વત્સલ હૃદયમાં ઉભા થયાં.

પાછલે પ્રહરે કુમુદને વાંભની અને બંસરીની જોડે ગિરિરાજનાં સુન્દર સ્થાનો જોવા મોકલી, ગયા પ્રકરણમાં વર્ણવેલા ચોકના એક છાયાકુંજમાં એક શિલા ઉપર મોહની, ભક્તિ, અને બિન્દુમતી સાથે ચન્દ્રાવલી બેઠી અને સઉની પાસેથી કુમુદ વીશે તેમણે કહેલી વાર્ત્તા અને ધારેલી યોજના સાંભળી લીધી. તે પછી કેટલીક વાર એ બોડે આંગળી મુકી બોલ્યા વિના બેશી રહી અને વિચારમાં પડી અને બીજાં સર્વ પણ ચુપ રહ્યાં. એટલામાં કુંજ ઉપર ઢંકાયલી વેલીમાં સંતાયલો કોકિલાએ ટૌકો કર્યો ને બિન્દુમતી ઉંચું જોઈ ગાવા લાગી.

"[1] अनुमतगमना शकुन्तला
तरुभिरियं वनवासबन्धुभिः ।
परभृतविरुतं कलं यथा
प्रतिवचनीकृतमेभिरीदृशम् ॥"

મોહની—બિન્દુ, આ શ્લોક શાથી ગાયો ?

બિન્દુ૦—મ્હેં મધુરીને આશીર્વાદ દીધો.

મોહની—એને ક્યાં પતિગૃહમાં જવું છે ?

બિન્દુ૦—જશે ?

મોહની૦—કોણે કહ્યું ?

બિન્દુ૦—કોકિલાએ કહ્યું.

ચન્દ્રા૦—બેટા બિન્દુ, તું સત્ય કહે છે. મ્હેં મધુરીને પુછ્યું કે આ ગિરિરાજ ઉપર જે ઉદ્દેશથી તું આવી છે તેનો આત્મા કામ ન હોય તો કાયો છે ?

બિન્દુ૦—એના જેવું જ પુછ્યું.

ચંદ્રા૦—એણે શો ઉત્તર આપ્યો?

---

૧ શકુન્તલાના વનવાસનાં બન્ધુ આ વૃક્ષો છે તેમણે એના જવાને અનુમતિ આપી છે; કારણ કોકિલનો આકલ કુહુકાર થયો તે કુહુકાર વડે આ વૃક્ષોએ જ આ પ્રત્યુત્તર દીધો છે. (શાકુન્તલ)

બિન્દુ૦—જાનુભાગ[1] ઉપર હાથ અને હાથેલી ઉપર ગંડસ્થલ[2] ટેકવી બેસી રહી અને આડું જોઈ કંઈક મનમાં ગાતી અને ગણગણતી હતી.

મોહની—

[3] अधिजानुबाहुमुपधाय नमत्
करपल्लवाग्रनिहिताननया ।
उदकण्ठि कण्ठपरिवर्तिकल—
स्वरशून्यगानपरयाऽपरया ॥ २ ॥

ચંદ્રા૦—એ છેલે સુધી કંઈજ બોલી નહી ?

બિન્દુ૦—ના. મ્હેં એને કહ્યું કે અમે નવીનચંદ્રજી પાસે પ્રત્યક્ષ થઈ વિજ્ઞપ્તિ કરી શકાશું. તો પણ એ બોલી નહી. અન્તે મ્હેં કહ્યું કે તું નહી બોલે તો અમે અમારી મેળે જે સુઝશે તે જઈને તહારે નામે તેમને કહીશું.

ચંદ્રા૦—પછી ?

બિન્દુ૦—તો પણ તે બોલી નહી. ઘણું થયું ત્યારે ઉભી થઈ નીચું જોઈ રહી, અશ્રુપાત કર્યો, અને એક પાસ ચાલી ગઈ.

મોહની—એ પણ સમજ્યું ;

[4]" ननु सन्दिशति सुदृशोदितया
त्रपया न किञ्चन किलाभिदधे ।
निजमैक्षि मन्दमनिशं निशितै :
कृशितं शरीरमशरीरशरै : ॥ "

" મોહની, તરસ્થાને નવીનચંદ્રજીનું દર્શન થયું તે પહેલાં મધુરીની અવસ્થા કેવી હતી ?" વિચાર કરી ચંદ્રાવલીએ મોહની ભણી ફરીને પુછ્યું.

---

૧ ઢીંચણ. ૨ લમણા. ૩ એક યુવતિ ઢીંચણ ઉપર હાથનો બાહુભાગ(કૂહાણીસુધી) ટેકવી બેઠી, ને પલ્લવ જેવી નમતી હાથેલી ઉપર મુખભાગને ટેકવ્યો; ઉંચા સ્વર વગરના ઝીણા અવ્યકત મધુર ગાનને કંઠમાં પરિવર્ત્તન કરાવવા—આળોટાવવા—લાગી અને ઉત્કંઠા ધરવા લાગી. (માઘ)

૪. " જરી કંઈ સંદેશો કૂહાવની ! " એવું દૂતીએ કહ્યું ત્યારે લજ્જાને લીધે સુલોચનાએ કંઈ પણ જાણે ઉત્તર દીધો ન હોય એમ બોલી નહી પણ કામના તીક્ષ્ણ બાણોએ રાત્રિદિવસ કૃશ કરી નાંખેલું પોતાનું શરીર હતું તેને જ માત્ર ધીમેથી એ જોઈ રહી. (માઘ)

મોહની—દૂતીએ નાયકને નાયિકાની સ્થિતિવર્ણવી હતી તેવી અને કહ્યું હતું તેમ **નવીનચંદ્રજી**ને કહેવા જેવી કે,

"[૧] किं पृष्टेन द्रुततरमितो गम्यतां सा प्रिया ते
दृष्टा मार्गे दिवसमखिलं सास्रमेका मयैवम् ।
पान्थे पान्थे त्वमिति रभसोद्ग्रीवमालोकयन्ती
दृष्टे दृष्टे न भवति भवानित्युदश्रुर्वलन्ती ॥"

ચંદ્રાવલી—ભક્તિમૈયા, તમારું લક્ષ્ય આમાં ક્યારે ગયું?

ભક્તિ૦—નવીનચંદ્રજી ગયા પછી મ્હારું લક્ષ્ય ખેંચાયું. હું એટલી જડ. બાકી તે નીચે ગયા અને અમે ઉપર આવ્યાં ને જુદાં પડ્યાં તે કાળે સૂર્યકિરણ અન્ધકારને શોધે તેમ **મધુરી**ની દૃષ્ટિ **નવીનચંદ્રજી**ના હૃદયને સ્પષ્ટ શોધતી હતી.

મોહની—એમ જ.

"[૨] प्रणयप्रकाशनविदो मधुराः
सुतरामभीष्टजनचित्तहृतः ।
प्रजिघाय कान्तमनु मुग्धतर-
स्तरुणीजनो दृशइवाथ सखीः ॥"

ચંદ્રા૦—ભક્તિમૈયા, તમે **નવીનચંદ્રજી**ના વૈરાગ્યની ને ગુણોત્કર્ષની કથા કરી અને **ગુરુજી**નો દુર્લભ પક્ષપાત જણ્યો ત્યારે **મધુરી**ની વૃત્તિ કેવી હતી?

ભક્તિ૦—તેનાં ગુણ અને કીર્ત્તિ સાંભળતાં તે સમાધિસ્થ જેવી થતી, અને તેનો વૈરાગ્ય સાંભળતાં વિચારમાં પડતી.

---

૧. પુછીને શું કામ છે? તું હવે સત્વર અંહીથી એની પાસે ચાલ્યો જા! ત્હારી તે પ્રિયાને મ્હેં આખો દિવસ માર્ગે કેવી રીતે રોતી દીઠી તે સાંભળ! જે જે વટેમાર્ગુ મળે તે તુંજ હઈશ એવું જાણી ચમકી ડોક ઉંચી કરી કરી તેને એ જોવા લાગતી હતી, અને જોઈ જોઈને તે તું નથી એવું સમજાતાં તરત આંસુભરી પાછી વળતી હતી. (પ્રકીર્ણ)

૨. અધિક મુગ્ધ તરુણીજન કાન્તની પાછળ પોતાની સહીઓને મોકલતી હોય તેમ પોતાની દૃષ્ટિઓને મોકલતી હતી; તે દૃષ્ટિરૂપ સહીઓ કેવી હતી? મુગ્ધાના ગૂઢ પ્રેમને પ્રકટ કરવાની કળામાં પ્રવીણ, મધુર, અને મુગ્ધાના ઇષ્ટજનનું ચિત્ત સારી પેઠે હરી લેનારી—આ સહીઓ જેવી દૃષ્ટિઓને અથવા દૃષ્ટિરૂપ સહીઓને એ મુગ્ધાએ પ્રિયની પાછળ મોકલી હતી. (માઘ)

મોહની૦—એ સમાધિ તો મ્હેં પણ પ્રત્યક્ષ કર્યો છે. નવીનચંદ્રજીને કહેવા જેવું છે કે—

"तव सा कथासु परिघट्टयति
श्रवणं यदङ्गुलिमुखेन मुहुः ।
घनतां भ्रुवं नयति तेन भवद्-
गुणपूगपूरितमतृप्ततया ॥"

ચન્દ્રા૦—બેટા બિન્દુ, સાયંકાળે સાધુ દમ્પતીઓએ રાસ વગેરેની પરિપાટી ગોઠવેલીછે ત્યાં નવીનચંદ્રજી આવવાના છે એમ કહી મધુરીને પણ ત્યાં લેવાની વાત કરી ત્યારે એણે શું કહ્યું ?

બિન્દુ૦—માત્ર આકાશ અને પૃથ્વી વચ્ચેનો ભાગ જોયાં કર્યો અને કંઈ બોલી નહી.

મોહની—એ પણ સમજાયું.

"गतया पुरः प्रति गवाक्षमुखं
दधती रतेन भृशमुत्सुकताम् ।
मुहुरन्तरालमुवमस्तगिरेः
सवितुश्च योषिदमिमीतदृशा ॥"

ચન્દ્રા૦— તેમનો વૈરાગ્ય જોઈ મધુરીને શો વિકાર થયો ?

ભક્તિ—તે કોઈએ સૂક્ષ્મ દૃષ્ટિથી જોયું નથી, પણ રાત્રે એ કહેતી હતી કે વિરક્ત ચન્દ્રનો ગ્રાસ કરનારી ધૂમગ્રહની લેખા થવા પોતાની ઇચ્છા નથી.

મોહની—એ ભાષા ગુહામાંની આભ્યન્તર નથી. એ તો આભિમાનિકી વૃત્તિનો ઉદ્ગાર છે. એવા ક્ષણિક અભિમાનથી અલખ વાસના નષ્ટ થતી નથી.

---

૧. તમ્હારી કથા ચાલતી હોયછે ત્યારે આંગળીના ટેરવાંવડે ઘડી ઘડી કાનના ડાબલાને તે સારી રીતે પુરે છે; તેમ તે શા માટે કરે છે? તમ્હારા ગુણની વાતોનાં પુમડાં એ કાનમાં આટલાં ભરાયાથી એને તૃપ્તિ વળતી નથી અને તેમને તેમાં વધારે વધારે ઠાંસવા તેને વાસના થાય છે માટે એ આવું કરે છે. (માધ)

૨. સામે બારીનો ગોખ હતો. તેના ભણી એ સ્ત્રી અતિ ઉત્સુકતા ભરી ગઈ! અને ત્યાં જઈ, સૂર્ય અને અસ્તગિરિવચ્ચેના ભાગનું પ્રમાણ એણે ઘડી ઘડી પોતાની દૃષ્ટિ વડે માપ્યું. (માધ)

ચંદ્રા૦—પણ નવીનચંદ્રને વિરક્ત જોઈ મધુરીને દુઃખ થયું કોઈએ પ્રત્યક્ષ કર્યું નથી.

મોહની—તરસ્થાન આગળ તો અશ્રુધારા વહેતી હતી—આ વેશ તે. એણે પ્રથમ ત્યાં જ જોયો.

ભક્તિ૦—અને આપણા મઠની યોજના અને વિહારમઠની યોજના જાણી તેને આશા થઈ હોય તેમ એનો શોક કંઈક શાંત છે.

ચન્દ્રા૦—વૈરાગ્યનું માહાત્મ્ય જાણીને પણ એવી શાંતિ એને વળી હોય. એના જેવો સંપ્રત્યય નવીનચંદ્રજીની વિરક્ત દશાને ધન્ય ગણી એના પોતાના સ્થૂલ કામને વિરક્ત કરે અને પ્રિયજનની વિરક્ત દશાનું રક્ષણ કરે એ પણ સંભવિત છે.

મોહની—તે જે હો તે હો. પણ આ હરિણનું જોડું તૃષિત હોય ને આ ગિરિરાજ ઉપર તૃષાથી વિપન્ન થાય તે તો અયોગ્ય જ. જો આપણે વિલમ્બ કરીશું તો કંઈ મહાન્ અનર્થ થશે અને વેળા વીત્યા પછી આપણને પશ્ચાત્તાપ થવાનો વારો આવશે કે

[1]"मध्यान्हे दववन्हिनोष्मसमये दंदह्यमानाद्रिरः
कृच्छ्रान्निर्गतमुत्तृषं जलमयो वीक्ष्यैकरक्षाक्षमम् ।
प्रेम्णा जीवयितुं मिथः पिव पिबेत्युच्चार्य मिथ्या पिवन्
निर्मग्नास्यमपीतवारि हरिणद्वन्द्वं विपन्नं वने ॥"

ભક્તિ૦—ચક્રવાકમિથુનને રાત્રિનો અન્તરાય છે તે તોડી નાંખો અને પરસ્પરનો દૃષ્ટિયોગ અને ગોષ્ઠીયોગ અબાધિત થાય એટલો યોગ કરાવવો એટલું તો આપણું કર્તવ્ય ખરું. પછી પરિશીલનને અંતે તેઓ વિરક્ત હશે તો અસંયુક્ત રહેશે અને રક્ત હશે તો સંયુક્ત થશે. એ તો સર્વ અલખ ભગવાન્‌ની યોજના હશે તે ફળ થશે. આપણો ધર્મ સ્પષ્ટ છે.

---

૧ મધ્યાન્હ કાળ થયો છે અને એ તાપની વેળાએ પર્વત દવના અગ્નિથી ભડભડાટ બળે છે તેમાંથી હરિણહરિણીનું જોડું મહામ્રયત્ને નીકળી શક્યું અને તૃષાનું માર્યું એ જોડું જળ આગળ આવ્યું પણ જળ તો એકજ જણની રક્ષા કરી શકે એટલું હતું. આ બેમાંથી આ જળ કોણે પીવું! આણે જાણ્યું કે એ જીવે ને એણે જાણ્યું કે આ જીવે. એમ પ્રીતિથી પોતાના જીવની ઉપેક્ષા કરી અને સામાનું જીવન ઇચ્છ્યું. પોતપોતાના મનમાં આમ ધારી, નર અને માદા પાણીમાં બોડું બોડું મ્હોં બોળી રહ્યાં અને "તું પી, તું પી." એમ એકબીજાને માત્ર કહેવા લાગ્યાં. તેનું ફળ એ થયું કે બેમાંથી કોઈએ પાણી પીધું નહી અને પ્રેમી જોડું—રંક હરિણનું જોડું—વનમાં મરી ગયું. (પ્રકીર્ણ)

મોહની—હરિણનું જોડું આપણી બુદ્ધિની સ્થૂલતાથી વિપન્ન ન થાય એટલું આપણે જોવાનું.

બિન્દુમતી—માશીમૈયા, મધુરી જાતે જ રાત્રિની વાટ જુવે છે એ પક્ષને ભુલશો નહી.

ચન્દ્રા૦—મને લાગે છે કે આપણો વિચારકાળ સમાપ્ત થયો, અને તમે જે વિચાર સિદ્ધ કરો છો તેનો આચાર શોધવો એટલું હવે બાકી રહ્યું.

મોહની—શો માર્ગ લેવો તે પ્રાતઃકાળે મ્હેં ગાઈ દીધું છે અને મધુરીનાં આંસુએ એ ગાયનને ઝીલ્યું છે તે તમે પ્રત્યક્ષ કર્યું છે. કન્યા વર પાસે જાય કે વર કન્યા પાસે આવે. તે વિના તેમની હૃદયગુહાઓ ઉઘડવાનો સંભવ નથી.

ચંદ્રાવલી વિચારમાં પડી. અંતે બોલી. "ભક્તિમૈયા, આપણે તો માત્ર દૂતકર્મ હવે બાકી રહ્યું. બે પક્ષને સામાન્ય જન એ કામ ઉપાડનાર કોણ હશે?"

ભક્તિ૦—કોઈ નથી. નવીનચંદ્રજી માત્ર વિહારપુરી અને રાધેદાસની જોડે ફરે છે અને એકાન્તમાં રહેતા નથી. ગુરુજીની સાથે જ પ્રાયશઃ ગોષ્ઠી કરે છે અને શય્યા પણ તેમની કુટીની પાસેની ગુફામાં રાખે છે. મધુરીને તો જે કહો તે આપણે.

મોહની—બે દોરડાં સંધાડશો તો કુવામાં પ્હોચશે.

ચંદ્રા૦—કેવી રીતે?

મોહની—નાયિકાના કર તમે ઝાલો અને નાયકનો વિહારપુરી ઝાલે.

ભક્તિ—પણ વિહારપુરીનો કોણ ઝાલે?

મોહની—દયા અને સ્નેહ બે છુટા પડેલા હાથને પરમાર્થસાધન માટે એકઠા કરે ત્યારે. ચંદ્રાપ્હેન, નવીનચંદ્રજી ઉપર ગુરુજીનો પક્ષપાત સાર્થક થશે તો વિહારપુરી વિહારમઠમાં આવી શકશે; અને નવીનચંદ્રજી વિહારમઠમાં આવશે તો વિહારપુરી ગુરુજીની વાસનાને તૃપ્ત કરશે. જે પરિણામ થશે તેમાં તમારી ઇષ્ટાપત્તિ છે. માટે આ બે હરિણયુગનો યોગ કરો. તમારા વિના તેમ કરવા બીજું કોઈ સમર્થ નથી.

ભક્તિ૦—તમે બે જણ થઈ ઉભય પક્ષનાં મર્મસ્થાન સંગ્રહી શકશો, ઉભય પ્રતિ ઉદાર છો, અને મધુરીનો તમારા ઉપર વિશેષ વિશ્વાસ છે.[૧]

---

૧ यदुभयोः साधारणमुभयत्रोदारं विशेषतो नायिकायाः सुविस्रब्धं तत्र दूतकर्म ॥ (કામતંત્ર.)

ચંદ્રા૦—માજીના ચરણમાં જઈ દૂતીકર્મ કરવું શું યોગ્ય છે ?

ભક્તિ૦—દીકરીની સેવા માટે જ માજીયે તમને મોકલ્યાં છે. ચંદ્રાવલી, અલખનું દૂતીત્વ એ તો આપણું સહજ કાર્ય છે.

ચંદ્રા૦— મ્હેં મ્હારા ઇષ્ટ જનને સંન્યાસ આપ્યો અને જાતે લીધો તે કાળથી સંકલ્પ લીધો છે કે તેનો અને મ્હારો ચક્ષુઃસંયોગ થવા દેવો નહી.

મોહની—ચંદ્રાવલીનુ વૈરાગ્ય એવું નથી કે તે તારામૈત્રકથી નષ્ટ થાય.

ચંદ્રા૦—અનંગ ભસ્મ થયલો પણ જીવે છે, અને ધૃત–અગ્નિનું સાન્નિધ્ય થાય ને તેમની પ્રકૃતિ મૂળરૂપે રૂહે તો અનંગને સર્વવ્યાપી ન ગણવો. મોહની, આ કામ તમે જ માથે લ્યો અથવા ભક્તિને સોંપો.

મોહની– એક પાસ આવી સંપ્રતીતા મેધાવિની અને બીજી પાસ આવા વિરક્ત ગમ્ભીર નવીનચન્દ્રજી—તેમની પાસે જઈ તેમાંનાં એક પણ હૃદયમાં ચક્ચૂપાત કરવા ચન્દ્રાવલી અને વિહારપુરી વિના બીજા કોઈનું ગજું નથી. એ બે માંથી એક જણનું પણ ગજું નથી—એ તો તેમનું સંયુક્ત દૂતકર્મ પ્રવર્તે ત્યારે જ કાંઈ ફલની આશા સમજવી.

ભક્તિ૦—ચન્દ્રાવલી, કેમ શકિત રૂહો છો ?

ચન્દ્રા૦—ગમે તેવું વિરકત હૃદય પરિશીલક જનની પાસે જતાં કમ્પે છે. મ્હારા હૃદયનો મને વિશ્વાસ નથી અને પુરુષોનાં હૃદયનું દૃષ્ટાંત તો માદ્રીએ અનુભવેલું છે. ભક્તિભૈયા, જે કલ્યાણયોગને માટે આ હૃદય વિહારપુરી જેવા મહાત્માને ગુરુજીના ચરણમાં જવા દેઈ જાતે જગદમ્બાના ચરણમાં ગયું છે તેણે તે યોગના પ્રયોગને આટલે સુધી સાધી શું હવે પડતો મુકવો ? ના, મ્હારાથી એવું નહી થાય.

મોહની—અભિમાનિની ! ચન્દ્રાવલી અભિમાનિની ! શ્રીઅલખનો પ્રકાશ સર્વ પાસ સર્વ હૃદયમાં પ્રસરે છે તેને શુદ્ધ નિર્મળ સ્વરૂપે અપ્રતિહત વહન પામવામાં અનુકૂલ થવું એ આપણો ધર્મ તમે છોડી દીધો છે ? મધુરીના કલ્યાણને માટે દૂતી થવામાં શું ચન્દ્રાવલી હલકું માને છે ?

ચન્દ્રા૦—એવો અર્થનો અનર્થ ન કરો. મધુરીને માટે ચન્દ્રાવલી શું નહી કરે ? પણ ચણાયલી હવેલી તોડી પાડવાનો મને શો અધિકાર છે ?

મોહની—જો એમ હોય તો મધુરીને સમુદ્રમાં સુવા દેવી હતી. એને જીવાડી તો એના જીવનનાં સાફલ્ય ને સુખ આદરવાને માટે ચન્દ્રાવલીથી ના નહી કહેવાય.

ચન્દ્રાવલી બેઠી હતી ત્યાં જ આંખો મીંચી વિચારમાં પડી. એના હૃદયમાં બળવાળા ધબકારા થયા અને તેનો વેગવાળો સંચાર એના વક્ષઃસ્થળ ઉપરના વસ્ત્રમાં સર્વેયે દીઠો. એના નેત્રમાં અશ્રુપાત થઈ સુકાયો. અંતે ઉંચું જોઈ બોલી.

"મધુરી, ચન્દ્રાવલી તહારી દૂતી થશે. તહારે માટે મહારા વ્રતને હું ભયમાં નાંખીશ. માજીને પુછીને તને મોકલી છે ને હું આવી છું—તે માજી જ મહારા વ્રતનું રક્ષણ કરશે અને તહારું સુખ સાધશે. મોહની, ત્યારે કહી ધો કે મહારે હવે શું કરવું ?"

મોહની—આજ ગુરુજી સાધુજનની નિરીક્ષા કરવા આવે ને રાત્રે યમુનાકુંડ પાસે રાસલીલા થાય તે કાળે અમે મધુરીને લેઈને જઈશું, નવીનચંદ્રજીને શોધી વાર્તાવિનોદ કરીશું, અને તે આધા પાછા હશે ત્યારે મધુરી સાથે વિનોદ કરીશું. ચન્દ્રાવલી, તમારે તે સર્વનાં માત્ર મૂક સાક્ષિ થવું અને મધુરી સાથે રાત્રે એકાંત સુવું અને એકાંતમાં તેનું હૃદય ઉઘાડવું. થોડીવાર ત્રિન્દુમતીને એની વાતોમાં ભળવા દેવી. એ સર્વ પ્રકરણનો સાર પ્રાતઃકાળે વિહારપુરીને તમારે એકાંતમાં કહી દેવો અને તેમનો અભિપ્રાય લેવો. તેઓને નવીનચન્દ્રજીનાં ઇંગિતજ્ઞ થવા દેવા અને કાલથી નવીનચન્દ્રજી ગુરુજીની ગુફા છોડી અન્યત્ર કોઈ ગુફામાં કે કુંજમાં એકાંતવાસ રાખે અને રાત્રિયે એકાંત રાખે એટલી વ્યવસ્થા વિહારપુરીદ્વારા કરવી. પછીની પરિપાટી તમારા ચાતુર્યનું ફળ જાણ્યા પછી થશે.

ચંદ્રા૦—હું ધારુ છું કે એટલું તે. થશે. પણ હવે એવાં કાર્યમાંથી મહારી બુદ્ધિનો અભ્યાસ વિરત થયો છે અને તેમાં એ બુદ્ધિ બહુ ચાલે એમ મને વિશ્વાસ નથી.

મોહના—તેની કાંઈ ચિન્તા નથી. બીજું કાર્ય એ કે મધુરીના સંપ્રત્યાત્મિક પ્રીતિનું આવરણ કેવી રીતે તોડવું એ તમે ગમે તો અમને સુઝાડો અને ગમે તો તમે જાતે તોડો.

ચન્દ્રા૦—જેમ શ્રી અલખ પરમ જ્યોતિનું દર્શન થતાં હૃદયના લખ ગ્રન્થિ જાતે ભિન્ન થાય છે ને સંશયમાત્ર છિન્ન થાય છે, તેમ અલખ મદનનો સૂક્ષ્મ અવતાર આમનાં હૃદયમાં સંપૂર્ણ કલાથી થશે તેની સાથે જ એની પ્રીતિના સંપ્રત્યય અને અભિમાનનાં તિમિર જાતે જ નષ્ટ થશે. માટે તેની ચિન્તા આપણે કરવાની નથી. આપણો તો ધર્મ આટલા જ બોધમાં છે કે

તન્નેન તત્તમયસા ઘટનાય યોગ્યમ્[૧]. એ ઘટનનો પ્રયત્ન કરતાં એમ જણાય કે બાહ્ય ઉપાધિ અને અંતરુપાધિ દૂર થવા છતાં ઘટન થયું નહી તો એમ સમજવું કે બેમાંથી એક પાસનું લોહ શીત હતું અને ઘટન નહી પણ વિઘટન જ શ્રી પરમ અલખને ઇષ્ટ ગણવું. તેમ થતાં અલખની ઇચ્છામાં આપણી ઇચ્છાને સંગમ પમાડવી અને મધુરીને મ્હારે માજી પાસે લેઈ જવી.

ભક્તિ—માજીની ઇચ્છા એવી હોય કે મધુરીને નવીનચંદ્રજીને જ સોંપવી તો તે તેમ કરશે.

મોહની—વિહારમઠ તેમને ઉદાર આશ્રય આપશે.

બિંદુ૦—હા, ને માશીબૈયાનું હૃદય લપશી પડશે તો તેને પણ એજ મઠ આશ્રય આપશે.

ચંદ્રાવલી ચ્હીડાઈ અને બિંદુમતીનો હાથ ઝાલી ખસેડી નાંખ્યો. સર્વ હસતાં હસતાં પાછળ ચાલ્યાં અને ચંદ્રાવલી અત્યંત ઉંડા વિચારમાં પડી આગળ ચાલી.

પ્રકરણ ૨૨.

સૂક્ષ્મ શરીરનો સૂક્ષ્મ કામ.

" True Love's the gift which God has given
" To man alone beneath the heaven;
" It is not fantasy's hot fire,
" Whose wishes, soon as granted, fly;
" It liveth not in fierce desire,
" With dead desire it does not die;
" It is the secret sympathy,
" The silver link, the silken tie,
" Which heart to heart, and mind to mind,
" In body and in soul can bind."

Scott's Last Minstrel.

---

૧. તપેલા લોહનો તપેલા લોહ સાથે યોગ યોગ્ય છે.



યંકાળે ત્રણે મહની નિરીક્ષા કરવા વિષ્ણુદાસ પોતાના મહના સર્વ અધિકારીયોને લેઈ નીકળ્યા, અને તેમનાં અધિષ્ઠાતા અને અધિષ્ઠાત્રીઓને—તેમના મહની સ્થિતિ, મહસ્થ સાધુજન અને આગન્તુક જન, મઠમાં ચાલતા સદભ્યાસ અને સદુદ્યોગ, સદ્વાસનાઓ અને અલભ્યબોધન, આદિ વિષયો વીશે—વિવિધ પ્રશ્નો પુછ્યા, વિવિધ સૂચનાઓ કરી, અને સાથે આવેલા સરસ્વતીચંદ્રને એ સર્વ વ્યવસ્થા પગે ચાલતાં ચાલતાં સમજાવી. ચન્દ્રોદયકાળે યમુનાકુંડ પાસે ચોકમાં વિહારમહની સ્ત્રીઓએ રાસલીલા નાટકરૂપે ભજવી. કેટલીક સ્ત્રીઓએ કૃષ્ણના વેશ લીધા હતા અને બાકીની સ્ત્રીઓ ગોપીઓ થઈ હતી. એક સ્ત્રી રાધા થઈ હતી, અને પાંચ છ સખીઓ થઈ હતી. પ્રથમ ગોકુળના ગૃહસંસારનો પ્રવેશ અને તેમાં ગોપિકાઓના ગૃહવ્યવહારનું નાટક ભજવાયું અને તે કાળે માત્ર મોરલીનો અવ્યક્ત દૂરથી આવતો સ્વર સાંભળી ગોપિકાઓ ચમકતી હતી અને ગૃહ છોડી મધુવનમાં જવા તત્પર થઈ. બીજા પ્રવેશમાં કદમ્બ ઉપર કૃષ્ણ મોરલી વગાડતા હતા ત્યાં તેમને શોધતી શોધતી ગોપિકાઓ વિવ્હલ જેવી આવી, અને કમળની આશપાશ મધુકરીઓનું ટોળું ભમે અને ગુઞ્જારવ કરે તેમ કરવા લાગી. ત્રીજા પ્રવેશમાં એ વૃક્ષ પાસે અનેક રૂપે કૃષ્ણ અને અનેક ગોપિકાઓનો રાસ થયો તેમાં સંગીત, વાદ્ય, અને નૃત્યનો ઉત્તમ સંવાદ યોજ્યો હતો. ચોથા પ્રવેશમાં રાધા અને સખીઓ એ મંડળમાંથી જુદી પડી અને રાધા કૃષ્ણ સાથે અદ્વૈતવાસના સંગીતથી દર્શાવવા લાગી. પાંચમા પ્રવેશમાં રાધાકૃષ્ણનું યમુનાતીરે પરસ્પરલીન સંગીત અને નૃત્ય થયું, અને રાસલીલા સમાપ્ત થઈ. પ્રવેશારમ્ભે અને પ્રવેશાન્તે ભજવાયલા અને ભજવવાના ભાગનાં રહસ્ય સ્પષ્ટ કરવાનું કામ ઓહિની કરતી હતી. તે સર્વને અન્તે મોહિનીએ પોતાના આતિથેયનું સુપાત્ર થયેલી મધુરીનું સર્વ સાધુમંડળને અભિજ્ઞાન કરાવ્યું, અને તેની બુદ્ધિ, વિદ્યા, રસિકતા, અને વિપત્તિઓનું દર્શન કરાવવા "માજી, મને કોઈ જોગી મળ્યો ને વાત કરીને વાહી"—એ મધુરીનું જોડેલું ગીત ઋિદ્ધમતી પાસે ગવડાવ્યું, અને અન્તે "નંદકો નંદન એક આનંદ દેત હય" એ ગર્જના કરતું કરતું સર્વ મંડળ લગભગ અર્ધરાત્રિયે ઘૂઘું પડ્યું, અને દૃષ્ટ અને શ્રુત પદાર્થોની ચર્ચા કરતું કરતું સ્વસ્થાનકોમાં ગયું અને નિદ્રાવશ થયું.

સર્વ નિદ્રાવશ થયાં પણ કુમુદ અને તેના ઉપર વત્સલ થયલું મંડલ જાગૃત રહ્યું અને બીજો એક પ્રહર વાર્ત્તામાં ગાળ્યો. તેઓ સર્વ મઠમાં આવ્યાં હતાં, પણ ચન્દ્રાવલી આવી ન હતી અને ભક્તિ અને વામની પણ છેટે છેટે તેની પાછળ પાછળ ગયાં હતાં. પ્રાતઃકાળ પ્હેલાં એક પ્રહર બાકી રહ્યો ત્યારે એ ધીમી ધીમી વાતો કરતાં પાછાં આવ્યાં અને મોહનીને એકાંત બોલાવી કંઈકિ વાત કરી તેઓ સમેત સર્વ નિદ્રાવશ થયાં. સૂર્યોદય પ્હેલાં તો રાસલીલા, ગુરુજીએ કરેલી નિરીક્ષા, બધુરીનું જોડેલું ગીત, નવીનચંદ્ર, આદિ અનેક વિષયોની વાતો સર્વ સ્ત્રીમંડળમાં ચાલી રહી, પણ આજ ભિક્ષાપર્યટણનો દિવસ હતો તેથી આ બહુ પ્હોચ્યું નહી અને કુમુદ નિદ્રામાંથી જાગી તે વેળાએ સર્વ મંડળ અલખ જગવવા નીકળી પડ્યું હતું અને બધો મઠ નિર્ભક્ષિક થયો હતો. આખા મઠમાં માત્ર પોતે મોહની, ચન્દ્રાવલો, અને બિન્દુમતી રહેલાં કુમુદની ઉઘડતી આંખને દેખાયાં. સ્નાનાદિ આટોપવામાં બિન્દુ કુમુદને કામ લાગી, અને સર્વ પ્રાતરાહ્નિકમાંથી પરવારી રહ્યાં એટલે મઠના દ્વારમાં અને તેના પગથીયાં ઉપર રહેલું મંડળ બેઠું અને ગોષ્ઠી કરવા લાગ્યું.

"બિન્દુ, આજ કીયા જ્ઞાનની ગોષ્ઠી કરીશું. ?" મોહનીએ પુછ્યું.

"હું તો શ્રીકૃષ્ણપરમાત્માને વરી છું તેને બીજું જ્ઞાન શું જોઈએ ? પણ રાધાજી જેવી પરાભક્તિનો રસ ઘટ થાય એવી કળા હોય તો બતાવો." બિન્દુ બોલી.

મોહની—સ્થૂલ શરીરમાં સ્થૂલ કામ અને સ્થૂલ પ્રીતિની ઉત્પત્તિ છે. સ્થૂલ વિષયમાંથી સૂક્ષ્મ શરીર, સૂક્ષ્મ કામ, અને સૂક્ષ્મ પ્રીતિ એ ત્રણ અલખ ભાગને લખ કરવા, અને તેમાંથી અન્તે પરાભક્તિના અલખ અદ્વૈતને લખ કરવું અને અનુભવવું એ મહાકળા રસજ્ઞ દક્ષ સ્ત્રીના સૂક્ષ્મ દેહને સહજ છે.

બિન્દુ૦—તે કેમ થાય ?

મોહની—બે પુરુષોની અથવા બે સ્ત્રીઓની મિત્રતામાં સ્થૂલકામ હોઈ શકતો નથી, પણ સ્ત્રીપુરુષનો સમાગમ જન્મથી કે સ્થૂલ કામથી પ્રકટ થાય છે. માતાપુત્ર, ભાઈબ્હેન, આદિના સમાગમ જન્મથી પ્રકટ થાય છે. એથી સ્થૂલ પ્રીતિ મનુષ્યન્નતિમાં થતી નથી અને થાય તો અનર્થ અને અધમ્યતાંનું શિખર જ ગણવું. એવા સમાગમથી માત્ર સૂક્ષ્મ કામ અને સૂક્ષ્મ પ્રીતિ જ પ્રકટ થવી જોઈએ. જે સ્ત્રીપુરુષ આમ સૌંદર્યાદિથી સંબદ્ધ

નથી, તેમને ક્વચિત્ આરંભથીજ સૂક્ષ્મ પ્રીતિમાં પડેલાં દેખાયે છીએ. પણ ઘણુંખરું તેઓના પ્રથમ સમાગમ સ્થૂલ કામથી જ બંધાય છે અને સંસારનાં કામસૂત્ર તેને માટે જ બંધાયલાં છે. આપણા અલખ માર્ગમાં અલખના લખસ્વરૂપનો આદર રાખી અલખનું બોધન થાય છે, માટે સ્થૂલ કામાદિને આદર આપવામાં આવે છે પણ તે એવી વાસનાથી કે સ્થૂલ વિષયમાંથી સૂક્ષ્મ વાસનાઓ એટલે સૂક્ષ્મ કામ ઉત્પન્ન થાય. આપણું શરીર સ્થૂલ પાર્થિવ છે, તે સ્થૂલ અન્નાદિથી પોષણ પામે છે, સ્થૂલ કામથી પ્રવૃત્ત થાય છે, અને સ્થૂલ ભોગ ભોગવી સ્થૂલ પ્રીતિ પામે છે. આ સ્થૂલ લખસૃષ્ટિમાંથી નિવૃત્ત થવા ઇચ્છનાર, સૂક્ષ્મ સૃષ્ટિ શોધે છે. આપણા સ્થૂલ શરીરમાં સૂક્ષ્મ દેહ અંતર્ગત થઈ રૂહે છે અને એ અલખ સૂક્ષ્મ દેહની અલખ શક્તિનું ઉદ્બોધન કર્યાથી સૂક્ષ્મ વાસનાઓ અને સૂક્ષ્મ કામ પ્રકટ થાય છે. લખ પદાર્થોના અલખ ધર્મોનું જ્ઞાન, આ વાસનાઓને અને આ દેહને પોષે છે. લખનું સૂક્ષ્મ જ્ઞાન તે સૂક્ષ્મ શરીરનું અન્ન છે અને તે અર્ધું સ્થૂલ અન્નની પેઠે બાહ્ય સંસ્કારથી અને અર્ધું પરમ જ્ઞાનની પેઠે અલખ ચેતનના અંતઃસ્વભાવથી સૂક્ષ્મ શરીરને પ્રાપ્ત થાય છે. अथातो धर्मजिज्ञासा, अथातः कर्मजिज्ञासा, अथातो ब्रह्मजिज्ञासा આદિ વાક્યોમાં કહેલો સર્વ જિજ્ઞાસાઓ તે આપ્ત સૂક્ષ્મ કામનું એક રૂપ છે અને તેના ભોગથી ગુરુશિષ્ય અને મિત્રાદિ વર્ગ સૂક્ષ્મ પ્રીતિને પામે છે. અલખ માર્ગમાં મધ્યમાધિકારીઓ અનેક શાસ્ત્રોનાં સૂક્ષ્મ જ્ઞાનાન્નથી પોષણ પામે છે. સ્થૂલ અન્નથી જેમ સ્થૂલ કામનાં દીપનાદિ થાય છે તેમ આ સૂક્ષ્મ જ્ઞાનથી સૂક્ષ્મ વાસનાઓનાં દીપનાદિ થાય છે. જે દમ્પતીઓ સ્થૂલ મદનના પ્રભાવથી વ્યતિપક્ત થયાં હોય અને તે પછી જેમનામાં વિદ્યા, ભક્તિ, આદિથી સૂક્ષ્મ દેહ દૃઢ બંધાયો હોય છે તેમનામાં આવી સૂક્ષ્મ વાસનાઓ પ્રકટ થાય છે. આ સૂક્ષ્મ કામના ભોગને અર્થે સ્ત્રી અને પુરુષ સમાગમ રચે છે ત્યારે પુરુષની બુદ્ધિ જે દાન કરે છે તે સ્ત્રીની વૃત્તિથી પોષણ પામે છે. લખસંસારની સર્વ ઉચ્ચનીચ ઘટનામાં જ્યાં જ્યાં આવા સમાગમ થાય છે ત્યાં ત્યાં સ્ત્રીપુરુષનાં સૂક્ષ્મ શરીર સૂક્ષ્મ કામથી રસાવિષ્ટ થાય છે. સ્થૂલકામભોગમાં રસાવિષ્ટ પ્રાણીઓ સલિલમાં પ્રવેશ કરતાં હોય, ક્ષીરમાં જળ અને જળમાં ક્ષીર સંગત થતાં હોય, એવાં સ્થૂલ સંગત જીવનની વાસના રાખે છે; તેવી જ રીતે સૂક્ષ્મ કામ સૂક્ષ્મ શરીરોના ક્ષીરજલ જેવા સમાગમની વાસના રાખે છે. શ્રીરામ સીતાના સૂક્ષ્મ કામ અને સૂક્ષ્મભોગ આવા જ હતા. માઘ કવિ "गृहिणि सहनो जीवनविधिः" કહી સૂક્ષ્મ વાસનાને બળે મરણ પામતાં

પામતાં ધર્મપત્નીના કરપલ્લવનાં આશ્રયમાં રહી નિર્વાણ પામ્યો. શ્રીકૃષ્ણે ઉદ્ધવનો ઉપદેશ સાંભળ્યો તે એમના હૃદયમાં રહેલાં લક્ષ્મીજીએ હૃદયમાંથી સાંભળ્યો એવું માઘે વર્ણવ્યું[1] છે તે ઉત્પ્રેક્ષા પણ આ સૂક્ષ્મપ્રીતિના બનેલા અદ્વૈતને જ ઉદ્દેશીને છે. જયદેવકવિજીના મુખની અષ્ટપદી પદ્માવતીના સૂક્ષ્મ દેહે જ સાંભળી હતી. સ્થૂલ વાસના ને પ્રીતિ વૃદ્ધાવસ્થામાં ક્ષીણ થાયછે, શારીરક દુઃખથી ગ્રસ્ત થાય છે, જીર્ણ થાય છે તેમ તેમ જીર્ણ ઇષ્ટજનનો મોહ છોડી અન્ય જનને ઇષ્ટ ગણવા લલચાય છે; ભોગાન્તે શ્રાન્ત કરે છે, અને શ્રાન્તિને અન્તે પુનરુદ્દીપન કરી શ્રાન્તિ અને દીપનની ઘટમાળ ચલવ્યાં કરે છે, એમાં સ્થૂલ શરીરનું સત્વ નષ્ટ થાય છે, અને સૂક્ષ્મ શરીર મૂઢ થાય છે, અને જેમ જેમ કાળ જાય છે તેમ તેમ માત્ર વ્યસનીના વ્યસન જેવું શુષ્ક નીરસ અને પ્રસંગે દુઃખદ થઈ પડે છે. સૂક્ષ્મ શરીરની વાસનાઓનાં લક્ષણ આ સર્વ વિષયમાં આથી વિપરીત જ ગણી લેવાં. આમરણાંત સૂક્ષ્મ પ્રીતિના જ્વાળા જ્વળી શકે છે, સુખદુઃખમાં અદ્વૈત રૂહે છે, સર્વાવસ્થામાં અનુગુણ રૂહે છે, કાળ એને અસ્ત નથી કરતો પણ એનાં આવરણનો નાશ કરે છે, જેમ વધારે કાળ જાય તેમ એ પ્રીતિ પ્રીતિના સારરૂપે પરિણામ પામે છે, અને જરાવસ્થાથી વૃદ્ધ વયની વિકલતાથી તેનો રસ નષ્ટ થતો નથી એવું સત્યાનુભવી ભવભૂતિનું વચન છે. સૂક્ષ્મ પ્રીતિ ધરનાર દમ્પતીના સૂક્ષ્મભોગને સ્પર્ધાનું ભય નથી ને વ્યભિચારની અશક્યતા છે. આ સૂક્ષ્મ ભોગાન્તે શ્રાન્તિ નહી પણ શાન્તિ પ્રકટે છે. એ કામનું દીપન ભોગથી હોલાતું નથી પણ તેની અખંડ જ્વાલા બળ્યાં કરે છે. દીવામાં જેમ તેલ અને પ્રકાશનો સતત સહચાર રૂહેછે તેમ સૂક્ષ્મ કામનો અને તેના ભોગનો સહચાર રૂહે છે, દીપન અને શાંતિનો સહચાર રૂહે છે, અને ભોગ અને પ્રીતિનો સહચાર રૂહે છે. શ્રી અલખના પરમ આનંદરૂપને આ સહચારના આનંદમાં એટલું સામ્ય છે કે સૂક્ષ્મ પ્રીતિના જીવનમાં અલખના પરાનંદનો બોધ અલખનું જ્ઞાન થતાં જાતેજ પ્રકટે છે; જેમ વાદ્યકળાના પ્રવીણ જન પાસે નવું વાદ્ય આવતાં તે વગાડવાની કળા તેનામાં તરત આવે છે, તેમ સૂક્ષ્મ પ્રીતિના અનુભવીને પરાનંદનું

---

[1] इति विशकलितार्थामौद्धवीं वाचमेनाम्
अनुगतनयमार्गामर्गलां दुर्णयस्य ।
जनितमुदमुदस्थादुच्चकैरुच्छ्वसन्तोरः—
स्थलनियतनिषण्णश्रीश्रुतां शुश्रुवान् सः ॥ माघ.

સ્થાન પ્રાપ્ત થતાં એ આનંદનો અનુભવ સાહજિક કળાથી પ્રાપ્ત થાય છે. એટલું જ નહી પણ સ્થૂલ પ્રીતિને વિયોગ અને મરણ એ શોકનાં કારણ થઈ પડે છે ત્યારે સૂક્ષ્મ પ્રીતિ તે કાળે પણ પૂર્વવત્ ભોગ પામી શકે છે, કારણ એને સ્થૂલ શરીરની અપેક્ષા નથી. તેનાં દૃષ્ટાંત જોવાં હોય તો મ્હારા સ્થૂલ શરીરને વૈધવ્ય પ્રાપ્ત થયું છે ને ચન્દ્રાવલીને સ્થૂલ વિયોગ છે, છતાં મધુરી, તું જો કે અમારી સૂક્ષ્મ પ્રીતિ ઇંધન વિનાના અગ્નિ પેઠે અસ્ત થઈ નથી. પણ રત્નપ્રદીપપેઠે જેવી યોગમાં હતી તેવી જ વિયોગમાં, ઇન્ધનની અપેક્ષા વિના, હજી પ્રકાશમય છે.

ચન્દ્રા૦—મધુરી, તહારી પ્રીતિ પણ સૂક્ષ્મ છે.

કુમુ૦—માટે જ તે અન્ધકારમાં અખંડિત રહી છે ને નથી નાશ પામતી ને નથી નાશ પામવા દેતી ! અને માટે જ હું માજીના ચરણમાં સ્થૂલ શરીરને રાખી સૂક્ષ્મને ભટકવું હોય ત્યાં ભટકવા દેઈશ.

ચન્દ્રા૦—તું નિરાશ થઈ છે.

કુમુ૦—આશા નિરાશા છે ત્યાં નિરાશા જ આશા છે.

ચન્દ્ર૦—સ્થૂલ કામને સંયમમાં રાખી સૂક્ષ્મ કામના ભોગની જ તને વાસના હોય તો તે ધર્મ્ય છે ને લભ્ય છે.

કુમુ૦—સ્થૂલ કામને હું દેખતી નથી ને સૂક્ષ્મ કામ દુઃખાગ્નિમાં સૂક્ષ્મતમ ભસ્મરૂપ થાય એવું માજી પાસે માગું છું.

ચન્દ્રા૦—કુલારી, જે મહાત્માને માટેની તહારી સૂક્ષ્મ વાસનાઓ શાંત થતી નથી તેને મ્હેં કાલ જોયા. વિષ્ણુદાસજી અને મધુરી ઉભયના પરમ પક્ષપાતનું એ ઉચિત સ્થાન છે તે તેની આકૃતિ ઉપરથી જણાય છે. આકૃતિર્ગુણાન્ કથયતિ ॥

કુમુદ—હોય તહોયે શું ને ન હોય તહોયે શું ?

મોહની—એમ કેમ કહેવાય ? તમ જેવાના સૂક્ષ્મ કામ તૃપ્ત થાય તો તમને પણ કલ્યાણ ને જગતનું પણ કલ્યાણ.

કુમુદ—એ કલ્યાણ કરવાનો અધિકાર મધુરી જેવી ક્ષુદ્ર કીડીને કયાંથી હોય ?

મોહની—રાસલીલા તેં જોઈ, પણ તેનું રહસ્ય તું ભુલી ગઈ. બિન્દુમતી, શ્રીકૃષ્ણના અધર ઉપર ચ્હડેલી મોરલીની વંશપ્રશસ્તિ કાલ ગવાઈ હતી તે ગા.

બિન્દુમતી ગાવા લાગી.

* "બહુત,...ગુમા...ન...ભરી...રે, મોરલીયાં ! તું બહુત૦ (ધ્રુવ)
બંસરીયાં ! તું બહુત...ગુ... મા ન...ભરી રે! મોર૦
મેં સુતીતી અપને મ્હેલમે ! તહેં મેરી નિન્દ હરીરે ! મો૦
જાત વર્ણ તેરી સખ કોઈ જાને, તું જંગલકી લકડીરે ! મો૦
કૃષ્ણજીવન તુંકો મુખસેં લગત હેં, કર સંગત સધરીરે ! મોર૦ "

મોહની—મધુરી, તું નવીનચંદ્રના મુખ ઉપર આવી મોરલી થા અને અમને મોહ પમાડે એવું તેના પ્રભાવથી ગા.

ચંદ્રા૦—કાલ બંસીધુન ગવાઈ હતી તે પણ ગા.

બિન્દુ૦—

* " બંસીધુ...ન...બ... જ...ર...હી,
બંસીધુ...ન...બ...જ...ર...હી
શ્રીજીમના કે તી.....ર. ! બંસી૦
" સુરવર મોહ્યા, મ્હોટા મુનિવર મોહ્યા,
" મોહ્યા મોહ્યા ગન્ધર્વ અખિલ ! બંસી૦ (અનેક વાર)
" બંસી રે સુન કર ગઈ બ્રજબાલા,.
" વીસર્યો આ તનકો ચીર ! બંસી૦ (અનેક વાર)
" બંસીરે સુનક...ર...ગઇઆં રે બીસરી,
" બછુવા તજ ગયેા ખીર ! બંસી૦" (અનેક વાર)
" સુરદાસ હરિ બંસી મુખસેં બજાવે,
" સ્થિર રહ્યેા શ્રી મહારાણીજીકેા નીર ! બંસી૦" (અનેક વાર)

ચંદ્રા૦—મહાત્માનાં હાથમાં જઈ તેને મુખે ચ્હડી એક જડ બંસરી જગતને આટલું કલ્યાણ આપે છે તેા મધુરી જેવી મેધાવિની સુન્દરી નવીનચંદ્ર જેવા દક્ષિણ જનના હૃદયમાં વસી કેાનું કેાનું શું શું કલ્યાણ નહી કરે?

કુમુદ—મને તે અધિકાર નથી ત્યાં પછી વધારે વાત શી ?

ચન્દ્રા૦—આ ત્રણે મઠના ગુરુજીનેા અને સર્વ સાધુ સ્ત્રીપુરુષેાનેા પક્ષપાત જેને આજ આ ઉત્તમેાત્તમાધિકારે મુકે છે તેના ઉપર શું તને પક્ષપાત નથી ? શું ત્હારું હૃદય તેના લેાભનેા ત્યાગ કરી શકશે ?

કુમુદ—આ સર્વ પાપ અને વિપત્તિ એ દુષ્ટ હૃદયને માથે જ છે.

---

* પ્રાચીન. * પ્રાચીન.

ચંદ્રા૦—તું હજી મુગ્ધ છે. પણ હું તહારો ને તેનો યોગ કરી આપીશ. તહારું સ્થૂલ શરીર તહારે જેને વશ રાખવું હોય તેને વશ રાખજે, પણ સૂક્ષ્મ શરીર સૂક્ષ્મ કામના સ્વામીને વશ કરવું પડશે. તે પછી તે તને સ્વતંત્ર રાખે તો માળની પાસે આવજે ને તને અસ્વતંત્ર રાખે તો તેની ઇચ્છાને વશ થજે. આમાં તને કાંઈ બાંધ નથી. મધુરી, તહારે એ મહાત્માને પત્ર લખવો હોય કે સંકેત કરવો હોય કે સંજ્ઞા કરવી હોય કે જે કંઈ ઇષ્ટ હોય તે તૈયાર કરી રાખજે. તહારી સૂક્ષ્મતમ વાસના હું સમજી શકી છું, અને તું જાતે નહી ચાલે તો અમે તને ઉચકીને લેઈ જઈશું ને पृथिव्या चः शरणं स तव समीपे वर्त्तते એવું કહી સખીજને શકુન્તલાને દુષ્યન્તને શરણે નાંખી હતી તેમ અમે પણ તને નાંખીશું અને ત્યાં તહારું અભિજ્ઞાન કે સત્કાર નહી થાય તો માળનું મન્દિર ને ચંદ્રાવલીનું હૃદય તહારે માટે સર્વદા સજ્જ છે. માટે સમય આપું છું તેમાં સજ્જ થજે.

ચંદ્રાવલી ઉડી જહાર ગઈ.

બિન્દુમતી તેને થોડે સુધી મુકી આવી ને આવતી આવતી ગાવા લાગી.

[1]" रतिसुखसारे गतमभिसारे मदनमनोहरवेशम् ।
न कुरु नितम्बिनि गमनविलम्बनमनुसर तं हृदयेशम् ॥
धीरसमीरे यमुनातीरे वसति वने वनमाली
गोपीसूक्ष्मशरीरविशोधनचञ्चललोचनशाली ॥०

"મધુરીમૈયા, સૂક્ષ્મશરીરના વિશોધન માટે આવા મહાત્માનો દૃષ્ટિપાત તહારા પર થાય તો તે તહારે સ્વીકારવો જોઈએ."

" ચંદ્રાવલી મૈયા, સૂક્ષ્મ પ્રીતિને માટે—પણ અભિસરણ કરું એવી હું નથી—" જાગી હોય તેમ કુમુદ બોલી ઉઠી.

મોહની—ચંદ્રાવલી તો ગયાં. તહારું શું મનોરાજ્ય ચાલેછે કે, છે તેને દેખતી નથી, ને નથી તેને બોલાવે છે?

કુમુદ સાવધાન થઈ બોલીઃ " ક્ષમા કરો, મોહની મૈયા. શું ચંદ્રાવલીમૈયા, મને અભિસારિકા કરવી ધારે છે?"

---

૧. રતિરસ મનમાં વાંછી વનમાં વિચર્યો હરિ, ચલબેલી !
વિલમ જવામાં કરમાં હાવાં, વાલમને મળ વ્હેલી !
યમુના—તીરે વનવા ધીરે વાયે ત્યાં વનમાળી
સૂક્ષ્મ પ્રીતિનો ભોગી નાગર વાટ જુવે તુજ, વ્હાલી !
ગીતગોવિંદ ઉપરથી (રા. કે. હ. ધ્રુવ ઉપરથી)

મોહની—ચંદ્રાવલી જેવી પ્રવ્રજિતા જ્યારે દૂતી કર્મ કરશે ત્યારે અભિસરણ કરવામાં શરમાનારી તું તે કોણ વારું?

કુમુદ—શું ચંદ્રાવલીમૈયા દૂતી–કર્મ કરે છે? એ બોલોછો શું?

મોહની—તું સાંભળે છે તે.

કુમુદ—કેવી રીતે?

મોહની—રાત્રે વિહારપુરીને મળી આવ્યાં. નવીનચંદ્રજી ચંદ્રાવલીની વાર્તા સાંભળે એવો યોગ કરી વિહારપુરીજીએ પછી ભિક્ષાર્થે જવું અને પર્યટનકાળે એકાન્ત શોધી ગુરુજીની સંમતિ પણ માગી લેવી એટલી યોજના વિહારપુરીએ ને ચન્દ્રાવલીએ કરી છે. તે યોજના પ્રમાણે ચન્દ્રાવલી નવીનચંદ્રજીને શોધવા અત્યારે ગયાં.

કુમુદના મુખ ઉપર વેદના અને ગુંચવારો જણાયો. "આ શું કર્યું બધું? મોહનીમૈયા, મને આ ગિરિરાજ ઉપરથી નીચે ઉતરવાનો માર્ગ બતાવો. મ્હેં નવીનચંદ્રજીનાં દર્શન કર્યાં. હવે તેથી વધારે મ્હારે તેમને નથી મળવું."

મોહની—ચન્દ્રાવલીની આજ્ઞા તોડવાનો તને શો અધિકાર છે?

કુમુદ૦—મ્હારે પતિત નથી થવું.

મોહની–અયિ ધર્માભિમાનિની! તું શું એમ સમજે છે કે પોતાના હૃદયને અને સૂક્ષ્મ અભિલાષોને જોખમમાં નાંખી, અંગારા ઉપર ચાલવાની છાતી ચલવી, તહારા ઉપરની પ્રીતિને લીધે, ચંદ્રાવલી જેવાં વિરક્ત સાધુજન વિહારપુરી પાસે રાત્રે એકાન્તે ગયાં હશે–ઉભાં હશે—તે સર્વ તને પતિત કરવાને માટે? તહારો અને તેમનો પોતાનો ધર્મ તે શું તહારા કરતાં ઓછો સમજે છે અને ઓછો ઇચ્છેછે? આ બે મહતું અધિષ્ટાત્રીપણું આટલા દિવસ તેમણે એવી ધર્મનિપુણતાથી, કાર્યદક્ષતાથી, અને ઉદાત્ત સૂક્ષ્મ બુદ્ધિથી કર્યું છે કે ખરેખ પવિત્ર વિષ્ણુદાસજી બાવા પોતે એ ચન્દ્રાવલીના હૃદયમાં કંઈ વાસના થઈ જાણે તો વગરપ્રશ્ને તેને પવિત્ર જ માની લે એમ છે. એ ચન્દ્રાવલી તને અધર્મને માર્ગે રજ પણ સરવા દે એવી આશા જેવી વ્યર્થ છે તેમ તેવી ભીતિ અકારણ અને બાલિશ છે.

બિન્દુ૦—મધુરીમૈયા, તહારાં સ્થૂલ સૂક્ષ્મ ઉભય શરીરનું સંપૂર્ણપણે રક્ષણ કરી તહારે અભિસાર કરવાનું થાય એવી જ યોજના થશે.

કુમુદ—જેને આવા સાધુજન આમ પૂજે છે, જેને એ સર્વ મહાત્માઓ વિરક્ત જાણી આનંદ પામે છે, જેની પવિત્ર સ્થિતિ તમે કાલે જ પ્રત્યક્ષ કરાવી,–તેને એ સ્થાનમાંથી હું ચલિત નહી કરું. ચંદ્રને જેમ દૂરથી જ જોઈ કુમુદ પ્રફુલ્લ થાય છે તેથી વધારે મધુરી નહી કરે.

મોહની—તહારા જડ સ્થૂલ શરીરને એ જડ કુમુદ જેવું રાખજે ને તહારા સૂક્ષ્મ ચેતન શરીરને ચેતન સપક્ષ ચકોર જેવું કરજે. તહારા ચંદ્રના હૃદયમાં કોઈ ઉંડી વેદના છે એવું વિહારપુરી મૂળથી ધારે છે અને હવે તેમની કલ્પના એવી થઈ છે કે તે વેદના તહારે માટેજ હોવી જોઈએ. વિહારપુરીજીએ તહારા ચંદ્રના સંબંધમાં ચંદ્રાવલીને બે ત્રણ વાનાં કહેલાં છે તે સાંભળ.

[1]"रञ्जिता न ककुभो निषेविता
नार्चिषो वत चकोरचञ्चुपुः ।
कष्टमिन्दुहृदये निपीयते
दारुणेन तमसा वलीयसा ॥

"વળી બીજું કહ્યું છે કે—

[2]"यस्योदयेनैव दिशां प्रसादस्
तापापनोदोऽपि जगत्त्रयस्य ।
चकोरचञ्चूपुटपारणे तु
चन्द्रस्य तस्यास्ति कियान् प्रयासः ॥

"મધુરી, આ આશાના સુધાબીજનું પ્રાશન કર અને વિપરીત-કારિણી મટી ઉચિતકારિણી થા અને સુન્દરગિરિના પુણ્ય આશ્રમના આશ્રયવડે સંસારની ભ્રષ્ટ વઞ્ચનાઓમાંથી મુક્ત થઈ શુદ્ધ ધર્મ અને રસની વૃદ્ધિને સ્વીકાર. એ સંપ્રદાય પ્રમાણે તો તહારું સ્થૂલ શરીર પણ તહારા પરિશીલક જને વનિત કરેલું છે, પણ ચંદ્રાવલીમૈયા તહારા ઉપર એટલાં વત્સલ છે અને સંસારીઓના ધર્મનાં સુજ્ઞ છે કે તેમણે તહારા સ્થૂલ શરીરને તહારા સંપ્રત્યયને વશ રહેવા દેઈ માત્ર સૂક્ષ્મ પ્રીતિનો યોગ યોજ્યો છે. તહારા શરીરનો ઈશ જેને ગણવો હોય તેને ગણજે, પણ તહારા હૃદયનો ઈશ તો એક જ છે. એ હૃદયેશને અનુસરવું તેને તું અભિસરણ કહે કે અનુસરણ કહે પણ તે તહારો ધર્મ સૂક્ષ્મ છે તે પળાવવાને ચન્દ્રાવલીનું વિરક્ત ચિત્ત ચિન્તા કરે છે."

---

૧. અરેરે! હજી તો ચંદ્રે દિશાઓ રંગી નથી કે ચકોરની ચાંચમાં પોતાનો પ્રકાશ સીંચ્યો નથી અને તેટલામાં જ આ દારુણ અને વધારે બળવાળો રાહુ, ચંદ્ર ઉગતામાં જ, એને પી જાયછે.—(પ્રકીર્ણ)

૨. જેના ઉદયબીજ દિશાઓ પ્રસન્ન થાયછે અને ત્રણે ભુવનના તાપ શાંત થાય છે તે ચંદ્રને એક અપવાસી ચકોરના ચઞ્ચૂપુટને પારણાં કરાવવામાં તે કેટલો પ્રયાસ પડવાનો હતો? (પ્રકીર્ણ)

બિન્દુ—એ તો એસ્તો. મધુરીબ્હેન, રાત્રિ આવશે અને આમનું આમ કરશો તો ગઈ વેળા પાછી નહી આવે ને પસ્તાશો.

કુમુદે આ વાત કાન ધરી નહી. સહુની પાસેથી તે ઉઠી અને રાત્રે જે બારી આગળ બેઠી હતી ત્યાં જઈ બેઠી. બિન્દુમતી બોલ્યાચાલ્યા વિના એની પાસે કાગળ, બડીઓ ને કલમ મુકી આવી ને મોહનીને પુછવા લાગી.

"હવેનો વિધિ[illegible]

"એ બારીએ તાળું છે તે રાખજે ને જોડની બારીએ સળીયા છે તે ઉ-
"ઘાડી રાખજે. એની પાસે શય્યા પાથરી રાખજે. એ આધી પાછી જાય
"તે દૃષ્ટિમાં રાખજે ને બાકી એકાંતમાં જ રૂહેવા દેજે. એકાન્ત એ જ
હવેનો વિધિ છે. હું હવે મ્હારા આન્હિકમાં ભળું છુ."

પ્રકરણ ૨૩.

સરસ્વતીચંદ્ર અને ચંદ્રાવલી.

* ईदृशानां विपाकोपि जायते परमाद्भुतः ।
यत्रोपकरणीभावमायात्येवंविधो जनः ॥ भवभूति.



ધુઓ ભિક્ષાર્થે જાય ત્યારે સરસ્વતીચંદ્ર એકલો આશ્રમમાં રૂહેતો અને તેની સાથે વિહારપુરી અને રાધેદાસ તથા આશ્રમ સંભાળનાર એક એ જણ રૂહેતાં. આજ તો વિહારપુરી પણ ભિક્ષાર્થે ગયો હતો. આશ્રમ પાછળની ગુંફામાં સરસ્વતીચન્દ્ર એકલો ફેરા ફરતો હતો. રાધેદાસ આગલા દ્વારને ઓટલે બેહો બેહો વાંચતો હતો. આશ્રમ સંભાળનાર સાધુઓ સ્વયંપાકાદિ કાર્યની તૈયારી કરતા હતા.

સુરગ્રામનાં દર્શનને દિવસે સરસ્વતીચન્દ્રના મસ્તિકમાં કંઈ કંઈ નવા સંસ્કાર ભરાવા પામ્યા હતા. ગિરિ ઉપરથી ઉતરતાં અનભિજ્ઞાત કુમુદ મળી અને તેનાં ઇંગિતે તેમ સાધુજનોનાં વિનોદવાક્યોએ એના તર્કને પક્ષીઓ પેઠે

---

* આવા (મહાત્મા) નો વિપાક પરમ અદ્ભુત થાય છે—કે જેના કલ્યાણ માટે આવાં મહાશય મનુષ્ય સાધનભૂત થાય છે. ઉત્તરરામ.

ઉરાડ્યા. પર્વત નીચે સુરગ્રામની યાત્રામાં મ્હેતાજી અને તેનાં વર્તમાનપત્રોએ તો આના મસ્તિકમાં મધપુડોજ ઉરાડ્યો. કુમુદ, સૌભાગ્યદેવી, પ્રમાદધન, બુદ્ધિધન, લક્ષ્મીનંદન, સામંત, આદિના અને કૌટુમ્બિક સમાચાર, આદિ અનેક વસ્તુઓ વર્તમાન પત્રમાંથી જાણી લીધી હતી તેના દંશ મસ્તિકમાં લાગવા લાગ્યા. ગઈકાલની રાસલીલાને અંતે કુમુદનું જોડેલું ગીત ગવાયું તેના અર્થભાનથી તો આ સર્વ વિચારો કરતાં કરતાં વચ્ચે વચ્ચે તે ચમકતો હતો.

"શું આ મધુર કોમલ કાન્તિવાળી મધુરી તે કુમુદ? સુભદ્રાના મુખ આગળ કુમુદ ડુબી તણાયલી જાનચતુરને જડી નહી, પણ નદીના મુખ આગળના બેટથી ચ્હડીને ચ્હંહી આવેલી મધુરીની કાંતિ કુમુદ જેવી નથી? અત્યંત દુઃખથી એ ચિત્રની છાયા ઝાંખી થઈ છે પણ ઝાંખી ઝાંખી એ છાયામાંની રેખાઓ તો કુમુદની જ છે—कान्तिः सैव पुराणचित्रमालेना लेखाभिरुन्मीयते* ॥ સુવર્ણપુર છોડ્યાને આંગળીવ્હેડે ગણીએ એટલા જ દિવસ થયા તેવામાં એનો કાંતિ શું આટલી બદલાય! પણ કાલના ગીતમાં તો નકકી મ્હારા ઉપર જ કટાક્ષ છે અને તે મ્હારી રેક કુમુદના હૃદયમાંથી ન હોય તો બીજા કોના હૃદયમાંથી હોય! અરેરે! મ્હેં એને વૈધવ્ય પ્રાપ્ત કરાવ્યું! એ નદીમાં પડી તે મ્હારે લીધે!—મ્હેં જ નાંખી! મ્હેં જ નાંખી. હરિ! હરિ! હું જીવુંછું ને એને અનિવાર્ય વૈધવ્ય પ્રાપ્ત થયું! હું તો આ વિરક્ત ભેખને ધરવા લાગ્યો! એને હવે સૌભાગ્યદેવી વિનાનું સાસરું સુનું! એને તો પ્રમાદધન ગયાનું સ્વપ્ન પણ નહી હોય! એ સ્વપ્ન એને આવશે તો એને કેટલું દુઃખ પડશે?—મ્હારાથી તે નહી જોવાય. જો એ કુમુદ જ હોય તો એને જાતે ગુણસુન્દરીને ત્યાં મ્હોચાડી આવીશ. સીતાને વનવાસમાં મ્હોચાડનાર લક્ષ્મણ પાછા સીતાને મળ્યા ત્યારે નમસ્કાર કરી બોલ્યા હતા કે "માતા, તમને આટલું દુઃખ દેનાર નકટ લક્ષ્મણ તમને નમસ્કાર કરે છે." હું પણ ગુણસુંદરી પાસે આવાજ નકટપણાથી નમસ્કાર કરીશ ને દુઃખી કુમુદને તેમના હાથમાં મુકીશ! જે મ્હોં કોઈને દેખાડવું જોઈએ નહી તે ગુણસુંદરીની પાસે દેખાડીશ. નિર્લજ્જ નકટ દુષ્ટ સરસ્વતીચન્દ્ર! એ જ હવે તહારું પ્રાયશ્ચિત્ત! —પણ મધુરી તે કુમુદ ખરી?—

---

* ચંડકૌશિક.

" ચંદ્રકાંત, મ્હારા કંપતા હૃદયને આધાર આપવાને અને આ ગુંચવા-રામાંથી મને મુક્ત કરવાને ત્હારી સાત્વિક બુદ્ધિનો બ્હપ છે, તું મ્હારે માટે ભટકે છે—હું તને શોધું છું—પણ હજી સુધી સંયોગ થતો નથી."

જે સાધુ ચન્દ્રકાન્તને મળ્યો હતો અને રાત્રે તેને પાછાં મળવાનો સંકેત કરી મળ્યો ન હતો તે સુન્દરગિરિ ઉપર પાછો આવ્યો હતો. પોલીસ પોતાના શોધમાં છે, પોલીસ પોતાનો ગતિ તપાસે છે, અને પોતાની અને ચન્દ્ર-કાંતની વાતનો ને સંકેતનો પોલીસને પત્તો મળ્યો છે એટલું જાણતાં સાધુ સંકેત તોડી પાછો પર્વત ઉપર આવ્યો હતો અને નવીનચન્દ્રજીનું નામ અને સ્થાન પ્રકટ કર્યા વિના આ સંકેત સિદ્ધ થાય એમ નથી એવા સ-માચાર સરસ્વતીચન્દ્રને તેણે કહ્યા હતા. ચાર પાંચ દિવસ વાત ત્હાડી પાડવી ને પછી યોગ્ય માર્ગે પાછી ઉપાડવી એવો માર્ગ સર્વેયે ફ્હાલ્યો. ચંદ્ર-કાંતના મેળાપમાં આમ વિલમ્બ થયો અને એનો બ્હપ તો આમ તીવ્ર થયો. વિચારમાં ને વિચારમાં તે શતપત્ર કમલના ભરેલા ઝરાના ઝીણાં ગાનમાં લીન થયો. કોમળ ન્હાના ઘાસમાં એક વસ્ત્ર ઉપર તેની શય્યા હતી તેમાં હાથનું અશીકું કરી સુતો. ઉપરના વડની ડાળીઓ લટકતી હતી તેના ઉપર એની દૃષ્ટિ ફરી. અને અંતે પાસે પડેલાં બે ચાર પુસ્તકો ઉપર એ દૃષ્ટિ જતાં ઉઠ્યો ને બેઠો થયો.

અલખ—મ્હોનો પુસ્તકશાળાનાં સર્વ પુસ્તકોનો સંગ્રહ એની દૃષ્ટિને સ્વાધીન કરી દેવામાં આવ્યો હતો. અલખમાર્ગના યોગીઓ સર્વ ઐહિક આમુત્રિક વિષયોનાં શાસ્ત્રો જાણતા અને સંસાર જ્યારે એમ માને છે કે શાસ્ત્રોનો મ્હોટો ભાગ માત્ર વાંચવા સાંભળવાનો છે અને આ કલિ-યુગમાં પાળવાનો નથી, ત્યારે આ યોગીયો તો સુન્દરગિરિ ઉપર હજી સત્ય યુગ જ ગણતા અને જે કોઈ શાસ્ત્રને સ્વીકારતા તેના સર્વ ઉપદેશ પાળતા. પણ સંસારમાં શાસ્ત્રીઓ માત્ર પ્રાચીન શાસ્ત્રનાં લક્ષણ જુવે છે, મને તેમાંથી અનુકૂળ લક્ષણો સ્વીકારી, પ્રતિકૂળ લક્ષણનો કલિયુગને નામે ત્યાગ કરવાનો—અને એ ત્યાગના વિષયમાં સંસારનાં અશિક્ષિત મ-નુષ્યોના સ્વચ્છન્દ આચાર પાળવાનો—માર્ગ આ શાસ્ત્રીઓ અનિન્દિત ગણે છે અને લોકસંગ્રહને અશાસ્ત્ર માર્ગે પ્રવર્તવા દેછે; ત્યારે આ યોગીયોનો સંપ્રદાય પ્રાચીન કાળથી એવો જ હતો કે જે લક્ષ્યથી શાસ્ત્રો અને તેનાં લક્ષણો બંધાયાં છે તે લક્ષ્ય ઉપર જ અનિમિષ સાત્વિક દૃષ્ટિ રાખી, પ્રસંગે પ્રસંગે લક્ષ્ય વસ્તુનું સિંહાવલોકન કરી, અલખ-અલક્ષ્ય-ના લખ પ્રવાહની ગતિ પ્રમાણે શાસ્ત્રોને અને લક્ષણોને ઉત્કર્ષ આપવો અને એ લખવિ-

ભૂતિના ઉત્કર્ષના મર્યાદામાં જે કાંઈ શાસ્ત્રશાસન આવે તે સંપૂર્ણ કળાથી પા-
ળવાં. લક્ષ્યાલક્ષ્ય સંપ્રદાયનું કામતંત્ર પણ આ આધારે અને આ પ્રયોજને જ
રચાયલું હતું. જેટલો રસ સરસ્વતીચન્દ્રને એ વાંચવામાં પડ્યો હતો તેથી
અધિક રસ, એ તંત્રના આચાર વિહારમઠમાં પળાતા હતા તે જોવામાં, એને
પડ્યો હતો. ગઈ કાલ વિષ્ણુદાસજી ત્રણે મઠની નિરીક્ષા કરવા ગયા હતા
તેની સાથે એ પણ ગયો હતો, અને પરિવ્રાજિકામઠ તેમ વિહારમઠની
યોજનાઓ આ દેશને માટે અપૂર્વ લાગી અને પાશ્ચાત્યદેશોમાં અનવ-
સ્થિત લાગી, પણ યદુનન્દનના "ગ્રન્થભંડાર"માં દૃષ્ટિ પડ્યાથી એમ
પણ સંભવિત લાગ્યું કે આ દેશના સૌભાગ્યકાળમાં આર્ય જનસમૂહની
વ્યવસ્થા પણ કંઈક આવીજ હશે. એ કાળનું ચિત્ર આ કાળની સાથે
સરખાવતાં એના હૃદયમાં આપણી અર્વાચીન સ્થિતિને માટે શોક ઉદય
પામ્યો અને ભવિષ્યને માટે ભયચિત્ર પ્રત્યક્ષ થયું.

"કેટલો વિનિપાત! જે દેશમાં આ શાસ્ત્ર રચાયાં અને પળાયાં તેમાં
"આજ કેટલી અધોગતિ છે? અથવા એમ પણ કેમ ન હોય કે
"સુંદરગિરિ ઉપર જે વ્યવસ્થા સાધુજનો આમ અગ્નિહોત્ર પેઠે જાળવી
"રહ્યા છે તેવી વ્યવસ્થા આ વિશાળ દેશમાં જળવાઈ શકી નહી? આ
"સ્ત્રીજનનાં કૌમારવ્રત અને વૈરાગ્ય, આ સાધુઓનાં સરલ ચિત્તનાં
"સંવનન અને રસોત્કર્ષ—એ સર્વ દિવ્ય પદાર્થો પાળનાર સાધુજનોની
"સાધુતા કે સરલતા આ વિશાળ લોકસમૂહમાં શી રીતે આવવાની
"હતી? અને તે આવે નહી તો આ જ દિવ્ય પદાર્થો આ સંસારને
"વિપરૂપ કરી મુકે એમાં શી નવાઈ? શું આ ઉત્કર્ષ અર્વાચીન કાળમાં
"ન આવી શકે? પાશ્ચાત્ય સંસારમાં એ ઉત્કર્ષનાં અમૃતફળ અને વિષફળ
"ઉભય છે—તે જોનાર ત્યાંના વિદ્વાનો અને રાજપુરુષો સ્વદેશી આચારવિ-
"ચારનાં ચક્ર ચતુરતાથી ફેરવી શકે છે અને તેમના દેશીઓ તેમનામાં
"વિશ્વાસ રાખી શકે છે. ત્યારે પરદેશી વિદ્યાથી મોહિત ગણાતા વિદ્વાન
"દેશીઓ ઉપર અને પરદેશી રાજપુરુષોની ચતુરતા ઉપર આ દેશ શી
"રીતે શ્રદ્ધા રાખવાનો હતો? જ્યાં સુધી દેશમાં આવી શ્રદ્ધા વિકાસ પામે
"અને શ્રદ્ધેય ગણાવા ઇચ્છનાર વિદ્વાનો અને રાજપુરુષો આ શ્રદ્ધાને
"યોગ્ય થાય—પોતાની શક્તિથી, વૃત્તિથી, ઉદારતાથી અને પ્રયાસથી
"લોકની શ્રદ્ધાના સુપાત્ર બને ત્યાં સુધી સર્વ દેશોત્કર્ષની વાત વૃથા છે.
"શકુન્તલાના હરિણના હૃદયમાં દુષ્યંતે વિશ્વાસ ઉત્પન્ન કર્યો નથી
"ત્યાંસુધી એ હરિણ દુષ્યંતના હાથમાંનું કોમળ ઘાસ ખાવાનું નથી

" અને શકુન્તલા જે આપશે તે એ હરિણ ખાશે. મ્હારા વિદ્વાન ભાઈયો
" કહે છે કે જુના લોક અમારો ઉપદેશ સાંભળતા નથી અને
" પરાપૂર્વની રૂઢિથી ચાલે છે તે ખરું છે, પણ એ દોષ કોનો?
" જુની રૂઢિઓ અનેક અનુભવોના માંખણ જેવી છે તે આજ સુધી
" લોકહિતની પોષક ગણાઈ છે. તે ગણના ખરી કે ખોટી હો, પણ
" તેમના અને તેના ઘડનારા ઉપર લોકને દૃઢ પાયાવાળી શ્રદ્ધા છે અને
" પરદેશી રાજ્યકર્તાએ ઉત્પન્ન કરેલા દેશી પણ યુવાન્ વર્ગની બુદ્ધિ ઉપર
" તેમને વિશ્વાસ સ્વાભાવિક રીતે નથી. કાળબળે આજ નષ્ટ થતી આ રૂઢિ-
" ઓને મ્હારા ભીરુ દેશી બાન્ધવો શાથી વળગી રહે છે? ઓ મ્હારા
" અનેકધા દુ:ખી દેશ! તહારે માથે અનેક વાદળ તુટી પડ્યાં છે, પડે છે ને
" પડશે. અને અમાવાસ્યાની ગાઢ અંધકાર ભરી રાત્રિ સર્વની દૃષ્ટિને નિ-
" ષ્ફળ કરી દેછે તે કાળે, ઓ મ્હારા દેશ, નહાનું બાળક માતાને વળગે તેમ
" તું આ શ્રદ્ધાને વળગી રહે છે— એ શ્રદ્ધાના એક દીપથી જેટલું તું દેખે
" છે તેટલું આકાશમાં વસતા અનેક પરદેશી તારાઓના પ્રકાશથી તું દેખતું
" નથી, તો તે તારાઓનાં પૃથ્વીના કોઈ સરોવરમાં પડેલાં પ્રતિબિમ્બ
" જેવા મ્હારા વિદ્વાન્ ભાઈઓના પ્રકાશથી મ્હારો દેશ કંઈ જોઈ શકે નહી
" તો તેમાં શી નવાઈ છે! એ શકુન્તલા જેવી ઓ રૂઢિ દેવી! જેવી હું તને
" કુચ કરતી દેખું છું તેવોજ આ દેશને તહારાં વસ્ત્ર ખેંચી પકડી રાખતો
" દેખું છું. એ દર્શન મ્હારું હૃદય વલોવે છે.

[1]" यस्य त्वया व्रणविरोहणमिङ्गुदीनाम्
" तैलं न्यषिच्यत मुखे कुशसूचिविद्धे ।
" श्यामाकमुष्टिपरिवर्द्धितको जहाति
" सोऽयं न पुत्रकृतकः पदवीं मृगस्ते ॥

" No doubt, we of the new generation have done
" nothing to deserve the confidence of our uneducated
" countrymen. We are only echoing voices that have
" come from the West!—'Tis a foreign voice reflected

---

૧ (હે શકુન્તલા!) આ મૃગનું બચ્ચું તહારું બાળક જેવું તેં કરી લીધેલું છે સામો (શ્યામાક) મુઠીએ મુઠીએ ખવડાવી તેં એને મ્હોટું કરેલું છે, એના મુખમાં દર્ભનો કાટો વાગ્યો ત્યારે ઘા રુઝાડવા તેમાં ઇંગુદીનું તેલ તેં પુરેલું છે; તે મૃગબાળક (અત્યારે તું જવા બેઠી ત્યારે સ્વાભાવિક પ્રીતિથી) તહારો માર્ગ રોકી બેસે છે ને તે માર્ગને છોડતું જ નથી. (શાકુન્તલ.)

" by our hollow-vaulted brains, and those, that perceive
" it, refuse to be led by it. We have never even
" as much as attempted to find out the wisdom of our
" ancestors and yet we have condemned them unheard;
" and if somewhere we have dubbed that wisdom
" with the name of folly, nowhere have we tried to
" recognise that wisdom. I think there is more com-
" mon sense and sounder patriotism in the stubborn
" and wholesale refusal, by our masses, to consider
" or even hear and endure the latest fantasies of their
" seduced boys. When we shall have studied that
" ancient wisdom and considered both sides, the
" people will hear us, follow us, and even accept our
" theories of the follies of our best ancestors. We
" shall then have deserved the confidence of the
" people."

" જે લોકશ્રદ્ધા નવા વિદ્વાનો ઉપર નથી બેસતી તે આ અલખના
" યોગીઓ ધારે તો કેટલી વારમાં મેળવી શકે? સંસારને શુદ્ધ કરવાને
" માટે જોઈએ તેટલું સંસારનું જ્ઞાન, રસિકતા અને વૈરાગ્ય, નિઃસ્વાર્થ
" અને સ્વયંભૂ કલ્યાણ કરવાની વાસના, અને આ પુસ્તકો અને આ
" સંપ્રદાય : એ સર્વ સાધનથી લોકનું શું શું કલ્યાણ ન થઈ શકે?
" સંસારના અતિસંસર્ગથી જાતે ભ્રષ્ટ થવાના ભયથી— યોગ્ય ભયથી—
" આ સાધુઓ સંસારીઓથી દૂર રહી તેમનું જેટલું કલ્યાણ થાય
" એટલું કરવાને માટે દૂરથી અલખ જગાવે છે. પણ સંસાર બહેરો
" છે તે એ ક્યાંથી સાંભળે? સરસ્વતીચંદ્ર, આ સાધુકુળનો ઉત્કર્ષ કરવો
" એ તહારો ધર્મ છે."

" એમના આચાર સંસારથી અત્યન્ત જુદા હોવા છતાં સંસાર તેમના
" ઉપર શ્રદ્ધા શા માટે રાખેછે? તેમના પવિત્ર શાસ્ત્રમુદ્રિત લોકમુદ્રિત
" આશય ઉપર લોકને સ્વાભાવિક શ્રદ્ધા છે. તેમને અભિમાન નથી, મદ
" નથી; તેઓ સંસારીઓની સેવા કરવા સુધી તત્પર છે અને બહારા
" જેવા માર્ગમાં જડેલા પ્રાણી ઉપર આટલી કૃપા રાખે છે. તેઓ
" શરીરધર્મનાં શાસ્ત્ર પાળે છે, રસધર્મ પાળે છે, વૈરાગ્યની શુદ્ધ કળા

" પામે છે, લોકકલ્યાણને પોતાની વિભૂતિ ગણે છે, અને પોતાના અને
" પારકાને એક ગણી પરમ–અલખમાં લીન થાય છે. विगतमानमदा
" मुदिताशया:—તે આ લોક જ છે."

" જો મધુરી કુમુદ જ હોય તો આ કલ્યાણસ્થાનમાં આવી મહાત્મ
" પરિવ્રાજિકાઓમાં તેને પૂર્ણ શાંતિ મળશે અને તેટલા જ્ઞાનથી મ્હારું
" હૃદયશલ્ય શાંત થશે. મ્હારો અને તેનો સંસર્ગ ભયંકર છે—હવે તે
" દૂર જ રાખવો. પણ એ ઘેર જાય તે ઠીક કે અંહી રહે તે ઠીક?"
આ પ્રશ્ન ઉઠે છે એટલામાં રાધેદાસ અંદર આવ્યો. એના સામું જોયું. પાસે આવી રાધેદાસ બોલ્યો, " જી મહારાજ, ચંદ્રાવલી મૈયા આપનું દર્શન ઇચ્છે છે."

" મ્હારું દર્શન! શા માટે!"

" એ તો તેમના હૃદયમાં જે મંત્ર હોય તે ખરો. મને તે અલખ છે."

" તો પુછો તો ખરા! સ્ત્રીજનને મળવું આ વેષને કે દેહને ઉચિત નથી."

" પરિવ્રાજિકા મહની પરમ પવિત્ર અધિષ્ઠાત્રીને તેમના હૃદયનો મંત્ર
" પુછવાનો કોઈ સાધુજનને અધિકાર નથી. તેમનો આત્મા સ્ત્રીરૂપ નથી
" અને આપનો આત્મા તેથી ભિન્ન પુરુષરૂપ નથી. પવિત્ર કલ્યાણ
" આશયને કાળે અલખનો ભેખ લખ વસ્તુમાત્રને માટે ઉચિત છે. જી. મ-
" હારાજ, ભગવતી ચન્દ્રાવલી મૈયા જ્યારે પ્રવૃત્તિ સ્વીકારે છે ત્યારે કોઈ
" પરમ કલ્યાણ કાર્યને અર્થ જ એ પ્રવૃત્તિને સ્વીકારે છે અને તેમનાં
" સાધન પણ શુદ્ધ ધર્મ્ય અને રમણીય જ હોય છે. ગુરુજીની પાસે પણ
" એ ભગવતીની ગતિ અપ્રતિહત છે."

નવીનચંદ્ર સાંભળી રહ્યો અને કંઈક વિચારમાં પડી અંતે બોલ્યો, "વિ-
હારપુરી....."

" તેમની અનુમતિ પ્રાત:કાળથી જ મળી ગઈ છે" : રાધેદાસ વચ્ચે બોલ્યો.

સર૦—રાધેદાસજી, તમારી આવી શ્રદ્ધાના પાત્રનો સત્કાર કરવાને વિધિ શો છે?

રાધે૦—ગુરુજીને માટે જેવો આદર રાખો છો તેવો જ આ ભગવતી માટે રાખજો. જી મહારાજ, અલખ માર્ગનો સંપ્રદાય એવાંને એવું જ કહી સંબોધે છે કે,

[૧] " शिशुत्वं स्त्रैणं वा भवतु ननु वन्द्याऽसि जगतः ।
गुणाः पूजास्थानं गुणिषु न च लिङ्गं न च वयः ॥ "

૪૨૦—એ અભિલાષ મને અનુકૂળ છે. આપ આગળ ચાલો ને મ્હારું તેમને અભિજ્ઞાન કરાવો.

બે જણ આશ્રમબ્હાર ગયા ત્યાં ઓટલા ઉપર ચન્દ્રાવલી બેઠી હતી. નવીનચન્દ્રને જોઈને તે ઉભી થઈ. બે જણ પરસ્પર પ્રત્યક્ષ થતાં તત્ક્ષણ રાધેદાસ બોલ્યો.

" ચન્દ્રાવલીમૈયા, આ અમારા નવીન જેવાતૃક –જેને માટે તમે આટલે દૂરથી આવ્યાં છો. નવીનચન્દ્રજી, આ અમારાં મંગલમૂર્ત્તિ મૈયા–જેનો ઉત્કર્ષ આપના શ્રવણપુટને પ્રાપ્ત થયો છે જ."

અત્યારે ચન્દ્રાવલીનાં સર્વ અંગ સુન્દરતા અને પવિત્રતાના સર્વ ચમત્કારથી ચમકતાં હતાં. એના દર્શનથી જ નમ્ર અને તૃપ્ત થઈ સરસ્વતીચન્દ્ર મસ્તક નમાવી બોલ્યો " મૈયા,

[૨] " अञ्जलिरकारि लोकैर्ग्लानिमनाप्तैव रञ्जिता जगती ।
" सन्ध्याया इव दृष्टिः कस्य मनोज्ञा न भगवत्याः ॥

" આ શરીરમાંનું હૃદય આપને શિરવડે નમે છે અને આપની પવિત્ર " આજ્ઞા જાણવા ઇચ્છેછે. "

ચન્દ્રાવલી–સાધુનું હૃદય સાધુને ઓળખી લેછે. રાધેદાસ, મ્હારે એમની સાથે કંઈ મંત્ર કરવો છે.

રાધે૦–હું તેને અનુકૂળ જ છું. આપના શ્રવણપંથથી દૂર પણ નયનપથમાં પેલા ઝાડ નીચે બેસું છું અને સંજ્ઞા કરશો ત્યાં નિકટ આવીશ.

રાધેદાસ તેટલે છેટે ગયો ને ત્યાં બેઠો. તે બેઠો ત્યાં સુધી તેનાં ઉપર દૃષ્ટિ રાખી, તે પછી ચંદ્રાવલીએ સરસ્વતીચંદ્ર ઉપર દૃષ્ટિ કરી. એ નીચું જોઈ રહ્યો હતો.

---

૧ તમ્હારામાં બાળકપણું હો, કે સ્ત્રીપણું હો ! તો પણ જગતે વન્દન કરવા યોગ્ય તું છે જ; ગુણિજનમાં પૂજાનું સ્થાન તેમના ગુણ છે—તેમની સ્ત્રીજાતિપણું કે પુરુષપણું નથી તેમ તેમનાં વયનાં વર્ષ પણ નથી. (ઉત્તર૨ામ.)

૨ સંધ્યાની દૃષ્ટિ જેવી સુન્દર-રમણીય છે તેવીજ આપ ભગવતીની દૃષ્ટિ કોને નથી? એ દૃષ્ટિ પડતામાં લોકો અંજલિવડે હાથ જોડવા મંડી ગયા અને પૃથ્વી, ગ્લાનિને પામી નથી ત્યારે પ્હેલાં તો, એ દૃષ્ટિથીજ રંજિત થઈ. (પ્રાચીન)

ચન્દ્રા૦—નવીનચંદ્રજી, હું આ ઓટલે બેસું છું; તમે આ પગથીય. ઉપર બેસો. મ્હારે અતિવિસ્રમ્ભની ગોષ્ઠી કરવાની છે.

જિજ્ઞાસા, આતુરતા, પ્રીતિ, લજ્જા, અને કમ્પને અનુભવતો સરસ્વતીચંદ્ર તે પ્રમાણે બેઠો અને નીચલું પગથીયું જોઈ રહ્યો. ચંદ્રાવલી પણ બેઠી.

ચન્દ્ર૦—નવીનચંદ્રજી, સુન્દરગિરિ ઉપર આપની કીર્તિ આ સૂર્યના પ્રકાશ પેઠે પ્રસરી રહી છે; પણ હું તો નિમ્ન પ્રદેશમાંથી આપના પૂર્વાશ્રમની કથા સાંભળી આવી છું.

સર૦—આપની કીર્તિના શ્રવણપાનમાં જેવી શાન્તિ છે તેવી મ્હારા પૂર્વાશ્રમની કથામાં કલાન્તિ છે. બૈયા, એ આશ્રમનો શુદ્ધ ઇતિહાસ ગુપ્ત છે.

ચન્દ્રા૦—તમારે તે ગુપ્ત રાખવાની ઇચ્છા હશે પણ મને તો તે ઇતિહાસના સાક્ષિભૂત હૃદયના કરેલા ઉદ્ગારથી જણાઈ છે.

સર૦—એ હૃદય જે દેહમન્દિરમાં હતું તે મન્દિર નષ્ટ થયું છે.

નિ:શ્વાસ મુકી સરસ્વતીચંદ્રે નેત્ર ઉપર હાથ ફેરવ્યો.

ચન્દ્રા૦—એ મન્દિર નષ્ટ નથી થયું પણ મ્લાન થયું છે. નવીનચંદ્રજી, એ મન્દિરમાંના હૃદયની કુંચી લેઈને હું આવી છું અને તમને હું તે સોંપી દેઈશ.

સર૦—એ કેમ મનાય? આપ એક શરીરની વાર્તા કરતાં હશો અને હું બીજા શરીરની વાર્તા કરતો હઈશ.

ચન્દ્રા૦—આ ગિરિના તરસ્થાનમાં તે શરીર તમે દીઠું છે ને એ હૃદયનો કટાક્ષ તો કાલ તમને લાગી ગયોછે.

સર૦—એ શરીરનું નામાભિધાન જુદું છે.

ચન્દ્રા૦—તમે તમારું નામ બદલ્યું તેમ એ મધુર શરીરને અમે મધુરીનામે ઓળખીયે છિયે. એ નવીન પણ ઉચિત નામ મ્હેં જ પાડેલું છે.

સર૦—જો આપ કહોછો તેવી જ સ્થિતિ હોય તો મ્હારી એક ચિન્તા શાન્ત થશે. આપ જેવાના સત્સંગથી એ શરીરમાંનું વિકલ હૃદય શાંત થશે અને મને ભુલશે. એ શરીરનું સત્ય નામ જણુવવાની મ્હારા ઉપર આપ કૃપા કરી શકશો તો સર્વ પ્રશ્નોનું સમાધાન થશે.

ચન્દ્રા૦—તે નામ મ્હારાથી પણ ગુપ્ત છે. પણ નામ વિનાની સર્વ હૃદયગુહાની હું તલસ્પર્શી થઈ છું.

સ૨૦–મૈયા, આપ આજ્ઞા કરશો તે હું સાંભળીશ. માત્ર ગુપ્ત નામ રાખનારની ગુપ્ત વાર્તા પ્રકટ ન કરવી એટલો ધર્મ સાચવીશ.

ચન્દ્રા૦–એ તો ઉચિત છે. આપણી વાતોની સરત એટલી કે તમારું એનું પરસ્પર અભિજ્ઞાન સંપૂર્ણ થાય તો જ મહારી તમારી કથાઓ સત્ય ગણવી ને અભિજ્ઞાન અપૂર્ણ થાય તો સર્વ વાત સ્વપ્નવત્ ગણવી.

સ૨૦—તો આજ્ઞા કરો.

ચન્દ્રા૦—આપ આ આશ્રમમાં સર્વની સાથે શયન રાખો છો તેને સ્થાને ગુરુજી જ્યારે જ નીરાળો એકાન્તવાસ આપે તો આપે સ્વીકારવો.

સ૨૦—ગુરુજીની ઇચ્છા તે આજ્ઞા જ છે.

ચન્દ્રા૦—આપની ઇચ્છા પુછે તો તેમાં પણ આ યોજનાને જ અનુકૂળ રહેવું.

સ૨૦—આ આશ્રમમાં હું ગુરુજીની પ્રસન્નતા જ ઇચ્છું છું—બીજી ઇચ્છા દર્શાવતો નથી.

ચન્દ્રા૦—દર્શાવતા નહી હો, પણ રાખતા તો હશોજ.

સ૨૦–હૃદયતંત્રમાં તો જે હોય તે ખરું.

ચન્દ્રા૦—નવીનચંદ્રજી, તૃપિત ચકોરી ચન્દ્રપ્રકાશથી જ તૃપ્ત થશે.

સ૨૦—મૈયા, તેને ઉપદેશ કરજો કે જે શમપ્રકાશ ચન્દ્રાવલીમૈયા વિહારપુરીજીને આપે છે તે જ પ્રકાશ ચકોરીને અનેક ચન્દ્રની માળા જેવાં ચન્દ્રાવલી મૈયા આપી શકશે.

ચન્દ્રા૦–તેમાં તમે શું કર્યું ? નવીનચંદ્ર,

[1] " अयि कठोर शमः किल ते प्रियः
स नु शमो नु शमस्य विडम्बना ।
परगृहे किमभूद्धरिणीदृशः
कथय नाथ कथं वत मन्यसे ॥"

સરસ્વતીચંદ્રના નેત્રમાં અશ્રુધારા અપ્રતિહત થઈ. ભીંત ભણી મસ્તક ટેકવી તે સાંભળી રહ્યો હતો તે આ સાંભળી ઉંડા પ્રચ્છન્ન આવેશમાં પડી મુખે મન્દ મન્દ બોલવા લાગ્યો.

---

૧. અહો કઠોર પુરુષ ! તને શમ પ્રિય છે તે ઠીક. પણ આ તે તહારો શમ કે શમને નામે શમની વિડમ્બનાને તું દેખે છે ? પારકા ગૃહમાં મૃગનયનીનું શું થયું હશે તે કહે તો ખરો ! (તેનો નાથ થઈ તેના ઉપર તહારા નાથપણાનો તેં અધિકાર વાપર્યો છે તે) નાથ ! તું આમાં શું માને છે ? (ઉત્તરરામ ઉપરથી)

"જેટલો આરોપ મુકો તે સત્ય છે, ઉચિત છે. ભૈયા, હવે તો મ્હારે દુષ્યન્તનું સદ્ભાગ્ય હતું તેનો માત્ર એક અંશ માગવાનો બાકી રહ્યો—"

ચન્દ્રા૦—તે અંશ હું પ્રાપ્ત કરાવીશ.

સરસ્વતીચંદ્રે આ સાંભળ્યું નહી ને આગળ બોલતો ગયો.

[1]"सुतनु हृदयात्प्रत्यादेशव्यलीकमपैतु ते
किमपि मनसः संमोहो मे तदा बलवानभूत् ।
प्रबलतमसामेवंप्रायाः शुभेषु हि वृत्तयः
सृजमपि शिरस्यन्धः क्षिप्तां धुनोत्यहिशङ्कया ।।

"આ શબ્દો બોલી, શકુન્તલાને ચરણે પડી, દુષ્યન્તે ક્ષમા મેળવી. ભૈયા, હું એવી ક્ષમા મેળવવાને ઇચ્છું છું, પણ તે ક્ષમાને માટે દુષ્યન્તની યોગ્યતા હતી એવી મ્હારી નથી. મને કોઈનો શાપ ન હતો, મ્હારા મનને ઇષ્ટ જનની વિસ્મૃતિ ન હતી, અને મ્હેં ફૂલની માળાને સર્પ જાણી ફેંકી દીધી નથી. ઉભય હૃદયની પ્રીતિ જાણી, સર્વ વાત પ્રત્યક્ષ છતાં, કોમળ સુન્દર અને સુગન્ધ પુષ્પમાળાને, જાણી જોઈને ગ્રીષ્મમધ્યાન્હમાં સૂર્યના તડકાવચ્ચેોવચ્ચ બળી જાય એમ, મુકી દીધી. ક્ષમા માગવાનો પણ મ્હારો અધિકાર નથી; છતાં આ અધમ હૃદય ક્ષમાને ઇચ્છેછે. તે મળે એટલે સંસારમાં મને બીજી વાસના નથી."

સરસ્વતીચંદ્ર દીન મુખે ટટાર થઈ બેઠો.

ચન્દ્રાવલી દયાર્દ્ર થઈ. તેનાં નેત્રમાં જળ આવ્યું: "નવીનચન્દ્રજી, મધુરીનો મધુર હૃદયસાગર ક્ષમાના તરંગોથી ઉભરાય છે ને ઉછળે છે અને તેથી જ એની પ્રીતિની શુદ્ધિનું પ્રત્યક્ષ દર્શન કરાવે છે. એ કોમળ હૃદયઉપર અમાવાસ્યાના અપ્રત્યક્ષ ચન્દ્રનો સંસ્કાર પણ બળ કરે છે ને બળના પ્રત્યેક હેલારાની સાથે અનેક તરંગ ઉભા થાય છે. નવીનચંદ્રજી, એ તરંગે તરંગે શોક અને ક્ષમાના આમળા વીંટાય છે. એ માટે તમે નિઃશંક રહો."

---

૧. ઓ સુન્દર શરીરવાળી ! મ્હેં તહારો સ્વીકાર ન કર્યો તેના ડાઘ તહારા હૃદયમાંથી હવે દૂર જાવ ! તે પ્રસંગે મ્હારા મનમાં કોઈ બળવાનૂ સંમોહ થયો હતો. જેની આશપાશ અન્ધકાર બળવાળો છે તેની વૃત્તિયો શુભ પદાર્થો પ્રતિ આવી જ થઈ જાય છે, અન્ધના શિર ઉપર પુષ્પની માળા નાંખો તો સાપ જાણીને તેને પણ તરછોડી કહાડી નાંખે. (શાકુન્તલ)

સ૨૦—તેની ઉદારતા જેમ જેમ આમ વધે છે તેમ તેમ મ્હારી કૃપણુતા વધારે વધારે ક્ષુદ્ર લાગે છે, મ્હારો દોષ ક્ષમાને માટે વધારે વધારે અપાત્ર થાય છે, અને મ્હારું પ્રાયશ્ચિત્ત વધારે વધારે દુર્લભ બને છે.

ચન્દ્રા૦—મહાત્મા! તમારું એ માહાત્મ્ય મ્હારી મધુરી ઉત્તમ રીતે પ્રત્યક્ષ કરે છે અને માટે જ એના હૃદયના ચીરા વધારે વધારે દારુણ થતા જાય છે.

સ૨૦—હરિ! હરિ! હું શું કરું? મૈયા, મ્હારું પ્રાયશ્ચિત્ત નથી જ.

એની આંખમાં વળી આંસુ સરવા લાગ્યાં.

ચન્દ્રા૦—પ્રીતિતંત્રમાં સ્ખલન પામનારનું પ્રાયશ્ચિત્ત એ જ કે પ્રીતિપાત્ર જનના હૃદયને વશ થવું અને એ હૃદય પ્રીત પ્રસન્ન થાય એમાં થવું.

સ૨૦—તેના હૃદયમાં પવિત્ર સંસ્કારો જ છે—જેને લીધે મ્હારી આ સ્થિતિથી જ એ હૃદયની પ્રીતિ થશે.

ચન્દ્રા૦—તે તેમ છે કે અન્યથા છે તેનો તો નિર્ણય હજી કરવાનો છે.

સ૨૦—એમાં શંકા નકામી છે. એ હૃદયની અન્યથાસ્થિતિ અશક્ય છે.

ચન્દ્રા૦— તમે તમારી હાલની સ્થિતિ એને પ્રસન્ન કરવા સ્વીકારો છો કે તમારા પોતાના હૃદયના ઉલ્લાસથી?

સ૨૦—ગુરુજીનો આદેશ છે કે મ્હારે પ્રવાહપતિત સ્થિતિને અનુકૂલ રહેવું.

ચન્દ્રા૦—તમારું હૃદય જેવું ઉદાર ઉદાત્ત છે તેવું જ પ્રીતિતંત્રમાં મુગ્ધ છે. મ્હારી મધુરી આ પર્વત ઉપર ચ્હડી આવી તે શું તમને આ સ્થિતિમાં અચલિત જોવાને માટે? તમારા પૂર્વાશ્રમના મનોરાજ્યનું સ્મરણ કરી, મન મનનું સાક્ષિ છે એમ સમજી, આ પ્રશ્નનો ઉત્તર દો.

સ૨૦—તે એમ સમજે છે કે હું દુઃખી છું અને મને દુઃખી સમજી દુઃખમાંથી મુક્ત કરવાની વાસનાએ તેને આંહી સુધી પ્રેરી છે.

ચન્દ્રા૦—તે શું તમે દુઃખી નથી?

સ૨૦—એની ક્ષમા મળ્યે મ્હારું દુઃખ શાન્ત થશે.

ચન્દ્રા૦—જો તમારું દુઃખ એટલાથી શાન્ત થવાનું હોય તો તમે તેના શરીરના પતિના ગૃહમાં ગયા તે શા માટે? શું તમે ત્યાં એના દુઃખની મશ્કરી કરવાને માટે ગયા હતા?

સ૨૦— તેના મનમાં હું એવો દુષ્ટ હઉ તો તેમ ગણવું.

ચન્દ્રા૦—નવીનચંદ્રજી, જે આવેશને બળે તમે તમારા પિતાનો ત્યાગ કર્યો તે જ આવેશને બળે તમે તમારા પ્રીતિપરિપાકની અવગણના કરી. એ જ અવગણના તમારી પવિત્ર પ્રીતિએ સ્વીકારી નહી અને એ અવગણનાની અવગણના કરી તમારી પ્રીતિએ તમને મધુરી પાસે મોકલ્યા. તમારી ઉદાત્તતા એવી છે કે આટલી વાત તો તમે તરત સ્પષ્ટ સ્વીકારવાના.

પળવાર લજ્જાથી નીચું જોઈ સરસ્વતીચંદ્ર બોલ્યો. "મ્હારા હૃદયતંત્રનું "પૃથક્કરણ કરવામાં તમારી પ્રજ્ઞા સફલ હોય એટલી સફલ મ્હારી પોતાની "દુઃખમાં હુએલી પ્રજ્ઞા થઈ શકે એમ નથી."

ચંદ્રા૦—મહાત્મા! તમારું રસિક ઉદાત્ત માહાત્મ્ય એવું છે કે તેને તમે પોતે જોઈ શકતા નથી. પણ તમારું જે માહાત્મ્ય તમે જાતે જોઈ શકતા નથી તે મ્હારી મધુરીની પ્રીતિ સ્પષ્ટ પ્રત્યક્ષ કરી શકે છે. જેમ આપણે આપણાં મુખ આપણી આંખોથી જોઈ શકતાં નથી પણ કાચમાં જોઈએ તો જ દેખાય તેમ મહાત્માઓનાં માહાત્મ્ય તેમને પોતાને જણાતાં નથી પણ તેમના ઉપર વિકસતી અન્ય હૃદયની પ્રીતિના નિર્મલ કાચમાં જ જણાય છે.

સ૨૦— હા! મ્હારી દુષ્ટતાનું માહાત્મ્ય એ રંક હૃદયને સોળે કળારાયે પ્રત્યક્ષ જ છે.

ચન્દ્રા૦—મહાત્મા! જો તેના હૃદયમાં એવી ભાવના હોય તો એ હૃદય ધરનારી તે મધુરી નહી! મ્હારી મધુરીના મધુર પ્રીતિને તમે કેવા ભાસો છો તે સાંભળી લ્યો.

[1] "व्यतिकरितदिगन्ताः श्वेतमानैर्यशोभिः
सुकृतविलसितानां स्थानमूर्जस्वलानाम् ।
अकलितमहिमानः केतनं मङ्गलानाम्
कथमपि भुवनेस्मिंस्त्वादृशाः संभवन्ति ॥"

સ૨૦—હરિ! હરિ! હું મહા દુષ્ટ ઉપર તેનો ઉપકાર અપાર થઈ ગયો! મૈયા, હું મ્હારો જે દારુણ દોષ જોઉં છું તેને જોવાને જ્યારે એ ઉદાર હૃદય આટલું અશક્ત છે ત્યારે મને ક્ષમા તે કોણ આપવાનું હતું? હવે તો ઈશ્વર આપે ત્યારે!

---

૧ ઉજ્વલ શ્વેત થતા યશવડે દિશાના છેડાઓને જેમણે રંગ્યા હોય છે, સુકૃતના પ્રતાપી વિલાસોનાં જે ઓ સ્થાન છે, જેમનો મહિમા કળાયો નથી, અનેક મંગલોની ધ્વજારૂપ જેઓ છે એવા તમારા જેવા મહાત્માઓ પૃથ્વીમાં પૃથ્વીનાં મહાભાગ્યે જ ક્વચિત્ જન્મે છે (ઉત્તરરામ ઉપરથી)

ચન્દ્રા૦—જ્ઞાનસ્વરૂપ ! આ અલખના પુણ્ય મહમાં તરતિ શોકમાત્મવિત્.

સર૦—શોક જશે, પણ થયું પાપ નહી ધોવાય.

ચન્દ્રા૦—ગુરુજી, તમને તે ધોવાનો પ્રસંગ પણ પ્રાપ્ત કરાવશે ને ત્યારે તમે અનુભવશો કે—

[1]ભિદ્યતે હૃદયગ્રંથિરિદ્યન્તે સર્વસંશયા : ।
ક્ષીયન્તે ચાસ્ય કર્માણિ તસ્મિન્ દૃષ્ટે પરાવરે ।।

સર૦—માતાજી, સત્ય કહો છો. પણ મ્હારા મોહનું આવરણ આ ક્ષણે દૃઢ છે.

ચન્દ્રા૦—મ્હારે આવી યોજના સાધવી છે કે તમારો ને મધુરીનો એકાન્ત સમાગમ થાય અને તમે બે પરસ્પરઅવસ્થા સાંભળી, સમજી, પરસ્પરસમાધાન કરો, અને તે પછી તમારી બેની ઇચ્છા પ્રમાણે યોગ કે વિયોગ જે ઉચિત હશે તે સાધવામાં અમે સાધનભૂત થઈશું.

સરસ્વતીચંદ્ર વિચારમાં પડી અંતે બોલ્યો.

" એથી ફળ શું. ? "

ચન્દ્રા૦—તેનું દુઃખ તમે સમજી લેજો અને તમારું દુઃખ એ સમજી લેશે. તેનો વ્યાધિ જાણી તેનો ઉપાય તમારા સમાગમમાં હોય તો તે સમાગમ તમે તેને આપશો એ જ તમને ક્ષમા મળી સમજવી. એનું ઔષધ બીજું કાંઈ હોય તો તે આપવા યત્ન કરશો તો તે પણ તમને ક્ષમા મળી ગણવી. જો તમે એમ સમજતા હો કે ક્ષમાથી તમને શાંતિ મળશે તો તો આટલું કરવા તમે બંધાયલા છો. જો તમારું દુઃખ તમે નહી સમજતા હો તો મધુરીનું હૃદય તો તે અવશ્ય સમજી લેશે અને તેનો ઉપાય કરશે. નવીનચંદ્રજી, જે પરિશીલિત પ્રીતિથી તમારાં બેનાં હૃદય ઓતપ્રોત ન્યાયથી સંધાયાં છે તે પ્રીતિના તંતુ ઉપર બલાત્કાર કરવાથી ઉભય હૃદય ખેંચાય અને તૂટે એ પ્રીતિની પ્રકૃતિ છે. કેટલોક કાલ ઉભય હૃદયના તંતુઓનાં યથાપ્રાપ્ત સમાગમનું પાલન કરો, અને ધીમે ધીમે ઉભયની કળાથી ઉભયની વૃત્તિથી, ઉભયના સંયુક્ત અભિલાષથી, અને ઉભયના પ્રયત્ન-

---

૧. આત્મા જાણનાર શોકને તરે છે. ૨. એ પરાવર દૃષ્ટ થાય છે ત્યાં હૃદયગ્રન્થિ ભેદાય છે, સંશય માત્રનો છેદ થાય છે, ને જ્યાનાં કર્મ ક્ષીણ થઈ જાય છે. (પંચદશી.)

સ્વાદથી', એ હૃદયના તન્તુઓને ક્લેશ ન પ્હોંચે એમ છુટા કરો. એટલે અંતે નવીનચંદ્રજી વિહારપુરીના છત્રરૂપ થશે અને મધુરી ચન્દ્રાવલીની વસ્ત્રકુટીમાં રહેશે. જો ક્લેશ વિના એ તન્તુ છુટે નહી તો તેમનું પાલન કરવું અને જુદાં જન્મેલાં જીવના તન્તુના શાન્ત સુન્દર પટને સુન્દરગિરિના વિહારમઠના ભૂષણરૂપ કરવો.

સરસ્વતીચંદ્ર હળકયો.

"મૈયા, ક્ષમા મેળવવાને એ જ માર્ગ લેવો પડે તો નવીનચન્દ્ર વશે કે. કવશે તેને માટે સજ્જ થાય એમ ધારો. પણ મધુરીનું પોતાનું હૃદય, એનો એના પતિ ઉપરનો પ્રેમ, અને એ પતિ પ્રતિનો એનો પતિવ્રતા-ધર્મ—એ ત્રણ વાનાં શું આ માર્ગને અનુકૂળ છે?"

ચન્દ્રા૦—એ વિચાર કરવાનો મધુરીને છે—તમારે નથી.

સર૦—એને પુણ્યમાર્ગે પ્રેરવી એ મ્હારી પ્રીતિનો પ્રધાન અભિલાષ છે.

ચન્દ્રા૦—હું જાણી પ્રસન્ન—અતિપ્રસન્ન છું. તમારી બેની પ્રીતિ ચંદ્ર અને કુમુદના જેવી પરસ્પરશરીરને દૂર રાખનારી પણ દૃષ્ટિસંયોગ અને મનઃસંયોગનું રક્ષણ કરનારી છે. એવી સૂક્ષ્મ પ્રીતિને માટે જ તમારાં સૂક્ષ્મ શરીરનો સમાગમ રચવાની અમ સાધુજનોની યોજના છે. તમારાં સ્થૂલ શરીરને અસક્ત રહે કે સક્ત રહે તેમાં અમે ઉદાસીન છીયે.

સર૦—કારણ?

ચન્દ્રા૦—અમારા ન્યાયથી તો તમે એના મન્મથાવતારે વરાવેલા શુદ્ધ એક પતિ છો, અને એના શરીરના પતિને તો અમે જર ગણીયે છીએ.

સર૦—સંસારની ભાવના એથી વિપરીત છે.

ચન્દ્રા૦—હા. અમારી અને સંસારની ભાવનાઓમાંથી તમારી ઇચ્છા હોય તેને સ્વીકારો ને ઇચ્છા હોય તેને ત્યજો. એમાં અમારે ઉદાસીનતા છે. સૂક્ષ્મ શરીરોના સૂક્ષ્મ કામ તૃપ્ત થશે તો તે જ પરમ અલખને જગવનાર થાય છે. સ્થૂલ કામ તો માત્ર સાધનરૂપ છે—તેના વિના ફળ પ્રાપ્ત થાય તો અમારે એ કામ ઉપર પક્ષપાત નથી.

---

૨. બે જણના પ્રયત્ન પ્રતિ પ્રયત્નની એકફળતા: युगपदनेकार्थसिद्धिरपि दृश्यते । यथा मेषयोरभिघाते कपित्थयोर्भेदे मल्लयोर्युद्धे ॥ तेनोभयोरपि सदृशी सुखप्रतिपत्तिः ॥

ज्ञातेरभेदाद्दम्पत्योः सदृशं सुखमिष्यते ।
तस्मात्तथोपचर्यां स्त्री यथाग्रे प्राप्नुयाद्रतिम् ॥ (કામતન્ત્ર.)

સર૦—તમારે ઉદાસીનતા છે, પણ મ્હારે તો તે કામ વર્જ્ય અને અ-ધર્મ્ય છે એવો ઉપદેશ સ્થિર કરવો પડશે.

ચન્દ્રા૦—તો તેમ કરજો. સૂક્ષ્મ કામ તૃપ્ત થયો એટલે અલખ કલ્યા-ણનો ધર્મ સચવાયો સમજીયે છીએ.

સર૦—પણ સ્થૂલ કામની દૃષ્ટિમર્યાદામાં અને બાણપથમાં પડવાનું કારણ શું ?

ચન્દ્રા૦—તમે કરેલો અપરાધ—એ મુખ્ય કારણ છે. તેનું પ્રાયશ્ચિત્ત ઇચ્છો છો—એ વચન તમારા હૃદયનું હોય તો તે બીજું કારણ. પછી કેટલાં કારણ ભાગો છો ? વિષનો વિષવડે પ્રતીકાર કરો.

સર૦—હું આ યોજના સાંભળી ભયથી કમ્પું છું. મૈયા, શુદ્ધ જીવોને ભ્રષ્ટ થવાના ભયમાં નાંખવા એ આ સ્થાનના પુણ્ય માર્ગોને ઉચિત નથી.

ચન્દ્રાવલી ભ્રૂકુટી ચ્હડાવી બોલી. " શું ઉચિત નથી ? એ રંક મુગ્ધાની તમે પ્રીતિ કરી અને પછી તેને કુવામાં નાંખી અને હવે તેમાંથી તમારે તેને કૂહાડવી ઉચિત નથી ? કે એ કુવામાં પડવાનું તમારા સ્વાર્થી હૃદયને ભય લાગે છે અને એ ભયમાંથી પોતે જાતે મુક્ત રૂહેવાની અન્તર્વાસનાથી આ નિર્ભય બાળાને શુદ્ધ માર્ગ દેખાડવાનો દમ્ભ કરવો એ ઉચિત નથી ? જો તમે સંસારીઓના માર્ગ પ્રમાણે ધર્માધર્મ ગણતા હો અને એવા ધર્મના આગ્રહી હો તો જે ભયથી તમે ડરો છો તેનાથી ડરો નહી ને એ ભયકાળે પણ તમારા ધર્મ પ્રમાણે શુદ્ધ રૂહેવાનું પૌરુષેય બળ ધારો. કલ્યાણ ફળને માટે યુદ્ધ કરવું પડે તો તેને માટે રખાય એટલાં કવચ અને શસ્ત્રાસ્ત્ર રાખો અને અક્ષત રૂહો. પણ એ ભયથી કાયર બની, ઉચિતાનુચિતના અનુચિત વિચારોથી દોલાયમાન થઈ, જે કાર્ય જાતે ધર્મ્ય અને કલ્યાણકારક તેમ તમારા પ્રાયશ્ચિ-ત્તરૂપ છે તે કાર્ય કરવામાં પાછા ન પડો અને વ્યગ્ર ન થાવ. જે તમારાં સૂક્ષ્મ શરીરનો સમાગમ હું ચોજું છું તેમાં તમે અધર્મ કે અકલ્યાણ દેખો છો ?"

સર૦—આ ભય વિના બીજું કાંઈ નથી.

ચન્દ્રા૦—સૂક્ષ્મ શરીરના સમાગમ અને સૂક્ષ્મ પ્રીતિના ચમત્કાર આજ સુધીમાં તમને અનિવાર્ય અને અપ્રતિહતગતિ જણાયા નથી ?

સર૦—મૈયા, હું નિરુત્તર છું.

ચન્દ્રા૦—તમારાં ઉભયનાં હૃદયની શાન્તિ એ સમાગમ વિના બીજા કોઈ માર્ગથી સાધ્ય છે ?

સર૦—હું એવો બીજો માર્ગ દેખી શકતો નથી; છતાં આ સમાગમ ઇચ્છતો નથી ને તેનું કારણ કહી દીધું છે.

ચન્દ્રા૦— તમનેક્ષમા મળવાનો પ્રસંગ માત્ર એવા સમાગમ કાળે જ છે એ તમે જોઈ શકો છો ?

સર૦—એ જોવાનું હવે કાંઇ બાકી રહ્યું નથી.

ચન્દ્રા૦—તો, નવીનચંદ્રજી, આ ભયનો ત્યાગ કરો અને જે એક જ કલ્યાણનો પન્થ છે તે સ્વીકારો. સંસારની રચેલી વિવાહવઞ્ચના ઉપર શ્રદ્ધાને લીધે તમારો માનેલો ધર્મ જ મધુરી પાળે છે, અને તે પાળે છે ત્યાં સુધી તમારો સમાગમ ઇચ્છવાની લઘુતા તેના હૃદયને પ્રાપ્ત થઈ નથી. એ તો એમ જ જાણે છે કે,—

" [૧] मर्यादानिलयो महोदधिरयं रत्नाकरो निश्चितः
सर्वाशापरिपूरकोऽनुगमितः संपत्तिहेतोर्मया ॥
शम्बूकोपि न लभ्यत किमपरं रत्नं महार्घं परम्
दोषोऽयं न महोदधेः फलमिदं जन्मान्तरीयं मम ॥

"મધુર દુઃખની રસિક અમારી મધુરી તમને સુખ ઇચ્છે છે પણ પોતાને માટે તમારું સુખ ઇચ્છતી નથી. હું આવી છું તે મ્હારા હૃદયની અને સર્વ સાધ્વીઓની પ્રેરણાથી આવી છું. તેઓ એક પાસથી તમારી શક્તિ દેખે છે અને બીજી પાસથી મધુરીનું દુઃખ દેખે છે ત્યારે નિઃશ્વાસ મુકી અશ્રુપાત કરી, તમને તિરસ્કાર પૂર્વક કહેછે ને કહાવેછે કે,—

" [૨] लज्जामहे वयमहो वचनेऽपि हन्त
सांयात्रिकाः सलिलराशिममी विशन्ति ।
अंसाधिरोपिततदीयतटोपकण्ठ-
कौपेयकाम्बुदृतयो यदुदीर्णतृष्णाः ॥

"મધુરીએ તમારી પાસે આવવાની સ્પષ્ટ ના પાડી અને સાધુજનોના આગ્રહથી આવવા હું સજ્જ થઈ ત્યારે એક રસાર્દ્ર સાધ્વીએ તમને કહેવાનું મને કહ્યું છે કે—

---

૧. આ મહાસાગર મર્યાદાનું સ્થાન છે, નિશ્ચિત રત્નાકર છે, અને સર્વ આશાઓને પરિપૂર્ણ કરનાર છે, અને સંપત્તિને માટે મ્હેં તેનું અનુગમન કર્યું પણ મને એક પઈસો પણ નં મળ્યો તો મૂલ્યવાન્ રત્નની તો વાત જ શી કરવી ? આ કંઇ મહાસાગરનો દોષ નથી, પણ મ્હારા પોતાના જ જન્માંતરનું ફળ છે (પ્રકીર્ણ).

૨. આ તો એવું જ કે તે કહેતાં પણ અમે લાજીએ છીએ. તે એ કે આ સાંયાત્રિકો (વહાણમાં ફરનાર વ્યાપારીયો) આવા પાણીથી ભરેલા સાગર ઉપર જાય છે છતાં અત્યંત તૃષાવાળા થઈ કુવાના પાણીથી ભરેલી મસકો એ જ સાગરના તીર ઉપર એમને બભા ઉપર લેઈ રાખવી પડે છે. (પ્રકીર્ણ)

"[1]यद्दीचीभिः स्पृशसि गगनं यच्चपातालमूलम्
रत्नैरुद्दीपयसि पयसा यात्पिधत्से धरित्रीम् ।
धिक् सर्वं तत्तव जलनिधे यद्विमुच्याश्रुधारा :
तीरे नीरग्रहणरसिकेनाध्वगेनोज्झितोऽसि ॥

"સર્વ સાધુસ્ત્રીઓ તમારી સૂક્ષ્મ માનસિક પ્રીતિનો જ ફલોદય ઇચ્છે છે. સ્થૂલ પ્રીતિનો વિચાર તેમનાં હૃદયમાં લઘુમાત્ર છે. હે રાજહંસ ! તમે માત્ર અશરીર માનસપ્રીતિના માનસ સરોવરની જ કમલિનીને જ તમારા સૌહૃદથી સનાથ કરો તો તેટલું બસ છે. પરિવ્રાજિકામઠની અધિષ્ઠાત્રી તમને કહાવે છે કે.—

"[2]कञ्चिदेव समयं समागतं
त्वां न विस्मरति शश्वदम्बुजम् ॥
मानसे विहर हंस मानसे
मा विमुञ्च पुनरस्य सौहृदम् ॥

"વિહારમઠની અધિષ્ઠાત્રી અનેક તંત્રોના વિચાર કરી નિર્ણયપૂર્વક કહાવે છે કે—સંસારમાં પરમ અલભ્યના અસંખ્ય લભ્ય ભોગોમાંથી તમને જે આશય પ્રિય હશે તે રમણીય જ હશે. તમારું અલભ્ય ભોધન અને લભ્ય તૃપ્તિ ઉભય રમણીય જ થયાં. તો પણ મધુરીની માનસ પ્રીતિ વિના ન્યૂનતા છે.

"[3]सैव सैव सरसी रमणीया
यत्र यत्र वलते तव रागः ।
राजहंस रसिक स्मरणीया
श्रीमता तदपि मानसकेलिः ॥

---

૧. મોજાંવડે તું ગગનનો સ્પર્શ કરે છે, રત્નોવડે તું પાતાળને પ્રકાશિત કરે છે, અને ધરતીનું તું આચ્છાદન કરે છે; તહારા એ સર્વ પરાક્રમને ધિક્કાર છે—કારણ પાણી લેવાનો રસીયો પ્રવાસી તહારા તીર ઉપર આંસુની ધારાઓ મુકી તહારો ત્યાગ કરે છે (પ્રકીર્ણ).

૨. હે હંસ ! માત્ર થોડો સમય આ કમળને તહારો સમાગમ થયો હતો; તેટલામાં તો નિત્ય કાળ સુધી તે તને ભુલતું નથી. માટે માનસ (સરોવર) માં વિહાર કર—રે—માનસમાં વિહાર કર, પણ આવી મિત્રતાનો ત્યાગ ન કરીશ. (પ્રકીર્ણ.)

૩. જેના જેના ભણી તહારી પ્રીતિ વળે છે તે તે જ સરસી (સરોવર) રમણીય છે: તો પણ હે રસિક રાજહંસ, તું શ્રીમાન્ છે. તેણે માનસકેળા સ્મરવી જોઈયે છીયે. (પ્રકીર્ણ)

"અને છેલું વાક્ય—તમારા ઉચિતાનુચિત અને ધર્માધર્મના વિચાર સંબંધે—હું કહું છું તે એટલું જ કે—

" [1]हा हन्त मानसस्रःसलिलावतंस
रे राजहंस पयसोः प्रविवेचनाय ।
चेच्छक्तिमान् खलु भवान्न तदा किमु स्यात्
किं वा कपोत उत वा कलविङ्कपोतः ॥

"જે મહારી સર્વ વાત તમે સ્વીકારતા હો પણ માત્ર શમસુખના અભિલાષથી અથવા પરમ જ્યોતિના યોગના લોભથી મધુરીને તેની સંમતિ વિના દૂર રાખતા હો તો તમે અલખમાર્ગનો યોગ સમજ્યા નથી તે ગુરુજી પાસે સમજી લેજો. આ ગિરિરાજના યોગીઓ અલક્ષ્ય અને લક્ષ્ય ઉભયના યોગી છે અને લક્ષ્યનો તિરસ્કાર કરવામાં પોતાના અદ્વૈતને બાધ ગણે છે. એ માર્ગમાં તો શ્રી અલખની લખવિભૂતિને પૂજનીય ગણી અલખ જ્યોતિનો સમાધિ જનકમહાત્માના જેવો સાધવો એજ શ્રેષ્ઠ ગણાય છે. શ્રી રામચંદ્રને મુખે જે જનકની સ્તુતિ થઈ છે કે—

" [2]छत्रच्छाया तिरयति न यद्यन्न च स्प्रष्टुमीष्टे
दृप्यद्गन्धद्विपमदमषीपङ्कनामा कलङ्कः ।
लीलालोलः शमयति न यच्चामराणां समीरः
स्फीतं ज्योतिः किमपि तदमी भूमुजः शीलयन्ति ॥

" સત્ય વાત છે કે સંસારમાં રહેવું અને શમસુખ સાચવવું એ ઉભય ક્રિયાઓનું સમકાલીન સંમેલન ઘણું વિકટ, સૂક્ષ્મ, અને દુર્લભ છે અને તે મેળવતાં મેળવતાં ઉભય ક્રિયામાં ઉભયભ્રષ્ટ થતાં હશે. પણ જે ચિત્ત તે પરમ લાભને પામી શકે છે તેનું માહાત્મ્ય અલૌકિક થાય છે, તેમનાથી લોકનું અપૂર્વ કલ્યાણ થાય છે, અને લોક જેને ઈશ્વરેચ્છા કહે છે અને અમે જેને અલખનુ લખવાસનાસ્વરૂપ

---

૧. હા! અરેરે! માનસસરોવરના સલિલના ભૂષણરૂપ ઓ રાજહંસ! દુધપાણીનો વિવેક કરવા જ્યારે તું જ શક્તિમાન નથી ત્યારે એ વિવેક તે શું કપોત કરી શકશે કે અકલાનું બચ્ચું કરી શકશે? (પ્રકીર્ણ)

૨. આ મહારાજ જે શુદ્ધ અનિર્વચનીય જ્યોતિનું ધ્યાન ધરે છે તે જ્યોતિને એમના છત્રની છાયા ઢાંકતી નથી; મત્ત ગન્ધગજના મદનું કાજળ જેવા મષીપંક નામનું કલંક તેનો સ્પર્શ કરવા પામતું નથી; ચામરોને લીલાથી કંપતો પવન તેને શાંત કરતો નથી; એવા શુદ્ધ જ્યોતિનું આ મહારાજ ધ્યાન ધરે છે (પ્રસન્નરાઘવ).

કહીયે છીયે તે વાસના આવાં ચિત્તની સિદ્ધિથી જ થાય છે. વિશ્વામિત્રે ક્ષત્રિયપદ છોડી બ્રહ્મર્ષિપદ શોધ્યું તેમણે એ ઉભય પદના પાલક જનક મહાત્માની સ્તુતિ કેવી કરી છે તે સાંભળો.

" [1]ज्याघातः कार्मुकस्य श्रयति करतलं कण्ठमोंकारनादः
तेजो भाति प्रतापाभिधमवनितले ज्योतिरात्मीयमन्तः ।
राज्यं सिंहासनश्रीः शममपि परमं वक्ति पद्मासनश्रीः
येषां ते यूयमेते निमिकुलकुमुदानन्दचन्द्रा नरेन्द्राः ॥

"નવીનચન્દ્રજી, અન્તે મ્હારે એટલું જ કહેવાનું બાકી રહ્યું છે કે રાજ્યાદિની ઉપાધિ વિનાના, માત્ર અર્ધાંગના યોગથી સકલાંગ રહેનાર યાજ્ઞવલ્કય અને મૈત્રેયીની પેઠે, અને વસિષ્ઠ અને અરુન્ધતીની પેઠે, સચ્ચિદાનંદમય અદ્વૈતરસ અનુભવવો એ વિહારમઠના યોગીયોની સ્વાનુભૂતિ છે તેમાં તમારા જીવાત્માનાં ત્રસરેણુકાદ્વૈત પામવા મ્હારી મધુરીનો કલ્યાણ જીવાત્મા સર્વ પ્રકારે યોગ્ય છે. અમે તેના અને તમારો ક્ષણવાર સહવાસ યોજીશું તેમાં તમારે સર્વથા અનુકૂળ થવું અને તે સહવાસને કાળે તમારા પરસ્પર પક્ષપાતના સંમેલનનું પરિણામ તમને જે અધિકાર આપે તે કરવા તમે સ્વતંત્ર છો. જો એ અધિકાર તમારે વિહારમઠમાં જવાનો થાય તો ત્યાં જજો અને આ મઠમાં રહેવાનો થાય તો અંહી રહેજો. પણ આ અધિકાર પરીક્ષાસંવેદન[2] વિના જણાઈ શકતો નથી અને તમારો થોડોક પણ સહવાસ થાય તે વિના તમારા મન્મથાવતારનું અને અધિકારનું પરીક્ષાસંવેદન થવાનું નહી, માટે તેટલી રીતે તમારે અમને અનુકૂળ થવું. બીજે રૂપે હું ઉક્ત શબ્દોની પુનરુક્તિ કરું છું."

૨૨૦—"સાક્ષાત્ સરસ્વતીદેવીનો ઉપદેશ કીયા અંતઃકરણ પાસે આજ્ઞાધારણ નહી કરાવે ? પણ મૈયા, વ્યાસ જેવા પિતાના ઉપદેશ શુક મુનિને માટે અપર્યાપ્ત નીવડ્યા તેમ મ્હારા અંતરાત્માનું ભય આપના

---

૧. તમારા હાથના તળીયાને બાણની પણછના ઘસારાના ઘા પડ્યાછે; તમારા કંઠમાં ઓંકારનાદ છે; પ્રતાપ નામનું તમારું તેજ પૃથ્વીતલમાં પ્રકાશે છે અને અંતર્માં આત્મજ્યોતિ પ્રકાશે છે, સિંહાસનલક્ષ્મી તમારું રાજત્વ જણાવે છે ને પદ્માસનલક્ષ્મી તમારા શમને જણાવે છે: જેનામાં આવા આવા ગુણ છે તે તમે નિમિકુલ રૂપ કુમુદના આનન્દચંદ્ર નરેન્દ્ર છો. (પ્રસન્નરાઘવ.)

૨. પરીક્ષા કરી સત્ય જાણી લેવું. Verification.

ઉપદેશથી નષ્ટ ન થાય તો ક્ષમા કરશો. હું શુદ્ધ અન્તઃકરણપૂર્વક માનું છું ને કહું છું કે—

" [1]भवादृशीनां साध्वीनां मे च यन्मङ्गलं मतम् ।
तस्मिन्नकरुणे पापे वृथा वः करुणा मयि ॥

"આપનાં સર્વ વચન સત્ય છે, અનિવાર્ય છે, રમણીય છે અને સૂક્ષ્મ વિચારે ધર્મ્ય પણ છે. પણ જે પ્રીતિ મ્હારા શમાભિલાષને શમની વિડમ્બના જ આપે છે તે જ પ્રીતિ કોઈકે અનિર્વચનીય કારણથી મને આ દુઃખમાં પડી રહેવા પ્રેરે છે."

ચન્દ્રા૦—મહાત્મા ! એતદ્ધિ પરિભૂતानાં પ્રાયશ્ચિત્તં મનસ્વિનામ્[2]। એ પ્રાયશ્ચિત્તનો અવધિ હવે સમાપ્ત થાય છે.

સ૨૦—એ હૃદયને જે પ્રીતિ જોડે છે તે જ પ્રીતિ મ્હારા હૃદયમાંથી ભુસાય તો આપની આજ્ઞાનું ધારણ કરવામાં વિઘ્ન નડે નહીં,

ચન્દ્રા૦—તે ભુસાવાની નથી.

[3]अहेतुः पक्षपातो यस्तस्य नास्ति प्रतिक्रिया ।
स हि स्नेहात्मकस्तन्तुरन्तर्मर्माणि सीव्यति ॥

સ૨૦—જો તે ભુસાવાની નથી તો મ્હારી મૂર્ખતાનો ભોગ થયલી રંક મુગ્ધાને કરવાનો ઉપદેશ જે માર્ગથી નિષ્ફળ થાય તે માર્ગ હું કેઈ રીતે લેહું ? જેણે દોષ કરેલો છે તેણે તો આ શમવિડમ્બના વેઠવી જ જોઈએ અને એ દોષને લીધે દુઃખી થઈ છે તેને શુદ્ધ શમ મળવો જોઈએ. જે પક્ષપાત અને સ્નેહ આ બે હૃદયના તન્તુઓને શીવે છે તે સ્નેહની પ્રતિક્રિયા નથી તો જે જીવ શમવિડંબનાને યોગ્ય છે તે વિડંબના વેઠશે, અને જે પવિત્ર જીવ શમને પાત્ર છે તેને તે મળશે—એટલે મ્હારી વાસના તૃપ્ત થશે.

ચન્દ્રા૦—તમારી જાતને શિક્ષા કરવી કે નહી તે કર્મ અને ફલના સંયોજક ઈશ્વરના હાથમાં રાખો. પણ જે જીવને શમ આપવા ઇચ્છો છો તેને તે તમે જાતેજ આપો.

---

૧. તમારાં જેવાં સાધ્વીનું અને મ્હારું જેને મંગલ ગણેલું છે તેના ઉપર નિર્દય થનાર પાપી જે હું તેને માટે તમે વૃથા દયા આણો છો. (ઉત્ત૨ રામ ઉપરથી).

૨. પરિભવ પામેલા મનસ્વીઓનું આ જ પ્રાયશ્ચિત્ત છે.
(ઉત્ત૨ રામ).

૩. હેતુ વગરનો જે પક્ષપાત થાય છે તેની પ્રતિક્રિયા નથી. અન્તર્મર્મભાગોને શીવી લેનાર સ્નેહાત્મક તન્તુ તે એજ.
(ઉત્ત૨ રામ).

સ૨૦—આવાં ઘૃત અને અગ્નિનો સંયોગ થયો એટલે ઇન્દ્રિયગ્રા-મનો અવિશ્વાસ જ રાખવો. સ્થૂલ પ્રીતિમાંથી સૂક્ષ્મ પ્રીતિ થાય તો તે પ્રકૃતિનો સ્વભાવ છે, પણ સૂક્ષ્મમાંથી સ્થૂલ થાય એ તો દુઃસહ છે.

ચન્દ્રા૦—"જે જીવ સૂક્ષ્મ શરીરનો અભિમાની છે તેને તો તે દુઃસહ હો. પણ કોઈ પણ શરીરના નિરભિમાની જીવને સૂક્ષ્મ સ્થૂલ સરખાં છે. તેણે તો રાગ-દ્વેષનો મદ દૂર રાખવો એટલે થયું. એ મદ અને એ ભાનવગરનો જીવ સ્વભાવથી શાન્તિ પામે છે.

"रागद्वेषवियुक्तैस्तु विषयानिन्द्रियैश्चरन् ।
आत्मवश्यैर्विधेयात्मा प्रसादमधिगच्छति ॥
प्रसादे सर्वदुःखानां हानिरस्योपजायते ।
प्रसन्नचेतसो ह्याशु बुद्धिः पर्यवतिष्ठते ॥

"નવીનચંદ્રજી, જ્યાં ત્યાગથી શમ ન મળે પણ શમનું વિડંબન થાય ત્યાં શમ પ્રાપ્ત કરવાનો આ જ માર્ગ છે કે રાગદ્વેષ વિના ઇન્દ્રિયોને ચરવા દેવી."

સ૨૦—તે પછીના જ શ્લોકમાં કહ્યું છે કે

[૨]इन्द्रियाणां हि चरतां यन्मनोऽनुविधीयते ।
तदस्य हरति प्रज्ञां वायुर्नावमिवाम्भसि ॥

ચન્દ્રા૦—એ બધાં વાક્યોમાં કાંઈ વિરોધ નથી. ઇન્દ્રિયોવડે વિષયને ચરવા, પણ તે ઇન્દ્રિયોને વશ ન થવું અને રાગદ્વેષ વિનાના રહી આ ઉભય વિધિ પળાય તો પ્રસાદ એટલે શમ પ્રાપ્ત થાય છે. સૂક્ષ્મ દેહ ઉપર રાગ અને સ્થૂલ ઉપર દ્વેષ ન રાખવો. સૂક્ષ્મ દેહનો સંયોગ તો સ્વયંભૂ થઈ ગયો છે, તેનો નિર્વાહ કરવો; અને સ્થૂલ દેહનો સંયોગ સ્વયંભૂ થાય તો તેનો દ્વેષ ન કરવો ને તેના ઉપર રાગી થઈ તેને શોધવો નહી ને તેનું અસ્થાને અકાળે અધર્મે બળ થવા દેવું નહી;

---

૧. રાગદ્વેષથી મુક્ત થયેલજ સ્વાધીન ઇન્દ્રિયદ્વારા વિષયોને ચરનાર ને પોતાના મનને સ્વાધીન રાખનાર પ્રસાદને પામે છે. એ પ્રસાદથી એનાં સર્વ દુઃખની હાનિ થાય છે. પ્રસાદ પામેલાં ચિત્તની જ બુદ્ધિ ત્વરાથી પર્યવસ્થાન—સ્થિરતા પામે છે. (ગીતા.)

૨. ચરનાર ઇન્દ્રિયોને જ મન વશ થાય છે ત્યારે તે મન એની બુદ્ધિને—પાણીમાં નૌકાને પવન ખેંચે તેમ—ખેંચી જાય છે. (ગીતા.)

"કામકામી" ન થવું અને "કામદ્વેષી" પણ ન થવું. નદીઓ જેમ સમુદ્રમાં વ્હેતી વ્હેતી જાતે આવે છે તેમ કામરૂપ નદી ધર્મથી જાતે પ્રાપ્ત થાય ત્યારે સમુદ્ર પેઠે તેને અવકાશ આપવો એ જ શાંતિ, એજ નિર્મમતા અને એજ નિરહંકાર.

"[1]आपूर्यमाणमचलप्रतिष्ठं
समुद्रमापः प्रविशन्ति यद्वत् ।
तद्वत्कामा यं प्रविशन्ति सर्वे
स शान्तिमाप्नोति न कामकामी ॥

"[2]विहाय कामान् यः सर्वान् पुमांश्चरति निःस्पृहः
निर्ममो निरहंकारः स शांन्तिमधिगच्छति ॥"

સ૨૦—મને કામ પ્રાપ્ત થયો નથી.

ચન્દ્રા૦—સૂક્ષ્મ કામ થયો છે.

સ૨૦—પણ સ્થૂલ કામને ભોજન માટે આમન્ત્રણ કરવું તે શા માટે? એટલો રાગ શા માટે?

ચન્દ્રા૦—એમાંથી એક હૃદયને પણ એ રાગ નથી. એમ છતાં તે હોય કે પ્રાપ્ત થાય તો તે મધુરીને હશે એમ ધારો. પણ તમને તો તે નથી એમ કહો છો.

સ૨૦—તેને આમન્ત્રણ કરું તો તે પ્રાપ્ત થયો જ ગણવો.

ચન્દ્રા૦—જનક રાજા જેવો યોગ સાધવાનું મ્હે તમને કહ્યું. એવા યોગને કાળે રાજાને ઉપાધિજન્ય અનેક ભય હોય છે. તેટલાથી મહાત્માઓ એવા યોગનો અનારમ્ભ કે ત્યાગ નથી કરતા. તમારું અધર્મભય તો માત્ર સંસારે માની લીધેલા ને માની લેવડાવેલા સંપ્રત્યય વડે રચેલા ભ્રમથી જ ઉત્પન્ન થયેલું છે અને તે ભય પણ તમારી દૃઢતા ને અચલતા જોતાં પ્રમાણમાં ક્ષુદ્ર છે. એવાં ભયને લેખામાં ન લેવાં તે તેને આમન્ત્રણ કર્યું કહેવાય નહી.

સ૨૦—ધારો કે એ યોગ સાધતાં આ ભય સત્ય પડ્યું અને આપણે યોગભ્રષ્ટ થયા તો?

---

૧. સમુદ્ર નવાં પાણીથી સર્વદા ભરાતો ભરાતો પણ અચલ પ્રતિષ્ઠાવાળો રહે છે તેમાં જેમ આ પાણી લેઈ જનારી નદીઓ સમાય છે, તેમ સર્વકામ જેમાં પ્રવેશ કરી સમાય છે તે શાન્તિને પામે છે; કામનો કામી તે શાન્તિ પામતો નથી.

૨. સર્વ કામનો ત્યાગ કરી, સ્પૃહા વિના, મમતા વિના, અને અહંકાર વિના જે પુરુષ એના જ વિષયોને પ્રારબ્ધ ભોગથી ચરે છે તે શાન્તિને પામે છે (ગીતા).

ચન્દ્રા૦—"તો તેમાં હાનિ કંઈ નથી. આ અવતારમાં યોગભ્રષ્ટ થયેલો મહાત્મા આવતા અવતારમાં બાકીનો લાભ મેળવશે. અર્જુનને પણ આવી જ શંકા થઈ હતી અને કૃષ્ણ પરમાત્માએ એનું સમાધાન કરેલું હતું તે તમને વિદિત હશે.

"અર્જુને કહ્યું કે—

"[1]अयतिः श्रद्धयोपेतो योगाच्चलितमानसः

× × × × × ×

कच्चिन्नोभयविभ्रष्टश्छिन्नाभ्रमिव नश्यति ॥

"ત્યારે તેને ઉત્તર મળ્યા કે

"[2]पार्थ नैवेह नामुत्र विनाशस्तस्य विद्यते ।
न हि कल्याणकृत्कश्चिद्दुर्गतिं तात गच्छति ॥
प्राप्य पुण्यकृताँल्लोकानुषित्वा शाश्वतीः समाः ।
शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते ॥
अथवा योगिनामेव कुले भवति धीमताम् ।
एतद्धि दुर्लभतरं लोके जन्म यदीदृशम् ॥
तत्र तं बुद्धिसंयोगं लभते पौर्वदेहिकम् ।
यतते च ततो भूयः संसिद्धौ कुरुनन्दन ॥
पूर्वाभ्यासेन तेनैव ह्रियते ह्यवशोऽपि सः ।
जिज्ञासुरपि योगस्य शब्दब्रह्मातिवर्तते ॥
प्रयत्नाद्यतमानस्तु योगी संशुद्धकिल्बिषः ।
अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम् ॥

---

૧ શ્રદ્ધાવાન પણ અયતિનું મન યોગથી ચળે ત્યારે ઉભયમાંથી ભ્રષ્ટ થયેલો પુરુષ છિન્ન થયલું વાદળું ન આકાશનું ને ન પૃથ્વીનું થાય તેમ થઈ, શું તે નાશ પામતો નથી ? (ગીતા) ૨, હે અર્જુન ! આ લોકમાં કે પરલોકમાં તેનો નાશ તો થતો જ નથી; બાપુ! કલ્યાણ કરનાર કોઈ પણ દુર્ગતિને પામતો નથી જ. તેવો યોગભ્રષ્ટ જીવ પુણ્યકૃત્ લોકને પામે છે, અસંખ્ય વર્ષો સુધી ત્યાં રહે છે, અને શુચિ શ્રીમાન્ જનના ઘરમાં જન્મે છે અથવા તો ધીમાન્ યોગીના જ કુળમાં જન્મે છે. આવો જન્મ લોકમાં અધિક દુર્લભ છે. હે અર્જુન ! આ નવા જન્મમાં પૂર્વ દેહના જ પેલા બુદ્ધિસંયોગને એ પામે છે અને તે પછી સંસિદ્ધ થવાને ઘણો યત્ન કરે છે. એ તો એ પૂર્વાભ્યાસને લીધેજ આમ એ અવશ થઈ ખેંચાય છે. યોગનો જિજ્ઞાસુ પણ શબ્દબ્રહ્મ જે વેદ તેથી તે આગળ જાય છે. પ્રયત્નવડે યતમાન યોગી અજ્ઞાનપ્રતિબન્ધમાંથી મુક્ત થઈ, અનેક જન્મમાં સંસિદ્ધ થઈ, અંતે પરા ગતિને પામે છે. (ગીતા)

"નવીનચંદ્રજી, પૂર્વ જન્મના પુણ્ય કર્મથી હાલની સદ્વાસનાઓને, સદ્વૃત્તિઓને, અને જ્ઞાનને પ્રાપ્ત થયા છો તે જ સત્કર્મની પરિપાકદશા આ જન્મમાં પામશો અને આ જન્મમાં યોગભ્રષ્ટ થશો તો આવતા જન્મમાં પામશો. પડવાના ભયથી બાળક ચાલતાં શીખવાનું છોડી દેતું નથી પણ પડી પડીને ઉઠેછે તે તેથી જ ચાલતાં શીખે છે. જે ભયથી તમે ડરો છો તે જ તમને કાળે કરીને તમારી ઇષ્ટસિદ્ધિને પ્રાપ્ત કરાવશે. સંસાર માત્ર છોડી મુકેલા બાણની ગતિ જેવો છે તે અલક્ષની ઇચ્છાથી વેગ બંધ પડતા સુધી ગતિમાંથી વિરત થતો નથી અને વેગ સમાપ્ત થતાં ગતિ કરતો નથી. સદ્વાસનાનો સંસાર પણ આવો છે તે તમને ફળ દીધા વગર શાંત નહી થાય અને ભયથી ડરો છો તે મિથ્યા છે."*

સ૨૦—આ પ્રમાણે થશે એવી શ્રદ્ધા તો દૃઢ થાય ત્યારે ખરી.

ચન્દ્રા૦—અવશ્ય એમજ. પણ

"[૧]आविर्भूतज्योतिषां योगसिद्धाः
ये व्याहारास्तेषु मा संशयोभूत् ।
भद्रा ह्येषां वाचि लक्ष्मीर्निषक्ता
नैते वाचं विप्लुतां व्याहरन्ति ॥

"જે યોગદૃષ્ટિને પરમ અલક્ષ્ય લક્ષ્ય થાય છે તેને પૂર્વાપર જન્માવસ્થા લક્ષ્ય થાય તેમાં શી નવાઈ છે? નવીનચંદ્રજી, તેવું લક્ષ્ય તમારે પ્રત્યક્ષ કરવું હોય તો તેટલો યોગ સાધો. તમને પણ યોગસિદ્ધ દૃષ્ટિ પ્રાપ્ત થશે અને શ્રદ્ધાની અપેક્ષા વિના તે વસ્તુ જોઈ શકશો કે જેને માટે આજ તો તમારે શ્રદ્ધા જ આવશ્યક છે. એ શ્રદ્ધા વિના જાતે શું જોવું ને કેમ જોવું તેનો માર્ગ ગુરુજી દેખાડશે."

---

* જૈન સંપ્રદાયમાં પણ સત્પુરુષોની ઉર્ધ્વગતિ માની છે, ચંદ્રપ્રભાચરિતમાં કહ્યું છે કે:—

क्षीणकर्मा ततो जीवः स्वदेहाकृतिमुद्वहन्
ऊर्ध्वं स्वभावतो याति वन्हिज्वालाकलापवत् ॥
लोकाग्रं प्राप्य तत्रासौ स्थिरतामवम्लवते
गतिहेतोरभावेन धर्मस्य परतो गतिः ॥

૧ જેને પરમ જ્યોતિનો આવિર્ભાવ થયો છે તેવા મહાત્માઓનાં વાક્ય યોગસિદ્ધ હોય છે. તેમાં સંશય ન કરવો, કારણ એમની વાણીમાં જ મંગલ લક્ષ્મી સિદ્ધિરૂપે વળગેલી રહે છે. તેઓ જેવી તેવી એટલે અસત્ય નીવડે એવી વાણી બોલતા નથી. (ઉતર રામ ઉપરથી.)

૪૨૦—[1]मुक्तवाणगतिप्रायः संसारस्तु शरीरिणाम् એ મંત્રનું દૃષ્ટાંત આ યોગભ્રષ્ટ જનના પુનરાવર્ત્તનમાં હશે.

ચન્દ્ર૦—એમ જ. ૬ા સુપર્ણા[2] આદિ શ્રુતિ છે તેમાં ઈશ અને અનીશ બે પક્ષી કહેલાં છે. સંસારસમષ્ટિ[3] જેવો ઈશનો ઉપાધિ છે તેમ વ્યષ્ટિ[4]ના સંસાર અનીશના ઉપાધિ છે. બાણની ગતિ જેવા એ સંસાર ગણવા, બાણ જેવાં સંસારીનાં ને સંસારનાં નામરૂપ ગણવાં, ધનુષ્ય જેવું પ્રથમ અવતારમાંના જન્મનું કારણ અલખના વાસનાસ્વરૂપને ગણવું અને એ સ્વરૂપની શાન્તિને મુક્તિ ગણવી. એ ઉપાધિથી ઉપહિત ઈશ અભોક્તા છે ને અનીશ ભોક્તા છે. જ્યાં સુધી બાણની ગતિ છે ત્યાં સુધી ભોક્તાની ભુક્તિ છે. અનીશ યોગથી ઈશની સાથે સામ્ય પામે ત્યાં સુધી તેના ભોગસંસાર પ્રવાહરૂપ ધરે છે ને એ વાસનાસ્વરૂપ શાન્ત થાય એટલે પ્રવાહરૂપ પણ શાંત થાય. જે યોગભ્રષ્ટ થયા વિના સંસિદ્ધ થાય છે તેમની બાણગતિ ત્વરિત હોય છે; યોગભ્રષ્ટની ગતિ વધારે કાલ ટકે છે પણ ત્વરિત હોય છે; પામર જીવની ગતિ મન્દ મન્દ પુનરાવર્તન પામનારી હોય છે. એવા જીવ

"नद्यां कीटा इवावर्तादावर्त्तान्तरमाशु ते
व्रजन्तो जन्मनो जन्म लभन्ते नैव निर्वृतिम् ॥

"સંસારકર્મનો પરિપાક થતા સુધી તેમની આ દશા રહે છે. પ્રવાસીના પગ સ્વગ્રામ આવતાં ત્વરિત ઉપડે છે તેમ કર્મપરિપાક પામનારની ગતિ પણ ત્વરિત થાય છે અને તેથીજ યોગભ્રષ્ટ કે યોગસિદ્ધ ઉભયની ગતિ ત્વરિત છે. એ ગતિની ત્વરા વધે તેમ તેમ એના ભોગ સૂક્ષ્મતર થાય છે અને હોલાતી વાટ હોલાતાં હોલાતાં અતિશય પ્રકાશ ધરે છે તેમ તેમ આ ભોગ સૂક્ષ્મતમ થાય છે ને તેમ થાય ત્યાં સૂક્ષ્મ શરીર સૂક્ષ્મતમ થયું ગણવું અને તેમાંથી વાસનાક્ષય થાય છે. માટે નવીનચંદ્રજી, યોગમાંથી ભ્રષ્ટ થનારના ભોગ પણ કલ્યાણકારક છે એવો અલક્ષ્યાલક્ષ્યનો એક સિદ્ધાંત છે. વિષય જેમ વિષયીને ખેંચેછે તેમ સદ્ગુરુના પૂર્વાભ્યાસમાં પણ એવી શક્તિ છે કે સાધુઓ તેનાથી ખેંચાય છે. ह्रियते ह्यवशो हि सः॥ એક વૃક્ષ ઉપર ઈશ ને અનીશ ઉભય છે. ભોગી અનીશ અને સાક્ષી

---

૧. ત્રીજો ભાગ પૃષ્ઠ ૧૦૦.

૨. ત્રીજો ભાગ પૃષ્ઠ ૧૨૫. ૩ The macrocosm ૪ The microcosm. પ નદીમાં એક વમળમાંથી બીજામાં કીડાઓ ત્વરાથી જાય તેમ તેઓ એક જન્મમાંથી બીજામાં જતા નિર્વૃતિ પામતા જ નથી; પંચદશી.

ઈશિની એક દૃષ્ટિ થતાં ઈશ અનીશને આમ આકર્ષે છે અને સ્વસમાન કરેછે. એનું નામ ઈશ્વરની કૃપા. એનું નામ ઉભય પક્ષીની મિત્રતા. આગન્તુક મિત્રનો સ્વર સાંભળી, અન્નપર બેઠેલો મિત્ર જેમ આતુરતાથી અન્નનો ત્યાગ કરતો નથી પણ કોળીયા ત્વરાથી ભરી લેછે અને આવેલા મિત્રને મળવા દોડે છે તેમ જ સૂક્ષ્મ પ્રીતિના ભોગી અનીશ સાધુઓ ઈશને જોઈ ભોગને સૂક્ષ્મતર કરે છે. નવીનચંદ્રજી, તમને જે માર્ગ દર્શાવ્યો છે તે કલ્યાણકારક જ છે ને મધુરીની મધુર કલ્યાણી મતિ તેમાં તમને અપૂર્વ સાહાય્ય આપશે એમ સર્વ સાધુજનની શ્રદ્ધા છે. નવીનચંદ્રજી, તમારી પ્રીતિ બાણની પેઠે ધનુષ્ય ઉપરથી છુટી ચુકી છે ને તેના પ્રતિરોધનો પ્રયત્ન મિથ્યાદમ્ભ છે. એ દમ્ભરૂપ અભિમાનનો ત્યાગ કરી, કલ્યાણ આશય ધરી, પ્રાપ્ત પ્રવાહમાં પ્રવૃત્ત થાવ, અને સર્વ જન જેનું મોદન કરે છે તે આશયને કલ્યાણરૂપ જ સમજો.

" विगतमानमदा मुदिताशयाः
शरदुपोढशशाङ्कसमत्विषः ।
प्रकृतसंव्यवहारविहारिणस्
त्विह सुखं विहरन्ति महाधियः ॥ "

સરસ્વતીચંદ્ર પોતાને દીક્ષામાં મળેલા શ્લોકના આ ઉપયોગથી ચમક્યો અને જિજ્ઞાસાથી પ્રેરાયો.

" ભૈયા, આ શ્લોકમાંનો વ્યવહાર કીયો, ને આશય કીયો, અને શશાંકનું ઉપમેય શું ?"

ચન્દ્રા૦—ચાતુર્માસમાં જગતના પોષણને અર્થે વૃષ્ટિ કરવા વાદળાં આકાશમાં ઉભરાય છે અને ચંદ્રનું દીર્ઘકાળસુધી આચ્છાદન કરે છે તે પ્રમાણે મહાત્માઓનાં સ્થૂલ સૂક્ષ્મ શરીર પ્રથમ જાતે સુબદ્ધ સુપુષ્ટ થાય છે અને પછી જગતના કલ્યાણને અર્થે ક્રિયાવૃષ્ટિ કરે છે ત્યાં સુધી એ અલખના સ્ફુલિંગરૂપ એ મહાત્માઓ પ્રચ્છન્ન રહે છે અને તે પછી જ શરદ્ ઋતુના સકલ ચંદ્ર જેવા થાય છે. તેમની કૃપાનાં કાર્યનું અનુભવી જગત તેમના આશયને પુણ્ય ગણવા જેટલો વિશ્વાસ તે પછી જ રાખે છે અને તેમના આશય લોકમુદિત ત્યાર પછી જ ગણાય છે. જે જે સદ્વસ્તુ એમની આશપાશના પ્રવાહમાં આવે છે તેની સાથે જ તેઓ શુદ્ધ ઉત્કૃષ્ટ વ્યવહાર રચે છે; તેમાં ન્યૂનતા રાખતા નથી અને ભાવી અને અપરોક્ષ વ્યવહારની કામના રાખતા નથી. આ લક્ષ વ્યવહારમાં

પોતાના મુદ્દિત આશયના પ્રેર્યા એ મહાત્માઓ લોકના કલ્યાણ ભણી પ્રવૃત્ત થાય છે. તમોગુણનું ફળ આલસ્ય છે; રજસ્નું ફળ સકામ પ્રવૃત્તિ છે; અને સત્ત્વનું ફળ આવી નિષ્કામ લોકોપકારક પ્રવૃત્તિ છે.

સ૨૦—નિસ્ત્રૈગુણ્યના માર્ગ ઉપર જનારને તો નિષ્કામ પ્રવૃત્તિ પણ નિરર્થક.

ચન્દ્રા૦—અલખ પરમાત્મા સાથે અદ્વૈતનો અનુભવ કરનાર આત્મા-નીજ સ્થિતિ નિસ્ત્રૈગુણ્ય છે; પણ જ્યાં સુધી કારણ શરીર શીર્ણ થયું નથી ત્યાં સુધી ત્રણે શરીર ત્રિગુણાત્મક છે. સૂક્ષ્મ શરીરને સૂક્ષ્મતમ કરનાર ગુણ સાત્વિક છે; સૂક્ષ્મ શરીર સૂક્ષ્મતમ થાય ત્યારે જ અન્ય વાસનાઓનો ક્ષય થાય છે અને કારણશરીર માત્ર લોકોપકારક સાત્ત્વિક વાસનારૂપે સ્ફુરે છે અને એ વાસનામાં વસતા મુદ્દિત આશયની પ્રેરેલી પ્રવૃત્તિનું આસ્વાદન જગત કરી શકે છે.

સ૨૦—એ આશય કેવા હોય છે ને એ પ્રવૃત્તિ કેવી થાય છે? કંઈ પણ પ્રવૃત્તિમાં ન પડનારને કાંઈ હાનિ છે?

ચન્દ્રા૦—વ્યષ્ટિ અથવા વ્યક્તિનું વાસનાબીજ અને કારણશરીર તેના સર્વ જન્મજન્માંતરમાં એકજ રૂહે છે. મૃત્યુથી, સ્થૂલ શરીર બદલાય છે, સૂક્ષ્મ શરીર વિકાસ પામે છે, અને કારણશરીર પ્રથમ વિકાસ પામે છે અને સદ્વાસનાઓના ઉદય પછી હ્રાસ પામતું જાય છે. સૂક્ષ્મ શરીર અને કારણશરીર મૃત્યુથી નાશ પામતાં નથી. સ્થૂલ શરીર બદલાય છે એટલે શૂન્ય થતું નથી પણ પંચભૂતરૂપ સ્વયોનિમાં પાછું ભળે છે ને સૂક્ષ્મ શરીરની આશપાસ નવું સ્થૂલ શરીર વીંટાય તો વીંટાય. સંસારીઓમાં એમ મનાય છે કે મરે તે શૂન્ય થાય—તેનો નાશ થાય. નાશ કશાનો થતો નથી. વસ્તુમાત્ર સ્વયોનિમાં પરિપાક પામી આવિર્ભાવ પામે છે. રુના તન્તુ તણાઈને સૂત્ર થાય, સૂત્રસમૂહ અન્ય પરિપાક પામી પટ થાય, પટ જીર્ણ થઈ ફાટી જાય, અને અંતે તિરોધાન પામે એટલે સ્વયોનિમાં ભળે. સ્થૂલ શરીર પણ એવીજ ગતિને પામે છે અને તેની ગતિ ગર્ભાધાનથી આરંભાઈ દેહદાહાદિકાળે સ્વયોનિમાં લીન થાય છે. વનસ્પતિના દેહ કેવળ સ્થૂલ છે તેનાં બીજમાં તેમના સૂક્ષ્મ દેહ તિરોહિત રૂહે છે અને કૃષિકર્માદિને બળે એ બીજમાંથી અન્ય સ્થૂલ દેહને આવિર્ભાવ આપવાની શક્તિનું ધારણ કરે છે. પાશવયોનિમાં સૂક્ષ્મ દેહ જાતે આવિર્ભાવ પામે છે, અને વૃક્ષાદિની પેઠે તેમનાં બીજમાં અંતર્હિત રહી સ્થૂલ કામાદિને અને સંતતિને ઉત્પન્ન કરે છે. એટલું જ નહી

પણ વનસ્પતિમાં જેમ સૂક્ષ્મ દેહ અંતર્હિત રહી સ્ફુરે છે તેમ પશુ આદિમાં વાસનાદેહ અંતર્હિત રહી સ્ફુરે છે, અને આવિર્ભૂત સૂક્ષ્મ દેહના કોકડામાં વીંટાઈ મૃત્યુ પછી પુનર્જન્મ ધરે છે. મનુષ્ય જાતિમાં આ ત્રણે દેહ સંપૂર્ણપણે આવિર્ભાવ પામે છે. સ્થૂલ દેહનાં અવસ્થાચક્રની ગતિથી તેમ પોતાની શક્તિથી મનુષ્યનો સૂક્ષ્મ દેહ સૂક્ષ્મતર થાય છે અને કારણશરીર પોષાય છે. સ્થૂલ શરીરમાંથી આવિર્ભાવ પામેલું—નીકળેલું-સૂક્ષ્મ શરીર પોતાના પૂર્વ સંસ્કારના સંગ્રહને સાથે રાખે છે. અન્ન બફાય અને તળાય તેમ અનેક સંસ્કારોના પરિપાકથી સૂક્ષ્મ શરીર, સિદ્ધાન્ન જેવું, સૂક્ષ્મતર અને સિદ્ધ થાય ત્યાં સુધી, વાસનાશરીર વધ્યાં કરે છે. પણ સૂક્ષ્મ શરીરની સિદ્ધ દશા થતાં તૃપ્ત થતું વાસનાશરીર કૃષ્ણપક્ષના ચંદ્ર પેઠે હ્રાસ પામવા માંડે છે. એ શરીરનો હ્રાસ થવા માંડ્યો ત્યાં સૂક્ષ્મ શરીરે આ ઉપાર્જિત કરેલી શક્તિની પ્રવૃત્તિ, આશપાશના સંસારના કલ્યાણને અર્થે સુપુષ્પના સુગન્ધ પેઠે, વિસ્તાર અને વિકાસ પામે છે, એ વિસ્તાર અને વિકાસથી સૂક્ષ્મ શરીર સૂક્ષ્મતમ થાય છે[1], અને સંસારના કલ્યાણમાં ખેંચાતી વાસના, અહંતા મમતા છોડી, માન-મદ—ના અવચ્છેદથી મુક્ત થઈ, સમષ્ટિરૂપ સ્વયોનિમાં ભળે છે ને શાંત થાય છે. વાસના શરીર શાંત થયું એટલે તેલ ખુટી દીવો ભભુકીને શાંત થાય છે અને વાટ કોયલારૂપે પડી રૂહે[2] છે તેમ સૂક્ષ્મ શરીર સૂક્ષ્મતમ થઈ શાંત થાય છે અને સ્થૂલની દશા વાટના જેવી થાય છે. આવા પરિપાક વિના અતૃપ્ત વાસનાની શાન્તિ જણાય તો તેને અલખવાદીઓ સૂક્ષ્મ શરીરનું પૂતનીકરણ અથવા પૂતીકરણ અને કારણશરીરની આત્મહત્યા કહે છે—કારણ એ ઉપમાન-ઉપમેયનાં સર્વ વિશેષણ સમાન જ છે અને તેમની સ્તુતિનિન્દાનાં નિદાન એક છે. છિન્નઅભ્ર પેઠે ઉભય લોકમાંથી ભ્રષ્ટ થવાની અર્જુનની જે શંકા વીશે મેં તમને કહ્યું તે છિન્નાભ્રતા આવા પૂતનીકરણાદિથી થાય છે. આવી છિન્નાભ્રતા પામેલો જીવ સૃષ્ટિને આરંભે જ્યાંથી નીકળ્યો હોય ત્યાંથી ફરી નીકળે છે ને ક્યાં જવાનો છે તે વાત અંધકાર જેવી થાય છે. તેને માટે જ શ્રુતિવાક્ય છે કે કેવળ વિદ્યાના બળથી વાસનાને નષ્ટ કરનાર આત્મઘાતી અન્ધતમ તિમિરમાં પ્રવેશ કરે છે. આવી શ્રુતિ છે અને માટે જ સ્થૂલ શરીર પોતાના વિપાકથી જ શીર્ણ થાય તે ધર્મ્ય છે તેમ સૂક્ષ્મ અને કારણ શરીર અસિદ્ધ દશામાં નહી પણ સર્વતઃ સંસિદ્ધ થઈ સર્વ કર્મવિપાકને અન્તે જાતે

---

1. The inner organism is made subtler. ૨. કહોવડાવવું.

જ સ્વયોનિમાં પ્રાપ્ત થાય તે જ આશય મુદિત છે. લક્ષ્યધર્મપ્રતિપાદિની શ્રુતિયો તમે જાણી હશે તે સર્વ આ જ આશયને વ્યષ્ટિનો હિરણ્મય કોશ ગણે છે. પુરુષમાં પુરુષ અતિરોહ પામે છે અને અમૃતત્વનો ઈશાન થાય છે તે આ જ આશયથી. જીવની સ્ફુલિંગસ્થિતિ૩ મુદિત છે તે આ જ આશયથી. અને સંપૂર્ણ અલખ પરાવરમાંથી જે લખ સંપૂર્ણતાનું આદાન કરતાં છતાં પણ અલખની સંપૂર્ણતા જ શેષ રહેછે૪ તે લખ સંપૂર્ણતા પણ આ જ આશયની સિદ્ધિથી થાય છે. અસિદ્ધ દશામાં અધીર વૈરાગ્યને બળે એ આશયમાંથી નિવૃત્ત થવાથી શમ પ્રાપ્ત થતો નથી પણ તમોગુણ ઉજ્જૃંભણ પામે છે. નવીનચન્દ્રજી, શુદ્ધ શમ પામવાનો અધિકાર કેવા વિધિથી પ્રાપ્ત થાય છે તે તમને કહી દીધું.

સ૨૦—નિસ્ત્રૈગુણ્યે પથિ વિચરતાં કો વિધિઃ કો નિષેધઃ એ વાક્યમાં તો વિધિ જ અવિહિત છે.

ચન્દ્રા૦—મુદિત આશયથી પ્રવાહપ્રવૃત્તિ પામનારને માટે જે વિધિ અને નિષેધ છે તે એ આશયમાં દાડિમના કણીયા પેઠે સમાયલા રહે છે. તે આશય જાતે સ્વતઃ શુદ્ધ હોય છે. એ આશયની ગતિ નિસ્ત્રૈગુણ્ય માર્ગમાં જ છે. જાતે સ્વયંભૂ વિધિનિષેધ૨૫ એ આશયના વિધિનિષેધ દર્શાવવામાં શ્રુતિ અનુચરકૃત્ય કરવા તત્પર છે અને શાસ્ત્ર અસમર્થ છે. એ આશયના વિધિનિષેધ પવનના પ્રવાહ પેઠે આત્મોત્થિત છે અને પવનથી કે ચંદ્રથી ઉત્થાન પામતા જલતરંગ જેવા પરબલાકૃષ્ટ થતા નથી માટે જ તેમને માટે વચન છે કે તેમનો કો વિધિઃ કો નિષેધઃ

સ૨૦—એવા આશયમાંથી ક્રીયા અને કેટલા આશય અલખયોગીને પ્રવૃત્ત કરે છે ?

ચન્દ્રા૦—મનુષ્ય પોતાના દેહના કલ્યાણ માટે પ્રવૃત્તિ કરે છે ત્યારે તેનું કૃત્ય અવચ્છિન્ન હોય છે, કારણ દેહનાં સુખ અનન્ત થતાં નથી. પરમાત્મદર્શનને માટે પ્રવૃત્ત થનારનો માર્ગ આમરણાન્ત પહોંચે છે પણ તે માર્ગ જ્ઞાની જનોએ શોધી દર્શાવેલા છે અને નેત્ર ઉઘાડે તેને જડે એવા છે. પરંતુ લોકકલ્યાણના માર્ગ લોકસંખ્યાના જેટલા અસંખ્ય છે; ભિન્ન ભિન્ન અનેક સુખી દુઃખી જનોની વૃત્તિઓ અને વાસનાઓ જેવા એ માર્ગ સર્વતોમુખ અને અનન્ત છે. નવીનચંદ્રજી, એવા માર્ગ તમ

---

૧. ત્રીજો ભાગ પૃ. ૧૨૦. ૨. ત્રીજો ભાગ-પૃ. ૧૨૧. ૩. ત્રીજો ભાગ પૃ. ૧૨૧. ૪. ત્રીજો ભાગ પૃ. ૧૨૨-૩.

જેવાં ચતુર વિદ્વાન્ રસિક જ્ઞાનિ ઉદાત્ત હૃદયોના મનોરથ જ જાણી દે-ખાડી શકે છે. દ્રવ્ય, અધિકાર, આદિ શક્તિયોવાળામાં આ મનોરથ જાગે છે ત્યારે અદ્ભુત રૂપ ધરે છે. એવા મનોરથ ધરનાર મહાશય મ-નની ઇયત્તાને ચંદ્રાવલી તો શું પણ સમર્થ ગુરુજી વિષ્ણુદાસ કે સ્મૃતિ કે શ્રુતિ કોઈ પણ તુલિત કરી શકે એમ નથી. તેમને તેમ તુલિત કરવાનું સાધન જ નથી.

[1]वासरगम्यमनूरोरम्बरमवनी च वामनैकपदा ।
जलधिरपि पोतलङ्घ्यः सतां मनः केन तुल्यामः ॥

એનું કારણ એ જ કે મનુષ્યો પોતાને માટે મનોરથ બાંધે છે તેના કરતાં અનેકધા સંધાન પામેલા તેમને માટે સજ્જનોએ બાંધેલા મનોરથ વિભુ હોય છે.

[2]नाल्पीयसि निबध्नन्ति पदमुन्नतचेतसः ।
येषां भुवनलाभेऽपि निःसीमानो मनोरथाः ॥

એવા પરોપકારી સજ્જનોના મનોરથ, કોનું કલ્યાણ કરવું, કોનું ક-લ્યાણ કરવું, તે કેમ કરું, ક્યારે કરું, ઇત્યાદિ ચિન્તાઓ રૂપ પાંખો ઉ-પર બેસી અપ્રતિહતપણે ફર્યા કરે છે.

[3]सन्तोऽपि सन्तः क्व किरन्तु तेजः
क्व नु ज्वलन्तु क्व ननु प्रथन्ताम् ।
विधाय रुद्धा ननु वेधसैव
ब्रह्माण्डकोणे घटदीपकल्पाः ॥

---

૧ આકાશમાં અરુણ એક દિવસમાં પ્રવાસ કરી રહે છે; પૃથ્વીને વામને એક પગલે ભરી દીધી; સમુદ્રનું લંઘન પણ નૌકા કરે છે: પણ સત્પુરુષોનાં મન શાનીવડે શાનીસાથે તોળીયે ? મકીર્ણ.

૨ મ્હોટાં ચિત્તવાળાઓને ભુવનલાભ થાય તો પણ તેમના મનોરથોની હદ આવતી નથી; તેઓ અલ્પ પદાર્થમાં પોતાના પદને બન્ધન પામવા દેતા નથી. મકીર્ણ.

૩ જેટલા સત્પુરુષો જગતમાં છે તેમની વાત કરીયે તોપણ તેઓ પોતાનું તેજ ક્યાં વેરે? ક્યાં જ્વલમાન થાય ? ક્યાં વિસ્તારવિકાસ પામે, વારુ ? તેમને બ્રહ્માએ ઉત્પન્ન કર્યા છે ખરા પણ દોરો સળગાવી તેને ઘડામાં રૂંધી રા-ખીયે તેમ એ બ્રહ્માએ તેમને ઉત્પન્ન કરી બ્રહ્માણ્ડરૂપ ખુણામાં કેદ કરી રાખ્યા છે ને પોતાનું તેજ બ્હાર ફ્હાડવા દેતો નથી. બાકી એ સત્પુરુ-ષોની જ્વાલાઓ તો બ્રહ્માંડ ભેદીને પણ ' ચાલે તો બ્હાર નીકળું નીકળું ' કરી રહેલી છે. (મકીર્ણ)

પરોપકારના મનોરથના વિષય આવા સીમવિનાના અને અસંખ્ય છે તેની મર્યાદા માત્ર પરોપકારી જનની અવસ્થા વડે વધે છે ઘટે છે. જનક જેવા રાજા શુક મુનિનું તેમ ઇન્દ્રનું કલ્યાણ કરવા સમર્થ હતા ત્યારે ચન્દ્રાવલી માત્ર રંક મધુરીનું કલ્યાણ કરવા આટલો પ્રયાસ કરી શકે છે ને વધારે કરવા તેની શક્તિ નથી. આ જ નવીનચંદ્રજી કોઈ ઉચ્ચ પદ ઉપર હોય તો કેટલાનું કલ્યાણ કરી શકે?"

સરસ્વતીચંદ્રે નિઃશ્વાસ મુક્યો.

ચન્દ્રા૦—"તમારી દશા બદલાશે તેમ ધનલોભીના લોભ પેઠે તમારા પરોપકારી મનોરથ બદલાશે.

[1]परिक्षीणः कश्चित्स्पृहयति यवानां प्रसृतये
स पश्चात्संपूर्णो कलयति धरित्रीं तृणसमाम् ।
अतश्चानैकान्त्यात्सुरुलघुतयार्थेषु धनिनाम्
अवस्था वस्तूनि प्रथयति च संकोचयति च ॥

પોતાની અવસ્થા પ્રમાણે પરોપકારીના મનોરથ નહાના મ્હોટા હોય છે. જેમ કે રંક ગાય જાતે કંઈ પરોપકાર કરવા અશક્ત છે પણ તેનું દોહન કરનારને આનંદથી અમૃત આપે છે અને દોહકની અનેકધા કામધેનુ થાય છે. જતા આવતા સર્વ પથિકજન, કૃમિગણ, પથિગણ આદિ ઉપર ઉપકાર કરી શકનાર વૃક્ષ છે—તે દોહનની અપેક્ષા રાખ્યા વિના સામીપ્ય-માત્રથી જ ઉપકાર કરે છે. મૂળથી મુખસુધીના પ્રદેશ ઉપર વસનાર આવનાર સર્વ પ્રાણીને નદી ઉપકૃત કરે છે. પોતાની પાસે કોઈ ન આવે પણ પોતે જ ઉપકાર્ય જનોના પ્રદેશના શિર ઉપર ચ્હડી ઉપકાર કરતો જાય એ મેઘનું કૃત્ય નદીના કૃત્ય કરતાં વિશેષ છે. મેઘ તો વર્ષમાં ચાતુર્માસથી જ વર્ષે પણ ચન્દ્રના ઉપકાર તો બારે માસ છે. ચન્દ્રના ઉપકાર કલાવાન્ વૃદ્ધિક્ષયના પાત્ર છે, પણ સૂર્યના ઉપકાર તો સર્વદા સ-માન અમેય છે. મેઘ, ચન્દ્ર, ને સૂર્ય સ્વયુગે ઉપકાર કરનારનાં ઉત્તરોત્તર દૃષ્ટાંત

---

[1] કોઈ મનુષ્ય દ્રવ્યાદિથી હીન અને દરિદ્ર થાય છે ત્યારે માત્ર જવની મુઠી ઇચ્છે છે; એવો વખત આવે છે કે એનો એ માણસ પાછળથી આખી પૃથ્વીને તૃણ જેટલી ગણે છે. માટે દ્રવ્યવાન જનોનાં દ્રવ્યના વધારે ઓછા-પણા પ્રમાણે અનેક પરિણામ થાય છે અને તેથી જણાય છે કે મનુષ્યની અવસ્થા વસ્તુઓને નહાની મ્હોટી કરેછે. ભર્તૃહરિ.

છે.[૧] નવીનચંદ્રજી; એ સર્વ પરોપકારીયોના આશય તેમની અવસ્થા પ્રમાણે સંકોચવિકાસ પામે છે—તેમાં અલખના યોગીઓનો આશય, સંસારના ભ્રષ્ટાચારથી દૂર રહી, માત્ર વૃક્ષના જેવા ઉપકાર કરવાથી તૃપ્ત થાય છે.

" [૨]छायावन्तो गतव्याला: स्वारोहा: फलदायिनः
मार्गद्रुमा महान्तश्च परेषामेव भूतये ॥

નવીનચંદ્રજી; સંસારની સમૃદ્ધિથી શૂન્ય અને સંસારના વ્યવહારના અજ્ઞ પણ સદ્વિદ્યામાં, સદ્રસમાં, અને સદ્ગતિમાં સમૃદ્ધ અને વ્યૂઢ એવા આ ગિરિરાજ ઉપરના સાધુસમાજના આશય, મહારાજ મણિરાજને જેવા પ્રિય છે તેવા, તેની રંક અજ્ઞ પ્રજાને પણ પ્રિય છે—પ્રિય છે તે એટલા માટે કે તેમાં તે સર્વને વિશ્વાસ છે. અથવા—

[૩]विष्वक्तपोवनकुमारसमर्प्यमाण-
श्यामाकतण्डुलहृतां च पिपीलिकानाम् ।
श्रेणीभिराश्रमपथाः प्रथमानचित्र-
पत्रावलीवलयिनो मुदमावहन्ति ॥

નવીનચંદ્રજી, જે આશ્રમમાં આમ કીડીયોંને અન્ન આપી તૃપ્ત કરવાનો રમણીય મુદ્દિત આશય પ્રવર્તે છે ત્યાં આવી આપ જેવા ચન્દ્ર શું મ્હારી ચકોરીને તૃપ્ત શાંત કરવાની ના પાડશો?"

સ૨૦—તેના આશય પણ ઉચ્ચ જ હશે.

---

૧ रविश्चन्द्रो घना वृक्षा नदी गावश्च सज्जना:
एते परोपकाराय युगे दैवेन निर्मिताः ॥

૨. માર્ગ ઉપરના વૃક્ષ અને મહાત્માઓ પારકાના કલ્યાણને માટેજ જીવે છે, તપ્ત પથિકોને માટે તેમની પાસે છાયા છે—તે તપ્ત જનને આકર્ષે છે. તેમનામાં સર્પ કે એવા ભયંકર ગુણ કે પદાર્થ નથી કે જેને લીધે તેમની પાસે આવેલા શરણાર્થી પસ્તાય. તેઓ જાતેજ ઉગેલા હોય છે—તેમને માટે કોઈ માળીને કે ખેડુને ચિન્તા કરવી પડી નથી, અને કોઈની પાસે ઉપકાર લીધા વિના તેઓ ફળદાતા થાય છે. (પ્રકીર્ણ)

૩ આશ્રમોના માર્ગોમાં કીડીયો ઉભરાતી ચાલે છે; તપોવનના કુમારો સામાના ચોખા તેમને માટે વેરે તે ચોખા લેઈ આ કીડીયોની હારો આ માર્ગો ઉપર ચોપાસ ચાલે છે અને વિસ્તાર પામતાં ચિત્ર પત્રાવલીઓનાં કુંડાળાં જેવી આ હારો લાગે છેઃ એવા રમ્ય આશ્રમમાર્ગ આનન્દભોગ આપે છે. (પ્રકીર્ણ)

ચન્દ્રા૦—"તે તો એક જ વાત ઊંએ છે ને તેને નિઃશ્વાસે નિઃશ્વાસે આપને વિષયે એક જ ઉદ્ગાર થાય છે કે,

[1]दह्यमानेन मनसा दैवादेव विहाय माम् ।
लोकोत्तरेण सत्त्वेन जगत्पुण्यैः स जीवति ॥

નવીનચંદ્રજી, તમને કહેવાનું સર્વ કહી ચુકી છું. મ્હારી વિજ્ઞપ્તિ સ્વીકારવી તે તમારા હાથમાં છે. જેવા તમે હૃદયથી સાધુજન છો તેવી જ મધુરી છે. ઉભય હૃદયમાં સાધુજનનાં રહસ્ય રહ્યુ રેછે.

[2]प्रियप्राया वृत्तिर्विनयमधुरो वाचि नियमः
प्रकृत्या कल्याणी मतिरनवगीतः परिचयः ।
पुरो वा पश्चाद्वा तादिदमविपर्यासितरसम्
रहस्यं साधनामनुपधि विशुद्धं विजयते ॥

નવીનચંદ્રજી, તમે આવા સાધુજન છો, સાધુજનના આશય સમજો છો, મધુરીનું દુઃખ આ હૃદયથી જોવાતું નથી, હું પણ કંઈક વિરક્ત છું તે મ્હારાં વ્રતનો ત્યાગ કરી એ મધુરીને માટે આપની પાસે આવી છું અને એને માટે કહું કે મ્હારા પોતાના શમસુખને માટે કહો પણ આ સ્ત્રૈણ હૃદયે માંજીનું મન્દિર મુકાવી મને તમારી પાસે આણી છે. સમસ્ત સાધુમંડળનું માન રાખીને, કે મધુરીની દયા કરીને, કે આ

---

૧. બળતા ઝળતા મન વડે એણે મ્હારો ત્યાગ કર્યો તે માત્ર દૈવના બળાત્કારથી જ; એવો ત્યાગ કરી એ કાંઈ જાતે પળવાર પણ જીવે એમ છે? છતાં એ જીવે છે તે તો પોતાના લોકોત્તર સત્ત્વને લીધે અને જગતનાં પુણ્યને બળે જીવે છે. (ઉત્તરરામ ઉપરથી)

૨. સાધુજનોનું રહસ્ય સર્વથા વિજયથી વર્તે છે; તે કેવું છે માટે એમ વિજય પામે છે? તેમનાં હૃદયની વૃત્તિ પ્રિયગુણોથી છલોછલ ભરાયલી હોય છે, તેમની વાણીમાં નિયમ હોય છે તે વિનયથી મધુર હોય છે, તેમની બુદ્ધિ સ્વભાવથીજ કલ્યાણી-જીવોને માટે કલ્યાણકારક-હોય છે, અને તેમના પરિચયમાં નિન્દાપાત્ર પદાર્થનો લેશ હોતો નથી. જગતના રસ આગળ ઇષ્ટ હોય છે તો પાછળ બગડે છે ને પાછળથી ઇષ્ટ થાય તો પ્રથમ દશામાં વાંધા ભરેલા હોય છે, પણ સાધુજનના નિર્દોષ સાત્વિક પ્રીતિકર રસ તો પ્રથમ કે પછી, આગળ કે પાછળ, સર્વદા સર્વથા વિપર્યય વિનાનાજ રહે છે. સાધુજનોનું નિષ્કપટ નિર્દોષ વિશુદ્ધ રહસ્ય હોય છે તે આ જ! અને તે જ વિજયથી પ્રવર્ત્તે છે. (ઉત્તરરામ.)

મ્હારા હૃદયના ઉદ્ગાર સત્ય માનીને, કે આપની ઉદાર દક્ષ બુદ્ધિની પ્રેરણાથી, મ્હારી રંક વિજ્ઞપ્તિ સ્વીકારો. વધારે કહેવાની મ્હારામાં શક્તિ નથી. સત્યનો બલવત્તર બોધ કરવા જેટલું મ્હારામાં જ્ઞાન નથી, ધર્મનું શુદ્ધતર તારતમ્ય કહાડવાની મ્હારામાં બુદ્ધિ નથી, રસરહસ્ય વધારે પ્રદીપ્ત કરવાનો આ હૃદયનો અભ્યાસ ઘણા કાળના વૈરાગ્યથી કટાઈ ગયો છે, અને મ્હારા હૃદયને ને મ્હારી પ્રવૃત્તિને આશ્રય આપી શકનાર વિહારપુરી આપનું અનુચરત્વ કરે છે તે આપની પાસે આવા વિષયમાં પ્રવૃત્ત થાય એવું ઇચ્છવાનો મને અધિકાર નથી. નવીનચંદ્રજી, હું આપની પાસે હાથ જોડી ઉભી રહું છું અને સાધુજન પાસેથી આટલી ભિક્ષા માગતાં શરમાતી નથી.”

આટલું બોલતાં બોલતાં ચન્દ્રાવળી ગળગળી થઈ ગઈ. તેના નેત્રમાં આંસુ ભરાયાં. દાંત ભીંડી, ઉંચે શ્વાસે, ઉંચી આંખે, હાથ જોડી તે ઉભી રહી. અનેક વિચારો અને વૃત્તિયોથી અમુઝાતો સરસ્વતીચંદ્ર પળવાર વિચારમાં પડી ઉત્તર શોધવા લાગ્યો. ત્યાં ચન્દ્રાવલીના હૃદયનો ઉત્કમ્પ સ્પષ્ટ દેખાયો, ભરાયલાં આંસુ ગરવા લાગ્યાં, ઓઠ ઉઘડવા લાગ્યા.

“સાધુજન! વિહારપુરી વિના બીજા કોઈ પુરુષના સામું આ આંખોએ આજ સુધી ઉંચું જોયું નથી તે તમારા મુખચન્દ્રની મધુર દયાર્દ્રતાનો પ્રકાશ જોતી ઉભી છું. મને શી આજ્ઞા છે?”

સરસ્વતીચન્દ્ર હજી વિચારમાં જ હતો—એનાં નેત્ર એના હૃદય સામે વળ્યાં હતાં.

“સાધુજન, શી આજ્ઞા છે?” ફરી ચંદ્રાવલીએ પુછ્યું.

સરસ્વતીચંદ્ર ચમકી ઉઠ્યો હોય તેમ એણે અચીન્ત્યું ઉંચું જોયું. નીચેથી ઉંચું જોયું તેટલામાં એની આંખમાં આંસુ આવી પણ ગયાં ને સુકાઈ પણ ગયાં. અતિનમ્ર વદનકાન્તિ કરી, હાથ જોડી તે બોલ્યો.

“મૈયા, મને પુત્ર જાણ્યો ને પુત્રના ઉપર જે ક્ષમા, વત્સલતા, અને ઉદાર ચિન્તાવૃત્તિ માતા રાખે તેવી આપે મ્હારા ઉપર રાખી. માતાજી, આપની આજ્ઞા તોડવાનો મને અધિકાર નથી. શુદ્ધિ અને બુદ્ધિનો સમાગમ યોજી જે સૂક્ષ્મ ભેદવાળી યોજના આપે આટલી આટલી દીર્ઘ દૃષ્ટિથી રચી છે તેને હું અનુકૂળ થઈશ, અને જે મધુરીને આપ મ્હારી કહો છો, તેનું અભિજ્ઞાન થશે તો તેના કલ્યાણનો માર્ગ તેને દર્શાવીશ.”

"ને તમારા કલ્યાણનો માર્ગ તે તમને દર્શાવે તો તે પણ તમે જોશો."—ચન્દ્રાવલીએ કંઈક અટકતાં અટકતાં કહ્યું.

"ઉભયનાં વિચાર ને વૃત્તિનો સમાગમ દૈવ કરાવશે તેવો કરીશ." સરસ્વતીચંદ્ર બોલ્યો.

"સાધુજન, તમારું કલ્યાણ થજો. હું તમારી પવિત્ર સેવામાં કોઈ રીતે કામ લાગું એવું કંઈ કહેવાનું બાકી છે?"

સર૦—"મ્હારે કોઈને કંઈ પણ આ વિષયમાં કહેવાનું થશે તો તે આપને જ કહેવાનું થશે.

[1]आश्वासस्नेहभक्तीनां त्वमेवालम्बनं महत् ।
प्रकृष्टस्येव धर्मस्य प्रसादो मूर्तिसञ्चरः ॥

આપે મને પ્રકૃષ્ટ ધર્મનું તારતમ્ય સૂક્ષ્મ ભેદ કરી શીખવ્યું છે. આજ સુધી મ્હારી બુદ્ધિ અસંતુષ્ટ રહેતી અને હૃદય તપ્ત રહેતું તેને આપે અતિ વત્સલતાથી તૃપ્તિ અને શાન્તિના માર્ગનું દિગ્દર્શન કરાવ્યું છે. જે વસ્તુ હું ગુરુજીને પુછી શકત નહી અને જે મને કહેવામાં વિહારપુરીજી સંકોચ પામત તે વસ્તુનું આપે મને જ્ઞાન આપ્યું છે. અને અંતે જે અનાથ હૃદયનો મ્હેં વિનાકારણ ક્ષોભ કરેલો છે તેને શાન્તિ આપવામાં આપનું જ સાહાય્ય છે એ મ્હારાં સર્વ કલ્યાણ કરતાં ગુરુતર કલ્યાણ કર્યું છે. આપે મને અને મ્હારા આશ્વાસ્ય જનને પરમ આશ્વાસન આપ્યું છે. આપના હૃદયમાં ઉભય ઉપર ગુરુ પ્રીતિ સ્ફુરે છે અને આપનાં સુપ્રસિદ્ધ વ્રત છોડવી આ પ્રતિકૂળ પ્રવૃત્તિમાં આપને પ્રેરે છે. પરમ અલક્ષ્ય અને તેની લક્ષ્ય વિભૂતિ ઉભયની આ આપ ભક્તિસાધના કરો છે. આપ આથી સૂક્ષ્મ ધર્મના પ્રસાદરૂપ ભાસો છો તેવાં જ સૂક્ષ્મતમ રસના પ્રસાદરૂપ છો.

[2]प्रीतिवैराग्यविद्यानां त्वमेवालम्बनं महत् ।
प्रकृष्टस्य रसस्येव प्रसादो मूर्तिसञ्चर : ॥

---

૧ દુઃખી જન ઉપરનો અનુરાગ તે આશ્વાસન, વયમાં અને જ્ઞાનાદિમાં બાળક ઉપર તેમ સમાન જન ઉપરનો અનુરાગ તે સ્નેહ; અને પૂજ્યજન ઉપરનો અનુરાગ તે ભક્તિ:—એ ત્રણ વસ્તુનો તું જ મ્હોટો આધાર છે. પ્રકૃષ્ટ એટલે પ્રકર્ષવાન્ ધર્મનું મૂળ કારણ આ ત્રણ અનુરાગ છે: તે કારણોનો મ્હોટો આધાર તું જ છે—તેના કાર્યભૂત પ્રકૃષ્ટ ધર્મના પ્રસાદની મૂર્તિ પણ તું જ જાણે હોય એવી તું છે. એ ધર્મના પ્રસાદનો કારણરૂપે તેમ કાર્યરૂપે સાક્ષાત્કાર તું જ કરાવે છે. (ઉત્તરરામ ઉપરથી)

૨ પ્રીતિ, વૈરાગ્ય, અને વિદ્યાનો મ્હોટો આધાર તુંજ છે—જાણે કે પ્રકૃષ્ટ રસના પ્રસાદની મૂર્તિ તુંજ છે.

પ્રીતિ, વૈરાગ્ય, અને વિદ્યા—એ ત્રિપુટીના અપૂર્વ સમાગમથી ઉભરાતો રસ જગતમાં સંપૂર્ણપણે જોવામાં આવતો નથી. જગતના મ્હોટા ભાગને તો તેની કલ્પના પણ નથી. ભૈયા, આવી સદ્વસ્તુઓની સંપત્તિના સમાગમનું સ્થાન આપનામાં હોવાથી એ સંપત્તિને બળે અપૂર્વ રસનો પ્રકર્ષ અને પ્રસાદ આપે આજ મને પ્રત્યક્ષ કરાવ્યો છે. ધર્મ અને રસનાં એવાં રૂપનો એકત્ર સમાગમ આપે આપનામાં મને પ્રત્યક્ષ કરાવ્યો છે તે જ મ્હારા ઉપર આજ સુધી કોઈએ ન કરેલી કૃપા કરી છે તેના બદલામાં હું શું કરી શકું?"

ચન્દ્રા૦—નવીનચંદ્રજી, આત્મશ્લાઘા સાંભળવાનું એક કાળે મ્હારે આવશ્યક હતું. હવે તે આવશ્યક નથી. મ્હારા સ્વભાવને તે અનુકૂળ નથી. પણ તમારા જેવા સાધુજનના ઉદ્ગાર હૃદયમાંથી જ નીકળે છે અને એવાં હૃદયની પ્રસન્નતાનું હું નિમિત્ત થાઉં એટલું ફળ મને ઇષ્ટ છે. પણ હવે તેનો વધારે લોભ તે અતિલોભ થાય. વળી આપણા આ સમાગમનું પ્રયોજન કૃપા કરી તમે સફળ કર્યું છે તે જ બદલાથી મને સંતોષ થયો છે. હવે તો જે પ્રવૃત્તિમાં પડવા તમે સ્વીકાર્યું છે તે પ્રવૃત્તિમાં તમારી ઉદારતા અને દક્ષતા સફળ થાવ અને મધુરીના અને તમારા પવિત્ર આશય સિદ્ધ થાવ એ આશીર્વાદ છે.

સર૦—મ્હારા હૃદયમાં આજ સુધી કોઈકે બલવાન્ અન્ધકાર વ્યાપ્ત રહ્યો હતો તેમાંથી મને પ્રથમ મુક્ત કરનાર ઉષા[1] દેવી તે આપ છો. હું આપની સ્તુતિ કરતો નથી, પણ કાલે જે જોયું અને સાંભળ્યું તેનો આજ અનુભવ થયો તે આપના જ પ્રકાશથી થયો છે. આજ હું અંધકારમાંથી મુક્ત થયો તે જ આપના આશીર્વાદની સિદ્ધિ.

ગઈ કાલ વિષ્ણુદાસ નિરીક્ષા કરવા નીકળ્યા હતા ને ચન્દ્રાવલી ઉભી દોડી ત્યાં સર્વ બાવાઓએ અલખગર્જના કરી હતી, યદુનન્દનનો જય પોકાર્યો હતો અને ચન્દ્રાવલીનો જય પણ પોકાર્યો હતો. વિષ્ણુદાસજી પોતે ચન્દ્રાવલી પાસે ગયા હતા અને તેનું કુશળ પુછી, રાસલીલા જોવા જવા આજ્ઞા કરી, બેટની અને માતાના મન્દિરની અને નૈવેદ્યાદિની અવસ્થા પુછી લીધી હતી. રાસલીલાપ્રસંગે વિષ્ણુદાસજી ન હતા પણ વિહારપુરીએ સાધુજનોને રાસરહસ્યનો ઉપદેશ સંભળાવ્યો હતો. એ ઉપદેશ થઈ રહેતા સુધી ચન્દ્રાવલી એક ચિત્તથી શ્રવણ અને ધ્યાન ધરી ઉભી હતી અને સાધુઓના આગ્રહથી તે સર્વ સ્ત્રીપુરુષોમાં અગ્રભાગે

---

૧ સૂર્યોદય પ્હેલાંનું મળસ્કું, પ્રભાત.

વિહારપુરી સામી જ ઉભી હતી. ઉપદેશ કરી રહી વિહારપુરીએ સર્વ સાધુઓને આશીર્વાદ દીધા અને પ્રણામ કર્યા, તે પ્રસંગે ચન્દ્રાવલીને પણ પ્રણામ કર્યા, અને સ્ત્રી પુરુષ સર્વ સાધુઓએ તે ક્ષણે આનન્દ અને ઉત્સાહથી ચન્દ્રાવલીમૈયાનો અલખ જગવ્યો ને જય પોકાર્યો. આ સર્વ ચિત્ર સરસ્વતીચંદ્રે વિસ્મયથી પ્રત્યક્ષ કર્યું હતું પણ એ ચિત્રનું માહાત્મ્ય તેના હૃદયમાં આજ સમજાયું અને સાધુજનોના એવા પક્ષપાતના આ ઉત્તમ પાત્રને ચરણે પડવા અત્યારે તેનું નમ્ર દીન થયેલું હૃદય તત્પર થયું. ચન્દ્રાવલીએ હવે પોતે જવાની આજ્ઞા માગી તેના ઉત્તરમાં એ આ સ્ત્રીને માટેના પૂજ્યભાવનો અનુભવી બની બોલ્યો.

" મૈયા, આપના હૃદયના અમૃતોદ્ગારથી હું એવો તૃપ્ત નથી થયો કે હવે તેની તૃષા નથી એમ હું કહું. પણ જે કૃપા આપે આ જીવ ઉપર કરી છે તેની મર્યાદા કેટલી રાખવી એ આપના પોતાના અધિકારની વાત છે. હું તો માત્ર હવે આપને વન્દન કરવામાં જ મ્હારું કલ્યાણ માનું છું. વસિષ્ઠ જેવા વિહારપુરીજીનાં અરુન્ધતી જેવાં ચન્દ્રાવલી—તેમના સમાગમનો અધિકારી હું આજ થયો અને ઉષા[1] દેવી પેઠે આપે મ્હારો અંધકાર નષ્ટ કર્યો તો મ્હારે કહેવાનું એટલું જ બાકી રહે છે કે—

[2]यया पूतम्मन्यो निधिरपि पवित्रस्य महसः
पतिस्ते साधूनामपि खलु गुरूणां गुरुतमः ।
त्रिलोकीमङ्गल्यामवनितललोलेन शिरसा
जगद्वन्द्यां देवीमुषसामिव वन्दे भगवतीम् ॥"

સરસ્વતીચંદ્રે ચન્દ્રાવલીને ચરણે પડવાનું કર્યું ત્યાં એ સાધ્વીનાં પરપુરુષ-સ્પર્શના ત્યાગી કરકમલે આ પુરુષના શરીરને પોતાને ચરણે પડતાં અટકાવ્યું અને એ ઉભો થતાં એ બોલી.

" નવીનચન્દ્રજી, આ ગિરિરાજના યોગીઓ આવા પ્રણામ યદુનન્દનને જ કરે છે—ગુરુજી પણ એવા પ્રણામ પોતાને થવા દેતા નથી. તો હું તો

---

૧. સૂર્યોદય પ્હેલાંનું પ્રભાત; મળસ્કું.

૨. તમ્હારો પતિ મ્હોટામાં મ્હોટા સાધુઓમાં પવિત્ર તેજનો નિધિ છે તે પણ તમ્હારાથી પવિત્ર થયો મનાય છે, ત્રિલોકની તું મંગલકારિણી છે; તું જગતની વન્દ્ય છે, ઉષા દેવી જેવી ભગવતી ! પૃથ્વીતળ ઉપર મ્હારું મસ્તક નાંખી તે વડે તને નમું છું. (ઉત્તરરામ ઉપરથી).

કોણ માત્ર ? સર્વથા હવે કાલાતિપાત થાય છે માટે તમે હવે તમારા પુણ્ય વિચાર કરો અને હું જાઉંછું—"

ચન્દ્રાવલી ગઈ. સરસ્વતીચંદ્ર તેની પુઠ પાછળ દૃષ્ટિ નાંખી રહ્યો. એ દૃષ્ટિમાં એનું ધ્યાન હતું એટલામાં એનું મુખ બોલવા લાગ્યું—

" The reason firm, the temperate will,
Endurance, foresight, strength, and skill;
A perfect woman, nobly plann'd,
To warn, to comfort and command. "[1]

એના મનમાં ભાષા ઉદય પામી.

"સુન્દરગિરિ! કેવાં સુન્દર મનુષ્યને તું આશ્રય આપેછે? ચન્દ્રાવલી! જે કાળે તમારા જેવી આર્યાઓ આ નિમ્નદેશમાં પ્રકાશતી હશે, જે કાળે વિદ્યા, રસ, અને પવિત્રતાના સંગમનાં તીર્થ આ દેશને ઉચ્ચદશાના અનુભવ કરાવતાં હશે, આજની અશિક્ષિત સૌભાગ્યદેવીની પ્રેમાસ્પદ શુદ્ધ સુન્દરતા આવી સૂક્ષ્મ—શરીરની સમૃદ્ધિઓ સાથે ગંગાયમુના જેવો સંગમ પામતી હશે–તે કાળ ગયો જ! આર્યદેશ અધોગતિને પામ્યો તે તેથી જ!"

" ચન્દ્રાવલીમૈયા! મ્હારી દીક્ષાના મંત્રનું રહસ્ય તમે વળી જુદું જ સમજાવ્યું!"

"She has shown me the evolution of the individual soul from its first flash to its last goal! And she challenges me to verify its truth by the practice of Yoga! And if we believe in Western science upon mere faith, on the ground that it is open to verification if we want, can I refuse some similar reception to so proud a production of my own countrymen? And she has shown me the place of love in the economy of Nature. She has shown me how 'life is real— life is earnest!' She has carried me through the transmigration scheme in a novel but tangible way. And she has done it all to console

---

[1] વર્ડ્ઝ્વર્થ.

and sweeten a sweet life like my Kumud's and to settle, into some realistic practical form, a dreamy vagabond like myself !—My Kumud !—Ah ! I feel fired by thy name ! ”

“ હા ! કુમુદ—કુમુદસુન્દરી ! ચન્દ્રાવલીબૈયાની આ સર્વ કૃપા તારે માટે. મ્હારાં પ્રાયશ્ચિત્તનો અવધિ સમીપમાં દેખાય છે. પણ...પણ...’

આકાશમાં વનલીલાનો સ્વર સંભળાયો

“ અજબ સલુણી સખી મૃગનયની તું !
“ તેં મોહન વશ કીધો રે !”

સરસ્વતીચંદ્ર ચમક્યો. બુદ્ધિધનના ઘરમાં કુમુદસુંદરી સાથે ગાળેલી ઘડી સાંભરી ને શરીર કમ્પવા લાગ્યું.

“ સ્થૂલ શરીરનો વિશ્વાસ શો ? ચન્દ્રાવલીનો અભિપ્રાય ઈંગ્રેજ કવિના જેવો લાગે છે.

[1]“ The same love that tempts us into sin,
“ If it be true love, works out its redemption ! ”

“ જે ધૈર્ય તે કાળે રક્ષણ કર્યું તે આજ સહાયભૂત નહીં થાય ? તે કાળે અવસર સૂક્ષ્મ હતો, પરગૃહમાં પ્રતિષ્ઠાને ભય હતું અને અન્ય ભય હતું—આ સ્થાને સાધુજનો એવાં સર્વ ભયને નષ્ટ કરે છે—ત્યાં તો ધર્મનું જ આ ભય ! એ ભયને પણ ચન્દ્રાવલી લેખતાં નથી; તેમને મન તો હું જ કુમુદનો પતિ છું અને પ્રમાદ જ્વર છે.

“ My associations cannot accept this reasoning, even though ethically the lady has an unanswerable case for truth in the argument that all Hindu marriages are null and void ! The law, however, is not with her. The construction of our vast Society and the hard facts of life in it, make it only vastly and extremely perilous to admit her argument in practice.

---

1. [illegible].

[1] Lytton's Lady of Lyons.

Alas, that what seems so sound to unprejudiced reasoning and to the unartificial but artistic conscience of refined natural instincts, should have so totally lost its once sublime and august position from the ethical pantheon of our modern Hinduism! Blessed be these few sacred remnants of those days of the spiritual light and purity of my country" !

"હું પતિ કે પ્રમાદ પતિ એ પ્રશ્ન પ્રમાદના મરણથી શાન્ત થાય છે. આ સાધુલોકના શાસ્ત્રથી કે પાશ્ચાત્ય શાસ્ત્રથી કે રાજકીય ન્યાયશાસ્ત્રથી કુમુદનું પાણિગ્રહણ અધર્મ્ય નથી. પણ મને તેની વાસના નથી. કુમુદસુંદરીની અત્યાર સુધીની રમણીય પવિત્ર ચિત્તવૃત્તિના ચિત્રમાં આ પાણિગ્રહણથી કલંક બેસે તે તો દુઃસહ જ. સર્વથા સ્થૂલ શરીરને દૂર રાખી સૂક્ષ્મ શરીરનો જ સમાગમ રચવો, અને કુમુદસુંદરી પરિવ્રાજિકામઠમાં અથવા ચન્દ્રાવલી પાસે આયુષ્ય ગાળે, એ ચિત્ર જ રમ્ય છે.

"પણ...આ...વિચાર કરવાનો મને શો અધિકાર છે? મેં તો તેનો અપરાધ સંપૂર્ણ કર્યો. એ અપરાધ ધોઈ નાંખવાનો માર્ગ માત્ર એટલો જ કે એ અપરાધનું બલિદાન થયલી શરીરિણીને જે માર્ગે શાન્તિ મળે તે માર્ગે આપવી. એ માર્ગ રમણીય છે કે નહી, ધર્મ્ય છે કે નહી, એ વિચારનો અધિકાર મને નથી—તેને છે. અથવા અલખકામતન્ત્ર પ્રમાણે તો આ વિચારનો અધિકાર કુમુદને સોંપી મ્હારે તટસ્થ રહેવું એ પણ ધર્મ્ય નથી. એ તન્ત્ર પ્રમાણે તો એ દુઃખી હૃદયનું પરિશીલન કરી, તેની અનેક ગુફાઓમાં ગુપ્ત રહેલાં મર્મ શોધી, એ શોધથી જે માર્ગ જડે તે લેવો એ જ મ્હારો ધર્મ છે. અર્જુનનું રક્ષણ કરવા શ્રીકૃષ્ણે પ્રતિજ્ઞાનો ત્યાગ કરી ચક્ર લીધું હતું તે જ રીતે સંસારના ધર્મની અવગણના કરવાથી એ અનાથ હૃદયનો ઉદ્ધાર થાય એમ હોય તો તે કરવો એ મ્હારો ધર્મ!"

"અતિતીવ્ર ધર્મ! શું તું કુમુદને સંસારમાં નાંખવા મને પ્રેરશે? શું તેને પુનર્વિવાહિત કરાવવા તું મને આગળ કરશે? અથવા બુદ્ધિધન અને સૌભાગ્યદેવી જેવાંની વત્સલતાની ભોગિની શું એવાં હૃદયની પ્રીતિ ભુલી જશે? અથવા!—તે ગમે તેમ હો! પ્રમાદ ગમે તેવો

હા ! પણ એના મરણના ત્રાસકારક સમાચાર એને મ્હોડે કૂહેનાર હું જ થઈશ ? એ સમાચારથી એને દુઃખ નહી થાય ? કેવું દુઃખ થશે ? તે મ્હારાથી કેમ જોવાશે ? દુષ્ટ હૃદય ! એ જોવાનું કે ન જોવાનું—તે વિચારવાનો તને શો અધિકાર છે ? સરસ્વતીચંદ્ર ! સરસ્વતીચંદ્ર ! સુન્દર-ગિરિના વિચિત્ર માર્ગ તને શા શા ધર્મ નહી દેખાડે ?"

" અથવા—રહો—હું એ દુઃખ ખમવાને પણ આ સમાચાર કુમુદ-સુન્દરીને સંભળાવું—તો—તો—અંતે કદાચિત એ દુઃખ ભુલે અને સ્થૂલ વિવાહ ઇચ્છવાના લોભમાં પડે...અથવા...પતિમૃત્યુથી પોતાને સ્વતંત્ર થયલી માની...વિવાહના લોભ જેટલું ધૈર્ય પણ...ન રાખે... તો તે અધો-ગતિ નહી ? ... તે કાળે મ્હારું મનોબળ શું ? મ્હારો અધિકાર શો? મ્હારો ધર્મ શો? તે વિચારવાની તે કાળે મ્હારી શક્તિ શી ? અથવા મ-ધુરી કુમુદસુન્દરીને ઠેકાણે બીજી કોઈ સ્ત્રી નીકળી અને તે છતાં મોહમાં પડી મ્હારે કૂહેવું પડે કે—

" [1]इदमुपनतमेवं रूपमाक्लिष्टकान्ति
प्रथमपरिगृहीतं स्यान्नवेत्यव्यवस्यन् ।
भ्रमरइव निशान्ते कुन्दमन्तस्तुषारं
न खलु सपदि भोक्तुं नैव शक्नोमि मोक्तुम् ॥

" તો મ્હારે શું કરવું ?"

" પ્રમાદના સમાચાર તો નહી જ કહું. તે સમાચાર તેણે નથી જાણ્યા ત્યાં સુધી એ પતિવ્રતા પોતાના મન ઉપર અંકુશ રાખશે. તે સમા-ચાર ન જાણવા છતાં પણ એનું મન ચલિત થશે તો...તો...હું તો સમા-ચાર જાણું છું ને જે પ્રવૃત્તિ બીજી રીતે બાધશૂન્ય છે ને કરેલા અપરાધને ધોવાને માટે ધર્મરૂપ છે તેમાં વશે કે કવશે પડવું એ જ પ્રાયશ્ચિત્ત! સમાચાર તો હું નહી જ કહું !"

" No. That shall not be, and that for the simple reason that I cannot bear to see thy soul in anguish.

---

[1]જેની કાન્તિ ક્લિષ્ટ નથી તેવું આ રૂપ મ્હારી પાસે આણ્યું છે તેનો સ્વીકાર પ્રથમ થયો હશે કે નહી તેનો નિર્ણય નથી થઈ શકતો અને પ્રાતઃ-કાળે હિમથી ભરેલા કુન્દપુષ્પમાંના ભ્રમરથી નથી તેમાં રહેવાતું ને નથી તે મુકાતું તેમ હું પણ આ રૂપનો સહસા ભોગ કે ત્યાગ બેમાંથી એક પણ કરી શકતો નથી. શાકુન્તલ.

Sweet angel at my helm ! I shall neither crush thee with news which can only make thee writhe, nor insult thee with idle conceptions of what thou art not, but shall see thee as soft and sweet and pure as thou always hast been. And if my love believes thee to be that, what fear can my heart harbour from thee and thy soul ? Ah ! Whither am I drifting ? Sweet Kumud"[1]!

" My soul is an enchanted boat
That, like a sleeping swan, doth float
Upon the silver waves of thy sweet singing,
And thine doth like an angel sit
Beside the helm conducting it."[1]

" ગુણસુન્દરીના હૃદયની પ્રતિમા ! સૌભાગ્યદેવીના પવિત્ર પક્ષપાતના પાત્ર ! તું જે માર્ગે મને પ્રેરીશ તે સુન્દર અને ધર્મ્ય જ હશે ! તહારી વાસનાનું ગાન મ્હારા કાનમાં સંભળાય છે અને તે પવિત્ર જ છે ! "

એના કાનમાં સંભળાયલું ગાન આજ ફરી સંભળાવા લાગ્યું : ચક્ર પેઠે ચારે પાસ ફરવા લાગ્યું.

" વાંસલડી વાજે ! જોગીડા ! તું વાંસલડી વાજે !
× × × × × ×
લખ્યા લેખ મિથ્યા નહી થાયે,
સંસારિણી જોગણ થઈ જાયે ! વાંસલડી૦
જોગીડા ! તું સમશ્યામાં ગાજે,
જોગણ આવી સાંભળશે સાંજે ! વાંસલડી૦
મોરલીમાં સ્નેહભર્યું વાજે,
અવ્યક્તનું વ્યંગ્ય બધું ગાજે. વાંસલડી૦
વાંસલડીમાં લખનું અલખ વાજે,
મ્હારા તહારા અદ્વૈતને ગાજે ! વાંસલડી૦
અલખ તુજ સૂક્ષ્મ સનાતન જે,
કુમુદને તું તેમાં પરોવ્યાં જજે ! વાંસલડી૦
હું, તું, ને અલખ સનાતન, એ

---

૧. Shelley.

ત્રણે રાસ અદ્વૈતમાં જ રમે ! વાંસલડી૦
હૃદય આ અલખ રસે નાવ જ છે,
નાવિક તેમાં ચતુર તું સાવધ છે : વાંસલડી૦
જિવ્હાને દાંતની ભીતિ તે શી ?
કુમુદને સ્પર્શે નહી જ શશી ! વાંસલડી૦
નમે જ્યાં જગતમાંહી રાતલડી,
પ્રદક્ષિણે[1] એકાંત કરતો શશી, વાંસલડી૦
પ્રભા એની ચોમગ ચળકે જ્યાં,
પડ્યું રંક કુમુદ જ વિકસે ત્યાં. વાંસલડી૦
નહી ચંદ્ર ભોગ કુમુદનો ધરે,
કુમુદ એના શીલનથી જ હસે; વાંસલડી૦
એવો યોગ સાધુજનોને ગમે,
એવે સમે શમદમ સાથે રમે. વાંસલડી૦
સુન્દરગિરિ સુન્દર યોગ રચે,
મ્હારા ત્હારા હૃદયનો રાસ મચે. વાંસલડી૦
સંસાર આ અધમ ને ભ્રષ્ટ પડ્યો,
છુટ્યાં ત્યાંથી, ઉદ્ધાર ઈશે ઘડ્યો. વાંસલડી૦
સંસાર એ છોડી, છુટ્યાં બે છીયે;
જવું પાછાં તેમાં નથી કદીયે. વાંસલડી૦
સુન્દરગિરિ સન્તસમાગમ દે;
લતાકુન્જ એકાંત આશ્રમ દે; વાંસલડી૦
વિકારથી શૂન્ય વિહારો વહે,
પવન પેઠે ધીર ને શાંત સરે; વાંસલડી૦
વ્હાલા ચન્દ્ર ! ત્યાં હું સુગન્ધ વહું,
વિકસું ને સચેતન હૃદય ધરું. વાંસલડી૦
પાંખડીયો આ ફરફર થાતી ખૉલે,
રસિકના સૂક્ષ્મ રસોને ઝૉલે ! વાંસલડી૦
અખંડ સચન્દ્ર એ રાત રહો !
અલખ પ્રીતિ કુમુદની અચળ રહો ! વાંસલડી૦ ”

ઋગ્વેદાસ ચન્દ્રાવલી જોડે વાતો કરવામાં રોકાયો હતો. તે પાછો આવ્યો ને આ સૃષ્ટિ શાંત થઈ.

---

૧. પ્રદક્ષિણા.

પ્રકરણ ૨૪.

વિષ્ણુદાસબાવાનું સામર્થ્ય ને સરસ્વતીચન્દ્રના સૂક્ષ્મ શરીરની સંસિદ્ધિના માર્ગ.

तद्यथा महापथ आतत उभौ ग्रामौ गच्छतीमं चामुं चैवमेवैता आदित्यस्य रश्मय उभौ लोकौ गच्छन्तीमं चामुष्मा-दादित्यात्प्रतायन्ते ता आसु नाडीषु सृप्ता आभ्यो नाडीभ्यः प्रतायन्ते तेऽमुष्मिन्नादित्ये सृप्ताः । तद्यत्रैतत्सुप्तः समस्तः संप्रसन्नः स्वप्नं न विजानात्यासु तदा नाडीषु सृप्तो भवति तं न कश्चन पाप्मा स्पृशति तेजसा हि तदा संपन्नो भवति ॥ छांदोग्योपनिषद्.



વિષ્ણુદાસ બાવા સુન્દરગિરિ ઉપર હોય ત્યારે તેમનું આન્હિક નિશ્ચિત પ્રનાલિકા પ્રમાણે ચાલતું. પણ સાધુસંઘ પર્વત ઉપરથી ઉતરી નીચલા દેશમાં અલખ જગવવા જતો તે પ્રસંગે તો તેમનો કાળ જ્ઞાનવાર્ત્તામાં જ જતો. અમુક સ્થાનનો સંકેત કરી ત્યાં વિષ્ણુદાસ બે ચાર સાધુઓ સાથે મધ્યાન્હ ગાળતા અને બીજા સર્વ સાધુઓ ચારે પાસ છુટા છુટા વેરાઈ જતા. સૂર્ય જરા નમે એટલે વિષ્ણુદાસ પણ પાસેના કોઈ ગામમાં કે નગરમાં, મઠમાં કે તીર્થમાં, ઉપદેશ કરવા જતા, અને સંસારી વિદ્વાનો તેમની પાસે આવે તેને બોધ આપતા. સન્ધ્યાકાળે અન્ધકાર પડે ત્યાં સાધુઓ સંકેતસ્થાનમાં મળે, શ્રમ ઉતારે, મળેલી ભિક્ષામાં ફલમૂલ હોય તેનું પ્રાશન કરે અથવા રસોઈ કરી જમે, અને અંતે સુન્દરગિરિ પાછા જાય.

રત્નનગરી અને મનહરપુરી વચ્ચે એક મ્હોટું હિમસર નામનું સરોવર હતું, અને ચંદ્રાવલી સરસ્વતીચંદ્રને મળી પાછી ગઈ તે પળે આ સરોવર સુધી સાધુઓ પ્હોચી ગયા અને તેને તીરે લીંબડા, આંબા, અને પીપળાના વૃક્ષોની ઘટાવાળું સ્થાન હતું ત્યાં સંકેતસ્થાન રાખી સહુ વેરાવા લાગ્યા. વિહારમઠનો અધિષ્ઠાતા જ્ઞાનભારતી, વૃદ્ધ બ્રહ્મચારી સાધુ જાનકીદાસ, વિહારપુરી, અને બે બીજા સાધુઓ વિષ્ણુદાસ પાસે રહ્યા. આ બે બીજા સાધુઓ મૂળ સંસારી હતા અને વિષ્ણુદાસની પેઠે જ પૂર્વાશ્રમનો ત્યાગ કરી સાધુ થયા હતા. એ બે જણ વીશ બાવીશ વર્ષના હતા, ઈંગ્રેજી જાણતા હતા, અને વિરક્ત લાગતા હતા. તેમાંનો એક સ્વભાવે શાંત અને બુદ્ધિમાં

જરા જડ હતો. તેણે પોતાનું નામ **શાંતિદાસ** પાડ્યું હતું. બીજો સ્વભાવમાં તેમ બુદ્ધિમાં જરી મસ્ત હતો અને તેને એટલી બધી વાતોમાં શંકા થતી કે એણે પોતાનું નામ જાતે જ **શંકાપુરી** પાડ્યું હતું અને, મશ્કરીમાં **શાંતિ**-દાસને શંકાભારતી નામ આપી, **શંખભારતી** ઉચ્ચાર કરતો હતો. **શાંતિ**-દાસ તેમાં પણ શાંતિ રાખતો હતો. **સુન્દરગિરિનો** સંપ્રદાય એવો હતો કે નવા સાધુઓને અલખ જગવવા કે ભિક્ષાર્થે મોકલવા નહી પણ વર્ષાવધિ ગુરુના અન્તેવાસી થઈ રૂહે.

સરોવરના આરા ઉપર દૃષ્ટિ પડે એવે સ્થાને એક આંબાના થડ આ-ગળ મૃગચર્મ પાથરી સર્વેયે વિષ્ણુદાસમાટે બેઠક રાખી. શંકાપુરી અને **શાન્તિદાસ** સરોવરમાં તરવા પડ્યા. બાકીનું મંડળ ગુરુની આશપાશ બેઠું. સરોવર ભણી દૃષ્ટિ ફેરવી વિષ્ણુદાસ બોલ્યા.

" વિહારપુરી, તહારું હૃદય આ સ્થાનના જેવું શાંત અને શીતળ છે— તેનું કારણ ચન્દ્રાવલીમૈયાની અસ્પૃશ્ય ઉચ્ચ શાખાસમૃદ્ધિની જ છાયા છે. નવીનચંદ્રજીનું હૃદય આ સરોવર જેવું છે, શીતળ છે, શાન્ત છે, અમૃ-તથી ભરેલું છે, અગાધ છે, પણ એના અંતર્ભાગમાં-શાં સત્વ તિરોહિત છે તે સમજાતું નથી."

વિહારપુરી કંઈ સ્મિત કરી બોલ્યો " એ સરોવરને માથે વૃક્ષોની છાયા નથી અને સૂર્યના તાપથી તેમાંનો રસ સુકાય છે. વિહારપુરીને માથે છાયા ન હોય તો પણ તાપથી સહસા સુકાય નહી એવો એનો પૃથ્વી જેવો જડ સ્વભાવ છે. "

જ્ઞાનભારતી:—ગુરુજી, ચન્દ્રાવલીમૈયાએ ચિકિત્સા કરી તો ઔષધ પણ તેમનું જ દર્શાવેલું કરવું યોગ્ય છે.

જાનકીદાસ૦—તે સર્વ તો રાત્રિયે જણાશે.—

વિહાર૦— રાત્રિએ જો નવી સૃષ્ટિ રચવાનો સંભવ હોય તો દિવસે તેની યોજના કલ્પી રાખીયે તે ઠીક.

વિષ્ણુ૦—વિહારપુરી !

વિહાર૦—જી મહારાજ!

વિષ્ણુ૦—આજ રાત્રિથી **નવીનચંદ્રજીને** ચિરંજીવશૃંગમાં વાસ આપવો.

---

૧ પાસે રહેનાર શિષ્ય.

જાનકી૦—તેમને તો વિહારમઠ પાસે કંઈ સ્થાન મળે તો ઠીક, કે ચિકિત્સા પુરી થયે એ મઠરૂપ ઔષધ પણ પાસે જડે.

જ્ઞાન૦—ધારેલી ચિકિત્સા અયથાર્થ નીવડશે તો વિરક્ત નવીનચંદ્રજીને જાનકીદાસની યોજનાથી પોતાનો તિરસ્કાર થયો લાગશે.

વિષ્ણુ૦—વિહારપુરી શું ધારે છે?
વિહાર૦—આપની યોજના શાં કારણથી વિચારી છે?
વિષ્ણુ૦—કારણ અને કાર્ય ઉભય મ્હોટાં છે.
વિહાર૦—તેથી જ મ્હારો પ્રશ્ન છે.

વિષ્ણુ૦—તમે ત્રણે સાધુજન યદુશૃંગના સંપ્રદાયના વિચારઆચારમાં પ્રવીણ છો અને ઉદાર છો. આ સંપ્રદાય પ્રમાણે આપણા ત્રણે મઠના મહન્તનું કાર્ય કરવા વધારે અધિકાર કોનો?

" એ જોવાનો અધિકાર તો આપનોઃ " જાનકીદાસ બોલ્યો.
" રસ, જ્ઞાન, વૈરાગ્ય, આદિ શિષ્ટ પદાર્થોનો સમુચ્ચય કયાં ઉત્કૃષ્ટ છે તેની
" પરીક્ષા આપે આપના સામર્થ્યથી કરવાની છેઃ " જ્ઞાનભારતીએ કહ્યું.

" એ સર્વ સત્ય છે. પણ તે ઉપરાંત આ પણ સત્ય છે કે સંસારના
" અનુભવ અને સાધુજનના ઉત્કર્ષ એ ઉભયનાં જાતે અનુભવ અને અવ-
" લોકન જેણે કર્યાં હોય અને તેમાંનું અલક્ષ્ય નવનીત જેણે ફ્હાડ્યું હોય
" તે જ આ મ્હોનું સ્થાયિ કલ્યાણ કરી શકે છે અને માટે જ આપ આ
" મંગલ પદમાં વિરાજમાન છોઃ" વિહારપુરીએ વિષ્ણુદાસને કહ્યું.

વિષ્ણુ૦—તેવું પાત્ર શોધી ફ્હાડી તેને આ પદને યોગ્ય કરવા—સિદ્ધ કરવા—આજથી પ્રયત્ન માંડવો એ આ દેહનો ધર્મ છે. આજ સુધી સાધુજનોને સર્વાનુમતે એવું ગણાતું હતું કે વિહારપુરી આ સિદ્ધિને પાત્ર છે. હવે વિહારપુરી જ એમ ગણે છે કે સંસારના અનુભવી, સાધુજનના ઉત્કર્ષમાં સ્વભાવસિદ્ધ, અને અન્ય સર્વ યોગ્યતાઓથી સમૃદ્ધ નવીનચંદ્રજીને જ આપણા મંગલકાર્યમાં સિદ્ધ કરવા ઉચિત છે.

વિહાર૦—તેમાં કાંઈ ભ્રાન્તિ નથી.

જાનકી૦—નવીનચંદ્ર વિહારમઠના અધિકારી હોય તો આ પરમ સિદ્ધિને માટે તેમની યોગ્યતામાં ન્યૂનતા આવે.

જ્ઞાન૦—વિહારમઠના અધિષ્ઠાતાનું સ્થાન ભોગવ્યાથી જ વિહારપુરીજી આજ સિદ્ધ થયા છે, અને એવા પણ ઇતિહાસ પ્રસિદ્ધ છે

કે જ્યારે વિહારમઠના અધિષ્ઠાતા અને ત્રણે મઠના મહન્તનો અધિકાર એક જ સમર્થ પુરુષની પાસે હતો.

વિષ્ણુ૦—પણ એમાં વધારે પુણ્યકાર્ય શું ?

જ્ઞાન૦—મહન્તને સ્થાને બેસવાને પ્રસંગે પરિવ્રજિત હોય અને ત્યાર પ્હેલાંના સર્વ અનુભવમાં સિદ્ધ હોય તેનો જ અધિકાર પુણ્ય. તેવો અધિકારી ન મળે તો મધ્યમ પક્ષે મ્હારા જેવાનો અધિકાર.

વિહાર૦—જી મહારાજ, આપનાં સંસિદ્ધ વિચારમાં નવીનચંદ્રજીથી જ સર્વ મહને કલ્યાણ થઈ શકશે ને મ્હારા વિચારમાં પણ તેમ જ છે તો તેઓ વિહારી હશે કે ત્યાગી હશે તે વિચાર ઉપેક્ષા કરવા જેવો છે. તેમનામાં બુદ્ધિ, રસ અને જ્ઞાન અપૂર્વ છે.

વિષ્ણુ૦—જો તેમ જ છે તો વિચાર દુર્ઘટ નથી અને મ્હારા મનનાં કારણ કાર્ય સાંભળો. જ્યોતિઃશાસ્ત્રને અનેક રીતે વિચારતાં નવીનચન્દ્રને કોઈ મહાન્ ત્યાગનો યોગ છે અને યદુશૃંગને તેનાથી મહાન્ લાભનો યોગ છે. તેમનો સર્વ સાધુઓને જે જે અનુભવ થાય છે તે જ્યોતિઃશાસ્ત્રના ઉદ્ધારને પુષ્ટિ આપે છે. પણ વિહારપુરી એ પુરુષના ઉંડાં મર્મસ્થાનમાં કંઈક દુઃખ દેખે છે અને દુઃખ હોય તો તે વાસનાજન્ય હોવું જોઈએ. સ્ત્રીવિષયમાં પણ આ પુરુષને અપૂર્વ ત્યાગનો યોગ છે અને જો એમનું દુઃખ તત્સંબંધિની વાસનાથી હોય તો પણ એ વાસના અગ્નિપરના જળ પેઠે સ્વતઃ નષ્ટ થશે, અને ચન્દ્રાવલીમૈયાની સૂચનાના પ્રયોગમાં મને કાંઈ ભીતિ લાગતી નથી. આપણા સાધુજનો, દિવસે એકાન્તમાં પણ અન્ય સાધુજનોના શ્રવણપથથી દૂર રહી તેમના નયનપથમાં રહીને જ, પરિશીલન અને સંવનન કરે છે. પણ ચંદ્રાવલીની સૂચના સત્ય હોય તો આમાં તો તે ઉભય વિધિ સમાપ્ત થઈ ગયા છે અને આપણે માત્ર એટલું જ કહેવાનું બાકી રહે છે કે, દમ્પતી, વિહારમઠનો વાસ સ્વીકારો. એમ કહેવું કે નહી તે તો એ બે જણ મળે ને નિશ્ચય કરે તે ખરો. પણ એ મેળાપ અને નિશ્ચયને માટે પ્રસંગ આપવા વિહારમઠ વિના બીજા સ્થાનની આવશ્યકતા છે.

વિહાર૦—એ વિચાર તો આપે સૂક્ષ્મ અને સત્ય જ કર્યો.

વિષ્ણુ૦—એ બીજું સ્થાન તો ચિરંજીવશૃંગ જ ઉચિત છે. નવીનચંદ્રજીને દેહાન્તરિત અનેક જન્મસિદ્ધિઓ અનેકધા પરિપાક પમાડે છે તે સ્પષ્ટ છે અને એટલી સિદ્ધિથી સિદ્ધ થયલાને ચિરંજીવશૃંગઉપર સિદ્ધ

પુરુષોનો સમાગમ થવાનો. નવીનચંદ્રજીને એ અપૂર્વ લાભ થાય તો આ ત્રણે મઠનું અપૂર્વ કલ્યાણ કરી શકશે. ચન્દ્રાવલીમૈયા એક કારણથી આ કાર્ય પ્રિય ગણશે; હું બીજાં કારણથી પ્રિય ગણીશ.

જ્ઞાન૦—આપે ઉત્તમ વિચાર કર્યો. મધુરીમૈયાના સંસ્કાર પણ ચમત્કારક છે અને સિદ્ધદર્શનકાળે આ દમ્પતીનો સહચાર રસ અને જ્ઞાનનો સૂક્ષ્મ યોગ પામશે.

શંકાપુરી અને શાંતિદાસ આવી બેઠા હતા તેમાંથી શંકાપુરી બોલી ઉઠ્યો.

" પુરુષની જન્મસિદ્ધિથી સ્ત્રીને પણ જન્મસિદ્ધિ પ્રાપ્ત થતી હશે ? "

વિષ્ણુ૦—સર્વ તારામંડળ વચ્ચે ગુરુત્વાકર્ષણનું નાડીચક્ર છે એવું પાશ્ચાત્ય શાસ્ત્રમાં છે એમ તમે કહેતા હતા ?

શંકા૦—જી હા. હું ઈંગ્રેજી વિદ્યા ભણ્યોછું તેમાં આ વાત સિદ્ધ કરી છે.

વિષ્ણુ૦—યોગશાસ્ત્રમાં, જ્યોતિ:શાસ્ત્રમાં, અને અલક્ષ્યમતનાં લક્ષ્યશાસ્ત્રમાં પણ એવાં જ નાડીચક્ર વર્ણવેલાં છે, અને તે ચક્ર તે શાસ્ત્રના અનુભવી લક્ષ્યદ્રષ્ટાઓને પ્રત્યક્ષ થાય છે. ખગોળશાસ્ત્રના નાડીચક્ર પેઠે જ્યોતિ:શાસ્ત્રનું નાડીચક્ર પણ અલક્ષ્ય અને માત્ર પરીક્ષાસંવેદ્ય છે. મનુષ્યનાં શરીર, બુદ્ધિ, વાસનાઓ, અને ભાગ્ય સૂર્યમંડળના અને ગ્રહોપગ્રહોનાં નાડીચક્રમાં પ્રવર્ત્તે છે. અનેક નક્ષત્રોથી ભરેલી દ્વાદશ રાશિઓના તારામંડળની વચ્ચે ઊર્ણનાભિની જાળ પેઠે સૂક્ષ્મ નાડીચક્રો છે તેમાં સૂર્યમંડળમાંનું ગ્રહમંડળ બંધાઈ સંધાઈ રહીવાઈ ગયું છે અને અનન્ત બ્રહ્માણ્ડમાંનાં સર્વ મહત્-અંગને અને અણુઅંગને, જડને અને ચેતનને, કર્મજાળને અને ભાગ્યજાળને, વાસનાજાળને અને ભોગજાળને, આ સર્વ નાડીચક્રોના પ્રવાહોમાં અને પ્રતિપ્રવાહોમાં તરીને અને ડુબીને, પરિપાક પામવા પડે છે. આ નાડીચક્રોની નાડીઓમાં પ્રીતિનાં નાડીચક્રનો અંશરૂપે અંતર્ભાવ છે. સંસારીઓમાં લગ્નાદિકાર્યમાં પુરુષ ધર્મક્રિયામાં પ્રવર્ત્તે અને સ્ત્રી તેને માત્ર પાણિસ્પર્શ કરી સ્થિર રહે એટલાથી જ એ સ્ત્રીનો ધર્મસહચાર સફલ થઈ શકે છે તે તમે જોયું હશે. શુદ્ધ ધર્મ્ય પ્રીતિથી સંધાયલાં દમ્પતી વચ્ચે આવાં નાડીચક્ર છે, અને સાંકળનો એક છેડો ખેંચ્યે આખી સાંકળ ખેંચાય છે તેમ જન્મસિદ્ધિના નાડીચક્રના બળથી ઉત્કર્ષ પામનાર સ્વામી જોડે પતિવ્રતા પણ આકર્ષાય છે. તે બે એક નથે નથાય છે, સમાન પ્રારબ્ધમાં પ્રવર્ત્તે છે, અને સમાન ભાગ્યભોગનું આસ્વાદન કરે છે. સંસારીયોમાં જે

સમાગમોત્કર્ષ ઘુણાક્ષરન્યાયે જ થાય છે તે અલક્ષ્યસંપ્રદાયનાં દમ્પતીઓમાં સ્વભાવસિદ્ધ પરિપાક પામે છે. નવીનચંદ્રજી પાછળ મધુરીમૈયા આવ્યાજ કોઈ નાડીચક્રના બળથી આકર્ષાઈ આવેલાં છે અને તે જ નાડીચક્ર તેમના અનાગત પ્રારબ્ધનો ઉત્કર્ષ ચિરંજીવશૃંગ ઉપર રચે તો તેને લક્ષ્યવિભૂતિ જ ગણવી.

શંકાપુરી—જો એ ઉત્કર્ષ જાતે જ રચાવાનો હોય તો આપ જેવા વિરક્ત મહાત્માએ આ સ્ત્રીપુરુષને એકઠાં કરવાની ક્ષુદ્ર પ્રવૃત્તિમાં શુ કરવા પડવું પડે ? એ કામ તો વિહારમઠના અધિષ્ઠાતાનું છે.

જ્ઞાન૦—શંકાપુરી, તમે **શાં**તિદાસને માટે જે ઉપનામ આપ્યો છે તેવા તમે પણ શંખભારતી દેખાવ છો. ગુરુજીની અને અલક્ષ સંપ્રદાયની અવજ્ઞા કરનાર જન આપણા મઠમાંથી બહિષ્કાર પામે છે.

શાંતિદાસ—ખરી વાત છે. માબાપ છોકરાંને પરણાવે અને ભેગાં રાખે તેમ ગુરુજી કરે છે તેમાં એમનો દોષ કઢાવવો એ તો કૃતઘ્નતા થાય.

વિહારપુરીથી હસી પડાયું: "જી મહારાજ, નિમ્નદેશનાં ભ્રષ્ટ સંસારીયોના સંસ્કાર આ સાધુઓમાંથી ઘસાઈ જવાની હજી ઘણી વાર છે એટલામાં, એ સંસારનો અનુભવ આપને હતો તેના સાધનથી, આપ આમને તૃપ્ત શાંત કરી શકશો.

જાનકી૦—શાંતિદાસ ઉચિત વચન બોલે છે. તેઓ પણ સંસારી હતા. અને એમનાં સંસારસંસ્કારી વચનથી સંસારસંસ્કારવાળા શંકાપુરીની શંકા શાંત થવી જોઈએ. विषस्य विषमौषधम्.

વિષ્ણુ૦—શંકાપુરીની શંકા સ્થાને થઈ છે. અનેક પ્રવાસીઓ ભિન્ન ભિન્ન માર્ગે થઇને એક જ સ્થાનમાં પહોચે અને તેમાંના કોઈકને એવી ભ્રાન્તિ થાય કે જે માર્ગે થઈને હું આવ્યો છું તે માર્ગે આ સર્વ આવ્યા હશે—તો તે ભ્રાન્તિ અસ્થાને નથી. વિહારમઠના અધિષ્ઠાતાના સૂક્ષ્મ ધર્મ જાણનાર જ્ઞાનભારતી નવીનચંદ્રજીને માટે જે યોગ ઇચ્છે છે તેનું તારતમ્ય સમજી શકવા જેટલો તેમનો પરિચય શંકાપુરીને થયો નથી, ને એની દૃષ્ટિમાંથી સંસારનાં મમતા અને અહંકારથી બનેલા ભેદાભેદ ખસી ગયા નથી. સંસાર સ્ત્રીને શૂદ્ર ગણે છે અને સ્ત્રીપુરુષના યોગમાં શારીરક પ્રયોગ અને સંતાનવાસના વિના બીજું ફળ લેખતો નથી. જ્ઞાનભારતી ! હું પણ ગો જ સંસારમાં હતો, અને સ્ત્રીપુરુષને અને શિશુશૂદ્રાદિને કેવળ આત્મરૂપ

માની લખ સંયેાગેામાં અલખ પરમાર્થ જોવા શીખતાં મને પેાતાને ઘણેા કાળ લાગ્યેા હતેા, અને શંકાપુરી તેા ગિરિરાજ ઉપર નવાં જ છે. તેમની અને નવીનચંદ્રજીની દૃષ્ટિઓને સરખાવી નવીનચંદ્રજીનેા ઉત્કર્ષ સમજી લ્યેા! જ્ઞાનભારતી નવીનચંદ્રજીનેા ઉત્કર્ષ એક દિશામાં ધચ્છેછે; હું બીજી દિશામાં ધચ્છુંધ્છું; એમના ચિત્તમાં એક માર્ગ છે. મ્હારા ચિત્તમાં બીજો માર્ગ છે. મ્હારા માર્ગનું ફળ નવીનચંદ્રજીને ચિરંજીવશૃંગમાં વાસ આપવાથી આવે છે. જ્ઞાનભારતીના માર્ગનું ફળ પણ એ જ આવે છે. મ્હારા હાથમાંના રજ્જુમાં શંકાપુરીને આ ધર્મસાદૃશ્યથી સર્પની ભ્રાંતિ થઈ.

શંકા૦—ભલે તેમ હેા. પણ જે જ્યેાતિઃશાસ્ત્ર પ્રમાણે આપનેા ઉદ્દેશ ગ્રહયેાગથી જ ફળે એમ છે તેા આપે આટલી પણ પ્રવૃત્તિ શા માટે કરવી? તેના પ્રારબ્ધમાં હશે તે થશે એમ માની તટસ્થ કેમ ન રહેવું?

શાંતિ૦— ગુરુજી, પણ નવીનચંદ્રજીને અને મધુરીને એક સ્થાનમાં રાખવાનું તેા આપને પણ સંમત છે—તેા પછી આપના અને જ્ઞાનભારતીના માર્ગ જુદા કેમ?

વિષ્ણુ૦—શંકાપુરી, જ્યેાતિઃશાસ્ત્રથી મનુષ્યની ગતિ અને ઈશ્વરેચ્છાના માર્ગ પ્રકાશમાં આવે છે; તેનાથી મનુષ્યના ધર્મ નષ્ટ થતા નથી. નવીનચંદ્રજીનું શરીર જંગલમાંથી અને અંધકારમાંથી ગ્રહેાના નાડીચક્રના વેગથી આપણા હાથમાં આવ્યું અને આપણે તેના સમાગમના નિમિત્ત થયા. ફલાદેશે સ્પષ્ટ કર્યું કે એ શરીર આપણા અલખ કાર્યમાં રત્નરૂપ થશે. એ પુરુષના અનુભવથી અને પરિચયથી આપણે તેની અમૂલ્યતા અને તેના શુદ્ધ સિદ્ધ સંસ્કાર પ્રત્યક્ષ કર્યા, અને તેના તેજનેા ચમત્કાર દીઠેા. કેાઈપણ અલખ–સ્ફુલિંગની દીપ્તિનેા પૂર્ણ સત્કાર કરવેા અને તેના શુભ સંસ્કારને સૂક્ષ્મ કરવા એટલેા તેા અલખ–મઠનેા સામાન્ય ધર્મ છે–કે જેને બળે તમે અને શાંતિદાસ આ સાધુજનેાની ક્ષમાના અને આશ્રયના ગ્રાહક થઈ શકયા છેા. તેા નવીનચંદ્રજી જેવા તેજસ્વી મનસ્વી સ્ફુલિંગની જ્વાલાઓને જગાડવાને તેા આ મઠ જે કરે તે ઓછું છે. એ જ્વાલાઓના જાગવાથી જો આ મઠનું કલ્યાણ જ થતું હેાય અને તે જ્વાલાઓની મધ્યે ઉભા રહી સર્વ સાધુજન જ્વાલામાલી જેવા થઈ જતા હેાય તેા તેા તેમ કરવા પ્રયત્ન કરવેા એ આપણેા અનિવાર્ય ધર્મ છે અને ગ્રહેાનેા ફલાદેશ એ ધર્મદીપમાં તૈલ પુરે છે. જે ફલાદેશની સિદ્ધિએ આપણને આ રત્ન આપ્યું તે જ ફલાદેશ આપણે શિર આ ધર્મ મુકે છે.

શંકા૦—ફલાદેશમાં અને આપણી દૃષ્ટિથી ભાસતા ધર્મમાં વિરોધ આવે ત્યારે શું કરવું? ફલાદેશ કહે કે કે કાલ મરવાનું છે અને વ્યવહારદૃષ્ટિ કહે કે આજ વિવાહ કરવો ત્યારે શું કરવું?

વિષ્ણુ૦—ધર્મકાર્યની વ્યવસ્થા એવી છે કે અલક્ષ્ય પરમાત્માની લક્ષ્ય દૃષ્ટિ સત્પુરુષના હૃદયમાં સ્ફુરે છે તેને જ પ્રથમ આદર આપવો. એ દૃષ્ટિથી કંઈક ધર્મ આવશ્યક ભાસે છે, કંઈક પદાર્થ અધર્મરૂપજ ભાસે છે, અને અન્ય વસ્તુઓમાં ધર્મ કે અધર્મ કંઈ હોતું નથી. લક્ષ્ય દૃષ્ટિને જે ધર્મ આવશ્યક લાગે તે સર્વથા કાર્ય છે—ફલાદેશ તો શું પણ ગુરુવચનનો પણ તેમાં અનાદર સાધનભૂત હોય તો તે યોગ્ય છે. પ્રહ્લાદે પિતાના વચનનો આ ધર્મકાર્યે અનાદર કર્યો. લક્ષ્યદૃષ્ટિને અધર્મ્ય લાગે તે એવીજ રીતે સર્વથા ત્યાજ્ય છે. તૃતીય વસ્તુ ગ્રાહ્ય પણ નથી, હેય પણ નથી. એમાં તો મનુષ્ય પોતાના સ્થૂલ સૂક્ષ્મ શરીરોની રસવૃત્તિ પ્રમાણે વર્ત્તવા સ્વતંત્ર છે. એ સ્વતંત્રતાના અધિકારી ઉપર બલાત્કાર નં કરવો-એ જુલમ ન કરવો પણ એ અધિકારીને-તેના પોતાના લખ્ય-અલખ સંસ્કારોને બળે પરિપાક પામવા દેવો એ અલખ સંપ્રદાયનો એક મુખ્ય સિદ્ધાન્ત છે. એવા વિષયમાં ફલાદેશનો શ્રદ્ધાળુ જન શ્રદ્ધા પ્રમાણે વર્ત્તે તો તો ફલાદેશ અશુદ્ધ નીવડ્યે હાનિ થવાનું ભય અને શુદ્ધ નીવડ્યે લાભ થવાનો સંભવ. એ ભય અને સંભવ તો વ્યવહારના વ્યાપારના અંગભૂત છે; સાધુજનો તેમાં ઉદાસીન છે-કારણ વ્યવહારમાં તેઓ સંકોચ-ધર્મ પાળે છે એટલે શરીર આદિના વ્યવહારમાં તેઓ પ્રાપ્ત સ્થિતિને અનુકૂલ થઈ જાય છે અને અપ્રાપ્તથી સંકુચિત રહી તેની વાસના રાખતા નથી. વિહારમહની વ્યવસ્થા આ જ ધર્મ પ્રમાણે રાખવામાં આવે છે. વિહારમહમાં સૂક્ષ્મ શરીરનાં લગ્ન થાય છે અને સ્થૂલના મરણનું ભય રાખવામાં આવતું નથી. જો ભગવાન્ અલખ મદન દમ્પતીને પરિશીલનાદિથી સિદ્ધ કરી વિવાહિત કરવા પ્રયત્ન કરે તો તેમાં ફલાદેશના કે મરણના ભયથી સાધુજનો કમ્પતા નથી. નવીનચંદ્રજીને ચિરંજીવ શૃંગમાં મોકલવા મને એક કાર્ય માટે કલ્યાણ ધર્મ લાગે છે; જ્ઞાનભારતીને બીજા કાર્ય માટે લાગે છે. નવીનચંદ્રજીના કલ્યાણમાં મધુરીમૈયાના કલ્યાણનું નાડીચક્ર ભળેલું હોય તો અલખ પરમાત્માની તે ઇચ્છાને પેલા કલ્યાણ ધર્મને વહન આપનારી ગણવી ને તે ઇચ્છાથી પ્રતિકૂળ થવું તે અધર્મ છે.

શંકા૦—આપ પરમાત્માની ઇચ્છાને પ્રબળ ગણોછો કે ગ્રહોના નાડીચક્રના અનિવાર્ય વેગને?

વિષ્ણુ૦—પરમાત્માના વિશ્વરૂપમાં–અલખના લખંરૂપમાં–ગ્રહો અંશભૂત છે અને તેમનાં નાડીચક્રનું મૂળ પરમાત્માની ઇચ્છા સાથે જ સંધાયું છે અને એ નાડીચક્ર ઉપર અને આપણાં સર્વના ઉપર એ પરમ ઇચ્છા ઈશરૂપે–નિયન્તારૂપે–પ્રવર્ત્તે છે. યોગશાસ્ત્રનાં, ગ્રહોનાં અને નક્ષત્રોનાં, અને એવાં અનેક નાડીચક્ર સર્વ લખ સંસારનું અદ્વૈત આપણી દૃષ્ટિમાં પ્રત્યક્ષ કરાવી શકે છે. પણ એ દૃષ્ટિ આ ચર્મચક્ષુથી ભિન્ન છે.

શંકા૦—પણ ગ્રહોપગ્રહની શુદ્ધ સ્થિતિ આપણા લોક કયાં જાણતા હતા? આપણા લોક સૂર્યને ફરતો માનતા, હાલની વિદ્યાથી પૃથ્વી ફરતી મનાય છે, અને ગ્રહો તો ઘણાક નવા શોધાયા છે. એ સર્વના અજ્ઞાનને કાળે બાંધેલાં જાતક–તાજક તો ભ્રાન્તિરૂપ જ હોવાં જોઈએ.

વિષ્ણુ૦—અલખ રહસ્યનું શાસ્ત્ર અલખના જેવું એક અને નિત્ય છે: અલખના લખરૂપનાં શાસ્ત્રપ્રકરણ અનેક અને અનિત્ય છે, કારણ લખજ્ઞાન વ્યક્તિયોની દૃષ્ટિઓનાં મીલનોન્મીલન અને ગ્રહણશક્તિઓના ઉપર આધાર રાખે છે. નક્ષત્રશાસ્ત્ર સ્વરાજ્યનાશ પછી આ દેશમાં કુણ્ઠિત થયું છે તે અન્યત્ર વૃદ્ધિ પામ્યું હશે. એ વૃદ્ધિથી લક્ષણ ફેરવવાં પડે પણ નવા અને જુનાઓ ઉભયના લક્ષિત પદાર્થ લક્ષ્ય કર્યા વિના લક્ષણ ફેરવાતાં નથી, અને ગ્રહોપગ્રહોનાં નાડીચક્રોને સંબંધે નવા શોધ થયા હોય તો આપણો લખમાર્ગ તેને પ્રતિકૂળ નથી. એ શોધનથી આપણાં ગણિત ફરે તે સ્વાભાવિક છે પણ અપૂર્વ અનુભવથી જે નિયમો લક્ષ્યદ્રષ્ટાઓએ શોધી કહાડ્યા છે તે સ્વપ્નજાળ જેવા છે એવો વાદ કરવો સુલભ છે પણ અનુભવથી સિદ્ધ કરવાની વાતો તો જાતે જ સ્વપ્નજાળ જેવી છે. પૃથ્વી ગોળ છે કે નહી અને સૂર્ય ફરે છે કે નહી ઇત્યાદિ પ્રશ્નો આપણા લક્ષ્યદ્રષ્ટાઓને સુઝયા હતા* અને તેમના અનુયાયી પંડિતોની દૃષ્ટિ લક્ષણદર્શનથી તૃપ્ત થઈ કુણ્ઠિત થઈ ન હત તો લક્ષ્યદૃષ્ટિ પરિપાક પામત અને તમારા પ્રશ્નનું સમાધાન થાત.† જાતક–તાજકમાં

---

* A *Siddhánta* declares that the earth is round and unsupported in space. ×× Aryabhatta seems to have reached by independent observations the knowledge of the earth's movement on its axis and to have availed himself of the science of his time in calculating the precession of the equinoxes and the length of the orbital times of planets: *Astrological Self-Instructor, by B. Suryanarayana Row,* B. A., *of* Bellary.

† The astronomical tables found in the possession of Tiruvallore astronomers, and taken to France in the last century, have now been found

બુલેા હશે માટે તેને નિરાધાર કહેનારે પેાતાની ગ્રહસ્થિતિ જાણી વેળા-વેળા પેાતાના ઇતિહાસ સાથે સરખાવવી અને તેમ કર્યા પછી એ શાસ્ત્રના સત્યાસત્યનેા નિર્ણય કરવેા એ જ ન્યાય્ય છે. શંકાપુરી, જાનકીદાસ પાસે તમારી જન્મપત્રિકા કરાવેા અને એ શાસ્ત્રનું અધ્યાપન અને તેના અનુભવ કરી પછી આ પ્રશ્ન પુછેા.

શંકા૦—નવીનચંદ્રજીનેા ફલાદેશ શેા છે અને શા ઉપરથી આપે કહ્યેા ? તેના જન્માક્ષર તેા આપની પાસે હશે નહી.

વિષ્ણુ૦—પ્રશ્નલગ્ન કહાડી, મ્હારી પેાતાની જન્મકુંડલીના સંયેાગેા સાથે મેળવી, સહુ કર્યું અને તેથી સ્પષ્ટ થયું કે આ પુરુષને યૂપયેાગ છે.

શંકા૦—તેનું ફળ શું ?

વિષ્ણુ૦—જાનકીદાસ, આમની જિજ્ઞાસાને તૃપ્ત કરેા.

જાનકી૦—

धीरोदारो यज्ञकर्मानुसारो
नानाविद्यासद्विचारो नरो वै ।
यस्योत्पत्तौ जायते यूपयोगो
योगो लक्ष्म्या जायते तस्य नूनम् ॥

તેમાં વળી ગુરુ બીજા સ્થાનમાં હેાય તેા વિશેષ ફળ એવું છે કે,

सद्रूपविद्यागुणकीर्तियुक्तः
संत्यक्तवैरोऽपि नरो गरीयान् ।
त्यागी सुशीलो द्रविणेन पूर्णो
गीर्वाणवन्द्ये द्रविणोपयाते ॥

---

to be more correct than those given out by the best of the astronomers of the present day. "*Fabulous*" cycles of years given by the Hindu astronomers in their almanacks have been receiving greater and greater confirmation from the hands of the geologist and the psychologist. × × × I do not think I have put forth any wild theory which requires to be knocked down at once by young men who treat so lightly our sciences, without the least effort on their part to go into their details. A congress of the Rishis seems to have been held, with the object of thoroughly investigating the physical phenomena, and at its head stood Maharshi Matanga with Sonbhari for his assistant. They framed more than a hundred thousand Sutras × × In the portion of the work I have seen the Sutras relate to Soudamini or electricity and magnetism. It also gives the composition of the sun, the planets, the earth, &c. —*Suryanarayana Row.*

વિષ્ણુ૦—આમાં ઘણા ઘણા ગુણોનો આ નરમાં સંયોગ કહેલો છે અને તે તેમાં હોય તો તેઓ આ મઠનું પરમ કલ્યાણ કરી શકશે. ત્યાગી હોવા છતાં દ્રવ્યથી પૂર્ણતાનો યોગ તો આવા મઠના અધિષ્ઠાતાઓમાં જ સંભવે. તેઓ દ્રવ્યવાન હોય–દ્રવ્યનું અધિષ્ઠાન થાય; પણ ભાર મુકવાના સ્થાણુ પેઠે દ્રવ્યને માત્ર ભારરૂપે ઝીલે અને સાધુજનોનાં કલ્યાણ કાર્યમાં એ ભારથી મુક્ત થાય અને જાતે ત્યાગી રહે. આપણા ત્રણે મઠનો નિર્વાહ આ રાજ્યના મહારાજાની કૃપાથી અને લોકની શ્રદ્ધાથી આજ સુધી થયો છે. મહારાજની કૃપાનો આધાર આપણી યોગ્યતાછે—તે યોગ્યતા નષ્ટ થાય તો એ કૃપા ભલે નષ્ટ થાય. પણ એ શ્રદ્ધા હવે લોકમાંથી યુગમાહાત્મ્યને બળે ઘસાવાની. લોકના આચાર દિવસે દિવસે અધોગતિ પામતા જાય છે અને તેમની અધોગત શ્રદ્ધા છે એવી રાખવી હોય તો આપણા સાંપ્રત સંપ્રદાયમાંથી અને આચારમાંથી ભ્રષ્ટ થઈ આપણે ઘેલા લોકના દેશમાં ઘેલા અને ભ્રષ્ટમાં ભ્રષ્ટ થઈએ તો જ બનશે. સુન્દરગિરિ ઉપરના સાધુજનો આજ સુધી એવા વિનિપાતથી મુક્ત રહ્યા છે તે આ લોકની શ્રદ્ધાના લોભમાં તણાઈ એ વિનિપાતને સમીપ આવવા નહી દે. આપણે એ શ્રદ્ધા વિના અને એ લોકના આશ્રયવિના નિર્વાહ કરવાના માર્ગ જોઈએ. સંસારમાં કેવો યુગ પ્રવર્ત્તે છે, તેનો ઉદ્ધાર કેમ કરવો, છતાં તેના સંસર્ગથી કેમ મુક્ત અને દૂર રહેવું, સુન્દરગિરિનો ઉત્કર્ષ કેમ રાખવો, અને સાધુજનોનો ક્ષીણ દ્રવ્યથી નિર્વાહ કરવો એ સર્વ આવા દ્રવ્યયોગવાળા વિદ્વાન્, મતિમાન્ પુરુષ વિના બીજાને સુઝે એમ નથી અને માટે જ હું નવીનચંદ્રજીમાં સાધુઓનો ઉત્કર્ષ જોઉંછું.

શંકા૦—પણ યજ્ઞકર્મનું અનુસરણ કરવાનું અલક્ષ્યમાર્ગમાં નથી, નવીનચંદ્રમાં નથી, અને આ શ્લોકમાં આવ્યું.

વિષ્ણુ૦—ક્યા બચ્ચા? સબમેં શંકા? આપણા સંપ્રદાયમાં યજ્ઞકર્મ નથી એમ કોણે કહ્યું? અલક્ષ્યમાં લક્ષ્યની સ્થિતિ કેવી છે તે જણાવતાં આપણા ભાષ્યકાર કહે છે કે લક્ષ્ય વસ્તુ જ્યારે આવિર્ભાવ પામે છે ત્યારે તે યજ્ઞરૂપે જ્વલમાન થાય છે.[1] આ સંબંધમાં ઘણીક શ્રુતિઓના આધાર આવી પોતે સમજાવે છે કે

एषु मन्त्रेषु पुरुषः पशुः पुरुषो हविः पुरुष एव च
यज्ञ इति योऽयं यज्ञ उक्तः स एव लक्ष्यरूपो यज्ञः
सर्वत्र प्रज्वलति। सैवेयमिष्टिरस्मात्सिद्धांते।
येयं पशुमारमिष्टिरन्यैः क्रियते सा तु निन्द्याऽस्मिन् युगे।
कलौ त्वेक एवायं यज्ञो लक्ष्यधर्मधारकः॥[2]

---

१. ભાગ ૩. પૃષ્ઠ ૧૨૧. ૨. ભાગ ૩. પૃષ્ઠ ૧૨૨.

શંકાપુરી ! અલખના લખયજ્ઞનો કર્મવિધિ અવકાશે જ્ઞાનભારતી પાસેથી કે વિહારપુરી પાસેથી શીખી લેવાનો અધિકાર તને આપું છું. એ યજ્ઞકર્મમાં નવીનચન્દ્ર ઉત્તમ કૃતિ કરશે. એ એકલા દ્રવ્યના જ ત્યાગી થઈ તૃપ્ત નહી થાય. તેમનો ત્યાગ અનેકધા સૂક્ષ્મ થશે–દ્રવ્યનો ત્યાગ, દ્રવ્યનો હોમ, દ્રવ્યનોાંજલિ–એ સર્વ આ સૂક્ષ્મ ત્યાગનાયજ્ઞમાં સાધનભૂત થશે, અને મધુરીમૈયાની સૂક્ષ્મ પ્રીતિના યોગનો યોગી એ પ્રીતિમાંથી સ્થૂલ તો શું પણ અનેકધા સૂક્ષ્મ યજ્ઞવિધિ રચી સૂક્ષ્મ આહુતિઓ આપશે, સૂક્ષ્મ ત્યાગ કરશે, અને એ યજ્ઞની સૂક્ષ્મ અલક્ષ્ય ને લક્ષ્ય ઉભય જ્વાલાઓને યદુશૃંગના સાધુજનો એક દિવસે પ્રત્યક્ષ કરશે એવો મ્હારો સિદ્ધાન્ત છે ને એવી મ્હારી શ્રદ્ધા છે. બચ્ચા શંકાપુરી, જે સંસારનો તેં ત્યાગ કર્યો છે તેમાં સર્વ પદાર્થ સ્થૂલ દૃષ્ટિથી જોવાય છે તે સંસ્કારનો અને તે અભ્યાસનો ત્યાગ કરી યદુશૃંગ ઉપરના સર્વ પદાર્થોને અધ્યાત્મ દૃષ્ટિથી જોવાના સૂક્ષ્મ સંસ્કારોને પ્રાપ્ત કર અને તે સંસ્કારોને તહારા સૂક્ષ્મ દેહમાં અભ્યસ્ત કર.

શંકા૦—જી મહારાજ, પ્રસ્તુત વિષયમાં આપે મ્હારી શંકાઓનું સમાધીન કર્યું છે તેનું હું મનન કરીશ. આપે સૂચવેલા માર્ગથી હું આપની કૃપાનો અધિકતર પાત્ર થઈશ.

શાંતિ૦—જી મહારાજ, હવે કાંઈ મ્હારી શંકાઓનું પણ સમાધાન કરવાની કૃપા કરશો ?

વિષ્ણુ૦—તમારા અધિકારનો વિષય હશે તો તમારું સમાધાન થશે.

શાંતિ૦—પુરુષ અને સ્ત્રીનો એકત્ર એકાંત સમાગમ થવા દેવો અને પછી તેમનાં સ્થૂલ શરીર દૂર રહેશે એવી કલ્પના સ્થૂલ શરીરની શક્તિથી વિરુદ્ધ નથી ? તે એકાંતમાં મળે એટલે બીજી વાતો બોટી અને એક વાત ખરી.

"જુવો, જુવો, ભાઈ શંખભારતીને શંકા થઈ. ઉઠ, ભાઈ, ઉઠ. મ્હાર જઈએ ને તહારી વિડમ્બનામાંથી ગુરુજીને મુક્ત કરીયે. હું તહારું સમાધાન કરીશ." શંકાપુરીએ કહ્યું.

શાંતિ૦—હવે તું તે શું સમાધાન કરવાનો હતો ? ઘરની સ્ત્રીનો ત્યાગ કરી બિન્દુમતીનું પરિશીલન કરતાં ફાવ્યો નહી તે જ તું કે નહી ?

"ખરેખરો શંખભારતી છે. કુટ માથું" શંકાપુરી એક પાસે મૌન રાખી બેઠો. જાનકીદાસે હસવા માંડ્યું. જ્ઞાનભારતીને કંઈક ક્રોધ થયો જણાયો. વિહારપુરી ચમક્યો: વિષ્ણુદાસ શાંત રહી સાંભળી રહ્યા ને અંતે બોલ્યા.

"શાંતિદાસ, ઉત્તમ ગ્રહદશાને બળે કોઈકે મહાત્માઓનો સંયમ એવે કાળે પણ અચળ રહો શકે છે, અધમ ગ્રહદશાને બળે કોઈકે દુષ્ટ જનો સ્ત્રીશૂન્ય દેશમાં પણ સ્ત્રીયોને ફસાવે છે અને વિષયને શોધે છે. સંસારીયોનો તમને અનુભવ છે તેમાં મ્હોટો ભાગ મધ્યમ પક્ષનો છે—તેમને સ્ત્રીપુત્રની વાસના હોય છે, તેમનામાં પાશવ કામ સર્વદા જાગૃત હોય છે, અને એ કામ વિના અન્ય કામને તેઓ ઓળખતા નથી, માટે જ ગમે તે સ્ત્રી અને ગમે તે પુરુષનો યોગ રચી—તે યોગને વિવાહનું નામ આપી—તેથી તૃપ્ત થાય છે. જે સૂક્ષ્મ પ્રીતિથી મનુષ્યની સ્થૂલ વાસનાં સૂક્ષ્મ સંયમને વશ થાય છે તે પ્રીતિનું કે સંયમનું સંસારને ભાન નથી માટે જ ત્યાં સ્ત્રીપુરુષ પરસ્પર વિશ્વાસ કરતાં નથી અને એકબીજાથી ડરતાં ફરે છે. વિહારમઠમાં તો વિવાહિત અને ગૃહસ્થ સાધુઓને અમુક મર્યાદામાં સંયમ પાળવો પડે છે; અને મૂર્ખ સંસારીઓ બહુધા અનિયમને સ્થાને નિયમ પાળે છે, ને નિયમને સ્થાને અનિયમ પાળે છે, ત્યારે કામશાસ્ત્રનું સૂત્ર છે કે शरीरस्थितिहेतुत्वादाहारधर्माणो हि कामाः फलभूताश्च धर्मार्थयोः એ સૂત્રમાં समर्थाश्चालक्ष्यसूक्ष्मावबोधने એટલો પાઠ વધારી તેનું રહસ્ય સારી રીતે સમજી લેઈ વિહારમઠનાં દમ્પતીયો એ શાસ્ત્રની મર્યાદામાં વિહરે છે, અને એ દમ્પતીઓ પોતાનાં સ્થૂલ શરીરને પણ વૈદ્યકશાસ્ત્રની અને કામશાસ્ત્રની નિયન્ત્રણાઓને વશ રાખે છે. આથી સ્ત્રીપુરુષનો સંબંધ કાંઈ અધ્યાત્મ ગણાય છે ને સ્ત્રીનો ઉત્કર્ષ પુરુષથી ન્યૂન ગણાતો નથી. નવીનચંદ્રજી તમારા સંસારમાંથી આવ્યા છે, તે છતાં આ વિષયોમાંના ઉત્કૃષ્ટ ભાગ તેમને હસ્તામલક જેવા છે, તેમને સૂક્ષ્મ પ્રીતિમાં અને સૂક્ષ્મ ત્યાગમાં જન્મસિદ્ધિ છે, તેમના ઉત્તમ ગ્રહ પણ એમને એમાં શક્તિ આપે છે, અને ભ્રષ્ટ સંસાર વિના અન્ય પદાર્થના જ્ઞાનવિનાની તમારી બુદ્ધિ જે સમાગમની કલ્પનાથી કમ્પે છે તે સમાગમકાળે, ઉર્વશી પાસે અર્જુને દર્શાવ્યો એવા સ્વભાવસિદ્ધ સંયમમાં, અચળ રહેવાની નવીનચંદ્રજીને શક્તિ છે એવું મ્હારું ગણિત છે. યદુશૃંગ ઉપરના સાધુઓ સ્ત્રીપુરુષોને અધ્યાત્મ દૃષ્ટિથી જુવે છે અને તેમના સ્થૂલ વિકારોને અધર્મ્ય વિકાસ આપવા દેવાના માર્ગ બંધ રાખવામાં આવે છે અને ધર્મ્ય પરિણામ પામવામાં અંકુશ રાખવામાં આવતો નથી—માટે જ આ ઘડીએ ચન્દ્રાવલીમૈયા નવીનચન્દ્રજીસાથે અત્યારે સર્વ સાધુજનોને વિદિત રહી એકાંત ગોષ્ઠી કરવા ગયાં હશે તે છતાં તેમની પવિત્રતા ઉપર શંકાપુરીને પણ શંકા થઈ નથી. તમારા સંસારમાં તો એવા બનાવથી,—મધપુડો

ઉરાડ્યો હોય ને તેની માખો ગણુગણે ને દંશ દે એવી મધમાખોની દશાને લોક પ્રાપ્ત થાય અને આ બે પવિત્ર સ્ત્રીપુરુષના આત્માને ન ઓળખતાં એ લોક તેમનાં શરીરને જ દેખે અને વિપરીત ભાવનાઓ કરવા બેસે. એ સંસારની ભાવનાઓનો તમે હવે ત્યાગ કરો, અને યદુશૃંગની નવીન વિશુદ્ધ ભાવનાઓને પ્રાપ્ત કરવાનો પ્રથમ પ્રયત્ન કરો. જ્ઞાનભારતી, શાંતિદાસને આ ભાવનાઓ પ્રાપ્ત કરાવવાનું કામ તમારા મંડળના કોઈ સાધુને સોંપજો."

શાન્તિદાસ પ્રસન્ન થયો. એ ને શંકાપુરી રજા લેઈ બ્હાર ગયા. રહેલા મંડળસાથે વાર્તા વાંધી.

વિષ્ણુ૦—હવે મ્હારે તમને ત્રણને એકાન્ત વાત કરવાની છે; ગુપ્ત છે ને ગુપ્ત રાખવાની છે.

ત્રણે જણ સજ્જ થયા.

વિષ્ણુ૦—કાલથી પાંચ દિવસ મ્હારો દેહ જીવવિનાનો એકલો પડ્યો રહેશે તેનું રક્ષણ તમોએ, ગુપ્ત મંત્ર રાખી, કરવું.

" જી મહારાજ, આપની આજ્ઞાથી કોઈ પદાર્થમાં વિશેષ નથી તો આપના શરીરસંરક્ષણમાં તો પુછવું જ શું ?" વિહારપુરી બોલ્યો.

" એમાં કાંઈ શંકા જ ન કરવી." જાનકીદાસ બોલ્યો.

જ્ઞાન૦—સર્વ તેમાં સાવધાન ને સજ્જ છીએ.

વિષ્ણુ૦—આ શરીર હવે જર્જરિત થયું છે અને નવીનચંદ્રજીને સિદ્ધ કરવામાં મ્હારાથી હવે એક જ ક્રિયા થઈ શકે એમ છે. તેને અનેક ભાષાઓનું જ્ઞાન છે અને અનેક વિદ્યાઓ ને સંસ્કારો તેની બુદ્ધિમાં ભર્યા છે. તેની સ્થૂલ તો શું પણ સૂક્ષ્મ વાસનાઓ પણ આપણને પરોક્ષ છે. એની વાસનાઓ એવી તો સૂક્ષ્મતમ છે કે તેને દગ્ધ થવાનો કાળ બહુ દૂર નથી. એ અસંપ્રજ્ઞાત યોગના અધિકારી છે અને જપાકુસુમ જેવી એની સૂક્ષ્મ વૃત્તિઓનો નિરોધ થશે તો એ પરમ અલક્ષ્ય સ્વરૂપમાં અવસ્થિત થશે. કાલથી પાંચ દિવસમાંની અનુકૂળ રાત્રિયોમાં અનુકૂળ મુહૂર્તોમાં હું તેમના શરીરમાં પ્રવેશ પામવા યત્ન કરીશ અને મ્હારા ચિત્તદ્વારા એમના ચિત્તમાં પ્રવેશ કરી ચિત્તની વૃત્તિઓનો દાહ કરવા પ્રયત્ન કરીશ. બાકીનાં કાળમાં હું મ્હારે પોતાને અર્થેજ યોગસ્થ રહીશ. એ રાત્રિયોમાં મ્હારા શરીર બ્હાર નીકળેલા ચિત્તની વિદેહાસિદ્ધિના યોગથી નવીનચંદ્રજીને પણ પ્રકાશાવરણનો યથા-પ્રારબ્ધ ક્ષય પ્રાપ્ત થશે. હું જાતે એ દશામાં મૂર્ધન્યોતિમાં સંયત થઈ

સિદ્ધ-દર્શન કરીશ, અને મહારા અને નવીનચંદ્રજીના ચિદ્ધાતુ જેટલા સંગત હશે તેટલા પ્રમાણમાં, જે સિદ્ધોને હું જોઈશ તેને એ પણ કંઈ જોશે. જે વિષયોમાં હું આ શરીરે નવીનચંદ્રજીની જિજ્ઞાસાને અને વાસનાને શાંત કરવા શકત નથી તેને એ સિદ્ધ પુરુષો શાંત કરશે. બીજું કાંઈ નહી થાય તો એ દર્શનથી ઋતંભરા[1] પ્રજ્ઞાનાં બીજ એમના હૃદયમાં પડશે.

વિહા૨૦—ઈંગ્રેજી વાસનાને સિદ્ધજન શું કરશે?

વિષ્ણુ૦—યમદ્વારની પેલી પાસ સત્પુરુષોનાં સૂક્ષ્મ શરીર સાર્વભાપિક સિદ્ધરૂપે જીવે છે અને તેમાં આર્ય-અનાર્યનો ભેદ નથી. જે સિદ્ધરૂપ નવીનચંદ્રજીને અભિમત હશે તે જ એમને પ્રત્યક્ષ થશે. એમના ચિત્તસરોવરમાં નિર્મળી[2] નાંખી હોય તેમ આ દર્શનથી તેમાંનાં સર્વ લીલ અને મળ છુટાં પડશે, તેમની સર્વ શંકાઓનું સમાધાન થશે, અને સૂર્યના પ્રકાશથી અન્ધકાર નષ્ટ થાય અને સદ્વસ્તુઓ દૃષ્ટ થાય તેમ નવીનચંદ્રજીના ચિત્તમાં તેમની યોગ્યતા પ્રમાણે થશે.

જ્ઞાન૦—આપની શક્તિ તેમના કરતાં અનેકધા વિશેષ છે; આપ જાતે જીવન્મુક્ત છો અને આવા સાહસ વિના તૃપ્ત, કૃતકૃત્ય, અને મુક્ત છો. જેમ આપે સર્વ વિધાને સંપાદિત જાતે કરી તેમ એ ભલે કરે, પણ આમ હઠદાન કરવાનું કારણ શું? એ મહાસાહસ આરંભવા જેવું ફળ દેખાતું નથી.

જાનકી૦—નવીનચંદ્રજીને ગ્રહયોગ જ સિદ્ધ છે તો આપનું આ અતિ-સાહસ નિરર્થક છે.

વિહા૨૦—જી મહારાજ, આપને અને એમને ઉભયને મોક્ષવસ્તુ જ્ઞાન-સાધ્ય છે તો તે ટુંકો માર્ગ મુકી કેવળ સાધનરૂપ યોગસિદ્ધિના વિકટ માર્ગ અન્ય મિથ્યાપ્રપઞ્ચ જેવા લાગતા નથી?

વિષ્ણુ૦—જો આટલું કર્તવ્ય હોય તો સાહસ અસાહસનો વિચાર કર્તવ્ય નથી. કેવળ પરમ અલક્ષ્ય તત્વનો વિચાર કરીયે તો, વિહારપુરી, તું જે કહે છે તે જ સત્ય છે. પણ જો એ અલક્ષ્યના લક્ષ્ય સ્વરૂપના ધર્મ વિચારીયે તો જે ન્યાયે કૃષ્ણપરમાત્મા પાણ્ડવોના સાધનભૂત થતા હતા તે જ

---

૧ ઋતંભરા પ્રજ્ઞાનું વર્ણન હવેના પ્રકરણમાં આવશે. ૨. જળમાંથી કચરો નીચે બેસાડવાને અને તે ઉપર નીતરી રહેલું પાણી નિર્મળ કરવાને માટે નિર્મળી નામનો પદાર્થ પાણીમાં નાંખવાનો કાશીમાં પરિચય છે.

ન્યાયે આ વસ્તુ કર્તવ્ય છે. ઈશરૂપ લક્ષ્યપરમાત્મા અનીશ જીવના ઉપર કૃપા કરી તેને પોતાના દૃષ્ટિપાતવડે પોતાનું સામ્ય આપે છે[1] તે જ કૃપાને સ્થાને ઈશનું સામ્ય પામેલા જીવસ્ફુલિંગ અન્ય જીવોપર પ્રીતિ રાખે છે અને પ્રીતિને બળે તેને પોતાનું સામ્ય આપે છે. એક તરુ ઉપર વળગેલા ઈશ અને અનીશની, તેમ અનીશ અને અનીશની, વચ્ચે આવાં નાડીચક્ર છે. સત્પુરુષોની ઊર્ધ્વ ગતિમાં અને અસત્પુરુષોની અધોગતિમાં આ ચક્ર સાધનભૂત થાય છે. મ્હારી અને નવીનચંદ્રજીની વચ્ચે તેમ તેની અને સાધુજનોની વચ્ચે આવું નાડીચક્ર બંધાઈ ચુક્યું છે, અને નવીનચંદ્રજી મ્હારી નેડે એક નાડીથી સંધાઈ ઊર્ધ્વગતિ પામે તો તે મ્હારો લક્ષ્યધર્મ છે. વિહારપુરી, નવીનચંદ્રજી જાગૃત અવસ્થામાં કે સ્વપ્નમાં આ નાડીસંયોગનું આકર્ષણ અનુભવશે અને તેથી ઉતરતે પ્રકારે, મધુરીમૈયા તેમની સાથે સત્ય નાડીબન્ધથી સંગત હશે તો, એ પણ આ આકર્ષણના હેલારા અનુભવશે. અન્ય વિરાગમૂલક સંપ્રદાયમાં લક્ષ્ય ધર્મનો અનાદર કરી અલક્ષ્ય સાધન શ્રેષ્ઠ ગણાય છે; પણ આપણામાં તો લક્ષ્યધર્મનો આદર કરીનેજ અલક્ષ્યાવગાહન થાય છે.

[2]लक्ष्यधर्मान् समादृत्य लक्ष्यात्मा लक्षते स्वयम्
अलक्ष्ये चावगाहेत सोऽयमात्मप्रबोधवान् ॥

એ મન્ત્રનું રહસ્ય તો આવા લક્ષ્યધર્મથી જ સધાય છે. પરસ્પરનું ઉદ્બોધન કરવું એ આ ધર્મોમાં પરમધર્મ છે તે સાધવાનો વારો આજ મ્હારે-શિર છે, કારણ ધારેલું કાર્ય મ્હારા વિના બીજાથી સાધ્ય નથી. બચ્ચા વિહારપુરી, જે સ્વરૂપે લક્ષ્યધર્મ વિહારમઠમાં શિષ્ટ છે અને જેનો ત્યાગ આપણે કરીયે છીયે તે ધર્મપ્રાપ્ત ત્યાગ ત્યાગકામી થઈને નથી કરતા, પણ એ ત્યાગ જાતેજ લક્ષ્યધર્મ થાય છે ત્યારે આપણે તેને સ્વીકારીયે છીએ. તો પછી નવીનચંદ્રજી જેવા સાધુજન પ્રતિ આવો સૂક્ષ્મ લક્ષ્યધર્મ પાળવો એ તો સર્વ સાધુજનોને અલક્ષ્યમાં અવગાહન કરાવવાનો માર્ગ જ ગણવો.

---

૧. ત્રીજો ભાગઃ પૃષ્ઠ ૧૨૫.

૨. ભાગ ૩. પૃષ્ઠ ૧૦૦ અને ૧૧૩—૧૧૪.

પ્રકરણ ૨૫.

સનાતન ધર્મ.

અથવા

સાધુજનોના પંચમહાયજ્ઞ.

Then the World-honoured spake: "Scatter not rice
But offer loving thoughts and acts to all:
To parents as the East, where rises light;
To teachers as the South, whence rich gifts come;
To wife and children as West, where gleam
Colours of love and calm, and all days end;
To friends and kinsmen and all men as North;
To humblest living things beneath, to Saints
And Angels and the blessed dead above:
So that all evil be shut off, and so
The six main quarters will be safely kept."

Arnold's Light of Asia.

The 'freedom' and 'modernity,' the 'progress' and 'truth' of these fellows are not ours. We have nothing in common with them. They wish for self-indulgence; we wish for work. They wish to drown consciousness in the unconscious; we wish to strengthen and enrich consciousness. They wish for evasive ideation and babble; we wish for attention, observation, and knowledge. The true criterion by which true moderns may be recognised and distinguished from impostors calling themselves moderns may be this: Whoever preaches absence of discipline is an enemy of progress, and whoever worships his 'I' is an enemy to society. Socie-

ty has for its first premise, neighbourly love and capacity for self-sacrifice; and progress is the effect of an ever more rigorous subjugation of the beast in man, of an ever tenser self-restraint, an ever keener sense of duty and responsibility. The emancipation for which we are striving is of the judgment, not of the appetites. In the profoundly penetrating words of Scripture (Matt. v. 17), 'Think not that I am come to destroy the law, or the prophets; I am not come to destroy, but to fulfil.'

Max Nordau's Degeneration.

Serene will be our days and bright
And happy will our nature be,
When love is an unerring light
And joy its own security.

Wordsworth's Ode to Duty.



વિષ્ણુદાસ ણાવા અને સાધુસમાજ અલખ જગવી રાત્રિયે પાછા આવ્યા. પ્રાતઃકાળનું આન્હિક થઈ રહ્યા પછી મહની પાછળના ભાગમાં વિષ્ણુદાસ, ઉત્તમાધિકારી સાધુજનો, અને સરસ્વતીચંદ્ર બેહા અને વિષ્ણુદાસે પ્રસંગ કહાડ્યો.

"નવીનચંદ્રજી, શ્રીયદુનન્દનને નમસ્કાર ન કરનારે ચન્દ્રાવલીમૈયાને સાષ્ટાંગ નમસ્કાર કરવા પ્રયત્ન કર્યો તેને માટે ને તમારે માટે તમારો સંસાર શા અભિપ્રાય બાંધશે?"

"જી, સંસાર છોડી આપનો આશ્રય પામનાર આપના અભિપ્રાયનો વધારે જિજ્ઞાસુ છે. નમસ્કાર કર્યા તે એ પવિત્ર મૈયાના અલખ આત્માને અને તેના સંસિદ્ધ જીવસ્ફુલિંગને. સ્ત્રીશરીરરૂપ શક્તિમાં ગુપ્ત રહેલા એ હૃદયરત્નને આ શરીરમાંના હૃદયે હૃદયાભિમાન ધરીને પોતાની ભક્તિ દર્શાવવાનો એ માર્ગ લીધો. માતૃજ્યોતિ પાસે પુત્રજ્યોતિ જાતે જ નમી પડ્યું. એકને નમસ્કાર કર્યા અને અન્યને ન કર્યા તેનું કારણ એ હૃદય

અને એ જ્યોતિ છે. આ દેશના સંસારીયો સ્ત્રીપુરુષમાં જે ભેદ સ્વીકારે છે તે આપના ચરણમાં આવ્યા પછી હું કેવળ ભુલી જ ગયો છું.”

વિષ્ણુ૦—નવીનચંદ્રજી એ, ભક્તિથી અને એ પ્રયત્નથી યદુશૃંગનું સર્વ સાધુમંડળ તમારા ઉપર સુરક્ત થયું છે.

સ૨૦—તેમની સાધુતા હું પગલે પગલે અનુભવું છું.

વિષ્ણુ૦—નવીનચંદ્રજી, સાધુવૃત્તિનું પરમ રહસ્ય તમે તમારા સ્વભાવની શુદ્ધતાથી અપ્રયત્ને પામ્યા.

સ૨૦—સંસારે બીડાવેલા હૃત્પદ્મને સાધુસમાગમ સૂર્ય પેઠે ઉઘાડે છે અને તેમાં પોતાના કિરણને ભરે છે.

વિષ્ણુ૦—સૂર્યકિરણ તો સર્વત્ર પડે છે પણ કમળપત્ર જ તેના સંસર્ગને સફલ કરી શકે છે.

સ૨૦—સંસારના ઉચ્ચનીચ પ્રપંચોની રચનામાં પોતાના કીયા સ્ફુલિંગને કેટલી શક્તિ આપવી એ લક્ષ્યસ્વરૂપના ઈશ-આત્માની ઇચ્છાની વાત છે.

વિષ્ણુદાસ અતિ પ્રસન્ન થયા અને બોલ્યા.

“નવીનચંદ્રજી, તમારા ઉત્તર સાંભળવાનો મને એટલો લોભ થાય છે કે કરવાની વાત ભુલી હું બીજા પ્રસંગોમાં ઉતરી જઉં છું. તમારે માટે મ્હારા મનમાં હું એક નવી યોજના એવી ધારું છું કે કાલથી થોડા દિવસ લાગટ હું યોગસ્થ રહીશ અને તેટલો કાળ તમારે ચિરંજીવશૃંગપર એકાંતમાં ગાળવો.

સ૨૦—આપની આજ્ઞા કે ઇચ્છાને અનુકૂળ થવા મ્હારું ચિત્ત મૂળથી જ તત્પર છે તેમાં ચંદ્રાવલીમૈયાને આ વિષયમાં તો કાલ હું પ્રતિજ્ઞા આપી ચુકયોછું એટલે મ્હારે દ્વિગુણધર્મબન્ધનથી આપની ઇચ્છાને અનુસરવાનું છે.

વિષ્ણુ૦—ચંદ્રાલીમૈયાની ઇચ્છાઓ ધર્મ્ય અને કલ્યાણી જ હોય છે એવી અમારી અચલ શ્રદ્ધા છે. એમણે પોતાની ઇચ્છા તમને સકારણ દર્શાવી હશે; મ્હારી ઇચ્છા બીજા કારણથી છે.

સ૨૦—તેમાં પણ આજ્ઞા ગુરુણામવિચારણીયા.

વિષ્ણુ૦—એ સૂત્ર સંસારમાં તેની વ્યવસ્થાને માટે અમુક મર્યાદામાં કલ્યાણકારક છે. પણ આ સ્થાને તો “ આજ્ઞા ” શબ્દનો વ્યવહાર સાધુજનની સુશીલતાનું જ ફળ છે. આ સ્થાનના ગુરુજન શિષ્યવર્ગમાં અલ-

હૃદયના ઉદ્બોધનને માટે જ પ્રવૃત્તિ કરે છે અને આજ્ઞાથી એ ઉદ્બોધન થતું નથી, પણ ઘરમાંના બાળકને બારી બ્હારથી સાદ કરીયે ને તે પોતાની પ્રીતિથી ને જિજ્ઞાસાથી બારી આગળ આવી બોચ પામે તે માર્ગનું જ અનુકરણ અમે કરાવીએ છીયે. માટે મ્હારી ઇચ્છાનાં કારણ જાણી લ્યો. નવીનચંદ્રજી, ચિરંજીવશૃંગનું માહાત્મ્ય એવું છે કે ત્યાંનો અધિકારી અને નિવારી ગમે તો સિદ્ધદર્શન કરે છે, ગમે તો જાતે સિદ્ધ થાયછે, ગમે તો ચિરંજીવ સુકૃત કરે છે, ગમે તો લોકકલ્યાણને માટે ચિરંજીવ થાય છે અને ગમે તો આ વસુન્ધરાના પ્રાચીન ચિરંજીવ મહાત્માઓનું દર્શન કરે છે. કોઈ મહાત્માઓને ત્યાં તુરીયાવસ્થા પ્રાપ્ત થાય છે. કોઈ મહાત્માઓ ત્યાં જાગૃત અવસ્થામાં સર્વ પ્રત્યક્ષ કરે છે. કોઈ કલ્યાણ સ્વપ્નાંમાં સર્વ પ્રત્યક્ષ કરે છે અને કોઈને ત્યાં પરમ સુષુપ્તિ થાય છે અને તેના બળથી સુતેલો જીવ ત્રિવિધ તાપમાંથી મુક્ત થઈને જ પાછો જાગે છે. અનેક ઉત્તમ વૃદ્ધ મહાત્માઓના નિવાસથી ચિરંજીવશૃંગ સિદ્ધ થયું છે અને આવાં પરમકલ્યાણ કરવા સમર્થ થયું છે. એ શૃંગ ઉપર હું તમને આજ રાત્રિથી નિવાસ આપું છું. એ નિવાસનું ફળ પ્રાપ્ત કરવાના અધિકારમાં કે માર્ગમાં કોઈ વિઘ્ન હોય તો તેને દૂર કરવાને માટે મ્હારી યોગસ્થ અવસ્થા તમને કંઈ અપૂર્વ સિદ્ધાંજન પ્રાપ્ત કરાવવા યથાશક્તિ પ્રયત્ન કરશે. આ સર્વ ફળ માટે હું તમને ચિરંજીવશૃંગ ઉપર ઉચિત કાળ નિવાસ આપવા ઇચ્છું છું.

સર૦—આપની કૃપા દિવસે દિવસે વધે છે. અને મ્હારી શક્તિ તથા યોગ્યતા કરતાં આપ મને વધારે અધિકારી ગણો છો.

ચિદા૨૦—એ તો ગુરુજીના અધિકારની વાત. તેમાં આપણે પ્રશ્ન ઉઠાવવા યોગ્ય નથી. એમણે આપેલા અધિકારને આપ વિશેષ ગણશો તો શંકાપુરી તેને પોતાને મળેલા અધિકારને ન્યૂન ગણશે અને સાધુઓની અવ્યવસ્થા થશે.

સર૦—ઈશ્વર એ અવ્યવસ્થાને આવા સુવ્યવસ્થિત સ્થાનમાંથી દૂર રાખો! પણ મ્હારા મનમાં બે ચાર વાતનું સમાધાન ગુરુજીની પાસેથી લેવાનું છે; કારણ હવે મળવાના અવકાશમાં તેનો ઉપયોગ કરવો પડે એમ છે.

ચિ૦—તે પુછવાનો તમને અધિકાર છે. અન્ય અધિકારીયોના પ્રશ્નો ઉપર જ્યારે આપણે નિયન્ત્રણા મુકીયે છીયે ત્યારે ઉત્તમાધિકારીયોને સર્વ પ્રશ્ન પુછવાનો અધિકાર છે.

સર૦ —ત્યાગ શ્રેષ્ઠ કે ગૃહસ્થપદ શ્રેષ્ઠ? ત્યાગનો અધિકારી કોણ અને

ગૃહસ્થપદનો અધિકારી કોણ ? પિતા, પત્ની, ગુરુ, અને પોતે –એ ચારના અભિપ્રાયમાં ભેદ હોય ત્યારે વધારે અધિકાર કોનો? સ્ત્રીનો નિષ્કારણ અને અપ્રતીકાર્ય ત્યાગ કરનારનું પ્રાયશ્ચિત્ત શું ? સંસાર, ધર્મ, અને શાસ્ત્ર એ ત્રણનું સંઘટ્ટન થાય ત્યારે જયનો અધિકાર કોને ? વૈરાગ્ય, રસ, અને ધર્મ એ ત્રણના સંઘટ્ટનકાળે જયનો અધિકાર કોને ? આ ભેખના ત્યાગને અધોગતિ ગણવી કે નહી ? એ ત્યાગનો અધિકાર કોને ખરો ને કોને નહી? સંસારે બંધાવેલા સંપ્રત્યયથી ઉત્પન્ન થયલા ધર્મનાં બંધન આ સ્થાનની પવિત્ર પ્રાપ્તિથી ક્યારે અને કેવી રીતે છુટે છે ? અનેક લોકના અનેક વર્ગમાં સનાતન સામાન્ય અપ્રતિહત ધર્મ કીયે ?

આનો ઉત્તર મળતા પ્હેલાં બ્હારથી કાંઈ સ્વર સંભળાયા. અનેક સાધુઓ સંભ્રમમાં પડી ઉતાવળા ચાલતા કે ઉદ્દતા હોય એવા ધસારા સંભળાયા અને તેની સાથે ધુમ પડી કે " **યદુનન્દનકો જય ! ચન્દ્રાવલીમૈયાકો જય ! "** તે ધુમો બંધ પડતા પ્હેલાં મંદિરની ઘંટાઓનો સ્વર સંભળાયો. થોડી વારમાં કુમુદસુંદરીને અને દશ બાર સાધ્વીજનને સાથે લેઈ, તારાઓને અગ્રભાગે શુક્રના તારાને સાથે રાખી ઉભેલી ચન્દ્રલેખા જેવી, ચન્દ્રાવલી વિષ્ણુદાસજીના આ આશ્રમભાગમાં આવી. વિષ્ણુદાસ વિના સર્વ મંડળ ઉભું થયું અને ચન્દ્રાવલીને નમસ્કાર કરવા લાગ્યું. સર્વને અને ગુરુજીને નમસ્કાર કરતું, લજ્જાથી ગાલ ઉપર રતાશ ધરતું, નમાવેલાં મુખકમળની માળા જેવું, સાધ્વીમંડળ વિષ્ણુદાસ પાસે આવી ઉભું રહ્યું. ચન્દ્રાવલી કંઈક ફળપુષ્પ વિષ્ણુદાસજીના ચરણ પાસે મુકી પાછી આવી ઉભી. વિષ્ણુદાસ અંતે હાથ ઉંચો કરી સર્વને આશીર્વાદ દેતા બોલ્યા.

[1] "स्वागतं भवतीनां परमं यच्छाश्वतमलक्ष्यं भद्राणामपि भद्रं तदस्तु सर्वासां वः।

" ચન્દ્રાવલીમૈયા, સર્વને લેઈ સ્વસ્થ બેસો અને આ સાધુસ્થાન પાસેથી
" કેવો સત્કાર લેઇને તેને તે સત્કાર આપવાનું અધિકારી ગણવાની કૃપા
" કરોછો ?"

એક પાસ સાધુઓ બેઠા. બીજી પાસ ચન્દ્રાવલી અને તેનું મંડળ બેઠું. સરસ્વતીચંદ્રને આ દેખાવમાં વિચિત્ર ભવ્યતા લાગી. અંચળા અને જટાવાળા એક પાસ પ્રચણ્ડ અને પુષ્ટ જ્ઞાની બાવાઓ, સામી લારમાં સર્વાંગી એકેકું ભગવું વસ્ત્ર ધરનારી સ્ત્રીઓ અને તેને અગ્રભાગે કુમુદ

---

૧. આપ સાધ્વીજનો ભલે પધાર્યા! ભદ્રોનું પણ ભદ્ર જે પરમ શાશ્વત અલક્ષ્ય છે તે આપ સર્વેનું હો !

સહિત ચન્દ્રાવલી, અને એ બારેને શિરોભાગે શ્વેતજટાધર તેમ વય અને યોગસાધનથી જર્જરિત થયલાં હાડકાંના પઞ્જર જેવા પણ તેજસ્વી વિષ્ણુદાસઃ વચ્ચે હિમાલય અને ત્યાંથી નીકળતી ગંગાયમુનાના પ્રવાહ જેવો આ સમાગમ સરસ્વતીચંદ્રને દર્શનીય લાગ્યો. પણ એ પ્રવાહો પાસે ક્વચિત્ ગુપ્ત સરસ્વતીગંગા જેવી કુમુદસુંદરી ભણી એની આંખ જેવી ત્વરાથી જતી તેવીજ ત્વરાથી ત્યાં આગળથી પાછી ફરતી. બીજા બીના ચમકારાની પળમાં પ્રવાસી પોતાના માર્ગનાં બે પગલાં શોધી લે એમ આટલા દૃષ્ટિપાતની પળમાં કુમુદસુંદરીની દૃષ્ટિ એ દૃષ્ટિપાતની પ્રેરકવૃત્તિ જોઈ લેતી હતી. ચન્દ્રાવલી આ વેળા વિષ્ણુદાસને ઉત્તર દેતી હતી.

" ગુરુજી, આપની કૃપા એજ સાધુજનનો સત્કાર છે. આ મધુરી મહારી
" દુલારી તેને ગિરિરાજ ઉપર મહેં આવવા દીધી ખરી, પણ હૃદયની
" ચિન્તાએ મને એની પાછળ આણી. હું આવી તો આપનાં અને આપના
" આશ્રમનાં દર્શન કરાવવાનો લાભ પણ એને આપવો ઉચિત લાગ્યો.
" અને એ નિમિત્તે આપનો જે જ્ઞાનવિનોદ ચાલતો હોય તેનાં સાક્ષી
" થવાનો અમને સર્વને લાભ આપો અને સાધુજનોને મળતા એ
" મહાલાભમાં અમે વિઘ્નરૂપ ન થઈએ માટે આપની ચર્યા ચલાવવાની
" કૃપા કરો."

વિહારપુરી: " જી મહારાજ, નવીનચંદ્રજીના પ્રશ્નોના સમાધાનનો પ્રસંગ ચાલેછે તે તો આ સર્વને સવિશેષ પ્રિય થશે,"

" જે પ્રસંગ આંહી મળે છે તેમાં સાધુજનો નહાનાં મહોટાં સર્વ સત્ય
" વચન જ ઉચ્ચારે છે. એ ઉચ્ચારમાં વક્તવાણી વિનાનો ચાતુર્યવિલાસ
" અને વિનીત મધુરતા જેટલાં અક્ષરે અક્ષરે ઉભરાય છે તેટલાંજ
" લજ્જાશીલ સ્પષ્ટતા અને અહંકારશૂન્ય સિદ્ધાન્તવાદમાં કોઈ પાછું
" પડતું નથી. બોદ્ધારો મત્સરગ્રસ્તાઃ[1] કહેનાર ભર્તૃહરિ બીચારો નિમ્ન
" કોટિના સંસારમાં ભટકયો હશે અને આ સ્થાનનો અપરિચિત રહ્યો
" હશે." સરસ્વતીચન્દ્રના હૃદયમાં આ વિચાર દીપ્ત થયા અને વિષ્ણુદાસના ઉદ્ગાર સાંભળી શાન્ત થયા.

વિષ્ણુ૦—" નવીનચંદ્રજી, સંસારને માટે મનુઆદિમહાત્માઓએ ધર્મશાસ્ત્ર રચેલાં છે તેમ સાધુજનોને માટે અલક્ષ્યસિદ્ધાંતકારે લક્ષ્ય-

---

૧ જે એ વિદ્વાન છે તેને મત્સરે ખાધા છે.

ધર્મસંગ્રહ રચેલો છે તે આપણા ભણ્ડારમાં તમે જોયો હશે. જ્ઞાની પુરુષ કૃતકૃત્ય મુક્ત થયા પછી તેનું પોતાનું પોતાની જાતને માટે કાંઈ કર્તવ્ય નથી પણ તેની પ્રવૃત્તિ માત્ર લોકસંગ્રહને માટે જ કહી છે. પણ લોક-સંગ્રહ કેવી પ્રવૃત્તિથી થાય છે તે આપણા લક્ષ્યધર્મસંગ્રહમાં જ વર્ણવેલુ છે. સાધુજન સ્વભાવે સંતુષ્ટ છે અને સંસારનો ત્યાગ કર્યા પછી સુન્દ-રગિરિ ઉપર માત્ર પોતાની સંસિદ્ધિને માટે આમરણાન્ત પ્રવૃત્તિ કર્યા કરે છે જે વિદ્વાન સાધુ સંસિદ્ધ જ હોય તેને તો તે અર્થે પણ પ્રવૃત્તિ નથી. તેનું વચન તો એટલું જ છે કે,—

[1] " प्रारब्धकर्मणि क्षीणे व्यवहारो निवर्त्तते
" कर्माक्षये त्वसौ नैव शाम्येद् ध्यानसहस्रतः ॥
" विक्षेपो नास्ति यस्मान्मे न समाधिस्ततो मम
" विक्षेपो वा समाधिर्वा मनसः स्याद्विकारिणः ॥
" नित्यानुभवरूपस्य को मे वानुभवः पृथक्
" कृतं कृत्यं प्रापणीयं प्राप्तमित्येव निश्चयः ॥

" જ્ઞાનીને આમ વ્યવહાર નથી તે પોતાને માટે નથી; પણ જગતના
" કલ્યાણને માટેની તેની પ્રવૃત્તિ નષ્ટ નથી થંતી.

[2] " व्यवहारो लौकिको वा शास्त्रीयो वान्यथापि वा ।
" ममाकर्त्तुरलेपस्य यथारब्धः प्रवर्त्तताम् ॥
" अथवा कृतकृत्योऽपि लोकानुग्रहकाम्यया ॥
" शास्त्रीयेणैव मार्गेण वर्त्तेहं का मम क्षतिः ॥

" જગતનું કલ્યાણ કરવાનું તેનું કારણ શું? પરમ અલક્ષ્યના દર્શનથી
" મોક્ષ થાય છે એ સત્ય છે, પણ એ તો માત્ર સૂક્ષ્મ અને વાસના શરી-

---

૧ પંચદશી.—" પ્રારબ્ધ કર્મ ક્ષીણ થતાં વ્યવહાર નિવૃત્ત થાયછે અને કર્મનો ક્ષય થયો નથી ત્યાંસુધી સહસ્ર ધ્યાનથી પણ વ્યવહારશાન્તિ થવા-ની જ નથી. મ્હારે કોઈ વિક્ષેપ નથી તો મ્હારે સમાધિ પણ નથી વિક્ષેપ અને સમાધિ તો વિકારી મનને માટે છે. અથવા હું જાતેજ નિત્યાનુભવરૂપ છું. તેને જુદો અનુભવ તે શો? મ્હારો તો એવો જ નિશ્ચય છે કે કરવાનું હતું તે કરી લીધું અને મેળવવાનુ હતું તે મેળવી લીધું છે.

૨ હું જાતે અકર્ત્તા છું, અલેપ છું! તે મ્હારો વ્યવહાર લૌકિક હોઈને કે શાસ્ત્રીય હોઈને, કે અન્યથા પણ જેવો પ્રારબ્ધ છે તેવો પ્રવર્તો. અથવા હું કૃતકૃત્ય છું, તોપણ લોક ઉપર અનુગ્રહ કરવાના કામથી શાસ્ત્રીય માર્ગેજ હું વર્તું તો તેમાં કાંઈ ક્ષતિ નથી. પંચદશી.

" રનાં વાસનાંજન્ય સુખદુઃખાદિથી થતા શોકહર્ષાદિમાંથી મુક્ત થવાય
" છે. કારણ આત્મા તો બદ્ધ કે મુક્ત કંઈ નથી. સ્થૂલસૂક્ષ્મ તો
" કર્મવિપાકની પૂર્ણાહુતિથી જ છુટે છે.

[1] " प्रियेषु स्वेषु सुकृतमाप्रियेषु च दुष्कृतम् ।
" विसृज्य ध्यानयोगेन ब्रह्माभ्येति सनातनम् ॥

" સંસારીયોમાં પ્રિય–અપ્રિય હોય તેમાં આ શાસ્ત્ર સત્ય હો. પણ સાધુ-
" જનને તો અપ્રિય કોઈ નથી.પણ સંસારમાં તેમનો પણ દ્વેષ કરનાર
" હોય છે. ને તેમને માટે તો શ્રુતિ વચન છે કે.—

[2] "तस्य पुत्रा दायमुपयन्ति सुहृदः साधुकृत्यम् द्विषन्तः पापकृत्यम् ॥

" લક્ષ્ય સંસારમાં કંઈ નષ્ટ થતું નથી, પણ સર્વ વસ્તુઓ સ્વયોનિમાં
" શાંત થાય છે માટે લક્ષ્યરૂપમાંથી મળેલી કર્મજન્ય સંપત્તિવિપત્તિ-
' ઓનો એજ તેમના યોનિ સ્વરૂપમાં હોમ કરવાથી કર્મજાળ શાન્ત
" થાય છે અને સ્થૂલ સૂક્ષ્મ દેહ છુટે છે. આ વિધિ ધીમે ધીમે ધૈર્યથી
" પામવાનો છે; એનું ફળ સહસા કેવળ જ્ઞાનથી હાથમાં આવે એમ
" નથી. બીજી શ્રુતિ કહે છે કે.—

[3] " भूतेषु भूतेषु विचित्य धीराः प्रेत्यास्माल्लोकादमृता भवन्ति ॥

" સાધુજને ધીરે ધીરે પોતાની પ્રવૃત્તિથી પોતાની શક્તિ-સમૃદ્ધિ ભૂત-
" માત્રમાં સંક્રાંત કરી દેવી અને લક્ષ્યરૂપમાંથી સ્થૂલરૂપે લીધેલા શરીર-
" રત્નને ઉત્તમ સંસ્કારોથી પરિપાકવત્ સૂક્ષ્મરૂપ આપી લક્ષ્યરૂપનાં ભૂત-
" સંગ્રહરૂપ શરીરને ખોળે પાછું સોંપી દેવું—એ જ શરીરબંધનની
" બાણગતિનો શુદ્ધ સંસિદ્ધ અન્ત છે. ભૂતમાત્રરૂપ યજ્ઞમાં સ્થૂલ
" સૂક્ષ્મ શરીરોનો તેમની પ્રવૃત્તિયો સાથે હોમ થાય એ જ અલબ્ધનો
" લબ્ધયજ્ઞ છે.

---

૧ પોતાના પ્રિયજનને સુકૃતનું અને અપ્રિયજનને દુષ્કૃતનું દાન કરી દઈ ધ્યાનયોગવડે યોગી સનાતન બ્રહ્મને પ્રાપ્ત કરે છે. મનુ.

૨ તેના પુત્રો વારસાને પામે છે, સુહૃદયવાળા એટલે તેના મિત્રો તેના સાધુકૃત્યને પામે છે, ને તેનો દ્વેષ કરનારા તેના પાપકૃત્યને પામે છે.

૩ આ ભૂતોમાં વેર્યું, તે ભૂતોમાં વેર્યું, એમ ભૂતોમાં (પોતાનાં કૃત્ય અને સમૃદ્ધિઓને) વેરતાં વેરતાં ધીર (મહાત્માઓ) આ લોકમાંથી નીકળી અમૃત થાય છે. (કેનોપનિષદ્)

" સંસારીઓ પોતાની જાતને માટે સઉ પ્રવૃત્તિઓ કરે છે તે તેમની
" દૃશાનું ફળ છે. સાધુજનો પરમ અલખના લખ સ્વરૂપની જગતકલ્યા-
" ણકર ઇચ્છામાં પોતાની ઇચ્છાઓનો અને પ્રવૃત્તિઓનો હોમ કરે છે.
" પરમ પુરુષે માંડેલા પરમ યજ્ઞમાં સાધુજનો આમ પોતપોતાની
" આહુતિઓ આપે છે, અને પોતાની સ્થૂલસૂક્ષ્મ સમૃદ્ધિઓને સ્થૂલ-
" સૂક્ષ્મ ભૂતસંગ્રહમાં વેરી દે છે અને તેટલા હોમથી અયસ્કાંતમાં લોહ-
" સંક્રાંત થાય તેમ સાધુજનોનાં પુણ્ય તેમના ઉપર પ્રીતિ રાખનારને
" પ્રાપ્ત થાય છે ને તેમનાં પાપકૃત્ય તેમના ઉપર દ્વેષ રાખનારમાં સ્વભા-
" વળથી પ્રાપ્ત થાય છે અને તેને અન્તે રાગદ્વેતષરહિ એ સાધુજનો
" એ દેહથી મુક્ત થઈ વિદેહ કૈવલ્ય પામે છે.

" આપણ સાધુજનોના લક્ષ્યધર્મની પ્રવૃત્તિનું મૂળ પ્રયોજન આવું
" છે. જ્યાં સુધી તેમનાં શરીર વિદ્યમાન છે ત્યાં સુધી લોકનું કલ્યાણ
' કરવામાં આયુષ્ય ગાળવું એને જ તેઓ ધર્મ ગણે છે, અને આર્ય
" અનાર્ય, સર્વ ધર્મ એકદેશીય નીવક્યા છે ત્યારે આ આપણો લક્ષ્યધર્મ
" સ્વભાવથી સર્વદેશીય અને સનાતન છે, કારણ જગતનું કલ્યાણ કરવું
" એ સર્વદા સર્વત્ર સાધુજનનું લક્ષણ ગણાયું છે ને ગણાશે. નવીનચંદ્રજી,
" સાધુજનોના સર્વ ધર્મ આટલામાં પર્યાપ્ત થાય છે. જ્ઞાની કે અજ્ઞાની
" સર્વને માટે ધર્મ છે, ને ત્યાગીને પણ ધર્મ છે. માટે જ પ્રથમ કહ્યું છે કે,

[1]" धर्मं शनैः संचिनुयाद्वल्मीकमिव पुत्तिकाः ।
" परलोकसहायार्थं सर्वभूतान्यपीडयन् ॥
" नामुत्र हि सहायार्थं पिता माता च तिष्ठतः ।

---

૧ રાફડાને જેમ કીડીઓ સંચિત કરે છે તેમ મનુષ્યે પરલોકસહાયને અર્થે, સર્વભૂતોની પીડા નિવારતાં નિવારતાં, ધીમે ધીમે ધર્મનો સંચય કરવો. પરલોકમાં સહાયને અર્થે પિતા ને માતા ઉભાં રહેતાં નથી, પુત્રદારા કે જ્ઞાતિજન ઉભાં રહેતાં નથી, માત્ર એકલો ધર્મ ઉભો રહે છે. જન્તુ એકલો જન્મે છે, એકલો જ પ્રલય પામે છે, એકલો સુકૃતને અને એકલો જ દુષ્કૃતને ભોગવે છે. જ્યારે લાકડા લ્હોડાની પેઠે તેના મરેલા શરીરનું ઉત્સ-
ર્જન કરી બાન્ધવો વિમુખ થઈ પાછા જાય છે ત્યારે ધર્મ તેની પાછળ જાયછે. માટે સહાયને અર્થે ધીમે ધીમે ધર્મનો સંચય કરવો, કારણ ધર્મરૂપ સહાયથી દુસ્તર તિમિરને તરી જવાય છે. તપવડે જેના દોષ નાશ પામ્યા છે એવા ધર્મપ્રધાન પુરુષને તેના શરીરસાથે જીવતો ને જીવતો પ્રકાશમયરૂપે પરલોકમાં (ધર્મ) લેઈ જાય છે. મનુ.

" न पुत्रदारा न ज्ञातिर्धर्मस्तिष्ठति केवलः ॥
" एकः प्रजायते जन्तुरेक एव प्रलीयते ।
" एकोनुभुङ्क्ते सुकृतमेक एव च दुष्कृतम् ॥
" मृतं शरीरमुत्सृज्य काष्ठलोष्टसमं क्षितौ ।
" विमुखा बान्धवा यान्ति धर्मस्तमनुगच्छति ॥
" तस्माद्धर्मं सहायार्थं नित्यं संचिनुयाच्छनैः
" धर्मेण हि सहायेन तमस्तरति दुस्तरम् ॥
" धर्मप्रधानं पुरुषं तपसा हतकिल्बिषम्
" परलोकं नयत्याशु भास्वन्तं स्वशरीरिणम् ॥

" સંસારીને માટે ધર્મ આવો છે તો સંન્યાસીને માટે ધર્મ મનુએ ૮૮ ' કહેલાછે.

[1]" नाभिनन्देत मरणं नाभिनन्देत जीवितम् ।
" कालमेव प्रतीक्षेत निर्देशं भृतको यथा ॥
" अवेक्षेत गतीर्नृणां कर्मदोषसमुद्भवाः ।
" निरये चैव पतनं यातनाश्च यमक्षये ॥
" विप्रयोगं प्रियैश्चैव संयोगं च तथा ऽप्रियैः ।
" जरया चाभिभवनं व्याधिभिश्चोपपीडनम् ॥
" देहादुत्क्रमणं चास्मात् पुनर्गर्भे च संभवम्।

---

૧. મરણનું તેમ જીવિતનું એકનું પણ અભિનન્દન તેણે-સંન્યાસીએ ન કરવું; સેવક સ્વામીની આજ્ઞાની વાટ જુવે તેમ કાળની જ વાટ જોવી. કર્મ-દોષથી ઉત્પન્ન થયલી મનુષ્યની ગતિઓનું અવલોકન કર્યાં કરવું; તેમજ બીજી વસ્તુઓ પણ તેણે જોવાંની છે—જેમકે મનુષ્યોના નરકપાત, યમ-લોકમાં વેદનાઓ, પ્રિયવસ્તુના વિયોગ, અપ્રિયના સંયોગ, વૃદ્ધાવસ્થાથી થતો પરાભવ, વ્યાધિઓથી થતી પીડાઓ, આ દેહમાંથી નીકળવું. ફરી ગર્ભમાં સંભવ, હજારકરોડો યોનિઓમાં આ અંતરાત્માની સંસૃતિયો, અને શરીરીયોને અધર્મથી થતા દુઃખયોગ અને ધર્માર્થથી થતો અક્ષય સુખયોગઃ એ સર્વની ચતુર્થાશ્રમીએ અવેક્ષા (અવલોકન) કરવી. વળી યોગવડે પરમાત્માની સૂક્ષ્મતાની અને ઉત્તમ અધમ દેહોમાં સમુત્પત્તિની અન્વીક્ષા તેણે કરવી. પોતે સ્વાશ્રમ ધર્મમાંથી દૂષિત થાય તો પણ ગમે તે આશ્રમથી તૃપ્ત રહી ધર્મ ચરવો અને સર્વ ભૂતો પ્રતિ સમાન રહેવું: કારણ સંન્યાસનું ચિન્હ જ ધર્મનું કારણ છે એમ નથી. વળી ઉંચાં નીચાં ભૂતોમાં અંતરાત્માની જે ગતિ છે તે અકૃતાત્મ જનોથી જોવાય સમજાય એવી નથી તેને આ આશ્રમવાળાએ ધ્યાનયોગથી જોઈ લેવી. (મનુ)

" योनिकोटिसहस्रेषु सृतीश्चास्यान्तरात्मनः ॥
" अधर्मप्रभवं चैव दुःखयोगं शरीरिणाम्
" धर्मार्थप्रभवं चैव सुखसंयोगमक्षयम् ॥
" सूक्ष्मतां चान्ववेक्षेत योगेन परमात्मनः ।
" देहेषु च समुत्पत्तिमुत्तमेष्वधमेषु च ॥
" दूषितोपि चरेद्धर्मं यत्र तत्राश्रमे रतः ।
" समः सर्वेषु भूतेषु न लिङ्गं धर्मकारणम् ॥
" उच्चावचेषु भूतेषु दुर्ज्ञेयामकृतात्मभिः ।
" ध्यानयोगेन संपश्येद्गतिमस्यान्तरात्मनः ॥

" સંન્યાસીને માથે તેના આશ્રમપ્રમાણે આવા ધર્મ છે. મધપુડામાંથી
" મધ લેઈ લીધા પછી તે નકામો થાય છે તેમ શાસ્ત્રનાં રહસ્ય જાણી
" લેનાર સંન્યાસીને પુસ્તકમાત્ર નકામાં પડે છે. પરમાત્માને પામી તે
" કૃતકૃત્ય થાય છે. પણ તેટલું કરી બેસી રહેવામાં તેના આયુ-
" ષ્યનો ધર્મ સમાપ્ત નથી. પણ પ્રવ્રજિત જને સંસારમાં સ્થાનેથી
" સ્થાને અને ગ્રામથી ગ્રામે પ્રવાસ કરવાનું છે અને તે પ્રવાસમાં
" તમને મનુનાં વાક્ય કહી બતાવ્યાં તેમાંના ધર્મ પાળવાના છે. એ
"વાક્યોમાં સંન્યસ્તચર્યાવાળાએ સંસારમાંના પદાર્થો જાતે લક્ષ્ય કરવા-જાતે
" તેનું અવલોકન કરવાનું છે, જાતે તેના વિચાર કરવાના છે, જાતે શોધન
" કરવાનું છે, સર્વ ભૂત ઉપર સમતા રાખવાની છે, અને પરમાત્માની
" સૂક્ષ્મતા અનુભૂત કરવાની છે. પરમાત્માની જે ગતિ અનાત્મવાન
" જનને અજ્ઞેય છે તે આવા ત્યાગીએ જોવાની છે અને સંસારને
" બોધવાની છે. ત્યાગીને માટે આ ધર્મ લખ્યા છે અને તે પછી
" સંસારના ઉદ્ધારને માટે સંસારમાં એના અનુભવોના ઉદ્ગાર અને
" ઉદ્બોધન કરવાનાં છે. કૃતકૃત્ય ત્યાગીને શિર પણ લોકકલ્યાણના આવા
" ધર્મ પ્રાચીન કાળથી મુકાયા છે, અને સંસારી તેમ ત્યાગી ઉભયને
" શિર એ ધર્મનું બન્ધન આયુષ્યપર્યન્ત અનિવાર્ય છે.

" સંસારીયોનાં ધર્મશાસ્ત્ર અસંખ્ય દેશકાળના વિચારોથી બંધાયાં છે
" ત્યારે લક્ષ્યધર્મસંગ્રહ માત્ર સર્વ દેશકાળની સનાતન સાધુતાના જ
" વિચારથી રચાયા છે. સંસારીયોના મુખ્ય ધર્મ જેમ પંચમહાયજ્ઞમાં
" સમાપ્ત થાય છે તેમ સાધુતાના ધર્મ પણ પંચમહાયજ્ઞમાં જ સમાપ્ત
" થાય છે. પણ સંસારીયોના યજ્ઞ સ્થૂલ સામગ્રીથી યજ્ઞય છે અને
" યજ્ઞદર્શન સંસારને લક્ષ્ય થાય છે ત્યારે સાધુઓના યજ્ઞ તેમનાથી

" અલક્ષ્ય રૂહે છે અને તેની સામગ્રી સૂક્ષ્મ હોય છે. સંસારના યજ્ઞ ઘણું
" ખરું સકામ હોય છે અને નિષ્કામ હોય છે ત્યારે પણ પોતાના
" કલ્યાણને જ માટે હોય છે, દેહના કલ્યાણને માટે હોય છે કે પોતાના
" જીવના કલ્યાણને માટે હોય છે અને લોકનું કલ્યાણ એ તો માત્ર
" આ આત્મકલ્યાણનું સાધન જ હોય છે. પિતા, પુત્ર, વગેરે સર્વ
" પદાર્થો તો શું પણ બ્રહ્મ જાતે પણ આત્માના જ કામને માટે પ્રિય
" છે એવું યાજ્ઞવલ્કય-વચન આ સંસારીયોનાં જ હૃદયને માટે છે.
" સાધુજનોનાં હૃદયમાં તો આત્માને માટે પણ કામ નથી અને
" અનાત્માને માટે પણ નથી. તેમના ધર્મ તો કેવળ નિષ્કામ લોક-
" કલ્યાણાર્થ યજ્ઞરૂપ જ છે. ધર્મ જગતનું ધારણ કરે છે, અને ધર્મનું
" ધારણ પરમાત્મ પરમ અલક્ષ્યનું લક્ષ્યસ્વરૂપ પોતે કરે છે, માટે
" જ એ લક્ષ્યસ્વરૂપ લક્ષ્યપુરુષરૂપનાં ધારેલા ધર્મયજ્ઞની અંશભૂત
" જ્વાળાઓ જેવાં યજ્ઞોને સાધુઓનાં જીવસ્ફુલિંગ રચે છે. જે સંસારના
" મૂળ પાસે બ્રહ્માને, અને મુખ પાસે શિવને, નામે ઈશ્વરનાં રૂપ હિમા-
" ચળ અને સમુદ્ર જેવાં ગણેલાં છે તે બે વચ્ચેની સંસારગંગાના આખા
" પ્રવાહને પાળનાર એ જ ઈશ્વરનું વિષ્ણુનામે અભિમાન રાખી આ
" મઠ તેને પૂજે છે. એ આભિમાનિકી પ્રીતિનો પાત્ર લક્ષ્ય પુરુષ વિષ્ણુ-
" પરમાત્મા સંસારમાં વ્યાપી રહી સંસારના ધર્મનું પાલન કરે છે.

" [1]त्रीणि पदा विचक्रमे विष्णुर्गोपा अदाभ्यः ।
" अतो धर्माणि धारयन् ॥
" [2]विष्णोः कर्माणि पश्यत यतो व्रतानि पस्पशे ।
" इन्द्रस्य युज्यः सखा ॥

" એ પરમ પુરુષ જાતે જ યજ્ઞરૂપે પ્રજ્વલમાન થાય છે અને આર્યોનો
" સનાતન ધર્મ એમાંથી જ પ્રભવ પામે છે.

---

૧. બૃહદારણ્યક ઉપનિષદ્.

૨. કોઇને હાથે જેની હિંસા થાય એમ નથી એવા પૃથ્વીપાલક વિષ્ણુએ આ ત્રિલોકમાં ધર્મોનું ધારણ કરતાં કરતાંજ તેમાં ત્રણ પગલાંથી વિક્રમ કર્યો.

૩. જેનાથી યજમાનો યજ્ઞવ્રતનો સ્પર્શ કરી શકે છે એવાં વિષ્ણુનાં પાલકકર્મ જુવો ! યજ્ઞના ઇન્દ્રના તે યોગ્ય સહાય છે.

" यज्ञेन यज्ञमयजन्त देवास्तानि धर्माणि प्रथमान्यासन् ॥[1]

" એ શ્રેષ્ઠ યજ્ઞમાં એ પરમ પુરુષ જાતે જ યજ્ઞનું પશુ[2] થાય છે,
" વસન્ત એનું આજ્ય[3] થાય છે, ગ્રીષ્મ ઇન્ધન, થાય છે, અને શરદ્ હવિ[4]
" થાય છે. ચારે વેદ એ યજ્ઞમાંથી ઉત્પન્ન થાય છે. એમાં યજમાન
" અને હોતા દેવો અને ઋષિજનો થાય છે. એ પુરુષસાથે અદ્વૈત
" પામવાનો આપણો વિધિ એ યજ્ઞમાં ભળવાથી સધાય છે. વ્યષ્ટિ
" અને સમષ્ટિની પ્રવૃત્તિઓનો અભેદ થાય એટલી આમાં ફલનિધત્સા[5]
" છે. આ ફલનિધત્સાને જ શુદ્ધ નૈષ્કામ્ય અને બ્રહ્માર્પણ કહે છે.
" જીવ અને ઈશ્વરનો, ઈશ, અને અનીશનો, અદ્વૈતયોગ આથી જ
" સધાય છે. બ્રહ્મ, ઈશ અને જીવ, અથવા પરમ અલક્ષ્ય, પરમ
" લક્ષ્ય પુરુષ, અને જીવસ્ફુલિંગ એ ત્રણેનો ત્રિયોગ સાધવાનું આ
" પ્રથમ પગલું છે. કર્મમાત્રનો યોનિ લક્ષ્ય બ્રહ્મ છે અને લક્ષ્ય બ્રહ્મનો
" યોનિ અલક્ષ્ય અક્ષર બ્રહ્મ છે.[6] સ્વયોનિલાભથી કર્મ લક્ષ્ય બ્રહ્મમાં
" અને લક્ષ્ય અલક્ષ્યમાં શાંત થાયછે તે આ જ ત્રિયોગથી થાય છે.
" ભૂતમાત્રને આત્મવત્ ગણી આત્મસાત્ કરવાનો માર્ગ તો આપણા
" પંચમહાયજ્ઞથી જ સધાય છે, તેમાં આવી નિષ્કામતા, આવા શિષ્ટતમ
" હેતુ, અને સર્વભૂતના કલ્યાણરૂપ આવું ફળ છે.

" સંસારના પંચમહાયજ્ઞ પિતૃયજ્ઞ, મનુષ્યયજ્ઞ, ભૂતયજ્ઞ, દેવયજ્ઞ અને
" બ્રહ્મયજ્ઞ એવા ગણાય છે. સાધુજનોના યજ્ઞોનાં નામ એવાં જ છે પણ
" તે યજ્ઞોના આત્મા અને શરીર જુદા પ્રકારનાં છે. પરમ પુરુષના
" પરમયજ્ઞમાં પુરુષ પોતે જ પશુસ્થાને બલિરૂપ થઈ હોમાય છે, તેમ
" પુરુષસ્ફુલિંગ જીવાત્મા સાધુજનોના આ પંચયજ્ઞમાં જાતે જ પશુવત્
" હોમાય છે—જીવાત્મા સૂક્ષ્મ અને કારણ શરીર સહ વર્ત્તમાન આમાં
" પશુ થઈ મેધ્ય થાય છે. ભોગાયતન સ્થૂલ શરીર છે તે આ યજ્ઞની વેદી
" થાય છે. વ્યોમચારી પક્ષી ચાંચમાંનું ફળ કોઈ વૃક્ષ ઉપર બેઠા વિના
" ભોગવી શકતું નથી તેમ જન્મપરંપરાનું પક્ષી સૂક્ષ્મ શરીર સ્થૂલશરી-

---

૧. દેવોએ યજ્ઞવડે યજ્ઞનો યાગ કર્યો! પ્રથમ ધર્મ આવા હતા.
૨. યજ્ઞમાં બલિદાનમાં આપવાનું પશુ—બકરો વગેરે. ૩. ઘી.
૪. બળતણ. ૫. હોમવાનું અન્નાદિ. ત્રીજો ભાગ. પૃષ્ઠ ૧૧૪.
૬. ત્રીજો ભાગ પૃષ્ઠ ૧૧૪. ૭. ત્રીજો ભાગ. પૃષ્ઠ ૧૧૪. ૮. ત્રીજો ભાગ પૃષ્ઠ ૧૧૯-૧૨૦.

" રમાં હોય ત્યારે જ ભોક્તા થાય છે. આ વેદિ ઉપર ચહડ્યાવિના આ પશુ
" યજ્ઞણલિ પણ થઈ શકતું નથી. એ વેદી અને એ પશુને સુસમૃદ્ધ
" રાખવાં એ આ યજ્ઞનો પૂર્વ વિધિ છે અને હોમાદિ ઉત્તર વિધિ છે.
" પશુ વિષયે સૂત્રો છે કે રુદ્રાય[1] મહાદેવાય જુષ્ટો વર્દ્ધસ્વેતિ તં વર્દ્ધયેત સંપન્ન-
" દન્તમૂષભં વા ॥ પશુનો આ વર્ધનવિધિ આવશ્યક છે. સાધુજનોનાં
" સૂક્ષ્માદિ શરીર આ ત્રણે મઠોમાં આ વિધિપ્રમાણે પુષ્ટ, પવિત્ર અને,
" વર્ધમાન રાખવામાં આવે છે. તારામૈત્રક અને ગ્રહદશાના બળથી
" જે દમ્પતી ત્રસરેણુક અવસ્થા પામે છે તેમનાં સૂક્ષ્મ શરીર સૂક્ષ્મ
" અદ્વૈત પામી ત્રસરેણુ થયલા સંવૃદ્ધપીન પશુનો યાગ કરે છે અને એ
" અદ્વૈતથી જ એ પશુ વર્દ્ધિત થઈ યાગયોગ્ય થાય છે. વિહારમઠનું
" શાસ્ત્ર આ વિધિને ઉદ્દેશીને જ રચેલું છે. જે સ્ત્રીપુરુષને આવો યોગ
" પ્રાપ્ત થતો નથી અને કુમારીના કંકણ પેઠે એકાકી વિહાર કરી શકે
" છે તેને ત્યાગધર્મ પ્રાપ્ત થાય છે અને બીજા બે મઠ તેને માટે છે.
" સ્થૂલ યજ્ઞોની વેદી અને પશુનો સંયોગ ઘણો મોડો મનુષ્યનો કર્યો
" થાય છે; પણ સૂક્ષ્મ શરીરનો અને સ્થૂલ શરીરનો સંયોગ સ્થૂલ શરી-
" રના જન્મસાથે લક્ષ્યપુરુષ જાતે જ રચે છે, અને એ સંયોગ રચાય
" છે ત્યારથી જ એ પશુ અને એ વેદીનો સંયોગ થાય છે. એ સંયોગ
" થયો કે એ પશુ પરમ લક્ષ્ય પુરુષની ઇચ્છાથી, કુટુમ્બાદિના
" પ્રયત્નથી, અને અન્ય નિમિત્તોથી, દિને દિને વધે છે, પુષ્ટ થાય છે,
" અને સંપૂર્ણ અથવા ન્યૂનાધિક કલાને પામે છે. એ પશુના આ
" પોષણાદિમાં સાધનભૂત થવું એ સાધુજનો પોતાનો પ્રથમ ધર્મ અને
" સર્વ યજ્ઞોનો આવશ્યક વિધિ ગણે છે. જેવી રીતે આ પશુની વૃદ્ધિ
" વિહિત છે તેવી જ રીતે યજ્ઞસામગ્રીનો અને પશુનો દિવસે દિવસે
" વધતો ભાર ઝીલવાને તેમ ચિરંજીવ અગ્નિનો સતત તાપ વેઠવાને
" માટે આ યજ્ઞની વેદીને પણ સમર્થ કરવામાં આવે છે. સ્થૂલ અને
" સૂક્ષ્મ શરીરોનાં પોષણાદિને માટે આ મઠોમાં જે વ્યવસ્થા છે તેનું
" આવું કારણ છે, અને એ વ્યવસ્થાને અંગે આવશ્યક ન હોય એવો
" કોઈ પણ ભોગ ઇચ્છવો તે સાધુઓમાં અધર્મ્ય અને કામરૂપ મનાય
" છે અને તેને દૂર રાખવામાં આવે છે.

---

1. રુદ્ર મહાદેવની તૃપ્તિ માટે બોલાયલો તું વૃદ્ધિ પામ!—એમ કહી તેને દાંત આવે અથવા પુત્રોત્પાદનયોગ્ય વયનો તે થાય ત્યાં સુધી તેનું વર્ધન કરવું:" આશ્વલાયનીય ગૃહ્યસૂત્ર.

" આ વેદીને, પશુને, અને યજ્ઞસામગ્રીને, સંભૃત કરવા જે જે શુભ
" પદાર્થો જોઈએ તે તે કેવી રીતે વસાવવા? સંસારીયોના યજ્ઞમાં કાષ્ઠ,
" ઘૃત, આદિ સામગ્રી સંભાર જોઈએ તેમ સાધુજનોના યજ્ઞસંભારમાં
" સુંદરતા, રસ, પ્રીતિ, ભક્તિ, આદિ ગુણો અને ભિક્ષાદિને માટે જોઈતો
" સંગ્રહ જોઈએ છીએ. રાજસી વૃત્તિવાળો સંસારી જેટલા ઉત્સાહ
" અને પ્રયત્નથી ધર્માર્થકામ માટે ઐહિક પદાર્થોનો અને શક્તિઓનો
" સંગ્રહ કરે છે અને તેમના ભોગમાં પ્રવૃત્ત થાય છે તેવા અને તેટલાજ
" ઉત્સાહ અને પ્રયત્નથી પણ સાત્વિક વૃત્તિથી સાધુજનો પોતાના
" આવા યજ્ઞસંભારની વિવૃદ્ધિને માટે તેના પોતેજ ભોક્તા હોય એમ
" પ્રવૃત્ત થાય છે. એ પ્રવૃત્તિથી આ સંભાર કેવી રીતે સંગ્રહાય છે એ
" જોવાનું હવે રહ્યું. બાલક જ્યારે ગર્ભાવસ્થામાં હોય છે ત્યારે તેના
" મુખને ભોજનની કે પાનની શક્તિ હોતી નથી. તેવે કાળે નાળબન્ધ-
" નને દ્વારે બાળકના ઉદરમાં માતાના ઉદરમાં પક્વ થયલો પોષણ-
" સંભાર પ્હોચે છે તેમ સ્થૂલ-સૂક્ષ્મ શરીરની ઇન્દ્રિયોદ્વારા અને સૂક્ષ્મ
" શરીરની પ્રવૃત્તિઓ દ્વારા પૃથ્વીમાતાના ઉદરમાં ઐહિક સંપત્તિઓને રૂપે
" પક્વ થયલો યજ્ઞસંભાર સ્થૂલ સૂક્ષ્મ શરીરોમાં પ્હોચે છે અને યજ્ઞની
" વેદીને અને યજ્ઞના પશુને તેમ યજ્ઞ ઉપરના અગ્નિને સર્વ સ્થૂલ સૂક્ષ્મ
" સાધનોથી સંભૃત ને ભૂષિત કરે છે. પરમ લક્ષ્ય પુરુષની સર્વવ્યાપિની
" અલક્ષ્ય જ્વાલાઓ દશે દિશાએ લાગી રહી છે તે જ્વાલાઓ આવાં
" સંભૃત શરીરોનો જ સ્પર્શ કરે છે અને જીવસ્ફુલિંગના પંચમહાયજ્ઞ
" ત્યારે જ આરંભાય છે.

" એ યજ્ઞોમાં પ્રથમ પિતૃયજ્ઞ છે. સંસારને માટે આ યજ્ઞ જુદો છે
" ને સાધુજનોને માટે જુદો છે. સંસારીજનને પુત્રપિત્રાદિ સંબંધ પ્રાપ્ત
" થાય છે અને પિતૃવર્ગ આયુષ્માન્ હોય તો તેમની પ્રત્યક્ષ તૃપ્તિ માટે-
" નો યજ્ઞ છે અને તે પછી તો તેમનાં સૂક્ષ્મ શરીરની પરોક્ષ તૃપ્તિને
" માટે છે. પ્રત્યક્ષ તૃપ્તિ પુત્રને જ પરમાર્થરૂપ છે પણ પિતામાતાદિ
" આ તૃપ્તિના અભ્યાસથી તેનાં લોભી થાય છે અને તેમનાં પોતાનાં
" સૂક્ષ્મ શરીરોની એવી કામનાઓથી અધોગતિ થાય છે. તેમની
" કામનાઓને અતિતૃપ્ત કરવા જેવા પિતૃયજ્ઞ પુત્રો આરંભે તો બીજા
" ચાર યજ્ઞોમાં તેમની પ્રવૃત્તિ યથોચિત થઈ શકતી નથી અને તેનું
" પાપ એવી તૃપ્તિની કામનાવાળાં પિતામાતાને લાગે છે. એટલું જ
" નહી પણ એ કામનાઓના અભ્યાસથી પિતામાતાના પોતાના

" પંચયજ્ઞ પણ અપૂર્ણ રહે છે. મનુષ્યમાત્રના સર્વ યજ્ઞ યથોચિત પ્રમા-
" ણમાં થાય તો જ પરમપુરુષનો પુરુષયજ્ઞ દીપ્ત થાય છે; માટે પિતૃ-
" યજ્ઞની આ સ્થિતિથી પુરુષયજ્ઞનો પણ પિતામાતા દ્રોપ કરે છે.
" પિતામાતા અને જ્યેષ્ઠ કુટુમ્બ રૂપ પિતૃલોક, પુત્રલોક, અને જગત
" એમાંથી કોઈના કલ્યાણને માટે આ સ્થિતિ અનુકૂળ નથી. માટે
" સાધુજનોએ પિતૃયજ્ઞનો ત્યાગ કરી તેને સ્થાને મહયજ્ઞની વ્યવસ્થા
" રાખી છે. મૃત પિતૃજનની તૃપ્તિને માટે સંસારીયોમાં યજ્ઞ થાય છે.
" પણ સત્ય જોતાં તો મૃત્યુ પછી. પિતાપુત્રાદિક સંબંધ નષ્ટ થાય છે
" અને પિતૃલોકમાં સર્વ જીવ સૂક્ષ્મરૂપે સ્ફુરે છે. પિતૃલોકનો ઉદ્ધાર
" પુત્રના સંન્યાસથી થાય છે તેમ તેની સાધુતાથી પણ થાય છે. સાધુ-
" જનની સાધુતા અને સાધુયજ્ઞો પિતૃલોકને તૃપ્ત કરી ઉદ્ધાર આપવા
" એકલાં જનતે જ સમર્થ છે. અને બાકી તો તમને કહ્યું કે અલક્ષ્ય
" પરમાત્માના જીવસ્ફુલિંગને તો પિતા, પિતામહ, પ્રપિતામહ, કે
" સંબંધી કોઈ છે જ નહી—તેનું તો સર્વત્ર આત્મરૂપ જ છે. અને
" વ્યવહારદૃષ્ટિથી જુવે તો પણ તેમની તૃપ્તિ તો માત્ર હંસપદથી થાય છે.
" પિતા આદિ પિતૃવર્ગ પિતૃત્વસંબંધનો સનાતન ત્યાગ કરી આ ભૂતળ
" ઉપર નહી પણ પરલોકમાં વસે છે અને તેમની તૃપ્તિને માટે ભૂતળમાં
" આપેલી નિવાપાંજલિ માત્ર હંસપદ જેવી આવશ્યક ગણી એ તૃપ્તિ
" સિદ્ધ થશે એવી શ્રદ્ધાયુક્ત ઉત્પ્રેક્ષા સંસારીઓ કરે છે. પણ શુદ્ધ
" દૃષ્ટિએ જોતાં તો પિતૃલોક ઐહિક સંબંધનો ત્યાગ કરી દેવયજ્ઞમાં જ
" સાધ્ય છે માટે કહ્યું છે કે.

" वँसून् वदन्ति वै पितॄन्
" रुद्राँश्चैव पितामहान् ।
" प्रपितामहांश्चादित्यान्
" श्रुतिरेषा सनातनी ॥

" આવાં ગુરુપ્રયોજનને ઉદ્દેશી સાધુજનો સર્વ પિતૃયજ્ઞનો ત્યાગ કરે
" છે અને સાધુપિતાઓ પુત્રપાસે એવા યજ્ઞ કરાવતા જ નથી એટલું
" નહી પણ તેનો નિષેધ કરે છે. સાધુપિતાઓ સર્વદા પુત્રોઉપર નિષ્કામ
" નિર્ભય પ્રીતિ જ રાખે છે, અને પુત્રોને પુત્રવત્ નહી પણ આત્મવત્

---

૧. હંસપદ—કાકપદ—કાક પગલું અથવા કાટ પગલું—caret.
૨. પિતા વસુ કહ્યા છે, પિતામહ રુદ્ર કહ્યા છે, અને પ્રપિતામહ આદિત્ય કહ્યા છે એવી સનાતન શ્રુતિ છે: મનુ.

" જુવે છે, અને કૈવલ્ય પામેલા સાધુનું શ્રાદ્ધ તેના ગુણકીર્તનથી ને
" જ્ઞાનોલ્લેખથી જ કરે છે.
" આ પિતૃયજ્ઞને સ્થાને આપણે ત્યાં મઠયજ્ઞ ગણાય છે. પુત્રશરીર-
" માંનાં પશુવેદીઆદિ યજ્ઞસમર્થ થાય ત્યાં સુધી પિતામાતા પુત્ર-
" પુત્રીનું આતિથેય કરી તેનું પાલનવર્ધન કરે છે અને તે પછી તેને આ
" અલ્પમહોને દત્તક આપે છે અને પોતાના અધિકારનો ત્યાગ કરે છે.
" આવા પુત્રને માત્ર મઠયજ્ઞ કરવાનો રૂહે છે ને સર્વ પિતૃયજ્ઞના ધર્મથી તે
" મુક્ત થાય છે. સાધુસત્કાર, ગુરુસત્કાર, આશ્રમસત્કાર, મઠસત્કાર,
" શ્રીયદુનન્દનસત્કાર, આદિ ધર્મોમાં પ્રવૃત્ત રહી સાધુજન મઠયજ્ઞ
" યાવદાયુષ્ય અખણ્ડ રાખે છે. માતાપિતા અને પુત્ર વચ્ચે સંસારે
" જે ધર્મ પળાવવા ઉત્તમ છે પંણ સ્વાર્થી વાંસનાઓને બળે જેને
" સંસાર પાળતો નથી તે ધર્મ સાધુવૃન્દ અને સાધુઓ વચ્ચે અધ્યા-
" ત્મદૃષ્ટિથી પળાય છે.
" મઠયજ્ઞ કરતાં વધતા કાળમાં સાધુએ મનુષ્યયજ્ઞ કરવાનો છે. મનુ-
" ષ્યની તૃપ્તિને માટે આ યજ્ઞ સધાય છે. સાધુઓ યજમાન પણ પોતે
"થાય છે અને યજ્ઞપશુ પણ પોતે જ સૂક્ષ્મશરીરથી થાય છે. આ
" યજમાન પોતાની પાસે આવનાર મનુષ્યમાત્રને તૃપ્ત કરવાનો યજ્ઞ
" માંડે છે. સમષ્ટિ પરમાત્મામાંથી જીવસ્ફુલિંગ તણખા પેઠે ફુટવા માંડે
" અને અનેક સ્થૂલ સૂક્ષ્મ શરીરોને વાહન કરી અનેક ભવોમાં લોકયાત્રા
" કરે એટલામાં એને પોતાના જેવીજ લોકયાત્રા કરનાર અનેક
" સ્ફુલિંગોનો માર્ગમાં સમાગમ થાય છે. એ યાત્રાને કાળે અનેકધા
" તેની પાસે નવાં નવાં મનુષ્યો આવે છે; આ લોકમાંથી આવે છે તેમ
" પરલોકમાંથી પણ આવે છે. પરલોકમાંથી પુત્રપૌત્રાદિરૂપે આવે છે;
" આ લોકમાંથી અતિથિરૂપે આવે છે, મિત્રરૂપે આવે છે. સ્ત્રીરૂપે આવે
" છે, કુટુમ્બરૂપે આવે છે, અને વ્યવહારાદિમાં પડતા અનેક સમ્બન્ધોને
" નિમિત્તે આવે છે. કેટલાંકે મનુષ્ય આપણે ત્યાં આવતાં નથી પણ આ-
" પણને આપણા પ્રવાસમાં માર્ગે બોલાવે છે અને તેમનો સત્કાર કરવાનો
" પ્રાપ્ત થાય છે; માતાપિતાના મન્દિરમાં આપણે પરલોકમાંથી પ્રાપ્ત
" થઈએ છીએ અને આપણે તેમના અતિથિ થઈએ છીએ. જ્યાં
" સુધી આપણી બાલ્યાવસ્થામાં આપણે યજ્ઞ કરવાને સમર્થ નથી થતા
" ત્યાં સુધી આપણે માતાપિતાનાં અતિથિ થઈએ છીએ, અને યાગ-
" શક્તિ આવતાં અતિથિ મટી યજમાન થઈએ છીએ અને તેઓને

---

૨. પરોણા, મેમાન.

" અતિથિતુલ્ય ગણવાનો કૃતજ્ઞ ધર્મ પ્રાપ્ત થાય છે. તેઓ આકારક[૧]
" અતિથિ છે, અને બીજા અતિથિઓ આગન્તુક હોય છે. આવાં
" આકારક અતિથિની તૃપ્તિને માટેનો યજ્ઞ તે પિતૃયજ્ઞ જ છે, પણ
" સાધુજનોમાં પિતા અને અન્ય સાધુઓનો સરખો જ સત્કાર કરવામાં
" આવે છે અને સર્વને અધ્યાત્મદૃષ્ટિથી જોવામાં આવે છે, માટે આપણે
" ત્યાં આ પિતૃયજ્ઞના ધર્મનો મનુષ્યયજ્ઞમાં જ સમાસ કરેલો છે. જેવી
" રીતે માતાપિતા આકારક અતિથિ છે તેમજ જ્ઞાતિમાં, માતૃ-
" ભૂમિ એટલે સ્વદેશમાં, અને સર્વ વસુંધરામાં, જે જે મનુષ્યસંઘ
" વસે છે તે સર્વ સાધુજનોના આકારક અતિથિ છે અને માતાપિતા
" જેવાં જ પિતૃયજ્ઞનાં અધિકારી છે. આપણે ત્યાં તેનો પણ મનુષ્ય-
" યજ્ઞમાં સમાસ કરેલો છે. જાતે આવેલા અતિથિમાં કેટલાકને
" આપણે પોતે આમન્ત્રણ કરેલું હોય છે તે આમન્ત્રિત અતિથિ છે.
" પુત્રપુત્રીઓ આવાં અતિથિ છે. પત્ની પતિ પાસે આવે છે અને પતિ
" પત્ની પાસે આવે છે. સંસારી જનોમાં સંવનન અને પરિશીલન શૂન્ય
" થયાં છે અને આપણા સાધુજનોમાં રહેલાં છે. સાધુજનોમાં નક્ષત્ર-
" યોગના બળથી, પરસ્પર નાડીચક્રના વેગથી, અને મન્મથાવતારના
" ઉદયથી, આકર્ષાઈ દમ્પતી અયસ્કાન્ત[૨]અને અયોધાતુ[૩] પેઠે પરસ્પર
" જોડે ત્રસરેણુક અદ્વૈત પામે છે. એવા અદ્વૈતમાં અતિથિભાવ આવતો
" નથી. દમ્પતીનો ધર્મસહચાર આવા અદ્વૈતથી જ થાય છે. સંસારી-
" યોમાં એક કાળે આવા વિવાહ થતા ત્યારે ધર્માર્થકામમોક્ષ સર્વમાં
" આ અદ્વૈત સહચાર થતા. આપણા સાધુજનોએ પુરુષાર્થના
" શોધનની ઉપેક્ષા કરી છે અને માત્ર પઞ્ચયજ્ઞને જ સાધે છે. તેમનામાં
" દમ્પતીભાવ તો આ યજ્ઞને માટે જ અદ્વૈત છે. જેમ લખમડની તૃપ્તિ
" માટે સર્વ સાધુજનો અનામન્ત્રિત સમાગમ રચી સર્વ પોતપોતાના ભ-
" ણીની ક્રિયાઓમાં પ્રવર્તે છે અને એ ક્રિયાઓની સંગત પ્રવૃત્તિઓથી
" મહકાર્ય સધાય છે, જેમ સંસારીયો જ્ઞાતિભોજનકાળે પરસ્પર સાહાય્ય
" આપી સર્વના ભોજનસમારમ્ભ પાર ઉતારે છે, તેમ અદ્વૈતસહચારી
" દમ્પતી પરસ્પર સામર્થ્યથી, પરસ્પર સાહાય્યથી, પરસ્પર અભિલા-
" ષથી, અને પરસ્પર પ્રવૃત્તિથી, સર્વાંગી સૂક્ષ્મ અદ્વૈતયોગવડે, પાંચે

---

૧. आकुरुते स्वार्थे इत्याकारकः । પોતાના અર્થને માટે યજમાનને બોલાવે ને પોતે અતિથિ થાય તે આકારક, આમન્ત્રણ કરનાર.
૨. લોહચુમ્બક. ૩. લોહ.

'યજ્ઞોને માટે એકજ સમારમ્ભ માંડે છે, અને તેનું દૃષ્ટાન્ત જેવું હોય
તો, નવીનચંદ્રજી, ચંદ્રાવલીમૈયા અને વિહારપુરીના મહાસમારંભની
' જ્વાલાઓનું અદ્વૈત પ્રત્યક્ષ કરો.''

દમ્પતી ગુરુજીના મુખની સ્તુતિથી લજ્જાવશ થઈ નીચું જોઈ રહ્યાં.

વિષ્ણુ૦—'' હૃદયનું અદ્વૈત, પ્રીતિની સૂક્ષ્મતા, અને ધર્મસહચારની
'' સંપૂર્ણતા, એ ત્રણના સાધનથી દમ્પતી પરસ્પર આપ્યાયન[1] ને માટે
'' જે યજ્ઞ રચે છે તેને અમે પ્રીતિયજ્ઞ કહીયે છીએ. બાકીના સર્વ
'' મનુષ્યયજ્ઞને અતિથિયજ્ઞ[2] કહીયે છીયે તેનું સામાન્ય લક્ષણ એ કે
'' એ યજ્ઞના ધર્મનું તારતમ્ય યજમાન અને અતિથિના પરસ્પર ધર્મ-
'' માંથી જ જડે છે. આ યજ્ઞોમાં અતિથિ આકારક, આગન્તુક કે
'' આમન્ત્રિત હોય છે. આકારક અતિથિનું આતિથેય[3] આયુષ્ય પ્હોચે
'' ત્યાં સુધી પ્હોચે છે; માતાપિતાનાં, માતૃભૂમિનાં, અને લોકનાં કલ્યાણ-
'' માંથી નિવૃત્ત થવાતું નથી. માતાપિતા પુત્રને સંન્યસ્તની અનુમતિ આપી
'' પોતાના આતિથેયમાંથી મુક્ત કરે. પણ લોકકલ્યાણના ધર્મમાં તો
'' અનુમતિ આપનાર હોતું જ નથી અને સંન્યાસીથી પણ તેનો ત્યાગ
'' થાય એમ નથી તે તમને કહ્યું છે. આગન્તુક અતિથિનું આતિથેય
'' તેની તૃપ્તિથી સમાપ્ત થાય છે, તેની યોગ્યતાથી અવચ્છિન્ન[4] થાય
'' છે, તેના નિર્ગમનથી[5] નિવૃત્ત થાય છે, અને તેની સાધુતાથી સાધ્ય
'' થાયછે. તેની તૃપ્તિ જાતે જ અસંભાવ્ય હોય તો તેની સંભાવના
'' પ્રાપ્ત થતી નથી. તેની યોગ્યતા હોય નહી તો તેનું આતિથેય જ
'' પ્રાપ્ત થતું નથી. તેની **સાધુતામાં** ન્યૂનતા હોય તેટલું તેનું આતિ-
'' થેય પણ અસાધ્ય છે. સંસારી જનોનાં ધર્મશાસ્ત્રમાં પાત્રાપાત્ર અ-
'' તિથિની વ્યવસ્થા એક જાતની છે; સાધુજનોમાં પાત્રાપાત્રવિવેક
'' અન્ય રીતનો છે. સર્વ મનુષ્યોનું સર્વ પ્રકારે આતિથેય થવું અશક્ય
'' છે માટે પંચયજ્ઞ સાધવાની શક્તિવૃત્તિવાળાને જ પાત્ર ગણવો એવી
'' મર્યાદા છે. તેવાના આતિથેયથી યજ્ઞવિભૂતિવધે છે ને લોકકલ્યાણ
'' સંવૃદ્ધ થાય છે.

---

૧. પરસ્પરનું પોષણ—તર્પણ—यदा वै मिथुनौ समागच्छत आपयतो वै तावन्योन्यस्य कामम् ॥ છાન્દોગ્ય. ૨ અતિથિની તૃપ્તિ માટેનો યજ્ઞ ૩. ભોજનગીરી, બાતર. ૪. અવચ્છેદવાળું, હદવાળું. ૫. બ્હાર નીકળી જવું.

" [1]यत्किंचिदपि दातव्यं याचितेनानसूयया ।
" उत्पत्स्यते हि तत्पात्रं यत्तारयति सर्वतः ॥

" સંસારી જનોને માટે સંસ્કારી દ્વિજોને જ પાત્ર અતિથિ ગણેલા
" છે. સાધુજનો તેમનો તેમ વ્રાત્ય[2]જનોનો સર્વનો સત્કાર કરે છે. વિદ્વત્તા
" અને સાધુતા એ ઉભય સાધુઓના આતિથેયને માટે યોગ્યતા આપેછે.
" આકારક અને આમન્ત્રિત અતિથિને માટે આવી મર્યાદા નથી, અને
" અદ્વૈતભાવક દમ્પતી તો પરસ્પરનાં અતિથિ નથી માટે તેમને મર્યાદા પ્રાપ્ત
" થતી નથી. સંબંધકાળથી અતિથિ જીવનમાં કે મરણકાળે છુટાં પડ-
" વાનો સંકલ્પ રાખે છે માટે જ તે અતિથિ છે.

" [3]अनित्यं हि स्थितो यस्मात्तस्मादतिथिरुच्यते ॥

" પિતાપુત્રાદિ સર્વ સંબંધમાં, સૂક્ષ્મ શરીરોના સંયોગ થતા નથી
" અને થાય છે તો અનિત્ય અને અપૂર્ણ હોય છે, અને સ્થૂલ
" શરીરના સંબંધ તો નિત્ય હતા જ નથી. માટે આ સર્વ સંયોગમાં
" અતિથિભાવ છે. સાધુજનોના પ્રીતિયજ્ઞનું મૂળ સૂક્ષ્મશરીરના અદ્વૈત-
" મૂલક હોય છે અને સ્થૂલ શરીરને અભાવે પણ એ અદ્વૈત રાખવાનો
" સંકલ્પ મનોગત હોય છે માટે તેમાં આતિથેય આવતું નથી. સંસારી
" જનોમાં કન્યાદાનાદિ વિધિથી સંવનન વિના માત્ર સ્થૂલ શરીરોનો જ
" વિવાહ થાય છે ત્યાંતો અદ્વૈત નહી પણ અનિત્ય આતિથેય જ છે. એવા
" આતિથેયમાંથી પ્રારબ્ધ કર્મને યોગે સૂક્ષ્મ પ્રીતિ અને અદ્વૈત-સંકલ્પ
" ઉભય પક્ષમાં થાય ને તે પ્રમાણે અદ્વૈત થાય તો આતિથેયધર્મ સમાપ્ત
" થાય ને પ્રીતિયજ્ઞ જ બાકી રૂહે. પણ તેમ ન થાય તો તો આતિથેય જ
" પ્રાપ્ત થાય. સંસારમાં કન્યાઓનું લગ્ન તેમની અજ્ઞાનાવસ્થામાં થાય છે
" અને વર ક્વચિત્ અજ્ઞાન અને ક્વચિત્ યોગ્ય વયના હોય છે. યોગ્ય
" વયના વરે કન્યાને આમન્ત્રિત અતિથિ ગણવી ધર્મ્ય છે. અજ્ઞાન દશા-
" વાળા વરે કન્યાને આકારક અતિથિ ગણવાની છે. સર્વ કન્યાઓએ વરને
" આકારક અતિથી ગણવાના છે. આ સંબંધમાં પરસ્પર ધર્મસહચાર અને
" પરસ્પર ત્યાગના ધર્મ આકારક આમન્ત્રિત આતિથેયના શાસ્ત્ર પ્રમાણે

---

૧. જેની યાચના થઇ છે તેણે અસૂયા વિના જે કાંઈ બને તે કંઈ પણ આપવું; કારણ એ દાનથી એવું કોઈ પાત્ર જન ઉત્પન્ન થશે કે જે સર્વ પાસથી તારશે. મનુ. ૨. દ્વિજ સંસ્કાર જેને બાકી હોય એવા બ્રહ્મચારી.

૩. અતિથિ એટલા માટે કે તેની સ્થિતિ જ અનિત્ય છે. મનુ.

" પાળવા યોગ્ય છે. બાકી પ્રીતિયજ્ઞમાં તો સંકલ્પ જ નિત્ય સૂક્ષ્મ સંબં-
" ધનો હોય છે તેમાં સૂક્ષ્મ શરીરનો વિયોગ કે ત્યાગ સંભવતો નથી.
" એ યજ્ઞમાં યોગ્યાયોગ્યતાનો વિચાર પ્રાપ્ત થતો નથી. તેમજ આમ-
" ન્ત્રિત અને આકારક અતિથિની યોગ્યતાનો વિચાર પણ પ્રાપ્ત થતો
" નથી. આમન્ત્રિતની યોગ્યતા વિચારવી હોય તો આમન્ત્રણ કરવા પહેલાં
" વિચારવાની છે; આમન્ત્રણ પછી આ વિચાર અધર્મ્ય છે. આકારક
" અતિથિ માતાપિતાદિની યોગ્યતા તો અવિચાર્ય જ છે. એ વિચાર તો
" માત્ર આગન્તુક અતિથિનો સત્કાર કરતાં જ કરવાનો છે. જે આગન્તુક
" અતિથિ વિદ્વાન અથવા સાધુપ્રકૃતિ નથી તેને સાધુજન મનુષ્ય-
" યજ્ઞમાંથી દૂર કરી તેનો માત્ર ભૂતયજ્ઞમાં સમાસ કરે છે.

[1]" शुनां च पतितानां च
" श्वपचां पापरोगिणाम् ।
" वायसानां कृमीणां च
" शनकैर्निवपेद्भुवि ॥

" અતિથિયજ્ઞનાં અનધિકારી મનુષ્યોનો સહચાર મનુષ્યોમાં નથી,
" પણ શ્વાનવાયસાદિ જન્તુઓ સાથે જ છે; માટે તેમની તૃપ્તિ,
" તેમનાથી દૂર રહી, આ જન્તુઓની પેઠે ભૂતયજ્ઞથી જ કરવાની
" છે. એ સર્વ ચેતન ભૂતોનો યજ્ઞ તેમના ઉદ્ધાર માટે કરવાનો છે
" ને સર્વ ભૂતો માટે દયા રાખવાનો છે; માટે આ યજ્ઞને દયાયજ્ઞ
" પણ કહે છે. ચેતન ભૂતોના ઉદ્ધાર માટે ઈશ્વરે સૃજેલી દયાની
" મર્યાદા પણ છે. જે ભૂતોના સંસર્ગથી યજ્ઞના પશુને કે વેદીને
" કે સામગ્રીને એટલું ભય હોય કે પામર ભૂત ઉપર દયા કરતાં
" મહાયજ્ઞને જ બંધ કરવો પડે અથવા યજ્ઞનાં પશુ કે વેદી ભ્રષ્ટ કે
" નષ્ટ કરવાં પડે—ત્યારે તે ભૂતનો ઉદ્ધાર આપણે હાથે થાય એમ
" નથી એ જોઈ લેવું, અને એવા ઉદ્ધાર વિના બીજા કાર્યમાં દયા
" કોઈ ધર્મથી કારણભૂત થતી નથી. દયાને માટે જ દયા કરવી,
" દયાને સાધન નહીં પણ સાધ્ય ગણવી, એવો ધર્મ નથી. આ વાત
" ભુલવાથી સીતામાતા રાવણના હાથમાં ગયાં.

---

૧. શ્વાન, પતિત જન, શ્વાનાદિના ભક્ષણ ઉપર વૃત્તિ કરનાર ચાણ્ડા-લાદિ જન, પાપ રોગવાળા જન, કાગડા, અને કૃમિ: આટલાંને બલિ આપવું ને તે તેમનો સ્પર્શ કરીને ન આપવું પણ તેમનાથી લેવાય એમ ધીમે રહી પૃથ્વી ઉપર તે બલિનું નિવપન કરવું. મનુ.

" આ વિના બીજો ભૂતયજ્ઞ વ્યવહારયજ્ઞ છે. સર્વ યજ્ઞના સાધન
" માટે થોડી ઘણી પ્રવૃત્તિમાં સર્વ મનુષ્યોએ સ્થૂલ સૂક્ષ્મ શરીરનો
" વ્યય કરવો પડે છે અથવા એ શરીરના વ્યય વડે સંપાદિત
" કરેલાં ધનઆદિ સાધનનો વ્યય કરવો પડે છે. પૃથ્વી પાસેથી
" અન્ન માગતાં, સેવક પાસેથી સેવા માગતાં, સેવ્યજન પાસેથી
" વેતન[1] માગતાં, અશ્વ પાસેથી રથસેવા માગતાં, એ સર્વ યાચનાઓના
" બદલામાં પ્રવૃત્તિ કે વ્યય કરવો પડે છે, અને જે કોઈ યજ્ઞને માટે
" જ આ પ્રવૃત્તિ ને વ્યય હોય તો તે જનતે જ યજ્ઞરૂપ થાય છે. એ
" યજ્ઞ ફલાપેક્ષી હોય છે માટે તે સકામયજ્ઞ અથવા વ્યવહારયજ્ઞ
" કહેવાય છે. એ યજ્ઞમાં જડચેતન સર્વ ભૂતોની સાથે વ્યવહાર
" થાય છે માટે તેને ભૂતયજ્ઞ કહ્યો છે. સંસારીયો સકામ યજ્ઞ કરેછે
" તેમના તો સર્વ યજ્ઞ એક રીતે વ્યવહારયજ્ઞ જ છે."

" લક્ષ્ય પુરુષના ચિદંશ વિનાનો અસ્તિત્વવત્ અંશ છે તે જડભૂ-
" તોમાં છે. જન્તુઓમાં પણ આ જડ અંશ છે. મનુષ્યમાં પણ છે.
" બુદ્ધિમાં પણ છે અને અંતઃકરણમાં પણ છે. તે સૃષ્ટિ ઉપર દૃષ્ટિ
" નાંખ્યાથી, તેનાં અવલોકન અને પ્રયોગ કર્યાથી, તેનાં ગુણશક્તિ
" શોધ્યાથી, તેનું શાસ્ત્ર બાંધ્યાથી, સર્વ સૃષ્ટિ સાથેનો તેનો સંબંધ
" જાણ્યાથી, અને સંક્ષેપમાં જીવસ્ફુલિંગના ચિત્સ્વરૂપનો પ્રકાશ આ સૃષ્ટિ
" ઉપર પડે છે ત્યારે, તેના સત્વાંશમાં ચિદંશનાં કિરણ પડે છે, તે પદાર્થો
" મહાયજ્ઞમાં હોમાય છે, અને યજ્ઞરૂપે તેમનો ઉદ્ધાર થાય છે. આ
" યજ્ઞનું નામ વિદ્યાયજ્ઞ છે, તે અનંત છે, અને તેની મર્યાદા નથી. એ
" યજ્ઞ પણ ભૂતયજ્ઞ જ છે. વિદ્વાનો, શાસ્ત્રીઓ, દર્શનદ્રષ્ટાઓ, અને
" કવિજનોને આ મહાયજ્ઞ ઉપર કલ્યાણકારક પક્ષપાત છે. જે વિશ્વ-
" રૂપનાં દર્શન ઋતંભરા પ્રજ્ઞાવાળો યોગી મહાપ્રયત્ને પામી શકે છે તે દર્શ-
" નનાં વિદ્યુત્ જેવા ચમકારા વિદ્યાયજ્ઞના સાધકો પ્રત્યક્ષ કરે છે.

" મહાયજ્ઞની સાધના અન્ય સર્વ યજ્ઞોની સાધના માટે સાધનરૂપ છે
" અને સાધુજનોની સાધુતાના રક્ષણને માટે અને સંસારના સંસર્ગથી
" તેમને દૂર રાખવાને માટે આવશ્યક છે. મનુષ્યલોકમાં સૂક્ષ્મ શરી-
" રની શ્રેષ્ઠતા સ્વીકારાયછે તે છતાં જીવતો નર ભદ્રા પામશે કહેવાય છે
" અને સૂક્ષ્મ શરીરના સર્વ પુરુષાર્થને પડતા મુકી સ્થૂલ શરીરના
" આયુષ્યનું રક્ષણ કરવામાં આવે છે અને કહેવામાં આવે છે કે—

---

૧. પગાર.

[1] त्यजेदेकं कुलस्यार्थे ग्रामस्यार्थे कुलं त्यजेत् ।
ग्रामं जनपदस्यार्थे ह्यात्मार्थे पृथिवीं त्यजेत् ॥

" સંસારી જનોમાં જેમ આત્મશરીરને અર્થે પૃથ્વીનો ત્યાગ કરવો
" શિષ્ટ છે તેમ સાધુજનોમાં મઠયજ્ઞને અર્થે સર્વ ઇતર યજ્ઞનો ત્યાગ
" આવશ્યક હોય તો તે ધર્મ્ય ગણાયછે; કારણ મઠ વગર સાધુજનો જ
" નષ્ટ થાય. સકામધર્મ પાળનાર સંસારીયોને અધર્મથી કે ક્ષુદ્ર આશયથી
" નહી પણ સર્વ કામ અને ધર્મને માટે શરીરની આવશ્યકતા છે માટે
" જ તેનું પ્રથમ રક્ષણ ઉક્ત પ્રકારે યોગ્ય છે. આપણે ત્યાં તો તેનો
" રક્ષણવિધિ વેદીપશુવર્ધનમાં આવી ગયો.

" મનુષ્યયજ્ઞોમાં એવો પ્રસંગ આવે કે એક યજ્ઞવિધિ સાથે અન્ય
" યજ્ઞવિધિનો વિરોધ આવે ત્યારે શું કરવું? પ્રીતિયજ્ઞ, આકારક અ-
" તિથિયજ્ઞ, આમન્ત્રિતઅતિથિયજ્ઞ, અને આગન્તુકઅતિથિયજ્ઞ એટલા
" મનુષ્યયજ્ઞ તમને કહ્યા. પ્રીતિયજ્ઞમાં તો દમ્પતીનો અદ્વૈતભાવે યજ્ઞમાં
" ધર્મસહચાર છે તો કોઈ પણ યજ્ઞમાં પ્રવૃત્ત થવું ન થવું એ ઉભય
" દમ્પતીની સંયુક્ત વાસનાથી જ થવાનું; માટે આ યજ્ઞને બીજા
" યજ્ઞ સાથેનો વિરોધ કહીએ તો વદતો વ્યાઘાત થાય. પ્રીતિયજ્ઞનાં
" યજમાન દમ્પતીનાં સૂક્ષ્મ શરીરના અમરયોગનો નાશ તો બ્રહ્મા પણ
" કરી શકે એમ નથી અને દમ્પતી જાતે પણ કરી શકે એમ નથી.
" એમને તો માત્ર સ્થૂલ શરીરનાં વિયોગ કરવા કાળ આવે ને કોઈ
" મહાયજ્ઞને માટે તેમ કરવું યોગ્ય લાગે તો ઉભયની અદ્વૈત ઇચ્છાથી
" તેમ કરતાં કાંઈ બાધ નથી. આવાં દમ્પતીનું તો સર્વત્ર યજમાનત્વ અ-
" દ્વૈતરૂપે છે. માટે જ કહ્યું છે કે पश्चाद्गृहपतिः पत्नी च ॥ જે યજ્ઞ યજમાનના
" એક અર્ધાંગને ઇષ્ટ હોય તે બીજા અર્ધાંગને પણ હોય જ. માટે જ યજ્ઞને
" અંતે પશ્ચાત્ ગૃહપતિ અને પત્નીને એક વાક્યથી સ્મર્યાં. એટલુંજ નહી
" પણ દમ્પતીના શુદ્ધાદ્વૈતના અધિકારથી **સી**તામાતાના સ્થૂલ શરીરને
" **શ્રી**રામચંદ્રે પ્રજા લોકના કલ્યાણને અર્થે વિવાસન આપ્યું અને તે માટે
" **સી**તામાતાએ એમનો દોષ કહાડ્યો નથી. એ પ્રીતિયજ્ઞના અદ્વૈતનું
" પરમદૃષ્ટાંત છે. **ચં**દ્રાવલી મૈયાનું એવું જ દૃષ્ટાંત તો તમને પ્રત્યક્ષ છે.

---

૧. કુળને અર્થે એક કુટુમ્બીને ત્યજવો, ગ્રામને માટે કુળ ત્યજવું, લોકને માટે ગ્રામ ત્યજવું, ને આત્માને એટલે પોતાને માટે પૃથ્વીને ત્યજવી.
(પ્રકીર્ણ.)

૨. પા૨સ૫૨ ગૃહ્યસૂત્ર.

" પણ પ્રીતિયજ્ઞ વિનાના અતિથિરૂપ પતિપત્નીનાં દ્વૈત છે. માટે તેમને
" માટે આવો અદ્વૈત આચાર થતોજ નથી. આવાં પતિપત્નીએ તો પર-
" સ્પર દ્વૈત સ્વીકારી એક બીજાનું આતિથેય કરવાનું પ્રાપ્ત થાય છે.
" દૈવવશાત્ અથવા કર્મપાકવશાત્ એવા પણ પ્રસંગ આવે છે કે
" સંવનનપરિશીલનમાં કાંઈ અશુદ્ધિ કે અસિદ્ધિ કે અન્ય દોષ રહી
" જવાથી દમ્પતીના અદ્વૈતભાવમાં વિઘ્ન આવે છે. આવાં દમ્પતી પણ
" અદ્વૈતમાંથી સ્ખલિત થઈ પરસ્પર-અતિથિરૂપ થઈ જાયછે ને તેમને
" શિર અતિથિધર્મ આવે છે.

" ખરેખરું ધર્મસંઘટ્ટન તો અતિથિયજ્ઞમાં આવે એમ છે અને સંસારી-
" જનોના ગુંચવારા તેમાં જ આવે છે. લક્ષ્યધર્મસંગ્રહમાં તો સાધુજનો
" માટે સ્પષ્ટ તારતમ્ય કહાડેલું છે. આકારક અને આમન્ત્રિત અતિથિ-
" યોની યોગ્યતા કે અયોગ્યતા જોવાનો પ્રસંગ નથી. જેને આપણે જ્ઞાતા-
" જ્ઞાત કર્મબળે આમન્ત્રણ કર્યું તેને પાછળથી કહેવું કે તું અયોગ્ય છે
" માટે તારું આમન્ત્રણ નિષ્ફળ કરેલું ને તું તારે માર્ગે પાછો જા-એ
" ઉચ્ચાર અધર્મ્ય છે. પુત્રરૂપે કે પત્નીરૂપે આમન્ત્રિત અતિથિનો
" સર્વથા નિર્વાહ કરવો એ જ ધર્મ છે. પુત્રનું આમન્ત્રણ કર્યું તેનાં પશુ-
" વેદીને યજ્ઞસમર્થ કર્યા પછી તે આમન્ત્રિત અતિથિ મટી જઈ કેવળ
" આગન્તુક અતિથિ થાય છે ને તે પછી તેની યોગ્યાયોગ્યતાના વિચાર
" નિર્દોષ છે. આમન્ત્રિત પત્નીનું આતિથેય તો તેની સંમતિવિના બંધ
" ન જ થાય. આકારક અને આગન્તુક અતિથિનો સત્કાર કરવા માટે
" પણ આમન્ત્રિત અતિથિના સત્કારમાં ન્યૂનતા રાખવી એ મહાન્ અધર્મ
" છે; તેના તો નિર્વાહમાં જ ધર્મ છે.

" આકારક પિતામાતાદિનો પુત્ર પ્રથમ અતિથિ થાય છે ને તે પછી
" પુત્ર યજ્ઞસમર્થ થાય ત્યારે તે પિતૃયજ્ઞ કરી શકે છે. માતાપિતાની અશ-
" રણ અવસ્થામાં તો પિતૃયજ્ઞ આવશ્યક અને અત્યાવશ્ય છે. પણ અન્ય
" કાલે તેમ નથી. માતાપિતા સામાન્ય રીતે પુત્રના મન્દિરમાં અતિથિ
" નથી, પણ પુત્ર માતાપિતાના મન્દિરમાં અતિથિ છે. આતિથેયધર્મમાંથી
" યજમાન મુક્ત થતો નથી, પણ અતિથિ યજમાનમંદિરનો ત્યાગ કરવા
" સ્વતંત્ર છે. માટે આવે અન્ય કાળે પિતૃયજ્ઞ અન્ય યજ્ઞોને પ્રતિકૂલ થાય
" તો પુત્ર યજમાનના મન્દિરમાંથી પ્રવ્રજિત થાય તે નિર્દોષ છે. પણ તે
" પ્રવ્રજ્યા આવા કોઈ યજ્ઞને અર્થે જ હોવી જોઈએ. અન્ય યજ્ઞના કાર્યની
" અપેક્ષા ન હોય તો પિતૃયજ્ઞ અત્યાવશ્ય છે.

" અન્ય આકારક અતિથિને માટે આવો ધર્મ નથી. પતિ કે પત્ની જે
" કોઈ આકારક અતિથિ હોય તેને મન્દિરમાં રહેવા દેઈ યજમાન જાતે
" પ્રવ્રજિત થઈ શકે નહી. પિતામાતાનો તો પુત્ર જાતે આમન્ત્રિત અતિ-
" થિ છે માટે તેમની પાસેથી તે પ્રવ્રજિત થાય, પણ જે અતિથિનો અને
" એનો યોગ અનામન્ત્રિત અને અનાગન્તુક થયલો છે તે અતિથિની
" પાસેથી તો આતિથેય પડતું મુકી યજમાનથી પ્રવ્રજ્યા થાય જ નહી.
" માતૃભૂમિ અને મનુષ્યલોકનો પણ સાધુજનને આવો જ યોગ છે, અને
" જે સાધુ તેમનું આતિથેય કરવા, તેમનો યજમાન થવા, સમર્થ છે તેણે
" તો યજમાનકૃત્યમાંથી નિવૃત્ત થવાય જ નહી. આવાં આકારક અતિ-
" થિને સુસંભૃત દશામાં મુકાય અથવા તેમ કરવાની શક્તિ હીન થાય
" તો જ એમના એ યજ્ઞમાંથી નિવૃત્ત થવાય છે.

" જે અતિથિ જાતે આગંન્તુક છે તેની આતિથેયતા સમાગમપર્યંત
" અથવા અતિથિની નિવૃત્તિ પર્યન્ત પ્હોચે છે અથવા અન્યયજ્ઞકા-
" ર્યમાં એ આતિથેય વિઘ્નકર થાય ત્યારે તેમાંથી નિવૃત્ત થયું એવી
" મર્યાદા છે.

" વિધાયજ્ઞનું ફળ મનુષ્યયજ્ઞની સમૃદ્ધિ છે માટે મનુષ્યયજ્ઞમાં વિઘ્નકર
" ન થાય ત્યાં સુધી એ યજ્ઞ વિહિત છે. વ્યવહારયજ્ઞ સર્વ યજ્ઞમાં સાધન-
" ભૂત છે અને એનું સાધનરૂપ નષ્ટ થાય તો એ યજ્ઞ પડતો મુકાય.

" દયાયજ્ઞ ભૂતમાત્રના ઉદ્ધાર માટે છે અને મનુષ્યસૃષ્ટિ ન હોય તો એ
" યજ્ઞ અને ઉદ્ધાર અશક્ય થાય, માટે મનુષ્યયજ્ઞનું પાલન કરીને જ
" દયાયજ્ઞ સાધવાનો છે.

" મહયજ્ઞ, મનુષ્યયજ્ઞ, અને ભૂતયજ્ઞ, એ ત્રણ લક્ષ્ય પુરુષના મહાયજ્ઞ
" છે અને તેમને લક્ષ્યયજ્ઞ કહીયે હીયે. એ વિનાના બે યજ્ઞ દેવયજ્ઞ અને
" બ્રહ્મયજ્ઞ છે. તેને અલક્ષ્યયજ્ઞ કહ્યા છે. દેવયજ્ઞમાં અલક્ષ્ય અને
" લક્ષ્ય પરમાત્માના અદ્વૈત સ્વરૂપનો યજ્ઞ થાય છે અને બ્રહ્મયજ્ઞમાં
" કેવળ અલક્ષ્ય પરમાત્માનો યજ્ઞ થાય છે. ઉભય અલક્ષ્યયજ્ઞ ઉત્તમા-
" ધિકારીઓને માટે જ છે, પણ દેવયજ્ઞમાં મધ્યમાધિકારીઓને સાક્ષી
" કરવામાં આવે છે.

" મનુષ્યનાં અંતઃકરણાદિમાં વસતું બુદ્ધિસત્વ દેવોનું અધિષ્ઠાન છે અને

" તેથી દેવશબ્દનો પ્રયોગ સાત્વિકબુદ્ધિસત્ત્વનું વાચક થાય છે. આ બુદ્ધિસ-
" ત્ત્વની તૃપ્તિમાં જ દેવોની તૃપ્તિ છે માટે તે ઉભયની તૃપ્ત્યર્થે માંડેલા ય-
" જ્ઞને દેવયજ્ઞ કહ્યો છે. ચક્ષુઆદિ ઇન્દ્રિયોએ પ્રત્યક્ષ કરેલાં સત્ય તે
" સત્ય નથી, પણ સાત્વિક બુદ્ધિસત્ત્વને જે પ્રત્યક્ષ થાય તે જ સત્ય છે,
"માટે શ્રુતિ ઉચ્ચારે છે કે

[2]" सत्यमेव देवा अनृतं मनुष्या इदमहमनृता-
" त्सत्यमुपैमीति ! अने[3] एतद्ध वै देवा
" व्रतं चरन्ति यत्सत्यम् ॥

" સાત્વિક બુદ્ધિસત્વનું જે વ્રત ચરે છે તે જ સત્ય છે. સંસારમાં જે જે
' સત્ય કહેવાય છે તે સર્વ શાસ્ત્રમાં સત્ય હોય છે એમ નથી. ચંદ્રનું તેજ
" સંસાર ચંદ્રનું જ ગણે છે, પણ શાસ્ત્ર તેને સૂર્યનું તેજ ગણે છે, માટે સં-
" સારનું ગણેલું તે અસત્ય અને શાસ્ત્રવચન કહે છે તે સત્ય. લક્ષ્ય-
" પુરુષની કૃતિનો ભેદ શાસ્ત્રથી પમાય છે : સૂર્યચંદ્રાદિની ગતિ, અ-
" ણુપરમાણુથી તે વિભુ સત્ત્વોનો ગતિક્રમ, મનુષ્યાદિ સર્વ પ્રાણીઓના
" સંસાર અને તેમની વ્યવસ્થાઓનો પ્રવાહ, આદિ સર્વ ઐહિક સત્ત્વોના
" સંઘ અને તેમનાં યંત્ર સર્વદા ગતિમત્ હોય છે. એ સંઘ અને તેમનાં
" ગતિયંત્રનું યથાર્થ સ્વરૂપ લક્ષ્યદ્રષ્ટાઓ શોધે છે અને તેનાં શાસ્ત્ર રચેછે.
" આ પ્રમાણે પ્રત્યક્ષ થયેલા સત્યને ઋત કહે છે. ઋ ધાતુ ગતિવાચક છે
" અને ઋત પદાર્થોની અત્યંત ઋતિ થાય ત્યારે તે નિર્ઋતિ કહેવાય છે.
" આ પદાર્થો પ્રથમ અલક્ષ્ય હોય છે. પછી લક્ષ્ય થાય છે અને
" પછી અલક્ષ્ય થાય છે. તે જ્ઞય એટલે તેની પાછળ બીજે

---

1. " In the Upanishads *devas* is used in the sense of forces or faculties. The senses are frequently called the *devas*, the *prânas*, the vital spirits:" Max Muller's Lectures on *the* Origin and Growth of Religion.

૨. દેવો જ સત્ય—ઋત છે; મનુષ્યો ઋત વિનાના અનૃત છે. માટે આ હું અનૃત છોડી સત્યને પામું છું. શતપથ બ્રાહ્મણ. ૩. આ જે સત્ય છે તે જ વ્રત દેવો ચરે છે. શતપથ. ૪. एतद्धि ब्रह्म दीप्यते यदादित्यो दृश्यते। × × तस्य चन्द्रमसमेव तेजो गच्छतीति श्रुतिः ॥ સૂર્યનું તેજ ચંદ્રમાં કેવી રીતે સમાય છે તે એક ઉપમાથી જણાય છે. तदोजः संप्राविष्टोहमामोद इव मारुतम् । उष्णांशुरिव शीतांशुं मृत्पात्रमिव वा पयः ॥ યોગવાસિષ્ઠ : ઉત્પત્તિ નિર્વાણ પ્રકરણઃ સર્ગ ૧૩૭, શ્લોક ૨૭. શ્લોક ૨૩ માં रात्राविंदुमिवार्करुक् પ્રવેશ કરતી લખી છે.

" પદાર્થ ઉભો હોય. આ સર્વ ઉત્પત્તિ, સ્થિતિ અને લય વાળા અસંખ્ય
" પદાર્થોનું અનન્ત સંઘચક્ર અને તેમના ગતિચક્રની સમષ્ટિ તે જ ઋત
" પદાર્થોની ઋતિ. વિદ્યાયજ્ઞના વિદ્વાન્ યજમાનો તર્ક અને અનુમાનથી એ
" ઋતિના અંશોને શોધી કૂહાડે છે અને સંસારની વ્યવસ્થાને સુદૃષ્ટ
" કરવા પ્રયત્ન કરે છે. માટે જ તે વિદ્યાના શોધકો એક રીતે યોગીના
" તુલ્યજ છે. પણ વિદ્યાયજ્ઞની જ્વાલાથી વ્યક્તિયોની બુદ્ધિઓ આ ચક્રસ-
" ષ્ટિના માત્ર કોઈ કોઈ એકદેશીય અવયવોને જ પ્રત્યક્ષ કરી શકે છે અને
" અન્ય દેશ ઉપર બુદ્ધિ પ્હોચે ત્યારે કાંઈ વધારે ઋતાંશ પ્રત્યક્ષ થાય છે.
" સકલ અને સંપૂર્ણ ઋત તો યોગીને ઋતમ્ભરા પ્રજ્ઞા પ્રાપ્ત કર્યાથી જ જડે
" છે. યોગીના બુદ્ધિસત્વને અધ્યાત્મપ્રસાદ[૩] થાય ત્યારે તેને ભૂતાર્થવિષય[૪] જે
" પ્રજ્ઞાલોક[૫] તે એક ક્રમે યુગપત્ સાથે લાગો સર્વાંગે પ્રત્યક્ષ થાય છે, સર્વ
" દિશા અને ત્રિકાળ સાથે લાગાં પ્રત્યક્ષ થાય છે. આ દૃષ્ટિનો વિષય તે જ
" [૧]ઋત. બુદ્ધિસત્વ પ્રકાશસ્વભાવ છે અને સર્વાર્થદર્શનસમર્થ[૬] છે, પણ તેના

---

1. The word which in the Zend corresponds to Sanskrit *Rita* is Asha—× × × Think only what it was to believe in a *Rita*, in an *order of the world*. × × × × How many, I say, have found their last peace and comfort in a contemplation of the Rita, of the order of the world, whether manifested in the unvarying movement of the stars, or revealed in the unvarying number of the petals, and stamens, and pistils, of the smallest forget-me-not! How many have felt that to belong to this kosmos, to this beautiful order of nature, is something at least to rest on, something to trust, something to believe when everything else has failed! × × × What then we have learnt from the Veda is this, that the ancestors of our race in India did not only believe in divine powers more or less manifest to their senses, in rivers and mountains, in the sky and the sea, in the thunder and rain, but that their senses likewise suggested to them two of the most essential elements of all religion, the concept of the infinite, and the concept of order and law, as revealed before them, the one in the golden sea behind the dawn, the other in the daily path of the sun. These two precepts, which sooner or later must be taken in and minded by every human being, were at first no more than an impulse, but their impulsive force would not rest till it had beaten into the minds of the fathers of our race the deep and indelible impression that 'all is right': and filled them with a hope, and more than a hope, that 'all will be right.' *Max Muller's* Lectures on the Origin and Growth of Religion.

२—६ यदा निर्विचारस्य समाधेर्वैशारद्यं जायते तदा योगिनो भवत्यध्यात्मप्रसादः। भूतार्थविषयः क्रमाननुरोधी स्फुटः प्रज्ञालोकः तथा चोक्तम्। प्रज्ञा-

" ઉપરનું તમ જોડલા રજસ્થી ઉપડે એટલા જ દેશને તરત પ્રત્યક્ષ કરે છે,
" અને સાત્વિકાંશની પ્રાપ્તિથી રજસ્ પણ નાશ પામે છે ત્યારે સર્વભૂતાર્થ
" એ બુદ્ધિસત્વ પાસે પ્રત્યક્ષ થાય છે. આ પ્રત્યક્ષ વિષય તેજ ઋતમ્ભરા
" પ્રજ્ઞાનું ઋત. એ ઋતને પામનાર યોગી ઋતના અધિષ્ઠાતા ઈશ્વરમાં વૈષમ્ય
" કે નૈર્ઘૃણ્ય[2] આદિ દોષ જોતો નથી. ઈશ્વર જે ઋતથી સાપેક્ષ છે તે ઋત-
" ધર્મમાં જ લક્ષ્યરૂપ ઈશનું વિશુદ્ધ દર્શન થાય છે.[3] વૈરાટસ્વરૂપ શ્રીકૃષ્ણે
" અર્જુનને બતાવ્યું તે આ ઋત જ! ઋત પામનાર પ્રજ્ઞા લક્ષ્ય પુરુષની
" સર્વ અપેક્ષાનું ને સર્વ કૃતિનું રહસ્ય સમજે છે, લક્ષ્યપુરુષના ચિદાને-
" દમાં અદ્વૈત પામે છે, અને ઋતના પ્રકાશનથી સંસારના ઉદ્ધારના
" અને સંસારના કલ્યાણના માર્ગ જાણી શકે છે. શ્રીકૃષ્ણ પરમાત્મા,
" શ્રી બુદ્ધ ભગવાન, આદિ અનેક યોગીશ્વરો આ ઋતમ્ભરા પ્રજ્ઞા પામ્યા
" હતા. આવા ઋતનું દર્શન કરવાને અને સંસારનું કલ્યાણ કરવાને
" યોગીલોક જે સાધે છે તે દેવયજ્ઞ, અને દેવયજ્ઞને ઋતયજ્ઞ પણ ગણ્યો છે.

" ઋત આમ સત્ય જ છે, પણ પરમ અલક્ષ્ય સત્યથી તે વિલક્ષણ છે.
" પરમ અલક્ષ્ય પરમાત્માનું નિત્ય શુદ્ધ સ્થાણુ નિરવયવ સ્વરૂપ એ જ

प्रसादमारुह्य अशोच्यः शोचतो जनान् । भूमिस्थानिव शैलस्थः सर्वान् प्राज्ञोनुपश्यति । तस्मिन् समाहितचित्तस्य या प्रज्ञा जायते तस्या ऋतम्भरेति संज्ञा भवति । अन्वर्था च सा सत्यमेव बिभर्त्ति। इति योगसूत्रभाष्यं वैयासिकम् ॥ तत्र वाचस्पत्यम् यथा ॥ भूतार्थविषय इति नात्मविषयः। किं तु तदाधारो बुद्धिसत्त्वं हि प्रकाशस्वभावं सर्वार्थदर्शनसमर्थमपि तमसावृतं यत्रैव रजसोद्घाट्यते तत्रैव गृह्णाति । यदात्वभ्यासवैराग्याभ्यामपास्तरजस्तमोमलमनवद्यवैशारद्यमुद्योतते तदास्यातेपतितममस्तमानमेयसोम्नः प्रकाशानन्त्ये सति किं नाम यन्न गोचरम् ॥

१-३ वैषम्यनैर्घृण्ये नेश्वरस्य प्रसज्येते । कस्मात्सापेक्षत्वात् । सापेक्षो हीश्वरो विषमां सृष्टिं निर्मिमीते । किमपेक्षत इति चेत् । धर्माधर्मावपेक्षत इति वदामः । ईश्वरस्तु पर्जन्यवद्द्रष्टव्यः । यथा हि पर्जन्यो व्रीहियवादिसृष्टौ साधारणं कारणं भवति । व्रीहियवादिवैषम्ये तु तत्तद्बीजगतान्येवासाधारणानि कारणानि भवन्ति। एवमीश्वरो देवमनुष्यादिसृष्टौ साधारणं कारणं भवति । देवमनुष्यादिवैषम्ये तु तत्तज्जीवगतान्येवासाधारणानि कर्माणि कारणानि भवन्ति । एवमीश्वरः सापेक्षत्वान्न वैषम्यनैर्घृण्याभ्यां दुष्यति । कथं पुनरवगम्यते सापेक्ष ईश्वरो नीचमध्यमोत्तमं संसारं निर्मिमीत इति । तथाहि दर्शयति श्रुतिः । एष ह्येव साधु कर्म कारयति तं यमेभ्यो लोकेभ्य उन्निनीषत एष उ एवासाधुकर्मकारयति तं यमधो निनीषते ॥ इति ब्रह्मसूत्रे शांकरभाष्यम् ।

" એક પરમ સત્ય છે. મનુષ્યને પ્રત્યક્ષ થતાં રૂપ સર્વ અનૃત અને
" અસત્ય છે. વિધાયજ્ઞના યજમાનને પ્રત્યક્ષ થતો ઋતાંશ એક-
" દેશીય હોય છે માટે જ નવો ઋતાંશ પ્રાપ્ત થતાં બે અંશનો
" નવીનરૂપે સમુચ્ચય પ્રાપ્ત થાયછે. અને માટે જ તર્કની અપ્રતિષ્ઠા
" અને અનિત્યત્વ કહ્યાં છે. ઋતમ્ભર પ્રાજ્ઞને પ્રત્યક્ષ થતું ઋત-
" સ્વરૂપ સંપૂર્ણ અને સકલ છે, પણ સાવયવ છે; એ અવયવ ચંચળ
" છે, અને સર્વ બ્રહ્માણ્ડાદિની ઋતિ નિત્ય છે, પણ ઋતિવિષયભૂત
" અવયવોના સંબંધ નિત્ય નથી—જેમ આકાશમાં તારામંડળની ગતિ
" નિત્ય છે પણ તેમની ગતિના અવચ્છેદ નિત્ય નથી. લક્ષ્ય રૂપના
" અવયવભૂત મનુષ્યલોક ને ભૂતલોકનું લક્ષ્ય કલ્યાણ આ ઋતના પ્રાજ્ઞ
" સાક્ષીઓ જ જાણી શકેછે. અન્યને તે અલક્ષ્ય છે. સર્વ લક્ષ્ય યજ્ઞોના
" વિધિની શુદ્ધતા ઋતયજ્ઞથીજ પ્રાપ્ત કરાય છે. લક્ષ્ય અને અલક્ષ્યના
" અદ્વૈતનો યોગ પણ ઋતમ્ભર પ્રાજ્ઞો જ સંપૂર્ણ કળાથી પામી શકે છે.

" આ ઋતથી વિલક્ષણ પરમ નિત્ય સત્યનો યજ્ઞ તે બ્રહ્મયજ્ઞ અથવા
" સત્યયજ્ઞ કહ્યોછે. જેમ ઋતમ્ભરનો પ્રજ્ઞાલોક ભૂતાર્થવિષય છે તેમ
" આ સત્યદૃષ્ટિ આત્મવિષય છે. પરમ અલક્ષ્ય સૂક્ષ્મતમ બ્રહ્મ નિષ્કલ
" અને વિરજ અસિરૂપે સુવર્ણમય અને ઋતકોશમાં રહેલું છે[૨] એ
" બ્રહ્મરૂપ સત્યનું મુખ ઋતરૂપ સુવર્ણમય પાત્રથી ઢંકાયલું છે,[૩] તે ઋત
" યજ્ઞ અને સત્યયજ્ઞના સંયોગથી ઉઘાડવાનું છે. લક્ષ્ય અલક્ષ્ય પરાવર
" અને જીવસ્ફુલિંગનો ત્રિયોગ યોગ આ ઉભય યજ્ઞોના યોગથી જ
" થાય છે. લક્ષ્ય ધર્મ અને અલક્ષ્ય સત્યનો યોગ પણ આથી જ થાય
" છે. મહાત્માઓ પ્રથમ સર્વે લક્ષ્ય યજ્ઞોની કર્મ-સાધના કરી એ મહા-
" તપને અંતે ધ્યાનયોગ અને જ્ઞાનયોગનાં તપ કરે છે તેને અંતે તે
" તપ પૂર્ણકલાથી થઈ રહેતાં તેમાંથી ઋત અને સત્યનો ઉદય સાથે
" લાગો પ્રત્યક્ષ થાય છે માટે જ શ્રુતિવચન છે કે ઋતં ચ સત્યં ચાભીદ્ધા-
" त्तपसोऽध्यजायत[૪] ॥

---

૧. कूटस्थनित्यता पुरुषस्य । परिणामिनित्यता गुणानाम् । यस्मिन्परिणम-माने तत्वं न विहन्यते तन्नित्यम्। योगसूत्रे व्यासभाष्यम् ।

૨. ૩. ત્રીજો ભાગ પૃષ્ઠ ૧૨૦.

૪. જેમ બળતણનું ઈન્ધન-કાષ્ઠ-બરોબર સળગે ત્યારે તેમાંથી એક ભ-ડકાની અનેક જ્વાળાઓ થાય તેમ (યોગીનું) તપ સારી રીતે સળગ્યું ત્યારે ઋત અને સત્યની બે જ્વાળાઓ ધરનાર એક ભડકો એ તપનો પાસે ત્યક્ષ થયો.

" વૃક્ષશાખામાં જેમ બબે પાંદડાં સાથે સાથે ને સામાંસામી ઉગેછે અને
" તેની વચ્ચે ફલપુષ્પસમૃદ્ધિ આવે છે, તેમ તપોવૃક્ષની શાખામાં ઋત
" અને સત્ય સાથે સાથે ને સામાં સામાં ઉભાં રૂહે છે ને ફલપુષ્પને સ્થાને
" ધર્મ ઉદય પામે છે. તે કાળને પરિણામે સમાધિ ધર્મમેઘરૂપે ઉદય
" પામે છે અને જગતના કલ્યાણને માટે અનેક અમૃતધારાઓને એ
" મેઘ જગતના શિર ઉપર વર્ષેછે.[1] કૃતભોગાપવર્ગ એટલે કૃતકૃત્ય અને
" પુરુષાર્થશૂન્ય કાર્યકારણાત્મક ગુણોના પ્રતિપ્રસવે આવા મેઘોદયથી
" થાય છે અને ઋતયજ્ઞ સધાય છે.

" નવીનચંદ્રજી, આ ધર્મ સનાતન છે, એ સર્વ દેશકાલને માટે છે.
" માત્ર એ અસાધુજનને માટે નથી. જે સાધુજનો અધિકારક્રમે મઠય-
" ગ્રથી આરંભી ચ્હડશે તે બુદ્ધિમાન્ હશે તો કાળક્રમે પંચ્યમહાયજ્ઞ
" સાધી શકશે, લક્ષ્યાલક્ષ્યનો યોગ પામશે, પુનરાવૃત્તિ નહી પામે, અને
" પરમાનંદની સ્વાનુભૂતિ પામશે. ભગવાન્ બુદ્ધના દયાધર્મને સ્થાને આ-
" તિથેયધર્મની વ્યવસ્થા રચનારને સૂક્ષ્મ ઋતયજ્ઞની સાધનાના ફલોદયને
" કાળે આ યજ્ઞોની વ્યવસ્થાનો બોધ પ્રાપ્ત થયો છે. ઋત અને સત્યના
" ધર્મ અલક્ષ્ય-લક્ષ્ય-માર્ગમાંજ પ્રવર્તાવેલા છે. કેવળ યજ્ઞધર્મમાં અધ્યા-
" ત્મદૃષ્ટિ નથી, કેવળ વ્યવહારધર્મમાં સત્યદૃષ્ટિ નથી, અને કેવળ દયાધ-
" ર્મમાં ઋતદૃષ્ટિ નથી પણ માત્ર ગુણનિરપેક્ષ દયા જ છે. ઋત અને
" સત્યના અધ્યાત્મ અને સનાતન અગ્નિમાં સિદ્ધ કરેલાં આતિથેય અને
" યજ્ઞોની વ્યવસ્થા જ સર્વ લોકને અને સર્વ કાળને માટે છે.

" તમારા પ્રશ્નોના મુખ્ય ભાગનું સમાધાન આમાં આવી ગયું. પણ
" વિશેષ સાંભળો. સંસારીજનોમાં ધર્મશાસ્ત્રો અનેક છે, ને છે તેમને દેશ-

---

૧. यदायं ब्राह्मणः प्रसंख्यानेऽप्यकुसीदस्ततोपि न किंचित्प्रार्थयते तत्रापि विरक्तस्य सर्वथा विवेकख्यातिरेव भवतीति संस्कारबीजक्षयान्नास्य प्रत्ययान्तराण्युत्पद्यन्ते तदास्य धर्ममेघो नाम समाधिर्भवति । ततः क्लेशकर्मनिवृत्तिः । क्लेशकर्मनिवृत्तौ जीवन्नेव विद्वान् विमुक्तो भवति । सर्वैः क्लेशकर्मवरणैर्विमुक्तस्य ज्ञानस्यानन्त्यं भवति । ततस्तस्य धर्ममेघस्योदयात्कृतार्थानां गुणानां परिणामक्रमः परिसमाप्यते । कृतभोगापवर्गाणां पुरुषार्थशून्यानां यः प्रतिप्रसवः कार्यकारणात्मकानां गुणानां तत्कैवल्यं स्वरूपप्रतिष्ठा ॥ योगशास्त्रे व्यासभाष्यम् ॥

૨. પ્રસવ=પ્રસૂત-ફુલની કળી. પ્રતિપ્રસવ સામી ઉગેલી કળી.

" કાળ સર્વકળાથી સ્વીકારતો નથી. પણ સનાતન ધર્મનું લક્ષણ તો મનુ
" એ જ કહેલું છે કે—

" विद्वद्भिः सेवितः सद्भिर्नित्यमद्वेषरागिभिः ।
" हृदयेनाभ्यनुज्ञातो यो धर्मस्तं निबोधत ॥

" આમાં દેશકાળની તો શું પણ વેદવિધિની પણ મર્યાદા રાખી નથી.
" વિદ્વાન્ અને રાગદ્વેષહીન સાધુજન જે ધર્મનો કેવળ બોધ જ કરે છે
" એટલું નહી પણ જે ધર્મનું નિત્ય જાતે સેવન કરે છે તે જ ધર્મ શ્રેષ્ઠ
"કહ્યો. એ એવા સાધુજન તો મ્લેચ્છ કે શૂદ્રાદિમાં પણ હોય છે અને તેવા
" સાધુજન જેનું નિત્ય સેવન કરે તે ધર્મ–એ ધર્મને કોઈ શાસ્ત્રની અનુજ્ઞા
" પણ જોઈતી નથી. ધર્મવિચારક જે જાતે ઉક્તપ્રકારનો સાધુજન
" હોય તો આવા આચારને પોતાના હૃદયની અનુજ્ઞા છે કે નહી એટલું જ
" પુછવાનું તેને રહે છે, અને તે અનુજ્ઞા મળે તો પછી કશાની અપેક્ષા
" નથી. ચતુર્થાશ્રમીને માટે મનુએ જે વિધિ અને શાસ્ત્ર દર્શાવ્યાં છે તે જ
" આવા સાધુજને સેવવાનાં છે તે એ કે—

[1] " दृष्टिपूतं न्यसेत्पादं वस्त्रपूतं जलं पिबेत् ।
" सत्यपूतां वदेद्वाचं मनःपूतं समाचरेत् ॥

" સાધુજનોનાં મન-હૃદય સ્વયંપવિત્ર હોય છે અને તેમાં થઈને જે વિચાર
" અને ક્રિયાઓ નીકળે તેમની મલિનતા એમનાં મનના સ્પર્શથી જ સમજાઈ
" પ્રથમથી મળ પેઠે નીકળી ગયલી હોય છે. પાણી, ભસ્મ, અગ્નિ આદિથી
" જેમ વાસણને પવિત્ર કરીએ તેમ એમના મન વડે જ વિચાર અને
" આચાર પવિત્ર થાય છે. આવી રીતે મનઃપૂત આચરણને જ સાધુ-
' જનો હૃદયથી અનુમત કરે છે. પ્રથમ ઉક્ત પ્રકારના સાધુજનો જે
" આચરણનું નિત્ય સેવન કરતા હોય અને જેને કોઈ સાધુએ પોતે
" મનઃપૂત કરેલું હોય એવું આચરણ તે જ ધર્મ છે અને તે વિનાના
" ધર્મો શાસ્ત્રોમાં લખ્યા હોય તો પણ તે માત્ર સૂચનારૂપ ગણવાના છે;
" કારણ સાધુજનને આજ્ઞા કરવાનો અધિકાર તેના મન વિના બીજા
" કોઈને નથી.

" સાધુજનો વિહારમઠમાં હોય છે તો પણ ત્યાગી છે. ત્યાગી હોય
" તોપણ તેને શિર પંચમહાયજ્ઞના ધર્મ છે. ત્રસરેણુક જીવનથી વિહાર-

---

૧. દૃષ્ટિથી શુદ્ધિ કરી પગ મુકવો, વસ્ત્રથી શુદ્ધ કરી જળ પીવું, સત્યથી શુદ્ધ કરી વાણી ઉચ્ચારવી, અને મનથી શુદ્ધ કરી આચરણ આચરવું.—મનુ.

" મઠમાં રહી ધર્મસહચર જીવનો અદ્વૈતસહચારવડે એ ધર્મ પાળવો કે
" બીજા બે મઠમાં કુમારીના કંકણ જેવું જીવન રાખી પાળવો તેનો
" નિર્ણય કરવામાં કોઈ કામકામી કે કામદ્વેષી નથી થતું. સાધુજનો
" સ્વભાવથી બ્રહ્મચારી રૂહે છે તેને ત્રસરેણુકજીવનમાં આકર્ષવા કે નહી,
" એ અલખ મદનાવતારના અધિકારની વાત છે. પ્રાચીનકાળમાં ચાર
" આશ્રમ ઉત્તરોત્તર ક્રમથી વિહિત હતા. પણ મનુએ કહેલું છે કે યુગે
" યુગે યુગહ્રાસાનુરૂપ ધર્મવૈલક્ષણ્ય[૨] પ્રાપ્ત થાય છે. આ યુગમાં ચાર
" આશ્રમ અનુકૂળ નથી. માટે લક્ષ્યધર્મમાં બે આશ્રમ કહેલા છે–એક
" સંસારી જનોનો અને બીજો સાધુજનોનો. બ્રહ્મચર્ય અને સંન્યસ્તને
" સ્થાને આ મઠ છે. વાનપ્રસ્થને સ્થાને વિહારમઠ છે. અને કન્યાઓ,
" સ્થૂલશરીરે વિધવાઓ પણ સૂક્ષ્મ શરીરે સધવાઓ, અને પ્રવ્રજિ-
" તાઓ—એ સર્વની વ્યવસ્થા ત્રીજા મઠમાં થાય છે. એ સર્વનાં સામાન્ય
" લક્ષણ બે છે. તેમાં પ્રથમ લક્ષણ અહંતામાં અને મમતામાં વિરક્તિ,
" અને બીજું લક્ષણ સ્વભાવસાધુતા છે.

" વાનપ્રસ્થને વિષયે મનુએ કહેલું છે કે—

[૩]" गृहस्थस्तु यदा पश्येद्वलीपलितमात्मनः ।
" अपत्यस्यैव चापत्यं तदारण्यं समाश्रयेत् ॥
" संत्यज्य ग्राम्यमाहारं सर्वं चैव परिच्छदम् ।
" पुत्रेषु भार्यां निक्षिप्य वनं गच्छेत्सहैव वा ॥
" अप्रयत्नः सुखार्थेषु ब्रह्मचारी धराशयः ।
" शरण्येष्वममश्चैव वृक्षमूलनिकेतनः ॥

---

૧. સત્યયુગના એક અંશનો હ્રાસ એટલે ક્ષય થતાં બીજો યુગ, તેમાંથી હ્રાસ થતાં ત્રીજો, અને તેમાંથી હ્રાસ થતાં ચોથો કલિયુગ એવી યોજના છે.
૨. ધર્મની વિલક્ષણતા; યુગે યુગે ધર્મોનું જુદાપણું.
૩. જ્યારે પોતાને શરીરે કરચલીઓ અને માથે વળીયાં જણાય અને અપત્યનું અપત્ય દૃષ્ટ થાય ત્યારે ગૃહસ્થે અરણ્યમાં જવું. સર્વ ગ્રામ્ય આહારનો અને વસ્ત્રોનો ત્યાગ કરીને, અને ભાર્યા પુત્રને સોંપી અથવા સાથેજ લેઈ વનમાં જવું. ત્યાં સુખાર્થમાં અપ્રયત્ન રહેવું, બ્રહ્મચારી રહેવું, પૃથ્વી ઉપર સુવું, નિવાસસ્થાનમાં મમતા ન રાખવી, અને વૃક્ષોનાં મૂળ આગળ સુવું. મનુ.

" અને ચતુર્થાશ્રમનેવિષયે તે કૂહે છે કે તૃતીયાશ્રમ પુરો કરી
" ચતુર્થ લેવો, અને તે લેવાનો અધિકાર અનધિકાર વિચારતાં
" કૂહે છે કે.—

[1] " ऋणानि त्रीण्यपाकृत्य मनो मोक्षे निवेशयेत् ।
" अनपाकृत्य मोक्षं तु सेवमानो व्रजत्यधः ॥

" અન્ય આશ્રમોમાંથી પણ પરભાર્યા ચતુર્થાશ્રમ લેવાનો માર્ગ જા-
" બાલશ્રુતિ દર્શાવે છે કે—

[2] " ब्रह्मचर्यं समाप्य गृही भवेद्गृही भूत्वा वनी भवेद्वनी भूत्वा प्रव्रजेदितरथा
" ब्रह्मचर्यादेव प्रव्रजेद्गृहाद्वा वनाद्वा ॥

" ગૃહસ્થને ત્યાગી થવાનો અધિકાર ત્રણ ઋણમાંથી મુક્ત થયા વિના
" નથી ભણતો એ કહ્યું. બ્રહ્મચારીને અને વનસ્થને એ અધિકાર મેળ-
" વવાનો માર્ગ મનુ જ કૂહે છે કે—

[3] " प्राजापत्यां निरूप्येष्टिं सर्ववेदसदक्षिणाम् ।
" आत्मन्यग्नीन् समारोप्य ब्राह्मणः प्रव्रजेद्गृहात् ॥
" यो दत्त्वा सर्वभूतेभ्यः प्रव्रजत्यभयं गृहात् ।
" तस्य तेजोमया लोका भवन्ति ब्रह्मवादिनः ॥

" આ સર્વ વાક્યોમાં વાનપ્રસ્થ તેમ સંન્યાસને માટે અધિકાર કહેલા
" છે તેમાંથી ગમે તે રીતે ગમે તે દ્વારે આ યુગનો મનુષ્ય એ એમાંથી
" એક આશ્રમનો અધિકારી થાય તે આપણા મઠનો અધિકારી થાય,
" એમાં તો નવાઈ જ નથી. પણ કેવળ બ્રહ્મચારી પણ નિરહંકાર અને
" નિર્મળ હોય તો અધિકારી થાય છે. પણ આમાંના કેટલાક વિષયમાં
"અંહીનો સંપ્રદાય ભિન્ન છે. જેમ કે ગૃહસ્થ ત્રણ ઋણમાંથી અનૃણી

---

૧. ત્રણ ઋણ એટલે દેવામાંથી મુક્ત થઈ પછી મોક્ષમાં મન કરવું એમ મુક્ત થયા વિના જે મોક્ષનું સેવન કરે છે તે અધોગતિ પામે છે: મનુ.

૨. બ્રહ્મચર્યને સમાપ્ત કરી ગૃહી થવું, ગૃહી થઈ વની એટલે વાનપ્રસ્થ થવું, વની થઈ પ્રવ્રજિત થવું, અથવા બ્રહ્મચર્યમાંથી, ગૃહમાંથી, કે વનમાંથી પ્રવ્રજિત થવું.

૩. સર્વ વેદોવડે દક્ષિણા સહિત પ્રાજાપત્ય યજ્ઞનું નિરૂપણ કરી અને અગ્નિઓનું આત્મામાં સમારોપણ કરી, બ્રાહ્મણે ગૃહમાંથી પ્રવ્રજિત થવું. સર્વ ભૂતોને દાન કરી દેઈ ભયવિના ગૃહમાંથી જે બ્રહ્મવાદી પ્રવ્રજિત થાય છે તે તેજોમય લોકને પામે છે: મનુ.

" થઈ પછી ત્યાગી થવાનું ઉપર લખ્યું છે ને સ્વાધ્યાય, પુત્રોત્પાદન
" અને યજ્ઞ, એ ત્રણને ત્રણ ઋણ ગણેલાં છે. તેને સ્થાને લક્ષ્યધર્મની
" વ્યવસ્થામાં પુત્રોત્પાદનને ઋણ નથી ગણ્યું. અદ્વૈત થયલાં દમ્પતીની
" તો પુત્રવાસના હોય તો બેની હોય; તેમાં તો વાસના જાતે જ આ
" ઋણમાંથી મુક્ત કરાવવા પ્રત્યક્ષ છે તો પછી ઋણાનૃણ્યનો વિચાર બાકી
" રૂહેતો નથી. આતિથેય ધર્મ પાળનાર સંસારી દમ્પતીયેાનાં પરસ્પર
" ઋણ તો આતિથેયધર્મથી નિર્ણીત થાય છે અને મનુષ્યયજ્ઞમાં તેનો
" અંતર્ભાવ છે; માટે ત્યાગના પ્રસંગમાં પુત્રોત્પાદનનો ઋણવિચાર પ્રાપ્ત
" થતો જ નથી. બાકીનાં બે ઋણ જે સ્વાધ્યાય અને યજ્ઞ કહ્યાં તે તો
" અલખદીક્ષા પછી પણ સાધવાનાં છે. માટે આ ઋણવ્યવસ્થાની
" સાધુજનોએ ઉપેક્ષા કરી છે.

" પણ આ મઠને માટે અધિકારી થવાને સંસારીએ ત્રણ ઋણમાંથી
" અનૃણી થવું જોઈએ એટલી વ્યવસ્થા સ્વીકારી લક્ષ્યધર્મમાં એ ઋણનાં
" લક્ષણ જુદાં બતાવ્યાં છે. હૃદયનો સાધુજન સંસારી હોય તોપણ તેને
" પંચયજ્ઞ વિના બીજો ધર્મ નથી, બીજું ઋણ નથી. તેમાંથી મઠયજ્ઞ,
" દેવયજ્ઞ, અને બ્રહ્મયજ્ઞ તો અલખદીક્ષા પછી જ ઉત્તમ રીતે સધાય
" એવા છે. પણ મનુષ્યયજ્ઞ અને ભૂતયજ્ઞનું સમર્થન કંઈક રીતે આ
" મઠમાં અધિક થાય છે તો કેટલીક રીતે સંસારમાં વધારે થાય
" છે. આકારકઅતિથિયજ્ઞમાંના પિતૃયજ્ઞનો કોઈ આવશ્યક વિધિ
" બાકી રહી ગયો હોય અથવા આકારક પત્ની કે પતિના આતિ-
" થેયનું કોઈ કાર્ય બાકી હોય અને તે પત્ની કે પતિ મઠમાં સહચાર
" કરવાની વાસનાવાળાં ન હોય તો તે એટલો અતિથિયજ્ઞ ઋણ ગણી
" તેની પૂર્ણાહુતિ સંસારમાં રહીને જ કરવી યોગ્ય છે. તેમજ માતૃભૂ-
" મિનું કે મનુષ્યલોકનું કલ્યાણ સંસારના અને સાંસારિક પદાર્થોના આશ્રય-
" થી જ થાય એમ હોય તો તે વિષયે પોતાની કલ્યાણશક્તિનો વિચાર
" કરી એ આકારકઅતિથિયજ્ઞ પણ સંસારમાં રહીને જ કરવાનો ધર્મ
" છે. આમન્ત્રિત અતિથિના આતિથેયની પૂર્ણાહુતિ તો સંસારી સંસા-
" રમાં જ રહીને કરી શકે અને તેની પૂર્ણાહુતિ સુધી એ ઋણમાંથી મુક્ત
" થવાતું નથી. આગન્તુક અતિથિનું આતિથેય તો અન્ય યજ્ઞકાર્ય પ્રાપ્ત
" થતા સાથેજ સમાપ્ત થાય છે. ભૂતયજ્ઞનું ઋણ માતૃભૂમિના ને મનુષ્ય-
" લોકના યજ્ઞના ઋણનું સધર્મ છે, અને એ સર્વનાં ઋણમાંથી મુક્ત થ-
" વાનું શાસન એક જ પ્રકારનું છે. આ પ્રમાણે સંસારીને શિર આકારક-

" તિથિયજ્ઞ, આમન્ત્રિતાતિથિયજ્ઞ, અને ભૂતયજ્ઞ—એ ત્રણનાં ઋણ-
" માંથી મુક્ત થયા વિના મહયજ્ઞનો અધિકાર પ્રાપ્ત થતો નથી, કારણ
" આ ત્રણે પ્રકારે અનૃણી ન થયેલાં મનુષ્યનાં સૂક્ષ્મ શરીર સાધુસં-
" સ્કારને માટે અસિદ્ધ હોય છે એટલું જ નહી, પણ મનુષ્યયજ્ઞ અને
" ભૂતયજ્ઞને આવી રીતે અસમાપ્ત રાખવાથી મનુષ્યલોકની અને ભૂતસં-
" ઘની દુઃસ્થિતિ પ્રાપ્ત થાય છે, તેમ થવાથી લક્ષ્યપરમાત્માના પરમયજ્ઞમાં
" વિઘ્ન આવે છે, અને તેથી જ મનુષ્યનો ભૂતસંઘમાં અંતર્ભાવ કરી તમને
" કહ્યા પ્રમાણે મનુએ કહ્યું છે કે સર્વ ભૂતોને દાન કરીને જ પ્રવ્રજ્યા ઘટે
" છે. એ દાન તે, ઘરને તાળું વાસી નીકળ્યાથી, નથી થતું, પણ ઘરમાંની
" વસ્તુઓનો યથાવિધિ ભૂતયજ્ઞ કર્યાથી થાય છે ! આ પ્રમાણે સંસારસ્થના
" આશ્રમનું પાલન સર્વ આશ્રમનો આધાર હોવાથી જ મનુ કહી ગયા
" છે કે—

[1] " यथा नदीनदाः सर्वे सागरे यान्ति संस्थितिम् ।
" तथैवाश्रमिणः सर्वे गृहस्थे यान्ति संस्थितिम् ॥

" લક્ષ્ય ધર્મમાં તો એટલે સુધી કહેલું છે કે મનુષ્યયજ્ઞના કોઈ મહાન્
" સમારમ્ભને માટે આવશ્યક હોય તો સાધુજન સંસારીયોમાં સંસારીવત્
" એટલો કાળ આચરણ કરે અને કન્થાદિની ઉપેક્ષા કરે તો પણ ધર્મ્ય છે.
" કારણ ન લિઙ્ગં ધર્મકારણમ્. સાધુજનનાં સર્વ ધર્મનું રહસ્ય જે નિષ્કામ
" પંચમહાયજ્ઞ તે તમને સ્પષ્ટ દર્શાવ્યા. સંસારી શાસ્ત્રમાં અગ્નિ વિનાનો
" યજ્ઞ નથી, પણ આપણામાં તો સાધુજન સંસારનો ત્યાગ કરી આ
" મઠોમાં આવે તે પળથી જ સર્વ અગ્નિનો સમારોપ આત્મવસ્તુમાં જ
" કરે છે.

[2] " आत्मन्यग्नीन् समारोप्य जुह्वीतात्मानमात्मना ॥

" અને લક્ષ્યધર્મસંગ્રહથી અને સર્વ શાસ્ત્રોથી પણ જે સાધુજનની બુદ્ધિ
" આગળ ચાલે તેને માટે તો એવો ઉત્તમોત્તમાધિકાર છે કે—

[3] " संत्यज्य सर्वशास्त्राणि संत्यज्यामुं च संग्रहम् ।
" ऋतपूतं मनःपूतं सत्यपूतं समाचरेत् ॥

---

૧. નદીઓ અને નદો સર્વ જેમ સાગરમાં સંસ્થિતિ પામે છે તેમ સર્વ આશ્રમીઓ ગૃહસ્થાશ્રમીમાં સંસ્થિતિ પામે છે.

૨. યજ્ઞના અગ્નિઓનું પોતાના આત્મામાં સમારોપણ કરી, આત્માવડે આત્માનો હોમ કરવો. ૩. (આવા અધિકારીયે) સર્વ શાસ્ત્રોનો તો શું પણ

[૧] " यत्र यत्र न्यसेत्पादं पश्येच्छृण्वीत वा वदेत् ।
" आत्माग्नियजमानोऽयं तत्र तत्रातिथिर्विराट् ॥

" હવે માત્ર આ યજ્ઞકર્ત્તાઓનાં દૃષ્ટાંત આપવાં રહ્યાં તે સાંભળો. આ-
" પણા ત્રિમૂર્ત્તિ દેવોમાં પ્રથમ બ્રહ્મા; તેમણે આમન્ત્રિતઅતિથિરૂપની
" સૃષ્ટિ ઉત્પન્ન કરી અને કર્યા જાય છે. આ સૃષ્ટિ મનુષ્યાદિ સર્વ જન્તુ
" સમેત છે. તે બ્રહ્મદેવનો આમન્ત્રિત અતિથિગણ છે. તેમને માટે બ્રહ્મા
" પુત્રયજ્ઞ કર્યા કરે છે, જેને ઉત્પન્ન કરે તેને તેજ પળથી યજ્ઞસમર્થ
" અને યજ્ઞસામગ્રીથી સંભૃત કરવાનો પ્રયોગ રચે છે. ગર્ભને માટે
" ગર્ભાશયમાં, બાલકને માટે ધાવણમાં, સંતતિને માટે માતાપિતાની પ્રીતિમાં,
" સંસારવૃદ્ધિને માટે યુવજનના મદનાવતારમાં, અજ્ઞ સંસારના ઉદ્બોધનને
" માટે સાધુજનોના અલખબોધનમાં, અને એવાં અસંખ્ય સ્થાનોમાં
" ઉત્પન્ન સૃષ્ટિના નિર્વાહ, સંસિદ્ધિ, અને ઉદ્ધાર માટે સામગ્રીઓ અને
" શક્તિયો બ્રહ્મદેવ ભરી રાખે છે, તે પછી તેઓ નિષ્કામ રૂહે છે,
" અને વિષ્ણુના હાથમાં સર્વ સૃષ્ટિ સોંપી દેઈ પોતે તટસ્થ રૂહે છે,
" અને અન્ય દેવોની પૂજા સર્વ કરે છે ત્યારે બ્રહ્માએ પોતાની પૂજા
" કરાવવાનો ઉત્સાહ કોઇનામાં સૂજ્યો નથી તો તેમનાં મન્દિર તો
" ક્યાંથી હોય ? સર્વદા સમસ્ત બ્રહ્માંડમાં બ્રહ્માનો પુત્રયજ્ઞ આમ જ્વ-
" લમાન થઈ રહ્યો છે. એ પિતા કોઇની પાસે પિતૃયજ્ઞ કરાવતા નથી.

" વિષ્ણુના હાથમાં સૃષ્ટિ આવી એટલે તેમણે અવતારો લેઈ યજ્ઞ
" કરવા માંડ્યા. પ્રથમ પાંચ અવતારમાં તેમણે યજ્ઞસામગ્રી સંભૃત કરી.
" કચ્છપાવતારે દેવોનાં સૂક્ષ્મ શરીરને અમૃત આપી યજ્ઞપશુને સંવર્દ્ધિત
" કર્યો. મત્સ્યાવતારે યજ્ઞને માટે વેદવિધિનો ઉદ્ધાર કર્યો. નરસિંહાવતારે
" પિતાને હાથે મૃત્યુ પામતા પ્રહ્લાદનાં શરીરરૂપ વેદીનું પાલન કર્યું.
" વરાહે એ વેદીને સ્થાન આપનારી પૃથ્વીનું પાલન કર્યું. યજ્ઞસામગ્રી-
" થી ભરેલી એ વસુંધરાનું માપ લેઈ તેનો યથેચ્છ ઉપયોગ કરવાની
" શક્તિ વામને દેવોને આપી.

" યજ્ઞસામગ્રી આમ અનેક અંગે તત્પર થઈ એટલે પરશુરામે વિ-
" ઘાયજ્ઞ અને અલક્ષ્યયજ્ઞોની ઋદ્ધિમાટે ઉદ્રિક્ત ક્ષત્રિયોનો નાશ કર્યો.

આ લક્ષ્યધર્મસંગ્રહનો પણ ત્યાગ કરીને ઋતપૂત, મનઃપૂત અને સત્યપૂત એમ ત્રણ ગળણે ગળેલું આચરણ આચરવું. [૧] એક આત્માગ્નિનો જ યજ્ઞ સાધનાર આ યજમાન જ્યાં જ્યાં પગ મુકે કે કંઈ સાંભળે કે કંઈ બોલે ત્યાં ત્યાં વિરાટ પોતે તેના અતિથિ થાય છે.

" આ ઋદ્ધિથી સમૃદ્ધિ થયલા ઋષિઓ પાસેથી યજ્ઞવિધિ જાણી લેઈ
" શ્રીરામચંદ્રજીએ સૂક્ષ્મ ધર્મોથી સંભૃત કરેલો પિતૃયજ્ઞ કર્યો, અને સી-
" તાને માટે પ્રીતિયજ્ઞ કરવા તેને વનમાં સાથે લેઈ ગયા અને રાક્ષસ-
" રાજ સાથે યુદ્ધ કર્યો. દશરથજીનું વચન સત્યપ્રતિજ્ઞ કર્યું. કૌશલ્યાને
" સાથે આવતાં રોકયાં ત્યારે સીતાને સાથે લીધાં, અને એજ સીતાના
" પ્રીતિયજ્ઞની પૂર્ણાહુતિ થઈ ત્યાં આકારકઅતિથિરૂપ સ્વપ્રજ્ઞ તેની
" તૃપ્તિને માટે માતૃભૂમિયજ્ઞ કરી પોતાના અર્ધાંગ સીતાને અદ્વૈતપ્રીતિના
" અધિકારથી તેમાં હોમ્યાં ને તેમને વનવાસ આપ્યો. તે પછી કૃષ્ણાવતારમાં
" શ્રીકૃષ્ણપરમાત્માએ અનેક મહાયજ્ઞ કર્યા. પિતામાતાને માટે પરાક્રમ
" કરી તેમને રાજ્ય આપી પિતૃયજ્ઞ કર્યો. મધુપુરીને દુષ્ટ અસુરોના ત્રાસ-
" માંથી મુક્ત કરી સ્વભૂમિયજ્ઞ કર્યો. પાંડવોને વિજય આપી લોકનું કલ્યાણ
" કરી લોકયજ્ઞ કર્યો. અર્જુનને અનેક વિદ્યાઓ અનેક સ્થાનમાંથી
" અપાવી તેની પાસે વિદ્યાયજ્ઞ કરાવ્યા. અર્જુનને વૈરાટ સ્વરૂપ
" પ્રત્યક્ષ કરાવી ઋતયજ્ઞ કર્યો અને ગીતા ઉપદેશી સત્યયજ્ઞ કર્યો.
" આમન્ત્રિત પત્નીયજ્ઞ તો અનેક નારીઓના એ સ્વામીને ત્યાં નિત્ય
" થતા. તે પછી બુદ્ધાવતારે દયાયજ્ઞની જ્વાલાઓ સર્વ ભૂતળમાં સર્વ
" ભૂતોને માટે પ્રવર્ત્તાવી. વિષ્ણુપરમાત્માના જે જે અવતારમાં મનુષ્ય-
" યજ્ઞ થયા તે તે અવતારમાં મહાલક્ષ્મી સાથે જ અવતરતાં, અને
" જન્મેજન્મ એ ઉભયનો પ્રીતિયજ્ઞ અદ્વૈતરૂપે જ્વલમાન થતો. સર્વને
" અંતે વિષ્ણુનું કાર્ય સમાપ્ત થતાં, સંહારકર્મથી સંસાર શ્મશાનરૂપ થતાં,
" તે શ્મશાનમાં શિવરૂપ પરમાત્મા એકાંતે અલક્ષ્ય સત્ય જે બ્રહ્મ તેમાં
" સમાધિસ્થ થઈ પરમ બ્રહ્મયજ્ઞ સાધે છે. એ સર્વ યજ્ઞોમાં યજ્ઞોની વિશ્વ-
" વ્યાપિની જ્વાલાઓરૂપે મહાશક્તિ આ ત્રણે દેવોની સાથે ધર્મ-
" સહચાર કરે છે, બ્રહ્મા સાથે વિધાત્રી કૃત્ય કરેછે, વિષ્ણુ સાથે મહા-
" લક્ષ્મી કૃત્ય કરેછે, અને શંકર સાથે ચંડી કૃત્ય કરેછે.

" વિશ્વરૂપમાં આ પુરુષયજ્ઞ મચી રહ્યો છે. તેમાંથી સાધુજનો દૃષ્ટાંત
" લે છે અને પોતાના ઇષ્ટ યજ્ઞ શક્તિ અને સ્થિતિ પ્રમાણે સાધે છે. લક્ષ્ય-
" પરમાત્માના પદનખમાંથી નીકળતી સંસારગંગાના પ્રવાહમાં કોઈ જીવની
" સ્થિતિ મૂળ આગળ, તો કોઈની મુખ આગળ હોય છે; કોઈની
" સ્થિતિ પ્રવાહને તળીયે હોય છે તો બીજાની મધ્યભાગમાં હોય છે
" અને ત્રીજાની સ્થિતિ પ્રવાહના તરંગના શિરોભાગ ઉપર હોય છે.
" આ પ્રવાહના જે ભાગમાં જે જીવ પોતાની સ્થિતિ જુવે તે ભાગની

" અપેક્ષા પ્રમાણે તે જીવના ધર્મ રચાય છે, અને આ ધર્મ પ્રમાણેના
" યજ્ઞ એ જીવને પ્રાપ્ત થાય છે. આ ધર્મવિશેષને પ્રવાહપતિત ધર્મ
" કહ્યો છે ને યજ્ઞવિશેષને પ્રવાહોત્થ યજ્ઞ કહ્યા છે. નવીનચંદ્રજી, દૃષ્ટાંત
" સહિત તમને લક્ષ્ય ધર્મના આ મર્મભાગ કહ્યા, શેષ મૂળ ગ્રન્થમાંથી
" લેઈ શકશો, અને તમારા પ્રવાહપતિત ધર્મ અને પ્રવાહોત્થ યજ્ઞ
" તમારે જાતે જ શોધી લેવાના છે. આપણા મહાયજ્ઞ એ જ આપણા
" ધર્મ અને એજ આપણાં પ્રાયશ્ચિત્ત; તેમાંથી તમારે માટે શાનું ગ્રહણ
" કરવું તે પ્રશ્નનો ઉત્તર તમે તમારા પોતાની હૃદયશુદ્ધિને બળે મનઃ-
" પૂત કરી લેજો. ચિરંજીવશૃંગ તમારાં સ્થૂલસૂક્ષ્મ શરીરમાંનાં વેદીપશુ-
" રૂપ ઉત્તમાવયવોનું ઉત્તમયજ્ઞ માટે આપ્યાયન કરશે. आप्यायन्तु ममाङ्गानि
" એ મન્ત્ર તો તમે નિત્ય સાંભળો છો. વેદી અને પશુના આપ્યાયનની
" સમાપ્તિ જે યજ્ઞચર્યાનું કારણ છે તે ચર્યા તમને પ્રાપ્ત હો! નવીન-
" ચંદ્રજી, આ જ યજ્ઞચર્યા, આ જ બ્રહ્મચર્યા, આ જ ધર્મચર્યા, અને
" આ જ ઉત્તમ ભદ્ર છે. એ જ ઋત છે, એ જ સત્ય છે, એ જ સંપ્ર-
" સાદ છે, એ જ આત્મા છે, એ જ પરમાત્મા છે, એ જ અદ્વૈત સેતુ છે,
" એ જ આપણે પામીયે છીયે.

" [1]अथ य एष संप्रसादोऽस्माच्छरीरात्समुत्थाय परं ज्योतिरुपसंपद्य स्वेन
" रूपेणाभिनिष्पद्यत एष आत्मेति होवाचेदममृतमभयमेतद्ब्रह्मेति तस्य ह वा एतस्य
" ब्रह्मणो नाम सत्यमिति ॥

" अथ य आत्मा स सेतुर्विधृतिरेषां लोकानामसंभेदाय नैतँ सेतुमहोरात्रे
" तरतो न जरा न मृत्युर्न शोको न सुकृतं न दुष्कृतं सर्वे पाप्मानोऽतो
" निवर्तन्तेऽपहतपाप्मा ह्येष ब्रह्मलोकः ॥

---

1. હવે જે આ સંપ્રસાદ નામનો જીવાત્મા આ શરીરમાંથી ઉત્થાન પામી, પરમજ્યોતિને પ્રાપ્ત થઈ, પોતાના રૂપને પામેછે. તે આત્મા એમ તેણે કહ્યું. વળી કહ્યું કે અમૃત તે એ, અભય તે એ, બ્રહ્મ તે એ, અને એ બ્રહ્મનું નામ સત્ય છે. હવે આ સર્વ લોકનો નાશ થાય નહી માટે તેમને ધર્યે આધારભૂત પુલ છે. જે આ આત્મા તે એ પુલ છે, આધાર છે. લોક જેને રાત્રિ દિવસ કહેછે તે દ્વન્દ્વ આ પુલસુધી પહોચી શકતું નથી; વૃદ્ધાવસ્થા પણ ત્યાં સુધી પહોચતી નથી; તેમજ મૃત્યુ કે શોક કે સુકૃત કે દુષ્કૃત આ પુલને પામતાં નથી. સર્વ પાપ આ પુલ આગળથી પાછાં હઠે છે, કારણ બ્રહ્મ લોકમાં પાપનો નાશ જ છે. આ લોકને જેઓ બ્રહ્મચર્યથી શોધે છે તેમનો જ બ્રહ્મલોક થાયછે ને તેમનો જ કામચાર થાયછે. હવે લોક જેને યજ્ઞ કહેછે તે આ બ્રહ્મચર્ય જ છે ને જે જ્ઞાતા છે, તે તેને બ્રહ્મચર્ય વડેજ

" तद्य एवैतं लोकं ब्रह्मचर्येणानुविन्दन्ति तेषामेवैष ब्रह्मलोकस्तेषां सर्वेषु
" लोकेषु कामचारो भवति ॥

" अथ यद्यज्ञ इत्याचक्षते ब्रह्मचर्यमेव तद्ब्रह्मचर्येण ह्येव यो ज्ञाता तं विन्द-
" तेऽथ यदिष्टमित्याचक्षते ब्रह्मचर्यमेव तत् ब्रह्मचर्येण ह्येवेष्ट्वाऽऽत्मानमनुवि-
" न्दते ॥ अथ यत्सत्रायणमित्याचक्षते ब्रह्मचर्यमेव तद्ब्रह्मचर्येण ह्येव सत आ-
" त्मनस्त्राणं विन्दतेऽथ यन्मौनमित्याचक्षते ब्रह्मचर्यमेव तद्ब्रह्मचर्येण ह्येवाऽऽ
" त्मानमनुविद्य मनुते ॥

" આ યજ્ઞ, આ સત્ય, આ બ્રહ્મ, આ યજ્ઞચર્યા, આ સત્યચર્યા, આ
" બ્રહ્મચર્યા, ઉત્તમાધિકારી સાધુજનોમાં છે, ઉત્તમાધિકારીણી સાધ્વી-
" યોમાં છે, આ દેહમાં છે, આ મઠમાં છે, આ સર્વમાં છે—એ પરમ
" અલક્ષ્ય પરાવર પ્રત્યક્ષાનુભવરૂપે સર્વ ઉત્તમાધિકારીયોને પ્રાપ્ત થાવ !
" ઓં શાન્તિ ! "

વિષ્ણુદાસજીએ સાધુ સાધ્વીઓને ઉંચો હાથ કરી આ આશીર્વાદ આપી મૌન ધાર્યું. બ્હાર મન્દિરમાં શંખનાદ થયો. તેની સાથે સર્વ મંડળ ઉઠ્યું. સહુની આગળ વિહારપુરી અને ચંદ્રાવલી સજોડે ચાલ્યાં. તેની પાછળ સાધ્વીઓનાં જોડકાં, કુમુદને આગળ કરી, ચાલ્યાં. તેમની પાછળ ચાર પાંચ હાથને છેટે વિષ્ણુદાસ ચાલતા હતા. તેમની પાછળ સરસ્વતીચંદ્ર, અને તેની પાછળ સાધુજનોનાં જોડકાં ચાલતાં હતાં. વિહારપુરી અને ચન્દ્રાવલી કંઇક ઉંચે પણ ધીર મન્દ મધુર સ્વરે હારમોંડે સ્તોત્ર ગાતાં હતાં અને સાધ્વીઓ મધુર ઝીણે સ્વરે ઝીલતી હતી. વિષ્ણુદાસ અને સાધુઓ મનમાં ગાતા ગાતા બોલ્યાવિના ચાલતા હતા. મન્દિરની ઓસરીનું દ્વાર આવ્યું ત્યાં સર્વ ઉભાં રહ્યાં અને સ્તોત્ર પુરું કર્યું. ઓસરીમાં ચાલી વાડામાંથી અદૃશ્ય થયાં ત્યાં વિષ્ણુદાસના જયની ધુમો પડી અને અંતે સર્વ પાસ સાધુઓ અને સાધ્વીઓ સર્વની સંગત ધુમો પડી કે " નન્દકો નન્દન એક આનન્દ દેત હય!" શંખનાદ અને ઘંટાનાદ તેમ ભળ્યા, અને પળવાર ઉપર વિષ્ણુદાસે જે સ્થાને ગમ્ભીર ઉપદેશ કર્યો

પ્રાપ્ત કરેછે. લોક જેને ઇષ્ટિ કહેછે તે આ બ્રહ્મચર્ય જ. બ્રહ્મચર્યથીજ ઇષ્ટિ કરી જ્ઞાતા આત્માને પામેછે. અનેક યજમાનો મળી સત્વસ્તુનું ત્રાણ કરવા યજ્ઞ કરેછે તે યજ્ઞનું નામ સત્રાયણ કહેવાય છે—હવે લોક જેને સત્રાયણ કહે છે તે આ બ્રહ્મચર્ય જ છે. બ્રહ્મચર્ય વડેજ સદ્વસ્તુ જે આત્મા છે તેનું જ્ઞાતા ત્રાણ કરે છે. વળી લોક જેને મૌન કહે છે તે પણ બ્રહ્મચર્યજ છે. બ્રહ્મચર્ય વડેજ જાણી લીધેલા આત્માનું જ્ઞાતો ધ્યાન ધરેછે:—છાન્દોગ્ય ઉપનિષદ્.

હતો ત્યાં માત્ર પૃથ્વી, વૃક્ષો, લતાઓ, શિલાઓ, ઝરા, અને પક્ષીયો ગમ્ભીરતાની સર્વવ્યાપિની એકાકાર છાયાઓ રહ્યાં:

પ્રકરણ ૨૬.

ચિરંજીવશૃંગનાં શિખર ઉપર ચન્દ્રોદય.



ચિરંજીવશૃંગ સુન્દરગિરિના સર્વ શૃંગોમાં ઉંચામાં ઉંચું હતું અને યદુશૃંગની પાછળ આવેલું હતું. છતાં યદુશૃંગ અને ચિરંજીવશૃંગ વચ્ચે ઉંચાનીચા ખડકોમાં, ખીણોમાં, અને ઝાડો ને તાડોનાં જંગલોમાં, થઈને જવાનો એ કલાકનો માર્ગ હતો; એ શૃંગના શિખર ઉપર એક મહાન્ ગોળ કીલ્લા જેવી પણ સ્વાભાવિક ખડકોની ભીંત હતી, અને એ ગોળ ભીંતની વચ્ચે પૂહાડના પથરાઓમાં મ્હોટી મ્હોટી ગુફાઓ હતી. આમાંની કેટલીક ગુફાઓ સ્વાભાવિક હતી અને કેટલીક મનુષ્યની કારીગરીએ કોતરી કૂંહાડી હતી. આવી આશરે પચાશ પોણોસો ગુફાઓ હશે. તેની વચ્ચે એક નિર્મળ અને મીઠા પાણીનો સાંકડો ઝરો વરસાદના આધાર વિના બારેમાસ રૂહેતો. અને તેની આશપાસ ઉંચા પથરા આવેલા હોવાથી તેમાં સૂર્યનો પ્રકાશ જતો, પણ તડકો તો ખરા મધ્યાન્હે પણ જઈ શકતો ન હતો. એ ઝરો દશ પંદર ગુફાઓની વચ્ચે થઈને વ્હેતો, એક બે ગુફાઓની તો પ્રદક્ષિણા જ કરતો, અને તે છતાં તે કંઈક એવી રીતે આવેલો હતો કે એની એક પાસની ગુફાની એમાં બારી પડતી હોય તો બીજી પાસની ગુફાની પછીત પડે. કેટલીક ગુફાઓની તળે થઈને અને કોઈની વચ્ચે થઈને પણ વ્હેતો હતો.

સર્વ ગુફાઓમાં મ્હોટી ગુફાના ઉપર તો બે માળ હતા અને તેના ઉપર અગાશી હતી. એ અગાશી જાડા પાકા કાળા પત્થરની હતી અને ત્યાંથી આ શૃંગની અને પર્વતની ચારે પાસ દૃષ્ટિ જતી હતી. એની નીચેનો માળ પત્થરના જાડા જાડા થાંભલા ઉપર હતો અને થાંભલાઓની વચલો ભાગ ઉઘાડો હતો પણ ચિરંજીવશૃંગના કીલ્લા કરતાં ઉંચો ન હતો. આ માળના થાંભલાઓમાં બૌદ્ધકાળના કેટલાક બનાવોનાં ચિત્ર કોતરેલાં હતાં. તેની નીચેના માળને એક પાસ ભીંત હતી અને ત્રણ પાસ થાંભલા હતા. એ ભીંતે પાંચ યોગારૂઢ પણ મનુષ્યબાણુધારી પુરુષોની મૂર્ત્તિઓ હતી. તેને કોઈકે પાંડવોની મૂર્ત્તિઓમાં લેખતા અને કોઈકના મત પ્રમાણે અશોક મહારાજના

રાજ્યમાં ને તે પછી મળતા સભાજનોમાંના કેટલાક મહાત્માઓની આ મૂર્ત્તિઓ હતી. છેક નીચલા માળને ત્રણ પાસ ભીંતો હતી, અને ચોથી પાસ ઝરો હતો. ઝરા અને ગુફાવચ્ચે પગથીયાં અને લાંબા પગ મુકાય એટલા ઓટલા હતા. તે ઓટલા ઉપર ઝરાની લગોલગ થઈ ગુફાની બ્હાર જવાતું હતું. ઝરાની સામી પાસ બ્હોટી ઉંચી પત્થરની ભીંત હતી. ઝરામાં વચ્ચે વચ્ચે કમળ હતાં. છેક ઉપલે માળેથી જોડેની ગુફામાં જવા આવવાનો પત્થરનો પુલ હતો, અને એ પુલની તળે ઝરો અને બે પાસ આ બે ગુફાઓની પછીતોની બારીઓ પુલથી સંધાતી હતી. આ ગુફાનું નામ **સૌમનસ્યગુફા** હતું.

વિષ્ણુદાસની આજ્ઞા પ્રમાણે **સરસ્વતીચંદ્ર**ને આ ગુફામાં આણવામાં આવ્યો. તે વેળા સાયંકાળ થવા આવ્યો હતો, અને સૂર્યાસ્ત થયો હતો પણ દિવસ દેખાતો હતો. ઝરાની પાસે પાસે થઈને **સરસ્વતીચંદ્ર**, **રાઘેદાસ**, **જ્ઞાનભારતી**, અને બીજા બે ત્રણ બાવાઓ આ ગુફામાં આવ્યા. આ બાવાનાં નામ **સુંદરદાસ**, **સુરદાસ**, અને **માયાપુરી** એવાં હતાં. તેઓ મઠના મધ્યમાધિકારી હતા. તેમની સાથે પાણીનાં પાત્ર અને ફલ અને કન્દના સંગ્રહ રાખી લીધેલાં હતાં. ગુફા પાસેના ઓટલાઓ ઉપર સંભાળથી ચાલતા ચાલતા સર્વ પગથીયાં ઉપર ચ્હડી પાસે બેઠા. **જ્ઞાન**-ભારતીએ વાત કુહાડી

" **નવીનચંદ્રજી** મહારાજ, આ ગુફાનું નામ **સૌમનસ્યગુહા** છે. આ
" તેના તળીયાનો ભાગ સર્વ પ્રવાસી સાધુઓને માટે છે. ઉપલો ભાગ
" સિદ્ધદર્શનના અધિકારીઓને માટે છે. અનધિકારી જન માળ ઉપર
" રાત્રિ ગાળે તો તેને ભૂતપ્રેતાદિ દુષ્ટ સત્ત્વો પ્રત્યક્ષ થાય છે, અને જો-
" નાર બીજે દિવસે ઉન્મત્ત[1] થઈ પાછો ફરે છે ને કવચિત્ જીવ પણ ખુવે
" છે. સાધારણ મનુષ્યને આ સ્થાન દિવસે પણ ભયંકર લાગે છે અને
" સાથે ઝાઝો સંઘાત ન હોય તો લોક એકલદુકલ અંહી આવતા નથી.
" પુણ્ય યોગીજનોને અને તપસ્વીઓને માટે આ સ્થાન ઉત્તમ છે અને
" અનેક અપાર્થિવ સંસ્કારોનું પ્રદીપક થાય છે. આપને અંહી પંચરાત્રિ
" ગાળવાની છે તે ઉપલા માળ ઉપર શુભ વસ્તુના વિચારમાં ગાળવાની
" છે. આપની સેવા માટે અમ સાધુજનો રાત્રિ દિવસ આ છેક નીચલે
" સ્થાને જ નિવાસ કરીશું, બોલાવશો ત્યારે ઉપર આવીશું, અને આજ્ઞા
" કરશો તેનું પાલન કરીશું."

---

૧. ગાંડો.

આ વાત ચાલે છે એટલામાં ઝરામાંનું પાણી એક સ્વચ્છ પાત્રમાં એક જણે આણ્યું ને સર્વેને પાયું. થોડી વાર બેસી સર્વ ઉપર ચહડ્યા. ભીંતમાં ને ભીંતમાં થઈ ઉપર જવાની એક સીડી હતી તે ઉપરથી ઉપલે પ્રથમ માળે અને ત્યાંથી તેથી ઉપલે માળે ચહડ્યા. આ માળે થાંભલાઓની આસપાસ અને માળની ચારેપાસે બેહકવાળો ઓટલો હતો અને વચ્ચોવચ પત્થરની ઉભી નિસરણિ હતી તેમાં થઇને અગાશીમાં જવાનું હતું. અગાશીમાં વરસાદ આવી શકતો હતો તેથી થોડી થોડી લીલોતરી ઉગી હતી. સાધુજનોએ ત્યાં ઝાડી ઝાપટી સાફ કર્યું, અને તળેને માળે ઓટલા પણ સાફ કર્યા. પાણીનું પાત્ર મુકયું, અને ચન્દ્રોદય થતા પ્હેલાં આજ્ઞા માગી નીચે ગયા. નીચે જતાં જતાં રાઘવદાસ ઉભો રહ્યો ને બોલ્યોઃ "જી મહારાજ, આ સ્થાનમાં પ્રતિધ્વનિ
"ઓટલો બધો થાય છે કે વાત નહી. પણ ઉપરના માળનો ધ્વનિ નીચલે
"માળે સંભળાતો નથી, અને અમને બોલાવવા હોય તો નીચેના દ્વારની
"ભણી, સામા ઓટલા આગળ આવી, ઝરાભણી નીચું જોઈ, થોડોક
"સ્વર કરશો તો પણ છેક નીચેથી અમે સાંભળીશું."

સર્વે ગયા. સરસ્વતીચંદ્ર એકલો પડ્યો. મિત્રોના પત્રનું પોટકું માત્ર તેની બગલમાં હતું. ઉપર જઈ અગાશીમાં ચારે પાસ દૃષ્ટિ કરી તો પૃથ્વીની ગોળ મર્યાદા અને ગોળ આકાશ તેની દૃષ્ટિમાં સમાઈ ગયાં. અગાશી વચ્ચોવચ એક લાંબી શિલા લીલા ઘાસવાળી હતી તે ઉપર બેઠો.

"Now,

"I am monarch of all I survey,

"My right there is none to dispute!

"કેવું ભવ્ય એકાન્તસ્થાન! ગુરુજીએ મને અહીં મોકલવાનું એક
"પ્રયોજન કહેલું છે, ચન્દ્રાવલીએ બીજું કહેલું છે, અને મ્હારું હૃદય
"તેમાંના એક ઉપર પણ વિચાર કરવાને આજ અશક્ત છે. શા શા
"વિચાર કરું? ચંદ્રકાન્તના? ગંગાના? સંસારીલાલના? ઉદ્ધતલાલના?
"તરંગશંકરના? વીરરાવના? ઘરના? પિતાના? ધૂર્તલાલના? ગુમા-
"નબાના?—અથવા સર્વ વિચારને હુબાડનાર કુમુદના?

"કુમુદસુંદરી હુબી ગયાં. તે અહીં ક્યાંથી હોય? મધુરીમૈયા
"સર્વાકારે તેના જેવાં છે—તેમનું ગાયન, એ ગાયનનો વિષય, અને

" તેમનો સ્વર કુમુદસુંદરીના જેવોજ છે ! પણ ચન્દ્રાવલીબૈયાએ
" દર્શાવેલા માર્ગ કુમુદસુંદરીનાથી ઉલટા છે.—તે તે માર્ગ સ્વીકારે એ
" અશક્ય છે.

" પિતા મ્હારે માટે વર્ત્તમાનપત્રોમાં પ્રસિદ્ધિસૂચન[1] છપાવે છે!—
" પ્રમાદધન અને સૌભાગ્યદેવી ગયાં ! —સુરગ્રામના મ્હેતાજીએ વર્ત્ત-
" માનપત્રો વંચાવ્યાં ! મ્હારા દેશની રાજકીય વિપત્તિઓ તેણે મ્હારી-
" પાસે ખડી કરી ! — મુંબાઈ ! તહારા યજ્ઞનો હું ઋણી છું!—

" જાવું છે જી ! જાવું છે ! જાવું છે જરૂર ! "

સુરગ્રામનાં મંદિરનાં દર્શન પુનઃ પ્રત્યક્ષ થયાં.

" એક દિન પંખીસેં ઉડ જાવું ! "

" પંખી ઝાડની એક ડાળથી બીજીએ ને બીજીથી ત્રીજીએ ઉડીને બેસે
" તેમજ મ્હેં કર્યું છે—ચિરંજીવશૃંગ ઉપર હું પક્ષી થઈ આવ્યો—
" પરમાત્મા ! મ્હારે અંહીંથી ક્યાં ઉડવાનું છે ? "

થોડી વાર વિચારશૂન્ય મૌન ધર્યું. અંતે સુરગ્રામમાંનું પદ સાંભર્યું.

" જલસુત વિલખ ભયે ! સુરતબીન જલસુત વિલખ ભયે !"
" રાત્રિના જલસુત ! કુમુદ ! શું તું આમ વિલખ છે ? અથવા રાણાએ
" મીરાંજીને માટે વિષ મોકલ્યું હતું તેમ મ્હેં તહારો ત્યાગ કરી પત્ર મોકલ્યો
" ને પ્રમાદને સોંપી—તે બે કામના બે પ્યાલામાં શું વિષ હતું ?—ઉદાર
" કુમુદસુંદરી !— મ્હેં ઝેર મોકલ્યું પણ તમે શું કર્યું ? —

" વીખના પ્યાલા રાણાજીએ મોકલ્યા; સાધુસંગત મીરાં અટકી !
" હરિચરણામૃત કરી પી ગઈ મીરાં જેસી જનત અમૃત ઘટકી !

" એ ગાનારીના ઉંડા હૃદયશલ્ય વચ્ચે અને તહારા હૃદયશલ્ય વચ્ચે
" કાંઈ ભેદ નથી ! કુમુદ ! તહારું ઉદારચરિત ચન્દ્રાવલી જેવાં વિરક્ત
" સાધ્વીના હૃદયને કમ્પાવે તો તેમાં કાંઈ નવીનતા નથી."

તેના કાનના પડદા સાથે બિન્દુમતીનો સ્વર ઝપટાયો.

" વૃન્દાવનમેં મીલ ગઈ મોહન,
" છુપ રહી રાધે જ્યું પ્યારી !
" આવત મોરી ગલીયનમેં ગીરધારી !"

---

૧. જાહેરખબર.

સરસ્વતીચંદ્ર ચમક્યો. " એમ જ! શું કુમુદસુંદરીને છુપાયલાં મ્હારે
" જોવાનાં રહ્યાં? એ મને શું કહેશે? હું એમને શો ઉપદેશ કરીશ? કેવી
" ક્ષમા માગીશ? બુદ્ધિધનના ઘરમાં જે અંકુશ હતો તેથી હું અને એ ઉ-
" ભય આ સ્થાનમાં મુક્ત છીયે, એ મુક્તપણું તે જ ભયરૂપ છે. પ્રીતિ-
" યજ્ઞ—અદ્વૈતયજ્ઞ—વિહારપુરી અને ચન્દ્રાવલીના જેવો—શું અમારાથી
" સાધ્ય નહી થાય? પ્રમાદ ગયો—લક્ષ્યધર્મ અને પાશ્ચાત્યધર્મ જુદે
" જુદે માર્ગે લેઈ જઈ એક જ સ્થાનમાં આણે છે! આર્યસંસારના વ્ય-
" વહારનું ધર્મશાસ્ત્ર જુદું છે—આ ભેખ લેઈ મ્હેં સંસારના વૈભવનો
" ત્યાગ કર્યો છે—સંસારના ધર્મનો ત્યાગ નથી કર્યો. સંસારના સંપ્રત્ય-
" યથી હજી મ્હારું હૃદય મુક્ત થતું નથી. ત્રણે સ્થાનના ધર્મ જળવાય એવો
" શો માર્ગ લેઉં?—કુમુદ! તહારા મનમાં શું હશે? તહારા હૃદયમાં લગ્ન-
" ભોગની વાસનાઓ ભરી હોય તેને તૃપ્ત કરવામાં મ્હારે જે ધર્મસંકટ
" હતું તે પ્રમાદના મૃત્યુથી શાંત થયું છે. જે મ્હેં કરેલાં પાપને લીધે
" હવે મ્હારો ધર્મ તને તૃપ્ત કરવાનો જ હોય તો લોકાપવાદનું ભય માથે
" વ્હોરી લેવું એ ધર્મ પણ શું પ્રાપ્ત થતો નથી? તહારી આવી
" વાસનાઓનો નાશ કરવાનો તહારા ઉપર બલાત્કાર કરવો
" એ શું મ્હારે માટે ધર્મ્ય છે?—અથવા આ સર્વ વિચારો
" શું મ્હારા પોતાના જ હૃદયમાંની અજ્ઞાત વાસનાનો અજ્ઞાત
" ઉદય નથી જણવતાં? Is not my wish father to those
" thoughts? Or, rather, am I not now succumbing to
" the rush of my own latent will-power itself? Heaven
" knows whither I am drifting! "

ચંદ્રોદય થયો, ચૈત્રશુદ્ધ એકાદશીની આ રાત્રિ હતી, અને પોણું ભરેલું ચંદ્રબિમ્બ પૂર્વદિશાની ક્ષિતિજરેખાથી કેટલેક ઉંચે ઉગ્યું અને સૌમનસ્ય ગુફાની અગાશીમાં તેનાં કિરણ વાંકાં ઉંચાં થઈ આવવા લાગ્યાં. પર્વતની પૂર્વ તળેટીનો અને રત્નનગરીના માર્ગનો તેમ મૃગજળનો દેખાવ રાત્રિથી ઢંકાતો હતો, છતાં ચંદ્રિકાથી નવીન સ્પષ્ટતા ધરતો હતો. સ્ત્રીના અંગને ન ઢાંકે ને ન પ્રત્યક્ષ કરે એવી ઝીણી મલમલની મ્હોટી ચાદર પેઠે સૃષ્ટિ ઉપર ચંદ્રિકા ઢંકાતી હતી અને ચતુર રસિક જનની આંખને અણસારા કરતી હતી. સરસ્વતીચંદ્ર અગાશીની પશ્ચિમ પાસે ગયો. પોતાની ગુફાની પા-છળ ઝરો, તેની પાછળની ગુફાની ઉંચી પછીત, એ પછીતમાંની એકલ ધારી, અને પછીતો વચ્ચેનો પુલ,-એ એકાંત શાંત દેખાવથી એનું હૃદય

કંઈક શાંત થયું. એ શાંતિથી, માખીઓ ઉડી જાય એમ, વિચાર શાંત થયા અને છેક આઘે પશ્ચિમ સમુદ્રની કાળી રેખા જોવા લાગ્યો. આંખ એ જ દિશાએ ઠરી અને પોતાની ગુફાથી સમુદ્રરેખા સુધી હેરાફેરા કરવા લાગી. એ હેરાફેરા કરતાં જોડની ગુફાના મથાળાના ધાબામાંના દાદર જેવા ભાગમાં દીવાનો પ્રકાશ દેખાયો. એ પ્રકાશથી વળી વિચાર જાગ્યા. વિચાર જાગતાં વચલા પુલ આગળથી બારીમાં દૃષ્ટિ પડી ને પુલ ઉપર પડી. બારીમાં દીવાનો પ્રકાશ દેખાયો. એ પ્રકાશ પુલ ઉપર લંબાતો હતો. પુલ બાળકના ઘોડીયાનો આકારનો, વગર–ઘડેલી શિલાઓ ગોઠવી, કરેલો હતો. સરસ્વતીચંદ્ર અગાશીમાંથી નીચે ઉતર્યો અને પોતાના ભણીની પુલની પાસની બારીમાં દૃષ્ટિ કરે છે તો તેમાં સ્ત્રીનો આકાર દેખાયો, દેખાતાં એ પળવાર ઓઠે આંગળી મુકી ઉભો રહ્યો, અને તરત જ દૂર ખસી ગયો.

ઉત્તર પાસને ઓટલે ઉશીકાને સ્થાને એનું પોટકું હતું. સાધુજનોએ એના શયનને માટે પત્થરના ઓટલા ઉપર એક ભગવું વસ્ત્ર પાથર્યું હતું અને એક પાસ જળફળ રાખ્યાં હતાં. ત્યાં આગળ એ વિચારમાં પડી બેઠો. પોતે વિચારમાં છે કે વિકારમાં તેનો વિચાર કરવા લાગ્યો. પુલ ભણીથી આંખને પાછી ખેંચી લીધી, પણ કાન તો એણી પાસ જ રહ્યા. ચંદ્ર ઉંચો ચઢ્યો અને આ માળમાંથી પણ દેખાવા લાગ્યો. પર્વતના શિખર ઉપરનો પવન સમુદ્રનાં ઉછળતાં મોજાં પેઠે ગાજવા લાગ્યો. તાડોનાં ને ઝાડોનાં પાંદડાંના ખડખડાટ કાનમાં વીંઝાવા લાગ્યા. સરસ્વતીચંદ્ર એકલા ચંદ્રને જ જોઈ રહ્યો અને સ્વરમાત્રને સાંભળવા લાગ્યો. પુલ ભણીથી પણ કંઈક સ્વર આવવા લાગ્યા, આવતા સાથે હૃદયને ઉછાળવા લાગ્યા, અને ઉછળેલા હૃદયમાંની જિજ્ઞાસાએ એને ઉઠાડ્યો, પુલ પાસે આણ્યો, અને સર્વ સ્વરોને ભુલાવી પુલભણીથી આવતો સ્વર સાંભળવા તેને પ્રેર્યો. પુલની પેલી પાસ બારીમાં દીવાના પ્રકાશ વિના કાંઈ દેખાતું ન હતું. આણીપાસની બારીની સાખસાથે લપાઈ બાઝી રહી, કાન અને હૃદયને ઉંચાં કરી, અન્ય વિચારોનો ત્યાગ કરી, આતુરતાની મૂર્ત્તિ જેવો સરસ્વતીચંદ્ર પથરાઓમાં પથરા પેઠે જડ જેવો સ્તબ્ધ થઈ ઉભો રહ્યો.

પ્રકરણ ૨૭.

ગુફાના પુલની બીજી પાસ.



મનસ્ય ગુફાની પાછળની ગુફામાં સાધ્વીજનોએ કુમુદસુન્દરીને ગુફાદર્શનને નિમિત્તે આણી હતી. ભક્તિ-મૈયા, વામની, આદિ દશેક શરીરે બળવાળી સાધ્વીઓએ અનેક ગુફાઓ દેખાડી અંતે પુલની પાછળની ગુફામાં એને આણી. ચૈત્ર શુદમાં આ ગુફાની પાછળના એક વૃક્ષમાં અનેક પક્ષીયો ભરાતાં અને તેમાં કોયલો પણ ઘણી આવતી. હજી વસન્તઋતુ ગણાતી હતી અને આજની રાત્રિ આ સુન્દર સ્થાને ગાળીશું એવો સંકેત તેમણે કુમુદ સાથે પ્રથમથી જ કર્યો હતો.

આ ગુફાનું નામ વસન્તગુહા હતું અને તેનું બંધારણ સૌમનસ્યગુહાના જેવું જ હતું. માત્ર એનું સ્થાન જરી નીચાણમાં હતું અને તેને લીધે આખી ગુફા જોડની ગુફાઓથી નીચી લાગતી.

સાધ્વીઓએ એ રાત્રિચર્યાને માટે ફલાહાર અને શયનવસ્ત્રો રાખેલાં હતાં તે સર્વ નીચલે માળે રાખી ઉપલે માળે આવ્યાં અને એક ઓટલા ઉપર બેસી કુહારનું સૃષ્ટિસૌંદર્ય જોવા લાગ્યાં. કુમુદ તેમાં ભાગ લેતી હતી. અંતે વાર્તાવિનોદ પણ બંધ રહ્યો અને સર્વ માત્ર જોવામાં લીન થયાં. કેટલીકવાર આ મૌન રહ્યું. અંતે સાયંકાળ થયો અને એક જણીએ, દીવાસળી વતે, એક કોડીયામાં વાટ મુકી સળગાવી. સળગાવતી સળગાવતી તે બોલી.

" મધુરીમૈયા, ગુરુજીએ નવીનચંદ્રજીને જે શૃંગ ઉપર પંચરાત્રિવાસ
" આપવો કલ્પેલો છે તે આ જ ! આની જોડેની ગુફામાં જ તે હશે
" અને નહી હોય તો આવશે. અમે આખી રાત્રિ નીચલે માળે ગાળીશું
" અને તને આ સ્થાનમાં જ આખી રાત્રિ રાખીશું. આ તહારી પાછળ
" તહારા શરીરને યોગ્ય મૃદુ શય્યા છે અને આહારફળ અને જળ છે,
" અને દીપ છે. અમે તને આ સ્થાને તહારા ભાગ્યને આશ્રયે એકલી
" મુકી નીચે ચાલ્યાં જઈશું. ".

કુમુદ ભડકી. " શું બોલો છો ? તમે મને છેતરી ! આ ભયંકર સ્થા-
" નમાં હું એકલી કેમ રાત્રિ ગાળવાની હતી ? હું તમારી સાથે નીચે જ
, આવીશ."

" મૈયા, સાધુજનને આ સ્થાનમાં ભય નથી. તેમાં તને ભય લાગશે તો
" તેમાંથી તારનાર હૃદય પાસેથી જ જડી આવશે." પ્રીતિમાનિની બોલી.

" મધુરી, આપણ સ્ત્રીના હૃદયતંત્રનો સ્વભાવ આવે પ્રસંગે જ
" વિપરીતકલ્પક અને વિપરીતકારી થાય છે. તને અમે છેતરી નથી."
ભક્તિમૈયા બોલી.

કુમુદ૦—ત્યારે મને વગર સૂચવ્યે નિમિત્ત કૃહાડી અહીં કેમ આણી ?

ભક્તિ૦—ચન્દ્રાવલીમૈયાએ તહારી ચિકિત્સા અને તહારું ઔષધ યોજ્યું છે તે તું જાણે છે. મોહનીમૈયાએ તહારા અભિસરણનો માર્ગ આ ઔષધના સાધનમાટે સૂચવેલો તે પણ તું જાણે છે. ચન્દ્રાવલીમૈયાએ તહારું દૂતીકર્મ કર્યું અને વિહારપુરીજીના સાહાય્યથી આ સ્થાનમાં નવીનચન્દ્રજીને જે સિદ્ધિ માટે મોકલવા ગુરુજીની આજ્ઞા મેળવી છે તે તહેં ગુરુજીને સ્વમુખે જ સાંભળ્યું. કૃહે વારુ, હવે તે તને બીજી કેઈ સૂચના કરવાની બાકી રહી કે તહારી વંચના કર્યાનો આરોપ સાધુજનોને શિર મુકેછે ?

કુમુદ૦—મ્હારી સંમતિ વિના કંઈ પણ કરવાનું નથી એમ મને ચન્દ્રાવલીમૈયાએ સ્પષ્ટ કહ્યું હતું.

ભક્તિ૦—અને હજી સુધી અમે સર્વ તને એ જ કહીયે છીયે.

કુમુદ૦—તો અહીં આણવામાં મ્હારી સંમતિ કેમ ન લીધી ?

ભક્તિ૦—મધુરીમૈયા, ચન્દ્રાવલી અને મોહની જેવી નિપુણ વિદુષીઓ તહારા જેવી મુગ્ધાઓના હૃદયના મંત્ર વધારે સમજેછે ને તહારા મુખની સંમતિ શોધતાં નથી પણ તહારા હૃદયની સંમતિને બહુ સૂક્ષ્માં કળાથી જાણી શકે છે.

વામની—મધુરી, શું તું એ મહાશયાઓને શિર તહારા હૃદયથી આરોપ મુકેછે ? તો જો. ચન્દ્રાવલીમૈયા અને વિહારપુરીજીએ તહારું સંયુક્ત દૂતકર્મ કર્યું તેથી તું અજાણી રહી નથી. અમે તહારું સખીકૃત્ય કરીયે છીએ તે પણ ગાજી વગાડીને કરીયે છીયે. અમારાં જેવાંથી, આરંભી ગુરુજી જેવાએ જે જે સૂચનાઓ તહારા દેખતાં કરેલી તે ભક્તિમૈયાએ તને કહી બતાવી. એ સર્વ જાણીને, જેવી રીતે માજીના મંદિરમાંથી તું યદુશૃંગ ઉપર ચ્હડી આવી તેમ યદુશૃંગ ઉપરથી આ શૃંગ ઉપર ચ્હડી આવી. આથી તે વધારે શું સંમતિને માથે શીંગડાં ઉગતાં હશે ?

કુમુદસુંદરી વિચારમાં પડી, બોલ્યા વિના નીચું જોઈ રહી. પ્રીતિ-માનિનીએ તેને વાંસે હાથ ફેરવવા માંડ્યો.

" બેટા મધુરી, તું કોઈ રીતે ગભરાઇશ નહી. તહારી ઇચ્છા પાછાં
" જવાની હશે તો પ્રાતઃકાળે અવશ્ય જઈશું. પણ દુષ્ટ સંસારે અનેક
" વંચનાઓનાં જળ રચી તહારા હૃદયમાં અમુઝણ ભરી દીધી છે ને
" આ મહાત્મા જોડે આટલા આટલા માસ સુધી તને વાત સરખી
" કરવા પણ દીધી નથી—એક ઘડી હૃદય ઉઘાડવાનો અવસર આપ્યો
" નથી—તેની સાથે બે ઘડી આજની રાત તું બોલી લે, તહારે કહેવાનું
" તે કહી લે, ને તેને કહેવાનું હોય તે સાંભળી લે! આથી બીજું કાંઈ
" પણ કરવાનું અમે તને કહેતાં નથી. તહારી સૂક્ષ્મ પ્રીતિનું ફળ તું
" આટલાથી મેળવીશ અને પછી પ્રાતઃકાળે તું કહીશ તો ચંદ્રાવલીમૈયા
" તેમાજી પાસે લેઈ જશે."

કુમુદ બોલ્યા વિના નીચું જોઈ રહી અને એનું સ્મરણ આ વાક્યમાંનું સત્ય સ્વીકારતું હોય તેમ બુદ્ધિધનના મન્દિરમાં પોતે ગાયેલી કડીયો અત્યારે હૃદય હૃદયમાં જ ગાવા લાગ્યું.

" પૂર્વ જન્મનો સંબંધી તે ખડો હૃદયમાં થાય!
" જીવતી પણ જડસમી પ્રિયમૂર્ત્તિ જોઈ નયન અકળાય!
" પરિચિત પ્રિય રહી ઉભો પાસે નહીં બોલે, નહીં બોલું!
" અપ્રસંગ ભજવતું ચીરાતું મર્મસ્થળ કયાં બોલું ? ?"

બુદ્ધિમૈયા નામની સાધ્વી સઉની પાછળ બેઠી હતી તે બોલી.

" મધુરીમૈયા! જે પંચમહાયજ્ઞનો ઉપદેશ નવીનચંદ્રજીને મળ્યો છે તે
" જ તહારા શ્રવણ પુટમાં મધુધારા પેઠે ટપકેલો છે. એ મહાત્મા સાથે
" મહાયજ્ઞોમાં સહચારિણી થવાનો અને અદ્વૈત પામવાનો લોભ શું તને
" નથી થતો? એ યજ્ઞોમાં એ મહાત્માની વેદી આન્તરાગ્નિથી તપ્ત અને
" દીપ્ત બને અને તેનું સૂક્ષ્મ શરીર સંભૃત થઈ હોમાય ત્યારે તે વેદીનું
" અને પશુનું શું તહારે આપ્યાયન નથી કરવું?"

કુમુદ૦—એ અધિકાર આપવાના અધિકારીએ ન્યાં સુધી મને એ આધકાર આપ્યો નથી ત્યાં સુધી સર્વ વાત વૃથા છે, મહારે એ અધિકાર શોધવો નથી.

---

૧. પ્રથમ ભાગ પૃષ્ઠ ૩૧૨.

પ્રીતિ૦—એ સત્ય છે; એટલા માટેજ અમે તને અંહી એકલી મુકીને જઈશું. તહારી ઇચ્છા હોય અને તું અમારી સાથે સંદેશો મોકલીશ તો અમે તે લેઈ જઈશું ને ઉત્તર આણીશું. તેમ ન કરવું હોય તો અંહી બેઠી બેઠી તું જે કંઈ ઉચ્ચારીશ કે ગાઈશ તે જોડની ગુફામાં બેઠા બેઠા નવીનચંદ્રજી જરુર સાંભળશે. તેમને તહારું અભિજ્ઞાન થશે તો અદ્વૈતબળે કે પ્રીતિબળે, રસબળે કે દયાબળે, સાધુજનોની યોજનાને બળે કે ગ્રહદશાને બળે, પણ સર્વથા શ્રી લક્ષ્યરૂપ ઈશ્વરની ઇચ્છાને બળે આ મહાત્મા તહારા હૃદયને શીતળ ને શાંત કરવા આવશે. તે ન આવે તો–માનિની !–તું એમની પાસે જઈશ નહી અને પ્રાતઃકાળે તું કહીશ ત્યાં જઈશું. ત્યાં સુધી મનઃપૂત કરી જે વસ્તુ સુઝે તે આદરજે.

સર્વ ઉઠ્યાં અને કુમુદને એકલી મુકી નીચે ચાલ્યાં ગયાં. કુમુદે તેમની પાછળ ઉઠવા પ્રયત્ન કર્યો, પણ તેનું શરીર પૃથ્વી સાથે ચોંટ્યું હોય એમ થયું ને એની ઇચ્છાને વશ થયું નહી. ચારે પાસે રાત્રિ અને ચન્દ્રિકા એકઠાં નીતરતાં હતાં, અને ઉઠવા ઇચ્છનારીને પૃથ્વી સાથે ડાબી દેતાં હતાં. અંતે તે ઉઠી પણ એના ચરણ દાદર પાસે ન જતાં પુલ ભણીની બારી ભણી વળ્યા, બારી બ્હાર દૃષ્ટિ જતાં પાછી વળી, અને દૃષ્ટિ કરનારી ઓટલા ઉપર બેઠી અને છાતીએ હાથ મુકી ત્યાં બેસી જ રહી.

એના હૃદયમાં શું હતું તે એ પોતે જ સમજતી ન હતી. એ વિચારને વશ છે કે વિકારને વશ છે તે એના શરીર ઉપરથી જણાય એમ ન હતું. પણ ઇન્દુમતીએ એને એકલી મુક્યા પછી એણે કવિતા જોડી કૂહાડી હતી. તેમાં અર્ધી કવિતા તરંગશંકરની જોડેલી હતી. ઇંગ્રેજ કવિ ગોલ્ડસ્મિથના "હર્મિટ્" નામના લઘુકાવ્યનું તરંગ-શંકરે રૂપાન્તર[1] કર્યું હતું. તેની એક પ્રતિલિપિ રત્નનગરીમાં સરસ્વતીચન્દ્રે કુમુદને આપી હતી. તેમાંથી અર્ધો ભાગ રાખી બાકીના અર્ધા ભાગની કવિતા કુમુદે પોતે જોડી ઉમેરી હતી. આ કવિતા સરસ્વતીચંદ્ર સાંભળે એમ અત્યારે ગાવા ઉપર એનું ચિત્ત વળ્યું, વળેલું ચિત્ત પાછું ફર્યું. ન ગાવાનો નિશ્ચય થયો.

"એક વાર અગ્નિનો અનુભવ કર્યો—બીજી વાર એ અગ્નિમાં પડવાની "કાંઈ આવશ્યકતા નથી."

"હવે એ કાંઈ મુંબાઈ જાય એમ નથી. આવા વિરક્ત પદનો સ્વી-

---

૧ દેશકાળને અનુકૂળ રૂપવાળું ભાષાંતર, Adaptation. ૨. નકલ.

" કાર કરી હવે કંઈ એ તેનો ત્યાગ કરવાના હતા ? એંહી જ સુખી થશે.
" મ્હારા વિના તે સુખી છે અને એમના વિના હું—સુખી તો નથી-
" પણ સંતુષ્ટ રહીશ અને માજીના ચરણમાં હૃદયનો યોગ કરીશ."

થોડી વાર તે બેઠી, વળી ઉઠી, ગુફાની ત્રણે ઉઘાડી પાસે દૃષ્ટિ કરવા લાગી, ચંદ્ર દીઠો ને ચમકી, પુલની બારી ભણી વળી, ત્યાં ઉભી રહી, પુલની પેલી પાસની છાયા દીઠી, વળી ચમકી, વળી પાછી વળી, અને વચ્ચોવચ એક પત્થર ઉપર બેઠી.

ઓઠે આંગળ મુકી—" પ્રસંગ ગયો મળવાનો નથી. ઈશ્વરે જ જ્યારે
" ધક્કેલી ધક્કેલી અહીં સુધી મોકલી છે ત્યારે હું તેની ઇચ્છાને વશ
" થઈ પ્રસંગનો લાભ લેઇશ. જો મ્હારૂંજ મન પવિત્ર છે તો સરસ્વ-
" તીચંદ્રને તેનાથી શું ભય હતું અને મને પણ શું ભય હતું ? પણ એ-
" ટલું તો ખરું કે મ્હારા મનના ગુંચવારાની ગાંઠો તેમનાથીજ ઉકલશે
" અને—સુખ તો આ અવતારમાં નથી પણ—ધર્મ અને શાંતિનો માર્ગ
" તેઓ મને બતાવી શકશે ! "

" પણ મ્હારે માટે તેમને હલકો વિચાર આવશે. મ્હારે માટે તેમણે
" શું ધાર્યું હશે અને હવે શું ધારશે ? ઈશ્વર જાણે. "
" માજી, મને જીવાડી છે તો જીવનનો વિધિ દેખાડો. "
" એ તો એ જ."

થોડી વાર તે બેસી રહી—અને અંતે—હીમત આણી મુખ ઉઘડી ગયું અને ગાવા લાગ્યું.

પ્રકરણ ૨૮.

હૃદયની વાસનાનાં ગાન.

અથવા

ચેતન વિનાની વૃત્તિ—ઉક્તિ અને શ્રોતા વિનાની પ્રત્યુક્તિ.

" More close and close his foot-steps wind:
" The Magic Music in his heart
" Beats quick and quicker, till he find
" The quiet chamber for apart. "

Tennyson's Day-Dream.

" સજ્જન ! બાતાં સ્નેહકી ઇસ મુખ કહી ન જાય !
" મુગેકું સુપનેા ભયેા ! સમજ સમજ પસ્તાય ! "

(લૌકિક)

" इत्थं त्वयैव कथितप्रणयप्रसादः ।
" संकल्पनिर्वृतिषु संस्तुत एष दासः ॥ "

मालतीमाधवम् ।



સન્તગુફામાંથી નીકળતેા કુમુદનેા સ્વર પુલની વચ્ચે થઈ સૌમનસ્યગુફામાં જવા લાગ્યેા; કુમુદની હૃદયગુફા-માંથી નીકળી સરસ્વતીચંદ્રની હૃદયગુફામાં જવા લાગ્યેા અને પ્રતિધ્વનિના ચમત્કારને વીજળીપેઠે ચમકાવવા લાગ્યેા. કુમુદનેા સ્વર સરસ્વતીચંદ્ર ન ઓળખે એવું હેાય નહી—જે સ્વર કુમુદ દૂર હતી તે કાળે આના કાનમાં ભણકારા ભરતેા હતેા અને વાંસળી પેઠે મધુર ગાન કરતેા હતેા તે સ્વર જાતે કુમુદના સ્વમુખમાંથી જ પ્રત્યક્ષ થાય ત્યારે એ ભણકારાના રસિકના હૃદયમાં શેા ધમધમાટ થાય તેની તેા માત્ર કલ્પના જ થાય એમ છે.—તેનું શુદ્ધ સ્વરૂપ સમજાય એમ નથી તેા તેનું વર્ણન તેા શી રીતે સંપૂર્ણ થાય? એ હૃદયનું હૃદય, એ હૃદયં ધરનારીને કેામળ કંઠ, અને ચન્દ્રેાદયની વેળાએ આ ગુફાઓ જેવું એકાન્ત! ગાન એ સર્વના સંયેાગરૂપ જ હતું.

[1] " જેાગીરાજ ! ઉભા રહેા જરી,
" મને વાટ બતાવેાની ખરી;
" પડી વનમાં આ રાત અંધારી,
" ભમું એકલેા ઘરને વીસારી. "

સરસ્વતીચંદ્ર નરજાતિ વાચક " એકલેા " શબ્દ સાંભળી ચમકયેા. " શું આ કેાઈ પુરુષ ગાય છે? " ગાન વાધ્યું.

" નથી પગલાં ઉપડતાં મ્હારાં,
" થાકે આવે છે આંખ અંધારાં.
" પંથ પુરેા થતેા નથી આજ,
" વાધું હું ત્યાં વચે વનવાટ! "

---

૧. આખ્યાહરણનેા રાગ.

" My lord ! આ તો તરંગશંકરનું કાવ્ય—કુમુદને જ આપેલું તે
" કુમુદવિના બીજું કોણ ગાય ? પણ હું આ સ્થાને છું તે શું એને ખબર
" નહીં હોય ? " સરસ્વતીચંદ્રના વિચાર ગાનની કડીઓએ અટકાવ્યા.

" દીવા જેવું પણે દેખાય,
" જવા ત્યાં મુજ મન લલચાય;
" ત્યાં તો રૂહેતા હશે કોક સંત,
" મ્હારા દુઃખનો આણશે અંત.
" જોગીરાજ ! એ વાટ બતાવો;
" દયા એટલી મુજ પર લાવો. "

સર૦—" નટકી ! આ સંબોધન મને તો નથી જ કર્યું. ચાલો, હવે એ
" સંબોધનને ઉત્તર મળશે. "

સ્વર વાધ્યો.

' જોગી બોલ્યા: " બેટા, રખે જાતો,
" એણીપાસ રખે લલચાતો;
" એ તો ભૂતનો ભડકો જાણ,
" બોલાવે ને કરે પછી હાણ.
" બુધ્ધાંતરસ્યાંને આદર આપે,
" લુખું સુકું મળે તે જમાડે,
" એવી આ છે ગુફા મુજ રંક;
" બેટા, તેમાં તું આવ નિઃશંક.
" કૃણ ને વણબેડેલું ધાન,
" શય્યા કાજ કુંણાં ઘાસપાન,
" રુડાં ઝરણનું નિર્મળ પાણી,
" સુખ, શાન્તિ, ને આનંદવાણી:—
" એવું અક્ષયપાત્ર છે અંહી,
" હરિ પ્રત્યક્ષ થાય છે સહી.
" બેટા, એવા આશ્રમમાં તું આવ્યો,
" ગયો સમજ ચિન્તાતણો વારો. "

" હું ધારતો હતો કે હું તને એવો જ બોધ આપી શકું. " સરસ્વતી
ચંદ્ર બોલ્યો; ગાનતો ચાલ્યું જ.

" દુઃખ સંસારેનાં નથી સાચાં;
" મન માનવનાં-એક કાચાં;
" મળે કોળીયેા ઉદર ભરાય,
" તસુ પૃથ્વી સારે સુવા કામ;
" પળ વાર છે કરવેા સભાસ,
" તોય મન ન ઠરે કરી હાશ.
" પ્રભુએ તેા સરજેલું છે સુખ !
" મન મનનું ખેાળી લે છે દુઃખ."
' નિશાકુસુમ સરે શાંત શાંત,
' તેમ જોગી બેાલ્યા શબ્દ દાંત.
' આગળ પાછળ ચાલ્યા બેય,
' ઝાંપેા ઉઘાડીઁ પેંઠા છેય,
' રાત વાધી, વંઠેલાં બેલે,
' અન્ય સઉ પડ્યાં નિદ્રામાં મેળે;
' તેવે સમે જાગે જોગીરાજ,
' ધીમે તાપે કરે સ્વયંપાક.[૨]
' તપે અંગારા એકાંત શાંત,
' રંગ આપતેા મંદ પ્રકાશ,
' ધીમે ધીમે બળે છે કાષ્ઠ,
' ધીમેા ધીમેા બેાલે એનેા તાપ;
' બેાલે તેારી ભરાઈ ભીંતમાંય,
' દેાડે અંહી તંહી બેલે માર્જાર;
' દ્વાર વાગે વાંસળી-સમેા વા ય,
' પ્હેાર રાતના આલ્યા જાય."

પવનનેા સ્વર પુલની બે પાસની બારીયેામાં ગાજતેા ગાતેા જતેા હતેા અને બે પાસનાં હૃદય ચીરતેા હતેા—રાત પણ વાધતી હતી.

' જોગી આ સઉ શાંતિ ઝીલે છે,
' શાંત વાતેા કરતા ખીલે છે.
' ધીમું ધીમું બેાલે ને હસાવે,
' થાકેલાનેા થાક નસાડે.

---

૧. ઝાકળ. ૨. રસેાઈ.

' કથા ગોષ્ઠી કંઈ કંઈ કૂલાડે,
' બોધ આપે ને શાંતિ પમાડે.
' અન્ન મધુરું જમે ને જમાડે,
' એ પર અતિથિને રુચિ કરાવે. "

" કુમુદ! કુમુદ! પવ્યમહાયજ્ઞનો ઉપદેશ સાંભળ્યા પછી આતિથેય-
" ધર્મના આટલા આવા મધુર વિધિ તું મને બતાવતી નથી તો કોને
" બતાવે છે? કુમુદ, દુઃખી પ્રવાસી કુમુદ, સાધુજનોનું આતિથેય તને
" શાંતિ પમાડી શક્યું નથી જ! નકુકી, આ નવો ધર્મ મ્હારે શિર
" ઉદય પામે છે—પણ—" સરસ્વતીચંદ્ર ઘેટલું મનમાં બોલ્યો પણ
કાન તો ઉઘાડા જ હતા તેમાં કુમુદના સ્વર જતા અટક્યા નહીં.

' પંથીં ખાધું ન ખાધું કરે છે,
' પંથીં શુંણ્યું ન શુંણ્યું કરે છે,
' ઉંડા વિચારમાં પડીં જાય,
' ગાલે ઉતરે છે આંસુની ધાર."

સરસ્વ૦—શું તહારી આ દશા છે?
ઉત્તરમાં ગાન જ વાધ્યું.

' એની દેખી દશા એવી જોગી,
' દયા આણી થયા દુઃખભોગી.
' અન્ન પડતું મુકી પાસે આવ્યા,
' ફરી ફરી વળી પુછવા લાગ્યા:—
" બોલ, બેટા, તને શું થાય?
" તહારે હઈયે શાનો પડ્યો ઘા ય?
" ઘરનો વૈભવ ત્યજી અંહી આવ્યો?
" બોધું આવ્યું કે કોઈએ કૂલાંબ્યો?
" દગો દીધો કો મિત્રે શું, ભાઈ?
" મળી કઠણ હૃદયની શું નારી?
" બેટા, વાત વિચાર તું સાચી,
" માયા સંસારની બધી કાચી.
" કૂલાવે લક્ષ્મી તો ચંચળ નારી,
" જાય, દઈ હાથ તાળી;

" સુખ એનું કરે ચમકાર,
" જેતા જેતામાં થાય અંધાર;
" સુખ એનું તો મૃગજળ જેવું,
" થતાં સમીપ પડે ખોટું એવું.
" મિત્રતામાં યે મળે ન કાંઈ,
" એ તો સ્વાર્થની છે જ સગાઈ;
" એને નામે ભુરકાય તે ભોળા,
" એને વિશ્વાસે રહે તે તો રંહોળા;
" લક્ષ્મી ને કીર્તિ જ્યાં જ્યાં જાય,
" છાયા જેવા ભિક્ષા પુઠે થાય;
" જે એ છાયાને ઝાલવા જાય,
" ધસે હાથ ને ખત્તા તે ખાય.
" સ્ત્રીની પ્રીતિ તો એથી યે ખોટી,
" મોહજાળ નાંખે જેતી જેતી;
" જાળ નાંખે, જેતામાં ફસાવે,
" ફાવે ત્યાં જ એ ધુતકારી નાંખે;
" કહાવે અબળા ને નરને નચાવે,
" ગોરી ગુમાનભરી પછી રાચે;
" નરના દુઃખની મશ્કરી કરતી,
" નારી પ્રીતિ ખરી નવ ધરતી.
" પ્રીતિની હુંફ પંખી ધરે કેા,
" સુરલેાકમાં હેા કે નહી હેા.
" પ્રીતિને નામે સળગાવી આગ,
" નારી નરને કરે છે ખાખ;
" મોહમાયા ને જોગણી કહાવે,
" નારી નરને ન જંપે સુવા દે;
" બેટા, શાને વેઠવી એની શૂળો ?
" એની પ્રીતિમાં મુકની પુળો ? "

આ છેલી કડી મ્હોટે ઉછળતે સ્વરે ગવાઈ.

' જોગી બોલતો ઉશ્કેરાય,
' પંથી સાંભળતો શરમાય;

‘ નીચું જુવે, તે ડસડસી રુવે,
‘ ગાલે નારંગીનો રંગ ચુવે.
‘ વહાણે નાજુક વાદળી ચાલે,
‘ રંગ ઉજાળા પળેપળ ફાલે,
‘સુંદરતાના લલિત ચમકાર
‘ અંગે ઉઠતા તેવા જણાય;
‘ જોગી જુવે છે, આભો બને છે,
‘ પન્થી નવો નવો વેશ ધરે છે,’

સરસ્વતીચંદ્ર પુલ ઉપર આકર્ષાયો ને તેની આંખો અંદરના રૂપ ઉપર આકર્ષાઈ.

‘ આંખો ચંચળ થઈ ચળકે છે,
‘ ઓઠ કુંપળો પેઠે ઉઘડે છે;
‘ પંથી સુંદરીરૂપ થઈ જાય,
‘ જોગી ભડકે, ઉંચો નીચો થાય.’

સરસ્વતીચંદ્ર પુલની પેલી પાસની બારી બહાર સાગમાં લપાઈ પુલમાં ઉભો ને કાન અને આંખો માંડ્યાં. “ કુમુદસુંદરી, જાતે પોતાનો “ જ દોષ કબુલનારી અને પ્રિય જનની દયા જ જાણનારી આ મહાશયાના “ ચિત્ત જેવું ચિત્ત તમારું છે તેમ તેના જેવુંજ આ તમારું રૂપ હું “ અત્યારે પ્રત્યક્ષ કરું છું. પણ સ્ત્રીની પ્રીતિનો આવો તિરસ્કાર મેં “ કદી કર્યો નથી, અને જો એ તિરસ્કારબુદ્ધિથી મેં તમારો ત્યાગ “ કર્યો તમે સમજતાં હો તો તેના આરોપમાંથી મુક્ત થવાનો મ્હારો “ ધર્મ મને તમારી પાસે મોકલશે.” કુમુદ છત સામું જોઈ, છાતીએ હાથ મુક્યા, આંસુ લ્હોતી લ્હોતી ને વચ્ચે વચ્ચે ઉશ્કેરાતી ગાયાં જ જતી હતી.

‘ હાથ જોડી રોતી બોલી બાળા:–
“ ક્ષમા કરજો મને, જોગીરાજ !
“ જગપાવન ને નિર્વિકાર
“ શાંત દાંત વસો યોગીરાજ,
“ એવા દિવ્ય આશ્રમની માંહ
“ પગ મુક્યા પાપણીએ આજ.
“ તમ દર્શનનો અધિકાર,
“ નથી જોને, એવી હું છું નાર.”

સરસ્વતીચંદ્ર મનમાં ગાજી ઉઠ્યો અને અધિકાર આપવા લાગ્યોઃ
" ના–ના–કુમુદ ! તું પવિત્ર છે તે હું જાણું છું—જગત ભલે બડાશો
" મારતું કે તને સૌભાગ્યદેવીથી ઉતરતી ગણતું. પણ તહારે જે વિકટ
" સૂક્ષ્મ પ્રસંગો આવી ગયા તેમાં પણ જય પામનારી સતી તો તું જ
" છે ! અગ્નિમાં ચાલી છે તે તું ! પાપી તો હું જ છું કે જેણે તને અવદ-
" શામાં આણી અને તેમાંથી છોડવવા હજી સુધી જેની છાતી ચાલતી
" નથી ને આ સ્થાને આમ બાયલા પેઠે ઉભો રહ્યો છું !" મન આમ
" ગર્જ્યું ત્યાં કાન તો સાંભળ્યા જ કરતા હતા.

" ક્ષમા કરજ્યે મને, યોગીરાજ,
" કહી દઉં મ્હારાં વીતકની વાત.
" શુણી અબલા તણા અપરાધ,
" કૃપા કરજ્યે, અહો કૃપાનાથ !"

સરસ્વતીચંદ્ર સ્વસ્થ પણ આતુર થઈ સાંભળવા સજ્જ થઈ ઉભો.

" તમ દર્શનથી દુઃખ ન્હાસે,
" બોધ દ્યો ત્યાં ત્રિવિધ તાપ ભાગે."

" આ ભાગ તો તરંગશકરનો રચેલો નથી ! કુમુદ ! તહારા હૃદયની
" વાત હવે તહેં ગાવા માંડી અને પવનના ઝપાટા આગળના દીવા પેઠે
" મ્હારું હૃદય હવે કંપવા લાગે છે! કંપાવ, કુમુદ, એને કંપાવ ! હવે મ્હારા
" પ્રાયશ્ચિત્ત વિધિનો આરંભ થયો ! આરંભ પામેલું ગાન વાધ્યું. "

" બોધની હું ન જ્યે અધિકારી,
" પ્રભુ, ક્ષમજ્યે, પામર જીવ જાણી !"

આ શબ્દોએ સરસ્વતીચંદ્રનાં નેત્રમાં આંસુ આણ્યાં.

" બોધ લેતાં ભુલી કે ઠગાઈ,
" બોધ લેતાં લેતાં હું ફસાઈ "

આત્મદોષનો શોધક ઉદારચિન્તાથી સાંભળવા લાગ્યો.

" બોધ લેતી લેતી હું ન જાગી,
" બોધ દેનારથી ભુરકાઈ.
" મને એવો મળ્યો એક જોગી,
" પ્રીતિ બોટી જાણી બરી બોધા. "

આત્મદોષનું ભાન પામનારે નિઃશ્વાસ મુક્યો.

" પ્રીતિ જાગી હૈયે મુજ સાચી ,
" પ્રીતિ નરની યે જોઈ લીધ જાઝી.
" ખરી પ્રીતિ ધરી, ખોટી દીઠી,
" નરે ગેરુ ધર્યો ને કહી પીઠી! "

ચારે આંખોમાં આંસુની છાલકો વાગવા લાગી. સરસ્વતીચંદ્રે દુઃખમાં ને દુઃખમાં જનત ઉપર રોષ આણી પોતાનો અર્ધો ગોઠ કરજ્યો.

" સ્ત્રીની પ્રીતિ હશે કંઈક ખોટી,
" નર કંઈક મુકે એને રોતી."

પુલની બે પાસ નિઃશ્વાસ ચાલતા હતા.

" નારી અબળા છે, ને છે ભોળી,
" ઠગે એને જ્ઞાની જોગી ભોગી.
" રાંક થઈ પડી રૂહે ભોળી બાળા,
" નર આવી કરે ત્યાં ચાળા;
" ભોળી અબળાને પ્રેમે ફસાવે,
" ફાવે ત્યાં પાછી ધુતકારી નાંખે. "

' This is sharp retort" સરસ્વતીચંદ્રે છાતી ઉપર હાથ મુક્યો.

" જ્ઞાની જ્ઞાનહીનાને નચાવે,
" પ્રીતિભાંગ પાધરિ એને રાચે !"

"પાઈ ખરી ! પાઈ તે પાઈ! પણ રાચતો નથી !" ગાનને ઉત્તર મળ્યો.

" સ્ત્રીના દુઃખની મશ્કરી કરતો,
" પ્રીતિ-સ્વપ્ન દેખાડીને ઠગતો !
" પ્રીતિ પુરુષમાં હોય કે નહી હોય,
" સ્ત્રીને કોમળ હૈયે ખરી હોં !
" નહોતી જાણતી પ્રીતિનું નામ,
" નહોતી સ્વપ્નેયે જાણતી કામ,
" તેને કાને ફુંકયો નરે મન્ત્ર,
" સાથે મુકયું મનોભવતન્ત્ર;

" એણે રેલાવ્યો અબળામાં પ્રેમ,
" રેલે સરિતા ચોમાસે જેમ.
" રસ જાણ્યો તે નીવડી આગ,
" દેહ બળતાં, બચ્યો નહી વાળ."

" મ્હારી બુદ્ધિમાં જુનાં સ્વપ્ન ફરી તરવરે છે અને નવાં સ્વપ્ન
" ઉભરાય છે ! સ્થૂલ પ્રીતિ ! તું પણ પ્રસંગ આવ્યે બળ કરવા
" ચુકતી નથી." કુમુદના મુખ ઉપર નવીન શોક અને નવી સુન્દરતા ચમકવા લાગ્યાં ને તે જોનારના હૃદયમાં નવી જાતનો કંપ થયો. કંપાવનાર ગાન કંઈ અટકયું ન હતું.

" પ્રેમી અબળાને પ્રેમે ભુલાવી,
" ધીકધીકતા અગ્નિમાં ચલાવી.
" શીતળ થાવાને વનમાં આવી,
" નિરાશા છે લલાટે લખાવી !"

" ખરી વાત છે ? દુષ્ટ જીવ, કુમુદની આશા અને નિરાશાની લ-
" ગામો તહારા જ હાથમાં રહી છે અને તહારે તો વૈરાગ્યમાં ધોરવું છે !"
નવાં સ્વપ્નોએ સાંભળનારને મર્મવચન કહ્યું. આગળ ચાલતી કવિતા હજી વધારે મર્મભેદક નીવડતી હતી.

" ઘર છોડ્યું ને વનમાં આવી,
" ટુકું ભાગ્ય ત્યાંયે સાથ લાવી.
" તમ જેવાનો સત્સંગ થાય,
" તહોય મટતો ન મનનો ઉચાટ."

" સત્સંગ " શબ્દે હજી નવા વિચાર જગાડ્યા.

" જગપાવન ને નિર્વિકાર
" શાંત દાંત તમે, યોગીરાજ !"

" હું ધચ્છું છું—કુમુદ, હું ધચ્છું છું કે તું જેવો મને કલ્પે છે
" તેવો હું હઉં ને ન હઉં તો થઉં. પણ આ ધચ્છા તે તહારી નિરા-
" શાની છે કે આશાની છે ? તહારી હૃદયગુહા ઘણી ઉંડી ને સૂક્ષ્મ
" છે ત્યાં તહારા મર્મસ્થાનમાં પ્હોચવું એ હવે મ્હારો ધર્મ."

" તેને શરણ વૃથા હું આવી,
" શોક મૂઢ વિકારિણી નારી !

" સુધા સલિલથીં કૂપ ભર્યો છે,
" તૃપા ભાગવા ઈશે કર્યો છે,
" તેને થાળે એકી ગુણહીનં
" હું ન અવતરી સલિલનું મીન.
" પાણી જોઉં છું ને રોઉંછું,
" કુવાકાંઠે તૃપાથી મરું છું.
" કહું છું કે મરું છું ને જીવું છું !
" મરવા મથીં મથીંને યે જીવું છું !
" હાડે હાડે બધેથી શુણું છું,
"પુઠે પુઠે તહોયે હું ભમું છું;
" આશા છે નહી, તહોયે ધરું છું;
" જીવ છે નહી તહોયે જીવું છું ! "

"—'Tis the severest struggle of the heart !" સરસ્વતીચંદ્ર બોલ્યો, અને કુમુદે પાછળની ભીંતમાં માથું પાછળથી કુટ્યું, પણ ગંભોડાએ એ પ્રહારમાંથી એને બચાવી. સરસ્વતીચંદ્રે એ જોયું—એનું હૃદય ચીરાયું—અંદર જવા તત્પર થયો; પણ કુમુદ સજ્જ થઈને ફરી ગાવા લાગી એટલે અટક્યો. કુમુદનું મ્હોં હવે તીવ્રતર થતા શોકથી ઘેલું થતું હતું તે જોનારની આંખો દયાથી જોવા લાગી.

" છું અભાગણી પાપણી એવી,
" નથી અધમ કોઈ મુજ જેવી.
" ક્યાં હું એ ? ક્યાં તમે યોગિરાજ,
" જેમાં પુણ્યસુધા ઉભરાય?
" ત્યાગી બુદ્ધ શુણ્યા ભગવાન,
' ત્યાગી પ્રત્યક્ષ છો ભગવાન !"

ધૃષ્ટ જનને મુખે સ્તુતિ સાંભળી રોમાંચ થયો.

" સેવે દૃષ્ટિથીં શશીંને કુમુદ !
" જુવે દૂરથી ને બને પુલ્લ!"

---

૧ ' ગુણ ' એટલે કુવામાં પાણી ભરવાનું દોરડું અને બીજો અર્થ સામાન્ય કહેવાય છીયે તે ગુણ. ૨ રુવાંનું ઉભું થવું.

" કુમુદ ! મ્હારી કુમુદ ! ત્હારું અભિજ્ઞાન હવે સંપૂર્ણ થયું ! મધુરી
" અને મધુર કુમુદ તે એક જ ! હવે એને પળવાર વધારે આમ વ્હીલી
" રાખવી ને તરફડીયાં મારતી જોવી એ મ્હારાથી નહી બને ! પ્રભા-
" દ્યનના ઘરમાં એમ જોવું તે જ ધર્મ હતો—હવે તેમ જોઈ
" રહેવું એ જ અધર્મ છે"—છેક વસન્તગુફાની બારી સુધી પગલું
ભર્યું. કુમુદ ગાવાની લ્હેમાં હત નહી તો અવશ્ય તેને જોઈ શકત.
તે ઉભી થઈ અને સામી રવેશ ઉપરથી દેખાતા ચંદ્રને જોઈ રહી—
એ ચંદ્રને જ કહેવા લાગી—કોમળ હાથેલીઓ જોડી નમસ્કાર કરી
ઉભી રહી ને ચંદ્રને જ કહેવા લાગી.

" સેવે દૃષ્ટિથી શશીને કુમુદ !
" જુવે દૂરથી ને બને પ્રુલ્લ!
" છોડી મલિન મદનના ઉપાધિ,
" દૃષ્ટિસેવા પ્રભુની કરું આવી,
" તો હું ભાગ્ય ખોયેલું પામું,
" બોધ શાન્તિ સુધાપાન જાચું.
" રહ્યો મનમાં મને ક્ષોભ ઝાઝો,
" શાંત પડતો ઉછળતો પાછો.
" મુક્ત કરવા તેમાંથી સમર્થ
" એક પુરુષ તમે, નહી અન્ય !"

સરસ્વતીચંદ્રનું હૃદય હાથમાં ન રહ્યું—તેણે બારીના ઉમરા ઉપર પગ મુક્યો—પણ કુમુદની દૃષ્ટિ તો આકાશના ચંદ્ર સામી જ હતી. તે ભાનમાં ગાતી હતી કે બેભાન લવતી હતી તે સમજાયું નહી. ભાનમાં હોય તો સરસ્વતીચંદ્રને દીઠા વિના રહે ?

" તપ ભગ્ન તમારું કરવા,
" યોગીરાજ, આવી નથી હું આ.
" તપક્ષેત્રની વાડ વધારું,
" પશુમાત્રને દૂર જ કહાડું !
" ક્ષેત્રમધ્યે રહી કૃષિ કરજો !
" વિઘ્નહીન જ તપ આદરજો !"

કુમુદ સરસ્વતીચંદ્રના સામી ફરી, તેની આંખ આની આંખ સામે ઉભી રહી પણ જોતી હોય એમ દેખાયું નહી. એના સામી ઉભી રહીને

૦૮ એ ગાવા લાગી ને એ પત્થર જેવો દ્વિધામૂઢ થઈને ઉભો ને માત્ર આંખનાં આંસુથી જ જીવતો લાગતો હતો.

" ભદ્રાસુદ્રા સમો ઉપદેશ,
" જ્યારથી જોઈ ત્યજીશ હું ક્લેશ !"

છેક એભાન જેવાની પાસે કોઈ યંત્રની સત્તાથી ચાલતી ને બોલતી કાચની પુતળી પેઠે કુમુદ છેક સરસ્વતીચંદ્ર પાસે આવી ને ઉભી, ને નમસ્કાર કરી નરમ સ્વરે કહેવા લાગી.

" કૃપારસથી ભર્યા યોગિરાજ !
" જાચું આટલો હું અધિકાર."

" કુમુદસુંદરી ! "—સરસ્વતીચંદ્ર બોલ્યો અને કુમુદનો હાથ ઝાલ્યો—પણ તે હાથ વળ્યો નહી—એની નસો અસ્થિ જેવી કઠણ લાગી. માત્ર ઉઘાડી પણ શૂન્ય આંખથી ને બોલતા મુખથી તેનું ચેતન જણાતું હતું.

" પૂર્વ આશ્રમને સંભારી,
" મળ્યાં ગુપ્ત વચનને માની,
" થઈ અશરણ અબળા બાળા
" માગે આટલી પ્રીતિની જ્વાળા !"

જે હાથ ઝાલ્યો વળતો ન હતો તે જાતે ઉચકાયો ને લાંબો થઈ સરસ્વતીચંદ્રના ખભા ઉપર જાતે ટેકાયો, અને પાછો તે સ્થિતિમાં પણ બે શરીરની વચ્ચે પત્થરનો પુલ હોય એમ કઠણ થઈ ગયો. કુમુદની આંખોમાં દીનતા અને આર્જવ હતાં ને સરસ્વતીચંદ્રની આંખો સામી તે વળી હતી, છતાં પણ તે કોઈ પત્થરની મૂર્ત્તિની જ આંખો જેવી લાગી. એ સ્થિતિમાં આ નાજુક શરીર જાતે ઉભું ને ગાવા લાગ્યું.

" ભવસાગરમાં નથી પડવું !
" મન મલિન મળે નથી ભરવું !
" રસ ઉંડો દીધો રસનાથે,
" રસ મળના નીંચોવ્યા ત્યાગે !"

એનો હાથ સરસ્વતીચંદ્રના ખભા ઉપર બળથી ચંપાતો હતો.

" કાયા ફેંફી દીધી કાયનાથે,
" પ્રાણના જ હર્યા યમરાજે !"

" કુમુદ સુંદરી !"—ઉત્તરમાં ગાન જ ચાલ્યું.

" કેંકી કાયા ને કેંક્યા મ્હેં પ્રાણ !
" માગ્યેા જળમાં ને નરકમાં માગ !
" કાયા કેંકી દીધી જળનાથે !
" પ્રાણ લીધા ન નરકને નાથે !
" પ્રાણધારિણી કાયા એ આજે
" પડી છે પ્રાણનાથને પાયે ! "

ખભા ઉપરથી હાથ ઉપડ્યેા ને બીજા હાથ સાથે જોડાયેા. કુમુદના બે હાથ પેાતાના શરીર આગળ જંઘા સુધી લટકી નમી અંજલિપુટ થઈ બીડાયા ! સરસ્વતીચંદ્રના ચરણ ભણીજ એ હાથ નમ્યા ને એ હાથ ધરનારીની દૃષ્ટિ, એનું મસ્તક, સર્વ સરસ્વતીચંદ્રના ચરણ ભણીજ " પ્રાણ-નાથને પાયે " શબ્દ બેાલતાં બેાલતાં નમ્યાં અને વળ્યાં, ને તેનેજ એ કહેવા લાગી.

" કાયા પ્રાણનેા યેાગ ન માગે !
" પ્રાણ પ્રાણપણાથી ન રાચે.
" પ્રાણનાથને શરણ પડ્યાં એ !
" પ્રાણનાથ તારે કે હુણાડે !
" પ્રાણનાથ, હુણાડેા કે તારેા !
" રસ નષ્ટ કરેા કે વધારેા !
" ક્ષમા આપેા કે ક્રેાધથી શાપેા !
" હાથ ઝાલેા કે લાતથી મારેા !
" વિધાતાએ તેા લેખ લખ્યા છેઃ—
" પ્રાણનાથ શું પ્રાણ જડ્યા છે ! "

" કુમુદસુંદરી !—કુમુદ !—આ દશા—" આ ઉદ્ગાર નીકળતાં ગાન અટક્યું ને સટે ગધ નીકળ્યું ને કુમુદ ખડખડ હસી પડી.

" હેં! આટલે દિવસે—પાછી—હું કુમુદ થઈ !—કુમુદસુંદરી નહીઃ—" પ્રિય કુમુદ" થઈ—હા ! તેા હવે સાંભળેા હૃદયની વાત હૃદય બેાલશે ! હું નહી બેાલું."

" અરે રે ! હજી એ બેભાન છે ને બેભાન સ્થિતિમાં જ ઉભી છે, બેાલે છે ને ગાય છેઃ" સરસ્વતીચંદ્ર કંઈક ઝીણેથી બેાલ્યેા તે સાંભળ્યું હેાય તેમ બેભાન કુમુદ બેાલી.

" હા ! મ્હારો ચંદ્ર બોલ્યો ! ચંદ્ર ! સાંભળો – ઘણે દિવસે બોલ્યા તે સાંભળો ! " એમાન મુખ પણ દીન થયું ને ગાવા લાગ્યું.

" નથી સતીપણું હુંથી સધાયું,
" પતિવ્રતપણું તો નથી જાયું.
" મને સુઝે ન શુદ્ધિ અશુદ્ધિ;
" મ્હારી ચાલે નહી કંઈ બુદ્ધિ
" તેને બુદ્ધિ ને શુદ્ધિ દેવા,
" અશરણને શરણ નિજ લેવા,
" આદિકાળે રસિક ઘેર આવ્યો;
" આજે એ નો એ નર ફર આવ્યો.
" ઘડે એવો વિધાતા યોગ.
" જે જે તારા, ચન્દ્ર, ચકોર ! "

" એ નો એ નર આવ્યો ! હવે ક્યાં જાય ? " કુમુદ લવતી લવતી આકાશના તારા ભણી જોતી જોતી કૂહેવા લાગી. " જે જે તારા ! જે જે ચંદ્ર ! ચન્દ્ર હાથમાં આવ્યો—સરસ્વતીચંદ્રનું નામ નવીનચંદ્ર થઈ ગયું. પણ એ ચંદ્ર હાથમાં આવ્યો—ભગવાં વસ્ત્ર ધર્યાં—ભગવું તો ભગવું પણ હવે નહી જવા દઉં ! જોગીરાજ !" સરસ્વતીચંદ્રનો ચાંચળો ખેંચવા લાગી—ખેંચતી ખેંચતી ગાવા લાગી.

" હાથ આવ્યો યોગી ! હાથ મ્હારો
" ભ્રષ્ટ છે, છે દેહ ગોઝારો !"

ચાંચળો મુકી દીધો. પોતાના હાથ અને શરીર સામું જોતી જોતી રોતી રોતી ગાવા લાગી.

" શુદ્ધ બુદ્ધ ને પાવન નાથ !
" રખે ઝાલો આ ભ્રષ્ટ જ હાથ !"

હાથ દૂર લેઈ લીધો ને આઘી ખસી ગઈ ને છેટે ઉભી રહી પ્રણામ કરતી રોતી ગાતી હતી.

" પ્રભુ ! જાળવું તેજ તમારું,
" શુદ્ધ શરીર નિયન્ત્રું હું મ્હારું.
" જીવ ઝાલ્યો પ્રથમથી જે મ્હારો,
" તેને બોધ આપીને ઉગારો.
" જેને લોક મનોભૂ કૂહેછે,—

" અંગજ્વરને અનંગ ગણે છે—
" એ તો કામ, નહી નિષ્કામ;
" પશુ એ તો, ન પાવનપાદ;
" એ અસુર, સુરેશ નહી એ;
" એ તો તિમિર, પ્રકાશ નહી એ.
" દેવ હૃદયનો સ્નેહ તે જુદો,
" અશરીર પ્રીતિને કામ કેવો ?
" પ્રીતિ અશરીર જીવે જીવોમાં,
" ઈશ પોતે ધરે **પ્રીતિ** સહુમાં.
" સંપ્રસાદ જે બોધસ્વરૂપ
" તે તો સાત્ત્વિક **પ્રીતિ**નું મૂળ.
" ત્યાગી જન જે ધરે સત્સંગ,
" તેનું **પ્રીતિ** અનંગ જ અંગ.
" ઈશજીવની **પ્રીતિ** થતી જે
" સુધાસ્યન્દિની ભક્તિ થકી તે.
" **પ્રીતિ** અશરીર એવી હું ધારું;
" સૃજી ઈશે તે કેમ નિવારું ?
" પ્રીતિભાજન એક જે પામી
" રંક કુમુદ, તે છે નભચારી !
" સુધાકિરણ ઝરો ! ભગવાન !
" શાંત એકાંત દો પ્રીતિદાન !
" માગું અશરીર બોધપ્રબોધ !
" પુરો પાડો વિશુદ્ધ જ લોભ !
" યોગી ! યોગ પામી જેનો સિદ્ધ
" બનો નીરનિધિ ગમ્ભીર,
" તેને તીરે આવી હું સરિતા,
" છોડી નગ[1], તોડી ઢગ રેતીના !
" પૂર લાંબે છેટેથી આવ્યું !
" રહ્યું એ નહી કોઈનું રાખ્યું !
" જુવે વાટ ભરતીની એ એક;
" રચે વિશ્વમ્ભર સંકે...ત !..."

---

૧. પર્વત.

છેલી લીટી લંબાતા તુટતા મન્દ પડતા સ્વરવડે ગવાઈ અને ગવાતાં ગવાતાં બંધ પડી. અંદરથી ખેંચાતી કોઈ સાંકળના ખેંચાણથી આંખો પણ મીંચાઈ, મ્હોં મીંચાયું, ક્રિયા બંધ થઈ, અને કેડો ભાગી ગઈ હોય તેમ વળી ગઈ અને કોમળ દેહલતા વળી જઈ બળથી પોતાની પીઠ ઉપર પડી. નીચે કઠણ અને ખડબચડા પથરાઓનું તળ હતું ને જરીક પાછળ દાદર હતો તે ઉપર પડી જ હત તો એ શરીરલતાને હાનિ પ્હોચત. પણ તે પડવા માંડે છે એટલામાં તો સરસ્વતીચંદ્ર લાંબી ફલંગ ભરી પાસે દોડી આવ્યો ને એની પીઠ નીચે હાથ નાંખી એ બે હાથ ઉપર એને ઝીલી લીધી. હાથ ઉપર ચતી પડી રહેલી મૂર્છાવશ દુખીયારી કુમુદનાં દીન મુખ ઉપર પોતાનાં નેત્રનાં આંસુ ટપકતાં હતાં તેને વારવાને અશક્ત પુરુષ એ દુઃખના કરમાયલા ભાર જેવી દેહલતાને ઝાલી ગુફાના આ માળની વચ્ચોવચ્ચ ઉભો રહ્યો, શું કરવું તે વિચારવા લાગ્યો, અને મૂર્છાવંશ મુખ સામું જોઈ દીન મુખે કહેવા લાગ્યો.

"કુમુદસુંદરી! જાગૃત થાવ! હું સરસ્વતીચંદ્ર છું."

ઉત્તર ન મળતાં, અર્ધઘડી ઉભો રહ્યો છતાં મૂર્છા વળવાનું ચિન્હ ન જણાતાં, વચ્ચોવચ્ચ પલાંઠી વાળી બેઠો અને પોતાના ખોળામાં કુમુદને સુવાડી. મૂર્છામાં પણ સુન્દર લાગતા અને ચંદ્રપ્રકાશથી સ્પષ્ટ દેખાતા તેના મુખ ઉપર આ પુરુષની દૃષ્ટિ નિરંકુશ વળી રહી. અચેતન પણ કોમળ સ્ત્રીઅંગનો અનિવાર્ય અપ્રતિકાર્ય સ્પર્શ એને રોમાંચિત કરવા લાગ્યો અને પળવાર એની બુદ્ધિને શરીરમાં વીંછીના ચહડતા વિષ જેવા ઉન્માદે અસ્વતંત્ર કરી દીધી. સર્પના વિષથી લહેર આવે તેમ આ દૃષ્ટિમોહથી અને સ્પર્શમોહથી આ બુદ્ધિની નસોમાં મોહનિદ્રાની લહેરો જણાવા લાગી. પણ એટલામાં બ્હારથી અચીંત્યા આવતા પવનને એક ઝપાટે એને જાગૃત કર્યો, કુમુદની દુઃખી અવસ્થાની, પોતાના દોષની, અને બુદ્ધિધનના ઘરમાં પડેલા પ્રસંગની, તુલનાના વિચાર એના મનમાં ઉભરાવા લાગ્યા, અને મનુષ્યને માથે અસહ્ય ભાર પડતાં બેસી જાય તેમ એ મન્મથ-ઉન્માદ આ વિચારોના ભારથી શાંત થઈ ગયો. વિકારકાળે કંઈ પણ સ્વતંત્ર વિચાર ઉત્પન્ન થાય તો વિકાર આમ ડળાઈ જાય એવો આ નવો અનુભવ અને શોધ થયો ગણી સરસ્વતીચંદ્ર કંઈક નિર્ભય થયો અને ઔષધતુલ્ય થયેલા એવા વિચારનું વધારે વધારે પરિશીલન કરવા લાગ્યો.

"શ્રીમતીને હિસ્ટીરિયા—વાયુ થયો ડાકતરે કહ્યો હતો તેના જેવી જ આની અવસ્થા છે અને તે પ્રમાણે જ આને ઉપચાર ઘટે. તેનું આ સ્થાને હું શી રીતે સંપાદન કરું? ચંદ્રનો પ્રકાશ અને સુકુમાર લાવણ્યમયી શીત પવનની લહેરો તો અંહી જોઈએ એટલી છે—તો એ જાગૃત થાય ત્યાં સુધી આ અવસ્થામાં જ બેસી રહેવું યોગ્ય છે—એ પ્રકાશ અને લહેરો એના શરીર ઉપર આવે એમ બેસું:—" તેમ એ બોલ્યા.

" મને કાંઈ અનુભવ નથી પણ ઉદ્ધતલાલને લાંબો અનુભવ છે તે કહેતા હતા કે વીલાયતમાં લગ્ન પહેલાં હિસ્ટીરીયા થાય છે તે લગ્ન પછી મટી જાય છે, અને આ દેશમાં લગ્ન પછી એ રોગ થાય છે તે સાસુ મરતા સુધી કે વહુ સ્વતન્ત્ર થતા સુધી પહોચે છે. આના ઉપરથી એમણે એવો અર્થાન્તરન્યાસ[1] શોધ્યો છે કે સ્ત્રીઓની વાસનાઓ વીલાયતમાં લગ્નથી તૃપ્ત થાય છે અને આ દેશમાં પરાધીન વૃત્તિઓ, ચારેપાસ ભરી દીધેલાં કૃત્રિમ સંબંધીઓના જુલમ-જાળ માંથી સ્વતંત્ર થવાથી, તૃપ્ત થાય છે. કુમુદસુંદરી! તમારે ઉભય વાતમાં અતૃપ્તિ ન હતી? એક વાતમાં વિધાતાએ તમને સ્વતંત્ર કર્યાં—બીજી વાત મ્હારા હાથમાં છે. તમારા હૃદયનું ગાન સાંભળ્યું! તેમાં જે પવિત્ર સૂક્ષ્મ પ્રીતિની વાસના સ્ફુરે છે તેની તૃપ્તિ તો હવે કંઈ કહેણ નથી પણ સ્ત્રીની હૃદયગુહાના મર્મ કંઈ આટલા ગાનથી કદી સમજાય એમ છે? સ્થૂલ વાસનાઓનાં ઉદ્દીપન અને શાંતિનાં પ્રકરણ આ સાધુઓ સમજે છે એવું કોણ સમજે છે? એ વાસનાઓ કુમુદના કોમળ હૃદયમાં છે કે નહી તે જાણવું આવા સાધુજનોને પણ દુર્ઘટ થઈ પડ્યું છે. મ્હારી દૃષ્ટિસેવા કર્યાથી આ સુકુમાર લાવણ્યમયી દેહલતામાંનું રસચેતન શું શાંત થશે? કુમુદ પોતે જ પોતાની વાસનાઓ શું સ્પષ્ટ જાણી શકે છે? સ્ત્રીઓની વાસનાઓને એમનાં શરીર જાણે છે— એમના શરીરવિલાસ જાણે છે, એટલી એમનાં મન જાણી શકતાં નથી. તો મ્હારે શું કરવું? અથવા સ્થૂલ વાસનાનો વિચાર પોતાના હૃદયમાં ઉદય પામતા જોઈને જ શું આવી ધર્મિષ્ઠ અને ઉત્કૃષ્ટ બુદ્ધિની બાળાને ક્લેશ અને ક્ષોભ નહી થતાં હોય?—સર્વથા જે હો તે હો—આ હો કે એ હો—પણ આ કુસુમસુકુમાર હૃદયનું દુઃખ અતિસૂક્ષ્મ દશાને પામ્યું છે; ને દુષ્ટ સરસ્વતીચંદ્ર! તે સર્વનું ક્રૂર કારણ તું જ છે—તું એકલો છે! નથી પ્રમાદ ને નથી બીજું કોઈ! હરિ! હરિ! હું શું કરું?"

---

1 Generalization.

"શું કરું ? આ દુઃખી દેહને ખોળામાં રાખી હું તેને જોયાં કરું છું તો વિચારને સ્થાને વિકાર થાય છે—ને આ સમયે વિકાર થાય તે તો મ્હારી દુષ્ટતાની પરાકાષ્ઠા ! કુમુદ ! તેં તહારું ગાન કર્યું—હું હવે મ્હારું ગાન કરી કાળક્ષેપ કરીશ—મ્હારા વિચારથી એ ગાનને ભરીશ. કુમુદે પોતાનું ગાન સાંભળ્યું નથી, જાણ્યું નથી, ને બીજું કોઈ સાંભળે છે એવું તેને ભાન પણ રહ્યું નથી. પોતાના હૃદયને શાંત કરવા સ્વસ્થ દશામાં ચિત્તે જોડેલું ગાન આ દશામાં મ્હારી પાસે જતે નીકળી પડ્યું; તેથી ઉલટું મ્હારું ગાન હવે મ્હારી અસ્વસ્થ દશામાં જોડવું પડે છે, અને હું તે ગાન જોડીશ, સમજીશ, ને પોતાને કાને સાંભળીશ પણ મૂર્છાવશ કુમુદ તે નહી સાંભળે ! તે નહી સાંભળે તે જ ઉત્તમ છે. ચંદ્રપ્રકાશ અને પવનની લહેરોની પેઠે મ્હારું ગાન એની મૂર્છાને વાળે તો એ જ મ્હારો પરમ લાભ ! ને એ નહી સાંભળે કે સમજે તે મ્હારો જતનો સ્વાર્થ !" થોડીવાર તે સ્વસ્થ રહ્યા, બોલ્યો નહી, હાલ્યો નહી, માત્ર ચંદ્ર અને કુમુદમુખની તુલના કરતો હોય તેમ વારાફરતી તે બેના સામું જોતો હતો. એ મુખ પોતાને—સરસ્વતીચંદ્રને-ઠપકો દેતું લાગ્યું ને તરત વીજળીની ત્વરાથી તે મુખ જોનાર આંખે આંખના સૂત્રધારને—સરસ્વતીચંદ્રના હૃદયને—એ ઠપકો પ્હોચાડ્યો ત્યાં એ કંઈક ઉંચે અને કંઈક નીચે સ્વરે ગાવા લાગ્યો.

" દીધાં છોડી પિતામાતા,
" ત્યજી વ્હાલી ગુણી દારા !
" ગયો, વ્હાલી, ગયો આવ્યો !
" હૃદયનો ભેદ ના ભાગ્યો.

" બુદ્ધિધનના ઘરમાં સંસારની રીતિએ એ ભેદ ભાગવા ન જ દીધો".—ગાન સાથે ગદ્ય પણ મ્હોટે સ્વરે ઉચ્ચારાયું, ને નિઃશ્વાસ વિના બીજા કોઈએ તેમાં અંતરાય નાંખ્યો નહી.

" ન જોવાયું, ન બોલાયું,
" હૃદય આ ના ઉઘાડ્યું !
" પીધું તેં, પાયું મ્હેં, વિષ !
" હવે કુટું વૃથા શિર."

" જે મતિ પીછે ઉપજી—સો મતિ આગે હોત —તો, સરસ્વતીચન્દ્ર !
" આ મૂર્ખતા ન થાત !" કુમુદના મુખ સામું યાચક જેવું દીન મુખ કરી પશ્ચાત્તપ્ત જન જોઈ રહ્યો.

" અહો ઉદાર એ વહાલી !
" અહો સુકમારી ! ઉર ફાટી
" ગયું તહારું, રહ્યું મહારું
" બની દારુણ ગોઝારું !

" સંસારે કરાવેલા દુષ્ટ જનના પરામર્શથી આ સુન્દર પવિત્ર શરીર
" જેવું સત્વ દૂષિત થયું—તે દોષ પણ મહારો જ !

" શરીર તહારું, હૃદય મહારું,
" કર્યું આ મહેં જ ગોઝારું !

" પણ તહેં તો તહારા પરસ્પરસંઘટ્ટક ધર્મ સાચવ્યા અને તહારે
" પોતાને માટે સુભાગ્યરૂપ અને મહારા ભાગ્યને માટે શિક્ષારૂપ થા.
" સ્થિતિને તું પામી--તું દુઃખની બેભાન થઈ, કામની અને સર્વ
" જગતની નિષ્કામ થઈ, અને મહારે તેથી ઉલટું છે. અને તું—

" મળી ત્યારે મળી આમ !
" કર્યો તહેં ભસ્મવત્ કામ.

" કામ ! કામ ! શિવજી જેમ વિષધરની ધારાઓ જેવા સર્પને પોતાના
" શરીરની આશપાશ વીંટાવા દે છે અને મસ્તક ઉપર અમૃતમયી ગંગાને
" અને સુધાકર ચંદ્રને સ્થાન આપે છે તેમ કુમુદસુંદરીએ આ દુઃ-
" ખવિષથી ભરેલા શરીરના સ્વામીને શરીર સોંપી દીધું અને અમૃતમય
" હૃદય મને સોંપ્યું હતું તે મહારામાં જ રાખ્યું !

" સાધુ ધર્મ અને સંસારધર્મનો આ સૂક્ષ્મ પણ ક્લેશકર સંયોગ રાખવો
" એ તને જ આવ્યું ! તું જ સતી ! તું જ શાણી ! ઉદારતા અને
" શુદ્ધિ પણ તહારી જ છે. પ્રિય કુમુદ ! પતિવ્રતાપણું તહારામાં જાયું પણ
" છે ને પરિપાક પામ્યું પણ છે !—સતીપણું તહેં મહાતપથી—અત્યુગ્ર
" આંતરાગ્નિની જ્વાળાઓની વચ્ચે બેસીને જાયું છે ! જો તું સતી નહી
" અને પતિવ્રતા નહી— તો સંસારમાં ક્ષીયા મનુષ્યસત્વનો અંતરાત્મા
" પોતાનામાં તહારા જેવી શક્તિ પ્રત્યક્ષ કરે છે ! જે દુષ્ટ સંસાર તને
" નિન્દે છે તેને છોડી આપણે જે સાધુજનોમાં આવ્યાં છીયે ત્યાં
" આવા જ પ્રશ્નો પુછાય છે !

" અહો ઉદાર ! એ વહાલી.
" સતી તું શુદ્ધ ! એ શાણી !

" હૃદય જ્યાં જોડ્યું ત્યાં જોડ્યું !
" શરીર જ્યાં હોમ્યું ત્યાં હોમ્યું !

" મૂર્છામાં પડી પડી કુમુદ—આ સાંભળજે તહારા હૃદયે તહારે જે
" માર્ગે તને લીધી છે તે જ વિશુદ્ધ છે અને તે જ સાધુજનોનો મુદિત
" માર્ગ છે. તું અધર્મને પગથીયે ચહડી જ નથી. મ્હારા હૃદય સાથે તહારું
" હૃદય ત્રસરેણુક સંબંધ પામ્યું તે કોને લીધે ? તહારાં માતાપિતાની ઇચ્છા-
" થી અને ઈશ્વરે રચેલા કોઈ સંકેતથી ! એવા પરમ અદ્વૈત
" પામેલાં હૃદયને એક બીજાથી છુટાં પાડવાની શક્તિ કોનામાં
" છે ? જેમ એક વાર વિશ્વરૂપ દર્શનથી પરમાત્માનું અદ્વૈત પામેલો
" જીવાત્મા પુનર્દ્વૈત પામતો નથી તેમ એકવાર પ્રીતિયજ્ઞ કરવા ધર્મ
" અદ્વૈત પામેલાં હૃદય દ્વૈત પામતાં નથી. એ અદ્વૈતાગ્નિ આપણા
" આવસથમાં પ્રકટાયો તે પ્રકટાયો ! તે હોલવવાનું એકે શાસ્ત્રમાં લખ્યું
" નથી. તહારા હૃદયમાં તે ન હોલાયો—એ તહારો ધર્મ ને એ તહારો
" ઉત્કર્ષ ! તેને જગતની વઞ્ચના નષ્ટ કરી શકી નહી ! અને તેની સાથે
" જ તહારા પિતાએ તને પ્રમાદ સોંપ્યો—તે તહારો પતિરૂપ આકારક
" અતિથિ થયો ! અર્વાચીન આર્યાએ એવા અતિથિના આતિથેય
" માટે યજ્ઞ માંડે છે તે માતાપિતાએ કરેલાં વાગ્દાનની પ્રતિજ્ઞા પાળ-
" વાને ! હાલનાં એ લગ્ન તે સર્વ પિતૃયજ્ઞ જ ! દશરથની પ્રતિજ્ઞા રામે
" પાળી તેમ આ આર્યાએ આવી પ્રતિજ્ઞાઓ પાળવાને જ આતિથેય-
" યજ્ઞ માંડે છે. કુમુદસુંદરી ! એક પાસથી અદ્વૈતાગ્નિ અને બીજી
" પાસથી આવો આતિથેયાગ્નિ પ્રકટ કરી તેની વચ્ચે આ અનાથ અશ-
" રણ હૃદયને ને શરીરને તપ-સાધના કરવા મુક્યાં, અને એક પાસ હૃદયનો
" હોમ અને બીજી પાસ શરીરનો હોમ કરવા માંડ્યો—એ અદૃષ્ટપૂર્વ
" યજ્ઞ કર્યા તે તે તમે ! કુમુદસુંદરી ! પોતાની જાતનો તિરસ્કાર કરી આ-
" પા યજમાનકૃત્યની નિન્દા ન કરશો ! સનાતન અદ્વૈત રસધર્મ અને અ-
" ર્વાચીન અતિથિ-પતિ-યજ્ઞ એ બે સાધવાનું પુણ્ય તે તમારું જ છો તે-
" કુમુદસુંદરી !મૂર્છામાંથી જાગીને જુવો !

" અહો રસધર્મ વરનારી !
" અતિથિ-પતિ-યજ્ઞ યજનારી !
" ન ભુલાતું તું ના ભુલી !
" વિવાહની વઞ્ચના હુલી !

" તમે અશરણ નથી ! જે પ્રીતિયજ્ઞમાં હું તમારી સાથે સંધાયો છું—
" તે મ્હારામાં પણ જાગૃત જ રહ્યો છે. પ્રમાદધને તમારો ત્યાગ કર્યો
" અને તેનું આતિથેય કરવાનું હવે તમારે શિર રહ્યું નથી. હવે તો તમારે
" માટે એક જ આપણો યજ્ઞ બાકી રહ્યો છે—તેમાં તો કષ્ટસાધના કાંઈ
" નથી. મ્હેં તમારા શરીરનો ત્યાગ કર્યો હતો—હૃદયનો ત્યાગ પણ સુલભ થશે
" જાણ્યું તે—ખોટું પડ્યું—અને—ખોટું થયું !અને હવે એ સર્વ ત્યાગને સટે
" આપણું પુરાણ અદ્વૈત નવો અવતાર ધરે છે. કુમુદસુંદરી ! મૂર્છામાંથી
" જાગીને જુવો !

" હવે આ ભેખ મ્હેં ધાર્યો,
" નવો રસધર્મ છે જાગ્યો;
" જુઠ્ઠા જગધર્મ દઉં તોડી
" કુમુદને કાજ, કર જોડી !
" પ્રમાદી વાયુએ તોડ્યું
" કુમુદને સ્થાનથી મોડ્યું !
" અતિથિશું ધર્મના બન્ધ
" અધર્મીયે કીધા બંધ.
" અતિથિ જે કરે ત્યાગ,
" કીયો કોનો જ યજમાન ?
" કુમુદિની મૂળથી ત્રુટી !
" કૃતક[1] જગ—ધર્મથી છુટી !

" પ્રિય કુમુદ ! તહારા અતિથિયે તેને ટાળી ને તારી ! મૂર્છાથી જાગ
" અને આ આપણો નવો અવતાર થયો તે જો !" એના મૂર્છાવશ મુખ સામું એ જોવા લાગ્યો ને એ જાગૃત હોય તેમ એને કહેવા લાગ્યો. " પ્રિય કુમુદ ! આપણે હવે ક્યાં છીયે તે તો જો !

" હવે ગિરિરાજ પર આવ્યાં,
" સુધર્મી સાધુને ભાવ્યાં;
" પ્રિયા ! ત્યજ સર્વ ભયને તું !
" પરાપ્રીતિ—યજ્ઞ રચને તું ! "

આખા સુન્દર શરીર ઉપર ચન્દ્રનાં કિરણ, દૃષ્ટિ પેઠે, પડતાં હતાં, એને આશ્વાસન આપતાં હોય તેમ પ્રિયજનના હાથ પેઠે એના શરીરતલ ઉપર

---

૧. કૃત્રિમ, Conventional.

કરતાં હતાં, અને તે છતાં એનો મૂર્છાભાર ઉતારવા અશક્ત નીવડતાં હતાં. એ સર્વ સ્થાનમાં, એ સર્વ ક્રિયામાં, અને એ સર્વ પરિણામમાં સરસ્વતીચંદ્રની દૃષ્ટિ ફરી વળી અને ખોળામાં પડેલી મધુરતાની મૂર્તિને કંઈક ઉંચી કરી કહેવા લાગ્યો.

" પડ્યું શબતુલ્ય ચેતન આ;
" ત્યજી મૂર્છા સચેત તું થા !
" સુધાકર આ સુધા વર્ષે;
" તને નહીં કેમ તે સ્પર્શે ?

"અથવા તહારા અન્તરાત્માને સ્થૂલ ચન્દ્રકિરણ ન જ સ્પર્શવાં જોઈએ.
" પણ શું મ્હારો સ્વર પણ એ અન્તરાત્માને ન પ્હોચી શકે ?"
સુતેલીની હડપચી ઝાલવા જતો જતો અટક્યો.

" તને બોલાવવા કે જગાડવાને માટે તહારા મુખનો સ્પર્શ કરવા મને
" અધિકાર નથી ? નથી જ. તો હાથ દૂર રાખી પુછું છું.

" સુતી, વ્હાલી, તું મુજ બોળે;
" મુખે તું કેમ ના બોલે ?

" અથવા આ સ્થાને તને સુવાડી રાખી છે તેના કરતાં શિલા ઉપર
" સુવું શું તહારી ધર્મબુદ્ધિ વધારે સારું ગણે છે ? હું શું કરું ?

" સુતી, વ્હાલી, તું મુજ બોળે,
" મુખેથી કેમ ના બોલે ?
" શિલાને આથી શું સારી
" ગણે શય્યા તું, ગુણી નારી?
" ગણે જો એમ તો, વ્હાલી,
" કહી દે નેત્ર ઉઘાડી;
" સુકોમળ ગાત્ર આ તહારું
" શિલાપર કેમ સુવાડું ?"

ચંદ્રના કિરણથી પ્રકાશિત થયેલું ગૌર શરીર જોઈ રહ્યો. ખોળામાં લેતી વેળા જ તેનું વસ્ત્ર કોઈ કોઈ સ્થાનેથી સર્યું હતું અને પવનથી કપાળ-ઉપર લટોમાંથી કોઈ કોઈ વાળ ઉડતા હતા. સરસ્વતીચંદ્રની દૃષ્ટિ આ સર્વ ઉપર પડતાં કંઈક ચમકી; વસ્ત્ર અને કેશ સમાં કરવા લોભાયો; લોભ ઉત્પન્ન થતાં એ લોભને અટકાવી પોતાના હાથને અટકાવ્યો. અને દયામણે મુખે કહેવા લાગ્યો.

" સર્યું તુજ વસ્ત્ર જાતે આ,
" ઉડે તુજ કેશ વાયે આ;
" સમારું કે સમારું ના?
" કહી દે, પ્રાણ! બેઠી થા.

" હરિ! હરિ! ચન્દ્રનાં કિરણ અને પવનની લહરીને ન ગાંહતાં
" તહારે કપાળે આ અવસ્થામાં પણ પરસેવો કેમ વળે છે?

" કપાળે સ્વેદ આ ઝાઝો,
" પવનથી ના જ લ્હેવાતો;
" ક્ષમા કરજે—હું લ્હેાઉં તે."
" તું જો, જાગી, હું લ્હેાઉં તે."

એનો પરસેવો હાથ વડે લ્હેાયો અને તે હાથપર વળગ્યો તેમાં કાંઈ નવીનતા હોય તેમ એ પરસેવાને એ જોઈ રહ્યો. પેાતાના હાથ ઉપરથી તે લ્હેાઈ નાંખતાં જીવ ન ચાલ્યો—પણ અંતે અંચળા ઉપર લ્હેાયો. પરસેવો થયો તો મૂર્છા પણ વળે એવું કલ્પી સુતેલીના નાક આગળ હાથ ધરી તેમાંથી નીકળતા શ્વાસનું પ્રમાણ જોવા લાગ્યો.

" જડે ના જીવ કાયામાં,
" સરે આ શ્વાસ [1]નાસામાં;
" રહે ના ધૈર્ય; તે જોઉં;
" ક્ષમા કરજે, ઉરે રોઉં."

નિઃશ્વાસ મુકી નાક આગળથી હાથ લેઈ લીધો. લેતાં લેતાં મૂર્છાવશ નેત્રની પાંપણેામાંથી આંસુ નીકળતાં ટપકતાં જણાયાં. કંઈક આશા અને કંઈ લેાભ ધરી, અને કંઈક અચકાઈ, આ મીંચાયલી આંખેા, પથરાયલી પાંપણેા, ચંદ્રના કિરણથી પ્રકાશિત પરપેાટા જેવાં લાગતા મેાતી જેવાં સરી પડતાં આંસુ, અને વર્ષાદના બિન્દુથી ભીના કમળના પત્ર જેવા ગાલ: આ સર્વ દીપક સામગ્રી ઉપર દૃષ્ટિ ઠરી પણ દીપ્ત થવાને સટે દીન બની.

" મીંચાયાં નેત્ર, લ્હેાયે આ
" સરે આંસુ તણી ધારા!

---

૧. નાકની નસકેારી.

" કરી ભૌંની પાંપણો તેણે,
" પડે સરી પાસ બે તે તે."

એ આંસુ લ્હેાવા લાગ્યેા ! પુરુષથી અસ્પૃશ્ય સુન્દર કેામળ પેાપચાં ને ગાલ ઉપર આ હાથ ફરવા લાગ્યેા તેની સાથે આ પુરુષના હૃદયમાં કંઈ તાર પ્હેાચ્યેા હેાય તેમ ચમકારેા થયેા.

" પ્રિયા ! આ આંસુ લ્હેાતેા હું;
" વદનશશિબિમ્બ જોતેા હું:
" અધિકૃત, આંસુ એ લ્હેાવા,
" હું, ના મુખકાન્તિ તુજ જોવા.

"પ્રમાદના મન્દિરમાં આંસુ લ્હેાવાનેા અધિકાર ન હતેા તે આજ પ્રાપ્ત થ-
"યેા. પણ જે મુખ જોવા, જે મુખ ઉપર મેાહ પામવા, ત્યાં અધિકાર ન
"હતેા તે તેા આજ પણ નથી જ. પણ ક્ષમા કરજે ! જોયા વિના ન રહે-
"વાયું તે જોયું—જોઉંછું—ને જોયાં કરું છું. અહેા ! પ્રથમ સમાગમ-
"કાળના ને આજના મુખમાં શેા આ ફેર ?

" ઉંડી મૂર્છા થકી, ઉંડે
" હૃદયદુઃખે, ઉંડુ બુડે
" પ્રવાતથી પદ્મ ત્યમ, આ ક્યાં
" દુખી મુખ? મુગ્ધ મુખ તે ક્યાં ?"

એ મુગ્ધ મુખ સાંભરતાં, દુઃખકાળે પણ આજ તેની સુન્દરતા ત્યાં પ્રત્યક્ષ થતાં, સરસ્વતીચન્દ્ર કંઈક ભાન ભુલ્યેા, અને એ ગાલ અને ેાઠ સુધી પેાતાનું મુખ નીચું નમાવી અચિન્ત્યેા ચમકયેા, અટકયેા, અને પેા-તાનું મુખ ઉંચું લેઈ લીધું ને પેાતાની જાતને ઠપકેા દેવા લાગ્યેા.

" સરસ્વતીચંદ્ર ! આ પવિત્ર જીવે રાખેલા પરમ વિશ્વાસનેા ઘાત તહારે
" જ હાથે થાય તેા તેા વિપરીત જ થાય ! તહારી અધેાગતિ તેા પછી,
" પણ આ પાપ તેા નહી જ વેઠાય.

" તપ્યાં ઉર શીત કરવાને,
" વિકારેાને શમવવાને,
" ઉંડા વ્રણને રુઝવવાને,
" અમૃતરસરાશિ દ્રવવાને,

---

૧ ધા.

" અધરપુટ મન્મથે ભરીંયું,
" મૃદુપણું ગાલમાં વસીંયું;
" પ્રીતિજીંવના વિના શબ એ!
" અધર્મઋતુવીશેં વિષ એ!

" આ અધર પુટ અને ગાલ શબ તો નથી જ! પણ તેની ધર્મઋતુ ગઈ
" ને હવે આવે એમ નથી. કુમુદ! તું જાગ, ઉઠ, ને આ દુષ્ટ ખોળાનો
" ત્યાગ કર! આ શરીરના સ્થૂલ મર્મ હવે મ્હારા હૃદય ઉપર ચ્હડાઈ
" કરે છે!"

કુમુદસુંદરીની છાતીના ભાગ સામું એ જોઈ રહ્યો, ત્યાંથી દૃષ્ટિ બળાત્કારે ખેંચી લેઈ ચન્દ્ર ભણી ને સામા થાંભલા ભણી હઠ કરી વાળવા લાગ્યો, પણ સર્વ બળાત્કારને હડસેલી દૃષ્ટિ તો પોતાને ઇષ્ટ સ્થાને જ વળવા લાગી. સરસ્વતીચંદ્ર હવે અકળાયો.

" અતિરમણીય એ વેલી!
" ઉરે મુજ વાસના રેલી!
" ધડકતું ઉર તુજ ભાણું,
" સમાવા ત્યાં જ લોભાઉં!
" નથી અધિકાર જોવા જો,
" હૃદયકળ! માં જ લોભાવો.
" કંઈ કંઈ લોભ સંસ્કાર
" સુતા જાગો! હવે જાવ!"

જરાક ધૈર્ય અને જાગૃતિ ધારી બોલ્યો.

" અહો લોભાવતી વેલી!
" હતી તું મ્હાલવી સ્હેલી.
" કલાપી[1] હવે હું ઉડું પાસે!
" નમાવું ન બેસીંને ડાળે!"

" અહા! સ્મરણનું શુભ વિસ્મરણ થાય છે ત્યાં જ વિસ્મરણને સ્થાને
"દુષ્ટ સ્મરણ થવા માંડે છે! અરે! આ વિડમ્બનામાંથી કેવી રીતે મુક્ત
" રહું?"

કુમુદસુંદરીએ વાળેલી સોડ આગળથી વસ્ત્ર છુટું પડી ફરફરતું હતું તે પાછું એની સોડમાં ઘાલતો ઘાલતો, એ પ્રવૃત્તિપ્રસંગે મૂર્છામાં પણ

---

૧ મોર, કલાપ કરનાર.

મોહક શરીરનો અન્નણ્યે સ્પર્શ થતાં ચમકતો સરસ્વતીચંદ્ર મનને જીતી સ્વસ્થ થવા આવતો હતો ત્યાં કુમુદની સુંદર સુંવાળી ચુંદડી ઘડીકમાં પગ આગળથી ઉડતી, ઘડીમાં માથેથી ખસતી, ઘડીમાં છાતીના છેડા આગળ સરતી, અને પોતાને સ્વસ્થ માનનારને ફરી ફરી હંફાવતી હતી. એ ગમુઝ-ણમાં પણ સ્વસ્થ થવાનો પ્રયત્ન કરતો સાધુઅભિલાષી એક પાસથી જ્યાં જ્યાં વસ્ત્ર સરે ત્યાં ત્યાં સમું કરવા લાગ્યો અને બીજી પાસ તે તે સર્વ ક્રિયાથી મદનવિપની લહેરો અનુભવવા લાગ્યો અને તેના અસહ્ય વેગથી ઘૂર્ણાયમાન થતો લાગ્યો.

"હરિ ! હરિ ! હરિ ! હરિ ! હું ! હું ! હું ! હું ! કુમુદસુંદરી ! હવે તો
" જાગો ! તમારી મૂર્છાથી તમે સુખમાં છો; અને મ્હારા ભાગ્યને માટે તો
" ગમે તો આ વિષજ્વાલામાંથી છુટવાને માટે ગમે તો મને તમારા જેવી
" મૂર્છા થાવ કે ગમે તો તમે જાગીને દૂર બેસો ને તમારા પવિત્ર આત્માના
" તેજથી તમારા શરીરનું મોહક વિષ નિવારો !"

મુખ ઉપર કંટાળો આવી ગયો; છતાં સર્વ શરીરમાં નવા વિકાર સરી જતા હતા અને હૃદયને ને બુદ્ધિને પરવશ કરવા મહાભારત અને અસહ્ય પ્રયાસ માંડતા હતા. તે ત્રાસદૃષ્ટિને કાળે છત્રી જેવા ગાને વાધવા પ્રયત્ન કર્યો; પણ તેનો થડકાતો રાગ, રાતી થતી આંખ, અને શરીરમાં વ્યાપતી ઉષ્ણતા અને રોમાંચિતતા, એ સર્વ આ વિષથી વધતી જડતાને સ્પષ્ટ કરતાં હતાં. કુમુદસુંદરીના ગાનમાં કડીયો ગવાઈ હતી કે—

" દેહ બળતાં બચ્યો નહી વાળ ".

અને " પ્રેમી અબળાને પ્રેમે ભુલાવી,
" ધીક ધીંકતા અગ્નિમાં ચલાવી !"

વગેરે કડીયોમાંનો અર્થ હવે સરસ્વતીચંદ્રને અનુભવથી સમઝાયો, સમાન દુઃખની દુખીયારી ઉપર દયા આવી, અને બે જણે પોતપોતાનાં દુઃખમાંથી છુટવાનો એક જ પરસ્પરસામાન્ય માર્ગ સુઝ્યો—ગમે તો બેયે ડુબવું ને ગમે તો બેયે તરવું ! " પ્રાણનાથ ! તારો કે ડુબાડો !" વગેરે દીન યાચનાઓ હવે સમજાઈ. પવન તો હજી વાતો જ હતો અને કુમુદનાં વસ્ત્રની ક્રૂર અવ્યવસ્થા અટકાવવાનો વીર પ્રયત્ન પણ તેવો જ ચાલુ હતો, તે ભેગું મદનપવનને અટકાવનાર ગાન પણ તેમજ ચાલ્યું:—

" પવન ! મર્યાદ ના તોડ !
" વૅખેર ન વાળૉ આ સોડ !
" ઝૉણી મૃદુ ચુંદડી આ તું
" ઉરાડ ન ! અંગ શરમાતું.
" સુ-ગડ ઘટ પાટલી વાળી,
" નદીમૂળ છાતી[૧] જ્યમ ઝાડી;
" પવન ! આ અંહી જ રૂહેવા દે !
" મદન ! તુજ બાણ સહેવા દે !

" આટલે સુધી સહું છું—આગળ વિશ્વાસ નથી—પવન ! મદન !
" હવે બસ કરો ! Now have done with your nonsenses !
" હરિ ! હરિ !"

નેત્રમાં ઘડીક રતાશ ને ઘડીક આંસુ જણાતાં હતાં અને શીત જ્વરથી પોતે કમ્પતો હોય એમ શરીરમાં ત્હાડવા લાગી. તેવે કાળે વળી મૂર્છાવશ મુખ ઉપર જોઈ રહ્યો ને ફરી જાગ્યો હોય એમ થયું, અને એમ જાગતાં જાગતાં ઝોકાં પણ ખાતો હતો.

" લતા કરમાઈ આ શોકે,
" મધુરતા ન મુકતી તહોયે !
" કિરણ શશીનાં પ્રકટ એ કરે !
" ન જોવાનું હું જોતો ! અરે !
" હું લોભી છું, હું લોભાતો;
" હું દુઃખી છું, હું દુઃખાતો;
" હું ઝેરી છું, હું વિષ વાતો,
" પ્રિયા-ઉરમાં હું વિષ લ્હાતો !
" પ્રિયા ! મૂર્છા તું છોડી દે !
" શરમની ગાંઠ તોડી દે !
" તું કાજે હું કરું શું ? કહે !
" હૃદયપર શલ્ય શાને વહે ?"

મુખ ઉપર કંઈક ઉત્સાહ જણાયો, ને બોલતાં બોલતાં હાથ ઉંચો થયો.

---

૧. છાવું એ ધાતુ ઉપરથી છાતી એટલે ઢાંકતી.

" હવે આવ્યાં નવે દેશે,
" હવે ફરીયે નવે વેશે;
" નથી સંસારની ભીતિ;
" ત્યજી સંસારની રીતિ.
" સગાં સંસારનાં છોડ્યાં,
" છુટ્યાં તેઓથી તરછોડ્યાં.
" વિશુદ્ધ જ સાધુનો પન્થા !
" ધરીયે આપણે કન્થા.[૧]
" ગિરિવર રમ્ય પ્રાવને આ;
" જગતમાં ના જડે એ સમા;
" અંહી એકાન્ત ને શાન્ત[૨]
" વસીયે, વ્હાલીં, રહીં દાન્ત.[૩]

" કુમુદસુન્દરી ! તમને જગાડવાને જેટલા અગ્નિમાં ચાલવું પડે તેટલા
" અગ્નિમાં ચાલીને પણ તમને જગાડવા પ્રયત્ન કર્યા વિના છુટકો નથી.
" અદૃશ્ય સીતાએ મૂર્છિત રામચંદ્રનો જે અધિકારથી કરસ્પર્શ કર્યો
" પવિત્ર ભવભૂતિએ વર્ણવેલો છે તે જ અધિકારથી તમને જાગૃત કરવા
" તેવો જ પ્રયત્ન કરું છું તે ક્ષમા કરજો ! તમારી કે મ્હારી આ અવસ્થા
" હવે મ્હારાથી જોવાતી નથી, વેઠાતી નથી."

કુમુદ મૂર્છાથી કંઈક છુટી થતી હોય અને મૂર્છામાંથી નીકળી નિદ્રામાં પ્રવેશ કરતી હોય એમ એના શરીરની શિથિલ થતી નસોની પ્રત્યક્ષ થતી કોમળતાથી લાગ્યું—એટલામાં તો ખોળામાં ને ખોળામાં એણે પાસું ફેરવ્યું ને આના ઉરોભાગને એના ઉરઃસ્થલનો કંઈક સ્પર્શ થતાં જેવી મદનની લહેરોની તેવી જ ધર્મભંગની જાગૃતિની સાથેલાગી ચમત્કૃતિ સરસ્વતીચંદ્રમાં પ્રકટ થઈ. ચોમાસાના જળથી ભરેલા આકાશવ્યાપી મેઘમાં જેમ એકપાસ જળની શ્યામતા, શીતતા, અને જડતા વધવા માંડે તેમ બીજી પાસથી વીજળીના ચમકારા ને ત્રીજી પાસથી ગર્જના થઈ પરિણામમાં મેઘ દ્રવવા-વૃષ્ટિ કરવા-માંડે તેમ અત્યારે મદન અને ધર્મવિચારો વચ્ચે ડોલતા સરસ્વતીચંદ્રને થયું.

---

૧. સાધુજનોને ધારવાને ભગવું વસ્ત્ર. ૨. જેણે અન્તરિન્દ્રિયોનો શમ એટલે શાન્તિ પ્રાપ્ત કરી છે તે. ૩. બાહ્યેન્દ્રિયોનો દમ એટલે દમન જેણે કરેલું છે તે.

" ગમે તે થાવ ! ગમે તે થાવ ! તરવાનાં હઈએ તો પણ આ મૂર્છાનો
" છેદ સાધનરૂપ છે ને હુણવાનાં હઈએ તોપણ એ જ સાધન છે. માટે
" એ છેદ તો અવશ્ય કરવો. આ સ્પર્શને અમૃત ગણું તો મૂર્છાછેદવિના
" પૂર્ણ તૃપ્તિ નથી ને વિષ ગણું તો પણ એ જ છેદ વિના વિષનો પ્રતીકાર
" નથી. કુમુદ ! પ્રિય કુમુદ ! તને "પ્રિયા" કહું કે ન કહું ?—જે હો તે હો.
" હવે તો તું જાગ ને તારો ન સાથે મ્હારો ભેગો ઉદ્ધાર તારે ઇષ્ટ માર્ગે
" તું કર !"

હૃદય સાથે ચંપાઈ હતી તે—[illegible] મૂર્ત્તિને અજાણતાં કે જાણીને એણે પોતાના હાથનો આધાર આપી ત્યાં જ ટકવા દીધી, અને માત્ર પોતાના હૃદયમાંથી એના પરામૃષ્ટ હૃદયમાં પ્રાણવિનિમય કરી ફરી ફરેવા ઇચ્છતો હોય તેમ તે જ સ્થિતિમાં ગાવા લાગ્યો—મ્હોં બગાડી ગાવા લાગ્યો.

" પ્રિયા ! મૂર્છાથી છુટી થા !
" પ્રિયા ! ખોળેથી એઠી થા !
" સરિતા ! પૂરભરી આવી,
" અટકી રહી કેમ આ આવી ? "

હૃદય હૃદય સાથે જાણ્યે કે અજાણ્યે ચંપાઈ ગયું !

" કરે સત્કાર સાગર આ,
" ઉછાળે નીર-ઝાલર આ !
" હવે વિશ્વમ્ભરે જે રચ્યો,
" પ્રિયા, સંકેત તે આ મચ્યો !"

એને પાછી ખોળામાં ચતી સુવાડી, અને એનું મુખ ઝાલી ફરેવા લાગ્યો.

" પ્રિયા ! મૂર્છાથી છુટી થા !
" પ્રિયા ! ખોળેથી એઠી થા !
" ઉઘાડી આંખ, જો ને જો !
" અલખ-સંકેત શો આ મચ્યો ?"

માત્ર એક હાથ એના માથા તળે રાખી અને બીજો હાથ ખોળા બ્હાર પડેલા પગ તળે રાખી, માથાને અને પગને ઉંચાં ટેકવી રાખી, એના સર્વ શરીર ઉપર દૃષ્ટિ ફેરવતો સર્વ શરીરને ફરેતો હોય તેમ ફરેવા લાગ્યો.

" નવે દેશે નવા વેશ !
" જગતનું કામ નહીં લેશ !

" નવા વિશુદ્ધ ઘર લોભ !
" મને તે લોભમાં ચોર૮ "

કુમુદના શરીરના મર્મભાગમાં રહેલા અંતરાત્માને કહેતો હોય તેમ હવે નેત્ર મીંચી કહેવા લાગ્યો.

" પ્રિયા ! મૂર્છાથી છુટી થા !
" પ્રિયા ! ખોળેથી બેઠી થા !
" દિવસ દુખના ગયા ન્હાશી !
" ભર્યા તુજ કાજ રસરાશિ."

સરસ્વતીચંદ્રની અંતર્દૃષ્ટિ ઉઘડી. કુમુદના અંતરાત્માને કહેતો હોય તેમ મીંચેલી આંખેજ કહેવા લાગ્યો.

" પ્રિયા ! મૂર્છાથી છુટી થા !
" પ્રિયા ! ખોળેથી બેઠી થા !
" ઉઘાડી આગળા[1] દેને !
" મનઃપૂત, ત્હારું ગણું, લેને !"

ગાન બંધ રહ્યું પણ ઉભયની બીજી અવસ્થા હતી એવીને એવી રહી. કુમુદસુંદરી ખોળામાં જ અચેતન રહી. એના માથા નીચે ને પગ નીચે જ સરસ્વતીચંદ્રના હાથ રહ્યા. સરસ્વતીચંદ્રની આંખો મીંચાયલી જ રહી. એ પોતે બેઠો હતો તેમ જ બેઠેલો જ રહ્યો. પવન વાતો હતો તેમ વાતોજ રહ્યો અને ચન્દ્રનો પ્રકાશ જ્યાં પડતો હતો ત્યાં જ પડી રહ્યો. એક ફેર માત્ર એટલો પડ્યો કે સરસ્વતીચંદ્રનો જીવ કંઈક ઉંડો ઉતરી પડ્યો હોય એમ એનું બાહ્ય ચેતન એના અન્તરાત્મામાં લીન થયું, અને એ આમ નિવૃત્ત થયો. એટલે સ્વતંત્ર થયલા પવનની નિરંકુશ લહરીઓથી કુમુદનું વસ્ત્ર ફરફરવા લાગ્યું. બીજો ફેર એ પડ્યો કે ગાન શાંત થતાં કુમુદનું મસ્તિક ગાનની અસરની પરિપૂર્ણતાથી કે ગાનની શાન્તિથી શાન્ત થયું અને એની મૂર્છા તુટી કે નિદ્રા છુટી. તેમ થતાં પ્રિયસ્પર્શના મોહથી પોતાને સ્વપ્નમાં માનતી અથવા આનંદસ્વપ્નમાં પડતી કુમુદ કેટલીક વાર સુધી એમની એમ હાલ્યાચાલ્યા વિના ખોળામાંજ પડી રહી. પડી રહી તે પવનથી ઉડેલા વસ્ત્રના ભાને જાગૃત થઈ અને આંખ ઉઘાડી. પૃથ્વી-ઉપર આકાશમાં ચંદ્ર લટકે તેમ પોતાના ઉપર ઉંચે લટકતું પ્રિયમુખ બે ચાર પળ સુધી આ ઉઘડેલી આંખે જોયાં કર્યું અને અંતરાત્મા જાગ્યો

---

૧ બારણાંને વાસવાના આગળા

ન હોય તેમ કુમુદ ત્યાંજ પડી રહી. બીજી બે ચાર પળ વીતી એટલામાં અંતરાત્મા જાગ્યો અને પોતાનું વસ્ત્ર સમું કરતી કુમુદ ખોળામાંથી ઉઠી સામી દૂર બેઠી અને પ્રિયજનની સમાધિસ્થ જેવી પ્રિયમૂર્ત્તિનું દૃષ્ટિસેવન કરવા લાગી. એ દૃષ્ટિ તૃપ્ત થતા પ્હેલાં પોતાના શરીર ભણી ભાન ગયું ને વિચાર થયો.

" નક્કી ! સરસ્વતીચંદ્રને જવર આવ્યો છે--એમનું શરીર અતિ ઉષ્ણ
" હતું તે મ્હેં અનુભવ્યું— તહાડ વાતી હોય એમ એમને રોમાંચ્ય થયો
" તે મ્હેં સ્પર્શ્યો. પણ આંખો શાથી મીંચી છે ? અરેરે ! લક્ષ્મીનં-
" દનના વૈભવના ભોગીની આવાં સ્થાનમાં આથી બીજી શી દશા થાય ?
" અથવા આ સર્વનું કારણ હું પોતે તો નથી ?. પેલી દુષ્ટ મર્મદારક
" ભસ્મવાળી રાત્રિએ મને આવો જ જવર હતો ! શું આ અનંગજવર
" એમને થયો છે ? જો એજ આ જવર હોય તો આમ એ છેક નિશ્ચેષ્ટ
" ન બેસી રહે. મદનમહાજ્વરમાં સપડાયલા વશી ત્યાગી મહાત્મા આ-
" વાજ ઉગ્ર સમાધિથી એ વિષમજ્વરને શાંત કરી શકતા હશે ! હું
" એમને ઉઠાડું ? જો એ આવા સમાધિમાં હોય તો એમને ઉઠાડવા
" એ મહાન્ અનર્થ. જો તેમ ન હોય, અને આ કેવળ જવરનો કે કોઈ
" વ્યાધિનો પરિણામ હોય તો ઈશ્વરે મને આવે કાળે એમની સેવા
" કરવાને જ મોકલી !—અને એમને જગાડવા એ જ મ્હારું કામ-તો
" હું શું કરું ?"

સરસ્વતીચંદ્ર મીંચેલી આંખે પલાંઠી વાળી બેસી રહ્યો હતો તેના સામી થોડે છેટે ઉઘાડી આંખે એને કુમુદ જોઈ રહી. પણ બોલ્યા ચાલ્યા વિના, હાલ્યા ચાલ્યા વિના, વિચારમાત્ર બંધ કરી, વિકારને વેગળા રાખી, એક ઢીંચણ ઉપર હાથની કૂહાણી રાખી અને એ હાથ ઉપર હડપચી ટેકવી, અનિમિષ એક ટશે સામા મુખમાં પોતાના સકલ અંતરાત્માનો યોગ કરી, ઉંડા સ્નેહ અને ઉચ્ચ અભિલાષની મૂર્ત્તિ જેવી, તપસ્વિની બાળા પળે પળને યુગ ગણતી ગણતી, બેસી રહી.

પ્રકરણ ૨૯.

હૃદયના ભેદનું ભાગવું.

" All precious things, discover'd late,
" To those that seek them issue forth;
" For love in sequel works with fate,
" And draws the veil from hidden worth."

Tennyson's Day-Dream.

" And so love—
" Vaster in being free from toils of sense—
" Was wisest stooping to the weaker heart;
" And so the feet of sweet Yaşodharà
" Passed into peace and bliss, being softly led."

Arnold's Light of Asia.



રસ્વતીચંદ્ર ! સરસ્વતીચંદ્ર ! હું કુમુદ આપને બોલાવું છું—" સામી બેડી બેડી કુમુદ કેટલીક વારે બોલી.

પવનની ગર્જના પર્વત ઉપર થતી હતી તે વચ્ચે પણ આ ઝીણો સ્વર સરસ્વતીચંદ્રના કાનમાં પેઠો અને એને એની વિચારનિદ્રામાંથી જગાડ્યો. ધીમે રહી એણે આંખ ઉઘાડી પોતાના બોળામાં જોયું અને હવે હલકા થયલા બોળાનો ભાર ધૃષ્ટ રૂપે સામે બેઠેલો જોયો.

સર૦—કુમુદસુન્દરી, મ્હેં તમને બહુ દુઃખી કર્યાં !

કુમુદ૦— થનારી થઈ ગઈ—બનવાની બની ગઈ. આપે મ્હારા ભાગ્યને આપની જોડે ઉરાડવા પ્રયત્ન કર્યો—એ ભાગ્યમાં એવી રીતે પણ ઉડવાની શક્તિ ન હતી તેથી પડવાનું જ હતું તે પડ્યું. આપનો એમાં હું દોષ કહાડતી નથી. શકુન્તલાના પ્રેમને દુષ્યન્ત જેવા પુરુષ ભુલી જાય ત્યારે તો દુર્વાસા જેવાના શાપનું જ અનુમાન કરવું ચંદ્રાવલી-મ્હેને આ વિષયમાં મ્હારી હૃદયભાવના આપને કહેલી જ છે તો તે વિષયે હૃદયશલ્યને સમૂળાં કહાડી નાંખો.

સર૦—થયેલી મૂર્ખતા અને દુષ્ટતા ચિત્તમાંથી બસતી નથી.

કુમુ૦—એમ શું બોલો છો ? આપની ભુલ થઈ હશે. પણ દુષ્ટ તો આપ નથી જ. જો આપનામાં દુષ્ટતાનો અંશ હત તો સર્વસ્વ છોડી આ દુષ્ટ શરીરની પાછળ આમ આપ ભટકત નહી, અથવા ભટકત તો આ મહામોહની એ ઘડી જે આપે પ્રત્યક્ષ કરી તે કાળમાં એ મોહને વશ થઈ આ શરીરની જુદી જ અવસ્થા આપે કરી દીધી હત.

સર૦—એમાં મ્હેં કાંઈ નવું નથી કર્યું.

કુમુદ૦—આપ મ્હારાથી અન્ય સર્વ રીતે અધિક છો; પણ સંસારનાં દુઃખના અનુભવમાં હું વધારે ઘડાઈ છું અને જેવી ઘડી આપને ગાળવી પડી છે તેના કષ્ટનો પણ મને અનુભવ છે.

સર૦— તમને એમ નથી લાગતું કે આ વાત કરી દુષ્ટ સંસ્કારોને દૃઢ કરવા કરતાં એ વાત કરવી જ નહી તે વધારે ક્ષેમકારક છે ?

કુમુદ૦—એ તો અનુભવસિદ્ધ છે.

કહેતાં કહેતાં એણે કમ્પારી ખાધી ને તે સરસ્વતીચંદ્ર દીઠી.

સર૦—તમને જોઈ રહું છું ત્યારે મનમાં એવો પ્રશ્ન ઉઠે છે કે દુષ્ટતા તે આવી વાત કરવામાં હશે કે નહી કરવામાં હશે ?

કુમુદ૦—દુષ્ટતા તો આ મુખમાં જ છે કે જેના દર્શનથી આપના જેવા ત્યાગીને આવું દુઃખ થાય છે. સ્ત્રીઓની દૃષ્ટિમાં જ આવું વિષ ભરેલું છે.

સર૦—હરિ ! હરિ ! કુમુદસુંદરી ! જો એવું વિષ સ્ત્રીઓની દૃષ્ટિમાં હોય તો તે પુરુષની વાણીમાં પણ છે કે જેના ઉદ્‌ગારે તમને અસહ્ય અગ્નિમાં ચલાવ્યાં.

કુમુદસુંદરી શરમાઈ ગઈ, નીચું જોઈ રહી, અને અંતે સ્વસ્થ થઈ બોલી.

" મને હવે ભાન આવે છે કે સાધુજનો મને અંહી એકલી મુકી ગયાં તે વેળાએ મ્હેં મ્હારા હૃદયના ઉભરા કહાડવા જોડી રાખેલું કાવ્ય ગાવા માંડ્યું હતું. મને લાગે છે કે તે મ્હારી મૂર્છાકાળે પણ ચાલ્યું રહ્યું હશે ને આપના પવિત્ર સુખી કાનમાં કંટક જેવા અનેક પગવાળા કાનખજુરા પેઠે પેસી ગયું હશે. પણ ક્ષમા કરજો, એ જે થયું હોય તે આ શરીરની પરવશતાને લીધેજ.

સર૦—તમારા શરીરને તો સુવર્ણપુરમાં ઘણો કાળ પ્રત્યક્ષ કર્યું હતું; પણ હૃદયને તો એ ગાને જ પ્રત્યક્ષ કરાવ્યું અને એટલા માટેજ મ્હારી સ્વાર્થી વૃત્તિને એ દર્શન કરાવનારી તમારી મૂર્છા મને ઘણી પ્રિય થઈ પડી હતી.

કુમુદ૦—મ્હારે પણ એમ જ ગણવાનું કારણ છે. આપના પવિત્ર ખોળાને દૂષિત કરી આ શરીર તેમાં પડી રહ્યું હતું ત્યારે બોલવાની કે હાલવા ચાલવાની મ્હારામાં શક્તિ ન હતી ને નયન બંધ હતાં તે ઉઘાડવાની શક્તિ ન હતી; પણ કાન ઘણો કાળ જાગૃત હતા. કાચના ગોળામાં રાખેલો જન્તુ કાચમાંથી મ્હારની સૃષ્ટિનું અવલોકન કરી માંહ્યને માંહ્ય ફર્યા કરે અને મ્હારના પદાર્થોની ગતિથી ચમકે તેમ કાચ જેવા જડ પણ મ્હારાથી પારદર્શક મ્હારા શરીરમાં મ્હારા હૃદયની સ્થિતિ એ જન્તુના જેવી પરાધીન જાગૃત હતી. આપના તપોમય સ્નેહના મધુર ઉદ્ગાર પણ મ્હારા કાનમાં ને હૃદયમાં તે કાળે જ કંઈક આવ્યા અને મ્હારા અનેક સંશયને તેમણે દૂર કર્યા.

સરસ્વતીચંદ્ર ચમક્યો.

"ત્યારે મ્હારે માટેનો તમારો અભિપ્રાય ઘણો હલકો થઈ ગયો હશે!"

કુમુદ૦—શા માટે ચમકો છો? જે વસ્તુના અજ્ઞાને અને સંદેહે સુવર્ણપુરમાંની મ્હારી સ્થિતિના કરતાં વધારે દુઃખ મને દીધું હતું તે આ ઉદ્ગારોથી અંતે પ્રકટ થઈ છે. અને તેથી તે દુઃખ દૂર થયું છે; અને આપનું દુઃખ કંઈ દૂર કરવાની મ્હારામાં શક્તિ છે અને તેમ કરવાનો સાધુજનોએ પ્રસંગ આપ્યો છે તે સફળ કરવાનો માર્ગ પણ આ ઉદ્ગારોથી જ મને જડશે.

સર૦—મનની પરવશ દશામાં નીકળેલા ઉદ્ગારોથી મ્હારો ન્યાય કરવો ઉચિત નથી.

કુમુદ૦—એ ન્યાયથી આપને કંઈ કલંક લાગતું નથી.

સર૦—ચંદ્રનું કલંક તો બ્રહ્માયે જ ઘડેલું લાગે છે પણ આ તેને ઢાંકનારી વાદળીનો પડદો હતો તે પવને ખસેડી નાંખ્યો.

કુમુદ૦—ચંદ્ર અને કુમુદને પરસ્પરપ્રત્યક્ષતા કરાવનાર એ પવન બહુ રંગનુ નીવડ્યો! સરસ્વતીચંદ્ર! હું તમારી—આપની—પાસે હું શું કહું?

સર૦—મને "આપ" ન કહેતાં આપણા આદિકાળને સ્મરી "તમે" કહીને બોલાવો, એટલે બાકીનું બીજું જે જે કહેવાનું હશે તે જાતે જ કહેવાઈ જશે.

"આદિકાળ સ્વપ્નવત્ થયો—જતો રહ્યો! હવે તો હું પણ બદલાઈને તમે પણ બદલાયા. જે વિશેષણ એકના મુખને અને બીજાના કાનને અમૃતરૂપ અને ભૂષણરૂપ હતાં તેનો હવે ત્યાગ કરવાનો પ્રયત્ન કરવો પડે છે" કુમુદે નિઃશ્વાસ મુકી કહ્યું.

"સાધુજનોની સાધુતાને સાધુ પદાર્થો પ્રયત્નનો જ ત્યાગ કરવાથી
"પ્રાપ્ત થાય છે. જ્યાં સંદેહ પડે ત્યાં સત્પુરુષોનાં અંતઃકરણને પ્રમાણ
"ગણવાં એવું દુષ્યન્તનું વચન છે.[1]" સરસ્વતીચંદ્ર ધીમે રહી બોલ્યો.

કુમુદ૦—કાવ્યોને પ્રમાણ ગણવાનો કાળ હવે વીતી ગયો.

સર૦—મ્હારી મૂર્ખતાએ આ કાળ આણ્યો.

કુમુદ૦—તમે શું કરો ? પ્રારબ્ધ ભુલાવે છે ત્યારે बुद्धयः कुब्जगामिन्यो भवान्ति महतामपि[2]. મ્હારા વિદ્વાન, અનુભવી અને ચતુર પિતાને પણ થોડા દિવસ વિલમ્બ કરી તમારી વાટ જોવાનું ન સુઝ્યું અને મ્હારો ઉતાવળે વિવાહ કરી દેવામાં જ મ્હારું કલ્યાણ લાગ્યું ત્યારે એમ જ સુઝે છે કે ઈશ્વરની જ ઇચ્છા બળવાળી છે. એવા એવા અનુભવીયો ભુલે ત્યારે આવે સૂક્ષ્મ પ્રસંગે તમારી બુદ્ધિ તમને ભુલાવે ને મ્હારા દુઃખના પ્રદેશમાં મૃગજળ જેવું મ્હારું સુખ તમને પ્રત્યક્ષ કરાવે તેમાં તમારો શો દોષ !

સર૦—કુમુદ—કુમુદસુન્દરી ! તમારા જેવા હૃદયમાં આવી ઉદારતા અને આવું શાણપણ દેખું છું તેથી પણ મ્હારો મોહ ઘટવાને સટે વધે છે.

કુમુદ૦—તમારી આંખો ઝંખાય છે, તમારો સ્વર થડકાય છે, અને શરીર ધ્રુજે છે. તમારું દુઃખ મને કહી ઘો.

સર૦—તમારું દુઃખ તે જ મ્હારું દુઃખ છે–તમને સુખી જોઈશ ત્યારે હું સુખી થઈશ.

કુમુદ૦—પણ અત્યારની આ અવસ્થા શાથી ?

સર૦—મને મ્હારી અવસ્થાનું ભાન નથી.

કુમુદ૦—તમે મ્હારું એક કહ્યું કરશો ?

સર૦—એ કહ્યું કરવામાં જ મ્હારું પ્રાયશ્ચિત્ત રહેલું છે.

કુમુદ૦—તો સાધુજનોએ રાખી મુકેલા આ ફલાહારથી જરાગ્નિને તૃપ્ત કરી આપ નિદ્રા લ્યો ને તેમણે આપણે માટે યોજેલી પંચરાત્રિના શેષ ભાગમાં નિદ્રાન્તે ઉભય હૃદયનું પરસ્પરસમાધાન કરવાનો અવકાશ પુષ્કળ મળશે.

સર૦—તમે પ્રસાદ લ્યો તો હું લેઉં.

એક મ્હોટા પાંદડા ઉપર ફલાહાર પીરસ્યો. બીજું પાંદડું હતું નહી. કુમુદે "પછીથી ખાઈશ" કહ્યું. સરસ્વતીચંદ્રે તે માન્યું નહી. અંતે એક પાં-

---

૧. सतां हि सन्देहपदेषु वस्तुषु प्रमाणमन्तःकरणप्रवृत्तयः ॥ ૨. મ્હોટાઓની બુદ્ધિઓ પણ વાંકી ચાલે છે.

દઇંમાં સર્વ ફળ મુકી બે જણે ભોજન કર્યું. ભોજનકાળે ઝાઝી વાર્ત્તા ચાલી નહી. ચર્વણકાળે જાણ્યે અજાણ્યે એક બીજા સામું જોઈ રૂહેતાં હતાં અને મોહપાશ તેમની બેની આશપાસ વધારે વધારે વીંટાતો હતો; પણ તેની અનુભવીયણ કુમુદ ચેતી અને સત્વર ઉપાય યોજવા બીજી વાતો કૂહાડવા લાગી.

"મ્હારા ચિત્તમાં એમ લાગે છે કે આપણે એક બીજાને સત્ય નામે વાત ન કરવી પણ સાધુજનોમાં જે નામ પ્રસિદ્ધ છે તેનોજ ઉચ્ચાર કરવો; તમને આગળ ઉપર એમ લાગે કે હવે પ્રસિદ્ધ થવું ત્યારે જ મ્હારા પિતાશ્રીના આ રાજ્યમાં એમની પ્રતિષ્ઠા ન્યૂન થાય નહી તેમ મ્હારે છતાં થવું."

સર૦—યોગ્ય છે. તેમાં દોષ માત્ર એટલો છે કે 'મધુરી' એ નામના ઉચ્ચારથી તમારી મધુરતા ઉપર લક્ષ્ય જાય છે.

કુમુદ૦—સંસારમાં ઘણી જાતના સંબંધીઓ એક બીજાંના નામોચ્ચાર કર્યા વિના જીવતા સુધી પરસ્પર વ્યવહાર નીભાવે છે.

સર૦—હા. પણ તેમાં તો ઘણુંખરું દમ્પતીઓમાં જ એવો વ્યવહાર હોય છે, અને તેવાં આપણે ન છતાં તે સંબંધ પ્રમાણે સંબોધન કરવાં એ પણ મનને સૂચક થશે અને મોહનાં કારણભૂત થાય એવું ભય રૂહેછે.

કુમુદ૦—તો મ્હારા ચંદ્ર—હું તમને ચંદ્ર કહી સંબોધીશ—તમે મને ગમે તે કૂહેજો અને તમે મ્હારા ચંદ્ર થઈ મ્હારા મોહતિમિરનો નાશ થાય એવું કાંઈ કરજો. હું પણ તમને નવીન કૂહેતાં કંઈ કંઈ આવડા ખાઉં છું. વાતો કરતાં કરતાં બે જણે એક જ ફળ સાથે લાગું લીધું, બેનાં આંગળાં અડકયાં, બેને નવા ચમકારા થયા, બે ચેત્યાં, બેયે ફળ પડતું મુકયું ને પોતપોતાના હાથ ખેંચી લીધા, અને ફળ બેના હાથમાંથી પણ્યું હાથ પાછા ખેંચાયા પણ નેત્ર તો નેત્રને જ વશ રહ્યાં. કુમુદે પડેલું ફળ પાછું લેઈ સરસ્વતીચંદ્રને આપ્યું.

પવન સર્વત્ર છે તેને દૂર કરવાને પંખાથી ધક્કો મારીયે તો પવન દૂર જવાને સટે પાસે જ વધે છે, પણ જ્યારે ચારે પાસના આવા પવન વિના બીજે સ્થાને જીવન જ નથી ત્યારે તો પવનને કેવળ બંધ કરવાના પ્રયત્ન કરતાં આપણા શરીરનું જ આચ્છાદન કરવું યોગ્ય છે. આવા સમાગમકાળે આવો વિક્ષેપ આવા પવન જેવો થાય ત્યારે તો તેના પ્રતીકાર માટે એ વિક્ષેપનો નાશ કરવાનો પ્રયત્ન પડતો મુકી વિક્ષેપક શક્તિની અને પોતાની વચ્ચે અંતરપટ મુકવો જ સારો એવી કલ્પના સર-

સ્વતીચંદ્રને થઈ. પણ અંતરપટ શાનો કરવો તે સુઝ્યું નહી. એટલામાં એની મનોવૃત્તિ સમજી હોય એમ કુમુદે પ્રશ્ન પુછ્યા.

" આપે પિતાનો ત્યાગ કર્યો તે તેમના ઉપર અથવા બીજા કોઈ ઉપર
" ક્રોધથી કર્યો કે ઓછું આવ્યાથી કર્યો કે કંઈ બીજા કારણથી? મ્હારો
" ત્યાગ કેવી બુદ્ધિથી કર્યો? સુવર્ણપુર કીયા અભિલાષથી આવ્યા?
" ત્યાંથી અંહી શાથી અને કેવી રીતે આવ્યા? અંહીથી હવે કયાં જવું
" અને શું કરવું ધારો છે? મ્હારે માટે....." આ બધું વાકય પુરું થતા પ્હેલાં એના હાથમાંના ફળનો ગલ એના પગની પ્હાની ઉપર પડ્યો હતો તે ઉપર એનું ધ્યાન ન હતું; પણ સરસ્વતીચંદ્રની દૃષ્ટિ— એ ગલ ઉપર અને સુન્દર પ્હાની ઉપર--ચંદ્રપ્રકાશમાં આ ગલ સુન્દર ચિત્રરૂપે પડેલો હતો તે ઉપર—પડી હતી. કુમુદ છેલ્લું વાકય બોલે તે પ્હેલાં તો સરસ્વતીચંદ્રે આ ગલને હાથવડે લોહી નાંખ્યો પણ લોહેલા સ્થાનને જ જોઈ રહ્યો. એ તાલ કળાઈ જતાં કુમુદે પોતાની પ્હાની પાછી ખેંચી લીધી અને પોતે પ્હેરેલા વસ્ત્રની કોર પ્હાની ઉપર ઢાંકી દીધી. પ્હાની સંતાઈ જતાં તે જોવાનું બન્ધ થયું અને જોનાર સાવધાન થઈ ગયો.

સર૦—આ પ્રશ્નોના ઉત્તર દીધાથી આપણો ભેદ ભાગશે અને હું જાતે શાંત થઈશ એમ લાગે છે, પણ એ શાંતિ ખરેખરી મળશે કે તેને સ્થાને કંઈ બીજું પરિણામ થશે તે તો, આજ રાતના આપણા અનુભવોનો વિચાર કરતાં, કંઈ સ્પષ્ટ સમજાય એમ નથી.

કુમુદ૦—સાધુજનો એવું માને છે કે ઉત્કૃષ્ટ રસ અને શુદ્ધ ધર્મ, દમ્પતી જેવાં, એકજ છે અને તેમની સંગત પ્રેરણા જે દિશામાં થાય ત્યાં જવામાં અનિશ્ચિત પરિણામનાં ભય-અભય ગણવાં યોગ્ય નથી. આને અનુસરીને જ મ્હેં પણ એવો નિશ્ચય કર્યો છે કે આપની સેવા પ્રાપ્ત થાય તો મ્હારે પણ બીજું કાંઈ જોવું નથી. આપના ચરણમાં મ્હારી અધોગતિ થાવ કે ઉન્નતિ થાવ તેનો વિચાર મ્હેં છોડી દીધો છે. એ મ્હારા ચંદ્ર! તમારા વિના હવે મ્હારે કોઈ નથી અને તમારી મધુરીને તમારા કલંક જેવી ગણીને કલંકિત થાવ કે તમારી કલાઓમાંની એક કલા ગણી કલાવાન્ રૂહો—એમાંથી તમને અનુકૂળ પડે તે કરો! પણ મ્હારાથી તમારાં દુઃખ અને તમારાં મર્મ ગુપ્ત ન રાખશો! મને એટલો અધિકાર આપો.

સ૨૦—"તમને એ અધિકાર નહી આપું તો બીજા કોને આપીશ ? મને મ્હારા સ્વાર્થનો તો શું પણ મ્હારા ધર્મનો પણ બાધ તમને સુખી કરવામાં અંતરાયરૂપ થાય તો હું તેને ન ગણવાને તત્પર છું.

[1]धर्मात्ययो मे यदि कश्चिदेवम्
जनापवादः सुखविप्लवो वा ।
प्रत्युद्गमिष्याम्युरसा तु तत्तत्
त्वत्सौख्यलब्धेन मनःसुखेन ॥

"अधुरी ! 'अधुरी' शब्दथी मोह काल थतो होय तो आज थाय, पण તે નામથી જ અથવા જે કંઈ અન્ય પ્રવૃત્તિથી કે નિવૃત્તિથી તમને જે શાન્તિ થાય તેનાથી તે આપવી એ મ્હારી વાસના છે. મ્હારું સર્વસ્વ જે કંઈ હોય તેના હવનથી પણ તમને સુખ મળે તો એજ મ્હારું સુખ છે. માટે મ્હારું સુખ સાધવાની તમારી વાસનાની તૃપ્તિ તમે પોતાની જાતને સુખી કરશો તેથી જ થશે."

કુમુદ૦—ભલે. પણ તમે મ્હારું સુખ ઇચ્છો છો કે મ્હારું કલ્યાણ ઇચ્છો છો ?

સ૨૦—તમને સુખની ઇચ્છા હોય તો તમારું સુખ ઇચ્છું છું અને તમને કલ્યાણની ઇચ્છા હોય તો કલ્યાણ ઇચ્છું છું.

કુમુદ૦—તમારે પોતાને માટે શું ઇચ્છો છો?

સ૨૦—મ્હારે તો સુખ પણ નથી જોઈતું ને કલ્યાણ પણ નથી જોઈતું. મને તો શાન્તિ મળે અને મ્હારા ધર્મમાં ન ચુકું એટલું જ જોઈએ.

કુમુદ૦—તમે શાંતિમાં સુખ માનો છો ને ધર્મમાં કલ્યાણ માનો છો? ને તે બેને ઇચ્છો છો ?

સ૨૦—માનું છું તો તમે કહોછો તે જ. બાકી જ્યાં સુધી ધર્મથી શાંતિ ન મળે ત્યાં સુધી શાંતિને પણ અધર્મરૂપ ગણી તેને ઇચ્છતો નથી.

કુમુદ૦—એ શાંતિને ધર્મરૂપ કયારે ગણશો ?

સ૨૦—તમને શાંત અને તૃપ્ત જોઈશ ત્યારે.

કુમુદ૦—તમારો ધર્મ કયો ?

---

૧ (એક ગ્રંથને પોતાના રાજાને કહેલું વચન). जातकमाला અથવા बोधिसत्वावदानमाला. Edited by C. R. Lanman, Harvard Oriental Series. ૨ જો ભા.

સ૨૦—જે પંચમહાયજ્ઞનો ગુરુજીએ, આપણને એને ઉદ્દેશી, ઉપદેશ કર્યો તે આ દેશના તેમ પાશ્ચાત્ય દેશના સાધુસમાજને પ્રિય છે અને તે જ ન્હાનપણથી પ્રિય ગણેલો મ્હારો ધર્મ, ને તે જ તમારો ધર્મ. બાકીની ધર્મકથા સંસારીઓને માટે છે—આપણે માટે નથી.

કુમુદ૦—તો મ્હારા ચંદ્ર, તમે કરેલા સર્વ ત્યાગની કથા, અને તેમાં તમે જે ધર્મ ધાર્યો હોય તે, કહો. મને મ્હારું સુખ તેમાં જ લાગે છે ને તે સર્વ વિચારી મ્હેં જે પ્રશ્નો ગણી ગાંઠી કરેલા છે તે સર્વના ઉત્તર આપી મ્હારા મનનું સમાધાન કરો અને એમ કરતાં કોઈ અનર્થના ભયથી આયકો બાશો નહી.

સ૨૦—જો એમ જ છે તો **કુમુદસુંદરી—મધુરી—મધુરી**, સાંભળી લ્યો. મ્હારે મ્હોંયે મ્હારે મ્હારી મૂર્ખતા કે દુષ્ટતા કહી બતાવવી પડે તો તે પણ એક પ્રાયશ્ચિત્ત જ છે ને પ્રાયશ્ચિત્ત તો હું ઇચ્છું છું જ. પિતાનો અને લક્ષ્મીનો ત્યાગ મ્હેં શાથી કર્યો પુછો છો? એ ત્યાગ મ્હેં પિતા-માતાને દુઃખમાંથી અને પુત્રયજ્ઞના ઋણમાંથી મુક્ત કરવાને માટે કર્યો, મ્હારી અને તમારી પ્રીતિ થાય તે તેમને ગમતું હશે અને તેથી જ તેમને સુખ હશે જાણી, તમારું દર્શન કે અભિજ્ઞાન સરખું ન હોવા છતાં પિતાએ તમારી સાથે કરેલો મ્હારો વિવાહ મ્હેં સ્વીકાર્યો. આ સ્વીકાર મ્હેં શા માટે કર્યો એમ તમે પુછશો. હું કહું છું તે માનવું હોય તો માનજો કે પિતાની તૃપ્તિ વિના બીજું કાંઈ એ પ્રવૃત્તિનું પ્રયોજન મ્હારે ન હતું. મ્હારી વાસનાઓ ન્હાનપણમાંથી ઘર છોડવા અને સંસારના મર્મભાગ જોવા માટે પ્રવાસ કરવાની હતી તે તમે જાણો છો. મને લક્ષ્મીની વાસના ન હતી તે જાણોછો. માટે જ માની શકશો કે તમારા વિવાહનો સત્કાર, પ્રથમ પળે, કેવળ પિતૃયજ્ઞમાં મ્હારી સૂક્ષ્મ વાસનાઓની આહુતિરૂપે હતો, પિતાએ માંડેલા પુત્રયજ્ઞમાં તેમના ભણીથી આરંભેલા આતિથેયના સ્વીકારરૂપે હતો. એક મંગળ મુહૂર્તમાં મને તેમણે વિદિત કર્યું ને મ્હેં જાણ્યું કે તમારી પ્રીતિના યજ્ઞમાં આદરેલી મ્હારી આહુતિ તેમને પ્રિય નથી. મ્હેં તમારી સુન્દર છબી કરાવી તેના દર્શનથી પ્રીતિરસ પીધો. હું તમને મળી ગયો. આપણે પત્રવ્યવહાર ચલાવ્યો. મ્હેં તમને આપવા વીંટી કરાવી. એ સર્વ માતાપિતાને ન રુચ્યું, ને તમારે માટે વિપરીત ભાવના કરી તેમણે દુઃસહ આરોપ મુક્યા. જે કારણથી તમારો વિવાહ સ્વીકાર્યો હતો તે કારણ ખોટું પડ્યું. જે કારણથી ગૃહ અને લક્ષ્મીનો સ્વીકાર કર્યો હતો તે કારણ ખોટું પડ્યું. મ્હારા સુખ કરતાં મ્હારો ત્યાગ માતા-

પિતાની વાસનાઓને વધારે અનુકૂળ થશે એવું સિદ્ધ થયું. એ સિદ્ધ થયું તેની સાથે જ એ ત્યાગ ન કરવાનો ધર્મ વિરામ પામ્યો અને એ ત્યાગ કરવાનો ધર્મ ઉદય પામ્યો. ભાવતું હતું અને વૈદ્યે કહ્યું. મ્હારો પ્રિય ત્યાગ જ મને શોધતો આવ્યો અને હું તેને ભેટી પડ્યો. કહો, હવે શું પુછવું છે ?

કુમુદ૦—જગતના કહેવા પ્રમાણે તો પિતાનાં વચન તમારાથી સહી ન શકાયાં ને રોષમાં ને રોષમાં સર્વના ત્યાગનું તમે અતિસાહસ કર્યું.

સર૦—મ્હેં પણ એ વાત વર્ત્તમાનપત્રોમાં વાંચી છે. પણ તે માનનારનું અજ્ઞાન છે. મને રોષનો અભ્યાસ હતો નહી અને છે નહી. સાધુ જનો દોષ કરતા નથી ને પામર જનો દોષ કરે ત્યારે ક્ષમા જ ઘટે છે.[1] તેમાં માતાપિતાના દોષ તો જોવા યે નહી અને સટે તેમના પ્રતિ સર્વાશે ક્ષમા રાખવી એ તો આકારાકાતિથિયજ્ઞનો આવશ્યક વિધિ છે. બુદ્ધાવતારના પૂર્વજન્મની કથાઓ ગણાય છે તેમાંથી કેટલીક મ્હેં તમને કહી છે. તેમાં બિસજાતકની કથા એવી છે કે સર્વ ભાઇઓની સાથે વાનપ્રસ્થ થઈ બુદ્ધ પોતે બોધિસત્ત્વરૂપે રૂહેતા હતા અને સર્વ ભાઈઓ બિસપ્રાશન કરતા હતા. પાંચ છ દિવસ સુધી ઇન્દ્ર બોધિસત્ત્વના ભાગનાં બિસ ગુપ્ત રીતે હરી ગયો. બિસ ખોવાયાની વાત પ્રસિદ્ધ કરવાથી ભાઈઓને દુઃખ થશે અને પોતાને તો આહાર—અનાહારમાં સમદૃષ્ટિ હતી તેથી બોધિસત્ત્વે એ વાત કોઇને કહી નહી, વાત જાતે અન્ય કારણથી ઉઘાડી પડી ત્યાં સુધી અપવાસ થયા, રોષ કે તર્ક તેમણે કર્યા નહી, અને શરીર કૃશ થયું પણ જાતે સુપ્રસન્ન જ રહ્યા. **મધુરી** ! અપરમાતાના રાજ્યમાં ઈશ્વરકૃપાથી હું આવી પ્રસન્નતા રાખી શક્યો ને રોષમાં સમજ્યો નહી. મ્હારા હૃદયનું મ્હારું પૃથક્કરણ ભુલ ભરેલું હશે—પણ સત્ય માનજો કે હું હજી એમ જાણું છું કે હું પિતા ઉપર રોષ કરી ત્યાગી નથી થયો. મને કોઇની અપ્રીતિ તમ કરતી નથી. હું તો તેમના ઉપરની પ્રીતિને લીધે તેમનું દુઃખ જોઈ તપ્ત થયો ને તેમની તપ્તિ ટાળી તૃપ્તિ આપી. તેમણે મ્હારું અપમાન કર્યું હોય તો તે આ એક વાર જ થયું અને તેનાથી તેમના અસંખ્ય પૂર્વ ઉપકાર મ્હારાથી ભુલાયા નથી. પણ શ્રદ્ધા વિનાની પૂજા, હૃદય વિનાનું આતિથેય, અને સ્નેહ વિનાની પર્યુપાસના એ સર્વ, પાણી વિનાના તળાવ પેઠે, ત્યાગ કરવા યોગ્ય છે. આવે કાળે સાધુજનોને માટે આ જ વિધિ પ્રાપ્તક્રમ છે;

---

१. मरणव्याधिदुःखार्त्तं लोभद्वेषवशीकृते ।
दग्धे दुश्चरिते शोच्ये कः कोपं कर्त्तुमर्हति ॥

આ જ માર્ગ પ્રસન્ન, સુગમ, સ્પુટ, સુન્દર, અને ધર્મ્ય છે. મહાબોધનું આ વચન છે[૧] ને તે સર્વ સાધુજનોને માન્ય છે.

કુમુદ૦—પણ એ પ્રસંગે શું તમને દુઃખ નથી થયું ?

સર૦—દુઃખ થયાની ના કહેવાતી નથી. પણ તે દુઃખ મ્હારે પોતાને માટે થયું નથી. પિતાના કૃત્યમાં અધર્મ લાગ્યો, અને તેમના પોતાના અકલ્યાણકારક અધર્મમાં તેમની પ્રવૃત્તિ જોઈ તેમના ઉપરના મ્હારા પ્રીતિયોગને લીધે મને સંતાપ થયો.[૨]

કુમુદ૦—એ સંતાપમાંથી તમે શી રીતે મુક્ત થયા ?

સર૦–તેમના ચિત્તને શાંતિ થશે એ વિચારે સંતાપને શાંત કર્યો.

કુમુદ૦—કોઈ બાળક સર્પ સાથે રમવા ઇચ્છે અને સર્પને પકડતા સુધી રોયાં કરે ને શાંત થાય નહી; તે બાળકનું સર્પ પકડવાથી અકલ્યાણ થાય તે થવા દેઈ શાંત કરવું તે ધર્મ કે રોવા દેવું તે ધર્મ ?

સર૦—જે બાળક નથી અથવા પારકું બાળક હોઈને આપણો ઉપદેશ માને એમ નથી તેની ઇચ્છાવિરુદ્ધ કલ્યાણ કરવાનો ધર્મ નથી. પિતાને ઉપદેશ કરવો તેમની જિજ્ઞાસા વિના પ્રાપ્ત થતો નથી. એ તો બહુ થાય તો વિનયપૂર્વક સ્નેહપૂર્વક સૂચના પિતાને પુત્રે કરવી હોય તો તેટલો ધર્મ છે. બાકીનો પુત્રનો ધર્મ પિતાના મંદિરમાં રહી તેમનું આતિથેય કરવાનો છે; પિતાને આ યજમાન ઉપર અનાદર થાય એટલે યજમાન પુત્ર સ્નેહશૂન્ય પિતૃમન્દિરમાં રહેવાનો અધિકારી નથી.

---

૧. विमध्यभावादपि हीनशोभे यायां न सत्कारविधौ स्वयं चेत् ।
सङ्गादगत्या जडतावलाद्वा नन्वर्धचन्द्राभिनयोत्तरः स्यात् ॥
प्राप्तक्रमोऽयं विधिरत्र तेन यास्यामि नाप्रीत्यभितप्तचित्तः ।
एकावमानाभिहता हि सत्सु पूर्वोपकारा न समीभवन्ति ॥
आस्निग्धभावस्तु न पर्युपास्यस्तोयार्थिना शुष्क इवोदपानः ।
प्रयत्नसाध्यापि ततोऽर्थसिद्धिर्यस्माद्भवेदाकलुषा कृशा च ॥
प्रसन्न एव त्वभिगम्यरूपः शरद्विशुद्धाम्बुमहाह्रदाभः ।
सुखार्थिनः क्लेशपराङ्मुखस्य लोकप्रसिद्धः स्फुट एष मार्गः ॥

जातकमाला.

२. गात्रच्छेदेऽप्यक्षतक्षान्ति धीरं चित्तं तस्य प्रेक्षमाणस्य साधोः ।
नासीद्दुःखं प्रीतियोगान्नृपं तु भ्रष्टं धर्माद्दीक्ष्य संतापमाप ॥

जातकमाला.

કુમુદ૦—તમે એમને શાન્તિ ઇચ્છી હશે; પણ તમારા ત્યાગથી શાન્તિને સ્થાને તેમને શોક નહી થયો હોય એમ તમે માનો છો? એવા શોકની અવગણના કરવી અને તેમની એકાદ ભુલ મનમાં આણવી એ શું પુત્ર-ધર્મ છે કે ક્ષમા છે?

સુર૦—એમને શોકે એમના હૃદયમાં અનુતાપ કર્યો હશે; વર્તમાનપત્રો-થી તેમ જણાય છે. પણ આ વાતમાં એ ધર્મનું તારતમ્ય મને જુદો માર્ગ બતાવે છે. મ્હારા દોષ વિના તેમની મ્હારા ઉપર અપ્રીતિ થઈ તેમાં મને ઇષ્ટાપત્તિ છે; કારણ પ્રીતિ દુઃખનું કારણ થાય છે ને આ અપ્રીતિથી મ્હારા સંબંધી વાસનાઓ તેમના હૃદયમાંથી ઓછી થાય ને એ મને ભુલે તેટલો હું પિતૃયજ્ઞમાંથી મુક્ત થઉં. બાકી તેમના ઉપરની મ્હારી પ્રીતિ હતી એથી વધી છે; ઘટી નથી. માત્ર મ્હારા મનોરાજ્યના સૃજેલા ધર્મબન્ધનથી બંધાઈને હું એ પ્રીતિની વાસનાઓને શાંત કરું છું. જે કારણથી મ્હારી વાસનાઓને હું શાંત કરું છું તે જ કારણથી એમની વાસનાઓને તૃપ્ત કરવાની મ્હારી વા-સનાને પણ શાંત કરું છું ને એમના શોકના અનુતાપમાંથી તેમને મુક્ત ક-રવાની મ્હારી વાસનાને પણ શાંત કરું છું. સંસારમાં મનાતા ધર્મ પ્રમાણે, સંસારની પ્રીતિના નય પ્રમાણે, એ શોકની અવગણના અધર્મ્ય છે, પણ સાધુજનોના અધ્યાત્મ ધર્મનો પન્થ જુદો છે ને મુંબાઈ છોડતા પ્હેલાં મ્હેં તેનો વિચાર કર્યો હતો. પિતાપુત્રાદિ સર્વ સંબંધ ભ્રમરૂપ છે, આ-કસ્મિક છે, અને અનિત્ય છે. મરણાદિથી એ ભ્રમ દૂર થવાનું કારણ પ્રાપ્ત થયા પછી પણ મનુષ્યો પોતાના અજ્ઞાનને લીધે એ ભ્રમમાંથી મુક્ત ન થતાં અનુતપ્ત થાય છે. અતિથિસત્કારને માટેના ધર્મમાંથી પિતાએ મુક્ત કરેલો યજમાન સાધુ પુત્ર અન્ય મહાયજ્ઞો માટે પ્રવૃત્ત થાય ત્યાં કુટુમ્બજનને થતાં અનુશોચનને ભ્રાન્ત કે ક્ષણિક ગણી પોતાને પન્થે પળવાને એ સ્વતંત્ર છે.

કુમુદ૦—આપના યજ્ઞ કરવાનું પિતાએ અપમાન કરતા સુધી સુઝ્યું ન હતું. આ યજ્ઞવિધિ પણ આજસુધી આપ જાણતા ન હતા. એ અપ-માનાદિને તો આપે નિમિત્ત કર્યા. એ નિમિત્ત થયાં ન હત તો આ જ્ઞાન-વિચારનો પ્રયોગ આપ કરત નહી.

સુર૦—ખરી વાત છે કે ગુરુજીનો ઉપદેશ આજ જ સાંભળ્યો. પણ મ્હારી પોતાની બુદ્ધિથી જે નીતિ અને જે ધર્મ મને ઘણા કાળથી યોગ્ય લાગ્યા છે તે નીતિધર્મના વિધિઓમાં અને આ યજ્ઞકાર્યના વિધિઓમાં નામફેર વિના બીજા ફેર સ્વલ્પ છે, ને આજ યજ્ઞકથા તમે સાંભળી માટે ય-જ્ઞકાર્યની ભાષામાં મ્હારાં કારણ તમારી બુદ્ધિને અનુકૂળ થશે જાણી એ

ભાષામાં તમારી સાથે વાત કરું છું. બાકીના પ્રશ્નોના ઉત્તરમાં કહેવાનું કે સત્કાર્યમાં કંઈ ન્હાનો પ્રસંગ પણ નિમિત્તભૂત થાય તો તેનો લાભ લેવામાં ચતુર સાધુએ ચુકવું નહી એવો ધર્મ છે. બોધિસત્ત્વ શેઠ દુકાનમાં બેહા બેહા કામ કરતા હતા તેના કુટુમ્બજનોમાં ભ્રાન્તિથી ગપ ચાલી કે શેઠ પ્રવ્રજિત થયા અને ગૃહિણી આદિ સર્વ જન શેઠ મુવા હોય એમ અનુતપ્ત થયાં. તે પ્રસંગથી જ સૂચના પામી શેઠ પ્રવ્રજિત થઈ વનમાં ચાલ્યા, અને શોક કરતાં કુટુમ્બજન પછી મળ્યાં તેમને મધુર અક્ષર કહી પાછાં વાળ્યાં તે વળ્યાં. આપણામાં કલ્યાણ ધર્મ છે એવી લોકમાં વાત ચાલે તો તે સત્ય કરવી યોગ્ય ગણી[1] શેઠ ચાલ્યા ગયા. તો મ્હેં તો મ્હારે માટે યજમાનની અપ્રીતિ સ્પષ્ટ દેખી તેનું ગૃહ છોડ્યું છે.

કુમુદ૦—અનુતાપથી તપતી તેમની પ્રીતિને આપે કેવળ શુષ્ક ગણીને કે પ્રીતિમાત્રને મિથ્યા ગણીને પિતાનો ત્યાગ કર્યો? જો તેમની પ્રીતિ શુષ્ક ગણી તો મ્હારી પ્રીતિ કેવી ગણી? અને જો પ્રીતિમાત્રને મિથ્યા ગણી પિતાનો અને મ્હારો બેનો ત્યાગ કર્યો હોય તો મ્હારે માટે આટલા તપોછો કેમ અને તેમના દુઃખનું નિવારણ કરવા મુંબાઈ જવાનું કેમ ધારતા નથી? શું પિતાના કરતાં મને વિશેષ ગણો છો?

સ૨૦—આ મનુષ્ય ન્યૂન અને આ મનુષ્ય વિશેષ એવી ગણનાઓ સંસારમાં રાગદ્વેષ પ્રમાણે થાય છે. સાધુજનો એવી ગણના સામાના ગુણપ્રમાણથી અને પોતાના ધર્મપ્રમાણથી કરે છે. મધુરી, સ્ત્રી કરતાં માતા અધિક અથવા માતા કરતાં સ્ત્રી અધિક એવી ગણનાઓ પોતપોતાના રાગદ્વેષ પ્રમાણે અને સ્વભાવ પ્રમાણે સંસારીયો કરેછે. સત્ય જોતાં, માતા પણ અતિથિ છે અને સંસારની રીતે પરણાવેલી સ્ત્રી પણ અતિથિ છે. તે બે જણનો યજમાન પોતાના ધર્મનો ક્રમ કેવાં ધોરણે રચે છે તે ગુરુજીએ તમને સમજાવ્યું છે. સાધુઓના ધર્મના આવા ક્રમથી રામે કૌશલ્યાને દશરથપાસે રાખ્યાં, અને સીતાને પોતાની સાથે લેવાનો નિશ્ચય કરતી વેળા "આ વાતમાં માતાપિતા સંમત

---

१. कल्याणधर्मेति यदा नरेन्द्र संभावनामेति मनुष्यधर्मा ।
तस्या न हीयेत नरः सधर्मा ह्रियापि तावद्धुरमुद्धरेत्ताम् ॥
संभावनायां गुणभावनायां संदृश्यमानो हि यथा तथा वा ।
विशेषतो भाति यशःप्रसिद्ध्या स्यात् त्वन्यथा शुष्क इवोदपानः ॥
जातकमाला.

થશે કે નહી ?" એ પ્રશ્ન પણ એમને સુઝ્યો નથી. દમ્પતીના અદ્વૈતનું આવું પરિણામ છે અને સંસારને તે ગમતું નથી તેનું કારણ એટલું જ છે કે તેના લગ્નવિધિથી સ્ત્રીપુરુષનાં શરીરને પરસ્પર-અતિથિ કરી દેવાના રૂઢ આચારે સંસારની દૃષ્ટિમર્યાદામાંથી દમ્પતીનાં શુદ્ધ રૂપનું સ્વપ્ન સરણું હાંકી કઢાવ્યું છે. મધુરી! મ્હેં પિતાના કરતાં સ્ત્રીને વધારે ગણી હત તો હું જુદો આવાસ માંડી સ્ત્રીસાથે તેમનાથી જુદો રહેત; પણ તેથી તેમને જે દુઃખ થાત તેનો પ્રતીકાર, અને તમારું તેમનું કલ્યાણ, સર્વને સાથે લાગી સાધવાનો મને જે એક જ માર્ગ સુઝ્યો તે મ્હેં લીધો. પ્રીતિને મિથ્યા ગણવી કે નહી એ તો ચંદ્રાવલીમૈયા તમને મ્હારા કરતાં વધારે સારી રીતે સમજાવશે ને તે વિષયમાં મ્હેં કંઈક બોધ એમની પાસેથી જ લીધો છે. બાકી પિતાની કે તમારી કોઈની પ્રીતિને મ્હેં શુષ્ક તો નથી જ ગણી. તમારી પ્રીતિ શુષ્ક ગણી હત તો આજ મને પરમ શમસુખ મળ્યું હત. પિતાની પ્રીતિને શુષ્ક ગણી હત તો આજ અત્યારે આપણે બે મુંબાઈનગરીનાં કોઈ મ્હેલમાં હત. તમારા ઉપરની પ્રીતિને લીધે હું અત્યારે તપું છું તો પિતા ઉપરની પ્રીતિથી નથી તપતો એમ નથી. પણ મ્હેં ઉત્પન્ન કરેલા તમારા દુઃખનું નિવારણ કરવું એ મ્હારો ધર્મ છે, અને પિતાની જ તૃપ્તિને માટે કરેલા ત્યાગનો ત્યાગ કરવો એ હવે અધર્મ છે. એ ત્યાગ તો થયો તે થયો. હાથીના દાંત બ્હાર નીકળ્યા તે નીકળ્યા.

કુમુદ૦—પિતાના તેમ મ્હારા ઉભયના દુઃખનું કારણ તમારો ત્યાગ છે તો મ્હારા દુઃખના નિવારણમાં ધર્મ ક્યાંથી આવ્યો અને તેમના દુઃખના નિવારણમાં અધર્મ કેમ આવ્યો ?

સર૦—ઉભયના દુઃખનું કારણ મ્હારો ત્યાગ છે એ વાત ખરી નથી. તમારા દુઃખનું કારણ મ્હેં જ તમારા હૃદયમાં ઉત્પન્ન કરેલી પ્રીતિ છે. પિતાના દુઃખનું કારણ પણ મ્હારા ઉપરની તેમની પ્રીતિ જ છે; પણ એ પ્રીતિને મ્હેં ઉત્પન્ન કરેલી નથી, મ્હેં આમન્ત્રિત કરી નથી, અને એ પ્રીતિનો પ્રદીપ મને વારસ્યો કૂહેતી વેળાએ તેમણે હોલવી નાંખ્યો તો ફરી દીવાસળીથી બળેલી વાટને મુખે પિતા હવે નવો દીવો સળગાવે તેનાં પરિણામનો પ્રતીકાર કરવો મને પ્રાપ્ત થતો નથી. જે પ્રીતિ શબરૂપ થઈ તેના પ્રેતને ચેતનરૂપ ગણી ઘરમાં વાસ આપવો ઘટતો નથી. એ પ્રેત તો પોતાને પીપળે જ વસે.

કુમુદ૦—તમારા હૃદયમાં હજી ગુપ્ત ઉંડો રોપ છે તે તમારી પાસે આમ બોલાવે છે. તેમની પ્રીતિ કદી હોલાઈ નથી—માત્ર પવનના ઝપા-

ટાથી નીચી નમી ગઈ હતી, તે પવન જતાં ટટ્ટાર ઉભી થઈ પ્રથમના કરતાં વધારે તેજથી બળતી હશે. તેમની પ્રીતિ શબરૂપ થઈ ન હતી– માત્ર મૂર્છાવશ થઈ હતી. જેવી કૃપા કરી મને આપે આ પવિત્ર બોળામાં મ્હારી મૂર્છાકાળે જાળવી રાખી અને અત્યારે આમ ગોષ્ઠીસુખ આપેાછે, તે જ ન્યાયે તેવી જ કૃપાથી પિતાની મૂર્છાવશ પ્રીતિની આપે પળવાર સંભાવના કરી લેવી હતી. એ મ્હારા ચંદ્ર ! આ ખગ્રાસમાંથી મુક્ત થઈ પિતાના હૃદયાકાશને પાછું પ્રકાશિત કરો ! મ્હારું તો થયું તે થયું ! પણ જેનું મહાદુઃખ—વૃદ્ધાવસ્થાનું દુઃખ—વિચારથી કળાય નહી અને આંખોથી જોવાય નહી એવું હશે અને જેનો ઉપાય માત્ર તમારા એકલાના જ હાથમાં છે તેને તમે તરત શાંત કરો. તેમ નહી કરો તો ગયો કાળ આવશે નહી અને દશરથરાજાની પેઠે તેમના શરીરને કોઈ મહાન્ અનર્થ થઈ જશે તો તમને અતુલ પશ્ચાત્તાપ થશે! તે પશ્ચાત્તાપનું પ્રાયશ્ચિત્ત આપના હાથમાં નહી રૂહે અને આપને એક દુઃખમાં તપ્ત થતા જોઉં છું તેને બીજા દુઃખાગ્નિની જ્વાળામાં પડેલા જોઈશ ! જો મને સુખી કરવાને ઇચ્છતા હો તો આ દુઃખ મ્હારે જોવા વેળા ન આવે એવું અત્યારથી કરો ! મ્હારા ચંદ્ર ! હું આપને બહુ સવેળા ચેતાવું છું અને પગે લાગી બોળો પાથરી માગી લેઉં છું !

૨૨૦—તમે મ્હારી ભુલ કહાડી અને તે બરી કહાડી છે. મને અત્યારે કંઈક રોષ ચ્હડ્યો એટલી વાત તમે સત્ય સમજ્યાં. પણ ત્યાગકાળે તો પિતા ઉપર કે કોઈ ઉપર રોષ ન હતો. હું પિતાના મન્દિરમાં તમારી સાથે રહું તો તમને કેવાં દુઃખ થવાનાં તેનો પિતાનાં મર્મવાક્યોએ મને શુદ્ધ પ્રત્યક્ષવત્ તર્કવિચાર કરાવ્યો હતો. અને એમના ગૃહમાં રેહેવું અને તમારી સાથે લગ્ન કરવું, એ બે વાનાં સાથેલાગાં કરવાં તો તે કાળે જ વર્જ્ય ગણ્યાં હતાં એ અત્યારે સાંભર્યું. પણ તે નિર્ણય રોષપૂર્વક કર્યો ન હતો, વિચારપૂર્વક કર્યો હતો. પણ આજ સુધીમાં મને આજના જેવો પણ રોષ ચ્હડ્યો નથી, ત્યાગકાળે પણ ચ્હડ્યો નથી, અને અત્યારે ચ્હડ્યો છે તે પણ પિતા ઉપર નથી ચ્હડ્યો. માત્ર આપણા લોકતંત્રમાં વ્યાપી ગયેલી જે અવ્યવસ્થાને બળે તમારાં જેવાં પુષ્પ ધુળમાં રગદોળાય છે અને શુદ્ધ પ્રીતિતંત્રની વાડીઓ દેશમાંથી નષ્ટ થઈ છે તેનું દૃષ્ટાંત પ્રત્યક્ષ થતાં માત્ર મ્હારું ચિત્ત અત્યારે ઉકળી આવ્યું ! તમે એ અવ્યવસ્થાનાં ભોગ થઈ પડ્યાં છો; આજ સુધી જેના ઉપર મ્હારું ધ્યાન ગયું ન હતું એવી તમારી મધુરતાના રસનું હું અત્યારે પાન કરું છું તે

આવો મધુર જીવ–આવું મધુર શરીર—આ અવ્યવસ્થાનો ભોગ થઈ પડ્યાં છે અને હું તે પાપકર્મમાં સાધનભૂત થયો છું—એ સર્વ વિચાર મ્હારા આ ઉકળાટને બહુ વધારી મુકે છે. ત્યાગકાળે આટલી વાત પ્રત્યક્ષ હત તો હું શું કરત તે કહેવાતું નથી, પણ એટલું તો પૂર્ણ રીતે સ્મરણમાં છે કે આવો પણ રોષ તે કાળે મને ન હતો.

કુમુદ૦—તો પિતાના દુઃખનું નિવારણ કરવા આપે પાછાં કેમ ન જવું તેનો શાંત વત્સલ વિચાર હવે કરો.

સર૦—જે પ્રશ્નો તમે પુછોછો તેવાજ પુછનાર મિત્ર ચન્દ્રકાન્ત ત્યાગવિચારને કાળે પાસે હતો, ને તેણે તેનો પક્ષવાદ રાત્રિના બાર વાગતા સુધી કર્યો હતો. તેના ગયા પછી આખી રાત મ્હેં શાંતિથી વિચાર કરીને ત્યાગ કર્યો છે.

કુમુદ૦—એ વિચાર શા કર્યા હતા ?

સર૦—તમે સાધુજનોમાં આવ્યાં છો ને તેમની પ્રીતિ જુવો છો; એ નિષ્કામ પ્રીતિ છે અને તે માટેજ સર્વદા પૂજનીય છે. સંસારી જનોની પ્રીતિ સકામ હોય છે માટે તેનો સત્કાર એ પ્રીતિમાંની કામનાની યોગ્યતા પ્રમાણે જ કરવાનો પ્રાપ્ત થાય છે. બે પાસની કામના હોય ત્યારે બે જણની કામનાની તૃપ્તિથી પ્રીતિનું આયુષ્ય પૂર્ણ થાય છે. એક પાસની કામના હોય ત્યારે તેની તૃપ્તિથી પ્રીતિનું આયુષ્ય પૂર્ણ થાય છે. કામના નષ્ટ, શાંત, અથવા પૂર્ણ થયા પછી આવી પ્રીતિનું તો શબ જ સમજવું. "આત્માના કામને ઉદ્દેશીને સર્વ પદાર્થ—પુત્ર, સ્ત્રી, પિતામાતા, આદિ સર્વ પદાર્થ પ્રિય થાય છે" એવી શ્રુતિ આવી પ્રીતિને માટે યથાર્થ છે. કામનાવાળા જે અતિથિની કામનાને યજમાનની અપેક્ષા રહેતી નથી તે યજમાને તે કામનાવાળા અતિથિની પોતાના ઉપરની પ્રીતિનો તે પ્રસંગ પછી પણ સત્કાર કરવો એ સંસારમાં રૂઢ છે, પણ સાધુજનોનાં ચિત્ત તેવે કાળે આ મિથ્યા પ્રીતિના પાશમાંથી છુટા થવાનો ધર્મ જુવે છે તે ધર્મ મ્હેં જોયો ને લેઈ લીધો.

કુમુદ૦—એમ છુટા થવું તેને ધર્મ શા માટે ગણો છો ? ઘરમાં રહીને પણ સર્વ ધર્મની સાધના કેમ ન થઈ શકે ? પિતાના દુઃખનું નિવારણ એ શું તમારો ધર્મ નહી ? શું મ્હારા સસરાજીએ વિકટ કારભારતંત્રમાં રહી તપ કર્યું નથી ? કે શું મ્હારાં ગુણીયલે કુટુમ્બજનળમાં રહી તપ કર્યું નથી?

સર૦—જેને જે સ્થિતિ સ્વભાવથી મળે તેણે તે સ્થિતિયોગ્ય તપ આદરવું ઉચિત છે. જેનો સ્વભાવ કામનારૂપ હોય તેણે તેને અનુકૂળ કામ કરવું; બુદ્ધિધનભાઈને કારભારની કામના તીવ્ર હતી. હું મૂળથી નિષ્કામ

છું. તમારાં પવિત્ર જનનીને કુટુંબજનળમાં સ્થિતિ પ્રાપ્ત થઈ, અને પોતાના ગુણોત્કર્ષથી તમારા પિતા સાથે અદ્વૈતયજ્ઞમાં સહચારનો ધર્મ તેમને પ્રાપ્ત થયો અને એ યજ્ઞને પુણ્યે એમની અદ્વૈતકામના સિદ્ધ થઈ છે. મ્હારે કામના કંઈ નહી અને પિતાની પુત્રકામનાઓમાંથી એક વાર મુક્ત થઈ આજ આ સ્થિતિને હું પામ્યો તે મ્હારું સદ્ભાગ્ય જ. પિતા મ્હારા વિયોગથી અથવા પોતાના પશ્ચાત્તાપથી અત્યારે દુઃખી હશે. તેઓ દુઃખી નહી થાય એમ મ્હેં ધાર્યું જ ન હતું. પણ જો એ દુઃખમાંથી મુક્ત કરવા હું ઘેર રહ્યો હત તો ગુમાનબાની વૃત્તિના અનુરોધનો તેમનો ધર્મ તેમને વિશેષ દુઃખ કરત અને અત્યારે પાછો જઉં તો તેમને તરત સુખ થાય પણ પરિણામે એનું એ દુઃખ મ્હારા અને તેમના આયુષ્યના સમાગમપર્યંત થાય. મ્હેં તેમને આવા આયુષ્યપર્યંતના વિશેષ દુઃખમાંથી મુક્ત કર્યા અને તેમ કરતાં તેમને આટલું અન્ય દુઃખ થાય તેમાં મ્હારો ઉપાય નથી. આવા પ્રસંગો સંસારના બન્ધમાંથી મુક્ત કરેછે ને ત્યાગીને ત્યાગનો અધિકાર આપે છે. વળી મ્હારા પાછાં ગયાથી તેમને સુખ થવાનું હોય તો થાય પણ ગુમાનબાને તો મ્હારા પાછા જવાથી અધિકતર દુઃખ થવાનું તેનું કારણ હું થવા ઇચ્છતો નથી. મ્હારે જે વૈભવ જોઈતો નથી તે વૈભવવાળા ગૃહનો સ્વીકાર કરું તો ગુમાનબાને ફરી ફુંફવાડા કરવા પડે ને પિતાને સાંભળવા પડે. આ શમસ્થાનનો ત્યાગ કરાવી આવા વિગ્રહ સ્થાનમાં મને મોકલવાનું તમે નહી ઇચ્છો![1] વળી એકને સુખી કરવા બીજાને અર્થવા એને પણ આમ દુઃખી કરું તો તો અધર્મ જ થાય. પરિણામનો કે ધર્મનો જે વિચાર કરું છું તેથી એ જ નિશ્ચય દૃઢ થયાં કરેછે કે મ્હારે પાછાં જવું તે અધર્મ છે; અને અધર્મમાંથી દૂર થવાને પ્રસંગે પિતાને, મને, કે તમને કે અન્યને થવાનાં લાભહાનિ જોવાનાં નથી. જ્યાં સુધી ગૃહવાસનો ધર્મ છે ત્યાંસુધી તે સ્વીકારવો, જ્યાં તે અધર્મરૂપ થાય ત્યાં તેનો ત્યાગ કરવો. પ્રવૃત્તિના પરાક્રમધર્મ ગૃહવાસસ્થિતિથી પ્રાપ્ત થાય તો તે અન્તઃશમથી પાળવાના છે, અને અન્ય સ્થિતિથી પરાક્રમશક્તિ વિરામ પામે તો દમસ્થિતિ જ પ્રાપ્ત થાય છે. ધર્મથી નિષ્કામ કર્મ કરનારને ઉભય વૃત્તિમાં શમ જ છે અને તેથી જ ધર્મમાર્ગનો પ્રશમરૂપ એક જ રસ કહેલો છે. ધર્મથી પ્રવૃત્તિની સ્થિતિવાળા જનો પોતાના માર્ગમાં જતે આવતાં સુખનું

---

૧. तद्दर्जनीयान् परिवर्जयन्तं परिग्रहान् विग्रहहेतुभूतान् ।
क्रोधोच्छिरस्कानिव कृष्णसर्पान्युक्तोसि मां देव न संनिषेद्धुम् ॥ (જાતકમાલા)

આસ્વાદન કરે તો ભલે, પણ સુખની આશાથી ધર્મનો પરિભવ તેમણે કરવો પડે તો તો ગૃહનો ત્યાગ જ પ્રાપ્ત થાય છે.[૧]

કુમુદ૦—આપની મ્હારા ઉપરની પ્રીતિને લીધે મ્હારે માટે ધર્મના અત્યયથી કલંકિત થઈને પણ મ્હારું સુખ જોવા ઇચ્છો છો તો પિતા ઉપરની પ્રીતિ અધર્મથી કેમ ડરે છે?

સર૦—હું પિતાને માટે જે કંઈ કરું છું કે નથી કરતો તેમાં પ્રીતિ કે અપ્રીતિ કારણભૂત નથી. તેમજ તમારે માટે જે કરવા તત્પર છું તેમાં પણ કેવળ પ્રીતિ કારણભૂત નથી. ત્યાગકાળે જે જે કામ મ્હેં કર્યાં તેમાં પણ આદિકારણ પ્રીતિ-અપ્રીતિ ન હતાં. મ્હેં જે જે કર્યું છે કે કરવું અનુચિત ધાર્યું છે તે મ્હારી ધર્મબુદ્ધિના કારણથી કર્યું કે ન કર્યું સમજવું. આપ્તજનોની પ્રીતિને મ્હારો ગૃહત્યાગ પ્રિય ન હોય એ હું સમજતો હતો. પણ તેમની પ્રીતિના શુદ્ધ સ્વભાવની મ્હેં ચિકિત્સા કરી. ગૃહનો ત્યાગ ન કરવાનું સમજાવતાં ચંદ્રકાંતે ઘણાં કઠણ વચન મને કહ્યાં હતાં તે એના મનથી ન્યાય્ય હતાં અને મિત્રપ્રીતિના ઉદ્ગારરૂપ હતાં અને તેને સત્ય લાગેલા ધર્મરૂપ હતાં. આ વચનથી મિત્રપ્રતિની મ્હારી પ્રીતિ વધી, પણ મ્હારો ધર્મ તો મ્હારા હૃદયપાવકમાં પાવન થાય—મ્હારો પોતાનો મનઃપૂત થાય—તે જ મ્હારે પાળવાનો હતો તે મ્હેં પાળ્યો. મ્હારા ગૃહત્યાગ કરતાં ગૃહવાસમાં ચંદ્રકાંત જેવા આપ્ત જનો શાથી કલ્યાણ માને છે? શું ગૃહત્યાગમાં કંઈ પાપ છે કે તેમાંથી મને નિવૃત્ત કરવા તે ઇચ્છે છે અને એ ઇચ્છા મ્હારાથી ન પુરાતાં શોક કરે છે?[૨] કોઈ મરી ગયો હોય કે મરવાનો થયો હોય અથવા ધર્મથી ભ્રષ્ટ થયો હોય ને આપ્ત જન રોવા બેસે તો તે સમજાય પણ હું જીવતે મ્હારે માટે ચંદ્રકાન્ત અને પિતા આટલું દુઃખ ધરશે એ મ્હેં જાણ્યું પણ મ્હારા મનને પુછ્યું કે એ દુઃખ ધરશે

---

૧ यदि धर्ममुपैति नास्ति गेहमथ गेहाभिमुखः कुतोऽस्य धर्मः ।
प्रशमैकरसो हि धर्ममार्गो गृहसिद्धिश्च पराक्रमक्रमेण ॥
इति धर्मविरोधदूषितत्वाद्गृहवासं क इवात्मवान् भजेत ॥
परिभूय सुखाशया हि धर्मे नियमो नास्ति सुखोदयप्रसिद्धौ ॥ (જાતકમાલા)

૨. वनाद्गृहं श्रेय इदं त्वमीषां स्वस्थेषु चित्तेषु कथं नु रूढम् ।
यन्निर्विशङ्का वनसंश्रयान्मां पापप्रसङ्गादिव वारयन्ति ॥
मृतो मरिष्यन्नपि वा मनुष्यश्च्युतश्च धर्मादिति रोदितव्यम् ।
कया नु बुद्ध्या वनवासकामं मामेव जीवन्तममी रुदन्ति ॥ (જાતકમાલા)

તે કેઈ બુદ્ધિથી ? આ સર્વનો મ્હેં ત્યાગકાળે વિચાર કર્યો. તેમની પોતાની પ્રીતિ ગૃહસંસાર અને ગૃહવાસ ઉપર જેવી લાગી તેવી જ મ્હારા ઉપર પણ લાગી પણ વધારે કોના ઉપર હશે એમ મ્હેં મ્હારા મનને પુછ્યું, જો ગૃહ ઉપર તેમને વધારે પ્રીતિ હોય તો તેઓ ઘેર રૂહેવાને સ્વતંત્ર છે તો તેમનો મ્હારા જવાથી થવાનો અશ્રુપાત કંઈક મ્હારે માટેની પ્રીતિને લીધે હોવો જોઈએ. જો મ્હારા ઉપર ગૃહવાસ કરતાં વધારે પ્રીતિ હોય[1] તો મ્હારી પેઠે ત્યાગી થઈ મ્હારી સાથે આવવાની હું કોઈને ના કૂહેતો નથી. છતાં ન ઘર છોડવાદે ને ન છોડીને આવે તો એમ સમજવું કે તેમની પ્રીતિ મ્હારા કરતાં ગૃહ ઉપર વધારે છે, અને ઘરને કે મને કોઈને ન છોડતાં મ્હારો, તેમનો, અને પોતાનો ત્રણેનો સમાગમ રાખવામાં તેઓ પોતાનું સુખ માનેછે અને તેથી મ્હારા કલ્યાણનો વિચાર તેમને સુઝતો નથી અથવા પ્રિય થતો નથી. અથવા તો મ્હારા ગુણમાં એવી કંઈ ન્યૂનતા છે કે જેથી આવું સ્નેહી મંડળ મ્હારી સાથે ત્યાગી થવા ઇચ્છેજ નહી—મ્હારામાં જ કંઈ નિર્ગુણપણું હોવું જોઈએ.[2] નિર્ગુણ માણસને પણ આપત્તિકાળે બે ત્રણ મિત્રો તો હોય છે તો ગુણીજનને અનેક હોય પણ તેમાંથીયે તેની સાથે ઘર છોડીને આવવા નીકળનાર એક મિત્ર પણ અતિદુર્લભ હોય તે જ ગૃહત્યાગને સ્વાભાવિક ગણ્યું.[3] વળી વિચાર કરતાં લાગ્યું કે મ્હારામાં ગુણ હશે તો કોઈ મિત્ર સ્નેહના બળથી પાછળ જતે આકર્ષાશે, સ્નેહના ને મ્હારામાં ગુણ નહી હોય ને સાથે નહી આવે તો તેનો દોષ ગણવાનું કારણ નથી. જો મ્હારામાં ગુણ છતાં સાથે કોઈ ન આવે તો એમ સમજવું યોગ્ય લાગ્યું કે રોતાં કકળતાં આપ્તજન એક પાસ ગૃહવાસનાથી આકર્ષાય છે ને બીજી પાસથી મ્હારા ઉપરની પ્રીતિથી આકર્ષાય છે; આને બળે રૂવે છે ને તેને બળે મ્હારા જેવો ત્યાગ કરવાનું તેમને સુઝતું નથી. જો તેમને તેમ સુઝશે તો મ્હારે ફરી વિચારવાનું કારણ થશે—જો નહી સુઝે તો તેઓ સંસારનાં સુખદુઃખથી પ્રારબ્ધ પ્રમાણે આકર્ષાશે ને મરણકાળને બદલે અત્યારથીજ હું ગૃહવાસના બંધનમાંથી—કુટુમ્બ-

---

१ मद्विप्रयोगस्त्वथ शोकहेतुर्मया समं किं न वने वसन्ति ।
गेहानि चेत्कान्ततराणि मत्तः कोन्वादरो वाष्पपरिव्ययेन ॥ जातकमाला.

२ ममैव वा निर्गुणभाव एष नानुव्रजन्त्यद्य वनाय यन्माम् ।
गुणावबद्धानि हि मानसानि कस्यास्ति विश्लेषयितुं प्रभुत्वम् ॥ जातकमाला.

३ द्वित्राणि मित्राणि भवन्त्यवश्यमापद्गतस्यापि सुनिर्गुणस्य ।
सहाय एकोऽप्यतिदुर्लभस्तु गुणोद्धितस्यापि वनप्रयाणे ॥ जातकमाला.

—અતિથિયેાના યજમાન ધર્મમાંથી—અને તેની સાથે પ્રીતિયેાગથી—છુટા એકલેા ભમીશ એવેા સંકલ્પ કર્યો. મ્હારા ત્યાગથી ખિન્ન થનારનેા ખેદ આવા માર્ગથી ઓછેા થવેા ન થવેા તે તેમના હાથમાં ગણ્યું અને પેાતાના હાથમાંનું.....ફળ તેમણે.....આવું કે ન આવું તે તેમના પેાતાના અધિકારની વાત ગણી, તેમની પ્રીતિની તૃપ્તિ કે તપ્તિ કરવામાં મ્હારા કરતાં તેમનેા પેાતાનેા અધિકાર શ્રેષ્ઠ અને ઉચિત ગણી, મ્હેં નિર્ણય કર્યો કે તેઓ, મ્હારું માન તેમના પેાતાના સમાન ગણી, શેાકનું જે ઔષધ તેમના પેાતાના હાથમાં હું દેખું છું તે છતાં તેનેા સ્વીકાર કરતા નથી તેા તેમની પ્રીતિને, તેમના શેાકને, અને એ શેાકથી તેમને જે ઇષ્ટાનિષ્ટ સુખદુઃખરૂપ ફલ થાય તેમને, નટ લેાકના ખેલ જેવાં, મેાહમય આવરણ જેવાં, અને જાગતાં છતાં ઉંઘું છું કહેનાર બાળકની શઠતા જેવાં, અશુદ્ધ અને પામર ગણી[1], તેની તૃપ્તિ મ્હારા યજ્ઞેામાં અવિધેય ગણી, મ્હેં આ શરીરનાં સર્વ સંબંધીયેાનેા, લક્ષ્મીનેા, અને ગૃહનેા પરમધર્મ-રૂપ ત્યાગ કર્યો, અને કર્યો તે કર્યો. મ્હેં પ્રીતિઅપ્રીતિથી કાંઈ કર્યું નથી.

કુમુદ૦—સર્વની પ્રીતિની એવી ગણના કરી તેા મ્હારી પ્રીતિની જુદી ગણના કેમ કરી?

સુ૦—મ્હેં તમને કહ્યું કે પ્રીતિને બળે કેાઈ મ્હારી પાછળ નીકળવાનેા વિચાર કરે તેા જ તેની પ્રીતિને મ્હારી પાસે મ્હારા ત્યાગનેા વિચાર કરવેા જેવી મ્હેં ગણી હતી. તમે જ્યારે સ્વતંત્ર ન હતાં, તમારું પ્રારબ્ધ તમારાં માતાપિતાના હાથમાં દીધું, તેમણે મને લક્ષ્મીમાન્ પિતાનેા ગૃહસ્થ પુત્ર ગણી તમારું વાગ્દાન કર્યું હેાવું જોઈએ એમ મ્હેં ધાર્યું,

---

१. दृष्टावदानो व्यसनोदयेषु वाप्योद्गमान्मूर्त्त इवोपलब्धः ।
संरूढमूलोऽपि सुहृत्स्वभावः शाठ्यं प्रयात्यत्र विनानुवृत्त्या ॥
निवारणार्थानि सगद्गदानि वाक्यानि साश्रूणि च लोचनानि ।
प्रणामलोलानि शिरांसि चैषां मानं समानस्य यथा करोति ॥
स्नेहस्तथैवार्हति कर्तुमेषां श्लाघ्यामनुप्रव्रजनेऽपि बुद्धिम् ।
मा भून्नटानामिव वृत्तमेतद्व्रीडाकरं सज्जनमानसानाम् ॥
परत्र चैवेह च दुःखहेतून्कामान्विहातुं न समुत्सहन्ते ।
तपोवनं तद्विपरीतमेते त्यजन्ति मां चाद्य धिगस्तु मोहम् ॥
यैर्वंप्रलब्धाः सुहृदो ममैते न यान्ति शान्तिं निखिलाश्च लोकाः ।
तपोवनोपार्जितसत्प्रभावस्तानेव दोषान्प्रसभं निहन्मि ॥

जातकमाला.

અને તેમણે પ્રિય ગણેલાં મ્હારાં ગૃહ અને લક્ષ્મીનો મ્હેં ત્યાગ કર્યો પછી મ્હારો સંબંધ તેમને અપ્રિય લાગશે માટે તેમને તેમના વાગ્દાનના ઋણા માંથી મુક્ત કરવાના નિશ્ચયથી મ્હેં તેમને અને તમને પત્ર લખ્યા હતા.

કુમુદ૦—તમે એમના ઉચ્ચગ્રાહને બહુ પામર ગણ્યો.

સર૦—તમારો તેમણે તરત જ અન્ય સ્થાને વિવાહ કર્યો તેથી મ્હારી ગણના ખરી પડી.

કુમુદ૦—સંસારની રૂઢિપ્રમાણે તેમણે મ્હારું બગડેલું પ્રારબ્ધ સુધારવા વિચાર કરી આમ કર્યું. બીજું શું કરે?

સર૦—તેમણે કર્યું તે અયોગ્ય કર્યું એમ હું કહેતો જ નથી. મ્હારે કહેવાનું તો માત્ર એટલું જ છે કે બીજું આમ જનની પ્રીતિના જેવી જ એમની પ્રીતિની ગણના કરવામાં મ્હેં ચુક બાધી નથી તે આથી સદ્ધ થયું. તેમની પ્રીતિ જુદી જાતની હત અને મ્હારી દરિદ્ર અને ભટકતી દશામાં પણ તમારી પ્રીતિને યોગ્ય તેઓ મને ગણતાં હત તો તેમણે કોઈ બીજો જ માર્ગ લીધો હત.

કુમુદ૦—તે તેમને સુઝ્યું નહી.

સર૦—યથાર્થ છે. સામાન્ય સંબંધીઓનાથી જુદા માર્ગ ક્યારે સુઝે કે જોનારને આપણા ઉપર નિષ્કામ પ્રીતિ હોય તો જ. સર્વ મનુષ્યને બબે લોચન હોય છે, પણ આવી પ્રીતિથી વળી ત્રીજું અતિંદ્રિયનીય લોચન પ્રકટ થાય છે અને નવી દૃષ્ટિ આપી નવા માર્ગ સુઝાડે છે. તમારાં વચનો અને તમારી અવસ્થાનો વિચાર કરતાં તમને એ ત્રીજું લોચન હોય એવું મને પ્રથમ પળે સુઝ્યું નહી, પણ પાછળથી વિચાર થયો કે રખેને તમને એ ત્રીજું લોચન હોય! એ વિચારને બળે, એ શંકાને બળે, મ્હારું હૃદય વલોવાવા લાગ્યું અને તેમાંથી હું માખણું કહેતો હું ત્યાર પ્હેલાં તો તમારા પ્રારબ્ધે તમારા શરીરને હોમી દીધું ને મ્હારા વલાણાને નકામું કરી દીધું! તમને સુખમાં અને સંતોષમાં જોઉં તો મ્હારા હૃદયનું નિષ્ફળ મન્થન બંધ પડે અને હું મ્હારા ત્યાગથી મળવા ધારેલો શમ પામું એ સ્વાર્થી ધારણાથી હું સુવર્ણપુરમાં આવ્યો. સુવર્ણપુરને અનુભવે સિદ્ધ કર્યું કે મ્હારો ધર્મ શાંત સંન્યસનનો નથી પણ વ્યર્થ સંન્યાસની વિડમ્બનામાં ભ્રમણ કરવાનો છે. તમારું દુઃખ મ્હારાથી જોવાયું પણ નહી ને અટકાવાયું પણ નહી. પશ્ચિમ બુદ્ધિથી સુઝેલું મ્હારું શાણપણ તમને આપવાની પ્રવૃત્તિ કરી અને મ્હારાથી ન ભુલાતી વાત તમે ભુલી જાવ એવો માત્ર શઠતાથી ભરેલો ઉપદેશ તમને

આપવાનું હાથમાં હતું તે આપીને હું ત્યાંથી નીકળ્યો ને અંહી આવ્યો. અત્યન્ત દુઃખને બળે અને શુદ્ધ પ્રીતિની જ્વાળાએ તમારું ગુપ્ત રહેલું ત્રીજું લોચન ઉઘાડ્યું અને તમે અંહી આવ્યાં ! કુમુદસુન્દરી ! તમારા ત્રીજા લોચનની જ્વાળાએ આજ મ્હારું પણ ત્રીજું લોચન ઉઘાડ્યું છે અને તમારા હૃદયમાં તો શું પણ તમારા શરીરમાં યે હું જુદી જ મોહક સુન્દરતા દેખું છું અને એ લોચન હજી શું શું કરાવશે તે સમજાતું નથી. તમારે માટે ધર્મનો અત્યય કરવા હું તત્પર નથી—તમારો પક્ષપાત હું કરતો નથી—એ ધર્માત્યયની અને એ પક્ષપાતની સર્વ વૃત્તિનો અને શક્તિનો સૂત્રધાર તો આ ત્રીજું લોચન જ છે. આ લોચનના પ્રકાશ તમારી અને મ્હારી પાસે નવાં સ્વપ્ન ઉભાં કરાવે છે અને નવા અભિલાષ ઉભા કરે છે.

કુમુદ૦—એક વારના સાહસનું પરિણામ પામનારે બીજું સાહસ આરંભતા પ્હેલાં વિચાર કરવો જોઈએ. તમે કહો છો કે તમારી અનુવૃત્તિ કરી હું તમારી પાછળ આવી શકી હત તો તમે જુદો વિચાર કરત. તમે શું કરત ? ગૃહત્યાગ પડતો મુકત ? એ વેળા આ વીશે શો વિચાર કર્યો હતો ? હવેના આજના મ્હારા અનુભવ પછી મ્હારું ભાગ્ય કેવે માર્ગે લેવાનો અભિલાષ રાખો છો ? સર્વ પ્રશ્નો પુછ્યા પણ આ એ પ્રશ્નો પુછતાં મ્હારું હૃદય કંપે છે. સરસ્વતીચંદ્ર ! તમે મ્હારામાં એવો શો દોષ દીઠો હતો કે તમે જાતે મ્હારામાં ઉત્પન્ન કરેલી પ્રીતિની પરીક્ષા કરવાનું આમ બાકી ગણ્યું ? મ્હારા પિતાની વાત ગમે તે હો, પણ હું તો મુગ્ધ હતી, તમારાથી કાચે તાંતણે બંધાઈ હતી, મ્હારું હૃદય તમારામાં પરોવાયું હતું-વણાઈ ગયું હતું ! મ્હારી ચિન્તા તમારે જાતે કરવાની ન હતી ? તમે તે ચિન્તા તે કાળે કેવી કરી અને અત્યારે કેવી કરો છો ? નકી, હવે તો મ્હારી પરીક્ષા સંપૂર્ણ થઈ હશે ? હું કેવી રીતે પાસ નપાસ થઈ છું તે કહી દ્યો—થોડા શબ્દોમાં સ્પષ્ટ વચન કહી દેજો—તમારા હૃદય ઉપર એક પાતળો સરખો પણ પડદો હવે ન રાખશો. હવે રાખશો તો કુમુદની ત્રીજી આંખ એનો પોતાનો જ પ્રલય કરશે તે નિશ્ચિત જાણજો. ઓ મ્હારા બહાલા ! આવું આવું સુન્દર વાંચેલું ને વિચારેલું તેનો આવો ક્રૂર પ્રયોગ આમ મ્હારા ઉપર જ કર્યો ?

આ બોલતાં કુમુદની આંખો આંસુથી છલકાતી હતી.

સર૦—હું એ સર્વ વાતમાં મ્હારો અપરાધ સંપૂર્ણ રીતે સ્વીકારું છું. મ્હારી મૂર્ખતા અને મ્હારો દોષ તમને વસતો ન હતો ત્યાં સુધી મ્હારું

પ્રાયશ્ચિત્ત ન હતું. હું કેવો દુષ્ટ છું તે તમે આજ સમજ્યાં. અને હવે હું તમારી પાસેથી ક્ષમાનો કંઈ અધિકારી થયો હઉં તો તે મને આપજો ને ન થયો હઉં તો ગમે તે માર્ગે પણ મ્હારાથી તમારા અત્યંત દુઃખી મનને સુખ પ્રાપ્ત થશે તો તે જ આ દુઃખી જીવને શાંતિ આપશે.

કુમુદ૦—સરસ્વતીચંદ્ર ! આ દીનતા છોડીને મ્હારી જિજ્ઞાસા તૃપ્ત કરશો તો મને હજી તમારામાં એટલે સુધી વિશ્વાસ છે કે મ્હારી અને તમારી ઉભયની શાન્તિ અને તૃપ્તિ સાથે લાગી થશે. સંસાર દુષ્ટ છે તેમાં પડેલાં નિર્મળ પાણી મેલાં થાય છે. વિદ્યા રસાયણ જેવી છે તે વાપરતાં આવડે તો ગમે તેવા પાણીને નિર્મળ કરે અને ન આવડે તો તેમાં પ્રાણઘાતક રસ પણ ભરે. જ્ઞાન તો અગ્નિના જેવું છે ને તેના પર પડેલાં નિર્મળ અને મલિન ઉભય પાણી ઉડી જાય છે. નિષ્કામ અને ઉચ્ચ રસની પ્રીતિ એકલી જ પાણીમાં નિર્મણી[1] પેઠે ગમે તે હૃદયમાં પડતાં વાર એ હૃદયને નિર્મળ કરી નાંખે છે અને તેને પીવા જેવું કરે છે. મ્હારા ચંદ્રની વિદ્યાએ મને ઠગી—અને એ વિદ્યાએ આપણો આવો વિયોગ કરાવ્યો. કુમુદ હવે એ વિદ્યાનો વિશ્વાસ નહી કરે. તમારી વિદ્યાને સ્થાને પરમ જ્ઞાન તમને પ્રાપ્ત થયું હોય અને આ ભગવી કન્થાએ તમારા પિતાના અભિલાષ સર્વથા નષ્ટ જ કર્યા હોય તો તે જ જ્ઞાન વડે મ્હારા પણ સર્વ વિકારનો નાશ કરી દો. પણ તમે કેવળ જ્ઞાની નથી, તમારી પ્રીતિ જ્ઞાનનાથી છુટી પડી ગઈ નથી, ને તમે તમારી પ્રીતિને ઓળખતા નથી એટલી હું તેને ઓળખું છું—એ પ્રીતિમાં જ મ્હારી આશા છે ને તે તમારી પાસે ઉત્તમ ઉત્તર જ અપાવશે.

સર૦—એ તો જે કરે તે ખરું. ચંદ્રનો ન્યાય કુમુદના હાથમાં નથી પણ એના હૃદયમાં જ છે. તમે મને બે પ્રશ્ન પુછ્યા—નહીં વારુ ? એક તો એ કે ત્યાગકાળે મ્હેં તમારો શો વિચાર કર્યો અને બીજો એ કે અત્યારે શો વિચાર કરું છું.

કુમુદ૦—એ જ.

સરસ્વતીચંદ્રે નિઃશ્વાસ મુકી વાર્તા ચલાવી.

" મુંબાઈમાં તો એટલો જ વિચાર કર્યો હતો કે રત્નનગરી જવું અને અજ્ઞાતરૂપે તમારા મનની ઇચ્છા જાણી લેવી."

કુમુદ૦— જાણીને શું કરવું હતું. ?

---

૧ આ પદાર્થ મેલા પાણીમાં નાંખ્યાથી મેલ નીચે બેસે છે ને નિર્મળ પીવા જેવું પાણી ઉપર તરે છે.

સ૨૦—તમારી પ્રીતિ પ્રજ્વલિત હોય તો તમારી પાસે છતાં થઈ તમારા પિતાને મળવું ધાર્યું હતું. એ તમારા વિવાહને અનુકૂળ થાત તો સીતાને લેઈ રામ ગયા ને દમયન્તીને લેઈ નળ ગયો હતો તેમ હું તમને સાથે લેઈ જાત. તમારા પિતા તમને અનુકૂળ ન થયા હત તો તમારું પ્રારબ્ધ નકકી કરવા તમે સમર્થ થાત ત્યાં સુધી હું મ્હારી ઇષ્ટ યાત્રામાં મગ્ન રૂહેત અને સમયપરિપાક થતાં તમને મ્હારી સાથે લેવા આવત. તેમ ન થયું. સમુદ્રમાર્ગે રત્નનગરી આવતાં પ્રતિકૂળ પવનને લીધે દિવસ વીતી ગયા. ત્યાં આવ્યો ત્યારે તો તમે સુવર્ણપુર ગયાં હતાં તે પછીનો ઇતિહાસ તમે જાણો છો.

કુમુદ૦—હા...શ! આજ મ્હારા હૃદયનું મહાશલ્ય દૂર થયું. મને હાનિ કરનાર તમે ન નીવડ્યા—વિધાતા નીવડ્યો. મ્હેં બે કટાક્ષનાં વચન કહ્યાં તે હવે ઉતાવળ કરી લાગે છે. આજ મને સિદ્ધ થયું જણાયું કે તમારી પ્રીતિમાં ધર્મ રહેલો છે ને તમારા ધર્મમાં આ રંક જાત ઉપર પ્રીતિ રહેલી છે. મ્હેં તમને વગર તપાસે મ્હેણું દીધું. મને પ્રથમથી આ કેમ કહ્યું નહી કે તમને એ વચન કહી દુઃખી કરવાના પાપમાંથી હું ઉગરત? વારુ, ત્યારે મને લખેલા પત્ર કે શ્લોકમાં તો તે કંઈ ન હતું.

સ૨૦—ના, ન હતું. એ પત્ર તો તમને મ્હારા ભણીના ઋણમાંથી મુક્ત કરવા લખ્યો હતો; પણ રજનિ વાટ જુવે તો ફરતો ફરતો બીજે દિવસે ચન્દ્ર પણ આવી પ્હોચે એટલી બારી તમારી આશાને માટે મ્હારા શ્લોકની અન્યોક્તિમાં ધ્વનિત હતી.

કુમુદ૦—હા! મ્હારામાં જ એટલી જડતા કે તે ધ્વનિ મ્હારીપાસે બ્હેરા આગળના ગાયન જેવો રહ્યો! મ્હારું ભાગ્ય જ ટુકું.

કુમુદે કપાળે આંગળી અરકાડી.

સ૨૦—હવે આ સ્થાનમાં આ સમાગમ થવાનો પ્રસંગ આવતાં તમારે માટે બે ત્રણ વિચાર મ્હેં કર્યા છે ને બાકીના તમારે કરવાના રાખ્યા છે.

કુમુદ૦—કે—

સ૨૦—બ્રહ્મચર્ય અને ચતુર્થાશ્રમ તો એકલી સ્થિતિને માટે છે. ગૃહસ્થાશ્રમમાં દમ્પતી ગૃહમાં રૂહે છે તો વાનપ્રસ્થમાં વનમાં રૂહે છે. ગૃહસ્થાશ્રમમાં તે સુખને માટે પ્રયત્ન કરે છે તો વાનપ્રસ્થમાં કલ્યાણને માટે પ્રયત્ન કરે છે. ગૃહસ્થાશ્રમના વ્યાપારો અપ્રયત્ને જેટલું કલ્યાણ થાય તેટલું થવા દેછે ને તેને માટે પ્રયત્નનો અવકાશ મળતો નથી. વાનપ્રસ્થમાં સુખાર્થને માટે તિરસ્કાર નથી તો પ્રયત્ન પણ કરવામાં આવતો

નથી. અધર્મ અને પાપ તો ઉભયમાં વર્જ્ય છે. આવું વાનપ્રસ્થ આપણે માટે વિહિત છે. તેના ત્રણ પ્રકાર થાય છે. ત્રણેમાં પ્રીતિના અદ્વૈત યજ્ઞ સધાય છે. પ્રથમ પ્રકારમાં તારામૈત્રક યજ્ઞ સધાય છે. ચુહુમોધી અને તેની સ્ત્રી વનમાં પ્રવ્રજિત સ્થિતિમાં રહેતાં હતાં[1] અને એકબીજાની દૃષ્ટિ આગળ પ્રત્યક્ષ રહી સ્ત્રી સ્વામીની પરિચર્યા કરતી હતી અને સ્વામી સ્ત્રીને ઉપદેશ કરતો હતો. દમ્પતીની આવી અસ્પર્શ દૃષ્ટિસેવાનાં જડ દૃષ્ટાંત ચંદ્ર અને કુમુદનાં, ને સૂર્ય અને કમળનાં, છે. એ દૃષ્ટિસેવાનાં આયુષ્યમાં દમ્પતીની વેદીઓ સમીપ અને પ્રત્યક્ષ રહે છે અને સૂક્ષ્મ શરીરરૂપ પશુનો સંયોગ રહે છે અને તેમના યાગવિધિમાં સર્વથા સર્વદા અદ્વૈત પામેલા પશુનાં અર્દ્ધાંગ પ્રત્યક્ષ સમાગમથી યજ્ઞ કરે છે. એથી વધારે સમાગમ વાનપ્રસ્થ દમ્પતી એકાગ્નિ યજ્ઞમાં રાખે છે. રામ અને સીતાએ નેવિશ્વંતર[2] અને તેની સ્ત્રીએ આવા યજ્ઞના એકાગ્નિ, વેદીઓનું અદ્વૈત રાખ્યું, રાખ્યા હતા. ત્રીજી સ્થિતિ પરોક્ષ વેદીની છે. એ સ્થિતિ વિહારપુરી ને ચંદ્રાવલીમૈયા પાળે છે તે. એ જ સ્થિતિ દ્રૌપદીએ વૈરાટરાજાના નગરમાં સૈરંધ્રિરૂપે પાળી હતી. એમાં આત્માગ્નિનું અદ્વૈત રહે છે ને ક્રિયાગ્નિની જ્વાલાઓ એક દિશામાં બળે છે પણ તેમની વેદીઓ પરસ્પરથી પરોક્ષ રહે છે. આ ત્રણ માર્ગ મને સુઝે છે. એથી ચોથો તમને સુઝે તે.

કુમુદ૦—એમાંથી કીયા માર્ગમાં અધર્મનું ભય ? તમે સર્વ વાતમાં ધર્મવિચાર કરોછો તો ધર્મના અત્યયની ભીતિ ન રાખવાની શાથી ધારી? સર્વમાંથી કલ્યાણનો માર્ગ કીયો? તમે જેને એકાગ્નિયજ્ઞ કહો છો તેમાં શું અધર્મની ભીતિ નથી ?

સ૨૦—લોકવ્યવસ્થા જેથી ઉત્તમ થાય અને આત્મસિદ્ધિમાં વિઘ્ન ન આવે એવાં બન્ધનથી સર્વ સાધુજનો જાતે બંધાય છે અને એ બન્ધન તે એમના ધર્મ અને એવાં બન્ધનનો ત્યાગ તે અધર્મ. સંસારીજનો

---

१. स तयाऽनुगम्यमानश्चक्रवाक इव चक्रवाक्या ग्रामनगरनिगमाननुविचरन्कदाचित्कृतभक्तकृत्यः कस्मिंश्चित्प्रविविक्ते श्रीमति नानातरुगहनोपशोभिते घनप्रच्छाये कृतोपकार इव क्वचित्क्वचिद्दिनकरकिरणचन्द्रकैर्नानाकुसुमरजोऽवकीर्णधरणीतले शुचौ वनोद्देशे ध्यानविधिमनुष्ठाय सायाह्नसमये व्युत्थाय समाधेः पांसुकुलानि सीव्यति स्म ॥ सापि प्रव्राजिता तस्यैव नातिदूरे वृक्षमूलमुपशोभयमाना देवतेव स्वेन वपुषः प्रभावेण विराजमाना तदुपदिष्टेन मनस्कारविधिना ध्यायति स्म ॥ जातकमाला.

१. જાતકમાલા

રાગદ્વેષથી અને અજ્ઞાનથી પોતાનો શુદ્ધ ધર્મ જાણી શકતા નથી, માટે તેમને માટે શાસ્ત્રાદિની આજ્ઞા અને વ્યવસ્થા છે. સાધુઓ પોતાના ધર્મ અધર્મ જાતે જોઈ શકે છે અને તેથીજ તેઓને મનઃપૂત કરેલા કાર્યને ધર્મરૂપ ગણવાનો અધિકાર છે. કુમુદસુંદરી! મધુરી! સાધુજનો જેને અધર્મ ગણેછે એવો અધર્મ તો મ્હારા બતાવેલા એક પણ માર્ગમાં નથી. સંસાર જેને અધર્મ ગણેછે તેનું ભય એકાંગિનયજ્ઞમાં છે. જે કારણથી હું લોકાપવાદની અવગણના કરવી ધર્મ્ય ગણું છું તે જ કારણથી સંસારના માનેલા આ અધર્મની ઉપેક્ષા કરું છું. સંસાર છોડે તેને સંસારની વ્યવસ્થાના ધર્મ પાળવાની આવશ્યકતા નથી. તેમના ધર્મ તો નિષ્કામ અને મનઃપૂત માર્ગ ઉપર યાત્રા કરવામાં જ સમાપ્ત થાય છે.

કુમુદ૦—કામાદિ વિકારોને અવકાશ આપવો એ નિષ્કામતા કેમ કહેવાય? એ તો વાંઝણીને પુત્ર છે કહીએ ને કામને નિષ્કામ કહીયે તે એ વાત એકજ જાતની થઈ ગણવી.

મ૨૦—યજ્ઞાર્થ વેદીનું પોષણ અને તર્પણ ઉભય આવશ્યક છે. અન્ય તાપથી તપ્ત ન હોય તો જ વેદી યજ્ઞાગ્નિના તાપને વ્હેવાને માટે સમર્થ થાય છે. જો અંતરાત્માની સૂક્ષ્મ ગતિથી ત્રસરેણુકજીવન બંધાય જ તો તેની વેદીઓ અન્યતાપથી અતપ્ત હોય તો જ યજ્ઞાગ્નિને માટે સમર્થ થાય છે. જઠરાગ્નિની શાંતિથી જેમ એકાંગ વેદી પુષ્ટ થાય છે, તેમ કામાગ્નિની શાન્તિથી ત્રસરેણુક વેદી તૃપ્ત થાય છે. કોઈ ધર્મકાર્યને માટે આ તાપને નષ્ટ કરવા આવશ્યક હોય તો સાધુજનો ક્ષુધાસહનને અને બ્રહ્મચર્યને પોતાના ધર્મરૂપ ગણે છે અને તેવે સમયે પણ જે ઇન્દ્રિયગ્રામને વશ નથી રાખી શકતાં તે પામર અને કામકામી ગણાય છે. સાધુજનોના યજ્ઞવિધિને માટે ત્રસરેણુક જીવનને જે સમર્થ વેદી જોઈએ તે વેદીને કામાદિના પરાજયના ક્લેશમાં નાંખવાથી નિર્બળ કરવામાં આવે ને તેથી યજ્ઞમાં ન્યૂનતા આવે તો સાધુઓ તેને એક પ્રકારની શમવિડમ્બનાના રૂપનો અધર્મ ગણેછે ને એવો અધર્મી ત્યાગી કામદ્વેષી ગણાય છે. માટે જે કામની તૃપ્તિમાં કામને કામ પણ નથી અને દ્વેષ પણ નથી તે કામને નિષ્કામ કહેલો છે ને તેનો યોગ સાધુજન વિના બીજાંનાં હૃદયને થવો અશક્ય છે. મધુરી! મ્હેં જે માર્ગ દર્શાવેલા છે તે સર્વ માર્ગ સાધુજનોના સૂક્ષ્મ સનાતન ધર્મની દૃષ્ટિવડે પાવન કરેલા છે, અને તમને તેમાંથી જે પવિત્ર લાગે તે સ્વીકારવા અધિકારી છો.

કુમુદ૦—જે ક્લેશને શમવિડમ્બના કહો છો તેનું શું આપે જાણી જોઈને સહન નથી કર્યું? જો કર્યું છે તો તે ધર્મ ધારીને કે અધર્મ ધારીને કર્યું છે? તેમાં ધર્મ હોય તો કીયો છે?

સર૦—એ ક્લેશ મ્હેં અનુભવ્યો છે ને જાણી જોઈનિ ધર્મ ગણીને વેઠેલો છે. મ્હારા યત્નને તે ક્લેશ પ્રતિકૂળ નથી પણ એ ક્લેશનો અનારંભ પ્રતિકૂળ છે, અને માટેજ એ ક્લેશ મ્હારે ધર્મરૂપ છે.

કુમદ૦—એ છેલી કહી તે પ્રતિકૂળતા કેઈ પાસની છે?

સર૦—શુદ્ધ અપ્રતિહત દમ્પતીધર્મમાં પણ કામાદિનો એકને આદર હોય ને બીજાને અનાદર હોય તો તેની તૃપ્તિ આદરવાળા અંગે શોધવી અધર્મ છે; અને આદરવાળાના આદરને અનાદૃત જન પ્રતિકૂળ થાય તો તે એ અનાદરવાળા અંગનો અધર્મ છે.

કુમુદ—ધર્મ એનો એક હોય. એકનો ધર્મ તે બીજાનો અધર્મ કેવી રીતે થાય?

સર૦—દરિદ્ર યજમાનને ઘેર પૂજ્ય અતિથિ આવે ત્યારે દરિદ્રતા છતાં યજમાન આદર કરે તે જ તેનો ધર્મ, અને એ દરિદ્રતામાં ઉમેરો થવા દેઈ અતિથિ એ આદરનો સ્વીકાર કરે તો તે એ અતિથિનો અધર્મ.

કુમુદ૦—એક પાસ આદર અને બીજી પાસ અનાદર હોય તો રસભંગ[1] તો થાયજ, પણ દયાળુ યજમાનનો ધર્મ તે અતિથિનો અધર્મ સંભવી શકે એવી સૂક્ષ્મ વ્યવસ્થાનો પ્રસંગ આજ જ જાણ્યો.

સર૦—રસભંગ થાય તે જડતાથી અને ધર્મભંગ થાય તે દુષ્ટતાથી.

કુમુદ૦—સત્ય છે. આપ શુદ્ધ ધર્મ ને શ્રેષ્ઠ રસના માર્ગના પ્રાણ છો. મ્હારું હૃદય આજ અપૂર્વ શાન્તિ અનુભવે છે અને મ્હારી વાસનામાત્ર તૃપ્ત થઈ લાગે છે. હવે માત્ર મ્હારો ધર્મ શો તે વિચારવાનો ધર્મ પણ આપે મ્હારે શિર મુક્યો તેટલું બાકી.

સર૦—હૃદય હૃદયની દૃષ્ટિ ભિન્ન હોય છે, શક્તિ ભિન્ન હોય છે, અને પોતપોતાની દૃષ્ટિનું ને વૃત્તિનું સંવેદન[2] તો સર્વ જને જ કરી શકે છે માટે આ વ્યવસ્થા તમને દર્શાવી છે.

---

૧. अनादरोत्कण्ठितयोः प्रसिध्यता समागमेनापि रतिर्न मां प्रति ॥ કાલિદાસ.

૨. સંવેદન ' શબ્દમાં intuitive perception તેમ instinctive impulse એ બે અર્થના ધ્વનિ છે.

કુમુદ૦—સૂક્ષ્મ પ્રીતિના અદ્વૈતમાં દૃષ્ટિનાં તેમ શક્તિનાં સંવેદન પણ અદ્વૈત પામે છે.

સ૨૦—એ પ્રીતિની પરિપાકદશાનું ફળ થાય છે.

કુમુદ૦—હું એ દશાની વાટ જોઈશ.

સ૨૦—તમે તે જોવા અધિકારી છો.

કુમુદ૦—આપણી પ્રીતિના આદ્યકાળમાં આપે જે વચનામૃત મહારા હૃદયમાં મહારાથી જીરવાય એવું કરી રેડ્યું હતું તે જ વચનામૃતના અનુભવનું અત્યારે આસ્વાદન કરું છું. પ્રિય ચન્દ્ર ! તમે જે રસધર્મ સમજાવ્યા તેના દાનથી તમારા મનની ને તેના ગ્રહણથી મહારા મનની શાન્તિ અને તૃપ્તિ દેખાય છે તે તે વચનામૃતના અનુભવનો સ્વાદ આપે છે.

સ૨૦—કીયું તે વચન ?

કુમુદ૦—તે કહું—

" Our feet now, every palm,
" Are sandalled with calm,
" And the dew of our wings is a rain of balm;
" And beyond our eyes
" The human love lies
" Which makes all it gazes on paradise."[1]

" માત્ર ભૂતકાળનું સ્મરણ થાય છે ત્યારે આ શાન્તિ ભગ્ન થાય છે."

સ૨૦— तरति शोकमात्मवित् એ શ્રુતિનો યથાર્થ અવબોધ આ શાન્તિના વર્ષાદને વરસાવે છે તેનો અભિષેક તમે પણ કાળક્રમે અનુભવશો. વે ઇંગ્રેજીમાં પણ એ જ કવિ માર્ગ દર્શાવે છે કે—

" To suffer woes which hope thinks infinite;
" To forgive wrongs darker than death or night;
" To defy Power which seems omnipotent;
" To love and bear; to hope till hope creates
" From its own wreck the thing it contemplates;
" Neither to change, nor falter, nor repent;
" This, like thy glory, Titan, is to be

---

1. Shelley's Prometheus Unbound.

" Good, great, and joyous, beautiful and free;
" This is alone Life, Joy, Empire, and Victory"[1]

કુમુદ૦—એ પણ સમજાવેલું છે ને હવે સત્ય લાગે છે. માત્ર આ કલ્યાણની સિદ્ધિનો હવે પછીનો માર્ગ કેવો લેવો તેને માટે વિચાર કરવાનો મને સોંપેલો છે તે મ્હારે કરવાનો બાકી રૂહે છે.

સુ૨૦—તમારા સુન્દર હૃદયમાં જે બુદ્ધિ અને અભિલાષ થશે તે સુન્દર જ થશે.

કુમુદ૦—એનો કંઈ નિયમ નથી.

પ્રકરણ ૩૦.

સિદ્ધ લોકમાં યાત્રા ને સિદ્ધાંગનાઓનો પ્રસાદ,

અથવા

શુદ્ધ પ્રીતિની સિદ્ધિનું સંગત સ્વપ્ન.

Before the starry threshold of Jove's Court
My mansion is, where those immortal shapes
Of bright aerial spirits live insphered
In regions mild of calm and serene air,
Above the smoke and stir of this dim spot
Which men call Earth, and with low-thoughted care,

Confined and pestered in this pinfold here,
Strive to keep up this frail and feverish being,
Unmindful of the crown that Virtue gives,
After this mortal change, to her true servants
Amongst the enthroned gods on sainted seats.
Yet some there be that by due steps aspire
To lay their just hands on that golden key
That opes the palace of Eternity.

---

1. Shelley's Prometheus Unbound.

To such my errand is; and, but for such,
I would not soil these pure ambrosial weeds
With the rank vapours of this sin-worn mould.

Milton's Comus.

બન્ને જણ થોડી વાર નાચ્યું જોઈ, થોડી વાર એક બીજાનાં સામું એક ટશે જોઈ, બેસી રહ્યાં. કુલાહારનું પાંદડું ખાલી થઈ કયારનું વચ્ચે પડી રહ્યું હતું તેને એક પવનને ઝપાટે આવામાં ઉરાડી દીધું, અને ઉડીને સરસ્વતીચંદ્રના ખોળામાં, જ્યાં પ્રથમ કુમુદ સુતી હતી ત્યાં, પડ્યું. કુમુદનું લક્ષ્ય એણી પાસ પ્રથમ ખેંચાયું ને એણે એ પાંદડું લેઈ લીધું ને ઉઠીને બ્હાર નાંખી દીધું. પાંદડું લેતાં લેતાં થએલા અજ્ઞાત સ્પર્શના મન્મથચમત્કારને બળે બ્હાર નાંખવા જતી જતી અને નાંખતી નાંખતી પણ તે કંઈક પરવશ થતી હતી, અને પાણીનો હેલારો એક પાસનો થાય ને પવનનો ઝપાટો સામી પાસનો આવે ત્યારે કમળની નાળ એક પાસ ખેંચાય ને તેનું પત્ર-સંપુટ અવળું વળી જાય તેમ તે નાળ જેવું શરીર રવેશ ભણી ખેંચાયું અને મુખકમળ પાછું વળતું હતું. સરસ્વતીચંદ્ર પણ બેહો બેહો તે જ જોયાં કરતો હતો અને સમુદ્રની ભરતીની સાથે માછલાં તણાય તેમ એના તન-મનના વેગ સાથે એની આંખો પણ આમ આગળ ધકેલાતી હતી. છતાં એ ઉઠ્યો નહી અને કુમુદ પણ આવીને પ્રથમને સ્થાને પાછી બેઠી. બેસતાં બેસતાં આકાશને ને ચંદ્રને જોઈ રહી કહેવા લાગી.

"અર્ધ રાત્રિ વીતી ગઈ. આપ હવે કંઈ નિદ્રા લેશો ?"

"હા."

"કોનું સ્થાન આપને ઇષ્ટ થશે ?"

"જે તમને ઇષ્ટ હશે તે જ મને ઇષ્ટ થશે."

કુમુદ વિચારમાં પડી જોઈ રહી. "આ વાક્ય દ્વિઅર્થી નથી ? એનો અર્થ કેવો લેવો ?" મનમાં શંકા થઈ ને મને જ તેનું સમાધાન કરી ઉત્તર દેવડાવ્યો. "પ્રિયચંદ્ર ! મ્હારે માટે જે ઇષ્ટ હોય તે જ આપને માટે ઇષ્ટ હોવાનો સંદેહ છે ત્યાં સુધી આપને માટે મને આપના વાણી શુદ્ધા ઇષ્ટ છે ત્યાં આપ પધારો, અને હું મ્હારે માટે આ જ સ્થાન ઇષ્ટ ગણું છું. આપ હવે પધારો."

"એ જ ઉત્તમ વાત છે." સરસ્વતીચંદ્ર ધીમે રહી ઉઠ્યો, જરીક વાર દૃષ્ટિવડે કુમુદનું સર્વાંગ ધ્યાનમાં લેઈ લેઈ, પુલ ભણી ફર્યો અને ઘણી વાર લગાડી પગલા પછી પગલું ભરતો ચાલ્યો. કુમુદ પણ ઉઠી તેની પાછળ પાછળ ચાલી—તેને એણે જોઈ પણ કંઈ બોલ્યો નહી. કુમુદે પોતાને માટે પાથરેલી પથારી સાથે લેઈ લીધી ને બે જણ સૌમનસ્યગુફામાં પુલ ઉપર થઈને આવ્યાં. સાધુજનોએ સરસ્વતીચંદ્રને માટે વસ્ત્ર પાથર્યું હતું તે કુમુદે લેઈ લીધું, તેને સ્થાને પોતાની કંઈક જાડી પથારી પાથરી, તે ઉપર મૂળ વસ્ત્ર ચાદર પેઠે પાથર્યું, અને પોતે પાછી ફરી.

સર૦—તમે એવી શિલા પર સુશો ને મને આ કોમળ પથારીમાં સુવાની આજ્ઞા કરશો તો મને નિદ્રા નહી આવે.

કુમુદ૦—પથારી એક ને સુનાર બે ત્યાં પૂજનીય જને પથારીનો સ્વીકાર કરવો એ પૂજક જનના ઉપર અનુગ્રહ કરવાનો માર્ગ છે.

સર૦—સાધુજનોમાં એવા ભેદનાં કાર્ય વર્જ્ય ગણાય છે.

કુમુદ૦—હું હજી સાધુતા પામી નથી. મ્હારું હૃદય હજી સંસારી જ છે,

સર૦—તમે સાધુ જ છો.

કુમુદ૦—આપ મ્હારા અતિથિ છો.

સર૦—મને શિલાશયનનો પરિચય છે ને મને પ્રિય પણ તે જ છે અથવા તમે મ્હારાં અતિથિ છો.

કુમુદ૦—મને ગમતી વાત કરવાનું આપે વચન આપેલું છે.

સર૦—હું બંધાયો છું.—તો વધારે નહી તો આ મ્હારા વાળું જ વસ્ત્ર અને મ્હારી કન્થાનો સ્વીકાર કરી લેઈ જાવ ને તેના ઉપર શયન કરજો.

કુમુદ૦—ભલે, એટલાથી પ્રસન્ન થાવ.

કુમુદ તે લેઈને પુલ ઉપરથી ચાલી. સરસ્વતીચંદ્ર સુઈ ગયા. કુમુદ કન્થા વગેરે બોળામાં લેઈને પોતાની ગુફામાં ઓટલા ઉપર બેઠી. તેને નિદ્રા દેખાઈ નહી. કન્થાને જોઈ રહી અને તેને એક હાથે ઉંચી કરી જોવા લાગી.

"કુમુદ ! જેના પવિત્ર બોળામાં તહારા ભ્રષ્ટ શરીરને અદૂષિત વાસ મળ્યો તેની પવિત્ર કન્થાને શું તું તહારા શરીર નીચે ડાબી ચાંપીને નિદ્રા પામીશ ? મહાત્માના શરીરનું રક્ષણ કરનારી પવિત્ર કન્થા ! આજની રાત્ર

તને એ મહાત્માનો પ્રસાદ ગણી મ્હારી છાતી સાથે ચાંપી રાખીશ અને તહારી પવિત્ર ઉંઘથી નિદ્રા પામીશ. કન્યા ! આ પતિત હૃદયને તું પાવન કરજે."

એ વસ્ત્રો બે હાથ વચ્ચે ઘાલી, છાતી સરસાં ચાંપી રાખી, કુમુદ ઓટલા ઉપર સુતી. સુતાં સુતાં પણ નિદ્રાને ઠેકાણે વિચાર આવવા લાગ્યા ને આંખો મીંચાઈ ઉઘડવા ને ઉઘડી મીંચાવા લાગી.

" શુદ્ધ પ્રીતિ તે આ જ !—મ્હારા હૃદયમાંની નહી પણ એ મહાત્માના
" હૃદયમાં છે તે જ ! કેવું ઉદાર અને શુદ્ધ હૃદય ? મ્હારી ક્ષુદ્રતા તો એમાં
" વસતી જ નથી ! મ્હારા ઉપર આ તે કેવો પક્ષપાત ! સંસારમાં પિતા-
" ના કરતાં પત્ની ઓછી ગણાય છે. પિતાના કરતાં, માતાના કરતાં,
" ને કુટુમ્બમાત્ર કરતાં પતિને વિશેષ ગણવા એ વાતને ઉત્તમ ગણનાર જે
" સંસાર છે તે જ સંસાર પતિનો પત્ની ભણી આવો ધર્મ ગણતો નથી ને
" એ ધર્મને અધર્મ ગણે છે. મ્હારો ચંદ્ર મ્હારે માટે એ અધર્મ ગણાતો
" ધર્મ પાળે છે, ને સાધુજનો તે વાતનું અનુમોદન કરે છે ! મ્હારું શરીર
" અન્ય સ્થાનને વરી ચુક્યું. વરણની મ્હારી પ્રતિજ્ઞાઓને પળાવવા
" મ્હારા ચંદ્ર ઇચ્છે છે; ને આ શરીર સંપૂર્ણ રીતે તેમને વશ હોવા છતાં,
" મનને વારી શકે છે—મનને મારે છે ! કેવી પ્રીતિ ! એનો બદલો હું શી
" રીતે વાળું ? એમને માટે હું શું કરું ?"

" મન મારવું એ કેવું કઠણ કામ છે ? મને તેનો ક્રૂર અનુભવ થયો છે
" ને ઈશ્વરકૃપાએ આપેલાં નિમિત્તોથી—મ્હારા બળથી નહીં—હું ફાવી
" શકી. પણ આ તો પોતાને બળે જ જીતે છે ! હું એમને સ્વાધીન છતાં
" જીતે છે. ને તે શા માટે ? પોતાને તો ધર્મના અત્યયનો ને લોકના અ-
" પવાદનો પણ વાંધો નથી; માત્ર જે મને અનિષ્ટ છે તેને તેટલાથી જ
" એ અધર્મ ગણે છે."

" આજે હું પણ મનને વારી શકી છું. મ્હેં તો મનને માત્ર વાર્યું પણ
" એમણે તો માર્યું. હું તો સંસારના સ્વાદની અનુભવીયણ છું પણ એમનાં
" રસેન્દ્રિય તો આજ સુધી અભોક્તાની દશામાં જ રહ્યાં છે, ભોગના
" અનુભવનો રસ કલ્પનામાં પૂર્ણ વિકાસથી સ્ફુરે છે ને હૃદયમાં ભરેલો
" છે, છતાં આવે પ્રસંગે મર્યાદા ન તોડવાની એ હૃદયમાં અપૂર્વ શક્તિ
" છે તે આજ મ્હેં જોઈ ન હત તો એવી શક્તિ કોઈમાં હોય એમ હું
" માનત નહીં. આવા દૃઢ હૃદયને ઢાંકનારી પવિત્ર કન્થા !"

કન્થાને છાતીમાં ચાંપી. આંખો મીંચાઈ ગઈ. કેટલીક વારે ઝબકીને જાગી.

" એ શરીરમાં જ્વર હતો. આંખોનો પ્રવાહ મ્હારા આ શરીર ઉપર
" હતો. એ હૃદયની વાસના સ્પષ્ટ હતી. ફલાહાર ! માત્ર આંગળીને જ
" આંગળી અડકી હતી —પણ—પણ—"

" એ જ્વર મ્હારે માટે, એ તુમુલ મનોમથન મ્હારે માટે જ—એ એ-
" મનું મહાયુદ્ધ મ્હારી ઇચ્છાના અભાવને લીધે જ—"

વળી નિદ્રા આવી. વળી કંઈક ભયંકર સ્વપ્ન થતાં છળી ગઈ ને જાગી ઉઠી બેઠી થઈ.

"હું નિર્દય છું. ને તે પણ એમના ભણી નિર્દય છું! દયા ધર્મનો
" મૂલ હય! આ સ્થાનમાં જ્વરના વેગથી એમના શિરમાં પિત્ત ચ્હડી
" જશે-તો-"

વળી સુઈ ગઈ ને નિદ્રા પણ આવી. વળી જાગી.

" નિદ્રા ! તું કેમ આમ દૂર રહે છે ? આજ તો મન નિશ્ચિન્ત છે ને
" તૃપ્ત છે. હવે એ સ્વચ્છન્દી મન શામાં ભમે છે ને નિદ્રામાં વિઘ્ન પાડે છે
" તે મને પોતાને પણ સુઝતું નથી."

આંખો ચોળતી ચોળતી કન્થા બોળામાં રાખી બેઠી થઈ.

" હું જોઉં તો ખરી કે એમની પણ મ્હારા જેવી સ્થિતિ તો નથી
ને હવે એમના જ્વરનું કેમ છે ?"

ધીમે ધીમે તે પુલ ઉપર ગઈ ને સામેના દ્વારમાં એક હાથ દેઈ
દેઈ ને બીજા હાથની બગલમાં કન્થા વગેરે રાખી ઉભી રહી.

સામા ઓટલા ઉપર સરસ્વતીચંદ્ર સુતો હતો. એ ઓટલો પાંચ છ હાથ
લાંબો ને એક હાથ પ્હોળો હતો. તેના એક છેડા ઉપર પગ રાખી,
તેના મધ્ય ભાગમાં માથું રાખી, સરસ્વતીચંદ્ર સુતો હતો, ઉંઘતો હતો,
ને લવતો હતો.

" એકના દુઃખમાં અનેકનાં દુઃખ જોઉંછું. કુમુદસુન્દરી, ચંદ્રકાન્ત,
તરંગશંકર, ઉદ્વતલાલ, ગુણસુંદરી, સૌભાગ્યદેવી,—સર્વનાં દુઃખ સૂક્ષ્મ-
દર્શક કાચવડે જોઈ લીધાં અને, ઓ મ્હારા આર્ય દેશ, તહારી ભયંકર વ્યા
નાથતા જોઈ હું કમ્પુ છું. હું શું કરું ? કુમુદસુંદરી, તમારો ત્યાગ મેં ન
કર્યો હત તો તમારા અદ્વૈતસહ્યારમાં રહી દેશની આ સ્થિતિ સુધારવા
હું મથત. કુમારો પુરુષ આ દેશમાં સ્ત્રીઓમાંથી બહિષ્કાર પામે છે,
અને સ્ત્રીવર્ગનું કલ્યાણ તમારા જેવી સ્ત્રીના સાધન વિના અશક્ય છે—

પણ હવે કામવનનાં વાવઝરુ તમારા સહચારના માર્ગ વચ્ચે ઉભાં રૂહે છે ને મને કમ્પાવે છે.”

તે લવતો બંધ પડ્યો ને કુમુદસુંદરી સર્વ સાંભળતી હતી તે છેક પાસે આવીને કન્થા પોતાને બભે નાંખી સુન્દર કાન્તવદન જોતી ઉભી રહી.

“ ઓ મ્હારા દેશવત્સલ રસિક પવિત્ર કાન્ત !” એટલું કુમુદથી બોલાઈ જવાયું, સુતેલા નરના શરીર ઉપરના માત્ર **પવનને** જ—હાથ પ્હોળા લાંબા કરી—આલિંગન દીધું ને હાથ નીચા પડતા પ્હેલાં પાછા ખેંચી લીધા, સુતેલા અધરપુટ ઉપર બે તસુ ઉંચે જાગતું અધરપુટ પળવાર લટકી રહ્યું અને ગ્હડેલો મેઘ વર્ષ્યા વિના વેરાઈ જાય તેમ, જાતે જ પાછું ઉંચું થઈ ગયું, અને પ્રથમ ઉભી હતી તેમ ટટ્ટાર ઉભી રહી. એમ ઉભી રૂહેતાં રૂહેતાં લવી: “આવી સુન્દર પવિત્ર યોગમૂર્ત્તિને મ્હારા દુષ્ટ સ્પર્શથી દૂષિત ખંડિત નહી જ કરું !”

ત્યાં સરસ્વતીચંદ્ર લવ્યો.

“ Oh, summoning stars! I come! Oh mournful earth!

“ For thee and thine, I lay aside my youth,
“ My throne, my joys, my golden days, my nights,
“ My happy palace—and thine arms, sweet Queen!
“ Harder to put aside than all the rest!”

* * * * *

“ Now am I fixed, and now I will depart!”

* * * * *

“ And now the hour is come when I should quit
“ This golden prison where my heart is caged !”

આ સ્વપ્નના ઉદ્‌ગાર સાંભળતી કુમુદ ઉભી રહી અને એની આંખમાં આનન્દનાં આંસુ આવી ગયાં.

“ નર્મી—એમના ત્યાગકાળનું જ આ મનોરાજ્ય એમને આ સ્વપ્નરૂપે “ પ્રત્યક્ષ થાય છે ને એમના મહાત્યાગનું કારણ પણ આવું સૂક્ષ્મ સુન્દર “ અને કલ્યાણકારક છે!”

! Light of Asia.

પોતાના હૃદયપર હાથ મુકી લવી.

" ક્ષુદ્ર હૃદય! આવા મહાશય હૃદયને તહારી પ્રીતિના પાંજરામાં
" પૂરવાની તહારી યોગ્યતા તે તહેં શાથી જાણી! એ હૃદયના તો કોઇ
" નહાના સરખા ખુણામાં પણ પડી રહેવાને તને સ્થાન મળે તો પણ
" તહારું મહાભાગ્ય અને એમની પરમકૃપા! મ્હેં એમના પર રોષ ધર્યો,
" એમને દોષ દીધો, એમના ભણીની અનેક આશાઓ રાખી, એ સર્વ
" મ્હારી જડતા અને દુષ્ટતાનું જ પરિણામ! યોગિરાજ! મને ક્ષમા
" કરો! તમારો ચરણસ્પર્શ કરવાનો માત્ર અધિકાર માગું છું અને તે
" પણ તમારી ક્ષમા માગવાને માટે! તમે તો ક્ષમાથી પણ વિશેષ
" આપ્યું છે, આટલાથી પણ અનેકધા વિશેષ અધિકાર વગરમાગ્યે
" આપી દીધો છે! તમે તમારે કરવાનું મ્હારું આતિથેય કરી ચુકયા,
" પણ તેનો સર્વ રીતે લાભ લેવાની મ્હારી યોગ્યતાનો વિચાર કરવાનો
" ધર્મ મ્હારે શિર બાકી છે. મ્હારે આવી સુન્દર યોગમૂર્ત્તિને ખંડિત
" નથી કરવી! માત્ર ચરણસ્પર્શ જ કરીશ."

કુમુદ ધ્રુજતી ધ્રુજતી આ ચરણ ભણી ગઈ અને ચરણ આગળ કંઈક જગા હતી ત્યાં, ચરણ ભણી દૃષ્ટી કરી રહી, એસી ગઈ, એસી રહી, પણ ચરણનો સ્પર્શ કરવા છાતી ચાલી નહી.

" મહાત્માના ચરણસ્પર્શમાં તો સંસાર પણ દોષ ગણતો નથી ને
" એ તો પાવન થવાનો જ માર્ગ છે."

સરસ્વતીચંદ્રના ચરણનાં ચાંપવાં એણે, ધીરે રહી, ધીમેથી, ઝાલ્યાં, ત્યાં પોતાનું મસ્તક અરકાવ્યું, ચરણનાં તળીયાંને મધ્યભાગે ચુમ્બન કર્યું, અને અંતે એ તળીયાં પોતાના ખોળામાં મુકી, હાથવડે ઝાલી રાખી, ભીંતને ટેકે, કન્થાને ઉશીકે રાખી, એહી એહી ગાઢ નિદ્રાને વશ થઈ ગઈ. સરસ્વતીચંદ્ર પણ લવતો બંધ થઈ ગયો ને નિદ્રાદેવી એકલી જાગતી રહી.

નિદ્રા જાગતી હતી અને પોતાને વશ થયલાં હૃદયમાં સ્વપ્નની સામગ્રી ભરતી હતી.

આપણા તેમ પાશ્ચાત્ય વિદ્વાનોનો એક અભિપ્રાય છે કે જાગૃત દશાના સંસ્કારોથી[1] થતા પ્રત્યય[2] સ્વપ્નરૂપે સ્ફુરે છે.[3] પણ આ વિષયનું શાસ્ત્ર આથી વધારે ઝાઝું ઘપ્યું નથી. સ્વપ્નમાં કોઈ કવિતા રચે છે તો કોઈ શાસ્ત્રવિચાર પણ સાધે છે.[4] આ સર્વ વાતો તો સાંભળી છે પણ એ

---

૧. સંસ્કાર: Association. ૨. પ્રત્યય: Impression. ૩ जागरितसंस्कारजः प्रत्ययः स्वप्नः (પાતંજલ દર્શનની ટીકા.) ૪ Carpenter's Mental Physiology.

જણને એક જ સ્વપ્ન એકજ કાળે થતું સાંભળ્યું નથી પણ તેનો અનુભવ સૌમનસ્યગુફામાં આજ થવા લાગ્યો.

સરસ્વતીચંદ્ર ચતો સુતો હતો અને એના મુખ ઉપર ચંદ્રનો કોમળ પ્રકાશ પથરાયો હતો. એના ચરણ આગળ બેઠેલી નિદ્રાવશ કુમુદની આંખો નિદ્રામાં પણ અર્ધ-ઉઘાડી રહી ગઈ હતી અને પ્રથમ જોનારને તે જાગતી જાગતી સરસ્વતીચંદ્રને એક ટશે જોઈ રહેલી લાગે એવી એની સ્થિતિ હતી. આવી સ્થિતિમાં તેમને સાથેલાગો સ્વપ્નોદય થવા લાગ્યો અને સ્વપ્નમાં પણ એક જ દર્શન થવા લાગ્યું. તેનું કારણ અનેક રીતે કલ્પાઈ શકે તેમ છે. લલાટ પાછળના અન્તર્ભાગમાં મનુષ્યનું મસ્તિક છે ને સ્વપ્નસૃષ્ટિ તેમાં ઉદય પામે છે. સરસ્વતીચંદ્રના મસ્તિકમાંની સ્વપ્નસૃષ્ટિનું કારણભૂત તેજ, એના લલાટબ્હાર લલાટ ઉપર રમતા ચંદ્રપ્રકાશમાં ચંદ્રકિરણની નાડીયોમાં, વાદળીમાં પાણી ચ્હડે તેમ, નાડી-આકર્ષણથી[1] આકર્ષાઈ ચ્હડ્યું હોય અને તેમાંથી કુમુદની આંખના ઉઘાડા ભાગમાં થઈને એના મસ્તિકમાં ગયું હોય; અથવા ચંદ્રપ્રકાશમાં જ ઉત્પન્ન થયેલું સ્વપ્ન બે જણનાં સામસામાં મસ્તિકોમાં સાથેલાગું સર્યું હોય; અથવા નવા શોધાયલા "રોન્જન" કિરણના[2] યંત્ર જેવી શક્તિ કોઈ સંયોગથી કુમુદના મસ્તિકમાં આવી હોય ને તેના પ્રભાવથી તે પ્રિયજનના મસ્તિકને કે હૃદયને પારદર્શક કરી જોઈ શકી હોય; અથવા એના ગ્રહસંયોગે આ દશા આણી હોય; અથવા પ્રાણવિનિમયના કોઈ નિયમથી આ ચમત્કાર બન્યો હોય; અથવા કુમુદે કરેલા ચરણસ્પર્શથી જ એને આ સંગત-સ્વપ્નનો લાભ પ્રાપ્ત થયો હોય; અથવા વિષ્ણુદાસ બાવાએ આજથી સાધવા માંડેલી યોગસિદ્ધિનું જ આ ફળ-એમના પરાક્રમરૂપ-હોય. આમાંથી ગમે તે એક અથવા અનેક કારણને બળે અથવા અઘટિતઘટના રચવામાં પ્રવીણ કહેવાતી માયાના ગમે તે બીજા કાર્યને બળે આજ આ બે મસ્તિકમાં બળવાન સંગત સ્વપ્નોદય થવા લાગ્યો. આ જાગતી સૃષ્ટિની કથા મુકી, પ્રિય વાંચનાર, આપણે પણ ગુપ્ત શાંત રહી આ સ્વપ્નસૃષ્ટિમાં પ્રવેશ કરીશું, સરસ્વતીચંદ્ર અને કુમુદસુંદરીની પાછળ પાછળ ચાલ્યા જઈશું, અને આપણાં ચર્મચક્ષુથી જે જોવાય તે જોઈશું.

---

૧. Capillary attraction. ૨. આ Röntgen Rays, અથવા X Rays. નામના કિરણયંત્રમાં એવી શક્તિ છે કે શરીરના અપારદર્શક ભાગની અંદરના પદાર્થ પણ આ યંત્રથી જોવાય છે.

ચંદ્ર મધ્યાકાશમાંથી પશ્ચિમ દિશા ભણી ઉતરવા લાગ્યો ત્યાં સુધી તેનો પ્રકાશ સરસ્વતીચંદ્ર ઉપર પડતો હતો તે હવે માત્ર એના મુખ વિના બીજા ભાગપરથી ક્રમે કરી બંધ થયો. ચંદ્ર વસન્તગુફાથી ઢંકાયો અને સૌમનસ્યગુફામાં અંધકાર વ્યાપ્યો. છેક તળીયાને ભાગે સાધુઓ ગાઢ અસ્વપ્ન નિદ્રામાં પડ્યા હતા અને ઉપલે માળે સરસ્વતીચંદ્ર અને કુમુદ ઉંડી પણ સ્વપ્નભરી એકાન્ત નિદ્રામાં હતાં. ગુફાઝ્હાર શાંત અને ધીરા પવનના સર્વ પારદર્શક ભાગમાં ચંદ્રિકા ઉતરી પડી હતી અને ઝાકળ સર્વ સ્થાનોના ઝ્હારની સપાટી ઉપર શીતળતા ભરતું હતું. સૌમનસ્યગુફાના આ અંધારા ખંડમાં આ પ્રસંગે સર્વ વસ્તુ દેખાતી બંધ થઈ, અને અંધકારની ઘાડી છાયાને જોવાને કે જોઈને ઝ્હીવાને હવે કોઈ રહ્યું નહી.

સરસ્વતીચંદ્ર આ વેળાએ પોતાના સ્વપ્નમાં આ ગુફાની ઝ્હારના ઝરાઓની એક પાસની પાળ ઉપર થઈને ચાલતો હતો અને કુમુદસુંદરી પણ એની પાછળ પાછળ બોલ્યા ચાલ્યા વિના ચાલતી હતી. તે પોતાની પાછળ છે કે નહી એ વાત સરસ્વતીચંદ્રના ધ્યાનમાં હોય એવું અનુમાન કરવાનું ચિન્હ ન હતું; માત્ર તે એટલે ધીમે પગલે ચાલતો હતો કે કુમુદ થાકે નહી એવા વિચારથી જ આમ ચાલતો હોય એવું અનુમાન થઈ શકે એમ હતું. હવે આપણે નામ દેઈશું તે આ સ્વપ્નમાંના જીવોનું ગણવું અને સર્વ સૃષ્ટિ પણ સ્વપ્નની જ ગણવી.

ઝરાના પાણીમાં ચંદ્રિકા પ્રસરતી હતી અને તેની સાથે આ પાળ ઉપર ચાલનારાંનાં પ્રતિબિમ્બનું જોડું પણ તેમાં પડતું હતું અને તેમની જોડે જોડે ચાલતું હતું. આમ ઘણીવાર ચાલ્યાં ને અંતે એક કીલ્લા જેવી ભીંત જણાઈ. તેની વચ્ચે મ્હોટું ઉંચું ગોપુર[1] હતું તેમાં થઈને બે જણ ઝ્હાર નીકળ્યાં. ત્યાં એક મ્હોટા ચોગાનમાં આવી ઉભાં રહ્યાં. ચારે પાસ અંધકારના સ્તંભ જેવાં વૃક્ષ ઉભાં હતાં અને પાંદડાંના ખડખડાટથી તેમાં પવનની ગતિ જણાતી હતી. પૂર્ણ ચંદ્રનું બિમ્બ માથે આવ્યું તે ઉંચાં મુખ કરી બે જણે જોયું ત્યાં એ ચંદ્રની નીચે થઈને એક રુપેરી વાદળી સરવા લાગી ને ચંદ્ર દેખાતો બંધ થઈ ગયો. પાછું પૃથ્વી ઉપર જુવે તે પ્હેલાં તો વાદળીમાંથી ફુલના ગોટા જેવો કંઈક પદાર્થ નીચે સરી પડતો લાગ્યો.

આ રુપાનાં ફુલના જેવો ગોટો જેમ જેમ નીચે ઉતરતો ગયો તેમ તેમ

---

૧. નગરનો દરવાજો.

મ્હોટો થતો ગયો, અને મ્હોટો થતો ગયો તેમ તેમ વધારે વધારે સ્પષ્ટ દેખાતો ગયો. થોડીક વારમાં તે કોઈ દેવીના જેવા આકારવાળો લાગ્યો. કુમુદસુંદરી નીચે હાથ જોડી એક પાસ ખશી ગઈ, અને સરસ્વતીચંદ્ર બીજી પાસ ખસી ગયો ને એ દેવીને બે જણની વચ્ચે ઉતરવાનો માર્ગ આપ્યો. એ દેવીનું અંગ સ્ફટિકમણિ જેવું હતું અને સ્ફટિકની મૂર્તિ પેઠે એ જણની વચ્ચે આવી ઉભી. જુવે તો સૌભાગ્યદેવીની જ આકૃતિ આ સ્ફાટિક શરીર ધારી ઉભેલી.

સરસ્વતીચંદ્રના સાથમાં આવેલી ઉભેલી કુમુદ સાસુનું શરીર જોઈ લજ્જાઈ ગઈ અને પોતે ક્ષમાને પણ પાત્ર નથી અને હવે કંઈ બોલવાનો પણ માર્ગ નથી એવું ધારતી હોય એમ મુખ છેક નીચું કરી ઉભી રહી. પણ સરસ્વતીચંદ્ર આગળ આવ્યો ને વિનયથી બોલવા લાગ્યો.

" પવિત્ર સૌભાગ્યરૂપ સૌભાગ્યદેવીની મૂર્તિ! ચંદ્રલોકમાંથી ઉતરી
" આ સ્ફાટિક શરીરને દેખું છું તે સૌભાગ્યદેવી ન હોય તો બીજું જે કોઈ
" પવિત્ર સત્ત્વ તમે હો તેના અભિજ્ઞાનનો હું અધિકારી હઉં તો તે અભિ-
" જ્ઞાનની કૃપા માગું છું."

" સરસ્વતીચંદ્ર ! હું સૌભાગ્યદેવીનું જ સિદ્ધ શરીર છું અને આ પ્ર-
" દેશમાં તમારું એનું આગમન મ્હારા સ્થાનમાંથી જોઈ આવું છું.
" કુમુદસુંદરી ! પાસે આવો." દિવ્ય મૂર્ત્તિના મુખમાંથી સ્વર નીકળ્યા.

કુમુદ બ્હીતી બ્હીતી પાસે આવી, પાસે આવી સાસુને પગે પડી, પણ આંસુ સાથે નીકળતાં હુસકાં, ઉપરાંત વધારે ઉચ્ચાર કરી શકી નહી.

" કુમુદસુંદરી ! બેટા કુમુદસુંદરી ! તમે હવે પૃથ્વીના છેડા ઉપર છો, અ-
" ને પૃથ્વીના ધર્મ ભુલી સિદ્ધ લોકનાં અને તેમના ધર્મનાં દર્શન કરવાનાં
" અધિકારી થયાં છો !" દિવ્ય મૂર્ત્તિના મુખમાંથી આશ્વાસક શબ્દ ની-
કળ્યો ને તેના પવિત્ર હાથે કુમુદને ઉભી કરી છાતી સરસી ચાંપી.

કુમુદ તેની છાતીમાં જ માથું ડાબી રાખી બોલવા લાગી.

" દેવી ! મનુષ્યરૂપે દેવી હતાં—માતા હતાં—તેને આજ આવે રૂપે જોઉં છું—ને હું તો ભ્રષ્ટ હતી, આપના ગૃહમાં નિવાસને યોગ્ય ન હતી તે હવે વધારે દૂષિત થઈ છું. આપના પવિત્ર શરીરને મ્હારા સ્પર્શથી દૂષિત કરોછો તેને સ્થાને મને કોઈ અતિશૂદ્રી પેઠે—ચાણ્ડાલિની પેઠે—દૂર ઉભી રહેવા દો."

સૌ૦—તહારા હૃદયની વાત જાણીને જ હું તને શુદ્ધ કરવા આવી છું. તું હવે થોડી વારમાં સિદ્ધલોકની અતિથિ થઈશ અને આ પુરુષરત્નને જે જે સિદ્ધજન પ્રિય હશે તેનાં દર્શન કરીશ. પણ તું પોતાને ભ્રષ્ટ સમજે છે ત્યાં સુધી તને એ લોકના દેશમાં જવાનો અધિકાર નથી. સાધુજનોએ તને શુદ્ધ ધર્મ સમજાવ્યો છે, પણ સંસારે વઞ્ચના કરી તહારા મન ઉપર અધર્મને ધર્મ ગણવાની મુદ્રા પાડી છે. સાધુજનોના ઉપદેશથી તે મુદ્રા ન ગઈ તે દૂર કરવા હું આવી છું. મ્હેં પૃથ્વી ઉપરથી દેહ છોડ્યો છે અને સિદ્ધ લોકમાં વસું છું. અન્ય સંપત્તિવાળાને તેમ શુદ્ધ અદ્વૈત પ્રીતિયજ્ઞ કરનારને પણ આ દેશનો અધિકાર મળે છે. મ્હારા સ્વામી આ દેશમાં આવશે ત્યાં સુધી હું અંહી છું ને તે ત્યાં છે તોપણ તેમને દેખી શકું છું તે જોયાં કરીશ ને એ પોતે સિદ્ધ થશે એટલે અમે બે જણ આ શરીરનો ત્યાગ કરી સાથે મુક્ત થઈશું. સંસારની વઞ્ચનાએ તહારા આવા યજ્ઞમાં મહાવિઘ્ન નાંખ્યું તેમાં હું નિમિત્તભૂત થઈ તે સંસારમાં હતી ત્યાં સુધી સમજી નહી પણ આ દેશની દિવ્ય દૃષ્ટિએ મને તે વાત દેખાડી છે. બેટા, મ્હારો પુત્ર તહારો અધિકારી ન હતો. તહારો અધિકારી આ તહારી પાછળ છે તેની સાથે જ તું વરેલી છે.

કુમુદ૦—જો. એમ હોય તો તો આર્ય સ્ત્રીયો સર્વ વર્યા વિનાની અને નરકની અધિકારી ગણવી જોઈએ. દેવી ! તમારું લગ્ન પણ મ્હારા જેવું જ વઞ્ચનારૂપ નહી ? તમે પતિને માટે આ સિદ્ધ લોકમાં પણ વાટ જુવો છો. ને મ્હારી ગતિ જુદી કેમ ?

સૌ૦—એમ નથી. આર્યબાલાઓ માતાપિતાના અને લોકાચારના બળથી અજ્ઞાત દશામાં લગ્નાભાસ નામના યજ્ઞાભાસમાં હોમાય છે. તે પછી સાસરે જાય છે ને સમજણી થાય છે ત્યારથી સાસરે જે તપ કરે છે તે તેમના પિતૃયજ્ઞની વેદી ઉપર થાય છે; એ તપનાં પુણ્ય જે બાલાને, અને એનાં પાપ એનાં માતાપિતાને, મળે છે—કારણ એને વેદી ઉપર મુકનાર માતાપિતાની જ તૃપ્તિ માટે એ દુહિતા તપ તપે છે, અને શુદ્ધ વિવાહથી અવિવાહિત પતિને પતિ ગણે છે. તે પછી પરમ ભાગ્યને બળે, ઈશ્વરની કૃપાને બળે, અને પોતાની પરમ સાધુતાને બળે, આવી બાળા આવા પતિ સાથે અદ્વૈત-પ્રીતિથી સંધાય છે તેનું પરમ પુણ્ય તેને પોતાને મળે છે તે મને મળ્યું ને હું અંહી આવી. પણ જેણે એક પુરુષના સહચારમાં આવો યજ્ઞ આરંભ્યો તેને તે યજ્ઞ છોડી પિતૃયજ્ઞને માટે એ પતિયજ્ઞનો ત્યાગ કરાવો તે બહુ અધર્મ્ય છે. બેટા, એ ત્યાગ તહારાં માતાપિતાની બુદ્ધિએ તહારી

પાસે કરાવ્યો તે અધર્મનું ફળ અત્યારે તેઓ અનેકધા ભોગવે છે. સાધુજનોને પ્રયાસે તું એ અધર્મમાંથી છુટી, અને તેં કરેલા ચરણસ્પર્શથી તું તહારા શુદ્ધ પતિની પતિવ્રતા બની ને પુણ્યના ફલોદયથી તું આ પવિત્ર દેશનો અધિકાર પામી છે.

કુમુદસુંદરી આ મૂર્ત્તિની છાતી આગળથી દૂર થઈ, સામી ઉભી, બોલવા લાગી.

"હું સ્વપ્ન દેખું છું, અને સ્વપ્નમાં જે દેવીને દેખું છું તે મ્હારાં જીવતાં દેવી જેવું તમે બોલતાં નથી તો આ સ્વપ્નથી કેમ છેતરાઉં ?"

સૌ૦—સંસારનું જાગૃત તે અમારું સ્વપ્ન છે ને સંસારનું સ્વપ્ન તે અમારું જાગૃત છે. જે દેવીના ઉપર તહારી આવી પ્રીતિ હતી તેણે તે દેહનો ત્યાગ કર્યો છે ને તું અત્યારે તેનાજ સિદ્ધ સૂક્ષ્મ શરીરને જુવે છે. મ્હારા વિચાર ને ઉદ્ગારમાં તને કંઈ નવીનતા લાગતી હશે; પણ યમરાજ જીવન અને મૃત્યુ વચ્ચેનો પડદો ચીરી નાંખે છે તેની સાથે મૃત્યુનાં અધિકારી શરીર મૃત્યુના અનન્ત અન્ધકારમાં જાય છે અને જીવનનાં અધિકારી શરીર આ ચિરંજીવ સિદ્ધદશાને પામે છે ને અર્ધ જીવનવાળી પૃથ્વીમાંથી પૂર્ણ જીવનવાળા સિદ્ધ લોકને પામે છે. તે કાળે તેમને સર્વ શુદ્ધ જ્ઞાન પ્રાપ્ત થાય છે. તે જ્ઞાન મને પ્રાપ્ત થયું છે ને તેથી હતી એની એ જ તહારી દેવી હું જુદું બોલું છું.

કુમુદ વિચારમાં પડી. પછી ઉંચું જોઈ સરસ્વતીચંદ્રના સામું જોવા લાગી.

સૌ૦—તું હવે તહારા શુદ્ધ પતિ ઉપર દૃષ્ટિ કરે છે. મ્હારો પુત્ર તે તહારો પતિ નથી. એક નર સાથે હૃદય જોડીને પછી અન્ય પુરુષ સાથે કોઈ રીતના વિવાહથી કે વિવાહના નામથી તહારી પેઠે જોડાયલી સ્ત્રીનું દૃષ્ટાન્ત આર્ય દેશમાં નથી. કારણ વિવાહયોગ્ય હૃદયવાળી કન્યા ત્યાં કન્યાવસ્થા દેખતી નથી. એવા હૃદયવાળી કન્યા તહારા પિતાએ તને જ થવા દીધી એ તેમણે પરમ પુણ્ય કર્યું. કુમુદ, મ્હારા પુત્રના વરણકાળે અમે તહારાં ને મ્હારા પુત્રના શરીર ઉપર નિસ્તેજ વસ્ત્રના કડકાનાં છેડાછેડ નાંખ્યાં હતાં અને તહારું તેનું પાણિગ્રહણ કરાવ્યું હતું તેને સ્થાને અત્યારે આ તમારી એની પીઠ પાછળ અદ્વૈતરૂપે દેખાતા તેજના છેડા હું નાંખું છું તે તમારા સ્કન્ધ ઉપર થઈને તમારાં હૃદય ઉપર આવ્યા છે તે જો! અને સ્થૂલ પાણિગ્રહણને સ્થાને સૂક્ષ્મ હૃદયગ્રહણ—હૃદયયોગ—રચાય છે તેના પવિત્ર ચમત્કાર અનુભવો! એ છેડા અને એ ચમત્કાર જોવાની શક્તિ તમને પ્રાપ્ત થાવ!

બે જણે જોવા માંડ્યું તો દિવ્ય પ્રકાશમય વસ્ત્ર પોતાની પાછળથી, વરકન્યાનાં છેડાછેડ પેઠે, સાંધતું દેખાયું ને તેનો એક છેડો બ્રમે થઈને સરસ્વતીચંદ્રના હૃદયમાં જડાયો હતો, ને બીજો કુમુદના હૃદયમાં જડાયો હતો. આનું દર્શન થતાં બેની આંખોમાં નવું તેજ આવ્યું તે તેજવાળી આંખો ઉપર સૌભાગ્યદેવીની આંખોનું તેજ પ્રસરવા લાગ્યું. તેની સાથે બે જણ વરકન્યા પેઠે એ વસ્ત્રના આકર્ષણથી જ સાથે સાથે જોડાઈને ઉભાં. સૌભાગ્યદેવીની મૂર્ત્તિ પાસે આવી તેમને માથે એકેકો હાથ મુકી ઉભી ને બોલી—

"હું પ્રમાદધનની માતા તે પ્રમાદધનના આતિથેયમાંથી કુમુદસુંદરીને મુક્ત કરી તેમના શુદ્ધ પતિ જોડે તેમનો નિયોગ કરું છું અને સિદ્ધ લોકમાં રહેવાનાં એ દમ્પતીને અધિકારી કરું છું. આ લોકમાં, નથી મનુષ્ય લોકના જેવી ઉદરયાતના, નથી મદનયાતના, નથી લોકવાસના, નથી રાગ, નથી દ્વેષ, નથી પુરુષાર્થ, નથી સુખ, નથી દુઃખ, નથી અહંતા, નથી મમતા, પણ માત્ર શુદ્ધ સાત્ત્વિક પ્રજ્ઞાચક્ષુ છે, કલ્યાણંકર દૃષ્ટિ છે, સર્વભૂતાત્મક વૃત્તિ છે, પૃથ્વી ઉપરના નિવાસકાળે આરંભેલા યજ્ઞના સમાવર્ત્તનની નિષ્કામ વાસના છે, એ વાસનાની તૃપ્તિને માટે તમારા જેવાં સિદ્ધિમાર્ગની કામનાવાળાં હૃદયમાં સિદ્ધ જનોના સૂક્ષ્મ સંચાર છે, એ હૃદયોના યજ્ઞોમાં સિદ્ધ જનોના સૂક્ષ્મતમ યજ્ઞોની જ્વાલાઓના સ્પર્શ છે અને આહુતિદાન છે, અને એમ સિદ્ધોના યજ્ઞાન્તે મોક્ષ છે. આ વિના બીજું સ્વર્ગ નથી, આ વિના બીજે કલ્પવૃક્ષ નથી, અને આ લોક વિના બીજા દેવ નથી. સિદ્ધ શક્તિના પ્રભાવથી હું તમને બેને નવી લોકયાત્રામાં પ્રેરું છું, અને સિદ્ધ લોકના અવ્યર્થ દેશમાં યાત્રા કરવાની શક્તિ આપું છું. કુમુદસુંદરી. તમારી તૃપ્તિને માટે મ્હારા હૃદયે મૃત્યુલોકમાં આરંભેલા પુત્રયજ્ઞની આ પૂર્ણાહુતિ છે તે તમારા હૃદયમાં ફલેગ્રાહિણી[1] થાવ! કુમુદસુંદરી, તમારે, અને તમારે લીધે તમારા શુદ્ધ સ્વામીને, માથે આ તેજોમય સિદ્ધલેપ હું રેડું છું તે તમારે શરીરે લગ્નના પાનેતરના સૂક્ષ્મ વસ્ત્ર પેઠે વળગી જશે તે તેના બળથી સિદ્ધ લોકના ભયંકર વિષધરોની વિષજ્વાલાઓ તમને સ્પર્શ નહી કરે, અને તમે તેમાં નિઃશંક નિર્ભય સંચાર કરી શકશો!"

આની સાથે એ સ્ફાટિક મૂર્ત્તિના હાથમાંથી તેમનાં શરીર ઉપર પુષ્પવૃષ્ટિ થઈ, અને તે સુન્દર પુષ્પો રસમય વૃષ્ટિના છાંટા થઈ બેને શરીરે વળગ્યાં, અને એ છાંટાના રેલા, લેપ પેઠે, વસ્ત્ર પેઠે, ચળકવા લાગ્યા.

---

૧. સ્વર્ગ. ૨. યોગ્ય ઋતુમાં ફલસમૃદ્ધિનું ગ્રહણ કરનારી.

"કુમુદસુન્દરી, સરસ્વતીચંદ્ર, હવે મ્હારે જવાની વેળા આવી. તમારે કંઈ પુછવું છે કે માગવું છે?" સ્ફાટિક મૂર્ત્તિ બોલી.

સર૦—દેવી! આ દેશમાં અમે ભોમીયાં નથી અને ક્યાં છીયે ને ક્યાં જઈશું તે જાણતાં નથી, માટે તેનું કંઈ જ્ઞાન આપવાની કૃપા કરશો?

સૌ૦—સૂર્ય અને પૃથ્વીની વચ્ચેના પ્રદેશમાં મનુષ્યથી ન જોવાતો સિદ્ધ લોકનો પ્રદેશ છે તેના પિતામહનગરની નીચે તમે ઉભાં છો. એ નગર ઉડતા દ્વીપ પેહે તમારા ઉપર ભમે છે તે મ્હારાંથી દેખાય છે ને તમને દેખાવાને વાર છે. તમારાં પગલાં સાંભળતાં હું તમારી પાસે આવી તેમ અન્ય સિદ્ધ જન તમારાં પગલાં સાંભળી તમારી પાસે આવશે ને તમને યોગ્ય સાધન ને યોગ્ય દૃષ્ટિ આપશે.

સર૦—બીજું કોણ આવશે?

સૌ૦—જે આવશે તેને તમારું હૃદય જ ઓળખી લેશે. હું એટલું જાણું છું કે મ્હારી પાછળ તમારી માતા ચન્દ્રલક્ષ્મી હતાં અને મ્હારાં કરતાં સિદ્ધ ભૂમિમાં તેમનો નિવાસ વધારે થયલો છે, પૃથ્વી ઉપર તેમનું તપ મ્હારા કરતાં વિશેષ થયલું છે, ને તેમની સિદ્ધિ પણ પ્રમાણમાં વિશેષ છે. તમારે માટે તેમણે આરંભેલો યજ્ઞ પૂર્ણ થયો નથી માટે તે મળશે.

સર૦—તેમનું તપ તમારા કરતાં વિશેષ શી રીતે?

સૌ૦—મ્હારે મ્હારા સ્વામી સાથે કુમારિકાવસ્થામાંથી જ અદ્વૈતયોગ થયો હતો અને તેનું કલ્યાણફળ મ્હેં પ્રથમથી જ ચાખવા માંડ્યું. આ સંકલ્પ રસનો અમૃતલેપ મ્હારા ઉપર મૂળથી રેડાયો હતો, પણ ચન્દ્રલક્ષ્મીનો અદ્વૈતયોગ ઘણા દુઃખને અંતે રચાયો હતો અને તેમ થતાં ઘણીક વિષમય જ્વાલાઓ વચ્ચે તેમને તપ કરવું પડ્યું હતું. એ યોગ પણ મરણકાળે શિથિલ થયો અને તમારા જેવા તેના પુત્રને અપરમાતા મળશે એવું ભય જીવતાં છતાં તેમણે જોયું હતું, અને માતાનું હૃદય કમ્પ્યું હતું. તે છતાં તેમણે તમારા પિતાને માટે દુષ્ટ વિચાર કર્યો નથી, તેમને કઠોર શબ્દ કહ્યો નથી. તેમના ઉપર અમૃત-પ્રીતિ રાખી છે, અને તેમના ઉપર જ શ્રદ્ધા અને વિશ્વાસ રાખી, તેમને ફરી લગ્ન કરવાની ઇચ્છા દર્શાવી સંમતિ આપી, આનંદથી દેહ છોડ્યો છે. આવું તપ તેમને કરવું પડ્યું છે અને જે મૃત્યુલોકમાં વધારે તપ કરે છે તેની આ લોકમાં વધારે સિદ્ધિ થાય છે. સરસ્વતીચન્દ્ર, તમારા ચરણ જતે આ દેશમાં તમને પવિત્ર સ્થા-

નોમાં જ લેઈ જશે માટે ક્યાં જવું એ વિચાર કરશો મા. કુમુદસુન્દરી, હું તમારી સાસુ નથી; તમારી શુદ્ધ સાસુ હવે તમને મળશે. મ્હારી વાસના છોડી તેમને તમે પૂજજો, તેમનું તપ મ્હારા કરતાં અનેકધા અધિક છે, હું તેમનાં પગલાંનો ધસારો સાંભળુંછું, અને એ મહાશયા મહાસિદ્ધાના પવિત્ર ચરણના માર્ગને રોકતી ઉભી છું તે ત્યાંથી દૂર થાઉં છું!

આ મૂર્ત્તિનું સ્ફાટિક શરીર ધીમે ધીમે ઓગળતું હોય, વરાળ પેઠે સ્ફટિક ઉડી જતો હોય, તેમ એ શરીર ધીમે ધીમે અદૃશ્ય થઈ ગયું; ને તેમ થતાં થતાં તેના સર્વાંગમાં બુદ્ધિધનની છાયા, નદીમાં આકાશનું પ્રતિબિમ્બ તરે તેમ, તરતું દેખાયું. પળવારમાં બિમ્બ અને પ્રતિબિમ્બ અદૃશ્ય થઈ ગયાં અને એ મૂર્ત્તિએ વિવાહિત કરેલાં દમ્પતી એક બીજાને ગળે હાથ નાંખી, તેજોમય વસ્ત્રથી હૃદયની નાડીઓનું અદ્વૈત પામી, સજ્જડે, ચકિત થઈ, હવે શું થાય છે તેની વાટ જોઈ ઉભાં રહ્યાં.

થોડી વારમાં તેઓ નીચેથી ઉચકાતાં, ઉચાં થતાં, લાગ્યાં. ગમે તો તેમને કોઈ અદૃશ્યરૂપે ઉપર ખેંચતું હોય, ગમે તો એમનાં શરીર પવનથી પણ હલકાં થયાં હોય ને છુટાં મુકેલાં બલુનની પેઠે ઉંચાં ચ્હડતાં હોય, અથવા ગમે તો પૃથ્વીમાં ગુરુત્વાકર્ષણથી વિપરીત શક્તિ જાગીને તેમને ઉપર ધક્કેલતી હોય, તેમ આ બે જણ ધીમે ધીમે આકાશ ભણી અદ્ધર ચ્હડવા લાગ્યાં ને રુપેરી વાદળામાં આવ્યાં ત્યાં ચ્હડતાં અટક્યાં. એક મૃગાકાર વાદળીમાંથી તેમના ભણી કોઈ અદ્ધર ચાલી આવતું દેખાયું ને પાસે આવ્યું ત્યાં સરસ્વતીચંદ્રે પોતાની માતાનું સ્વરૂપ ઓળખ્યું ને તેણે ઓળખ્યું તેની સાથે એના સ્કન્ધ ઉપરના તેજોમય વસ્ત્રમાં સરતા કોઈ પ્રવાહની શક્તિથી કુમુદસુંદરીએ પણ ઓળખ્યું. બે જણ ચન્દ્રલક્ષ્મીની મૂર્ત્તિને સજ્જડે પ્રણામ કરી ઉભાં અને રુપેરી વાદળાથી બનેલા શરીરવાળી ચન્દ્રલક્ષ્મીની મૂર્ત્તિ અમૃત જેવાં વચન ઝરવા લાગી:—

"પુત્ર અને વધૂ! સૌભાગ્યદેવીએ તમને સંસ્કારેલાં છે ને મ્હારા જે તપનું તેમણે વર્ણન કર્યું તે તપની સિદ્ધિથી હું આ કલ્યાણ દેહને પામી છું. પુત્ર! જે પિતૃયજ્ઞને માટે સ્ત્રીનો, લક્ષ્મીનો, અને ગૃહનો તેં ત્યાગ કર્યો તે જ ત્યાગ તારા પિતાના અધર્મરૂપ હતો, તેનું કષ્ટ પરિણામ તે હાલ ભોગવે છે ને તે કષ્ટથી તે સિદ્ધ થાય એવા તેમના યજ્ઞમાં હું અંહીથી પણ સહાયભૂત છું. તારો પિતૃયજ્ઞ સમાપ્ત થયો અને પ્રોતિયજ્ઞ આરંભાયો છે ને તેની સાથે તારા પ્રારબ્ધમાર્ગમાં નવા મહાન્ મનુષ્યયજ્ઞના અગ્નિ સળગતા

હું ત્હારા હૃદયમાં જોઉંછું. એમાંના યજ્ઞના વિધિના શોધનને માટે આજ તું પિતામહ પુરમાં જઈશ, અને ત્યાં ત્હારા કાર્યમાં તને સાધન હું આપું છું તે લેતો જા."

"એ નગર આ મેધ-સ્થાનથી પણ ઉંચું છે. નીચે પૃથ્વી પર મનુષ્યસૃષ્ટિમાં બનેલા ને બનતા બનાવોનાં પ્રતિબિમ્બ, ઉંચાં ચ્હડી, ગન્ધર્વનગરીની સૃષ્ટિ પેઠે, પિતામહપુરના કેટલાક ભાગમાં, તેજનાં જળાં પેઠે થા ઝેલાં છે; એ જળાંમાં વચ્ચે વચ્ચે કેટલાંક સ્થાને મ્હોટા મ્હોટા માટીના રાફડા બાઝેલા છે ને રાફડાના અંદરના ભાગમાં પણ અનેક સૃષ્ટિયો છે. કેટલાક બનાવોનાં પ્રતિબિમ્બ તેજોમય થાય છે ત્યારે કેટલાકનાં પ્રતિબિમ્બને સ્થાને આવા રાફડા બાઝેછે. એ રાફડા ભેદવાને આ દિવ્ય પાવડો તને આપુંછું, તેમાંનાં ભાંયરાંમાં ઉતરવાને આ નિસરણિ આપું છું, અને તેજનાં જળામાં તેમ અન્યત્ર તરવાને માટે આ બે પાંખો તમને આપું છું. એક પાંખ કુમુદને બાંધું છું, એક તને બાંધું છું, ને પાવડો ને નિસરણી પોતાની ગતિથી તમારી જોડે જોડે ઉડીને ચાલ્યાં આવશે ને ઇચ્છશો ત્યાં તમને કામ લાગશે."

"મ્હારા સ્વભાવને લીધે આ પદાર્થોની મને સિદ્ધિ થઈ છે તે તમને આપુંછું. કુમુદસુંદરી! મ્હારી પાછળ ઉપર તમારાં પિતામહી ધર્મલક્ષ્મી તમારી બેની વાટ જુએ છે. તેમનું તપ મ્હારા કરતાં વધારે છે. તેમણે પ્રીતિયજ્ઞનો સ્વાદ ચાખ્યો નથી, પણ માત્ર પિતૃયજ્ઞમાંથી પ્રાપ્ત થયેલા અતિથિ-પતિની સેવા કરતાં અનન્ત દુઃખ વેઠેલું છે. એ દુઃખથી, એ દુઃખના શાન્ત દીર્ઘ સહનથી, એ સહનકાળે સર્વદા સ્ફુરેલી ધર્મબુદ્ધિથી, ધર્મલક્ષ્મીનું સૂક્ષ્મ શરીર સિદ્ધ થઈ આ દેશમાં વસે છે. તે તમને થોડા કાળમાં મળશે અને તેમના તપઃપ્રભાવના પ્રમાણમાં તમને ગુરુતર સાધન આપશે."

ચંદ્રલક્ષ્મી અદૃશ્ય થઈ ગઈ, વાદળાંમાં ભળી ગઈ, ને નિસરણિ પાવડા સાથે પોતાની પાંખોને બળે આ બે જણ ઉંચે ઉંચે ઉડવા લાગ્યાં. થોડી વારમાં મેઘમાળાના ઉપરનો અને સ્વચ્છ પ્રદેશ આવ્યો ત્યાં ધર્મલક્ષ્મીનું વૃદ્ધ શરીર એક પાસથી આવ્યું. ધર્મલક્ષ્મી નિરાધાર ઉભી રહી અને બોલવા લાગી.

"જનમાતા અને પુત્રી! દુઃખસહન એ એક મહાતપ છે. જે દુઃખથી મનુષ્યલોક થાકે છે તે દુઃખનું મ્હેં સહન કર્યું તો તેનું ફળ મને

---

૧. નવલ ગ્રંથાવલિ. ભાગ ૪ પૃષ્ઠ ૭૮.

કલ્યાણરૂપ થયું છે. એ સહનથી હું સિદ્ધ થઈ છું ને એ સિદ્ધિથી આ કલ્યાણદેહને અને બે ભદ્રમણિને પામી છું. એ મણિનાં આભરણ કરી તમને આપું છું તે લ્યો. તેમાંની એક આ ચિન્તામણિની મુદ્રા તમે પૂજ્ય જનમાતા છો તેમની આંગળીયે પ્હેરાવું છું. એ મુદ્રાના મણિ ઉપર દૃષ્ટિ કરી સિદ્ધનગરના જે ભાગનું રહસ્ય જાણવા ઇચ્છશો તે તમને બોધિત થશે. એ મુદ્રાથી જે સિદ્ધ કે સિદ્ધાંગનાનું તમે ચિન્તન કરશો તે તમને દેખાશે અને જે લક્ષ્ય ભણી ગતિ ઇચ્છશો તેનો માર્ગ તમને સુપ્રકાશિત થશે. બેટા કુમુદ! આ સ્પર્શમણિથી—પારસમણિથી— જડેલું મંગલસૂત્ર તહારે કંઠે પ્હેરાવું છું તેનો તહારી છાતી ઉપર સ્પર્શ થશે ને પ્રકાશ પડશે, અને એ છાતીમાં પવિત્ર અને ધાર્મિક સંસ્કારોના ઉલ્લેખ પાડી તે સ્પર્શ અને પ્રકાશ તને શાંત અને સુખી કરશે. લોકયાત્રાને કાળે તહારાં જેવાં ઉપર જે જે દુઃખો પડે છે તે દુઃખોમાં કલ્યાણનાં બીજ જાતે રોપાય છે ને દુઃખના સરોવર ઉપર તરવાને તુંબી[1]ફલ અનાયાસે મળી આવે છે. એ બીજને અને એ ફળને આ સ્પર્શમણિ તહારા હૃદયના સ્વભાવરૂપ કરશે. આ સિદ્ધલોકની યાત્રામાં તહારા પતિની દૃષ્ટિથી જે જે પદાર્થ તું જોઈશ તેનું સૌંદર્ય તને આ સૂત્રના પ્રકાશથી પ્રત્યક્ષ થશે, અને મ્હોટા રાફડાઓની ધુળ ભેગી કનકની રેતી ગુપ્ત હશે કે ધુળમાં ઢંકાયલાં રત્ન હશે તે તને જાતે દેખાશે. તને આમ આ સૂત્રથી જે જે પદાર્થ પ્રત્યક્ષ થશે તે સર્વ સૌભાગ્યદેવીએ આપેલા તેજોમય વસ્ત્રમાં થઈને તહારા સ્વામીને તહારા કરતાં વિશેષ પ્રકાશથી પ્રત્યક્ષ થશે. સરસ્વતીચંદ્ર! તમે જે વિશુદ્ધ લોભથી પ્રીતિયજ્ઞ આરંભેલો છે તેનું સમાવર્ત્તન મ્હારી કુમુદ એના આ દેહથી જ દેખશે, અને તેનાં પુણ્યફળ જગત ઉપર મેઘ પેઠે સુવૃષ્ટ થશે. ચિન્તામણિ! પારસમણિ! મ્હારી પાસેથી જઈ મ્હારે ઇષ્ટ સ્થાને વસો!"

તેનું વાક્ય પુરું થતા પ્હેલાં મુદ્રા સરસ્વતીચંદ્રની આંગળીએ ચળકવ લાગી ને મંગળસૂત્ર કુમુદના પયોધરભાર ઉપર વીજળી પેઠે ચમકારા કરવા લાગ્યું, ને બે જણ પિતામહીને ચરણે ઉપકારથી પડવા માંડે છે ત્યાં તો પિતામહી અદૃશ્ય થઈ ગઈ.

પ્રણામકાળે મીંચેલી આંખો બે જણ ઉઘાડે છે ત્યાં તે પ્હેલાંથી જ પાસે આવી રહેલો કોઈ મહાન્ નગરનો ઉંચો કોટ તેમના માર્ગને રોકતો દૃષ્ટિયે પડ્યો.

---

૧. તુંબડું.

પ્રકરણ ૩૧.

[1]પિતામહપુરમાં આર્ય સંસારનાં પ્રતિબિમ્બ,
અને
પ્રીતિની મણિમય સામગ્રીના સંપ્રસાદ.

And on her lover's arm she leant,
And round her waist she felt it fold,
And far across the hill they went
In that new world which is the old.

Tennyson's Day-Dream.

I sate beside a sage's bed
And the lamp was burning red
Near the book where he had fed;
When a Dream with plumes of flame
To his pillow hovering came
And I knew it was the same
Which had kindled long ago
Pity, eloquence, and woe;
And the world awhile below
Wore the shade the lustre made.
It has borne me here as fleet
As Desire's lightning feet;
I must ride it back ere morrow,
Or the sage will wake in sorrow.

"*A spirit of the mind*"—"*Shelley's Prometheus Unbound.*"



"અહા લા ચંદ્ર! આ શું છે?"

"પિતામહપુરનો આ કોટ છે."

"તમારું મહારું દૈત છુટ્યે કેટલો કાળ થયો?"

"જાગ્રતમાંથી સ્વપ્નમાં જતાં થાય તેટલો. તેને કોઈક પળ કહે છે, કોઈક યુગ કહે છે."

---

૧. પ્રકરણ ૧૧ ઉપરથી "પિતામહ" એટલે ભીષ્મ પિતામહનું રૂપક સમજવું.

" આજ તમારા સર્વ શરીરનો ગાઢ સંસર્ગ કરી ઉભી છું. છતાં શાન્તિ
" ભોગવું છું ને કાલ ચરણસ્પર્શથી જ મદનજ્વાલામાં હું બળતી હતી
" તેનું કારણ શું ?"

" એ જ્વાલા તહારા સ્થૂલ શરીરમાં જન્મી હતી. આજનો સમાગમ
" સૂક્ષ્મ શરીરથી જ છે, અને એ શરીર પણ સિદ્ધલોકના પ્રદેશમાં
" તેમના ઘ્રાણગ્રાહી શુદ્ધ પવનથી પોષિત છે."

" તમને એવી જ્વાલાનો અનુભવ છે ?"

" તહારા મંગલસૂત્રને એ પુછજે. એ જ્વાલાનો અને એની શાન્તિ
" માટેના આપણા કષ્ટ તપનો સાક્ષી આપણા હૃદયને સાંધનાર અને
" સૌભાગ્યદેવીએ પ્રત્યક્ષ કરાવેલો આ પટ છે અને આપણી વાસનાનો
" ઇતિહાસ એ પટને લીધે તું દેખે છે."

" હા."

" અને આ મંગલસૂત્રમાં એ મન્થનનું માપણ તું દેખે છે."

" હા."

આટલું એ જણ બોલે છે ત્યાં પાસેના કોટના ગોપુરમાં પચાશેક કુતરાઓનું ભસવું સંભળાયું. થોડીવારમાં મ્હોટા મ્હોટા કુતરાઓ પગના નખવડે પૃથ્વીનાં પડ ખણતા ખણતા અને નાકવતે તેના અંતર્ભાગને સુંઘતા સુંઘતા આ બે જણની આશપાશ ફરી વળ્યા. તોપણ બે જણે ચાલ્યાં કર્યું. અને મ્હોટામાં મ્હોટો કુતરો સરસ્વતીચંદ્રની સામે આવી મનુષ્યની વાણીથી બોલવા લાગ્યો.

" મૃત્યુલોકનાં માનવી! તમે અહીં શા કારણથી આવો છો ને
" કોણ છો ? "

બે જણ ઉભાં રહ્યાં ને સરસ્વતીચંદ્ર બોલ્યો.

" અમર સિદ્ધાંગનાઓએ અમારા ચરણને આણીપાસ પ્રેર્યા છે ને અમે તેમનાં બાળક છીયે. પણ તમે કોણ છો અને આ સ્થાને શા અધિકારમાં છો ?"

ધ્યાન.—પાણ્ડવોએ સ્વર્ગને માટે મહાપ્રસ્થાન કર્યું ત્યારે અમારા પૂર્વજ ધર્મરાજની સાથે સ્વર્ગમાં સ્વદેહથી ગયા હતા. તે પછી સિદ્ધલોકનાં ઘણાંક ગોપુરમાં અમે દ્વારપાળનું કામ કરીયે છીયે. ધર્મરાજના કાળથી અમે તેમના ધર્મસંગ્રહનું અધર્મીઓથી રક્ષણ કરીએ છીયે.

સર૦—કેવી રીતે રક્ષણ કરો છો ?

શ્વાન૦—સિદ્ધજનો તો આ પુરમાં પોતાની સ્વગતિથી આવે છે પણ કોઈ કોઈ કાળે તમારી પેઠે મનુષ્યો પણ આવે છે. મનુષ્ય પૃથ્વી ઉપરથી અંહી જેમ જેમ પાસે આવે તેમ તેમ અમને તેમનો ગંધ નીચેથી આવે છે. એ મનુષ્યમાં કેવા ગુણ છે તે તેને સુંઘીને અને જોઈને અમે જાણી જઈએ છીયે. જો તેની દૃષ્ટિ સાત્ત્વિક હોય છે તો અમે તેને ગોપુરમાં અક્ષત જવા દેઈએ છીયે. જો તેની દૃષ્ટિ રાજસી હોય છે તો અમે તેના શરીરને ન્યૂનાધિક બચકાં ભરી પછી જવા દેઈએ છીયે. જો તેની દૃષ્ટિ તામસી હોય તો તેના સર્વ શરીરનું ભક્ષણ કરીયે છીએ ને તેના લાડકાં ગોપુરની પાસેના કુંડમાં નાંખીયે છીયે. આટલો અમારે માટે આહાર નિર્મેલો છે ને આટલો અમારો ધર્મ અને અધિકાર નિર્મેલો છે.

સર૦—આ વ્યવસ્થાનું પ્રયોજન શું ને ફળ શું?

શ્વાન૦—ભીષ્મપિતામહે ધર્મરાજ યુધિષ્ઠિરને જ પોતાની પાસેથી ઉપદેશ લેવા યોગ્ય ગણ્યા હતા અને યુધિષ્ઠિર મહારાજ જેવા સાત્ત્વિક દૃષ્ટિવાળાઓને જ પિતામહપુરનું રહસ્ય દેખાડવાનું છે. રાજસી દૃષ્ટિવાળા જનો રાગદ્વેષની અને મમતા તથા અહંકારની દૃષ્ટિએ જ જુએછે. પિતામહપુરનાં રહસ્ય તેમને દેખાય છે પણ રાગદ્વેષને લીધે તેમને માત્ર એકદેશીય અથવા વંકીભૂત દર્શન જ થાય છે. અંહીથી આવા જન્તુ પાછા જઈ જગતને છેતરે નહી અને તેમના રાગદ્વેષ જગતમાં ઉધાડા પડે એવું કરવાને અમે તેમને કરડીયે છીયે એટલે આ પુરમાં તેમ જગતમાં એ લોક જ્યાં ફરેછે ત્યાં તેમને હડકવા હાલે છે ને તેમની દૃષ્ટિથી અને તેમના સ્પર્શથી જડ મનુષ્યોને એવોને એવો હડકવા હાલેછે; પણ એ દૃષ્ટિવાળાઓને જોઈ પ્રાજ્ઞ મનુષ્યો તેમને વર્જ્ય ગણેછે અને આ પુરવિષયે તેમણે કરેલી કથાઓને સત્ય ગણતા નથી. તામસી દૃષ્ટિવાળાનો તો નાશ જ થઈ છે.

સર૦—તમારું નગર જોવામાં રાગદ્વેષ શાના થાય?

શ્વાન.—હૃદયના રાગદ્વેષ વ્યવહારમાં હોય છે તેમ દૃષ્ટિના રાગદ્વેષ આવે સ્થાને આવિર્ભૂત થાય છે. અમારો શ્વાનવર્ગ તમારા સંસારીયોમાં અપવિત્ર ગણાય છે ને યુરોપના સંસારીયોમાં ગૃહ્ય ગણાય છે ત્યારે ધર્મરાજે તેને પોતાની સાથે સ્વર્ગમાં જીવતો લીધો તે સાત્ત્વિક દૃષ્ટિ. વ્યાસમુનિયે નિયોગ સ્વીકાર્યો, પિતામહે કૌમારવ્રત પાળ્યું, રામચંદ્રે શબરીના કરડેલાં બદરીફલ ખાધાં, ભીમસેને રાક્ષસી જોડે વિવાહ કર્યો, ઇત્યાદિ પ્રવૃત્તિઓ સાત્ત્વિક દૃષ્ટિમાંથી થઈ હતી. તમારા સંસારીયોમાં મનુષ્યની એક જાત બીજાનાં સુખદુઃખ ન ગણતાં પોતાની જ જાતનો પક્ષપાત કરેછે,

વિવાહમાં, ભોજનમાં, આચારમાં, ને વિચારમાં અમુક વસ્તુ પોતાની જાતની કે પોતાની ગણેછે ને અન્યને પારકી ગણેછે, પોતાની ક્રિયાને મિથ્યાદમ્ભથી શિષ્ટ ગણેછે ને અન્ય ક્રિયાઓને અધર્મ ગણેછે, અમુક વાણી સત્ય હોવા છતાં ન બોલવા જેવી ગણેછે અને ગમે તો તે બોલવાને કાળે લજ્જાદિ નિમિત્તોથી બોલતા નથી ને સત્યને સંતાડે છે અથવા અસત્ય બોલે છે અથવા જાતે જ પોતાના સંપ્રત્યયોનાં સત્યાસત્ય વિચારવામાં ઉપેક્ષા રાખે છે ને તે છતાં તે સંપ્રત્યયોને વળગી રહેછે—ઇત્યાદિ અનેક પ્રકારોથી રાગદ્વેષની દૃષ્ટિની સૃષ્ટિ પ્રત્યક્ષ થાય છે. રાગદ્વેષ વિના, મમતા વિના, અધ્યાત્મ દૃષ્ટિથી, જે દર્શન થાય તે જ સાત્ત્વિક.

સ૨૦—દેશવત્સલતામાં મમતા આવે.

શ્વાન.—ધર્મબુદ્ધિથી દેશપ્રીતિ થાય તે સાત્ત્વિક ને મમતાદ્વિથી થાય તે રાજસી પ્રીતિ સ્વદેશની કે પરદેશની પ્રજાઓની પ્રલયકારિણી થાય છે.

સ૨૦—સર્વ પોતાના ધર્મની બુદ્ધિથી જ દેશ ઉપર પ્રીતિ રચે છે.

શ્વાન.—પણ જે ધર્મ સાત્ત્વિક દૃષ્ટિથી દૃષ્ટ નથી તે રાજસ છે. સૂર્યના પ્રકાશની પેઠે સનાતન મનુષ્યધર્મનો ત્યાગ કરી પોતાની ભૂમિના ધર્મનો હઠ-ગ્રાહ કરનાર પુરુષ રાગદ્વેષી છે ને સત્ય અને ઋત ઉભયથી દૂર જાય છે. સનાતન ધર્મને પાળી, જન્મભૂમિના ધર્મને સત્યપૂત કરી, પછી તે બે ઉપર દૃષ્ટિ કરનારની દૃષ્ટિ સાત્ત્વિક છે. મનુષ્યોને માટે આટલી ભેદબુદ્ધિની ક્ષમા છે; બાકી સિદ્ધજનોને તો ભેદબુદ્ધિ વિનાના સાત્ત્વિક સનાતન ધર્મ જ સર્વદા પ્રત્યક્ષ રહેછે. પોતાની અપરમાતા માદ્રીને જોઈ પોતાને થયેલી અને ધર્મવિચારથી અટકાવેલી વિષયવાસનાને ધર્મરાજા બલિરાજા પાસે સ્વીકારતાં લજ્જાયા નહી કે ડર્યા નહી કે અટક્યા નહી ત્યારે જ એમની દૃષ્ટિ સાત્ત્વિક ગણાઈને બલિરાજાએ તેમને દર્શન આપ્યું. તમે બે જણ તો પૃથ્વી ઉપર જઈ તમારો આ સંબંધ સ્વીકારતાં શરમાશો—એ દૃષ્ટિ સાત્ત્વિક નહી.

સ૨૦—જો એમ હોય તો તમે અમને કેમ તરત બચકાં ભરતા નથી? અમે યોગ્ય શિક્ષા લેવા તત્પર છીયે.

શ્વાન.—આવો પ્રશ્ન પુછીને તમે અમારો તેમ કરવાનો અધિકાર બંધ કર્યો.

સ૨૦—શી રીતે?

શ્વાન—મનુષ્ય આમ શિક્ષા જાતે માગી શકે છે તે સાત્ત્વિક દૃષ્ટિને બળે જ. અમારે તો બીજું કારણ પણ હતું ને તે એ કે જે ચિન્તા-

મણિ ને સ્પર્શમણિ તમે મુદ્રામાં ને મંગળસૂત્રમાં ધારો છો તે તમને આ ધામમાં સાત્ત્વિક દૃષ્ટિ જ આપશે એવું તમારું ભવિષ્ય મેં સુંધી કહાડ્યું હતું, અને તે ભવિષ્ય કાળનો તમારા પ્રશ્ને વર્ત્તમાન આરમ્ભ કર્યો. હવે તમારી યાત્રામાં તમે શીઘ્ર પ્રવૃત્ત થાવ અને આ ગોપુરમાં થઈ ચાલ્યાં જાવ.

સ૨૦—શ્વરાજ્ઞ! આ ધામમાં છેલ્લામાં છેલું મનુષ્ય કયારે કોણ ગતિ પામી શકયું હતું?

શ્વાન.—રત્નનગરીના મહારાજ મલ્લરાજ હાલ સિદ્ધ છે તે એકકાળે તમારીપેઠે આવ્યા હતા. તેમણે પૃથ્વીમાં **ભીષ્મભવન**[1] આ ધામ જોઇને જ કરેલું છે.

સ૨૦—શ્વરાજ! મેં તે જોયું છે. અમને કંઈ સૂચના કે ઉપદેશ આપના ભણીથી દેશો?

શ્વાન.—અમે શ્વલોક વસ્ત્રાદિ દમ્ભને ધારતા નથી પણ મનુષ્યો તો વાણીમાં, વિચારમાં, વૃત્તિયોમાં ને આચારમાં અનેક રીતે ગોપ્યાગોપ્ય-ભેદ રાખી અસત્ય-પ્રપઞ્ચના ખેલની સૃષ્ટિ ઉભી કરે છે. એવા ભેદને માટેના સર્વ દમ્ભનો ત્યાગ તમને પ્રાપ્ત થાવ એટલો હું તમને ઉપદેશ અને આશીર્વાદ આપું છું. એટલી સિદ્ધિ પ્રાપ્ત થયેથી તમારા સંસારી-યોનાં સુખદુઃખનું શુદ્ધ દર્શન કરી શકશો ને તેમ થશે ત્યારે તમે તેમનું કલ્યાણ કરવાની તમારી સૂક્ષ્મ વાસનાને તૃપ્ત કરી શકશો. આ સિદ્ધલો-કના દ્વીપ સમસ્ત પૃથ્વી ઉપર તરેછે; ને તમે હાલ આર્યદેશ ઉપર છો તેનાં પ્રતિબિમ્બ પિતામહના કુણ્ડમાં આ દ્વીપો ઉપરથી જોજો, પિતામહના ઉપર બંધાયલા રાફડાઓને સાત્ત્વિક દૃષ્ટિથી જોજો, ને પછી ગંગાભૈયાના ખોળામાં સુતેલા પિતામહનાં દર્શન કરી એ માતા પાસેથી ને પુત્ર પાસેથી તમારા દેશના કલ્યાણ માર્ગનો ઉપદેશ લેજો. **મલ્લરાજ**ની યોજનાનાં પાંડુકુરુભવનો જોનારને આ ઉપદેશ સુગમ પડશે.

આટલું બોલી કુતરાઓ વેરાઈ ગયા ને સરસ્વતીચંદ્ર અને કુમુદસુંદ-રી, હિમ ઉપર સરવાની ચક્રવાળી પાદુકાઓ[2] પ્હેરી સરતાં હોય તેમ, ગોપુરની તળે સરી ગયાં ને ત્યાંથી વેગભર્યા સર્યા તે અંદર પિતામહકુંડના આરા ઉપરના સોનારુપાના સળીયાના કઠેરા આગળ અટક્યાં:

---

૧. પૃષ્ઠ ૨૮૬-૨૮૭. ૨. ઇંગ્રેજો Skating ની કસરત કરેછે, ત્યારે બરફ ઉપર પઈડાંવાળો પાવડીઓ પ્હેરી ખસેછે, આપણાં બાળકનો ભાષામાં બોલીયે તો 'બંસુરીયાં બાયછે.'

આ કુંડ એકાદ ગાઉ લાંબો પહોળો હશે અને તેમાં ચારે પાસ પાણીના જેવું તેજ ચળકતું ભરેલું હતું અને એ તેજમાં મ્હોટા મ્હોટા બેટ હતા. પોતાને મળેલી મુદ્રા જોતો જોતો સરસ્વતીચંદ્ર બોલવા લાગ્યો.

"કુમુદ, આ મહાકુંડમાં આપણા દેશનું પ્રાચીન તેજ ભરેલું છે તે પૃથ્વી ઉપરથી દેખાતું નથી. એની વચ્ચે આ મ્હોટા મ્હોટા બેટ છે તેમાં જવાને આ તેજમાં તરવું પડે છે. જે લોકને આ કુતરાઓ બચકાં ભરેછે તે આ તેજ ઉપર પડતું મુકેછે, ને પારદર્શક પવન જેવા તેજમાં થઈ એ લોક નીચે પૃથ્વી પર પડે છે. આ તેજનો જરીક ચમકારો તેમને થતાં તેમનું વધારે ભાન બંધ થાય છે ને એ ચમકારાથી લાગેલો હડકવા લેઈને આ લોક આપણા દેશમાં ફરેછે, પણ તેમનો અનુભવ એ ચમકારાથી વધારે વાતનો નથી અને એ દગ્ધજ્ઞાનવાળાં પૃથ્વીપર પડેલાં માણસ ભયંકર થાય છે–તેનું પ્રતિબિમ્બ પણ જો !"

તેજમાં જોતી જોતી કુમુદ બોલી: "આહા ! શાં યુદ્ધ ? એક હાથીને અનેક સ્થાને વળગેલા આંધળાઓ પોતપોતાની વાત પ્રતિપાદન કરવા લ્હડી મરે તે અન્વહસ્તિન્યાયનું આ પ્રત્યક્ષ દૃષ્ટાંત !–પણ ઉદાત્ત સ્વામી ! આ લોક પણ ઉપકારક છે. જુવો ! આ તેજની નીચે આખા દેશમાં અન્ધકારનો મહાસાગર ભરેલો છે તે પણ દેશની વર્ત્તમાન દશાનું પ્રતિબિમ્બ જ છે ને તેમાં દીવાઓ પેઠે આ શ્વરાજના કરડેલા જીવો તરે છે. દીવાસળી સળગાવી ન હોય પણ જરીક ઘસી હોય તો તેથી પણ પ્રકાશનો તારા જેવો ચમકાર જણાય છે તેવો આ લોકનો પ્રકાશ અંધકારમાં ઉપયોગી થાય છે. પ્રાણનાથ ! તેમનો તિરસ્કાર ન કરશો. તેઓ પણ પ્રીતિપાત્ર છે."

સરસ્વતીચંદ્ર એના મંગળસૂત્ર આગળ આલિંગન દેઈ બોલ્યો; "સત્ય કહ્યું—સુન્દર કહ્યું ! એ સુન્દરતાના મૂળને જ હું આ આલિંગન દેઉંછું."

કુમુદ આ ક્રિયાનો સત્કાર કરતી કરતી બોલી; "એ તેજ પેલા રાફડાઓ " નીચેથી પુવારા પેઠે પુટી નીકળતું દેખાય છે."

સરસ્વતીચંદ્ર એનો આ સંસર્ગ મુકી એ પુવારા જોવા લાગ્યો.

" ભારતયુદ્ધ પછી પિતામહ શરશય્યામાં પોઢ્યા હતા ને ધર્મરાજ સ્વર્ગમાં ગયા તેવામાં જ આ દેશના એ પિતામહે ચિરંજીવ ગંગામાં પ્રવેશ કર્યો છે. તેમનો દેહ જડ વસ્તુમાં ભળી નષ્ટ થયો નથી. કુમુદ, આ રાફડાઓવાળા બેટોમાં રાફડાઓ બાઝ્યા છે તે પિતામહના ગંગાને બોળે સમાધિસ્થ થયલા શરીર ઉપર બાઝ્યા છે ને આ તેજના પુવારા એમના એ શરીરમાંથી પુટે છે".

કુમુદ૦ આપણે તે જોવા ત્યાં જઈશું ?

સ૨૦— આપણું અદ્વૈત એવું છે કે તારી બુદ્ધિ તે મારી ને મારી તે તારી ! મારી વાસના તે તારી ને તારી તે મારી ! જો ! જો ! આ વાસના થતાં જ આપણી પાંખો આપણને ઉપાડે છે ને આપણે આ પવિત્ર તેજોરાશિ ઉપર ઉડીયે છીયે !

કુમુદ૦—શા ગમ્ભીર અને કલ્યાણ તેજનો મહાસાગર ! આર્યોના પુરાણ વિસ્તીર્ણ મહાસાગર ! તને અમારા પ્રણામ છે ને તું તારી નીચેના અન્ધકારને નષ્ટ કરી અમારા દેશને પ્રકાશિત કર.

સ૨૦—મારી પણ એ જ વાસના છે—એ, કાળે કરીને, તૃપ્ત થશે, પણ તે કાળ, આપણે આ સિદ્ધલોકમાં સિદ્ધરૂપ થઈશું ત્યારે, પરિપાક પામી પ્રત્યક્ષ થશે. યોગ્ય કાળની વાટ જોવી એ પણ ધર્મ છે. કુમુદ ! આ સાગર ઉપર કેવો મધુર દિવ્ય પવન વાય છે ? પૃથ્વી ઉપર તેવો પવન સ્વપ્નમાં પણ દેખાતો નથી.

કુમુદ૦— એ પવનમાં તરાવી આ પાંખોએ આપણને કયાં આણ્યાં?

સ૨૦—આપણે આ પ્રથમ રાકડાના શિખરભાગ ઉપર આવી પહોચ્યાં, અને તેમાં થઈ એને તળીયે ઉતરીશું ત્યારે પિતામહનાં અને ગંગામૈયાનાં દર્શન થશે.

એટ ઉપર એક મ્હોટો ટેકરો હતો તેના ઉપર કંઈ સ્થિર ભૂમિ હતી ત્યાં આમને એમની પાંખોએ ઉભાં રાખ્યાં.

સ૨૦—આ ટેકરીનો આટલો ભાગ નકકુર છે ને બાકીનો ઘણો ખરો ભાગ પોલો છે તેમાં પગ પડશે તો નીચે માટીમાં કુળી જવાય એમ છે.

કુમુદ૦—આ ટેકરી શાથી થઈ હશે ?

સ૨૦—પિતામહે ગંગાવાસ કર્યો તે પછી એમની બુદ્ધિના આશ્રય વિનાના દેશમાં મનુષ્યોની બુદ્ધિઓ ક્ષય પામી તે ક્ષીણ બુદ્ધિથી આ સર્વ માટીના પોલા ઢગ રચાયા છે.

કુમુદ૦—આ માટી એકલી નથી. માટીમાં વચ્ચે વચ્ચે પોપડા દેખાય છે ત્યાં અનેક કીડીયો ઓ ચાલે !—વચ્ચે વચ્ચે કશાકના પ્રકાશ પણ દેખાય છે.

સ૨૦—હા. આ કીડીયો જેવું દેખાય છે તે આપણા દેશની અર્વાચીન મનુષ્યસૃષ્ટિનાં પ્રતિબિમ્બ છે—આશરે વીશથી ત્રીશ કોટિ જન્તુ આ

સર્વ રાફડાઓમાં થઈને જીવે છે. આ રાફડાઓ તેમની ઘણા યુગની પ્રવૃત્તિનું પરિણામ છે. આના ઉપર પણ ક્રીડાઓથી નવા બેટ બંધાતા જાય છે તે તમને દેખાતું હશે.

કુમુદ૦—વચ્ચે પ્રકાશ શાના છે?

સર૦—આમાં કેટલેક સ્થાને શાન્ત શ્વેત પ્રકાશ છે ને કેટલેક સ્થાને રંગીન પ્રકાશ છે. શાંત સાત્વિક જ્ઞાની મહાત્માઓએ આ જન્તુઓને માટે જે માર્ગ રચેલા છે તેમાં શ્વેત પ્રકાશ છે. રજોગુણી અથવા અર્ધજ્ઞાની પણ તીવ્ર બુદ્ધિવાળાઓએ એવા જ હેતુથી જે માર્ગ રચેલા છે તેમાં રંગીન પ્રકાશ છે. બાકીની રાફડાની માટી તમોબુદ્ધિવાળા જન્તુઓએ પાડેલાં દરથી, નળીયેાથી, ને ઉધાઈ તથા કરોળીયાના જેવી જાળોથી ભરાયલી છે.

કુમુદ૦—આપણે એના અંતર્ભાગમાં શી રીતે જઈ શકીશું?

સરસ્વતી ચંદ્ર ઉત્તર દેવાને સટે પાંખ ઉપર ઉડ્યો, પાછળ કુમુદ ઉડી, ને એક શ્વેત પ્રકાશવાળા કોતરમાં જઈ અદ્ધર લટકયાં. ત્યાં નિસરણિ એમના પગ આગળ આવી ઉભી રહી તે ઉપર બે જણ ઉતરવા લાગ્યાં. જેમ જેમ નીચે ઉતર્યા તેમ તેમ નિસરણિ નીચે આવતી ગઈ. ચારે પાસે ચંદ્રના જેવા શ્વેત પ્રકાશ, તેની આશપાશ નદીઓના પુલના ભુગળાં જેવી ભીંતેા, અને દૂર ઉપર આકાશ ને નીચે તેનું પ્રતિબિમ્બ—એ સૃષ્ટિની વચ્ચે નિસરણિ આમને ઉતારવા લાગી.

સર૦—આ ભીંતેા પારદર્શક કાચ જેવી છે તેમાંથી બ્હારની સૃષ્ટિ જુવેા. હવે આ જન્તુઓ કદમાં ન્હાનાં પણ મનુષ્યોને આકારે દેખાય છે. ઉન્હાળામાં ખારની જમીન જેમ તરડાઈ જાય છે ને કડકા કડકા થઈ જાય છે તેમ આ ચારે પાસની માટીમાં થયું છે—એ માટી જીવતી છે. જીવતાં જન્તુઓ આમ છુટાં પડ્યાથી, ક્ષુદ્ર ગતિવાળાં થઈ જવાથી, માટી જેવાં થઈ ગયાં છે ને પોતપોતાના કડકામાં, દરમાં, જાળામાં, ને નેળોમાં સર્વ વ્યવહાર રચે છે તે જોવા જેવા છે.

કુમુદ૦—જ્યારે એક કડકો બીજા સાથે એકઠો રહી શકતો નથી ને એક બીજાના ઉપર પડી બે કડકા સાથે અથડાવા જેવા થાયછે ને ચારે પાસથી માટીના ઢગ થવાના થાયછે ત્યારે કોઈકે પરસ્પરસામાન્ય જ્ઞાતિસત્વને બળે અનેક જન્તુઓ જ્ઞાતિના અકેકા થાંભલાને રૂપે ઉભા રહેલા છે, ને સર્વ થાંભલાઓ છેક નીચેથી સંધાયા છે.

સ૨૦—જો, આ દેશબ્હારથી પવનના ઝપાટા આવે છે એટલે આ સર્વ થાંભલાઓ કમ્પે છે ને એક બીજા સાથે અથડાઈ ભાગી જવા માંડેછે. સર્વે એકરૂપ થશે ત્યારે પવનનું બળ નહી ચાલે.

કુમુદ૦— તે તો કોણ જાણે—આ છેટે બીજા દેશના રાફડાઓ છે તેમાં તમે કહેાછો તેમ છે. છતાં માટી ગરેછે ને ઢગલા થાયછે ને પશ્ચિમના પવન તે સર્વને કંપાવેછે.—કોઈ મોડા—કોઈ બહેલા—એટલા જ ફેર છે.

સ૨૦—આ થાંભલાઓમાં જન્તુઓનો શો કચ્ચર ધાણ વળે છે? કુમુદ, જો તો ખરી !

કુમુદ૦—એણી પાસ જ મ્હારી દૃષ્ટિ છે

સ૨૦—કીડીયોના જેવા કણસંગ્રહ જેવા ધનસંગ્રહ આ થાંભલાઓમાં ઠેકાણે ઠેકાણે, ચોમાસાની માટીમાંથી ઉત્પન્ન થતા જીવ પેઠે, સજીવ થઈ દોડેછે ને એક પાસથી પવન તેમને ઉરાડી લેઈ જાયછે તો બીજી પાસથી આ જન્તુઓ જ તે સંગ્રહને માટી ભેગા ભેળવી પોતાની લાળથી બાળી નાંખેછે, ને કણ લાવનાર જન્તુઓ તો અભોકતા રહી શ્રમજીવન જ ગાળે છે ને શ્રમજીવી જન ક્ષીણ થતાં એ તારનાર તેમ ડુબનાર એમ બંને વર્ગ ડુબે છે.

કુમુદ૦—એ તો જ્ઞાતિયજ્ઞ થાય છે ને આ કણની ને લાળની ચીકાશથી થાંભલાઓના પણ કડકા થઈ જતા નથી. બાકી પવન તો બધેથી વાયછે.

સ૨૦—આ જ્ઞાતિયજ્ઞનો અધર્મ તો જો ! અતિથિ જાતે જ યજમાન પાસે યજ્ઞ કરાવે છે! આ ભડકાઓમાં કેટલાં જન્તુ જાતે ધસડાઈ આવી ભસ્મ થાય છે ? દ્રવ્ય અને બુદ્ધિ ઉભયના નાશનું આ જાતે વસાવેલું સાધન !

કુમુદ૦—બુદ્ધિના નાશનો પ્રતીકાર તો બટે, પણ દ્રવ્ય તો યોગ્ય હસ્તમાં ન હોય તો ગયું જ સારું.

સ૨૦—અહા ! કુમુદ ! તારા મંગલસૂત્રે ભયંકર પણ સુન્દર સત્ય કહ્યું. આ દેશ બુદ્ધિના નાશથી અત્યંત દરિદ્ર થશે તો તે ઈશ્વરની ઇચ્છાથી જ ! આ દેશને દરિદ્ર થવાના માર્ગ આ જન્તુઓ જાતે જ રચે છે તેના ચીલા ઉઘાડનો દર જોવા જો તો ખરી—કેટલા બધા ચારે પાસે ઘાસ જંગલ જેવા દેખાય છે ? પિતાઓ પુત્રપુત્રીની તૃપ્તિ માટે યત્ન ન આરંભતાં, પોતાની તૃપ્તિમાટે તેમને જ એ યજ્ઞોમાં હોમે છે. હરિ ! હરિ ! આ કન્યાવિક્રય કરનાર અને પોતાના લોભને માટે વર્ત-

નાર પિતાઓ પશુપક્ષીનું માંસ ખાવામાં અધર્મ ગણે છે પણ પુત્રીનું જીવતું માંસ ખાતાં ડરતા નથી. આ શું ? માતાઓ પુત્રવધૂની વચ્ચે ઘુસી જઈ તેમને છુટાં પાડેછે! ને પ્રીતિયજ્ઞના કાળ પ્હેલાં તો તેની સ્થૂલ વેદીઓ માટે ખાડાઓ ખોદી માબાપ તેમાં બાળકોને ફેંકી દેછે ! ને ! ને ! પેલાં જન્તુઓ સ્ત્રીઓને માબાપના મુખમાં હોમે છે તો પેલાં જન્તુ માબાપને સ્ત્રીના મુખમાં હોમે છે ને પેલાં દુષ્ટો તો જો ! એમની સ્ત્રીઓ એમના પોતાના ચરણ તળે ચંપાયછે ને તેના શરીર ઉપર બેસી એ જન્તુઓ નીરાંતે એકલપેટાં પેટ ભરેછે ને કેવળ સ્વાર્થી વ્યવહાર ચલવેછે ! શા અધર્મ ?

કુમુદ૦—જેવી સ્ત્રીઓ છે તેવા પુરુષો છે. પુરુષને સુન્દર શુદ્ધ કરવો એ સ્ત્રીની ચતુરતાનું કામ.

સર૦—કુમુદ જેવી ચતુર ઉદાર સ્ત્રીયો બધાંને ક્યાંથી મળે ? કુમુદ! આ દર્શન જેવું ભયંકર છે તેવું જ દયાપાત્ર છે. તેઓ જાતે શરીરને, સંતતિને, ધનને, ને ધર્મને નષ્ટ કરેછે, જાતે વ્યાધિયો વ્હોરી લેછે, જાતે આધિથી બળેછે, ને જાતે ઉપાધિઓ તળે ચગદાયછે. આમાંથી તેમને શી રીતે મુક્ત કરીયે ?

કુમુદ૦—તેમને દૃષ્ટિ જ નથી તે આપો.

આટલો પ્રસંગ થતા થતામાં તો એ જણ બહુ જ નીચે ઉતરી પડ્યાં હતાં. પોતાના ભુંગળાને તળીયું આવ્યું લાગ્યું. ચારે પાસ હવે ચોગાન હતું અને ચાર માર્ગ નીકળતા હતા. એ ચારે માર્ગના મધ્ય ભાગમાં એ જણ ઉભાં. પોતાના ભુંગળાવાળો શ્વેત પ્રકાશ આ ચોગાનમાંના ને માર્ગો ઉપરના પ્રકાશ સાથે ભળી જતો હતો. માથા ઉપર આકાશને ઠેકાણે મ્હોટી કાળી શિલાઓની છત હતી અને તેમાં સ્થાને સ્થાને મ્હોટાં મ્હોટાં છિદ્રે હતાં તેમાંથી પોતે પ્રથમ જોયેલી રંગીન પ્રકાશવાળી નળીયોનાં મૂળ વડવાઈઓ પેઠે લટકતાં હતાં અને વડવાઈએ વડવાઈએ અનેક ન્હાનામ્હોટા નાગ અને અજગરો બાઝી હીંચકા ખાતા હતા.

સર૦—કુમુદ! વર્ત્તમાન કાળના રાફડાઓમાંથી ઉતરી આપણે હવે અશોક મહારાજના પ્રાચીન આકાશમાર્ગમાં આવ્યાં છીયે. આપણા દેશનો દેશી, મ્હોટામાં મ્હોટો, સમર્થમાં સમર્થ અને સાધુમાં સાધુ મહારાજ એ અશોક હતો.[1] આ દેશનો ઉગ્ર મધ્યાન્હકાળ

---

1. The dominions of Asoka extended from Kandahar, Ghazna, and the Hindu Kush, as far as the mouth of the Ganges, from Kashmere down

આ મહારાજના રાજ્યમાં હતો. ભગવાન્ ગૌતમ બુદ્ધના અવતારે પ્રકટેલો દયાધર્મ સંસારમાં ચાલ્યો ત્યારથી હજાર બારસો વર્ષ પર્યંત એ ધર્મ આ દેશમાં વધ્યો, રહ્યો, સટ્યો, અને ક્ષીણ થઈ પરદેશમાં રેલાતો ચાલ્યો ગયો. બૌદ્ધ યુગના મધ્યાન્હકાળમાં ચંદ્રગુપ્ત મહારાજના પૌત્ર અને બિન્દુસાર મહારાજના પુત્ર પ્રતાપી ચક્રવર્ત્તી આ મહારાજ પ્રિયદર્શી અશોકે રાજ્ય કર્યું, જાતે બૌદ્ધ હોવા છતાં બૌદ્ધ અને બ્રાહ્મણ ઉભય ધર્મોનું પ્રતિપાલન તેમણે કર્યું. આ સાત્ત્વિક દૃષ્ટિવાળા મહારાજના રાજ્યના સાત્ત્વિક પ્રકાશનાં પ્રતિબિમ્બના પુણ્ય પ્રવાહ વચ્ચે આપણે ઉભાં છીયે.

કુમુદ૦– આ વડવાઈઓ શી? આ સર્પ શા?

સર૦—આ ચારે પાસનો શ્વેત પ્રકાશ ઘણા વિસ્તારવાળા દેશકાળમાં અનેક મહાત્માઓની સાત્ત્વિક દૃષ્ટિએ પ્રસારેલો છે, ત્યારે

---

to the upper and lower course of the Godavari. . . . According to his inscriptions, the influence of Asoka extended even beyond these limits. At the boundaries of the earth, so we are told, were to be found the two cures established by him, the cure for men, and the cure for animals. Wherever healing herbs, roots, and fruit trees were not in existence, they were brought and planted by his order, and wells were dug by the wayside. This was done among the Cholas and Pidas, in the Kingdom of the Keralaputra, and on Tamraparni (Ceylon). . . . The Cholas and Pidas lay to the South of the Deccan, the former on the upper Krishna, the latter on the Palaru. Keralaputra, *i.e.*, the son of Kerala, is the ruler of the State founded by Brahmans on the Southern half of the Malabar Coast. It is clear from this, no less than from the conquest of Kalinga by Asoka, how successful in the times of the earliest rulers of the house of the Mauryas, was the power of Aryan India collected in that Kingdom in forcing its way to the South, both on the coasts and in the interior of the Deccan; and at the same time that these inscriptions confirm the statement of Singhalese tradition about the connection in which Asoka stood with this island (Ceylon), they also show that Asoka not only maintained, but extended the relations into which his grandfather had entered with Seleucidæ, and his father with the kingdom of the Ptolemies. Asoka is not only in connection with . . . his neighbour Antiochus who sat on the throne from 262 to 247 B C., and with . . . Ptolemy Philadelphus of Egypt (285-248 B.C.) but also with Antigonus Gonnates of Macedonia (278-258 B. C.), with . . . Alexander of Epirus (272-258 B. C.), and even with Magas, King of Cyrene. . . . .

Chandragupta succeeded not only in breaking down the rule of the foreigner over the Indus, but in *uniting* the *territory* of *India*, from the Indus to the Gulf of Bengal, from the Himalayas to the Vindhyas, *into one mighty Kingdom*. His grandson (Asoka) extended his kingdom × × and

આ બલિષ્ઠ નાગલોકે ઉપરના સર્વ રાફડાઓના રંગીન પ્રકાશની સૃષ્ટિને રચી છે અને વડવાઈઓએ લટકી રહી એ સૃષ્ટિને અનેક યુગથી ધરી રાખી છે. કુમુદ! પોતાનું નામ સાંભળતાં આ તૈજસ નાગલોક ફણા માંડવા મંડી ગયા છે તે જો! થોડી વારમાં તેમની વિષજ્વાલાઓની શક્તિને આપણે જોઈશું.

થોડી વારમાં મ્હોટા મ્હોટા રાતા, પીળા, લીલા, કાળા, ને ધોળા નાગ એ બે જણની આશપાસ વેગથી કુંડાળાં રચી ફરી વળવા લાગ્યા. પણ પાસે જઈ જઈને તેમના દિવ્ય લેપની શક્તિથી પાછા ફરી પોતાની સભા ભરી કંઈ અવ્યક્ત ચર્ચા કરવા લાગ્યા. અંતે એક સહુથી મ્હોટો જાડો વૃદ્ધ નાગ પોતાનું પેટ કષ્ટથી પણ વેગથી ઘસડતો ઘસડતો આમની સામે આવી ઉભો અને એમના શરીર જેટલી ઉંચી ફણા કરી એમની સામે વિષની જ્વાલા ફુંકવા લાગ્યો. બીજા નાગનાં પણ વિષ ચારે પાસ ઉડવા લાગ્યાં અને ચારે પાસના પ્રકાશમાં ભયંકર કાળાશ વ્યાપી ગઈ. નહાનાં બાળક સર્પની શક્તિ ન સમજતાં ગમે તો તેને ઝાલવા જાય ને ગમે તો તેની સાથે રમવા જાય તેમ આ બે જણ આ વિષવૃષ્ટિને શાન્તિથી અને કૌતુકથી ઝીલવા લાગ્યાં. અંતે ધીમે ધીમે તે વૃષ્ટિ શાન્ત થઈ, તેજ અને પવન શુદ્ધ થયાં, અને સામો ઉભેલો વૃદ્ધ નાગ દિવ્ય વાણી વડે બોલવા લાગ્યો.

"પૃથ્વી ઉપરનાં કોમળ બાળક! અમારી ભયંકર સૃષ્ટિમાં તમે કેવી વાસનાથી આવ્યાં છો ને અમારી વિષજ્વાલાઓને કેઈ શક્તિથી સહી જાવ છો?"

---

proclaimed his (Buddha's) rules as the law of the State. This seemed to be the dawn of a happy day for India. The combination of all the tribes could not but secure the independence of the country; the oppression of the hereditary despotism seemed to be softened by the prescripts of a rational morality; a brisk trade with the West appeared to give the last blow to the exclusiveness and rigidity of Brahmanism, and the religion of equality and brotherly love seemed to assure the rise of a new social order and the free movement of the intellectual powers of the people.

A sterner fate overtook the Indians × × × × × It was not attacks from without, but the dissensions of the grandsons of Asoka that rent asunder the great Indian Empire; the dynasty of the Mauryas fell. × × × Neither the power of the Sungas nor that of the Guptas was sufficient to maintain the national unity and protect the regions of the West from the foreigner. × × × But the land of the Ganges maintained its independence. The civilization of the Deccan was not interrupted, and the national forces still sufficed to remove at length the power of the foreigner even in the West.—*Ancient History of India: by Prof. Max Duncker, translated from the German by Abbott.*

સર૦— શુદ્ધ સિદ્ધાંગનાઓએ કરેલી પ્રેરણાથી અને તેમણે જ આપેલી શક્તિથી અમારાં ગમન અને સહન બને છે. અમને અમારી કોઈ પણ વાસનાને બળે અંહી આવ્યાનું ભાન નથી.

નાગ— તમે સાત્ત્વિક સત્ત્વોની શક્તિથી સુરક્ષિત હો નહી તો અમારા વિશ્વાસને બળે ઉપરના રાફડાઓમાં પ્હોચી ગયાં હત. તમને વાસના હત તો અમારા વિપદંશ તમને લાગી ગયા હત. તેમ થયું નથી માટે તમારા વાક્યમાં સત્ય હોવું જોઈએ.

સર૦—અમને વાસનાઓ નથી એમ નથી પણ તે વાસનાઓએ અમને આ સ્થાનમાં પ્રેર્યા નથી.

નાગ૦—તો તમારી વાસનાઓને દર્શાવી ઘો.

સર૦—અમારી વાસના આ પ્રદેશમાં જે જે જાણવા યોગ્ય હોય તે જાણવા-જોવા-ની છે અને તેમાં તમારી અવસ્થા, તમારી શક્તિ, ને તમારાં કારણકાર્ય જાણવાની વાસના છે.

નાગલોક ખળભળી ઉઠ્યો.

"શા માટે? શા માટે?" એમ સર્વત્ર ધ્વનિ સંભળાયો.

સર૦—ઉપરથી અંહી નીચે સુધી શુદ્ધ તેજના ભુંગળામાં થઈને આવતાં આ મહાન્ દ્વીપમાં અનેક ચીરાઓ ને ફાટો પડેલી અમે જોઈ, એ દ્વીપના હજારો કટકા થઈ બંધાયલા ઉંચા સ્તમ્ભ જોયા, અને તેમાંના જન્તુઓના અધર્મ પણ જોયા. આ સર્વ તમારે શિર દેખીયે છીયે અને એ અધર્મનાં મૂળને તમે બાઝી રહ્યા છો તો તમને ગોળખવા એ અમારો ધર્મ છે.

આટલું વચન નીકળતાં ફરી સર્પમાત્રના મુખમાંથી સુસવાટા અને ઝેરી ફુંફો નીકળવા લાગ્યાં અને આખા ભોંયરામાં ચારે પાસ ઉભરાતા દોડતા સર્પો સળવળવા લાગ્યા. સામો ઉભેલો નાગ તો ઉભો હતો તેમ જ રહ્યો —માત્ર તેની બે જીભો મુખબ્હાર નીકળી પોતાના ઓઠ ચાટવા લાગી, મુછના વાળ ઉંચા ઉભા થયા, ને તેમાંથી અગ્નિના તણખા ઝરવા લાગ્યા. ચારે પાસ લીલાંપીળાં ઝેર વર્ષી રહ્યાં તેની મધ્યે ઉભેલાં આ પ્રાણીને મહાનાગ કહેવા લાગ્યો.

નાગ૦—અમ નાગલોકના દ્વીપ જાણવાની છાતી ચલાવનાર માનવી! અમે તમારા દેશના શાસ્ત્રકારો, સ્મૃતિકારો ને પુરાણકારોનાં પ્રતિબિમ્બ છીયે. લોકવ્યર્થાના પંડિતો, ત્રિકાળના વિચારથી લોકવ્યવસ્થાની વૃદ્ધિઓની

ઉત્પત્તિ, સ્થિતિ, અને પ્રસંગ પક્ષે નિર્ઋતિ[1] પણ રચેછે; તે સમર્થ પંડિતોનાં અને વ્યવસ્થાકારોનાં પ્રતિબિમ્બ અમે છીયે, ને આ સર્વ સંસારભારમાં વ્યવસ્થાનો જે અનન્ત અશ્વત્થ[2] ચારે પાસ અસંખ્ય શાખાઓ પ્રસારી ઉભો છે ને પૃથ્વીના મૃત્યુ લોકને વિસ્મય પમાડે છે તે વૃક્ષરાજનાં આ સર્વ મૂળનું જે કારણથી અમે ઉત્પાદન કર્યું તે જ કારણથી હજી તેનું રક્ષણ અને વર્ધન કરીયે છીયે અને કરીશું ! સાત્વિક દૃષ્ટિને પ્રત્યક્ષ થતા ધર્માધર્મ નામના દમ્ભનું અમે પવનાશન લોક ભક્ષણ કરતા નથી.

ચારે પાસના પ્રકાશની શ્યામતા વધવા લાગી.

સ૨૦—તમે સાત્વિક ધર્મને વર્જ્ય ગણો છો તો શાને ભક્ષ્ય ગણોછો? ક્રીયા પવનનું ભક્ષણ કરોછો ?

નાગ.—સાંભળ, રે મુગ્ધ માનવી! અમારો આહાર સત્ય વિના બીજો નથી અને એ આહાર મળે તો અમે ધર્મને પણ ઇચ્છતા નથી; કારણ ધર્મ સત્યની પાછળ દોડે છે, સત્ય ધર્મ પાછળ દોડતું નથી. ત્રિગુણાત્મક સૃષ્ટિ કેવળ સાત્વિક દૃષ્ટિએ જોવી એ સત્યના મ્હોટા અંશને ઢાંકી ન્હાના અંશને જોવા જેવું છે. તમારા સંસારમાં કે મનુષ્યલોકમાં રાજસી અને તામસી વૃત્તિ સંસારના ગળા સુધી ભરેલી છે ને સાત્વિક વૃત્તિ તો માત્ર તમ્હારા જેવા મુગ્ધ જનના મનોરાજ્યની જ સૃષ્ટિ છે. જેમ ક્ષાર સમુદ્રમાં કોઈ સ્થાને મિષ્ટ જલનું ઝરણ નીકળે તો તેના ઉપર ક્ષાર સમુદ્રના તરંગ ફરી વળે તેમ તમ લોકના સંસારમાં સાત્વિક ગુણના વિરલ ઝરાઓ ક્ષાર જળનાં વહન નીચે ચંપાઈ ગયલા જ રહેછે. જેમ તામસી દૃષ્ટિ તે સર્વત્ર અદૃષ્ટિ જ છે તેમ સાત્વિક દૃષ્ટિમાં રજોગુણ અને તમોગુણનાં જે જે કાર્ય ભણી ક્ષમાદૃષ્ટિ રહેછે તે તે દિશા ભણીની તેની અદૃષ્ટિ જ છે. સ્ત્રીપુરુષની પ્રીતિને તું શુદ્ધ સાત્વિક ગણતો હઈશ તો વધારે અનુભવથી તમ્હારી ભુલ ભાગશે. તમે બે જણ કોઈ પુણ્ય સિદ્ધિથી સર્વદા સાત્વિક રહી શકશો તો તેથી કાંઈ બાકીનું જગત સાત્વિક થઈ જવાનું નથી, પ્રાણીઓ પરસ્પરનું ભક્ષણ કરતાં મટવાનાં નથી, કુટુમ્બોના અંતઃકોલાહલ મટવાના નથી, પાપી જનોની સંખ્યા એક ધર્મમાં પ્રવર્ત્તશે તો એથી અધિક પાપીઓ તેની પાછળ પલટણ પેઠે ઉભા થતા અટકવાના નથી, રાજાઓના રાજ્યલોભ અને અધર્મવિગ્રહ ઘટવાના નથી, અને અન્ય પ્રાણીયો પેઠે મનુષ્યોમાં ને રાજાઓમાં પણ મ્હોટું ન્હાનાને ખાય એ નિયમ લુપ્ત થવાનો

---

૧. નાશ. ૨. વડનું ઝાડ.

નથી. આ સર્વ મલિન વસ્તુઓને દૃષ્ટિબ્હાર રાખી કરેલું ધર્મના ને ન્યાયના પાયાનું ચણતર રેતીમાં થયા જેવું ગણવાનું છે, ને એ મલિન માર્ગના કોયલાની વ્યવસ્થા રાખવી ને કોયલાથી કાળાં ન જ થવું એ અભિલાષ દમ્ભનો અને મમતાનો પરિણામ છે. અમે એ અભિલાષને ના નથી કહેતા પણ તેનો ત્યાગ કરવાનું આવશ્યક લાગે તો તેમ પણ કરવા તત્પર રહીયે છીયે. અમે તો માત્ર આ દેશની ત્રિગુણાત્મક સૃષ્ટિના સર્વ અંશપર પૂર્ણ દૃષ્ટિ રાખી અમારી રચના કરી છે, ને તમે જુવો છો કે જ્યારે બુદ્ધ-ભગવાનની ને અશોક મહારાજની સાત્ત્વિક સૃષ્ટિ ધુળના કોટ પેઠે ભંધાઈ ઉડી ગઈ છે ત્યારે અમારી ત્રિગુણાત્મક દૃષ્ટિની સૃષ્ટિ હજી વર્ત્તમાન છે ને પરદેશી પવનના ઝપાટા સામી હિમાચલ પેઠે સ્તંભ ધારી ઉભી રહી છે. તમારા વિહારમઠના જેવાં લગ્નનો અમે નાશ કર્યો છે, બાળકીમાત્રને પરણાવીયે છીયે ને વિધવામાત્રને અપરિણીત રાખીયે છીયે, કુટુમ્બોના માળા એક જ વૃક્ષ ઉપર બાંધીએ છીયે, જ્ઞાતિઓના રોપાને ક્ષેત્ર બ્હાર શાખાવાન્ થવા દેતા નથી ને ક્ષેત્ર બ્હારનાં પ્રાણીને આ ક્ષેત્રમાં આવવા દેતા નથી, સ્ત્રીપુરુષની સ્વચ્છન્દ પ્રીતિને સટે કુટુમ્બજનોની પરસ્પર એકલોહીની પ્રીતિ રચીયે છીએ, આવી અનેક વ્યવસ્થાઓના પ્રકાશના રસોને આ વડની વડવાઈઓનાંજ નલિકા-જળોમાં થઈને તેના ઉપરના સ્તમ્ભોમાં વહેવા દેઈએ છીયે, અને એ સૃષ્ટિનું પોષણ પણ આ વડવાઈઓને આમ બાંધી રહીને જ કરીયે છીયે. એ વડવાઈઓથી અમને છુટા પાડનારને માટે અમારી વિષજ્વાલાઓ છે, એ વડવાઈના વિસ્તાર ઉપર વધ્યાં જાય તેને પ્રતિકૂળ થનારને માટે પણ એ જ જ્વાલાઓ છે, અને તમારા દેશને માટે ત્રિગુણાત્મક દૃષ્ટિથી રચેલી વ્યવસ્થાનો, મનન કે વાણીના કે કર્મના રજોગુણથી કે તમોગુણથી, ભંગ કરનારને માટે અમારી જ્વાલાઓ આ નીચેથી છેક ઉંચે સુધી ચહડી પ્હોચી જવાને સમર્થ છે. અનેક જાતના વિકારોમાંથી, દુઃખોમાંથી, અને ભયમાંથી ઉદ્ધાર કરી રાખવાને અમે તમારા દેશની વ્યવસ્થાને ધરી રાખી છે ને તેના અંતઃશત્રુઓ તેમ બાહ્ય શત્રુઓ સર્વને માટે અમારી વિષજ્વાલાઓ વરાળ પેઠે સર્વદા ઉંચે ચહડ્યાં કરે છે.

સર૦—તમે તે આ દેશની વ્યવસ્થાને સુધારી છે કે બગાડી છે? તમે તે આ દેશની આશાઓમાં વિષ નાંખ્યું છે કે અમૃત નાંખ્યું છે?

વિષવૃષ્ટિ વધારે ભયંકર થઈ. સામેનો નાગ ઉત્તર દીધા વિના આમની આરે પાસ ચીંટાવા લાગ્યો અને તેનું મ્હોં કોઈ કાળા કોતર પેઠે પ્હોળું

થઈ અંદરનાં ક્રૂર દાંતને અને ઠગારી જીભને દેખાડવા લાગ્યું–એટલામાં કુમુદસુંદરી તેના સ્પર્શથી ઉછળી અને સરસ્વતીચંદ્રને બાઝી પડી બોલી ઉઠી.

" જુવો, પ્રાણનાથ, આ સર્વ નાગરાજનાં મસ્તક મુકુટધર છે ને એ મુકુટોમાં શાં તેજસ્વી રત્ન છે ?"

સર૦—પ્રિયા, સીતાની દૃષ્ટિ સુવર્ણમૃગ ઉપર પડી હતી તેમ તો તને નથી થયું ? તું આ વિષદૃષ્ટિમાં તેજ અને રત્નો ક્યાં જુવે છે !

નાગ, બળવાળી ચુડ ભરવી, આ બે જણની આશપાશ વીંટાયો અને તેઓ સામાસામી આલિંગન દેતાં હોય તેમ સજ્જડ ભીંડાયાં. ભીંડાયાં તેની સાથે કુમુદનું મંગળસૂત્ર સરસ્વતીચંદ્રના હૃદયમાં ચંપાયું ને તેની સાથે જ તે બોલી ઉઠ્યો.

" કુમુદ ! કુમુદ ! તું સત્ય કહેછે ! આર્યદેશના ખરા અને સનાતન મુકુટધર રાજાઓ તો આ નાગલોક જ છે ! આપણે જેમને રાજાઓ અને ચક્રવર્ત્તીઓ કહીયે છીયે તે તો નામના ! તેમના મુકુટમણિ બોટા ! શુદ્ધ મણિ તો આ રાજાઓના જ મુકુટોમાં છે તે હું હવે તહારી પેઠે દેખું છું ! હા ! શું સુન્દર દર્શન છે ?"

આ વચન નીકળતાં નાગની ચુડ છુટી, તેણે તેમને છોડી દીધાં, વિષવૃષ્ટિ શાંત થવા લાગી, નાગલોક વડવાઈઓ ઉપર ચ્હડવા લાગ્યા, અને સ્વપ્નનાં દમ્પતી આગળ ઉભેલા નાગરાજને સ્થાને મ્હોટો રત્નનો ઢગલો—અન્નકૂટ જેવો—ઉભો થયલો દેખાયો. એ ઢગલાના તેજ આગળ આ દમ્પતીનાં નયનમાં કંઈક ઝાંઝવાં વળવા લાગ્યાં. પળ પછી પળ જવા લાગી તેમ તેમ ચારે પાસની સૃષ્ટિમાં અદ્ભુત ફેરફાર થઈ જવા લાગ્યા. ઉપરની કાળી છતને સ્થાને સુન્દર રંગોથી રંગીન પણ પારદર્શક બીલોરની છત થઈ ગઈ ને વડવાઈઓ પણ બીલોરના ઝાડ પેઠે લટકવા લાગી. એ ઝાડમાં કાચના પ્યાલા, કાચનાં ઘડા, ને કાચની ત્રાસકો, ઝુલવા લાગી, ને તે સર્વમાં અમૂલ્ય સુન્દર રત્નો દીવાની ઉભી જ્યોતો પેઠે પ્રકાશી રહ્યાં. ઉપલી છત ને નીચલી ભૂમિકા વચ્ચે કોઈ વિશાળ સુન્દર વાડીઓ ખીલી રહી ને તેમાં સ્થાને સ્થાને સ્વર્ગના જેવા વૃક્ષો, કુણ્ડો, ફુવારા, ન્હાના ઝરા, ચિત્ર વિચિત્ર રંગોના ફુલથી લચી રહેલી વેલીઓ, ને ન્હાના કોમળ છોડવાઓ ઉપર બેહેલાં ફુલના ફાલ : એમ રમણીય સૃષ્ટિ દૃષ્ટિમાં અનેકધા અમૃત ભરવા લાગી.

કુમુદ૦– પ્રિય હૃદય! પેલી નાગલોકની ભયંકર સૃષ્ટિ ક્યાં જતી રહી

અને આ શું થઈ ગયું? પ્રદેશ એ નો એ છે ને તેમાંની સામગ્રી આ ટલી પલટાઈ ગઈ એ તે શો ચમત્કાર?

સર૦—જે નાગલોક વિષજ્વાલાઓને ઉરાડેછે તે જ નાગલોક આ મણિસંગ્રહને ધરેછે. જેની દૃષ્ટિમાં વિષ છે તેના દૃષ્ટિવિષની સામે નાગલોક વધારે બલવાન વિષ ઉરાડેછે ને વિષથી વિષનો નાશ કરેછે. જેની દૃષ્ટિમાં રત્નમય પ્રકાશ દીપેછે તેને નાગલોક આવાં મણિદર્શન આપે છે. સાત્વિક દૃષ્ટિને વિષ અને રત્ન ઉભયનાં દર્શન સાથે લાગાં થાય છે. આપણી માનુષ દૃષ્ટિએ પ્રથમ આ વિષનું દર્શન કરાવ્યું ને વિષવરના અસહ્ય બળનું સહન કરવામાં આપણાં હૃદય અદ્વૈત પામ્યાં. એ અદ્વૈતને બળે તહારાં પવિત્ર મંગળસૂત્રમાંના સ્પર્શમણિનો આપણે ગાઢ સ્પર્શ કર્યો, એ સ્પર્શમાં આપણું અદ્વૈત થયું, અને એ મણિને અને અદ્વૈતને પ્રતાપે અત્યારે આ પૂજનીય રત્નરાશિનાં દર્શન કરીયે છીયે.

કુમુદ૦—આ ઉપરના બીલોરમાંથી નીચેનાં રત્નો ઉપર ને વનસ્પતિઓ ઉપર સુંદર રંગનાં ચિત્ર પડેછે ને તેમની વચ્ચે સપ્તરંગી કિરણનાં જાળ ગુંથાય છે.[1]

સર૦—મહારો ચિન્તામણિ તને આ દર્શન આપે છે.

કુમુદ૦—ચારે પાસના પ્રકાશ વધારે વધારે સુન્દર થાય છે.

સર૦—પ્રિયદર્શી મહારાજની તેજસ્વિની છાયા સહસ્ત્ર વર્ષસુધી પ્હોચ્યા છે. આપણે દીઠા તે સર્વ નાગલોક આ છાયામાં જ પરિપાક પામેલા છે. ઉપર જો. આ સુન્દર છતની ઉપર આ તેજની છાયા જતી નથી ત્યાં નાગલોકના પ્રકાશનાં કિરણ, વૃક્ષની શાખાઓ પેહે, ઉંચાં પુટે છે, અને ઉપરથી જે જે રાફડાઓ ઉપર આપણે દૃષ્ટિ નાંખતાં આવ્યાં છીયે તે રાફડાઓના મૂળમાં આ કિરણ સ્ફુરે છે.

કુમુદ૦—એ મૂળ અસંખ્ય છે, મૂળે મૂળે મહાયજ્ઞોની વેદીયો દેખુંછું, વેદીયે વેદીયે પવિત્ર અગ્નિજ્વાળાઓ છે ને અગ્નિમાં—આ—શું હોમાય છે?

સર૦—યાજ્ઞકનાં જ સૂક્ષ્મ શરીરો હોમાયાં છે ને અનેક પુસ્તકોને અને અનેક વ્યવસ્થાઓને રૂપે તેમ એ યજ્ઞદેવની પ્રસાદી રૂપે ઉપર ભસ્મ ઉડેછે ને ચાર પાસની પ્રજા તેમાં નહાય છે. અનેક ઋષિજીવનના સૂક્ષ્મ હોમ આ સત્રાયણમાં થયા છે.

કુમુદ૦—આ નીચે જે ઉત્તમ શ્વેત પ્રકાશ છે તે ઉપર કેમ નથી જતો?

સ૨૦—બુદ્ધ ભગવાનનો પ્રકાશ આ વાડીમાંથી ધીરે ધીરે બ્હાર આકર્ષાય છે, ને આપણા પ્રદેશની નીચે પિતામહના મન્દિરના શિખરના સુવર્ણકલશ છે તેમાંથી કોઈ નવા પવન ને નવા પ્રકાશ આ શ્વેતપ્રકાશમાં થઈને છત ઉપર ચ્હડે છે. ઉપર જે દેખીએ છીએ તે આ બે પ્રકાશનું મિશ્રણ છે. આ નવા પ્રકાશના વેગથી આ શ્વેત પ્રકાશ મિશ્રરૂપે કેટલોક ઉપર ચ્હડે છે ને બાકીનો ચારે પાસ ઢોળાઈ જાય છે.

કુમુદ૦—આ આપણી પાસેના રત્નરાશિમાં પણ અનેક પ્રતિબિમ્બ દેખાય છે.

કુમુદે એ રાશિમાંથી પોતાના બે હાથ ભરી રત્ન લીધાં અને અંજલિમાં ઝાલી રાખી તેમાં ને ઉપરની છતમાં વારાફરતી જોવા લાગી.

સ૨૦— કુમુદ, એમાં જોજે ને જોતી જોતી ફ્હેજે. આજ યુરોપમાં જેવાં સંવનન અને પ્રીતિલગ્ન રચાય છે તેવાં જ આ આશપાશના આપણા દેશમાં થતાં નથી? ઉપર જે જ્ઞાતિયોના અનેક સ્તમ્ભ ને ચીરા જણાતા હતા તેને સ્થાને અંહી ચારેપાસ માત્ર એક જ પૃથ્વી જણાતી નથી? ત્યાગ, ઉદારતા, સાધુતા, દયા આદિ રંગની જ વૃષ્ટિ આ એકાકાર થયલી ધર્મભૂમિમાં થતી નથી? એ વૃષ્ટિનાં કલ્યાણફળથી લોક સમૃદ્ધ, તેજસ્વી વીર્યવાન્ ને યશસ્વી થતા નથી ?[1] કુમુદ, સૂક્ષ્મદૃષ્ટિથી રત્નાંજલિ જોઈ લે અને ત્હારા પ્રેમાળ હૃદયના ઉદ્ગારથી વર્ણવ.

---

1. This was the time of internal reform and foreigner's contact. A feeling of nation and national unity began to grow and culminated in the Empire of Asoka. We had Vikrama and Sálivahana at a later stage of this age, and the presence of the foreigner served to weld India into one nation, one empire, and one aspiration. The tribal feeling had disappeared, political circumstances developed a national feeling, and Buddha's religion created a cosmopolitan feeling, shook the foundations of the growth of the old four orders or classes, and called upon the Brahamana and the Sudra, the Aryan and the non-Aryan, man and woman, to join hands in one common creed and faith. The caste which had reached an inchoate or embryonic condition seemed crushed. He himself had set the example of diverging from tradition and heredity by giving up his kingdom and asserted the independence of the human soul against the conventional controls of patriarchs and heredity in professions and privileges. In their places he substituted the precept of love and rationalistic salvation. × × × The disintegration of family brought on the independence of the individual, and sons and wives began to work towards higher ideals for the emancipation of the individual soul from the stultifying influences of patriarchal control in matters intellectual and sentimental. If man thus rose in the

કુમુદ૦—હૃદયવલ્લભ! સર્વ ભારતવર્ષમાં એક જ—નહી મન્દ, નહી ઉગ્ર, એવો—રમણીય પ્રકાશ દેખું છું. નાનાં ગામડાંમાં ને મ્હોટાં નગરોમાં આનન્દનાં ગીત સાંભળું છું—સર્વત્ર સાંભળું છું. અરણ્યોમાં, પર્વતો ઉપર, નદીતીરે ને સમુદ્રતીરે, સાધુજનોની નિર્ભય નિરંકુશ કલ્યાણ ચર્યા, જ્યાં જોઉંછું ત્યાં, હૃદયને પ્રફુલ્લ કરેછે. મનુષ્યસૃષ્ટિના સ્થૂલ દેહમાં આરોગ્ય, વીર્ય, સુન્દરતા, ને સુઘડતા જોઉં છું. આજના આપણુ જાગૃત લોક તો પ્રમાણુમાં વામન, ક્ષીણ, ને રોગી છે; બાળક જેવા ઉપરના રાફડાઓમાં દેખાય છે; બુદ્ધિમાં, વિદ્યામાં, સાધુતામાં, પ્રીતિમાં અને સર્વ સદ્વસ્તુમાં પણ આ નીચેના પ્રતિબિમ્બિત લોકમાં ને આપણા હાલના લોકમાં એવાજ ફેર છે. સ્વામિનાથ ! ખરી મહાયાત્રાઓ તો આ લોક જ કરે છે. દક્ષિણમાં લંકા, જાવા, ને સુમાત્રા; ઉત્તરમાં ત્રિવિષ્ટપ (તીબેટ), ચીન, કન્દહાર, તાતાર, ને રોમ; પશ્ચિમમાં મિસરદેશ; પૂર્વમાં બ્રહ્મદેશ ને સીયામ; એ સર્વ દેશો સુધી પૃથ્વી ઉપર ને સમુદ્ર ઉપર ભારતવર્ષના પંડિતો ને વ્યાપારીયો દોડાદોડ કરી રહ્યા છે ને એમના રથ ને એમનાં વહાણ હું અંહીથી સંખ્યાબંધ જતાં આવતાં જોઉંછું ! ઓ મ્હારા વ્હાલા ! આ લોકની છાતીઓ કેવી ચાલે છે ? અને એમને ઘેર તો કંઈક જુદી જ સૃષ્ટિ દેખાય છે. ચાંદીના હીંદોળા ઉપર સંવનનથી પરણેલાં દમ્પતી ગામે ગામ ને દેશે દેશ દેખાય છે. કામદેવના બાણના ટંકાર, કામદેવનાં જય અને પરાજય, વૈભવ, સુખ, સમૃદ્ધિ, ભોગ, અને ત્યાગ : સર્વ દર્શન આ પ્રદેશમાં મનભર મનહર થાય છે. માતાપિતાની સેવા કરવામાં પરિશીલિત દમ્પતીઓ સ્થાને સ્થાને અદ્વૈતાભિલાષથી પ્રવૃત્ત થાય છે; ને માતાપિતા એ દમ્પતીઓની સેવાથી તૃપ્ત થાય છે પણ એ તૃપ્તિના કરતાં, પુત્રવધૂના અર્થ, કામ, ને સ્નેહ જોવામાં ને વધારવામાં ને પોતાનાથી સ્વતંત્ર થતાં જોવામાં વધારે આનન્દ માને છે. કોઈ કુટુમ્બમાં કલેશ દેખાતો નથી. સ્થાને સ્થાને અનાથ લોકની સેવા થાયછે. આ લોક દ્રવ્ય કમાતાં થાકે છે પણ તેનો પરમાર્થમાં વ્યય કરતાં થાકતા નથી. સ્થળે સ્થળે લોકનાં ટોળાં લોકની ચિન્તા કરી રાજાને સ્વસ્થ રાખે છે ને રાજાઓ પ્રજાનાં અનુરઞ્જનમાં જ તૃપ્તિ માને છે. ઋષિલોક અનેક વિદ્યાઓ સાધે છે, અનેક શાસ્ત્રોનાં લક્ષ્ય ઉપર દૃષ્ટિ કરી રહ્યા છે, શાસ્ત્રોની પ્રવૃત્તિ લોકસંઘના ઐહિક ને આમુત્રિક કલ્યા-

---

sphere of his importance to the nation, woman also rose in the sphere of her rule. She began to be adored with scientific and artistic chivalry by men, and we have precepts and applications of the science of refined love and courtship in this age in our country. (*Vairate Notes*).

ણ ભણી જ થાય છે. બાળક, તરુણ, ને વૃદ્ધ સર્વ અંહી પ્રફુલ્લ થાય છે. સ્ત્રી, પુરુષ, કુટુમ્બ, જનપદ, રાજા, અને રાજ્ય : સર્વમાં રસના, જ્ઞાનના, દ્રવ્યના, સાત્ત્વિક દૃષ્ટિના, અને સનાતન તેમ આર્ય ઉભય ધર્મોના, ઉત્કર્ષની જ્વાળાઓના કુણ્ડ સ્થાને સ્થાને દેખું છું. સર્વ સ્થૂલ સૂક્ષ્મ સૃષ્ટિ વીર્યવતી, સુન્દર, અને વર્ધમાન છે. કાલિદાસ અને ભવભૂતિ, વિક્રમ અને શાલિવાહન—અને એવી અનેક તેજસ્વિની છાયાઓને હું અંહી સ્વતંત્ર ચાલતી દેખું છું. ઓ મ્હારા વ્હાલા ! આ પ્રિય-દર્શનથી જે તૃપ્તિ થાય છે તેથી જ આજની યાત્રા સફળ થાય છે.

સર૦—તું જુવે છે તે સર્વ હું પણ જોઉંછું ને તહારી તૃપ્તિમાં સમભાગી થાઉં છું.

કુમુદ૦—હવે આ મ્હારા હાથમાંનાં રત્નો ઉપર તમે દૃષ્ટિ કરો—મ્હારા સ્પર્શમણિનો સ્પર્શ કરીને જુવો ને તમારા ચિન્તામણિની ચિન્તાનો તેને સમાગમ પમાડો. પૌરુષ અને સ્ત્રૈણ હૃદયના ગાઢ સર્વાંગી આશ્લેષ વિના એ સમાગમ દુર્લભ છે.

સરસ્વતીચંદ્ર તેમ કરી ઉભો ને કુમુદના કરપલ્લવને પોતાના લોચન સુધી લેઈ તેમાંનાં રત્નોને જોવા લાગ્યો.

સર૦—કુમુદ ! ઉપર પૃથ્વીના જે અનેક સ્તમ્ભ ને અનેક ચીરા છે તેને સ્થાને આપણી નીચે સ્વસ્તિક[1] ના આકારના ચાર ચીરા છે ને તેમની વચ્ચે પૃથ્વીના ચાર વર્ણ વાળા ચાર ભાગ છે. એક ભાગમાં શ્વેત વર્ણ છે, બીજામાં લોહિત વર્ણ છે, ત્રીજામાં સુવર્ણ છે, ને ચોથામાં શ્યામ વર્ણ છે. એ ચાતુર્વર્ણ્યના ચાર પ્રદેશ વચ્ચે ચીરા પડવા માંડ્યા છે; પણ તે વચ્ચે સ્થળે સ્થળે, ઝુલતા સુવર્ણરંગી પુલ બંધાતા જાય છે ને એ ચીરા પર કુદી જાય તેને તે પણ અનુકૂળ છે. આ પૂર્વ ભણીના પ્રદેશથી બુદ્ધ ભગવાનનો પ્રકાશ આવવા લાગે છે ને ચારે વર્ણની ધાતુઓને હિમની પેઠે ઓગાળવા લાગે છે. આશપાશની ભેખડો ચીરાઓમાં ધસી પડતી દેખું છું. અને અંતે આપણી નીચે એ પૃથ્વી એકાકાર થઈ ગઈ દેખાય છે.

કુમુદ૦—તો ઉપર આપણે પાછા ચીરા ને કડકા શાથી દીઠા ?

સર૦— આ છતની ઉપર થોડે સુધી જેવું સુન્દર દર્શન છે તેવું જ

---

૧ સાથીયો.

બીભત્સ ચિત્ર તેથી ઉપર છે.* પ્રીતિયજ્ઞને નામે ભ્રષ્ટ દમ્પતીઓ પિતૃયજ્ઞ-
ની વેદીઓને તોડી પાડે છે, ને સ્થૂલ શરીરની તામસી વૃત્તિઓમાં લીન
થઈ જાય છે તે—ઓ—પેલા મ્હેં પ્રથમ બતાવેલા સત્રાયણના ભસ્મના
ગોટાની પાછળ આ સ્થૂલ પ્રીતિવાળાં પશુઓનાં ટોળાં મસ્તી કરી રહ્યાં
છે. જેવાં તે તેવાં માતાપિતા થતાં દેખાય છે ને આ સર્વ ભ્રષ્ટાચારને
અટકાવવા, નાગલોક ચારે પાસે દોડેદોડ કરી રહ્યા છે[૧]! ક્ષુદ્રમનુષ્યની
વાસનાઓને શાંત કરવા ને શાંત ન થાય તો નષ્ટ કરવા સુધીની
ધારણા કરી, નાગલોક એ મનુષ્યોની દૃષ્ટિઓ અને વાસનાઓ
ભણી પોતાના વિષની વૃષ્ટિ કરી રહ્યા છે! આહા! એ વૃષ્ટિજલ
ભયંકર થાય છે. રસમાત્ર અને સ્ત્રી માત્રનાં મનોરાજ્યના પાયા

---

* Buddhism failed just where it succeeded. It destroyed tradition, had no tradition of its own, had no positive side beyond the cure of evils, and its missionaries found that the popular warmth was cooling with the lapse of time. At the same time, its social reconstruction led to freethinking in social and domestic matters. The earlier literature of the Reconstruction period shows the passing of the people into conditions where realism and materialism preponderated . . . . . Prostitution became a popular institution without any feeling of repugnance. Nay, prostitutes were frequented as repositaries of art and learning. Gallantry becomes rampant at wells and tanks, and at inns and places of recreation *frequented by private ladies and travelling lovers.* The times go down until they reach the age of open grossness, libidinous sensualism and hard drinking. (*Private Notes.*)

૧ The wiser and cooler heads in the country longed for a remedy, and the age of reconstruction was followed by the age of reaction. . . . . Child-marriages, seclusion of women, perpetual widowhood, and a lot of other things now known to us were accepted by this age to cure itself of the loathsome moral diseases which the methods of the age of reconstruction had brought into our Indian world as their latest results. The reactionary leaders attempted to stem the tide of moral debasement at its very source. They destroyed the temptations to man and woman in the name of love and courtship by ordering the disposal of girls before the age that would victimise them to the grossness and licenses of the age of libertines who shock our sense in the latest Sanscrit literature . . . . The reactionary leaders introduced these and other drastic measures, to rid the land of the moral debasement that had become rampant in the land as the result of the riches, luxuries, free-thought and free-living, which the growth and prosperity of the Indian Empire had introduced among the people—among whom the individual had been asserting himself over the family as the family had asserted itself over the tribe. Similar circumtances transformed the Romans of sterner virtues into the Romans of

આ વિષની તીવ્રતાથી દળી પડે છે ને તેમની પ્રીતિની સૃષ્ટિ વરાળ જેવી થઈ કંઈકે ઉડી જતી હું દેખું છું. સટે પ્રીતિનાં અનભિજ્ઞ બાળકોને પરણાવવા માતાપિતાઓનાં હૃદય કુદકારા મારેછે. અહો! વિષ અનેકમા લીલું છમ જેવું થાય છે ને સંસારના શરીરને આટલી હાનિ પહોંચાડે છે અને તે જ વિષ પેલા સ્થૂલ થઈ જતા સંસારના દેહની ભ્રષ્ટ થઈ જતી પ્રીતિની અનાચાર ભરેલી નસોમાં વ્યાપી જાય છે ને એ શરીરનો સમૂળો નાશ કરે છે! આહા! ધૈર્ય, સ્થૈર્ય, ચાતુર્ય, અને વીર્યવાળા વૈદ્યોનું કામ કરવા મંડી જતા નાગલોક ચારે પાસના સંસારને ઝાપટે છે, જેને તેને દંશ દેછે, અને એ સંસારની નસોમાં વહેતું, માંસરુધિરમાં ભરાયલું, અને વાત-પિત્ત-કફને દુષ્ટ કરનારું સર્વ રોગ-વિષ પોતાના લીલા વિષવડે નષ્ટ કરી દેછે ને આ રોગી દેશના રોગી લોકમાં નવી જાતનું આરોગ્ય ને નવું બળ આપે છે. કુમુદ! તહારા સ્પર્શમણિની શક્તિથી નાગલોકના વિષમાં પણ આવું સુન્દર ફળ દેખાય છે.

કુમુદ૦—સ્વામિનાથ! આપણામાં પણ કંઈકે એવો જ રોગ દેખીને જ નાગલોકે આ વિષવૃષ્ટિ આપણા ભણી કરી દેખાય છે!

સર૦—એમજ!

બે જણના હૃદયમાંથી આ ઉદ્ગાર થયા તેની સાથે જ રત્નરાશિમાંથી મધુર અને ગમ્ભીર સ્વર નીકળવા લાગ્યો, અને કુમુદના હાથમાંનાં રત્ન પણ દિવ્ય વાણી વડે તેમાં ભળવા લાગ્યાં.

"સાત્વિક દૃષ્ટિનાં અધિકારી માનવીઓ! જે માનવી પારકા ગુણ "અને પોતાના દોષ દેખી શકે છે તે આવી દૃષ્ટિનાં અધિકારી છે. તમે તેવા

---

imperial luxuries when they fell into the abyss of vices which made the empire fall. The Moghals of Babur and Akbar fell under similar transformation in the time of Alamgir. The national life of a great people which was so crushed out at Rome and among the Romans by the want of the moral physician and physic, was also threatened by a similar plague at the close of our reconstruction period. But the physicians were ready in India, and the leaders of the reactionary period took upon themselves the cure of the country by utilizing the socialistic forces which were never extinct among their nation. The self-isolated higher castes with their gorgeous equipments of new marriage laws and new social adjustments were made to crop up in the land to rid it of the new plague. Their physic subordinated the individual to the family, and the family to the caste, and the power of individual intellect and will to do mischief to the system was nipped in the bud with a set purpose.—(*Private Notes*).

" અધિકાર પ્રાપ્ત કરેલો છે તો અમ રત્નલોકની દીન વાણી શુણો! ઉપરના
" યજ્ઞોના ભસ્મરાશિ ને ધુમાડાના ગોટા ઉપર નાગલોકના વિષથી સર્વત્ર
" આરોગ્ય થતું તમે દીઠું—એ આરોગ્ય વિષ અને રત્નના, એક શિરમાં,
" સમાગમથી થયેલું છે. એ આરોગ્યકાળનો પ્રકાશ પેલા ભસ્મથી અને
" ધુમાડાથી પણ ઉંચે બંધાયલો છે. અમારા કિરણથી એ પ્રકાશ વીર્યવાન્
" હતો અને મણિધર વિષધરોના વિષની કૃપાથી એ પ્રકાશના શત્રુ ધ્વસ્ત
" હતા. એ પ્રકાશના કાંળા ઉપર તમે બીજું મલિન મૃત્તિકાનાં પડ જોશો.
" એ પડ તમોગુણના ઉજ્જૃંભણથી બંધાયાં છે ને ભરેલાં છે. આ સ્થાનના
" વિષધરોનું વિષ એટલે દૂર સંપૂર્ણતાથી પ્હોચી શકતું નથી અને
" અમારો પ્રકાશ પણ ત્યાં પૂર્ણ શક્તિથી જઈ શકતો નથી. વિષજ્વાળાઓ
" જે અન્ધકારને અને તમોગુણને ભસ્મસાત્ કરતી હતી તે અન્ધકાર
" અને તમોગુણ આ પડમાં નિરંકુશપણે નિષ્કંટક વધ્યાં જાય છે
" ને તેના રાફડા બંધાયલા તે જ તમે ઉપર પ્રત્યક્ષ કર્યા છે. આ તમો-
" ગુણના ધસારાથી પ્રાચીન ચાર ખડકોની વચ્ચેના ઝુલતા પુલ તુટી
" જાય છે, ખડકો કમ્પે છે, એક બીજા સાથે અથડાય છે ને પછડાઈ
" તે સર્વના કડકા પડે છે. જ્ઞાતિઓના કડકા ને તેમની વચ્ચેના
" ચીરા આમ એ જ તામસી શક્તિથી થયા છે ને વધ્યાં ગયા છે.
" અમ વિષધર—મણિધર—લોકની દૃષ્ટિ તો છેક ઉપર સુધી આકાશ-
" સુધી પ્હોચે છે અને આ યુગના લોક અમારો તિરસ્કાર કરે છે, વિડમ્બ-
" ના કરે છે, ને અમને ગાળો દેછે તે સર્વ અમે આ સ્થાનથી જોઈ
" શકીયે છીએ. પણ તેમનો પ્રતીકાર આટલે દૂરથી કરવા અમે સમર્થ
" નથી. જો તમે તે લોકનાં માનવી હો ને એ લોકમાં પાછાં જાવ તો
" અમારાં વિષનું અને રત્નનું સમર્થન કરજો. જો કોઈ યુક્તિયોથી અ-
" મારી બાંધેલી રંગીન પ્રકાશવાળી પ્રનાલિકાઓના રંગ દેખો તો તેમને
" અમારા મણિપ્રકાશનો સમાગમ કરાવજો. જો એ પ્રનાલિકાઓમાં
" ફરતાં અમારા વંશનાં પણ અધોગતિ પામેલાં અળશીયાં દેખો તો તે-
" મને અમારા મણિનું અને વિષનું પ્રતિભાન આપજો ને અમારી પ્રણા-
" લિકાઓનું સત્વ ફુલાઉતાં શીખવજો. એ તામસી દૃષ્ટિના દેશના અન્ય
" જીવો એ રાફડાઓની માટીમાં ઉધાઈ ચંપાઈને અને એ માટી ખાઈ-
" ને અંતે નષ્ટ થઈ જતે માટી થાય છે; તે જન્તુઓને અમારી પ્રણાલિ-
" કામાંથી અમારા પ્રકાશનું ને અમારા વિષનું સત્ત્વ ધીમે ધીમે થોડું
" થોડું કે ટીપે ટીપે પાજો. જ્યાં સુધી આ સર્વ સ્થાનમાં અમારી દૃષ્ટિ

" પ્હોચે છે ને અમારાં નામની કીર્ત્તિ સમજી કે અણસમજી થાય છે ત્યાં
" સુધી અમારા સામર્થ્યનાં અંકુર સફળ કરવાની અમે કંઈકે આશા રા-
" ખીએ છીયે અને જ્યાં સુધી એવી એવી આશા રાખીયે છીયે ત્યાં સુધી
" આ વડવાઈઓને અમે નાગલોક વળગી રહીશું ને ઊર્ધ્વદૃષ્ટિ રહી અ-
" મારાં વિપની ને પ્રકાશની જ્વાલાઓ ઊર્ધ્વગામિની કરી રાખીશું ને
" પુવારાની પેઠે ઉંચી ફેંકયાં કરીશું. સહસ્ત્ર વર્ષોથી અમે માત્ર
" પવનનું—સંસારને જીવન આપનાર અદૃશ્ય વિદ્યાપવનનું—ભક્ષણ કરી
" આ વડવાઈઓને બાઝી રહ્યા છીએ તે આરંભેલા કામનો ત્યાગ ભય-
" થી કે અસમ્યદૃષ્ટિથી કરવાના નથી. ગમે તો રાફડાઓની માટીના કા-
" ચા પથરા થઈ જશે એટલે તે પરહસ્તથી ભાગશે પછી અમારી દૃષ્ટિ
" બંધ થઈ જશે, અને ગમે તો એ રાફડાઓને કોઈ નવા યુગનાં મનુ-
" ષ્ય ઓગાળશે ને અમારી પ્રણાલિકાઓ કરતાં વધારે વીર્યવતી પ્રણા-
" લિકાઓને બાંધશે ત્યાં સુધી અમે નાગલોક આવું જ તપ કર્યા કરીશું
" ને તે પછી જે મહાન્ વડમાંથી આ વડવાઈઓ નીકળી છે તેના ઉપર
" થઈને એ વડના થડ ઉપર જઈશું ને ત્યાંથી તેના મૂળમાં આ નીચેની
" ભૂમિકામાં અમારા પિતૃલોકના અધિષ્ઠાતા શેષનાગમાં લીન થઈ જઈશું;
" ત્યાં સુધી અમે અમારા તપનું અને મહાયજ્ઞનું સમાવર્ત્તન નહી કરીયે.
" માનવીઓ! આ ઉપરની તામસી સૃષ્ટિના મળથી ને વિષથી લિપ્ત થવાનું
" ભય તમને ન હોય તો પિતામહનાં દર્શન કરવા પ્હેલાં એ સૃષ્ટિમાં પણ
" તમે જઈ આવો, ને જો એ ભય તમને હોય તો આ મણિરાશિ ઉપર
" છતમાં અમારા પ્રકાશનો સ્તમ્ભ ઉંચો ચ્હડે છે તેમાં દૃષ્ટિ કરશો તોપણ
" થોડું ઘણું જોઈ શકશો."

રત્નરાશિની વાણી શાંત થઈને બે જણની પાસે રત્નરાશિમાંથી ચ્હડતો પ્રકાશસ્તમ્ભ રહ્યો[1]. સમુદ્રમાંથી વાદળીયો પાણી પીતી ફ્હેવાય છે ને પાણી ઉંચું ચ્હડે છે તેના જળસ્તમ્ભ થાય છે તેવા આ પ્રકાશસ્તમ્ભમાં થઈને રત્નાકર જેવા રત્નનિધિનો પ્રકાશ ઉંચે ચ્હડતો હતો. તેની વચ્ચે બે જણ ઉંચું જોતાં જોતાં ઉભાં રહ્યાં ને તેની સાથે જ એ પ્રકાશના ઊર્ધ્વ વેગથી ધક્કેલાઈ ઉપર ઉડ્યાં ને પાંખો કામ લાગી.

રાફડાઓને મથાળે જે સ્થાનથી પોતે પ્રથમ અંતર્ભાગમાં આવ્યાં હતાં તે સ્થાન ઉપર આ તેજના ધક્કાથી બે જણ આવીને ઉભાં ને ઉઘાડા આકાશના પ્રકાશ અને પવનથી સ્વસ્થ થયાં. રાફડાના દ્વીપની આશપાશ પિતામહના તેજોનિધિનાં મોજાં ઉછળતાં હતાં ને તેની લ્હેરોથી નવીન

શાંતિ વળવા લાગી. બે જણ સાથે સાથે બોલ્યા ચાલ્યા વિના લહેરો ભોગવતાં બેઠાં. થોડીક વાર પછી સરસ્વતીચંદ્રે કુમુદને બબે હાથ મુકી કહ્યું.

" કુમુદ, આ આપણી પાસેની માટી હાલે છે ?"

"હા."

બે જણ ઉભાં થયાં. થોડી વારમાં હાલતી માટીમાં પાવડો હાલતો જણાયો, ને એક મ્હોટા કોતર જેવું છિદ્ર પડ્યું. તેમાં કેટલાક જન્તુઓ દેખાયા. તેમની આશપાશ નાગલોકવાળા પ્રકાશસ્તમ્ભનો અમ્પાર જળહળી રહ્યો ને જન્તુઓમાંથી કેટલાંકની છબીઓ તો કેટલાંકનાં સ્વરૂપ સરસ્વતીચંદ્રને ઓળખીતાં લાગ્યાં.

" કુમુદ! કુમુદ ! આ તો આપણા સુધારાવાળા મિત્રોનું પ્રતિબિમ્બ છે.
" જો ! જો ! આ માટીને શુદ્ધ કરવાને, આ માટીમાંના કૃમિગણને સચે-
" તન કરવાને, આ ચેતન જન્તુઓ કેવો સુન્દર પ્રયત્ન કરે છે ?—અરે
" પણ માટી તો છે ત્યાં ની ત્યાં ને તેવી ને તેવી જ રહે છે....આ જન્તુઓ
" નો પ્રયત્ન નિષ્ફળ થાય છે, તમોગુણનો નિકાસ થતો નથી, ને કંઈક
" નિમિત્ત કોલાહલ કાને આવે છે."

કુમુદ૦—જુવો, જુવો, તેમનાં આયુષ્ય પાણીના રેલા પેઠે માટીમાં લીન થાય છે ને માટીથી અચેતન રત્નો લીંપાઈ જાય તેવી આમની દશા થાય છે. આપણે એમને માટે શું કરીએ ?

સર૦—આ તો આપણે માત્ર પ્રતિબિમ્બ જોઈએ છીએ. પ્રતિબિમ્બ ઉપર દયા નિરર્થક છે. પણ જોલો કોલાહલ વધે છે. આ રત્ન જેવા જન્તુઓની આશપાશ કોઈક સ્થાને માટી તો કોઈક સ્થાને વિષજ્વાલાઓ ફરી વળે છે.

કુમુદ૦—એ તો સમજાયું. આ જન્તુઓને જરાક સૂક્ષ્મ દૃષ્ટિથી જુઓ. તેમને મુખ ને જિવ્હા પૂર્ણ છે પણ કાકદૃષ્ટિ પેઠે બે આંખો વચ્ચે ફીકી[1] એકજ છે. આ રાફડા ઉપરના આકાશમાં કપિલોક દિવ્ય ઔષધિયો લેઈ વાદળાં પેઠે આવજા કરે છે તેમાંથી સરી આવતા પરાગ એ ફીકીયોમાં ભરાય છે ને તે પરાગનાં પડ આ જન્તુઓની એકની એક ફીકીયો ઉપર બંધાય છે એટલે એમને દૃષ્ટિવિકાર થાય છે. ઓ પ્યારા વહાલા ! આ રત્ન જેવાં જન્તુઓની આંખોનાં પડ દૂર કરો ને એમને બીજી ફીકીયો પણ પ્રાપ્ત કરાવો.

---

૧ એકૈવ દૃષ્ટિઃ કાવક્ષ્ય એવો પ્રાચીન મત છે. તેપ્રમાણે કાગડાની એકજ ફીકી ઘડીકમાં એક આંખમાં જાય ને ઘડીકમાં બીજીમાં આવે.

સર૦—જેવી રીતે કપિલોકની પાસેથી પડેલો પરાગ તેમની આંખોમાં પડે છે તેવી જ રીતે અને પરાગની સાથેજ નાગલોકનો મણિપ્રકાશ તેમની આંખોમાં પડશે ત્યારે આમની અકેકી ઝીકીની દૃષ્ટિ શુદ્ધ થશે. ને એથી વધારે દુર્લભ સાત્ત્વિક પ્રકાશની પ્રાપ્તિ વિના બીજી ઝીકીયો આવવી તો અશક્ય છે.

કુમુદ૦—આ કોલાહલ શો છે?

સર૦—આ જન્તુઓને અકેકી આંખ છે ને બીજાં જન્તુઓ તો કેવળ અન્ધ જ છે ને થોડાંક જન્તુઓની ઝીકીયો ઉંધી પુતળીની અવળી છે; તે સઉની ભોંડાભીંડમાં એક બીજા સાથે અથડાય છે, લહડી મરે છે, ને કોલાહલ કરેછે.

કુમુદ૦—અવળી ઝીકીયોવાળાં કોણ છે ને અન્ધ કોણ છે?

સર૦—નાગલોકની રચેલી રંગીન પ્રણાલિકાઓમાં જતાં આવતાં જન્તુઓની ઝીકીઓ વસ્તુઓના સ્થિતિના વ્યુત્ક્રમ દેખે છે અને એ સાંકડી પ્રણાલિકાઓનાં પ્રતિબિમ્બ વિનાનાં અન્ય સત્ત્વનું એમની ઝીકીયોમાં પ્રતિફલન થતું નથી. બાકીના જન્તુઓ તો તામસી વૃત્તિના રચેલા અજ્ઞાનથી જ અન્ધ છે. તેમની ગતિથી માટીમાં ચીલા જેવી રેખાઓ પડે છે ને તેમાં થઈ અન્ય એવાં જન્તુઓ, ઝીડીયો પાછળ ઝીડીયો જાય તેમ, ચાલે છે. તેમને તો માટીનું જ ભક્ષણ છે ને માટીમાં જ જીવન છે. તેનાંના કોઈકે જીવો આ અવળી ઝીકીવાળા જીવને સુંઘી સુંઘી તેમની પાછળ પાછળ જાયછે અને કોઈકે જીવો પેલા એક ઝીકીવાળા જીવોની પાછળ ચાલ્યા જાય છે, ને નાગલોકનું વિષ આમનાથી ઝરવાતું નથી ને જીભ ઉપર પણ લેવાતું નથી એટલે એ સર્વ જીવો ગમે તો આયુષ્ય ખુટતા સુધી વિષદંશથી દુઃખી રોગી થાય છે ને ગમે તો એ વિષની દુઃસહતાથી એમનાં સ્થૂલ સૂક્ષ્મ શરીર આ માટીને પણ ભ્રષ્ટ કરનાર સ્વરૂપમાં પરિણત થાય છે.

કુમુદ૦—આ દેખાવ અતિકરુણ છે.

સર૦—તો પણ તેમાં એ સાત્ત્વિક તેજની પ્રણાલિકાઓ જણાય છે ને ભાગ્યબળે તેમાં આવી જતાં જન્તુ એટલી વાર સુખી અને શાંત થાય છે.

કુમુદ૦—પેલી પ્રણાલિકા સામે ચળકે છે તે શ્વેત છે.

સર૦—હા, પણ એની ચારે પાસ પેલી માટીનો ધસારો થાય છે.

કુમુદ:૦— અરે ! એ શ્વેત પ્રકાશ ચંપાઈ જશે: સ્વામિનાથ ! એ ભયમાંથી એને ઉગારો.

સરસ્વતીચંદ્ર સ્મિત કરી બોલ્યોઃ " શ્વેત પ્રકાશ એમ ચંપાતા નથી- એ પ્રકાશ તો આ માટી નીચેથી ઉપસીને ઉપર આવે છે ને એ પ્રકાશને માર્ગ આપવા તેના ઉપરથી ખસી જઈ માટી આશપાશ વેરાઈ જાયછે. જો, જો, કુમુદ ! એ સ્થાનેથી આ પ્રકાશના અંકુર ફૂટે છે—જો—જો !!"

કુમુદ એકદમ ચમકી ઉભી થઈ.

" ઓ મ્હારા વ્હાલા ! એ તો મ્હારી ગુણીયલની અને મ્હારા પિતાની છાયાઓ ! એ અંહી ક્યાંથી ? "

સર૦—ને તેની પાછળના કોતરમાંથી બુદ્ધિધનભાઈની છાયા ઉંચી આવે છે ! આ સઉ પેલા પાવડાની શક્તિથી પ્રત્યક્ષ થાય છે. આ પવિત્ર પૂજ્ય મૂર્ત્તિઓને પ્રણામ કરી ઉભી રૂહે—એ છાયાઓ આપણા ભણી આવેછે.

પ્રથમ છાયા ગુણસુન્દરી અને વિદ્યાચતુરની આવી. વિદ્યાચતુરના હાથમાં એક મ્હોટો ગોળો હતો તેમાં રત્નનગરીનું રાજ્યતન્ત્ર નકશાના ચિત્ર પેઠે ઉપસેલું હતું અને તેના ભણી અચુક દૃષ્ટિ રાખી એ ચાલતો હતો. ગુણસુન્દરી ઘડીક એની પાછળ ચાલતી હતી, ઘડીક જોડે ચાલતી હતી, ને ઘડીક આગળ ચાલતી હતી. પણ એની દૃષ્ટિ વિદ્યાચતુરના ઉપર જ રૂહેતી ને એના હાથમાંનો ગોળો પડી જાય નહી અથવા એ પોતે એના ભારથી કે શ્રમથી પડી જાય નહી એટલી એની—એ સ્વામીની—વ્યવસ્થા રાખતી હતી. એ બે જણની આગળ એમની બીજી મ્હાની છાયા, વૃક્ષની છાયા પેઠે, લંબાતી હતી અને તેમાં એક સુન્દર ચિત્ર ચાલતું હતું. એ ચિત્રમાં ગુણસુન્દરીનું કુટુમ્બજળ રાફડાના જન્તુઓ પેઠે તરવરતું હતું ને સર્વની વચ્ચે એક વેદી ઉપર ગુણસુન્દરી બેસીને સતીની પેઠે બળતી હતી. એના બળતા શરીરમાંથી ઉકળતી અમૃતધારાઓ ઉડતી હતી ને પેલાં કૃમિગણના મુખમાં તે જાય એવો પ્રયત્ન ગુણસુન્દરી કરતી હતી. તે ધારાના અમૃતધાવણના અતિલોભથી એ ધારાને ન સ્વીકારી ગુણસુન્દરીના શરીરને જ એ કૃમિગણ વળગી જતા હતા ને અમૃત ચુસવા ચટકા ભરતા હતા. એ સર્વ તપની તપસ્વિની ઉપર અગ્નિની જ્વાળાઓ ઉંચી અને લાલ થઈ સળગતી હતી ને આકાશ સુધી એ પ્રતિબિમ્બનું પ્રતિબિમ્બ પડતું હતું. આવી છાયાને આગળ ચલવતી વિદ્યાચતુર અને ગુણસુન્દરીની છાયાઓ કુમુદની પાસે આવી. કુમુદ તેમને હાથ જોડી શિરવડે

પ્રણામ કરી ઉભી રહી ને છાયાએા ચાલી ગઈ. તેમની પાછળ માત્ર ગુણસુન્દરીના સ્વરના ભણકારા રહી ગયા તેમાં " કુમુદ ! મ્હારી કુમુદ !" એટલા અક્ષર લંબાતા હતા. આ ચિત્ર જોઈને અને સ્વર સાંભળીને કુમુદ ગળગળી થઈ ગઈ. સરસ્વતીચંદ્રને કંઈક કહેવા જાયછે એટલામાં બુદ્ધિધનની છાયા આવી. પ્રથમ તેા મ્હોટા નહાના કૃમિયેાનું જળ બાઝયું હતું, તેમાં જડસિંહના દરબારનું, શઠરાયનું, ભૂપસિંહનું, અને બુદ્ધિધનનું પેાતાનું મંડળ, સર્વ—કૃમિરૂપે, તીડેાના વાદળારૂપે, તરવરવા લાગ્યું અને તેની વચ્ચેથી સર્વના શિરપર ચ્હડી બુદ્ધિધનની છાયા, કેાડીયામાંના દીવાની જ્યેાત પેઠે, ઉભી થઈ પ્રકાશવા લાગી. એના એક હાથમાં એક જન્તુ હતેા તે સ્પષ્ટ જોતાં પ્રમાદધન દેખાતેા હતેા. બુદ્ધિધને પેાતાના હાથમાં લેઈ દૂર—તેજની નીચેના અંધકારમાં—તેને ફેંકી દીધેા ને પેાતે પેાતાના મુખથી માત્ર " કુમુદસુન્દરી ! તમારા શત્રુને આ શિક્ષા ! " એવેા ઉચ્ચાર કરતેા હતેા. એની પાછળ સૌભાગ્યદેવી સિદ્ધાંગનારૂપે આકર્ષાતી ખેંચાતી ચાલતી હતી અને એની વચ્ચેના તેજના પટમાં હાથવડે કંઈક દિવ્ય ચિત્ર વણતી હતી.

આ છાયાએા આમ ચાલતી ચાલતી સરસ્વતીચંદ્ર અને કુમુદની પાસે થઈને ગઈ અને પિતામહકુંડની વચ્ચેના તેજનાં મેાજાં ઉપર ચાલવા લાગી. થેાડી વારે રાફડામાંથી ઉંચી ચ્હડી બીજી પણ એવી અનેક છાયાએા આવી ચાલી ગઈ. મેનારાણીની છાયા કાળાં વસ્ત્ર પ્હેરી શેાકભરી આકાશમાર્ગે ચાલી ને તેની પાછળ પાછળ સિદ્ધસ્વરૂપે મલ્લરાજ મહારાજ એક કમળ હાથમાં રાખી એને મેનાના હૃદયકમળમાં અરકાડતા હતા અને કમળના અગ્ર ભાગમાંથી ગાન નીકળતું હતું કે—

" શંખ ધરે રિપુ-હૃદય-વિદારણ જે ત્રિભુવનનેા નાથ,

" ભક્તહૃદયના સાન્ત્વન કાજે પદ્મ ધરે તે હાથ !

" મેના ! તહારી પ્રીતિ છે જ સનાથ ! "

વળી થેાડે છેટે ચન્દ્રલક્ષ્મીની સિદ્ધ મૂર્ત્તિ પેાતાના હાથમાં લક્ષ્મીનન્દનની શીર્ણ છાયાને સુતેલી લેઈને ચાલતી હતી અને પેાતાના મુખમાંનેા જૈવાતક ઉચ્છ્વાસ એ છાયાને જીવ આપવા તેના મુખમાં ધીમે ધીમે ફુંકતી હતી. આ વિના પણ બીજી અનેક છાયાએા રાફડાઓમાંથી નીકળવા લાગી અને તેમની પાછળ રાફડામાંની નલિકાઓમાં થઈને ભેરીનાદ નીકળતેા હતેા કે—

"રાક્ષસોને તોડી પાડવા ઇચ્છનારાં મનુષ્યો ! આવી આવી સાત્વિક છાયાની રત્નમૂર્ત્તિઓ નાગલોકના મણિપ્રકાશથી અમારા હૃદયમાં ભરેલી છે ને રાક્ષસોને કે અમને તોડી પાડતાં તે પણ ચગદાઈ ચંપાઈ જશે ! માટે જે કરો તે વિચારજો ! આવી મૂર્ત્તિઓ તમે જાતે ઉભી કરો તે પછી જ અમારો ધ્વંસ ધારજો ! રાક્ષસો છે તો અમે છીયે ને એમનો નાશ કરવામાં પણ સાત્વિક દૃષ્ટિ નહી રાખો તો હાથે ખોયેલાં રત્ન તમો ફરી પામવાના નથી ને નાગલોકની શક્તિ તમારામાં આવવાની નથી !"

આ સ્વર બંધ થયો ત્યાં રાક્ષસોએ ખડખડ હસી પડતા હોય તેવો નાદ થયો ને તેની સાથે તેમાંથી રેતી ને પથરા ઉછળવા લાગ્યા ને અંતે સ્વર થયો કે—

"રત્નનલિકાઓ ! તમે સ્ત્રીજાતિ છો તેથી આ મિથ્યા ભયથી કંપોછો ! તમને ને અમને તોડનારાની શક્તિ જેવી હોય તો જુવો આ કાણા કૃમિલોકની દશા !"

આ સ્વર પણ બંધ પડ્યો ને તેની સાથે અનેક મનુષ્યો લોહના કુહાડા લેઈ રાક્ષસોએ ઉપર તીવ્ર પ્રહાર કરતાં જણાયાં. પણ જ્યાં તેઓ કુહાડાથી ઘાડો પાડે ત્યાં તેની સાથે ચારપાસથી માટી ધસી પડતી હતી, એ માટી ખાડામાં પુરાઈ જતી હતી, અને ખોદનાર મૂર્ત્તિઓ પણ એ માટીમાં ખસી પડી કળી જતી હતી અને માટી બહાર તો માત્ર કોઈકિ કુહાડાની ધાર તો કોઈકિ કુહાડાનો હાથો, કોઈકિ મનુષ્યના વાળ તો કોઈના હાથ ને કોઈના પગ, એવો હૃદયવેધક દેખાવ દેખાતો હતો. આ જન્તુઓની પાછળ આકાશવાણી થતી હતી—

"Martyrs of Truth, Righteousness, and Purity !
"It is resultless and needlessly dangerous to delve
"these hollow crumbling all-absorbing hillocks.
"Follow rather the lights that have created them ;
"and the hands, that have evolved them by some
"stern decree of fate, will help you right loyally in
"transforming them into such purer, sounder, and
"beneficent shapes as all will hail. Bring but the
"rich chemicals that will melt and not destroy these
"sandy piles. Bring but the patience, the per-

" severance, the skill, the art, and the science, that will
" melt these ancient sands and earthworks which a
" seeming maniac has laboured to build up for ages,
" and out of them this nation will find a vast aur-
" iferous yield, and the sandy alloy will evaporate."

આ સ્વર સરસ્વતીચન્દ્ર સાંભળ્યો તેની સાથે સાથે એનું હૃદય ધડકવા લાગ્યું ને ત્યાં હાથ મુકતી કુમુદનું હૃદય પણ ધડકવા લાગ્યું. બે જણ ઉઠ્યાં ત્યાં સર્વ સ્વર શાંત થઈ ગયા અને છાયાઓ એક પછી એક અદ્રશ્ય થઈ જવા લાગી. સર્વને અંતે લક્ષ્મીનંદનની છાયા, તેની પાછળ બુદ્ધિધનની છાયા, ને તેની પાછળ વિદ્યાચતુરની અને ગુણસુન્દરીની છાયાઓ એકલી પોતપોતાની સિદ્ધ સહચારિણીઓ સાથે તેજના કુણ્ડ ઉપર અટકી ઉભી. અટકતાં અટકતાં વિદ્યાચતુરની છાયા, ગુણસુન્દરીની છાયાને ઉઠાડી ગાવા લાગી. સરસ્વતીચન્દ્ર ને કુમુદ હાથ જોડી પ્રણામ કરી સાંભળતાં ઉભાં.

" તપ્યાં તપ તહેાય હરિ ક્યાંથી ?
" જપ્યા જપ તહેાય હરિ ક્યાંથી ?
" ન પૂજાથી, ન તીર્થોથી,
" મળે એ ! વ્હાલીં, લે શોધી.
" ખમી તેં કષ્ટ, દીધ સુખેા !
" હણ્યાં સર્વે તણાં દુઃખેા !
" ન યશ એમાં જરી લીધેા,
" હૃદયનેા ઘા ખમી લીધેા.
" મુકયેા સહુ સ્વાર્થને આધેા,
" જુવાનીનેા ત્યજ્યેા વ્હાવેા !
" લડાવીં ન રંક પુત્રીને,
" ન સંભારી જ જનનીને.
" તપ્યું તપ એ અહેાનિશ,
" જપ્યેા જપ કર્મ-જગદીશ !
" મનસ્વિની ! યેાગિની ! બાલા !
" મને તુજ યેાગ આ વ્હાલા!
" હરિ ! તહારા હૃદયમાં એ !
" સદા તું પૂજજે એને !

" બીજાંનો ઈશ છે બ્હાર,
" ગુણીયલ ઈશમાં માય.
" બમી દુઃખ, સુખ દેવાની
" સદા જે હોંસ રૂહેવાની,
"પ્રભુ તુજથી નહી ન્યારો
"કુદીયે, બ્હાલીં, રૂહેવાનો.
"નથી જેથી બીજો ધર્મ.
"પ્રભુનો નહી બીજો મર્મ.
"બીજો ના મોક્ષ આથી કો,
"મને યે તું બ્હાલીં આથી હોં !
"ભવોભવ આપણે એક ;
" ગુણીયલ ! જાળવે ટેક !
" વસોતુજ કાળજે નાથ !
"હું યે ત્યાં ને તું યે ત્યાં જ ! "

આ ગાન આરંભાયું તે કાળે ગુણસુન્દરી ઘરનાં વાસણ સાજતી ને ઝાડુ ફેરાઉતી દેખાઈ ને તેનાં પુસ્તક દૂર પડી ફાટી જતાં જણાયાં. વિદ્યુત્-રની છાયા બેસી પડી ને, એ પુસ્તક એકઠાં કરી હાથમાં લેઈ, ગુણસુન્દ-રીની છાયાની દાસી પેઠે ઉભી ત્યાં ધર્મલક્ષ્મીની સિદ્ધ મૂર્ત્તિ દેખાઈ. એના દૃષ્ટિપાતથી ગુણસુન્દરીની પાસેનાં વાસણ સુવર્ણમય થઈ ગયાં, ઝાડુ પુ-સ્તકમય થઈ ગયું, વાસણને ચોપડેલી રાખ રત્નમય થઈ ગઈ, ને ઝાડુતળેનો કચરો અક્ષરમય થઈ ગયો. વિદ્યુત્તુરના હાથમાંનાં પુસ્તક ત્યાંથી ઉડી ગુણસુન્દરીના હૃદય ઉપર મોતીની માળા થઈ ગયાં. ધર્મલક્ષ્મી અંતે સ્વસ્થ થઈ કુમુદને કહેવા લાગી.

" બેટા ! મ્હારા કરતાં ત્હારી માતાનું તપ વધારે ઉગ્ર છે ને મ્હેં જે
" દેવોની પૂજા કરી છે તેના કરતાં ત્હારી માતાએ કરેલી પૂજનો ઈ-
" શ્વરે અનેકધા વધારે સૂક્ષ્મ ને શાશ્વત સત્કાર કરેલો છે તેનો પ્રભાવ તું
" જુવે છે. એણે માત્ર મ્હારા જેવાનાં આશીર્વાદ-કૃપણ ચિત્તોને તૃપ્ત ક-
" રવાના, અને પતિનાં માતાપિતાની મૂર્ખ વાસનાઓને પતિની પેઠે જ
" તૃપ્ત કરવાના, કર્મમાં ઈશ્વરને પ્રત્યક્ષ કરેલો છે અને ઈશ્વરની પૂજા
, ગણી છે. તે મહાપૂજનું કલ્યાણફળ તે આજ ભોગવે છે ને ભોગવશે.

" મહારા પુત્રે આરંભેલા પિતૃયજ્ઞમાં તહારી માતા અદ્ભુત રસથી જોડાઈને
" પતિનો ભાર પોતાને માથે લીધો, પોતાની નિન્દા કરનારના ઉપર
" ક્રોધે ભરાઈ નથી, સ્તુતિથી પ્રફુલ્લ થઈ નથી, દુઃખકાળે શોકમાં કળી
" ગઈ નથી, વિદ્યાથી કે સંપત્તિથી ગર્વિત થઈ નથી, ને જે
" સાત્વિક પ્રકાશમાં તમે બે જણે સહચાર કર્યો તેવો જ સાત્વિક
" પ્રકાશ એ મહાપતિવ્રતાનાં નિષ્કામ પ્રીતિયજ્ઞ ઉપર સળગ્યો છે ને
" સળગે છે. બેટા, આ પવિત્ર દર્શનથી તું બોધ ને શાન્તિ પામજે.
" હું સિદ્ધ સ્વરૂપે પણ તહારી માતાની છાયાની દાસી થવાને જ યોગ્ય છું.
" તહારા દાદા એ વાત પ્રથમથી સમજ્યા હતા. ને એ સમજણથી જ
" એમણે તહારી માતાની ભક્તિ કરેલી છે અને તેના પુણ્યથી એમનાં
" સર્વ પાપ પૃથ્વી ઉપર જ ધોવાઈ ગયાં છે. એ પુણ્ય થયેલો જીવ આ
" ભક્તિથી સિદ્ધ થઈ અહીં આવશે. એ પ્રથમથી સમજ્યા તે વાત
" હું સિદ્ધ થયા પછી સમજી. તહારી માતા જેવી મહાતપસ્વિની સાત્વિક
" મહાપતિવ્રતાની પાસે હું એના ચરણની રજ જેવી છું, અને તહારા
" પિતાને પણ એની સેવા કરવા પામવાના પ્રસંગથી જ પુણ્યશાલી થયો
" સમજજે. "

આ સ્વર બંધ થયો ત્યાં એ સ્વર પાસેની છાયાઓ કંઈક ઝાંખી થવા લાગી ને સટે બુદ્ધિધનની છાયા વધારે ચળકવા લાગી. થોડી વારમાં એ છાયાને શરીરે સંન્યાસીનાં ભગવાં વસ્ત્ર દેખાયાં ને તેની પાસે ઉભી ઉભી અલકકિશોરી, " ભાભી! આવો! ભાભી ! આવો! દેવી ગઈ, પણ તમે " આવો !" કરી, મ્હોટેથી હૈયાફાટ આક્રન્દ કરતી દેખાઈ.

આની સાથે જ ચન્દ્રલક્ષ્મીના હાથમાંની લક્ષ્મીનંદનની છાયાના આખા મુખ ઉપર આંસુ રેલાતાં દેખાયાં ને પર્વત ઉપર રાત્રે તારા ચળકે તેનાં જેવો પ્રકાશ ધારણ કરીને ચળકવા લાગ્યાં ને ત્યાં આગળથી અનેક ખરતા તારાઓના તેજસ્વી લંબાતા તાર પેઠે એના શરીરપરથી નીચેનાં કુણ્ડમાં ટપકવા ને પ્રતિબિમ્બ નાંખવા લાગ્યાં. એટલામાં એના હૃદયમાંથી ઉછળતા હોય એવા સ્વર એના મુખમાંથી આકાશ ભણી જવા લાગ્યાં;
" ભાઈ, ભાઈ, મહીનામાં નહી આવો તો હું જીવવાનો નથી ! હોં!"

થોડી વારમાં સર્વ સ્વર બંધ થઈ ગયા અને મોજાના ખળભળાટ ને પવનના વધતા સુસવાટા વિના બીજું કાંઈ સંભળાવું બંધ થઈ ગયું. આકાશમાં વીજળી ચમકારા કરવા લાગી ને પિતામહકુણ્ડમાં ભયંકર પ્રતિબિમ્બ નાંખવા લાગી. ચંદ્રમા અસ્ત થયો ને એની પાછળના પ્રકાશની પીઠ ઉપર

બેસી અંધકારે ચન્દ્રને અને ચન્દ્રપ્રકાશને ચગદી ચાંપી ભાંયભેગા કરી નાંખ્યા. વીજળીના ચમકારા થતાં જગત જેટલું ભયંકર થતું તેથી વધારે ભયંકર, ચમકારો શાંત થતાં, થતું અને, વળી ચમકારો થતાં, વધારે ભયંકર થતું. પવનના સુસવાટા વધ્યા ને ઉપર આકાશમાં પછડાવા લાગ્યા તેમ કુંડનાં મોજાંને પણ ઉછાળવા ને ગજાવવા લાગ્યા. અંધકાર અને ગર્જનાઓ દશે દિશાએ વ્યાપી ગયાં ને સરસ્વતીચન્દ્ર અને કુમુદ એક બીજાનાં શરીર દેખતાં બંધ થઈ ગયાં. માત્ર દિવ્ય હૃદયબન્ધથી સ્વામીને ઓળખી ભયભીત કુમુદ એને ગાઢ આલિંગન દેઈ ઉભી ત્યાં પ્રથમ વીજળીનો કડાકો, હજાર તોપો સાથે લાગી પુટે તેના જેવો, થયો ને તે સાથે, આંખ ઉઘડી મીંચાય એટલા પલકારા જેટલી પળમાં, એનો ચમકારો થઈ શાંત થઈ ગયો ને અંધકાર એના ઉપર ચ્હડી બેઠો. એ પ્રકાશની પળમાં આ બે જણે પોતાના સર્વ વડીલવર્ગને તેજકુંડનાં મોજાંમાં હુબી જતાં દીઠાં ને ચારે પાસની ગર્જના વચ્ચે—

"કુમુદ! કુમુદ!" "ભાઈ! ભાઈ,!" "ભાભી! ઓ ભાભી!" એવી દુઃખભરી કારમી ચીસો સંભળાઈ.

વીજળીનો બીજો ચમકારો થતાં આ સ્વપ્નના સરસ્વતીચન્દ્રે સ્વપ્નની કુમુદને છળેલી આંસુભરી અને પોતાને વળગી પડેલી જોઈ લીધી, ને ચમકારો બંધ પડે તે પ્હેલાં તો તેમની પાંખોએ તેમને ઉચક્યાં અને જે દિશામાંથી સ્નેહી જનોના દુઃખની ચીસો સંભળાતી હતી તે દિશામાં વીજળીના કરતાં વધારે વેગથી લીધાં. પળવારમાં એ બે શરીર આ કુંડમાં આ અંધકાર, ગર્જનાઓ, મોજાં, અને ચીસો વચ્ચે ઉડી પડ્યાં; પડી કુંડને તળીયે હુબ્યાં; ને હુબ્યાં તેની સાથે તેમનું આ મહાસ્વપ્ન વિરામ પામ્યું, ને સોમનસ્યગુફાના ઓટલા ઉપર સરસ્વતીચન્દ્રના ચરણને પોતાના ખોળામાં લેઈ છાતી સાથે ચાંપી રાખી, બેઠી બેઠી, અંચળાને ઉશીકે ઉંઘતી કુમુદસુંદરીના સ્થૂલ શરીરને જ જોવાનું બાકી રહ્યું. પણ એવામાં જ આકાશનો ચન્દ્ર અસ્તાચળની પાછળ કુદી પડ્યો ને એ શરીરનું દર્શન કરાવનાર ચન્દ્રપ્રકાશના ઉપર પણ અંધકારનો પડદો પડી ગયો. હવે તો આ બે જીવ જાગે ત્યારે તેમનો પોતાનો અંતઃપ્રકાશ કેવી સૃષ્ટિ રચેછે તે જોવાના કાળની વાટ જોવી બાકી રહી.

પ્રકરણ ૩૨.

યજમાન કે અતિથિ ?

અથવા

પુણ્યપાપમાં પણ પરાર્થબુદ્ધિની સત્તા.

Thyself and thy belongings
Are not thine own so proper, as to waste
Thyself upon thy virtues, they on thee.
Heaven doth with us, as we with torches do,
Not light them for themselves ; for if our virtues
Did not go forth of us, 'twere all alike
As if we had them not. Spirits are not finely touch'd
But to fine issues; nor Nature never lends
The smallest scruple of her excellence,
But, like a thrifty goddess, she determines
Herself the glory of a creditor—
Both thanks and use.

Shakespeare's Measure for Measure.

स्वार्थो यस्य परार्थ एव स पुमानेकः सतामग्रणीः ॥ પ્રકીર્ણ.

તેમની નિદ્રા ઘણીવાર ટકી નહી. ચૈત્રના શુક્લ પક્ષની એકાદશીની રાત્રિનો છેલ્લો પ્રહર સામાન્ય મનુષ્યને શાન્ત નિદ્રા આપે તેણે કુમુદને જગાડી. જાગ્યા પછી સ્થૂલ સ્પર્શના સુખના સ્વપ્ને એની આંખોને થોડી વાર ઉઘડવા દીધી નહી અને ઉંઘવા પણ દીધી નહી. અંતે પાછલી રાત્રે પાસેના કોઈ વૃક્ષમાં કોયલ ટૌકી ને તેની સાથે એનું હૃદય જાગ્યું. જાગતાની સાથે પોતાના ચરણસ્પર્શને સ્થાને પરિણામ પામેલા મોહક સ્પર્શનું ભાન આવ્યું. એ ભાન આવતાં એ એકલી એકલી મનમાં મુઝાઈ; મુઝવણ છુટતાં લજવાઈ; લજ્જા વિકસતાં સંકોચાઈ; સંકોચ પામતાં પામતાં ગભરાઈ; ગભરાતી ગભરાતી બ્હીની; બ્હીતી બ્હીતી પ્રિયચરણને દૂર કરી ઉઠી જવા ગઈ; ઉઠતા

પ્હેલાં એ ચરણ જ્વરવાળા લાગ્યા; તેમાં જ્વર લાગતાં તેને મદનજ્વર કલ્પ્યો; તે કલ્પનાની સાથે દયા ને પ્રીતિની ધારાઓ છુટી; એ ધારાઓએ એને પાછી રસમાં ડુબાડી; રસે એને લલચાવી ને લોભાવી; લાલચે અને લોભે એને ઉઠતી અટકાવી ને આ સર્વ વિડમ્બનાનું કારણ નષ્ટ થતું થતું જોવ્યું. થયેલું સ્વપ્ન સાંભરતાં એ વિડમ્બના વધી. વિડંબના વધતાં સ્વપ્નનું સ્મરણ સવિશેષ થયું. સ્વપ્નના વિશિષ્ટ ભાગનું સ્મરણ થતાં માતા, પિતા, અને શ્વશુરજનની છબીઓ, સ્વપ્નને અંતે દીઠેલી હતી તે પ્રત્યક્ષ થઈ. તેમ થતાં એ ચમકી. ચમકતાં વાર જ સંપૂર્ણ જાગૃત થઈ, પ્રિય ચરણને ધીમે રહી ઓટલા ઉપર સુવાડ્યા ને પોતે અંધારામાં દૂર જતી રહી, અને હજી નિદ્રામાં જ હોય તેમ ત્વરાથી ઓટલાથી બે હાથ છેટે નીચે ભાંય ઉપર અંચળાનું ઉશીકું કરી સુઈ ગઈ ને નિદ્રાવશ પણ થઈ.

મૃદુલ સ્પર્શનો અપરિચિત સરસ્વતીચંદ્ર કુમુદે નિદ્રાકાળે નિદ્રામાં રચેલી સ્પર્શસૃષ્ટિના ચમત્કારથી, સુષુપ્તિના સ્વપ્નને અંતે, જાગૃત સ્વપ્નમાં પડ્યો હતો અને એ સ્વપ્નકાળે અનેક તર્ક અને વિકારોના સુખાભિલાષમાં, જાગરણવાળું મનુષ્ય નિદ્રામાં ઘસડાય તેમ, અવશ અને અજ્ઞાત ઘસડાતો હતો. એ સ્વપ્નનું કારણ દૂર થતાં તે આમ ઘસડાતો મટ્યો ને સાવધાન થઈ બેઠો થયો. બેસીને ચાર પાસ તથા ઉંચે ને નીચે દૃષ્ટિ ફેરવવા લાગ્યો. અંધકારની પરિચિત થયલી આંખ અંધકારમાં પણ જોઈ શકવા લાગી ને થોડે છેટે નીચે સુતેલી કુમુદની શરીરાકૃતિ તેણે જોઈ. "કોણ સુતું છે ? કુમુદસુંદરી?" એવું કહેવા જતો જતો અટક્યો અને એક હાથ હડપચીએ ને બીજો છાતી ઉપર મુકી ઇષ્ટ વિષય જોતો જોતો ઉભો રહ્યો; ન ચાલ્યો, ન બેઠો. બ્હારના આકાશમાં એક પાસથી અંધકાર ને એક પાસથી તારા ચમકતા હતા તેમ આના મસ્તકમાં એક પાસથી સુખાભિલાષની વાસના સર્વવ્યાપિની થઈ ખડી થઈ ગઈ તો બીજી પાસથી જ્ઞાનપ્રકાશના વિચાર પણ એ અંધકારને માથે ચમકારા કરવા લાગ્યા. એના પગના ઘસારાથી શ્વાનનિદ્રાને ભોગવતી કુમુદ જાગી, ને ઓટલા પાછળના આકાશના તારાના પ્રકાશની અને પોતાની વચ્ચે કુમુદે સરસ્વતીચંદ્રની છાયા ઉભી દીઠી તો તે જ ક્ષણે વિચારના તારાઓએ એ છાયાના માનસિક અન્ધકારવચ્ચે વિશુદ્ધિની દીવાસળી સળગાવી આ ભાગ્યશાળી પુરુષને દેખતો કર્યો ને આંખો ચોળતો ચોળતો તે તરત ઓટલા ઉપર બેઠો ને " શું કરવું ! શો ધર્મ પ્રાપ્ત થાય છે ?" એ પ્રશ્નોના વિચારમાં પડ્યો ત્યાં વિકાર વિસ્મૃતિને વશ થઈ શાંત થઈ ગયા.

" કુમુદસુંદરી ! તમે અંહી સુતાં છો ? તમે જાગો છો ?" "સરસ્વતીચંદ્ર! કેમ બેહા છો ? નિદ્રા નથી આવતી ?" એમ બે જણનાં મુખમાંથી સામા-સામી પ્રશ્નો સાથેલાગા નીકળ્યા. કુમુદ પણ બેઠી થઈ.

" વસન્તગુફામાં પ્હેલી રાત્રે એકલી પડી એટલે આપના વિચાર થવા લાગ્યા ને નિદ્રા ન આવતાં અંહી આવી." સરસ્વતીચંદ્રનો ઉત્તર નીકળતા પ્હેલાં કુમુદે બોલવાનો આરંભ કર્યો ને એ આરંભને અવકાશ આપવા પુરુષે પોતાના શબ્દ કંઠમાં રોકી દીધા.

સર૦ –તમે આ ઓટલા ઉપર બેઠાં હતાં ?

કુમુદ શરમાઈ ને ગુંચવાઈ પણ અંતે બોલવાની છાતી ચલાવી.

" હા. પ્રથમ તો આપના શરીરમાં મ્હેં જ્વર જાણ્યો હતો તે ચિન્તાએ અહીં મોકલી અને એ ચિન્તામાંથી આપના શરીરની ખરી સ્થિતિ જાણવા સ્પર્શ વિના અન્ય માર્ગ ન્હોતો. અનેક વિચાર કરી આપના ચરણસ્પર્શથી એ કાર્ય પણ સધાશે ને હું પવિત્ર પણ થઈશ એવા વિચારથી આપના ચરણને ખોળામાં રાખી હું બેઠી ને બેસતામાં જ નિદ્રા પ્રાપ્ત થઈ. તેમાંથી જાગતાં હું દૂર બ્હસી અંહી સુતી ને અંહી પણ નિદ્રાવશ હતી તે આપના પગના ધસારાથી જાગી ઉઠી."

સર૦—તમારી નિદ્રામાં મ્હેં ભંગ પાડ્યો બ્હશે ?

કુમુદ૦—જેણે આજ સ્વસ્થનિદ્રાનું સ્વરૂપ મને દેખાડ્યું તેને તે સ્વરૂપમાં ભાત પાડવાનો પણ અધિકાર છે.

સર૦—તમારો વિશુદ્ધ લોભ મ્હારા ચરણના સ્પર્શથી દૂષિત થયો.

કુમુદ૦—પવિત્રતા અને દૂષિતતાના સ્વભાવ મનની સ્થિતિ પ્રમાણે બંધાય છે. નિદ્રાને વશ થઈ જવાથી મ્હેં મ્હારા ને આપના વિશુદ્ધ લોભને ચલિત કર્યા છે. મ્હારી તો નિદ્રાનો જ ભંગ થયો હશે પણ આપના તો તપનો પણ ભંગ મ્હારાથી થઈ ગયો હશે. હું તો ભાગ્યથી જ દૂષિત છું ને આપને તો મ્હેં પોતે દૂષિત કર્યા.

સર૦—તમને સર્વ અધિકાર મ્હેં સોંપી જ દીધા છે. તમારા હૃદયની જે વાસનાની તૃપ્તિ શોધશો તે મ્હારા ભાગ્યમાંથી તમારે તમારી જાતે લેઈ લેવાનો અધિકાર તમને મ્હારું હૃદય સોંપે છે, કારણ તે વિધિથી જ મ્હારું પ્રાયશ્ચિત્ત છે.

કુમુદ૦—આપ હવે પ્રાયશ્ચિત્તની કથા જવા દો—તે વસ્તુના નામશ્રવણથી જ હું કમ્પું છું.

સ૨૦—હું તેમ કરવા પણ તત્પર છું.

કુમુદ૦—મ્હારા રસ અને ધર્મ વિચારવાનું કાલ મ્હારા ઉપર આપે રાખ્યું હતું તે વિચારનાં સાધન મને સ્પષ્ટ કરો એવો મ્હારા મનમાં અભિલાષ છે.

સ૨૦—તમે પ્રશ્ન કરશો તેમ તેમ તે સિદ્ધ થશે.

કુમુદ૦—આપ મ્હારું આતિથેય કરો છો—

સ૨૦—તમે મ્હારું આતિથેય કરોછો તેવું હું તમારું કરું છું.

કુમુદ૦—આપણા બેમાં યજમાન કોણ ને અતિથિ કોણ ?

સ૨૦—મ્હારે મન તમે અતિથિ ને તમારે મન હું.

કુમુદ૦—પ્રીતિયજ્ઞમાં પણ તેમ થાય છે ?

સ૨૦—ના. તેમાં તો બે હૃદયનું અદ્વૈત હોય છે. સામાસામી દર્પણ મુક્યાં હોય ત્યારે એકમાં પડતું પ્રતિબિમ્બ તરત જ બીજામાં પડે અને તે પાછું પ્હેલામાં પડે અને એ રીતે અનેક પ્રતિબિમ્બ આ બે દર્પણમાં નવી સૃષ્ટિ રચે છે. એવા જ વિધિથી પ્રીતિબદ્ધ દમ્પતીઓનાં હૃદયમાં વિચાર અને અભિલાષ અદ્વૈત પામી રચાય ત્યારે તેમાંથી જે ક્રિયા ઉદ્ભવ પામે તેની જ્વાલાઓથી અદ્વૈત યજ્ઞ રચાય છે.

કુમુદ૦—આપણું એવું અદ્વૈત રચાવામાં કંઈ બાધ છે ?

સ૨૦—તે અદ્વૈત મનુષ્યનું રચ્યું રચાતું નથી; એનો પ્રભવ તો ઈશ્વરની ઇચ્છામાં છે.

કુમુદ૦— મ્હારા અભિલાષ આપણા બેના કલ્યાણને જ શોધે છે, ને સુખવાસનાનો તિરસ્કાર કરે છે; પણ વાસના જાતેજ છુટતી નથી.

સ૨૦—આવી વાસનાઓ બે વાસના અદ્વૈતયજ્ઞથી જ છુટે છે. જિવ્હા ઉપર શર્કરાનો સ્પર્શ થતાં જ જિવ્હા દ્રવે ને આસ્વાદ્ય વસ્તુને મૃદુ કરી જઠરાગ્નિમાં હોમે તે તેનો સ્વભાવ છે; આ પરિણામ અનિવાર્ય છે. પણ જિવ્હામાં લાલસા હોય નહી ને શર્કરા આપનાર હાથ સંકુચિત રૂહે ત્યારે ઉભયનાં બે કાર્ય એક પન્થે થાય છે.

કુમુદ૦—આ વસ્તુ એવી છે કે તેની વાત કરતાં કરતાં લાલસા દારુના દગલા પેઠે સળગી ઉઠે છે ને વાત કર્યા વિના તો એક હૃદય બીજા પાસે ઉઘડી શકતું નથી. લાલસાનો નાશ કરવાની લાલસાને માટે પણ હૃદય ઉઘડે ત્યારે વાત થાય.

સર૦—કેટલીક લાલસાઓ ભાનથી પણ તૃપ્ત કરાય છે. બે પ્રવાસીઓ જંગલમાં પ્રવાસે સાથે સાથે નીકળે. તેમને સામો ચોર મળે ત્યારે બેયે પ્રવાસીયેાને ભય લાગે. એ ભયની વાત એક પ્રવાસી બીજાને કરે, ત્યારે આ બીજનામાં ભય ન હોય તેા ઉત્પન્ન થાય, અને બીજાને ભય થયું હોય તેા તેનું ગુપ્ત ભય, આવા સાથીને પણ ભય લાગતું જાણી, વધે. પરસ્પરનાં હૃદય ઉઘડવાથી આ બે જણનું ભય વધે અને ઉભયનાં મન નિર્બળ થાય. તેને સટે આ બે જણ પોતપોતાનું ભય પેાતાના મનમાં રાખે ને બ્હારથી હીમત દેખાડે તેા એ બીજાને હીમત આવે અને તેમ કરતાં બ્હેલાને પણ હીમત આવે–ભાનથી જેમ આ બે જણ બેના હૃદયનું ભય નષ્ટ કરે છે, તેમ સ્ત્રીપુરુષ પોતપોતાની લાલસાઓને પેાતાના હૃદયપટમાં ગુપ્ત રાખે ને હૃદયના એટલા ભાગને ઉઘાડે નહી તેા ઉભયની લાલસાઓ, તેલ વગરના દીવા પેઠે, ધીમે ધીમે જાતે જ ક્ષીણ થઈ જાય છે.

કુમુદ૦—લાલસા, તૃપ્ત થવાની અનુકૂળતાના ભાનથી જ, વધે છે.

સર૦—એ ભાન ભયંકર છે બ્હેન.

કુમુદ૦—પ્રારબ્ધયેાગે તે ભય પ્રાપ્ત થાય તેા શેા ઉપાય ?

સર૦—એક પ્રારબ્ધયેાગનેા પ્રતીકાર બીજા પ્રારબ્ધ યેાગથી જ બની શકે–ઈશ્વરની કૃપાથી જ થાય–મનુષ્યનેા અહંકાર આવા વિષયમાં વૃથા દમ્ભ જ સમજવેા.

કુમુદ૦—એ તેા સત્ય જ છે. પણ આવે પ્રસંગે મનુષ્યના હાથમાં યથાશક્તિ વાપરવાનું શસ્ત્ર કયું ?

સર૦—વિષયની વિસ્મૃતિ, સંકલ્પનેા સંક્ષેાય, સદ્વિચારનેા ઉદય, અને નિશ્ચયની સ્મૃતિ–એટલી સંપત્તિથી મનની લાલસા હઠે છે તેા બ્હરી. બાકી તેના નાશનેા ઉપાય તેા સૂક્ષ્મ શરીરની સંપૂર્ણ સંસિદ્ધિ જ છે.

કુમુદ૦—જેમ લાલસા એકદમ સળગી ઉઠે છે તેમ એકદમ શાંત પણ થતી નહી હેાય ?

સર૦—પવન અગ્નિના ભડકાને વધારે છે તેમ હેાલવી પણ નાંખે છે. જેને ઇષ્ટ ગણી લાલસા રાખીયે છીયે તેમાં કેાઈ વિચિત્ર દેાષનું નવું અણધાર્યું દર્શન એ લાલસાની વાન્તિ કરાવી દે છે. તે જ રીતે વિવેકની વિસ્મૃતિથી જ્ઞાનીને મેાહ થયેા હેાય તેા તે વિવેકની જ સ્મૃતિના ચમકારાની સાથે એ મેાહ ઉતરી જાય છે.

મુદ૦—આ વાસનાનું જાળ ઈશ્વરે શા માટે પ્રવર્ત્તાવ્યું હશે? એ જાળ

આખા સંસારને વ્યર્થ ઉંચો નીચો કરતી દેખાય છે. એનાં સુખ પણ ખોટાં ને દુઃખ પણ ખોટાં.

સર૦—સુખ દુઃખ ખોટાં છે તે તો એમજ. પણ ઈશ્વરની રચનાઓ સાધ્યસાધનભાવ વિનાની હોતી નથી.

કુમુદ૦—વાસનાઓ તો અન્તે દુઃખની જ સાધક છે ને એમનો તો નાશ જ ઘટે.

સર૦—તમે આ ઓટલે આવી પાસે બેસો—હું સમજાવું કે વાસનાનો પણ ઉપયોગ છે.

કુમુદ૦—ના, હું તો નીચે બેઠી જ સારી છું. ઘૃત આગળથી વન્હિ દૂર રાખ્યો જ સારો.

સર૦—એ વાત પણ ખરી ને એ વાત તમે જ મ્હારા સ્મરણમાં આણી તેથી મને હવે તમારી નિર્વાસનાનું બીજ દેખાય છે. કુમુદસુન્દરી! વાસનાના નાશનો હેતુ તમે યથાર્થ સમજ્યાં છો તો તેને માટે શક્તિ પણ ઈશ્વર આપશે. તો હવે વાસનાનું ફળ સાંભળો. જડ પદાર્થને જ્ઞાન કે વાસના કંઈ નથી તોપણ જડ ધર્મના નિયમ પાળી તેમની સૃષ્ટિ ટકી રહીછે ને ચાલી રહી છે. પશુપક્ષિઓમાં ને કૃમિઆદિમાં પ્રત્યક્ષદૃષ્ટિનાં જ્ઞાન ને વાસના છે તેથી તેમનાં સ્થૂલ શરીરનાં રક્ષણ થાય છે તેમ તેમની ભિન્નભિન્ન જાતિઓ ભોજન પામેછે. મનુષ્ય જાતિ પણ જંગલી દશામાં એવી જ સ્થિતિમાં હોય છે ને પરિપાકક્રમે કાળે કરીને તેની બુદ્ધિ અને વાસનાઓ પરોક્ષ વસ્તુઓનું ગ્રહણ કરે છે. આટલા ભેદના પ્રમાણમાં મનુષ્યની સ્થૂલ બુદ્ધિ અને વાસનાઓ સૂક્ષ્મ થતી જાય છે, અને શુદ્ધ જ્ઞાનનો ઉદય આવી પરોક્ષગ્રાહિણી બુદ્ધિમાંથી થાયછે તેમ શુદ્ધ ધર્મનો ઉદય મનુષ્યોમાં આવી સૂક્ષ્મ થતી વાસનાઓમાંથી પ્રકટ થાય છે. અન્ય પ્રાણીઓને વાસનાઓ છે ને સુખદુઃખના ઉદ્દેશવાળી અપેક્ષાઓ છે તે અપેક્ષાવાળી સૃષ્ટિના પોષણ માટે મનુષ્યોમાંથી કેટલાંકમાં ધર્મબુદ્ધિ ઉદય પામે છે. જો એવી સૃષ્ટિ હોય નહી તો સર્વ જ્ઞાની હોય કે જડ હોય, ને જડપ્રતિ જેમ ધર્મ છેજ નહી તેમ જ્ઞાની પુરુષો કોઈના આતિથેયના યજમાન થવા ઇચ્છતા જ નથી. ધર્મચક્ષુને પરોક્ષ રહેતા ધર્મ જ્ઞાનીને પ્રત્યક્ષ થાય છે ને એ ધર્મથી જગતની વ્યવસ્થાઓનું પોષણ થાયછે તે જ ધર્મને સ્થાને ધર્મના ઉદય પહેલાં અજ્ઞાનીમાં ઈશ્વર વાસનાઓ મુકે છે તે એજ વ્યવસ્થાના પોષણને માટે. એવી વાસનાઓ ન હોય તો માતાપિતા પોતાની પ્રજાનું પોષણ શું કરવા કરે? બાળકની અનાથ

દશાના પોષણયોગ્ય વાસનાઓ સ્ત્રીના હૃદયમાં ધાવણની સાથે જ જન્મે છે ને આ કઠોર કર્કશ સંસારમાં તે બાળકને સનાથ કરે છે. સ્ત્રીપુરુષની વાસનાઓ પણ એમજ તેમનાં મર્મસ્થાનનું પોષણ કરે છે. કામશાસ્ત્રમાં કામને આહાર–સધર્મ ગણેલા છે, શરીરસ્થિતિના હેતુ ગણેલા છે. સ્થૂલ-દૃષ્ટિથી આ વાત મનુષ્યની વ્યક્તિયોને ઉદ્દેશી કહેલી લાગે છે, અને તેમ કંઈક છે પણ ખરું; પણ પ્રધાન પક્ષે તેમ નથી. એ વાક્ય તો મનુષ્યલોકની સમષ્ટિને ઉદ્દેશે છે. જેમ વ્યક્તિયોના આહારથી આ સમષ્ટિસંસારનાં શરીર પોષણ પામે છે તેમ જ વ્યક્તિયો કામસેવન કરે તો લોકસંખ્યાનાં શરીરની સંખ્યાનું ને સ્થિતિનું પોષણ થાય; માટે સમષ્ટિને કામ આહાર-સધર્મ છે ને તેનો દ્વેષ લોકનાશક છે. પણ સંસારના અનેક પ્રસંગોએ ઉપવાસથી વ્યક્તિ પોતાનું ને સંસારનું કલ્યાણ કરી શકે છે તેવું જ કલ્યાણ કામના ત્યાગથી થાય તો ત્યાગ ધર્મરૂપ થાય છે.

કુમુદ૦—જો ક્ષુધા અને તૃષા જેવી એ વાસનાઓ સંસારને માટે કલ્યાણકારક હોય તો પછી તેમાંનાં સુખદુઃખના ભયથી તેમનો નાશ કરવો તે અનુચિત નથી?

સ૨૦—વાસનાઓની ઉપમા ક્ષુધા અને તૃષ્ણા સાથે નથી, પણ જ્ઞાનેન્દ્રિયોની વૃત્તિયો સાથે છે. ક્ષુધા અને તૃષ્ણાનાં કારણ અને વિકાસ સર્વત્ર શક્તિરૂપ છે તે મનુષ્યથી અનિવાર્ય છે. સમુદ્રના ભરતી ઓટ પેઠે તેમનાં આકુંચન પ્રસારણ થયાં કરે છે ને સંસારની દૈનિક[1] પ્રવૃત્તિસ્થિતિનાં એ કારણ છે. જ્ઞાનેન્દ્રિયો સ્વેચ્છએ સ્વાનુકૂલ જ્ઞાનનું ગ્રહણ કરે છે ને એ જ્ઞાનમાંના રસ ચાખી તેના અમુક પ્રકારની લાલસા રાખે છે. કર્ણેન્દ્રિય શબ્દજ્ઞાનના ગાનસ્વરૂપની, નાસેન્દ્રિય ગન્ધજ્ઞાનના સૈાગન્ધિકની, ચક્ષુ સુન્દર રૂપાકારની, અને જિહ્વા સ્વાદની, લાલસા રાખતાં આમ શીખેછે. એ શબ્દજ્ઞાનાદિ વિષયના ગ્રહણ સાથે અંતઃકરણની વૃત્તિના સંયોગથી આવી લાલસાઓ મનુષ્યને કોઈ નવી સૃષ્ટિમાં પ્રેરેછે. આમ આ ઇન્દ્રિયોદ્વારા આવેલા કંઈ કંઈ જ્ઞાનવિશેષનું અંતઃકરણ ચર્વિતચર્વણ કરેછે ને તે ચર્વિત વિષય અંતઃકરણમાં ગર્ભપેઠે સ્પન્દમાન થાય છે ત્યાં એ ગર્ભની માતા જેવી અંતઃકરણની પોતાનીજ કોઈક વૃત્તિ તેને પ્રીતિથી પોષેછે ને અપૂર્વ સ્તન્યપાન આપેછે. આ પ્રીતિ, આ સ્તન્ય–તે અંતઃકરણમાંથી વાસનારૂપે આ ગર્ભવિષયના ઉપર દ્રવેછે–વર્ષેછે. આ વૃત્તિ તો આ વાસનાઓનું રસનેન્દ્રિય છે

---

૧. દૈનિક=રોજનું, દરેક દિવસનું.

અને નિર્વહા ઉપર અન્ન દેખી આવતા અમીરસ પેઠે આ વૃત્તિમાં વિષય ચિન્તનથી આ વાસના—આ રસલાલસા—વિકાસ પામેછે. પણ તે લાલસાઓની પ્રવૃત્તિ નદીઓનાં પૂર જેવી છે, સેતુ બાંધી મર્યાદામાં રખાય છે, એમના પૂરનો અશિષ્ટ માર્ગેથી વ્યભિચાર[૧] કરાવી પરીવાહ[૨] પણ થાય છે, અને દીર્ઘદૃષ્ટિવાળાં મેધાવી મનુષ્ય તેની ઉત્પત્તિને જ અટકાવે છે. આ વાસનાઓનાં કારણ નિવાર્ય છે, તેમની ગતિ રોકી શકાય છે, ને તેમના માર્ગમાં મર્યાદા મુકી શકાય છે. જ્ઞાન અને રસ ઉભયમાં આવી સ્વાધીનતા છે, અને સ્વાધીનતા છે માટે જ તેને સ્વાધીન રાખવાના અને તેને અધીન થવાના ધર્મ પ્રત્યક્ષ થાય છે. જેમ તરવારથી સજ્જનનું રક્ષણ પણ થાયછે ને હત્યા પણ થાય છે તેમ આ વાસનાઓથી સંસારની વ્યવસ્થાઓ ઘડાય છે પણ ખરી ને ભગાય છે પણ ખરી. એ વ્યવસ્થા બગડે તે માર્ગે જનારે વાસનાનો નિરોધ કરવાનો ધર્મ છે ને એ વ્યવસ્થા સુધરે ત્યાં વાસનાનું પોષણ ધર્મ્ય છે. બીજે સ્થાને ગુણદોષનો પ્રસંગ નથી એટલે ધર્માધર્મનો વિચાર પ્રાપ્ત જ થતો નથી ને મનુષ્યની સ્વેચ્છા જ ત્યાં સ્વતંત્ર છે. જ્યાં તેની સ્વેચ્છાને આવી સ્વતંત્રતા નથી છતાં તેની ગતિનો નિરોધ પણ નથી ત્યાં ધર્મનું બન્ધન છે ને તે બન્ધનનો તિરસ્કાર કરવો તે જ પાપ.

કુમુદ૦—દમ્પતીની વાસનાઓમાં સ્વેચ્છાની જ મર્યાદા હશે કે અન્ય મર્યાદાઓ પણ હશે? તેમના નિરોધનો પ્રસંગ કયારે આવે?

સર૦—શાસ્ત્રકારોએ તેમાં પણ એકાદશી, અનધ્યાય, અને અનુદ્યોગના જેવી વ્યવસ્થાઓ રાખી છે ને વ્યવહારમાં પણ શાણાં મનુષ્યો તેને રાખે છે. સાધુજનો જેને સૂક્ષ્મ પ્રીતિ કહેછે તેની સામગ્રી તો જ્વાલામુખ પર્વતનાં ગૂઢ શિખરો જેવી યુગના યુગ સુધી રહી શકે છે ને એ શિખરોના અંતર્ભાગમાં ગૂઢ પરિપાક પામી આપણે જાણીયે નહી તેવે પ્રસંગે શિખરો તોડી એ પ્રીતિ બ્હાર ભભુકી નીકળે છે ને આપણને તેની નવી અજ્ઞાત અનિવાર્ય રેલાતી સૃષ્ટિમાં હુણાડે છે. તેની વ્યવસ્થા કે ગતિ આપણા હાથમાં નથી ત્યારે સંસાર જેને પ્રીતિ કહેછે પણ સત્ય જોતાં જે આવી સ્થૂલ વાસનાઓ જ છે તેની સ્થૂલ વ્યવસ્થા સાધુજનોનાં સૂક્ષ્મ શરીરરૂપ જ્યોતિના તાપથી, ને રંગથી, ને પ્રકાશની શક્તિથી કરીયે તેવી થઈ શકે છે.

---

૧. પોતાનો માર્ગ છોડી બીજે પ્રવર્ત્તવું તે. ૨. રેલ અને પૂર આવતાં તેના પાણીને જવાને કરી આપેલો તે માર્ગ. ફાંસ. ૩. "અણજો."

કુમુદ૦—સાધુજનો પ્રીતિને જ લગ્નનું કારણ માને છે ને આપણા લોકમાં શું મનાય છે તે તો સમજતું નથી. જો સાધુજનોની બુદ્ધિ યથાર્થ હોય તો વિવાહના સપ્તપદી આદિના વિધિને શા માટે આવશ્યક ગણ્યા હશે? જો આપણા લોકની બુદ્ધિ યથાર્થ હોય તો તો સંવનન ને પરિશીલનમાં જ અનીતિનો દોષ રોપાય. જો સાધુજનોની બુદ્ધિ યથાર્થ હોય તો આપણા લોકનાં લગ્નમાત્ર અનીતિરૂપ છે ને તેમ પરણેલાં દમ્પતી છુટાં પડે ને સ્વેચ્છાએ નવા પ્રીતિયજ્ઞ માંડે તે ધર્મ થાય. સાધુજનોમાં વિવાહના વિધિ શા માટે રૂઢ થયા હશે અને સંસારીયોમાં વિવાહ જનોજ શા માટે થતા હશે તે સમજાતું નથી. એવા વિવાહ વિના દમ્પતી દમ્પતી થાય તો તેમની વાસનાઓનો નિરોધ ઘટે કે નહી ને ઘટે તો શા માટે?

૨૨૦—વિશ્વકર્ત્તાની સર્વ રચનાઓમાં વ્યવસ્થા હોય છે ને મનુષ્ય-સૃષ્ટિની કેટલીક વ્યવસ્થાઓ મનુષ્યને નિમિત્ત કરી મનુષ્યને હાથે જ તે કરાવે છે અને કેટલીક વ્યવસ્થાઓ અન્ય નિમિત્તોદ્વારા કરાવેછે. ઈશ્વરની આ સર્વ વ્યવસ્થાઓ વચ્ચેથી પોતાના ધર્મ શોધી કૂંઢાડી સાધુજનો મનુષ્યોને માટે સર્વ દેશમાં ને સર્વ કાળમાં જે વ્યવસ્થા સાચવેછે તે સનાતન ધર્મની વ્યવસ્થાઓ છે. પણ પોતપોતાના દેશકાળ-ની વિશેષ અવસ્થાઓને ઉદ્દેશી પ્રૌઢ અને સમર્થ મનુષ્યો તે દેશકાળને માટે જે વિશેષ વ્યવસ્થાઓ રચે છે તે અલ્પકાલિક અને દૈશિક ધર્મની અંગભૂત થાયછે. આ વિશેષ–ધર્મોની વ્યવસ્થા પણ લોકકલ્યાણના જ ઉદ્દેશ રાખે છે. સાધુજનોના સનાતન ધર્મના વિધિ સનાતન છે, અને આરોગ્યવાળાં અંતઃકરણને માટે છે. એ આરોગ્યને સ્થાને કંઈ રોગ હોય ત્યારે તેને માટે વિશેષ ધર્મ રચાય છે ને જેમ જેમ પ્રજામાં આ-રોગ્ય આવતું જાય તેમ તેમ વિશેષધર્મનો ત્યાગ અને સનાતન ધ-ર્મનો સ્વીકાર થાયછે. સનાતન ધર્મ આહાર જેવો છે; વિશેષધર્મ ઔષધ જેવા છે. ઔષધકાળે ઔષધ ને આહારકાળે આહાર રાખવાં એવી સના-તન ધર્મની જ વ્યવસ્થા છે. સંવનન અને પરિશીલન એ સનાતન ધર્મના વિધિ છે અને શુદ્ધ હૃદયોના શુદ્ધ સંયોગથી હૃદયના ગાન્ધર્વ વિવાહ રચાય ત્યાં જ સનાતન વિવાહની પ્રતિજ્ઞાઓ બંધાઈ ચુકી સમજવી. વિવાહ એ આવી પ્રતિજ્ઞાના સાકાર લેખ જેવા વિધિ છે અને સૂક્ષ્મ શરીરોના સૂક્ષ્મ વિવાહનું સ્થૂલદૃષ્ટિને માટે પ્રત્યક્ષ મૂર્તરૂપ છે. સર્વ દેશના સાધુજનોએ આ વ્યવસ્થા સર્વના કલ્યાણને માટે બાંધી છે ને સ્વીકારી છે. વિવાહ સ્વી-કારનાર સાધુદમ્પતી આ વિધિવ્યવસ્થાથી પોતાના પ્રીતિયજ્ઞનો આરં-

ભકાળ પ્રસિદ્ધ કરેછે અને તે યજ્ઞમાં ભંગ પડે એવાં કાર્યથી દૂર રહેવાની પ્રત્યક્ષ સૂચના લેવામાં, કૃષિકાર વર્ગનાં ક્ષેત્રની વાડો અને ગ્રામ તથા નગરો વચ્ચેના સીમના બાણ પેઠે, અન્ય સાધુજનો વિવાહના વરણવિધિને સંસ્કારૂપે આવશ્યક ગણે છે. સનાતન ધર્મના વિવાહનું કારણ પ્રીતિ છે ને ફળ પણ પ્રીતિ છે. સંસારની સુન્દરતા અને વૃદ્ધિ પણ એવી પ્રીતિથી જ છે, ને એ પ્રીતિ આટલી મર્યાદામાં હૃદયમાં રચાય તો સાધુજનો તેને વિશ્વકર્તાની વ્યવસ્થાનો અંશ ગણી સ્વીકારે છે. બાળકના સાદા શરીરમાં યૌવનકાળે નવાં અંગ અને નવી વ્યવસ્થાઓ થાય છે તેની પેઠે જ પ્રીતિ પણ નવું અંગ થાય છે ને જેમ નવાં સ્થૂલ અંગનો ત્યાગ નથી થતો તેમ પ્રીતિનો પણ નથી થતો. આ દેશમાં કોઈ કાળે પ્રીતિવૃક્ષના આ મૂળમાં ને થડમાં ને તેમને ઉગવાની ભૂમિમાં કંઈકું મહાન્ રોગ જણાયાથી તે જાણનારાઓએ પ્રીતિવૃક્ષનાં બીજની અને ભૂમિની ઉપેક્ષા કરીછે. કેટલાક છોડ અને રોપાઓ નહાનાં કુંડાંમાં ઉપરથી રોપીયે છીયે ને કુંડાંની તળેની પડધીને લીધે એ રોપા ભૂમિમાં પ્હોચતા નથી તેમ પ્રીતિનાં બીજને ભૂમિની ઉપેક્ષા કરનાર વ્યવસ્થાપકોએ, આ દેશમાં પ્રીતિના છોડ બાળવિવાહનાં કુંડામાં ઉપરથી રોપી, એ છોડનાં રક્ષણ ને પોષણ જેટલાં થઈ શકે તેટલામાં જ સંતોષ માનેલોછે, અને તેમણે દીઠેલા રોગના કરતાં આટલી વ્યવસ્થામાં ઓછી હાનિ ને વધારે લાભ ગણેલોછે. કુમુદસુન્દરી ! આપણા લોકમાં વસીયે ત્યાં સુધી આપણું અને તેમનું કલ્યાણ તેમની વ્યવસ્થા પાળવામાં છે અને તે જ ધર્મ છે. આપણે એ લોકનો ત્યાગ પ્રાપ્ત થાય ને સાધુજનોનાં અંશભૂત થઈએ ત્યાંથી સાધુજનોના સનાતન ધર્મ આપણને પ્રાપ્ત થાય છે. આપણે તેમનાં અંશભૂત થયાં છીયે એવો, સર્વ સાધુજનોએ, આપણી પરીક્ષા કરી, નિર્ણય કર્યા છે-માટે આપણે તેમના સનાતન ધર્મનાં અધિકારી થયાં છીયે ને સંસારના લોકધર્મથી મુક્ત થયાં છીયે.

આટલું વચન નીકળતાં કુમુદસુંદરી એકદમ ઉઠી ને ઓટલા ઉપર સરસ્વતીચંદ્રથી કંઈક દૂર છતાં પાસે બેઠી ને બોલી.

" જો સદ્વિચારને અંતે તમે આ જ નિર્ણય ઉપર આવો છો તો આમ તમારી પાસે બેસવું એ જ મહારો ધર્મ છે."

સર૦—શા માટે ?

કુમુદ૦—જે વાસનામાં અધર્મ નથી તેની તૃપ્તિ એ જ શાન્તિ છે, ને દયા એ પણ એક વાસના છે.

સ૨૦—તમે કોના ઉપર દયા આણો છો ?

કુમુદ૦—તમારા શરીરમાં જ્વર મ્હેં પ્રત્યક્ષ કરેલો છે ને તેનું ઔષધ કરવું એ યજમાનનો ધર્મ છે.

સરસ્વતીચંદ્ર હસી પડ્યો ને એક હાથ લાંબો કર્યો.

"તમે ઠગાયાં. જુવો મ્હારો હાથ–તે શીતળ છે કે ઉષ્ણ છે ?"

કુમુદસુન્દરી તે હાથ ઝાલી રહી.

"આ હાથ અત્યારે તો સ્વસ્થ, શાંત, ને શીતળ છે.–શું આશ્ચર્ય ?–રાત્રિયે તેમ ન હતું."

સ૨૦—તમારો હાથ ઉષ્ણ છે–પણ અનુષ્ણ થવા લાગે છે.

કુમુદ૦—તમારો હાથ ઉષ્ણ થવા માંડે છે.

સ૨૦—કુમુદસુંદરી, મ્હારો હાથ મુકી દેશો એટલે પાછો અનુષ્ણ થઈ જશે ને તમારો તો થયો જ છે. આવાં ક્ષણિક કારણોથી, વીજળી પેઠે, ક્ષણમાં દૃષ્ટ અને ક્ષણમાં નષ્ટ થતા વિકારોને માટે દયા આણવી એ ધર્મ નથી. આપણી સતત વાસના તો કલ્યાણની છે, ક્ષણિક સુખની કે ક્ષણિક દુઃખના નાશની નથી.

હાથ મુકી દેતી દેતી કુમુદ બોલી.

"તમે સત્ય કહ્યું. મ્હારા સ્પર્શથી તમને જ્વર થાયછે ને એ સ્પર્શને અભાવે જ્વર શાંત થાય છે. મને તમારી દયા આવે છે ત્યારે મને એવો જ્વર આવે છે."

સ૨૦—એ દયા અસ્થાને છે.

કુમુદ૦—તે અસ્થાને હો કે સ્થાને હો, તે ધર્મથી આવશ્યક હો કે ન હો, પણ તેમાં અધર્મ તો નથીજ ને ?

સરસ્વતીચંદ્ર વિચાર કરી બોલ્યો.

"તે પણ છે. કુમુદસુન્દરી ! લોકવ્યવસ્થાને માટે રાજા ધારા કરે તે પણ તેની આજ્ઞાઓનો સમૂહ છે. રાજાથી પરોક્ષ હોઈએ, કોઈ દેખે નહી ને જાણે નહી એવું હોય, તો પણ આ આજ્ઞા અંતઃકરણથી પાળવી એ સર્વ સાધુજનોનો સનાતન ધર્મ છે ને લોકનું તેમ લોકવ્યવસ્થાનું કલ્યાણ પણ તેમાં છે."

કુમુદ૦—રાજાની કોઈ આજ્ઞાનું ઉલ્લંઘન થવાનું આપણને ભય છે ?

સ૨૦—તમારું વય એ આજ્ઞા પ્રમાણે બાળક છે, અજ્ઞાન છે—ત્યાં સુધી તમારું પ્રારબ્ધ તમારા હાથમાં નથી પણ તમારા પિતાના હાથમાં છે. તેમની સંમતિ વિના આ વયમાં આપણા સંસર્ગનો કે વિવાહનો રાજ-જ્ઞાથી નિષેધ છે. પરિવ્રાજિકામઠમાં કે ચન્દ્રાવલીમૈયા પાસે બે વર્ષ રહેશો તો તે પછી યોગ્ય વિધિથી વિહાર મઠમાં જવાને રાજાજ્ઞાનો પણ બાધ નહી આવે. સંસારની કલ્યાણકર વ્યવસ્થા કરવી તે રાજાનો ધર્મ છે ને તે ધર્મને અનુવર્તી તેણે ધર્મબુદ્ધિથી કરેલી આજ્ઞાઓને સાધુજનો શિર ઉપર વહાવે છે. લોકવ્યવસ્થાને માટે ચિન્તા કરી રાજાએ કરેલી આજ્ઞાને નિષ્ફળ કરવી એ સાધુજનોના મનથી લોકનાં અકલ્યાણનો અને અવ્યવસ્થાનો માર્ગ છે અને એ માર્ગ સાધુજનોએ વર્જ્ય છે. એટલા વિષયમાં ધર્મમૂર્ત્તિ રાજાને ગુરુ ગણી આજ્ઞા ગુરુણામવિચારણીયા એ પથ્ય નિયમનું સાધુજનો સેવન કરેછે.

કુમુદ૦—એ બાધની કથા તમે અત્યાર સુધી ભુલી ગયા હતા?

સ૨૦—ના. એ બાધ તમને નથી આવતો પણ મને એકલાને જ આવેછે. રાજાજ્ઞાનો અપરાધી હું થઈશ—તમે નહી થાવ; એ અપરાધને માટે શિક્ષાપાત્ર હું થઈશ— તમે નહી થાવ. એ શિક્ષાને પ્રાયશ્ચિત્તરૂપ ગણી મ્હારા શિરપર વ્હોરી લેવા હું સજ્જ છું અને જ્યાં સુધી એ અપરાધ કરવાની વાસના હું રાખતો નથી પણ અન્ય ધર્મને બળે તેના પ્રસંગનો પ્રતીકાર કરી શકતો નથી ત્યાં સુધી, હું ઈશ્વરને ઘેર નિર્દોષ છું અને ઈશ્વરને ઘેર પણ તેથી મ્હારો અપરાધ હશે તો તેની શિક્ષા પણ મ્હારે પ્રાયશ્ચિત્તરૂપ જ છે. એ શિક્ષાની મને વાસના હતી અને તેથી મ્હેં તમને આ બાધની વાત કહી ન હતી. તે, તમારી કલ્યાણવાસના પ્રત્યક્ષ કરી એટલે, અને તમારા પ્રશ્નનો સત્ય ઉત્તર આવશ્યક થયો એટલે, હવે મ્હેં કહી દીધી.

કુમુદ૦—આ શરીર છે ત્યાં સુધી આ દયા તો નષ્ટ થવાની નથી. કાલ રાત્રે તમે મને ત્રણ માર્ગ બતાવ્યા હતા તેમાંથી ચંદ્રાવલીમૈયા જેવા પરોક્ષવેદીના યત્ન આપણે એ વર્ષ પાળીશું ને તે પછી પર્ણકુટીમાં રહેવું કે વિહારમાં રહેવું કે લાલની પેઠે રહેવું તેનો વિચાર બનશે તેટલો આ પવ્ય રાત્રિમાં કરીશું ને બાકીનો અવકાશે કરીશું. એ પરોક્ષવેદીને કાળે કેમ વર્ત્તવું તે પણ આ પવ્ય રાત્રિમાં જ વિચારીશું. એ વર્ષ થતા સુધી ને તેટલા કાળ માટે રાજ્યભયમાં તમારું શરીરરત્ન પડે એ કામ તો નહીજ કરું.

સ૨૦—આપણે કલ્યાણમાર્ગે પ્રવર્તવું તે કેવળ આપણે માટે જ છે એમ નથી. જે રાજ્ઞા તોડવાનું આપણે ભય ગણીએ છીએ તેથી મને શિક્ષા થવાનું ભય મ્હારા હૃદયનો કંઈ પણ સ્પર્શ નથી કરતું; પણ આ પરમપવિત્ર સાધુજનોની કીર્તિ અને સ્થિતિ ઉભયને આપણી પ્રવૃત્તિને લીધે રાજભયમાં અને લોકભયમાં આવી પડવું પડશે. તેમણે કરેલા આપણા અત્યંત આતિથેયનો આ બદલો દુષ્ટ થશે.

કુમુદ૦—પવિત્રતામાં પણ આમ પરમાર્થ દર્શાવી આપે મ્હારા હૃદયને અતિદૃઢ કર્યું. સાધુજનોને ભયમાં ન નાંખવાની વાસનાથી મ્હારી સર્વ વાસના ભસ્મ થઈ સમજો.

સ૨૦—પ્રભાત થવા લાગ્યો.

કુમુદ૦—સૃષ્ટિના પ્રભાત સાથે આપણો પણ પ્રભાત જ થાયછે.

સ૨૦—એ પ્રભાતની સૃષ્ટિ આપણે કેવી રચવી તેનો વિચાર તમને સોંપું છું.

કુમુદ૦— તે યોગ્ય કરોછો. એ વિચાર ગૃહકાર્યના જેવો છે માટે મ્હારે જ કરવો ઘટે છે. મ્હારી સાથે આવેલાં સાધુજન ઉઠ્યાં હશે તેમને હું મળીશ ને આપના મંડળને આપ મળો. જે સાધુજનો આ સ્થાનમાં આપણને પ્રેરે છે તેમની ઇચ્છાને અનુકૂળ લાગશે તે કાળે હું પાછી આપની સેવામાં આવીશ ને હજી મ્હારે આપની પાસે જાણી લેવાનું છે કે આપ આયુષ્યશેષ કેમ ગાળવાના છો, આત્મહિત અને લોકહિત કેમ સાધવાના છો, અને હું તેમાં કેવી રીતે સાધનભૂત થઈ શકીશ. આ સર્વ વાત જાણી લેઈ પછી હું મ્હારે કરવાના વિચાર કરીશ. આપ જે બુદ્ધિ અને રસનાં પવિત્ર જ્યોતિને આપશો તેનું હું પૂર્ણ પ્રીતિથી પોષણ કરીશ. હવે આ કન્થાનું ધારણ કરો. હું આપની આજ્ઞા માગું છું.

આ સૂક્ષ્મપ્રીતિએ જોડેલી જોડ પળવાર છુટી પડી. કુમુદ પુલ ઉપર થઈ અદૃશ્ય થઈ. અદૃશ્ય થતા પ્હેલાં, સ્થૂલશરીરને દૂર રાખનાર જીવોનાં સૂક્ષ્મ શરીરોની માત્ર દૃષ્ટિઓએ, વીદાયગીરીનું આલિંગન લેઈ લીધું.

પ્રકરણ ૩૩.

સૂક્ષ્મ પ્રીતિની લોકયાત્રા.

And we shall sit at endless feast,
Enjoying each the other's good;
What vaster dream can hit the mood
Of Love on Earth ?—*Tennyson.*

या कौमुदी नयनयोर्भवतः सुजन्मा ।
तस्या भवानपि मनोरथबन्धबन्धुः ॥

मालतीमाधव.



મુદ્દસુન્દરી વસન્તગુફાને ઉપલે માળેથી નીચે ગઈ તો સર્વ સાધ્વીયોને પોત પોતાના પ્રાતઃકાળના આહ્નિકમાં રોકાયલી દીઠી. બે સાધ્વીઓએ પાસેના જંગલમાંથી દંતધાવનને માટે દાતણ આણ્યાં હતાં અને કડકા કરી સઉમાં વહેંચતી હતી. બે સ્ત્રીયો સર્વને પાસેના ઝરાઓમાંથી પ્રીયામાં નહાવાને લેઈ જવાં તેનો વિચાર કરતી હતી. બે સાધ્વીઓ આ ગુફાને સ્વચ્છ કરતી હતી, અને બાકીનું મંડળ સ્ત્રીજનો પરમાર્થ કેવી રીતે પ્રાપ્ત કરે તેની ચર્ચા કરતું હતું. કુમુદના પગ નીસરણીને ઉપલે પગથીયે દેખાતાં ભક્તિભૈયા તેના ભણી જોઈ રહી અને કુમુદનો નેત્રભાગ દેખાતાં કહેવા લાગી.

"મધુરીભૈયા, દન્તધાવન કરી, આ શૃંગ પાસેના નિર્મળ ઝરાઓમાં આપણે સ્નાન કરવા જવાનું હર્યું છે."

કુમુદ૦—જ્યાં સાધુજનોની પ્રવૃત્તિ ત્યાં મહારી.

પ્રીતિમાનિની—તહારા મુખની પ્રસન્નતા ઉપરથી અમે એમ જ સમજીયે છીયે.

વામની—મધુરી, સાધુજનોને શિર રાત્રિએ આરોપનું વાદળું ચહડ્યું હતું તે ચન્દ્રકિરણથી વેરાઈ ગયું હશે.

કુમુદ૦—હું ક્ષુદ્ર સંસારિણીને શુદ્ધ કરવા સાધુજનોનું જ માહાત્મ્ય સમર્થ છે. તે સમર્થતાને ક્ષુવડ જેવી હું દિવસે જોઈ શકી નહી તે રાત્રિસમયે દેખતી થઈ છું.

વામની૦—એ સમર્થતાએ તને સુખી કરી કની ?

કુમુદ૦—એ સમર્થતાએ મને શુદ્ધ અને શાંત કરી.

ભક્તિ૦—**મ**ધુરી, તહારી તૃપ્તિ જોઈ **ચ**ન્દ્રાવલીનું હૃદય ઘણું શીતળ થશે.

બુદ્ધા—**મ**ધુરીમૈયા શાંત થઈ છે તો તૃપ્ત પણ થશે. જ્યાં સુધી એના અદ્વૈતાગ્નિની સુન્દર જ્વાલાઓ જગતને પ્રત્યક્ષ થઈ નથી ત્યાં સુધીનો કાળ રમણીય આખ્યાયનમાં જશે ને તૃપ્તિનો કાળ તો મહાત્મા પૂર્ણાહુતિ રચશે ત્યારે આવશે.

પ્રીતિ૦—મધુર **મ**ધુરી! જે સાધુતાએ તને શુદ્ધ અને શાંત કરી છે તે જ સાધુતા તહારું કલ્યાણ કરશે.

કુમુદ૦—આપની મતિ આવી કલ્યાણકર છે તો તે સફળ થશે.

વામની૦—**મ**ધુરી, તું સુખી થઈ જાણીશું ત્યારે અમે સુખી થઈશું. તું હજી કંઈક વિચારમાં પડે છે.

કુમુદ૦—દુઃખની ભીતિથી હું કમ્પુછું ખરી, પણ સુખના કરતાં કલ્યાણને વધારે પ્રાર્થુંછું. એ પ્રાર્થના મને વિચારમાં નાંખે છે.

વામની૦—વારુ, તું વિહારમઠમાં ક્યારથી જઈશ ને સાધુનો વેશ ક્યારથી ધારીશ ?

કુમુદ કંઈ બોલી નહી.

પ્રીતિ૦—**વા**મની, તું તહારા ધર્મનો અતિક્રમ કરે છે. જે અદ્વૈતાગ્નિની વેદીનું પોપણ કરવા સાધુજનોના પરિશ્રમથી **મ**ધુરીમૈયા તત્પર થઈ છે તે અગ્નિસાધનના એક પણ મંત્ર કે વિધિનું દર્શન ઇચ્છવા તને કે મને અધિકાર નથી. દયિતદયિતાનો યોગ થતાં સખીકૃત્ય સમાપ્ત થાય છે. તે પછી તેમની પ્રીતિના પડદાને ઉંચો કરી કરી તેમાં ડોકીયાં કરવાના કામને સાધુજન અધર્મ ગણે છે. પ્રીતિનું બાલવય થઈ રહેતાં તેનાં અંગ-પર આચ્છાદન જ ઘટે છે ને એ મર્યાદા સર્વને કલ્યાણકર છે. જેની ચિન્તા નવીનચંદ્રજીના હૃદયમાં રહેડી ચુકી છે તેની ચિન્તા આપેણે કરીયે તો આપણામાં પ્રગલ્ભતા નો દોષ પણ આવ્યો સમજી લેવો. માટે, વામની હવે તહારા કુતૂહલને સાધુજનોને અનુચિત ગણી એ કુતૂહલનો નિરોધ કરી દે અને આપણા ઋણના મ્હોટા ભાગમાંથી આપણે મુક્ત થયાં ગણીએ.

---

૧ Audacity.

તું નિવૃત્તિ પામ. મધુરીમૈયા, તહારી બુદ્ધિ કલ્યાણી છે તે સુખના કરતાં મ્હોટા સત્પદાર્થોનો તને યોગ કરાવશે અને તમારી અલખ પ્રીતિમાં અને કલ્યાણ–સમૃદ્ધિને ભરશે. સાધુજનોએ તહારી ચિકિત્સા કરી ને ઔષધ-વિધિ દર્શાવ્યો તે ઉભયની સફલતા થવા માંડી છે ને તેના પરિણામમાં તું શુદ્ધ, શાંત, અને કલ્યાણપાત્ર થઈશ તેટલું ફળ અમારી ક્ષુદ્ર શક્તિ-ઓને માટે ન્હાનું સુનું નથી. સાધુજનો, આ મંગળ દિવસને યોગ્ય મંગળ કાર્ય કરવાનો આરંભ કરો અને ચન્દ્રાવલીમૈયાને એ સમાચાર તરત ગુપ્તપણે કહાવો.

આ મંડળી આમ વાતો કરતી કરતી બ્હાર સ્નાનાદિક આહ્નિકને માટે ગઈ ને છેક મધ્યાહ્નને પાછી આવી.

આણી પાસ કુમુદ ગયા પછી સરસ્વતીચંદ્ર પણ નીચે ઉતર્યો ને સાધુ-જનોને મળી પોતાનું આહ્નિક કરી તરત ઉપર આવ્યો, ને કુમુદસુન્દરી પાછી આવી ત્યાં સુધી સાધુજનોએ આપેલા એક મ્હોટા કોરા પુસ્તકમાં પોતે રાત્રિયે દીઠેલાં વિચિત્ર સ્વપ્નની કથા ઉતારી. જે સ્વપ્ન લાગતાં કલાક એકલાક થયા હશે તેની કથા ઉતારતાં ચાર કલાક થયા. તે લેખ પુરો કરી, ફરી ફરી વાંચી, તેનો વિચાર કરતો ઓટલા ઉપર બેઠો ને આશપાશનો દેખાવ જોવા લાગ્યો. જોતો જોતો વચ્ચે વચ્ચે પોતાનું પોટકું ઉઘાડી ચંદ્ર-કાન્તના પત્રો પણ વાંચતો હતો. ઘણો કાળ એમ ગયો ત્યાં કુમુદસુન્દરી પાછી આવી ને કાગળોના પોટકાની બીજી પાસે બેઠી.

સર૦—તમે આજ કેવી રીતે કાળક્ષેપ કર્યો ?

કુમુદ૦—સાધુજનોના આહ્નિકને આટોપી આ કલાહાર લેઈ આવી-એ જ.

પોતાના પાલવ તળેની થાળી ઉઘાડી, કાગળો વચ્ચે માર્ગ કરી, ત્યાં થાળી મુકી, અને બીજે ફેરો જાઈ આવી એક સ્વચ્છ શુદ્ધ દુધનો કલશ લેઈ આવી.

કુમુદ૦—આ શો સમારમ્ભ છે ?

સર૦—આજ મને વિચિત્ર બોધક સ્વપ્ન થયું હતું તે આ પુસ્તકમાં લખી કહાડ્યું છે.

કુમુદ એ વાંચવામાં લીન થઈ. સરસ્વતીચંદ્ર એના મુખ સામું જોઈ રહ્યો અને સર્વ સુન્દર અવયવો જોવામાં લીન થયો. થોડુંક વાંચી વિચારમાં પડી કુમુદ અટકી અને સરસ્વતીચંદ્રના નેત્રના

વ્યાપારને જોઈ રહી, પણ તેનું સરસ્વતીચંદ્રને ભાન ન હતું. અંતે એને જગાડતી હોય તેમ સ્મિત કરી કુમુદ બોલી.

"સ્થૂલ કામ ને સૂક્ષ્મ કામ વચ્ચેની ભીંત કીલ્લા જેવી છે પણ એકમાંથી બીજામાં ચોરી કરી નીકળી પડવાનાં દ્વાર બહુ છે."

સરસ્વતીચંદ્ર સાવધાન થયો.

"સત્ય છે. તરવારની ધાર ઉપર ચાલવું ને તરવાર પગમાં પેંસી જાય નહી એવી સંભાળ રાખવા જેવું આ અસિધારાવ્રત છે."

કુમુદ૦—એમ જ છે. નિત્ય જોઈએ છીયે એવાં શરીરમાં આવી અને આટલી બધી મોહની કયાં ભરી રાખી હશે કે તેને હડસેલી ધક્કા મારવા છતાં પણ બસતી નથી ને માત્ર બસેડવા માટે આટલા પ્રયાસ કરવા પડે છે?

સર૦—આપણે જે સત્ત્વને બસેડવાને આટલો પ્રયાસ કરવો પડે છે તે જ સત્ત્વનું અભિનન્દન કરવું એ બીજાંનો ધર્મ થાય છે ને તેમણે કહેવું પડે છે કે Resist not the weakness[1]! અલબના સાધુજનો આનો વિવેક સારો સમજે છે. કુમુદસુન્દરી, અભ્યાસથી અને અવધાનથી આપણે આ કષ્ટસાગરને તરી જઈશું.

કુમુદ૦—લગ્ન કાળે કરેલી પ્રતિજ્ઞા ન તોડવાની પ્રતિજ્ઞાને પ્રાતઃકાળે દયાએ ભુલાવી હતી. તમારી પાસે કરેલી પ્રતિજ્ઞાને ભુલું એમ નથી.

સર૦—તમે આ વાંચ્યું?

કુમુદ૦—વિચાર કરું છું કે વાંચુ કે ન વાંચું?

સર૦—વાંચવામાં કંઈ બાધ છે?

કુમુદ૦—મને પણ આજ મહાસ્વપ્ન થયું હતું તેનોજ આ ઇતિહાસ આપે જાણ્યે લખ્યો હોય એમ છે. ને એમાં પણ મોહક ભાગ છે તે સ્વપ્નસ્થ મટી જાગૃતસ્થ થાય તો આ પ્રતિજ્ઞા તુટે.

સર૦—શું તમને પણ આવું સ્વપ્ન થયું હતું? તેમાં ને આમ કંઈ ફેર નથી?

કુમુદ૦—કંઈ ફેર નથી. માત્ર આમાં આપની સહચારિણી કોણ હતી તે આપે લખ્યું નથી તે ઠેકાણે મહારું નામ લખ્યું હત તો બરોબર મહારું જ સ્વપ્ન પૂર્ણ થાત.

---

૧ Shelley.

સર૦—સ્વપ્નશાસ્ત્રના પણ વિચિત્ર ચમત્કારો છે. કુમુદસુંદરી ! આ સ્વપ્નમાં મહાબોધ છે.

કુમુદ૦—છે જ. આપના જેવાનો સંસ્કારો એવાં સ્વપ્નોમાં અવિક્ષિપ્ત સ્વરૂપ પામે છે. જે વિષયોમાં આપ અનેક ગ્રન્થ લખી શકો તે વિષયો ગુરુજીના પ્રતાપથી આપને આમ સ્વપ્નકાળમાં પ્રત્યક્ષ થયા છે, ને આપની પ્રીતિને યોગે મને પણ પ્રત્યક્ષ થયા. આવું થવાના સંભવની વાતો સાધ્વીજનોએ મને પ્રથમથી કહી હતી અને માટે જ હું ચરણસ્પર્શના લોભમાંથી સ્વપ્ન સમાપ્ત થતા સુધી છુટી શકી નહી.

સર૦—કુમુદસુન્દરી ! હું બહુ દુઃખી છું.

કુમુદ૦—મ્હારા દુઃખનો નાશ આપે કર્યો ને આપના દુઃખનો મ્હારાથી નાશ નહી થઈ શકે તો હું તેમાં ધર્મસહચારિણી સમભાગિની થઈશ.

સર૦—તમારું દુઃખ મને વીંછીના દંશ પેઠે શરીરમાં અંદર સાલતું હતું, પણ આ દુઃખ તો પવન પેઠે ચાર પાસથી બાંધી લે છે.

કુમુદ૦—એ દુઃખ શું છે!

સર૦—આપણા દેશની ને લોકની સ્થિતિ—એ હવે મ્હારું એકલું દુઃખ છે. તેમાંથી કેમ મુક્ત થવું એ વિચાર હૃદયને હલમલાવી નાંખે છે.

કુમુદ૦—ગુરુજીના રચેલા સ્વપ્નાદિ યોગ એ દુઃખનો નાશ કરશે અથવા નાશનો માર્ગ બતાવશે.

સર૦—ક્યાં આ એકાન્તવાસી સાધુજન અને ક્યાં આ અનેક વાયુચક્ર જેવા ગુંચવારાઓથી ભરેલી દેશની દશા ? હું તેની તમારી પાસે પણ શી વાત કરું ?

કુમુદ૦—હું એ વાતો સાંભળવાને પાત્ર નથી ને સમજવાને શક્તિવાળી નથી; પણ તે સાંભળવા—સમજવા—નો અધિકાર મને ધીમે ધીમે આપવો એ આપની કૃપાને યોગ્ય કાર્ય છે.

સર૦—એ તો આપણા સહવાસનો જેવો ક્રમ.

કુમુદ૦—એ ક્રમ બંધાઈ ચુક્યો આપને દેખાતો નથી ?

સર૦—સાધુજનોને જે ક્રમ વ્યવસ્થિત છે તેમાં સંસાર ગમે તેવે કાળે અવ્યવસ્થા નાંખી શકશે.

કુમુદ૦—તમારા વિના મ્હારે કોઈ રહ્યું નથી, અને સાધુજનોએ કરેલી વ્યવસ્થાથી જો આપની પવિત્ર સ્થિતિ જળવાઈ શકશે તો પછી મને મળેલો લાભ આપ પાછો ખેંચી નહી લ્યો.

સર૦—હું તો નહી ખેંચી લેઉં; પણ તમારો ધર્મ તમને કેવે પ્રસંગે કોણી પાસ નહી પ્રેરે એ કહેવાતું નથી.

કુમુદ૦—પ્રેરશે ત્યારે પ્રેરશે. મ્હારો ખપ આપના વિના બીજું કોઈ કરે એમ હવે નથી. જગત મને ડુબેલી સમજતું હશે. માતાપિતા અને શ્વશુરગૃહ પણ એ જ બુદ્ધિથી મ્હારો શોક કરી રહ્યું હશે અને ક્રાળ-ક્રમે તેમના મનમાંથી હું ખસવા પણ માંડી હઈશ. હું એ સંસારને મનથી વિસારું છું; આપ પણ વિસારો. જ્યાં સુધી આપણે અધર્મના માર્ગથી દૂર છીયે ત્યાં સુધી ભાવી પ્રસંગોએ શું થશે ને શું નહી થાય એ તર્ક કરવા તે પેટ ચોળી પીડા ઉભી કરવા જેવું નથી?

સર૦—એ પણ સત્ય છે.

કુમુદ૦—તો એ વાત પડતી મુકો ને મને કહો કે આપ આ આશ્રમમાં આપનો કાળ કેવી રીતે ગાળવા ધારો છો? ને આપના મનના સંતાપને કેવી રીતે દૂર કરવા ઇચ્છો છો?

સર૦—મ્હારું આત્મહિત વિચારવાનાં સાધન તો આ મઠોમાં ઘણાં પડ્યાં છે. દેશહિત કરવાને માટે દ્રવ્યની અને પ્રતિષ્ઠાની મહત્તા જોઈએ તે અંહી નથી, પણ દ્રવ્ય અને પ્રતિષ્ઠા ઉભય હોય તો તે વડે દેશહિત કેમ કરવું તે આ ભવ્ય સ્થાનમાં રહી સુઝશે તેવું અન્યત્ર નહી સુઝે. લોકહિત—સર્વ પૃથ્વી—લોક—નું હિત—એ સાધવાની શક્તિ તો દ્રવ્ય અને પ્રતિષ્ઠાથી પણ દુર્લભ છે; એ શક્તિ તો કેમ પ્રાપ્ત કરવી એ જ વિકટ પ્રશ્ન છે. તેનું સમાધાન સુન્દરગિરિ સુઝાડશે.

કુમુદ૦—એ વસ્તુઓને જોનાર ને દેખાડનાર તો આપની બુદ્ધિ અને વિદ્યા જ છે; તેમાં સુન્દરગિરિ શી અધિકતા કરવાનો હતો? સંસારના પ્ર-શ્નોનું સમાધાન સંસાર જ કરી શકે ને અંહી તો સંસાર ભણી આપે આંખો જ મીંચીને અદ્રષ્ટા થવાનું છે.

સર૦—વિદ્યા બુદ્ધિને વ્યાયામ અને શક્તિ આપે છે. સંસાર એ વ્યા-યામને અને શક્તિને વિષય આપેછે. પણ એવા વિષયનું જ્ઞાનેન્દ્રિયમાં ગ્રહણ કરી તેનું ચર્વણ ને પાચન કરવાનો અવકાશ અને પ્રભાવ આવાં સ્થાનમાં સવિશેષ મળે છે એમ પાશ્ચાત્યો માને છે ને અનુભવે છે તેમ આપણા પ્રાચીન લોક પણ સમજતા હતા[1] અને આપણી બુદ્ધિમાં જે

---

१. अलमेष विलोकितः प्रजानां सहसा संततिमंहसां विहन्तुम् ।
घनवर्त्म सहस्रधेव कुर्वन् हिमगौरैरचलाधिपः शिरोभिः ॥
वीतजन्मजरसं परं शुचि ब्रह्मणः पदमुपैतुमिच्छताम् ।
आगमादिव तमोपहादितः संभवन्ति मतयो भवच्छिदः ॥
किरातार्जुन; इन्द्रकीलवर्णनम्.

નવું સ્વાસ્થ્ય આપણે અનુભવીએ છીયે તે પણ આ ગિરિરાજનો જ મહિમા સમજવો. તીર્થોમાં તેમ ક્ષેત્રવિશેષોમાં તેનાં સૌન્દર્યથી, શાન્તિથી, ભવ્યતાથી, અને એવાં અનેક કારણોથી કંઈક એવી શક્તિવાળો સૂક્ષ્મ પવન વહન કરે છે કે તેનાથી આપણા સ્થૂલ અને સૂક્ષ્મ ભાગોમાં-જડ અને ચેતન અવયવોમાં—નવીન પવિત્રતા, બુદ્ધિ, અને સ્વસ્થતા ઝરાના પાણી પેઠે, ફુવારા પેઠે, સ્ફુરી આવે છે.

કુમુદ૦—એ તો સત્ય હશે. મ્હારી પોતાની બુદ્ધિને પણ કંઈક આવો જ લાભ મળ્યો લાગે છે.

સર૦—તો વિચારો—પ્રસંગ મળ્યે સમજાવું છું કે મ્હારા અનેક નિર્ધન વિદ્વાન મિત્રોને મુંબાઈ જેવી ઘટ વસ્તીમાં બારે માસ ભરાઈ રહેવું પડે છે અને ઇંગ્રેજોની પેઠે આવાં સ્થાનમાં આવી આરોગ્ય અને સ્વાસ્થ્ય પામવાને તેમની પાસે નથી દ્રવ્ય અને નથી અવકાશ—એટલો વિચાર થતાં મને કેવું દુઃખ થવું જોઈએ? આ ગિરિરાજના દર્શનથી મને એક લાભ તો આ દુઃખનો થયો છે.

કુમુદ૦—આપના ઉદાર દેશવત્સલ હૃદયને એ દુઃખ તો ખરું, પણ એ દુઃખના લાભને લાભ કેમ ગણોછો?

સર૦—કેમ ગણું છું? મુંબાઈ હતો ત્યારે સુઝતું ન હતું કે મ્હારા આટલા બધા દ્રવ્યનો ઉપયોગ શો કરવો ને આ ગિરિરાજે ને આ પોટકામાંના પત્રોએ આ નવી બુદ્ધિ આપી ને એમ હવે સમજું છું કે બીજું કંઈ ન થાય તો મ્હારા એ વિદ્વાનોને માટે આ દ્રવ્ય ખરચી તેમને આવા ગિરિરાજ ઉપર રાખું ને તેમનાં આરોગ્ય ને બુદ્ધિઓ વધારું!

કુમુદ૦—શ્રીકૃષ્ણના હૃદયમાં તેમના ભક્તો અને વિપ્રો હતા તેમ આપના હૃદયમાં આ વિદ્વાનો છે.

સર૦—એમ જ. આપણા દેશનું અને દેશમાંના લોકનું કલ્યાણ કરવાની શક્તિ આજ બે વર્ગમાં છે. પ્રથમ છે ઇંગ્રેજોમાં અને પછી છે આ વિદ્વાનોમાં.

કુમુદ૦—ઇંગ્રેજોમાં તો શક્તિ ખરી.

સર૦—ને વિદ્વાનો વિદ્યાનો ઉપયોગ કરવાની શક્તિ પામે તો તેમનામાં પણ દેશસેવાની શક્તિ સ્ફુરે. તેમના ઇંગ્રેજોના પરસ્પર સંમેલનથી, પરસ્પરાનુકૂલ પ્રવૃત્તિથી, અને પરસ્પર પ્રેમબન્ધનથી, આ શક્તિ ઉભયમાં વિકાસ પામશે ત્યારે આખા આર્યદેશની

શ્રદ્ધાના તેઓ પાત્ર થશે. કુમુદ! ગુણીયલબા ઉપર જે અનુકૂળતા તમારા ચતુર પિતાની હતી તેવી આપણા વિદ્વાનો ઉપર ઇંગ્રેજોની થશે, અને એ પિતાની તેમ પિતાના કુટુમ્બની સંભાળ લેવાની જે શક્તિ ગુણીયલબાને તેમની ક્ષમાએ, ઉદારતાએ, ધીરતાએ, સ્વાર્પણે, અને ચતુરતાએ આપી હતી તેવી શક્તિથી આપણા વિદ્વાનો આપણા દેશની સંભાળ લેતાં શીખશે ત્યારે સર્વનું કલ્યાણ થશે. મ્હારી આવી શ્રદ્ધા છે માટે જ સર્વ કરતાં હું આપણા વિદ્વાનોને મ્હારા હૃદયમાં સતતવાસ આપું છું, અને તેમને માટે આવી આવી ચિન્તાઓ કર્યા કરું છું.

કુમુદ૦—તમે તેમને માટે શું ધારો છો?

સર૦—તેમનાં ગૃહરાજ્યમાં ગુણસુન્દરીયો, કુમુદસુન્દરીયો, સૌભાગ્યદેવીયો, ને ચન્દ્રાવલીયો ફરતી જોવા ધારું છું. તેમનાં વૈભવ વધેલા જોવા ધારું છું. તેમના ભંડાર ભરાતા જોવા ધારું છું. તેમને આધિ અને વ્યાધિથી મુક્ત, આરોગ્ય, સુશરીર, સ્વસ્થ, અને સ્વતંત્ર જોવા ધારું છું. એમને ત્યાં સરસ્વતી અને લક્ષ્મીના સમાગમ દૃઢ જોવા ધારું છું. એમને ત્યાં પ્રીતિ અને સદ્‌ગુણના સહચાર થતા જોવા ધારું છું. એમનામાં દેશોન્નતિની વાસનાઓને વીર્યવતી અને ફલવતી થતી જોવા ધારું છું. કુમુદસુન્દરી! રાત્રે આપણે જે મહાન્ રાફડાઓ જોયા તે રાફડાઓની ધુળ તેમનાં શરીરની ચારે પાસેથી ઉડી જાય અને સોનાની ખાણોના પ્રદેશ ઉપરની કાઞ્ચનની રેતીનાં વાદળ એમની આશપાશ ઉડી રૂહે એવું જોવા ધારું છું. એ રેતી કાઞ્ચનમયી થાય ને આ રાફડાઓમાંનાં સર્વ જન્તુઓને એ કાઞ્ચનની સમૃદ્ધિ મળે, રંગીન ને શ્વેત પ્રકાશના માર્ગોમાં પ્રવૃત્તિ મળે, અને સ્થાને સ્થાને જે મણિમય ઉદ્યાનમાં આપણે ઉભાં હતાં એવું અંહી થઈ જાય એ જોવાની મ્હારી તીવ્ર વાસના છે.

મુદ ૦—એ વાસના કેવાં સાધનથી તૃપ્ત કરવા ધારો છો?

સર૦—એ સાધનનું બીજ દ્રવ્ય મ્હારી પાસે હતું તે મ્હેં નાંખી દીધું.

કુમુદ૦—તમે મને ઑસ્ટેનનું વાક્ય એક કાળે સંભળાવ્યું હતું કે It is a truth universally acknowleged that a man in possession of a good fortune must be in want of a wife. આમાં પણ તમારા સાધનનું બીજ કંઈ રહ્યું નથી?

સર૦—છે તો છે, ને નથી તો નથી.

કુમુદ૦—તમે ઘડી ઘડી કહેતા હતા કે આર્યદેશની સ્ત્રીયેાને આર્યા-પદને યેાગ્ય ઉત્કર્ષ આપવાની તમારી વાસના છે-તે હજી છે કે નથી?

સર૦—શું કહું? એ વાસનાની વસ્તુ વળી એથી પણ વધારે દુર્લભ છે ને તેની પ્રાપ્તિના માર્ગને માટે પૂર્વે કરેલાં મનેારાજ્યને સ્મરું છું તેની સાથે જ તમારા પણ સંસ્કારેા હૃદયમાં ખડા થાય છે ને કહેવડાવે છે કે—

इदमकुलमवस्तुप्रार्थनादुर्निवारम्
प्रथममपि मनो मे पञ्चबाणः क्षिणोति[1] ॥

કુમુદ૦—જે વસ્તુ આપને આજ નહી તેા બે વર્ષે પ્રાપ્ત થવી સુલભ છે તેને દુર્લભ ગણવા જેવી અધીરતા તમારામાં નકી નથી જ, The time will come you need not fly.[2]

સર૦—કાળ તેને સુલભ કરશે પણ આપણી ધર્મબુદ્ધિ શું સુઝાડશે તે કેાણ જાણે છે? કુમુદસુંદરીનેા ત્યાગ ન કર્યેા હેાત તેા પઞ્ચબાણથી નિર્ભય રહી તેમને જ સ્વરૂપે—તેમના જ દ્વારા—મ્હારેા જીવ સર્વ સ્ત્રીસૃષ્ટિનાં સુખ-દુઃખના દુર્લભ દર્શનને સુલભ કરી લેત અને તેના ઉપાય શેાધત. પવિત્ર પ્રિયજન! એ નિર્ભયતા હવે મને મળવામાં જેટલી શંકા છે તેટલી જ દેશની સ્ત્રીસૃષ્ટિનાં સૂક્ષ્મ શરીરની ચિકિત્સા થવી અવિવાહિત વૈદ્યને માટે દુર્લભ અને અનુચિત છે. સ્ત્રીની નાડી જેતાં તે નાડીના સ્પર્શથી જ જ્યારે તે નાડી કે વૈદ્યની પેાતાની નાડી ચમકે ત્યારે વૈદ્યે નાડી જેવી જ મુકી દેવી યેાગ્ય છે. મન્મથનેા પરાભવ કરવેા કેવેા વિકટ છે તે આપણે આજ પ્રત્યક્ષ કર્યું છે. તમારી અપૂર્વ સહાયતા મને ન મળી હત તેા મન્મથે આજ મ્હારી ધજા તેાડી પાડી હત. સ્ત્રીસૃષ્ટિનાં દુઃખ દૂર કરવાનાં સાધનમાં આવી સહાયતા ન મળે તેને એ સાધન દુર્લભ છે-છતાં એ સાધનના સાધ્યને પ્રાપ્ત કરવાની મ્હારી વાસના ખસતી નથી માટે જ હું અસુલભ વસ્તુની પ્રાર્થના કરનાર મૂર્ખ છું. કેાઈ નિમિત્તે કેાઈ સ્ત્રીનું મ્હારે દર્શન થાય છે ત્યાં તમને દેખું છું, ને તમને સ્મરું છું ત્યાં સર્વ સ્ત્રીજ-તિનાં સુખદુઃખ સ્મરું છું. તમને દેખું છું કે સ્મરું છું તેની સાથે સ્વયંભૂ મન્મથ મ્હારા સામેા ધનુર્ધર થઈ ઉભેા રહે છે ને તેના ભયથી તમારું સ્મરણ કરાવનાર કેાઈ પણ મનેારાજ્ય લાગે તે પડતું મુકું છું. પણ પેલા રાફડાઓમાંથી જે દિવ્ય મૂર્ત્તિઓ નીકળી કાલ આપણી પાસે ઉપદેશ કરતી ચાલી ગઈ એવી અનેક મૂર્ત્તિઓ નીકળતી જેવાની મ્હારી વાસના તેા ખસતી જ નથી!

---

1 કાલિદાસ. 2. ટેામ્સન.

કુમુદ૦—તમારાં નેત્રપુટમાંથી આ અશ્રુધારાઓ વહી જાય છે તે મહારા હૃદયને વીંધે છે. તમે સ્વસ્થ થાવ. તમારા સાધ્યમાં હું સાધનભૂત થઈશ ને ધર્મને જ માર્ગે થઈશ.

સ૨૦—કુમુદસુન્દરી ! આ પત્રોના ઢગલા પ્રિય ચંદ્રકાંતના હાથમાંથી પ્રારબ્ધે મહારા હાથમાં ખેંચી આણ્યા છે તે વાંચું છું ને હૃદય ફાટે છે. મહારા પ્રિય મિત્રો ને દેશનાં નીવડ્યાં રત્નો ધુળમાં રગદોળાય છે તે આજ સુધી હું જાણતો ન હતો તે આ પત્રોથી માત્ર કંઈક જાણ્યું ને કેટલું હજી દૃષ્ટિગોચર હશે ? પ્રમાદધને તમને સુખી કર્યાં હત તો હું જાતે બહુ સુખી થાત—પણ તેમણે અવળું કર્યું તેથીજ સ્ત્રીજાતિની દુઃખસૃષ્ટિનાં કંઈક કિરણ મહારા નેત્રમાં આવવા પામ્યાં ! આ સૃષ્ટિમાં કેટલી સ્ત્રીયાની કેટલી વેદનાઓ ઉભરાતી હશે, કેટલાં કોમળ હૃદય દળાઈ જતાં હશે; કેટલાં આંસુની નદીયો ચાલતી હશે? ચંદ્રકાન્તના દુઃખનાં પત્ર વાંચ્યા પણ આ દુઃખો કીયા પત્રોમાંથી જડવાનાં હતાં ? લક્ષ્મીનો અને તમારો ત્યાગ કરતી વેળા આ ચિત્રો પ્રત્યક્ષ હત તો મહારો ધર્મ કંઈ જુદો જ પ્રાપ્ત થાત. હું મહારા રાફડામાંથી છુટવા પામ્યો પણ તેની સાથે આ સર્વ જોવાના પ્રકાશ જોવાનું મહારું નેત્ર પણ મહેં હાથે કરી ફોડી દીધું અને આર્યલોકની અર્ધી વસ્તીની અને તે પણ સુન્દર અનાથ વસ્તીની દશા સુધારવાનું મહારું સાધન મહેં જાતે ભાગી નાંખ્યું. હવે તો બની બનાઈ બન ગઈ એ વાત સત્ય છે. પણ—તોપણ—હવે આ વિષયમાં શું કરવું, આ સર્વનાં દુઃખ કેવાં હશે, એ કેમ જાણવાં, એ કેમ મટાડવાં, એ સર્વ વિચાર થાય છે ત્યારે તમે અત્યારે દેખોછો એવી અશ્રુધારા આ નયનોમાં ચાલે છે, કહ્યું માનતી નથી, અને અટકતી નથી. હું એ ધારાઓ જોઈને જ તૃપ્ત થાઉંછું, જે વાતમાં મહારો ઉપાય નથી તેમાં કંઈ ધર્માધર્મ પણ નથી ને જેવી રીતે મહારી વાસનાને શાંત કરતી વેળા તૃપ્ત થાઉંછું તેથી ઉલટી રીતે આ અશ્રુઓને વહેવા દેઈને તૃપ્ત થાઉંછું.

કુમુદ૦—જે ત્યાગ જાતે ધર્મબુદ્ધિથી કર્યો તેના અણધાર્યા પરિણામથી ખિન્ન થવું એ અધર્મ નથી ?

સ૨૦—જે વાત હાથમાં છે તે કરવા ન કરવામાં ધર્માધર્મ છે. જે હાથમાં નથી તેમાં ધર્મ પણ નથી ને અધર્મ પણ નથી. સીતાનો ધર્મબુદ્ધિથી ત્યાગ કરી રામચંદ્ર પ્રીતિને બળે રોયા હતા. કુમુદસુન્દરી, ધર્મપ્રમાણે આપણે પ્રીતિને લાત મારી પ્રવૃત્તિના વિષયમાંથી બહાર ફેંકાવા સમર્થ થઈએ છીયે પણ પ્રીતિને હૃદયમાંથી ફેંકાવી તે આપણા

હાથની વાત નથી. પ્રીતિની ઉત્પત્તિ જેવી અનિવાર્ય છે તેવી તેની નિવૃત્તિ પણ અસાધ્ય છે. અને તેટલા માટે જ પ્રમાદધનના મન્દિરમાં સરસ્વતીચંદ્રની અનુકમ્પા તમે કરી તે ધર્મરૂપ જ હતી.

કુમુદ૦—શુદ્ધ ઔષધબળે આંખનાં પડળ ખરી પડે છે તેમ શુદ્ધ પરમ જ્ઞાનથી પ્રીતિનો પટ હૃદયમાંથી સરી પડે છે એમ મહાત્માઓના અનુભવ છે.

સર૦—તે સત્ય છે. પણ પ્રારબ્ધવાદનો અને જ્ઞાનનો પણ દુરુપયોગ થાય છે. જે કાળે ધર્મથી કંઈ ક્રિયા કર્ત્તવ્ય થાય છે તે કાળે પ્રારબ્ધવાદી થઈ બેસી રહેવું ને ક્રિયાના આરમ્ભમાંથી નિવૃત્ત થવું એ મહાન અધર્મ છે. પ્રારબ્ધવાદનો ઉપયોગ સુખદુઃખની નિવૃત્તિને માટે છે, ધર્મની નિવૃત્તિને માટે નથી; તેમ જ જ્ઞાનનો ઉપયોગ અલક્ષ્યસ્વરૂપના પ્રબોધને માટે છે. લક્ષ્યધર્મની નિવૃત્તિને માટે નથી; અહંકાર અને મમતાના પ્રધ્વંસને માટે છે, સર્વ ભૂતાત્મતામાંથી ઉત્પન્ન થતા પંચમહાયજ્ઞના પ્રધ્વંસને માટે નથી. આરંભવાચક પ્રારબ્ધમાં અનારંભના ધર્મ જોનાર, કર્મ શબ્દનો અકર્મ ભાગ્યવાચક અર્થે પ્રયોગ કરનાર, ઉંધી પુતળીની આંખોવાળાં જન્તુ આપણે પેલા રાફડાઓમાં જોયાં તેમણે આ દેશનાં સજીવ પવનને અને પાણીને સ્થાને જડ ચીકણી માટીના ખડક ઉભા કર્યા છે. તેમની તામસી દૃષ્ટિના પ્રભાવથી જ જ્ઞાનનો આવો દુરુપયોગ થયોછે, આત્માગ્નિના યજ્ઞ હોલાઈ ગયા છે, ને દેખીયે છીયે એ દેશકાળ આપણે શિર ખડો થયો છે. અહંકાર ને મમતામાંથી ઉત્પન્ન થયેલી સકામ અને વાસનાયુક્ત પ્રીતિ આપણા સૂક્ષ્મ શરીરમાંથી ખસી જાય તો તે જ્ઞાનનું સાફલ્ય છે. નિરહંકાર અને નિર્મમ સર્વભૂતાત્મકતાના પરિણામરૂપ નિષ્કામ ફલ-અભોગી મહાયજ્ઞોમાં પ્રીતિ જ્યારે સાધન થાય છે ત્યારે જ એ યજ્ઞમાં આહુતિ શુદ્ધ સત્વર અને સંપૂર્ણ થાય છે. જીવ, ઈશ્વર, ને બ્રહ્મની જેવી ત્રિપુટી ગણી છે તેવી જ ક્રિયા, ધર્મ, ને જ્ઞાનની ત્રિપુટી છે. ધર્મને ક્રિયાના નિયન્તાનો અધિકાર છે, ને જ્ઞાન તે નિર્ગુણ અને કૃતકૃત્ય ધર્મનું ફળ છે. ધર્મ કૃતકૃત્ય થાય ત્યાં સુધીનું જ્ઞાન સંસિદ્ધ દશામાં સોળે કળાથી પ્રકાશ પામતું નથી અને ધર્મવિનાનું સંપૂર્ણ ફલેવાતું જ્ઞાન તે, ગ્રસ્ત થયલા સંપૂર્ણચન્દ્ર જેવું, છતે પ્રકાશે, અંધકારરૂપ છે. એકલા આવા જ્ઞાનનું સેવન કરનારની ગતિને શ્રુતિમાં અંધતિમિરથી ભરેલી કહી છે અને તેવા જન્તુ "અસૂર્ય" લોકને પ્રાપ્ત કરે છે એમ કહેલું છે. અંહીના સાધુજનો આનો મર્મ સમજે છે.

આવા ગ્રહણથી મુક્ત થયલું જ્ઞાન તે જ સાત્વિક જ્ઞાન છે અને એજ જ્ઞાનપદને પામનાર સાધુજન બ્રહ્માદ્વૈત પામે છે. એવા સાત્વિક જ્ઞાનરૂપ થયલાં સાધુજનોના મનુષ્યયજ્ઞોમાં પ્રીતિ સોમરસનું કામ કરે છે; અને, કુમુદસુંદરી, શું તમારે માટે, કે શું આ દેશને માટે, માંડેલા મ્હારા મહાયજ્ઞને માટે પ્રાપ્ત થયેલા મ્હારા સોમરસને હું ધર્મરૂપ જ ગણું છું ને તે ઉપરથી ટેંગ્રેજ કવિનું વાક્ય સમજજો કે—

'Tis better to have lov'd and lost
Than never to have lov'd at all.*

કુમુદ૦—પ્રીતિ પણ શું વાસના નથી ?

સર૦—સકામ વાસનારૂપ પ્રીતિ તે વાસના છે. તે કામથી ઉત્પન્ન થાય છે ને કામક્ષયથી ક્ષીણ થાય છે. નિષ્કામ પ્રીતિ જ્વાલારૂપ છે, પૃથ્વી અને ચંદ્રની વચ્ચેના પરસ્પર ગુરુત્વાકર્ષણના જેવી સહચાર-પ્રદક્ષિણાની સાધક છે, અને કેવળ સ્વયંભૂ છે. એ સ્વયંભૂ છે માટે જ જ્ઞાનવિના અન્યથી નિવાર્ય નથી, ને પ્રીતિ ધર્મ્ય હોય છે ત્યારે જ્ઞાન પણ એનું નિવારક નથી. માતાપિતાની પ્રીતિનું નિવારણ કોઈ જ્ઞાન કરતું નથી. તે સહુ આ કારણની કલ્પનાથી. સ્ત્રીપુરુષની પ્રીતિને આપણા લોક ક્ષુદ્ર ગણે છે. તે તેમાં વાસનાની કલ્પનાથી. આર્યસંસાર એવો ક્ષુદ્ર થઈ ગયોછે કે દમ્પતીવચ્ચે પ્રીતિનું મૂળ કામવાસના વિના કે પુત્રવાસના વિના અન્ય હોવાનો સંભવ પણ સ્વીકારતું નથી એવું ચંદ્રકાંત કહેતો હતો અને તેના કહેવામાં કોણ જાણે કેટલું સત્ય હશે ?

કુમુદ૦—ત્યાગકાળે આપે દેશહિત દ્રવ્યવિના કેવી રીતે કરવા ધારેલું ?

સર૦—સંસારમાં સ્થાને સ્થાને યાત્રા કરી, અવલોકન કરી, બોધ આપી,—

કુમુદ૦—ભગવાન બુદ્ધની પેઠે ?

સર૦—કદકે એમ જ.

કુમુદ૦—હવે વિચાર શાથી ફર્યો ?

સર૦—નવા જોયલા રાક્ષસના ગઢ્ઢા એવા તો બાઝી ગયા છે કે તે પ્રકાશથી પીંગળે એમ નથી, અગ્નિથી બળે એમ નથી, ને કુહાડાથી બોદી નંખાય એમ નથી. જ્યાં નાગલોકનાં મણિ અને વિષ પણ નિષ્ફળ થાય છે ત્યાં મ્હારા જેવાના શબ્દોદ્ધારની શી શક્તિ ? બુદ્ધ ભગવાનની

* Tennyson's "In Memoriam."

વાણી પ્રકાશમય જન્તુઓમાં ફરી વળતી હતી. આ કાળની વાણીનો જડ રાફડાઓમાં પડ્યા પણ નથી થતો.

કુમુદ૦—હવે કેઈ શક્તિ તમારી પાસે હોય તો કામ લાગે એવી છે?

સર૦—વિદ્યા, સાધુતા, અને લક્ષ્મી એ ત્રણ શક્તિયો જોઈએ તેમાં ત્રીજી નથી ને ચોથી તમારા હૃદયમાં છે તે જાણીએ છીએ.

કુમુદ૦—ત્રીજી ચોથી ન હોય તો ન જ ચાલે?

સર૦—સોમરસનું પાન જે સુઝાડે તે ખરું.

કુમુદ૦—કેવા પ્રકારનો સોમ?

સર૦—દેશયજ્ઞમાં દેશપ્રીતિ એ જ સોમરસ.

કુમુદ૦—તે ક્યારે સુઝાડશે!

સર૦—એ રસથી આ હૃદયમાં સમુદ્રમન્થન થઈ રહેશે ત્યારે.

કુમુદ૦—આજ આપણે વિકાર વગર ફલાહાર લેઈ લીધો.

સર૦— દેશની પ્રીતિમાં વ્યક્તિની સ્થૂલ પ્રીતિ પેલા રાફડામાંના કુહાડાની દશાને પામી:

કુમુદ૦—હું ત્યારે તમારા આ દેશપ્રીતિના નવા રાફડાનું પોપણ કરીશ ને તેના આ કુહાડાને તેમાં ડુબવા દેઈશ.

સર૦—મેં તમને કહ્યું હતું કે તમે જે કંઈ કરશો તે શુદ્ધ અને સુન્દર જ હશે.

કુમુદ૦—હું તો આપની પાસે રહી શકવાના મહારા લોભી સ્વાર્થને માટે આમ કરવાની છું.

સર૦—સૂક્ષ્મ સુન્દર વાસનાઓમાંથી પારકાંનું પણ કલ્યાણ થવા પામે છે તેનું આ દૃષ્ટાંત.

કુમુદ૦—સૂક્ષ્મ કે સ્થૂલ સર્વે વાસનાઓની વાત જ ન કરવી; 'સ્વાર્થ' શબ્દ કરતાં 'વાસના' શબ્દ વધારે સૂચક અને ઉદ્દીપક છે.

સર૦—એમ લાગે છે.

કુમુદ૦—એ વિક્ષેપશક્તિનો જ વિક્ષેપ કરવાનો માર્ગ એ કે મહારે હવે જવું અને આપે આપનો લેખ હાથમાં લેવો.

સર૦—તમે ક્યારે આવશો?

કુમુદ૦—સાધુજનો પ્રસાદ તૈયાર કરે છે તેમાં હું સહાયભૂત થઈશ ને સાયંકાળે આવીશ.

સ૨૦—સાયંકાળ પણ સૂચક ને દીપક છે.

કુમુદ૦—હું ઉઠવા જઉંછું ને જતી જતી બેસું છું. આપનો હાથ લાંબો થયોછે ને મ્હારો પાલવ તેમાં પકડાયો છે.

સ૨૦—અલકમ્હેન પાસે એ હાથને જે શક્તિયે પવિત્ર રાખ્યો તે આજ પણ રાખી શકશે.

કુમુદ૦—આપે આપની મેળે જ પાલવને છોડ્યો છે. મ્હારા કરતાં આપની સમર્થતા વિશેષ છે.

સ૨૦—પવિત્ર રૂહેવામાં પણ આપણું અદ્વૈત જ સહાયક છે.

કુમુદ૦—એ પણ સત્ય છે. પણ શું આપણે એવાં અનાથ અને ક્ષુદ્ર પામર પ્રાણી છીયે કે ઘડી ઘડી આમ આટલા પ્રયાસ કરીયે છીયે ત્યારે જ આમ વ્યવસ્થિત રહી શકીયે છીયે?

સ૨૦—સર્વ સુવ્યવસ્થાનો લાભ અહંકારના ત્યાગથી, દીર્ઘ સૂક્ષ્મ તપથી અત્યંત સાવધતાથી, અને સસિદ્ધસાધક બુદ્ધિપ્રયોગથી જ થાય છે. માન અને મદનો ત્યાગ કરી બુદ્ધિથી મુદિતાશયને માર્ગે પ્રવર્ત્તવું એવી મને દીક્ષા છે.

કુમુદ૦—તેની સિદ્ધિ અસ્તુ! હું આજ્ઞા માગું છું.

સ૨૦—જવાની ત્વરા જ છે?

કુમુદ૦—પોતાનો પણ વિશ્વાસ નહી ત્યાં ધર્મની ગતિ ત્વરિત કર્યાથી જ લાભ છે.

સ૨૦—મ્હેં તમને દુઃખમાં નાંખ્યાં તેને સટે તમે મ્હારું કલ્યાણ સાધ્યો છો.

કુમુદ૦—ને સાથે મ્હારું પણ સાધ્યું છું.

સ૨૦—ઈશ્વર તેમાં સિદ્ધિ આપો.

પ્રકરણ ૩૪.

અર્જુનનો વાયુરથ અને દાવાનળ.

For; while the tired waves, slowly breaking,
Seem scarce one painful inch to gain,
Far back, through creek and inlet making,
Comes silent, flooding in, the main.

Quotation.

---

૧ પ્રકરણ ૧૧ થી આ પ્રકરણનો બોધ થશે.

एवमुक्तः स भगवान् दाशार्हेणार्जुनेन च ।
तैजसं रूपमास्थाय दावं दग्धुं प्रचक्रमे ॥
सर्वतः परिवार्याथ सप्तार्चिर्ज्वलनस्तथा ।
ददाह खाण्डवं दावं युगान्तमिव दर्शयन् ॥
तौ रथाभ्यां रथिश्रेष्ठौ दावस्योभयतः स्थितौ ।
दिक्षु सर्वासु भूतानां चक्राते कदनं महत् ॥

મહાભારત—આદિપર્વ.

(ઉપરના શ્લોકમાં કૃષ્ણ અને અર્જુને ખાંડવવનમાં દાવાનળ લગાડી તેમાંનાં ચારે દિશાનાં ભૂતોનો સંહાર કરી અગ્નિને તૃપ્ત કર્યાનું વર્ણન છે.)

नानाश्रान्ताय श्रीरस्तीति रोहित शुश्रुम ।
पापो नृषद्वरो जन इन्द्र इच्चरतः सखा ॥
पुष्पिण्यौ चरते जङ्घे भूष्णुरात्मा फलग्रहिः ।
शेरेऽस्य सर्वे पाप्मानः श्रमेण प्रपथे हताः ॥
आस्ते भग आसीनस्योर्ध्वस्तिष्ठति तिष्ठतः ।
शेते निपद्यमानस्य चराति चरतो भगः ॥
कलिः शयानो भवति संजिहानस्तु द्वापरः ।
उत्तिष्ठंस्त्रेता भवति कृतं संपद्यते चरन् ॥

અર્થ:—"હે રોહિત! એવી શ્રુતિ છે કે જુદી જુદી અનેક રીતોથી શ્રાન્ત થાય તેને માટે શ્રી છે—ફરે તે ચરે! એસી રહેનાર ને ન ફરનાર લોક પાપી છે! ઇન્દ્ર તો ફરનાર ચરનારનો જ સખા છે! જ્યારે બે પુષ્પિણી જંઘાઓ ચરે છે ત્યારે આત્મા ફલગ્રહી થાય છે; પ્રવાસમાં શ્રમ વડે કરીને એનાં સર્વ પાપ સુઈ જાય છે. બેસનારનું ભાગ્ય બેસી જાય છે; ઉઠનારનું ઉઠે છે; સુનારનું સુઈ જાય છે; અને ચાલનારનું ભાગ્ય ચાલવા-વધવા—માંડે છે. સુઈ રહેનાર કલિયુગ થાય છે; બેસનાર દ્વાપર થાય છે; ઉઠનાર ત્રેતા થાય છે. અને ફરનાર—ચાલનાર—ઉદ્યોગી લોક કૃતયુગને—સત્યયુગને પામે છે—કૃતયુગરૂપ થાય છે."

(ઐતરેય બ્રાહ્મણ: ઇન્દ્રે કરેલો ઉપદેશ)



ધુજનોના પ્રસાદમાં ભળી જઈ સરસ્વતીચન્દ્ર સાધુઓ સાથે ચિરંજીવશૃંગના પ્રદેશો જોવા એક દિશામાં ફરવા ગયો, અને કુમુદસુન્દરીને લેઈ સાધ્વીઓ પણ બીજી દિશામાં ફરવા ગઈ. શૃંગના કોટની બ્હાર એક નહાનું સરખું તળાવ હતું તેની ચારે પાસ આરા

હતા. એ આરા ઉપર સરસ્વતીચન્દ્ર સર્વની સાથમાં ફરતો હતો તેવામાં શંકાપુરી ને શાન્તિદાસ પણ ત્યાં આવી ચ્હડ્યા. સરસ્વતીચન્દ્ર જરાક સહુથી છુટો પડી ઉભો ત્યાં શંકાપુરી એની પાસે આવી પ્હોચ્યો ને ધીમે રહી એના કાનમાં ફ્હેતો હોય તેમ બોલ્યો:

" નવીનચન્દ્ર, સાધુનો વેશ લેઈ આવાં કામ કરે છે? પણ સરત
" રાખજે કે પસ્તાવું પડશે. See how you dissipate yourself
" under this mask ! "

એને ઈંગ્રેજી બોલતો જોઈ અને આવાં વાક્ય ઉચ્ચારતો જોઈ સરસ્વતીચન્દ્ર કંઈક ચમક્યો, પણ તરત સ્વસ્થ થઈ બોલ્યો; " ભાઈ, હું
" ધારું છું કે સાધુતાનું રહસ્ય તમે જાણશો તેમ તેમ મને ઓળખશો,
" અને તેમ તેમ આ શબ્દો તમને દુઃખ કરશે; માટે સંસારની પ્રપંચ-
" જાળનાં સ્વપ્ન જોવાનો અભ્યાસ નીચલા દેશમાં પડ્યો છે તે ભુલી
" જઈ સુન્દરગિરિના અભ્યાસના સંસ્કાર પામવા જેટલું ધૈર્ય આણો ને
" તે પછી મ્હારો ન્યાય જે કરવો હોય તે કરજો."

સુરદાસ અને માયાપુરી સાધુઓ આમની પાછળ ઉભા હતા તેમણે આ ચર્ચા સાંભળી ને કંઈક ક્રોધ કરી આગળ આવ્યા ને માયાપુરી શંકાપુરીનો હાથ ઝાલી બોલ્યો. " ઉત્તમાધિકારી સાધુજનની સાથે
" રાખવાનો વિનયધર્મ જે સાધુ પાળી શકતો નથી તે સુન્દરગિરિનો પણ
" અધિકારી નથી અને પુનઃ આવું વર્તન કરશો તો મણિરાજ
" મહારાજે આપેલા અધિકારથી ગુરુજી તમને નિમ્ન પ્રદેશમાં મોકલી દે
" એવી સૂચના મ્હારે કરવી પડશે."

શંકાપુરી શાંતિદાસને લેઈ બોલ્યા વિના ચાલ્યો ગયો અને કોટની બીજી પાસ સાધ્વીઓ હતી ત્યાં જઈ તેમનાથી છેટે એક રસ્તાને છેડે બેસી કુમુદસુન્દરી સામે તાકી તાકીને જોવા લાગ્યો. કુમુદસુન્દરી જરાક ચમકી ને એને છળતી જોઈ બીજી સાધ્વીઓએ એની આશપાશ વીંટાઈ વળી ભક્તિ ને વામનીને શંકાપુરી પાસે મોકલી.

વામની૦—બિન્દુમતીને ત્રાસ દેનાર તમે ખરા કની ?

શંકા૦—તે પુછવાનો તમને શો અધિકાર ?

ભક્તિ૦—તમે સંસારમાંથી નવા આવેલા જાણી સાધ્વીઓએ એક વાર તમને ક્ષમા આપી છે. જ્યાં સાધ્વીજનો વિશ્રાંતિ લેવા કે વિહાર કરવા બેઠી કે ફરતી હોય ત્યાં આમ બેસી રહેવું ને દૃષ્ટિને નિરંકુશ રાખવી તે સંસારીયોમાં નિર્દોષ ગણાતું હશે, પણ અમારે ત્યાં અસાધુતા ગણાય છે.

માટે તમને પુછવાનો તો શું પણ અવશ્ય લાગે તો ઉચકીને આ શિલાઓ ઉપરથી નીચલા પ્રદેશમાં પડો એમ ગગડાવી પાડવાનો પણ અમને અધિકાર છે. તે અધિકાર વાપરવા જેટલી અમારી સંખ્યા અને શારીરક શક્તિ છે. માટે કૃપા કરી ચાલ્યા જાવ—નહી તો અમારો પૂર્ણ અધિકાર અમે વાપરીશું.

શંકા૦—ક્ષમા કરજો. અમે સહજ એહા હતા તે જઈયે છીયે. આ બનાવો ગુફામાં જઈ સઉ ભુલી ગયાં, અને સાયંકાળે સરસ્વતીચંદ્ર પોતાની ગુફામાં છેક ઉપલી અગાશીમાં બેસી ચારે પાસની સુન્દર ચિત્ર જેવી સૃષ્ટિને શાંત વૃત્તિથી એક પાસથી જોતો જોતો બેઠો અને પોતાની પાછળ આવી ઉભેલી કુમુદસુન્દરીના પગનો ધસારો આ જોવાની લહેમાં સંભળાયો નહી. થોડી વારે કુમુદ જ ધીમે રહી બોલી:

"સરસ્વતીચંદ્ર!"

સરસ્વતીચંદ્રે પાછળ જોયું, કુમુદ થોડે છેટે બેઠી, ને બે જણ સૃષ્ટિને જોવા લાગ્યાં. થોડી વારમાં આકાશમાં ચન્દ્રબિમ્બ દેખાયું ને, અંધકાર વધ્યો તેમ તેમ, પ્રકાશમાં વધવા લાગ્યું. તો પણ દિવસ હજી અસ્ત થયો ન હતો અને ચારે પાસનાં પર્વતનાં શિખરો, આઘેનાં ઝાડો, અને તેથી આઘેની ભૂરેખા, એ સર્વે ઉપરથી રંગ ખસી જતા દેખાતા હતા અને સટે એકલા આકાર અને છાયાની સૃષ્ટિ દૃષ્ટિમર્યાદામાં ઉપરી આવતી હતી. પક્ષીઓ પૃથ્વીમાં સમાઈ ગયાં લાગ્યાં ને માત્ર છેક ઉંચે કોઈક પક્ષી દેખાતું ન દેખાતું હતું. આ સર્વ સૃષ્ટિ ઉપર ઉંચેથી આવતી ચન્દ્રની ચંદની પથરાતી હતી—પીડાતી હતી. થોડી વારમાં તે પીડાઈ જ ગઈ અને દિવસ ડુબાઈને બે પડની વચ્ચે થઈને અંધાર નીકળી ગયો લાગ્યો. આ શાંતિને પોતે વધારતી હતી કે તોડતી હતી એની સમજણ કોઈને પડે નહી એવી રીતે આ સર્વ જોતી જોતી કુમુદ બોલી.

"વિવાહવિધિમાં વર કન્યાને કહેછે કે હું આકાશ ને તું પૃથ્વી—તે શાથી? આ મનોરથનું રહસ્ય શું હશે ને વિવાહથી એ મનોરથ કેવી રીતે પુરાતો હશે?"

સર૦—આકાશ પૃથ્વીનું આચ્છાદન કરેછે ને જળ વર્ષેછે, ને પૃથ્વી તે ધારે છે.

કુમુદ જરાક અચકી, ને અટકી. કંઈક બોલ કરડી, અંતે બોલી "એટલો સ્થૂલ અર્થ જ હશે?"

સરસ્વતીચંદ્ર આ પ્રશ્નથી સજ્જ થયેા ને વિચાર કરી બેાલવા લાગ્યેા: "નાસ્તેા ! આપણાં શાસ્ત્ર પ્રમાણે પૃથ્વીના અંગભૂત સમુદ્રનું પાણી આકાશમાં ચ્હડે છે ને આકાશ મેઘરૂપ ગર્ભનું ધારણ કરેછે; તે મેઘ પૃથ્વી ઉપર વર્ષે છે ને પૃથ્વી એ વૃષ્ટિના સિંચેલા જળને ગર્ભરૂપે ધરેછે ને તેમાંથી અનેક સમૃદ્ધિઓને રસિક રૂપરંગ આપી પરમ પુરુષના મહાયજ્ઞને સમૃદ્ધ કરે છે; એ જ પ્રમાણે સૂક્ષ્મ અર્થ જોતાં પૃથ્વી જેવી સ્ત્રીના હૃદયના રસ આકાશ જેવા આચ્છાદક પુરુષના હૃદયમાં ચ્હડેછે, ત્યાં ગર્ભરૂપે રહેછે અને ત્યાંથી પાછા સ્ત્રીના હૃદયમાં સુવૃષ્ટ થાયછે. સ્ત્રી પણ એ રસથી સગર્ભ થઈ નવી સમૃદ્ધિઓને જન્મ આપેછે તે દમ્પતીના યજ્ઞેામાં ઉપયેાગી થાયછે. કુમુદસુંદરી ! સૂક્ષ્મ રસની પ્રથમ ઉત્પત્તિ જેવી સ્ત્રીના હૃદયમાં છે તેમ એ રસનેા લય પણ એજ હૃદયમાં છે ને ફળદાતા પણ એજ હૃદય છે. પુરુષ તેા માત્ર મધ્યકાળે એ રસનેા લેનાર થઈ ને તેનેા જ પાછેા આપનાર થાયછે."

કુમુદ૦—એટલેા બધેા વિચાર આ ઉપમામાં હશે?

સર૦—એની સાથે જ બીજી ઉપમા છે કે સ્ત્રી તે ઋચ્ છે ને પુરુષ તે સામ છે. ઋક્સંહિતાના સાગરમાંથી સામની ઉત્પત્તિ છે ને સ્થિતિ છે તેવીજ સમુદ્રવાળી પૃથ્વીમાંથી આકાશના મેઘની, ને તેવીજ સ્ત્રીના હૃદયમાંથી પુરુષના હૃદયની, ઉત્પત્તિ સ્થિતિ છે.

કુમુદ૦—જો એટલું હેાય તેા બીજું આ પણ તેમાં બરું કે પૃથ્વીના સાગરનું ખારું પાણી આકાશના જ પ્રતાપથી મીઠું થાયછે ને ઋક્સંહિતાના ઉચ્ચાર સામરૂપ પામીને ગાનરૂપ થાય છે. સ્ત્રીહૃદય પણ પુરુષના હૃદયને પામીને અને પુરુષના હૃદયની શક્તિથીજ જીભને ને કાનને માટે મધુર થઈ જતું હેાય તેા હેાય.

સરસ્વતીચંદ્રે સ્મિત કર્યું: "સ્વપ્નનું મંગળસૂત્ર અત્યારે પણ તમારા હૃદયને શક્તિ આપતું દેખાયછે. તમે કહેા છેા તે પણ સત્ય છે. માટે જ લેાકયાત્રામાં પ્રીતિરથના બે અશ્વ પેઠે એક ધુરીએ જોડાયલાં દમ્પતીહૃદય રથમાં બેઠેલાં દમ્પતીજીવનનું વહન કરે છે ને તેમના યજ્ઞ તેમના પરસ્પરબળથી વેગ પામે છે."

કુમુદ૦—લેાકયાત્રાને માટે આવી ધુરીએ જોડાવું તે વિવાહ ! એમ જ કે નહી ?

સર૦—એમ જ.

કુમુદ૦—આપણા દેશમાં તેની અવસ્થા કેવી હશે ?

સ૨૦—આ પ્રશ્ન મ્હારું દુઃખ તાજું કરે છે ! કુમુદસુન્દરી, આવી ધુરીઓ આપણા દેશમાં તો પેલા રાફડાઓમાંથી નીકળેલી તેજસ્વી છાયાઓ જેવી જ છે—ને બાકી તો રાફડાઓમાંનાં માટી ને જન્તુ તમે જોયાં.

કુમુદ૦—આપણે તે રાફડામાંથી મુક્ત થયાં છીયે.

સ૨૦—આપણાં સૂક્ષ્મ શરીર તમારા જ રસને ધારે છે.

કુમુદ૦—પણ એ રાફડાઓને સ્થાને તેની પાસેના પ્રકાશમય કુંડ કે તળેના મણિમય માર્ગ શું કોઈ દિવસ પણ નહી ઉત્પન્ન થાય ?

સ૨૦—ઈશ્વરને શું અશક્ય છે ? પણ એ રાફડાઓ પ્રકાશમય થતાં ઘણી વાર ને ઢીલ થશે ને તેટલામાં પરદેશી પવનથી એ રાફડાસુદ્ધાંત તેમના આધારભૂત ખડકોની શી સ્થિતિ થશે તે કલ્પાતું નથી. પરદેશી અગ્નિરથમાંનાં મનુષ્યોની ત્વરા આગળ આપણાં ક્ષુદ્ર જન્તુઓ પ્હોચી વળવાનાં નથી ને જ્યારે ચારે પાસથી પવન વાશે ત્યારે તો સર્વ દોલાયમાન થશે. કુમુદસુન્દરી ! પાશ્ચાત્ય પવનોના ઝપાટાઓ વચ્ચે આપણા રાફડાઓ ઉભા છે તેના કણેકણ આકાશમાં ઉડશે. એ રાફડાઓની રેતીનાં ઉડતાં વાદળ આ પૃથ્વી પરના અત્યારના અન્ધકાર પેઠે જમી જશે ને આટલો ચન્દ્ર દેખાય છે તે પણ પાછલી રાત્રે અસ્ત થશે.

કુમુદ૦—આ રાત્રિનો અન્ધકાર ચન્દ્રની ચન્દ્રિકાથી ચંપાય છે ને ચન્દ્રના અસ્ત પછી થોડી વારે જ સૂર્ય ઉદય પામશે.

સ૨૦—તમારું મંગળસૂત્ર આજના જાગૃતમાં ઉજ્જૃમ્ભણ પામે છે ને મ્હારા નેત્ર આગળ આપણી અને આકાશની વચ્ચે કંઈનવાં જ સત્ત્વ તરતાં ઉડતાં દેખાય છે.

કુમુદ૦—આ ગુફાઓમાંનાં પુતળાં જીવતાં થઈ ઉંચે ઉડતાં હોય એમ લાગે છે. મ્હારી આંખો નિદ્રાથી ઘેરાય છે.

કુમુદ અગાશી વચ્ચે નિદ્રાવશ થઈ ગઈ–સુઈ ગઈ.

સરસ્વતીચંદ્ર પણ નિદ્રામાં પડ્યો.

ચંદ્રિકા ચળકતા પાણીમાં રમતી હોય તેમ આમનાં શરીર ઉપર રમવા લાગી. આકાશમાં ચંદ્ર ચળકતા રુના ઢગલા જેવા એક લાંબા વાદળાથી છવાતો હતો. થોડી વારે કોણ જાણે કયાંથી થોડું થોડું ચારે પાસ ઝાકળ પડવા લાગ્યું ને કોણ જાણે કયાંથી આમનાં મસ્તકમાં સ્વપ્ન સરવા લાગ્યાં. થોડી વારમાં કુમુદ ઝબકી ઉઠી ને સરસ્વતીચંદ્રને ઉઠાડી કહેવા લાગી.

"અંહી ઝાકળ પડે છે, આપણે નિદ્રાળુ છીયે, નીચે જઈ સુઈએ-ચાલો."

નિદ્રામાં ડોલતો ડોલતો સરસ્વતીચંદ્ર આગળ ચાલ્યો. એને સંભાળતી સંભાળતી કુમુદ પાછળ ચાલી. નીચે જઈ એક ઓટલા ઉપર સરસ્વતીચંદ્ર સુઈ ગયો ને બીજી પાસને ઓટલે કુમુદ સુઈ ગઈ. પળ વારમાં નિદ્રા આવી તો તેને પગલે સ્વપ્ન પણ આવવા લાગ્યું—એને એક જ સ્વપ્ન થયું.

સ્વપ્નનો પ્રથમ ચમકારો થયો તેની સાથે સિદ્ધાંગનાઓની પ્રસાદીઓ જાતે પ્રાપ્ત થઈ ગઈ. તેજોમય વસ્ત્રના છેડાઓથી બે જણ સંધાયાં, પાંખો પ્રાપ્ત થઈ, અને તેની સાથે જ સૌમનસ્યગુફાની અગાશીમાંથી બે જણ ચન્દ્રલોક ભણી ઉડવા લાગ્યાં. થોડી વારમાં તેમની અને પૃથ્વીની વચ્ચે ઘણું અંતર પડી ગયું. ઉડ્યાં તેવામાં તો ક્વચિત્ ધ્રુવડ અને ક્વચિત્ ચકોર વિના બીજું કોઈ પક્ષિ તેમને મળતું ન હતું. ધીમે ધીમે તે સર્વ પણ બંધ થયાં અને માત્ર ચન્દ્રના પ્રકાશથી ચળકતાં વાદળાં ચાર પાસ છુટાં છવાયાં ઉડતાં મળ્યાં. ધીમે ધીમે તે પણ બંધ થઈ ગયાં. નીચેની પૃથ્વી છાયા અને ચન્દ્રિકાના સંયોગથી દ્વિરંગી લાગવા લાગી અને ઉપરનું આકાશ ઉંચું જતું દેખાયું ને તારામંડળ પાસે આવતું લાગ્યું.

આવે સ્થાને બે જણ દશે દિશાઓની સુન્દરતા જોવા ઉડતાં ઉડતાં અટક્યાં ને અદ્ધર લટક્યાં-ત્યાં તેમની સામે ક્ષત્રિયવેશધારી છાયા આવતી દેખાઈ. મલ્લરાજના ભાયાત સામંતરાજની તે મૂર્ત્તિ હતી. સરસ્વતીચંદ્રે તેને ઓળખી ને એ બોલે તે પ્હેલાં આ છાયા જ બોલી.

"સરસ્વતીચંદ્ર, મ્હારી રાજભક્તિથી આ દેશ સુધી હું આવ્યો છું પણ સિદ્ધનગરમાં પ્રવેશ પામવાનો અધિકાર સાત્ત્વિક દ્રષ્ટાઓને જ છે ને હું તેવો દ્રષ્ટા થાઉં ત્યાં સુધી આ બાહ્ય દેશમાં ફરું છું. મને જે અધિકાર મૃત્યુ પછી પણ મળ્યો નથી તે તમને આજથી છે તો મ્હારા ઉપર એક કૃપા કરજો. આ મ્હારા પોપટને તમારી જોડે આવવા દેશો તો આવશે. મ્હારી વાસનાઓ ને જિજ્ઞાસાઓ તેને જિવ્હાગ્રે છે ને તમે જ્યાં જશો ત્યાં તે તેના ઉચ્ચાર કરે ત્યારે ત્યારે સાંભળજો ને તેને કોઈ ઉત્તર ન આપે તો તમે આપજો. એની જિવ્હા એ ઉત્તર મને કહી બતાવશે એટલે મ્હારી વાસના શાંત થશે ને જિજ્ઞાસા તૃપ્ત થશે તેની સાથે મ્હારી દૃષ્ટિ સાત્ત્વિક થશે એવો સિદ્ધાદેશ છે."

સર૦—એટલું હું આનન્દથી કરીશ. પણ અમે કોણીપાસ જઈએ છીયે તે તમે કહી શકશો?

સામન્ત૦ –આ સ્થાને પૃથ્વીના વાયુ બંધ થાય છે ને જરીક ચહડશો કે સૂર્યમંડળનાં એકલાં આકર્ષણના મહાસાગરમાં તમે જશો. આપણા મૃત્યુલોકનાં ભાગ્યનાં આકર્ષણ કરનાર ચિરંજીવો જ સિદ્ધનગરમાં દર્શન આપે છે તે તમને થોડીવારમાં મળશે. આખી પૃથ્વીના મનુષ્યલોકનાં ભાગ્યની દોરીઓ તમે અંહી જોશો ને આપણા દેશની દોરીયો પણ તમે જોશો.

આટલું બોલતામાં એ છાયા અદૃશ્ય થઈ ને મ્હોટા વાદળા જેવું વાયુ–વિમાન—બલૂન—દ્રષ્ટિયે પડ્યું. એ વિમાનમાંથી અનેક સોનારુપાની ને અન્ય ધાતુઓની દોરીયો નીચે લટકતી હતી ને પૃથ્વીના ગોળા બાણી બંધાતી હતી તેમ પૃથ્વીને ખેંચતી હતી. આ વિમાનમાંના આસન ઉપર પ્રકાશમય ધનુર્ધર મૂર્ત્તિઓ દેખાતી હતી, તેમનું ધ્યાન તેમની ક્રિયાઓમાં હતું અને તેમની ક્રિયામાત્ર આ દોરીયો દ્વારા થતી હતી.

સર૦—કુમુદ ! મલ્લરાજ મહારાજે જે મહાત્મા અર્જુનનો સાક્ષાત્કાર પામી પોતાની રાજ્યવેધશાળા બંધાવી છે તે અર્જુનદેવનું આપણે આ વિમાનમાં દર્શન કરીયે છીયે. તું તેમનું કલ્યાણકારક મુખ તો જો !

કુમુદ૦—સંસાર એમ જાણે છે કે ગાણ્ડીવધનુનો ધરનાર અસ્ત થયો છે !

સર૦—આપણા દેશમાંથી તે અસ્ત થયો છે પણ સૂર્ય અને ચંદ્ર જેવો જ તે ચિરંજીવ પૃથ્વીની પ્રદક્ષિણા જ કરે છે.

કુમુદ૦—આજ એમની ચંદ્રિકા કીયા ગોલાર્ધમાં સ્ફુરે છે ?

સર૦—નીચેની પૃથ્વી જોઈશે તો તે દેખાશે. આ વિમાનમાંથી લટકતી દોરીયો જે જે પ્રદેશમાં ખેંચાય છે ત્યાં અર્જુનના મુખચંદ્રની ચંદ્રિકા સ્ફુરે છે.

કુમુદ૦—પૃથ્વી ઉપર એની દોરીયો ખેંચનાર તો બહુ દેખાય છે ! એ ખેંચનાર તે તે મનુષ્યો છે કે ઇતર પ્રાણીયો છે ?

સર૦—તેમની મનુષ્યક્રિયાઓ ને શુદ્ધ રૂપરંગ તો પૃથ્વી ઉપર ઉતરી શું ત્યારે જણાશે, પણ અંહીથી તો વિચિત્ર પ્રાણીયો જ દેખાય છે. આપણે જે પૃથ્વી દેખીયે છીયે તે પૃથ્વી નથી પણ પિતામહપુરમાં પડેલી પૃથ્વીની ગોળ છાયાઓ છે ને આ વિમાનની દોરીયો તે પ્રતિબિમ્બરૂપ છાયાઓ સુધી જ દેખાય છે ને તે પછી તો ગુરુત્વાકર્ષણ પેઠે જાતે અદૃશ્ય સ્વરૂપે અને ફલપરિપાકમાં જ દૃશ્યરૂપે જણાય છે.

કુમુદ૦—આ દોરીયો કોણ ખેંચે છે?

સર૦—એક પાસ પૃથ્વીનો પૂર્વ ભાગ છે ને બીજી પાસ પશ્ચિમ ભાગ છે તે બેનાં પ્રાણીયો જુદાં જુદાં છે તેમાંથી કોઈ ખેંચે છે ને કોઈ નથી ખેંચતાં.

કુમુદ૦—આ પેલી પાસ કીયો પ્રદેશ છે?

સર૦—એ ભૂમધ્ય સમુદ્ર પાસેના ગિરિરાજ છે તે અંહીથી પાળે જેવા લાગે છે. તેના પશ્ચિમ તટ ઉપર અર્જુનનો વાયુરથ આજ ચાલે છે. એના પૂર્વ તટ ભણી એ રથની પુઠ છે.

કુમુદ૦—પૂર્વ તટે કોણ વસે છે ને પશ્ચિમમાં કોણ વસે છે?

સર૦—આ રથ પ્રથમ એ પાળોના પૂર્વ ભાગમાં ને દક્ષિણ ભાગમાં ચાલતો હતો. હાલ તમે જુવો છો કે એ પશ્ચિમ તટથી પણ પશ્ચિમમાં જતાં છેક પશ્ચિમે દ્વીપ છે ત્યાં કપિલોક વસે છે ને આ રથનાં સુવર્ણ-સૂત્ર એ કપિલોક અતિબળથી ખેંચે છે. એની નીચે જે પક્ષિરાજ બીજું સૂત્ર ખેંચે છે તે દિવસે ગરુડ થાય છે ને રાત્રે ચકોર થાય છે—આપણને તે આજ ઉભય રૂપે દેખાય છે તે આ ચિન્તામણિની શક્તિથી. ત્રીજા પા-સથી ઉપરનું સૂત્ર પેલો ગજરાજ ખેંચી રહેલો છે ને તેની દક્ષિણે ટૌકા કરતો રસિક મયૂર એક સૂત્ર ખેંચે છે.

આ વાક્ય નીકળી રહ્યું તેની સાથે સામન્તનો પોપટ ઉડ્યા ને ગાવા લાગ્યો:

" હા! હા!

" केकाभिर्नीलकण्ठस्तिरयति वचनं ताण्डवादुच्छखण्डः।
" कान्तामन्तःप्रमोदादभिसरति मदभ्रान्ततारश्चकोरः ॥
" गोलाङ्गूलः कपोलं छुरयति रजसा कौसुमेन प्रियायाः।
" कं याचे यत्र तत्राप्यनवसरग्रस्त एवार्थिभावः ॥ [1]

કુમુદ૦—આ વૃદ્ધ શુક શું કહેછે ને કોની વાતો કરેછે અને એને શું જોઈએ છીયે?

સર૦—આપણા દેશની દેશવત્સલ રાજસી વાસનાઓનું સૂક્ષ્મ જીવ-ન તે આ સિદ્ધનગરનો પુરાણ પોપટ છે. આપણા દેશનો ઉદ્ધાર કેમ થાય તે વિષયનું એ રાત્રિદિવસ રટણ કર્યા કરે છે. એ વાસનાની તૃપ્તિને માટે એ અર્થી છે ને એ તૃપ્તિને માટે જ યોગ્ય સ્થાને યાચના કરે છે.

---

૧. માલતીમાધવ.

આ પોપટ વળી બોલવા લાગ્યો.

"હું કાંઈ જેની તેની પાસે યાચના કરતો નથી. પણ મ્હારી યાચના સાંભળી તેને સફળ કરવાના અધિકારી પાસે જ જવાનો વિચાર કરું છું. પરંતુ ત્યાં પણ તેમની પોતાની પ્રવૃત્તિને લીધે મ્હારું કોઈ સાંભળે એમ નથી તેથી આ પાંખો ઉપર એક વૃક્ષથી બીજે વૃક્ષે આથડું છું. આ પુરાણ પ્રાચીન મયૂર મૂળ કાર્તિકસ્વામીનું વાહન હતો ને રોમના રાજ્યમાં એના ટોકા થતા હતા ત્યારે અર્જુન ત્યાં મેઘ પેઠે વર્ષતો હતો. કાર્તિકસ્વામી ત્યાંથી ગયા તોપણ મયૂરને પાછળ મુકીને ગયા ને આજ સુધી એ મયૂર ચિરંજીવ રહ્યો છે તે ઘડીમાં પીછાંનો કલાપ કરી નૃત્ય કરેછે ને ઘડીમાં કલાપને સંકેલી દે છે ને ઘડીમાં પાડી નાંખે છે. હાલમાં તેનો કલાપ ઉઘડે છે પણ એ મયૂરનામાં પોતાની મયૂરીનું પોતાના જ વૃક્ષ ઉપર રંજન કરવા ઉપરાંત વધારે શક્તિ, વૃત્તિ, કે ગતિ કાંઈ જ નથી તેની યાચના કરીને શું કરું? એ દેશના સંસારથી મ્હારા દેશના સંસારે શી સૂચના લેવી? એ મયૂરની પોતાની ગતિ બહુ ઉંચી હવે નથી. તે જાતે રમણીય, સુન્દર, ને રસિક છે. પણ મ્હારા દેશમાં એના જેવા મયૂર થઈ ગયા છે ને નાશ પણ પામ્યા છે."

પોપટ આટલું બોલ્યો ત્યાં મયૂરે ઝાલેલા સૂત્રમાંથી સ્વર નીકળવા લાગ્યા:

"મૂર્ખ પોપટ! દેખે તેને માટે સ્થાને સ્થાને ઉપદેશ છે ને વધારે દેખનાર આત્મપરીક્ષકને તો પોતાના જીવનમાં જ ઉપદેશ છે. તહારો દેશ મ્હારા દેશ-જેવો એક કાળે હશે; પણ તું જોતો નથી કે તહારા દેશમાં જે અનેક ખડકો બંધાયા છે ને તેના પર રાફડા બંધાયા છે તે તમારાં જન્તુઓને જડ કરી નાંખે છે, તેમની ગતિને રોકે છે, તેમની દૃષ્ટિને અન્ધ કરે છે, તેમના કાનને બધિર કરે છે, ને તેમનાં રસેન્દ્રિયને માટીનાં રસિક કરી મુકે છે? કીયા અધિકારથી આવો દેશ અર્જુનનો પ્રસાદ પામ્યો છે? મ્હારા દેશની સ્થિતિમાંથી તહારા જેવા વ્યાધિ મ્હેં વેળાસર દૂર કરેલા છે. ઘડીમાં પડી, ઘડીમાં ઉઠી, અસ્તોદયનાં અનેક ચક્રોમાં ફરી હું સજીવ રહ્યો છું ને આજ અર્જુનના વિમાન સાથે ઉડું છું!"

પોપટ બીજી દોરી જોવા લાગ્યો ને કહેવા લાગ્યો "આ દોરી ઝાલી "રાખનાર પારીસ નગરના અને તેના દેશના ચકોર! તું દિવસે ગરુ-"ડની ગતિ ને શક્તિ ધરાવે છે ને રાત્રે ચકોર થઈ ચન્દ્રબિમ્બ ભણી "ઉડે છે! તહારામાં બળ અને રસ ઉભય છે! મ્હારા દેશમાં પણ

" એક કાળે તેવું જ હતું. મ્હારા દેશનો એવો શો દોષ છે કે આ
" દોરીયો ઝાલવા જેમ એ દેશ પ્રયત્ન કરે છે તેમ તેમ હાથમાં આવી
" ન આવી દોરીઓ સરી પડે છે, હેલારે ચ્હડે છે, ને અમારી પાસે
" તેનો તન્તુ પણ રહેતો નથી ?"

ચકોરપક્ષી અર્જુનના રથની દોરી ઝાલી ઉડતું હતું તે ઉભું રહ્યું.

" પૂર્વના પવનના અનુભવી પોપટ! પશ્ચિમની મ્હારી સ્વતન્ત્ર ઉદાર
" પ્રજ્ઞના ઉચ્ચગ્રાહ્ય રાત્રે ચકોર જેવા થાય છે ને દિવસે ગરુડ જેવા
" થાય છે. મ્હારી પ્રજ્ઞના ભવિષ્યમાં પૃથ્વીની સર્વ પ્રજ્ઞઓનું ભ-
" વિષ્ય બંધાયલું છે—એમ હું ગણું છું તે સત્ય હો કે ન હો--પણ
" અમારી આવી શ્રદ્ધા જ ઉચ્ચગ્રાહિણી છે ને અર્જુનના રથનાં
" રત્નજડિત સૂત્રો ઝાલવાની વૃત્તિ અને શક્તિ આપનાર તે એ જ
" શ્રદ્ધા છે! પૃથ્વીની સર્વ પ્રજ્ઞઓ મળી જે સમષ્ટિ થાય છે તે શરી-
" રના ઉત્તમાંગનું મસ્તિક--મગજ—તે અમે છીયે! અમારા સંસ્કારી
" અભિલાષ અમે સર્વ મનુષ્યજ્ઞતિઓમાં વીજળીના તારથી મોક-
" લીશું ને જેની શક્તિ હશે તે તેને ઝીલશે ને સચેતન થશે. અમે
" તમારા જડ દેશ ઉપર રાજ્ય કરવા ઇચ્છતા નથી, પણ ચન્દ્ર જેવા
" અભિલાષ ભણી ઉડીયે છીયે ને તમારા દેશને એ અભિલાષ જોઈ તો
" હોય તો તેનાં સાધન સંપાડવાં એ તમારા હાથની વાત છે. પોપટ!
" મિથ્યાધર્મની અને અવિચારની જ્વળમાંથી તું જાતે મુક્ત થા ને તમારા
" દેશને મુક્ત કર."

પોપટ૦—અરે ભુંડા ચકોર! મ્હેં જાણ્યું કે આ મયૂર મને પોતાના જેવો જાતે કલાપ કરવાનું શીખવશે ને તું તમારા સમર્થ ગરુડ-રૂપ જેવું પ્રજ્ઞસત્તાક રૂપ ધારવાની કળા શીખવીશ. તમે એ જણે મ્હારી આ-
શાને નષ્ટ કરી ને ઉલટા મ્હારા દોષ દર્શાવો છો.

ચકોર૦—મૂર્ખ પોપટ! તમારે ગરુડ જેવું થવું હોય તો તમારા દોષ
પ્હેલા જાણી લે—આત્મપરીક્ષક થા. આત્મપરીક્ષક શક્તિ અને આત્મ-
દોષદર્શક દૃષ્ટિ મ્હારાં પ્રિય સાક્ષર બાળકોને હું ધાવણમાં આપું છું તેમ તું

---

1. In M. Zola's case it has always been his purpose to expose the evils from which society suffers, in the hope of directing attention to them and thereby hastening a remedy; and thus, in the course of his works, he could not do otherwise than drag the whole frightful mass of human villainy and degradation into the full light of day.

E. A. Vizetelly's Preface to his translation of Zola's "Paris."

આપ. મ્હારા પ્રજ્ઞસત્તાક સ્વરૂપથી તું મોહ પામીશ નહી. એ સ્વરૂપ તો આ ચંદ્રિકાના પાનને માટે હું ધરું છું અને જ્યારે પરાક્રમ કરવું હોય ત્યારે તો નેપોલીયનો જેવાઓ જ મને ગરુડનું સ્વરૂપ આપે છે. ત્હારે ગરુડ જેવાં થવું હોય તો જે કપિલોક સાથે તું સંધાયો છે તેને ખભે બેસી બન ને તે લેઈ જનય ત્યાં જા. રાજ્ઞ નામના અનેક સામન્તોના ચક્રાના ચક્રવર્ત્તી ગરુડલોકનું સ્વરૂપ ત્હારા કપિલોક કયાં ધારતા નથી જે ગરુડનો લોભ તું અન્યત્ર કરે છે? ચન્દ્રિકાનું પાન કરવું પ્રિય હોય તો મ્હારા જેવું સ્વરૂપ કર્યા વિના મ્હારા કરતાં વિશેષ પાન ચંદ્રકાંતની શિલાઓ કરે છે—તેમાં ત્હારે તો માત્ર ચંદ્રિકાનું સ્થાન જાણવાની આવશ્યકતા છે, મ્હારું સ્વરૂપ પામવાની કંઈ જરુર નથી.

પો૫૮૦—અમે અસ્ત્રહીન લોક એ ચન્દ્રિકાને શું કરવાના હતા?

ચક્રા૨૦—તું આશ્વાસન પામ. જે લોક અને પ્રાણીયો આજ અસ્ત્ર ધરે છે તેમનાં અસ્ત્ર બનતે એમના હાથમાંથી ખરી પડશે. એક કાળ એવો આવશે કે જ્યારે સર્વ પૃથ્વીમાં એક શાંત ચંદ્રિકા પ્રકાશશે અને મનુષ્યને હાથે મનુષ્યનું શરીર ક્ષત નહી થાય. ક્ષત્રતા ક્ષત કરવામાં નથી પણ ક્ષતથી ત્રાણ કરવામાં છે— क्षतात्किल त्रायत इत्युदग्रः क्षत्रस्य शब्दो भुवनाभिहृदः—એ ત્હારા દેશનું વાક્ય સર્વ પૃથ્વીમાં સત્ય થશે અને કેવળ સત્ય, ન્યાય, અને શાંતિનો યુગ થોડા કાળમાં પ્રવર્ત્તશે—એ મ્હારું ચંદ્રબિમ્બ —અને એ જ મ્હારી ચન્દ્રિકા! જો સાંભળ—આ મ્હારું ઝીલેલું અર્જુનરથનું સૂત્ર બોલવા માંડે છે તે સાંભળ:

એ સૂત્ર કમ્પવા લાગ્યું ને તેમાંથી શાંત શ્વેત પ્રકાશના અંકુર ફુટવા લાગ્યા ને તેમાંથી શબ્દોચ્ચાર નીકળવા લાગ્યા.

"In the twentieth century, there will be an extraordinary nation. This nation will be great, but its greatness will not prevent it from being free . . . . In the twentieth century, the country of this nation will be called Europe, and in after centuries, as it still and ever develops, it will be called Mankind. . . . . Throughout historical times, the world has ever had a city which has been The City. The brain is a necessity. Nothing can be accomplished without the organ whence come both initiative and will.

Acephalous civilization is beyond conception. It is from three cities, Jerusalem, Athens, Rome, that the modern world has been evolved. They did their work. Of Jerusalem there now remains but a gibbet, Calvary ; of Athens, a ruin, the Parthenon ; of Rome, a phantom, its empire. Are these cities dead, then ? No. A broken eggshell does not necessarily imply that the egg has been destroyed; it rather signifies that the bird has come forth from it, and lives. From out of those shells lying yonder—Rome, Athens, and Jerusalem—the human ideal has sprung and soared. From Rome has come Power; from Athens, Art ; from Jerusalem, Freedom ; the great, the beautiful, the true. . . . . And they live anew in Paris, which in one way has resuscitated Rome, in another Athens, and in another Jerusalem ; for from the cry of Golgotha came the principle of the Rights of Man. And Paris also had had its crucified ; one that has been crucified for eighteen hundred years—its People. But the function of Paris has been to spread ideas. Its never ending duty is to scatter truths over the world, a duty it incessantly discharges. Paris is a sower, sowing the darkness with sparks of light. It is Paris which, without a pause, stirs up the fire of *Progress*. It casts superstitions and fanaticism, and hatred and folly and prejudice on to this fire, and from the darkness comes a blaze of light. . . Moreover, Paris is like the centre of our nervous system ; each of its quivers is felt throughout the world. . . And, further, it is like a ship sailing on through storms and whirlpools to unknown Atlantides, and ever towing the fleet of mankind in its wake. There can be no greater ecstasy than that which

comes from the perception of the universal advance, when one hears the echoes of the receding of tempests, the creaking of the rigging and the panting of the toiling crew, when one feels the straining of the timbers, and realises the speed with which, in spite of all, one happily travels onward. Search the whole world through; it is ever upon the deck of Paris that one may best hear the flapping and quivering of the full-spread, invisible sails of human Progress."*

આ સ્વર બંધ પડ્યો તેની સાથે અર્જુનરથની દોરીઓમાં નવા તેજના ચમકારા થવા લાગ્યા ને તેને વળગી રહી તેને ખેંચનાર ચકોરની પાંખો વધતી વધતી ગરુડના જેવી થવા લાગી. અંતે ચકોર બોલ્યો.

" પોપટ ! તું કપિલોકની ભીતિ રાખીશ નહી. જે કલ્યાણયુગ અ-
" મારા સત્વથી સંસારમાં બેસવાનો છે તેના આગમન પહેલાં આ વહી
" જતા યુગમાં જાદવાસ્થળી થશે; દીવો હોલાતાં હોલાતાં ઝબુકે; મનુષ્ય
" મરતો મરતો સન્નિપાત ને ત્રિદોષથી લવવા માંડે; તેમ આ યુદ્ધકાળ
" ઉન્માદ પામશે ને જગતને કંપાવશે. " We shall then witness
" *War's last agony*,† and *war will kill war*† and
" the spirit of war. જ્યારે સંસાર આમ પ્રસવવેદના ભોગવશે
" ત્યારે નવો યુગ બેસવાનો અને જે સૂત્રો અમે તાણીયે છીયે
" તે આખી પૃથ્વીનાં મનુષ્યોને ખેંચશે. તે કાળે,—પોપટ, તહારા દેશનું
" પણ સર્વના ભેગું કલ્યાણ થશે. એ કલ્યાણ પ્રાપ્ત કરવાને માટે અ-
" સ્ત્રની કે શસ્ત્રની આવશ્યકતા નથી, અને બીજું જે સત્વથી એ
" કલ્યાણ પ્રાપ્ત કરાય છે તે તહારા દેશમાં છે કે નથી તે તહારા લોકના
" ઇતિહાસને પુછ, તહારા લોકનાં મનોરાજ્યને પુછ, અને તહારી નૌકાના
" સુકાન આગળ બેઠેલા કપિલોકને પુછ. જેમાં સર્વ મનુષ્યલોકને આશા છે
" તેમાં પણ તું આશા બાંધી ન શકે તો આ સિદ્ધનગરમાં છેટે તહારા
" દેશના ચિરંજીવો છે તેને જઈને પુછ. પણ આત્મપરીક્ષાનો ત્યાગ કરી
" પારકા દોષ જ વિચારવાની મૂર્ખતા ન કરીશ ! "

ચકોર પોતાના રજ્જુ ઉપર હીંચકા ખાવા લાગ્યો, ને પોપટે ઉત્તર દીધો નહી. સરસ્વતીચન્દ્ર ને કુમુદ સુવર્ણસૂત્ર ભાગી ઉઠ્યાં ને એના આ-

* Victor Hugo. † Zola.

મળા ઝાલ્યા તેની સાથે તેનાં ઉપસૂત્ર જુદાં પડી ગયાં. એ ઉપ-સૂત્રો અંહી વલોવવાના વલોણાની દોરીયો પેઠે ચારે પાસ ઉડવા લાગ્યાં ને તેના છેડાઓ પૃથ્વીની ચારે પાસના સમુદ્રમાં બોળાવા લાગ્યા. એ સમુદ્ર પોતાના ભવ્ય વિસ્તાર સાથે નીચે અને ચારે પાસ ખળખળ બોલતો પ્રત્યક્ષ થયો ને તેના તરંગો ઉંચા ઉંચા ઉછળવા લાગ્યા ને ચન્દ્રનાં અસંખ્ય પ્રતિબિમ્બોનાં પક્કીકરણ પામેલાં કિરણથી ચળકવા લાગ્યા. આ કેવળ સમુદ્ર નહી પણ ક્રમેક્રમે મહાસાગર જણાયો. થોડી વારમાં એ મહાસાગર પૃથ્વીના પંચમહાસાગરથી ભરેલો દેખાયો.

સર૦—આ દિવ્ય સ્વપ્નની સહચારિણી પ્રિયા ! આ મહાસાગરોનો ઠાઠ તો જો ! કેટલા દ્વીપ ! કેટલા ખંડ ! તરંગનો ને ખડકોનો તો પાર જ નથી !

કુમુદ૦—ઓ મ્હારા પ્રિયતમ ! આ મહાસાગરો ઉપર ચારે પાસ કપિલોકનાં યૂથનાં યૂથ ચાલે છે ! જ્યાં દ્વીપ ત્યાં દિવ્ય શક્તિવાળા વાન-રોને દેખું જ છું ! આ લોક ઘડીકમાં વાયુને વશ કરે છે તો ઘડીકમાં એનાં મોજાંને જ વશ કરે છે ને ત્રીજે સ્થાને અગ્નિને ને આકાશમાંની વીજળીને વશ કરે છે !

સર૦—વરુણ, વાયુ, અગ્નિ, અને ઇન્દ્ર સર્વ અર્જુનને સાધનભૂત થયા છે ને અર્જુને તેમના દેશમાં પોતાનો રથ ફેરવેલો છે. કુમુદ ! અમ્હા આ રથ જ્યાં ફરે ત્યાં સત્યયુગ સમજવો એવો અર્જુનના પિતા ઇન્દ્રનો ઉપદેશ છે.[1]

પોપટ—પણ બીજા લોકને મુકી આ કપિલોકમાં આજ કેમ આટલું બળ છે ?

સર૦—અર્જુન કપિકેતન છે તેનું બધું રહસ્ય આપણા ચિરંજીવો કહેશે. પણ એ કપિલોક ચરેછે તેથી ઇન્દ્રપુત્ર તેનો પક્ષપાત કરે તે જ સ્વાભાવિક છે. આપણા લોક સુધી રહેછે માટે તેમાં કલિયુગ છે અને આ લોક ચરે છે માટે સ્વર્ગનો મહારાજ તેમનો મિત્ર જ છે. इन्द्र इच्चरतः सखा! એ ઇન્દ્રનું જ વચન છે. એ ઇન્દ્રનો પુત્ર આવા પ્રવાસ ન કરે તો બીજું કોણ કરે ? કુમુદ ! ઉત્તમ સ્વપ્નની સહચારિણી પ્રિય કુમુદ! ઇન્દ્રરાજે કહેલા કૃતયુગના તીર ઉપર ચરતાં આ અનેક સત્વોને જોઈ લે ! આ મયૂર અને ચકોર કેવળ પક્ષિધર્મથી ઉડે છે ને પેલા છેટેના

---

૧. આ પ્રકરણને મથાળે મુકેલા ઐતરેય બ્રાહ્મણના શ્લોક.

ઋક્ષ[૧] અને ગન્ધરાજ મહાબળથી ચાલે છે ને તેમના પંઞામાં ને પગલાંમાં વિકટ બળ છે ત્યારે આ કપિલોકનાં કમાન જેવાં અસ્થિપંજર ને સ્નાયુઓ તેમને પક્ષીની પેઠે સમુદ્ર ઓળંગવાની શક્તિ આપે છે ને તેમની સ્થિતિસ્થાપકતા તેમને સર્વ કલેશનું સહન કરવાની શક્તિ આપે છે. આફ્રિકાના તાપને ને હિમાલયના હિમને તેઓ વેઠી શકે છે, ને જ્યાં કુદેછે ત્યાં રહી શકે છે. કુમુદ! ઋક્ષ અને ગન્ધ જ્યારે પગે ચાલે છે ત્યારે વાનરલોક મ્હોટી મ્હોટી ફાળો ભરેછે ને ઝાડે ઝાડે, પર્વતો ઉપર, રણોમાં, ને સમુદ્રો ઉપર કુદાકુદ કરી આ ચોખંડ પૃથ્વીમાં તેઓ અર્જુનના રથનાં અસંખ્ય સૂત્રો ગુંચી જાય છે. તું જુવે છે કે આ મહાસાગરમાં જ્યાં જ્યાં નૌકાઓના સઢ ને ધુમાડાના ગોટ ચાલે છે ત્યાં તુતક ઉપર કે સુકાન ઉપર કે સંચા ઉપર કપિલોક જ હોય છે?

કુમુદ—આ ચિત્રદર્શન હું મહાવિસ્મયથી જોઉં છું. અર્જુનદેવ તેમને બહુ લાડ લડાવે છે.

પોપટ—અર્જુન આટલો પક્ષપાત શા માટે કરે છે?

"તમારા ચિરંજીવોને પુછજો!" આકાશવાણી થઈ.

સર૦—આ એમનાં ગુંચેલાં અર્જુનરથનાં સૂત્ર તો જો! તેમાં શી ક્રિયા ચાલે છે?

કુમુદ૦—આ વાનરોયે એ દોરડાંના તન્તુમાત્રને છુટા કરી નાંખ્યા છે! અને એના ઝીણામાં ઝીણા તન્તુ તે મ્હારા હાથ જેવા જાડા છે! કોઈ તન્તુમાંથી વિદ્યા વીજળીના ચમકારા પેઠે નીકળે છે તો કોઈમાંથી ઘનના દગલા વાદળાં પેઠે નીકળે છે. બીજા તન્તુઓની ક્રિયાઓનો પાર નથી, હું જોઉછું, મોહુંછું, પણ વર્ણન કરી શકતી નથી. પેલા ગન્ધ અને ઋક્ષ કોણ છે?

સર૦—ઋક્ષ લોક રશિયાનો છે ને પેલો પ્રાચીન ગન્ધ તે જર્મનીના મહારાજ્યનું સ્વરૂપ છે. આ કપિલોકમાં જ્યારે પાંચ્યાલીનું રાજ્ય છે ત્યારે ઋક્ષ અને ગન્ધલોકમાં દુર્યોધનનું રાજ્ય છે.

કુમુદ૦—એ લોક શું અર્જુનના રથથી ખેંચાતા નથી?

સર૦—એ રથનાં દોરડાં ઝાલવા ને ખેંચવા એમના દુર્યોધન મહાપ્રયત્ન કરે છે. પણ જ્યાં પાંચ્યાલી સુખી નથી ત્યાં અર્જુનના રથની ગતિ ધીમી હોય છે. આ ઋક્ષલોકનાં રીંછની શંખણી જેવી રીંછડી પાંચ્યાલીની કાંઈ

---

૧. ઋક્ષ=રીંછ (રશિયાના મહારાજ્યની સંજ્ઞા "રીંછ" છે.)

પણ સમૃદ્ધિ પામી નથી. ગજરાજની પાગ્યાલી હસ્તિની છે ને હસ્તી અને હસ્તિની ઉભયની પ્રીતિ ઝાઝી છે પણ તેની પ્રીતિક્રિયાના સંસ્કાર સંપૂર્ણ નથી.

કુમુદ૦— શી રીતે?

સર૦—હાથીની સુંડમાં જે સૂત્ર છે તેનોજ સ્વર નીકળે છે તે સાંભળો.

એ સ્વર સંભળાયો.

" [1]लीलोत्खातमृणालकाण्डकवलच्छेदेषु संपातिताः ।
" पुष्यत्पुष्करवासितस्य पयसो गण्डूषसंक्रान्तयः ॥
" सेकः सीकरिणा करेण विहितः कामं विरामे पुन-
" र्नं स्नेहादनरालबालनलिनीपत्रातपत्रं धृतम् ॥

સર૦—આપણે અંહી બહુ વેળા વીતી ગઈ. આપણા ચિરંજીવોને જોવાને તેટલો વિલમ્બ થાય છે.

કુમુદ૦—સત્ય છે—પણ આ પોપટ કંઈક બોલે છે.

પોપટ૦—અમેરિકાના, અને મહાસાગરો વચ્ચે ઉભેલા દ્વિપોમાંના, કપિલોક! તમને મ્હારી વાસના અને જિજ્ઞાસા તૃપ્ત કરવાનો અવકાશ નથી?

દોરડે દોરડે કપિલોકનાં ટોળાં વળગી પડેલા હતાં તે ગર્જી ઉઠ્યાં.

" England expects every man to do his *Duty*. Do thou thine!"

પોપટ૦—મ્હારો દેશ ક્યારે મ્હોટી સ્થિતિમાં આવશે? એની જન્મ-પત્રિકા કરો!

એક કપિ દોરડે વળગી ચ્હડતો ચ્હડતો ઉંચે આવ્યો ને બોલવા લાગ્યો.

" પોપટ! તને કહ્યું કે તહારો ધર્મ જાણ ને તે પ્રમાણ વર્ત. એટલે તહારાં દેશનું કલ્યાણ થશે. હુંકી શીખામણ શા માટે સમજતો નથી?"

પોપટ૦—આ ચક્કારે લાંબી શીખામણ દેઈ પોતાની બડાશો મારી ને અંતે આખી દુનીયામાં જાદવાસ્થળી થવાની બતાવી ને છતાં મ્હારે કરવાનું તો કંઈ ન બતાવ્યું! તમે એક પાસથી લ્હડો છો ને અનેક દેશનાં અનેક પ્રાણીયો ઉપર અનેક અધર્મ કરોછો ને મને હુંકો ધર્મ બતાવોછો તે શું તમારો કપટદમ્ભ નથી?

---

૧ માલતીમાધવ.

વાનર૦—અમે શો અધર્મ કર્યો ? અર્જુનના રથને દેશે દેશ ખેંચવો એ અમારો ધર્મ છે ને જે લોક એ રથનાં સૂત્ર જાતે ઝાલતા નથી તેને અમે લલચાવી, ખીજવડાવી, નખ ભરી, એ સૂત્ર ઝાલતાં શીખવીયે છીયે. આમાં અમે અધર્મ જોતા નથી. તમે તમારા દેશમાં જ અર્જુનની ક્રિયાઓ જુવો. અનેક રાજાઓને અને રાજ્યોને, અનેક ભૂતોને અને સત્ત્વોને, વશ કરવામાં તમારા અર્જુને જે અધર્મ કર્યો હોય તો અમે તે કરીયે છીયે ને તેનો માર્ગ જે ધર્મનો હોય તો અમારો પણ ધર્મનો છે. મૂર્ખ પોપટ ! જે અર્જુનનો રથ અમે ખેંચીયે છીયે તે અર્જુન તહારા જ દેશમાં જન્મેલો છે ને તહારો દેશ ભ્રષ્ટ થયો એટલે અર્જુને એનો ત્યાગ કર્યો. એ અર્જુનેજ અમારા લોકને પોતાના અધિકારી ગણ્યા છે. તેની નીતિ ને ક્રિયા તહારા દેશમાં બીજરૂપે હતી તેને અમારા લોકની બુદ્ધિએ વૃક્ષનું રૂપ આપ્યું છે, ને તેનાં ફલ-પુષ્પનો તહારા દેશને પણ સ્વાદ અમારો આપ્યો પડવા લાગ્યો છે. છતાં તહારા રાક્ષડાઓમાં આ વાયુરથનાં લંગર નાંખવા જેટલી ખીલી તેમાં હોકીયે તેટલામાં તહારો દેશ રોકુટ કરવા બેસે છે તો તહારા દેશના માનેલા ધર્મ તે ધર્મ કે અમારા ધર્મ તે ધર્મ તેનો વિચાર તહારા દેશના ચિરંજીવોને પુછી જોજે.

શર૦—કપિરાજ, તમારા લોકમાં બે યૂથ દેખાય છે. તેનો શો વિવેક છે?

વાનર—તમારા દેશના વાલી અને સુગ્રીવના જેવા અમારામાં પણ બે ભેદ છે. અમારા વાલી અને સુગ્રીવ ઉભય અમારી પાંચાલીની અનન્ય સેવા કરે છે પણ એ સેવાના વિધિમાં તમારા શ્રૌત સ્માર્ત વર્ગ જેવા ભેદ છે; સુગ્રીવપક્ષ સનાતન ધર્મને દિવસે દિવસે વધારે વધારે સંસ્કાર આપી તે પ્રમાણે વર્ત્તવા ઇચ્છેછે; વાલીપક્ષ દેશકાળના ધર્મને અનુકૂળ હોય તેટલો જ સનાતન ધર્મ સ્વીકારે છે. પેલા ચકોર પક્ષીએ જે અભિલાષ બતાવ્યો તેમાં તે પોતાના રાજનગરને ઉત્કર્ષ આપે છે તે બાદ કરશો તો બાકીનો ઉત્કર્ષ સુગ્રીવના અભિલાષનો વિષય છે. હું વાલીપક્ષમાં છું.

પોપટ—વાલી ધર્મની વાર્ત્તા કરે તે કોણ સાંભળે ?

વાનર—અમારા અભિલાષ અમારી પાંચ્યાલીના કલ્યાણને માટે બંધાય છે; તમારા દેશના પાંડવો વચ્ચે પાંચ્યાલીની ક્રમથી સેવા કરતા હતા. અમે બે ભાઈઓ ક્રમથી નહી પણ પાંચ્યાલીની મનોવૃત્તિ પ્રમાણે તેની સેવાનો અધિકાર પામીયે છીયે. સુગ્રીવપક્ષ સેવા કરે છે અમારી પાંચ્યાલીની, પણ તેમનું ચિત્ત સર્વ મનુષ્યજાતિને જ પાંચાલી ગણે છે ને શશશૃંગ જેવા અભિલાષો બાંધી અનેક મૃગતૃષ્ણાઓ પાછળ દોડે છે.

"*We* believe in the survival of the fittest and labour to be fittest. *They* believe in their power of making the unfit fit and fail, and by failures fall among the unfit class." "Unless the vigorous nation or race can continue, as throughout history, to expand and grow stronger at thé expense of the decaying nation or race, the fundamental condition *of human advance* will not be fulfilled, and a stage of stagnancy, ending in social death, will be substituted for a State of Progress. The only means, revealed to us by past experience, whereby the vigorous people has supplanted the weaker, has been war, without which change and movement must have ceased. Thus viewed, it will be seen that war appears simply a phase in that tremendous and ceaseless process of competition which prevails alike on sea and land—in the ocean-depths, in the paths of the air, in field and forest, throughout insect and animal and vegetable life. The recoil from war, which is felt by so many minds, is only another instance of the *eternal* contrast between the upward trend of the human spirit and the physical environment by which that spirit is conditioned. But to strive to reach the ideal by a short cut, is not only to fail to attain it, but also actually to postpone its arrival.[1] "

પોપટ—The cat is out of the bag at last. Enough ! I can bear or bear no longer. My country has no hope from thee.

વાનર—Nor from thee and thy people, either.

પોપટ—You wish my extinction, then ?

વાનર—It is not a question of my wish but a matter

1 From the Nineteenth Century, Feb. 1899, p. 222.

inevitable in the long run unless you strive to benefit by our Society which I am sure you won't.

ઘોઘટ—Would you struggle then to hasten my extinction—if you believe in my doom as an inevitable result of an inexorable law ? Why waste your strength to achieve what is sure to come to you without that waste ?

વાનર—You are a fatalist ; I am not.

ઘોઘટ—You would commit a sin because it is destined.

વાનર—I do my duty even when I know the result.

ઘોઘટ—I am undone.

વાનર—I can't help it. It is your own doing.

આ ઝપાઝપી ચાલે છે એટલામાં એક બીજો વૃદ્ધ વાનર એક બીજા સુવર્ણરજ્જુ ઉપર ચઢી આવ્યો ને બોલવા લાગ્યો.

વૃદ્ધ વાનર—રંક ઘોઘટ ! હું સુગ્રીવપક્ષનો વૃદ્ધ વાનર તારા આશ્વાસન માટે ઉપર ચઢી આવ્યો છું.

ઘોઘટ—બધા ઢોંગ છો. શું તું અમારા સ્વાર્થ કરતાં તારા સ્વાર્થને ઓછો ગણે એવો છે ? અમારા કેટલા બધા દેશી રાજાઓને તમારા લોકે વચન આપી આપી હણ્યા છે ? કરાર કરી તોડ્યા છે ? દિવસે દિવસે પાયમાલ કર્યા છે ? અમારી પ્રજાને કેવી કેવી આશાઓ આપી તોડીછે? કેટલી પ્રતિજ્ઞાઓ મિથ્યા કરી છે ?

વૃદ્ધ વાનર—ઘોઘટ ! તારી વાસનાના તીવ્ર દુઃખે તને ઘેલો કર્યો છે. એક મનુષ્યના આયુષ્યમાં પણ એવું થાય છે કે ધર્મથી કરેલી પ્રતિજ્ઞાઓનું પાલન ગમે તો અશક્ય થાય છે ને ગમે તો અધર્મ્ય થાય છે; અને તેવી સ્થિતિમાં જ તમારા દેશના કૃષ્ણે પોતાની અને ધર્મરાજની પ્રતિજ્ઞાઓ મિથ્યા કર્યાના પ્રસંગો આવ્યા કહેવાય છે. તો પછી જીવતાં મનુષ્યોએ મુવેલાં મનુષ્યોએ કરેલી પ્રતિજ્ઞાઓને સર્વથા પાળવી એવો જો તું ધર્મ સમજતો હોય તો તારી ભુલ છે. તારા કહેવાતા રાજાઓને માટે અમારા લોકે કરેલી પ્રતિજ્ઞાઓનું શાસ્ત્ર આ વાલીપક્ષીના હાથમાંના સૂત્રમાંથી નીકળે છે તે સાંભળ.

એ સૂત્રમાંથી સ્વર નીકળ્યો.

"In truth, there are the seeds of decay in every protectorate, however light is the controlling hand and serious at the outset is the desire to keep alive the native Government. Insensibly goes on an attenuation of authority, and a paralysis creeps over the native Administration when a civilized power, strong and ambitious, daily confronts a weak, apathetic Government, and efficient and honest European officials press reforms on functionaries incapable, dilatory, and corrupt. Insensibly a protectorate approximates to annexation and all the more quickly if the agents of the protecting power are active and capable. Not necessarily from ambition or bad faith, but in obedience to an inexorable law, the weak power becomes weaker, and an education goes on fitting the subject for continued subjection . . . . Legal forms refuse to lend themselves to the contradictory conditions such as are found arrayed against each other in conflicts between facts and documents, and diplomacy has to recognise facts to see what is really good for the people."[1]

વૃદ્ધ વાનર—આવે કાળે પ્રતિજ્ઞાઓને વળગી રહેવું એ અહંકાર છે. કોઈને ભોજન આપવાની પ્રતિજ્ઞા કરી હોય ને તે પ્રતિજ્ઞાનું પાલન કરવાથી તેનું મરણ થવાનું લાગે તો તેને મારવાને માટે પ્રતિજ્ઞા પાળવી એવો ધર્મ નથી. અસત્ય વચન ન ઉચ્ચારવું અને સત્ય જ બોલવું એ સનાતન ધર્મ છે. પણ પ્રતિજ્ઞા અને સત્ય વચન જુદા જુદા પદાર્થો છે તે તહારા ચિરંજીવો તને શીખવશે. આ અર્જુન ધર્મનો સેવક છે પણ ધર્મ કૃષ્ણનો સેવક છે ને કૃષ્ણને જ આ શાસ્ત્રમાં સિદ્ધિ હતી. તે પણ તહારા ચિરંજીવોને પુછજે.

પોપટ—ભલે આ સર્વમાં ધર્મ ન હો, પણ કીયો તે ધર્મ છે કે જે તમારો અર્જુન પાળે છે ને પળાવે છે?

---

1. The Nineteenth Century for Dec. 1898, p. 913.

૨૦ વા૦—વાલીના ખેંચેલા તારમાંથી નીકળેલા સ્વર તેં સાંભળ્યા. એ સ્વરનું તારતમ્ય તમારા અર્જુનનાં પરાક્રમથી પણ જોઈ લે. ખાંડવ વનમાં અસંખ્ય ભૂતોને જે દાવાગ્નિએ અર્જુન અને કૃષ્ણનું સાહાય્ય પામી બાળ્યાં હતાં તે જ સર્વ ભૂતનો સંહારક દાવાગ્નિ આ કાળમાં સર્વ સંસારને વીંટી લે છે. સમુદ્રના દેવ વરુણની પાસેથી અગ્નિને પ્રતાપે તમારા અર્જુનને જે રથ અને અસ્ત્ર મળ્યાં હતાં તે જ અમારા અર્જુનને એ જ વરુણ પાસેથી એ જ અગ્નિના પ્રતાપથી મળ્યાં છે, અને એવો જ દાવાગ્નિ સર્વ ભૂતોની આશપાસ સળગાવતો એવો જ રથ આ યુગમાં ફરી વળે છે. એ વરુણના આપેલા અને આ મહાસાગરો ઉપર ચાલતા આ રથની ધ્વજયષ્ટિ ઉપર અમે કપિલોક અમારા સિંહકેતનને—British Lion ને—લેઈ બેસીયે છીયે.[1] અમારી જોડે એ જ રથને શિરે બીજું પ્રાણી પણ બેસે છે તે તમે જોયાં ને જોશો. ભાઈ ગોપટ, ત્હારામાં ઉડવાની શક્તિ હોય તો ઉડીને આ રથ ઉપર બેસી જા. ત્હારો અમારો અર્જુન જુદો નથી, પણ પ્રવાસે નીકળેલો અર્જુન ત્હારા દેશને છોડી આગી પાસ આજ ફરે છે ને પંચમહાસાગર અને વચલી પૃથ્વી ઉપર એના વાયુરથનાં ચક્ર જેવાં આ અસંખ્ય સૂત્રો સર્વ દેશના વાતાવરણમાં ફરી વળે છે—તેનો ધર્મ હજી વધારે સમજવો હોય તો ત્હારા ચિરંજીવોને પુછજે. મયૂરે તને કહ્યું તે સત્ય છે, ચંદ્રારે કહેલું તે પણ સત્ય છે, આ વાલીએ કહેલું સત્ય છે, ને હું કહું છું તે પણ સત્ય છે. અમે પાળીયે છીયે તે ધર્મ ત્હારા દેશમાં પ્રવર્તશે તો તું આ રથની ધ્વજયષ્ટિ ઉપર બેસશે ને જો તે તેમ નહી પ્રવર્તે તો તે અને તું બે જણ અર્જુને પ્રકટાવેલા દાવાગ્નિની જ્વાલાઓમાં ભસ્મ થઈ જશો. તેમાં અમારો દોષ કહાડશો નહી···અમે તો માત્ર એ રથ દોડે છે તેમ તેને માથે બેંચાઈએ છીયે ને કલોલ કરીયે છીયે. ત્હારે અમારા આનન્દમાં ભાગ લેવો હોય તો મ્હારા કપિલોકને તેટલા માટે જ ત્હારે ત્યાં મોકલ્યા છે—

---

૧. तापनीया सुरुचिरा ध्वजयष्टिरनुत्तमा ॥
तस्यां तु वानरो दिव्यः सिंहशार्दूलवेतनः ।
दिधक्षन्निव तत्र स्म संस्थितो मूर्ध्न्यशोभत ॥
ध्वजे भूतानि तत्रासन् विविधानि महान्ति च ।
तन्नादंरिपुसैन्यानां श्रुत्वा संज्ञा प्रणश्यति ॥ મહાભારત. આદિપર્વ, ખાંડવદહનપર્વ. અર્જુનને મળેલા રથનું વર્ણન.

પોપટ—તે તમે તે વાલી મોકલ્યા છે કે સુગ્રીવ? તમારે ત્યાં પણ તમે વૃદ્ધ થયા છો ને તમારા કરતાં સંખ્યામાં ને બળમાં વાલીલોક વધી ગયા છે ને તમારો ભાવ કોણ પુછે છે કે અમારો પુછશે? માટે જ મ્હારું પ્રથમથી કહેવું છે કે

"कं याचे यत्र तत्राप्यनवसरग्रस्त एवार्थिभावः ॥"

આટલું બોલતાં બોલતાં પક્ષીના નેત્રમાંથી અશ્રુધારાઓ ચાલી અને નીચેના મહાસાગરમાં ટપકવા લાગી. તેની સાથે વૃદ્ધ વાનર નીચે ઉતરવા લાગ્યો, વાયુરથનાં સૂત્રો પવનના ઝપાટાથી દૂર ખેંચાઈ જઈ અદૃશ્ય થઈ ગયાં, અને માત્ર ઉપર વાયુરથનું તળીયું ને નીચે મહાસાગરનો અપાર વિસ્તાર દૃષ્ટિવિષયમાં બાકી રહ્યાં. પોપટની અશ્રુધારાઓ કોઈ વાદળા પેઠે નીચે વર્ષવા લાગી, કુમુદ તે જોઈ શકવા જેવી થઈ, ને માત્ર સરસ્વતીચંદ્ર ઘડીક ઉંચે ને ઘડી નીચે જોઈ રહ્યો. પોપટને અને કુમુદને જોતાં એ પણ દયાર્દ્ર થયો ને કુમુદને છાતી સરસી ડાબી તેને, પોપટ સાંભળે એમ, કહેવા લાગ્યો.

"કુમુદ! પ્રિય કુમુદ! પ્રસન્ન થા! આપણા દેશ ઉપર ઈશ્વરની કૃપા થશે. પાંડુરાજાએ પાંચ પુત્ર માગ્યા ત્યારે પ્રથમ પુત્ર જે ધર્મ માગ્યો તે જ ધર્મને આ અર્જુન પણ પોતાનો જ્યેષ્ઠ બન્ધુ ગણે છે. આપણો દેશ દ્રવ્યહીન છે, દુઃખી છે, કંગેરી છે, અધર્મી છે, શસ્ત્રહીન છે, પ્રવાસહીન છે, પ્રારબ્ધવાદી છતાં પ્રારબ્ધહીન છે, વિદ્યાહીન છે અને તેનો નાશ સમીપ દેખાય છે તેવે કાળે પણ આશાનાં ચિન્હ જો! આટલે દિવસે જે ધર્મને આ પાશ્ચાત્ય અર્જુને મ્હોટો ભાઈ ગણ્યો છે[1] તેનો અવતાર આપણા

---

1. In like manner it is qualities such as humanity, strength, and uprightness of character, and devotion to the immediate calls of duty without thought of brilliant ends and ideal results which have largely contributed to render English rule in India successful when similar experiments elsewhere have been disastrous. It is to the exercise of qualities of this class that we must also chiefly attribute the success which has so far attended the political experiment of extraordinary difficulty which England has undertaken in Egypt. And it is upon just the same qualities, and not upon any ideal schemes for solving the social problem, that we must depend to carry us safely through the social revolution which will be upon us in the twentieth century, and which will put to the most severe test which it has yet had to endure, the social efficiency of the various sections of the Western peoples.

It must be noticed that the conclusion which is here emphasized is the same towards which the historian with the methods hitherto at his command

દેશમાં પાંડુરાજાએ સર્વથી પહેલો માગ્યો છે. એ ધર્મના અવતાર ગઈ કાલ આપણે પિતામહપુરમાં દીઠા. મહારાજ મલ્લરાજની વેધશાળામાં તેનું જ શોધન છે. એ પુણ્ય અવતાર આપણા રાષ્ટ્રોમાં થશે ત્યારે આપણે ત્યાં પણ અર્જુનનો રથ આવશે."

કુમુદ સરસ્વતીચન્દ્રની છાતીએ જ વળગી રહી બોલવા લાગી.

---

has been already slowly feeling his way. Said Mr. Lecky recently, speaking of *the prosperity* of *nations* and the causes thereof as indicated by htistory: "Its foundation is laid in pure domestic life, in commercial integrity, in a high standard of moral worth and of public spirit, in simple habits, in courage, uprightness, and a certain soundness and moderation of judgment which springs quite as much from character as from intellect. If you would form a wise judgment of the future of a nation, observe carefully whether these qualities are increasing or decaying . . . . It is by observing this moral current that you can best cast the horoscope of a nation."

This is the utterance of that department of knowledge which, sooner or later, when its true foundations are perceived, must become the greatest of all the sciences. It is the still small voice which anticipates the verdict which will be pronounced with larger knowledge, and in more emphatic terms, by evolutionary science, when at no distant date it must enable us, as we have never been enabled before, "to look beyond the smoke and turmoil of our petty quarrels, and to detect, in the slow developements of the past, the great permanent forces that are bearing nations onward to improvement or decay."

The fuller light in which we are thus able to view the great fundamental problems of society cannot be without a strengthening and steadying influence on character. We see that, under all the complex appearances our Western Civilization presents, the central process working itself out in our midst is one which is ever tending to bring, for the first time in the history of the race, all the people into the competition of life on a footing of equality of opportunity. . . . . For in the vast process of change in progress it is always the conditions of social efficiency, and not those which individuals or classes may desire for themselves, that the unseen evolutionary forces at work amongst us are engaged in developing. It is by the standard of social efficiency that we as individuals are ever being tested. It is in this quality of social efficiency that nations and peoples are being continually, and for the most part unconsciously, pitted against each other in the complex rivalry of life. And it is in those sections of the race where, for the time being, this quality obtains the highest development, that we have present all the conditions favourable to success and ascendancy.

Social Evolution, by Benjamin Kidd.

"એ મ્હારા પ્રિયતમ આશ્વાસક ! મને તેની કાંઈ આશા પડતી નથી! ધર્મનો અવતાર આપણા દેશમાં થાય, તે પછી અર્જુનનો થાય, ને તેટલામાં જે યુગ વહી જશે તેટલામાં તો આ દાવાગ્નિની જ્વાળાઓ એમાં ફરી વળશે ને આ પોપટ, હું, અને તમે સર્વ તેમાં સપડાઈ જઈશું ! ઈશ્વર અનાથનો નાથ કહેવાય છે ને રંકનો બેલી કહેવાય છે એ શાસ્ત્ર અને તેની સાથે આપણી સર્વ આશાઓ આ જ્વાળાઓનાં ભયંકર મુખમાં હોમાઈ જશે ! મરવા પછી વરવાની આશા જેવી આ આશા ખોટી છે ! दैवं दुर्बलघातकम् ! "

સ૨૦—કુમુદ! તું શા માટે ગભરાય છે ! આ પોપટને મન એમ વસેલું છે કે આવા સાધારણ ધર્મના પાલનથી દેશનું શું કલ્યાણ થવાનું હતું? એ પોપટ ક્ષત્રિય છે, ક્ષત્રિય સત્તાના મહાસાગરનાં મોજાંની ગતિ જુવે છે, ને તેમાં આપણા દેશની દીનતા જોઈને નિરાશ થાય છે. પણ તું મને ભેટે છે ને તહારું મંગળસૂત્ર મ્હારા મુદ્રામણિ સાથે ઘસાય છે તેના પ્રતાપથી થતું આ નવું જ દર્શન થાય છે તે જો. આ આપણી પાંખો હવે ઉડે છે ને આપણને જુદા દેશમાં આણે છે. આપણા હિમાચલ ગિરિરાજના શિખર ઉપર આપણે જઈએ છીયે. જો તો ખરી ! અર્જુનના વિમાનની દોરીયો દશે દિશાથી ખેંચતાં પ્રાણીયો ઉત્તર પ્રદેશમાં છેટે પૂર્વ મહાસાગર પાસે કોલાહલ કરી મુકે છે ને આ કુચ્ચર ધ્વાણ વળી રહ્યો છે તે કાનને બ્હેરા કરી મુકે છે. આ ગિરિરાજ નીચે દક્ષિણમાં આપણા દેશની સુન્દર વાડી ખીલી રહી છે ને લોક દેખતા નથી પણ કપિલોકની ચતુરતા પેલી દોરીયોને વાળ જેવી વણી મુકી આખી વાડીના કુવાઓને માથે જાળ પેઠે ભરવે છે ને તેનું ફળ થોડા કાળમાં કંઈ અદ્‌ભુત જ થશે. પેલા મયૂરનાથી વધારે કલાપ આપણે દેશે કર્યા છે પણ તે જોનારી આપણા દેશની પાંચાલી મૂર્છાવશ થઈને સુતી છે ને આ મયૂરના કલાપ ભૂતકાળના સ્વપ્ન જેવા થઈ ગયા છે—પણ તું જો કે પેલા કપિલોક જ એ કલાપ જોવાના રસિક થાય છે! આપણી પાંચાલીનું આરોગ્ય અને શરીરસૌંદર્ય આપણા સાત્ત્વિક દ્રષ્ટાઓ ને નાગલોક જોતા ને રચતા હતા અને તે કાળે પણ આપણો કલાપી કલાપ કરતો હતો ! ચકોરના અભિલાષ પાર પડે કે ન પડે, પણ તું જો તો ખરી કે પેલા રાફડાઓ વચ્ચે થઈને નીકળેલો આપણી ગીર્વાણ સરસ્વતીના પ્રકાશનો બમ્બો અર્જુનના દાવાનળમાંથી આપણને રક્ષે છે ને અર્જુનના પક્ષમાં આપણને લેવાનો અભિલાષી થાય છે; એટલું જ નહી પણ કપિલોકનું અને આપણા આર્યોનું આર્યત્વ અને બન્ધુત્વ એ બમ્બામાંથી નીકળી

કપિલોકને તો શું પણ પેલા મયૂરને અને ચકોરને પણ છાંટેછે ! ચકોરને ચંદ્રદર્શન છેટેથી જ થાયછે, પણ આપણે સાં તો બુદ્ધ ભગવાન ચંદ્રલોકમાં જતે ગયા છે ને તેમની સાથે પચાશ કોટિ મનુષ્યોને ચંદ્રયોગ થયો છે. આપણા આવા દેશનાં બાલક ચંદ્રલોકે પામશે. ક્ષત્રિય યુગનો નાશ પરશુરામે કર્યો, જનદવાસ્થલીથી થયો, તેમ આ ચકોર પણ આ કાળમાં સનાતન ધર્મને બળે આવા યુગનો નાશ દેખે છે તેમાં તું અસંભવિત શું જુવે છો? જો! જો! સર્વ પૃથ્વીના લોક બ્રાહ્મણ થઈ જશે ને આપણા બ્રાહ્મણો શૂદ્ર થયા છે તે પણ બ્રાહ્મણ થશે. શૂદ્ર ને મ્લેચ્છ સર્વ લોક એક બ્રહ્મરંગની શાંતિમાં રંગાશે ! સર્વત્ર અલખ લખ થશે ! જો ! જો ! કપિલોકના પરસ્પર કોલાહલ આપણને બહેરા કરી મુકે છે, કપિલોકે આપણાં શસ્ત્ર લેઈ લીધાં છે, આપણાં ધનસંગ્રહ તેમના તેજમાં તણાય છે, આપણાં અનેક રત્ન તેમની દોડાદોડમાં ચંપાઈ જાય છે ને ધુળધાણી થાય છે, આપણાં અન્નમાં તેઓ ભાગ પડાવે છે ! પણ આ સર્વની સાથે કપિરાજે તને વચન કહ્યાં તેથી સમજ કે આપણો ને તેમનો અર્જુન મૂળ એક છે—એ અર્જુન ધર્મરાજનો ભાઈ છે—તેમને તેમ આપણે યતો ધર્મસ્તતો જયઃ ની જ સિદ્ધિ માન્ય છે ! આટલું આટલું છતાં આપણે અર્જુને આ ખાંડવવનમાં સળગાવેલા દાવાગ્નિમાં સપડાઈશું તો તે કોનો દોષ ? કપિલોકનો ? તેમનામાં વાલી ને સુગ્રીવ ઉભય છે ત્યારે આપણામાં હાલ તો રાક્ષડાઓ જ છે, તેમાંના જન્તુઓ ક્ષુદ્ર અશક્ત ને જડ છે, ને આપણી પ્રકાશમયી મૂર્ત્તિઓ છે તે આ મલિન રાક્ષડાઓમાં ડટાઈ ગઈ છે ! આપણે તેને કાઢીશું ! કુમુદ ! તારા મ્હારા હૃદયોનું અદ્વૈત આપણા રાક્ષડાઓમાંનાં રત્નોને ધુળથી જુદાં કરી સંસ્કારી કરશે ને તેમના વધતા પ્રકાશથી આ રાક્ષડાઓની ભારી ઓગળી જશે ને તેને સ્થાને તારા આ સ્પર્શમણિ જેવા અનેક સ્પર્શમણિના પર્વત આ દેશના ધરતીકમ્પને અંતે ઉભા થશે કુમુદ ! કુમુદ ! આપણી આંખોથી આ પાસે પાસેનાં બ-જેવાં—આકાશ જેવાં—સુખદુઃખ એકલાં દેખાય છે તે જેવાં મુકી દે, તેમનાં મોઢાં ગણવાનો વ્યર્થ શ્રમ છોડી દે, અને તારા સ્પર્શમણિની સત્તાથી પેલા વિશાળ આકાશની પણ ઉપરના આકાશમાં વસતી આકાશગંગાનાં રત્ન જોવા માંડ તે આપણા દેશના ચિરંજીવોના તપોવનરૂપ કુરુક્ષેત્રમાં—ચાલ ! જે—આપણે ત્યાં કરી લેઈએ ! વીતી વેળા કરી નથી આવે ! આજ હું છું—તું પૃથ્વી છે !"

" અખંડ રૂપે આ, અખંડ રૂપે આ, આપણી માઝમ રાત !"

પ્રકરણ ૩૫.[1]

કુરુક્ષેત્રના ચિરંજીવો અને ભારતવર્ષનું ભવિષ્ય.

Such is the aspect of this shore;
'Tis Greece, but living Greece no more!
So coldly sweet, so deadly fair,
We start, for soul is wanting there.
Here is the loveliness of death
That parts not quite with parting breath;
But beauty with that fearful bloom,
That hue which haunts it to the tomb,
Expression's last receding ray,
A gilded halo hovering round decay,
The farewell beam of feeling past away !
Spark of that flame, perchance of heavenly birth
Which gleams, but warms no more its cherish'd earth !

× × × × × ×

Approach thou craven crouching slave !

× × × × × ×

These scenes, their story not unknown,
Arise and make again your own;
Snatch from the ashes of your sires
The embers of the former fires !

Byron's Giaour.

And thou Delhi, whom I am looking down upon from the top of a minaret ! Delhi, the barbarous, the cultivated, the heroic ! What do I see ? A fortress, a mosque, a plain ! A fortress where through centuries of glorious deeds or fearful crimes, dark plots and secret tragedies, the great figures of thine

---

૧. પ્રકરણ ૧૧, ૩૨ અને ૩૪ થી આ પ્રકરણનો બોધ થશે.

Emperors have retained uninterrupted power. A mosque—the Great Mosque—Jumma Musjid, the majestic symbol of the crescent whose conquests thou, less favoured than Vienna, wert unable to arrest. A plain watered with blood, the scene of struggles which have more than once decided the fate of millions of human beings. That is what thou wert. *This is what thou art now:—a broken mirror reflecting the destinies of India.* × × ×

× × × × × × × × × × ×

But it is not the contingency of Russian aggression that would disturb me, if I were an Englishman. The internal policy to be pursued in India is the subject that would absorb my attention. I confess that certain ideas which enjoy great favour in certain quarters would give me food for reflection, and none more than *the scheme of welding into a single nation the diverse races which inhabit the peninsula, of creating a new nation, and of creating her in the image of the English.* × × × British rule is firmly seated in India; England has only one enemy to fear—*herself.*

Through the British Empire: by Baron Von Hubner, formerly Austrian Ambassador in Paris and Rome.

In their national life the Indians have exhibited down to our days their long-practised and often-tried *courage* of patience. . . With this they have retained a costly possession, that inclination towards the highest intellectual attainments which runs through their whole history. This treasure is still vigorous in the hearts of the best Indians, and ap-

pears the more certainly to promise a brighter future as the government which now controls the nation has come to an earnest though late resolution to rule with the help of the Indians for the good of the people, while the intellectual force and cultivation of their western tribesmen are disclosing themselves ever more clearly to the eager activity of eminent Hindus.

"*Prof. Max Duncker's Ancient History of India*," *translated from the German by E. Abbott.*

"To the Aryans I give the world!" So ran the prophecy of an ancient Hindu seer, and on this prophecy, which history attests, Herr Arnoldson builds his theory as to the fulfilment of the Hope of the Ages—the World's Peace. × × The Aryans were homed together once × × × × × The Utopia of Victor Hugo's vision × × × × means no more, no less, than the tardy re-union of the Aryan family, divided now against itself.

Review of Reviews, 15*th July* 1901, *p.* 92.

अथ धृतराष्ट्र उवाच । धर्मक्षेत्रे कुरुक्षेत्रे समवेता युयुत्सवः ।
मामकाः पाण्डवाश्चैव किमकुर्वत सञ्जय ॥

महाभारत, भीष्मपर्व.



મનાં સરસ્વતીચન્દ્ર, કુમુદ, અને પોપટ ઉડ્યાં તે છેક કુરુક્ષેત્રની સામેના હિમાલયના શિખર ઉપર આવી તેનાથી પણ ઉંચે લટક્યાં. તેની પાછળનો મધ્ય એશિયાનો ભાગ, ટીબેટ, તાતાર, ને ચીન ત્યાંથી દૃષ્ટિએ પડતાં હતાં અને તેમાં દૂર દૃષ્ટિમર્યાદામાં રીંછના ઝુંડ ઉભાં થઈ પાછલા પગ ઉપર ચાલતાં દેખાયાં. તેમાંથી કોઈકિ પૂર્વ સમુદ્ર ભણી જતાં હતાં ને કોઈકિ હિમાલય ભણી આવતાં હતાં. બીજાં પણ અનેક પશુઓ પૂર્વ, પશ્ચિમ, અને ઉત્તરમાં દોડાદોડ કરી મુકતાં હતાં અને માત્ર રીંછને દેખી આઘાં પાછાં થઈ જતાં હતાં. પશ્ચિમમાં પર્વતોની ખીણોમાં અનેક વરુ ટોળાબંધ ફરતાં હતાં. તેમના

બાજી પુઠ ફરી આપણાં સ્વપ્નચારી પાત્રો દક્ષિણ દિશા ભણી દૃષ્ટિ કરી ઉભાં, તો નીચે ત્રિકોણાકાર ભારતવર્ષ ને તેની ત્રણે પાસે મહાસાગરની છોળો ઉછળતી દેખાઈ ને એ છોળોના પછાડાની ગર્જના છેક આમના કાનના પડદા સાથે અથડાવા લાગી. આ સર્વ જોવામાં તેઓ રોકાયાં છે તેવામાં પોતે ઉભેલાં હતાં તે તટની નીચે પાસેથી ૮ સ્વર સંભળાયો ને તેનો પ્રથમ અક્ષર કાનમાં આવતાં બે જણ કાન માંડી સાંભળવા લાગ્યાં ને સ્વરનું મૂળ આંખ વડે શોધવા લાગ્યાં. સ્વર સ્પષ્ટ હતો.

" उत्फुल्लार्जुनसर्जवासितवहत्पाश्चात्यशृंङ्गामरुत्-
" प्रेङ्खोलत्स्खलितेन्द्रनीलशकलस्निग्धाम्बुदश्रेणयः ।
" धारासिक्तवसुन्धरासुरभयः प्राप्तास्त एतेऽधुना
" घर्माम्भोविगमागमव्यतिकरश्रीवाहिणो वासराः ॥"

સ૨૦—કુમુદ, આ જોયું છેટે કુરુક્ષેત્ર ? ત્યાંથી આ ધીર ગંભીર સ્વર આવે છે!

કુમુદ૦—આપણી પેઠે પૃથ્વીનો સ્પર્શ કર્યા વિના એના ઉપર દૃષ્ટિ રાખી જોતી જોતી આ કોઈ દિવ્ય છાયા છે.

સ૨૦—આ મહારો ચિન્તામણિ એ છાયાનું પ્રતિબિમ્બ ધારે છે ને અત્યાર સુધી અદૃષ્ટપૂર્વ હતી એવી કોઈ સુન્દરતા એ મણિમાં પ્રત્યક્ષ થાય છે.

કુમુદ૦— હા, હું પણ આપણા અદ્વૈતથી જોઉંછું.

સ૨૦—એ તો ભગવાન પરશુરામ પોતે જ ! વિષ્ણુના સર્વ અવતાર પોતપોતાના યુગનો ઉદ્ધાર કરી સ્વધામમાં ગયા ત્યારે આટલો અવતાર સર્વ યુગમાં આ દેશનો ઉદ્ધાર કરવા ચિરંજીવ રહેલો છે. રામાવતારમાં શ્રીરામે આ અવતારનું તેજ શાંત કરી, પોતાનું તેજ પ્રકટ કર્યું ત્યારથી આ શાંત જ્યોતિ પુરુષરૂપે પૃથ્વીનો ત્યાગ કરી પૃથ્વીના વાતાવરણમાં આ દેશના શિર ઉપર પોપટ મેઘ પેઠે ફર્યા કરે છે, રાત્રે રાત્રે આ કુરુક્ષેત્રના ઉપરના ભાગમાં આવી વાસો કરે છે ને આ દેશની અને આ ક્ષેત્રની ચિન્તા કર્યા કરે છે.

કુમુદ૦—એમણે કરેલા ઉદ્ધાર સમજાયા નહી.

સ૨૦—અનેક યુગોના ચિરંજીવ આ અવતારની અકેકી ઘડીમાં આપણાં વર્ષોનો સમાસ થાય છે. આત્મ તપમાં વિઘ્નકર થતાં સહસ્રાર્જુન જેવો મર્દનીય પણ સંસારના કલ્યાણને અર્થે અન્ય પ્રસંગે કૃષ્ણાવતારમાં

---

૧. માલતીમાધવ ઉપરથી.

પ્રિય ગણેલો અને હવે પરિપાક પામી ઉત્પુલ્લ થતો અર્જુનદેવ અર્જુ-નવૃક્ષપેઠે ચારે પાસ પોતાના વાસથી સંસારને સુવાસિત કરી રહ્યો છે તે સુવાસને સંસારમાં પ્રસારતો પશ્ચિમનો પવન આ નીચેના પ્રદેશમાં વેગથી વાઈ રહ્યો છે, મહાસાગરોમાંથી ઉત્પન્ન થએલી સમૃદ્ધ મેઘમાળાઓને આ પવન આ દેશમાં આણે છે ને વર્ષાવે છે, તેની ધારાઓથી પૃથ્વીનો સુગન્ધ ઉંચે ઉડે છે, અને મનુષ્યોનાં શરીરો ઘડીમાં પરિસ્વેદ-પરસેવા-થી ન્હાય છે ને અકળાય છે ને ઘડીમાં પવનના ઝપાટાંથી પર-સેવાને સુકાતો અનુભવે છે ! આ દેશનાં મનુષ્યોમાં કલ્યાણકારક સુખદુઃ-ખના આવા વારાફેરા થતા પરશુરામજી અત્યારે પ્રત્યક્ષ કરે છે અને કુરુક્ષેત્ર ઉપરની મેઘમાળાઓ વચ્ચે પોતાના આશ્રમમાં ફેરા ફરેછે, તેમની આ ગમ્ભીર વાણી આપણે સાંભળી.

કુમુદ૦—આ કુરુક્ષેત્ર એમને શાથી આટલું પ્રિય છે ?

સર૦—આ એમના આશ્રમ નીચે જે વિશાળ મેદાન દેખાય છે તેને આપણા લોક હાલ પાણીપતનું મેદાન કહે છે. એજ સ્થાન પ્રાચીન કાળમાં કુરુક્ષેત્ર નામે પ્રસિદ્ધ હતું. કુમુદ ! જ્યારે જ્યારે આપણા દેશના ક્ષત્રિયોનાં ભાગ્ય અને દુર્ભાગ્યનાં બીજ રોપવાને ક્ષત્રિયો અને ક્ષત્રિયોના પ્રતિ-ભટોના મહાભારત જેવાં યુદ્ધો થયાં છે ત્યારે આ રણક્ષેત્રમાં તે યુદ્ધોનો ટુંકો પણ ભયંકર અને છેલ્લો નિર્ણય થયો છે. પાંડવો અને કૌરવોનાં પ્રચણ્ડ યુદ્ધ અઢાર દિવસ સુધી આ સ્થાને થયાં, લાખો શૂરવીરોનાં ધડ એ જંગમાં પડ્યાં, અને મહાભારતના સ્ત્રીપર્વમાં એ અસંખ્ય શૂર-વીરો પ્રેતરૂપે દેખાયા વર્ણવેલા છે. બીજીવાર ઉત્તર દેશમાંથી બાબર બાદશાહે આવી આ દેશમાંના મહારાજ ઈબ્રાહિમ લોદી સાથે મહાયુદ્ધ કર્યું તે પણ આ જ રણક્ષેત્રમાં થયું અને ચાળીશ હજાર વીરોનાં મડદાં આ સ્થાને રોળાયાં છે ! આ મરનારાઓની ભૂતાવળી ઘણા કાળ સુધી આ સ્થાનના યાત્રાળુને ફારમી ચીસો પાડી ચમકાવતી હતી.[1] અકબર બાદશા-હના બ્હેરામખાને હેમુને હરાવ્યો તે પણ આ સ્થાને. પેશવાઓની મુછનો વાળ સદાશિવરાવ ભાઉ પણ આ સ્થાને જ રણજંગમાં રોળાયો ને બે

---

૧. Sounds of wailing and terror were long heard by night on the field of battle (at Panipat) which was haunted. Abdal Kádar, the author of the Tarikhe Bedauni, mentions having himself heard them, while crossing the field with a party, who, filled with awe, repeated the holy name of God as a preservative, and passed on.

Erskine's History of India:
Baber, Battle of Panipat.

લાખ યોદ્ધાઓ એની સાથે લોહીની રેલોમાં ઽટાયા ! આ ભયંકર પણ સિદ્ધ રણક્ષેત્ર પાસેનાં પ્રાચીન હસ્તિનાપુર અને અર્વાચીન દીલ્હીના ચક્રવર્તી મહારાજના દિવ્ય વૈભવ આ યુદ્ધોમાંનાં લોહીની સિન્ધુ જેવી મહાનદીઓને તળીયે હજી સુધી દેખાય છે ! ક્ષત્રિયોના સંહારના આ ક્ષેત્રમાં, પોતાનાં કૃષ્ણાવતારના પ્રિયસખા અર્જુનની શરવૃષ્ટિઓના આ વિજયસ્થાનમાં, ચિરંજીવ ભગવાન્ પરશુરામ આટલી પ્રીતિથી રાત્રે રાત્રે વાસો કરે તેમાં શી નવાઈ છે ?

કુમુદ૦—એમના આશ્રમ નીચે કીયાં સત્ત્વ ફરતાં દેખાય છે ?

સર૦—" સૂર્યબિંબનાં કિરણ જેમ ચારે દિશાનાં સત્ત્વોને પ્રકાશિત કરે છે તેમ આ આશ્રમનો પ્રભાવ એની નીચે ચારે પાસનાં પ્રદેશમાં જણાયછે. એની નીચે તો આવું કુરુક્ષેત્ર છે જ. પણ એ ક્ષેત્રની એક પાસ સિન્ધુ સુધી ને બીજી પાસ ગંગા સુધીના પ્રદેશમાં આ ચિરંજીવ મહાત્માની છાયામાં કુરુક્ષેત્રના બીજા અનેક ચિરંજીવો હજી સુધી વસેછે. પૂર્વમાં આપણે જોયેલા પિતામહપુર નીચે ગંગાનો પ્રદેશ છે ને ગંગાના પાણીમાંથી પેલો તેજરાશિ દેખાયછે તે ભીષ્મપિતામહના હજી સુધી ચિરંજીવ રહેલા ગંગામાં સુતેલા શરીરમાંથી નીકળે છે. એમની આશપાશ શેષનાગ ચિરંજીવ થઈને એમનું સમાધિસ્થ દશાને વશ થયેલું શરીર જાળવી રાખે છે. વચ્ચે પેલો ધૂમકેતુ જેવો દેખાય છે તે ચિરંજીવ ગાંડો અશ્વત્થામા આખા દેશમાં-હિમાલયથી કન્યાકુમારી સુધી-દોડ દોડ કરી રહેલો છે. તે અત્યારે અત્યારે કુરુક્ષેત્રમાં આવે છે ને કોઈ દિવસ ડાબો થાય છે તો કોઈ દિવસ ઉશકેરાય છે ને કોઈ દિવસ વળી અનેક પશ્ચાત્તાપથી તપ્ત થઈ મોટે સ્વરે રુવે છે.

" પાંડવોએ હિમાલયમાં થઈ ત્રિવિષ્ટપમાં સ્વર્ગારોહણ કર્યું અને ત્યાંથી મેરુપર્વત ઓળંગી ઉત્તરમાં ગયા છે. પારસી દેશમાં, યવન દેશમાં અને બીજા અનેક દેશોમાં તેઓએ કર્યા કર્યું છે ને પાઞ્ચાલીની લક્ષ્મી પણ તેમની જોડે છાયા પેઠે ગઈ છે. પણ એ જ દેવીનો આ દેશમાં અવતાર હજી ચિરંજીવ છે તેની છાયા ગાન્ધર્વનગરની છાયા પેઠે આ ક્ષેત્રના શિરોભાગમાં પ્રતિબિમ્બિત થાય છે. તે કાળે ત્રિવિષ્ટપમાંથી આંહીં આવવાના માર્ગ સુધી પાંડવોની છાયા પણ જ્યાં હોય છે ત્યાંથી આંહી સુધી પથરાતી આવે છે. તે કાળે સર્વ ચિરંજીવો આ પાઞ્ચાલીની આસપાસ તેનાં દર્શન કરવા આવે છે. એ કાળે વાનપ્રસ્થ દશામાં આ દેશમાં ચિરંજીવિની થયલી કુન્તી પાઞ્ચાલીની છાયા પાસે આવી બેસે છે.

પાગ્યાલીની છાયા નીચે છેક પૃથ્વીપર કુરુક્ષેત્રમાં અર્જુનનો રથ ચાલતો હતો ત્યાં આજ એવા જ રથનું છત્ર બનાવતો અને બાંધતો ચિરંજીવ હનૂમાન ઉભો છે. આ સર્વ ચિરંજીવોને આપણે થોડી વારમાં પ્રત્યક્ષ કરીશું.

કુમુદ૦—આપણે પ્રથમ કોને મળીશું? આપણે શું કંઈ શુભાશુભ જેવું સંભળાય છે?

સર૦—અશ્વત્થામા રડે છે ને પરશુરામ એક પાસથી તેને જોઈ રહે-છે ને બીજી પાસથી ક્રૌંચરન્ધ્ર ભણી દૃષ્ટિ કરે છે ને તેમના શરીરમાંથી અગ્નિના તનખા નીકળે છે. વળી પેલી પાસ ભીષ્મપિતામહની સ્થિતિ જોઈ ઓહો રામ આંગળી મુકેછે. પાગ્યાલીની છાયા જુવે છે ત્યારે દયાથી અશ્રુપાત કરે છે ને ઉપાય શોધે છે. કુન્તીને દેખે છે ત્યારે તેને આશ્વાસન આપે છે. પાંડવોની છાયાઓને દેખે છે ત્યારે કંઈક સંજ્ઞાઓ કરે છે, ને હનૂમાનને દેખે છે ત્યારે પાસે જઈ કંઈક વાતો કરે છે.

કુમુદ૦—પાંડવોની છાયા કેણી પાસેથી આવે છે?

સર૦—ક્રૌંચરન્ધ્ર ભણીથી તેઓ ગયા છે ને એમની છાયાઓ ફરતી ફરતી પશ્ચિમ સમુદ્રમાં વાદળાં પેઠે ભમે છે ને કુરુક્ષેત્ર ઉપર ઉપરનાં વાદળાંઓ જેવી એ છાયાઓ આવતી દેખાય છે.

કુમુદ૦—આપણે પિતામહ પાસે પ્રથમ ચાલો.

સર૦—આ પાંખો અભિલાષની સિદ્ધિ અભિલાષની સાથે જ આપે છે. જો આપણે ઉડીયે છીયે. ગંગાના મૂળ આગળ આવ્યાં.

આ સ્થાને ગંગાનો પ્રવાહ ઝીણો ઝીણો હિમાલયના એક છિદ્રમાંથી નીકળતો હતો. એક લાંબી રેખા જેવી એ નદી દેખાતી હતી. ઉપર પહાડી ઝાડોની ઘટા હતી ને તેમાંથી ચંદ્રનાં કિરણ નદીના પાણીમાં ટપકતાં હોય તેમ ચળકતાં હતાં. આ સ્થાને પેલા છિદ્ર આગળ સરસ્વતીચંદ્રનો પાવડો જરીક અડકયો ને છિદ્ર ઉપરની શિલાઓ બસી ગઈ. તેની સાથે ગુપ્તગંગા પ્રકટ થઈ. પેલા છિદ્રને સ્થાને મ્હોટો કુંડ દેખાયો. તેમાંથી મહાનદી મહાસ્વર કરી નીકળતી હતી અને તેની વચ્ચોવચ શેષનાગ પિતામહના શરીરની ચારે પાસે પોતાનું શરીર વીંટી ફણાનું તેમના શરીર ઉપર છત્ર ધરી બેઠો હતો. તેમના દિવ્ય પ્રચણ્ડ શરીરમાં ઘણા યુગ ઉપર અર્જુને મારેલા બાણ ખુંપી ગયા હતા તેના બ્હાર રહી ગયેલા પાછલા ભાગ હજી દેખાતા હતા ને તેમની નીચે પણ શરશય્યા જ હતી. એમનું શરીર ઘણા યુગની ક્ષુધાથી સુકાઈ ગયું હતું અને અચેતન જેવું લાગતું હતું, પણ ગંગાનો

એક ઝરો તેમના મુખમાં નિરંતર વહ્યાં કરતો હતો તેના પાનથી એમનું શરીર અમૃતમય થઈ ગયું હતું. શરીરની નસો, અસ્થિ, અને અન્ય સર્વે શારીરક તત્ત્વો પારદર્શક રત્નોના વાસણમાં રાખેલા ચિત્ર પેઠે દેખાતાં હતાં, અને તેમાં હુએલા બાણ સોનાની ખીલીઓ જેવા દેખાતા હતા. વચલા રત્નની આશપાશની સુવર્ણમુદ્રા પેઠે વીંટાયલા નાગની સહસ્ત્ર ફણાઓ ઉપર ટોલી રહી હતી.

છેક નાગનાં મુખો આગળ આવી સિદ્ધનગરનું અતિથિ-જોડું ઉભું, ને નાગ કંઈક ચમક્યો.

નાગ૦—માનવીઓ, કેમ અંહી આવ્યાં છો?

સર૦—પિતામહનાં દર્શન કરવાની વાસનાથી. અમે તેમનું પુર અને તેના કુંડમાં રહેલા ચમત્કાર જોયા ને તે પછી એમનાં પોતાનાં દર્શન કરવા ઇચ્છીયે છીયે. તમે શામાટે અને કેટલા કાળથી એમને વીંટી વળ્યા છો?

નાગ—જ્યારથી પાંડવોએ આ દેશ છોડ્યો ત્યારથી પિતામહ અંહી છે. તમે રાક્ષડાઓ નીચે વડવાઈઓને બાઝેલા નાગ દીઠા છે તેમનો હું આદિ પુરુષ છું. જે કારણથી તેઓ વડવાઈઓને બાઝી રહ્યા છે તે જ કારણથી હું પિતામહનું આમ રક્ષણ કરું છું. કારણ જે ગંગામાં હું વસું છું તેની મને આવી આજ્ઞા છે.

સર૦—પિતામહનું રક્ષણ કોનાથી કરો છો?

નાગ—તમે થોડે છેટે અશ્વત્થામાને જોશો. એ બ્રાહ્મણ શ્રીકૃષ્ણના શાપથી ઉન્માદદશા ભોગવે છે ને તમે જે રાક્ષડાઓ જોયા તે આ બ્રાહ્મણની જ કરેલી અવ્યવસ્થાઓનું પરિણામ છે.

પોપટ બોલી ઉઠ્યો: "સત્ય કહ્યું, નાગરાજ, સત્ય કહ્યું! બ્રાહ્મણબુદ્ધિએ જ આ દેશમાંથી પાંડવોને હાંકી કઢાવ્યા છે!"

નાગ—હું પણ બ્રાહ્મણ જ છું. તહારી બુદ્ધિમાં જે આ બ્રાહ્મણબુદ્ધિનો તિરસ્કાર સ્ફુરે છે તે પણ એ અશ્વત્થામાને જ પ્રતાપે. પિતામહની છાયામાં ને એમના યુગમાં બ્રાહ્મણો અને ક્ષત્રિયો એક યજ્ઞમાં પરસ્પર સહાયભૂત થતા ને એ શરશય્યા પર પડ્યા એટલે ગાંડા અશ્વત્થામાએ આ રાક્ષડાનાં જળાં બાંધી દીધાં—ને—પોપટ! તહારી બુદ્ધિ પણ એ રાક્ષડાના અધિકારીએ જ બાંધી દીધેલી છે. હું તને આ પવિત્ર ગંગાજળ છાંટું છું તેથી એ તહારા બંધ છુટી જશે.

ગંગાનું પાણી ઉછળવા લાગ્યું ને સર્વને તેના પવિત્ર જળના છાંટા ઉડ્યા.

સર૦—તમે અશ્વત્થામાને શરીરે આ પવિત્ર જળનો અભિષેક કેમ કરતા નથી ?

નાગ—હડકાયલા સત્ત્વને પાણી જોયાથી જે અસર થાય ને પિશાચગૃહીત સત્ત્વને અડદ છાંટયાથી જે અસર થાય તે અસર આ ગંગાજળથી આ ઉન્માદદશાવાળા ચિરંજીવને થાય એમ છે. આ બ્રાહ્મણનો અને તેની સાથે આ દેશનો ઉદ્ધાર તેનો અવધિ આવ્યે થશે.

સર૦—એ બ્રાહ્મણમાં ને ઋષિમુનિયોમાં શો ફેર છે? એ શા માટે ગાંડો થયો છે? તમે કહો છો તે અવધિ ક્યારે આવશે ?

નાગ—આજ કાલ આ રાઙડાઓમાં હું બ્રાહ્મણજાતિને માથે તમારાં સર્વ દુઃખોને માટે આરોપ મુકાતો સાંભળું છું. તે આરોપકતા એકદેશીય જ્ઞાનને લીધે છે. ક્ષત્રિયો પોતાનો ધર્મ ચુકે તે જેટલું નિન્દ્ય ગણાતું તેટલું જ બ્રાહ્મણ પોતાનો ધર્મ ચુકે તે ગણાતું. કુરુક્ષેત્રમાં પ્રથમ આર્ય લોક હતા, પછી મ્લેચ્છ લોક આવ્યા, અને હવે પાછા આર્ય લોક આવ્યા છે.

પોપટ—શું હવેના કળિલોક આર્યો છે ?

નાગ—હા. આ ત્રણે જણના યુગમાં એકલા બ્રાહ્મણો તો શું પણ સર્વ અન્ય વર્ણોમાં જે જે સુવ્યવસ્થાઓ રચાય છે તે સ્વધર્મસ્થ બ્રાહ્મણોથી જ રચાય છે. એ બ્રાહ્મણો મ્લેચ્છોમાં પણ અવતરે છે ને રાક્ષસોમાં પણ અવતરે છે. તેમના બ્રાહ્મણાવતાર ને તેમની બ્રાહ્મણબુદ્ધિની સિદ્ધિ અને પરિણતિ જોનાર ઓળખી શકે છે. તે જ રીતે સાધુજનોમાં દુષ્ટજનનો અવતાર પણ તેની બુદ્ધિથી અને વાસનાથી ઓળખાઈ આવે છે. શૂદ્ર મહારાજાઓમાં અશોક જેવા અવતાર ક્ષત્રિયરૂપે બ્રાહ્મણના જ થયા છે; મ્લેચ્છ મહારાજાઓમાં અકબરશાહ જેવા અવતાર પણ એવા જ થયા છે; કળિલોકમાં પણ એવા જ અવતાર થયાછે, થાય છે, ને થશે. તમે જે ચકોરની વાણી સાંભળી તે પણ બ્રાહ્મણનો આવતાર છે. પક્ષી ! તું ક્ષત્રિયનો અવતાર છે ને અશ્વત્થામા બ્રાહ્મણના દોષઅંશનો અવતાર છે. એ દુષ્ટ બ્રાહ્મણે પરશુરામ જેવાઓના

---

૨ अथोपपत्तिं छलनापरोऽपरामवाप्य शैलूष इवैष भूमिकाम् ।
तिरोहितात्मा शिशुपालसंज्ञया प्रतीयते सम्प्रति सोऽप्यसः परैः ॥
बलावलेपादधुनापि पूर्ववत्प्रबाध्यते तेन जगज्जिगीषुणा ।
सतीव योषित्प्रकृतिः सुनिश्चला पुमांसमभ्येति भवान्तरेष्वपि ॥
माघ.

યુદ્ધપ્રાંતમાંથી કુદ્રાંતનો બોધ લીધો. ધર્મસ્થ ક્ષત્રિયોનો નાશ કરવા આ બ્રાહ્મણ અને તેના પિતા વિધર્મસ્થ થઈ યુદ્ધ કરવા નીકળ્યા. પણ દ્રોણ મહાત્માએ જ્યારે માત્ર ધર્મયુદ્ધ જ કર્યું ત્યારે આ દુષ્ટ બ્રાહ્મણે અધર્મહત્યાઓ જ કરી, સુતેલા નિદ્રાવશ શત્રુઓને હણ્યા, ઉત્તરાના ગર્ભનો હણ્યો, રાત્રિએ વિમાર્ગગામી થઈ આ કૃત્ય કર્યું, બ્રહ્માસ્ત્રને દુષ્ટ કાર્યમાં યોજ્યું, અને અંતે અભિમાનથી શ્રીકૃષ્ણનું ચક્ર લેવાની પણ વાસના રાખી. અહંકાર અને મમતા એ આસુરી સંપત્તિનાં બીજ છે તે આ બ્રાહ્મણમાં ઉજ્જૃમ્ભણ પામ્યાં અને પાંડવોએ સમાપ્તિ પર આણેલા ધર્મવિજયનું કલ્યાણફળ નિષ્ફળ કરવા આ બ્રાહ્મણરૂપ અસુરે માયિક પ્રપંચ આરંભ્યા. અર્જુન અને કૃષ્ણપરમાત્મા જેવાઓનો આનો નાશ કરવો કઠણ ન હતો. પણ અનેક પરિપાકના સંઘરૂપ સંસારની વ્યવસ્થા જાણનાર આ બે મહાત્માઓએ એને જીવતો મુક્યો ને શ્રીકૃષ્ણે તેનાં જે જે પાપ તેને મહોંડે ગણી બતાવી શાપ દીધો તે શાપમાં એના મૃત્યુ કરતાં એની ચિરંજીવિતા વધારે શાપસાધક ગણી. આ દુષ્ટે બાલકોનો અને ગર્ભનો નાશ કર્યો તેટલા માટે જ શ્રીકૃષ્ણે શાપ દીધો હતો તે શબ્દો આ કુરુક્ષેત્રમાં રાત્રે રાત્રે સંભળાય છે– તે સાંભળો !

રાત્રિને આ પ્રસંગે શ્રીકૃષ્ણના શાપના શબ્દ[1] કુરુક્ષેત્રનાં હુડાં કાતરોમાંથી સંભળાવા લાગ્યા અને તેના નાદના પ્રતિધ્વનિ છેક ક્રૌંચ્યરન્ધ્ર સુધી થવા લાગ્યા.

" દુષ્ટ બ્રાહ્મણ ! સર્વ મનીષી લોક તને કાપુરુષ ગણી બોળખે છે ! અનેક વાર પાપ કર્મનો કરનાર ! બાલજીવિતના ઘાતક ! તું હવે તારા પાપકર્મનું ફલ સાંભળ ! ત્રણ સહસ્ર વર્ષો સુધી આ પૃથ્વી ઉપર તું ચિરંજીવી થઈ ભૂતપ્રેતના જેવો સંચાર કરતો ફર્યા કરીશ. કદી કોઈની જોડે કાંઈ બોળખાણ તું પામવાનો નથી. નિર્જન દેશોમાં જ્યાં કોઈની જોડે બોલવાનું નહી હોય ત્યાં સાહાય્ય વિના તું ભટકીશ. જનપદમાં તારી સ્થિતિ નહી થાય ! પર્વતોમાં ને અરણ્યોમાં, સર્વ વ્યાધિઓથી પીડા પામતો પાગતો, લોહી અને પરુથી દુર્ગન્ધ મારતો, તું આ સંસારમાં ભટકજે ! અને જે ગર્ભનો તેં ઘાત કરેલો છે તે ગર્ભને મ્હારા તપના બળથી હું પુનર્જીવન આપીશ ને તે ગર્ભ—તારી સર્વ આશાઓને ધ્વસ્ત કરી—આ દેશમાં જ્ઞાન પામશે, અસ્ત્રસિદ્ધિ પામશે ને દીર્ઘકાળ રાજ્ય કરશે ! ને તે સર્વ જોતો જોતો તું બળ્યાં કરજે !"

---

[1] મહાભારતઃ સૌપ્તિકપર્વ.

આ શાપનો ઉચ્ચાર શાન્ત થયો તેની સાથે ચારે પાસથી બીજા નાદ સંભળાવા લાગ્યા. છેક કૂહાનપુરનાં શ્મશાનોમાંથી મરેલી સ્ત્રીયોની અને મરેલાં બાળકોની કારમી મરણચીસો સંભળાવા લાગી અને સર્વનાં કાળજાંમાં વાગવા લાગી.

નાગ૦—પોપટ ! **અશ્વત્થામાએ** જે ઘોર કર્મ કૃષ્ણાવતારમાં કર્યું હતું તે પેલા કૃષ્ણપુરમાં-કૂહાનપુરમાં—બીજા બ્રાહ્મણનામધારી **અશ્વત્થામાએ** આ યુગમાં કર્યું છે તેનાં મારેલાં સ્ત્રીબાલસમુદાયની આ ચીસો સાંભળ ! એ જ **અશ્વત્થામા** કૃષ્ણાવતાર પછી અનેક વેળાએ આમ પોતાનું સ્વરૂપ આ સ્થાનમાં પ્રકટ કરે છે ને આ યુગના **અશ્વત્થામાને** પણ પુરાણ અશ્વત્થામા પેઠે ભટકવું પડ્યું છે કે નહી તે શોધી લે જે ! આ કુરુક્ષેત્રમાં **અશ્વત્થામા** આ રીતે ઘડીક બ્રાહ્મણ થયો છે તો ઘડીક મુસલમાન થયો છે ને બાકીનો કાળ આર્યદેશના પેલા રાફડાઓ રચવામાં ગાળે છે, બ્રહ્મબન્ધુઓનાં મગજમાં પેસી ઘુણે છે, ક્ષત્રિયોને વ્યસની કરે છે, વૈશ્યોપાસે ખોટાં ગણિત ને ખોટા વ્યાપાર કરાવે છે, ને શૂદ્રોને ભીખ માગતા ને ચોરી કરતા કરે છે. આ દેશનાં મનુષ્યોને તે એક બીજા સાથે હળીમળી બાવાપીવા દેતો નથી, કોઈ પરણે કે મરે કે ગમે તે કાંઈ નવું થાય એટલે તેનાં સગાં વહાલાંનાં મગજમાં ભરાય છે ને તેમનાં ધન અનેક જડ માર્ગે તેમને જ હાથે માટીમાં ઢોળાવી દે છે ને કમાનારને કપાળે ફરી કમાવાનો પરસેવો જ રાખે છે. પોપટ ! **અશ્વત્થામા** બાળકોને દમ્પતી બનાવી એક-શય્યામાં સુવાડે છે ને તેમનાં શરીરનો નાશ કરે છે. જેનામાં બળ હોય તેને મસ્ત કરે છે. જેનામાં વિદ્યા હોય તેને લોભી કરે છે. આતો મેં દૃષ્ટાંત કહ્યાં. પિતામહે તો શાંતિપર્વમાં અને અનુશાસન પર્વમાં કેવા કેવા ધર્મ કહેલા છે ? એ સર્વ વ્યવહાર આ ઘેલો થયેલો અશ્વત્થામા જ્યાં જ્યાં ફરે છે ત્યાંથી ધ્વસ્ત કરે છે. એ અશ્વત્થામા હવે બ્રાહ્મણ નથી. ઘડીકમાં તે જનોઈ પ્હેરી રાખે છે ને ઘડીમાં તોડી નાંખે છે ને વળી પ્હેરે છે. ઘડીમાં તે શૂદ્ર થાય છે ને ઘડીમાં મ્લેચ્છ થાયછે. સ્ત્રીયોની અને બાળકોની, ધનની ને ધર્મની, વિદ્યાની અને કળાની, મનની અને તનની, ગૃહસંસારની ને રાજ્યોની, બ્રાહ્મણોની અને ક્ષત્રિયોની કળાની ને શક્તિની, અવ્યવસ્થાને આ ગાંડો દિવસે દિવસે છાનોમાનો અનેક વેશોથી વધારતો જ જાય છે, અને પોતાના સર્વ વ્યાધિયોમાં આર્યદેશને ભાગીયો કરીને જ રાજી થતો એકલો એકલો નાચે છે ને કુદે છે! અને કાળે કાળે આપ્યા દેશનાં ભાગ્યનાં બીજ રોપવાના આ ક્ષેત્રમ

આવી કંઈ કંઈ નીચ કર્મ કરે છે, દુષ્ટ બીજ વાવે છે, ને ફાવે છે ત્યારે પ્રકટ પણ થાય છે. જ્યાં સુધી એ ગાંડો ભમ્યાં કરે છે ત્યાં સુધી હું ગંગા-યમુનાના પવિત્ર જળમાં રહી પિતામહનું રક્ષણ કર્યા કરું છું. ક્યાં પિતામહની ભવ્ય સૃષ્ટિ અને ક્યાં આ ગાંડાના રાફડાઓ ! ક્યાં સૂક્ષ્મ અને મહાન્ અનુભવની વ્યવસ્થા અને ક્યાં ઘેલછાની કલ્પનાએ રચેલા ધુમાડાના ગોટા જેવા બ્હેમની, અને ક્ષુદ્ર ગતિવાળાં અંધ જન્તુઓએ પાડેલા ચીલાઓ-થી પડેલી રૂઢિઓની, અવ્યવસ્થા ! એ ગાંડો અંહીં આવે છે ત્યાંથી મ્હારે મ્હારી હજારે ફણાઓ માંડી સજ્જ થવું પડે છે !

પોપટ—એ રાફડાઓને કોઈ તોડી પાડે કે બાળી નાંખે તો ?

નાગ—એ રાફડાઓ અસંખ્ય જન્તુઓથી ભરેલા તેમના માળાઓ જેવા છે, તેમના મધપુડાઓ જેવા છે. તેનો નાશ કરવો એ શિવશક્તિનું કામ છે. મનુષ્ય તેનો સહસા નાશ કરશે તો એ રાફડા જેટલી વ્યવસ્થા પણ નહી રહે અને સર્વ જન્તુઓના સંસાર ક્લેશમય થશે. પોપટ, એ રાફડાઓને એક પાસથી કપિલોક ધીમે તાપે શેકે છે ને બીજી પાસથી અશ્વત્થામાનું આયુષ્ય પુરું થતું જાય છે તે જ વ્યવસ્થા કલ્યાણકારક છે.

પોપટ—આ અવ્યવસ્થા આજ સુધી વધારનાર તો આ બ્રાહ્મણ જ !

નાગ—ના, ના. મેંહ કહ્યું કે અશ્વત્થામા તો પૂર્વ અવતારથી આસુરી સંપત્તિવાળો છે. પૂર્વ જન્મનો એ અસુર બ્રાહ્મણકુળમાં જન્મી અનેક વેશે ફરે છે. શુદ્ધ બ્રાહ્મણો તો મ્હારા જેવા નાગકુળમાં જ છે—તેને આ માનવીઓએ જોયા છે. અમે સર્વ સત્ત્વોમાં સર્વ ભૂતોનો એક જ આત્મા પ્રત્યક્ષ કરીયે છીયે, પણ વ્યવહારમાં—માતાએ પુત્રની બાલ્યાવસ્થામાં વ્યવસ્થા રાખવાની છે તે પ્રમાણે—આ લોકમાં અમે જન્મ્યા માટે તેની વ્યવસ્થા રચીયે-છીયે.

૨૨૦—તમારી વ્યવસ્થામાં ને પિતામહની વ્યવસ્થામાં શા ફેર?

નાગ—આર્ય ઋષિમુનિઓના અને રાજાપ્રજાઓના સૂક્ષ્મ અનુભવો વડે પિતામહનું આ દિવ્ય શરીર ઘણાં વર્ષોના બ્રહ્મચર્યથી બંધાઈ સમૃદ્ધ થયેલું છે. સ્વર્ગમાંથી આવેલી દિવ્ય બુદ્ધિગંગાથી એમનો જન્મ છે; પૃથ્વીના અનુભવથી એમનું આયુષ્ય ભરાયું છે. અમુક શાસ્ત્ર અમુક વર્ગના જ અનુભવથી બંધાય છે; ગંગાનાં શતમુખ જેવા શતમુખ અનુભવથી ભીષ્મ પિતામહે વ્યવસ્થાનો ક્ષીરસાગર ભર્યો છે તેમાં સર્વ શાસ્ત્રની નદીઓનાં પાણી ભળેલાં છે. અમે નાગલોક આ

નદીઓ જેવા છીએ; ગંગાપુત્ર સાગર જેવા છે. એ સાગર ઉપર બંધાયલી મેઘમાળાથી અમારી નદીઓ પુષ્ટ થાય છે. સાધારણ ભૂતસંઘને માટે નદીયો છે; પણ સર્વ કુવાનાં, વાવોનાં, સરોવરોનાં, અને નદીઓનાં મૂળોમાં વ્હેનાર અનન્તસલિલનો ઝરો તો મનુષ્યની સંસ્કારી બુદ્ધિરૂપ ગુપ્તગંગા–પાતાળગંગા–ને રૂપે જ પ્રવાહ પામે છે ને પિતામહ એ ગંગામાંથી પ્રકટ થયાછે. જ્યારે અશ્વત્થામાનું આયુષ્ય સમાપ્ત થશે ત્યારે અર્જુન આ દેશમાં ગાણ્ડીવ ધનુષ્યનો ટંકાર કરશે. પિતામહનાં શરીરમાં રોપાયલા આ અર્જુનના બાણ એ ટંકારથી જાગૃત થશે–સજીવ થશે. પણ સજીવ થતામાં જ આ બાણ પિતામહના શરીરમાંથી પાછાં છુટશે ને રાફડાઓમાં થઈને જ પોતાનો ઊર્ધ્વ માર્ગ કરશે અને રાફડાઓને વીંધી નાંખી આરપાર નીકળી જતાં જતાં એ રાફડાઓને સ્થાને નવી રચના કરશે. એ બાણ તે કાળે અર્જુનના ભાથારૂપ સ્વયોનિને પાછાં પ્રાપ્ત કરશે ને પિતામહનું શરીર આ દેશમાં નવા યૌવનથી ઉભું થશે, ઉપરના પોતાના પુરમાં સંચાર કરશે, અને તમે ત્યાં જે જે પદાર્થ જોયા છે તે તે નવું શુદ્ધ સમર્થરૂપ ધરશે. જે કૌરવોની સેવાના ધર્મથી એમને અર્જુનના પ્રતિરથી થવું પડ્યું હતું તે કૌરવોની છેલી છાયા અશ્વત્થામાના આયુષ્ય સાથે આ દેશમાંથી સમાપ્ત થઈ નિવૃત્ત થશે ને પિતામહ કેવળ પાંડવોની જ ચિન્તા કરશે. માનવીઓ ! પિતામહ પાસે ધર્મરાજ પણ બાળક છે ને ધર્મરાજને ધર્મનો ઉપદેશ પિતામહ પાસેથી પ્રાપ્ત થયેલો છે. આજનાં તમારા દેશકાળમાં અશ્વત્થામા, જાતે જ ધર્મરાજના અને ધર્મના અસંખ્ય વેશ ધારી, ભમે છે ને લોકસંઘને ભમાવે છે. એ અશ્વત્થામાનું આયુષ્ય સમાપ્ત થશે ત્યારે જ શુદ્ધ સનાતન ધર્મ અને તેનો પિતામહ તમારા લોકસંઘને પોતાના પ્રકાશમય સંસ્કારોથી દ્વિજત્વ આપશે, ત્યારે જ વ્યાસનારાયણ જેવા યોગદર્શી સર્વભૂતાત્મક બ્રાહ્મણો આ દેશને પોતાના ચરણસ્પર્શનો અને ઉપદેશનો અધિકારી ગણશે, ત્યારે જ આ દેશમાં સત્યયુગ પાછો આવશે ! નિરાશ થયલાં માનવીઓ ! તમારી આશાઓનાં બીજ આ સિદ્ધ ક્ષેત્રમાં જ છે; તે બીજને સફળ કરવાની કળા આ ગંગામાં સ્નાન કરી પામો.

શેષનાગ બોલતો બંધ પડ્યો ને તેની સાથે આ બે જણની પાંખોએ તેમને ઉંચકયાં ને ગંગામાં સ્નાન કરાવી બ્હાર કૂહાડ્યાં, ને પાણીમાં ડુબકી મારતી વેળા મીંચાયલી આંખો ઉઘડી ત્યારપ્હેલાં તો એ પાંખોએ એમને વાયુના વેગથી બીજે સ્થાને લીધાં ને આ દેખાવ અદૃશ્ય થયો. આંખો મીં-

ગાઈને ઉઘડી તેના વચગાળાની વેળામાં એમના કાનમાં ચાસો, ગાન, અને રોનાટના સ્વર પેઠા ને આંખો ઉઘડ્યા પછી પણ બન્ધ ન પડ્યા પણ વધ્યા. પરંતુ આંખ આગળ તો માત્ર ચન્દ્રકાને ચાદર પેઠે પાડી સુતેલા મેદાન વિના બીજું કાંઈ દેખાયું નહી. એ સ્વરો વચ્ચે આ શૂન્ય ચન્દ્રપ્રકાશિત મેદાનમાં એમની પાંખો એમને વાયુના વેગથી ધક્કેલવા લાગી—ધક્કેલવા લાગી કહેવાનું કારણ એ કે એમનાં હૃદય આ સ્વરોથી એક દિશામાં ખેંચાતાં હતાં ને શરીરને બીજી દિશામાં આ ઝાડ કે પહાડ કે અન્ય પદાર્થથી શૂન્ય દેખાતા મેદાન ઉપર પાંખો લેતી હતી. સ્વરો પોતાની સંખ્યા ને મિશ્રતાથી જેવા ભયંકર લાગતા હતા તેવું જ આ મેદાન પોતાની આવી શૂન્યતાથી અને સાદાઇથી આ રાત્રિની વેળાએ ભયંકર લાગતું હતું.

આ મેદાનમાં નક્કુર પૃથ્વી ઉપર તેઓ હવે ઉભાં તો થોડે છેટે એક અતિવૃદ્ધ બ્રાહ્મણ લાંબો પડી ચતો સુતેલો દેખાયો. આમને જોઈ તે ઉભો થયો ને એટલો તો ઉંચો વધવા લાગ્યો કે એના વાળ વાદળાંમાં પહોચવા લાગ્યા. સરસ્વતીચંદ્ર અને કુમુદને આ રાક્ષસી મનુષ્યે હાથેલીમાં ઉંચાં ઉચક્યા લીધાં ને પોતાના મુખ સામાં ધરી, વાદળું ગાજતું હોય એવા મહોટા સ્વરથી, કહેવા લાગ્યો.

" મને ઓળખ્યો ? હું પેલો અશ્વત્થામા—જેણે સર્વ ક્ષત્રિયો, બ્રાહ્મણો, અને વૈશ્યોનું અને તેમની કળાઓનું નિકન્દન કર્યું—અં ! હં ! હં ! હં ! તમે પેલી વૈતરણીના જળમાં નહાયાં છો ખરાં ! કેવો દુર્ગન્ધ તમારા શરીરમાં એ જળનો પેઠો છે ! એમાં નહાય છે તે ઘેલા થાય છે—ગંસો ! બસો ! "

એણે આ બે જણને હાથમાંથી અદ્ધર મુકી દીધાં ને જ્યાં મુક્યાં ત્યાં પાંખો ઉપર ટકી ઉભાં.

સરો—ચિરંજીવી ! અમે ગંગાજળમાં નહાયાં છીયે.

અશ્વ૦—ગાંડા માણસ ! એ જ મહારી વૈતરણી ! એમાં જે ડાહ્યું હોય તે મહારે મન ગાંડું અને એનું ગાંડું તે મહારું ડાહ્યું. મહારી સૃષ્ટિ બ્રહ્માની સૃષ્ટિથી જુદી છે. હું બ્રહ્મા, વિષ્ણુ, અને રુદ્ર ત્રણેનું કામ સાથેલાગું એકલો કરું છું ને આ સ્થાને તમે આવ્યાં છો તો મહારું પરાક્રમ જોઈ લ્યો !

અશ્વત્થામાએ વેગથી દોટ મુકી ને અદૃશ્ય થયો તેની સાથે એકપાસથી રાક્ષસોનો નીચેનો મણિમય પ્રદેશ દૃષ્ટિગોચર થયો, બીજી પાસથી અદ્ધર પાદશાહની બાંધેલી હવેલીઓ આકાશ વચ્ચે લટકવા

લાગી, ત્રીજે સ્થાને પૃથ્વી પર શિવાજીનું સિંહાસન અને છત્ર શિવાજીની જીવતી મૂર્ત્તિ સાથે ઉભાં થયાં, ચેાથે સ્થાને કુરુક્ષેત્રમાં અર્જુનનેા જયધ્વજ ઉડવા લાગ્યેા, અને સર્વ સ્થાને સર્વ વ્યાપક ઇશ્વરનું પરમ જ્યેાતિ પ્રકાશતું લાગ્યું. એ દેખાવ દેખાયેા તેની સાથે જ ઉપરથી અનેક રૂપ ધરી અશ્વત્થામા તે સર્વના ઉપર કુદકા મારી ભુસકા મારવા લાગ્યેા, અને તે જ ક્ષણે જોતા જોતામાં આ સર્વ દિવ્ય વ્યવસ્થાને ઠેકાણે અનન્ત અવ્યવસ્થા વ્યાપી ગઈ. મણિમય પ્રદેશનાં મણિયંત્ર તુટીગયાં, મણિ ચારે પાસ ગડબડી ધુળમાં ને સમુદ્રમાં છુટા છુટા હુણી ગયા, અને નાગલેાક કેાઈ ચંપાઈ ગયા તેા કેાઈ પાતાળમાં અનેક દરેામાં થઈ સરી ગયા. અકબરની હવેલીયેાના કડકા થઈ છત્ર વિનાનાં ખંડેર ઉભાં રહ્યાં ને તે સર્વ ઉપર કેદખાનામાંથી પાદશાહ શાહજહાન રેાવા લાગ્યેા ને દારાનું છુંદું પડેલું કાપેલું લેાહીવાળું મસ્તક લેઈ એક થાળી આરતી પેઠે અદ્ધર ફરવા લાગી. શિવાજી મહારાજ પેાતાના છત્ર અને સિંહાસનના કડકાએા નીચે ડટાઈ ગયા અને તેમના વંશજોમાંનેા એક મેાઘલ જનાનામાં રમવા લાગ્યેા ને બીજો સતારાના પારદર્શક બન્ધીખાનામાં, શીશીમાં ઉતારેલા ભૂતના જેવેા, દેખાવા લાગ્યેા. નીચે અર્જુનના રથધ્વજ ઉપર અશ્વત્થામા કુદેા ને તેની સાથે રથ અદૃશ્ય થયેા, અર્જુન જતે સ્વર્ગમાં ગયેા, અને પાંડવેાનેા વંશ નાશ પામ્યેા—સૌપ્તિક પર્વનાં ભયંકર ચિત્ર ખડાં થયાં. જ્યાં વ્યાસમુનિયે વેદની સંહિતા કરી હતી, મહાભારતની વ્યવસ્થા કરી હતી, અને એક ઇશ્વરનું જ્યેાતિ થેાડી વાર ઉપર અનવચ્છિન્ન એક શુદ્ધ પ્રકાશથી પ્રકાશતું હતું ત્યાં તે સર્વ વ્યવસ્થાદર્શનનું મન્દિર આ બ્રાહ્મણના કુદકારાથી કમ્પવા લાગ્યું. પળવારમાં એ સુન્દર મન્દિરના સર્વ ભાગેાના સાંધે સાંધા છુટા થઈ તેના કડકે કડકા થઈ ગયા ને તે કડકાનેા અવ્યવસ્થિત ઢગલેા થઈ પડ્યેા. એ ઢગલામાંના કડકા થેાડી વારમાં ચારે પાસ લુટાવા લાગ્યા ને આખા કુરુક્ષેત્રમાં અશ્વત્થામાની શક્તિથી નવી જાળ પથરાઈ ગઈ. અકેકી શ્રુતિના અનેક પરસ્પર વિરેાધી અર્થ થઈ ગયા. એક સ્મૃતિની ગાંઠેામાં બીજી સ્મૃતિની ગાંઠો ગુંચવાઈ ને ગાંઠો ઉકેલનારાથી જે ગાંઠ ઉકલે નહી ત્યાં તેઓ છરી લેઈને કાપ મુકવા લાગ્યા, અને અન્તે તે પણ ગુંચવારાનાં જાળે પડતાં મુકી ચાલી જવા લાગ્યા ને બીજા વટેમાર્ગુઓ એ જાળમાં ચાલતાં ચાલતાં ઉંધે માથે પડવા લાગ્યા. બ્રાહ્મણ બડક ઉપર અથડાય ને ઉતારુઓ તેનાં તુટેલાં છુટેલાં પાટીયાં ને લાકડાં હાથમાં આવે તે ઝાલી તરવાનું સાધન શેાધે ને બાથેાડીયાં મારે તેમ એક ઇશ્વરનાં

અનેક સુઘટિત નામોમાંથી અનેક ઈશ્વરને પકડી કુરુક્ષેત્રના વાતાવરણમાં અનેક જન્તુઓ સમુદ્રનાં માછલાં પેઠે તરવા લાગ્યાં. આવા આવા અસંખ્ય દેખાવ કુરુક્ષેત્રમાં ઉત્પન્ન થઈ દેશ-પારના મહાસાગરો સુધી ભીન્ન મહાસાગરો પેઠે રેલાવા લાગ્યા, અને કીયા મહાસાગરનું પાણી કીયા મહાસાગરને ધક્કેલે છે તે જોવા જેવું થયું.

અન્તે આ મહાસાગરોમાંથી વચ્ચેાવચ્ચ અશ્વત્થામા નીકળ્યેા અને વાદળાં સુધી વ્યાપી રહી ગર્જવા લાગ્યેા.

" માનવીઓ ! મહારુદ્રનાથી અધિક સંહારક શક્તિ મ્હારી છે તે મ્હેં દેખાડી ! હવે બ્રહ્માની પેઠે આ મ્હેં મહાસાગરની સૃષ્ટિ ઘડી તે પણ તમે જુવેા છેા. અકબર બાદશાહની હવેલીયેાનાં ખંડેર કરી તેમાં પેલેા ઔરંગઝીબ બાદશાહ ઉભેા થાય છે તે જુવેા ! એ કેાણ ? એ મ્લેચ્છોમાં મ્હારેા પ્રકટ અવતાર ! આ સમુદ્રમાં હું ઉભેા થાઉં છું તેમ શિવાજીના સિંહાસન ઉપર પેલા ઉભા થાય છે તે કેાણ? પેશવાઓ ! એ તેા પેશવાઓરૂપે હું પેાતે ! રઘુનાથરાવ તે હું જ—આ કુરુક્ષેત્ર સુધી ધ્વજા ઉરાડનાર ને અટક આગળ સેનાના ઘેાડાઓને પાણી પાનાર એ તે હું ! ને પેલા મણિ અને નાગને સ્થાને-તેમનાં માથાં ઉપર—રાક્ષસા દેખેા છેા તે સૃષ્ટિનેા બ્રહ્મા પણ હું ! હવે મ્હારી વૈષ્ણવી માયા જુવેા ! "

થેાડી વારમાં કુરુક્ષેત્રમાંના સર્વ દેખાવ દેખાતા બંધ થઈ ગયા ને પ્રથમ હતું તેવું શાંત એકાંત થયું ને ધીમે ધીમે તેમાં યાત્રાળુઓ, વણજારાઓ, વ્યાપારીયેા, વસવાયા લેાક, રજપુતેા, રાજાઓ, રાણીઓ, બ્રાહ્મણેા, ભીખારીઓ, શૂદ્રેા, સ્ત્રીઓ, ને બાળકેા—એ સર્વનેા મ્હેાટેા મેળેા તરવરવા લાગ્યેા. તે સર્વ વસ્તીની વચ્ચે એક મ્હેાટેા ચકડેાળ ફરતેા હતેા ને તેને ફેરવવાના ચક્ર ઉપર એક વૃદ્ધ બ્રાહ્મણ બેઠેા હતેા.

"[1]આ બ્રાહ્મણના જીર્ણ શરીરને કેાઈ ઝાડનું બળી ગયેલું થડ ધારીને તેમાં ઘરેાળીયેાનાં ટેાળાં વસતાં હેાય તેમ એના જાડાં જાડાં નાડીયેાનાં ગુંચળાંથી તેમાં જળાં પડી ગયાં હતાં અને કદી કદી તેા તે જીવતી ઘરેાળીયેા જેવાં જ થતાં હતાં. દેવદેવીઓને પગે લાગવાથી તેના શ્યામ કપાળ ઉપર સેાજો આવેલેા હતેા. કેાઈ કુવાદીએ આપેલું સિદ્ધાંજન

---

૧. બાણકૃત કાદમ્બરીમાં વૃદ્ધ દ્રવિડ ધાર્મિકનું વર્ણન છે તેમાંથી ફેરફાર કરી હવેનું આ બ્રાહ્મણનું વર્ણન લીધું છે. રા. છગનલાલ હરિલાલ પંડ્યાએ કરેલું ભાષાંતરઃ આવૃત્તિ ૩. પૃષ્ઠ ૨૭૪—૭૭ ઉપરથી.

આંજવાથી એની એક આંખ ફુટી ગઈ હતી તહેાયે બીજીમાં કંઈ અંજન આપવાની સળીને અહર્નિશ ઝીણી કર્યા કરતો હતો. કોઈક કડવા પદાર્થની વાટનો પ્રયોગ કરી આટલી આંખમાં પણ તે દિવસે દિવસે વધારે વધારે અંધકાર આણતો હતો. જંગલનાં પ્રાણીયોના દાંત ને ઝાડોમાંથી જાણ્યા અજાણ્યાં અનેક અંજન ને ઔષધનો સંગ્રહ કરી પોતાની ચારે પાસ પાથર્યો હતો. લીલાં પત્રનો રસ ને કોયલાની શાહીથી ભરેલો મેલો ખડીયો લેઈ તે ઘડી ઘડી ઉઠ બેસ કરતો હતો. ફરતો ફરતો ઝાડોનાં પાંદડાં તોડી તે ઉપર ગમે તો દેવોનાં સ્તોત્ર લખતો હતો ને ગમે તો ભૂતપ્રેતના મંત્ર લખતો હતો. કોઈ સ્થાને એકદમ દ્રવ્ય મેળવવાના લોભથી એને નિધિવાદનો વ્યાધિ લાગ્યો હતો ને ધાતુવાદનો વાયુ વાયો હતો. પર્વતોમાંનાં અને જંગલોમાંનાં અનેક ખંડેરોના ચમત્કારોની વાતોમાં તે મ્હાયર હતો. ભૂત વળગેલાં માણસો ઉપર રાઈ નાંખતો નાંખતો તેમની લપડાકો ખાઈ ખાઈને એના કાન ચપટા થઈ ગયા હતા. એક જુનો તમ્બુરો આડો અવળો રાખી તેને બેસુર કરી વગાડતો હતો. આખો દિવસ માથું હલાવી હલાવીને તે મચ્છરના જેવો ગણગણાટ કરી મુકતો હતો. એણે અશ્વ-બ્રહ્મચર્ય લીધેલું હતું ને તેથી પ્રવાસ કરતાં કરતાં અંહી આવી એની આશપાશ વસતી વૃદ્ધ સંન્યાસિનીયોના ઉપર ને આવતી જતી શ્રદ્ધાળુ વિધવાઓ ઉપર વારંવાર સ્ત્રીવશીકરણનું ચૂર્ણ નાંખ્યાં કરતો હતો. એની પૂજાનો સામાન કોઈ જરીક આડો અવળો કરે તો ક્રોધ કરી દાંતીયાં કરતો હતો ને કોઈ વેળા તો પૂજવાની દેવીના પણ ચાળા પાડતો હતો. કોઈ વટેમાર્ગુઓ બેટલામાં ઉતારો રાખવાનું કરે તો તેમની સાથે લ્હડતો અને લ્હડતાં લ્હડતાં મારામારીમાં પડી જવાથી એનો વાંસો ભાગી ગયો હતો ને દાંત કોઈ પડ્યા હતા તો કોઈ હાલી ગયા હતા. બીજા કોઈ નવા આવેલા ધાર્મિકનો લોક આદર કરે તે જોઈ તેમના ઉપર દ્વેષ રાખતો હતો ને સંસ્કારરહિત હોવાથી ગમે તેમ વર્તતો હતો. એ લંગડો હોવાથી ધીમે ધીમે ચાલતો હતો ને બ્હેરો હોવાથી સંજ્ઞાથી–સાનથી–વાત કરતો હતો. શૂન્ય દેવાલયમાં સુવા જતો ત્યાં એને કૃષ્ણ સર્પ કરડ્યા હતા ને પુષ્પો તોડતાં ભ્રમરોએ દંશ દીધા હતા. હોળીમાં લોક એને ભાગી તુટી બાટમાં બેસાડી કોઈ વૃદ્ધ દાસી સાથે પરણાવતા હતા. ઘણાં ઘણાં મન્દિરમાં પ્રતિશયન કર્યા છતાં તે કંઈ ફલ પામ્યો ન હતો. અનેક બાધાઓ રાખેલી નિષ્ફળ ગયલી તે છતાં નવી નવી બાધાઓ રાખતો હતો. વિવિધ વ્યાધિઓ

થી, આધયેાથી, ને ઉપાધિયેાથી પીડાતી દુઃસ્થિતિને પણ તે પેાતાના કુટુમ્બની પેઠે પાળતેા હતેા. બહુ વ્યસનયુક્ત મૂર્ખતાએ જાણે અનેક પુત્ર-પુત્રીઓ પ્રસવી હેાય એમ દર્શાવતેા હતેા. અનેક દંડ વાગ્યાથી શરીરે ઢીમડાંને લીધે, ક્રોધને પણ ફળ આવ્યાં હેાય તેમ એ બતાવતેા હતેા. સર્વ અવયવ ઉપર દીવાથી દાઝ્યાનાં ચાંદાં પડેલાં તેથી પેાતાના ક્લેશને પણ તેટલાં મુખ આવ્યાં હેાય એમ જણાવતેા હતેા. વગર કારણે ઘુમેા પાડીને લેાકને બેાલાવવાથી તેમણે પગ ઝાલી ઝાલીને તેને સેંકડેા વાર ખેંચેલેા તેથી તેનેા પ્રવાહ પણ જાણે સપ્રવાહ હેાય એમ દેખાડતેા હતેા.” આ બ્રાહ્મણની આ સ્થિતિ જોઈ પેાપટ હસવા લાગ્યેા, કુમુદ દયાથી રેાવા લાગી અને સરસ્વતીચંદ્ર સૂક્ષ્મ વિચારમાં પડ્યેા ત્યાં એટલામાં તેા અશ્વત્થામાના મેળામાં સ્થાને સ્થાને ગાઢ અંધકાર વ્યાપી ગયેા અને તેની વચ્ચેાવચ્ચ અનેક હેાળીયેાના ભડકા જેવાં દૂહેરાં ઉભાં થયાં અને તેના ઉગ્ર પ્રકાશથી આગેા મેળેા નવા રંગેાથી ચળકવા લાગ્યેા. દૂહેરે દૂહેરે નવીન રાગ નીકળવા લાગ્યા ને આકાશના તારાઓ પણ સાથે ગાનમાં ભળવા લાગ્યા. તેની સાથે પિતામહપુરના રાક્ષસાેમાંથી અનેક પ્રકાશની નળીયેા ને છાયાઓ ચમકવા લાગી ને સહુની વચ્ચેાવચ્ચ વરસતા વાદળા ઉપર જેવા જ વાદળા પેઠે તરતેા તરતેા અશ્વત્થામા ઘડીમાં હૃદયવેધક ને ઘડીમાં શાંતિવર્ધક વાંસળી વગાડતેા ગાવા લાગ્યેા. આ જોતેા સાંભળતેા વિસ્મિત બની સરસ્વતીચંદ્ર બેાલ્યેા.

“ કુમુદ ! બ્રાહ્મણ કવિએ જે વર્ણનબીજ ચૌદસેા વર્ષ ઉપર લગેાલું તે આજના આ વૃદ્ધ પુરુષમાં વિકાસ પામ્યું છે ! ચિરંજીવી અશ્વત્થામાનું જ આ પણ એક સ્વરૂપ ! જે વિષ્ણુએ એને ચિરંજીવી કર્યેા તેની કૃતિની એ આમ અનુકૃતિ કરે છે. આર્ય સંસારનું પાલણ પેાષણ આ ઘેલેા માણસ આ વેશથી કરે છે. તું જોને કે આ વસ્તીથી તરવરતા મેળામાંનાં કેટલાં મનુષ્ય આને પૂજે છે, એનેા ચેપ લેઈને જાય છે, અને એ ચેપને આપણા લેાકના સંસારમાં પ્રસારે છે? આપણા આખા દેશે, ભૂત ભવિષ્ય અને વર્ત્તમાન કાળની આપણી સર્વ પ્રજાએ, એવાં તે શાં પાપ કર્યાં હશે કે જેથી આવા દુષ્ટ રેાગીએ વિષમય કરેલા આ પ્રબળ અનિવાર્ય વાતાવરણમાં આપણા આટલા કરેાડેા આર્યોને જન્મી વસવું પડતું હશે ? આને તે શા મેળે ચિરાયુષ્ય મળ્યું હશે ? એને આયુષ્ય આપી સર્વ લેાકના આયુષ્યમાં કયારે થી વિષપ્રવાહ રેડ્યેા હશે ? મને કંઈ સમજાતું પડતી નથી. અથવા આ સુંદર દૂહેરાં, આ તેજસ્વી છાયાઓ,

ને આ ઉંદુ ગાન–એ સર્વ તો મનને ભ્રાંત કરી નાંખે છે ! એ નથી સમજતો ઘેલો ને નથી સમજતો ડાહ્યો !"

"એ તો તમારા બ્રાહ્મણ ! સહ્યરાજના પ્રિય બ્રાહ્મણ !" પોપટ બોલી ઉઠ્યો. દુઃખી સ્ત્રીપુરુષે તેને ઉત્તર આપ્યો નહી. જોતા જોતામાં એ મેળા ઉપર વાદળા પેઠે એક પલંગ તરવા લાગ્યો—તેમાં પાંચાલીની ક્ષીણ શીર્ણ મૂર્તિ મૂર્છાવશ થતી સુતી હતી ને તેનાં બે નેત્રમાંથી કાન ઉપર થઈને આંસુની ધારા ટપકતી હતી. પલંગની બે પાસે થઈને નીચે વૃષ્ટિ પેઠે આ આંસુ ટપકતાં હતાં અને પેલા મેળાનાં માણસ એ આંસુની ધારાઓના ખારા પાણીને સત્ય–મેઘરાજનું શુદ્ધ જળ જાણીને જ આનંદથી પીતાં હતાં. આ પાંચાલીના શરીરને પગના નખથી તે છાતી સુધી વસ્ત્રોથી ઢાંકતો અને સુરક્ષિત કરતો એક મહાન્ વાનર પલંગની એક પાસે બેઠો હતો, ને એના મુખ ઉપર પંખો નાંખતો હતો. પણ એની છાતી બધી ઉઘાડી હતી અને આ વાનર એક પાંસના સ્તનને ધાવતો હતો, ને બીજી પાસ પેલો વૃદ્ધ બ્રાહ્મણ નીચેથી આવી બેઠો ને એ પાસના સ્તનને અતિ બળથી ધાવવા લાગ્યો. એના શિર આગળ ઉશીકે ક્ષમા અને ધીરતાની મૂર્ત્તિ કુન્તી બેઠી હતી. આ અતિશ્વેત કેશ વાળી અતિવૃદ્ધ ડોશી આ દુઃખથી વિકલ થઈ માત્ર દુઃખી વધૂનાં કમળપત્ર જેવાં મીંચાયલાં નયનો ભણી ઘણા યુગથી જોઈ રહી હતી અને એ મીંચાયલાં નયનોમાંથી ગરતાં આંસુ લોહી લોહીને એના વૃદ્ધ કરચલીયોવાળા હાથ, ઘણો કાળ પાણીમાં રાખ્યાથી થાય તેમ, ધોળા ને પોચા પડી ગયા હતા ને એની વૃદ્ધ છાતીનો પાલવ એ આંસુ સુકવતાં સુકવતાં ભીનો થઈ કોહી ગયો હતો. ઘડીમાં એ પેલા કપિનું માથું જરીક આઘું ખસેડી ધાવણથી વછોડતી હતી ને તેના સામું કંઈક ઠપકા ભરી આંખે જોઈ રહેતી હતી તો ઘડીકમાં પેલા વૃદ્ધ બ્રાહ્મણનું માથું આઘું ખસેડવાનો મિથ્યા પ્રયત્ન કરતી હતી. કુંતીનો આશ્વાસક હાથ વધૂના શરીર ઉપર ફરતો ત્યાં સુધી પાંચાલી આંખો મીંચી સ્વસ્થ પડી રહેતી હતી, અને એ હાથ કંઈ કારણથી દૂર થાય ત્યાં તેને પાછો ખેંચી રાખતી હતી ને કંઈક ધીમું ધીમું ઝીણું ઝીણું ન સંભળાય એવું બોલતી બોલતી ઓહ ફફડાવતી હતી.

કુમુદથી જોઈ રહેવાયું નહી અને તે સરસ્વતીચન્દ્રનાથી આગળ આવી પાંચાલીના પગ આગળ બેસી વાનરને પગે લાગી હાથ જોડી દીન વચન કહેવા લાગી.

"કપિરાજ ! પાંચાલીમાતાની શરીરસંપત્તિ આ બેવડા ધાવણ આગળ નહી ટકે ! આ દુષ્ટનું નિવારણ તો અશક્ય છે પણ આપ તો માતાના ભક્ત છો."

કપિ— સુન્દર બાળકી ! હું અર્જુનના ધ્વજનો હનુમાન્ છું તે આટલું નહાનું રૂપ ધરી માતાજીની પાસે થોડોક કાળ થયાં આમ બેસું છું. જ્યાં સુધી કુરુક્ષેત્ર આ અશ્વત્થામાની માયાથી અને વરુનાં ટોળાંથી ભરાયલું હતું ત્યાં સુધી હું માત્ર સાગરના તીર ઉપર ફરતો હતો. એ વરુનાં ટોળાંએ માતાનું સર્વસ્વ લુટી લીધું છે ને જે પરમાત્માએ કૌરવોની સભામાં માતાનાં પટકુળ પુર્યાં તે જ પરમાત્માએ માતાનું શરીર અનેક ચિન્તાઓથી ને સાધનથી આમ આવું રક્ષિત રાખ્યું છે અને જેણે જેણે માતાનો પરાભવ કરેલો છે તે સર્વેને અનેક સાધનથી ધ્વસ્ત કર્યા છે. એ સર્વનો ધ્વંસ કરવાને માટે હાલ મને આજ્ઞા થઈ છે ને અમ વાનર-લોકને જેટલી કળાઓ આવડે છે તે કળાઓથી માતાનાં સુખનું પોષણ કરીયે છીયે. પણ આ ફળમૂળ વગરના સ્થાનમાં આટલા ધાવણવિના અન્ય રીતે અમારી પ્રાણયાત્રા થાય એમ નથી ને અમારી પ્રાણયાત્રા થાય નહી તો માતાનું સંરક્ષણ આ લોકમાં અન્ય કોઈ કરનાર નથી માટે જ અમે આટલો સ્વીકાર કરીયે છીયે.

કુમુદ—પણ કાંઈ મર્યાદા રાખો તો ઠીક.

હનુમાન—મર્યાદા તો અમે રાખીયે છીયે. પણ ભીમસેન જેવા વાયુ-પુત્ર વૃકોદર છે તેમ હું પણ વાયુપુત્ર છું ને મ્હારું હૃદય અર્જુનની પ્રિય-પત્નીનું ભક્ત છે;પણ મ્હારો જઠરાગ્નિ મ્હારા ઉદરને વૃકોદર[1] કરી મુકે છે.

સર૦—ચિરંજીવ ! તમારા દેશના અનેક કપિલોક પણ આ રીતે જ સત્યપાન કરે છે ને આ દેશનાં બાળક ભુખે મરે છે.

હનુ૦—તે સત્ય છે. પણ જેમ જેમ પાંડવોનો સંચાર આ દેશમાં થશે તેમ તેમ ગમે તો અમારો વાલીપક્ષ સુગ્રીવને માન્ય કરશે, ગમે તો આ દુષ્ટ આ સ્થાનથી દૂર થશે ને અમારે ને બાઈના આ દેશને માટે માનું ધાવણ બસ થશે, અને ગમે તો સ્વામી-સંયોગથી માનાં આરોગ્ય અને શરીરસંપત્તિ એમને સર્વનાં અક્ષયપાત્ર જેવાં કરી મુકશે.

પોપટ—પણ આ બ્રાહ્મણનું શું કરશો? તમારી બ્રાહ્મણબુદ્ધિના અર્જુને એને જીવતો મુક્યો !

---

૧. વરુ જેવા પેટવાળો, ઘણું ખાવા જોઈએ તે.

" હું કાંઈ બ્રાહ્મણ નથી. હું તો કપિ જેવો ગમે તો એક વર્ણનો નથી ને ગમે તો ચારે વર્ણનો છું ને તેના ઉપરાંત મ્લેચ્છ વર્ણનો પણ છું. કુરુક્ષેત્રમાં મ્હેં કેટલા કેટલા અવતાર લીધા છે તે શું તમે લોક જાણતાં નથી? ', અશ્વત્થામા ગર્જી ઉઠ્યો ને ધાવવાનું છોડી, પોતાનું રાક્ષસી સ્વરૂપ લેઈ, પલંગથી આઘો ભમવા લાગ્યો.

તેની પાછળ હનૂમાને પણ નીચે પ્રૌઢ સ્વરૂપ ધરી ફેરા ફરવા માંડ્યા ને મુખે ગાવા માંડ્યું.

" કોણ એ સભાના કામિની દત્ત-ફળીયેલ રામા ?[1]

" કુન્તીમાતા ! આટલી ક્ષમા ને ધીરતા રાખી તો થોડી વધારે રાખો. " જુવો ! જુવો ! પાંચે ભાઈઓની છાયાઓ દેખાય છે ને ક્ષિતિજમાં રામમૂર્ત્તિ પણ પાંચાલીમાતાના ભાગ્યને તેનું સૌભાગ્યફળ આપવા હેરા-ફેરા કરે છે ! એમનાં પટકુળનો પૂરનાર અર્જુનનો સારથિ જ્યાં સુધી આપણી સર્વની ચિન્તા કરે છે ત્યાં સુધી શોક નિષ્કારણ છે. "

પાંચાલીનો સ્વર આવવા લાગ્યો:

" હરિ ! હરિ ! ત્યજીને ગયા તમે;
" હૃદયની વ્યથા શી પછી શમે ?
" હરિ ! હરિ[2] સમાં સર્વ બાળ એ
" રજનિમાં હણ્યાં બ્રહ્મરાક્ષસે[3] !"

કુન્તીનો સ્વર સંભળાયો :

" દુખ ન આમ તું ધાર, દીકરી !
" હરિ તને ત્યજીને ગયા નથી.
" હરિસમાં હણી બાળને, કદી
" સુખ થકી સુતો વિપ્ર આ નથી. "

પાંચાલી-" પ્રિયતમા તું છે એવું કંઈ કહી
" હિમગિરિશિરે મુજને મુકી !
" મુકી ગયા પતિ પાંચ એકલી

---

૧. નરસિંહ મ્હેતાની લખેલો આ કડી છે. અર્થ—શેલડીના છોલ ઉતારતાં કૃષ્ણને છરી વાગી ને લોહી નીકળ્યું તે વેળા પાંચાલીએ પોતાનું ખેરેલું વસ્ત્ર ફાડી તેના કડકાથી એ લોહી અટકાવ્યું ને તેના બદલામાં શ્રીકૃષ્ણે કૌરવસભામાં અણીની વેળાએ ચીર ઉપર ચીર પુર્યા, આમ જેની દત્ત વસ્તુને ફળ આવ્યાં હોય તે " દત્તફળીયેલ" કામિની પાંચાલી જેવી કોણ છે ? ૨. હરિ એટલે સિંહ જેવા. ૩. અશ્વત્થામા તે બ્રહ્મરાક્ષસ.

"શણ સભા, ગયા યુગ કંઈ વહી !"

કુન્તી— "મુજ તને, મુજ સર્વ ભાઈને,
"શરીરી સંચર્યો ધર્મ જે હુંચે;
"કુરુતણે કુળે ધર્મ જે ત્યજે,
"છવી છવી ઘણું તે અહી ઝુરે !"

પાંચાલી—"સ્મરણમાં નથી આવતો મને
"કદીય તેમનો કંઈ અધર્મ જે !
"કૂર સભા વીશે તેજ સંયમે
"સુરસમા જ જે શું અધર્મી તે ?[1]"

કુન્તી—"દીકરી, ડાહી તું; ધર્મની ગતિ
"ભુલી ગઈ કંઈ હશે તું રતિ;
"કંઈ ભુલ્યા હશે બન્ધુ ચાર જે;
"ટચલી આંગળી ખોઈ ધર્મથી.

પા.—"નથી ખમાતું આ સ્તન્ય-પાન જે,
"વળગી પાસ બે દુષ્ટ આ કરે;
"સુત જ હોત જે પાંચ જીવતા,
"ધરત મુજ શું આ સમે દયા."

કુન્તી—"દીકરી, ડાહી તું ! ધર્મની ગતિ,
"પુછી શ્રીકૃષ્ણને જાણી લે બધી.
"હરિ વસ્યો ગુહાકેશને હ્રદે,
"નથી જ દુષ્ટ એ, ધર્મ જોઈ લે !'

પા.—"સુજ સુતો હણ્યા શત્રુ બ્રાહ્મણે,
"વળગી પાન એ સ્તન્યનું કરે !

---

૧. દુર્યોધનની ક્રૂરસભામાં પાંચાલીનાં વસ્ત્રહરણને કાળે ધર્મરાજની આંખ ઉપરથી તેમની આજ્ઞા સમજી જઈ, બાકીના ચાર ભાઈઓએ ક્રોધ વશે રાખ્યો અને પોતાની પરાક્રમશક્તિરૂપ તેજનો સંયમ કર્યો—પોતાનું સર્વ બળ, યુદ્ધનાં સાધન, અને રાજ્યસંપત્તિ પોતાના હાથમાં છતાં માત્ર ધર્મરાજની ઇચ્છાને વશ રહી, પોતાનું પરાક્રમ બતાવતાં અટક્યા—એવા ધર્માત્માઓને અધર્મી કેમ કહેવા ? ૨. કપિ, વાનર. ૩. અર્જુન.

" નથી હું પૂતના, ના જ કૃષ્ણ એ,
" શ્યામ જ દુષ્ટ એ જીવને હરે?"

કુ૦— " દીકરી, ડાહી તું; ધારની ક્ષમા;
" કંઈક કર્મના યોગ એ થયા.
" ગતિ પ્રભુ તણી કંઈ કળાય ના;
" દ્વિજ જીવે પીતો સ્તન્ય તુજ આ!
" ગતિ જ સૂક્ષ્મ એ અંતરાત્મની,
" પ્રકટ થાતી જ્યાં પાકતી ઘડી;
" સમય પાકતો, ધર્મ પાકતો,
" નરહરિ[1] થતો પાકીં ને છતો!
" દીકરી, ડાહી તું, ધૈર્ય ધાર ની!
" પ્રભુ સમીપ તે, દૃષ્ટિ નાંખની!
" યુગ ગયા, ગયા કલ્પ કોટિ કંઈ,
" પ્રભુની દૃષ્ટિ તો છે જ જે હતી!"

અશ્વત્થામા ઉત્તરાનો વેશ લેઈ આમના ખાટલા ઉપર બેહો ને કપિની નિન્દા ગાવા લાગ્યો.

" કહું છું રોઈને આ પિતામહી!
" સ્વજન આ કપિને ગણો નહી.
" કપિ અને હરિ મુજ કાંતને
" મુકી રણે ગયા, લેઈ પાર્થને;
" હૃદયના ઋજુ[2] પાર્થનો લઈ
" રથ, ગયા કંઈ માયી[3] એ હરિ!
" કપટજાળ તો કૌરવે રચ્યું!
" હતું અજાણ્યું શું વિશ્વનાથનું?
" કયમ જ નાથને એકલા મુકી,
" સમય સાધીને, એ ગયા સુધી[4]?

---

૧. નરસિંહ, નૃસિંહ, વિષ્ણુ. ૨. ભોળા. ૩. માયી એટલે માયાવી, કપટી હરિ શબ્દના બે અર્થ થાય છે, વાનર અને કૃષ્ણ. અભિમન્યુને યુદ્ધ કરવું પડ્યું તે પહેલાં હરિ એટલે કૃષ્ણ સારથિ અને હરિ એટલે ધ્વજ ઉપરનો કપિ, એમ બે હરિ અર્જુનના રથને કુરુક્ષેત્રમાંથી અન્ય કાર્યને માટે લેઈ ગયા. ૪. સુધી એટલે સુબુદ્ધિવાળા.

" જરૂર જાણુજો, ઓ પિતામહી !
" જરૂર જાણુજો, મ્હારીૅ માવડી !
" કપટમાં રમે કૃષ્ણ ને કપિ,
" સ્તનથીૅ લે કપિ પ્રાણુને ચુશી ! "

પાંચ્યાલીએ આંખ ઉઘાડી, પણ માંહીનાં આંસુને લીધે જોઈ શકી નહી, ને આંખ પાછી મીંચી. કુન્તી તે જોઈ રહી પાંચ્યાલીને માથે હાથ ફેરવતી બોલવા લાગી.

" દીકરીૅ ડાહીૅ તું ! દુઃખમાં હુલી;
" કપટ–ઉત્તરા આ ! ન જા ભુલી;
" ભગિનીની કુખે દૈત્ય જન્મીયેા ;
" હરિ જ જગતા ! ફેંકીૅ એ દીધેા !
" કુરુકુળે ઉગ્યેા શત્રુ ધર્મનેા,[૨]
" ભરીૅ જ લેાહીૅથી પૃથ્વીને શમ્યેા !
" હત જણી હણ્યેા જન્મતાં જ ને,
" જીવત પૃથ્વીૅ ને યુગ સત્યનેા.[૩]
" કુરુકુળે ઉગ્યેા વૃક્ષ ધર્મનેા,[૪]
" જગતીૅ જીવતી સેાંપીને ગયેા.
" ભગિનીૅ–પુત્રને જે હરિ હણે,
" હત સુગર્ભને તે જ પ્રાણુ દે[૫] !
" કુરુસ્થળે ઉગ્યેા ક્રૌંચનેા જથેા[૬] !
" જીવીૅ જીવી રચે ધ્વંસ વિશ્વનેા !

---

૧. અભિમન્યુ પૂર્વ જન્મે અસુર હતેા તે પાંડવકુળમાં જીવવેા યેાગ્ય નહીં એમ ગણી એના મૃત્યુનેા પ્રસંગ હરિયે આણ્યેા ને તદનુસાર મામાએ ભાણેજ મરાવ્યેા—સગપણ કરતાં ધર્મ વધારે ગણ્યેા. ૨. દુર્યેાધન ૩. દુર્યેાધનને જન્મકાળે વ્યાસ મુનિયે ધૃતરાષ્ટ્રને અને ગાન્ધારીને સૂચવ્યું હતું કે આ પુત્ર અધર્મ વર્ત્તાવશે અને તમારા સર્વ પુત્રના અને લેાકના સંહારનું મૂળ થશે માટે એનેા અત્યારથી જ ઘાત કરેા. પુત્ર—વાસનાવાળાં માતાપિતાથી આ રાજધર્મ ન પળાયેા અને વ્યાસની વાણી ફળી. ૪. ધર્મરાજા યુધિષ્ઠિર. ૫. જે કૃષ્ણે પાંડવેાના મંદિરમાંથી અધર્મરૂપ અભિમન્યુને મરાવ્યેા તે જ કૃષ્ણે એની સ્ત્રીના પરીક્ષિતરૂપ ગર્ભને અશ્વત્થામાએ મારેલેા સજીવ કર્યેા. એ બે કાર્ય ધર્મને માટે કરનાર શ્રીકૃષ્ણ એકજ હતા. ૬. અશ્વત્થામારૂપ ક્રૌંચ—કવચ.

" કુરુસ્થળે ઉગ્યા વૃક્ષ ધર્મનો,[૧]
" નમીં નમી બધા વિશ્વમાં ખીલ્યા !
" કુરુકુળે મુવો શત્રુ ધર્મનો,[૨]
" જીવી જીવી ધરે ધર્મ પ્રેતનો !
" પવનરૂપ એ સંચરે બધે !
" ડર ન, દીકરી ! ધ્વસ્ત એ થશે !
" કુરુકુળે ઉગ્યા દેવવૃક્ષ[૩] જે,
" નમીં નમી બધા યુગમાં ખીલે !
" બળથીં ઝાપટે વાયુ તેમને !
" અમર વૃક્ષ એ ઝાપટ્યા વધે !
" ભરતવર્ષની માત ! ધર્મની
" દિવિજ દેવી[૪] તું ! પૂજ્ય[૫] દીકરી !
" નયનપદ્મને કંઈ ઉઘાડને !
" પવન વાય આ સ્પર્શી પાર્થને !
" ઉઠ તું, દીકરી ! જો, કિરીટીનો[૬]
" રથ ક્ષિતિજમાં દૂર એ ઉભો !
" ફરફરે ઋષિ-હસ્તમાં ધ્વજ !
" સુભટ સારથિ એ ઉભા અજ[૭]!"

આ સ્વર બંધ પડ્યા ત્યાં નીચેથી હનુમાનનો સ્વર સંભળાયો.

" મ્હારે એક શ્રદ્ધા છે રામની સાચી !
" જેણે પાળ જગમાં છે ધર્મની બાંધી.
" પ્રભુ એક; જુદાં ધરે બહુ નામ,
" મ્હારે સર્વનામમાં એક જ કામ.
" વહ્યો હું સ્કન્ધે લઈ રામસીતા;
" વહી સ્કન્ધે પાળના શૈલની શિલા.
" વહી સ્કન્ધે કિરીટીની મ્હેં પતાકા;
" ચીસો પાડી સુભટ કુરુના ઢાળ્યા.
" હૃષીકેશ રણમાં વહે રથ જ્યારે ,

---

૧. પાંડવરૂપ. ૨. દુર્યોધન. ૩. પાંડવો. ૪. સ્વર્ગમાં ઉત્પન્ન થયલી તે દિવિજ; ધર્મરાજાની દેવી—તે પટરાણી. ૫. કિરીટી=અર્જુન. ૬. ન જન્મેલા; કૃષ્ણ: ૭ શ્રી કૃષ્ણ.

" હનૂમાન હરિકેતન[1] ધ્વજ ધારે!
" ફરે ચક્ર કાળનાં ગોળ ગતિમાં,
" આવ્યો કાળ એ નો એ આ ધરતીમાં.
" આવ્યા રામ દ્વિજ અદૃશ્ય- શરીરી,
" પ્રદક્ષિણ કરતા રથ લઈ કિરીટી[2]!
" આપે મને સારથિપણું પ્રભુ એનું;
" રણક્ષેત્ર ચોમગ દીસતું ભયેલું !
" કુરુક્ષેત્ર એ રણમધ્ય રહેછે,
" ચારે પાસ અર્જુનનો રથ વ્હે છે.
" મહારથિ બહુ બહુ, યુદ્ધે, ધસેછે,
" કુરુક્ષેત્ર ચક્રનો અક્ષ[3] બનેછે.
" કપિ, રીંછ, ને અન્ય કંઈ કંઈ પ્રાણી.
" કુદે કપિકેતનનો રથ તાણી.
" સોંપી મને તેવે સમે પટરાણી,
" કુરુવીર ખેડે સમુદ્રનું પાણી.
" રોતાં જોયાં સીતા અશોકની નીચે,
" પાંચાલીનો રાખું પલંગ હું ઉંચે.
" ધરતી પર યુદ્ધો મચે આજ જ્યારે,
" દ્રૌપદીને સ્પર્શે નહી બાણ ત્યારે.
" એને ઉરે દુઃખ પુરાણ જ દીસે,
" ખેંચું વાયુરથની લગામો હું રીસે.
" ખેંચી પાંચે બન્ધુઓને હવે આણું,
" ભાખ્યું મ્હેં કો કાર્ય મુકુંનું નથી જાણ્યું ! "

આ ભક્ત ચિરંજીવનો સ્વર સાંભળી પાંચાલીના પલંગ આગળથી સર્વ નીચે ઉતર્યા તો પાંચાલીના પલંગથી છેક પૃથ્વી સુધી લાંબા લાંબા તારની જાળી ગુંથવામાં રોકાયલી હનૂમાનની મ્હોટી જીવતી મૂર્ત્તિ દેખાઈ. એ જાળીના કેટલાક તાર ઠેઠ સમુદ્રની પેલી પાર સુધી આ પલંગને સાંધી દેતા હતા અને તેના ઉપર મ્હોટાં મ્હોટાં વહાણો, આગબોટો અને વીજળીના ચમકારા ચાલતા હતા અને આવજા કરતા હતા. કેટલાક તાર ઉપર સોના, રુપા, અને મણિમુક્તાના મૂલ્યવાન્ ભંડાર સરતા હતા તો કેટલાક

---

૧. સિંહની નીશાનીવાળો ધ્વજ. ૨ અર્જુન. ૩. ચક્રની વચલો ભાગ.

ઉપર રુ, કાપડ, સુતર, અને વીલાયતી દેશી માલની અનેક ગતો બે પાસ બેંચાતી હતી. કેટલીક વાર તો ચારે પાસ સમુદ્રના તીર ઉપર ને બંદર પર અનેક રચનાઓથી આ તાર ઝુલતા હતા ને અગ્નિયંત્રના ચમત્કારોથી દીવાળીની ફુલઝણીઓ પેઠે અથવા અગ્નિબેલ—આતસબાજી—નાં ઝાડો પેઠે દૃષ્ટિમર્યાદામાં પ્રકાશ પણ રૂપ, રંગ ને આકાર પામતો હતો અને અનેક શક્તિયો, વૈભવ, અને ચિત્ર ભરતો હતો. આ સાગરતીરની વચ્ચેના પ્રદેશમાં ઘણે ઘણે મ્હોટી મ્હોટી અગ્નિરથ–આગગાડી–ની હારકટારો, કીડીયોની હારો પેઠે, ઉભરાતી હતી, દેશ અને કાળનાં અંતર દૂર કરતી હતી અને મનુષ્યોને, માલને, અને બુદ્ધિઓને પણ પ્રવાસ કરાવતી હતી, ફેંકી દેતી હતી, ફેરવતી હતી, તીવ્ર કરતી હતી ને તેમનાં મૂલ્ય વધારતી હતી. ચારે પાસ પર્વતો ઉપર ને સમુદ્રોમાંના દ્વીપો ઉપર, મેદાનમાં ને ખીણોમાં, અરણ્યોમાં ને નગરોમાં, નગરોમાં ને ગામડાંઓમાં, આંગળે વ્હેડે ગણાય એટલા દેખાતા પણ સંખ્યાગર્ભ વાનર માળીયો અનેક-જાતની મ્હોટી વાડીયો રચતા હતા અને તેમાં અનેક પુષ્પો, ફળો, અને વૃક્ષો ગોઠવતા હતા તેનું ચિત્ર પાંચાલીના પલંગની અને ભૂમિના મધ્યભાગે, કાચ જેવા થયલા વાતાવરણમાં, પ્રતિબિમ્બિત થતું હતું. સંસ્કૃત અને ગ્રેજી વિદ્યાઓના સુવાસ ચારે પાસથી પવન બેંચી આણતો અને છેક પાંચાલીના પલંગ સુધી લેઈ જતો હતો. વેદના અર્થ અને ઐતિહાસિક તારતમ્યનો ઉદ્ધાર કપિલોકને હાથે થઈ પશ્ચિમ પવનની લહરીઓમાં તરતો તરતો પવિત્ર વારાણસીના વિદ્વાનોના કાનમાં આવવા લાગ્યો હતો. શાસ્ત્રોના બોધ વારાણસીઆદિ સ્થાનોમાંથી કપિલોકના દેશ ભણી એ જ પવન લેઈ જતો હતો. ઠેકાણે ઠેકાણે રાજકીય વિષયોમાં કસરત કરવાનાં તાલમબ્બાનાંના તંબુઓ અને અખાડા ઉઘાડી હવામાં જમાવવામાં આવ્યા હતા. કેટલેક સ્થાને વસુન્ધરા પૃથ્વીના અંતર્ભાગ ઉઘાડી તેમાંની મૂલ્યવતી ધાતુઓનાં પ્રદર્શન સર્વને દૃષ્ટિગોચર કરવાનાં સ્થાનક રાખવામાં આવતાં હતાં. આ તારોમાં, વાડીઓમાં, સુગન્ધી પવનના પ્રવાહોમાં, સમુદ્રોમાં, તંબુઓમાં, અખાડાઓમાં, અને પૃથ્વીના અંતર્ભાગમાં, આ વિસ્તીર્ણ દેશની અનેક રંગી ઘાડી મ્હોટી વસ્તી કપિલોકના આકર્ષણથી બેંચાતી હતી, પોષણ પામતી હતી, કળાઓ શીખતી હતી, દ્રવ્ય ઉત્પન્ન કરવાના માર્ગ જાણી લેતી હતી, રાજ્યવ્યવસ્થાને પામતી હતી, એકાકાર સર્વ સામાન્ય જનસમુદાય રૂપ મહાસાગરનું રૂપ પામતી હતી, અને પવન અને ગુરુત્વાકર્ષણને બળે સમુદ્રના તરંગો જેવા પછાડા મારતી હતી. અશ્વ-

ત્યામાના મેળાને સ્થાને આ ભવ્ય ચિત્ર કુરુક્ષેત્રના છેડાથી છેડાસુધી બહુ થયું, અને પાંચાલી ચતી સુતી હતી તેના ઉપલા ભાગના આકાશમાં આ ચિત્રનું પ્રતિબિમ્બ વાદળા પેઠે તરવા લાગ્યું અને ચતી સુતેલીની આંખોમાં પેંસવા લાગ્યું. એ વાદળું બ્હોટું થવા લાગ્યું ને છેક હિમાલયના શિખર ઉપર સુન્દર આરસા જેવા બરફના બડકોમાં ને થાંભલાઓમાં, કોઈ રમણીય ભવ્ય ચિત્રના પ્રતિબિમ્બ પેઠે, વ્યાપવા લાગ્યું.

આ સર્વ ચિત્રની વચ્ચોવચ્ય ને છેડાઓ ઉપર અનેક ચતુર કપિલોક દોડતા દેખાતા હતા. માત્ર એકલો હનૂમાન એ સર્વના મધ્યબિંદુમાં પાંચાલીના પલંગ નીચે, ઘડીમાં આ સર્વ નાટકના સૂત્રધાર પેઠે-કવિ પેઠે, ઘડીમાં યોગસ્થ યોગી પેઠે, ઘડીક સામાન્ય શ્રમજીવી-મજુર-પેઠે, ઘડીમાં કોઈ સેનાના સેનાપતિ પેઠે, આ સર્વ ચમત્કારોથી ભરેલા વાતાવરણને વીજળીથી ભરતો હતો, અને એ વાતાવરણમાંના મેઘને ઘસડતો ગર્જવતો વર્ષાવતો હતો.

સરસ્વતીચંદ્ર અને કુમુદ આ સુન્દર ચિત્ર જોઈ આશ્ચર્યથી સ્તબ્ધ થયાં, આનંદમાં લીન થયાં, અને અશ્વત્થામાનું દુઃખ ભુલી ગયાં. હનૂમાને ઉત્સાહમાં આવી કહ્યું.

"માનવીઓ ! હું શ્રીરામની આજ્ઞાથી આ સર્વ સૃષ્ટિને રચું છું. રામાવતારમાં અમારા લોકે સમુદ્ર ઉપર પાળ બાંધી હતી. આ યુગમાં આખી પૃથ્વી ઉપર અર્જુનના રથને ફરવાને આ તાર ને સડકો અમે બાંધીએ છીયે ને સર્વ સૃષ્ટિને સાંધી લેઈએ છીયે. આ દેશની પાંચાલીની પ્રસન્નતાને માટે અને એની પ્રાચીન સંસ્કારિણી મહાપ્રજ્ઞના કલ્યાણને માટે આ મહાયજ્ઞ કપિલોક સાધે છે તેનો હું હોતા છું !"

આ વચન સાંભળી પોપટ બોલી ઉઠ્યો :

"કપિરાજ ! તમે આ સુન્દર ચિત્ર બતાવ્યું પણ તે કેવી ભિત્તિ ઉપર કોતરેલું છે તે દર્શાવ્યું નથી. અહો ચિરંજીવ ! સૈવેયં તવ ચિત્રકર્મરચના ભિત્તિ વિના વર્તતે.[1] તમારા કપિલોક આ દેશનું શું કલ્યાણ કરે છે જે ? તમે ચિરંજીવ છો પણ નિત્ય નથી; ઉદય-અસ્તના કાળચક્રના ચીલા બ્હાર નથી. એવો કાળ આવશે કે પેલા બ્હાડ પાછળના રીંછલોક સાથે તમે લડી મરશો ને તેને પ્હોચી નહી વળો તો અમારું પોતાનું રક્ષણ કરવાની અને તમને સહાય થવાની અમારી શક્તિ તમે જાતે નષ્ટ

---

1 મુદ્રારાક્ષસ-"આ તહારી ચિત્રકર્મરચના ભીંત વગરની-ભાંય વગરની-છે:" ચિત્ર છે પણ માત્ર પવનમાં કોતરેલું છે.

કરી છે. તમારી શક્તિની મર્યાદા આવશે ત્યારે અમારી પાસે તમને અખુટ સહાયતા આપવાની શક્તિ તમે નષ્ટ કરી છે એટલે તમે સહાય વિના કેટલા શત્રુને પ્હોચી વળશો ? તમારા ચિત્રને ભિત્તિ નથી ને તમારા પુરેલા રંગ પાણીમાં ને પવનમાં ઢોળાય છે !"

હનૂમાને ઉત્તર ન દીધો પણ પશ્ચિમમાંના આઘેના અંધકારમાંથી કઠોર તીવ્ર સ્વર સંભળાયો.

"અમે અમર છીયે. અમે અમારું રક્ષણ કરવા ને તમને વશ રાખવા સમર્થ છીયે ! સર્વ મહાસાગરોમાં તરંગે તરંગે ને ખડકે ખડકે કપિલોક ગર્જે છે ને અર્જુનનો રથ તાણે છે—એ અર્જુન કપિલોકથી છે, કપિલોક અર્જુનથી નથી. તમારા જેવાં તો ઘણાંક પક્ષિનાં ટોળાં અમે ચગદી નાંખ્યાં છે !"

પેા૫૮—હનૂમાનજી, સાંભળો.

હનૂ૦—જે અશ્વત્થામા તમારે ત્યાં છે તેના જેવો કપિ દુર્યોધનં અમારે ત્યાં છે તેની આ મિથ્યા ગર્જના છે.

પેા૫૮૦—મિથ્યા છે, પણ અમારા કાનમાં વાગે છે, અમારાં કાળજાં ને કુદાવે છે, ને અમારાં લોહીને ઉકાળે છે. એના વેગથી—જુવો આ મ્હારાં પીછાં ખરી પડે છે !

હનૂ૦—વિષનું ઔષધ વિષ. તમને આનો ઉત્તર દેવા સ્વતંત્રતા છે !

પેા૫૮૦—સાંભળ રે દુર્યોધન ! શાને માટે અહંકાર કરે છે ? જે અર્જુન તહારા દેશને અમારે માથે ચ્હડાવે છે તે અમારા દેશમાં આવશે.

અદૃષ્ટ દુર્યોધન—અમારા બાહુબળમાં અમારો યોગ્ય અહંકાર છે. પાંડવો જગતનું કલ્યાણ કરશે પણ રાજ્ય તો દુર્યોધન જ કરશે—ને—અર્જુનના બળથી આશા ધરનાર માનવીઓ ! તમારાં શરીરમાં સત્ત્વ નથી, તમારા હાથમાં અસ્ત્ર કે શસ્ત્ર કાંઈ નથી, તમારા ઘરમાં દ્રવ્ય નથી, સંસારનું ઋત[1] એવું છે કે વનસ્પતિ પ્રાણીના પેટમાં જાય, ક્ષુદ્ર પ્રાણીયો વીર્યવાળાં સત્ત્વોના જહરાગ્નિમાં જાય, અને વીર્યહીન પ્રજાઓ વીર્યવતી પ્રજાઓનું દાસત્વ કરી ધીમે ધીમે કાળને વશ થાય.

પેા૫૮૦—તેનો ન્યાય કરનાર તમને થોડી પળમાં દૃષ્ટ થશે. પણ તમે કંઈ ન્યાયને માનો છો કે નહી ?

અ૦ દુ૦—ન્યાય એ પાંડવવાદીનો દમ્ભ છે ! તમારું સર્વસ્વ અમે નહી લીધું હોય તો લઈશું ને અમે નહી લઈએ તો બીજું કોઈ લેશે.

---

૧. પૃષ્ઠ ૪૫૬ વગેરે.

પોપટ૦—લાવતો, દુર્યોધન! સરત રાખજે કે તું કુરુક્ષેત્રમાં ઉભો કિલો કુચ્ચાર કરે છે—ને પાંચાલીનો બીજી વાર પરાભવ થાય છે.

અ૦દુ૦—એ તો કેટલી વાર થયો ને થશે! તું જોતો નથી કે અમારાગાંનો અશ્વત્થામા હજી તમારે ત્યાં જ ચિરંજીવ છે? તમારા તો નથી પાંડવ ને નથી કૌરવ! એ તો અમારો શેતાન ને ઝરથોસ્તનો આંગ્રમન્યુ! એનાથી અમે જીત્યા ને જીતીશું! તમે તો કુરુક્ષેત્રની માટી છો ને કૌરવપાંડવોના યુદ્ધકાળે તેમના પગ નીચે કણકણોઠે મસળાવા યોગ્ય છો. પાંડવો અમારે વશ છે ને તમારી તેમને પરવા નથી!

હનૂ૦—દુર્યોધન! હું તને કહું છું કે કુરુક્ષેત્રની માટી મસળવાની વેળા આવશે તો તેમાં પ્રથમ લોહી આપણા લોકનું, પાણી પેઠે, રેડાશે. પણ આ ત્રાસયુગમાં આ બ્રાહ્મણોનો દેશ તો આ ક્ષેત્રમાં પડેલાં ટીટોડીનાં બચ્ચાં પેઠે જીવશે!

"Let the sword of the world be brandished as it may,
"It cannot cut one vein without the permission of God."

પોપટ૦—આ તમારા દુર્યોધનમાં ને વાલીમાં શો ફેર છે?

હનૂમાન—દુર્યોધનમાં અહંકાર, મમતા, અને પશુદર્પ ત્રણ અવગુણ છે. વાલીમાં અહંતા અને મમતા બે છે. કર્ણમાં મમતા નથી પણ અહંકાર છે. પાંડવોમાં તેમાનું કાંઈ નથી.

અ૦દુ૦—આ સંસારમાં એકનું જઈને જ બીજાને આવે છે, અને ઘોડાઓની સરત પેઠે એક લક્ષ્ય શોધવા અનેક ઘોડાઓ દોડે છે—એ

---

૧. મરાઠા અને મુસલમાનો વચ્ચે પાણીપતનું યુદ્ધ થયું ત્યારે એ સ્થાનમાં એક ટીટોડીએ મેદાનની વચ્ચોવચ માળો બાંધી બચ્ચાં મુકયાં હતાં. આ જગાએ રણસંગ્રામ ખરેખરો મચ્યો હતો તે વખત એ, ટીટોડી ને તેનો નર, બે પક્ષીનું જોડું, સર્વ યોદ્ધાઓના માથા ઉપર આ સ્થાને ભમ્યાં કરતું હતું. તેમણે પૃથ્વીપર બાંધેલા માળા ઉપર ઈશ્વરેચ્છાથી યુદ્ધમાંના એક હાથીનો ઘંટ તુટી પડ્યો હતો અને તે ઘંટને તળીએ અને વચલા ભાગમાં આ માળો અને બચ્ચાં ઢંકાઈ ગયાં હતાં ને ઘંટના છત્રને લીધે યોદ્ધાઓના અને તેમનાં વાહનોનાં પગલાં તળે ચુંદાઈ જવામાંથી બચ્યાં. છેક યુદ્ધ થઈ રહ્યું ત્યારે કોઈએ ઘંટ લેઈ લીધો ને તે ઉપર ભમતાં બે નરમાદા પોતાનાં બચ્ચાં પાસે જઈને બેઠાં. આવી કથા છે.

1 Leyden.

ઘોડાઓમાં અહંતા ન હોય તો આ સરંત બંધ પડે અને સર્વની પ્રવૃત્તિ અને તેની સાથે જીવનવૃત્તિ બંધ પડે. મમતા એ પ્રીતિનું મૂળ છે, ઉદ્યોગની ને આગ્રહની પોષક છે, શક્તિ અને ફળના પરસ્પર પ્રમાણની રક્ષક છે, અને એ રક્ષણથી ને પોષણથી જ અહંતા સફળ થાય છે. પશુદર્પ હુંકાર એ યજ્ઞમાં સોમપાન છે, એ રણમાં શંખનાદ છે, ને એ સંસારનું સત્ત્વ છે. હનૂમાને કરેલા એ સર્વના ત્યાગથી આવા નિર્માલ્ય પોપટો પણ આપણા શરીરમાં ચાંચો મારવા શીખશે.

હનૂમાન—અહંતા, મમતા, અને દર્પના બળના પક્ષવાદી! જે અંધકાર સરોવરમાં ભરાઈ પેંસી તું આ કઠોર વાક્યોથી સાધુજનોને મર્મપ્રહાર કરે છે તે તું તહારા સરોવરમાંથી બ્હાર આવી પ્રકટ થા; અને આપણા દેશમાં કે આ કુરુક્ષેત્રમાં પ્રકટ થઈ પછી આ દુષ્ટ ઉચ્ચાર તું કરે નહી ત્યાં સુધી અમે તહારી ઉપેક્ષા જ કરીશું. તહારી તારા તહારા દેશમાં વાલી કે સુગ્રીવ બેમાંથી જે વિજયી નીકળે છે તેને વરે છે ત્યારે કુરુક્ષેત્રની પાંચાલી ધર્મને ને તેના બન્ધુઓને જ અમર સૌભાગ્યથી વરેલી છે! એ ભાઈઓએ અને પરમાત્માની ઇચ્છાએ એને સર્વ કાળમાં બચાવી છે ને તેને હજી બચાવશે. મ્હારા તહારા જેવા અનેક ચિરંજીવીયોનાં આયુષ્ય મળી આના આયુષ્યથી ઠુંકાં થાય છે તે ગણીજો. ઈજીપ્ટ, ગ્રીસ, રોમ, બાબીલોન, એસાઈ ઝેણ્ટાઈન, સર્વ આગીયા કીડાઓ પેઠે નહાની મ્હોટી રાત્રિમાં પ્રકાશ પામી અસ્ત થઈ ગયાં છે ને આજના યુરોપને પણ હજુ કાળ થયો નથી—જેણે તેણે ચારસો પાંચસો વર્ષના પલકારા સુધી આંખો ઉઘાડી રાખી છે ત્યારે આ ઉપરની પાંચાલી આ સઘના પ્હેલાં જન્મેલી તે હજી સુધી આયુષ્મતી છે. એવા દીર્ઘતમ આયુષ્યમાં ઈશ્વરનો કંઈક ગૂઢ મહાન્ મર્મ જ રહેલો હોય છે.

આકાશમાં બીજો સ્વર થયો—કુન્તી ઉપરથી બોલતી હતી:

"એ જ સત્ય છે—દુર્યોધન! એ જ સત્ય છે. તું મને વેલી ગણ,
"તો હોય તો તહારી માતાને પુછજે—કે જેણે તને માત્ર યતો ધર્મસ્ત-
"તો જયઃ એટલા જ શબ્દથી આશીર્વાદ આપ્યો હતો. મને વેલી ગણી
"મ્હારા શબ્દ સાંભળ્યા ન સાંભળ્યા ન કરીશ.

"Lay not that flattering unction to thy soul,
"That not thy trespass, but my madness, speaks.[1]
"Know that even in thy country the truth-seers of

---

1. Shakespeare.

" history and social evolution have realised that the
" best guarantee for political prosperity in a nation
" is the growth of the sense of Duty[1] among its
" individuals ; and, long before that sense was born
" in thy country, it was fully recognised in this
" country with successful yearning by my lord and
" husband that high Duty was to be the eldest and
" ruling one among the five Sovereign Spirits whom
" he had brought down from Heaven to succeed to his
" glorious inheritance. Nay, the very mother of those
" who then represented thy party could only venture
" to bless this Duty—this Dharma—with success, and
" could not put in a single word to bless thee and
"-thy numerous crew in that terrible conflict which
" then shook the earth and has so often been repeated
" in this battle-field with a singularly uniform result.
" Short-sighted flash of the National Ego ! In vain
" dost thou believe that India is doomed to destruction.
" Thou art bound and destined, in spite of thy
" deep-drawn grunt, to take India up the heights of
" Progress until you can both co-operate in further-
" ance of the common weal of the still vaster world."

" પુત્રી પાञ્ચાલી ! આ દુષ્ટનાં કઠોર વચનનું ગ્રહણ કરજે પણ ગભરાઇશ નહી ! એવાં વચનથી તું સચેત થજે—એ તો માતલિ દુષ્યન્તના મિત્રને પકડી સંતાઈને બોલતો હોય એમ જ સમજજે ને સચેત થજે ! પુત્રી તહારી પ્રજ્ઞ અનાથ નથી ! એ દુર્યોધનની નીતિ સર્પરૂપ હશે તો તારી પાસે પુષ્પમાલા થઈ જશે ! "

કુમુદ૦—કુન્તીમાતા, ઈંગ્રેજી બોલે છે તે નવાઈ જેવું નથી ?

સર૦—સિદ્ધનગરમાં સર્વ ભાષાઓ સર્વને સાધ્ય થાય છે.

પાञ્ચાલી—માતાજી ! હું આર્યપુત્રોની છયાઓને સામે હિમાચલના હિમરાશિ ઉપર દેખું છું.

---

૧. પ્રકરણ ૩૪ ની છેલ્લા ઈંગ્રેજી footnote.

કુન્તી—હા. પશ્ચિમ સાગર ઉપર તેઓ ફરે છે ને હનૂમાને તહારા પલંગ નીચે ગોહવેલા યન્ત્રને બળે ક્રૌઞ્ચરન્ધ્ર ઉપર તેમની છાયાઓ પડે છે. બહુ રમ્ય મૂર્ત્તિઓ તેમની દેખાય છે.

પાઞ્ચાલી—ઓ મ્હારા કનિષ્ઠ પ્રાજ્ઞ સ્વામી સહદેવ! તમે ક્યારે આણી પાસ આવશો?

સહદેવની છાયા છેટે બોલી હોય ને તેનો પ્રતિધ્વનિ થયો હોય તેમ સંભળાયું.

"પાઞ્ચાલી! થોડા કાળમાં આપણો યોગ નિર્મેલો છે. જે શકુનિ મ્હારી ગોસંખ્યતામાં ભુલો પડાવે છે તેનો પ્રતીકાર કરેવા હનૂમાને આ દેશમાં આ મ્હારી પ્રતિમા પાડી છે ને એ પ્રતિમામાં જીવ મુકવાની શક્તિ પ્રથમ ભગવાન્ ભૃગુપતિની છે, ને પછી હનૂમાનની છે. તું જુવે છે કે તહારા રાજભંડારના આય-વ્યયના ચિત્રની વચ્ચોવચ્ચ મ્હારી છાયા પડી છે—ને હનૂમાન મને પોતાના કપિલોકનાં "બન્ધેટ" સાથે પ્રકટ કરે છે ને તહારી પ્રજ્ઞ એ છાયા આગળ રમત રમતાં શીખે છે. પણ જ્યાં સુધી મ્હોટા ભાઈઓ તહારી પાસે આવી શકતા નથી ત્યાં સુધી મ્હારી ગતિ અશક્ય છે. બાકી આટલા આટલા મ્લેચ્છો ઉત્તરમાંથી આ દેશમાં આવી ગયા તેમાંથી કોયા નરે તહારી પ્રજ્ઞ પાસે આ નાટકનો પડદો ઉંચો કર્યો છે? દેશી કે પરદેશી કોયા રાજાએ પોતાના રાજભંડારમાંના રથનાં ચક્રને, કે અશ્વને, કે સારથિને તહારી પ્રજ્ઞનો હાથ ઝાલવા સરખો દીધો છે? આજ સુધી આ ધર્મવિષયમાં જે ધર્મ ચલવવા કોઈ રાજાની આ ભૂમિમાં છાતી ચાલી નથી તે ચલવવા હનૂમાને કપિલોકને આટલે સુધી પ્રેર્યા છે તો એવો કાળ આવશે કે મ્હોટા ભાઈઓ ઝંડી આવશે તેની પાછળ હું પણ મ્હારે ક્રમે આવીશ ને મ્હારાં અનેક રૂપની છાયાઓ તને સ્પર્શવા લાગી છે, તેને સ્થાને આ શરીરે તહારા મન્દિરમાં યથાધર્મ વાસ કરીશ અને આપણી સ્થૂલ સૂક્ષ્મ પ્રીતિનાં ફળ આપણે ભોગવીશું! પાઞ્ચાલી! લાંબો વિયોગ વેઠ્યો છે પણ કુન્તીમાતાના આશ્રયથી તું તે વેઠી શકી છે. તો થોડી વધારે વેળા ધૈર્ય રાખ અને તહારા પ્રાજ્ઞ પતિ નહાના સહદેવનું ગણિત તહારા હૃદયમાં આશા પૂરો કે—

"[1]शापान्तो मे भुजगशयनादुत्थिते शार्ङ्गपाणौ ।
शेषान्मासान् गमय चतुरो लोचने मीलयित्वा ॥"

---

૧. મેઘદૂત. "આપણો વિયોગ જે શાપથી થયેલો છે તેનો અવધિ નારાયણ શેષશાયી શેષ ઉપરથી જાગે ત્યાં સુધી છે. એ અવધિ ચારમાસ પર્યંત સમાપ્ત છે - તે બાકી રહેલો કાળ આંખો મીંચીને ગાળી નાંખ!"

આ વાક્ય પુરું થયું કે એ છાયા એક પાસે બસી ગઈ ને સટે રૂપવાન સુન્દર નકુલની છાયા, પાઞ્ચાલીના પલંગ ઉપર આવી, એના હૃદય ઉપર પ્રસરવા લાગી ને એના કાનમાં પ્રથમ ગાવા ને પછી બોલવા લાગી.

" [1]पश्चादावां विरहगुणितं तं तमात्माभिलाषम् ।
निर्वेक्ष्यावः परिणतशरच्चन्द्रिकासु क्षपासु[2] ॥ "

" મ્હારા મન્દિરમાં હ્હારા વાસને કાળે આપણે કેવી કેવી કળાઓથી રમતાં ! એ કાળ ફરી આવશે ! બુદ્ધાવતાર પછીના કાળમાં આપણે આ દેશમાં કેટલો કાળ વિહાર કરેલો છે અને આજ સુધી એ વિહારનાં કેટલાં કેટલાં સ્થાન આ દેશમાં હજી મનુષ્યોને આશ્ચર્યમાં નાંખે છે ? મુસલમાનોના કાળમાં પણ આપણે છેક વિયોગી રહેલાં નથી, ને આ યુગમાં તો હ્હારા પલંગ નીચે આપણા યોગને માટે કેટલી કેટલી રચનાઓ અને સામગ્રીઓ કરી મુકી છે તે તું નીચે ઉતરે ત્યારે જોજે. અરે ! હું હ્હારી પાસે તરત આવું ને કંઈ કંઈ અભિલાષ રચું ને પૂર્ણ કરું ! પણ શું કરું ? મ્હોટા ભાઈઓ આવે ત્યાં સુધી તો મ્હારા ચરણ ચાલે એમ નથી એટલું જ નથી પણ મ્હારો સહોદર મ્હાના સહદેવને પુછ્યા વિના, એને મુકીને, કે એનું કલ્યાણ થતા સુધી, હું એકલો હ્હારી પાસે આવી શકું એમ નથી! હાલ તો તું મ્હારી છાયાથી જ સંતોષ પામજે ને આપણા શૃંગારગૃહને માટે હનૂમાન જે જે ચિન્તાઓ કરે છે તેનું અનુમોદન કરજે ! હ્હારું રતન્યપાન કરવા એ આવે ત્યારે અકળાઈશ નહી, પણ સહદેવના આગમ માટે શી શી રચનાઓ કરવી તે ધીમે ધીમે હનૂમાનના કાનમાં સૂચવજે ! બાળક સહદેવના કલ્યાણ પછી જ મ્હારું કલ્યાણ સંભવશે. પાઞ્ચાલી ! મ્હારી પ્રીતિનો વિશ્વાસ છોડીશ નહી—હું બધા અસ્તાચલ ઉપર રાત્રિ દિવસ કર્યા કરું છું પણ કુરુક્ષેત્ર ભણીથી હિમાલયનો પવન આવે છે તે વેળા—

" [2]आलिङ्ग्यन्ते गुणवति मया ते तुषाराद्रिवाताः ।
पूर्वं स्पृष्टं किल यदि भवेदङ्गमेभिस्तवेति ॥ "

---

૧. મેઘદૂતઃ " આ કાળ વીતશે તે પછી, વિરહથી ગુણિત થયલા—ગુણાકાર પામેલા—પેલા કંઈ કંઈ આપણા અભિલાષો છે તે સર્વ અભિલાષોને શરદની પૂર્ણિમાની પરિણામ પામેલી ચંદ્રિકામાં આપણે સિદ્ધ કરીદમ્પતીરૂપે—ભોગવીશું ! " ૨. મેઘદૂતઃ " ઓ ગુણવતી પ્રિયા ! હિમાલયમાંથી આવતા પવન પ્રથમ હ્હારા અંગનો સ્પર્શ કરીને આવ્યા હશે એવું જાણી હું તેમને આલિંગન દેઉં છું. "

નકુલનો સ્વર બન્ધ પડ્યો, ન છાયા આગળ ચાલી. તેની સાથે પવનના ઝપાટા આવવા લાગ્યા ને વારણાવતીમાંના લાક્ષાગૃહમાંથી ચાર ભાઈઓને અને પાંચમી કુન્તીને બલે લેઈ ભીમસેન પ્રાચીન કાળમાં દોડ્યો હતો ત્યારે જંઘાના વેગથી વાયુ જતે ઝપટાતો તેવું ચારે પાસ અત્યારે થતું હોય તેમ લાગ્યું અને પાંચાલીનું ચિત્ત પ્રથમ આશાને અનુભવવા લાગ્યું. જોતા જોતામાં વેગવાળા પવનનો ચીસો પેઠે ભીમસેનનો સ્વર આકાશમાં ગર્જવા લાગ્યો; ને એની પ્રચણ્ડ છાયા, સાગરના ત્રણે તીરથી, વાદળાં પેઠે, આવવા લાગી ને પાંચાલીના શરીરને પોતાના વીજળી જેવા તેજથી નહવરાવી છેક રોમરંધ્ર સુધી વ્યાપીને ઉભી રહી ત્યારે જ એની ગર્જનાના અક્ષર સ્પષ્ટ સમજવા માંડ્યા.

"પાંચાલી! તહારી પ્રજ્ઞના હાથમાંથી શસ્ત્ર ગયાં છે તેથી તું બ્હીશ નહી! તું જુવે છે કે અમો બધા ભાઈઓની પ્રવૃત્તિને પેલો અશ્વત્થામા નિષ્ફળ કરે છે ને જે શસ્ત્ર તહારા શત્રુઓ સામાં પ્રહરવાં જોઈએ તે અશ્વત્થામાની પ્રેરણાથી અમારા સામાં જ ઉપડે છે! બાળક જ્યારે પોતાના જ પેટમાં તરવાર ખોસે ત્યારે તે લેઈ લેવા જેવી નથી? સત્ય છે કે કપિલોકે પોતાના જ કલ્યાણને માટે તહારાં બાળકના હાથમાંથી તરવારો લેઈ લીધી છે, પણ એ કપિલોકને આપણા ધનુર્ધર અર્જુનના રથઉપર ધ્વજાઓને અને ઘોડાની લગામોને બેને ઝાલવાને પરમાત્માએ બેસાડ્યો છે ને આપણું કલ્યાણ તેના કલ્યાણમાં જ રાખ્યું છે તો દુષ્ટ અને ગાંડા અશ્વત્થામાના હાથમાંથી આ શસ્ત્ર લેઈ લીધાં સમજજે ને મિથ્યા શોક ન કરીશ! આજ જે અવિશ્વાસનો વા વાય છે તે કાળે તહારી પ્રજ્ઞના હાથમાં શસ્ત્ર નથી તેમાં જ તહારું કલ્યાણ કેમ ન હોય? આજ મ્હોટાં મસ્ત રાજ્યોની જાદવાસ્થળી થવાનો સંભવ છે ને સર્વ સુરાપાન કરનાર યાદવો લ્હડી મરશે તે કાળે સુરાનો મદ ચ્હડાવનાર શસ્ત્ર તહારી પ્રજ્ઞના હાથમાં નથી ને એ સુરાપાનમાંથી અને તેનાં ક્રૂર ફળમાંથી તને ને તેમને બચાવવાને માટે જ પરમાત્માએ આ યોગ કેમ ન આણ્યો હોય? અને જ્યારે કપિલોકને પોતાને તહારા બળનો બ્હપ પડશે ત્યારે પણ એ બળનું સાધન આપ્યા વિના બેસી રહે એવા તેઓ મૂર્ખ નથી. પાંચાલી! જે કલ્યાણકારક વાયુનો હું પુત્ર છું તે જ વાયુનો હનૂમાન પુત્ર છે અને તને વેદના ક્યાં ક્યાં થાય છે તે તે જાણવાને ને તહારા શત્રુઓની આશા નિષ્ફળ કરવાને હનૂમાન જાગે છે. તેને તું મ્હારો બન્ધુ જ ગણજે! રામચંદ્રની સેનામાં કપિ ને રીંછ બે હતાં તે આજ

એશિયા ખંડની પૃથ્વીને વ્હેંચી લે છે, પણ જ્યારે તેમનાં યુદ્ધ થશે ત્યારે કપિલોક્ત ત્યારા પુત્રો ઉપર વિશ્વાસ કરતાં શીખશે ને તેમનું મૂલ્ય જાણશે ને તેમને શસ્ત્ર અને અસ્ત્ર ઉભય પોતાની ગરજે આપશે. ત્હારા બીજા શત્રુ કોણ કોણ છે ? અશ્વત્થામા ? દુર્યોધન ? વાલી ? દુષ્કાળ ? પવન પેઠે સર્વવ્યાપી થઈ ઉડતા વ્યાધિયો ? જો, પાંચાલી ! હનુમાને તે સર્વને માટે પાંડવોની છાયાઓ ઉભી કરવા માંડી છે ને અમે સર્વ ભાઈઓ, વાદળાંની છાયાની પાછળ તેમના જળની વૃષ્ટિ થાય તેમ, અમારી છાયાઓની પાછળ આવતા ગાંડીવું.

" અશ્વત્થામાની સ્થિતિ શું ત્હારી પોતાની જ દયાનું પરિણામ નથી ? એનો માર્ગ પરમાત્મા કહાડશે. તહેં એનો વાત કરવાની ના કહી તે કાળે અર્જુન ને કૃષ્ણ બે જણે મળી એના મસ્તકનો મણિ કહાડી લેઈ એને જીવતો મુકયો તે શા સંકેતથી તે તો પરમાત્મા જાણે! પણ તે જ પરમાત્માનો વિશ્વાસ રાખી હવે આનો પણ કંઈ માર્ગ નીકળશે એવી શ્રદ્ધા રાખ. એની વાતમાં મ્હારા અભિપ્રાય પ્રમાણે થયું નથી. પણ આ દુર્યોધન દુષ્ટ થાય તો તેની જંઘા કુટવી એ મ્હારું કામ બરું. પણ એકવારની શિક્ષાથી એ સુધર્યો નથી એમ નથી. મનસા એની પ્રકૃતિનાં બીજ નષ્ટ થયાં નથી, પણ એ બીજની સાથે તેનાં નિરોધક બીજ અને ધર્મરાજની મર્યાદા કંઈક ઉગવા લાગે છે ત્યાં લગી ધર્મરાજ મને મ્હારું પરાક્રમ દર્શાવવા દે એમ નથી. આ જ નિરોધને લીધે એનાં ચર્મ ઉપર પણ એ જાતે કંઈક જાણ્યો અજાણ્યો નિરોધ રાખે છે ત્યાં સુધી એ ધર્મની જ આણમાં છે. બાકી માત્ર વાચા એ એવોને એવો છે ને તે એક રીતે સારું છે, કારણ એની વાણીનો પણ નિરોધ થાય તો એના મનનાં સત્વ તું દેખી ન શકે તો તું છેતરાઈ જાય. માટે તે બોલે છે તે તેને માટે બોલું છે પણ ત્હારે અને ત્હારી પ્રજાને માટે સારી જ વાત છે. વાલી પણ દુર્યોધનનો બીજો અવતાર છે ને ત્હારી સેવા કરતાં પોતાની તારાની સેવાને પોતાનો ગુરુતર ધર્મ ગણીને પ્રવર્ત્તે છે તે પણ એક રીતે ધર્મ્ય છે. એ માર્ગ તને દુઃખકર છે, પણ કાલપરિપાકથી સુગ્રીવ ને ચકોરના જેવી એની બુદ્ધિ પણ થાય એવી છે માટે જ તારા ઉપરનો એનો પક્ષપાત ઈશ્વરને ક્ષમાયોગ્ય લાગતો હશે. દુષ્કાલ અને વ્યાધિયો ત્હારી સર્વ પ્રજાને સમયે સમયે અતિપીડા કરે છે ને ક્ષીણ કરે છે—પણ તું જાણે છે કે અશ્વત્થામાએ કરાવેલાં પાપનું પણ ફળ ઘટે છે, પૃથ્વીથી ઉપાડાય નહીં એટલો ભાર થાય ને એનાં આપેલાં અન્નવસ્ત્રનો બોજો ખુટવા માંડે ત્યારે આ વસ્તીનો ભાર ઓછો કરવો તેમ આ

ભંડાર જેટલાં મનુષ્યોને પ્હોચી શકે એટલાં ને જ માટે રાખી બાકીની વસ્તીનો સંહાર કરવો એવો ઈશ્વરનો મર્મ પૂર્વના યોગીયો ને પશ્ચિમના અર્થશાસ્ત્રીયો સમજે છે ને તે માર્ગે કોઈને સંપન્ન અને કોઈને વિપન્ન કરવું ઈશ્વરને ગમે તો તે માર્ગ અયોગ્ય છે એવું સિદ્ધ કરવા કીયા માનવની બુદ્ધિ સમર્થ છે?

" આવું છતાં મ્હારો બન્ધુ હનૂમાન તહારા આ શત્રુઓને વિષયે મ્હારા જેટલો જ જાગૃત રહેછે તે જો. દુષ્કાળ અને વ્યાધિયોને કાળે એની ચિન્તાઓનું, ઉજાગરાનું, અને શ્રમનું, સૂક્ષ્મ અવલોકન તું કરીશ તો તને દયા આવ્યા વિના નહી રહે. વાલી પેલા પશ્ચિમ દેશમાં રહી હનૂમાનને રામને નામ આજ્ઞાઓ કરે તો તેને વિષયે જાગૃત રહેવાને માટે હું હાલ એ દેશમાં ફર્યા કરું છું, કપિલોકનાં હૃદયને જાગૃત કરું છું, ને તારાની પોતાની ધર્મબુદ્ધિનું ને દયાનું પ્રોત્સાહન કરું છું.[1] તહારાં બાળકને મ્હેં આ દેશમાં આ જ કાર્યને માટે આકર્ષવા માંડ્યાં છે તે તું જાણે છે.[2] પૂર્વદેશ—જ્યાં તું અમારાથી વિયુક્ત થઈ આજ રોતી સુતી છે—એ આર્યોના પૂર્વ દેશમાં પણ વર્ત્તમાનપત્રો, કાન્ગ્રેસના સમાજ અને એવે અનેક રૂપે મ્હારી જાગૃતિની છાયાઓ સ્થળે સ્થળે ફરવા લાગી છે અને તે પણ હનૂમાનની ઇચ્છાથી જ થયું છે તે શું તું નથી જાણતી? એ હનૂમાનનો અને સુગ્રીવનો સંયોગ કરાવી વાલીલોકપાસે જ તહારી પ્રજાને હનૂમાનના અમાત્યયૂથમાં મ્હેં અધિકાર અપાવ્યો[3] છે ને તેથી જ તે અમાત્યોને અનેક પ્રશ્નો[4] પુછી તહારા પુત્રો તેમને ઉંચાનીચા કરે છે એ પણ મ્હારી જ છાયા છે—માટે પાંચાલી ધૈર્ય રાખ ને આશ્વાસન પામ. જ્યાં સુધી જ્યેષ્ઠબન્ધુ ધર્મનો અવતાર તહારે ત્યાં પ્રકટ થયો નથી ત્યાં સુધી હું જાતે તો શી રીતે આવું? તહારા સ્વયંવરમાં પ્રકટ પરાક્રમ કરનાર અર્જુન અને હું ધર્મરાજની પાછળ સાથે સાથે આવીશું—પણ હાલ તો મ્હારી છાયા જ!"

આ શબ્દ બંધ પડ્યો તેની સાથે ચારે પાસના પવનમાં, વૃષ્ટિની ધારાઓ પેઠે, દોરીયો લટકવા માંડી, વીંઝાવા લાગી, ને તે દોરીયોનું સર્વ

---

૧. ઇંગ્લાંડમાં હીંદુસ્થાનને વિષયે જ્ઞાન અને સમભાવ ઉત્પન્ન કરવા ઈંડીયન કમીટી વગેરેના યત્નો થયા. ૨. આ દેશના દેશીઓ ઈંગ્લાંડમાં અને પાર્લમેંટમાં કેવળ દેશકલ્યાણને ઉદ્દેશી જવા લાગ્યા છે તે વિષયનો આ ધ્વનિ છે. ૩. હીંદુસ્થાનના ગવર્નર જનરલ લોર્ડ ડફરીનની સૂચનાથી ઇંગ્રેજ મહાશયોએ કાન્ગ્રેસની સ્થાપના કરી છે તે વિષયનો વિસ્તાર મદ્રાસમાં છપાયલા "Indian Politics" માં મી. ડબલ્યુ. સી. બોનેર્જીએ લખેલી પ્રસ્તાવનામાં આપેલો છે. ૪. નવા કાઉન્સીલ એક્ટથી. ૫. ઈંટર્પેલેશનના પ્રશ્નો.

દિશામાં ઉરાડનાર પવન મણે પાસના સમુદ્રમાંથી વાતા લાગ્યો ને માત્ર હિમાલયે રોકેલી દિશામાંથી જણાયો નહી પણ હિમાલય સુધી જઈ તેનાં કોચરન્ધ્ર જેવાં અનેક રન્ધ્રમાં પેસવા લાગ્યો વાંસળીયોમાં પેસી સ્વર કરતો હોય તેવા સ્વર કરવા લાગ્યો. આ પવનમાં ઝોલાં ખાતી અર્જુનના વાયુરથની દોરીઓ હનૂમાન ત્યારે પાસ કુદી કુદી પકડવા લાગ્યો ને પાઞ્ચાલીના પલંગ નીચે તેમ અન્યત્ર પોતે બાંધેલા તાર, તમ્બુ, અને બીજાં સર્વ યન્ત્રોના મર્મભાગ સાથે એ દોરીયોને બાંધવા લાગ્યો ને તેની ક્રિયાનું અનુમોદન કરતી વાયુરથમાંની અર્જુનમૂર્ત્તિ, રથમાંથી નીચી દૃષ્ટિ કરી, પાઞ્ચાલીની આંખો સાથે આંખો મેળવી કહેવા લાગી.

"પ્રિયા! હું હાલ પ્રવાસી છું, વરુણલોકમાં ને વાયુલોકમાં પર્યટણ કરું છું, પણ આપણો સમાગમ હવે પાસે છે. સર્વ દેશની સર્વ સમૃદ્ધિઓથી મ્હારો રથ ભરાય એટલી વાર ધૈર્ય રાખજે ને તહારા પલંગ નીચે હનૂમાનનાં સુકૃત્યની, ને મ્હારે ઉગી નીકળવાના ક્ષેત્રની, કૃપિલેખાઓ[1] જોઈ, મ્હારા ધ્વજસારથિ કપિરાજ ઉપર વિશ્વાસ રાખજે. દેશેદેશથી જે સામગ્રીઓ હું તહારે માટે આ રથમાં એકઠી કરી સાચવી રાખું છું તેના સત્કાર માટે કુરુક્ષેત્રમાં જે રચનાઓ ને વ્યવસ્થા કરવાની તે હનૂમાન સારી રીતે જાણે છે, કારણ મ્હારી પ્રકૃતિનો તેને ઘણા કાળથી પરિચય છે.

"પાઞ્ચાલી! આ ચિરંજીવ અશ્વત્થામાથી પણ ત્રાસીશ નહી. અતિકૃપા કરી મ્હેં એનું મરણ નિવાર્યું; મ્હેં એનું શિર છેદવાની ના કહી; અને શ્રીકૃષ્ણ યોગેશ્વરે તેને ગાંડા કરી ચિરંજીવ રાખેલો છે તે શું નિરર્થક છે?

"There is a method in his madness which time and effort only will unravel, and then shall dawn before the civilization of these days the wonders we had sown in our honey-moon days! His madness will, in the fulness of time, burst like a volcano and pour over this boasting age the contents of that unquenched genius which has been burning all along beneath the surface of this man's madness. Progress will then be lifted up for ever.

---

૧. હળ ફરવાથી ખેતરમાં પડેલી રેખાઓ.

" પાञ્ચાલી ! હું હાલ તહારી પાસે આવી શકતો નથી —મ્હારો પ્રવાસ હજી આટોપાયો નથી ! કામ બહુ છે ને વેળા ઓછી છે—ને—ને— જ્યેષ્ઠ બન્ધુ ધર્મરાજના અને ભીમના પ્હેલો હું તહારી પાસે શી રીતે આવું ? મને પામવાને તરત તો તહારા પુત્રોને સમુદ્રમાં ચરવા મોકલ. इन्द्र इच्चरतः सखा[1] ! મ્હારા પિતા ઇન્દ્ર ફરનાર ફરનારના મિત્ર છે—એમ રહેનારના નથી—એવું શ્રુતિ વચન છે—ને પાञ્ચાલી ! એ શ્રુતિની તું દાયાદ છે ! ને એ શ્રોત ઇન્દ્રનો હું પુત્ર છું, એ પિતાનાં અંગમાત્રમાંથી ઉત્પન્ન છું, એના હૃદયમાંથી જન્મેલો છું, પુત્ર નામે હું એનો આત્મા જ છું ! કલિયુગરૂપે તહારી પ્રજા સુઈ રહી છે તેને બેઠી કર, ઉભી કર, ફરતી ફરતી કર !—અને ફરશે ત્યાં કૃતયુગને—સત્યયુગને—પામશે એવો મ્હારા પિતાએ રોહિતને ઉપદેશ કરેલો છે તે તહારી પ્રજાને માટે જ છે!— તે સફળ થશે જ !—તે કાળ આવે ત્યાં સુધી તો—મને અવકાશ નથી— કામ બહુ છે ને વેળા ઓછી છે ! ત્યાં સુધી વિયોગ જ !—પણ ધૈર્ય રાખજે—જાગૃત થજે—પૂર્વે તહારી કન્યાવસ્થામાં તહારા સ્વયંવરમાં જેણે તને મેળવી હતી તે હવે દીર્ઘકાળ સુધી તને સુની નહી મુકે !"

આ શબ્દ બન્ધ પડ્યો પણ વાયુરથનો વાયુ ચાલતો જ રહ્યો. તેવામાં ત્રૌંચરન્ધ્ર ઉપર આવીને ધર્મરાજની કેવળ છાયા નહી પણ મૂર્તિ જ આવીને ઉભી ને અર્જુનના રથને સ્થિર રાખી તેની દોરીયોને રાજદંડ પેઠે ઝાલી ઉભી રહી તેની સાથે મુકુટધર ધર્મનો સ્વર તે દોરીયોના તારમાં વીજળીના ધક્કા પેઠે ગયો ને ચમકવા લાગ્યો.

" પાञ્ચાલી ! ચારે ભાઈઓનું અંહી આવવું મ્હારા આવવા ઉપર " આધાર રાખે છે ને મ્હારું આવવું મ્હારા હાથમાં છે એ સત્ય છે, પણ " મ્હારા હાથપગ મ્હારા હૃદયના સૂત્રધારની ઇચ્છાનુસાર ચાલે છે તેનો " તને અનુભવ કયાં નથી ? મ્હારી તહારી પ્રીતિ આપણા ધર્મસહ- " ચારમાં જ છે, ને તે પ્રમાણે સહચાર ન થઈ શકયો ત્યારે જેવી રીતે " આ ચાર બન્ધુઓને મુકયા તેમ જ તને પણ હિમાલયમાં પડેલી " મુકી હું આગળ ચાલ્યો ગયો છું. મ્હેં તને આપણા વનવાસસમયે[2] " સ્પષ્ટ કહેલું હતું કે ધર્મને માટે હું તહારો પણ ત્યાગ કરું—તે " ત્યાગ કરવાનો મ્હારે પ્રસંગ આવ્યો ત્યારે મ્હેં તને ત્યજી. એ " જ ધર્મથી હું તહારી પાસે તરત આવી શકતો નથી. તહારી

---

૧. " ઇન્દ્ર ચરનારનો સખા છે ! " પ્રકરણ ૩૪ ને મથાળેના શ્લોક.
૨. મહાભારત, વનપર્વ.

" પ્રજ્ઞને અશ્વત્થામાએ ભ્રષ્ટ કરી છે—તે મ્હારા સંસર્ગની
" અધિકારી નથી. તું પુછીશ કે હું કાયો ધર્મ છું? તું પુછીશ કે અ-
" શ્વત્થામા ભ્રષ્ટ કેમ અને અનેક મ્લેચ્છોના દેશોનો પ્રવાસી હું ધર્મરૂપ
" કેમ? તો સાંભળી લે. આ શરીર યમરાજના તેજથી જન્મ પામેલું છે;
" યશસ્વી પાણ્ડુમહારાજના રાજ્યનું દાયાદ થયલું છે; વ્યાસમહાત્મા,
" કૃષ્ણ પરમાત્મા, ભીષ્મ પિતામહ, અને ઋષિમુનિયોના ઉપદેશનું
" ધારક થયેલું છે. એ જ પરમાત્માએ બુદ્ધાવતાર ધર્યો ત્યારે મને
" પોતાના હૃદયમાં રાખી સંસારને સંસ્કારી કર્યો. તેમનાં હૃદયમાં
" ઉગેલાં પુષ્પોનો પરાગ લેઈ હું બાખડીના ઝરથોસ્ત અને જેરૂસલમ
" નગરના બ્રહ્મર્ષિ—અવતારના રચેલા ઉદ્યાનોમાં પવન પેઠે અદૃશ્ય પણ
" સફલ આવાસ કરી રહ્યો. મ્હારા મુખ આગળ ત્યાં પણ સામો અ-
" શ્વત્થામા આવી ઉભો. ત્યાર પછી હું આરબ લોકના દેશમાં થોડો કાળ
" ગયો ને ત્યાં પણ અશ્વત્થામા વધારે રૌદ્રરૂપ ધરી આવ્યો એટલે હું ત્યાંથી
" પણ નીકળ્યો. યુરોપના અને અમેરિકાના અગ્રણી લોકે સ્વબુદ્ધિબળથી
" અશ્વત્થામાને હાંકી કઢાવ્યો અમે હું ત્યાં પાછો નવીન રૂપે ગયો તે ત્યાં ફરું
" છું. મ્હેં હવે સર્વ ધરતીને જોઈ લીધી છે, ને હાલના પ્રયાણમાં અમે પાંચે
" ભાઈઓ એકઠા છીયે તેથી અમે અનેક રીતે સંસિદ્ધ થઈ નિર્ભય વિચરીયે
" છીયે. પણ એ સર્વ વિરોચનનો અને બલિરાજાનો પ્રદેશ છે ને યદ્યપિ
" અહંતાનો ત્યાગ તે કરી શક્યો છે તોપણ એથી વધારે દુસ્તર મમતાનો
" ત્યાગ તેનાથી થઈ શકતો નથી. કાળ આવ્યે તે પણ થશે. પાંચાલી!
" પણ એ દેશની ધર્મસંપત્તિઓ સ્થૂલ છે ને સૂક્ષ્મ નથી, ત્યારે તહારી પાસે
" હાલ સ્થૂલ કે સૂક્ષ્મ એમાંનું કાંઈ નથી. હું તહારી પાસે કેવી રીતે આવું?

" કપિલોક તેમના યૂથથી પરોક્ષ હોય, દૂર હોય, તો પણ યૂથપતિના
" શાસનની નિયન્ત્રણામાં તેમનાં હૃદય રૂહે છે ને તેમનો યૂથપતિ જાણે છે કે
" ક્ષુદ્રમાં ક્ષુદ્ર, દૂરમાં દૂર, અને મત્તમાં મત્ત કપિ તેનાં શાસનને સ્વીકારશે.
" England expects every man to do his *duty*. તમારે ત્યાં
" ઐક્યવાળાં યૂથ નથી, અને એવાં યૂથ થવાં ને ટકવાં કઠણ છે, તો પછી
" યૂથ-પતિની તો વાત જ શી? શાસનનિયન્ત્રણા વિના વ્યવસ્થા નથી ને
" વ્યવસ્થા વિના ધર્મ નથી. તમારે ત્યાં તેમાંનું કાંઈ નથી તો તહારી પાસે
" હું કેવી રીતે આવું? Let India's sons learn too to know
" their duty and to do it."

---

૧. Discipline.

" પણ તહારે નિરાશ થવાનું કારણ નથી. તહારી આશા ને નિરાશા
" થોડી થોડી તહારા હાથમાં છે. અનેક અનુભવથી બંધાયલા પિતામહના
" સૂક્ષ્મ ઉપદેશ સંભળાવે એવા પિતામહના જડ થયલા શરીરને સચેતન
" કરવાના માર્ગ લે અને આજ સુધીના તહારા ને સર્વ સંસારના ઇતિહાસથી
" એ શરીરને પુષ્ટ કરી તેનાથી ઉપદેશ લેવાને સમર્થ તહારા પુત્રોમાંથી
" એક નીકળશે તો તેવા બીજા અનેક પુત્રો સમર્થ થશે ને ઉપદેશ લેશે.
" શ્રીકૃષ્ણે યુદ્ધનો ત્યાગ ન કરવાનું અર્જુનને સમજાવ્યું ત્યારે આ દેશમાં
" અશ્વત્થામાએ જ્ઞાનનું ફળ ઐહિક ધર્મમાત્રનો ત્યાગ કરવામાં જ સમજાવ્યું
" છે!--અને ધર્મના શરીરમાં કોઈક અન્ય જીવને જ વસાવ્યો છે! પાંચા-
" લી! અહંતા ને મમતાનો નાશ થાય ને તેમના નાશથી કૃતકૃત્યતા આ-
" વિર્ભાવ પામે તે રજોગુણનો નાશ છે ને તે યોગ્ય છે; પણ એ નિમિત્તે
" લોકસંગ્રહની નિષ્કામ ક્રિયાઓમાંથી નિવૃત્ત થવું એ તો સાત્ત્વિક વૃત્તિને
" સ્થાને તામસી તન્દ્રાનો જ વિકાસ ગણી લેવો. એ વિકાસ નથી ઇચ્છયો
" વ્યાસે, નથી ઇચ્છયો કૃષ્ણે, ને નથી ઇચ્છયો રામે કે જનકે. એ વિકા-
" સનો આવિર્ભાવ આ દેશમાં છે ત્યાં સુધી ધર્મનાં બીજ ઊપર ભૂમિમાં પડે
" છે, સાધુઓના સનાતન ધર્મને સ્થાને જડ પદાર્થોના આલસ્યધર્મ પ્રકટ
" થાય છે, અને અશ્વત્થામાના વિકાસને માટે અનુકૂળતા થઈ જાય છે. આ-
" લક્ષ્ય પરમાત્માની ઇચ્છાથી આ લક્ષ્ય સ્વરૂપનો સમારંભ જામી રહેલો
" છે તેમાં કેવળ સત્યનો ધર્મ નથી પણ સત્ય અને ઋતનો સમાગમ જ
" ધર્મરૂપ છે. એ ઋતચક્રમાં ફરવું અને એ ઋતચક્રનો પ્રજાપતિ જે
" પ્રવાહમાં પાડે તેના ધર્મને જાણી લેવા અને સ્વીકારવા એ જ મહા-
" બુદ્ધિનું લક્ષણ છે તે આ પાસે ઉભેલા નવા બાળકની દીક્ષાથી એને
" આ દેશના જ ધર્મે સમજાવેલું છે તે તહારી પ્રજ્ઞા સમજી નથી.

" ઋતનો મર્મ પશ્ચિમ દેશ સમજે છે; તહારી પ્રજ્ઞા ઉક્તકાળે સમજતી
" હતી પણ હવે ભુલી ગઈ છે: નિત્ય સત્યનો મર્મ પશ્ચિમ સમજ્યો
" નથી ને આ દેશ સમજ્યો હતો ને હાલ કંઈક સમજતો હશે.—તેથી
" જ મહારો આ દેશને માટે પક્ષપાત છે, પણ પશ્ચિમ જે ઋત સમજે
" છે તેનું આ દેશને વિસ્મરણ છે—તેમાં આ દેશનો પ્રમાદ છે; માટે
" ધર્મનું બીજ મરુસ્થળમાં પડ્યું છે. ત્યાં હું ઉગું શી રીતે?

" પાંચાલી! આ દેશના પ્રત્યગ્‌દર્શી મહાત્માઓએ મહારું જે
" તત્ત્વ અને સત્ય સુદૃષ્ટ કરેલું છે તેનું પશ્ચિમને સ્વપ્ન નથી, ને એ મહા-

---

૧. સરસ્વતીચંદ્ર.

" ત્માઓએ મ્હારો જન્મ યમરાજના તેજમાંથી જોયો છે તે કપિલોક
" સમજતા નથી. તે કપિલોક પાસેથી ત્હારે અમ ભાઈઓના કલ્યાણની
" વ્યવસ્થાઓ અને ઋત ધર્મ શીખવાનો છે તો ત્હારે પણ **તા**રારાણીને
" અનેકધા શીખવવાનું છે.તને શીખવવાનું તે **તારા** જોણે છે; પણ દીર્ઘ મૂ-
" ર્છાને બળે, ત્હારા મહાત્માઓયે તને શીખવેલું, ત્હારે શીખવાનું, તું જાણતી
" નથી તે જાણ, અને પરસ્પરનું ઉદ્બોધન કરાવી કપિલોકનું અને એંહીના
" આર્યોનું કલ્યાણ કર—એ ત્હારો ધર્મ છે. તે ધર્મનો આચાર પરિ-
" પાક પામશે ત્યારે આ કુરુક્ષેત્રરૂપ ધર્મક્ષેત્રની તટભૂમિમાંથી આ ક્ષેત્રમાં
" જ પ્રવેશ પામવા જેટલું બલ અને સામર્થ્ય મ્હારું શરીર પામશે
" અને તે પછી જ આપણે પરસ્પરયોગનાં અધિકારી થઈશું. આ કૈં-
" ચરન્ધ્રથી થોડે છેટે અનેક નદીઓ નીકળે છે તેમ અનેક ઉપદેશમાંથી હું
" પોષિત થયોછું. પણ તે સર્વ નદીઓને લેઈ સિન્ધુ અને ગંગા સમુદ્રનો
" યોગ પામે છે તેવો યોગ મ્હારું શરીર પામશે ત્યારે હું તને કહી
" શકીશ કે પાગ્યાલી ! " હું દ્યૌ ને તું પૃથ્વી ! " મ્હારા ઉપર પ્રીતિ હોય
" તો આ ત્હારા હાથની વાત આ દેશમાં ઉત્પન્ન કરવાની તે તને દર્શાવી.
" આ દેશમાં જન્મેલો હું ધર્મ સંપૂર્ણ કળાથી પાશ્ચાત્ય જગતમાં સંભૂ-
" ત થઈશ ને મ્હારા સાંપ્રત સ્વરૂપનાં આ કાળનાં સર્વ કલંક નષ્ટ થશે,
" ત્યારે પાગ્યાલીની આંખોની કીકીયો તેના પ્રકાશથી ચળકવા ને ચ-
" મકવા માંડશે ને એ આંખોમાં પ્હોચેલો એ પ્રકાશ, મ્હારી પાગ્યાલી!
" ત્હારી હૃદયવેદીમાં અખંડ જ્વલમાન રહેલા અનાદિ અગ્નિ સાથે સમા-
" ગમ પામશે !—ત્યારે-ત્યારે-ત્હારાં સર્વ અંગમાં ત્હારો અન્તરાત્મા સર્વ
" મહાયજ્ઞોને માટે અનેક જ્વાલાઓથી ભભુકી ઉઠશે ! પાગ્યાલી ! ત્હારા
" હાથની વાત તને સમજાવી અને ઈશ્વરના હાથની વાત પણ સમજાવી.
" પાગ્યાલી ! હવે હું પશ્ચિમ દેશોમાં એવે રૂપે ઉભો થયો છું કે
" આસ્તિક અને નાસ્તિક સર્વ લોક મ્હારું સ્વરૂપ જોઈ શકે છે ને મ્હારી
" આજ્ઞા તે સર્વના હૃદયોમાં વર્ત્તે છે. સર્વ દેશના અનુભવનું માખણ
" વલોવી કૃષ્ણાઈ આ પરિણામ મ્હેં આણ્યું છે; ધર્મ આ દેશમાં જ

---

૧. Meanwhile the idea of a school should be borne in mind in every branch of the administration, civil and judicial, and especially in the foreign or political department. A British officer at an Asiatic court is often the one solitary representative of civilization and progress; and this feeble light ought to be fed, strengthened, and kept constantly burning like the fire of the Vestal virgins.

Tallboys Wheeler.

" સમાઈ બેસી રહેતો નથી એવું સિદ્ધ કરવા હું હીમાલયની પેલી
" પાર પ્રવાસે નીકળ્યો તેથી આ પરાક્રમ કરી શક્યો.

" પાંચ્યાલી! અરણ્યોમાં ને નગરોમાં, રંક લોકનાં ઝુંપડાંઓમાં ને
" રાજાઓના મહેલમાં, વીરલોકનાં અસ્ત્રોમાં અને વ્યાપારીઓના વ્યવ-
" હારમાં, મહાત્માઓનાં ચરિતમાં ને બાલકના વિનોદમાં, ત્યાગીના
" ત્યાગમાં ને કામીના ભોગમાં, હૃદયમાં તેમ જિવ્હા ઉપર, જ્ઞાનેન્દ્રિ-
" યોમાં તેમ કર્મેન્દ્રિયોમાં, પુરુષોમાં તેમ સ્ત્રીયોમાં, આસ્તિકોમાં તેમ
" નાસ્તિકોમાં, જ્યારે એવું ચારિત્ર્ય સ્ફુરે કે તેથી તેના ચરનારના
" સૂક્ષ્મ શરીરની સંસિદ્ધિ થાય, સમીપસ્થ દેશનું કલ્યાણ થાય, અને
" દૂરતમ લોકનું પણ અહિત ન થાયઃ—ત્યારે એ ચારિત્ર્યમાં તું મ્હારા
" શુદ્ધ સ્વરૂપને જોજે. આવા ચારિત્ર્યના પોષણથી વ્યક્તિની, દેશની,
" અને લોકમાત્રની સુવ્યવસ્થા છે. એ વ્યવસ્થાના ધર્મ ઈશ્વરને પો-
" તાની પૂજના કરતાં વધારે પ્રિય છે, અને પોતાની ભક્તિના કરતાં
" વધારે ઇષ્ટ છે. પોતાના સાક્ષાત્કાર કરતાં આ ધર્મમાં ઈશ્વર કોઈ
" રીતની ન્યૂનતા જોતા જ નથી, પણ પરમાત્માના સાક્ષાત્કારનું તેમ
" સાયુજ્યનું પ્રધાન લક્ષણ આ ધર્મના ઉદયથી જ ગોચર થાય છે.
" સર્વ દેશોમાં સર્વ કાળમાં થયલા સર્વ અવતારોના ઉપદેશમાંથી આ દોહન
" મ્હેં કઢાવ્યું છે. સર્વ ઉપનિષદોનું દોહન કરનારે જેને બ્રાહ્મી સ્થિતિ
" કહી હતી[1], જેને માટે પ્રસાદાત્મક નિસ્ત્રૈગુણ્ય વ્યવસાયાત્મક બુદ્ધિથી
" જ પર્યાપ્તિ છે[2], જેને માટે વેદવાદની પુષ્પિત વાણીને ગીતામાં ભગ-
" વાન્ પોતે અપર્યાપ્ત ગણે છે[3], જેને માટે એ ભગવાને પોતે બુદ્ધ થઈ
" વેદ અને બ્રાહ્મણોના અધર્મમાર્ગને દૂર કર્યા, જેને લીધે પશ્ચિમના
" લોક આજના સંસારમાં વ્યવસ્થાનું પોષણ કરી શકે છે, જેના
" યોગને "કર્મમાં કૌશલ" કહેલું છે[4]: એ જ ધર્મ મ્હારો આત્મા છે ને-
" એ જ આત્માના તેજથી મ્હારું આ બ્રાહ્મી સ્થિતિવાળું શરીર તું જુવે
" છે. એ ધર્મ જ્યારે તહારા બ્રાહ્મણો જોશે ત્યારે હું તહારી પાસે આવીશ,
" ને ત્યાં સુધી તો એ બ્રાહ્મ યુગને આણવાને સંસારચક્રને ફેરવનાર પ-
" રમાત્મા તહારી સંભાળ લેશે—અને તે પણ તું તે સંભાળની અધિ-
" કારિણી હઈશ તો!

" ક્ષત્રિયાણી! રખે તું તહારા અસહ્ય દુઃખથી ત્રાસી અકર્ત્તવ્ય કરતી!
" દુઃખથી તું ડરીશ નહી, ભયથી છળીશ નહી, સુખથી ફુલીશ નહી!

---

૧. ગીતા. ૨. ગીતા. ૩. ગીતા. ૪. ગીતા.

" સુખ, દુઃખ અને ભયની ત્રિપુટી પાસે તને સંસિદ્ધ કરાવે એવા ચમત્કાર
" કરનારી વીજળી તહારા સર્વાંગમાં ગૂઢ છે. તે કાળપરિપાકે આપણો યોગ
" કરાવશે ! અમર કુન્તીમાતા પ્રવાસે ન નીકળતાં તહારી પાસે અનેક યુ-
" ગથી બેઠાં છે તે તને અસ્તકાળે પણ ઉત્સાહ આપશે !"

" સૂક્ષ્મતમ યજ્ઞમાંથી ઉત્પન્ન થયલી રાજપુત્રી! પૂર્વે તને કહેલું હતું તે જ
" સ્વરૂપ આજ મહારું છે ! તે સ્મરણમાં આણી મહારી છાયાનું તહારા હૃદ-
" યમાં પોષણ કરજે ! હું ક્રિયાહીન શુષ્કજ્ઞાન નથી, જ્ઞાનહીન કર્મ નથી;
" નીતિહીન ભક્તિ નથી, કેવળ પરલોકવાચક ક્રિયા નથી, કેવળ ફલાન્વેષી
" નીતિ નથી; પૃથ્વીની માટી ને આકાશના જળ જેવાં ઐહિક આમુ-
" ત્રિક જ્ઞાનમાંથી પ્રકટ થયલા નીતિવૃક્ષ ઉપર હું પુષ્પ પેઠે ઉદય પામું છું,
" ને મહારી પાછળ ફળ પેઠે અર્જુનની ક્રિયા પ્રકટ થાય છે. એ ક્રિયાનું
" કારણરૂપ **કર્ત્તવ્યતાભાન** તે હું છું.

" I am Duty incarnate and, neither more, nor less!
" Born in this sacred land, fed and nourished with its
" best fruits, but self-developed and matured and en-
" lightened by travelling through the space and time
" outside our nativity ! Gone but to return when
" thou shalt shake off thy sleep and want me in the
" heart of thy heart! And not till then! Sleep on, my
" love, but hear the ditty I whispered in thy ears in
" the hour of our love, and dream of it !—dream
" on !—until it fills thy Soul !

" नाहं कर्मफलान्वेषी राजपुत्रि चराम्युत ।
" ददामि देयमित्येव यजे यष्टव्यमित्युत ॥
" अस्तु वात्र फलं मा वा कर्त्तव्यं पुरुषेण यत् ।
" गृहे वा वसता कृष्णे यथाशक्ति करोमि तत् ॥
" धर्म एव मनः कृष्णे स्वभावार्च्चैव मे धृतम् ।
" धर्मवाणिज्यको हीनो जघन्यो धर्मवादिनाम् ॥
" न धर्मफलमाप्नोति यो धर्मं दोग्धुमिच्छति ।
" यश्चैनं शङ्कते कृत्वा नास्तिक्यात्पापचेतनः ॥
" एते हि धर्ममेवाग्र्यं वर्णयन्ति सदानघे ।
" कर्त्तव्यममरप्रख्याः प्रत्यक्षागमबुद्धयः ॥ "

---

1 વનપર્વ.

આટલી વાણી વાયુરથની દોરીયોમાંથી નીકળી રહી તેની સાથે ધર્મરાજનું મુખ આકાશમાં ચન્દ્રની પેઠે અને ચન્દ્રની જોડે જ પાંચાલીના મુખચન્દ્ર ઉપર લટકી રહ્યું; આની સાથે ચારે દિશામાં બીજા ચારે ભાઈઓનાં મુખ પણ ચાર ચન્દ્ર જેવાં પ્રકાશવા લાગ્યાં ને સાતમું પાંચાલીનું પોતાનું મુખ આકાશ અને પૃથ્વીના મધ્ય ભાગે ચળકવા લાગ્યું: કુરુક્ષેત્રનો દેખાવ આ સર્વના સમાગમથી કંઈ નવીન દિવ્ય રમણીયતા ધરવા લાગ્યો. સાતે ચન્દ્રના શાંત પ્રકાશથી રાત્રિમાં અને પૃથ્વીમાં અપૂર્વ શાન્તિ પ્રસરી રહી. ચોપાસનો પવન શાંત થઈ ગયો. દૂરનો ત્રણ પાસનો મહાસાગર શાન્ત સરોવર જેવો થઈ આ સમૃદ્ધ આકાશનું પ્રતિબિમ્બ પોતાના આખા વિસ્તારમાં લેવા લાગ્યો. હનૂમાન પાંચાલીની એક પાસ હાથ જોડીને ઉભો ને અશ્વત્થામા પણ ડાહ્યો થઈ બીજી પાસ ઉભો, ને આકાશમાં સ્વર સંભળાવા લાગ્યો.

"પાણ્ડવો! ઉભા રહો ને ત્રિકાલદર્શી વ્યાસમુનિએ કાબે લુટેલા અર્જુનનું આશ્વાસન કરતી વેળા તમારી સંસિદ્ધિ દર્શાવી અર્જુનને કહ્યું હતું[1] કે "તમે ભાઈઓ હાલ સંસિદ્ધ થયાછો તો તમારે જવું જ ઉત્તમ છે, ને "પાછો કાળ આવશે ત્યારે અર્જુનનાં ગયેલાં અસ્ત્ર પોતાની મેળે એના "હાથમાં આવશે! આ સત્ય પડવાની વેળા ચાલી ચાલી આવેછે તે જુવો!"

આ સ્વર સાંભળતાં પલંગપર સુતી સુતી પાંચાલી હાથ જોડી હૃદયમાં સ્તવન કરવા લાગી અને વૃદ્ધ કુન્તી એને માથે અને છાતીએ હાથ ફેરવતી સામી દિશામાં જોવા લાગી ને આવેશથી, ઉત્સાહથી ને આનંદથી; ઉછળતી કૂદવા લાગી: "વત્સા! ઉઠ-ઉઠ-ને-આ આપણા પુણ્ય દૈવતની ઝાંખી કરી લે!

" કરથકી ગયાં શસ્ત્ર તો ભલે!
" ગૃહથકી જશે લક્ષ્મી તો ભલે!

---

૧. कृतकृत्यांश्च वो मन्ये संसिद्धान् कुरुपुङ्गव।
गमनं प्राप्तकालं च इदं श्रेयस्करं विभो ॥
एवं बुद्धिश्च तेजश्च प्रतिपत्तिश्च भारत।
भवन्ति भवकालेषु विपद्यन्ते विपर्यये ॥
कालो हि बलवान् भूत्वा पुनर्भवति दुर्बलः।
स एवेशश्च भूत्वा हि परैराज्ञाप्यते पुनः ॥
कृतकृत्यानि चास्त्राणि गतान्यद्य यथागतम्।
पुनरेष्यन्ति ते हस्तं यदा कालो भविष्यति ॥
महाभारत—मौसलपर्व.

" કુરુભૂમિ વૉંશે સર્વ તે વૃથા !
" સ્મરનૉં સારથિ શસ્ત્રહીન ત્યાં !
" મુક તું મોહને ! લે ઉમંગને !
" હરિ ચિરંજીવા ઓ જુવે તને !
" પટકુળો લઈ એ ઉભા હજી;
" ધર ચમત્કૃતિ મુદ્રિની નવી !"

એવામાં પૃથ્વી પર ચરણ મુક્યા વિના વાદળાંની જનમ ઉપર કોઈ ભવ્ય દિવ્ય દેવની મૂર્ત્તિ ચાલી આવતી જણાઈ. તેને જોતો જોતો સરસ્વતીચન્દ્ર કુમુદના કાનમાં ધીમે સ્વરે કહેવા લાગ્યો.

" કુમુદ ! સર્વ ચિરંજીવોના સૂત્રધાર ચિરંજીવ ભૃગુપતિ દયાળુ ગમ્ભીર વેશે આવે છે તેને હૃદયમાંથી પ્રણામ કરજે ! આપણી સર્વ નિરાશામાં આશા મુકવાનું સામર્થ્ય એક એ મહાત્મામાં જ છે!"

" We are now in the all-hallowing presence of that almighty Spirit of Harmony, whom Shelley hailed as the Life of Life ! પરમ જ્યોતિનો બ્રાહ્મણાવતાર તે આ જ ! "

પળ વારમાં પરશુરામની તેજોમયી મૂર્ત્તિ, સર્વ ચન્દ્રને ઉંચા કરતી પાંચ્યાલીની પાસે આવી અદ્ધર ઉભી; થોડી વાર પાંચ્યાલીની આંખો ઉપર અને કમ્પતા હૃદય ઉપર અમીદૃષ્ટિ કરી ઉભી રહી; અને અન્તે એના ધીર ગમ્ભીર અક્ષર—એના દાંતનાં કિરણ પેઠે—જગતમાં પ્રસરવા લાગ્યા.

"I am much more than all that, my little children!

" પાંચ્યાલી ! જે સર્વવ્યાપિ એક સત્ત્વ, આ દશે દિશાઓમાં વ્યાપતાં અને તરવરતાં અસંખ્ય બ્રહ્માણ્ડોમાં, રહ્યું છે તેની છાયા તારી પાસે ઉભેલી તું દેખે છે તેને—મને—જોઈને તું શાંત થા. જે અજર અમર શાશ્વત તેજોમય પટ જેવો પુરુષ અનંત કાળને વ્યાપીને સ્થાણુરૂપે ઉભો છે તેના તન્તુને તું અત્યારે સ્પર્શે છે. તું કોઈ રીતે ભીતિ રાખીશ નહીં ! આ દેશમાં ધર્મ પાછો આવશે ને તેની પાછળ તેના સર્વ બન્ધુઓ આવશે ! હું તેમની ગતિનો સૂત્રધાર તારા આશાતન્તુને ચુટતા અટકાવવા આ દિવ્ય મુહૂર્ત્તમાં તને પ્રત્યક્ષ થાઉં છું.

" હું ધર્મની આશા છું; ઋતનો સૂત્રધાર છું; સત્યનું સ્વરૂપ છું; અને " એ ત્રણેની અવસ્થાના માર્ગનું અધિષ્ઠાન છું. કુરુક્ષેત્રમાં જેણે અર્જુનનું

"સારથિપણું કર્યું હતું તેનો જ હું વૃદ્ધ અવતાર છું, ને અર્જુનના વાયુ-
"રથની ગતિ અને આ ચન્દ્રમાળાની વિભૂતિ તને દર્શાવવા આવ્યો છું.
"તહારા સ્વયંવરમાં અર્જુનનો સૂચક થનાર, કૌરવસભામાં તહારાં ચીર
"પુરનાર, અને પાણ્ડવોના વિજયનો સારથિ—તે હું જ હતો અને છું !
"માટે આશા ધર ! જેને આવી સૂક્ષ્મ સુન્દરતા અને આવું આયુષ્ય મ્હેં
"આપ્યાં છે તે મ્હારો પ્રસાદ નિષ્ફળ ન થાય માટે હું ચિરંજીવરૂપે આ
"ક્ષેત્રમાં અનેક યુગો થયાં વસું છું ! પાઞ્ચાલી ! આશાના ઉદયને
' પ્રત્યક્ષ કર !

" આ અશ્વત્થામાને જોઈ તું ગભરાઈશ નહી. કુરુક્ષેત્રમાં અનેક
" રણ–સંગ્રામ થયા છે, પણ મહાભારતના સંગ્રામોમાં જેવા વીરો હતા તેવા
" પાછળથી નથી આવ્યા. એ સંગ્રામમાં આ ક્ષેત્રનું પૈતામહક જ્યોતિ
" અસ્ત થયું તેને બાણશય્યા પર સુતેલું ગંગાએ જળવી રાખ્યું છે. એ
" સંગ્રામમાં બ્રાહ્મણોનું વીર્ય હારી ગયું ને એમનું તેજ ધ્વસ્ત થયું. પણ
" એ તેજનો કેવળ સર્વીજ નાશ થાય નહી માટે તેને ગાંડા ગાંડા પણ અ-
" શ્વત્થામાના મસ્તિકમાં રાખી એને ચિરંજીવ રાખેલો છે તે એટલા માટે કે
" અર્જુન ફરી અસ્ત્રને પ્રાપ્ત કરે ત્યારે "બ્રહ્મશિરોસ્ત્ર"નું જ્ઞાન આ ગાંડાના
" મસ્તિકમાંથી અર્જુનને મળે. અર્જુનનાં સર્વ અસ્ત્ર બળવાળાં છે, પણ
" બ્રાહ્મણના શિરમાંથી જે દિવ્ય અસ્ત્ર ફેંકાય છે તેની શક્તિ કોઈથી પ્રાપ્ત થાય
" એવી નથી માટે એ અસ્ત્ર અશ્વત્થામાના શિરમાં પ્રતિષ્ઠિત થયું છે ને આ
" યુગમાં કૌરવ વિનાનો અર્જુન ફરવાનો છે તેને આ અસ્ત્ર અપૂર્વ લાભ
" આપી શકે એમ છે. પાઞ્ચાલી ! ભૂતકાળમાં કૃષ્ણાવતારે શુદ્ધ કરેલા
" યુગની ને આવતા યુગની વચ્ચે પુરાણ પુલ પેઠે રાખેલા અશ્વત્થામાના
" મસ્તિકમાંથી અર્જુને લીધેલો મણિ એમાં અર્જુન જ પાછો મુકશે
" એટલે આ યુગનાં સત્ત્વોને પુરાણ યુગની સમૃદ્ધિ આપવા આના મ-
" સ્તિકમાં એનું પ્રાચીન તેજ આવશે, ને અર્જુન તેમાંથી બ્રહ્મશિરોસ્ત્રનું
" ગ્રહણ કરી લેશે. પાઞ્ચાલી ! જો જો ! જેને મ્હેં પ્રિય સખા ગણેલો તે
" અર્જુનના હાથમાં દિવ્ય મણિ લટકે છે ને તેનાં કિરણના બાહ્ય સ્પર્શથી
" જ અશ્વત્થામા સચેત થવા લાગે છે ! એ ચિરંજીવનું અન્ન આયુષ્ય બંધ
" થશે ને પ્રજ્ઞ આયુષ્ય થોડા કાળમાં સ્ફુરશે તે તહારું કલ્યાણ જ કરશે. કાળ
" આમ પાકવા લાગે છે અને આ ચિરંજીવને માટે મ્હેં કૃષ્ણાવતારમાં
" નિર્મેલાં ત્રણ સહસ્ત્ર વર્ષનું એની આ દશાનું આયુષ્ય પુરું થવા આવે છે!
" કૃષ્ણાવતારને કેટલાં વર્ષ થયાં? ત્રણ સહસ્ત્ર વર્ષ તે મનુષ્યનાં કે દેવોનાં

" કે બ્રહ્મહાનાં ? કપિલોકને પુછ. પૂર્વે કપિલોક અર્જુનના રથ ઉપર હતો તે
" આજ એની નીચે સૂત્રોથી લટકે છે–તે અર્જુનનું શુદ્ધ મુખ જોવાને
" સમર્થ થવા જેટલો ઉંચે ચહડશે ત્યારે આ વર્ષોનું ગણિત કપિલોક કરી
" શકશે ને તને કહી શકશે. પણ એ ભૂતકાળને મુકી વર્ત્તમાનને હું પ્રત્યક્ષ
" કરાવું છું તે તો તું જાતે જો ! પાંચ્યાલી ! એ ત્રણ સહસ્રવર્ષો પરિપાક પામી
" હવે પુરાં થાયછે તે તું જો ! પાંચ્યાલી ! જાગૃત થા ! પાંચ્યાલી ! આ
" કાલપરિપાકનું મંગળ મુહૂર્ત સમીપ છે તે તું જો ને ઉત્સાહિની થા ! ક્ષત્રિ-
" યોનાં શિરમાંથી નીકળતાં અસ્ત્રો કરતાં બ્રાહ્મણના શિરમાંથી નીકળતાં
" અસ્ત્રની પરાક્રમવિભૂતિ જુદી જ છે ! અનાર્યો એને ઈશ્વરે સૃજેલો
" માને છે બરા, પણ એ સૃષ્ટિનું રહસ્ય સમજવાની શક્તિ તેમનામાં આવી
" નથી; એ પણ આશ્ચર્યનો મર્મ છે. ગાંડા અને હત થયેલા બ્રહ્મશિર-
" માંથી જો આવાં અસ્ત્ર આટલા યુગ સુધી નીકળ્યાં છે તો તે જ શિર
" પાંડવને વશ, ડાહ્યું, સ્વસ્થ, ને પ્રસન્ન હોય તો તેમાંથી કેવાં કલ્યાણ-
" કારક અસ્ત્ર નીકળે ? પાંચ્યાલી ! આટલા યુગ સુધી તેં આને આપેલું
" સ્તન્યપાન નિષ્ફળ નહી જાય. પાંચ્યાલી ! હવે બ્રાહ્મયુગ પ્રવર્તવાનો છે
" ને તે કાળે આ બ્રહ્મશિરોસ્ત્રની વિભૂતિનો તને કલ્યાણકારક અનુભવ થશે.
" આ યુગમાં ક્ષત્રિયોનાં શસ્ત્ર અને અસ્ત્ર વિરામ પામશે ત્યારે માત્ર શુદ્ધ
" બ્રાહ્મણો જ યુગના પ્રવર્તાવનાર થશે. કપિલોકે તારાં અસ્ત્ર લેઈ લીધાં
" છે ત્યારથી એ ભાવી યુગના પગના ધબકારા થવા લાગ્યા છે અને
" કપિલોકના હાથમાં તારી પાસેથી લીધેલાં તો શું પણ તેમના
" પોતાના હાથમાં પોતે વસાવેલાં, અને મનુષ્યમાત્રના હાથમાં આજ
" દેખાતાં, શસ્ત્રાસ્ત્ર પણ વિરામ પામી જશે. એ યુગમાં તું કેવળ નિર્ભય
" થવાની છે. પણ તેની તને શ્રદ્ધા ન હોય, તારું સ્ત્રીનું હૃદય ભયની
" કલ્પનાથી આવી શ્રદ્ધા છતાં પણ ભાવી સંગ્રામના ભયથી કમ્પતું હોય,
" અથવા તારું ક્ષત્રિયાણીપણું તારા હૃદયને એવા સંગ્રામનો અભિલાષ
" કરાવતું હોય અને તે અભિલાષની સિદ્ધિનાં સાધનોમાં તારી ન્યૂનતાને
" લીધે નિઃશ્વાસ મુકતું હોય—આ સર્વમાંથી ગમે તે કારણથી બ્રાહ્મ
" યુગનો આવતો પવન તારા શરીરને સ્પર્શ ન કરતો હોય, તોપણ આ
" કુરુક્ષેત્રનું માહાત્મ્ય સ્મરણમાં આણી લે ને તેનાથી જ આશ્વાસન મળશે.

" રામાવતાર કરતાં પણ મ્હારો અવતાર જેમ પ્રાચીન છે તેમ બુદ્ધા-
" વતાર કરતાં પણ મ્હારું આયુષ્ય લાંબું પહોચ્યું છે ને હજી હું ચિરંજીવી
" રહીશ. તે સર્વ કાળમાં હું આ કુરુક્ષેત્રનું માહાત્મ્ય કથતો આવ્યો છું,

" જોતો આવ્યો છું, ને ન જોનારને પણ દેખાડતો આવ્યોછું. તું એ માહાત્મ્ય
" જાણે છે, પણ તેના સ્મરણનો જીર્ણોદ્ધાર કરવા ફરી કહી બતાવું છું. તું
" એ નહી જાણે તો કોણ જાણનાર સાંભળનાર હતું ?"

પાંચ્યાલી હાથ જોડી બેઠી થઈ ને સર્વ પાસના ચન્દ્ર અને તારાઓ, હનુમાન, અને અશ્વત્થામા, કાન માંડી સજ્જ થયાં. પરશુરામને બ્હમે પરશુની તીક્ષ્ણ ધાર સાત ચન્દ્રનાં કિરણમાં ચળકાટ મારવા લાગી ને બ્હમા પાસેના રામના મુખનો પ્રકાશ પણ તેના ઉપર એટલો બધો પડતો હતો કે પવનમાંના ભેજથી તેના ઉપર પડતો ડાઘ પણ સુકાયલા લોહી જેવો જણાતો હતો. કુરુક્ષેત્રના શિર ઉપર આવે સમયે રામનો ધીર વીર સ્વર કોઈ ગરુડ પેઠે રામની મુખગુફામાંથી નીકળી ક્રૌંચરન્ધ્ર સુધી સ્થિર ગતિથી જવા લાગ્યો,

" કુરુક્ષેત્ર ! આ પૃથ્વીના ગોળા ઉપર તું એકલું એક જ ધર્મક્ષેત્ર છે !
" તહારા યોગાનમાં સંગ્રામ થાય ત્યારે ધર્મરાજનો જ જય થવાનો ! યતો
" धर्मस्ततो जयः એ વાક્ય તહારે માટે સર્વથા સિદ્ધ છે ને વ્યાસમુનિએ
" તને ધર્મક્ષેત્ર કહેલું છે તે તર્કથી નથી આપ્યું, અભિમાનથી નથી
" આપ્યું, પણ તેમની યોગદૃષ્ટિમાં પ્રત્યક્ષ થયલા દર્શનને લીધે એમણે
" એ નામ આપ્યું છે. અધર્મીઓ ! કુરુક્ષેત્ર પ્રમાદ અને અધર્મને માટે
" નથી અને તેમાં જઈ યુદ્ધ માંડવાની છાતી ચલવતાં સાવધાન
" રહેજો ! આ ક્ષેત્રનું મૂળ પેલા ક્રૌંચ્યરન્ધ્રમાં છે ત્યાંથી કુરુક્ષેત્રની સિદ્ધ
" ભૂમિનો આરમ્ભ થાય છે. પેલા નિત્ય હિમના ઢગલાઓને રૂપે કવચ અને
" ટોપ પહેરી રાખનાર હિમાલયના કૈલાસશિખર આગળ દેવોનાં,
" બ્રાહ્મણોનાં, અને ક્ષત્રિયોનાં પરાક્રમની આદિ ભૂમિનો માર્ગ છે. એ
" માર્ગની આશપાશ આવાં કવચ અને ટોપ ધરનાર ઉંચાં ગિરિશૃંગ આવી
" રહ્યાં છે. એ શૃંગો વચ્ચે થઈને જે લાંબી ખીણ જેવો માર્ગ છે તેમાં
" થઈને દેવોનાં શરીર જેવા, બ્રાહ્મણની વિદ્યા જેવા, અને ક્ષત્રિયોનાં યશ
" જેવા, શ્વેત અતિશ્વેત રાજહંસો માનસ સરોવરમાં આવજાવ કરેછે,
" ને એ હંસના માર્ગથી જ માર્ગ શોધી છંદોદેવતાના આર્ય દ્રષ્ટાઓ અંહી
" આવ્યા છે; આ દેશના બ્રહ્મદેવ આ હંસોનું જ વાહન કરી ગાયત્રી
" ગાતાગાતા આ દ્રષ્ટાઓને રૂપે આવ્યા છે[1] તે કાળ આ દેશનો પ્ર-
" ભાતકાળ હતો અને બ્રહ્મદેવ ધર્મની સ્થાપના કરી આ શુચિ તી-

---

१. पूर्वाह्णे तु या सन्ध्या × × हंसस्कन्धसमारूढा
ब्रह्मदेवता गायत्री छंदसां माता (इत्यादि० प्रातःसन्ध्योपासने)

" ર્ધમાં શુભ નક્ષત્રમાં આવ્યા ત્યારથી આ ધર્મક્ષેત્ર બંધાયું. તે પછી
" ક્ષત્રિયોને નિયમમાં આણવા મ્હેં અવતાર લીધો ત્યારે પણ આ
" ખીણ પાસેનાં શૃંગોમાં મ્હેં મ્હારા બ્રાહ્મણાવતારનું પરાક્રમ દર્શાવ્યું.
" દેવોના સેનાપતિ કાર્ત્તિક સ્વામીને હંફાવી આ સામું શિખર ભેદી
" ભીની માટી જેવું મ્હેં કરી નાંખ્યું![1] ક્રૌંચ્યગિરિમાં એ મ્હોટું છિદ્ર પડ્યું
" ત્યાંથી તે પછી હંસોનો માર્ગ થયો ને બ્રાહ્મણના પરાક્રમથી બ્રહ્મા-
" વર્ત્તની બ્રાહ્મી સ્થિતિને યોગ્ય નવી તપોભૂમિમાં બ્રાહ્મણાવતારના
" યશનો ક્ષીરસાગર ઉભો થયો ! એ ક્રૌંચ્યરન્ધ્રની નીચેથી તે આણી
" પાસ આ બ્રહ્માવર્ત્ત દેશ થયો. આ સ્થાનમાં પરમ પુરુષનું વિષ્ણુત્વ
" વધારે છે કે રુદ્રત્વ, સંસારનું સંરક્ષકત્વ વધારે છે કે સંહારકત્વ, તે જ-
" ગતને દર્શાવવાને માટે વૈષ્ણવ ધનુષ્યનું અને શિવના ત્ર્યમ્બક ધનુષ્યનું
" સામાસામી બળ અજમાવ્યું ને વૈષ્ણવ ધનુષ્યનું બળ વધારે નીવડ્યું![2]
" પાર્ષ્ણાલી ! આ ક્ષેત્રમાં શિવજી જગતનો સંહાર વધારે કરે છે કે વિષ્ણુ
" સંસારનું રક્ષણ વધારે કરે છે તેની આમ પ્રથમથી તુલના થઈ છે ને
" તેમાં અન્તે સિદ્ધ થયું છે કે આ ક્ષેત્રમાં સંહારને અન્તે ધર્મપક્ષનું
" રક્ષણ થયું છે ને થવાનું ! આ બ્રહ્માવર્ત્તમાં આ ધર્મક્ષેત્રનાં નામ પ્રત્યગ્-
" દર્શી બ્રાહ્મણોએ મૂળથી આમ યથાર્થ પાડેલાં છે. તમ્હારા આદિ
" યુગમાં આ ક્ષેત્ર, ક્ષત્રિયોનો ઘોર સંહાર કરી, ધર્મનું સંરક્ષણ કરી,
" શાંત થયું છે તે તેં દીઠેલું છે ! આ બ્રાહ્મી સ્થિતિનું રક્ષક
" બ્રહ્માવર્ત્ત[3], અને આ તેમાંનું ધર્મક્ષેત્ર–કુરુક્ષેત્ર–હજી એવું ને એવું છે ને

---

૧. प्रालेयाद्रेरुपतटमतिक्रम्य तांस्तान् विशेषान्
हंसद्वारं भृगुपतियशोवर्त्म यत्क्रौञ्चरन्ध्रम्
तेनोदीचीं दिशमनुसरेस्तिर्यगायामशोभी
× × × × × × ×
गन्ता चोर्ध्वं दशमुखभुजोच्छ्वासितप्रस्थसन्धेः
कैलासस्य त्रिदशवनितादर्पणस्यातिथिः स्याः ॥
મેઘદૂત. (એના ઉપર મલ્લિનાથની ટીકામાં પ્રથમ પંક્તિઓની આખ્યા-યિકા આપી છે).

૨. રામાયણ.

૩. ब्रह्मावर्त्तं जनपदमथ च्छायया गाहमानः
क्षेत्रं क्षत्रप्रधनपिशुनं कौरवं तद्भजेथाः ।
राजन्यानां सितशरशतैर्यत्र गाण्डीवधन्वा
धारापातैस्त्वमिव कमलान्यभ्यवर्षन् मुखानि ॥
મેઘદૂત.

" એની પરીક્ષા કરી જોનારને એવા જ ચમત્કાર દર્શાવે છે! તહારા કાળના
" સંહારની સંજ્ઞાઓ છેક કાલિદાસના કાળમાં પણ જણાતી ગણાતી હતી![1]
" બ્રાહ્મીસ્થિતિનું અને ધર્મનું પોષણ કરનાર આ સ્થાનમાં આર્ય
" અનાર્યનો ભેદ નથી, કહેવાતા બ્રાહ્મણ ક્ષત્રિયનો ભેદ નથી, દેવદાનવનો
" ભેદ નથી! એમાં બે વાનાં જ થાય છે—અધર્મનો ધ્વંસ થાય છે, અને
" પરિણામે ધર્મનો—અને અર્જુનની પાસે મેં જ કહેલી બ્રાહ્મી સ્થિ-
" તિનો—ઉદ્ભવ અને જય થાય છે ને તેથી નવા યુગનો આરમ્ભ થાય છે.
" પાણ્ડવોએ નવો ધર્મ-યુગ બેસાડ્યો ને યુધિષ્ઠિરનો શક ચાલ્યો.
" તે પછી ઘણે કાળે વિદ્વાન્ અને ધર્મિષ્ઠ બાબર બાદશાહે આ સ્થા-
" નમાં કૌરવ પેઠે ઉભા થયલા લોદી રાજાઓનો પરાભવ કર્યો ને
" તેના પુત્રે પણ એજ ક્ષેત્રમાં જય મેળવ્યો! મ્લેચ્છ દૈત્યોનો પરાભવ
" મ્લેચ્છરૂપે દેવોએ આ સ્થાનમાં કર્યો! બાબર અને અકબરના ઉદયકાળે
" ને તેમના શત્રુઓને સંહારે આ ધર્મક્ષેત્રનો ચમત્કાર દેખાડ્યો! પાંચાલી!
" આ રાજાઓ ધર્મના જ અવતાર હતા ને મ્લેચ્છો છતાં બ્રાહ્મી સ્થિ-
" તિને માર્ગે ચહડતા હતા. પાંચાલી! તહારું કલ્યાણ તે જ
" કુરુક્ષેત્રમાંનો ધર્મ સમજવો ને આ રાજાઓ એ ધર્મને માર્ગે હતા.[2]

" એક કાળ એવો આવ્યો કે બ્રાહ્મણનામ ધરનાર રાજાઓ આ
" સ્થાન સુધી દક્ષિણમાંથી ચહડી આવ્યા. તેમના નાયકને દક્ષિણ-
" દેશમાં જય અને વિભૂતિ મળ્યાં હતાં અને અહંકારથી તેણે મહારું
" નામ ધારવા માંડ્યું. એ બ્રાહ્મણ નાયક ગમે તો આ ક્ષેત્રનું માહાત્મ્ય
" ભુલી ગયો ને ગમે તો પોતાનો અધર્મ-પક્ષ સમજી શક્યો નહી.
" શિવાજીના વંશરૂપ ધર્મવૃક્ષને અકારણ છેદનાર કૃતઘ્ન અને સ્વામિદ્રોહી
" રાજના એ વંશજે, કૃષ્ણાવતારનું સુદર્શન લેવાને અશ્વત્થામાએ રા-
" ખેલા દુષ્ટ અભિલાષ જેવો અભિલાષ, આ ધર્મક્ષેત્રમાં, રાખ્યો ને મહારે નામે
" બોળાવવા લાગ્યો. દુર્યોધનની નીતિ પાળનાર રાજના આ સેનાપતિને

---

૧. પાછલા પદટિપ્પણના શ્લોકમાં કુરુક્ષેત્રને क्षत्रप्रधनपिशुन કહ્યું છે તેનો અર્થ કરતાં મલ્લિનાથ કહે છે કે—अद्यापि शिरःकपालादि मत्तया कुरु-पाण्डवयुद्धसूचकम्—" હજી સુધી ત્યાં મરેલાઓનાં માથાં ને કપાલ વગેરે જડી આવેછે તેથી કુરુ-પાંડવના યુદ્ધનું આ ક્ષેત્ર સૂચક થાય છે. કાળિદાસ કવિ કાશ્મીરમાં કોઈ રાજના " Viceroy " " સુબા " ના કામ ઉપર હતો એમ કોઈની સૂચના છે.

2. Baber was the founder of a line of kings under whom India rose to the highest pitch of prosperity : *Elphinstone.*

" આ વેળાએ કુરુક્ષેત્રે નવો જ ચમત્કાર દર્શાવ્યો. જેને તેણે જય આપ્યો
" તે રાજા કંઈ ધર્મી નહતો પણ તેણે તહારા સ્વામિત્વનો દુરભિલાષ રાખ્યો
" ન હતો. જય મળ્યો અને મ્હારા નામધારીની સેનામાંની સ્ત્રીઓને
" લેઈ તે ચાલ્યો ગયો. જે લોકને માટે એ રાજા લહ્યો તે અધર્મી હતા.
" જેની સામે એ લહ્યો તે અધર્મી હતા. એ ઉભય અધર્મીયોનો આ
" ક્ષેત્રે સંહાર કર્યો. તપાવેલા વાસણને અજાણતાં કોઈ અડકે ને દાઝી
" એસે તેમ આ ઉભય અધર્મપક્ષ કુરુક્ષેત્રમાં લહવા ગયા તેવા જ તેના
" અંતર્ગૂઢ અગ્નિથી દાઝ્યા ને બળી મુવા[1] ! કુરુક્ષેત્રે ઉભય અધર્મીયોનો
" ધ્વંસ કર્યો ત્યારે કીયા ધર્મનો ઉદય કર્યો? પાંચાલી ! જાગૃત થા ! સ્મરણ
" શક્તિને સચેત કર ! મ્હારા અવતારનો દમ્ભ કરનાર બ્રાહ્મણનો કુરુક્ષેત્રે
" ભોગ લીધો અને મ્હારા ધર્મને પાળનાર મ્હોટા માધવરાવને આ દમ્ભી
" જનના રાજ્યકુળમાં મ્હેં રાજપદ આપ્યું. પણ પ્રજ્ઞનાં પુણ્યરાશિના
" ક્ષયથી એ પરાક્રમી બ્રાહ્મણનું સદાયુષ્ય એ સ્વામીદ્રોહી વંશમાં ટકયું
" નહી. કુરુક્ષેત્રે એ વંશને દેખાડવા માંડેલા ચમત્કાર આ બ્રાહ્મણના તેજ
" આગળ શાંત રહ્યા હતા, તે એના આયુષ્યની સમાપ્તિપછી બમણા જોરથી
" એ વંશમાં ફાલવા લાગ્યા.[2] વળી ઉભય અધર્મી પક્ષના રુધિરવર્ષથી કુ-
" રુક્ષેત્રમાં ધર્મઉદયનાં બીજ રોપાયાં, અને તેમાંથી ઉગેલા વૃક્ષોને આવેલાં
" ફળને સાગરમાર્ગે આવેલા કપિલોકે એ વૃક્ષો ઉપર ચઢી લેઈ લીધાં !
" પાંચાલી ! કુરુક્ષેત્રે અધર્મીયોનો મૂળસહિત નાશ કર્યો અને દૂર ઉભેલા
" ધર્મીઓને—અયસ્કાન્ત—લોહચુંબક—જેવી શક્તિથી—આકર્ષી લીધા[3]!

---

1. Never was a defeat more complete, and never was there a defeat which diffused so much consternation. Grief and despondency spread over the whole Mahratha people ; most had to mourn relations and all felt the destruction of the army as a death-blow to their national greatness . The government of the Peishwas never regained its vigour . . . The confederacy of the Mahomedans, too, dissolved on the cessation of their common danger. Ahmedshah returned home without attempting to profit by his victory, and never afterwards took any share in the affairs of India.

Elphinstone's History of India.

2. The plains of Panipat were not more fatal to the Mahratha empire than the early end of this excellent prince : *Grant Duff.*

3. The actors in the last transactions having left the stage, the history of the Moghul empire here closes itself. Its territory is broken into separate States ; the capital is deserted ; the claimant to the name of emperor is an exile and a dependent ; while a new race of conquerors has already commenced its career which may again unite the empire under better auspices than before.

Elphinstone's History of India on the results of the battle of Panipat.

" ત્ર્યમ્બકાસ્ત્રે કુરુક્ષેત્રમાં ઘોર સંહાર કર્યો, ને વૈષ્ણવાસ્ત્રે અતિબળ કરી
" નવા ધર્મને આકર્ષી આણ્યો ! પશ્ચિમના વિદ્વાનોએ ઘણા શોધનથી
" જાણ્યું છે કે રાજાઓના, રાજ્યોના, અને પ્રજાઓના ઉત્કર્ષની જ-
" ન્મપત્રિકા જોવી હોય તો તેમાં ધર્મનો ગ્રહ કીયા સ્થાનમાં છે તે
" જોવું.[1] પાંચાલી ! તહારા દીર્ઘદર્શી યશસ્વી શ્વશુર પાણ્ડુરાજાએ સિ-
" દ્ધસંસ્કારથી આ રહસ્ય જાણી લીધું ને ધર્મને જ્યેષ્ઠપુત્રને સ્થાને માગ્યો
" ને કુરુક્ષેત્રના એ રાજાએ આ પોતાના મહાક્ષેત્રનો પ્રતાપ સમજી એ
" પ્રતાપ સાચવવાનો અભિલાષ રાખ્યો, ત્યારે અન્ધ ધૃતરાષ્ટ્રે એથી
" ઉલટી નીતિ સ્વીકારી પોતાની અન્ધતાને યથાર્થ કરી.

" પાંચાલી! કપિલોકની તને ભીતિ લાગતી હોય તો કુરુક્ષેત્રનું આટલું
" રહસ્ય અને સામર્થ્ય ભુલીશ નહી. વગરશસ્ત્રે વગરઅસ્ત્રે ધર્મબીજનાં
" ફળ કપિલોકના હાથમાં ગયાં તે આ ક્ષેત્રની શક્તિથી ને
" કપિલોકમાં પ્રતિષ્ઠિત થતા ધર્મના બળથી અને અર્જુનના
" ચાતુર્યથી ! એ ધર્મ તે તહારાં દેહેરાંઓમાં ને મન્દિરોમાંનો નથી—એ
" દેહેરાંમન્દિરમાંનો ધર્મ પાટણના સોમનાથને કામમાં લાગ્યો નથી
" ને પવિત્ર કાશીના વિશ્વનાથને પણ કામ લાગ્યો નથી. તહારા
" જ્યેષ્ઠ સ્વામી ધર્મરાજાએ તને એ ધર્મનું સ્વરૂપ સમજાવ્યું છે, ને કુરુક્ષેત્રે
" તને પ્રત્યક્ષ દેખાડી આપ્યું છે કે લોક—કલ્યાણને માટે પ્રકટ થતા
" સનાતન ધર્મનો માર્ગ એ જ આ ધર્મક્ષેત્રનો એક જ ધર્મ છે. અને
" એ જ ધર્મના ઉદયવડે આ ક્ષેત્રે વેળોવેળ તહારું કલ્યાણ રચેલું છે.
" તો પછી તું કપિલોકથી બીહેછે શા માટે ? તું જોતી નથી કે ત્રૈલોક્ય-
" રત્નની પેલી પાસ ઋક્ષલોક બેહા છે ? રામાવતારમાં અધર્મ સામે
" ધર્મનું પ્રયાણ થયું હતું તે કાળે જેવા કપિલોક ધર્મપક્ષમાં હતા
" તેવા જ ઋક્ષલોક પણ તેમની સાથે હતા. આ યુગમાં આ શૈ-
" લાધિરાજ હિમગિરિની બે પાસનો પ્રદેશ કપિલોક ને ઋક્ષલોક વહેંચી
" લેઈને ભોગવે છે અને કપિલોક તેની દક્ષિણમાં છે તો ઋક્ષલોક
" ઉત્તરમાં છે. કપિલોક વા-નરલોક છે, તહારા નરલોકથી જુદા છતાં નરધર્મમાં
" મળતા છે ને ચતુરતામાં ને વ્યવસ્થામાં વધતા છે. ઋક્ષ લોક કહોર છે
" અને નરધર્મમાં ઘણા પશ્ચાત્ છે, પણ તેમણે બેટેલા પ્રદેશમાં તેમના
" જેવાં જ અન્ય પ્રાણીયો વસે છે તેમાં તે શ્રેષ્ઠ છે. રામાવતારમાં કપિ
" અને ઋક્ષ, ધર્મના એક રથના, બે અશ્વ હતા. આજના કાળમાં તેમના

---

૧ પ્રકરણ ૩૪ ની છેલી ઇંગ્રેજી footnote. ૨ રીંછ.

" વર્ણભેદને ને ચાતુર્યભેદને લીધે તેઓ જુદા જુદા વસે છે. તેઓ પર
" પર મિત્ર છે કે શત્રુ છે તે વીશે તેઓ સંશયમાં છે ને આ અવિશ્વા
" સના યુગનું બળ તેમને શંકિત રાખે છે. સંહારકાળ અવિશ્વાસમાંથ
" જ ઉભો થાય છે, અને ઋક્ષ અને કપિની વચ્ચે પણ પેલું ગૌચરન્ત
" અને આ કુરુક્ષેત્ર જ છે. જે આમનો અવિશ્વાસ એમને શિર સંગ્રામ
" કાળ જ આણશે તો આ ધર્મક્ષેત્રમાં તેમણે ઉતરવાનું છે અ
" એમાં જ એમણે તોળાવાનું છે પાંચાલી! ગૌચરન્ત્ર, બ્રહ્માવર્ત, અ
" કુરુક્ષેત્રનાં યુદ્ધોમાં ધર્મના અને બ્રાહ્મી દશાના જ ઉદય થાય છે, ત્હા
" સ્વામીના જ રથો આ સ્થાનોમાં વિજયી થાય છે, અને મહારાષ્ટ્ર
" બ્રાહ્મણોને ને મુસલ્માનોને તેમાં તોળીને તેમાં ન લ્હડનાર દૂર ઉભેલ
" કપિલોકને આ ક્ષેત્રે લાભ આપ્યો અને એકવાર તટસ્થતાથી ત્હા
" કલ્યાણ થયું, તેમ જ આ ક્ષેત્રમાંના જ્વાળામુખીને જગવાને
" વારો આવશે તો શસ્ત્રહીન દશામાં પણ ત્હારું તો કલ્યાણ જ
" થશે અને તે કાળે જ્ઞાત કે અજ્ઞાત જે પક્ષમાં ધર્મ હશે
" તેનો જ ઉદ્ધાર થશે. તે કાળે કપિલોક ડાહ્યા થયા હશે અ
" ત્હારી પ્રજ્ઞનો વિશ્વાસ કરવાનો ધર્મ શીખ્યા હશે તો એ
" લોક જતે ત્હારા પુત્રોને અસ્ત્રવિદ્યા શીખવશે અને તેમન
" ધર્મપક્ષમાં રહી તેમના શત્રુ સામે ત્હારા પુત્ર વિજયી થશે. જે
" આટલે સુધી કપિલોક અવિશ્વાસના યુગને તોડી નહી શક્યા હોય
" તો, પાંચાલી, ત્હારા હૃદયમાંના ધર્મને જ તું વળગી રહેજે, કુરુ
" ક્ષેત્રના જ્વાળામુખથી કપિલોક તને જેટલી દૂર રાખે તેટલી દૂર પ્રસ
" જતાથી રહેજે, અને એ ધર્મક્ષેત્રને પોતાનું કર્ત્તવ્ય જે માર્ગે લેવ
" હોય તે માર્ગે લેવા જ દેજે! ત્હારું તેણે કદી અકલ્યાણ કર્યું નથ
" ને કરનાર પણ નથી.

" ત્હારા હૃદયના આશ્વાસન માટે આટલી કથા પર્યાપ્ત છે, પણ
" ત્હારી જિજ્ઞાસાની તૃપ્તિને માટે વિશેષ જાણવાનું તે પણ તું જાણ
" લે અને જે આત્મયુગનો પવન વાય છે તેનાં કારણ, સ્વરૂપ, અને
" ફળ પણ જાણી લે.

" આર્યલોક હિમાચલની પેલી પાસ રહેતા ત્યારે તેમના રક્ષણને
" માટે ઈશ્વરે વિષ્ણુરૂપે પોતે પ્રથમ ચાર અવતાર લીધા હતા અને
" પશુકર્મ કરનાર અસુરોને માટે તેમના જેવા અવતાર લીધા હતા.
" આર્યો આ દેશમાં આવ્યા તે પછી પ્રથમ બે અવતાર, વામનરૂ

" અને મહારો, થયા તે બે બ્રાહ્મણના અવતાર થયા. એ બે અવતા-
" રનાં પરાક્રમના પ્રદેશ ક્રૌંચરન્ધ્ર પાસે હતા. એક અવતાર જ્ઞા-
" નની અને દેવોની વ્યવસ્થા કરવા થયો, ને બીજો જે મહારો
" અવતાર તે ક્ષત્રિયોની ને બ્રાહ્મણોની વ્યવસ્થા કરવા થયો. ક્ષત્રિ-
" યોનો સંહાર મેં ક્ષત્રિયોનાં શસ્ત્રથી કર્યો ને બ્રાહ્મણોને પૃથ્વી સોંપી
" હું નિવૃત્ત થયો. પાઞ્ચાલી! બ્રાહ્મયુગ રચવા માટે વિષ્ણુનું આ પ્રથમ
" પગથીયું હતું. વામન-અવતારમાં મેં બ્રાહ્મણ બ્રહ્મત્વથી કેટલું
" લેઈ શકે તે દેખાડ્યું; મહારા અવતારમાં બ્રાહ્મણ ક્ષત્રિયત્વથી કેટલું
" લેઈ શકે તે દેખાડ્યું. બ્રાહ્મણોને મેં પૃથ્વી સમગ્ર આપી તેનો
" એમણે ત્યાગ કરી દીધો: વિષ્ણુએ આપેલું નિષ્કંટક સામ્રાજ્ય પણ
" પાસે રાખવાની નિર્ધન બ્રાહ્મણોએ ના પાડી. એ જ એમણે બ્રાહ્મી
" વિભૂતિ દેખાડી, એ જ એમણે તૃપ્તિ દેખાડી; એમની વિભૂતિ અને
" તૃપ્તિનાં દર્શન કરાવી મેં જગતને પવિત્ર અને શાન્ત કર્યું. દર્પવાળા
" ક્ષત્રિયોને મેં દમ્યા; તેમનું દમન થયા પછી તેઓએ ક્ષાત્ર તેજ
" ખોઈ દીધું તેનો ઉદ્ધાર કરવાને રામાવતાર થયો ને તે કાળે એ બે
" વર્ગની વિભૂતિની વ્યવસ્થા થઈ. વિશ્વામિત્રના અસ્ત્રબોધથી, વસિષ્ઠના
" જ્ઞાનબોધથી, ત્ર્યમ્બક અને વૈષ્ણવાસ્ત્રના સરખા શમનથી; મહારા
" જેવા બ્રાહ્મણ ને વાલી જેવા વાનર ને રાવણ જેવા રાક્ષસ-બેસહુના
" દમનથી, આ દેશના સર્વ વર્ગની રામચંદ્રે વ્યવસ્થા કરી. બ્રાહ્મણોનાં
" અને ક્ષત્રિયોનાં અસ્ત્રોથી સંસારની જે વ્યવસ્થા થાય તે મેં અને
" રામચન્દ્રે મળીને કરી દીધી. તે પછી વ્યવસ્થા જાતે કરવામાંથી
" હું નિવૃત્ત થયો; કૃષ્ણાવતારમાં અસ્ત્ર ઝાલ્યાવિના મેં પા-
" ણ્ડવોનું માત્ર સારથિપણું કર્યું. એ અવતારમાં રાજનીતિ અને
" રાજ્યનીતિનો તેમ અહંકાર અને નિરહંકારના, ભેદ જગતનો
" સૂત્રધાર કેવા અધિકારથી થાય છે તે મેં ક્ષત્રિયોને પ્રત્યક્ષ રચી
" બતાવ્યું.—એ અવતારમાં મેં પાણ્ડવોને ઉત્પન્ન કર્યા, ઉપદેશ
" આપ્યો, સામર્થ્ય આપ્યું, અને એ યુગનું કાર્ય તેમની પાસે કરાવી, તેમને
" આ જ ક્રૌંચરન્ધ્રને અને પેલા પશ્ચિમ સમુદ્રને માર્ગે પ્રવાસે મોકલ્યા.
" પાણ્ડવો દેવ ન હતા પણ દેવોના પુત્ર હતા, ક્ષત્રિયના પુત્ર ન હતા
" પણ ક્ષત્રિયના દાયાદ હતા; મનુષ્ય ન હતા પણ માનુષી આર્યોના જા-
" ત પુત્ર હતા; એ બ્રહ્માની સૃષ્ટિનાં સત્ત્વ ન હતા પણ બ્રહ્મા-
" ની પોતાની પેઠે નવી સૃષ્ટિના સ્રષ્ટારૂપે પ્રકટ થયા હતા. પાઞ્ચાલી એમનું

" યુદ્ધ સ્વરૂપ તું જાણે છે. કૃષ્ણાવતારમાં તે મહાત્માઓએ એક પાસેથી
" પિતામહ અને દુર્યોધન જેવા ક્ષત્રિયોની તો બીજી પાસથી દ્રોણ અને
" અશ્વત્થામા જેવા બ્રાહ્મણોની ઉગ્ર વ્યવસ્થા કરી દીધી હતી, અને એ
" બે વર્ણ ઉત્તમ રીતે ન વર્તે તો કોણે તેમનું પદ લેવું એ બતાવ્યું.

" કૃષ્ણાવતાર કેવળ યોગી ન હતો; એ યોગ બ્રાહ્મણ અને ક્ષત્રિયોના
" વ્યવહારને ઉદ્દેશીને સંસારને પરિપાક આપતો હતો; કૃષ્ણાવતારે પાણ્ડ-
" વોને માટે યુદ્ધ નથી કર્યું પણ તેમને માટે સારથિપણું કર્યું અને તેમને
" ત્યાગ તો કરવો પડ્યો નથી જ. એ સારથિપણામાંથી પણ મુક્ત રહીને, એ
" ત્યાગ સંપૂર્ણ કળાથી કરીને, કેવળ યોગને બળે, કેવળ ઉપદેશને બળે,
" બુદ્ધાવતારે નવો યુગ પ્રવર્ત્તાવ્યો. બ્રાહ્મણો અને ક્ષત્રિયો ઉભય દુષ્ટ થાય
" ત્યારે સંસારની વ્યવસ્થા કેવી રાખવી તે બુદ્ધાવતારમાં મેં દર્શાવ્યું. બ્રાહ્મ-
" ણો અને ક્ષત્રિયો જેવા અવચ્છિન્ન વર્ગોને મુકીને અનવચ્છિન્ન મનુષ્યજાતિ
" અને ભૂતમાત્રની વ્યવસ્થા એ અવતારમાં મેં કરી. બ્રાહ્મણનામ ધારનાર
" પણ અબ્રાહ્મણ હૃદયવાળા ખોટા બ્રાહ્મણોનો પરાભવ કરવા અને સર્વભૂતા-
" ત્મક સર્વવ્યાપી કેવળ બ્રાહ્મણ હૃદયના વિજયની વ્યવસ્થાઓ મેં એ
" અવતારમાં ઉભી કરી દીધી, ને બોધિસત્વોના હૃદયનાં બ્રહ્મતેજ પ્રભા-
" તના સૌમ્ય સૂર્યપ્રકાશ પેઠે ફાટવા લાગ્યાં. પાંચાલી ! તમારા આ હે-
" તુમાંથી મેં તે કાર્ય કર્યું. એ વ્યવસ્થા બ્રહ્માવર્તના[1] ક્રૌંચરન્ધ્ર ભાણીથી
" અને બીજી પાસની બ્રહ્મપુત્રાનાં બ્રહ્મદેશમાં થઈને ત્રિવષ્ટિપમાં અને
" ચીનમાં ગઈ અને સાગરને પણ તરી પેલે પાર ગઈ. પશ્ચિમમાં ગયેલા
" આર્યોએ અને તેમને માટે થયેલા અવતારે આ વ્યવસ્થાનો વ્યવહારિક
" ભાગ એ ખંડમાં સંસિદ્ધ કર્યો.

" આમ સર્વ અવતારો પોતપોતાના યુગનું કાર્ય કરી ગયા. હવે એ સર્વ
" યુગનાં કાર્ય એકઠાં કરી સર્વ અવતારનું કાર્ય એક અવતારે કરવાનું;
" તે કરવાને હું ચિરંજીવ રહેલો છું. હવે વર્ણાચારના વિરોધનું બીજ નષ્ટ
" કરી દેવામાં આવશે. બુદ્ધાવતારે આ દેશમાં સર્વ વર્ણને એકાકાર કરી
" અધર્મ અને દુઃખમાંથી મનુષ્યમાત્રને નિર્વાણ આપ્યું અને હુણસ્રે
" પશ્ચિમ દેશમાં પણ તે કાર્ય કર્યું. તે છતાં વર્ણાચારના વિરોધ
" રહ્યા છે ને વધ્યા છે. આ દેશમાં અશ્વત્થ પેઠે વધી રહ્યા છે;
" તે અશ્વત્થામાને પ્રતાપે. પશ્ચિમ દેશોમાં રહેલા છે તે દુર્યોધનની
" નીતિને બળે પ્રકટ થતાં અટક્યાં છે, પણ એ નીતિને ક્રુજ્જવ:

---

૧. ત્રિવિષ્ટપ = તીબેટ. ૨. અશ્વ-ત્થ = વડ.

" ભીમપુત્ર ઘટોત્કચની રાક્ષસી માયા ત્યાં જનમ્યા માંડી છે. તે માયા,
" કોઈ શ્યામ દૈત્યની ઘોર છાયા પેઠે, ક્ષણે ક્ષણે પૃથ્વીમાંથી નીકળે
" છે ને દુર્યોધનના મુકુટને ધક્કા મારે છે અને કર્ણ જેવા સૂર્યપુત્રનાં
" અસ્ત્રને નિષ્ફળ કરવા પૃથ્વીનું તળ ફોડી ઉંચી આવે છે.—એને એ
" લોક Nihilism વગેરે નામથી ઓળખે છે. દુર્યોધને ત્યાં અક્ષૌ-
" હિણી સેનાઓ ઉભી કરી દુઃશાસનને સોંપી છે તેને ભ્રમિત કરવા આ
" ભીમપુત્રની માયા-છાયા દિવસે દિવસે વધે છે !

" પાંચ્યાલી ! બુદ્ધાવતારે મનુષ્યજાતિને માત્ર આવાં દુઃખમાંથી
" મોક્ષ પ્રાપ્ત કરતાં શીખવ્યો તે નિર્વાણ કહેવાયું. હું હવે એ જાતિને
" વધારે સિદ્ધ કરી કલ્યાણરૂપ ઉત્કર્ષ આપીશ,—આનન્દમય ઉદ્ધાર
" આપીશ. બુદ્ધાવતારમાં મ્હેં બ્રાહ્મણના હૃદયને દિગ્વિજય કરવા ચરતું
" મુકયું હતું; હવે હું બ્રાહ્મણની બુદ્ધિ પાસે દિગ્વિજય કરાવીશ, અને એ
" બુદ્ધિએ રચેલાં યજ્ઞોપવીત—હૃદયહાર નહી પણ હૃદયની માંહ્ય–ધર-
" નારા બ્રાહ્મણો અનેક દેશે અનેક વેશે આ સંસારનું સામ્રાજ્ય કરશે ને
" પાણ્ડવરૂપ પંચ્યાગ્નિની સાધના કરશે ! હવે મનુષ્યમાત્ર ચાતુર્વર્ણ્ય પા-
" ળશે; શરીરમાં, ધૈર્યમાં, અને શૌર્યમાં ક્ષત્રિય થશે; દક્ષતામાં અને વ્ય-
" વહારમાં વૈશ્ય થશે; લોકસેવામાં શૂદ્ર થશે; અને મનોવૃત્તિમાં, વિકારહી-
" નતામાં, નિરહંકારમાં, વિદ્યામાં, બુદ્ધિમાં, તપમાં, આર્યતામાં, અને
" તેજમાં બ્રાહ્મણ થશે. હવે મનુષ્યમાત્રના હૃદયમાં હું વસીશ, અને
" મ્હારા ચારે હસ્તથી દરેક મનુષ્યમાં ચાર વર્ણ અને પાંચ પાંડવના
" ઉત્કર્ષ આવી રીતે ઉંચા કરી રાખીશ. એ યુગની ઉદ્ધારવ્યવસ્થા
" રચવા બ્રાહ્મણ વિના બીજા કોની બુદ્ધિ સમર્થ છે ? પાંચ્યાલી ! સર્વ
" યુગના પરિપાકરૂપ આવા બ્રાહ્મયુગને રચવાને હું ચિરંજીવ રહેલો છું
" ને મ્હારા બ્રાહ્મણોને દેશે દેશ મ્હેં જન્મ આપ્યા છે. એ યુગમાં સ્થૂલ
" અસ્ત્ર નકામાં પડશે અને અર્જુન પોતાનાં સૂક્ષ્મ અસ્ત્રનો યોગ ફરી
" પામશે—તેનાં અસ્ત્ર તેને પાછાં મળશે એવું વ્યાસ કહી ગયા છે તે
" આમ સત્ય પડશે. કૌરવો અર્જુનની સેવા કરશે અને પાણ્ડવમાત્ર ધ-
" ર્મની સેવા કરશે. પેલા પશ્ચિમના ચક્રોર અને સુગ્રીવના ઉચ્ચગ્રાહ આ
" જ આવનાર યુગનું આજથી દર્શન કરે છે. તહારા અશ્વત્થામાનો ઉદ્ધાર
" થયે એના મણિલાભ પછી એ જે બ્રહ્મશિરોસ્ત્રનો પ્રભાવ દર્શાવશે તે
" એ યુગને અપૂર્વ લાભ આપશે. આ પેલા રાક્ષસોનો પરિપાક થયા.
" પછી તેની નીચેના નાગલોક અને તેમના મણિના આવિર્ભાવ. અને

" તારા પિતામહનો ઉદ્ધાર,—એ સર્વ, પાંચ્યાલી, તારા પુત્રો પાસે સર્વ
" સંસારના આ નવા યુગની વ્યવસ્થાના મહાયજ્ઞમાં અધ્વર્યુનું કામ કરા-
" વશે. એ યુગ બ્રાહ્મયુગ થશે—તેમાંની સર્વ પ્રજામાં સર્વ દેશોમાં બ્રા-
" હ્મણત્વ હશે ને મનુષ્યોનાં શસ્ત્રાસ્ત્ર કેવળ ભૂષણરૂપ થઈ જશે. મારી
" પૂર્વાવસ્થામાં મેં ક્ષત્રિયમાત્રનો નાશ કર્યો હતો અને તેમનાં શસ્ત્ર
" બ્રાહ્મણરૂપે મેં લીધાં હતાં. પણ હવેનાં યુગમાં ક્ષત્રિયત્વ નાશ નહીં
" પામે પણ બ્રાહ્મણત્વના ઉપકારક સાધનરૂપે સર્વ મનુષ્યોમાં ક્ષત્રિયત્વ
" રહેશે ને બ્રાહ્મણત્વની આજ્ઞાથી સર્વ મનુષ્યોનાં શસ્ત્રાસ્ત્ર સર્વત્ર શાંત
" થઈ જશે. એવા બ્રાહ્મ યુગમાં કપિલોકાદિ જેવાં ભૂતમાત્રનાં શસ્ત્રાસ્ત્ર
" નિષ્ફળ અને નિરર્થક થશે. તારાં શસ્ત્રાસ્ત્ર ખરી પડ્યાં છે ને એ બ-
" શસ્ત્રયુગ આવે છે તેનાં પગલાંનો ધણકારો પ્રથમથી દૂરથી સંભ-
" ળાયો સમજ."

" પાંચ્યાલી ! તું અને તારા પુત્રો તમારો ધર્મ સમંજશો, ધર્મનું સ્વ-
" રૂપ જોશો, તો તમારાં વિકટ દુઃખનો પરિપાક કલ્યાણરૂપ જ થશે.
" અને તે પરિપાક થશે તેની સાથે તારો જ્યેષ્ઠસ્વામી યુધિષ્ઠિર તારા
" મન્દિરમાં આવવાની વાટ જોઈને જ બેઠો છે તે સામે જો ! તારા
" પુત્રોનાં હૃદયને તેની છાયામાં, તેમની નીતિને અને ક્રિયાને અર્જુ-
" નની છાયામાં, તેમનાં શરીરને, બળને, ને સજ્જતાને ભીમની છાયામાં,
" ને તેમના અન્ય અંશોને અશ્વિપુત્રોની છાયામાં, સ્નાન કરાવી લે ! એ
" સ્નાનની કળા તેમને હનૂમાન શીખવે એવું એ કપિને પોષણ દેજે !

" પાંચ્યાલી ! પાંચ્યાલી ! એ સર્વની તૈજસી છાયાઓમાં—એ સર્વ
" ચન્દ્રોની ચન્દ્રિકામાં—તારાં કંઈકે બાળકો અપૂર્વ સ્નાન કરવા માંડે છે,
" દીપાવલીની શૃંગારિત જ્યોત્સ્ના જેવી જ્વાલાઓમાં તારાં આ મધુર
" બાળકો જ્વાલામાલી થઈ જાય છે—તે રમ્ય ચિત્ર જો ! પાંચ્યાલી !
" એ નવા તૈજસ ચેતનનું પ્રેમથી પોષણ કરવા જાગૃત થા !

" પાંચ્યાલી ! આ બ્રાહ્મયુગનું કારણ અને સ્વરૂપ તને કહ્યું તે સમજી
" તેના કલ્યાણફળમાં ભાગ લેવાનો અભિલાષ રાખ! શરીરાદિમાં તું ક્ષત્રિય
" સત્વ અને તેજ પ્રાપ્ત કરીશ તો આજનાં મનુષ્યોના નખ જેવાં[1]
" થનાર શસ્ત્રનું કે અસ્ત્રનું તારે બ્રાહ્મયુગમાં શું કામ પડનાર છે?
" દક્ષતામાં ને વ્યાપારમાં વૈશ્ય કપિલોકનાં શિષ્યત્વ ને સ્પર્ધા તારા

---

૧. મનુષ્યો જંગલી હતાં ત્યારે નખને શસ્ત્ર પેઠે વાપરતાં; મનુષ્યો સુધર્યા પછી નખ ભૂષણરૂપ જ છે.

" પુત્ર સમજશે તો તહારા દેશને શાની ખોટ પડવાની છે જે? નિષ્કામ
" લોકસેવાનો મહાયજ્ઞ તું માંડીશ તો શૂદ્ર લોક કરે છે તેવા પણ સર્વ
" લોકના ને તહારા સ્વામી પાંડવોના દાસત્વમાં પણ તને પરમાનંદનો
" અને પરમ કલ્યાણનો યોગ કેમ નહીં થાય જે? અને બ્રાહ્મણનું
" બ્રાહ્મણત્વ—જે શરીરને ક્ષત્રિયોની સંપત્તિ આપવા અને સર્વ વર્ણોનાં
" સત્વ પોષવા સમર્થ છે—જે આ બ્રાહ્મયુગનું તત્વ અને સત્વ થઈ
" રહેશે—જેના મહાયજ્ઞોની જ્વાલાઓ સંસારે જોઈ છે અને જોશે—તે
" તો તહારું કુલધન—તહારું હાય—તહારો વારસો—તેને સુધારવો વધા-
" રવો—એ શું તહારા જ હાથની વાત નથી? પાંચ્યાલી! તું એક છે
" પણ તહારા સર્વાંગમાં આ સર્વ ચન્દ્રોનાં કિરણ રમી રહ્યાં છે તે સ્વપ્ન
" નથી પણ સત્ય છે! એ સત્યનું—એ ઋતનું—તું પોષણ કરીશ તો આ-
" વતા યુગને માટે તું આજથી અધિકારિણી થયાં કરીશ, અને આ
" ચન્દ્રોનું તેજ તહારા શરીરમાં ગર્ભરૂપે સ્ફુરશે તે ગર્ભનું સુપોષણ કરી તેને
" તું જન્મ આપીશ તો એ યુગની પૂજાને સમયે તેની આરતી તું જ
" કરીશ અને એ અલક્ષ્ય યુગનું સર્વને લક્ષ્ય દર્શન કરાવીશ!

" પાંચ્યાલી! આ સાત ચન્દ્રના પ્રકાશમાં જેમ પેલાં હિમાચલનાં
" શિખર ઉપરના હિમરાશિ સ્પષ્ટ દેખાય છે, આ બીજી ત્રણે બાજુનું
" મહાસાગરનું પાણી આપણાથી સ્પષ્ટ દેખાય છે, તેમ જ આ બ્રાહ્મ-
" યુગના પણ ચારે પાસ્રવ તને સ્પષ્ટ નથી દેખાતા? પાંચ્યાલી! એ
" યુગમાં તહારું બહુ કામ છે! તહારું જ કામ છે! તહારી આશપાશનાં
" મહાસાગરનાં મોજાંની પેઠે તહારી આશપાશ કપિલોક ઉછળી રહ્યા છે
" તે તહારા દેશનાં હવાપાણીને સુધારશે, અન્ય દેશોમાં જવાનાં તહારા
" પુત્રોને સાધન આપશે, અને રત્નાકર તહારો રત્નાકર જ થશે! તું અને
" તહારી પ્રજા, આ હિમાચળના શિખર ઉપરના હિમ પેઠે જડ થઈ,
" સ્થિર થઈ, શીત થઈ, બેઠાં છો. પણ એ તહારું શાંત દૂર એકાંત પડી
" રહેલું હિમ અને કપિલોકના વિસ્તીર્ણ ઉછળતા સાગરનું ખારું પાણી—
" ઉભય પાણી જ છો અને તે એકઠાં થઈ નવી સુન્દર સૃષ્ટિ રચશો! પાંચ્યાલી!
" અગસ્ત્ય જેવી તહારી પ્રજાના શરીરમાં એ સાગર સંચાર પામશે, અને ક-
" પિલોકમાં જે કોઈ વર્ગ સગરપુત્રો જેવો ઉન્મત્ત હશે તેને તહારા આ હિમા-
" ચલમાંથી વહી જતી ગંગા શાંત, શીત, અને પવિત્ર કરી દેશે. પાંચ્યાલી!
" એ પવિત્ર કાળને માટે અને તહારા હિમરાશિના મીઠા જળના પ્રવાહો-
" માંથી ગંગાયમુનાઓના પ્રવાહ વહેતા મુકવાને માટે ઉત્સાહિની થા!

" પ્રવૃત્ત થા ! હું વિષ્ણુનો ચિરંજીવ બ્રાહ્મણાવતાર તને વહન આપવા
" તત્પર છું ! મ્હારી થોડી ઘટિકામાં કે થોડા દિવસમાં તું એ વહન
" પામીશ !

" પાઞ્ચાલી ! કુન્તી ! પાણ્ડવો ! હનુમાન ! અશ્વત્થામા ! ભીષ્મ ! ના-
" ગલોક ! આ ગિરિ અને સાગરો વચ્ચેના જન્તુઓ !

" किं दोर्भ्यां किमु कार्मुकोपनिषदा किं वैष्णवेनोर्जसा
" किं वेदाधिगमेन भास्वति भृगोर्वंशे च किं जन्मना ।
" किं वाऽनेन ममाद्भुतेन तपसा दूषां कृतान्तोपि चेद्
" युष्माकं कुरुते क्षिमप्यनुशयो यो मे स पुष्णातु वः[1] ॥ "

" नदिमां वै

" पाण्डवैराहितं तेजो दधानां भूतये भुवः ।
" लोका जानीत पाञ्चालीमग्निगर्भां शमीमिव[2] ॥ "

પરશુરામનો સ્વર બંધ પડ્યો ને તેની સાથે આકાશના સર્વ ચન્દ્ર પાઞ્ચાલીની આશપાશ પ્રદક્ષિણા કરવા લાગ્યા અને એ સર્વ ચન્દ્રલોક-માંથી સૂક્ષ્મ સુન્દર ગાન નીકળવા લાગ્યું.

" પાઞ્ચાલી ! પાઞ્ચાલી !

" [3]कुलाचला यस्य महीं द्विजेभ्यः
" प्रयच्छतः सीमदृषत्त्वमापुः ।
" बभूवुरुत्सर्गजलं समुद्राः
" स रैणुकेयो भवतीं धिनोतु ॥ "

---

૧. જ્યાં સુધી યમ પણ તમને દૂષિત કરી શકે છે ત્યાંસુધી—મ્હારું બાહુબળ શા કામનું છે ? મ્હારું અસ્ત્રજ્ઞાન શા કામનું છે ? મ્હારું વૈષ્ણવ સામર્થ્ય શા કામનું છે ? મ્હારો વેદબોધ શા કામનો છે ? ભૃગુમુનિના પ્રકાશમાન વંશમાં મ્હેં જન્મ લીધો તે પણ શા કામનો છે ? અથવા આ મ્હારું અદ્ભુત તપ પણ શા કામનું છે ? આવી જે અનિર્વચનીય ચિન્તા મ્હારા મનમાં રહ્યાં કરે છે તે ચિન્તા તમારા પોષણનું સાધક થાવ ! (સુભાષિતરત્નભાણ્ડાગાર ઉપરથી.)

૨. તો, હે લોકો, શમી (વૃક્ષ) ગર્ભમાં અગ્નિનું ધારણ કરેછે તેવી જ રીતે પાંડવોએ મને સોંપેલા તેજનું. આ પાઞ્ચાલી, પૃથ્વીના કલ્યાણને માટે, ધારણ કરે છે તે જાણો ! (શાકુંતલ ઉપરથી). ૩. જેણે દ્વિજ એટલે સંસ્કાર પામેલી બુદ્ધિવાળા વર્ગને પૃથ્વી આપી તે વેળા તે દાનમાં આપેલી પૃથ્વીની સીમ ઉપર બાણના પથરાને સ્થાને કુલાચલ થયા (એ સીમવાળો દેશ આ છે) અને દાનકાળે સંકલ્પનું પાણી મૂકેલું તે આ ત્રણ પાસના સમુદ્રરૂપ થઈ ગયું (એ સમુદ્રના ઉપયોગથી જ આમ સંપત્તિ અને ઉદ્ધાર છે), તે પરશુરામ તમ આર્યાનું પોષણ કરો!' (સુભાષિતરત્નભાંડાગાર ઉપરથી).

ચન્દ્રલોકમાંથી સ્વરો બન્ધ પડ્યા તે પ્હેલાં હનૂમાન સર્વના સામે ઉભો રહી બોલવા લાગ્યો ને તેના પ્રતિધ્વનિ સમુદ્રોમાં ને પર્વતોમાં ઉઠવા લાગ્યા.

" द्वारे कल्पतरून् गृहे सुरगवीश्चिन्तामणीनङ्गदे
" पीयूषं हृदयेषु पाण्डुतनयेष्वस्त्रोद्गमं ब्राह्मणम् ।
" एवं कर्तुमयं व्यवस्यति मुनिर्भूतेषु भाग्योत्क्रमम्
" पायान्नोऽखिललोकबुद्धिसदनो देवः स्वयं भार्गवः ॥"

" Those only will survive this Out-going Age of Destruction who are *fittest* to live in the In-coming Age of Construction, and the fitness will consist, not in the mailed fist and its power to destroy, but in the Progressive Virtues of the brain and the heart. May we be fit for that Age, for there is no hope of survival for those not so trying to be so fit !"

આ સ્વર બંધ પડ્યો ને તેની સાથે સર્વ પવિત્ર સત્ત્વો અદૃશ્ય થયાં. માત્ર કુરુક્ષેત્રનું ચન્દ્રિકાની ચાદર પાથરેલું વિશાળ ઉઘાડું મેદાન, એક ચન્દ્ર અને અનેક તારાવાળું આકાશ, અને ઉત્તરમાં પૃથ્વીમાંથી ઉગેલા મ્હોટા વાદળા જેવો હિમાચળ, એ સર્વની વચ્ચે સરસ્વતીચંદ્ર અને કુમુદ તેજોમય વસ્ત્રથી સન્તાયલાં, દક્ષિણ દિશા ભણી દિવ્ય પાંખોપર ઉડતાં જવા લાગ્યાં. થોડી વારે રત્નનગરી પાસેના સમુદ્રમાં એ રાજ્યોનાં બંદર અને તેમાં સ્હડવાળાં વ્હાણો અને ભુંગળાવાળી આગબોટો અને બંદર ઉપરના બંગલા સર્વ આ શાંત રજનિમાં સુતેલાં દેખાયાં અને માત્ર તેમાંના દીવા જાગતા હતા.

---

૧. આ પરશુરામ મુનિ ભૂતમાત્રમાં ભાગ્યનો ઉત્ક્રમ એટલે ઉન્નતિનો ક્રમ ઉંચો રચવાનો વ્યવસાય કરે છે ! તે ઉત્ક્રમ કેવો છે ? તે ભૂતો ગૃહબ્હાર નિકળી બ્હાર પ્રવાસે નીકળે તે કાળને માટે તેમનાં દ્વારોમાં કલ્પવૃક્ષોને આ મુનિ રોપે છે; તેઓ પોતાનાં ગૃહમંદિરમાં કુટુંબવચ્ચે અને સ્વદેશમાં હોય તે વેળાને માટે તેમનાં આ ગૃહોમાં કામધેનુઓને મુકે છે; કંઈ પણ કાર્ય સાધવા તેમણે પોતાના હાથને ચલવવા પડે ત્યારે કેણીપાસ ચલાવવા એ જાણવાને અને સાધન શોધવાને માટે ને ભૂતોના હાથ ઉપર સોનાનાં કડાંને સ્થાને ચિન્તામણિ બાંધે છે; મનુષ્યો અરસપરસ સુખનાં સાધક થાય માટે તેમનાં હૃદયમાં અમૃત ભરે છે; લોકકલ્યાણની વૃદ્ધિને માટે સર્વત્ર પાંડવોમાં અસ્ત્રોના બ્રાહ્મણ ઉદ્ગમને મુકે છે એ ભાર્ગવદેવ પરશુરામ પોતે સર્વ લોકની બુદ્ધિઓમાં વાસ કરે છે તે મુનિ આપણું રક્ષણ કરો ! (સુભાષિતરત્નભાંડાગાર ઉપરથી).

" કુમુદ, તારા પિતાના સ્વામીના રાજ્યનો ભાવી ઉદય આ સ્થાને "સુઈ રહ્યો છે તે જો ! પ્રાતઃકાળે આ સ્થાને મ્હોટો મેળો જામશે !" સ-રસ્વતીચંદ્ર ઉડતો ઉડતો બોલવા લાગ્યો.

" અસ્તુ ! માત્ર ભગવાન ભાર્ગવની પળમાં આપણાં અનેક વર્ષ સમાય " છે તેટલી વાર હૃદય ધૈર્ય ધરે એમ નથી:" કુમુદ બોલતી બોલતી ઉડી.

સ્વપ્ન પુરું થયું. બે જણ સૌમનસ્યગુફાના સામા સામી ઓટલાઓ ઉ-પર જુદાં જુદાં ગાઢ અને સ્વસ્થ નિદ્રામાં પડ્યાં અને સંગત સ્વપ્ન સમાપ્ત થઈ ગયું, અને કદી કદી કુમુદ પોતાનું એકલું સ્વપ્ન જોતી હતી ને લવતી હતી.

" તમે બે વર્ષની ઢીલ બહુ લાંબી નાંખી ! પણ હશે! પાંચાલીના વિયોગમાં ને કુન્તીમાતાની ક્ષમામાં આપણી સર્વ સ્ત્રીઓએ લેવાના આશ્વાસનનાં દૃષ્ટાંત છે."

પ્રકરણ ૩૬.

ચન્દન વૃક્ષ ઉપર છેલો પ્રહાર.

Woodman, spare that tree!
Touch not a single bough!
So long it sheltered me,
And I'll protect it now.

G. P. Morris.



ચિત્રવેાનું દર્શન સ્વપ્નના સિદ્ધનગરમાં સમાપ્ત થયું તેની સાથે સરસ્વતીચંદ્ર ગાઢ નિદ્રામાં પડ્યો. એક સ્વપ્ન વિનાની આખી નિશા ગાળી અને પ્રાતઃકાળે છેક આઠ વાગે એની આંખ ઉઘડી.

કુમુદ નિત્યને નિયમે ઉઠી હતી. પોતાને થયેલા સ્વપ્નની અદ્‌ભુત સામગ્રીઓ તેનાં બીજાં સ્વપ્નમાં પણ સાધનભૂત થઈ હતી અને ઉઠી ત્યારે સરસ્વતીચંદ્રને ઉઠવાની કેટલીક વાર સુધી વાટ જોઈ પાસે બેસી રહી. અંતે આની નિદ્રાનો ભંગ ન કરવો ઉચિત ગણી દંતધાવન આદિની સામગ્રી એની પાસે મુકી, સાધુજનોમાં કામમાં બળવા નીચે ગઈ. કેટલીક વારે ઉપર ફેરો ખાવા આવી તો સરસ્વતીચંદ્ર ઉઠેલો હતો તેની સાથે કાંઈ સહજ વાતચીત કરી પાછી ગઈ, અને બે ગુફાઓની વચ્ચેના પુલ ઉપર જતી જતી બોલી: " કોઈને વધારે પરિચયથી વાસના વધે; આપણી ઘડી! દિવસ જ આજ કેવો સ્વસ્થ, સુંદર અને પવિત્ર લાગેછે?"

સર૦—જેવું મન તેવું જગત, અને જગત તેવું મન. આવાં પુણ્ય સ્વપ્નનું જગત અને તમારા જેવું પવિત્ર મન ! એ ઉભયનો સંયોગ આવા જ દિવસને દેખાડે !

કુમુદ૦—આપના પવિત્ર મનની છાયામાં ઉદય પામી સ્વપ્ન જાગૃતના કરતાં વધારે બોધક થાય છે ને મ્હારા જેવીનાં મન દૃઢ થાય છે. આપ આજના સ્વપ્નનું વર્ણન પણ કાલની પેઠે લખશો ?

સર૦—અવશ્ય લખીશ. પરમ દિવસના સ્વપ્ને મ્હારા દુઃખનો આવેગ વધાર્યો હતો. કાલના સ્વપ્ને મને સ્વસ્થ કર્યો છે, સંતુષ્ટ કર્યો છે, ને મ્હારા ધર્મના માર્ગ મ્હારી દૃષ્ટિપાસે સ્પષ્ટ તરી આવે છે.

કુમુદ૦—ગુરુજીનો પ્રયાસ સફલ થયો.

સર૦—તેમની તો કૃપા જ છે; પણ તેમની શક્તિથી જે મને મળે એવું ન હતું તે આજને સ્વપ્ને આપ્યું. કુમુદસુન્દરી ! મ્હારાં સર્વ પ્રિય જનને અને મ્હારા દેશને કલ્યાણમાર્ગે લેવાની ક્રિયા મને સાધ્ય થશે.

કુમુદ૦—શી રીતે ?

સર૦—આજ હું બ્હાર જવાનો નથી. આખો દિવસ આ જ વિચાર કરી સર્વ વાત મ્હારા હૃદયમાં સ્પષ્ટતમ સુવ્યવસ્થિત કરી દેઈશ ને સાયંકાળે તમને સમજાવીશ.

કુમુદ૦—એ સન્ધિનો સમય અને તે પછીનો સમય ગોષ્ઠીવિનોદથી દીપક થાય છે એ આપણે અનુભવ્યું છે; એ કાળે નિદ્રા વિયોગ કરાવે તે સારું, અને આપણી વાર્ત્તા દિવસે કરીયે તે જ સારું.

સર૦—વાંકી વાળેલી અત્તરની શીશીયો ઢોળાતી ઢોળાતી બચી અને હવે તો દાટા દેવાઈ ગયાછે! હવે આપણે નિર્ભય નથી ?

કુમુદ૦—પવિત્ર સ્વપ્નોથી ભરેલું આપનું હૃદય આવા ભયને અવકાશ નહી આપે એવું હું માનું છું. પણ હજી આપણું ત્રસરેણુક–જીવન કેવળ સૂક્ષ્મ નથી થયું ને સ્થૂલ શરીરને ભવસાગરમાં તરતું રાખવા પ્રયત્ન કરવો પડે એવો સંભવ રૂહેતો મટી નથી ગયો.

સર૦—આજનો દિવસ મ્હારી વિચારસિદ્ધિને આવશ્યક છે ને રાત્રિ તો તમે કૂહો છો એવી છે.

કુમુદ૦—હું હવે ધારું છું કે એ રાત્રિના કરતાં ત્રીજીને આપણે વધારે પવિત્ર અને સ્વસ્થ કરી શકીશું. તો ઠીક છે. હું તરત જવાની આજ્ઞા માગું છું

સર૦—અદ્વૈતમાં આજ્ઞા શી ?

કુમુદ૦—એ પણ સત્ય છે; તો હું જઉં છું.

કુમુદસુન્દરી ચાલી. ચાલવા માંડ્યા પછી સરસ્વતીચંદ્રે તેને પાછી બોલાવી

" કુમુદસુન્દરી, જરા આવી ને જાવ."

કુમુદ પાછી ફરી.

" શી ઇચ્છા છે ?"

સર૦—તમારું મન સ્વસ્થ છે ?

કુમુદ૦—હા.

સર૦—દૃઢ છે ?

કુમુદ૦—એ પ્રશ્ન જ મનને અદૃઢ કરે છે.

સર૦—તમારા સંબંધમાં હું કાંઈ તમને કહું તે ખેદ વિના સાંભળી શકશો ?

કુમુદ—આપના સંસર્ગથી આપે આપેલી મ્હારી ક્ષુદ્ર શક્તિયોનું બળ આપ જ જાણી શકશો ને વધારી શકશો.

સર૦—જ્ઞાનદૃષ્ટિએ અને જ્ઞાનને બળે જ મ્હારું કહેવાનું સાંભળી તમારું હૃદય સ્થિર રહી શકશે.

કુમુદ૦—જો એમ હોય તો કલ્પનાનું કે શંકાનું કાંઈ કારણ નથી.

સર૦—તો બેસો ને આ વર્ત્તમાનપત્રો આપું તે વાંચો.

કુમુદ બેઠી. વર્ત્તમાનપત્રો વાંચવા લાગી. સૌભાગ્યદેવી અને પ્રમાદધનનાં મરણના અને કુમુદના હુબ્બી ગયાના સમાચાર એક પછી એક કુમુદે ધડકતે હૃદયે અને રોતી આંખોએ વાંચ્યા. પત્રો પાછાં મુક્યાં અને રોતી રોતી નીચું જોઈ બેસી રહી. શું બોલવું, શું કરવું, કે શું પુછવું—તે કાંઈ એને સુઝ્યું નહી. શોકનો એક કાળો રંગ એના હૃદયમાં વ્યાપી ગયો.

સર૦—તમને આવો શોક થશે જાણીને જ મ્હેં આ વાત તમને કહી ન હતી. હવે પરિપાક પામતા અદ્વૈતમાં આટલો પણ પડદો અધર્મ છે એમ જાણી હું આજ કરુણ હૃદયનો થયો ને આ વાત તમારી પાસે વંચાવવાની મ્હેં ક્રૂરતા કરી.

કુમુદનું મુખ લેવાઈ ગયું. એનાં આંસુ ખાળ્યાં રહ્યાં નહી.

" દેવીના વિષયનો તો મ્હારો શોક આપ સમજી શકશો. પણ

" હું સત્ય કહું છું કે મ્હારા સ્વામીનાથને માટેનો પણ મ્હારો શોક

" એવો જ છે ને એથી વિશેષ છે. તેઓ સ્વભાવે સુશીલ અને
" સદ્ગુણી હતા—કુસંગે તેમને અવળે માર્ગે ચઢાવ્યા. એ માર્ગે એ ચઢ્યા
" ત્યારે પણ મ્હેં એમની સમજણનો દોષ કૂઢાડ્યો ને એમના હૃદયમાં
" મને દોષ લાગ્યો નહી. એમનામાં વિદ્યા ન હતી પણ હૃદય હતું—ને
" તમારામાં પણ તમારી વિદ્યા કરતાં તમારા હૃદયનો વધારે વિશ્વાસ
" કરું છું તે તમે જાણો છો! એ જીવ્યા હત તો કોઈ દિવસ શું મને
" પાછી સ્મરત નહી? પ્રિય સરસ્વતીચંદ્ર! આપના ઉપર મને દયા
" આવી ને એમના ઉપર પ્રીતિ હતી તેથી બે પાસનો વિચાર કરી
" મનમાં એમ ધારતી હતી કે આપ પાછા મુંબાઈ જાવ તો સુખી
" થાવ એટલે મ્હારે દયા કરવાનું રૂહે નહી, અને હું પાછી કાળે
" કરીને એમનું હૃદય નરમ થાય ત્યારે એમની પાસે જ જાઉં! એવો
" કાળ આવશે એવી મને શ્રદ્ધા હતી અને હવે એ પાસની શ્રદ્ધા
" અને આશા સર્વ નષ્ટ થઈ ગયાં! જેમને માટે અત્યાર સુધી હું આ-
" પની પાસે આ શરીરને શુદ્ધ રાખી શકી તે ગયા, ને હવે હું સાસરે
" પણ શું જાઉં ને પીયર પણું શું જાઉં? મ્હેં એક સ્થાને વાચેલું હવે
" સ્ફુરે છે ને અનુભવું છું કે.

" Jealous, jealous, yet the heart
" Loves and weeps when all is past!"

" હરિ! હરિ! તને આ જ ગમ્યું?"

બે હાથે મ્હોં ઢાંકી સંતાડી કુમુદ પુષ્કળ રોવા લાગી. સરસ્વતીચન્દ્રથી તે જોવાયું નહી. મર્યાદા મુકી એની પાસે એ બેઠો ને એને વાંસે અને માથે હાથ ફેરવી કૂહેવા લાગ્યો.

" તમારા હૃદયની શુદ્ધતા હું નહી સમજું તો કોણ સમજશે? તમે
" ઉદાર છો, શુદ્ધ છો, ને ક્ષમાશીલ છો. હવે આ કાળનું ધૈર્ય પણ તમા-
" રામાં આવી શકે છે એટલું વધારે દેખાડી દો."

કુમુદ૦—હવે હું જે રોઈશ તે જગત અસત્ય જ માનશે.

સર૦—જગત ગમે તે માને! શોક એ પોતાના હૃદયની સ્થિતિ છે—તેમાં સામાં માણસ સત્ય કે અસત્ય માને તેમાં આપણે શું? આપણી સંસારી સ્ત્રીયો રોવાકુટવાનાં ચિત્ર કૂઢાડે છે ને તેમાં કૃત્રિમ કળાઓ વાપરે છે તેવું આપણે ઓછું જ કર્યું છે. તમારો શોક શુદ્ધ છે; પણ સાધુજનો શોકને સ્વીકારતા નથી."

કુમુદ આંસુ લ્હોતી લ્હોતી જરા દૂર ખસી બેઠી.

" આપનું કહેવું યથાર્થ છે. પણ સંસારની રીતે મ્હારે હવે જુદ્દો
" આચાર ઘટે છે. પ્રથમ તો હું હવે સ્નાનને અને સૂતકને પાત્ર થઈ
" ને આ હાથની બંગડીયેાનો નાશ ઉચિત થયેા. અને વૈધવ્યકાળને
" જે જે બીજા—ઉચિત સંસ્કાર છે તે કરવા પડશે. પણ મને તે કોણ
" બતાવશે અને કરાવશે ? " આટલું પુછતી પુછતી વળી તે રોવા લાગી.

સર૦—જે સંસાર તમે છોડ્યો છે તેના ધર્મ પાળવાની હવે આ-વશ્યકતા નથી. આ પવિત્ર સ્થાનમાં શુદ્ધ વિવાહથી વિવાહિત દમ્પ-તીનેા મરણ પણ વિયેાગ કરી શકતું નથી અને જેને સંસાર જન્મ-પર્યન્તનું વૈધવ્ય કહેછે તેને અંહીના સાધુજનેા અવૈધવ્ય જ ગણે છે. માટે તમે સાધ્વીજનેામાં શ્રેષ્ટ આર્યાઓને અને ચન્દ્રાવલીબૈયાને પુછીને તે દર્શાવે તે વિધિ પાળેા.

કુમુદ૦— શું આ વેશ રાખવેા હવે એક પળ પણ ઉચિત છે ?

સર૦—તમે સાધુજનેાની અધ્યાત્મદૃષ્ટિથી જુવેા. સર્વ વેશ સંસા-રના સંપ્રત્યયાત્મક કલ્પનાઓથી થયલા છે. તમે તેની કલ્પનામાત્રનેા નાશ કરેા અને ગમે તેા, સર્વ વેશને સમાન ગણી, લીધેલા વેશનેા ત્યાગ ન કરેા અને ગમે તેા, સાધુજનેા આવા પ્રસંગને માટે જે ઉચિત ગણતા હેાય તેવેા વેશ સ્વીકારેા.

કુમુદ૦—આપે ભગવાં ધર્યાં તેા હું પણ હવે તેનું જ ધારણ કરીશ.

સર૦— જે કરેા તે સાધુજનેાને પુછીને કરજો.

કુમુદ૦— આપનું વચન સત્ય અને ઉચિત છે.

શેાકની મૂર્ત્તિ જેવી, અવસન્નતાની છાયા જેવી, અને નિઃશ્વાસની ધમની[1] જેવી બાળા સાધુઓ પાસે જવાને ઉઠીને ગઈ; અને જતાં જતાં બારે પાસની ભીંતેાના પત્થર પણ પેાતાને જોતા અને કંઈક કહેતા હેાય એમ તેમના ભણી આંખ અને કાન માંડતી, વસન્તગુફાની નીસરણી ઉપરથી, ધીમી ધીમી ઉતરી—તેને જનારને એવું જ ભાન થાય કે આ ગમે તેા પગથીયાં ગણે છે ને ગમે તેા પેાતાનાં પગલાં ગણે છે—આમ એ ઉતરી

એની પાછળ દૃષ્ટિપાત નાંખતેા, આંખનેા પલકારેા કર્યાવિના એને ન્યાળી રહેતેા, સરસ્વતીચંદ્ર એસી રહ્યેા ને એ અદૃશ્ય થઈ એટલે વિચારમાં પડ્યેા.

---

1. ધમણ.

" ધાર્યું હતું કે આવો શોક જેવો ન પડે માટે આ વાત ન કહેવી.
" નવી અવસ્થાએ નવો ધર્મ ઉભો કર્યો અને મ્હારી ધારણા બદલાઈ.
" જ્યાં સુધી મને સ્થૂલ કામની ભીતિ હતી ત્યાં સુધી કુમુદ પોતાને
" અવિધવા ધર્મથી બંધાયલી ધારે તે જ ઇષ્ટ હતું. એ ભીતિ હવે એ
" પક્ષની ગઈ. પોતાને અવિધવા સમજનારી હવે પોતાને વિધવા જા-
" ણેછે. સ્થૂલ કામનાં શસ્ત્ર અત્યારે બંડાં થયાં હત, તો, હું અત્યારે
" એમ જ સમજત કે હવે આ મ્હારી ભોગ્ય વસ્તુ છે, અને અ-
" નેક ક્રૂર અપકારોએ ક્ષત કરવા માંડેલી પણ આત્મબળે અક્ષત
" રાખેલી પતિવ્રતા આ પળે ક્ષત થઈ જાત ! અસ્વામિકા થયલી અ-
" નાથ બાળા કામનાં શસ્ત્રોનું અભિનન્દન કરી બેસત ! હવે એ
" ભય એનું પણ ગયું ને મ્હારું પણ ગયું. ઈશ્વરની પરમ કૃપાએ
" અને ઉભય પક્ષની કલ્યાણબુદ્ધિએ આ શમ અને દમને પુણ્ય માર્ગ
" પ્રત્યક્ષ કરાવ્યો ! સૂક્ષ્મ પ્રીતિએ સ્થૂલ પ્રીતિને ઉતારી નાંખી અને
" પોતાનું જ નિષ્કંટક રાજ્ય કરી દીધું. કુમુદ ! તું જે શોકથી અ-
" ત્યારે ગ્રસ્ત થઈ છે તે હવે તહારું કલ્યાણ કરશે એમ ધારીને મ્હેં
" આ શસ્ત્રવૈદ્યના જેવી ક્રૂરતા વાપરી છે. એનાં અન્ય દુઃખ એટલાં
" બધાં વધ્યાં હતાં કે તેમના પ્રહાર ખમતાં ખમતાં આ કોમળ હૃદયને
" તે દુઃખોમાંથી જ બોધ લેવાનો અવકાશ મળી શકયો ન હતો. એ
" પ્રહારોમાંનો છેલ્લો પ્રહાર એને મળી ચુકયો ને શોકમાંથી વિચારકાળ
" હવે ઉદય પામશે. ઈશ્વરે દુઃખ અને શોકની સૃષ્ટિ મનુષ્યોનાં સૂક્ષ્મ
" જીવનને સિદ્ધ કરવાને માટે જ રચી છે. દુઃખ અને શોક જ્યારે
" આમ પરિપાક પામીને પછી નષ્ટ થાય તે જ કલ્યાણકારક છે.

" He that lacks time to mourn, lacks time to mend.
" Eternity mourns that. 'Tis an ill cure
" For life's worst ills to have no time to feel them.
" Where sorrow's held intrusive and turn'd out,
" There wisdom will not enter, nor true power,
" Nor aught that dignifies humanity.*

" કુમુદ! તહારા આ દુઃખમાંથી તહારું હૃદય કોક પવિત્ર પરિણામ
" જ આણશે. પાઞ્ચાલી ! ચિરંજીવ મહાત્માઓનાં સ્વપ્ન તને દુઃખ-
" માંથી સિદ્ધ થતી દેખાડે છે ત્યારે કુમુદ પોતાના સૂક્ષ્મ જીવનને પણ
" દુઃખમાંથી જ સિદ્ધ થતું આ જાગૃત અવસ્થામાં દેખાડે છે.

* Sir H. Taylor.

" કુમુદ! સંસાર તને વિરોધની મૂર્ત્તિ ગણે તો તેનો શો દોષ?
" મ્હારા ઉપર આટલી પ્રીતિ પ્રત્યક્ષ ધારનાર હૃદયમાં પ્રમાદને માટે
" અત્યારે તને શોક થાય છે તેને ગમે તો સંસાર સ્ત્રીચરિતના ચાળા
" જેવો માને ને ગમે તો ઈશ્વરે રચેલા અનેક પરસ્પર—વિરોધી ચમ-
" ત્કારોમાંનો એક ગણે નહી તો બીજું શું કરે? તેને મન તો
" Woman's at best a contradiction still!"†

" પણ આ સાધુજનોની ચિકિત્સા તહારી શુદ્ધ પરીક્ષા કરશે અને તને
" ઉત્તમ ઔષધ આપશે. તહારા વિરોધમાં તેઓ માત્ર વિરોધાભાસ
" જુવે છે, અને હૃદયનાં અવિરોધી સત્વોને શોધી કુહાડી તેમનું
" સંગીત પ્રકટ કરશે. સંસાર! ચંદનવૃક્ષની શાખા જેવી કુમુદને તું
" કેટલા પ્રહાર કરે છે? બહુ બહુ પ્રહાર તેં કર્યા! તે પ્રહારથી ઉંડેલો
" સુગન્ધ સુન્દરગિરિ ઉપરનાં પવિત્ર સત્વોનાં હૃદય સુધી પ્હોચ્યો છે!
" સંસાર! હવે તહારા પ્રહારો બંધ કર! તહારી કુહાડી હવે આ વૃક્ષને
" સ્પર્શ કરે એમ હું નહી થવા દેઉં! એમ ન થવા દેવાનો હું અધિકારી
" થયો છું, અને તેમ ન થવા દેવું એ મ્હારો ધર્મ તો છે જ!"

પ્રકરણ ૩૭.

મિત્ર કે પ્રિયા?

प्रेयो मित्रं बन्धुता वा समग्रा सर्वे कामाः शेवधिर्जीवितं च × × × धर्म-दाराश्च पुंसाम् ॥ भवभूति.

(અર્થ—ધર્મપત્ની, પતિનો સર્વથી વધારે મિત્ર છે, સર્વ સગપણનો સર-વાળો છે, સર્વ ઇચ્છાઓનું સ્વરૂપ અને સર્વ ભંડાર છે, ને પતિનું જીવન જ છે. ભવભૂતિ)



તે ઉછેરેલું ચન્દનવૃક્ષ સંસારનો આ નવો પ્રહાર કેવી રીતે સહી શકે છે અને પોતે તેને કેટલું બળ આ-પેલું છે તેનું ગણિત કરતો કરતો એ વૃક્ષનો માળી સરસ્વતીચંદ્ર, અનેક વિચારોમાં મગ્ન થઈ, તેના અને પોતાના સહવાસ અને સંગત–સ્નેહના સ્થાનભૂત મોટલા આગળ ઉભો રહી, બહાર દૃષ્ટિ નાંખવા લાગ્યો.

---

† Pope's *Moral Essays.*

ગુફાઓ વચ્ચેના ઝરાઓના આરા ઉપર સાધ્વીઓની વચ્ચે થઈને નીચી દૃષ્ટિથી ચાલતી કુમુદ જતી જણાઈ. છેટે એક સ્થાને તેણે પાણીમાં પેંશી કેશ પલાળી સ્નાન કર્યું; સાધ્વીઓમાંનું કોઈ પણ બોલતું દેખાયું નહી. પુતળીઓની પેઠે મુગી રહી સર્વ સ્ત્રીયો કુમુદની શોકપ્રવૃત્તિમાં સહાયક થતી હતી. કુમુદનાં આંસુ ઝરાના પાણીમાં વહી જતાં માળ ઉપર ઉભેલા પુરુષે કલ્પ્યાં. કેડ સુધી લટકી રહેતે ભીને વાળે, ઉચાં નીચાં અવયવોમાં ચ્હોટી જતે ભીને લુગડે, બેસી જતા દેખાતા ગાલે, અસ્વસ્થ પણ મન્દ શિથિલ ક્રિયાએ, પાણીમાં ન્હાતી કુમુદમાં સરસ્વતીચંદ્રના હૃદયને તૃપ્ત કર્યું, લીન કર્યું, અભિલાષી કર્યું, દયાલુ કર્યું, તપ્ત કર્યું, શોકગ્રસ્ત કર્યું, અને અંતે અનેક ઉંડા નિઃશ્વાસોની ધમણથી ધમતું કર્યું. પ્રીતિની નાડીઓ એના હૃદયમાં અને શરીરમાં નવા અને અપૂર્વ મન્દ વેગથી વહન પામવા લાગી અને દુઃખી નર્મદના અનુભવને તેમાં પુનર્જન્મ આપતી હોય તેમ એની પાસે ધીમે ધીરે સ્વરે ગવડાવવા લાગી.

"સલામ, રે દીલદાર, યારની! કબુલ કરજે!
રાખીશ માં દરકાર, સાર દેખી ઉર ધરજે.
ઘણા ઘણા લેઈ ધાવ, તાવમાં ખુબ તવાયાં!
નહી અન્ન પર ભાવ! નાવમાં નીર ભરાયાં!
સરખાસરખી જોડ, કોડનાં બંને માર્યા;
છુટી પડી ગઈ રહોડ! હોડમાં બંને હાર્યા!
એક અંગનાં અંગ, નંગ–કુન્દન બંન્યો છે!
છાજ્યો નહી રે સંગ, રંગમાં ભંગ પડ્યો છે!"[1]

"કુમુદ! કુમુદ!

"પ્રિયા! તું શોક છોડી દે!
જગતના બન્ધ તોડી દે!
તું કાજે હું કરું શું? કહે!
હૃદય પર શલ્ય શાને વ્હે?
હવે ઉભાં નવે દેશે!
હવે ફરીંયે નવે વેશે!
નથી સંસારની ભીતિ;
ત્યજી સંસારની રીતિ.

---

1 નર્મકવિતા.

સગાં સંસારનાં છોડ્યાં;
છુટ્યાં તેઓથી તરછોડ્યાં.
સુરમ્ય જ સાધુનો પન્થા;
ધરી લે—ન્હાય તો—કન્થા.
હવે વિશ્વમ્ભરે જ રચ્યો,
પ્રિયા, સંકેત, જો, આ મચ્યો !
પ્રિયા, સહુ શોક છોડી દે !
જડાઈ જા તું આ હૃદયે !
પ્રિયા ! સહુ શોક ત્યજને તું !
પરાપ્રીતિયજ્ઞ યજને તું ! ”

જુના હૃદયમાંથી આ નવા ઉદ્ગાર નવા વેગથી નીકળતા હતા એટલામાં સાધ્વીઓએ કુમુદને અંચળો આપ્યો ને તેણે તે પ્હેરવા માંડ્યો. કુમુદની આંખોમાં આંસુ છે કે નહી તે આટલે દૂરથી દેખાતું ન હતું. પણ એણે ભીનું શરીર લ્હોયું, જુનું રંગીન રાતું વસ્ત્ર બદલ્યું, ને નવું પ્હેર્યું—એટલામાં જ્ઞાતાજ્ઞાત સુન્દર અવયવો, ઉપર ઉભેલાની આંખને, કંઈ કંઈ સાનો કરવા લાગ્યાં. અંચળો પ્હેરાઈ રહ્યો ને કુમુદ સાધ્વીને રૂપે ઉભી ત્યાં એ સાનો બંધ થઈ ગઈ ને સટે વૈરાગ્યની મૂર્ત્તિ જેવી બાળાનાં દર્શન આજ જોનારના હૃદયમાં પવિત્ર સંસ્કારોને ભરવા લાગ્યાં. શાંત સ્થિર થઈ સરસ્વતીચંદ્ર એને જોઈ રહ્યો. ત્યાં કન્થા ધરેલી કુમુદના સામી સાધ્વીઓ ઉભી રહી અને પરિચિત પણ સ્ત્રી-કંઠની કોમળ ગર્જના કરી ઉઠી તે ઉપર સુધી સંભળાઈ કે—

“ નન્દકો નન્દન એક આનન્દ દેત હૈય ! વિષ્ણુદાસજીકો જય ! જ્ઞાનાવલીમૈયા કો જય ! મધુરીમૈયાકો જય !”

થોડી વારમાં સર્વ મંડળ ચાલવા લાગ્યું અને ગુફાઓનાં છજાં નીચે અદૃશ્ય થયું. સરસ્વતીચન્દ્ર શાંત થયો અને થોડીક વારમાં અન્ય વિચારોમાં પડી અંતે પોતાના સ્વપ્નનો ઇતિહાસ લખવામાં મગ્ન થયો. બે ચાર ઘડી એ લેખમાં ગાળી હશે એટલામાં કાને સ્વર સંભળાયો:—

“ હે મહારાજ ! આજ્ઞા હોય તો ઉપર આવું.”

“ નીરાંતે આવો.” સરસ્વતીચંદ્ર ઉભો થતો થતો બોલ્યો અને રાઘવદાસ ઉપર આવ્યો.

રાઘ૦ —હે મહારાજ, વિદ્યારપુરીજી સંદેશો મોકલે છે કે આપના

પ્રિય મિત્ર પ્રાતઃકાળે યદુશૃંગ ઉપર આવશે અને તેમને ક્યાં વાસ આપવો તે પુછાવે છે.

" અવશ્ય જ્યાં હું છું ત્યાં જ લાવજો " હર્ષમાં આવી સરસ્વતીચંદ્રે ઉત્તર દીધો.

રાઘે૦—જેવી આજ્ઞા.

રાઘેદાસ ગયો.

સરસ્વતીચંદ્ર વિચારમાં પડ્યો.

" ચંદ્રકાંત પ્રાતઃકાળે આવશે—પણ કુમુદનું તે પ્રસંગે શું કરવું ? મિત્રના સમાગમકાળને પ્રિયાના વિયોગનો પ્રસંગ કરવો ? કુમુદના સૂક્ષ્મ પરિતાપને કાળે, આટલા સહવાસને અંતે, તેને ક્ષણ પણ દૂર કરવી ધર્મ્ય નથી. પણ સંસારની દૃષ્ટિથી જોનાર અને સાધુઓની દૃષ્ટિનો અપરિચિત મિત્ર કુમુદને અંહી જોઈ શા શા સંકલ્પ નહી કરે અને મ્હારા ઉપરની એ મિત્રની પ્રીતિમાં શાં શાં વિઘ્ન નહી આવે ? મ્હારા પોતાના ભાગ્યના એ પરિણામના તર્ક હું શા માટે કરું છું? પ્રિય કુમુદ ! તહારા સંપ્રત્યયની અનુકૂળતા તને ગુપ્ત રાખવામાં જ હશે, તહારે એ મિત્રથી અદૃશ્ય રૂહેવું હશે, તો જોડેની ગુફા તહારે માટે છે ને નીચલો ખંડ મિત્રને માટે રૂહેશે. તહારે તેને મળવાની ઇચ્છા હશે તો તો મ્હારે કાંઈ વિચારવાનું જ નથી. મિત્ર મ્હારી શુદ્ધ પરીક્ષા કરશે તો મને સાધુવત્ લેખશે ને કુમુદના યોગનું એ અભિનન્દન કરશે, મ્હારી કથામાં શ્રદ્ધા રાખશે, ને મ્હારા પ્રીતિયજ્ઞમાં ઉત્તમ આશ્રય આપશે. મિત્ર મ્હારી અશુદ્ધ પરીક્ષા કરશે તો મ્હારો ત્યાગ કરશે, ને મ્હેં તો સર્વનો ત્યાગ કરેલો જ છે તે હું મ્હારો ત્યાગ બીજું કોઈ કરે તેમાં શો દોષ કહાડું ? એ મ્હારો ત્યાગ કરશે તેથી મ્હારા હૃદયની એના પ્રતિની પ્રીતિ ન્યૂન થવાની નથી. સંસારના સંપ્રત્યયનો અનુભવી એ વિદ્વાન એ સંપ્રત્યયોથી દોરાય તેમાં એની પ્રીતિનો દોષ શો કહાડવો ? કુમુદ સાથે હું નવીન ધર્મથી બંધાયો છું ને બંધાઉં છું ને તે ધર્મનો ઉદય, મ્હેં ધર્મથી કરેલા આમન્ત્રણને લીધે ને ધર્મથી પ્રાપ્ત થયલા અદ્વૈતને લીધે, થયો છે તો તેનો સત્કાર અનિવાર્ય છે ને તેને પ્રતિકૂળ થયા વિના મિત્ર સાથેના ધર્મનો જેટલો સત્કાર થશે તેટલો કરીશ ને નહી થાય તેટલો નહી કરું. સાધુઓનો સનાતન ધર્મ આ માર્ગ મને દર્શાવે છે તો બીજું કાંઈ વિચારવાનું નથી. સાધુજનો, તમારા સનાતન ધર્મના સર્વ પન્થ સુદૃશ્ય છે, ને સુખ તેમ શાંતિનાં કલ્યાણના દાતા છે. તમારા ધર્મમાં દૃષ્ટિને ભારે ગુંચવારા નથી ને જે

ગુંચવારા નીકળે છે તે જાતે જેવા સૂક્ષ્મ અને રમણીય હોય છે તેવાં તેમનાં સમાધાન પણ સૂક્ષ્મ અને રમણીય થાય છે. સત્ય છે કે એ ધર્મનાં પાલન કઠણ અને કષ્ટસાધ્ય થાય છે—પણ એથી જ તે પાલન તપ-રૂપ છે, એથી જ તે સાધુજનોને સિદ્ધ કરે છે, અને એથી જ તે અસાધુજનોને ગમતા નથી. પણ એ ધર્મ જાણવામાં કે પાળવામાં આ તપ વિના બીજો ગુંચવારો નથી. કુમુદ! ચન્દ્રાવલીમૈયાની રસબુદ્ધિએ આપણે માટે યોજેલા તપમાં, અને આપણાં સૂક્ષ્મ જીવનમાં, આપણે કેવી રમણીયતા અને સંસિદ્ધિ ધર્મથી અનુભવી છે?

પ્રકરણ ૩૮.

સ્ત્રીજનનું હૃદય અને એ હૃદયની સત્તા.

I pass, like night, from land to land;
I have strange power of speech;
That moment that his face I see,
I know the man that must hear me:
To him my tale I teach.

—*Coleridge's Ancient Mariner.*

शुश्रुवे प्रियजनस्य कातरम्
विप्रलम्भपरिशंकिनी वचः ॥ रघुवंशम् ॥
आशाबन्धः कुसुमसदृशं प्रायशोऽह्यङ्गनानाम्
सद्यःपाति प्रणयि हृदयं विप्रलम्भे रुणद्धि॥

ભવ ભૂતિ.

ભગવી કન્થા ધારી કુમુદ સાધ્વીયો સાથે ગઈ અને સરસ્વતીચન્દ્ર સૌમનસ્યગુફાના સંસ્કારદીપક ગોટલા ઉપર બેસી પોતે જોયેલાં સ્વપ્નોના પોતે લખેલા ઇતિહાસ વાંચવા લાગ્યો અને પોતાના દેશનું અને દેશની વસ્તીનું કલ્યાણ શામાં છે અને કેવાં સાધનથી સાધ્ય છે તેના વિચાર કરવા લાગ્યો. વિચારે વિચારે એની સ્વપ્નસામગ્રી સહાયભૂત થઈને આગલા દિવસ પ્રસન્ન ચિન્તામાં ગયો. ભોજનકાળ વિના એમાં બીજું વિઘ્ન આવ્યું નહી અને કુમુદના વિના બીજા સર્વે તેમાં વ્યવધાનશક્તિ બતાવી નહી. અપ્રત્યક્ષ રહીને પણ અત્યારે કુમુદ જે વ્યવધાનશક્તિ બતાવતી હતી તે પણ સાત્વિક પ્રીતિના સંસ્કારોનાં બનગૃત સ્વપ્નો ઉત્પન્ન કરીને

જ ણતાવતી હતી, અને જેવી રીતે તે સ્વપ્નમાં સહચારિણી થઈ હતી તેવી રીતે આજના જાગૃત વિચારોમાં પણ માત્ર વિચારરૂપે જ સહચારિણી થતી હતી. સૂર્યાસ્તથી પાંચ છ ઘડી પહેલાં તેના વિચાર સમાપ્ત થયા ને તેને અન્તે પોતાની ગુફાની ઉપલી અગાશીમાં ચ્હડી ચારે પાસના સૃષ્ટિસૌંદર્યને આ પુરુષ જોવા અને ભોગવવા લાગ્યો. એ ભોગ–મેઘના ઉપર વીજળી જેવી વાણી ચમકવા લાગી.

" શરીરની શક્તિયો શરીરના ભોગથી વધે છે ઘટે છે, તેમ મનની શક્તિયો મનના ભોગથી વધે છે ઘટે છે, અને શરીર અને મનના વિવાહથી સંયુક્ત અવસ્થાને પામેલી શક્તિયો એ બેના સંયુક્ત ભોગથી વધે છે ઘટે છે. અમુક માત્રામાં ભોગને રાખવાથી આ સર્વ શક્તિયો વધે છે ને તે માત્રાની મર્યાદા તોડવાથી એ જ શક્તિયોને એ જ ભોગ ક્ષીણ કરે છે. આ માત્રાનું તારતમ્ય અંહીના સાધુજનો જાણે છે, પ્રાચીન આર્યો જાણતા અને આજના પાશ્ચાત્ય લોક જાણે છે. એ શક્તિયોના વિકાસથી ને સદુપયોગથી લોકનું કલ્યાણ છે. સર્વ શ્રમમાં, સર્વ તપમાં, સર્વ ઉદ્યોગમાં, સર્વ સુખમાં, સર્વ દુઃખમાં, સર્વ ભોગમાં, અને સર્વ ત્યાગમાં, યોગ્ય માત્રા રાખ્યાથી આ કલ્યાણ સધાય છે અને તોડ્યાથી અકલ્યાણ સધાય છે. મ્હારા દેશમાં આ માત્રાના અજ્ઞાને દુઃખની હોળી સળગાવી છે ને મ્હારા દેશી બન્ધુઓની સર્વ શક્તિયોને ક્ષીણ કરી દીધી છે—તે શક્તિ વધારવાને મ્હારા વિદ્વાન્ બન્ધુઓના અને રાજ્યકર્ત્તાઓના સર્વ પ્રયત્ન નિષ્ફળ થાય છે તેનું કારણ આ અજ્ઞાન અને આ અશક્તિ ! એ અજ્ઞાનનો ને અશક્તિનો નાશ અશક્ય નથી. આર્ય લોક માનતા[1] અને પાશ્ચાત્યો માને છે કે અગ્નિ દેખાતો કે ન દેખાતો હોય તો પણ કાષ્ટમાત્રમાં ગૂઢ રહેલો છે તે પ્રમાણે આ દેશના આર્યોમાં જ્ઞાન અને શક્તિ સ્થળે સ્થળે ગૂઢ—dormant રહેલાં છે—અલખ રહેલાં છે. તે ગૂઢ દૈવતને પ્રકટ કરવાં, અલખને લખ કરવાં, કરાવવાં, એ હવે મ્હારો અભિલાષ, મ્હારો ધર્મ, અને મ્હારે પ્રકટવાનો મહાયજ્ઞ—તે અભિલાષની સિદ્ધિને માટે હું પૂર્ણ પ્રયત્ન કરીશ, એ ધર્મ–વિચારના આચાર પાળીશ, અને એ મહાયજ્ઞમાં આહુતિઓ આપીશ"

" અલખ રહ્યાં ગુણ શક્તિ નિરંતર
દેશકાળમાં સ્થળે સ્થળે;
તે સહુ અલખ જગાવું હવે હું !

---

૧ अग्निस्तेजोमहांल्लोके गूढस्तिष्ठति दारुषु.

અલખ ખનો લખ ! ભલે ! ભલે !
અલખ જગવવા હું અધિકારી !
લક્ષ્મી મ્હારી ભસ્મ કરું !
જનતા તે મુજ ભવ્ય દેહ, ત્યાં
ભસ્મ વિભૂતિ ધરી ફરું !
એ સંન્યાસ થકી પરિવ્રાજક
હું સંસાર-શ્મશાન તણો !
અલખ ખેલનો સાક્ષી બનું છું !
ભેખ રક્ત વૈરાગ્ય તણો. ”

આ કવિતા ગાતાં ગાતાં સરસ્વતીચન્દ્ર ઉભો થયો હતો, ઉત્સાહમાં આવી હાથ ઉંચા કરી કરી ફરી ફરી ગાતો હતો, અને પોતે ગાય છે તે કોઈ સાંભળે છે કે નહી તેનો વિચાર કર્યા વિના ઉચ્ચ સ્વરે આકાશ સામું જોઈ ગાતો હતો. પણ એના સ્વગત–વાક્યોના[2] આરંભકાળથી જ કન્થાધારિણી શોકગ્રસ્ત કુમુદ એની પાછળ આવી, બોલ્યા ચાલ્યા વિના, આવી, ઉભી રહી હતી, ક્ષણમાં ઉભી ઉભી આંસુ સારતી હતી તો ક્ષણમાં નીચું જોઈ વિચારમાં પડતી હતી, ક્ષણવાર સરસ્વતીચંદ્રના પૃષ્ઠભાગનું દર્શન કરી પ્રતિમાદર્શનકાળના જેવા યોગમાં લીન થતી હતી તો ક્ષણવાર નિઃશ્વાસ મુકતી હતી, અને પવનથી હાલતી કુંપળ પોતાની ડાળને વળગી રહે તેમ આ સર્વ અવસ્થામાં એમની એમ એક જ સ્થાને ઉભી રહી હતી. અન્તે દીર્ઘ નિઃશ્વાસ મુકી, આંસુ લ્હોઈ, આગળ આવી અને સરસ્વતીચંદ્રને પગે પડી.

સરસ્વતીચંદ્ર કંઈક ચમક્યો પણ સ્વસ્થ બની પોતાને પગેથી કુમુદને ઉંચી કરવા નીચો પડ્યો અને કોમળ કમ્પતી દેહલતાને હાથમાં સાહી ઉંહાડવા લાગ્યો.

“ કુમુદસુંદરી !’ સાધુજનોમાં આ આચાર પ્રશસ્ત નથી એવું ચન્દ્રાવલીમૈયાનું જ વાક્ય છે—માટે તમે ઉઠો.”

કુમુદ ઉઠતી ઉઠતી બોલવા લાગી “ મને દીક્ષા આપો, મ્હારા શોકનો
“ એક વાર નાશ કર્યો તેવો ફરી કરો, હું હજી સંસારિણી જ છું, ને
“ આ કન્થા પ્હેરવાથી કંઈ ઉત્કર્ષને પામી નથી. આપના ચરણસ્પર્શે એક
“ વાર મને આપના મહારવમમાં સહચારિણી કરી પવિત્ર કરી છે તો
“ બીજી વાર આ પવિત્ર ઉત્કર્ષક ચરણનો સ્પર્શ કરું છું તે એવા

---

૧. જનસમુદાય. ૨. પોતાના મનને કહેલાં વાક્ય.

" અભિલાષથી કે મ્હારા ઉદ્ધારના કોઈ અતિ પવિત્ર માર્ગે આપ મને
" લેઈ જાવ, અને જેમાં સંસાર કે સાધુજન કોઈ દોષ ન દેખે અને
" મ્હારું કલ્યાણ થાય એવું ફળ આપો. સંસારને આપ શ્મશાન ગણો
" છો તો હું પણ તેને શ્મશાન જ ગણું છું, પણ મ્હારા શોકને બળવાની
" ચિતા તેમાં સળગતી નથી ને એક વાર સળગી તો આ પવનને ઝપાટે
" વધારે લાગવાને ઠેકાણે હોલાઈ ગઈ! મ્હારો દુર્ગન્ધી શોક એ ચિતા
" ઉપર એવો ને એવો પડેલો દેખાય છે! મ્હારા શોકને, મ્હારા વિકા-
" રને, અને મ્હારાં કલંકને હવે આપ ભસ્મરૂપ કરો અને મને માત્ર એ
" ભસ્મની પેઠે જ આપના સહવાસમાં ઉડવાની શક્તિ આપો! એ વિના
" વધારે જીવન મ્હારે હવે નથી જોઈતું."

એને વાંસે હાથ મુકી સરસ્વતીચંદ્ર કહેવા લાગ્યો. "કુમુદસુંદરી! તમારો
" શોક તમને પાવન કરે છે તે પ્રત્યક્ષ કરો. આ મ્હારા હાથનો ને
" તમારા શરીરનો સ્પર્શ બે દિવસ ઉપર આપણને વિકારથી ભરતો
" હતો તે બેને અત્યારે પ્રકૃત અવસ્થામાં રહેવા દે છે--આ તમારા
" શોકનું શુભ પરિણામ આપણે બે જણ આપણા સૂક્ષ્મ અદ્વૈતને
" બળે અનુભવીયે છીયે. એથી વધારે ફળ આ શોક આપે એમ
" નથી માટે તેને હવે નિષ્કારણ ગણી ત્યજો. કાલ પ્રાતઃકાળે ચંદ્રકાન્ત
" અત્રે આવે છે ને મ્હારે તમારે કંઈ પણ એકાન્ત વાર્ત્તા કરવાનો પ્રસંગ
" તે પછી ન્યૂન થશે. માટે, શોકને સમાવી દેઈ, મળી વેળાનો ઉપયોગ
" કરો તો સારું "

કુમુદ ઉંચું જોઈ બ્હાવરી બની બોલી: " ચંદ્રકાંતભાઈ ભલે આવે.
" આપણે શી વાત કરવી તે મને કંઈ સુઝવાની નથી."

સર૦—તમે શાંત સ્વસ્થ થઈ બેસો તો હું સુઝાડું.

કુમુદ૦—આપ બેસો એટલે હું બેસીશ.

સર૦—ચાલો. બે જણ બેઠાં. પ્રથમ કહો કે સાધુજનોએ તમને શો ઉપદેશ કર્યો?

કુમુદ૦—તેઓ મ્હારા સ્વામીને સ્વામી ગણતાં નથી તો તેમના ઉપદેશ શા કામના?

સર૦—પણ તે સ્વામી હોય તો શા વિધિ આવે પ્રસંગે પાળે છે?

કુમુદ૦— સંસારી જન સાધુ થાય તે કાળે તેની પાસે સંસારનું સ્નાન કરાવે છે; ને એમનો સંપ્રદાય આવે પ્રસંગે તો શબનો સ્પર્શ કરનારને જ સ્નાન

મમાં રહેલાં જાણી, તેમની જે મનોવ્યથા તમે ટાળવા ઇચ્છો છો, તે વ્યથાને તેઓ પામશે. મને પોતાને સંસારનું કે કોઈનું ભય નથી. સાધુજનો આપણા જે અદ્વૈતને માને છે તેને સ્વીકારી બે વર્ષ પછી પ્રસિદ્ધપણે તમારું પાણિગ્રહણ કરી મુંબાઇનગરીમાં જઈ ને પ્રકટપણે રહીશું તો તેમ કરવા સર્વ સાધન મ્હારી પાસે છે ને મ્હારા પ્રાયશ્ચિત્તની પૂર્ણાહુતિ તો તે વિના બીજી કોઈ પણ નથી. તેમાં મને ભય નથી પણ આવો લાભ છે, ને તમારાં માતાપિતાને મ્હેં કહ્યું તે ભય છે. આ માર્ગોમાંથી જે તમને પ્રિય તે મને પ્રિય થશે.

કુમુદે નિઃશ્વાસ મુક્યો. "આપની વાસના પ્રાયશ્ચિત્તશોધનમાં જ સમાપ્ત થાય છે."

સર૦—આટલું અદ્વૈત અનુભવ્યા પછી આ દ્વૈતશંકા શા માટે કરો છો ? એક માર્ગે અનેક ફળ મળતાં હોય તો શા માટે લેવાં નહી ? મ્હારી વાસના કે પ્રીતિ કે જે કહ્યો તે તમે પ્રત્યક્ષ કરી છે તો હવે તેમાં શા કારણથી શંકા રાખો છો ? પ્રીતિની સિદ્ધિ સાથે પ્રાયશ્ચિત્તની પણ સિદ્ધિ સાથે સાથે થઈ જતી હોય તો શા માટે ન શોધવી ? તમારો વિશ્વાસ ખોયા જેવું કાંઈ નવું કૃત્ય મ્હેં કર્યું મને સાંભરતું નથી.

કુમુદ૦—તો આ પ્રાયશ્ચિત્તનું નામ દેવું પડતું મુકો અને એનો સંકલ્પ પણ તમારા મનમાંથી દૂર જાય તેને જ ગમે તો પ્રાયશ્ચિત્ત માનો ને ગમે તો મ્હારા ઉપર પ્રીતિ કે કૃપા કરી માનો. મ્હારે માટે આટલું દુષ્કર કરો.

સર૦—એ પણ રમણીય કહ્યું અને હું તેમ વર્ત્તવા પ્રતિજ્ઞા લેઉં છું. તમારી પ્રીતિના બળ આગળ આટલામાં હવે મને કંઈ દુષ્કર નથી.

કુમુદ૦—આજ સુધી એમ થતું હતું કે બે વર્ષ પછીનું આયુષ્ય કેવી રીતે ગાળવું તે વિચારવાને બે વર્ષ ઘણાં છે ને તે વિચારવાની આજથી શી ઉતાવળ છે. હવે આજથી જ એ વાત વિચારવાની આતુરતા આપે ઉત્પન્ન કરી છે.

સર૦—જે હું પ્રકટ થાઉંછું તો તમારો સંબંધ ગમે તો પ્રકટ કરવો પડશે ને ગમે તો ગુપ્ત રાખવો પડશે. તે બેમાંથી શું કરવું એ પ્રશ્નને અંગે આ બધા ભવિષ્યનો વિચાર કંઈક પ્રાપ્ત થયો તે તમને પુછ્યો.

કુમુદ૦—હું તો મ્હારી જાતને અને જીવનને ગુપ્ત રાખવા જ ઇચ્છુંછું. જગત મને મુવેલી જાણે નહી તો મ્હારે જીવવાનો સંદેહ સમજવો. આપનાથી દૂર રહી જીવી શકું એમ નથી, ને આપની પાસે પ્રકટપણે રહી

કેવળ સૂક્ષ્મ પ્રીતિનો સંબંધ રાખીશ તો પણ જગત અપકીર્તિ કરશે ને માતાપિતાને અને સસરાજીને દુઃખ થશે તે જોવાની સહનશક્તિ મ્હારામાં નથી—તે જોવા કરતાં મરવું સારું.

સર૦—વાણી અને સ્ત્રી એની સાધુતાને માટે આ દેશના જન ભવભૂતિ જેવાના કાળથી શંકાશીલ અને દુર્જન જણાયા છે[૨] તેમ હજી પણ જણાશે એવી તમને બ્હીક લાગે છે.

કુમુદ૦—એ બ્હીક ખોટી નથી.

સર૦—કાળ આવ્યે એ બ્હીકનો ઉપાય કરીશું.

કુમુદ૦—આપની છાતી એટલી ચાલતી હશે. મ્હારી તો રજ પણ ચાલવાની નથી.

સર૦—આપણા લોકને સ્ત્રીનાં સાધુચરિત સમજાવવા આપણે પ્રયત્ન કરીશું.

કુમુદ૦—તેમ કરવા જતાં આપ રાફડાની ધુળમાં ડટાઈ જશો. ને સ્વપ્નમાં એ ધુળ પાસે જવાનાં સાધન હતાં તેમાંનું એક પણ આ જગતમાં મ્હારી પાસે આવે એમ નથી. મ્હારું હૃદય તો એ કલ્પનાથી જ કમ્પે છે. અમે અબલાજાતિ સ્વભાવથી બ્હીકણ છીયે તેથી સારું કામ પણ ગુપ્તપણે કરી સ્વસ્થ રહીયે છીયે ને તેને પ્રકટ કરવાથી ડરીયે છીયે.

સર૦—એ અનુભવ આજ તમે કરાવો છો તો કહો કે તમારા હૃદયને કીયા માર્ગથી સ્વસ્થતા મળશે? જ્યાં મ્હારી બુદ્ધિ નકામી છે ત્યાં તમારા હૃદયને પુછવામાં કાંઈ બાધ નથી ને તેના વિના બીજા કોઈને પુછવાનું ટેકાણું નથી.

કુમુદ૦—શું કરવામાં મ્હારી છાતી નહી ચાલે તે હું જાણું છું, પણ શું કરવામાં ચાલશે તે સુઝતું નથી. આપ લોકનું કલ્યાણ કરવાને શક્તિમાન્ થઈ શકશો—પણ તે, લોકમાં પ્રકટ થયા વિના, બને એમ નથી. એ કલ્યાણ-કાર્યમાં આપ પ્રવૃત્ત થાવ ત્યારે મ્હારા સહવાસ વિના સ્વસ્થ રહી શકવાના નથી ને એવે કાળે આપની સર્વ નહાની નહાની વાતોની સંભાળ રાખવાને આપની કુમુદ જેવી સહચારિણી આવશ્યક છે. છતાં કુમુદના સહચારથી આપ જ્ઞાતિબ્હાર થશો, લોકની નિન્દાના પાત્ર થશો, ને આપે લોકને પ્હેરાવવા ધારેલી પુષ્પમાળાઓને લોક સર્પ જેવી ગણી ફેંકી નાંખશે. હું એવું ધારતું છું કે આપ સંસારમાં પ્રકટપણે

---

૨. यथा स्त्रीणां तथा वाचां साधुत्वे दुर्जनो जनः

રૂહો ને લોકનું કલ્યાણ કરો—પણ મ્હારો સહવાસ આપે સ્વીકારવાથી જો વાત આપને નિષ્ફળ થશે ને મ્હારો સહવાસ ત્યજવાથી આપના મનનું સ્વાસ્થ્ય થવાનું નથી ને આપના વિના મ્હારી પોતાની દશાની તો વાત જ શી પુછવી ? મ્હારી ઇચ્છા એવી છે કે આપ ચન્દ્રકાંત-ભાઈ જોડે જઈ મુંબાઈમાં પ્રકટપણે રૂહો ને મ્હારા જેવી પણ અકલંકિત અખંડિત કોઈ અન્ય સહચારિણીને ભાગ્યશાળી કરો ને મ્હારા ક્ષુદ્ર દુષ્ટ શરીરને આ ગિરિરાજના ખડકોની કોઈ ઉંડી ખોમાં કે પેલા સમુદ્રમાં બહુ જ સમાસ મળશે ! મ્હારે માટે હવે સંસારમાં કોઈ પણ સ્થાન બાકી નથી ને મ્હારા શબને માટે કોઈ પણ સ્થાન ન્હાનું પડે એમ નથી. ઓ મ્હારા વ્હાલા ! હું કહું છું એ જ સત્ય છે ને સર્વને માટે કલ્યાણકારક છે. હું તમને છેલા પ્રણામ કરી લેવાની આજ્ઞા માગું છું ને ઉઠું છું. મ્હેં આપને ઘણા દુઃખી કર્યા છે તે સર્વથા ક્ષમા કરો એવા આપ ઉદાર છો. ઓ મ્હારા વ્હાલા—મને ઉઠવા દો ! આ એક કામમાં મ્હારી છાતી ચાલે છે !

આટલું બોલતી બોલતી આંસુથી ઉભરાતી રોતી કુમુદ ઉઠી હતી તે પાછી ફરી અગાશીના દાદર ભણી જવા લાગી. સરસ્વતીચંદ્રની આંખમાં આંસુ ઉભરાયાં , આ કરુણ દૃશ્ય તે વધારે વાર જોઈ શક્યો નહીં, ને, ધર્માધર્મની સર્વ શંકાઓને ગુફાની બ્હારના ખડકો ઉપર ફેંકી દેઈ, કુમુદને પાછળ જઈ એને પોતાની બાથમાં લેઈ લીધી, ને અગાશીના મધ્ય ભાગમાં એને છાતી સરસી ડાબી એના આંસુ લ્હોવા લાગ્યો, ને આંસુ લ્હોઈ એને છાતીથી જરીક દૂર કરી એનું મુખ પોતાના મુખ સામું ધરી પુછવા જાય છે ત્યાં કુમદ શબ જેવી થઈ પૃથ્વી ઉપર ઢળી પડી ને સરસ્વતીચંદ્ર પોતાના હાથમાં ઝીલી લીધી ન હત તો અગાશીની બ્હાર વીસ હાથ નીચે પડી જાત ને એ નાજુક બાળા ચુરેચુરા થઈ જાત.

સરસ્વતીચંદ્ર હાથમાંની બાળાના મુખઉપર પોતાના મુખને નિઃશંક લટ-કાવતો લટકાવતો અને તેનાં બીડાયલાં નેત્રમાં પોતાનાં નેત્રની અશ્રુધારા સારતો સારતો કહેવા લાગ્યોઃ "ઓ મ્હારા ચન્દનવૃક્ષ ! ઓ મ્હારી "કુમુદ ! હવે કાંઈ વિચારવાનું રહ્યું નથી, તારે વિચારવાનો કંઈ પણ "શ્રમ લેવાનો બાકી નથી ! સંસારના સર્વ પ્રકારોથી તું પોતાને મુક્ત થઈ "સમજ—મને કોઈનું ભય નથી, હું કોઈ સાધુધર્મનું ઉલ્લંઘન કરતો "નથી ! એવા ભય વિના, એવા ઉલ્લંઘન વિના, હું સર્વ રીતે તારો છું

" અને સર્વાવસ્થામાં લોકકલ્યાણ કરવાને સમર્થ છું—તેમાં તહારો સહવાસ
" વિઘ્નરૂપ નથી એટલું નહી પણ તહારું અદ્વૈત મહારા મંગલ કાર્યમાં
" આવશ્યક છે ! તહારું આયુષ્ય તહારે માટે નહી—પણ મહારે માટે અને
" મહારા સદભિલાષોની સિદ્ધિને માટે આવશ્યક છે ! એ મહારી કુમુદ !
" તું હવે ઉચ્છ્વાસ પામ ! હું તહારો જ છું ! તું મહારી જ છે ! પવિત્ર સા-
" ધુજનોએ, દિવ્ય સિદ્ધાંગનાઓએ, અને ચિરંજીવોના દર્શનાધિકારે
" જે વાત સિદ્ધ કરી છે તેમાં રજ પણ શંકા ન કરીશ !"

આ શબ્દોમાંના આશ્વાસનથી કે એ બોલનારના શબ્દોચ્ચાર સાથે નીકળતા શ્વાસથી, એના હૃદયના અંતર્ભાગના સ્પર્શથી કે પ્રાણવિનિમયથી, એની પ્રીતિના સંપૂર્ણ વિકાસથી કે પોતાના કરમાઈ જતા આશા-પુષ્પ ઉપર પડતી મેઘવૃષ્ટિથી, કુમુદ જાગૃત થઈ, સરસ્વતીચન્દ્રના સ્કન્ધ ઉપર પોતાના હસ્ત ટેકવી એના જ કંઠના આધારથી, નીસરણી ઉપરથી પાછે પગલે બાળક ઉતરે તેમ, સરસ્વતીચન્દ્રના હાથમાંથી નીચે ઉતરી એની સામી ઉભી રહી, ને હાથ દૂર લેઈ, આંસુ લ્હોઈ બોલવા લાગી.

" ક્ષમા કરજો ! વિચાર ન પહોંચવાથી હું આ દશાને પામી હતી.
" હું મૂર્છાવશ ન હતી પણ વિચારવશ હતી ને આપનું કહેલું સાંભળ્યું
" પણ ખરું ને વિચાર સુઝ્યો છે પણ ખરો. આપના યોગને પામી,
" આપની સેવાનો અધિકાર પામી, આપના દુઃખનું કારણભૂત થનારી
" આત્મહત્યાને હવે હું શોધવાની નથી. સાધુજનો જે સત્ય ધર્મ પાળે છે
" તે ધર્મને માની હું સત્ય બોલવા, અને છું તેવી જગતની આંખે
" દેખાવા, હવે તત્પર છું. જે સનાતન ધર્મ પ્રમાણે આપણું અદ્વૈત છે,
" જે આપણે વરણવિધાન વિના હૃદયના વિવાહથી વરી ચુકેલાં છીયે
" અને એ વરણ આટલું અનિવાર્ય નીવડ્યું છે, જે આપ મહારા હૃદયના
" સ્વામી છો, તો પછી પૃથ્વી જેવી હું જ્યાં દૃષ્ટિ કરીશ ત્યાં દ્યૌ જેવા
" આપને જ દેખીશ ! માતાપિતા કરતાં અને એમનાં સુખદુઃખ કરતાં
" પતિવ્રતાને મન સ્વામી જ વિશેષ છે, તો હું પણ એ ધર્મને અનુ-
" સરીને કંઈ પણ અન્ય વિચાર ન કરતાં, લોકલજ્જાને કે કૃત્રિમ
" શાસ્ત્રોને ન સ્વીકારતાં, સર્વ શાસ્ત્રનું શાસ્ત્ર આપણી પ્રીતિ છે તેને
" જ વશ થાઉં છું ! એ પ્રીતિ પિતાએ જ ઉત્પન્ન કરી છે, લોકવ્યવ-
" હારથી ભુલ થઈ આપેલું દાન ન આપ્યું ગણી મહારા કન્યાશરીરનું
" એ જ પિતાએ અન્યત્ર દાન કર્યું તે દાનના લેનાર પ્રતિ મહારો ધર્મ
" સમાપ્ત થયો છે, અને હૃદય તો પિતાએ મૂળ પ્રકટ કરેલા યજ્ઞની વેદી

" ઉપર જ હોવાયું છે—અને આપના જેવા આટલા મનોબળવાળા
" સાધુજન એ હોમને ધર્મ્યે ગણે છે!—તો હવે હું કાંઈ વિચારતી નથી!
" આપના રાત્રિમિત્ર પાસે મહારાં નાગ રૂપ પ્રકટ કરો ને આપને અંધી
" સુધી શોધવા આવનાર મિત્ર આપના જેવા જ સજ્જન હશે અને
" કંઈ પણ સદ્વિચાર બતાવશે. મહારું સર્વ આયુષ્ય આપની સૂક્ષ્મ પ્રીતિથી
" તૃપ્ત થશે ને સ્થૂલ પ્રીતિના સ્થૂલ ભોગની વાસનાને આપના આશ્રયથી
" હું દૂર રાખી શકીશ! મહારા હૃદયમાંથી પ્રીતિનો વૃક્ષ ઉખાડી શકતી
" નથી ને કોઈ ઉખાડી શકે એમ નથી. આપની છાયાની પેઠે, ચુહુબો-
" ધિની ધર્મપત્ની પેઠે, સૂર્ય પૃથ્વીને રાખેછે તે પૃથ્વીની પેઠે, હું આપનો
" ધર્મસહચાર કરીશ! સંસાર કહેશે તે સાંભળી રહીશ, પિતામાતાનાં
" દુઃખ જોઈ રોઈ રહીશ, પણ મહારો ધર્મ તો આ દેખું છું તે જ પાળીશ.
" ઓ મહારા પ્રાણનાથ! આપ હવે મહારા સર્વ વિચારનો ત્યાગ કરી
" કેવળ લોકકલ્યાણના જ વિચાર કરો. આપના હૃદયમાં જે દેશ અને
" લોક વસી રહ્યા છે તેમની હું સપત્ની નહીં થાઉં—પણ એ દેશ અને
" લોકની સેવાને અર્થે આપ જે યજ્ઞ માંડશો તેમાં હું આપની સહધર્મ-
" ચારિણી થઈશ! આજની રાત્રિ એ યજ્ઞના વિધિ સમજાવવામાં
" ગાળો. પ્રાતઃકાળે ચંદ્રકાન્તભાઈપાસે વગર શંકાએ મને બોલાવજો!
" આ સિદ્ધમન્દિરની પવિત્ર છાયાઓ મહારા હૃદયનો સ્પર્શ કરતી
" અત્યારે હું અનુભવું છું ને એ સ્પર્શના તાત્પર્યના બોધને આપનો
" ચિન્તામણિ પ્રકટ કરશે. તે આપણા સંસ્કારોને શુદ્ધ કરશે. આપણા
" વ્યવહારનો નિશ્ચય તો આપના તટસ્થ મિત્રને જ સોંપજો!"

પ્રકરણ ૩૯.

દેશપ્રીતિનું મનોરાજ્ય.

शतेषु जायते शूरः सहस्रेषु च पण्डितः ।
वक्ता दशसहस्रेषु दाता भवति वा न वा ॥
इन्द्रियाणां जये शूरो धर्मं चरति पण्डितः ।
सत्यवादी भवेद्वक्ता दाता लोकहिते रतः॥

વ્યાસ; મહાભારત.

(અર્થ:—સેંકડોમાં એક શૂર થાય; હજારોમાં એક પંડિત થાય; દશ હજારોમાં એક વક્તા થાય; ને દાતા તો ઉત્પન્ન થાય કે ન થાય. શૂર તે

ઇન્દ્રિયો જીતવામાં; પંડિત તે ધર્મ આચરવામાં; વક્તા સત્યવાદી થાય તે; અને દાતા લોકહિતને માટે દાન કરે તે.)

Convinced as he was that "success in the modern world was to be obtained only by adaptation to the needs of modern life, he wished his fellow-Hindus to unite an inner light of Divine philosophy, drawn from their traditional sources, and generously interpreted, to a mastery of the physical science, and the means of natural improvement." Jurist, statesman, scholar, orator, poet, lover of Nature, and meditative sage, he remains to the West the convincing proof that "it is by the word and example of him and his like that India must be regenerated, and the moral endowments of her children made noble, serviceable for the general welfare of mankind ." —*Fraser's Literary History of India on our late Mr. Justice Kashinath T. Telang.*

Year by year the leaders of Indian thought in India spread their influence over ever-widening circles, though what the final result may be when these leaders, infused with all the best of the spirit of the East and West, rise up to proclaim that East and West have met, and from the union new forms of thought, new modes of artistic expression, new ways of viewing life, new solutions of religious, social, and moral problems have been produced as they must be, is one that the whole past history of the world teaches us to be watched with hope, not fear or doubt.—*Ibid. on the Fusing Point of Old and New.*

On a poet's lips I slept,
Dreaming like a love-adept
In the sound his breathing kept.

Nor seeks nor finds he mortal blisses
But feeds on the aërial kisses
Of shapes that haunt thought's wildernesses.
He will watch from dawn to gloom
The lake-reflected sun illume
The yellow bees in the ivy bloom,
Nor heed nor see what things they be
But from these create he can
Forms more real than living man,
Nurslings of immortality.
One of these awakened me
And I sped to succour thee.

"*Spirit of the Mind;*" *Shelley's*
Prometheus Unbound.



ક્ષના ઉપર વેલી વીંટાતી હોય તેમ અત્યારે સરસ્વતીચંદ્રના હૃદય ઉપર કુમુદ વીંટાઈ. તેનું સૂક્ષ્મ શરીર સ્થૂલ શરીરને ભુલી ગયું, કેવળ હૃદય હૃદયને જોવા લાગ્યું, અને મુખ તો ગાત્ર હૃદયના ગાનના વાદ્ય જેવું થઈ ગયું.

સૂર્ય આકાશમાં પોતાનું તેજ મુકીને પૃથ્વીના સીમભાગની રેખા નીચે ઉતરી પડતો હતો અને તે તેજ પણ આ સૂક્ષ્મ દમ્પતીનાં અંતઃકરણમાં ઉતરી પડ્યું હોય તેમ થોડી વારમાં સ્થૂલ જગતમાં સ્થૂલ રાત્રિ પડી, અને એ રાત્રિ આ ચિરંજીવપ્રિય દમ્પતીને અજ્ઞાત આનન્દ આપવાને શક્તિમતી થાય એવું કરવાને ચન્દ્ર અને ચન્દ્રિકા સંપૂર્ણ કલાથી ઉદય પામ્યાં.

"કુમુદ! પ્રિય કુમુદ! પુરાણ પુરુષની સત્તા જેમ જગત માત્રને "એક કરી લે છે તે જ પ્રમાણે આ ચન્દ્રિકા પણ જગતને એકાકાર "એકાનન્દ કરતી નથી ભાસતી?" સરસ્વતીચન્દ્ર ચારે પાસ દૃષ્ટિ ફેરવતો બોલ્યો.

કુમુદ૦—એમ જ છે—તે એ ચન્દ્રની ચિરંજીવતાનું રમણીય ફળ છે.

સર૦—આ દીર્ઘ પ્રહરવાળી રાત્રિને આપણે એક ક્ષણ પેઠે ગાળીએ એવો અભિલાષ અહોરાત્ર હૃદયમાં આ ચન્દ્ર પેઠે ઉદય પામે છે.

કુમુદ૦—આપણે આપણા સર્વ આયુષ્યને આનન્દના ક્ષણ પેઠે ગાળી નાંખીશું.

સર૦—હૃદયના વિવાહના એ મનોરથનું આપણે વિવહન કરીશું. મધુર મધુરી, કંઈક મધુર વસ્તુ ગા.

કુમુદ૦—વિધાતાએ તો લેખ લખ્યા છે !

પ્રાણનાથશું પ્રાણ જડ્યા છે !
અન્યો એવો ચિરંજીવ યોગ !
જો જો ! તારા ! ચન્દ્ર ! ચકોર !

સર૦—એ સત્ય છે. આ તારા અને ચન્દ્ર પણ ચિરંજીવ છે. તેના ભણી આપણું ત્રસરેણુક જીવન ચકોર પેઠે ઉડશે અને સ્થૂલ ભોજન ત્યજી માત્ર સૂક્ષ્મ ચન્દ્રિકાનાં કિરણનું પાન કરશે.

કુમુદ૦—લોકસંઘ આ તારાઓ પેઠે આપણી દૃષ્ટિમર્યાદામાં ઉભરાય છે પણ તે દૂરથી ચમકારા કરે છે અને આપણો દેશ ચન્દ્રની પેઠે પાસે રહી આપણી દૃષ્ટિને ભરે છે ! આપણે ચકોર દમ્પતી પેઠે તેને જોઈ રહીયે છીયે.

સર૦—એમ જ.

કુમુદ૦ —આપણે અલ્પ દેહવાળાં પૃથ્વીપરનાં પક્ષી આ ચન્દ્રનું શું કલ્યાણ કરી શકીશું ?

સર૦—આખો દિવસ એ વિચાર કરી હું શ્રાન્ત થઈ ગયો છું ને હવે એ ચન્દ્રની ચન્દ્રિકા મ્હારા શરીરમાં અને મસ્તિકમાં નિદ્રાનો અભિષેક કરે છે. કુમુદ! નિદ્રા મને ઘેરે છે ને નીચે જવા જેટલી સત્તા મ્હારામાં નથી.

કુમુદ૦—એ ચન્દ્રિકામાં જ એટલી સત્તા હોય તો તેને હોડીને આપ અત્ર શયન કરો.

સર૦—હા.

નીચે ઉગેલા ઘાસમાં એ સુઈ ગયો ને ગમે તો નિદ્રામાં એણે જાતે મુકયું કે ગમે તો કુમુદે પડતું ઝીલ્યું—પણ એનું મસ્તક કુમુદના ખોળાનું ઉશીકું કરી સુઈ ગયું.

એની નિદ્રા ગાઢ દેખાઈ. એના નિદ્રાવશ મુખ ઉપર ચન્દ્રનાં કિરણ રમતાં હતાં અને પોપચાં ઉપર ભાર મુકતાં હતાં. એની મુછોમાં પવન સરતો હતો. એ સર્વ દર્શન કુમુદ આજ સ્વસ્થ ચિત્તથી કરતી હતી ને વિકાર વિના વિચાર કરતી હતી.

" આજ સુધી મહારી પ્રીતિ સ્વાર્થી હતી. ભોગમાત્રમાં સ્વાર્થ છે ને
" ભોગની તૃષ્ણાથી થનારી પ્રીતિ સ્વાર્થની જ પ્રીતિ છેઃ યૌવન થઈ રહેતાં
" એ પ્રીતિનો નાશ થાય છે. મહારી પ્રીતિને હવે શારીરક ભોગની વાસના
" નથી. આ પ્રિયજનનું કલ્યાણ જોવું, એને હાથે લોકનું કલ્યાણ થતું જોવું
" —એ જ હવે મહારી વાસના છે. પાંચાલીદેવીના માથા આગળ કુન્તી-
" માતા જેહાં હતાં તેમ આ મંગળ-મૂર્ત્તિના શિરને લેઈ હું બેઠી છું—તે
" એમના મહાપ્રયાણમાં એમને વિશ્રાન્તિ આપવાને જીવી છું ને જીવીશ !
" મન્મથ ! તું હવે બે જણનાં ઉરમાંથી ભસ્મસાત્ થયો છે. પત્નીનું અ-
" ર્ધાંગનાસ્વરૂપ ઘણે પ્રકારે સધાય છે. જે મહાન્ કાર્ય એમને આરંભવું
" છે તેમાં હું એમની મન્ત્રી-મન્ત્રિણી-થઈશ, એમનાં સાધનમાં દાસી થ-
" ઈશ, અનેક ક્લેશ ભરેલી એમની લોકયાત્રામાં એમના મનને અનુકૂલ
" થઈ એમની વિશ્રાન્તિનું સ્થાન થઈશ, અપરિચિત પ્રયાસથી એ ગભ-
" રાયા હશે ત્યારે કુન્તીમાતા જેવી થઈ ક્ષમા અને ધીરતા એમનીપાસે
" રખાવીશ, એમના ગૃહસમ્ભારમાં ભોજનાદિ સર્વ પ્રસંગોમાં એમની
" વેદીને પુષ્ટ કરવામાં માતા વિનાના આ બાળકની માતા થઈશ,
" મહારા ગુણથી એમના કુલનો ઉદ્ધાર કરીશ,— સ્ત્રીએ કરવાનાં એ સર્વ
" કાર્ય કરીશ[1] ! એ સર્વ વાતમાં એમની સ્ત્રી હું તે થઈશ. માત્ર શયન-
કાળે રમ્ભા થવાનો નિષેધ છે, ચન્દ્રાવલીની પેઠે તે નિષેધ પાળીશ, ને
એટલી વાતમાં મહારા એમના દમ્પતીધર્મની કળા ન્યૂન રહેશે—તે પણ
એમણે દર્શાવેલા બોધથી એમની સાથેના જ અદ્વૈતના બળથી— તેમાં
દોષ નથી—ગુણ નથી. આપણા દેશને એમણે પોતાનું કુળ કરી લીધું છે
ને તેનો ઉદ્ધાર કરવા ઇચ્છે છે તેમાં હું એમની આમ ધર્મપત્ની થઈશ
ને સ્થૂલ ભોગમાં વિરક્ત રહીશ ! પછી સંસાર મહારો કે એમનો શો
દોષ કઢાડશે? ને મહારામાં દોષ ન છતાં સંસાર દોષ દેખશે તો દેખો.

" अपापेऽहं कुले जाता मयि पापं न विद्यते ।
यदि सम्भाव्यते पापमपापिन्या हि किं मया ॥[2]

" આ મહાત્માને પ્રસંગે રંક કુમુદને આજ આટલું મનોબળ આપ્યું
છે. કુમુદ ! તહારામાં કાંઈ સત્વ નથી, સુન્દરતા નથી, કે પવિત્રતા

---

૧. कार्येषु मन्त्री करणेषु दासी
भोज्येषु माता शयनेषु रम्भा ॥
मनोनुकूला क्षमया धरित्र्या
गुणैश्च भार्या कुलमुद्धरन्ती ॥
૨. જુના શ્લોક ઉપરથી.

નથી તેમાં આ નરરત્ન સુન્દરતા જુવે છે, પવિત્રતા માને છે; ને સત્વ મુકે છે ! તહારું કર્ત્તવ્ય એટલું જ કે એની પ્રીતિને—કૃપાને—પાત્ર થવું, એ દીવા પેઠે પરમ જ્યોત ધરે તેને માટે એમની વાટ સંકોરવી, ને એમાં તેલ પુર્યાં કરવું! એટલો નિર્દોષ અધિકાર પામી છું તો તે પાળીશ."

સરસ્વતીચંદ્રને કપાળે હાથ ફેરવતી ઉંચે જોઈ ધીરે સ્વરે ગાવા લાગી;

" આકાશના ચંદ્ર ! આ ચંદ્ર તહારાથી વધારે છે !
" મ્હારે માટે આવું તે આનું વ્હાલ છે,
" મ્હારે માટે આવા તે આના હાલ છે !
" પુરો શ્રીમાન ને વિદ્વાન આ
" મ્હારી પ્રીતિમાં થયો બેહાલ આ !
" મને સુઝતાં નથી માતા ને પિતા,
" ત્યજ્યા મ્હારે માટે એણે તો પિતા !
" ત્યજી લક્ષ્મી, ત્યજ્યાં ગૃહમિત્રને,
" શોધી એકલી રંક કુમુદને !
" એને માટે ઇચ્છું તે ઓછું પડે,
" એને માટે શોધું તે ના જડે.
" ચંદ્ર ! તેજ તહારું જડ સર્વ છે;
" મ્હારા ચંદ્રમાં ચેતન–રસ બધે !"

ગાવું બંધ કરી હાથ ફેરવતી ફેરવતી બોલ્યા ચાલ્યા વિના બે કલાક એ જ દશામાં બેસી રહી ને પ્રિયમસ્તકનો ભાર એના બોળાને જણાયો જ નહી. અંતે સરસ્વતીચંદ્ર હાલ્યો, જાગૃત થયો, બેઠો થયો, ને બે જણ સ્વસ્થ થઈ નીચે ગયાં. ઓટલાને એક છેડે એ બેઠો ને બીજે છેડે કુમુદ બેઠી. કુમુદે વાત કહાડી.

" હવે આપણે મ્હારી વાતો કરવાની કાંઈ બાકી નથી. આપે આ-પણું આયુષ્યશેષ કેવી પ્રવૃત્તિમાં ગાળવું ધાર્યું તે સમજાવો.

સર૦—ઘણા વર્ષના મ્હારા અભિલાષ સિદ્ધ કરવાનો માર્ગ આ સ્થાને અને તમારા અદ્વૈતે જ મને સુઝાડ્યો છે. મધુરી ! મને એક વાર કહો—સ્પષ્ટ—અને અંતઃકરણ ઉપર વાસેલા આગળા ઉઘાડી—કહી દો કે આ-પણાં જીવનનો સમાગમ તમે કેવળ સૂક્ષ્મ ઇચ્છો છો કે સ્થૂલ ને સૂક્ષ્મ ઉભય ઇચ્છો છો ? તમે જે માર્ગ ઇચ્છશો તેને અનુકૂળ રહી મ્હારો અભિલાષસિદ્ધિ શોધવાનું મને સુઝ્યું છે.

કુમુદ૦—જો આમ કે તેમ એ વાતને માટે અનુકૂળ માર્ગ આપને સુઝ્યો છે તો આ પ્રશ્ન તેને માટે નકામો નથી ?

સુર૦—જો આમ હોય તો એક માર્ગ છે ને તેમ હોય તો બીજો માર્ગ છે. એમ બે જુદા માર્ગ જડે છે માટે પુછવાનું થાય છે.

કુમુદ૦—સ્ત્રીજનના હૃદયનો સ્વભાવ આપ સમજો છો. મહારી બુદ્ધિ અનેક નિર્ણય કરી એક નિર્ણય ઉપર આવી છે એ સત્ય છે; પણ સ્ત્રીનાં હૃદય દીવાની જ્યોત જેવાં છે તેનો શો વિશ્વાસ ? અમારી બુદ્ધિઓ અમારા હૃદયના હાથમાં ને હૃદયનો દીવો પવનના હાથમાં. આપના જેવા સમર્થ સત્પુરુષો અમારે માટે જેવાં ફાનસ રચશો તેમાં અમારી શક્તિ પ્રમાણે અમારા હૃદયના દીવા બળશે ને આપને પ્રકાશ આપશે. મહારે માટે કેવું ફાનસ આપવું એ આપને સુઝતું ન લાગ્યું માટે જ ચન્દ્રકાન્તભાઈને પુછવા ઉપર રાખ્યું. જ્યારે વહાણના પોતાના સઢ ચાલતા નથી ત્યારે વહાણવટી ખલાસીઓને હલેસાં મારવા બેસાડે છે. જ્યારે આપણા સઢ ન જ ચાલ્યા ત્યારે આપના સન્મિત્રને હલેસાં ઉપર બેસાડવાનું મને સુઝ્યું તે કહ્યું. મને લાગે છે કે હવે આપને જે જુદાજુદા માર્ગ સુઝ્યા હોય તે સર્વ મને કહી દો. આ વિષયમાં આપના પૌરુષ હૃદયનું તેજ ધારવાને મહારું સ્ત્રૈણ હૃદય ઉત્કટ આતુર થઈ ગયું છે. પ્રિય મેઘની વૃષ્ટિને માટે જેમ પૃથ્વી ઉકળે તેમ આપના હૃદયમાંથી થવાની વૃષ્ટિને માટે હું આતુરતાથી ઉકળું છું, ને આપની વૃષ્ટિ કલ્યાણકર જ હશે એવી શ્રદ્ધાથી તેની ધારાઓનું મહારા હૃદયકમળમાં આધાન પામવાને માટે સજ્જ છું. રાત્રિના અન્ધકાર જેવા સંસારના અન્ધકાર આપણી બેની વચ્ચે અંતરાયરૂપ થયા છે તે છતાં આપની રસગર્જના એ અન્ધકારને ભેદી મહારા હૃદયમાં સંભળાઈ છે, ને અનેક શોકથી શ્યામ થયેલા મેઘના જેવા આપના તેજને હું રંક પૃથ્વી જેવી નીચેથી દેખું છું ![1] હવે એ પડદો ચીરી નાંખો ! આપના મનમાં જે પુરુષાર્થના અભિલાષ ઘણા કાળથી બંધાયા છે તે મહારા હૃદયમાં રેડી દો ને શાસ્ત્ર પ્રમાણે વિવાહકંકણનો ઉચ્ચગ્રાહ—આપ દો ને હું પૃથ્વી—તે સિદ્ધ કરી દો ! ઓ

---

૧. વિશ્વમ્ભરા પ્રિયતમા પ્રિયમેઘ કાજ
આતુર સજ્જ થઈ ઉરથી ઉકળે છે;
આ અન્ધકાર યમતુલ્ય પડ્યો જ વચ્ચે:
દેખે ન મેઘ અવનિ, અવનિ ન મેઘ.
એ મેઘ હોય પુરુષાર્થ ઘણો રચે છે,
ઉરે જમાવી રસ, ગર્જનને કરે છે. (પછીને પાને અનુસંધાન છે.)

મ્હારા પ્રિયતમ પ્રિય! આપની જે કુમુદ સ્વભાવે રંક, અજ્ઞાની, ને લજ્જાશીલ છે તે આ સ્થાનનાં કોઈ સત્વોને બળે આજ આપની પાસે બલવતી, પ્રબુદ્ધ, અને ધૃષ્ટ થાય છે![1]

સ૨૦—અવશ્ય આ સ્થાનનો અને થયેલાં સ્વપ્નોનો પ્રભાવ તમને આ નવી પ્રકૃતિ આપે છે! અથવા સિદ્ધાંગનાઓએ સ્વપ્નમાં આપેલા અદ્વૈત-વસ્ત્રના છેડા તમને આ સૂક્ષ્મ પ્રીતિની વિકાસ-અવસ્થાનો અનુભવ આજના પરિપાક પામેલા જાગૃતમાં આપે છે!

કુમુદ૦—જે હો તે હો! આપ હવે આપના મનોરથ મને કહી દો કે એ મનોરથની ધરીએ જોડવાના બે અશ્વને સ્થાને આપણે બે તરત જોડાઈ જઈએ. આપના હૃદયમાં મ્હારું હૃદય પ્રવેશ કરે છે તેને માટે દ્વાર ઉઘાડાં મુકો!

સ૨૦—મધુરી પ્રિયા! એમ જ છે તો સાંભળ. મ્હારી જનની જેને આપણે સિદ્ધરૂપિણી જોઈ તેની પાસેથી અને મ્હારાં પિતામહી પાસેથી મને મળેલું દ્રવ્ય હું મુંબાઈ છોડતી વેળા ચંદ્રકાંતને આપતો આવેલો હતું. એ તેમનું શુદ્ધ સ્ત્રીધન તેમના દાયાદ-રૂપે હું પામેલો હતું. કુમુદની સુન્દર મૂલ્યવતી છબી એને માટે કલ્પેલા રંગભવનમાં રાખી અને એને આપવાની મુદ્રા વિશેષ વ્યય કરી તૈયાર કરાવી તે આ દ્રવ્યના પ્રતાપથી. એ છબી મુંબાઈમાં રહી, અને તે પ્રતિકૃતિની પ્રકૃતિરૂપ કુમુદને જ આજ હું આમ નવીનરૂપે પામું છું. એ તને આપવાની મુદ્રા સુવર્ણપુરથી નીકળ્યા પછી એક દુઃખી વણિકને દ્રવ્યવાન કરવાને મહેં પહોંચાડી દીધી છે અને કુમુદને માટે આ સિદ્ધાંગનારૂપ થયલી શ્વશુર-જનનીએ આપેલી ચિન્તામણિ મુદ્રા જ તેમની પૌત્રીને આપવાને મ્હારી પાસે શેષ રહી છે.

એ ગર્જના કરી પ્રતિધ્વનિને શુણે છે,
ને કૃષ્ણકાય યમ સહુ શુણતો ધ્રૂજે છે.
શુણી પતિતણી ગર્જના વીરહાક,
આલ્હાદ પૃથ્વી ધરતી ત્યજતી વિષાદ;
અત્યન્ત તેજ રસશ્યામ ધરે પયોદ,
તે પૃથ્વી ખોળતું ચીરી પટ અન્ય સન્યો!
સ્નેહમુદ્રા. કાંડ ૮૨ (શ્લોક ૩૮—૪૦)

१. अन्यदाभूषणं पुंसां क्षमा लज्जेव योषिताम् ।
पराक्रमः परिभवे वैयात्यं सुरतेष्विव ॥ भाध.

કુમુદ૦—સ્થૂલ સૂક્ષ્મ પ્રીતિના એ સ્થૂલ પ્રસાદ જતે આમ છુટા પડ્યા તે કેવળ–સૂક્ષ્મ પ્રીતિને ઉચિત જ થયું છે. હવે આ કન્થાઓમાં જ આપણી સ્થૂલ સમૃદ્ધિની સમાપ્તિ રૂહે તેમાં ચન્દ્રાવલીમૈયાએ છવાડેલી કુમુદના જીવનનું પરિપૂર્ણ સાફલ્ય છે.

સર૦—કુમુદ - કુમુદસુંદરી! સિદ્ધ પ્રીતિના અદ્વૈતને બળે ઘડીમાં તમને તું કહું છું ને ઘડીમાં તમે કહું છું—ઘડીમાં કુમુદ કહું છું ને ઘડીમાં કુમુદસુંદરી કહું છું! ક્રમ વિના આમ ઘણુંક અર્થ વિનાનું મ્હારાથી અને તમારાથી બેથી બોલાઈ બકાઈ જવાય છે[1] તે ભાગ બાદ કરી બાકીનું સમજી સંગ્રહી લેજો. આજ સુધી અનેક વિચારો મનમાં ઘોળાયાં કરતા હતા તેમને સ્થાને હવે એક વિચાર પરિપાકદશામાં આવતો જાય છે—તેમાં તમે મ્હારાં સહધર્મચારિણી થશો એવી શ્રદ્ધા થઈ છે. મ્હારી જનનીએ ને માતામહીએ મળી મ્હારે માટે ચાર લક્ષ રુપીઆ મુકેલા હતા તેના વ્યાપારાદિ સાધનથી મ્હેં આજ લગભગ છ સાત લક્ષનો સુમાર વધારા સહિત કરેલો છે. એ સર્વ સંગ્રહ મ્હારા સર્વ મનોરાજ્યની સિદ્ધિને માટે પૂર્ણ નથી. કાળ જતે—ચાર વર્ષે કે પાંચ વર્ષે—તે સંગ્રહ મ્હારા મનોરાજ્યના એક અંગને માટે બસ થશે ત્યાં સુધી ચન્દ્રકાંતના હાથમાં એ વધ્યાં જશે, ને આપણે આ સાધુજનોમાં એકાન્ત અપ્રસિદ્ધ સૂક્ષ્મ જીવન વ્યતીત કર્યા જઈશું.

કુમુદ૦—તે કાળપરિપાક થયે એ દ્રવ્યનું શું કરવા ઇચ્છો છો?

સર૦—તમારું શરીર હવે અસ્પૃષ્ટ પવિત્ર રૂહેશે ને તમારી સૂક્ષ્મ કલ્યાણ સમૃદ્ધિનું હું આસ્વાદન કરી શકીશ તે જ રીતે મ્હારી એ લક્ષ્મીનું શરીર અસ્પૃષ્ટ રૂહેશે—તેનો વ્યય નહી થાય અને તેના ઉત્પન્નનો વ્યય થશે. એ ઉત્પન્નમાંથી એક વર્ષ આ દેશમાં વિદ્વાન્ ધનવાન્ વ્યાપારી ઉત્પન્ન થઈ શકશે ને બીજે વર્ષ દેશની રંક પ્રજાનાં કલ્યાણનાં બીજ રોપાશે. એમ ઉત્પન્નમાંથી વર્ષે વર્ષે વારાફરતી ચિરકાળની વ્યવસ્થા થઈ શકશે. "બી.એ" સુધીની પરીક્ષામાં તરી ઉતરેલા વિદ્વાનોમાંથી જેને વ્યાપારી થવાની શક્તિ અને વૃત્તિ હશે એવા બુદ્ધિમાન્ નરોમાંથી એક જણને કંઈ નિયમો પ્રમાણે શોધી કઢાડી તેને વ્યાપારકાર્યમાં સિદ્ધ કરી શકાશે, અને એવી કલ્પના છે કે આવા નરને તે સિદ્ધિને અંતે વાણીશ હુન્નર રુપીઆની ગોઠમાં ગોઠવી મુકી મળે. તે નરનું શોધન થાય કે તરત તેણે આ દેશમાં જ કોઈ સમર્થ વ્યાપારીઓ પાસે વ્યાપારમાં સિદ્ધ થવું અને

---

૧. જન્મનોક્રમેણ. ઉત્તરરામ.

તેણે માત્ર ત્રીશ રુપીઆના માસિક વેતન—પગાર-થી પોતાના વ્યયનો નિર્વાહ કરવો. આ પ્રમાણે બે વર્ષ તેણે આ દેશમાં વ્યવહારમાં આવી રીતની કરકસરથી રહેતાં ને વ્યાપારીની કળાનું ઉપાર્જન કરતાં શીખવું. તે પછી તેણે ત્રણ વર્ષ યુરોપમાં કે અમેરિકામાં અથવા બે દેશમાં મળી ગાળવા ને ચાળીશ હજારની મુડીના વ્યાજમાંથી એ દેશોમાં તેણે નિર્વાહ કરવો અને વ્યાપારકળામાં નિપુણ થવું. તે પછી પૃથ્વીના બીજા કોઈ ભાગમાં એક વર્ષ, ને અંતે આ દેશમાં બે વર્ષ, ગાળવાં. એના સર્વ પ્રવાસનું યોગ્ય ખરચ તે આ દેશમાં હોય ત્યાં સુધી માત્ર રુપીયા ત્રીશનું અને પરદેશમાં ચાળીશ હજારના વ્યાજ જેટલું એને વેતન આપવું. આટલાં વર્ષ તેના પોતાના ધારેલા વ્યાપારમાં સિદ્ધ થવા માટે દ્રવ્યનાં કાંઈ વિશેષ સાધન, અને વ્યાપારમાં સિદ્ધ થયલા પ્રતિષ્ઠિત ઈંગ્રેજ અને દેશી વ્યાપારીયોના આશ્રય અને અભિપ્રાય,—એટલી વસ્તુઓ એને મ્હારે અથવા મ્હારા પ્રતિનિધ પુરુષોએ પ્રાપ્ત કરાવવી. આટલાં વર્ષની આટલી સિદ્ધિ તે પૂર્ણ પ્રયત્નથી ને સદ્બુદ્ધિથી પામ્યો છે એવો નિર્ણય થાય કે તેને ચાળીશ હજારની રકમ આપી દેવી અને તેનો તે સારો ઉપયોગ કરી પોતાનું ને દેશનું કલ્યાણ કરવા સમર્થ થાય એવો આશીર્વાદ આપવો. જો આ ઉપરાંત તે નર કોઈ બીજી દ્રવ્યોત્પાદક કળા કે શાસ્ત્રીય વિદ્યા પરદેશમાંથી પ્રાપ્ત કરી આવ્યો હોય તો ચાળીશ હજાર ઉપરાંત બીજા દશ હજાર સુધીની રકમ આપવી. આટલા તપથી સિદ્ધ થયલો વ્યાપારી આ દેશમાં અર્જુનના રથનાં સૂત્ર ખેંચવામાં સાધનભૂત અને સમર્થ થશે એવી મ્હારી શ્રદ્ધા છે. પોતે પારકે દ્રવ્યે સિદ્ધ થયલો વિદ્વાન્ વ્યાપારી, પોતાનું ને પુત્રાદિકનું પેટ ભરી બેસી રહેનાર કે મૂર્ખ વાસનાઓની તૃપ્તિ શોધનાર કે વ્યાજ ખાઈ અનાથ વિધવા પેઠે આળસુ ને મન્દ ગતિનો જન્તુ, નહી થાય પણ અર્જુન પેઠે ફરતો ચરતો અને અપૂર્વ અદ્દશ્ય અસ્ત્રો વસાવી ફેંકતો થશે ને આ દેશની પાંચાલીની ને પોતાના ચારે ભાઈની સમૃદ્ધિઓને ઉત્પન્ન કરનાર થશે. કુમુદસુન્દરી, આવા નરો ઈંગ્રેજ હનુમાનના સમર્થ શિષ્યો થઈ દ્રષ્ટા થશે, પોતાના યુગને ઉચિત **નીતિ** આપશે, મ્હોટી **ક્રિયા**ઓ રચશે, **જિષ્ણુ** થશે, અને પોતાના જેવા અનેક નરોને ઉભા કરશે. **મલ્લમહારાજ**ની વેધશાળામાં **અર્જુન**નાં પાંચે આસન છે તે આવા નરોની ક્રિયાથી આ દેશમાં ઉભાં થશે. વિદ્યાથી ઋષિ, ક્રિયાથી રાજરૂપ, ને સૌમનસ્યથી ઇન્દ્ર જેવા લોક, આ નરોની સૃષ્ટિમાં અવતાર લેવાનું ધર્મક્ષેત્ર દેખશે. ઇન્દ્ર ચરનારનો મિત્ર છે, સત્ય યુગ ચરવામાં

છે -સુવામાં નથી—એ મિત્રની અને એ યુગની પ્રાપ્તિનું બીજ આવા વિદ્વાન્ ધનવાન્ પુરુષોના ઉત્કર્ષથી થશે એવી મ્હારી શ્રદ્ધા છે.

કુમુદ૦—જ્યારે આપના છેલ્લાંત લક્ષ અધુરા લાગે છે ત્યારે પચાસ હજારની રકમમાંથી તે શી રીતે આ નર આવા થશે ?

સર૦—એ પચાશ હજાર તો એમને માત્ર રથ આપશે પણ એ રથમાં બેસી પોતાની સિદ્ધિને બળે એ લોક કાળક્રમે પચાશ લક્ષ વસાવી શકશે. કુમુદસુન્દરી ! એ લોકના યોગ અને પરાક્રમ આ દેશને કલ્યાણકારક નીવડશે. દ્રવ્યવાન્ અપંડિતો, રંક પંડિતો, અને દ્રવ્યવાન્ અને એકલપેટા હાથપગ વિનાના વિદ્વાન્ અદ્રષ્ટાઓ-એ સર્વને સ્થાને આ માર્ગથી જ આ દેશમાં અર્જુનનું વીર્ય સફલ થશે. અનેક લોકને દ્રવ્ય કમાવાને માર્ગ સુઝતા નથી તેને આવા દ્રષ્ટાઓની દૃષ્ટિ અને ક્રિયા ખાતાપીતા અને જોતા કમાતા કરશે. મ્હારી ટુંકી લક્ષ્મીની મર્યાદાને લીધે માત્ર બસે વર્ષે આવો એક જ નર નીવડી શકશે તે તો ઈશ્વરની ઇચ્છા ! પણ જે ઈશ્વર મને આટલા વિચાર સુઝાડેછે તે આટલા બીજથી બીજાઓને અનેકધા વિશેષ સમર્થના આપશે. બાર વર્ષમાં આવા છ પુરુષો નીવડશે તેઓ સમુદ્ર ઓળંગી પરદેશની કળાઓને અને વિદ્યાઓને આણશે તેની સાથે જ આ દેશનો ધનંજય પોતાની દૃષ્ટિ, જય, અને વિભૂતિનું દર્શન કરાવવા માંડશે.

કુમુદ૦—એ કાર્યમાં મ્હારો ધર્મસહચાર કેવી રીતે કામમાં લાગશે ?

સર૦—પારદેશીય રસસામગ્રી લેઈ આવેલાઓને માટે સુભદ્રાઓ ઉભી કરવી એ મ્હારી કુમુદનું કામ—તે ભાવી કાળમાં વિચારીશું. હવે એક વર્ષે આવા નરો ઉત્પન્ન કરવા તો બીજે વર્ષે મ્હારી ટુંકી લક્ષ્મીના ઉત્પન્નનું શું કરવું તે સાંભળ. વૃદ્ધોની વૃદ્ધાવસ્થાનો આધાર તેમનાં યુવાવસ્થ પુત્ર-વધૂઓમાં છે; બાલકોનો આધાર તેમનાં યુવાવસ્થ માતાપિતામાં છે; રાજ્યનો આધાર પણ યુવક પ્રજાનાં સામર્થ્ય અને સન્મતિમાં છે. યારે આશ્રમનો આધાર જેવો ગૃહસ્થાશ્રમ ઉપર છે તેમ સર્વ અવસ્થાઓનો આધાર યુવાવસ્થા ઉપર છે. તે જ ન્યાયે અને તેથી અધિક ન્યાયે એ સર્વ અવસ્થાઓનું ને સર્વ પ્રજાનું કલ્યાણ દેશના વિદ્વાનો ઉપર છે ને વિદ્વાનોનો આધાર તેમની યુવાવસ્થાના સાફલ્ય ઉપર છે. જો આપણે તેટલા સાફલ્યનાં બીજ રોપી શકાશું તો સર્વ વૃક્ષો જનતે સમૃદ્ધ અને બલવાન્ થશે. ઈંગ્રેજ લોકે ઘણી સૂક્ષ્મ બુદ્ધિથી, ઘણી દીર્ઘ દૃષ્ટિથી, અને અનેક નીતિધર્મના વિચારના દોલનને અંતે, આપણા વિદ્વાનોની જે વાડી આ દેશમાં ઉભી કરી છે તેના

માળીનું કામ આપણે કરીશું. આપણે આપણાં સૂક્ષ્મ જીવનની લોકયાત્રા આ વિદ્વાનોનાં મન્દિરોમાં ને ઝુંપડાંઓમાં કરીશું. એ લોકનાં ગુપ્ત અને પ્રકટ સ્થાનોમાં અને હૃદયોમાં આપણે આપણી બેની પરિવ્રજ્યા કરીશું અને એ ક્ષેત્રોમાંના અંતરાત્માની સ્થૂલ સૂક્ષ્મ ગતિને જોઈ લેઈશું. આપણા પુરુષવિદ્વાનોમાં હું ફરીશ, ને તેમની સ્ત્રીઓમાં તું ફરજે. તેમની સ્ત્રીઓના આધિ, વ્યાધિ, અને ઉપાધિ તું જોઈ લેજે ને તેમના સ્વામીઓના આધિ વ્યાધિ ઉપાધિ હું જોઈ લેઈશ. આપણે તે બે વર્ગનું તેમના કલ્યાણ માટે ને દેશના ઉદ્ધાર માટે સંયુક્ત સખીકૃત્ય કરીશું. પિતામહપુરમાં જે પ્રતિબિમ્બ જોયાં તેના મૂળ પદાર્થ આપણે જોઈ લેવા. તે પછી તેમનાં જે ઘરમાં જેવાં દુઃખ હોય તે નષ્ટ કરવા આપણે તેમને શક્તિ આપવી.

એમની સ્ત્રીયો પંડિત થાય, રસજ્ઞ થાય, કુટુમ્બપોષક થાય, સ્વસ્થ થાય, શરીરે બલવતી, રોગહીન અને સુન્દર થાય, યોગ્યતાના પ્રમાણમાં કુટુમ્બબન્ધનમાંથી તેઓ મુક્ત—સ્વતંત્ર થાય ને તે મુક્તતાથી ને સ્વતંત્રતાથી કુટુમ્બની મૂર્ખ ઇચ્છાઓ અને કલેશમાંથી છુટી એ કુટુમ્બનાં ખરાં કલ્યાણ કરવા શક્તિમતી અને ઉત્સાહિની બને, કુટુમ્બના બાળકવર્ગને પોષણ અને શક્તિ આપે અને વૃદ્ધ વર્ગની કલ્યાણવાસનાઓને તૃપ્ત કરે:—એવા માર્ગ શોધવા ને લેવા તે મહાકાર્ય ગુણસુન્દરીની પ્રિયપુત્રી નહી કરી શકે તો બીજું કોણ કરી શકશે? એ કાર્યને માટે બબે વર્ષે આપણે પચાશ હજાર રુપીયાના યોગ્ય ભાગ ખરચી શકીશું! તે છે તો ઓછા—પણ ચલાવી લેઈશું.

કુમુદ૦—આપણી સ્ત્રીયો કુટુંબને પરવશ છે.

સર૦—એટલા માટે જ હું વિદ્વાન્ સ્વામીઓની સ્ત્રીયોને આ આશ્રય આપવા ઇચ્છું છું—કે સ્વામીને શક્તિ આપીએ તો તે સ્ત્રીને આપે. સ્ત્રીને રસોડામાંથી અને ગૃહકર્મમાંથી મુક્ત કરવાનાં સાધન વિદ્વાન્ સ્વામીને હોય તો તે સ્ત્રીને મુક્ત કરે, માટે તું જે સ્થાન યોગ્ય ગણે ત્યાં સ્વામીને હું આવાં સાધન આપીશ ને સ્ત્રીને તે સાધનનો ઉપયોગ કરી ઉચ્ચ જીવનમાં પ્રવેશ કરવાની શક્તિ ને વૃત્તિ તું આપજે.

કુમુદ૦—ગૃહનું વૃદ્ધ મંડળ આ વાતનો તિરસ્કાર કરશે ને ઇતર મંડળ આ સ્ત્રીની ઈર્ષ્યા કરશે.

સર૦—એ સર્વ મંડળીને પણ આ સાધનનો લાભ મળે તો તેમને પણ આવા જીવનનો લોભ આપણે આપીશું. હું ને તું એકલાં આ સમારંભને

માટે બસ નથી. માટે આપણા દેશમાં સમર્થ સ્ત્રીયો થાય ત્યાં સુધી ઇંગ્રેજોની કુલીન સ્ત્રીયોને સારા પગાર આપી આપણી આવી સ્ત્રીયોમાં જતી આવતી ને વાર્તાથી ને સહવાસથી ઉચ્ચ જીવન આપતી કરીશું. આપણી સ્ત્રીયોને ઘેર બેઠે આમ ગંગા પ્રાપ્ત કરાવીશું ને એ સ્ત્રીયોને પણ ધીમે ધીમે ગૃહકાર્યમાંથી મુક્ત કરી બ્હાર કઢાડીશું ને પરદેશની ને આપણા દેશની પંડિત સ્ત્રીયોને એકઠી કરવાનાં ને બોધ અને રસ આપવાનાં સ્થાન રચીશું. આપણી વિધવાઓને આવા નવા ઉપદેશક ઉદ્યોગને માટે પાળી, પોષી, શક્તિમતી પરિવ્રાજિકાઓ કરીશું. આ વાડીમાં કાળક્રમે આપણી બાળકીયો ઉત્સાહ માનતાં શીખશે ને તે બાળકીયો નવા યુગની તરુણીયો થઈ જાતે જ આ સમારંભનો ભાર ઉપાડી લેતાં શીખશે. કુમુદ! આ કાર્યમાં તહારા વિના હું કાંઈ કરી શકું એમ નથી. સ્ત્રીયોમાં આવા કાર્યને અર્થે પણ પુરુષ ભળે તો લોક અનાચાર ગણે અને તેની સાથે જ એ સમારંભ ઉપર અશ્વત્થામાનો ભાર ઉછળી પડે ને સર્વ વાત ભાગી જાય.

કુમુદ૦—આ સ્થાનની સાધ્વીઓ તેમાં ન ભળે ?

સર૦—સંસારને ભ્રષ્ટ ગણી તેઓ તેનાથી દૂર રહે છે ને તેનો સંસર્ગ તેઓ ઇચ્છતી નથી. આ વિચાર કંઈ ખોટો છે ? આપણું સ્થૂલ વરણવિધાન સંસારમાં પુનર્લગ્ન ગણાય ને તેની સાથે જ આપણો પોણો સમારંભ ભાગી નાંખવા જેવી આપણી અપકીર્ત્તિ થાય—ને તેને સટે સાધુઓ તો આપણા મનઃસંયોગને જ લગ્નરૂપ ગણે છે. એ સાધુઓથી તો સંસાર દૂર રહે તે જ સારો! નીકર શંકાપુરીએ બિન્દુમતી ઉપર દૃષ્ટિ કરી ને આપણી ગણના કરી તેવી દૃષ્ટિ ને તેવી ગણનાનાં પાત્ર આ સાધુજન થાય તો અનેક યુગોના કાલવિવર્ત વચ્ચે અખંડ રહેલો આટલો દીપ હોલાઈ જાય ને તે મહાઅનર્થ થાય. માટે જ મ્હેં આપણાં જીવનની વ્યવસ્થા કલ્પી છે. વળી જુવો. આ સમારંભને માટે આપણા શાસ્ત્રીપુરાણીઓને આપણે સંસ્કારોથી અને દ્રવ્યથી સંભૃત કરીશું અને ઘેરેઘેર તેમની દ્વારા આર્ય સંસ્કારોને પ્રવર્તાવીશું. પાશ્ચાત્ય દેશની કુલીન વિદુષી સ્ત્રીયોના અને આ દેશના શાસ્ત્રીપુરાણીયોના, વળ અને અગ્નિ પેઠે અંતરપટથી સહવાસ પામતા, સંસ્કાર આપણાં કુટુમ્બોની આગગાડીઓને નવી સંગત ગતિ આપશે. આપણે આવાં એન્જીન આવી ગાડીઓમાં જોડીશું ને સડકો ને સ્ટેશનો બાંધી આપીશું. આપણાં કુટુમ્બો આ સડકો ઉપર થઈને નવા નવા જ્ઞાન-પ્રદેશોમાં પ્રવાસ કરશે, નવી કલાઓ પામશે, અને નવી સમૃદ્ધિઓ પામશે. જે કથાપુરાણો ઉપર

આજ તેમનીમાત્ર સ્થૂલ દૃષ્ટિ પડે છે ત્યાં તેમની સૂક્ષ્મ દૃષ્ટિઓ પડશે અને પિતામહપુરમાં જોયેલા નાગલોકના મણિ અને વિષ ઉભયનાં સત્વ તેમને શુદ્ધ આર્ય જીવન આપશે ને અશ્વત્થામાના રાફડાઓ ઓગળવા માંડશે. જે પાશ્ચાત્યોની પરિણામ પામેલી બુદ્ધિના ઉગ્ર સૂર્યપ્રકાશ આગળ તેમનાં નેત્ર ઘુવડનાં જેવાં થઈ જાય છે તે પ્રકાશનું મન્દ સુધાકર-સ્વરૂપ પાશ્ચાત્ય ચન્દ્રમુખીઓ આપણા લોકમાં અમૃતકિરણો દ્વારા પ્રત્યક્ષ કરાવશે. બાલક, સ્ત્રી, તરુણ, અને વૃદ્ધ—સર્વે વર્ગોના કલ્યાણના માર્ગ આ સાધનોથી આપણે યાવદાયુષ્ય શોધ્યાં જઈશું. આ પ્રયોગ રાજનગરમાં આરંભી ધીમે ધીમે સર્વ જનપદમાં—જીલ્લાઓમાં ને દેશી રાજ્યોમાં—આપણે વડની વડવાઈઓ પેઠે વિસ્તારીશું. હું તેમાં સર્વના ઉત્કર્ષનાં બીજ જોઉં છું. આપણે જોયેલા અનેક ચિરંજીવોના આશય આપણા લોકના સંસારમાં આમ સાકાર થશે. કુમુદ! બબે વર્ષે પચાશ હજારની રકમ આ મહાકાર્યને માટે આખરે ઓછી પડશે પણ તરત તેથી સારો આરંભ થશે. કુમુદ! આ વાત એકલો સર-સ્વતીચન્દ્ર કરી શકે એમ નથી. એમાં તો સિદ્ધાંગનાઓએ સંસ્કારેલી કુમુદનો જ અદ્વૈતયોગ જોઈએ. આ આપણાં જીવનનો—મ્હારી હાલની ટુંકી લક્ષ્મીવડે સાધવા યોગ્ય—મુદ્રિત આશય તને કહી દીધો.

કુમુદ૦—આપની પાસેની લક્ષ્મીને ઓછી ગણી આપે આ અભિલાષ બાંધ્યો છે; પૂર્ણ અભિલાષ સિદ્ધ કરો તો તેમાં કેટલું સાધન જોઈએ ને કેટલા અભિલાષ કેવી રીતે સિદ્ધ કરી શકો?

સર૦—મ્હારા પિતાની લક્ષ્મી જગત જાણે છે તેનાથી ઘણી વિશેષ છે; તે મ્હેં સ્વીકારી હત તો મ્હારા અભિલાષ બહુ ખંડિત ન થાત. પણ એ તો થઈ ચુક્યું ને ધર્મથી થયું ને તેમાં गतं न शोचामि. એ લક્ષ્મી મ્હારી પાસે આવી હત તો હું બંડી આવ્યો ન હત, અને આવ્યો ન હત તો આ સ્વપ્નાને બળે મ્હારા અભિલાષનો વિષય આ સ્થાને વધારી દીધો છે તે વધવા પામ્યો ન હત, અને એટલી બધી લક્ષ્મીને ક્યાં વેરવી ને કોને આપવી તેની ચિન્તા કાળ આવ્યે મ્હારા સ્વભાવ પ્રમાણે મને કાંટાની પેઠે સાલત. એ લક્ષ્મી મ્હારી પાસે હત તો હું શું કરત કે ફરી આવે તો શું કરું એ વિચાર સોમશર્માના[1] પિતાના વિચારજેવો નિષ્ફળ છે. પણ હાલ તમને કહેલી કલ્પના કરતા પહેલાં મ્હારા પૂર્ણ મનોરથનો મેં નકસો કુલાવ્યો હતો અને તે પછી તેમાં જોઈતી લક્ષ્મીનું ગણિત કુલાવતાં

---

૧. પંચતંત્રનો "શોમચર્મા"

તે મ્હારા પિતાની લક્ષ્મીથી કાંઈક સહજ અંશે વધ્યું—એ કાકતાલીય થયું. તે પછી મ્હેં એ કલ્પનાને કાતરી નાંખી હાલની કલ્પના કરી છે. તે તમારે જાણવા જેવી ગણી તમને જણાવી છે, બીજી નિષ્ફળ છે.

કુમુદ૦—તે નિષ્ફળ હો. તો પણ સ્ત્રીજાતિની સ્વાભાવિક જિજ્ઞાસા મને ઉશ્કેરે છે તેથી પુછું છું ને કહો.

સર૦—ભલે. તો સાંભળો. પરાયાને જેમાં હાસ્યરસ લાગે તેમાં પ્રીતિના હૃદયને અદ્‌ભુતરસ લાગે છે ને તમારું હૃદય મ્હારા હૃદય વિના બીજા પદાર્થને જાણવા ઇચ્છતું નથી તો તમારી વાસના તૃપ્ત કરવી એ મ્હારો રસ-ધર્મ છે. વળી હવે એમ પણ સુઝે છે કે આપણાથી ન બને તો કોઈ વધારે શક્તિવાળાથી બની શકે એવી કથાઓનું કીર્તન પણ નિષ્ફળ નથી—તેમાંથી શક્તિમાન્ ને સૂચના મળે ને અશક્તને ઉચ્ચ વિચારનું પગથીયું જડે. કુમુદસુંદરી ! પ્રથમ વિચાર મ્હેં એવો કર્યો કે આપણા ઇંગ્રેજી વિદ્વાનો, સંસ્કૃત શાસ્ત્રીઓ, અને નિરક્ષર કલાવાનોને માટે એક નાનું સરખું સુરગ્રામ જેવું ગામ કલ્યાણગ્રામ ઉભું કરવું. ઇંગ્રેજોને જેમ સીમલા, ડાર્જલીંગ, માઉણઅેશ્વર, અને નીલગિરી વગેરે સ્થાનોએ પોતાનાં તનમનને શક્તિ અને ઉત્સાહ આપવા જવું છે એવાં સ્થાનમાં અને ત્યાં ન બને તો સમુદ્રાદિની તીરે કોઈ બહુ આરોગ્ય-પોષક અને ઉત્સાહક સ્થાનમાં આવું ગ્રામ રચવું. તેમાં આ ત્રણે વર્ગને આધિ-વ્યાધિ-- ઉપાધિથી મુક્ત રાખી તેમની સ્ત્રીઓ અને બાળક સહિત આયુષ્ય ગાળવાની અનુકૂળતા કરી આપવી. સુંદરગિરિ ઉપર જે ત્રણ મઠની રચના છે એવાં જ ત્રણ રમણીય ભવન એવી જ વ્યવસ્થાથી આ સ્થાનમાં રચવાં. એ ભવનમાં રહેવાનાં અભિલાષી સ્ત્રીપુરુષોને તેમાં રહેવાના અધિકારના કાંઈક નિયમ કરવા. ઇંગ્રેજી પાઠશાળાઓની છેલી પરીક્ષામાં તરી આવેલા વિદ્વાનો અને પરીક્ષા લેઈ શોધી કઢાડેલા શાસ્ત્રીઓ, વૈદ્યો, અને કારીગરો —એ સર્વમાંથી પ્રતિવર્ષ અમુક સંખ્યાને આ ભવનમાં વાસ આપવો. વિદ્વાભવનમાં દમ્પતીઓ વસે, કુમારભવનમાં સ્ત્રીવિનાના પુરુષો, અને સ્ત્રીભવનમાં વિધવાઓ અને—કાળ જતે આ દેશમાં વ્યવસ્થિત થાય તો—કુમારિકાઓ ને પરિવ્રાજિકાઓ વસે.

કુમુદ૦—એમણે ત્યાં વસીને શું કરવું ?

સર૦—વિદ્વાનોએ ને શાસ્ત્રીઓએ પોતાનાં સર્વ આયુષ્ય આ ભવનમાં ગાળ્યાં. તે કાળમાં એક પાસથી તેમણે આપણાં વેદ, વેદાંગ, શાસ્ત્રો, સાહિત્ય, પુરાણો, ધર્મો, આચારો, અને બીજી જેને જે અક્ષરરૂપે કે આચા-

રૂપે વ્યવસ્થાઓ ને રૂઢિઓ આ દેશમાં પૂર્વે કે હાલ પ્રવર્ત્તી કે દેખાઈ છે તેનું શોધન કરવું. આપણા લોકમાં તેમણે ફરવું, જોવું, અને સર્વ પ્રજાના અનુભવોનું તેના મૂળથી મુખ્યસુધીના પ્રવાહ પર્યંત તારતમ્ય કહાડવું. પાશ્ચાત્ય વિદ્વાનોના શોધ અને વિચારોનો પણ આમાં ઉપયોગ કરવો. પક્ષવાદનો ત્યાગ કરી આ વિદ્વાનોએ સત્યશોધન કરવું. સર્વ પક્ષ અને સર્વ સંપ્રદાય જાણી લેવા પણ પોતાની દૃષ્ટિ તત્ત્વ અને નિષ્પક્ષપાત સત્ય નિર્ણય ઉપર રાખવી, પિતામહ અને અશ્વત્થામાના ગુણદોષ શોધવા, રાફડાઓમાં પેંસી તેમના ગુણદોષ જોવા, તેમ તેમાંની પ્રકાશમયી નલિકાઓમાં પ્રવેશ કરી સર્વ ભાગ ધીમે ધીમે જોવા, નાગલોકનાં મણિ ને વિષ ઉભય જોઈ લેવાં અને આ દેશના સર્વ યુગોમાં, સર્વ સ્થાનોમાં જે જે પ્રવૃત્તિયો ને નિવૃત્તિઓ થઈ છે તેનું શોધન સાત્ત્વિક દૃષ્ટિથી કરી લેવું. આ દેશની અર્વાચીન અવસ્થાનાં સાંસારિક અને રાજકીય સર્વ અંગ તેમણે જાણી લેવાં અને દેશની સર્વતઃ ચિકિત્સા કરી ભવિષ્યને માટેનાં ઔષધનું શાસ્ત્ર ખડું કરવું. પિતામહના શરીરમાં પેઠેલા અર્જુનના શર કેમ છુટે, પિતામહનું તેજ લોકમાં કેમ પ્રસાર પામે, અશ્વત્થામાના રાફડામાં તે શર કેમ જાય, પ્રકાશમયી નલિકાઓનો નાશ કર્યા વિના અશ્વત્થામાએ બાંધેલા રાફડાઓ કેવી રીતે ઓગળે ને અસંખ્ય હાલતા ખડકો અને તેમની વચ્ચેના ચીરાઓને સાંધવાની કેમ વ્યવસ્થા થાય, નાગલોકનાં મણિ અને વિષનો કેમ પુનરુદ્ધાર થાય નાગલોક અને તેમની વડવાઈઓમાંથી આપણને પોષણ અને શક્તિ કેમ મળે ને તે લોકની ને તેમની સૃષ્ટિનો સાક્ષાત્કાર કેમ થાય, અર્જુનદેવ અશ્વત્થામાના મસ્તિકમાં તેનો મણિ પાછો કેમ મુકે, અને અશ્વત્થામાનાં બ્રહ્મશિરોસ્ત્રની સમૃદ્ધિ આપણે કેવી રીતે પ્રાપ્ત કરવી: આ સર્વ વિષયના ઉંડા શોધ ને પ્રયોગ કરવા—આ આપણાં ભવનના વિદ્વાનોનું એક કર્ત્તવ્ય.

કંઈક વિશ્રાન્તિ લેઈ વળી સરસ્વતીચંદ્ર બોલવા લાગ્યોઃ "કુમુદસુન્દરી! આટલું બસ નથી. આપણા દેશમાં ચાલતા સર્વ લોકપ્રવાહોનાં સ્વરૂપ અને ગુણદોષ જાણી લેવાં અને પરદેશની— આખી પૃથ્વીની—મહાપ્રજાઓના પ્રવાહો અને પ્રધાનપણે ઇંગ્રેજ લોકના પ્રવાહ પણ સમજવા, એ આ સ્થાનના વિદ્વાનોનું બીજું કર્ત્તવ્ય. આખી પૃથ્વીમાં આજ પાંડવોના રથ ફરે છે ને તેનાં ચક્રના સર્વ આરાઓમાંથી ને ભાગમાંથી ને તસુએ તસુની ગતિમાંથી નવાં શાસ્ત્રો, નવા

શોધ, નવા પદાર્થ, અને નવાં સુખદુઃખ પળે પળે પ્રકટ થાય છે. સર્વ લોકની ને પ્રજાઓની શરીરસંપત્તિઓ, સાંસારિક અને રાજકીય વ્યવસ્થાઓ, ધર્મની સંસ્થાઓ, અને સ્થૂલ સૂક્ષ્મ શક્તિયો, આ પાંડવોના ઘોડાઓના ખોખારા અને ખરીયો સંભળાતાં ધ્રુજે છે, બદલાય છે, ને નવીન રૂપ અને પ્રકાશ ધરે છે. આ રથની સાથે ન દોડતી પ્રજાઓ પાછળ પડે છે, ભુખે મરે છે, બુદ્ધિહીન થાય છે, બળહીન થાય છે, પશુ જેવી થાય છે, માટી જેવી થાય છે, નષ્ટ થાય છે—ને અર્જુનના દાવાગ્નિમાં ખાંડવવન પેઠે બળી મરી નષ્ટ થાય છે! એ સર્વ ચમત્કારોનાં બીજ અને પ્રક્રિયાઓ આપણાં ભવનના વિદ્વાનોએ પ્રાપ્ત કરવાં, ને આ પ્રાચીન દેશના કલ્યાણયોગને માટે પ્રાચીન નવીન યોગવિદ્યાથી એવો પ્રયોગ રચવો કે આ દેશ ખાંડવવનમાં બળવાને સટે અર્જુનને પ્રિય થાય ને એના રથ ઉપરનાં કપિ-આદિ સત્ત્વોના ધારેલા જયકેતનોનો ધારક થાય.

"એ વિદ્વાનો અર્જુનનાં અસ્ત્રનું સંપાદન કરે તેને માટે આ ભવનોમાં આપણે પુસ્તકશાળાઓ રાખીએ, પ્રયોગશાળાઓ—Laboratories—ની સામગ્રીઓ સંપૂર્ણપણે ભરીએ, કારીગરોની પ્રાચીન કલાઓના ઉદ્ધારને માટે અને નવીન કલાઓની પ્રાપ્તિને માટે નકુલદેવના સર્વ સંગ્રહના સર્વ ભંડાર વસાવીયે, વ્યાપાર અને ઉદ્યોગના વ્યવહારમાં નિપુણ થવાને પૃથ્વીમાં વપરાતા સર્વ પદાર્થોના નમુના આણીયે, અને પૂર્વ-પાશ્ચાત્ય પ્રવૃત્તિઓમાં ભળવાને માટે અંહીના અને બ્હારના વિદ્વાનો અને અનુભવીઓ આ દેશને માટે જે જે વસ્તુનો સંગ્રહ ઉચિત ગણે તે સર્વ વસ્તુઓ આ આપણાં ભવનમાંના વિદ્વાનોના હાથમાં આપણે આપીએ: આ સર્વ આ સ્થાનમાં આપણું કર્તવ્ય થાય એ મ્હારી કલ્પના અને એ વિદ્વાનો તે વસ્તુઓમાં અને કાર્યોમાં આપણે ખરચેલાં દ્રવ્યનો વ્યય સફળ કરે એ તેમનું ત્રીજું કર્ત્તવ્ય. આ સામગ્રીશાલા સંભૃત કરવી એ મહાન્ વ્યયનું કામ.

"આ વિદ્વાનોને અને કારીગરોને યોગ્ય શિક્ષણ, અનુભવ, અને શક્તિ આ દેશમાંની અન્ય શાળાઓમાંથી જેટલાં મળે એટલાં મેળવી રહે તે પછી આ આપણા ગામમાં રહેવાનો અધિકાર આપવો. તેમને નવા ગુરુ આપવાનું કામ માથે લેવાનું કામ આપણે રાખવું નહી. પણ તેઓ પોતાના વિષયમાં જાતે સ્વતંત્રતાથી ને સ્વાશ્રયથી પ્રવૃત્ત થઈ શકે એટલી વિદ્યા અને બુદ્ધિ તેમને પ્રાપ્ત થાય ત્યારે તેમના પોતાના બળથી

ને ઉત્સાહથી વેલા પેઠે વધવાને માટે વૃક્ષના જેવો જ આશ્રય આ સ્થાનમાં આપવો. આ સ્થાન આપણા કેવળ વિદ્યાર્થીઓ માટે નહી, પણ શાસ્ત્રોના પાયા બાંધનાર અને લોક વ્યવસ્થાનો રથ રચનાર વિદ્વાનોને માટે જ સમજવું.

" એ વિદ્વાનોને આપણે આ ભવનમાં સુન્દરગિરિના ત્રણ મહોની વ્યવસ્થાથી રાખી તેમને, જીવતા સુધી જઠરાગ્નિને માટે ને વિદ્યાને માટે દ્રવ્ય કમાવાની ને કુટુમ્બપોષણની અને કુટુમ્બક્લેશની, ચિન્તામાંથી મુક્ત રાખવા. આટલાથી આર્ય દ્વિજલોકના જેવાં સંતોષ અને ધૈર્ય જેને હોય નહી તેને માટે આ ગામ નથી વસાવવું. असंतुष्टा द्विजा नष्टाः ।; આ વાસમાં આવા સંતોષથી આવાસ શોધે તે આપણો દ્વિજ ! તેને, તેની સ્ત્રીને, અને તેનાં બાળક સંસારમાં પડે ત્યાં સુધી તેમને, માટે, આ ગામમાં ગૃહ–રચના રાખવી, ભોજન અને વસ્ત્રની વ્યવસ્થા રાખવી, વ્યાયામસ્થાન, વિશ્રાન્તિ–સ્થાન, વિનોદસ્થાન, શયનસ્થાન, અને સમાગમ–સ્થાન, તેમની સર્વની ઉન્નતિને માટે, નિયમસર રાખવાં. તેમનાં માતાપિતા વૃદ્ધ કે અશક્ત હોય ને બ્રહ્મારૂહેતાં હોય ત્યારે તેમનાં ભોજન ઔષધાદિકસેવાની વ્યવસ્થા સારુ યોગ્ય દ્રવ્ય આપવું ને શરીર–સેવાને માટે પુત્રાદિકની તેમને આવશ્યકતા હોય તો તેટલો કાળ આ આપણા ગામના રોગાશ્રમમાં આવી રૂહે; આપણાં માણસ તેમની સેવા કરે, ને આ આશ્રમમાં વસતાં તેમનાં બાળક તેમની પાસે કાળક્ષેપ વિના જતાં આવતાં રૂહે. આ અંહી રૂહેનાર વિદ્વાનો અને તેમનાં સ્ત્રીપુત્રાદિક વ્યાધિગ્રસ્ત થાય તો તેમણે પણ એ જ રોગાશ્રમમાં રૂહેવું. તેમનાં બાળકને વિદ્યાદાન પણ, વિદ્વાન જીવતા સુધી અને તે પછી બાળક મોટાં થતાં સુધી, અમુકમર્યાદામાં આ સ્થાનમાં જ અપાય. જ્ઞાતિનિયમ ભોજનાદિકમાં આ આશ્રમમાં પળાય પણ તે વિના બ્રહ્મારની સૃષ્ટિથી આ વિદ્વાનો સકુટુમ્બ દૂર રૂહે. માત્ર વર્ષમાં અમુક માસસુધી પોતાના અવલોકન માટે ને લોકના બોધ, દૃષ્ટાંત, અને કલ્યાણને માટે આખા ભારતવર્ષના પ્રસિદ્ધાપ્રસિદ્ધ પ્રદેશોમાં તેઓ પરિભ્રમ્યા કરી આવે. એ કાળમાં બ્રહ્મારની સૃષ્ટિ સાથે યથેચ્છ પણ અનિન્દ્ય વ્યવહાર રાખે. તેમનાં બાળક યોગ્ય વયનાં થઈ સંમતિ આપે ત્યાં સુધી તેમને બંહીના આશ્રમીઓ વિવાહમાં યોજે નહી તો તે બાળકોનાં લગ્નને માટે તેમના વેતનમાં જન્મપર્યંત વધારા કરવા.

" આ વિદ્વાનો, શાસ્ત્રીઓ, ને કારીગરોને આટલા સ્વાર્પણથી આ

સ્થાનમાં રૂહેવું ઇષ્ટ હોય તો તેમને માટે ઉક્ત પ્રકારે જે વ્યય થાય તે નિયમાનુસાર આપણે આપવું ને તે ઉપરાંત દશથી પચાશ રુપીઆંસુધી માસિક વેતન તેમને જીવતા સુધી આપ્યાં જવું. ને આશ્રમમાં આવે તે કાળે તેમનું ઓછું વેતન નક્કી કરી યોગ્યતા વધે તેમ તેમ નિયમસર વધારવું. ઓછામાં ઓછા અવિદ્વાન કારીગરને દશ અને વિદ્વાનને પચીશ રુપીઆ આપવા. તે ઉપરાંત કેટલા વધારવા તે પ્રથમ ત્રણ વર્ષની સ્થિતિને અંતે એક વાર નક્કી કરવું ને દશ વર્ષને અંતે બીજી વાર નક્કી કરવું. એમ તે નક્કી કરેલી વધારેલી રકમ આશ્રમમાં પ્રવેશ કરે ત્યાંથી તે દશવર્ષ સુધીની, વ્યાજ સહિત, એમને મરણકાળે તેમનાં સ્ત્રીપુત્રને કે પૌત્રને મળે, તે ન હોય તો તેમણે કરેલા અનુમૃત્યુપત્ર– "વિલ"– પ્રમાણે આપવી, ને વિલ ન હોય તો આ આપણા આશ્રમ તેમનો દાયાદ થઈ લે. દશવર્ષ પછીની રકમ પુરેપુરી તેમને માસે માસે મળે ને તેમનાં મરણ પછી રાજ્યના ધારા પ્રમાણે દાયના અધિકારી હોય તે લે. દશવર્ષ પહેલાંની વધારાની રકમ તો કોઈ લોકકલ્યાણના કાર્યમાં વાપરવી હોય તો જ તેના અધિકારી વિદ્વાનને કે કારીગરને હાથે જીવતાં વાપરવા દેવી.

"આ વિદ્વાનોના સમાગમસ્થાનને માટે અનેક ભવનવાળું એક અતિથિપુર અથવા અતિથિપરું રાખવું. તેમાં યોગ્ય પુરુષોનું આતિથેય કરવું. સર્વ પ્રકારના સંભાવિત ગૃહસ્થોને નિયમાનુસાર આ અતિથિભવનમાં આમંત્રણથી આપણે ખરચે બોલાવી તેમનો સત્કાર કરવો. તેમાં એક ભાગમાં સાંપ્રત ભક્તિમાર્ગને યોગ્ય દેવમન્દિરો રાખી એ મન્દિરોમાં આ દેશના ધર્મિષ્ટ જનોનો સત્કાર કરવો. આપણા આશ્રમના સર્વ આશ્રિત જનોનાં માતાપિતાનાં હૃદય પુત્રવત્સલતાથી દ્રવે અને પુત્રોની કે પુત્રીઓની પાસે રૂહેવા ઇચ્છે ત્યારે આ મન્દિરોમાં તેમને વાસ આપવો ને તેમનાં બાલકના વેતનમાંથી તેમનું ભોજનખરચ કાળનો અવધિ બાંધી આપવું ને જે માતાપિતા પોતાના દ્રવ્યથી આવું ખરચ નીભાવી શકે એમ હોય તેમને ન આપવું. આ અવધિ ઉપરાંત માતાપિતાને વાસ આપવો ને ભોજન ખરચ તેમનાં બાળકની શક્તિવૃત્તિ હોય તો તે આપે. માતાપિતા વિના ભક્તજનો, ધર્મવ્યવસ્થાપકો, શાસ્ત્રીયો, પુરાણીયો, સંન્યાસીઓ, આદિ અન્ય સજ્જનો આ સ્થાનમાં આદરસત્કાર પામે અને પોતપોતાના સંપ્રદાયના મંદિરમાં આવાસ પામે–આપણા આશ્રિત જનોમાંથી જેમને તેમના સમાગમનો લાભ લેવો હોય તે લે.

"વળી આ દેશની અનેક અવ્યવસ્થાનો કર્તા અશ્વત્થામા દુઃખી આર્યોનાં આશ્વાસન અને સદ્ગતિને માટે આ દેશની વિપત્તિઓના અંધકારને માથે આ મંદિરોમાંની વીજળી પાસે ચમકારા કરાવી રૂહે છે. તે વીજળીનો લુલ્યે ચુકયે નાશ કરવા જેવું નથી. એ વીજળી ઘડીક આકાશમાં ચમકારા કરે છે, ઘડીક પૃથ્વી ઉપર આવે છે, અને તેવે સમે અશ્વત્થામા ઉન્માદ છોડી શાંત થઈ અનેક ઉંડાં ગાન કરે છે ને દુઃખી અને અનાથ આર્યોનાં કમ્પતાં હૃદયોમાં અનેકધા અમૃતવૃષ્ટિ કરે છે તે મ્હેં સુરગ્રામનાં મન્દિરોમાં પ્રત્યક્ષ કરેલું છે. કુમુદસુન્દરી ! આ મન્દિરોનો આવા મંગલ ભાગનો આપણે અનેકધા સત્કાર કરીશું અને આપણા આશ્રમના આશ્રિતો પાસે તે મંદિરોને નવા સંસ્કાર અને નવા ઉત્કર્ષ અપાવીશું. આ મન્દિરોમાંના અતિથિયો અને આપણા આશ્રિત આશ્રમીઓનો સમાગમ તે ઉભય વર્ગ વચ્ચે અનેકધા પરસ્પર લાભની આપ-લે કરાવશે અને પ્રજાઓમાં નવા સંપને નવા જંપ આપશે. "આપણા દેશના પાસેના અને દૂરનાં ભાગોના અનેક જાતિયોના વર્ગ; વૃદ્ધો, યુવાનો અને બાળકો; ભાતભાતની જાતજાતની સ્ત્રીયો; નાતજાતના પટેલો, શેઠો, અને ગોરગોરાણીયો; તીર્થવાસીયો ને યાત્રાળુઓ; જુનાં મતનાં અને જુની ચાલનાં અને નવાં મતનાં નવી ચાલનાં મનુષ્યો; સાધુઓ, સંન્યાસીયો, અને યોગીયો; આદિ અનેક વર્ગની અનુભવી અને અનુભવહીન વ્યક્તિયોનો સત્કાર, એ જ મન્દિરોમાં અને તેને જોડેલી ધર્મશાળાઓમાં કરવો ને તેમની પાસેથી જાણવાનું જાણી લેવું. આપણા આ સર્વ લોક ખાય છે પીયે છે શું અને કેવી રીતે, તેમનાં ગૃહ અને ગૃહસંસાર કેવી રીતે બંધાય છે અને મંડાય છે, તેમાં શી શી છત છે નેશી શી ખામી છે, તેઓ દ્રવ્ય તેમ વિદ્યા અને અનુભવ કેમ આણેછે, કેમ સુધારે છે, કેમ ખરચે છે, ને કેમ બચાવે છે, આ અને આવી આવી અનેક નહાની મ્હોટી વાતો ઈંગ્રેજી અને દેશી વૈદ્યક શાસ્ત્રની દૃષ્ટિથી, અર્થશાસ્ત્રની અને વ્યાયામશાસ્ત્રની દૃષ્ટિથી, નીતિશાસ્ત્ર અને સંસારશાસ્ત્રની દૃષ્ટિથી, કવિ અને કારીગરની દૃષ્ટિથી, રાજકીય અને પારમાર્થિક વિદ્યાની દૃષ્ટિથી, શોધવાની છે, જોવાની છે, ચારે પાસથી તપાસી લેવાની છે; રક્ષણીય મર્મમાં રક્ષવાની છે, અને વર્જનીય ભાગમાં કાપી નાંખવાની છે, દેશકાળપ્રમાણે બદલવાની ને સુધારવાની છે, અને ટુંકામાં અનેકધા સુવ્યવસ્થિત કરવાની છે. આ રંક દેશનું ધન અનેકધા નષ્ટ થયું છે, થાય છે, ને થવાનું હશે, પણ તે સર્વ વમળ વચ્ચે સ્વસ્થ અને નિર્ધન જીવન ગાળી જી-

વવાની કળા અશ્વત્થામાના રાફડાઓમાં વ્યાપી રહી છે તે અમૂલ્ય કળાનો પાશ્ચાત્ય સંસર્ગથી નાશ થશે તો મહાહાનિ થશે, માટે તે કળાનાં મર્મ પણ જાણી સાચવી રાખવાનાં છે. આ સર્વ કર્ત્તવ્યમાં આ મંદિરોના અતિથિ-ગેાનેા સમાગમ બેાધક અને ફલપ્રદ થાય એ આપણા આશ્રમના વિદ્વાનેા-નું એક બીજું મેાટું કર્તવ્ય. એક પાસથી ધનનેા ક્ષય થાય, બીજી પાસથી ધન કમાવાની કળામાં આપણા લેાક હારી જાય, ત્યારે ત્રીજી પાસથી નિર્ધન જીવન ગાળવાની, નિર્ધન જીવનમાં શરીર અને સંસારના ધર્મ અને મર્મ રક્ષવાની, કળા પણ નષ્ટ થાય તેા આ દેશનું આયુષ્ય પુરું થયું સમજવું. પ્રિય કુમુદસુન્દરી ! પિતામહના શરીરમાંથી અર્જુનના શર છુટેા કે ન છુટેા, પણ તેમના કાળમાં આ દેશ સમૃદ્ધ અને સ્વતંત્ર હતેા પણ હાલ નથી. માટે અશ્વત્થામાનું આયુષ્ય પુરું થાય ત્યાર પ્હેલાં તેની આવી આવી કળાઓનું જ્ઞાન આવા વિદ્વાનેાના હૃદયમાં સ્ફુરે એ કામ કરવા યેાગ્ય છે. આપણા લેાક કહેછે કે પચાશ પેાણેાશેા વર્ષ ઉપર આપણાં દાદા દાદીઓ અનેકધા રંક જીવન ગાળવા છતાં શરીરસંપત્તિમાં ને સુખમાં સંપન્ન હતાં એવા આજના લેાકનાં માતાપિતા ન હતાં ને માતાપિતા હતાં એવા આપણે નથી ને આપણે છીએ તેવી હવેની પ્રજા નહી થાય. નવા યુગને તેવા જીવનની કળા આવડતી નથી, દ્રવ્ય કમાતાં કંઈક વધારે આવડતું હશે પણ ખરચતાં ને ખેાતાં વધારે આવડે છે ! આ શું નવા યુગની વિદ્યાએ શીખવ્યું કે નવી વિસ્મૃતિએ શીખવ્યું ? નવી વિદ્યાએ શીખવ્યું હેાય તેા તેનું આટલું વિષ આપણે ઉતારી દેવું જોઈએ ને નવી વિસ્મૃતિ-એ શીખવ્યું હેાય તેા સ્મૃતિનેા જીર્ણોદ્ધાર કરવેા જોઈએ. આપણા આ-શ્રમના આશ્રિત વિદ્વાનેાનું આ મહાકાર્ય આપણા આ અતિથિપુરમાં અને એમની પરિવ્રજ્યાઓમાં જ સિદ્ધ થાય."

કુમુદસુન્દરીએ એને બેાલતેા અટકાવ્યેા. " આપના મસ્તક ઉપર હું છાયાઓ કરતી દેખું છું—અશ્વત્થામાની સ્વસ્થ થયલી છાયા ને ભગવાન્ પરશુરામના ચરણ કરતા દેખું છું !"

સર૦—તમારા મસ્તક ઉપર કુન્તીમાતાનેા હસ્ત કરતેા દેખું છું ને તેમનું ગાન મ્હારા કાનમાં આવે છે !

કુમુદ૦—અશ્વત્થામાની છાયાથી કંઈક છેટે ભવ્ય મણિ કેાકના હાથમાં દેખું છું.

ઉગ વિચારમાં પડી સરસ્વતીચંદ્ર બેાલી ઉઠ્યેા, "આ છાયાઓ તે આ સ્થાનનેા પ્રતાપ છે, આપણાં સ્વપ્નેાનેા આવિર્ભાવ છે. કુમુદસુન્દરી ! મ્હા-

રો ચિન્તામણિ અને તમારો સ્પર્શમણિ આપણાં હૃદયોમાં સન્વાય છે. જુવો ! જુવો ! આ મ્હારો અભિલાપ આ જાગૃત સ્વપ્નના મનોરાજ્યમાં વધારે પ્રદીપ્ત થતો અનુભવું છું. મ્હારા પિતાના દ્રવ્યથી પણ અનેકધા અધિક દ્રવ્ય મ્હારા હાથમાં ઉછળતું દેખું છું, ને તેને લોકહિતના પરમાર્થમાં વેરવા પોતાને પ્રવૃત્ત થતો કલ્પું છું ! અનુભવું છું ! આ નવા ચમત્કારને બળે આપણા અતિથિપુરના બીજા ભાગમાં હું હવે બગીચાઓ અને મ્હેલો ઉઠાવું છું! એમાં હું આ દેશના અને પરદેશના મ્હોટા મ્હોટા વિદ્વાનોને, કવિઓને, ગ્રંથકારોને, શાસ્ત્ર અને " સાયન્સ " ના અનુભવી સમર્થ વેત્તાઓને બોલાવીશ, વર્તમાનપત્રોના અને માસિક ત્રૈમાસિક પત્રોના તન્ત્રીઓને બોલાવીશ. રાજકીય વિદ્વાનોને અને અધિકારીયોને, દેશવત્સલ અને દેશાભિમાની તેમ સર્વદેશાભિમાની અને સર્વલોકહિતચિન્તક મહાત્માઓને, અતિ સમર્થ અને અતિ શ્રીમાન વ્યાપારીઓને અને વતનદારોને, એક-ધર્મગુરુઓને, અનેકધર્મવેત્તાઓને, અને સત્યશોધકોને, યોગીયોને અને સંન્યાસીઓને, આ સ્થાનમાં અત્યંત આદરથી હું બોલાવીશ અને આપણા આશ્રમીઓને તે સર્વના ગાઢ સૂક્ષ્મ સમાગમનો લાભ અપાવીશ. આ દેશમાંથી, પરદેશમાંથી, આર્યોમાંથી, અનાર્યોમાંથી, પુરુષસૃષ્ટિમાંથી તેમ સ્ત્રીસૃષ્ટિમાંથી, સર્વ વર્ગમાંથી બોલાવીશ. એ મહાસમુદ્રનું મન્થન કરી તેમાંનાં રત્ન પામવાની કળા, સનાતન અને વિશેષ ધર્મોના વિચાર, અને શુદ્ધ સાધુજનના આચારની ઉન્નતિ, શારીરક અને માનસિક સમૃદ્ધિઓ અને ઉત્કર્ષ:—એ સર્વ આ મહા સમાગમમાંથી આપણા આશ્રમના વિદ્વાનો પામે એવા માર્ગ શોધીશું. ધર્મરાજના ધર્મ, ભીમસેનની સતત ગતિ અને જાગૃતતા, અર્જુનની ક્રિયા, નકુલની ચિત્રમાર્ગ કલાઓ, સહદેવની પ્રાજ્ઞતા, હનૂમાનની બન્ધુતા અને હિતચિન્તકતા, કુન્તીનાં ક્ષમા અને ધૈર્ય, અને આ દેશના અને આંગ્લદેશના લોકનું હૃદયઐક્ય:—આ સર્વ ફળનાં બીજ આપણા ત્રણે આશ્રમોનાં પુરુષોમાં, સ્ત્રીઓમાં, અને બાળકોમાં આપણે રોપીશું. આ સ્થાનમાં સર્વ પૃથ્વીનાં જ્ઞાન અને રસ પુવારા પેઠે પ્રુટશે, મહાલક્ષ્મીના ચરણ કુંકુમસાથે ફરશે, અને આર્ય દેશની ચિન્તા ભગવાન્ પરશુરામે ચિરંજીવ રહી જુના કાળથી ભરાતા મેઘ પેઠે રાખી છે તેની પ્રથમ વૃષ્ટિના છાંટા થવા માંડશે! કુમુદ ! પ્રિય કુમુદ ! આ વૃષ્ટિથી સચેત થયેલી પાગ્યાલી આખી પૃથ્વીનું કલ્યાણ કરી શકશે ! ભારતવર્ષની એ શક્તિ અનેક યુગોથી તપ કરતી દુ:ખ પામતી જીવી છે તે આ અર્જુનના કપિલોક—ઈંગ્રેજ-ના બન્ધુત્વથી કલ્પ-

લતા જેવી થશે અને આખા જગતનું કલ્યાણ કરવાનાં બીજ પુરાણ પાંડવોના સહુચારથી પોતાના ઉંડા ગર્ભકમળમાં સાચવી રહી છે તેને જન્મ આપશે! અને તે તેજસ્વી સુજ્ઞતનું સર્વ જગત અભિનન્દન કરશે!"

કુમુદ૦—આપણુ ચકોર જેવાંની ક્ષુદ્ર આંચો ચંદ્રલોકનું તેજ આમ ધરે છે—અને ચંદ્રના તેજમાં પીન લીન થઈ સર્વ તારાઓના તેજને તે ભેગું પીયેછે!

સરલ૦—"આપણે ચકોર જેવાં હતાં તે યોગસિદ્ધિને પામી એ છીએ ને યોગારૂઢ ચકોર ચદ્રલોકમાં અને ત્યાંથી તારામંડળમાં ઉડે છે ને સર્વ તારાઓના હૃદયના તારમાં પોતાના ગાનના સ્વર ભરે છે—કુમુદ! તું સાંભળે છે? આપણુ કલ્યાણગ્રામના આશ્રમીયો પોતાની વિદ્યાઓથી, કળાઓથી, અને વ્યાપારથી, આ ગ્રામને માટે મ્હેં કલ્પાલેલા દ્રવ્યમાં ઘણો વધારો કરશે. તેમને જોઇતાં દ્રવ્ય આપી આપણે જે દ્રવ્યની વૃદ્ધિ કરાવીશું તેમાંથી એક ભાગ આશ્રમના કલ્યાણ માટે લેઇશું, ને બાકીનો ભાગ તેમના સ્વામિત્વમાં-તેમનાં વેતન ઉપરાંત—સોંપી દેઇશું. આ દેશનાં રત્ન એ ક્રિયાથી આ સ્થાનમાં પ્રીતિથી આકર્ષાશે, સંસ્કારી થશે, મૂલ્યમાં અમૂલ્ય થશે, અને દેશને લક્ષ્મીમાન, કલાવાન, વિદ્યાવાન અને રાજકીય વિષયોમાં અપ્રતિહત કરશે. એમની પ્રજ્ઞ શરીરે અને બુદ્ધિમાં સુન્દર અને સમર્થ થશે. તેમનાં દૃષ્ટાંત પ્રત્યક્ષ કરનાર સંસારીયોની સંખ્યા વધતી જશે તેમ તેમ આપણા સર્વ લોક એવી પ્રજ્ઞના કાલને આ દેશની વાડીઓમાં ને ક્ષેત્રમાં પોપતા જશે. સ્વતંત્રતાથી, સ્વાસ્થ્યથી, અતિથિયોના સમાગમથી, આપણા આશ્રમીયો સાધુતાને પામશે અને આ સ્થાનની સાધુતાના દીવાઓ આર્ય સંસારમાં, ઇંગ્રેજોમાં, અને આ દેશની અન્ય વર્ણોમાં પોતાની જ્યોત પ્રકટશે! અને સાધુતાની એ સર્વવ્યાપિની હુતાશનીની આશપાશ નવા પ્રકાશ, નવા આનન્દ, અને નવા મેળા એકરંગે જામશે. આપણા લોક અશ્વત્થામાએ ગુંથેલી અનેક ધર્મની જાળમાં ગુંચવાયા છે ને "સંપ" અને "ઐક્ય" અને "દેશાભિમાન" અને "જત્યભિમાન" અને "સુધારા" નાં નામની માયાથી લોભાઈ અનેક વિગ્રહમાં પડે છે. પણ એ સર્વ માયાની કમાનો અહંતા અને મમતાની શક્તિથી બંધાઈ છે. મનુષ્યો પોતપોતાનાં સંસ્કાર અને સામર્થ્ય સાથે આણી અવતરે છે તે જાણ્યાથી તેમને પરિપાક આપવામાં સુલભતા આવે છે તેમજ આપણી જતિઓ અને આપણા દેશે આપણામાં અનેક યુગથી, અનેક પેઢીઓથી, અને અનેક માર્ગોથી, જે શક્તિઓ અને સંસ્કાર આપણામાં ભર્યા છે અથવા આપ-

ણા હસ્તગ્રાહ્ય કર્યા છે તે શક્તિઓને અને સંસ્કારોને શોધી કઢાડી તેના કલ્યાણ અંશને પરિપાક આપવામાં આ કર્મોને ચલવવી એ કાર્ય મંગળ છે; પણ તે ઉપરાંત બીજી રીતે પોતાની કે પારકી, જાતની કે દેશની, સર્વ અહંતા અને મમતાનો ત્યાગ કર્યાથી જ સાધુતાનો સનાતન ધર્મ ઉદય પામે છે અને એ ધર્મમાં સાધુતા વિનાની બીજી અહંતા મમતા નથી માટે જ ત્યાં સંપ અને જંપનો દૃઢ અનુભવ થાય છે. આપણે સળગાવવાની હુતાશનીમાં અહંતા અને મમતા કાષ્ટ પેઠે બળી જશે અને તેમાંથી સાધુતાનો પ્રકાશ થશે, સંપનો મેળો થશે, અને જંપની તાપણી થશે. અર્જુનના વાયુરથને વળગેલાં સત્વોએ આપણને કહ્યું અને ચિરંજીવોએ પણ સ્પષ્ટ કહ્યું કે ધર્મના અવતાર વિના ભીમ કે અર્જુન કે નકુળ સહદેવની આશા વ્યર્થ છે તેનું રહસ્ય આવું છે. સનાતન ધર્મ વિના, સંપનો તો માત્ર બક-જપ છે, અને સંપનો જંપ તો મૃગજળ જેવો છે. આપણા કલ્યાણગ્રામમાં એ મૃગજળને સ્થાને અમૃત જળ ભરેલી ગંગાને આપણે ભગીરથ પેઠે ઉતારીશું.

" કુમુદસુન્દરી ! આપણા કલ્યાણગ્રામમાં સિદ્ધ-સંસ્કારિણી થયલી સ્ત્રીયો પણ જાતે સ્વતંત્ર સમર્થ સ્વસ્થ ધર્મિષ્ઠ વિદુષીઓ થઈ સંસારમાં પરિવ્રજ્યા કરશે અને ગામે ગામ, ઘેરે ઘેર, ભિક્ષા માગ્યા વિના, સ્ત્રીજાતિનો ઉત્કર્ષ—બોધથી, રસથી, અને પોતાનાં દૃષ્ટાંતથી—કરશે. આ ગ્રામનાં દમ્પતીઓ અને બ્રહ્મચારીઓ પણ આવી જ પરિવ્રજ્યાઓને કાળે પાંડવોના વિજયધ્વજ આર્યલોકમાં દર્શાવશે અને કેળના થાંભલાઓપેઠે ઘેર ઘેર એ ધ્વજને રોપશે ને પાઞ્ચાલીને પતિસમાગમ આપી એનાં સર્વ અંગને અને આત્માને આરોગ્ય, સ્વસ્થતા, શક્તિ, સુંદરતા અને કલ્યાણભોગ આપશે. લોક એમ માને છે કે સ્ત્રીઓને અને રાજ્યને શો સંબંધ છે. પણ સ્ત્રીવિના ગૃહ નથી, ગૃહવિના પ્રજા નથી, ને પ્રજાવિના રાજ્ય નથી. સ્ત્રીની સુસ્થિતિ વિના રાજાઓનાં મંદિરો મોડાં વહેલાં ભ્રષ્ટ થાય છે; સ્ત્રીના ઉત્કર્ષ વિનાનાં પ્રજાનાં ગૃહોમાં ક્લેશ અને ચિન્તા જનળાં બાંધે છે; અને અસ્વસ્થ ગૃહનો સ્વામી ગૃહભ્હાર ગૃહની ચિન્તાઓથી ગ્રસ્ત રહી ફરે છે ને ભ્હારની ચિન્તાઓમાંથી, શ્રાન્તિઓમાંથી કે મનના ગુંચવારાઓમાંથી મુક્ત થવા અજ્ઞ ગૃહિણીના ધર્મસહચારની આશા રાખી શકતો નથી. મહારાજ્યોના ઇતિહાસના મર્મ શોધતાં સ્વાનુભવક પુરુષવિદ્વાનો કહે છે કે રાજ્યોનાં મ્હોટાં યુદ્ધો સ્ત્રીને લીધે થયાં છે ને સ્ત્રીસ્તોત્રપાઠકો કહે છે કે સ્ત્રીની ઉન્નતિવિના દેશની ઉન્નતિ અશક્ય છે.

સાધુજનો સ્ત્રીની નિન્દા કે સ્તુતિ કરતા નથી, પણ પુરુષ અને સ્ત્રી ઉભયને અધ્યાત્મ દૃષ્ટિથી જોઈ ઉભયનાં અલખ જગવે છે. સ્ત્રીદ્વેષક વિદ્વાનો પણ તેમ કરતા હત તો એક આંખે જોયાથી માલમ પડેલા દોષનો પ્રતીકાર સાધુજનોની પેઠે જ કરત; અને સ્ત્રીસ્તોત્રપાઠકો આ પૌરુષદમ્ભી પુરુષોની ઈર્ષ્યાના પાત્ર પણ ન થાત અને સ્ત્રીજાતિ અને પુરુષજાતિ વચ્ચેના કલહમાં નવાં ઇન્ધન નાંખવાના દોષમાંથી ઉગરત. સાધુજનોના ધર્મ આ વિષયમાં પણ સંપ અને જંપ ઉભયનું પોષણ કરે છે તે પોષણનો વૃક્ષ આપણા કલ્યાણગ્રામના આશ્રમોમાંથી ઉગવા માંડશે.

"અહંતા મમતા વિનાનું આર્યલોકનું સર્વ પ્રકારનું બન્ધુત્વ આપણી આ આર્યભૂમિમાં સર્વ સંસારમાં રેલાશે—અને કુમુદ! મ્હારા દ્રવ્યસંચય અને આપણી અદ્વૈત વાસનાઓ આ મહાન્ સમારંભના પાયાને ચણશે—એ પાયામાં ઈંટો અને વજ્રલેપનું કર્મ કરશે. રખેને આ દાનશક્તિમાં ન્યૂનતા આવે, રખેને સ્થૂલસમાગમથી આપણને કોઈ જાતની સંતતિ થાય અને પુત્રયજ્ઞના ધર્મબન્ધનથી આ લોકયજ્ઞમાં અર્પવાની સામગ્રીમાંથી કંઈ પણ અંશ પુત્રાદિકને માટે રાખવો પડે! રખેને લોકને અર્પવાનાં આપણાં આયુષ્યનો કોઈ પણ અંશ આપણા સ્થૂલધર્મમાં રોકવો પડે! રખેને આપણી પૂર્ણાહુતિમાં કંઈ પણ સંકોચ રાખવો પડે—એ ભીતિથી આપણાં સૂક્ષ્મ જીવનનું આપણે સૂક્ષ્મ અદ્વૈત રચ્યાયું છે તેમાં સ્થૂલ અદ્વૈત નહી ઉમેરીયે! પ્રિયતમા! સૂક્ષ્મ હૃદયની પ્રિયતમા! તહારું હૃદય મ્હારા હૃદયમાં આ રીતે પ્રાપ્ત થયું છે કે નહી તે કહી દે કે આપણે હરિ, કુન્તી, અને પાણ્ડવો જેવા પાઞ્ચાલીના સમાચલનું પૂજન કરવા નીકળીયે અને આપણું સૂક્ષ્મ લગ્ન સંપૂર્ણ થાય! આપણાં આયુષ્યના એ સમાચલની યાત્રામાં હું તને પગલે પગલે મ્હારા સામો અચલ ઉભો દેખું છું! હું પણ તહારી સામે એવે ૮૮ પગલે ઉભો છું. મ્હારી પાછળ પગલે પગલે તું આવે છે અને હું તહારી પાછળ પગલે પગલે સ્થિર પગલે આવું છું! આપણાં પગલાં સાથે સાથે ઉપડે છે! હું તને પગલે પગલે સાથે લેઉંછું ને તું આવે છે! તું તેજરૂપ છે ને મ્હારા હૃદયરૂપ તેજને તું પ્રાપ્ત થાય છે![1] પ્રિયતમા! આયુષ્યની સહચારિણી! આપણો શુદ્ધ સંપૂર્ણ વિવાહ થયો! આપણે તેજરૂપ થઈ વરી ચુક્યાં!"

---

૧. ॐ प्रतिपदसि प्रतिपदे, त्वानुपदस्यनुपदं त्वा सुंपदासि सुंपदं त्वा तेजोसि तेजसे त्वा ॥ (સમાચલપૂજનનો મંત્ર.)

આ ઉચ્ચાર કરતો કરતો સરસ્વતીચન્દ્ર બંધ પડ્યો. ત્યાં એની આંખો અર્ધી મીંચાઈ ને અર્ધી ઉઘાડી રહી. તે માત્ર કુમુદના હૃદયભાગને જોઈ રહી. એ વાણીરૂપ મટી દૃષ્ટિરૂપ થયો; જડરૂપ મટી તેજરૂપ થયો. કુમુદની પણ એ જ અવસ્થા થઈ. સૌમનસ્યગુફાના ઉપલા માળના ઓટલાને એક છેડે બેઠેલા સરસ્વતીચંદ્ર ને બીજે છેડે બેઠેલી કુમુદની વચ્ચે, પૂર્ણિમાની મધ્યરાત્રિના પૂર્ણચંદ્રની ચંદ્રિકા અને મધુર પવનલહરી વિના, કાંઈ પણ પદાર્થ અન્તરાયરૂપ રહ્યો નહી અને સંસારમાત્ર એ ઓટલા નીચેના અંધકારમાં ભળી જઈ સંતાઈ ગયો.

કોઈ પણ સત્વ બોલતું ન હતું, દેખાતું ન હતું, અને હૃદય હૃદયમાં સૂક્ષ્મરૂપે ભળી ગયું હતું તેવે આ પ્રસંગે તે એક થયેલાં હૃદયોમાં માત્ર એક જ ધ્વનિ આકાશવાણીરૂપે જતો હતો.

"પુત્ર–વધૂ! હું પાંચાલી તમારા યોગથી જાગૃત થઈ બોલું છું તે તમારા હૃદયમાં ઉતરો! હું સર્વ ભારતવર્ષની શક્તિ છું, ભારતવર્ષની માતા છું.! મ્હારાં બાળક જેને પોતાના રાજાઓ અને મ્હારાજાઓ કહેછે—તે માત્ર મ્હારાં સ્વપ્નોમાંનાં પક્ષી છે! જે લોક મ્હારી ચતુર્દિશામાંથી આવી મને ઓઢે છે ને મ્હારાં બાળકનું મન્થન કરવા પ્રયત્ન કરે છે, જે લોક દેશપરદેશમાંથી આવી મ્હારા શરીર ઉપર સામ્રાજ્ય કરવાની વાસના રાખે છે, તે સર્વને મ્હારાં બાળકનું રૂપ આપી મોડી વ્હેલી મ્હારા સ્વામીની પર્ણકુટીમાં ઘોડીયામાં નાંખી હીંદોળા બંધાવું છું! આત્રેયી અનસૂયા દેવીએ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વરને બતાવેલો ચમત્કાર મ્હારા શરીરની વાસના રાખનાર સર્વ માનવીઓને, આજ સુધી મ્હેં બતાવ્યો છે ને બતાવીશ! મ્હારા શુદ્ધ પતિ તો માત્ર પેલા પાંચ અમરવૃક્ષ પાંડવો છે ને તેનો ત્રાતા તે સર્વ લોકનો ત્રાતા જનાર્દન છે! સુગ્રીવલોકના દેશમાંના મૂર્ખ દુર્યોધન ગમે તે બોલતા કરતા હશે, પણ એ કપિલોક તો માત્ર મ્હારા સ્વામીના રણરથ ઉપરના ધ્વજવાહક છે! મ્હારી કુખમાં જન્મેલાં સૂક્ષ્મ શક્તિવાળાં મ્હારાં બાળકો! તમે આ દુર્યોધનને તેનું કર્તવ્ય શીખવતાં ડરશો નહી! તેની નીતિચેષ્ટા જોઈ અકળાશો નહી, પણ તેની સાથે સ્વતંત્રતાથી, ચતુરતાથી, શક્તિથી, અને સાધુતાથી વર્ત્તી તેનામાં સુબુદ્ધિનો ઉદય કરજો! તે લોકનો હનૂમાન મ્હારા તમારા છત્રરૂપ ભીમસેનનો ભાઈ છે ને એની વાણીમાં

બાળ મુકે છે[1], મ્હારા ચક્રવર્તી પતિ અર્જુનના રથ ઉપર કીર્તિધ્વજરૂપ થાય છે ને તેના શત્રુઓનો ધ્વંસ કરે છે ! અનસૂયા દેવી જેવી મ્હારી દેહલતામાંથી એ કપિને હું સ્તન્યપાન આપું છું તો અશ્વત્થામાને પણ આપું છું ! તો મ્હારે માથે કોઈ મનુષ્ય રાજા કે મહારાજા નથી ને મ્હારા શુદ્ધ સ્વરૂપના પતિ થવા ચારે યુગમાં ને ચોખુંટ પૃથ્વીમાં કોઈ મનુષ્યની કે પ્રજાની શક્તિ નથી. કાળ જે સર્વનો નાશ કરે છે ને સ્થૂલ શક્તિવાળા રાજાઓને અને મહારાજાઓને ટુંકાં સ્વપ્ન દેખાડે છે તેણે મ્હારે માથે અમરવૃક્ષ જેવા અમરપતિ મુકેલા છે તેની જ આણમાં રહેજો ! તેને જ શોધજો ! તેને જ માટે તપ તપજો ! ચિરંજીવોમાં ચિરંજીવ ભગવાન્ જગત્ત્રાતા મ્હારા મહાપરાક્રમી પતિઓનો પાલક છે તેનું જ દાસત્વ કરજો ! તમે સ્થૂલ સૃષ્ટિને માનશો માં ! તેમ સ્થૂલ સૃષ્ટિની અવગણના કરશો માં ! સ્થૂલ દેહને સમર્થ કરી તમારાં સૂક્ષ્મ સ્વરૂપને સાચવશો તો તેને દાસત્વ કે બન્ધન કાંઈ થવાનું નથી ! સ્થૂલરૂપે સર્વ આર્યોનું અને અનાર્યોનું બન્ધુત્વ સ્વીકારજો ! તમે મ્હારે પેટ જન્મ લીધો છે તો પૂર્વકાળના યવનો અને શકલોક તેમ આ કાળના મુસલમાનો અને ઈંગ્રેજો—એ સર્વેને મ્હેં મ્હારા ઘરનાં પારણામાં બાળક કરી તમારાં ભાઈ બ્હેન કરી હીંદોળ્યાં છે અને હીંદોળવા માંડ્યાં છે તેમની સાથે નિષ્ફળ કોલાહલ અને ક્લેશ કરશો માં ! તમારી સર્વ આશાઓને પરિપાક આપી સફળ કરે એવો મ્હેં તમને સાથ આપ્યો છે તેમાંથી છુટા પડશો માં ! તમારી સૂક્ષ્મ સાધુ શક્તિઓ તમારા સાથીઓને અને અન્ય સંસારને સિદ્ધ કરી આપો ! તમારી સ્થૂલ શક્તિઓને વધારજો પણ વધતાં વધતાં પરબળથી કે દૈવબળથી હીન થાય કે ધ્વસ્ત થાય તો પણ ચંદન જેવા તમારા સૂક્ષ્મ સમર્થ સુગન્ધને ત્યજશો માં ને હૃદયને નિર્બળ કરશો માં ! ધર્મક્ષેત્રની ભૂમિમાં વસનારાં બાળક ! મોક્ષમાર્ગને પ્રત્યક્ષ કરનારા મહાત્માઓ ! તમારી ભૂમિને માથે દુઃખની વૃષ્ટિ થાય તો બ્હીશો માં ! દુષ્ટ પ્રાણીઓની ગર્જનાઓથી કમ્પશો માં ! અનન્ય સૂક્ષ્મ શક્તિના અને સમૃદ્ધિનાં દાયાદો ! મ્હારા સ્વામીઓની છાયામાં ચાલશો અને આપણા ચિરંજીવોની ધર્મસંભાવના કરશો તો તમારે માટે અમર શાન્તિ છે ! —એ શાંતિ તમારે માટે જ છે. તમારા ઋષિઓની તે અમરપુત્રી કુમારી રહી તમારું જ ભગિનીકૃત્ય કરે છે ને કરશે ! તમારાં હૃદય અને બુદ્ધિ સ્વતંત્ર છે તે સ્વતંત્ર રાખજો ! તમારો સાથ એ

---

1 વનપર્વ અધ્યાય ૧૫૧ શ્લોક ૧૫—૧૮.

સ્વતંત્રતાનો પોષક છે. સૂક્ષ્મ મનુષ્યત્વવાળા તમ આર્યોને બીજું શું જોઈએ ? આ ભૂમિના અમરવૃક્ષ થોડો કાળ દૈવદુષ્કાળથી કાલતા બંધ થયા છતાં આર્યોનાં હૃદયોમાં તે વૃક્ષોનાં સૂક્ષ્મ થડ મૂળ સહિત અમર છે ને તેનું સેવન કરશો તો તમને કોની ભીતિ છે ? એ પરદેશનાં કે આ દેશનાં સ્થૂલ સત્ત્વો એ અમર વૃક્ષોના સ્થૂલ ભાગને કાપશે તેમ તેમ તેનાં સૂક્ષ્મ અમર મૂળ કાપ્યાં વધશે !"

આ વાણી બંધ થઈ અને બોલનારી દૂર જતી રહેતી લાગી, પણ તેની પાછળ તેના મુખનું ગાયન લંબાતું સંભળાયાં કર્યું.

" અંધકારનો સમો પ્રબળ ! આ દશા થઈ મ્હારી !
" સુંદર, કોમળ, સબળ બધી મુજ સંતતિ કરમાઈ !
" શું કરું ? શું કરું ? નવ ચાલે કંઈ ! પ્રહર બહુ વીત્યા !
" પ્રહાર બહુ મુજ સુન્દરતાએ તિમિરતણા ઝીલ્યા !
" તહોય હરિનો હાથ અમારે ! અંધકારમાં જીવું !
" પોષણ પામું ! રહું સુવાસિત ! અંતર્બળ ના મુકું !
" દઉં—પામું—આનન્દ વિજનમાં; ભલે લોક ના દેખે !
" અંધકારની મધ્ય અંક મુજ બાળ–સમૃદ્ધિ બ્હેકે.
" મન્વંતરે ભર, અંધકાર, તું ભલે રહે ઉભો !
" છત્રાય તેટલું છાય ભલે તું ! ભલે જ તું બીજો !
" અંધકાર ! તુજને હંફાવું વર્ત્તમાનમાં આજે !
" મન્વંતર પળસમા ગણું, પળ પળમાં પુરી થાશે !
" પ્રભાત પળમાં થયું દેખાડું ! ઉષાપણે આવે !
" અંધકાર ! ઉજને હંફાવી ધક્કેલી કહાડે.
" જાત મુજ, મુજ પ્રજા સુકોમળ, હતી તેવી થાશે,
" અંધકારને હંફાવી, જય ભવિષ્યનો ગાશે." [૨]

---

૧. મન્વંતર=મનુનું વય, તે બ્રહ્માના દિવસનો એક અંશ. ૨. સ્નેહમુદ્રા, કાંડ, ૮૭, (૧૪—૨૨)

પ્રકરણ ૪૦.

ન્યાયધર્મની ઉચ્ચતા ને સંસારના સંપ્રત્યયની કોમળતા.

निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु
लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम् ॥
अद्यैव वा मरणमस्तु युगान्तरे वा
न्याय्यात्पथः प्रविचलन्ति पदं न धीराः ॥

भर्तृहरि.

Fiat Justitia ruat caelem ! (Justice shall be done though the heavens fall!) A Maxim of Law.

" એ તો જ્ઞાન મને ગમતું નથી ! ઋષિરાયજીરે"

(પ્રેમાનંદઃસુદામાચરિત)



ચંદ્રકાન્તને મળનાર સાધુજન પાછો ચંદ્રકાંતને મળ્યો ને તેમના સંકેત પ્રમાણે તે ગયો ને તે વાતમાં પોતાને જિજ્ઞાસા ન હોય એવું પોલિસના ઉપરી સરદારસિંહે દર્શાવ્યું. ચન્દ્રકાંત, ચાર પાસનો દેશ જોવા જાય છે એવું પ્રસિદ્ધ કરી, પાછલે પહોરે નીકળી વિદ્યાચતુરની એક ગાડીમાં ગયો, અને તેને સુન્દરગિરિની પૂર્વ તળેટીમાં એક થાણામાં રાખી એક માંચીમાં બેસી ઉપર ચહડવાનું હતું ત્યાં આગળ રસ્તામાં પોતાની સાથે સંકેત કરનાર સાધુએ એની જોડે મળવાનો સંકેત કર્યો.

જે સાંઝે ચન્દ્રકાંત રત્નનગરીથી નીકળ્યો તે પછીને પ્રાતઃકાળે થોડી વાર પછી વિદ્યાચતુરે પોતાના ભવનમાં પોતાના ખંડમાં ગુણસુન્દરીને બોલાવી. આરામકુરશી ઉપર તે પડ્યો ને સામે કુરશીપર ચિન્તાતુર ગુણસુન્દરી બેઠી.

" ગુણીયલ ! સરસ્વતીચન્દ્ર સોયે નવાણુંવસા વિઘમાન છે. પણ તે સાધુ " થયા છે ને વિષ્ણુદાસ બાવાના મઠમાં છે. હવે આપણે તેમની આશા " રાખવી વ્યર્થ છે. "

ગુણ૦—મા વિનાના એ બાળકને પાછા સંસારમાં આણવાને મા જોઈએ. એમના દુઃખથી હૃદ વળી ! હું કુમુદનું દુઃખ ભુલવા જઉં છું ત્યાં કુમુદનું દુઃખ ઉભું થાય છે ને તે ભુલું છું ત્યાં સરસ્વતીચન્દ્રનું દુઃખ કાળજું વીંધી નાંખે છે. આપ આજ્ઞા આપો તો બાવાજીના મઠમાં જઈશ ને મહારે મોંએ બાવાજી કે એ એમાંથી કોઈ નહી તરછોડે.

વિદ્યા૦—કુસુમનો લોભ તને ભુલાવતો નથી ?

ગુણ૦—તે ભુલવતો હશે તો ભુલાવવા ઘો. જે વાતમાં કાંઈ હાનિ નથી ને લાભ કોઈ પણ અંશે થાય એમ હોય તો તે કામ કરવું જ. મ્હારું હૈયું એમ કહે છે કે મ્હારાં આંસુ એ જોઈ નહી રહે.

વિદ્યા૦—પણ તેમને ઘેર આણી તું શું કરવાની હતી ? તેમને ત્યાં જ સુખ હશે ત્યારે ?

ગુણ૦—આપ શું બોલોછો તેની મને કંઈ સમજણ પડતી નથી.

વિદ્યા૦—હું તને કંઈ વિચિત્ર સમાચાર કહું, પણ તે તું કેવી રીતે સાંભળી શકીશ તે મ્હારાથી સમજાતું નથી ત્યાં સુધી મ્હારું બોલ્યું તમ્હારાથી સમજવાનું નથી.

ગુણ૦—મને જે હોય તે કહી ઘો. આટલાથી ન ફુટેલા કાળજાને હવે ઘાયે વાગવાના નથી.

વિદ્યા૦—મ્હારી જીભ ઉપડતી નથી.

ગુણ૦—હા ! આ પણ એક નવો અનુભવ કે મ્હારી સાથે આપ ભેદભાવ રાખોછો. આ ભેદભાવ મ્હારા કાળજાને જેટલું વલોવે છે તેટલું આપે કહેવાના સમાચારથી નહી વલોવાય. સ્ત્રીજાતિ અબળા છે—સ્વામીની પ્રીતિ છતાં પણ અનાથ છે—તે હું આજ સમજી.

વિદ્યા૦—કુમુદ જીવતી છે !—

'હેં !'—ગુણસુંદરીએ મલકાઈને ઉદ્ગાર કર્યો.

વિદ્યા૦—ઘણું કરીને છે—ને સરસ્વતીચન્દ્રની પાસે જ તે છે !

ગુણસુન્દરીનું મ્હોં લેવાઈ ગયું. તેણે ઉત્તર ન દીધો. નીચું જોઈ રહી ને નેત્રમાંથી આંસુનાં મ્હોટાં બિન્દુ ટપકવા લાગ્યાં.

વિદ્યા૦—તને આ સમાચારથી શું થશે તે હું જાણતો હતો. માટે જ અચકાતો હતો. હવે તમ્હારા હૃદયમાં સરસ્વતીચંદ્રનો કેટલો લોભ છે ને કુસુમનું શું કરવું છે તે કહે.

ગુણસુન્દરીનાં આ આંસુ ઉડી ગયાં દેખાયાં ને સટે તેમાં ક્રોધની રતાશ દેખાઈ ને એ રતાશ ઉપર ક્રોધનાં નવાં આંસુ લોહીની તસરેા-વાળાં દેખાયાં.

" હું જાઉં છું ! હવે મ્હારે કાંઈ કહેવાનું નથી. આપને ઠીક લાગે " તે કરો ને જેને જે ગમે તે કરે. કુમુદની સુવાવડમાંથી હું ઉઠી એ

" જ ખોટું થયું. હવે જીવવાં શાં ને જોવાં શાં? હું જાઉંછું. એ
" દીકરી ને તમે બાપ. હું છુટી ને છુટીશ. "

ગુણસુંદરી ઉઠી અને દ્વાર ભણી ક્રોધના વેગથી ચાલી. વિદ્યાચતુર તેવા જ વેગથી એની પાછળ ચાલ્યો ને એને બાથમાં લેઈ એક ટેણલ પર બેસાડવા લાગ્યો.

" ગુણીયલ! ક્રોધનો કાળ નથી. આ વાતમાં તું જ શાંત થઈ મને આશ્રય અને અભિપ્રાય નહી આપે તો કોની પાસે હું આ વાત કરીશ? આપણી પ્રતિષ્ઠા અને આપણો ધર્મ અને આપણે પેટે જન્મેલાં બાળક!—તેની વ્યવસ્થામાં શું તહારા ધર્મસહચારનો લાભ મને નહી મળે?

ગુણ૦—હવે તે શું કરવાનું હતું? પ્રતિષ્ઠા પાણીમાં પડી, ધર્મ ધોવાઈ ગયો, ને આપણી અપ્રતિષ્ઠા જોવામાં સહચાર જ છેસ્તો! હવે આપ પ્રધાનપદ છોડી દો ને બે જણ કાશીવાસ કરી આ સંસાર આગળથી મ્હોડું સંતાડી ચાલ્યાં જઈએ.

વિદ્યા૦—આપણી કલ્પના મિથ્યા કેમ ન નીવડે? વિષ્ણુદાસભાવાની છાયામાં કદી અધર્મ કે અનાચાર થયો નથી ને જીવતી નીકળેલી કુમુદને સરસ્વતીચંદ્રે કેવળ ધર્મનો આશ્રય આપ્યો હોય તો તેમાં કંઈ અશક્ય છે?

ગુણસુન્દરી કંઈક નરમ પડી. " એમ પણ હોય. પણ જગત
" કેમ માનશે?"

વિદ્યા૦—આપણે માનીશું તો જગત પાસે પણ મનાવીશું.—

ગુણ૦—આપણે માનવાનો કાળ પણ આવે ત્યારે આવે.

વિદ્યા૦—જો આપણાં હૃદય વિશુદ્ધ જ છે ને આપણો સ્નેહ સત્ય જ છે તો આપણી કુમુદનું હૃદય અન્ય સંસ્કારોથી ભરાવાનો સંભવ બહુ જ ઓછો છે.

ગુણ૦—આપણાં જે હૃદયે વિશુદ્ધિને પોષી છે તે જ હૃદયે દૃઢ સ્નેહને પણ પોષેલો છે. કુમુદના હૃદયમાં આપણે જ આપણા જેવો સ્નેહ અતિ-ઉત્સાહથી સફળ થઈ ભરેલો તેને ત્યાંથી સરવાને અને નિષ્ફળ કરવાને પ્રમાદધન જેવાની શક્તિ ક્યાંથી હોય?

વિદ્યા૦—એ પણ સત્ય છે. " નવીનચંદ્ર " નામના બુદ્ધિધનભાઈના અતિથિની વાતો સાંભળી છે તે તહારી કલ્પના સાથે મળતી આવે છે.

ગુણ૦—લોક કહે છે તે ખરું યે હોય ને ખોટું યે હોય. પ્રમાદધનની પોતાની કટેવોએ આ રાંક જનને માથે અપવાદ આણ્યો હોય તો સંસારને જરી જરીમાં આવી વાતો સાચી માનવાની ટેવ કયાં નથી ? સૌભાગ્યદેવીએ આ વાત સાચી માની નથી ને નવીનચંદ્રને કોઈએ હીન વચન કહ્યું નથી. છતાં અપવાદ સાંભળી તેમણે સુવર્ણપુર છોડ્યું. પણ જો અપવાદ સાચો હોય તો એ અપવાદને પણ ગાંઠે નહી ને સુવર્ણપુરને પણ છોડે નહી. રાતદિવસ ઘરમાં રહેનારાં સતી સૌભાગ્યદેવીથી એ વાત છની રહે નહી ને તેમણે જાણી હોય તો કુમુદને માટે કલ્પાંત કરવામાં જ દેહને પાડે નહી. બુદ્ધિધનભાઈને ઘેર કુમુંદનાં પગલાં દુધે ધોવાયાં છે. એણે આ અપવાદ ન રહેવાતાં જ જળશાયી કરી હોય તે સંભવે છે. માત્ર વહેમ એટલો રહે છે કે આપ કહો છો તેમ તે જીવતી હોય તો સરસ્વતીચન્દ્રને સમજાવીને આપણે ઘેર લાવ્યા વિના અને જાતે પાછી આવ્યાવિના રહે નહી.

વિદ્યા૦—તેમ કરી શકવા જેટલો સંપૂર્ણ અવકાશ તેને ન મળ્યો હોય.

ગુણ૦—તેમ કરવામાં ખોટો અપવાદ ખરો કરવાની પણ બ્હીક એને લાગતી હોય.

વિદ્યા૦—હોય.

ગુણ૦—આપ આજ્ઞા આપો તો હું જ સુન્દરગિરિ ઉપર જાઉં.

વિદ્યા૦—શા નિમિત્તે તું ત્યાં જઈશ?

ગુણ૦—કુસુમને એ સ્થાનોમાં મોકલવાનું કહેલું છે તેને સાથે લેઈ હું અને સુન્દરભાભી જઈએ.

વિદ્યા૦—પણ લોકાપવાદ ખરો હશે તો?

ગુણ૦—ખરો હશે તો આપણું ભાગ્ય ફુટ્યું ને બ્હારી અક્કલને આગળા દેવાયા સમજજો.

વિદ્યા૦—તને કંઈક યથાશક્તિ વિદ્યા આપી છે તેમાંથી આથી વિશેષ ફળની આશા રાખું છું.

ગુણ૦—આપે તો ઘણી આપી પણ બ્હારી અબુદ્ધિમાં તે સમાઇ નથી.

વિદ્યા૦—તારી બુદ્ધિ ભવ્ય છે. માત્ર તે દુઃખના આવરણથી ઢંપાઈ ગઈ છે.

ગુણ૦—એમ હો. તો પણ તે આપને તો કામ લાગે એવી નથી.

વિદ્યા૦—તરવાર યુદ્ધમાં કામ લાગે ને તહારા જેવીની વિદ્યા અને બુદ્ધિ આવે કાળે કામ લાગે. ગુણીયલ! જે કાર્યથી મ્હારે મણિરાજ મહારાજનું પ્રધાનપદ છોડવાનો વારો આવે છે તે કાર્યના વિચારમાં-પ્રધાનપદ છોડી માત્ર સામાન્ય મનુષ્ય થઈ તહારા આશ્રય ઉપર જ આધાર રાખવાનો કાળ આવે છે તેવા પ્રસંગમાં—મ્હારી ગુણીયલની બુદ્ધિ અને વિદ્યા મને કામમાં નહી લાગે ત્યારે વિદ્યાચતુરનું પોતાનું માણસ બીજું કોઈ રહ્યું નહી.

ગુણ૦—સ્ત્રીની બુદ્ધિ પગની પ્હાનીએ. મહાકાર્યમાં આપે સ્ત્રીની બુદ્ધિએ ચાલવું ઘટતું નથી.

વિદ્યા૦—લોક તેમ માને છે. પણ આપણાં હૃદય જુદી બુદ્ધિથી સંધાયાં છે તેને તોડવાને શું મ્હારી ગુણીયલનું કાળજું કહ્યું કરે એમ છે? ગુણીયલ! મ્હારા કુટુંબમાં જ્યારે અનેકધા કલેશ અને દુઃખ હતાં ને મ્હારી પેટીમાં જ્યારે પાઈની છત ન હતી ત્યારે ગુણીયલની ઉદાર બુદ્ધિએ મ્હારી અને મ્હારા કુટુંબની સંભાળ લીધી છે ને મને આ મહાન્ પદને પ્હોચવાને સમર્થ કર્યો છે! તે દિવસ તું મ્હારી હતી ને હું તહારો હતો. આજ શું તે સંબંધ મટી ગયો? ને તું મ્હારી હવે નહી?

ગુણસુન્દરી વિદ્યાચતુરને બ્હોળે માથું મુકી રોઈ પડી ને રોતી રોતી કહેવા લાગી.

"પ્રાણનાથ! ક્ષમા કરો! હું કૃતઘ્ન થઈ ને આપનો મહાન્ અપરાધ કર્યો! દુઃખે મ્હારી બુદ્ધિને ડ્હોળી નાંખી ને આપે હવે તેને નિર્મળ કરી. આપ બોલો તે સાંભળવાને આ ક્ષુદ્ર બુદ્ધિથી જે બનશે તે કહેવા સજ્જ છું. હું સત્ય કહું છું કે—કુમુદ, કુસુમ, ને સંસાર એ સર્વને તુચ્છ ગણી હું આપનામાં જ ચિત્ત પરોવીશ. આપને શાને પ્રધાનપદ છોડવા કાળ આવે છે?" માથું ઉંચું કરી ગુણસુંદરી સામી બેઠી.

વિદ્યા૦—"તું સજ્જ છે તો મ્હારા હૃદયના સર્વ પડદા દૂર કરી વાત કહું છું તે સાંભળી લે. કુમુદનો અપવાદ અસત્ય હશે તો તો કાંઈ દુઃખ છે જ નહી—મ્હારી શ્રદ્ધા છે કે તું, સુન્દર, અને ચન્દ્રકાંત મળી સરસ્વતીચંદ્રને પલાળી શકશો ને કુસુમનું ભાગ્ય ઉઘડશે. કુલોરા અને કુમલારાણીજી પાસે આશ્રય શોધીશું. તે નહી ફાવે તો કુમુદની ઇચ્છાથી અવળી ચાલે એટલું કુસુમના હૃદયનું ગજું નથી. પણ લોકનો અપવાદ અહો હોય તો મ્હેં ઘણા સૂક્ષ્મ વિચાર કરી મ્હારા ધર્મને માર્ગે

પ્રવર્તવા નિશ્ચય કર્યો છે. સરસ્વતીચંદ્ર ઉપરથી કુમુદનું હૃદય દૂર થઈ શકયું ન હોય તો દોષ કોનો ? સર્વથા આપણો, આપણા દોષનું ફળ ચાખતાં આપણે ડરવું ન જોઈએ. આપણા દોષનાં વિપફળ બીજાને ચાખવાં ન પડે એવું કરવું એ આપણો ધર્મ છે. અન્ય સંસારથી કંટાળી આત્મહત્યા કરવા જતાં જીવતી રહેલી કુમુદ પોતાની વિધવાવસ્થામાં સરસ્વતીચંદ્રના આશ્રયથી જ સુખી થવા ઇચ્છતી હોય તો તેમાં વિઘ્ન નાંખવું નહી પણ સાહાય્ય આપવું એ આપણો ધર્મ છે એવું હું માનું છું, અને સર્વ સુધરેલા દેશો તો એને કેવળ ધર્મ નહી પણ માતાપિતાની ખરી પ્રીતિની કસોટી માને છે – તે તમારાથી કયાં અજાણ્યું છે ? કુમુદના દુઃખી જીવનને માટે સુખનો જો એ જ માર્ગ હશે તો આપણે તે લેવો— ગુણીયલે તે આપવામાં મ્હારી સાથે ભળવું—એ હું ઇચ્છું છું. મ્હેં તને વિદ્યા આપવા પ્રયત્ન કરેલો છે તે આવા ધર્મના બોધને માટે.

" હું જાણું છું કે આ કાર્યમાં અપકીર્તિ છે, આપણા લોકનું બીજી રીતે કલ્યાણ કરવાને આપણે આ કાર્યને લીધે અશકત થઈશું, અને આ કાર્ય કરી મહારાજના પ્રધાનપદમાં રૂહેવું તે મહારાજને ગુંચવારામાં નાંખવા જેવું છે. એમની પ્રજા આ કાર્યનું અભિનન્દન નહી કરે અને મને ભ્રષ્ટ ગણશે. પ્રજા જેને ભ્રષ્ટ ગણે એવા મનુષ્યને અધિકારથી દૂર કરવો એ મહારાજનો ધર્મ છે. એ ધર્મનો મહારાજને બોધ કરવો એ મ્હારો ધર્મ છે એ ધર્મ હું પાળીશ ને કુમુદને સુખી કરવાને આવો ધર્મ પ્રાપ્ત થશે તો પ્રધાનપદનો ત્યાગ પરમ સંતોષથી કરીશ—તે પછી હું અને તું બે જણનો જ સહવાસ રહ્યો—તે સહવાસનો તું મને અધિકારી ગણીશ તો.

" એ પ્રસંગ આવશે તો કુસુમનો અભિલાષ પણ હું પૂર્ણ કરીશ. એની ઇચ્છા હશે તો મોહનીમૈયાના પરિવ્રાજિકામઠમાં યોગ્ય વ્યવસ્થાથી તે રૂહેશે, મરજી હશે તો હું એને યુરોપ અમેરિકામાં કુમારિકાઓને અભ્યાસમાં અને પરમાર્થમાં જીવન ગાળવાનાં સ્થાન છે ત્યાં મોકલીશ, ને મરજી હશે તો સ્વતંત્ર મુંબાઈનગરીમાં રહી નીતિ, પરમાર્થ, અને વિદ્યાનું સેવન કરવામાં આયુષ્ય ગાળવાની એને અનુકૂળતા કરી આપીશ. એ કાર્યને અંગે પણ પ્રધાનપદ છોડવું પ્રાપ્ત થશે.

" ગુણીયલ ! ધર્મને નામે પ્રચાર પામેલા લોકાચારથી દોરાઈ આપણે એક વાર કુમુદને કુવામાં નાંખી ! એની સ્વતંત્રતાનો નાશ કર્યો ! એને અધમ પુરુષના કર–પંજરમાં પુરી દીધી ! એ સર્વથા પાપ થયું—મહાપાપ થયું. હવે એ પાપ ફરી કરવાની મ્હારી વૃત્તિ નથી. જે અધ્યાત્મ

દૃષ્ટિથી મનુષ્યમાત્રને વૃદ્ધ મહારાજ જોતા, જે અધ્યાત્મદૃષ્ટિથી તેમને જોવાનો બોધ આટલી વાર સુન્દરગિરિના સાધુજનોમે મુખેથી આપણે સાંભળ્યો છે, તે દૃષ્ટિથી જોતાં પૂર્વ અને પાશ્ચાત્ય બુદ્ધિનો સંગમ થાય છે અને એ સંગમસ્થાન આગળના પ્રવાહમાંના પાણીમાં જોતાં જે ભૂમિ-ઉપર પત્થર જેવાં પાપ છે ત્યાં આપણે સંચાર નહી કરીયે. જો લોકાપ-વાદ સત્ય હોય તો કુમુદનું સરસ્વતીચંદ્ર પાણિગ્રહણ કરે એ જ યોગ્ય છે ને યોગ્ય વર વિનાની તેમ કૌમારવ્રતની અભિલાષિણી કુસુમનો અભિલાષ સિદ્ધ થાય તે જ યોગ્ય છે. તે જ બે આપણા બેના ધર્મ છે!

" તો એ ધર્મના આચારમાં બીજો શો અંતરાય છે? પ્રધાનપદની વાસનાને લીધે શું આ ધર્મ તુટવો ઘટે છે? લોક ગમે તે માનતા હશે. પણ કામન્દકીને મુખે પવિત્ર ભવભૂતિએ અધિકારના લોભી પિતાઓના સ્નેહનું વર્ણન કરાવ્યું છે તે તને લક્ષ્યમાં હશે!

" गुणापेक्षाशून्यं कथमिदमुपक्रान्तमथवा
कुतोऽपत्यस्नेहः कुटिलनयनिष्णातमनसाम् ।
इदं त्वेदंपर्यं यदुत नृपतेर्नर्मसचिवः
सुतादानान्मित्रं भवतु स हि मे नन्दन इति[1] ॥

" ગુણીયલ! પ્રધાનપદના લોભથી તો શું પણ સંસારમાં કોઈ પણ પદાર્થ-ના લોભથી અથવા રાજા કે માતાપિતા કે દેશ કે કોઈને પણ પ્રસન્ન કરવાના લોભથી જે માતાપિતા પુત્રીનું વિવાહમાં દાન કરે છે તેમનો અપ-ત્યસ્નેહ શૂન્ય ગણવો અને તેમણે પુત્રી પ્રતિના પોતાના ધર્મમાં ધુળ ભેળ-વી સમજવી! પુત્રીનું દાન કરતાં પુત્રીના સ્વાર્થ વિના બીજો સ્વાર્થ કે બીજો લોભ રાખે છે તે માતાપિતારૂપે શત્રુ જ સમજવાં! તેવા પિતાને માથે માલતીના જેવા નિઃશ્વાસ ભમ્યાં કરે છે ને કુહે છે કે—" ઓ પિતા! તમને અન્યનું આરાધન પ્રિય છે–તમારી પુત્રી પ્રિય નથી[2]!"–
" ઓ તાત! તમે પણ આવા છો તો સર્વથા ભોગ–તૃષ્ણા જ જય પામી

---

૧ આ પિતાએ જમાઈના ગુણની અપેક્ષા રાખ્યા વિના આ વિવાહનો ઉપ-ક્રમ કેમ કર્યો? અથવા તો કુટિલ રાજનીતિમાં ઝબકોળાયલાં મનવાળા પુરુષોને પોતાનાં બાળક ઉપર શુદ્ધ સ્નેહ તે શાનો હોય? આ પિતાના મનનો સાર તો આટલામાં જ આવી ગયો છે કે મ્હારી દીકરીના વિવાહથી રાજાનો નર્મસચિવ નન્દન મ્હારો મિત્ર થાય! (માલતીમાધવ.)

૨. राजाराधनं खलु तातस्य गुरुकं न पुनर्मालती "

છે !" [૧] ગુણીયલ ! નક્કી તું મ્હારા પ્રધાનપદને આપણી પુત્રી કરતાં ને આપણા ધર્મ કરતાં અધિક નહી ગણતી હોય !

ગુણ૦—સત્ય જ કહ્યું છો ! પ્રધાનપદને વૈભવની વાસનાથી-પ્રિય ગણવાનું કહું તો તો આપ કહો છો તે દોષ આવે જ. પણ મહારાજ પ્રતિ—રાજ્ય પ્રતિ—આપનો ધર્મ છે ને પુત્રી પ્રતિ પણ છે ને તે બે વચ્ચે વિરોધ આવે ત્યારે મ્હોટા ધર્મ આગળ નહાનાનું બલિદાન કરવું એ ધર્મ શું પ્રાપ્ત થતો નથી ?

વિદ્યા૦—એ પ્રશ્નનું સમાધાન પણ એ જ કવિયે કરેલું છે: પુત્રીનું કલ્યાણ કરવામાં પોતાની શક્તિની ન્યૂનતાનું બલિદાન થયલી પુત્રીની પાછળ અગ્નિમાં પડવા માંડતા પિતાએ પોતાને ચરણે પડેલા રાજાની પણ અવગણના કરી અને તે જ અવગણના કરનાર પિતાએ પુત્રીની સુસ્થિતિ સાંભળી તે વધામણીને રાજાએ કરેલા ચરણપાત કરતાં અધિક ગણી ![૨] ગુણીયલ ! એક જણની પ્રતિ ધર્મ કરવાને માટે બીજની પ્રતિ અધર્મ કરવો પડે ત્યારે એમ જ સમજવું કે જેને આપણે ધર્મ ગણીયે છીયે તે અધર્મ જ છે ! માતા પિતા કે દેશ કે લોકસમસ્ત—સર્વના કલ્યાણ કરતાં પણ એક નહાના સરખા આપણા બાળક પ્રતિનો આપણો ધર્મ નહાનો છે એવી બુદ્ધિ દૂષિત છે. સામા મનુષ્યોની સંખ્યાથી કે તેમના ગૌરવથી તેમના પ્રતિના ધર્મ મપાતા નથી ! સર્વ લોકના કલ્યાણને માટે પણ અસત્ય બોલવું પડે કે ચોરી કરવી પડે તો તે કરવું અધર્મ મટી ધર્મરૂપ થતું નથી. ધર્મનું આચરણ કરવામાં અથવા અધર્મથી દૂર રહેવામાં પ્રાણીમાત્રનો સંહાર વળી જતો હોય તો તે થવા દેવો એ જ ધર્મ છે. શ્રુતિ અને સ્મૃતિ, જ્ઞાન અને ભક્તિ, વ્યવહાર અને પ્રીતિ, સર્વ આવા ધર્મના આગળ ક્ષણિક અને ક્ષુદ્ર છે.

ગુણ૦—જો એમ છે તો સ્ત્રીયોને વૈધવ્યના ભયમાં આણી વીરપુરુષો દેશના કલ્યાણ માટે યુદ્ધમાં મરવું ઉત્તમ કેમ ગણે છે ? સ્ત્રીનું

---

૧. हा तात त्वमपि नाम ममैवमिति सर्वथा जितं भोगतृष्णया ॥

૨. अविगणय्य नृपं सहनन्दनम्
चरणयोर्नतमग्निमुखे पतन् ।
सपदि भूरिवसुर्विनिवर्तितो
मम गिरा गुरुसंमदविस्मयः ॥
मालतीमाधव, अंक १०.

સૌભાગ્ય રાચવવું એ શું પતિનો ધર્મ નથી ? અનાથ બાળકોને સંસારમાં એકલાં મુકી જતાં અટકવું એ શું ધર્મ નથી ? તો એ સર્વ ધર્મનો ભંગ કરી વીરપુરુષો યુદ્ધના ધર્મની પ્રશંસા કેમ કરે છે ? બે દીકરીઓને કારણે આપ પ્રધાનપદ છોડો ને રાજ્યનું અકલ્યાણ થાય અને મહારાજ પ્રતિ કૃતઘ્નતા થાય એ કામ પ્રધાનપદના અધિકારીની બુદ્ધિને છાજતું હોય એવું મને દેખાતું નથી. પછી મ્હારી સ્ત્રીબુદ્ધિને લીધે જ મને આમ લાગતું હોય તો ઈશ્વર જાણે.

વિદ્યા૦—"તમ્હારી બુદ્ધિ સૂક્ષ્મ છે તેથી જ આ પ્રશ્નોને દેખે છે. એ પ્રશ્નો જેવા સગર્ભ છે તેવું જ તેમનું સમાધાન છે. ગુણીયલ[1] ! ધર્મ ક્રિયારૂપ નથી પણ ક્રિયાનું કારણ છે. જે ક્રિયા કર્તવ્ય થાય છે તે ક્રિયામાં ધર્મ રહેલો નથી, પણ આપણા મનમાં એવી બુદ્ધિ થાય કે આ કર્ત્તવ્ય છે ને આ નથી ત્યારે આપણે તે ક્રિયા કરીયે છીએ કે નથી કરતાં; માટે એ બુદ્ધિ એ ક્રિયાનું કારણ છે. એ બુદ્ધિ સુવિદિત શુદ્ધ સત્ય ધર્મને અનુસરે ત્યારે ધર્મસ્થ ગણવી. આપણી ક્રિયાઓ ત્રણ પ્રકારની છે. આપણે કોઈ પદાર્થનો ત્યાગ કે સ્વીકાર કરીયે છીયે, અન્ય જીવોને સુખદુઃખ કરીયે છીયે, અને આપણા જીવની અધોગતિ કે ઉન્નતિ કરીયે છીયે. આપણાં જીવનનાં સુખદુઃખ તો આ ત્રણે ક્રિયાઓથી થાય છે માટે તે જોવાનાં કે જુદાં ગણવાનાં નથી. ત્રણે ક્રિયાઓને અંગે આપણે સુખદુઃખ પામીયે તેને પ્રારબ્ધફળ ગણી લેઈ લેવાં—આ પવન જેવો આવે તેવો આપણે સંસ્કારી લેઈએ છીયે તેમ.

"જ્યારે આપણાં પોતાનાં મન કે શરીર પોતાને માટે કોઈ પદાર્થનો ત્યાગ કે સ્વીકાર કરે ત્યારે તું કહેછે તેવા ધર્મવિચાર પ્રાપ્ત થાય છે. જેમાં આપણી મમતા છે, જેમાં આપણી અહંતા છે એ સર્વ પદાર્થનો ત્યાગ કે સ્વીકાર કરતાં ફળનો વિચાર યોગ્ય છે કે આ મ્હારા ત્યાગથી માતાપિતાને લાભ છે અથવા દેશને લાભ છે અથવા પારકા જીવને લાભ છે. જ્ઞાતિભોજનનું વ્યય કરતી વેળા આપણે સ્વતંત્ર છીયે તેનું કારણ પણ એ કે એ ક્રિયા ધર્મવિચારની આ કોટિમાં આવે છે,

"આ પ્રમાણે પોતે ત્યાગ કે સ્વીકાર કરી અન્ય જીવોને સુખ આપવું એ આપણો અધિકાર છે. પણ કોઈ જીવને દુઃખ દેવું કે તેનું અકલ્યાણ કરવું તો શું પણ તેની ઇચ્છાવિરુદ્ધ માર્ગે તેનું કલ્યાણ કરવા પ્રયત્ન

---

1 Class, Category.

કરવો, એ સર્વ ક્રિયાઓને માટે સામાન્ય રીતે આપણો અધિકાર નથી. પારકા જીવને દુઃખ દેવું કે તેને અજ્ઞાત પણ હાનિ કરવી એ ક્રિયાનો ધર્મ તો લોકવ્યવસ્થાના અધિકારીને જ પ્રાપ્ત થાય છે. સંસારની વ્યવસ્થાઓ સામાન્ય રીતે રાજાઓના અને તેણે સ્વીકારેલા અધિકારીઓના અધિકારની વાત છે. માતાપિતા પુત્રાદિક ઉપર અધિકાર વાપરે છે તે પણ રાજાએ આપેલા જ અધિકારથી. રાજાએ જ્યાં આજ્ઞા કે નિષેધ કાંઈ ન કર્યું હોય પણ માત્ર અધિકાર આપ્યો હોય ત્યાં અધિકારીએ સામા જીવનું કલ્યાણ ઇચ્છી ક્રિયા કરવાની છે—એ વિના સર્વ વિષય અને વિચાર તેના અધિકારથી બ્હાર છે. સેનાધિપતિ અને ન્યાયાધીશ પોતાના અધિકારના વિષયનું જ કલ્યાણ ઇચ્છી અન્ય જીવોને દુઃખ કરે છે અને તેમનાં શરીરને મૃત્યુવશ કરે છે તે ક્રિયાઓથી થતાં સુખદુઃખ વિચારવાનો તેમને અધિકાર નથી; તેમનો અધિકાર માત્ર એટલો જ કે સેનાધિપતિએ અમુક માર્ગે વિજય મેળવવો અને ન્યાયાધીશે ન્યાય મેળવવો. રાજાને પણ લોકવ્યવસ્થાને માટે જ ઈશ્વરે અધિકાર આપેલો છે તે છોડી અન્યથા કામ કરે ને પ્રજાને દુઃખ થાય ત્યારે રાજાને સ્વમાર્ગે આણવાને માટે પ્રજા છે, અને પ્રજા વિમાર્ગે ચાલે ત્યારે તેને માથે રાજા છે. આ સર્વ પ્રશ્નોમાં માત્ર લોકવ્યવસ્થાને માટે યોગ્ય સ્થાનમાંથી પ્રાપ્ત થયેલા અધિકારનો અને અધિકારના વિષયનો વિચાર છોડી બીજો કાંઈ વિચાર કરવાનો નથી. જેની બુદ્ધિ પહોંચતી નથી તેને માર્ગ દર્શાવવાને પ્રાચીન શાસ્ત્રો, અર્વાચીન મહાત્માઓ, અને આશપાશના મહાજન છે. જ્ઞાતિના અજ્ઞાની જનોને માટે જ્ઞાતિ એક જાતનો મહાજન છે. બાળકને માટે માતાપિતા મહાજનતુલ્ય છે. બાળકનાં વય, બુદ્ધિ અને વિદ્યા વધે તેમ તેમ તેના અધિકાર વધે છે ને માતાપિતાના ઘટે છે; તે જ રીતે જે મનુષ્યોની બુદ્ધિ અને વિદ્યા વધે છે તેમનો અધિકાર વધે છે અને જ્ઞાતિના, લોકાચારના, શાસ્ત્રના, અને મહાત્માઓના અધિકાર ખસવા માંડે છે. દેશકાળની કાંઈક સ્થિતિ વિચારી પૂર્વકાળના વિદ્વાનોએ અને મહાજનોએ બાળલગ્ન, અને વૈધવ્યસહનના આચાર પાડેલા તે કાયમ રાખવાનો તેમનો અધિકાર નવી વિદ્યા અને નવી બુદ્ધિના હાથમાં છે. મને મળેલો આ અધિકાર હું વેળાસર સમજ્યો નહી અને એ અધિકાર મને હોય નહી એમ વિશ્વાસે રહી કુમુદનું ભાગ્ય સુવર્ણપુરમાં મ્હેં બાંધ્યું તે મ્હારાથી અધર્મ થઈ ગયો, ને હવે મ્હારી શક્તિ વિચારી મ્હારો અધિકાર શોધી વેળાસર ચેતું છું તેથી હું મ્હારો ધર્મ કરીશ. અધિકારકોટિથી પ્રાપ્ત થયલા આવા

ધર્મને અંગે મ્હારા પ્રધાનપદના ધર્મ વિચારવા એ મ્હારા અધિકારમાં નથી. રાજ્યના સામાં હુકમનામાં કરતાં ન્યાયાધીશે ડરવાનું નથી તેમ પ્રધાનપદના અને રાજ્યહિતના વિચારમાં પડી કુમુદ—કુસુમ—ના જીવનું અકલ્યાણ કે દુઃખ રચવું તે મ્હારા અધિકારથી બ્હારની વાત છે. કુમુદ રાજ્યાપરાધ કરી મહારાજના ધર્માસન આગળ આવે અને એને દેહાંતદંડની શિક્ષા કરવાનો મ્હારે પ્રસંગ આવે ત્યારે મ્હારો પિતૃધર્મ વિચારવાનો મને અધિકાર નથી; તે જ રીતે યુદ્ધમાં જનાર સેનાપતિએ સ્ત્રીપુત્રાદિકને માથે પોતાના મરણથી આવી પડનાર ભયના વિચાર કરવાનો પણ તેને અધિકાર નથી. આમાંનું એક કાર્ય અથવા કાર્યનું ફળ બીજા કાર્ય કરતાં મ્હોટું કે ન્હાનું છે માટે મ્હોટું કરવું ને ન્હાનું ન કરવું એ વિચાર અયોગ્ય છે. લોકવ્યવસ્થાના અધિકારીએ તો ન્હાના કે મ્હોટા પોતાના જેવા હોય તેવા અધિકારનો વિષય અને ધર્મ વિચારી ક્રિયામાં પ્રવૃત્ત થવાનું છે.

" અને જ્યાં જીવાત્માના આત્મધર્મના વિચાર પ્રાપ્ત થાય ત્યાં તો આ અધિકારનો પણ પ્રશ્ન અનુચિત છે. પ્રત્યેક જીવાત્માનો ઉત્કર્ષ થાય તો તે સર્વ જીવોનું કલ્યાણ છે. એક જીવના અધર્મથી સર્વ જીવનું કલ્યાણ થતું હોય તો તે કલ્યાણમાં અકલ્યાણનું બીજ રોપાયું ગણવું. એક જીવના ધર્મથી અનેક જીવોને દુઃખ થતું હોય તો પણ તે જ માર્ગે સર્વનો ઉત્કર્ષ ગણવો. સર્વભૂતાત્મક પરમાત્માના અંશરૂપ જીવાત્માનો અભેદ માનો કે સર્વ જીવોના ભિન્નભાવ માનો તો પણ સર્વના ધર્મથી થયલો સર્વનો ઉત્કર્ષ જ કલ્યાણરૂપ છે. પોતે અધર્મ કરે છે તેથી જગતનું કલ્યાણ થશે એવું માનનાર જીવ મૂર્ખ છે. કારણ સર્વ જગતને જોઈ શકવાની શક્તિ વગરનો ક્ષુદ્ર જીવ એ જગતનું કલ્યાણ ક્યાં છે ને ક્યાં નથી એ જાણવાની શક્તિ શી રીતે પામવાનો હતો? આવા દમ્ભી મિથ્યાભિમાની જીવોએ સંસારને માથે અનેક અવ્યવસ્થાઓ અને વિપત્તિઓ આણી મુકેલી ઇતિહાસમાં સુપ્રસિદ્ધ છે. ગુણીયલ! જે ક્રિયાથી જીવાત્માની પોતાની અધોગતિ છે તે સર્વથા વર્જ્ય છે, ને જેથી તેની ઉન્નતિ છે તે કર્ત્તવ્ય છે, ને તેમાં કોઈ પણ અન્ય વિચાર કર્ત્તવ્ય નથી.

" ઈશ્વરે કુમુદનો જીવ આપણા અધિકારમાં સોંપ્યો. ઈશ્વરે નિર્મેલા રૂનેહની ગતિથી યોગ્ય વયે એ—નદી સમુદ્રમાં ભળે તેમ—પોતાના હૃદયના સ્વામીને ધર્મથી પ્રાપ્ત થઈ હોય તો તેમાં વિઘ્નરૂપ થવા મ્હારો કે તમારો અધિકાર નથી. અધિકારવિનાની ક્રિયામાં પ્રવૃત્ત થઈ એ જીવને

પરતંત્ર કરવો એ ક્રિયાથી આપણી અધોગતિ સમજવી. કોઈ જીવ આપણે પેટે બાળકરૂપે જન્મ્યો માટે તેને આપણી ઇચ્છાપ્રમાણે બન્ધનમાં નાંખીયે એવો અધિકાર માતાપિતાએ ધારવાનો નથી. કુમુદ–કુસુમના જીવ હવે આમ સ્વતંત્ર છે. માટે તું અન્ય વિચાર અને દુઃખ છોડી દેઈ મ્હેં દર્શાવેલા માર્ગનો શાંત વિચાર કરી લે.”

વિદ્યાચતુર બોલી રહ્યો ને થોડી વાર સુધી થાકયો હોય તેમ ખુરસીમાં પડી રહ્યો ને માત્ર ગુણસુંદરીના સામું જોઈ રહ્યો. ગુણસુન્દરી ઉંડા વિચારમાં પડી બોલ્યા ચાલ્યા વિના, બેઠી હતી ત્યાં જ, નીચું જોઈ બેસી રહી. અંતે ઉંચું જોઈ બોલી.

“ચંદ્રકાંત મુંબાઈથી આવ્યા તેવામાં તેને સરસ્વતીચંદ્રને વિષયે આપે
“ કઠણ વચન કહ્યાં હતાં તે કાળે વૃદ્ધાચાર આપને પ્રિય હતો તે ઘણી થોડી
“ વેળામાં અપ્રિય થઈ ગયો. આપે કરેલો બોધ અસત્ય છે એમ સિદ્ધ કરવા
“ જેટલી મ્હારી શક્તિ નથી. પણ જુના સંપ્રદાયમાંથી નવામાં
“ આપ આટલી વેળામાં જતા રહ્યા તેથી મને કાંઈ ભ્રાંતિ થાય છે.”

વિદ્યા૦—તેમાં તહારો દોષ નથી. સરસ્વતીચંદ્ર ઉતાવળ કરી નાઠા અને કુમુદને હાનિ પ્હોંચી તે સહન કરવાની અશક્તિને બળે મને કાંઈક ક્રોધ થયો હતો, અને સરસ્વતીચંદ્રનો જ દોષ મ્હારા હૃદયમાં વસી ગયો હતો. શાંત થયા પછી અને કુમુદ–કુસુમ-નાં હૃદય અને સુખદુઃખ જાણી વિશેષ વિચાર કરતાં મને જે લાગ્યું તે તને અત્યારે કહી દીધું.

ગુણ૦—બ્હાનપણમાં બાળક પરણાવવાનો પ્રાચીન કાળથી ચાલતો આવેલો સંપ્રદાય આપ હવે દુષ્ટ ગણો છો?

વિદ્યા૦—લોકવ્યવસ્થા રચનારાઓએ આ પાળ દુષ્ટતાથી નથી બાંધી, પણ લોકહિતની જ બુદ્ધિથી દેશકાળની કંઈક પરીક્ષા કરી બાંધેલી હોવી જોઈએ. હાલમાં તે વ્યવસ્થાને બે પિતાઓ બદલી નાંખવા જાય તો એકની પુત્રી દુઃખી થાય ને બીજાની સુખી થાય. દ્રવ્યહીન, વિદ્યાહીન,પક્ષહીન પિતાની રંક કે વિદ્યાહીન પુત્રીને આપણી જુની વ્યવસ્થા તોડ્યાથી સુખ કરતાં દુઃખ અનેકધા અસહ્ય થઈ પડે. નવી વ્યવસ્થાના અધિકારી કુટુમ્બમાં જન્મેલી બાળકી નવી વ્યવસ્થાથી દુઃખ કરતાં સુખ વધારે પામવાની. સર્વ વાત શક્તિ અને અધિકારની છે. હું નવી વ્યવસ્થાથી પુત્રીઓને સુખી કરવા શક્તિમાન્ છું અને પુત્રીઓ

---

૧. પ્રથમ ભાગ પૃષ્ઠ ૨૫૬.

સુખી થવાની વૃત્તિ તથા શક્તિવાળી છે એવું જાણવાની સાથે તેમને નવી વ્યવસ્થાનું જીવન આપવા હું અધિકારી થાઉંછું ને તેમ કરવું એ મ્હારો ધર્મ થાય છે.

ગુણ૦—આપે વડીલોના અભિપ્રાય લીધા ?

વિદ્યા૦—સરદારસિંહે વડીલને પુછ્યું. ને મહારાજે મામાને પુછ્યું. આપણે આવો પ્રશ્ન પુછીયે છીયે તેટલાથી જ મામાને આશ્ચર્ય લાગ્યું ને એવા પ્રશ્ન પુછનારની વૃત્તિ મનગમતો ઉત્તર જ ઇચ્છે અને તે આપવો કે ન આપવો એ વિચારતાં પોતાની નિવૃત્તિમાં વિઘ્ન આવે માટે આ વિચાર મહારાજને અને મને જ સોંપ્યો, અને મહારાજનું અપમાન ન થાય માટે સ્મિત કરી કહ્યું કે 'હું હવે વૃદ્ધ થયો છું ને નવા યુગનું માહાત્મ્ય જોવું ઘણા કાળથી મેં મુકી દીધું છે, માટે એ જોવું જુવાનમંડળને જ વધારે અનુકૂળ થઈ પડશે;—રાજ્યનો કોઈ મ્હોટો પ્રસંગ હત તો હું નિવૃત્તિ તોડી અભિપ્રાય આપત; પણ નવા યુગનાં નહાનાં મ્હોટાં થયલાં બાળકોના પરિપાકનો મને અનુભવ નથી ને તેના વિચારનો પણ મને અધિકાર નથી.'

ગુણ૦—આ ઉત્તરમાં એમનો અભિપ્રાય જણાતો નથી ?

વિદ્યા૦— એ તો સ્પષ્ટ છે. પણ પિતાજીનો અભિપ્રાય જુદો થયો. તેમણે કહ્યું કે કાગડાના માળામાં મુકેલી હંસી, કાગડો મરતાં, હંસને શોધે તો એ એક જુવાનીનો વેગ છે. લોક પોતે પોતાની જુવાનીના વેગને અટકાવતા નથી પણ પારકાં બાળક એ વેગને અટકાવે એવું જોવાને ઇચ્છે છે. લોકના કહ્યા પ્રમાણે કરીયે તો બાળક દુઃખી થાય ને બાળકના કહ્યા પ્રમાણે કરીયે તો લોક ચુંટી ખાય. માટે કાંઈ વાત એ છે કે લોક જેને મુવેલી ગણે છે તેને જીવતી કહી લોકની ભુલ ભાગવાને આપણે કંઈ બંધાયા નથી, માટે આ બે જણે સુંદરગિરિમાં જે વાસ શોધી કાઢ્યો હોય ત્યાં તેમને નીરાંતે રહેવા દેવાં, ને આપણે તેમની કુથલી કરવી નહી ને લોકમાં થવા દેવી નહી. મરેલાં ગણાતાં છોકરાં ભલે સુખી થાય ને લોકની આંખમાં ધુળ નાંખે. લોકને રીઝવી છોકરાંને મારવાં નથી ને લોકમાં સત્યવાદી થઈ કારભારને આંચ આવવા દેવી નથી. ગુણીયલ ! આ એમના શબ્દે શબ્દ તને કહી દેઉંછું.

ગુણ૦— સંસારને ધર્મથી પાળનાર મામાજીએ સંસારનું રક્ષણ કર્યું, ને સંસારને અને સંસારના ખેલને ઓળખનાર વડીલે એ સંસાર સાથે રમવાનો ખેલ બતાવ્યો.

વિદ્યા૦— હવે તું કહે આપણે શું કરવું ?

ગુણ૦— મેં કહ્યું છે તે પ્રમાણે અમને સર્વને સુન્દરગિરિ ઉપર જવા દો. લોકાપવાદ ખોટો હશે તો તો સર્વ સારાં વાનાં જ છે. લોકનું કહેવું ખરું હશે તો મ્હારાથી કાંઈ પુત્રીને અપ્રીણ દેવાણી પવાવાનું નથી. ને એ પસ્તાશે અને ડાહી થશે તો આપણી જંઘા ઢાંકી એને તેડી લાવી બુદ્ધિધનભાઈને ઘેર મોકલી દેઈશ ને તેમ નહી થાય તો તો વડીલની સૂચના સ્વીકાર્યા વિના છુટકો નથી. લોકાપવાદ હજી સુધી પ્રકટ નથી ત્યાં સુધી તેનો ઘા નિવારી શકાશે.

વિદ્યા૦—વચલો માર્ગ પડતો જ મુકજે.

ગુણ૦—જ. મ્હારો સાપનો ભારો સાચવવા જેવું હવે એને સાચવવું વિકટ છે તે વિચારું છું ત્યારે હીંમત હારી જઉં છું, ને વશે કે કવશે વડીલનું વચન પળાશે ને બાકીનું મ્હારું દુઃખી આયુષ્ય ગળાશે તેમ ગાળી પુરું કરીશ એવું સુઝે છે. આપે બતાવેલા ધર્મ મ્હારી બુદ્ધિને સત્ય લાગે છે, અને આપને આપવા જેવો ઉત્તર મ્હારી પાસે નથી, પણ મ્હારા હઈયાની હોળી આપના બોધથી શાંત થાય એમ મને તો લાગતું નથી. આપ પુરુષ છો ને હું સ્ત્રી છું; શરીરમાં અને હૃદયમાં એટલો ભેદ તો બ્રહ્માએ ઘડ્યો તે હું શી રીતે ભાગવાની હતી ? માત્ર એટલી બંધાઉંછું કે આપનો બોલ મ્હારા હૃદયમાં ઉતરશે તેટલો ઉતારવા પ્રયત્ન કરીશ અને પછી તો ઈશ્વર, આપ, અને આ મ્હારું દુઃખઘેલું હૃદય—ત્રણ જણ મળી જે કરો તે ખરું!"

વિદ્યા૦—એ કાંઈ ઓછું નથી. ઈશ્વર આવી વેળાએ પણ સામું જુવે છે ને જોશે.

પ્રકરણ ૪૧.

બોવાયલાં રત્નો ઉપરની ધુળ:

કાળવર્ષ વીત્યું ને મેહ ગાંજ્યો,
મ્હારા હઈડાનો ધાશકો ભાગ્યો !



સરદારસિંહ ! હવે તો તમારો શોધ પુરો થઈ રહ્યો હશે." વિદ્યાચતુર, ગુણસુંદરી પાસેથી ઉઠી, પોતાના પ્રધાન ખંડમાં જઈ, ત્યાં પોતાની વાટ જોઈ બેસી રહેલા રત્નનગરીના દેશપાલને પુછવા લાગ્યો.

ઉભો થઈ પ્રણામ કરતો કરતો સરદાર બોલ્યો: "લગભગ પુરો થયો છે."

વિદ્યા૦—હવે કેટલી ત્વરાથી તમારે જનતે જવા જેવું બાકી છે ?

સ૨૦—"ના જી. રાત્રે માત્ર કુમુદ્‌બ્હેન વિદ્યમાન છે ને સરસ્વતીચંદ્રની છાયામાં છે એટલા જ સમાચાર હતા. આજની ટપાલમાં અને આજ આવેલાં આપણાં માણસોથી ઘણી વીગત એકઠી થઈ હાથ લાગી છે. બુદ્ધિધનભાઈના ઘરમાં જે નવીનચંદ્ર હતા તે જ આજ સુન્દરગિરિ ઉપર છે. છ સાત દિવસ ઉપર વિહારપુરી જોડે એ સુરગ્રામ ગયા હતા અને ત્યાંના મ્હેતાજીને પોતાનું નામ નવીનચંદ્ર કહ્યું અને બુદ્ધિધનભાઈના ઘરમાં પોતે હતા તે પોતે જ મ્હેતાજીને કહ્યું. વર્તમાનપત્રોમાં શોધાતા સરસ્વતીચંદ્ર તે પોતે જ કે નહી એવો મ્હેતાજીનો પ્રશ્ન તેમણે ઉડાવ્યો. તેઓ ઇંગ્રેજી અને સંસ્કૃતમાં વિદ્વાન્ છે ને વિષ્ણુદાસજીએ પોતાની પાછળ તેમને યદુશૃંગના મહન્ત કરવા ધાર્યા છે ને તેને માટે સિદ્ધ કરવા ચિરંજીવશૃંગ ઉપર સાધુઓ જોડે મોકલ્યા છે.

"બુદ્ધિધનભાઈના ઘરમાં તેઓ કેવી રીતે રહ્યા તેની હકીકત સુવર્ણપુર ગયલા આપણા દૂતે મોકલી છે તે આ પત્રમાંથી જડશે. કુમુદ્‌બ્હેન અને તેમની બાબતમાં સુવર્ણપુરમાં લોકાપવાદ પ્રમાદધનભાઈએ અને કૃષ્ણકલિકાએ જ ચલાવ્યો હતો તે ત્યાં કોઈ માનતું નથી, અને બુદ્ધિધનભાઈ પોતાના દ્રવ્યની વ્યવસ્થા એવી રીતે કરવાના છે કે તેમાંથી એક અંશ એમના બાળક પુત્રને માટે રહે, એક અંશની ઉપજ સુવર્ણપુરમાં સંન્યાસીઓના અન્નસત્રમાં જાય અને તેમાંથી પોતાની ભિક્ષા તથા પરિવ્રજ્યાના ખરચનો નિર્વાહ થાય, બાકીનો એક અંશ અલકકિશોરીને મળે, અને બાકીનો એક અંશ પ્રમાદધનભાઈ જીવતા નીકળે તો તેમને મળે ને ન નીકળે તો તેમનો અંશ અને બાકીનો એક બીજો અંશ કુમુદ્‌બ્હેન જીવતાં નીકળે તો તે તેમને મળે. કુમુદ્‌બ્હેન જીવતાં ન નીકળે તો એમના અને પ્રમાદભાઈના અંશની વ્યવસ્થા કંઈ ધર્મમાર્ગે કરવાની આપને સોંપવાની છે. તેમને સંન્યાસ લેવામાં માત્ર મહારાણા ભૂપસિંહે તેમને દીધેલા સોગન નડે છે.

" કુમુદ્‌બ્હેનના રથમાંથી એક પોટકું ગુણસુંદરીબાની પાસે આવેલું છે તે મ્હારે જાતે જોવું બાકી છે. તેમાં તેમની પોતાની લખેલી કવિતાઓ કહેવાય છે પણ કોઈનું નામ તેમાં નથી. સુભદ્રાના મુખ આગળ માતાના પેટ આગળથી તેમનું, કે બીજી કોઈ એમના જ વયની અબળાનું, શરીર ચંદ્રાવલીને હાથ આવ્યું જણાય છે ને એ સાધ્વીએ તેનું નામ મધુરી પાડ્યું છે. મધુરી સુંદરગિરિ ઉપર ત્રણ ચાર દિવસથી પરિવ્રાજિકામઠમાં છે, તેમના શરીર ઉપર માતાની ચુંદડી છે પણ આપના જેવાની પુત્રીને યોગ્ય

અલંકાર પણ તેમણે અંગે રાખેલા છે. હાલમાં ચિરંજીવશૃંગ ઉપર વસન્ત-ગુફામાં તેમને લેઈ કેટલીક સાધ્વીઓ રૂહેવા ગઈ છે ને સાધુઓ સાથે તેની જોડની સૌમનસ્યગુફામાં નવીનચંદ્ર છે.

"મધુરીનો વિવાહ નવીનચંદ્ર સાથે થયલો હતો અને તેમના લગ્ન પ્હેલાં નવીનચંદ્ર ગૃહ છોડી નીકળી ગયલા હતા, અને તે પછી મધુરીનું લગ્ન બીજા પુરુષ સાથે થયું, પુરુષે મધુરીને બહુ દુઃખ દીધું ને મધુરીએ સુ-ભદ્રામાં જળશયન કર્યું અને સંસાર ઉપર કંટાળી બીજી વાર બેટની માતાની બેલી પાસે સમુદ્રમાં પણ શરીરનો ભોગ આપવા પ્રયત્ન કરતાં સાધુસ્ત્રીઓએ તેમને બચાવ્યાં. હવે માતાપિતાને ઘેર જઈ તેમનાં અને સ્વામીની પાસે જઈ તેનાં દુઃખનું સાધન ન થવું એવા વિચારથી અને નવીનચંદ્રનું દુઃખ જોઈ ન શકાયાથી આમ કર્યું કહેવાય છે. સાધુજનોએ આ દુઃખમાંથી તેમને ઉદ્ધારવાને માટે પોતાને અશક્ત સમજી છેલી પળે તેમને બોધ અને આ-શ્વાસન આપવા માટે નવીનચંદ્રનો સમાગમ કરાવેલો છે. તેમની પાસેથી પોતાના સ્વામીના મૃત્યુના સમાચાર એમણે ગઈ કાલ જાણ્યા અને તે પછી સાધ્વીનો ભેખ ધર્યો છે. પરિવ્રાજિકામઠમાં કે ચંદ્રાવલી પાસે રહી સત્સમાગમમાં અને પરમાત્માના ચિન્તનમાં બાકીનું આયુષ્ય ગાળવું એવો તેમનો વિચાર સાધ્વીઓમાં સંભળાયો છે.

"તેમના સ્વામીના મૃત્યુના સમાચાર નવીનચંદ્રે તેમને કહ્યા. સુરગ્રામનાં વર્ત્તમાનપત્રોમાં પ્રમાદભાઈના સમાચાર નવીનચંદ્રે વાંચેલા જ હોવા જોઈએ. આ અને બીજી બધી વાતો ઉપરથી પણ સ્પષ્ટ છે કે નવીનચંદ્ર તે સરસ્વતીચંદ્ર અને મધુરી તે કુમુદબ્હેન જ. હવે આજ ચંદ્રકાંતભાઈ કોને મળે છે ને શા સમાચાર કહાવે છે તેટલી, સોળે આના નિશ્ચય થવાને, વાર છે.

"બ્હેતાજી અને શંકાપુરી નામના સાધુથી તેમ બીજાઓથી આ સમાચાર મળેલા છે. શંકાપુરી યદુશૃંગઉપર ગયેલો કોઈ નવો સાધુ છે તે તો આ બેની ગમે તેવી વાતો કરે છે, પણ તે જાતે જ શુદ્ધ નથી અને હાલ વિષ્ણુદાસજી યોગસ્થ છે તે તેમાંથી જાગશે એટલે આ સાધુનો મઠમાંથી બહિષ્કાર કરશે એવું સર્વ સાધુઓ બોલે છે. એણે મધુરી ઉપર કુદૃષ્ટિ કરી કહેવાય છે ને સાધ્વીઓએ મધુરીનું રક્ષણ કરેલું છે. આવા દુષ્ટ મનુષ્યની કરેલી વાતોમાં વિશ્વાસ રજ કરવા જેવો નથી અને આપણાં મનુષ્યોને એવી શંકા છે કે એ વેશધારી સાધુ હીરાલાલનો કોઈ બાતમી-દાર છે. તે સઉ જોવાશે, પણ એટલું સત્ય છે કે સર્વ સાધુજનો અને

સાધ્વીજનો નવીનચંદ્રને પૂજ્ય ગણેછે ને મધુરીને દુઃખી પણ અતિ પવિત્ર માને છે. તેમના આવા વિષયમાં નિર્ણય ક્વચિત જ ભુલ ભરેલા હોય છે અને કુતરાઓ શીકારને સુંઘી કૂહાડે તેવી જ ત્વરાથી વિષ્ણુદાસજીના સાધુજનો અપવિત્ર માણસને સુંઘી કૂહાડે છે.

"પ્રધાનજી, આપ જેવાનાં નેત્રમાં દીનતા આજ જ દેખું છું!"

વિદ્યા૦—સરદાર! પુત્રી જીવતી છે એટલું જ નહી પણ આવા સાધુજનો પણ તેની પવિત્રતાને અભિનન્દે છે એ જાણી ઈશ્વરનો ઉપકાર મ્હારા હૃદયમાં ઉભરાય છે ને આ દીનતાને આણે છે. બીજી પાસથી આવી પુત્રીને મ્હારા ઘરમાં સુખની આશા નથી ને સાધુનો ભેખ અને ભિક્ષાનું અન્ન તે પ્રિય ગણે છે અને તેમ કરવાનો તેને વારો આવે છે તે માત્ર આપણા લોકના સંસારની વ્યવસ્થાને લીધે જ છે એ પ્રત્યક્ષ કરું છું ત્યારે કુમુદના અને આપણા દેશના વિચાર મ્હારા હૃદયને દીન કરી મુકે છે. એ પુત્રીનું સુખ મ્હારા હાથમાં છે, છતાં હું તેને તે આપી શકતો નથી તે માત્ર આપણા સંસારની માનુષી વ્યવસ્થાને લીધે!—એ અશક્તિ ઈશ્વરે નથી આપી. ઈશ્વરની કળાને લીધે મનુષ્યને માથે અનેક અનિવાર્ય દુઃખનાં વાદળ ફરે છે તેમાં આપણા લોકે હાથે કરીને આ વ્યવસ્થાને ધુમાડાની પેઠે ફેલાવી છે.

સર૦—વડીલની સૂચના આપ સ્વીકારશો તો દંડી અને દુર્ગ એમાં પગ રૂંધેશે.

વિદ્યા૦—એવા ચોરિઠાવિવાહનું, મ્હારી કુમુદ કે સરસ્વતીચંદ્ર એમાંથી કોઈ અભિનન્દન નહી કરે. તેમનાં હૃદય એટલાથી તૃપ્ત થાય એમ હત તો સરસ્વતીચંદ્ર અને કુમુદને ભગવી કન્થાઓ અને ભિક્ષાનાં અન્ન પ્રિય લાગત નહી. એવી ચોરી કરતાં તેમને આ સ્થિતિ વધારે પવિત્ર અને ઉત્કૃષ્ટ લાગી ન હત તો એમને હું પામર ગણત અને તેમને માટે શોક ન કરત ને વડીલનું વચન પાળવું જ ઉત્તમ ગણત.

સર૦—વડીલનું વચન હૃદયનું છે, કુમુદબ્હેન ઉપરની તેમની પ્રીતિનું છે, અને મર્મનું નથી એવું હું માનું છું.

વિદ્યા૦—હું પણ એમ જ માનું છું. એમની પ્રીતિ બાળકને સુખી જોવાને ઇચ્છે છે ને લોકના વ્યવહારશાસ્ત્રને જાળવી તેને જ તોડવાનો માર્ગ શોધે છે. મ્હારામાં એ જાળવવાની વૃત્તિ નથી, તોડવાની શક્તિ છે, અને સંતાનનાં સુખ લોકમાં અનિન્દિત ગણાય એવું જોવા ઇચ્છું છું. આ ઇચ્છા વ્યર્થ છે ને તે સફળ થાવ કે નિષ્ફળ થાવ તેની પરવા

કર્યા વિના મ્હારે મ્હારી શક્તિ અને વૃત્તિ પ્રમાણે વર્ત્તવું પડશે—મને મ્હારો ધર્મ એવો લાગે છે. આવી મ્હોટી વાતમાં મ્હારે મામાજીથી જુદો મત રાખી તેમને કુપથ્ય લાગતે માર્ગે પ્રવર્ત્તવું પડશે, અને વડીલની ઇચ્છામાં એ વાત સાચવવી ઠીક લાગીછે તેને સ્થાને એક વાત સાચવી બીજીને પડતી મુકવી પડશે. એક પાસ આ કાર્યથી વડીલોનાં મનને આમ કલેશ થાય અને બીજી પાસ એ કાર્ય ન કર્યાથી પુત્રી પ્રતિ મ્હારો માનેલો ધર્મ તુટે છે—એ વિચાર મને ગુંચવારામાં નાંખે છે ને દીન બનાવી મુકે છે.

સર૦—સુધારાના વમળમાં એવી અવસ્થાઓ વશે કે કવશે સર્વને અનુભવવી પડશે.

વિદ્યા૦—એ વમળનાં ખેંચાણ સહીને પણ ધારેલું કાર્ય ધર્મ ગણું છું માટે તે કર્યા વિના છુટકો નથી.

સર૦—પુત્રીને સાધુના ભેખમાં જોઈ આપને આમ થાય તે સ્વાભાવિક છે.

વિદ્યા૦—છતાં મહારાજના ધર્મભવનની આજ્ઞાઓ જેવી તીવ્ર છે તેવી જ અનિવાર્ય છે. હીરાલાલે ધારેલો પુરાવો તે રજુ કરશે તો કુમુદની પ્રતિષ્ઠાને ચીથરે હાલ થતી જોવાનું ભય મને કંઈક કમ્પાવે છે. ન્યાયાસનનો વેગ સામાન્ય મનુષ્યો અનુભવતાં તે આજ મ્હારે અનુભવવો પડશે.

સર૦—એ અનુભવથી આપને બ્હીવાનું કાંઈ કારણ નથી.

વિદ્યા૦—કારણ તો નીવડ્યે જણાય. બાકી જે ધૈર્ય અને સહનશીલતા ન્યાયાસન પાસેના પક્ષકારોમાં હું ઇચ્છતો હતો તે રાખતાં કેટલો પ્રયાસ અને કલેશ પડે છે તેનો આજ મને જાત-અનુભવ પ્રથમ થાય છે.

સર૦—આપ જેવાને કલેશના અનુભવ થાય તેમાંથી પણ આપ જગતને કલ્યાણકારક દૃષ્ટાંત બતાવી શકશો.

વિદ્યા૦—આ અનુભવથી દુષ્ટ લોકની પણ હું દયા રાખતાં શીખીશ. આવા આવા ગુંચવારામાંથી મુક્ત થવાની શક્તિ ન મળતાં અને માર્ગ ન સમજતાં સામાન્ય બુદ્ધિનાં મનુષ્યો દુષ્ટ માર્ગમાં પ્રવૃત્ત થવાની લાલચને નિવારી નહી શકતાં હોય ને દુષ્ટ થતાં હશે.

સર૦—એમ જ.

વિદ્યા૦—મહારી જ કજેતી થશે ને જે તમાશા લોકને જોવાનો રસ પડશે તેને માટે હું હવે સજ્જ છું. બોલો, સરદારસિંહ! નિર્ભય થઈને

તમારો ધર્મ કરજો ને રાજસેવામાં ને લોકસેવામાં પ્રવર્ત્તતાં કોઈ જાતનું ભય કે પક્ષપાત ન રાખશો. ભીમભવનની દૃષ્ટિમાં તમે વજ્ર જેવા લાગો એવું કરજો.

સ૨૦—આપનાં બાળકની પવિત્રતા એવી છે કે અમારા દેહ અતિક્રોમળ હોય તો પણ ગદ્દાનું ભય રૂહે એમ નથી.

વિદ્યા૦—જે હો તે હો. એ ગદ્દાની શક્તિમાં ન્યૂનતા આવે એવું કંઈ કરવું નહી.

સ૨૦—યથાર્થ બોલો છો તે થશે. રત્નનગરીના મહારાજ અને અધિકારીઓ એવું જ ઇચ્છે છે.

વિદ્યા૦—હવે શી નવાજુની છે અને શું કરવા ધારેલું છે તેની યોજનાઓ કહો.

સ૨૦—હાજી. એજન્સીમાં ધૂર્તલાલના પ્રતિનિધિરૂપે હીરાલાલે એવી અરજી કરેલી છે કે અર્થદાસના અપરાધનો ન્યાય અંગ્રેજી ન્યાયાસન પાસે થવો જોઈએ. તેના કારણમાં તેણે એવું બતાવેલું છે કે કુમુદબ્હેન અને સરસ્વતીચંદ્રનો પ્રસંગ બુદ્ધિધનભાઈના ઘરમાં પડેલો તે આપના અને બુદ્ધિધનભાઈના જાણવામાં આવવા પછી અર્થદાસે કે બ્હારવટીઆઓએ સરસ્વતીચંદ્રનું ખુન આપ એમાંથી કોઈના તરફની સૂચનાથી કરેલું હોવું જોઈએ, અને આપના રાજ્યમાં આ તપાસ ચાલે તો તે વાતનો શુદ્ધ નિષ્પક્ષપાત નિર્ણય થઈ શકે એમ નથી. આ કારણને લીધે અર્થદાસનું ન્યાયાન્વેષણ આપણી પાસે ન ચલવવું અને બ્હારવટીયાઓનું સુવર્ણપુરમાં ન ચલવવું પણ એ સર્વેનું શોધન ઈંગ્રેજી અધિકારી પાસે ચલવવું એવી સૂચના એજન્સીમાંથી આપણા ઉપર અને સુવર્ણપુરના રાજ્ય ઉપર ગઈ છે ને બુદ્ધિધનભાઈએ આ વિષયમાં ઉત્તર આપતા પહેલાં આપનો અભિપ્રાય મંગાવ્યો છે. પ્રથમ પ્રશ્ન માત્ર કોની હદમાં કામ ચલાવવું એવો હતો તેને સ્થાને આ વધારે મ્હોટો પ્રશ્ન હવે ઉભો થયો છે.

વિદ્યા૦—આવી તપાસ ત્યાં થાય તો કામના રૂપના સંભવાસંભવ તમને કેવા લાગે છે ?

સ૨૦—સરસ્વતીચંદ્રનું એક પોટકું બ્હારવટીયાના હાથમાં ગયલું તેમાં કુમુદબ્હેનના હાથની એક પત્રિકા છે તેમાં એમના હાથની કવિતા છે તે આપણે સરકારી અધિકારી પાસે રજુ કરવું કે ન કરવું તે એક પ્રશ્ન છે.

વિદ્યા૦—તેની પાસે કામ ચલવવું જ પ્રાપ્ત થાય તો તે રજુ કરવું એ

આપણો ધર્મ છે. આપણે સામાન્ય મનુષ્યો પેઠે આવી વાતો ન્યાયાસનથી ગુપ્ત રાખવાનું કામ નહી કરીયે.

સર૦—એ પેાટકું રજુ કરીયે ને પત્રિકા આપણી પાસે રાખીયે તેા કાંઈ બાધ છે ? પરરાજ્યને આવા વિષયમાં આવી રીતે સાહાય્ય આપવાને આપણે ક્રીયા ધર્મથી બંધાઈએ છીયે ?

વિદ્યા૦—ચક્રવર્ત્તિભવનના ધર્મથી. સરદારસિંહ, એ પત્રિકામાં શું લખેલું છે ?

સર૦—કવિતા કઠણ છે ને જેવેા અર્થ લેઈએ તેવેા લેવાય એમ છે. આપને જોવી હોય તેા આ રહી.

પત્રિકા લેતેા લેતેા વિદ્યાચતુર બેાલ્યેાઃ "જે હેા તે હેા—જે થાવ તે થાવ: પ્રતિષ્ઠા જન્ન તેા જન્ય. સરદાર, આ પત્રિકા રજુ તેા કરવી જ. કાંઈ ગુપ્ત ન રાખવું. વિદ્યાચતુર ન્યાયને પ્રિયતમ ગણે છે ને તેને માટે સર્વ વસ્તુનેા ભેાગ આપવા તત્પર છે."

સર૦—આપ વાંચેા તેા ખરા.

વિદ્યાચતુર વાંચવા લાગ્યેા.

" અવનિ પરથી નભ ચ્હડ્યું વારિ પડે જ પાછું ત્યાં ને ત્યાં !"[1] વગેરે પંક્તિઓ આ પત્રિકામાં કુમુદના સુન્દર હસ્તાક્ષરથી સ્પષ્ટ લખેલી હતી. તે વાંચી રહી એ પત્રિકા હૃદય સાથે ચાંપી વિદ્યાચતુર આનંદગર્વથી બેાલ્યેા.

" સરદાર ! આપણી પવિત્ર કુમુદની આ પવિત્ર કવિતા અવશ્ય ઈંગ્રેજી ન્યાયાસન પાસે આપણે મુકીશું અને અગત્ય પડશે તેા હું તેનેા અર્થ સમજાવવાને જાતે ન્યાયાસન પાસે સાક્ષી થઈશ ! સરસ્વતીચંદ્રે ધુરન્ધરભાઈનું ગૃહ કેવી પવિત્ર કુમુદની કેવી પવિત્ર-વાસનાની સૂચનાને બળે છેાડ્યું તે આથી સ્પષ્ટ સમજાશે ! "

સર૦—સત્ય છે. પણ એક વાર ખેાટા આરેાપ મુકનારને મુખેથી સર્વ દુષ્ટ આરેાપ સાંભળવા પડે અને તે પછી તેના ઉત્તરમાં આ કામ લાગે. મ્હેં ધાર્યું છે કે સરસ્વતીચંદ્ર આયુષ્માન્ છે એટલું આપણે સંપૂર્ણ રીતે પ્રથમ સિદ્ધ કરી આપવું, અને તે આપણા જ રાજ્યમાં કરી આપવું—એટલે પછી એમના ખુનનેા કે આપણા કે ઈંગ્રેજી ન્યાયાસનનેા પ્રશ્ન નહી રહે, અને કુમુદબ્હેનનું આમ કે તેમ નામ સરખું દેવાનેા પ્રસંગ ઉભેા નહી

---

૧ પ્રથમ ભાગ પ્રકરણ ૧૯ પૃષ્ઠ ૬૬૭—૬૭૧.

રહે, અને તે પછી કુમુદબ્હેનના વિષયમાં વડીલની સૂચના સ્વીકારવી કે આપની કલ્પના સિદ્ધ કરવી કે અન્ય માર્ગ લેવો તેને માટે વિચાર કરવાને અને યથેચ્છ વર્તવાને પુષ્કળ અવકાશ રહેશે.

વિદ્યા૦— ને તેમ થાય તો સર્વ વાંધા દૂર જાય ખરા. તમે તેમ કેવી રીતે કરવા ધારો છો ?

સર૦—"નવીનચંદ્ર સરસ્વતીચંદ્ર જ નીવડે તો તેમણે અર્થદાસના આયુષ્યના રક્ષણને માટે અને કુમુદબ્હેનની પ્રતિષ્ઠાને માટે પોતાનું નામ અને શરીર પ્રસિદ્ધ કરવું પડશે એવું તેમને કહેવાને મ્હેં ચંદ્રકાંતભાઈને કહેલું છે ને તેમણે તે કહેવા સ્વીકાર્યું છે. તે પછી આપણે વચ્ચે પડવું ન પડે એવો માર્ગ છે. ચદ્રુશૃંગના સાધુજનોનો પ્રથમ ન્યાય કરવાનો આપણે હાથમાં રાખેલો નથી, પણ એક આપણો અધિકારી ચદ્રુશૃંગના મહન્તની સાથે બેસે અને સાધુજનનો ન્યાય એ બે જણ મળી કરે અને તે પછી આપની પાસે તે વિષયનો શુદ્ધતર ન્યાય—અપીલ—થાય એવી વ્યવસ્થા નાગરાજ મહારાજના સમયથી આપણે સ્વીકારી છે ને ધ્રુવ સાહેબની તેમાં સંમતિ છે. કોઈપણ સાધુજનને આજ્ઞા કરી આ વિના બીજા ન્યાયાસન પાસે કોઈ પણ પ્રસંગે કે પ્રકારે મોકલવાનો અધિકાર આપણે આપણા હાથમાં રાખેલો નથી. આ બે ન્યાયાસન પાસે જેનો પ્રાથમિક ન્યાય—'પ્રાઈમા-ફેસી કેસ'—થાય તેને તે પછી જ આપણે સરકારને સોંપી શકીયે છીયે. નવીનચંદ્ર પણ ચદ્રુશૃંગના સાધુજન છે અને આ વ્યવસ્થા તોડી તેમને સરકારમાં મોકલી શકીયે તેમ નથી, ને એન્ટરસીમાં આ કારણ વિદિત થશે એટલે તેમણે પણ એ જ માર્ગે ઉતર્યા વિના છુટકો નથી.

"નવીનચંદ્ર ઉપર કાંઈ આરોપ નથી. તેમનું તો માત્ર અસ્તિત્વ જ સિદ્ધ કરવાનું છે. વિષ્ણુદાસજી અને શંકરશર્મા સાથે બેસી એમના અસ્તિત્વનો અને તે સંબંધી સર્વ વાતનો નિર્ણય કરશે તો બીજી કાંઈ કથા કે કુથલી રહેવાની નથી. એ જ સરસ્વતીચંદ્ર છે, અને સાધુ થયા છે, એટલી વાતથી કુમુદબ્હેનનું નામ દીધા વિના એમની પ્રતિષ્ઠાનું રક્ષણ છે. માટે આ વિના બીજું કાંઈ કરવાનું નથી. અર્થદાસ અને બ્હારવટીયાઓ સરસ્વતીચંદ્રના કે નવીનચંદ્રના ખુનના અપરાધી નથી એટલું સિદ્ધ કરવા આટલું બસ છે. અર્થદાસ પાસે આવેલી મહામૂલ્યવાળી મુદ્રાનો યોગ સરસ્વતીચંદ્ર વિના બીજાના નામથી મનાવો જેવો કહેણ છે તેવો જ સરસ્વતીચંદ્ર અને નવીનચંદ્ર એક જ પુરુષ છે તેટલું સિદ્ધ થયાથી એ યોગ માનવાનાં કારણમાં કાંઈ ન્યૂનતા નહી રહે.

"આપ આ વિષયમાં પ્રસિદ્ધ આજ્ઞાપત્ર કઢાડો તેની સાથે જ સરસ્વતીચંદ્રનાં માતાપિતા અને દેશીપરદેશી પ્રતિષ્ઠિત મિત્રો એમનું અભિજ્ઞાન સિદ્ધ કરી સાક્ષી થવા સુંદરગિરિ ઉપર આવવા મુંબાઈથી નીકળી પડે એવી યોજના કરી રાખી છે. આપ તેમનું આતિથેય કરજો અને એવાં પ્રતિષ્ઠિત મનુષ્યો એક વાર સરસ્વતીચંદ્રને ઓળખી કઢાડી તે વિષયે પ્રતિજ્ઞાપૂર્વક આંપણા આવા ન્યાયાસન પાસે ઉદ્ગાર કરશે તે પછી સરકારી અધિકારીઓને અને હીરાલાલ કે ધૂર્તલાલને ઓલંવાનો અક્ષર પણ નહી રહે અને સરકારને આટલાથી સંતોષ ન વળે તો આ સર્વ ગૃહસ્થોને ભલે મુંબાઈની કોર્ટોમાં જ બીજીવાર પ્રતિજ્ઞા આપી પુછી લે.

"સુવર્ણપુર અને રત્નનગરી ઉપરથી તેમ કુમુદબ્હેન ઉપરથી સર્વ વાદળાં આટલા સ્હેલા પ્રયોગથી ખસી જશે, અને આપના ગૃહસંસારની વ્યવસ્થા તે પછી આપને યોગ્ય લાગે તે માર્ગે ઉતારજો."

સરદારસિંહ બોલી રહ્યો. થોડી વાર વિચારમાં પડી અંતે વિદ્યાચતુર બોલ્યો.

"સરદારસિંહ ! તમે ઘણી દૂર અને સૂક્ષ્મ દૃષ્ટિ વાપરી આ યોજના કરી કઢાડી છે, રાજ્યને અને અન્ય સર્વને તે હિતકારક છે અને ચક્રવર્ત્તીભવનમાં પણ એ જ અનુકૂળ પડશે. તમે મહારાજને તે વિસ્તારથી સમજાવજો. મને તો હવે તમારે માત્ર એટલું જ કહેવાનું બાકી છે કે મ્હારું કુટુંબ તમને આ ન્યાયકાર્યમાં શી રીતે સાહાય્ય આપી શકે એમ છે અથવા મ્હારા કુટુમ્બની પોતાની વ્યવસ્થાને માટે મ્હારા સ્વમિત્રરૂપે તમે મને શી સૂચના કરો છો ?"

સર૦—એ તો ટુંકી વાર્તા છે. ગુણસુંદરીબાને અને સુન્દરબાને વડીલની સાથે આપે સુન્દરગિરિ ઉપર મોકલવાં. કુસુમબ્હેને પણ સાથે જવું. તેઓ સર્વ પોતાની મનોવૃત્તિઓ પ્રમાણે ત્યાં જઈ પ્રયોગ કરશે, અને વડીલ સાથે હશે એટલે લોકમાં વાંધો પડે એવું કામ અથવા સાહસ નહી થાય તેમ કોઈ શીઘ્રકાર્યનો પ્રસંગ ચુકી જવાય એવું પણ નહી થાય. આપના મનનો સંકેત ચંદ્રકાંતભાઈને પત્રદ્વારા લખી જણાવજો ને તેને અનુસરી સરસ્વતીચંદ્ર જોડે વાત કરવાની સૂચના લખજો. મિસ્ ફ્લોરાને પણ જુદાં મોકલજો ને તેમને આપની મનોવૃત્તિ જણાવી ગુપ્ત રાખવા કહેજો, ને પ્રસંગ પ્રમાણે ગુણસુંદરીબા સાથે અને કુમુદબ્હેન તથા કુસુમબ્હેન સાથે તેમ ચંદ્રકાંત સાથે ખુલાસો

રાખવાનું અને વાત કરવાનું સૂચવજો. આટલી વ્યવસ્થા તરત થશે। તો પછી આપે ત્યાં આવવાની કે જનતે બીજી ચિંતા કરવાની કાંઈ અગત્ય નથી. આપ જેવા સુજ્ઞ અને પવિત્ર છો તેવી જ આપની પાસે પવિત્ર, સુજ્ઞ અને ચતુર પરિવારની સંપત્તિ છે માટે સુસ્થ રહી શકો એવું ભાગ્યપણ આપને અનુસરે છે અને અનુસરશે."

વિદ્યા૦—તમારી બુદ્ધિ બહુ ઉપયોગી અને ક્ષેમકારક માર્ગ ઘણી ત્વરાથી જોઈ શકે છે. તમે પણ રત્નનગરીનું રત્ન જ છો.

સર૦—મહારાજની અને આપની સાત્વિક દૃષ્ટિ અને પ્રીતિ છે તો આપના સર્વ અધિકારીઓ આપ મહારત્નોની આશપાશ રત્નકણિકાઓ પેઠે રૂહેવા યોગ્ય થવાનો પ્રયત્ન કરે છે. આપનો વધારે અવકાશ રોકવા જેવું હવે કાંઈ કામ બાકી જણાતું નથી.

વિદ્યા૦— ના. તમે નીરાંતે હવે જાવ અને સ્વકાર્યમાં યોગ્ય લાગે તે કરો.

સરદારસિંહ ગયો.

પ્રકરણ ૪૨

મિત્રના મર્મપ્રહાર.

सुहृदर्थमीहितमजिह्मधियां
प्रकृतेर्विराजति विरुद्धमपि ॥ माघ.



જ્યાલીની વાણીને જાગૃત યોગમાં પ્રત્યક્ષ કરી સરસ્વતીચંદ્ર અને કુમુદ સૌમનસ્યગુફાના વર્ણવેલા ઓટલા ઉપર કેટલીક ઘડીઓ સુધી આનંદયોગની નિદ્રામાં હાલ્યા ચાલ્યા વિના બેસી રહ્યાં. અન્તે પાછલી રાત્રે કુમુદ જાગી એ બંડના વચલા ભાગમાં જતે સુઈ ગઈ અને સરસ્વતીચંદ્ર ઓટલા ઉપર પોતાના હાથનું ઉશીકું કરી સુઈ ગયો. પ્રાતઃકાળમાં વહેલી ઉઠી કુમુદ સરસ્વતીચંદ્રની પાસે ઉભી રહી તેને જગાડવા ઇચ્છતી કૂંઢવા લાગી.

" સરસ્વતીચંદ્ર, પ્રાતઃકાળ થયો, ઉઠો. "

એ ન જ ઉઠ્યો. કુમુદે તેને કપાળે હાથ મુક્યો ને મુખેથી બોલી ઉઠાડવા જાય છે તે પહેલાં હાથના સ્પર્શથી પુરુષ જાગી ઉઠ્યો તેની સાથે કુમુદે હાથ લેઈ લીધો.

"મને સ્વપ્નમાં મ્હારી જનની દેખાઈ. મ્હારે કપાળે હાથ મુકી કંઈ કહેવા જતી હતી એટલામાં હું જાગ્યો."

કુમુદ કંઈ સ્મિત કરતી કરતી બોલી: "આપની સાથે આપનાં જનનીના પણ કંઈક ધર્મ કેટલાક વિષયમાં મ્હારે પાળવા, અને આપને જનનીની ભેાટ પડેલી મને દેખાઈ છે તે મ્હારે પુરવી, એવેા અભિલાષ કાલ રાત્રે જ મને થયેા હતેા. આપને કપાળે મ્હેં મુકેલા મ્હારા હાથને આપે આપનાં જનનીનેા હાથ સ્વપ્નમાં જાણ્યેા તે મ્હારા અભિલાષને બહુ શુભ શકુન થયા. હવે ચંદ્રકાંતભાઈની પાસે વસી આપને આપનું—આપણું—કુટુંબ બહુવા સાંભરવાનું."

સર૦—એથી કુટુંબ ગમે તેા વધારે સાંભરશે ને ગમે તેા તે જેટલું સાંભરે છે તે સર્વ ભુલાશે. મને લાગે છે કે આન્હિક કરી લેઈ હું તેના સામેા જઉં.

કુમુદ૦— અવશ્ય પધારેા.

સરસ્વતીચંદ્ર બેાલવા જાય છે એટલામાં બ્હાર કંઈ સ્વર સંભળાયેા અને એટલા બ્હાર દૃષ્ટિ કરી જુવે છે તેા ગુફાઓની વચ્ચેના ઝરાઓની પાળેા પર થઈને બે ત્રણ સાધુઓની વચમાં ચાલતેા ચંદ્રકાંત આવતેા દૃષ્ટિએ પડ્યેા.

"કુમુદસુંદરી! ચંદ્રકાંત આવે!" સરસ્વતીચંદ્રે આનન્દનેા ઉદ્ગાર કર્યો.

"આપ મેાડા થયા ને એમની પ્રીતિએ એમના પગને ઉતાવળા ઉપાડ્યા. આજ્ઞા હેાય તેા હું હવે સાધ્વીઓમાં જઈને બેસું ને આપ તરત એમના સામા જાવ. મ્હારું નામ બધાનાં દેખતાં દેશેા નહી ને એકાંતમાં તેમને યથેચ્છ કહેજો."

કુમુદ ગઈ ને સરસ્વતીચંદ્ર નીચે ઉતર્યો ત્યાં ગર્જનાઓ થતી હતી—"નન્દકેા નન્દન એક આનન્દ દેત હય!" આ ગર્જનાઓ પેાતાની ગુફામાંથી નીકળતી હતી અને બ્હારથી પ્રત્યુત્તરમાં પણ એવી જ ગર્જનાઓ આવતી હતી. પેાતાની સાથના સાધુઓને લેઈ સરસ્વતીચંદ્ર ગુફાબ્હાર નીકળ્યેા ને ચંદ્રકાંતની સામે વાધ્યેા. બે મિત્રેાના ચરણ વેગથી સામાસામી ધસવા લાગ્યા, બે પાસની વધતી અને પ્રતિધ્વનિ પામતી ગર્જનાઓ વચ્ચે અને સાધુઓ અને ગુફાઓ વચ્ચે મિત્રેાના જીવ માત્ર એક બીજા ઉપર દૃષ્ટિરૂપ જ થઈ ગયા અને ક્રિયા માત્ર ચરણરૂપ જ થઈ ગઈ. જોતા જોતામાં બે જણ પાસે

આવ્યા, પરસ્પર ભેટવા માટે ઉછળી પડ્યા અને સરસ્વતીચંદ્ર એ ભેટ સ્વીકારે ત્યાર પ્હેલાં વીજળીની ત્વરાથી ચંદ્રકાંત સરસ્વતીચંદ્રની કોટે વળગી પડ્યો અને એની આંખોમાંની આંસુની ધારાઓ મિત્રના બભાને ન્હવરાવી અંચળાને ભીનો કરી તેમાંથી ગેરુના નીગાળા ઉતારવા લાગી.

" Is it you, my dearest, whom I see in this plight ? સરસ્વતીચંદ્ર ! સરસ્વતીચંદ્ર ! આ શું ? છેક આમ જ ?" ચંદ્રકાંત તેને ભેટીને ગાજી ઉહ્યો, છુટો પડી સામો ઉભો રહી, બોલ્યા વિના, મુખથી કે કંહથી નહી પણ નેત્રથી, નિર્ભર રોવા લાગ્યો, ને એનું મુખ અતિ રંક થઈ ગયું ને પોતાની સાથેના બાવાને કંહેવા લાગ્યું.

" બાવાજી, આ જ મ્હારો મિત્ર ! આ અંચળાથી ઢંકાયો ન રહ્યો. આ હૃદયથી સંતાયો ન રહ્યો. સરસ્વતીચંદ્ર ! આ શું ?"

સરસ્વતીચંદ્રની આંખોમાં પણ પાણી ભરાયું હતું અને કંઠ ગદ્‌ગદ થઈ ગયો હતો.

" ચંદ્રકાંત, આ સાધુજનોની કૃપાએ મને નવો દેહ આપ્યો છે ને મ્હારા અંતરાત્માને નવો જન્મ અને નવો સંગ આપ્યો છે. તેની વાતો કરવાને ઘણો અવકાશ મળશે. આ સાધુજનો આપણા લોકમાં હરતા ફરતા બાવાઓ જેવા નથી, પણ જે ઋષિલોક આ દેશની સંપત્તિને કાળે વસતા હતા, જે ઉદાર બૌદ્ધો આર્ય દેશના ઉપદેશના મેઘને વર્ષાવવા આ દેશની ચારે પાસના દેશોમાં પરિવ્રજ્યા કરતા હતા, જે લોકના ઉચ્ચગ્રાહ્ય ભવભૂતિ જેવાઓના ગ્રન્થોમાં આપણે પાઠશાળામાં વાંચ્યા હતા—તે મહાત્માઓના વિચાર અને આચારના કલ્યાણ અંશ આ સાધુજનોમાં અખંડ જ્યોતથી હજી દીપ્યમાન છે ! એ સાધુજનોમાં આવી હું પરમ ભાગ્યશાળી થયો છું અને મ્હારા ઉપર જે પ્રીતિ કે શ્રદ્ધા તમારા હૃદયમાં છે તે સર્વને સાકાર કરી આ સાધુજનોનો સત્કાર કરી લે. પછી આપણી વાતોનો અવકાશ એ જ સાધુજનોની કૃપાથી અનેકધા પામીશું."

ચન્દ્રકાંત સાધુજનોના સામો ફરી ઉભો અને પ્રણામ કરી કંહેવા લાગ્યો: "સાધુજનો, આ મિત્રરત્ન ઉપર મ્હારો પક્ષપાત છે ને એનો આપના ઉપર પક્ષપાત છે, માટે એના ઉપરની પ્રીતિથી અને શ્રદ્ધાથી હું ચંદ્રકાંત આપ સર્વને પ્રથમ પ્રણામ કરું છું, અને તે પછી આપનો ઉપકાર માનું છું—કારણ આ મ્હારું અને અનેક સજ્જનોનું રત્ન શોધવાનો

મહારો પ્રયત્ન આપની કૃપાથી સફળ થયો છે. મુંબઈના વિદ્વન્મંડળનું આ રત્ન મુંબાઈમાંથી ખોવાયું તેને આપે આવી પ્રીતિથી અને પ્રયત્નથી જ-ળવી રાખ્યું તેને માટે અનેક હૃદયો આપને માટે ઉપકારથી દ્રવશે !"

રાઘેદાસ આગળ આવી બોલ્યો; "આ રત્નની પ્રાપ્તિથી સાધુજનો પોતાનો ઉત્કર્ષ માને છે અને તમે પણ તમારો ઉત્કર્ષ માનો છો—એ રત્નને પૂર્વાશ્રમમાં તમારા જેવાએ સંસ્કારેલું છે અને અમે તો માત્ર તેના ગ્રાહક થયા છીયે. ચંદ્રકાંતજી, અમે સાધુજનો સંસારની વ્યવસ્થાના ભોમીયા નથી, પણ આપના સન્મિત્ર જેવા સાધુજનો જે સંસારમાંથી આવે છે તે સંસાર પણ ઉત્કૃષ્ટ જ હોવો જોઈએ એવું માની આપનો સત્કાર યથાશક્તિ યથામતિ કરીશું. તે સ્વીકારવાની કૃપા કરજો."

સરસ્વતીચંદ્ર ચંદ્રકાંતનો હાથ લેઈ બોલ્યો; "ચંદ્રકાંત, આ સાધુજન રાઘેદાસે જંગલમાં અંધકારમાં શબવત્ પડ્યો હતો ત્યાંથી આ શરીરને સાચવી આણેલું છે. આ એમની જોડે સાધુદમ્પતીઓના મઠના ઉપરી જ્ઞાનભારતી છે—તેમને મનુષ્યોનાં સ્થૂલ સૂક્ષ્મ રસશાસ્ત્રમાં, દમ્પતી-ઓના ધર્મશાસ્ત્રમાં, અને જ્ઞાનમાં, અતિશય નિપુણતા અને અનુભવ છે. તેમની જોડે આ અમારા સુન્દરદાસજી અનેક પ્રાચીન કલાઓના વેત્તા છે. આ સુરદાસજી ભક્તિરહસ્યના શાસ્ત્રીય જ્ઞાનના ભંડાર છે, અને આ મા-યાપુરી લોકસંગ્રહના શાસ્ત્રની વ્યવસ્થાઓમાં પ્રવીણ છે ને સંગીતકલા પણ સુન્દર જાણે છે. યદુશૃંગનાં આ સર્વ રત્ન છે. My dear Chandrakânta, there is nothing in or among these learned saints that is low or vulgar. The very air they breathe is impregnated with the sweet and solemn fragrance of their holy and ennobling souls. Their mode of living is simple and yet refined, and their minds are cultured, to an extent of which none on our Indian plains has any idea or even a dream. Not you but your heart will love and revere them as you are allowed the rare privilege of living among them, and unhappy and repentant will be the man that thinks of marring the picture of innocence, sweetness, and sanctity of life which thrives on these hills and is ever kept warm by the high and

unheard-of attainments of these modest and simple-looking anchorites."

ચંદ્રકાંત—You may rest assured that my fortnight's residence with that noble lady—your once mother-in-law—whom you have so cruelly wronged, has taught me at least this one thing, *viz.*, not to disturb pictures of peace and innocence such as I found there or may find here as you say. After the hard lesson which your conduct has taught to the world, it scarcely remains for poor Chandrâkanta to follow your tuition in the rare art of making happy people unhappy—that is, the art in which you have excelled as an expert of such superior eminence and unrivalled fame.

સરસ્વતીચંદ્રે ઉત્તર દીધો નહી. માત્ર નીચું જોઈ ચંદ્રકાન્તને આંગળીયે વળગાડી પોતાની ગુફા ભણી ચાલ્યો અને સાધુઓ પાછળ પાછળ ચાલ્યા. આ બે જણની અને સાધુઓની વચ્ચેનું અંતર આમની કે તેમની ઇચ્છાથી વધ્યું તે જોઈ સરસ્વતીચંદ્ર બોલ્યો—ચાલતા ગયા ને વાતો કરતા ગયા.

"ચંદ્રકાંત, તું સત્ય બોલે તેમાં હું ના કેવી રીતે કહેવાનો હતો? મેં ઘણાક જીવને દુઃખી કર્યા—તહારે પણ અંહી સુધી ધંધો છોડી, ગંગાબાભીને ઘેર એકલાં મુકી, મ્હારે માટે આથડવું પડ્યું."

ચંદ્ર૦— હાસ્તો. સ્વજનને દુઃખી કરી દમવાની આપની કળાની આ તો એક નહાનામાં નહાની ને થોડામાં થોડી ખુબી છે.

સર૦—ગંગાભાભી ખુશીમાં છે?

ચંદ્ર૦—તેમને મળો તો માલમ પડે.

સર૦—તેમને મ્હારે માટે બહુ લાગ્યું હશે.

ચન્દ્ર૦—તે તમે કયાં ગાંડા એવા છો?

સર૦—કહે તો ખરો.

ચંદ્ર૦—એ તો મુવાં હશે કે જીવતાં હશે.

સર૦—શું આમ બોલે છે? તું ઘણું કહેણ બોલનારો છે તે હજી એવો ને એવો રહ્યો.

ચંદ્ર૦—તમે કહેાછેા કે આ સાધુલેાક બેાલવામાં તેમ ચાલવામાં બેમાં મધુર છે. મને મધુર બેાલતાં નથી આવડતું પણ મ્હારી ચાલ હજી સુધી કેાઈને કડવી નથી થઈ પડી. આપ મધુર બેાલવાની કળા જેવી ઉત્તમ રીતે જાણેા છેા તેવી જ કડવી ચાલ કેમ ચાલવી તે પણ જાણેા છેા. આપના જેવી આવી એવડી સમૃદ્ધિ મ્હારી પાસે નથી.—

સર૦—પિતાજી સુખી છે ?

ચન્દ્ર૦—"હેં ! તેમની ચિન્તા પડે છે ? પણ તે તમારે પુછવાનેા હક શેા ?

"સુખી તે તેા તમારે શું ?
"દુઃખી તે તેા તમારે શું ?
"વર્ત્તમાનપત્રેા કેાઈ દિવસ આ સુન્દર દેશમાં વાંચવા મળે છે ?"

સર૦— કેાઈ દિવસ.

ચંદ્ર૦—ત્યારે તેમાં જ વાંચજોને કે આપનાં પરાક્રમનાં વાવેલાં બીજ કેવાં ઉગી નીકળ્યાં છે તે જણાય.

સર૦—મ્હારા હૃદયને જાણનાર ચંદ્રકાંત હસવું આવે એવું બેાલે છે.

ચંદ્ર૦—તમને હસવું આવ્યું ને ન મ્હારેા ક્રોધ કે ન લાગ્યું દુઃખ ત્યારે ગમે તેા તમારું હૃદય જાણવાનું હું ભુલી ગયેા છું, ને ગમે તેા તમારું હૃદય અંહીની સાધુતાના પૌષ્ટિક પવનથી વધારે કઠણ થયું છે તે હતું તેવું નથી ને હું ઓળખી શકતેા નથી. બાકી તમારા વિના બીજાં ઘણાંકનાં હૃદયને તેા હું જાણું છું. કેાના કેાના કાળજામાં કેવી કેવી લાતેા આપના શાણપણે મારી છે તે હું સારી રીતે જાણું છું. ને તમારા પેાતાના હૃદયનું પેાત તેા હવે જેવું પ્રકટેા તે ખરું.

સર૦—તહારું કડુ પણ સત્ય ભાષણ મ્હારાં કર્મના પાપઅંશનું વિષ ઉતારી દે છે ને એ સર્વ સાંભળવાથી હું બહુ તૃપ્ત થાઉં છું. કુમુદસુન્દરીના શબ્દોમાં પણ એવી કડુતા હેાત તેા હું હજી વધારે ભાગ્યશાળી થાત.

ચન્દ્ર૦— ચુપ ! તમારા દુષ્કર્મનેા ભેાગ થઈ નાળમાંથી કપાઈ કેહેાઈ જઈ દુખી મરેલા એ દુઃખી કમળનું નામ તમારી જીભ ઉપર આવવું ઘટતું નથી.

સર૦—ચન્દ્રકાન્ત ! એ પણ સત્ય જ કહ્યું. પણ મ્હારા તહારા ભાગ્યથી એ જીવ જીવે છે ને આ સુન્દરગિરિની સાધ્વીઓયે, એ કમળ કરમાતું હતું તેને સ્થાને, પેાતાની સાધુતાથી એને પાછું પ્રફુલ્લ કરવા માંડ્યું છે.

ચ૦૬૦—શું સ્ત્રીલોકનું એ રત્ન જીવે છે ? સરસ્વતીચંદ્ર ! મને એમનાં પુણ્ય દર્શન તરત કરાવ કે તહારા જેવા ક્રૂર હૃદયવાળા મિત્રનો મિત્ર હોવાને માટે હું તેમની ક્ષમા માગું અને એમનાં માતાપિતાને વધામણી મોકલી તેમનાં નિરાશ અંતઃકરણમાં આશાના વૃક્ષને રોપું.

સર૦—હું તને તેમનું દર્શન અવશ્ય કરાવીશ. તેમની પણ એવી જ ઇચ્છા છે. માત્ર તને સૂચવવાનું એટલું કે એમની સાથે એકાંતમાં વાત કરી એમની અનુમતિ લીધા વિના એમનું કે એમના કુટુંબનું નામ આ સાધુજનોમાં પ્રકટ ન કરવું અને એમના અસ્તિત્વની વાત તો કોઈને પણ એ અનુમતિ વિના કહેવી નહી. એમને સાધુજનો "મધુરીમૈયા"ને નામે ઓળખે છે.

ચંદ્ર૦—અવશ્ય સાધુજનો સુજ્ઞ છે ખરા કે મધુર જીવને આવું મધુર નામ આપે છે, અને હું પણ એવા જીવને સંબંધે કંઈ પણ વાત એમને પુછ્યા વિના નહી કરું. બાકી તમારું નામ પાડવામાં તો સાધુજનો ભુલ્યા છે ને તમને તો મ્હેં જાણી જોઈ વગર પુછ્યે પ્રકટ કરી દીધા છે.

સર૦—મ્હારું નામ મ્હેં પાડ્યું છે— સાધુજનોએ નથી પાડ્યું.

ચંદ્ર૦—લાગે છે. આપની જ ચતુરતા લાગે છે.

સર૦ —આ કન્થા પ્હેરીને હું કેવો દેખાઉંછું તે મ્હેં જાતે જોયું નથી— પણ આ નીચે પાણીમાં પ્રતિબિમ્બ જોઉંછું તેમાં તો તું કહે છે એવું હીન ભાગ્ય નથી દેખાતું.

ચંદ્ર૦—શું કરવા દેખાય ? એ પ્રતિબિમ્બ તો તમારા હૃદયમાં જુવો, અમારા જેવાંનાં અને તમારો પિતોના અને કુમુદસુન્દરીના હૃદયમાં જુવો—પછી કહો કે તમારા આ અંચળાનો રંગ તે તે એ સર્વેનાં હૃદયનાં મર્મસ્થાનને ચીરી તેમાંથી કઢાડેલી લોહીની ધારાઓનો જ રંગ નથી ?

સર૦— કુમુદસુન્દરીએ પોતે પણ આવી જ કન્થા ધારી છે.

ચન્દ્ર૦—તે યોગ્ય જ કર્યું છે—જે ચિતા ઉપર તમે શબ થઈને પડ્યા છો તેના ઉપર એ તમારી જોડે જ જીવતાં બળવા માંડે છે ! સરસ્વતીચંદ્ર ! તમારું હૃદય શાનું ઘડેલું છે ? મને એ દુઃખી જીવની પાસે સત્વર લેઈ જાવ.

ચંદ્રકાન્તની આંખોમાંથી આંસુ બન્ધ કરતાં હતાં ને તેને લ્હોવાની પરવા એણે કરી નહી.

સરસ્વતીચંદ્ર એને લેઈને વસન્તગુફા ભણી ચાલ્યો, અને એક સાધુને આગળ સમાચાર કહેવા મોકલ્યો. ત્યાં જતા સુધી કોઈ બોલ્યું નહી. સર્વ કલાંત ગંભીર બની, સૂર્યને ઢાંકી દેઈ આકાશમાં એકલાં ચાલતાં જળ વગર પણ કાળાં દુકાળનાં વાદળાં પેઠે, ચાલતા હતાં. થોડી વારમાં ગુફાનું દ્વાર આવ્યું. ત્યાં જતાં પ્હેલાં ધીમે રહીને સરસ્વતીચંદ્રે ચંદ્રકાંતના કાનમાં કહ્યું: "સર્વ આપણી વાટ જોઈ સામાં આવે છે; ભુલથી એમનું નામ દેશો નહી. મધુરીમૈયા કહેજ્યો. સહુની વચ્ચોવચ એ ઉભાં છે ને સહુથી જુદાં પડે છે તે ઓળખી કહાડજ્યો."

"બેસો, બેસો, તમે શું કહેતા હતા?" એવું કહેવા જતો જતો ચંદ્રકાંત અટક્યો ને ઉત્તર દીધા વિના સરસ્વતીચંદ્ર ઉપર માત્ર કંડવી દૃષ્ટિ કરી આગળ ચાલવા લાગ્યો.

પળ વારમાં સ્ત્રીમંડળ પ્રત્યક્ષ થઈ પાસે આવ્યું. સાધુઓ પાછળ ખમચ્યા અને ઉભા રહ્યા ને ગર્જ્યા: "નન્દકો નન્દનં એક આનન્દ દેત હય! મધુરીમૈયાકો જય!"

"મધુરીમૈયા" નો જય પોકારાયો સાંભળીને હર્ષથી, અને એની ભગવી કન્થા જોઈ દુઃખથી, ચન્દ્રકાંતનાં આંસુ વધ્યાં. વાલકેશ્વર ઉપર સરસ્વતીચંદ્રના બંગલામાં જોયેલી કુમુદસુન્દરીની મ્હોટી છબી પોતાના સામી જીવતી થઈ ઉભી લાગી ને તેની સુન્દરતા, મધુરતા, અને દીનતાના સંસ્કાર એના હૃદયને, વંટોળીયો વ્હાણના રહડને ઉછાળે તેમ, ઉછાળવા લાગ્યા. સહુ છેક પાસે પાસે આવ્યાં ત્યાં સરસ્વતીચંદ્ર આગળ વધી બોલ્યો:

"મધુરી! આ મ્હારા પરમ મિત્ર ચન્દ્રકાંત!"

કુમુદ૦—ચન્દ્રકાન્તભાઈ, સુખી છો?

ચન્દ્રકાંત રોઈ પડ્યો—તેનાથી ઉત્તર દેવાયો નહી—એ કુમુદસુન્દરીને પગે પડ્યો ને એની પૃથ્વી પર પડેલી પાઘડી સરસ્વતીચંદ્રે ઉચકી લીધી.

"કુ...મુ...મધુરીમૈયા! મ્હારા કઠણ હૃદયના મિત્રના અતિદુષ્ટ અપરાધની ક્ષમા કરજ્યો. એણે તો તે નહી માગી હોય—પણ એને માટે હું ક્ષમા માગું છું! અમે તમારો અસહ્ય અપરાધ કર્યો છે ને પેટમાં ઉતરેલાં વિષ રગેરગમાં ચરવા માંડ્યાં છે!"

પોતાનાં નેત્રનાં આંસુની અવગણના કરી કુમુદસુન્દરીયે ચન્દ્રકાંતના શરીરને ઉંચું કરવા માંડ્યું. અને એના કોમળ હાથમાં તેમ કરવાની અશક્તિ પ્રત્યક્ષ કરતો ચન્દ્રકાંત એને વધારે પ્રયત્ન કરાવવો વિના જાતે જ ઉભો થયો ને પોતાનો રુમાલ આંખે ફેરવી બોલતો બોલતો ઉભો.

" મધુરીમૈયા ! તમે ક્ષમા કરજો ! મ્હારા મિત્રે કરેલો અપરાધ આ ઉપરના આકાશ પેઠે હદ વિનાનો છે અને મીઠા જાણેલા એના હૃદયમાં સાગર જેવી ખારાશ જ ઉંડી ભરાઈ છે અને સર્વ પાસ ઉભરાઈ છે તેને મીઠી કરવા હું કેવળ અશક્ત નીવડ્યો."

આંસુ લ્હોઈ કુમુદસુંદરી બોલી.

" ચંદ્રકાંત ! આપનું આ રત્ન સાધુજનોની સત્પરીક્ષામાં પણ રત્ન જ નીવડ્યું છે ને તેમનાં પુણ્યે તેને નવા સંસ્કાર અને નવા ઓપ આપ્યા છે તે આપ ધીમે ધીમે પ્રત્યક્ષ કરશો. એમના અત્યંત દુઃખી જીવને મહાપ્રયાસે સાધુજનોએ અને મ્હેં લગભગ શાંત કર્યો છે. ને બાકી રહ્યું છે તે આપ કરી શકશો. મ્હારું રંક અનાથ હૃદય એમણે અતિ ઉદારતાથી સ્વસ્થ અને સનાથ કર્યું છે. માટે હવે એ એમના નિર્મળ થયેલા હૃદયસરોવરને ડ્હોળી તેમાંની મહાપ્રયાસે નીચે ગયેલી માટીને પાછી ઉપર આણશો નહી. ઈશ્વરકૃપા છે તો આપ, સાધુજનો, અને હું સર્વ મળી અવકાશે સારું જ પરિણામ આણીશું."

પ્રકરણ ૪૩.

ન્યાયાધિકારીનાં આજ્ઞાપત્ર.



સરસ્વતીચંદ્ર અને ચન્દ્રકાન્તે આખો દિવસ સૌમનસ્ય ગુફાને ઉપલે માળે ગાળ્યો. કુમુદ તેમાં આવતી જતી ભાગ લેતી હતી અને ઘડી બેસી પાછી જતી હતી. કંઈ વાત ગુપ્ત રાખ્યા વિના સરસ્વતીચન્દ્રે પોતાનો અને કુમુદસુન્દરીનો સર્વ ઇતિહાસ ચન્દ્રકાન્તની પાસે અથથી ઇતિ સુધી વિદિત કરી દીધો. ગુપ્ત કથા જેમ જેમ પ્રકટ થતી ગઈ તેમ તેમ ચંદ્રકાન્તે ખેદ, આશ્ચર્ય, આનંદ, અને ગુંચવારાઓને વારા ફરતી અનુભવ્યાં અને પ્રાતઃકાળે દર્શાવેલી મનોવૃત્તિઓને સ્થાને કંઈક અપૂર્વ તરંગોમાં ચ્હડ્યો.

" ત્યારે તમે બે જણે મળી આ સ્થાનમાં આવી સિદ્ધિ પ્રાપ્ત કરી, અને તમે જે કરો અને જગતને તમારે માટે જે માનવા ન માનવા જેવું લાગે તેને માટે ગાળો ખાવાનું મ્હારે માથે નાંખ્યું ! વાહ વાહ ! ભોળાં દેખાતાં કુમુદસુંદરીએ પણ ઠીક જ તાલ રચ્યો ! "

ચંદ્રકાન્ત આ બોલતો હતો તે કાળે કુમુદ વસન્તગુફામાંથી આવી એની પાછળ ઉભી હતી. એના પગનો ધસારો લાગતાં ચંદ્રકાન્તે પાછું જોયું અને ચમકી ઉભો થયો.

"આવો, બેસો," ચંદ્રકાંત બોલ્યો. કુમુદ એક પાસ બેઠી. ચંદ્રકાંત પણ બેઠો.

"ચંદ્રકાંતભાઈ, નીચે કોઈ આવેલા છે ને આપને એને મળવા ઇચ્છેછે." કુમુદે સમાચાર કહ્યા.

"અમને એને!" સરસ્વતીચંદ્ર કંઈ ચમક્યો બોલ્યો.

"હાજી," કુમુદ બોલી. બે જણ ઉતરી નીચે ગયા. ઓટલા ઉપર કુમુદ એકલી તેમને પાછાં આવવાની વાટ જોતી બેઠી. બ્હાર દૃષ્ટિ કરવાની વૃત્તિ થઈ ને અટકી.

સરસ્વતીચંદ્ર અને ચંદ્રકાંત નીચે ગયા તો ભોંયતળીયે સાધુઓ ઉભા હતા ને ગુફા બ્હાર ઉભેલા એક સ્વાર સાથે વાતો કરતા હતા. એ સ્વાર પોતાનો ઘોડો આ ગુફાઓની બ્હારના ભાગમાં એક થાંભલે બાંધી આવ્યો હતો. એને શરીરે, ઈંગ્રેજી પોલીસના સ્વારના જેવો "ડ્રેસ" હતો ને પગે ઘોડાને પાછળથી મારવાની "સ્પર્સ"—એડીયો—વાળાં ઢીંચણ સુધીનાં "બૂટ" હતાં. ચંદ્રકાંતને દેખી એણે સલામ કરી અને સરસ્વતીચંદ્ર ભણી જોઈ બોલ્યો. "જોગીરાજ, સાધુ નવીનચંદ્ર તે આપ?"

સર—હા. હું જ.

સ્વાર—ચંદ્રકાંતજી, નવીનચંદ્રજી, આ જ?

ચંદ્ર૦—એ જાતે કહે છે પછી શું પુછોછો?

સ્વાર—નવીનચંદ્ર મહારાજ, અમારા ન્યાયાધીશે મોકલેલું આ આમંત્રણ-આજ્ઞાપત્ર[1] લ્યો અને તેની નકલ ઉપર આ કલમ અને શાહી વડે આપની સહી કરી આપો. ચંદ્રકાંતજી, આ આપના ઉપરનું આજ્ઞાપત્ર

બે જણે પોત પોતાનાં આજ્ઞાપત્ર વાંચ્યાં, પળવાર એક બીજા સામે જોઈ રહ્યા, અને અંતે સહીઓ કરી નકલો પાછી આપી.

સ્વારે બીજા સાધુઓનાં નામ પુછી લખી લીધાં ને એકદમ પાછો ગયો.

રાધે૦—જી મહારાજ, આ શું છે?

સર૦—ચંદ્રકાંત, આ વાંચી બતાવ.

ચંદ્રકાંતે વાંચવા જેવા ભાગ વાંચી બતાવ્યા

"ચૈત્રવદ ૧૦ ને રોજ શ્રી યદુનન્દનના આશ્રમમાં મહારાજ શ્રી મણિરાજની આજ્ઞાથી અને મહન્ત શ્રી વિષ્ણુદાસના આશ્રયથી આ રા-

1. સમન્સ.

જ્યના વરિષ્ઠ ધર્માધિકારી અને વિષ્ણુદાસજી પોતે અથવા તેમના કોઈ પ્રતિનિધિ સાધુ તમો **નવીનચંદ્ર** સાધુને પ્રશ્નો પુછશે તેના ઉત્તર આપવા, અને તે દિવસે અને તે પછીના જે જે દિવસો એ બે જણ નીમે તે દિવસોયે, એ બે જણ જે જે સાક્ષીઓ પાસે તમારું અભિજ્ઞાન કરાવે તે કરવા દેવા, તમો સાધુ **નવીનચંદ્રે** પ્રત્યક્ષ રૂહેવું. તેમ કરવામાં પ્રમાદ કરશો તો તમને અસાધુ ગણી સંસારી જનોને માટે કરેલા આ રાજ્યના ધારાઓ પ્રમાણે આ રાજ્યના અધિકારીઓ પાસે બલાત્કારે બોલાવવામાં આવશે."

જ્ઞાન૦—આટલું તો આપણા ગુરુજીના અધિકાર પ્રમાણે પ્રશસ્ત છે. પણ આમ કરવાનું પ્રયોજન પણ એ લેખમાં કોઈ સ્થાને આવતું હશે.

ચંદ્રકાંત વાંચવા લાગ્યો.

" સુવર્ણપુર સંસ્થાનમાં બ્હારવટીયા **ચંદનદાસ** અને બીજાઓ ઉપર એવો આરોપ છે કે તેમણે **નવીનચંદ્ર**નામના મનુષ્યનો વધ કર્યો છે; આ રાજ્યમાં **અર્થદાસ** નામના વાણીયા ઉપર એવો આરોપ છે કે તેણે મુંબાઈના **સરસ્વતીચંદ્ર લક્ષ્મીનંદ**નનો વધ કર્યો છે. આ કામમાં ન્યાયાર્થી[1] મુંબાઈના ધૂર્તલાલ અને **હીરાલાલ** નામના છે. તેમનું કહેવું એમ છે કે આ **સરસ્વતીચંદ્ર નવીનચંદ્ર**નું નામ ધારી ગુપ્ત વેશે ફર્યા કરતો હતો પણ તે બે નામનું મનુષ્ય એક જ છે. આ વિષયનું ન્યાયશોધન ઉપલાં બે રાજ્ય અને સરકારી રાજ્ય એ ત્રણમાંથી એક અથવા અનેક સ્થાને થવાનું છે તેમાંથી જે સ્થાને શોધન થાય ત્યાં **સરસ્વતીચંદ્ર** અને **નવીનચંદ્ર**ના અસ્તિત્વ અને અભેદના પ્રશ્નોનું નિરાકરણ થવામાં ઉપયોગી પ્રશ્નો સાક્ષીઓને પુછવાને માટે **મહારાજ** મણિરાજે પોતાના વરિષ્ઠધર્માધિકારી **શંકરશર્મા** અને મહન્ત વિષ્ણુદાસજીને અધિકારી નીમેલા છે. તે આજ્ઞાનો નિર્વાહ કરવાને માટે **નાગરાજ** મહારાજના ચદુશૃંગના સાધુજનો ઉપરના શાસનપત્રને આધારે આ આમંત્રણાજ્ઞાપત્ર કહાડેલું છે."

જ્ઞાન૦—જી મહારાજ, ગુરુજીની છાયામાં રહેનાર સાધુજનોને **નાગરાજ** મહારાજે આપેલા અભયપત્ર પ્રમાણે જે ન્યાયશોધન થાય તેમાં જ ગુરુજી સાહાય્ય આપે છે, અને ગુરુજી જેમાં સાહાય્ય આપે નહી તેવાં સર્વ આજ્ઞાપત્ર વૃથા છે, માટે આપની શાન્તિ કે સ્વસ્થતામાં કોઈ જાતની ન્યૂનતા થવી ઘટતી નથી.

સર૦—ના રતો.

એટલામાં એક બીજો સાધુ આવ્યો ને **સરસ્વતીચંદ્ર**ને કહેવા લાગ્યો:

---

1 ફરીયાદ કરનાર, વાદી.

" જી મહારાજ, વિહારપુરીજીએ કહાવ્યું છે કે પ્રાતઃકાળે ગુરુજી સમાધિમાંથી જાગશે તે પછી આપને અને આપના મિત્રને તેમનાં દર્શન માટે બોલાવીશું. આપના ઉપર આવેલું આજ્ઞાપત્ર આપને પહોંચ્યું હશે અને તે સંબંધમાં ગુરુજી ઉપર આવેલા લેખ પણ ગુરુજી કાલે જોશે. આપના જેવા પરમ સાધુજનને તો ગુરુજીની છાયામાં સર્વથા અભયછત્ર છે. બીજું આપના મિત્રના ઉપર પ્રધાનજીને ઘેરથી અને પ્રધાનજીએ મોકલેલા કેટલાક પત્રો આશ્રમમાં આવેલા હતા તે વિહારપુરીજીએ મ્હારી સાથે મોકલેલાં છે. "

સરસ્વતીચંદ્રે તે પત્ર લેઈ ચંદ્રકાંતને આપ્યા.

સાધુ—ચંદ્રાવલીબૈયા પણ રાત્રીએ ઘણું કરી આપને મળશે.

સર૦—તે ઉત્તમ જ થશે.

પ્રકરણ ૪૪.

કોઈને કાંઈ સુઝતું નથી.

कः श्रद्धास्यति भूतार्थं लोकस्तु तुलयिष्यति ॥

મૃચ્છકટિક ઉપરથી.



મિત્રો પાછા ઉપર ચહડ્યા. ચહડતાં ચહડતાં સરસ્વતીચંદ્ર ધીમે રહી બોલ્યો.

" ચંદ્રકાંત, મ્હારું અને મ્હારા નામનું પ્રકટીકરણ કરવાની મ્હારા સાધુજને તને ના કહી ન હતી ?"

ચંદ્ર૦—કહીતી.

સર૦—ત્યારે ?

ચંદ્ર૦—તમે જાણતા હશો કે તમારું શરીર, તમારી વિદ્યા અને બુદ્ધિ અને તમારાં પરાક્રમ ગુપ્ત રહી શકે એવાં છે.

સર૦—મને એમાં કાંઈ શંકા નથી.

ચંદ્ર૦—ક્ષમા કરો. મુંબાઈ રહીને મ્હેં આપને શોધી કહાડ્યા ને રત્નનગરીની પોલીસે આપના કેવા કેવા પત્તા મેળવ્યા છે તે જાણશો ત્યારે હસશો.

સર૦—મને શોધી કહાડ્યો પણ કુમુદસુંદરી તો ગુપ્ત જ છે કની ?

ચંદ્ર૦—મ્હારાથી તો ગુપ્ત ન હતાં. બીજાંની વાત બીજાં જાણે.

આટલું બોલતાં તેઓ છેક ઉપલા દાદરને ઉપલે પગથીએ આવ્યા. ઓટલા ઉપર કુમુદ બેઠી હતી. એ ઓટલે થોડે છેટે બે મિત્રો બેઠા.

ચંદ્ર૦—કુમુદ—અથવા તમારું નામ ગુપ્ત રાખી બીજે નામે બોલાવવાની ટેવ પાડીશ કે કોઈ સાંભળે તહોય વાંધો નહી. મધુરીભૈયા, અમે નીચે ગયા હતા ત્યાંના સમાચાર આ વાંચીને જાણો.

સરસ્વતીચંદ્ર ઉપર આવેલું આજ્ઞાપત્ર કુમુદને આપ્યું, પોતાના ઉપર આવેલું સરસ્વતીચંદ્રને આપ્યું, અને પોતે પોતાના ઉપર આવેલા પત્રો ઉઘાડવા વાંચવા લાગ્યો—કંઈક ભાગ મનમાં વાંચવા લાગ્યો ને કંઈક મ્હોટેથી વાંચવા લાગ્યો.

સર૦— કુમુદસુન્દરી, તમારું અહીયાં હોવું ચન્દ્રકાંતને વિદિત હતું.

કુમુદ૦—કંઈક નવાઈની વાત. પણ મ્હારે પ્રગટ રહેવું કે નહી ને મ્હેં કે આપે શું કરવું તે વિચારનો ભાર આપણે માથેથી આપણે ફોડી નાંખ્યો છે. આપના સુજ્ઞ મિત્રને હવે જે ગમે તે કરાવે. આપના ચિત્તની, મ્હારા ચિત્તની, આપણાં સ્વપ્નની, અને આપણા જનગૃતની, સર્વ વાતો એમણે જાણી, વાંચી, અને હવે જે એમને યોગ્ય લાગે તે કરે. આપણી હોડીમાં હવે સુકાનપર ચન્દ્રકાંતભાઈ બેસશે ને એ સંજ્ઞા કરશે તે પ્રમાણે આપણે રલડ મ્હડાવીશું ને હલેસાં હલાવીશું.

સર૦—સ્વસ્થતાનો માર્ગ એ જ છે. ચન્દ્રકાંત, આ વ્યવસ્થા મ્હેં શોધી કાઢી નથી.

ચન્દ્ર૦—એ તો હું જાણતો જ હતો. આપ કાંઈ શોધી કાઢો તેમાં કાંઈ નવી જ છાશ વલોવવાની નીકળે ને તેમાં શ્રમ વિના ફળ ન મળે. મધુરીભૈયાની બુદ્ધિ વિના તેમાંથી માખણ નીકળવાનું નહી—એમની ચતુરાઈએ એવું માખણ કાઢ્યું કે તમે વલાણું બંધ કરી નીરાંતે બેઠાં ને ચંદ્રકાન્તને માથે ચિન્તાનું ચક્ર બેઠું. હવે તો ચન્દ્રકાન્તને चक्रं भ्रमति मस्तके ! આમ માર્ગ દેખાડું તો આમ ગુંચવારો ને એમ દેખાડું તો એમ ગુંચવારો.

કુમુદ૦—આપ મિત્ર છો, વ્યવહારજ્ઞ છો, વિદ્વાન્ છો, અને અમારાં ને અમારાં હિતચિન્તક માતાપિતાદિક સર્વનાં ચિત્ત જાણો છો ને સર્વના વિશ્વાસના પાત્ર થઈ ચુક્યા છો. આપના જેવા વૈદ્યને આ કાર્ય ન સોંપીએ તો બીજા કોને સોંપીએ ?

ચન્દ્ર.—હાસ્તો. લ્યો ત્યારે પ્રથમ આ સાંભળો તમારા પિતાના પત્રમાંનો લેખ.

" કુમુદને માટે એની મા શું ઇચ્છેછે તે તમે જાણોછો. વડીલ શું ઇચ્છેછે તે તમે જાણો છો સરસ્વતીચંદ્ર અને કુમુદ પોતે શું ઇચ્છે છે તે તમે હવે જાણી ગયા હશો મ્હારી પોતાની ઇચ્છા અથવા વૃત્તિ કુમુદની પોતાની કંઈ પણ પવિત્ર ઇચ્છાને પાર પાડવામાં તત્પર થવાની છે—તે વિના હું કાંઈ બીજું ઇચ્છતો નથી. કુમુદને સરસ્વતીચંદ્રે જે હાનિ પ્હોચાડી ને જે અન્યાય કર્યો છે તેનો બદલો વાળવા તેમની ઇચ્છા હોય તો કુમુદનું પ્રસિદ્ધ પાણિગ્રહણ કરવું, એને હવે સર્વથા સુખી કરવી અને આપણા લોક બોલે અથવા વેહવે તે સાંભળવું અને વેહવું—એ જ માર્ગ એમની વિદ્યાને અને ન્યાયબુદ્ધિને યોગ્ય છે. જો આ માર્ગ તેઓ લેવાને તત્પર હશે તો હું અને કુમુદની માતા આ વ્યવહારથી થવાનાં સર્વ સુખદુઃખમાં તેમની સાથે જ રહીશું અને મ્હારી સમૃદ્ધિમાત્ર મને કુમુદ—કુસુમના કરતાં વધારે પ્રિય નથી. કુસુમને કુમારાં રૂહેવાનો તીવ્ર અભિલાષ છે તે તમે જાણો છો અને મ્હારી સર્વ સમૃદ્ધિ એ બે પુત્રીઓના ધર્મ્ય અભિલાષ પુરવામાં સાધનરૂપ કરવા હું સર્વ રીતે અને આ પળે શક્તિમાન્ અને તૈયાર છું.

" કુસુમને લેઈ તેની માતા અને કાકી કાલ સુન્દરગિરિ ઉપર આવશે. વડીલ પણ તેમની જોડે આવશે. મિસ ફ્લોરા પણ આવશે. સર્વને માટે તંબુઓ મોકલી દીધા છે.

" ધર્મભવનની આજ્ઞા થઈ છે તેથી વિષ્ણુદાસજી પાસે સરસ્વતીચંદ્રનું અને તમારું તેમ અન્ય જનોનું સાક્ષ્ય[1] લેવામાં આવશે અને તમારા જેવું જ આજ્ઞાપત્ર મ્હારા ઉપર છે એટલે હું પણ તે પ્રસંગે આવીશ. બુદ્ધિધનભાઈને પણ એ પ્રસંગે સાક્ષ્ય આપવા આવવા વિજ્ઞપ્તિપત્ર લખેલું છે.

" સરસ્વતીચંદ્રને પ્રકટ થયા વિના છુટકો નથી. કુમુદનું નામ અતિગુપ્ત છે તે એની ઇચ્છા હશે તો જ પ્રકટ થાય ને તે ઇચ્છા જાણ્યા વિના પ્રકટ ન થાય એવી વ્યવસ્થા કરી છે.

" બાકીના સમાચાર બીજા પત્રોમાંથી મળશે.

" સરસ્વતીચંદ્રને અને કુમુદને આ પત્ર વંચાવજો. સરસ્વતીચંદ્રે પોતે કાંઈ બોટું કર્યું છે એમ જાતે સમજતા હોય તો તેનું પાપ ધોઈ નાંખવાનો એક જ માર્ગ ઉપર લખ્યો છે; ને કુમુદના પિતાને ઈશ્વરે આપેલો અધિકાર છે તે વાપરી હું તેમની પાસે મ્હારી કુમુદને માટે એટલો ન્યાય માગું છું કે તેમણે કુમુદને એની ઇચ્છા પ્રમાણે ધર્મથી શીઘ્ર ન્યાય આપવો."

---

૧ જુબાની.

સર૦—ચંદ્રકાંત, તને કહ્યું છે કે આથી કુમુદસુંદરીને તૃપ્તિ હોય તો તેમ કરવા હું સજ્જ છું. એમના પિતાની સંમતિના અભાવને લીધે જે કાંઈ બાધ હતો તે આમ નીકળી જાય છે તો પછી હું તો કુમુદસુન્દરી પાસે પ્રતિજ્ઞા કરી ચુકયો જ છું.

કુમુદ૦—ચંદ્રકાંતભાઈ, મ્હારા મનની તૃપ્તિની વાત જવા દેજો અને એમને પ્રાયશ્ચિત્તરૂપે મ્હારો સમાગમ આપવાની તો કલ્પના પણ જવા દેજો. એ વિના બાકીનાં અમારાં મનોરાજ્ય તમે જોઈ લીધાં છે ને તેની સિદ્ધિમાં અમારો ધર્મસહચાર કેવે રૂપે વધારેમાં વધારે કામ લાગશે, સ્ત્રીના પુરુષપ્રતિ અનેક ધર્મ છે તેમાંથી કીયાનો ત્યાગ અને કીયાનો સ્વીકાર એમના ધારેલા મહાયજ્ઞને સફળ કરી શકશે અને એમને એમની સર્વાવસ્થામાં સૌમનસ્ય આપશે અને એમને કૃતકૃત્ય કરશે, એમની કીર્તિ અને અમારું એનું કલ્યાણ કરવામાં કીયો માર્ગ ધર્મ્ય છે, અને હુંકામાં આપના પરમ મિત્રની સાથે કેવા પ્રકારથી મ્હારી મૈત્રી રચાય તો એમનું સુખ, એમનું સ્વાસ્થ્ય, એમની કીર્તિ, એમનું સદ્ભાગ્ય, અને સત્પરાક્રમ સંપૂર્ણતાથી રચાય એટલું જ વિચારજો. મ્હારું શું થાય છે, મ્હારી કીર્તિ થશે કે અપકીર્ત્તિ, મ્હારાં અતિપ્રિય અને મ્હારે માટે આટલું કરવા તત્પર થયલાં માતાપિતાને હું વ્હાલી થઈશ કે અળખામણી, એ અથવા એવો કાંઈ પણ મ્હારા સુખનો કે દુઃખનો વિચાર કરશો નહી. અમારી તકરારમાં તમે પંચ, તમે કન્યાદાનના અધિકારી, તમે વરના પિતા, તમે બેના મિત્ર, તમે અમારા વિવાહનો હોમ, અને તમે અમારા અગ્નિસ્વરૂપ ! તે એવે રૂપે તમે મને શુદ્ધ અને સંસ્કારિણી કરી આ મ્હારે માટે ત્યાગી થયેલા શરીરીનો જન્મ જે રીતે સફળ થાય તેટલું કરજો. પછી હું સર્વાવસ્થામાં સુખ અને સંતોષ જ જોઈશ. એમનો જન્મ સફળ થાય તે વિના બીજા ભોગની મને તૃષ્ણા નથી, બીજો વૈભવ મને ગમતો નથી, ને બીજું ભાગ્યની ન્યૂનતાથી કુમુદને લેશમાત્ર પણ દુઃખ થનાર નથી તે સત્ય સમજજો. આટલું મ્હારું ધ્યાન કરશો તો અપકીર્ત્તિ, અધર્મ, અને દુઃખ—એ સર્વનું મને રજ પણ ભય નથી. ચન્દ્રકાન્તભાઈ, મ્હારા પિતા, માતા, અને સહોદર થઈ, મ્હારા વકીલ થઈ, આટલું કામ કરજો અને તમારામાં એમનો તેમ મ્હારો સંપૂર્ણ વિશ્વાસ સમજજો.

આટલું બોલતાં બોલતાં એની આંખમાં આંસુ આવ્યાં. ચંદ્રકાંત પણ કંઈક ગળગળો થયો અને બોલ્યો.

"કુમુદસુન્દરી, જેનો જન્મ સફળ કરવાને તમે આટલાં તરસ્યાં છો તેના જ જન્મને સફળ જોવાથી ચંદ્રકાંત પણ પોતાનો જન્મ સફળ થયો માનશે. માટે તમે રજ પણ ચિન્તા ન કરશો. આ વિનાના બીજા પત્ર વાંચી વિચાર કરવાનો અવકાશ શોધીશું."

બીજો એક પત્ર લીધો—તે ઉપર ચન્દ્રકાતનું શિરનામું ને કુસુમના અક્ષર! પરબીડીયું ફોડ્યું તો માંહ્ય બીજું પરબીડીયું હતું તે ઉપર લખ્યું હતું કે—"ચંદ્રકાંતભાઈ, કુમુદબ્હેન જ્યાં હોય ત્યાં જઈ એને હાથોહાથ આપજો. જડે નહી તો જડે ત્યાં સુધી સાચવી રાખજો. ન જ જડે તો પાછો લાવજો. આણી પાસ ન આવો તો ફાડી નાંખજો.

લા. કુસુમ"

ચંદ્રકાન્તે પત્ર કુમુદને આપ્યો ને એણે તે મનમાં વાંચ્યો.

"પ્રિય કુમુદબ્હેન,

"હું ધારું છું કે તમારા સ્વહસ્તમાં આ પત્ર પ્હોચશે. આ ભણીના
"બધા સમાચાર ચન્દ્રકાન્તભાઈ તમને કહેશે, પરંતુ તે પણ તમને બધું
"કહે કે ન કહે ને કહેવા ઇચ્છે તોપણ બધું જાણતા ન હોય માટે હું જ
"લખું છું.

"તમારે વીશે સર્વ કુટુમ્બનો જીવ ઉંચો થયો હતો તેમાં હવે
"આશા આવી છે. પણ પ્રમાદધનભાઈના સમાચાર પછી આ સંસારને
"મન તમારા હુવ્યાના સમાચાર કરતાં જીવ્યાના સમાચાર વધારે વ્હાલા
"લાગતા નથી તે હું બે આંખે જોઉંછું ને કાને સાંભળું છું. તેમાં વળી
"તમારો અને સરસ્વતીચંદ્રનો સુન્દરગિરિ ઉપર યોગ થયો સાંભળી સઉ
"આનન્દને સટે ખેદ પામે છે ને બીજું તો હું લખતી નથી.

"પ્રમાદધનભાઈ આયુષ્માન હતા ત્યારે તેમના ભણીના તમારા
"દુઃખને લીધે ગુણીયલ દુઃખી હતાં. સરસ્વતીચંદ્રને ગુણીયલ સુખી
"જોવા ઇચ્છે છે પણ તમારાથી તે સુખી થાય એ એમના હૃદયને ગમતી
"વાત નથી. પણ પિતાજીનું મન પ્રસન્ન રાખવાને માટે પિતાજી જે
"કહેશે તેમાં ગુણીયલ ભળશે.

"તમારું ને સરસ્વતીચંદ્રનું તો હવે પુનર્લગ્ન થાય ને તેથી તમે બે
"જ્ઞાતિબ્હાર થશો ને આપણાં માતાપિતાને માથે અપયશ આવશે
"એટલે પછી તેમનાથી નીચેથી ઉંચું નહી જોવાય. જો પિતાજી તમારો
"તે પછી સ્વીકાર કરે તો તેમને જ્ઞાતિબ્હાર રહેવું પડે અને પ્રધાનપદ
"પરથી પણ ખસવું પડે. જગશંકરભાઈને આ વાત રજ ગમતી નથી,

" પણ પેાતે નિવૃત્ત છે એટલે હા કે ના કહેવાનેા નથી ને નાતમાં તેા
" આમે ને તેમે પણ જતા નથી. દાદાજીથી તમારું દુ:ખ વેઠાતું નથી
" પણ આ સર્વ હરકતેા એમને ગમતી નથી; તેથી તેમણે એવેા રસ્તેા
" કહ્યાજ્યેા છે કે તમે તમારું નામ અને કુટુંબનું નામ છાનું રાખી સર-
" સ્વતીચંદ્ર જોડે સુન્દરગિરિ ઉપર આયુષ્ય ગાળેા એટલે પિતાજીને
" બીજી રીતે હરકત ન પડે ને તમે સુખી થાવ. કાકી તેા એવું જ
" કહે છે કે એમના જેવાં તમારાથી શામાટે ન રહેવાય? તમે જો
" પુનર્લગ્ન કરશેા તેા કાકી તમારું મ્હેાં જોવાનાં નથી ને ગુણીયલ પણ
" માત્ર પિતાજીને લીધે જોશે. સરસ્વતીચંદ્રના બાપ ગાંડા થયા છે ને
" તમને બેને ઝંખે છે. પિતાજી તેા બધી હરકત વેઠીને પણ તમારું સુખ
" જોવાને ઇચ્છે છે ને તેમના મનની વાત ચન્દ્રકાંતને આજ લખી
" હશે કે લખશે. તમારા સસરા સંન્યસ્ત લેવાના કહેવાય છે.

" આ સર્વ તમને કેાઈ કહે નહી માટે મ્હેં લખ્યું છે. મને પુછેા તે
" આ બધી દુઃધામાં હવે પડશેા નહી. છુટયાં છેા તે બંધાશેા નહી. મ્હારે
" પેાતાને પણ બંધાવું નથી. ગમે તે થાય પણ લગ્નના ફાંદામાં પડવું
" નથી. આજ સુધી પિતાજી એમ કહેતા હતા કે કુસુમને સરસ્વતી-
" ચંદ્ર જોડે પરણાવીશ—હવે ઈશ્વરકૃપાથી તે વાત ગઈ છે. મને કેામા-
" રવ્રત પાળવા દેવાની પિતાજીએ હવે સ્પષ્ટ હા કહી છે. મ્હારા
" મનમાં એમ છે કે મ્હારેયે ન પરણવું ને તમારેયે ન પરણવું નેા
" આપણે બે જ્હેનેા ઠીક પડશે ત્યાં સુધી ગુણીયલ પાસે રહીશું, ઠીક
" પડશે ત્યારે ચન્દ્રાવલી પાસે રહીશું, ને ઠીક પડશે ત્યારે મેાહનીમે-
" યાના મહમાં રહીશું, નવા અભ્યાસ કરીશું, ને સંસારના મ્હેાટા ખા-
" ડામાંથી ઉગરી ખરા કલ્યાણને માર્ગે રહીશું.

" તમે સરસ્વતીચંદ્ર સાથે યેાગ પામેા તેમાં મને તેા લાભ છે. કા-
" રણ તમે તેમની સાથે જોડાવ તેા એવું પણ થાય કે મ્હારે માટે યેાગ્ય વર
" નથી માટે મને કુમારી રાખવાની પિતાજી હા કહેતા હશે; ને તમે વિધ-
" વાવ્રત પાળશેા તેા વખત છે પાછું મ્હારે માથે ચક્ર બેસે ને સહુ મને કહેશે
" કે આ વર છે ને તું પરણ. પણ મ્હેં તેા નિશ્ચય કર્યેા છે કે પિતાજીએ
" એક વાર હા કહી છે તેમાંથી ફરવા નહી દેઉં ને તમે ને હું બે સરખાં
" હઈએ તેા મરજી પડે ત્યાં રહીયે ને બેને ગમે.

" અમે સહુ એક બે દિવસમાં ત્યાં આવીશું. તમને હજી છતાં કરવાં
નથી માટે તમને એકાંત રાખવાને માટે ગુણીયલે મેાહની અને ચન્દ્રા-

" વલી ઉપર છાનો સંદેશો મોકલ્યો છે. કૂલોરા પણ આવવાનાં છે; કારણ
" સમજ્તું નથી, પણ મને, તમને સમજાવવાને માટે એમને મોકલવાનું
" કર્યું હોય એવું કાને આવ્યું છે. પણ એ એવું સુજ્ઞ માણસ છે કે તેમના
" ભણીની કંઈ ચિંતા રાખવા જેવું નથી.

" તમને આ વાત કોઈ કૂહેવાનું નહી ને ત્યાં બધાં વચ્ચે આપણે
" વાત કરવાનો જોઈએ તેવો પ્રસંગ મળે કે ન મળે માટે આટલું આ
" પત્રમાં લખ્યું છે. સરસ્વતીચંદ્ર પણ સુજ્ઞ છે; કુમારાં રૂહેવાનો મ્હારો
" મૂળ વિચાર એમની વાતોથી થયો છે ને હવે એ મ્હારા મત્સ્યેંદ્ર-
' ગુરુ ભુલી જશે તો હું ગોરખ થઈને ગાઈશ કે.

" દેખ મચ્છેંદર, ગોરખ આયા !

" કુમુદબ્હેન ! બાકીનું તમારા દુઃખથી હું શીખાઈ છું ને મ્હારા
" સુખથી તમે શીખજ્જો—કે પછી એમાંથી એક પણ ડગીયે નહી ને
" ડગવા દેઈએ નહી !

" બાકીની વાતો મળીયે ત્યારે આખો જન્મારો છે.

" લા. કુમુદની કુસુમ તે
બીજા કોઈની નહી."

પત્ર વાંચતાં વાંચતાં કુમુદ કંઈ હસતી હતી, કંઈ ખિન્ન થતી હતી, અને બીજા પણ અતર્ક્ય વિચારો એના હૃદયમાં આવતા હશે એવું તેના કપાળની કરચલીયોથી, ભ્રમરના ભંગથી, આંખોનાં પોપચાંના પલકારાથી, અને ગાલપર ફરતા અસ્પષ્ટ રંગોથી, જોનારને સમજાય એમ હતું, અને તે જુવે એવી વસ્તી એની પાસે પ્રત્યક્ષ હતી. વાંચીને એ પત્ર એણે ચંદ્રકાંતને આપ્યો ને આપતી આપતી બોલી.

" ચંદ્રકાંતભાઈ, આપ જે વિચાર કરો તેમાં આમાંથી પણ કંઈ કંઈ વિચારવાનું જડશે તે શોધી કૂહાડજો."

બે મિત્રોએ પત્ર વાંચ્યો. સરસ્વતીચંદ્ર ગમ્ભીર થઈ બોલ્યા ચાલ્યા વિના બેસી રહ્યો. ચંદ્રકાંતે પોતાના ઉપરના બીજા પત્રો ઉપર આંખ ફેરવવા માંડી ને એકેકો પત્ર વાંચી વાંચી મુકતો ગયો તેમ તેમ સાર કૂહેતો ગયો.

" ઉદ્ધતલાલ, તરંગશંકર, વીરરાવ, લક્ષ્મીનંદનશેઠ, હરિદાસ, બુલ્વરસાહેબ, અને બીજાઓ પણ સરસ્વતીચંદ્રને ઓળખી જુબાની આપવા આવવાના છે.—સરસ્વતીચંદ્ર, તમારે માટે તો મ્હોટો મેળો

બરાશે ! મુંબાઈ છોડી સાધુ ન થયા હત તો આ વેળા ક્યાં આવવાની હતી ? બહુ જ ભાગ્ય તેમનાં ને આપણાં કે આ શમ્ભુમેળાનો સંધ આપણી પાછળ આવી જત્રાએ આવશે."

સરસ્વતીચંદ્ર ગમ્ભીર રહ્યો ને માત્ર એટલું જ પુછ્યું કે "ગંગાભાભીનો પત્ર નથી ?"

ચંદ્ર૦—છે, પણ સંતાડવાનો છે.

સર૦—કુમુદસુન્દરીને તો વંચાવો.

કુમુદ૦—ગંગાભાભી—

ચંદ્ર૦—અમારા ઘરનાં એ ઘરવાળાં—જેમની સાથે ઉભાં રહેતાં તમે શરમાશો.

કુમુદ૦—વાંચવા દેવામાં હરકત છે ?

ચંદ્ર૦—છે તો બધીયે છે ને નથી તો કાંઈ નથી—આપું ?—લ્યો ત્યારે !—થાય તે ખરું !—નીકર હું જ વાંચું છું—સાંભળો.

" હું મરવા પડી હતી એટલું જ નહી પણ તમારાં સગાં ને વહાલાંએ ધૂર્તલાલ સાથે મ્હારો ઘાટ ઘડવો ધાર્યો હતો. તે જાણતા છતાં તમે ન આવ્યા તે બહુ જ સારું થયું. કારણ હું મોઈ હત ને સરસ્વતીચંદ્ર જઈ હત તો છોકરાં ભુખે ન મરત, પણ જીવું છું ને નહી જડે તો તમે ઘરનાંની શરમ તોડી મને કે છોકરાંને કંઈ ક્રોડી બતાવવાના નથી. માટે તેમને શોધવાનું પડતું મુક્યું નહી ને આવ્યા નહી તે જ સારું થયું."

" તમારો કાગળ આવ્યા પછી મને ને છોકરાંને ઉદ્ધતલાલ પોતાને ઘેર લેઈ ગયા છે; તેથી તેમની ને તમારાંની વચ્ચે રમઝટ ચાલી, પણ ઉદ્ધતલાલ કોઈનાથી જાય એવું રત્ન નથી. ને હવે તો હું પણ સાજી થઈ છું. સરસ્વતીચંદ્ર જઈ કહેવાયા સાંભળી સાજી થઈ. બરેબર જઈ હશે તો ઉદ્ધતલાલ ત્યાં આવશે ને હું પણ સાથે આવીશ.

" એવું પણ સંભળાય છે કે કુમુદસુંદરી જીવતાં નીકળ્યાં છે. પણ હવે તો તે વૃથા. નાતરીયા નાત હત તો જુદી વાત હતી. તમે સુધારાવાળા નાતરાં કરાવો તો ના કહેવાય નહી—પણ, એ નાતના ધોળમાં પડવાની ને છોયાં છોકરાં પરણાવવાની એમ બે વાતો સાથે બને એવી નથી. ઉદ્ધતલાલ કહેછે કે આપણે નાતરીયા નાતનો, વીલાયત જઈ આવનારાનો, નાતબ્હાર રહેલા લોકનો, ને એવા એવાઓનો સઉનો શમ્ભુમેળો કરી નવી મોટી નાત કરીશું ને તેમાં નાતબ્હાર મુકવાનો ચાલ

કહાડી નાંખી એ નાતમાં આવે તેને માટે સઉને સદર પરવાનગીનો પાસ આપી બારણાં ઉઘાડાં મુકીશું એટલે આપણી નાત વધ્યાં જ જશે ને જુની નાતોમાં ઘરડાં ઘરડાં રહેશે ને નવીમાં નવાં નવાં જુવાનીયાં આવશે. મને તો આ બધી વાત મશ્કેરીની લાગે છે, પણ તમારું ઠેકાણું નહી માટે જણવું છું કે આવું તો કંઈ ઠીક નહી. એ તો પછી છોકરવાદી નાત થાય ને ગાયગધેડાં ભેગાં થાય એ કંઈ મને ગમે નહી. મને તો લાગે છે કે એવું થાય તો ભાયડાઓ એ નવી નાતમાં જાય પણ કંઈ કંઈ બાયડીઓને તો તેમનાથી જુદાં પડી જુનામાં રહેવાનું ગમશે. એવી વર્ણ-સંકર નાત થાય તે તો કંઈ સારું નહી. માટે એવો કળજુગ ભુલ્યે ચુકયે બેસાડશો નહી.''

કાગળ બીસામાં મુકતો મુકતો પાછો કહાડી કુમુદસુંદરીને એક હેકાણે કાગળમાં આંગળી મુકી બોલ્યોઃ '' આટલું તમે વાંચી જુવો—ને મનમાં રાખજો—સરસ્વતીચંદ્રને યોગ્ય વેળાએ જણાવીશું.''

કુમુદે તે મનમાં વાંચ્યું.

'' ગુમાનભાના દીકરા ધનભાઈ ગુજરી ગયા છે. લક્ષ્મીનંદન ગાંડા થયા છે પણ ગુમાનભા તેમની નોકરી કરે છે ને એ પણ હવે જાણે છે કે સરસ્વતીચંદ્ર વિના એમનું કોઈ બીજું થાય એમ નથી. ધૂર્તલાલ ઉપર ફોજદારી ચાલે છે ને મ્હોટા મ્હોટા લોકને એમાં રસ પડે છે. ડાક્તર કહે છે કે સરસ્વતીચંદ્ર જડશે તો લક્ષ્મીનંદન ડાહ્યા થશે માટે એમને ત્યાં લાવવા ધાર્યા છે. સરસ્વતીચંદ્ર જડે તો ધનભાઈનું સ્નાન કરાવજો ને આ બીજા બધા સમાચાર કહેજો. શેહની જોડે ગુમાનભા પણ ઘણું કરી આવશે ને લખશો તો હું પણ આવીશ ને સરસ્વતીચંદ્રને ઘેર આણવા જરા ધમકાવવા હશે તો તે આવડશે. બાકી અંગ્રેજી ભણેલાને સમજાવવાનું તો નહી આવડે. એ તો પત્થર પલાળવાનું કામ.''

કુમુદે પત્ર પાછો આપ્યો ને કંઈક ઉંડા વિચારમાં પડી ગઈ. અંતે તે માંથી જાગીને બોલી.

'' ચંદ્રકાંતભાઈ, પત્રો વાંચવાના થઈ રહ્યા. તમારે વિચારવાની સર્વ વસ્તુ મળી ગઈ. ચંદ્રાવલી બ્હેન રાત્રે આવશે ને પ્રાતઃકાળે ગુરુજી સમાધિમાંથી જાગશે ને તમારે ત્યાં જવું થશે ને મ્હારે ચંદ્રાવલી બ્હેન જોડે જવું પડશે. કાલ ગુણીયલ પણ બધાંને લેઈને આવશે, અને હવે એકાંત વિચાર કરવાનો ને વિચાર કરવા બેસવાનો આવો કાળ થોડાક પ્હોરનો રહ્યો છે તે વિચારમાં ગાળી નાંખીશું તો સિદ્ધાંત ઉપર આવવાનો ને ત-

મારો નિર્ણય કહેવાનો અવકાશ પછી મળવો દુર્લભ. બીજાને અમારો બેનો સ્વપ્ન અને જાગૃત સંસાર કહેવો કઠણ છે ને તેમનાથી સમજવો મનાવો અશક્ય છે."

ચંદ્રકાંત કંઈક વિચાર કરી બોલ્યો. "તો સાંભળો. વિચારનો જે સાપ તમે મ્હારે માથે નાંખ્યો તે ઉછાળી મ્હારે તમારે માથે નાંખવાનું થાય એમ છે. તમારા યોગ અને ચિરંજીવોનાં ઇંદ્રજાળને હું માત્ર માનસિક શાસ્ત્ર—Psychology—ના ચમત્કાર માનું છું પણ તેમાં ઘણો અને ઉંડો બોધ જેટલો ભરેલો છે એટલો જ તમારાં હૃદયના રસનો સંભાગમ પણ તેમાં પુવારાની ઉંચી ધારાઓ પેઠે ઉડી રહેલો છે. આ સુંદર પવિત્ર સ્વપ્ન-નાં ચિત્ર પ્રત્યક્ષ કરી તમને વિવાહના સભાગમમાંથી પળવાર પણ દૂર રાખવાને ચંદ્રકાંતનું હૃદય કહ્યું કરે એમ નથી. તમારા ભવ્ય અને લોકક-લ્યાણેચ્છક અભિલાષો સિદ્ધ થાય તો આ દેશમાં નવી રમણીય અને સુ-ખકારક સૃષ્ટિ ઉભી થવાની, તેમાં વિલમ્બ પડે છે તેથી પણ હું અધીરો થઈ જઉંછું. પણ આપણા હાલના આર્ય સંસારમાં એ સર્વ સુંદરતાનું તેજ, ત-મારા "પુનર્લગ્ન" કહેવાતા તમારા નવા લગ્નની છાયાથી, કાણું પડી જશે, તમે શુદ્ધ હો તેમ લોક તમારા સંસર્ગથી દૂર રહેશે, અને તમારી અપકીર્તિને લીધે, પૃથ્વી ઉપર વૃષ્ટિ કરવા નીકળેલાં વાદળાંની ધારાઓ ખારા સમુદ્રમાં પડી જાય ને પૃથ્વીને બિન્દુ પણ ન અડકે તે રીતે, તમે વરસાવવા ધારેલા કલ્યાણમેઘ લોકને ઉપયોગી ન થતાં નકામે સ્થાને ગળી જશે અથવા જાતે વેરાઈ જશે.

"જો તમારું લગ્ન નથી થતું તો તમારાં સુન્દર પવિત્ર સ્વપ્ન નિષ્ફળ જશે, તમે વેઠેલું તપ નિષ્ફળ થશે, તમારા રસોત્કર્ષની વીજળીના ચમકા-રાને સ્થાને અમાસની રાત્રિ જેવું થઈ જશે, અને સ્ત્રીસૃષ્ટિદ્વારા આર્ય લોકને તમે કરવા ધારેલાં કલ્યાણ કરવામાં અવિવાહિત સરસ્વતીચંદ્ર સાધનહીન રહેશે. અને જો તમારો વિવાહ થશે તો સાધનવાળા થયેલા સરસ્વતીચંદ્રનાં સાધનમાત્ર લાકડાની તરવાર જેવાં થઈ જશે.

"સ્થૂલ પ્રીતિને દૂર રાખી, તમારાં સૂક્ષ્મ શરીરનો સમાગમ રાખી, શરીરના સંબંધ માત્રનો ત્યાગ કરી મનોમનની મિત્રતાથી જ, આ લોકક-લ્યાણમાં પ્રવૃત્ત થવા ઇચ્છતાં હો તો તે પણ તમારી વૃથા કલ્પના જ સમજવી. આપણા લોક કોઈ પણ સ્ત્રી અને પુરુષને સાથે ઉભેલાં દેખે એટલે સ્થૂલ સમાગમ જ માને છે. તેમની તુલામાં બીજું કાટલાં નથી. સેંકડો વર્ષના સંસ્કારોથી અને અભ્યાસથી યૂરોપનાં સ્ત્રીપુરુષો એકાંતમાં

પણ મન મારીને સાથે વસવાની કળાને પામ્યા છે અને તેવી કળા આ સાધુજનોમાં અથવા તમે કહો છો તેવા પ્રાચીન આર્ય સંસારમાં એક કાળે હશે; પણ આજ તો આ દેશકાળમાં તે અભ્યાસનું સ્વપ્ન પણ નષ્ટ થયું છે ત્યાં એવો બળિષ્ટ અભ્યાસ થોડા કાળમાં કેવી રીતે ઉગવાનો કે સમજવાનો ? માટે તમે વરણવિધાનથી વિવાહિત થાવ તેથી જેમ લોકનું કલ્યાણ કરવામાં તમારી તાકેલી બન્ધુકોના બાર ખાલી જવાના, તેવી જ રીતે વિવાહ વિના કેવળ સૂક્ષ્મ સમાગમ રાખી કરવા ધારેલા બાર પણ ખાલી જ જવાના, અને તમારે બેને સ્થૂલ શરીરનું નિષ્ફળ બ્રહ્મચર્ય-તપ તપવું પડશે તે વધારામાં.

" આ ત્રણે માર્ગથી તમારા અભિલાષ અસાધ્ય છે. એ અભિલાષ સિદ્ધ કરવાનો માર્ગ તો એક જ છે કે ગુણસુન્દરીના અને સુન્દરગૌરીના અભિલાષને તૃપ્ત કરવો. સરસ્વતીચંદ્ર ને કુસુમસુન્દરીનો સ્થૂલસૂક્ષ્મ વિવાહ થાય અને કુમુદસુન્દરી પરિવ્રાજિકાવ્રત પાળી તેમને સાહાય્ય આપશે તો લોકમાં પ્રશંસા થશે અને લોકકલ્યાણના અભિલાષમાં સરસ્વતીચંદ્રને એકને સટે બે સહાયિનીઓ મળશે. તેમાં વિઘ્ન ત્રણ. કુસુમસુન્દરીને કુમારાં રહેવું છે, કુમુદસુન્દરી સાથે અદ્વૈત પામેલું સરસ્વતીચંદ્રનું હૃદય નવા અદ્વૈતને શોધવા જુના અદ્વૈતનો ત્યાગ નહી કરી શકે, અને જુના અદ્વૈતનો ત્યાગ કરવા નવા અદ્વૈતને શોધી કે સાધી નહી શકે. બાકી એકનો ત્યાગ ને બીજાની સાધનાને સટે કોઈના ત્યાગ વિના નવા અદ્વૈતની જ યોજના કરવી હત તો કુમુદસુન્દરીના પોતાના સ્વીકારની વેળાએ અને મુંબાઈથી રત્નનગરી આવતી વેળાએ તેમનું સંવનન પણ નહોતું થયું ને પરિશીલન પણ નહોતું થયું. બે મનુષ્યોના સ્વાર્થ સંધાય ને સમાગમ રચાય ત્યારે થોડા ઘણો સ્નેહ, થોડા ઘણો અભેદ, અને થોડું ઘાગું અદ્વૈત એટલાં વાનાં કાંઈ આપોઆપ નથી પામી શકતાં ? મ્હારી ગંગાનો પત્ર તમે હવણાં વાંચ્યો ને અમારું કંઈક અદ્વૈત છે તો કુસુમસુન્દરી જેવી શિક્ષિત રસિક મેધાવિની સાથે સરસ્વતીચંદ્રનું અદ્વૈત થવા પામે અને મ્હારા ને ગંગાના કરતાં તો અનેકધા વધારે કલ્યાણકર થઈ શકે એમાં શો સંદેહ છે? પણ જે વાતમાં નથી પ્રવૃત્તિ વરને ને નથી કન્યાને, અને વધારામાં જે વાત સાધવાને માટે તમારો આવો અપ્રતિમ યોગ તોડવો પડે—એ વાત કરવા કરતાં તો તમારાં ધારેલાં લોકકલ્યાણ બધાંએ અગ્નિમાં પડે તે સહી શકાશે.

" તમારામાં તમે ધારેલા લોકકલ્યાણની જ વાસના તીવ્ર હોય, ને તમારો સમાગમ તેને માટે રાખવો પણ બરો ને તે રાખવાથી કલ્યાણ

કાર્યમાં વિઘ્નરૂપ ન થાય એ બે વાનાં સાથે લાગાં કરવાં હોય, તો મને એક જ માર્ગ સુઝે છે કે—સરસ્વતીચંદ્રે કુસુમસુંદરી સાથે દેખીતું લગ્ન કરવું, ને પછીથી કુસુમસુન્દરીને ચંદ્રાવલી પેઠે સ્વતંત્ર રાખવાં, અને એ બે આટલાં પરસ્પર ભેગાં રહે એવે કાળે તમે બે હાલ રાખોછો તેવી સૂક્ષ્મ પ્રીતિ ભલે કાયમ રાખો ને સૂક્ષ્મ કે સ્થૂલ એક પણ પ્રીતિ વગરનાં સ્વતંત્ર કુસુમસુંદરી ભલે પોતાની સ્વતંત્રતા ભોગવે. આપણા લોકની દૃષ્ટિના વિષનો પ્રતીકાર, લોકનું કલ્યાણ, તમારો સૂક્ષ્મ સમાગમ, વિદ્યાચતુરની અને ગુણસુન્દરીની સ્વસ્થતા, અને મ્હારા જેવાને જોવાનું અને તમારું તપ જોઈ બળવાનું કે હસવાનું : એ સર્વ કાર્ય સાથેલાગાં થવાનો એક આટલો માર્ગ છે—તે તમને પ્રિય હોય તો."

૨૮૦—લોકના કલ્યાણને માટે પણ તેમની વઞ્ચના કરવી તે અધર્મ છે. પોપટ અને મેના જેવાં પક્ષીનું કલ્યાણ ઇચ્છી તેમનું કલ્યાણ કરવાને માટે પણ તેમની સ્વતંત્રતા બંધ કરવા હું ઇચ્છતો નથી. તે મ્હારે કુસુમસુંદરીને સપ્તપદીની પ્રતિજ્ઞાઓમાં પૂરી પછી તે તોડવામાં સહાયભૂત થવું અને જાતે પણ મિથ્યા પ્રતિજ્ઞાઓ લેવી એ મહાન્ અધર્મ કરવા કરાવવા હું ઇચ્છતો નથી. કલ્યાણકારક દાનશક્તિરૂપ કર્ણને પણ પિતામહે કહેલું હતું કે ધર્મલોપથી તમારો જન્મ થયો છે માટે તમારો પરિપાક આવો કુપિત થયો છે;—એ વ્યાસવાક્ય મને સત્ય લાગ્યું છે. ધર્મ પ્રથમ અને કલ્યાણની વાસના પણ પછી—ચંદ્રકાંત, Duty first, and then only our most cherished dreams. To act otherwise is to place the cart before the horse. To believe otherwise is to be under a self-delusion and pernicious fallacy. I have learnt this invaluable lesson in this sacred lodge and have taught it to this dear partner of my dear dreams, and I never promised or proposed to follow an invitation from Chandrakânta or any mortal or immortal being to allow any further dissolution of this partnership of mine, whatever name or form you be pleased to give to that dissolution.

૨૮૦—I only proposed the adoption of a ceremonial fiction analogous to the thousand and one legal and

religious fictions which our people have so often adopted to effect their reforms.

સ૨૦—The holy people of this place detest such fictions, and I think their ethics is the purest and highest on this as on several other points.

સ૨૦—You have floored me. I have nothing to તતીત.—કુમુદસુન્દરી, જેના હૃદયમાં તમે આમ વસો છો તેના હૃદયમાં સાથીયા પુરવાનું કામ તમારું. એ કળા મને ન આવડી.

સર૦—ચંદ્રકાંત, તને પ્રશ્ન પુછ્યો છે કે આમારે બે જણે કેવી રીતે વ્યવહાર રાખવો તેટલાનો તું ઉત્તર દે. તટસ્થ થઈને દે કે મિત્ર થઈને દે.

ચન્દ્ર૦—કુમુદસુન્દરી, પુરુષોની બુદ્ધિ આમાં નહી ચાલે. હવે તો તમારે જ માથે સઉ આવ્યું.

કુમુદ વિચારમાં પડી હતી. તેણે સાંભળ્યું નહી.

ચન્દ્ર૦—કુમુદસુન્દરી, આ યોગમાંથી જાગો ને નવો યોગ સાધો. આમ પુરુષોની બુદ્ધિ ચાલતી નથી માટે તમારે એકલાંયે હવે વિચાર કરવાનું બાકી રહ્યું એટલે કહેશો તેમ મ્હારો મિત્ર કરશે.

કુમુદ૦—આપનો ઉપકાર માનું છું. જાણવાનું સર્વ જાણ્યું. હું વિચાર કરીશ—પણ—સરસ્વતીચંદ્ર, આપ બંધાવ છો કે જે નિર્ણય હું કરીશ તે તમે સ્વીકારશો ?

સર૦—મ્હારા ને તમારા યોગ સંબંધમાં જે નિર્ણય કરશો તે હું પાળીશ.

કુમુદ૦—તમારા વચનમાં આટલી મર્યાદા કેમ મુકો છો ?

સર૦—એ આપણી પ્રીતિની મર્યાદા છે. એ મર્યાદાની બ્હારના સર્વ વિષયમાં મ્હારા તમારા બેનાં હૃદયનાં સંયુક્ત સંગીતથી જે સ્વર નીકળે તે ખરા.

કુમુદ૦—આપણાં સંગીત જુદાં નથી.

સર૦—સંગીત એક છે પણ કણ્ઠ બે છે.

કુમુદ૦—ભલે એમ હો. હું તમારા હૃદયમાં થઈશ તો કણ્ઠમાં પણ આવીશ. ચન્દ્રકાન્તભાઈ, મ્હેં સર્વ વિચાર કરવાનો માર્ગ શોધી કઢાવ્યો છે. આ કન્થા ધારી તો ધર્મ પણ કન્થાનો જ ધારીશ. હું મ્હારા કુટુમ્બમાં નહી ભળી શકું. પણ તેનાથી ગુપ્ત પણ નહી રહું. કમ્પતીના

હૃદયમન્ત્ર વિના કંઈ પણ અન્ય વાત સાધુજનો ગુપ્ત રાખતાં નથી તો હું ગુણીયલથી ગુપ્ત નહી રહું ને એ કાલ આવશે ત્યારે તેમને મળીશ, તેમને શાન્ત કરીશ. અને હું અને મ્હારી કુસુમ મળી કાંઈક યોગ્ય માર્ગ કઢાડીશું તેમ ચન્દ્રાવલીબ્હેન રાત્રે આવવાનાં છે તેમને પણ આમારા મન્ત્રમાં ભેળવીશું.

સરસ્વતીચંદ્ર જોઈ રહ્યો.

કુમુદ૦—જેની સાથે આવા આટલા અદ્વૈતથી મ્હારું હૃદય એક થયું છે તેને શંકા ઉપજાવવા જેવું હજી સુધી તો મ્હેં કાંઈ કર્યું કે કહ્યું નથી.

સર૦—હું જાણું છું કે તમે સાધુજન છો, અને चित्ते वाचि क्रियायां च साधूनामेकरूपता એ સાધુજનનું લક્ષણ પામવા આપણે પ્રયત્ન કરીયે છીયે. પણ લોકના સંસારમાં અનેક અનર્થસ્થાન હોય છે માટે કહ્યું છે કે-घनाम्बुना राजपथे हि पिच्छिले क्वचिद्ध्रुवैरप्यपथेन गम्यते[2]. તમે જે સ્થાનમાં જવાનાં છો તેમાં તમારું ક્ષેમ છે, પણ આપણા યોગ કે વિયોગને માટે જે કાંઈ યોજના થશે તેથી તમે ગમે તો હૃદયમાં મુઝાશો, ગમે તો લાજશો, અને ગમે તો બીજાંનાં હૃદયનું અનુવર્ત્તન કરવા તમારા પોતાના હૃદયનો ભોગ આપશો. તમારા હૃદયની કે તમારી વાણીની કે ક્રિયાની એ અવસ્થા થશે તો તેમાંથી તમને મુક્ત કરવા મ્હારી વૃત્તિ જેટલી મ્હારી શક્તિ હશે કે કેમ તે હું શી રીતે કહી શકું ? પણ પાર્વતીને શિવજીએ કહ્યું હતું કે विमानना मुञ्च कुतः पितुर्गृहे[3] તે છતાં પૂર્વાવતારમાં તેને પિતાના ગૃહમાં વિમાનના થઈ હતી ને તેણે દેહ ત્યાગ કર્યો હતો તેમ તમારે કરવાનો અવસર ન આવે એટલું લક્ષ્યમાં રાખજો. તમારું કુટુંબ, તમારાં મન, વાણી, અને ક્રિયાને પ્રતિકૂળ નહી હોય ત્યાં સુધી હું સ્વસ્થ રહીશ. મ્હારા ઉપર ને બીજાં ઉપર આ આજ્ઞાપત્ર તમે જોયાં ને જાણ્યાં—તેનું મને લેશ પણ ભય નથી, ને સુજ્ઞ પુત્રીવત્સલ માતાપિતા ભાણીથી તમને પણ ભય નહી થાય. પણ સંસારની રૂઢિઓ અન્યથા છે ને તેમાંથી તમારી સ્વાધીનતાને કંઈ ભય પ્રાપ્ત થશે કે સંસાર તમારા સ્થૂલ કે સૂક્ષ્મ શરીરને કોઈ પણ રીતે પ્રહાર કરશે તો મ્હારાથી જોઈ નહી રહેવાય.

---

૧. ચિત્ત, વાણી, અને ક્રિયામાં સાધુજનોનું એકરૂપ હોય છે. ૨. વાદળાંની વૃષ્ટિથી રસ્તા ઉપર દેખાય નહી એવું થાય ત્યારે જાણીતા રાજમાર્ગ ઉપર પણ વિદ્વાનો જેવા ભુલા પડે છે અને ન જવાને રસ્તે ચ્હડી જાય છે : નૈષધ. ૩. હે સુભ્રુ ! પિતાના મંદિરમાં તે તને અપમાન શી રીતે હોય ?—કુમાર.

કુમુદ કંઈક સ્મિત કરી બોલી: "એની ચિન્તા ન કરશો. સાધુજનોએ રાંક કુમુદને નવી શક્તિ આપી છે ને એની સાધુતા આપના અદ્વૈતથી પરિપુષ્ટ થઈ છે—તો હવે શા માટે ઉંચો જીવ રાખો છો?"

પ્રકરણ ૪૫.

કંઈક નિર્ણય અને નિશ્ચય.

The star of the unconquered will,
He rises in my breast,
Serene, and resolved, and still,
And calm, and self-possessed.

Longfellow.

આ વાર્ત્તાપ્રસંગ ધીમે ધીમે પુરો થયો ત્યાં કુમુદ સાધ્વીઓમાં ગઈ ને બે મિત્રો બ્હાર ફરવા નીકળી પડ્યા. વિદ્યાચતુરના ઘરના, બે પુત્રીઓ અને ત્રીજા સરસ્વતીચંદ્રના સંબંધમાં ગુણસુન્દરીના હૃદયના દુઃખના, કુસુમના તીવ્ર અભિલાષ સાથેની એની મુગ્ધતાના, સરસ્વતીચંદ્રના ગૃહત્યાગવિષયે કુસુમના દૃઢ પક્ષવાદના, અને અંતે લક્ષ્મીનંદનના દુઃખના અને ધૂર્ત્તલાલની ધૂર્ત્તતાના ઇતિહાસના, **સર્વ સમાચાર** ચન્દ્રકાંતે ધીમે ધીમે **સરસ્વતીચંદ્ર**ને વિસ્તારથી કહી દીધા અને એ શ્રોતાના હૃદયના **મર્મભાગમાં** એ વક્તાએ બેસાડી દીધા—ચ્હોટાડી દીધા.

રાત્રે **ચંદ્રાવલી** કુમુદને મળી, પોતાની **મધુરી**ને પ્રધાનપુત્રીરૂપે ઓળખી લીધી, અને ગુરુજીની કૃપાથી મળેલી પવ્યરાત્રિના પ્રસાદની વાર્ત્તા જાણી લીધી–તે પછી છેક મધ્યરાત્રિ સુધી બે મિત્રો, **ચંદ્રાવલી**, અને કુમુદ, ચાર જણ **સૌમનસ્યગુફા**માં બેહાં અને એ વાતો, જેટલા અંતરપટ અને જેટલા પ્રકાશ યોગ્ય લાગ્યા તેટલાથી, કરી; હવે શું કરવું તેની ચર્ચા ચલાવી તેમાં પણ કોઈ ને કાંઈ સુઝ્યું નહી અને અંતે કુમુદ અને **ચંદ્રાવલી વસંતગુફા**માં જઈ સુઈ ગયાં, અને બે મિત્રો **સૌમનસ્યગુફા**માં સુઇ ગયા. શું કરવું તેના વિચારમાં કુમુદ એકલી આખી રાત્રિ ઉંઘી શકી નહી, પણ ઉઘાડી આંખો રાખી જાગતી સુઈ રહી અને **ચંદ્રાવલી**ની આંખો વચ્ચે વચ્ચે ઉઘડે ત્યારે તેની સાથે આ જ પ્રકરણ કહાડતી. બે મિત્રો તો સ્વસ્થ નિદ્રા પામીને જ સુતા. માત્ર એકાદ વેળા **ચંદ્રકાંત**ની આંખ ઉઘડતાં તેને કંઈક હસવું આવ્યું પણ તરત પાછો નિદ્રાવશ થયો.

પ્રાતઃકાળે કન્થા પ્હેરી કુમુદ સરસ્વતીચંદ્ર પાસે આવી અને હાથ જોડી પગે લાગી બોલી.

" મ્હારી દુઃખી જનની પાસે જઈ આવવાની આજ્ઞા માગવાને હું આપની પાસે આવી છું અને એવી પણ વિજ્ઞપ્તિ કરું છું કે અવકાશે આપ પણ ત્યાં પધારશો અને તેને આશ્વાસન આપશો. આપ, હવે ગુરુજીને મળી, જ્યાં રહેવાના હો તે, અને આપ બે મિત્રોના એકાંત સમાગમનો જે અવસર આપને અનુકૂળ હોય તે, ચંદ્રાવલી બ્હેનને કહાવશો તે પ્રમાણે હું આપને મળીશ અને કુમુદ, કુસુમ, અને ચંદ્રાવલી ત્રણ બ્હેનોનો વિચાર જે થશે તે જણવી આપની આજ્ઞા શોધીશ.

" ચંદ્રકાંતભાઈ, આપે કન્થા પ્હેરી નથી તો પણ સાધુજન છો અને સર્વ જાણો છો તો વધારે શું કહું ? પિતાજીને લખવું યોગ્ય લાગે, તે લખશો. મ્હારે ભાઈ નથી પણ અમે બે પુત્રીઓ એમની દૃષ્ટિમાં પુત્રથી પણ અધિક લાગીયે છીયે અને એમના હૃદયને સંતાપનું કારણ થઈએ છીયે તે પણ એમના સ્નેહને લીધે. આપના મિત્ર ધર્મને અધિક માને છે ને હું સ્નેહને માનું છું—કારણ ધર્મ સમજવા જેટલી મ્હારી વિદ્યા કે બુદ્ધિ નથી. પણ એમના ધર્મનો ને મ્હારા સ્નેહનો સાર એક જ આવે છે ને આપ પણ સ્નેહને માનો છો તો આ કન્થા પ્હેરીને પણ મ્હારાં ગુણીયલને અને કુસુમને મળવા જઉંછું, ને જ્યારે મ્હારા હૃદયનું નિરાકરણ આપ બેને સુઝતું નથી ત્યારે હું અને મ્હારી બ્હેન અમારી બાળકબુદ્ધિથી અને સ્ત્રીબુદ્ધિથી જે કાંઈ નિર્ણય કરી લાવીયે તે આ મ્હારા હૃદયના યોગના યોગીરાજના હૃદયમાં ઉતરે એટલો આશ્રય આપજો."

આટલું બોલતી બોલતી કુમુદની આંખોમાં આંસુ સરતાં હતાં અને નીચું જોઈ તે ઉભી રહી. બે મિત્રો પરસ્પર સામું જોઈ રહ્યા અને અંતે બોલવા લાગ્યા.

૨૨૦— જ્યાં સુધી તમારાં નેત્રમાંથી આંસુ સુકાયાં નથી ત્યાં સુધી મ્હારા હૃદયનો તાપ શમતો નથી, અને તે માટે જ તમારી હૃદયગુહામાંના ઉંડાં મર્મસ્થાનની અવગણના કરી તમે મ્હારે માટે સ્વાર્પણ કરવા તત્પર થશો એ ભય મને છે. તેથી જ હું તમારા મુખના ઉદ્ગાર પ્રમાણે ચાલવાનું વચન આપતાં એ વચનમાં મર્યાદા મુકું છું. તમે સાધુજન છો, મ્હારી સાથે અદ્વૈત પામેલાં છો, અને તમે પૃથ્વીસ્વરૂપ છો તેમ હું ચંદ્રસ્વરૂપ છું એ પરિણામ સંસિદ્ધ થયો છે તો તમારે મ્હારી

આજ્ઞા માગવાની બાકી રહેતી નથી, પણ તમારી ઇચ્છા પ્રમાણે સુવૃષ્ટ થવું એ મ્હારો સ્વભાવ જ બંધાયલો સમજજો.

૧૦૬૦—કુમુદસુન્દરી, શુભ કાર્યે સીધાવો અને હવે ભૂતકાળમાં જે મિત્ર વજ્ર થયો હતો તે હવે તમારા હૃદયથી ભિન્ન થઈ શકે એમ નથી. ઈશ્વર તમને સદ્બુદ્ધિ આપો અને પવિત્ર અને ઉત્કૃષ્ટ રસનો તો તમારા હૃદયમાં ઈશ્વરે જ ઝરો નિર્મેલો છે. તમને અમારા બેના આશીર્વાદ છે.

કુમુદસુન્દરી નેત્ર લ્હોતી લ્હોતી ગઈ. વળી પાછી ફરી—"આપણાં સ્વપ્નના આપે લખેલા લેખ આપશો ? હું તે સર્વ કુસુમની પાસે વંચાવીશ અને તેની બુદ્ધિનું સાહાય્ય લેવાને સાધનવતી થઈશ. એ છે તો બાળક પણ એની બુદ્ધિ અપૂર્વ ચમત્કારોથી ભરેલી છે."

"ભલે !"

લેખ લેઈ, કન્થામાં ગુપ્ત રાખી, કુમુદ ગઈ, અદૃશ્ય થઈ.

"સરસ્વતીચંદ્ર, આપણે હવે તમારા ગુરુજી પાસે જઈશું ? " ચંદ્રકાંતે પુછ્યું.

"અવશ્ય."

બે જણ ઉતર્યા ને થોડી વારમાં તેમણે અને નીચેના સાધુઓએ સૌમનસ્યગુફાને હતી તેવી શૂન્ય કરી દીધી. તેમાંથી નીકળીને પળવાર સરસ્વતીચંદ્ર, પાછા ફરી, ઉભો રહી, ઉપરથી નીચે સુધી પોતાના અપૂર્વ સંસ્કારોની સાધક આ ગુફાનાં દર્શન કરવા લાગ્યો અને તેને હૃદયમાં નમસ્કાર કરી સઉની સાથે ચાલ્યો.

માથે ચૈત્રી પ્રાતઃકાળનો સૂર્ય, પર્વતના ઉંચામાં ઉંચા ભાગના પવનની ઉત્સાહક લ્હેરો, આશપાશની નેત્રને શીતળ કરનારી ને રમણીય લીલીછમ લીલોતરી, વચ્ચે વચ્ચે તપ કરવા બેહેલા જટાધર વૃદ્ધ યોગીઓ જેવા કાળા ખડકો, સામે દૂર સમુદ્રની ઝીણી આકાશમાં મળી જતી જળરેખા, અને પગ ખસે નહી એટલું લક્ષ્યમાં રાખવાનું આવશ્યક કરતો સાંકડો ઉતરતો માર્ગ : એ સર્વ વચ્ચે એ માર્ગ ઉપર શાંત સાધુઓ અને તેમની વચ્ચે બે મિત્રો એટલું મંડળ, એક શબ્દ બોલ્યાવિના ચાલતું, ઉતરતું હતું, ને તે સર્વ વચ્ચે સરસ્વતીચંદ્રનું હૃદય, નવી શાંતિથી ને નવી સમૃદ્ધિથી, એના પગ ઉપડતા હતા તેની સાથે સાથે ઉપડતું હોય તેમ, ધડકતું હતું અને, ચારે પાસનાં ઝાડોને ગિરિશિખરનો પવન વાળતો હતો તેમ, એના વિચારને વાળતું હતું. આવી શાંતિથી તે નીચું જોઈ ચિરંજીવશૃંગથી ચંદ્રશૃંગ

ભણી ઉતરતો હતો, માત્ર સામે થઈને રંગબેરંગી પક્ષીઓ આવે ત્યારે આંખો ઉંચી કરતો હતો, અને તે મધુર સ્વર સંભળાવે ત્યારે સાંભળતો હતો.

પ્રકરણ ૪૬.

અલખમન્દિરનો શંખનાદ અને આયુષ્યની પૂર્ણાહુતિ.

Tell me not in mournful numbers,
"Life is but an empty dream!"
For the soul dead is that slumbers,
And things are not as they seem.

Life is real, life is earnest!
And the grave is not its goal;
"Dust thou art, to dust returnest"
Was not spoken of the soul.

Not enjoyment, and not sorrow,
Is our destined end or way,
But to act, that each to-morrow,
Find us farther than to-day.

Art is long, and Time is fleeting,
And our hearts, though stout and brave,
Still, like muffled drums, are beating
Funeral marches to the grave.

In the world's broad field of battle,
In the bivouac of Life,
Be not like dumb, driven cattle!
Be a hero in the strife!

Longfellow.



વિષ્ણુદાસ બાવાની યોગાવસ્થાની ચાર રાત્રિ અને ચાર દિવસનો સર્વ કાળ, એમની કોટડીમાં વિહારપુરી અને બીજા બે ઉત્તમાધિકારી બાવાઓએ, એમનું યોગસ્થ શરીર સાચવવામાં વારાફરતી અપ્રમત્ત જાગરણ કરી, ગાળ્યો. આજે એ કાળ પુરો થયો અને વિષ્ણુદાસ સમાધિમાંથી ધીમે ધીમે જાગ્યા તે કાળે એકલો વિહારપુરી તેમની પાસે બેઠો હતો.

સમાધિમાંથી જાગૃત થતા પ્હેલાંનો આખો દિવસ અને આખી રાત્રિ તેમના મુખ ઉપર અપૂર્વ આનંદ સ્ફુરી રહેલો હતો. અને જાગ્યા તેની સાથે, થયેલા મેઘની પાછળ રહેલી શીતળતા જેવું, જેમની શાંતિ અને સ્વસ્થતા દેખાઈ. શરીરની ઇન્દ્રિયો બહિર્મુખ થવા લાગી તેમ તેમ જેમનું શરીર હાલવા લાગ્યું, આજુબાજુના સ્વર કંઈક તેમના કાનમાં જતા જણાયા, અને અંતે આંખો ઉઘડી ત્યાં વિહારપુરી સામો હાથ જોડી ઉભો. વિહારપુરી ભણી થોડી વાર જોઈ રહી વિષ્ણુદાસ બોલ્યા.

"વિહારપુરી, મૈંને અપૂર્વ ચમત્કાર દેખા ઔર ઇસ મુખસેં ઐસા કહા નહી જાતા હય ! નવીનચંદ્રજી અપના મઠકા ઉત્કર્ષ કરેગા ઐસા તો સચ હય, કિંતુ ઉસકા સ્વકીય મહયજ્ઞકા વિષય ઔર મઠ ઇતના છોટા નહી ! ઉસકા મઠકી ઔર મહાયજ્ઞકી વિભૂતિ સંસારમેં મહતી જ્વાલાસે જ્વલમાના હોનેવાલી હય, ઔર મેં ઔર તું તો માત્ર દૂરસેં ઉસકા દર્શન કરનેકા અધિકારસેં જાસ્ત અધિકારકું પ્રાપ્ત ભી નહી હોનેવાલા ! જા, ઐસા મહાત્માકું ઇધર લા દે ઔર ઇસકી વેદિકા સંપૂર્ણ આપ્યાયન કરનેકા સમારંભ સબ સાધુલોગ લગા દે ઇસ તરેહકી વ્યવસ્થામેં ન્યૂનતા નહી હોવે ઐસા કર !"

"જૈસી ગુરુજીકી આજ્ઞા !"

વિહારપુરીએ દ્વાર ઉઘાડ્યું અને અન્ય સાધુઓ ગુરુની કાલોચિત શુશ્રૂષા કરવા લાગ્યા. વિહારપુરી કેટલાક સાધુઓને લેઈ સરસ્વતીચંદ્ર સામો ગયો, અને તેને અર્ધમાર્ગે મળી, તેને અને ચંદ્રકાંતને સાથે લેઈ. સાધુઓની ગર્જનાઓ વચ્ચે પાછો આવ્યો. સરસ્વતીચંદ્રે વિષ્ણુદાસને દેખતાં નમસ્કાર કર્યા, અને વિષ્ણુદાસ જોને દેખી એકદમ ઉભા થયા, એને અત્યંત પ્રેમથી આલિંગન દીધું, અને મૂર્ધભાગનું ઉપાઘ્રાણ[1] કરી, પાસે બેસાડી વાતો કરવા લાગ્યા.

"નવીનચંદ્ર, શરીરસંપત્તિ તો સારી છે ? આ તમારા મિત્ર છે ?"

સર૦—જી મહારાજ, આપની કૃપાએ અપૂર્વ લાભ હું પામ્યો છું તો શરીરસંપત્તિ પણ સારી હોય એમાં શી નવાઈ ? અને તેમાં આવા મિત્ર-

---

૧. મૂર્ધભાગ તે માથાનો ઉપલો ભાગ તેનું ઉપાઘ્રાણ કરવું એટલે તેને સુંઘવું. પ્રાચીનકાળમાં આ દેશના આર્યો વડીલો પુત્રના મૂર્ધભાગનું ઉપાઘ્રાણ કરતા. ૧૮૭૧-૭૨ માં ફ્રાન્સમાં એક મહાયુદ્ધમાં વિજય પામ્યા પછી જર્મનીના મહારાજે પણ પોતાના પ્રધાન બિસ્માર્કના મૂર્ધભાગનું ઉપાઘ્રાણ કર્યું હતું.

તના દર્શનથી તો શરીરની સાથે મન પણ પ્રફુલ્લ છે. એ મ્હારા વિદ્વાન્ મિત્ર ચંદ્રકાંત નામના છે–જેને માટે મ્હેં સાધુજનોને શ્રમ આપ્યો હતો.

વિષ્ણુ૦—ચંદ્રકાંતજી, તમારા આગમનથી અને ચિરંજીવશૃંગની સિદ્ધિથી તમારા મિત્રના દુઃખનો ધ્વંસ થયો હોવો જોઈએ.

ચંદ્ર૦—આ સ્થાન સર્વને શાંતિપ્રદ જ છે.

સર૦—મ્હારી પ્રબળ વાસનાઓ અને મોહ પણ નષ્ટ થયાં તો તે કારણના કાર્યરૂપ દુઃખનો ધ્વંસ થાય એ તો એ વસ્તુનો સહજ પરિપાક છે.

વિષ્ણુ૦—નવીનચંદ્ર, તમે અતિજ્વલમાન મહાયજ્ઞના અધિકારી છો.

સર૦—જ્યાં આપનો આશીર્વાદ એ અધિકારનું બીજ છે, ત્યાં એ બીજની સફલતા જ નિર્ધારી શકાય છે.

વિષ્ણુ૦—મહાત્મન્! આ લઘુમઠની મર્યાદાથી તમારી યજ્ઞવેદિને કુણ્ઠિત કરી ન નાંખશો. અપૂર્વ ચિરંજીવોના અપૂર્વ બોધને સફળ કરવામાં તમારી બુદ્ધિની ગતિ જેટલી દૂરગામિની થશે એટલી અમારી દૃષ્ટિ પણ નહી થાય. સૂર્યના તેજ પેઠે તમારી બુદ્ધિ જ્યારે સંસારમાં પ્રસરશે ત્યારે અમે માત્ર તેના પ્રકાશને અને ઔષ્ણ્યને સ્વીકારીશું.

સર૦—હે મહારાજ, અલક્ષ્ય પરાવર, લક્ષ્ય તરંગો ઉપર આ નામરૂપાદિ વડે લક્ષ્ય થયેલા હું મત્સ્યને, જ્યાં રાખશે ત્યાં રહેવાને તત્પર છું.

વિષ્ણુ૦— સ્વાધીન મનવાળા મનસ્વી! એજ વૃત્તિ રાખવી. અલખ મઠનો સંપ્રદાય લખ અધિકારનું પોષણ કરનાર શમને જ "શમ" માને છે અને કહે છે કે लौकिकसर्ववृद्धिव्यापाराणां स्वाधिकारानुपयुक्तानामफलत्वबुद्धिपूर्वकस्त्यागः शमः[1] ॥ જે વ્યાપાર લખ અધિકારને ઉપયુક્ત છે તેનું રક્ષણ કરીને જ અન્ય અન્તર્બાહ્ય વ્યાપારોના ત્યાગને શમ દમ કહીયે છીયે ને કૃષ્ણ પરમાત્માએ સાંખ્ય અને કર્મ યોગનો સમાગમ ગીતામાં દર્શાવેલો તે આ જ! સ્વાધીનમનસ્કતા તે જ છે ને વિરાગ પણ તે જ છે.–વિહારપુરી!

વિહા૦—હે મહારાજ!

વિષ્ણુ૦—તું કાંઈ કહેવા ઇચ્છે છે? મધુરીમૈયા સ્વસ્થ છે?

વિહાર૦—ચિરંજીવશૃંગના અધિકારી જીવને સ્વસ્થતા જ પ્રાપ્ત થાય છે, અને આવા સુંદર જીવોને તો આપે ધારેલી પઞ્ચ રાત્રિને સટે ચાર રાત્રિમાં એ સ્વસ્થતા પ્રાપ્ત થઈ તે તેમના અંતઃસૌંદર્યનો પ્રતાપ! આપની મુખમુદ્રાથી કાલનું અમે જાણી ગયા હતા કે પાંચમી રાત્રિની અપેક્ષા નહી રહે.

---

1 શારીરક ભાષ્ય ઉપર આનંદગિરિની ટીકા.

મધુરીમૈયા સર્વથા સ્વસ્થ છે. પણ નવીનચંદ્રજીના પૂર્વાશ્રમસંબંધે કંઈક પ્રશ્ન ઉઠવાથી મહારાજના ધર્મભવનમાંથી આપે પુછવાનાં પ્રશ્ન-પત્ર અને નવીનચંદ્રજી ઉપર આજ્ઞાપત્ર આવેલાં છે.

વિષ્ણુ૦—તે ધર્માજ્ઞાનો નિર્વાહ જ્ઞાનભારતીને સોંપી દેજો. નવીનચંદ્રજી, અંહીના સાધુજન પૂર્વાશ્રમના પ્રકાશને લજ્જાસ્પદ કે વિસ્મરણીય ગણતા નથી પણ તેને, આ આશ્રમનું બીજ ગણી, પ્રસિદ્ધ કરતાં સંકોચ રાખતા નથી.

સર૦—આ સ્થાનમાં જે કાંઈ આચાર હોય છે તેમાં સાધુતા જ હોય છે.

વિષ્ણુ૦—ઉત્તમ સાધુઓ માનનો કે મદનો સંગ્રહ કરતા નથી ને યજ્ઞકાર્યે અંહીના આશ્રમીયો યોગીપણાનું માન મુકી પૂર્વાશ્રમમાં પણ ગયા છે, ને, પૂર્વાશ્રમમાં જઈ ત્યાં જવા છતાં, અધ્યાત્મદૃષ્ટિમાં તો તેઓ આ આશ્રમવાસી જ છે એવું ભાન ભુલાવનાર મદને વશ થયા નથી. નવીનચંદ્રજી, આથી જ અલક્ષ્યાત્માના લક્ષ્યવિહારનો આદર યદુશૃંગ ઉપર સધાય છે.

સર૦—એ માન અને મદ ઉભયનો ત્યાગ કરવાની તો આપે મને દીક્ષા આપેલી છે ને આજ તેનું હાર્દ સમજાવવાની કૃપા કરોછો એ આપનો પરમ પ્રસાદ છે.

વિષ્ણુ૦—એ માનના અને મદના ત્યાગી સાધુઓ કન્થાને લોકયજ્ઞના અધિકારના તામ્રપટ જેવી ગણે છે તે અજ્ઞાની જનને પોતાનું અભિજ્ઞાન આપવાને માટે, આપણા મઠના દમ્ભને માટે નહી. એ આ કન્થાનો કાર્યકારણભાવ, અને કારણને અભાવે કાર્ય શબવત્ થઈ જાય છે.

વિહાર૦—જી મહારાજ, કાલ શ્લોક વાંચ્યો કે

आत्मोपाधिभिरेव कीलित इति स्मृत्या मनः शीर्यते ।
तत्कीलाः सुमनःशरा इव शिवे भस्मीकृतारौ कृताः ॥
धानुष्के तु हते धनुर्न हि धनुर्वाणा न वाणा इमे ।
मायानाटकभूमिकासु रमतां साक्षी पुनर्वा न वा ॥

---

૧ આત્મા ઉપર ઉપાધિઓના ખીલા જડેલા છે એવી સ્મૃતિ થતાં મન જાતે શીર્ણ થઈ જાય છે. શિવરૂપ મહાદેવે પોતાના શત્રુ કામદેવને ભસ્મ કર્યો તે પછી તેના બાણ નકામા પડ્યા રહ્યા તે પ્રમાણે મન શીર્ણ થઈ જતાં પેલા ખીલાઓ પેલા બાણ પેઠે નકામા થઈ જાયછે. એ ખીલારૂપ બાણનો મનરૂપ ધનુર્ધર આમ મરી જાયછે એટલે તેનું ધનુષ્ય તે ધનુષ્ય નથી ને તેના આ બાણ તે નથી. તો પછી માયા-નાટકની રંગભૂમિ ઉપર સાક્ષી-સ્વરૂપ પોતે રમોકે ન રમો—તે બે સરખી જ વસ્તુ છે.

વિષ્ણુ૦—"નવીનચંદ્ર, આ જીવન્મુક્તિ ! અને તે આપણા સાધુજનોને જ સાધ્ય છે ! અન્ય જીવન્મુક્તિની કથા તો તમે પ્રત્યક્ષ કરેલા અશ્વત્થામાનું નિવૃત્તિસ્થાન તેમ નિગ્રહસ્થાન છે. એ સ્થાન શોધવા યોગ્ય છે—પામવા યોગ્ય છે, પણ કમલોદરમાં ભ્રમર બન્ધન પામે તેમ આ આટલી જીવન્મુક્તિમાં બન્ધન પામનાર જીવસ્ફુલિંગો આત્મવઞ્ચનાને પામે છે. ઉપાધિરૂપ ખીલાઓમાંથી નહી પણ એના બળમાંથી મુક્ત થવાથી, ગર્ભસ્થાનમાંથી મુક્ત થયેલા શરીર પેઠે, જીવસ્ફુલિંગ નિષ્કામ યજ્ઞકાર્યને માટે સમર્થ થાય છે અને તે સમર્થતા પ્રાપ્ત થતાં એ યજ્ઞકાર્ય એનો લક્ષ્ય ધર્મ થાય છે. અલક્ષ્યપરાવર—પરમબ્રહ્મ—નું લક્ષ્યાત્મનિધિ-સ્વરૂપ-જેને સંસાર ઈશ્વરને નામે ઓળખે છે, જેને શ્રુતિ સુપર્ણયુગલમાંનું ઈશ-અંગ કહે છે,-તે સ્વરૂપ સાથે સાયુજ્ય પામ્યા વિના અલક્ષ્યપરાવરમાં સાયુજ્ય પામવાની કલ્પના મિથ્યા છે. સમુદ્રમાં પવનાદિ કારણથી તરંગો ઉત્પન્ન થાય છે તેની શાંતિ સમુદ્રમાં જ છે— સ્વયોનિમાં છે અને પ્રલયકાલે સમુદ્રાદિક પણ પરમ સ્વયોનિમાં પ્રાપ્ત થાય ત્યારે જ તરંગો પણ તેની સાથે એ પરમ યોનિમાં પરમ લય પામે છે તેમ જીવઅંગ ઈશઅંગરૂપ સ્વયોનિમાં પ્રાપ્ત થઈ તે દ્વારા જ અલક્ષ્ય પરાવરરૂપ પરમ યોનિમાં પ્રાપ્ત થાય છે. પરમ લક્ષ્યાત્મા ઈશને પ્રાપ્ત કરવાનો આ એક જ માર્ગ છે—તે માર્ગ નિષ્કામ મહાયજ્ઞવિધિ વિના અન્ય સમજશો નહી. તમને મુદિત આશય પામવાની દીક્ષા છે તે લોકમુદિત આશયની નહી પણ ઈશ-મુદિત આશયની સમજજો. લોક અજ્ઞાની છે તેમના મોદ કે અનુમોદ સાથે સાધુજનોને સંબંધ નથી, પણ તેમના કલ્યાણ સાથે ઉત્તમાધિકારીયો સંધાય છે. લોકનું કલ્યાણ એ જ પરમ લક્ષ્ય ઈશનો મુદિત આશય છે અને તે આશય તમારા હૃદયમાં વ્યાપી રહ્યો છે તો તમે તે પરમ સ્વરૂપનો યોગ પામવાના માર્ગમાં છો અને તમારા આયુષ્યના સર્વ અંશ એ માર્ગને ઉતરી રહેશે ત્યારે તમે એ યોગનું અવસાન પામશો.

"નવીનચંદ્રજી ! શ્રી યદુનંદનની પૂજનવેળાના આ ઘંટારવ અને શંખનાદ તમે સાંભળો છો. એ પૂજનવિધિ લક્ષ્યમહાયજ્ઞ નો સાંકેતિક[1] છે. જે લોકમાત્રના રક્ષક—પોષક પરમાત્મસ્વરૂપની આ સ્થાનમાં સાંકેતિકી પ્રતિમા છે તે જ સ્વરૂપની **શુદ્ધ પ્રતિમા** ભૂતમાત્રનાં અંતઃકરણોના સદ્ભાગરૂપ મંદિરમાં વ્યાપી રહી છે. ષોડશોપચારથી અને અન્યવિધથી ભક્તજનો સાંકેતિક પ્રતિમાને અન્નવસ્ત્રાદિકનું અને પોતાના સર્વસ્વનું નિષ્કામ અર્પણ કરે છે

---

1 Symbolical, સંકેતવાળો.

તે જ રીતે સાધુજનો શુદ્ધ પ્રતિમાની સર્વ રીતે સર્વ ચિંતાઓ કરી પોતાના સર્વસ્વનું એ પ્રતિમાને નિષ્કામ અર્પણ કરે છે. સાંકેતિકમંદિરમાં પુષ્પ-ધૂપાદિના સુગંધ અને અન્ય સુંદર સામગ્રી પૂજક અને પૂજિતને અભ્યસ્ત સ્વભાવથી તૃપ્ત કરે છે તેમ શુદ્ધ પ્રતિમાના મહામન્દિરમાં રસ, જ્ઞાન, અને ક્રિયાની સામગ્રી પૂજ્ય અને પૂજકને સ્વભાવથી તૃપ્ત કરે છે. સાંકેતિક મન્દિરમાંનું આરાત્રિક[1] મંગલમૂર્ત્તિને સુદૃષ્ટ કરવાને માટે છે તેવા જ, શુદ્ધ મંગલમૂર્ત્તિને સુદૃષ્ટ કરવાના, આરાત્રિકથી તમારા જેવા વિદ્યાસંપન્ન સાધુજનો મહામન્દિરના સુન્દર ભાગોને અને શુદ્ધ પ્રતિમાનાં સર્વ અવયવને સુદૃષ્ટ કરી લેછે. તે આરાત્રિકને પ્રસંગે મંદિરના શુદ્ધગર્ભાગારાદિ ભાગમાં અમારા જેવા સાધુજન સૂક્ષ્મ ઘંટાનાદ કરે છે ત્યારે તમારા જેવા સમર્થ સાધુજનોના શંખનાદ એ પૂજનની કીર્તિનાં સંગીત, લય, અને પ્રતિધ્વનિ વડે એ મંદિરને તળથી તે ધુમટ સુધી ભરે છે અને બ્રહ્મરના માર્ગોને અને દૂરની ગિરિગુહાઓને અલક્ષ્ય ગર્જનાના ગાનથી ગજવી શકે છે !

" નવીનચંદ્રજી, આવો અપ્રતિહત શંખનાદ કરવાને ચિરંજીવોએ તમને અધિકાર આપેલો છે તે વાપરતાં અમારા લઘુ મહને ભુલશો મા, તેમ એ મઠમાં તમારી ગતિને સંકુચિત કુણ્ઠિત કરી રાખશો મા, સાંકેતિક કન્થાનું મૂળ શુદ્ધ સ્વરૂપે પ્રકટ કરતાં શંકા રાખશો મા, સંસારના કોલાહલથી ભડકશો મા, પામર અજ્ઞ જીવોની કરેલી સ્તુતિથી કે નિન્દાથી ઠગાશો મા. એકદેશીય કે એકકાલીન અનુભવ અને વિદ્યાથી તેમ એકમાર્ગી બુદ્ધિથી જ સંભૃત થયલા જીવોના—પવન જેવા—ઝપાટાથી તણાશો મા, સર્વ વસ્તુનો યોગ્ય આદર કરનારી સર્વાસ્તિકતા[2] વિનાની શ્રદ્ધાથી બંધાશો મા, મનુષ્યરૂપે વિચરતાં પશુપક્ષીયોના સ્થૂલ બળના ભયથી કે પ્રહારથી કમ્પશો મા, કોઈની કે કશાની ઉપેક્ષા કરશો મા, તેમ તેને આધારે બેસી રહેશો મા, અને સર્વથા અધ્યાત્મ બળમાં અચળ રહી, તમારા મહાયજ્ઞના વિધિમાં અખંડ સજ્જતાથી પ્રવૃત્ત રહી, એ યજ્ઞના અતિથિમાત્રનું કલ્યાણ સાધ્ય કરી, એ યજ્ઞમાં તમારા આયુષ્યના સર્વ અંશને હોમી દેજો !

" નવીનચન્દ્રજી ! એ પરમ યજ્ઞથી તમને ચિરંજીવોએ આપેલી મહાસિદ્ધિ સફળ થશે, એ પૂર્ણાહુતિથી તમે લક્ષ્યાત્માને લક્ષ્ય કરશો, અને પરમ અલક્ષ્ય પરાવરમાં ત્રિયોગ સાધનાથી સાયુજ્ય પામશો ! એ પરાવરને પામવાને યોગ, કર્મ, અને જ્ઞાન ત્રણે સાધનને પામી ત્રિયોગ સાધજો."

---

૧. આરતી. ૨. सर्वास्तिकता श्रद्धा: શારીરક ભાષ્ય ઉપર આનંદગિરિની ટીકા.

પ્રકરણ ૪૭.

મોહનીમૈયાનો ઉચ્ચ અધિકાર.

I, through the ample air in triumph high,
Shall lead hell captive, mauger hell, and show
The powers of darkness bound.—*Milton.*



ચોકમાં ને કુંજવનમાં કુમુદસુન્દરીનું સાધ્વીઓએ સ્વીકૃત્ય કર્યું હતું તે જ સ્થાનમાં પ્રધાનકુટુંબને માટે મ્હોટા બેવડી કનાતના તમ્બુઓ માર્યા હતા, અને કુમુદ વસન્તગુફામાંથી નીકળી તે પ્હેલાં તો આ તમ્બુઓમાં એનું કુટુમ્બ દાખલ થઈ ગયું હતું. ત્યાંના કદમ્બવૃક્ષને વચ્ચે રાખી ચાર પાસ ચાર તમ્બુઓ ને વચ્ચે માંડવા અને રાવટીઓ ઉભી કરી દીધી હતી ને છેટે કનાતના માંડવા રસોઈને માટે બાંધ્યા હતા.

મોહનીમૈયાને સંદેશો આ પ્હેલાંની રાત્રિએ કહાવ્યો હતો અને તંબુઓ આગળ પથરાઓ ઉપર ન્હાની શેતરંજીઓ પાથરી સર્વ દાતણ કરવા બેઠાં તે વેળા મોહની આંહી આવી, અને એને જોઈ દાતણ કરી રહેલી ગુણસુંદરી સામી ઉઠી.

"જય શ્રી યદુનંદન"—કહી બે જણાં સામાસામી પથરાઓ ઉપર બેઠાં. મોહનીએ યદુનંદનનો પ્રસાદ પડીયામાં ભરેલો આપ્યો.

"સાધુજનોમાં શાંતિ અને સ્વસ્થતા છે?—પરિવ્રાજિકાઓના ધર્મવ્યવહાર સુખથી નિર્વિઘ્ને પ્રવર્તેછે?" ગુણસુન્દરીએ પુછ્યું.

મોહની૦—મહારાજની આણ વર્તે છે ને પ્રધાનજી હિતચિન્તન કરે છે ત્યાં સાધુજનોને બાહ્ય ભય તો નથી જ. અને વિષ્ણુદાસજી જેવા ગુરુજન જાગૃત છે ત્યાં સુધી પરિવ્રાજિકાઓ સાધુતાનો ઉત્કર્ષ જ અનુભવે છે.

ગુણ૦—મોહનીમૈયા, હું કાંઈ કાર્યસર આવી છું ને તેમાં તમારો આશ્રય શોધવાનો છે.

મોહની૦—ગુણસુન્દરી જેવાં પ્રધાનપત્ની કાંઈ પણ સત્કાર્યની જ વાસના રાખશે. સામાન્ય જનને પણ સત્કાર્યમાં આશ્રય આપી સાધુજન કૃતકૃત્યતા માને છે તો આપની વાસનાની તૃપ્તિમાં તો સાધુજનોને ઘોર આનંદનું કારણ છે.

ગુણ૦ —મ્હારાં માતા અને મ્હારાં બ્હેન ગણી તમારી સાથે વાત કરું છું.

મોહની૦——પરિવ્રાજિકામંડલની અધિષ્ઠાત્રીને એવી વત્સલતાની ચિન્તાઓ પ્રકૃતિ થઈ પડી છે.

ગુણ૦——તમારી પાસે કાંઈ ગુપ્ત વાત કહેવી છે ને ગુપ્ત વાત પુછવી છે.

મોહની૦—દમ્પતીનાં પરસ્પર રહસ્ય વિના અન્ય વાત સાધુજનોને પોતાને ગુપ્ત નથી, તેમ વિશ્રમ્ભથી અને ગુપ્ત રાખવા દુઃખી જનોએ કહેલી કથા ગુપ્ત રાખવી એ તો દુઃખી જનને માટે પ્રથમ ઔષધ છે તેમાં સાધુજનની વૈદ્યવિદ્યા ચુકે એમ નથી. બાકી આ તો આપનું જ મંડળ છે તેનાથી શું ગોપ્ય છે તે આપ જાણો-

ગુણ૦—આ મંડળથી કાંઈ ગોપ્ય નથી. મોહનીમૈયા, મધુરીમૈયા નામની બાલા તમારે ત્યાં છે ?

મોહની૦—એણે અમારા આતિથેયનો સત્કાર કર્યો છે, એ સર્વ સાધુજનોનું અને સાધ્વીઓનું જીવન થઈ પડી છે, અને પરમ દિવસ જ એ સ્વયંભૂ અભિલાષથી કન્થાધારિણી થઈ છે.

ગુણ૦—અમે હુમી ગઈ ધારેલી મ્હારી પુત્રી એ હોવાનો સંભવ છે.

મોહની૦ —કમળમાં પરાગ ઉદ્ભવ પામે તો તે ઉચિત જ છે.

ગુણ૦—એનું મૂળ નામ કે એના કુટુંમ્બનું નામ કોઈ સાધુજન જાણે છે ?

મોહની૦ —એક જાણે છે એ પોતે ને બીજા ગુરુજીના પરમ પક્ષપાતનું સ્થાન થયલા પરમ સાધુજન નવીનચંદ્રજી જાણતા હોય એવું અનુમાન છે.

ગુણ૦—એ મ્હારી પુત્રી હશે તો સાધુજનોએ એને અમારે સ્વાધીન કરવી પડશે.

મોહની૦—સ્વાધીન થવાની એની ઇચ્છા હશે તો સાધુજનોનો ધર્મ તેમાં અંતરાય થઈ પડવાનો નથી. પણ સાધુજનોને શરણે આવેલી મધુરીને એની ઇચ્છા ઉપરાંત કોઈને સ્વાધીન કરવાનો સાધુજનોનો ધર્મ નથી અને તેમ કરતાં તેમના જીવ ચાલે એમ પણ નથી. સાધુજનને આશ્રિત થયલાં સાધુ જીવનને દુભવવાનો કે પોતાને વશ કરવાનો અધિકાર રત્નનગરીના મહારાજાને પણ નથી એ સુપ્રસિદ્ધ વાત આપનાથી અજાણી નહી હોય.

સુન્દર૦—શું મોહનીમૈયા, આ મ્હારી કુમુદ તમારામાં સાધુડી થઈને રહેશે ને તમે અમને પાછી નહી સોંપો ?

મોહની સ્મિત કરતી બોલી: "સુન્દરગૌરી, અમે કોઈને શરણે લઈએ છીયે બરાં પણ પારકાને શરણે મુકતાં નથી."

કુસુમ૦—હાશ, કાકી હાર્યાં. હવે તો કુમુદ ને કુસુમ બે બ્રાહ્મણ બાયીઓ થશે ને કાકીનું ચાલવાનું નથી.

ક્રોધમાં બોલવા જતી સુંદરને ગુણસુંદરીએ અટકાવી ને પોતે બોલી.

"મોહનીમૈયા, તમે સત્ય બોલો છો; પણ મ્હારા જેવી માતાના હૃદયના દુઃખને શાંત કરવું તે તમારો ધર્મ છે."

મોહની૦—જો તે કાર્ય ધર્મથી સધાશે તો મોહની તેમાં સજ્જ છે. પણ, પ્રધાનપત્ની, માતાનો ધર્મ એ છે કે સંવનનથી વનિતા થઈ હૃદયથી વરેલા દયિત જનથી પુત્રીને છુટી કરવા પ્રયત્ન કરવો નહી. પણ મધુરી તમારી પુત્રી હોય તો તમે મધુરીને એક વાર વિયોગિની કરી, તે પછી એનો પરજન સાથે વ્રત્યના—વિવાહ કરાવી, એની પાસે પરગૃહમાં વાસ વસાવી, અને એક વાર આ મહાન્ અપરસ અનર્થ અધર્મ કરી, હવે ફરીથી એવું કાર્ય આરંભવા ઇચ્છશો તો સાધુજનો મધુરીનું પરમ રક્ષણ કરશે. જો મધુરી જાતે જ તમારી ઇચ્છાને આનંદથી સ્વીકારશે તો સાધુજનો તેને પતિત્યાગના પરમ અધર્મમાંથી નિવારવા ગુરુ પ્રયત્ન કરશે અને એ પ્રયત્નમાં નહી ફાવે તો મધુરીને અધર્મિણી અને સ્વૈરિણી ગણી એનો ત્યાગ કરવો ઉચિત ગણશે તે આપને પણ ગમશે. આપના ભયથી કે લજ્જાથી કે સ્ત્રીહૃદયની ગુહ્યાઓ ઉપરના અનેક પટમાંના કોઈ પણ પટના આકર્ષણથી તે આપની જોડે આવવાની મુખથી હા કહેશે તો સાધુજનો એની અબળા જિવ્હાનો આધાર ન રાખતાં એના હૃદયના અંતર્ભાગની શુદ્ધ વાસનાને સૂક્ષ્મ ચિકિત્સા કરી જાણી લેશે. તે ચિકિત્સાને અંતે એને જો આપની જોડે આવવું ઇષ્ટ જણાશે તો સાધુજનો વાંધો નહી મારે; પણ સાધુજનોના શુદ્ધ ધર્મને અનુસરી નવીનચંદ્રજી સાથે કે અમારા મહમાં રહેવાની એની અંતર્વાસના જણાશે તો સુન્દરગિરિ એને સુંદર આશ્રય આપશે, એ આશ્રય આપતાં સ્થૂલ બળના જે પ્રહાર પડશે તે સાધુજનો સહી લેશે, ને બાલ શીતોષ્ણથી જેમ માબે એને નવ માસ સુધી ગર્ભમાં સુરક્ષિત રાખી હતી તેમ સાધુજનો એના આયુષ્ય-પર્યંત એને પોતાની વચ્ચોવચ્ચ, પરમ બળથી અને અલખના અધિકારથી, સુરક્ષિત રાખી શકશે ને રાખશે. પણ અધર્મ જેમાં

પ્રાપ્ત નહી થતો હોય એવો કોઈ માર્ગ આપને કે મધુરીની મધુર બુદ્ધિને સુઝશે તો યદુનન્દનના સર્વ પ્રસાદની સામગ્રી આપના દુઃખની શાન્તિને માટે સર્વથા સ્વાધીન સમજવી.

ગુણ૦—સાધુજનોનો અધિકાર એના ઉપર શી રીતે આવ્યો? એનું વૈધવ્ય ગણો તો એણે શ્વશુરકુટુમ્બમાં જવું જોઈએ ને કોમાર ગણો તો અમારી પાસે એણે વસવું જોઈએ એવી સંસારની વ્યવસ્થા છે, ધર્મશાસ્ત્રનો આદેશ છે, ને મહારાજ મણિરાજની સાર્વજનિક આજ્ઞા છે. સાધુજનો સાધુજનો ઉપર પોતાનો અધિકાર વાપરે તે યોગ્ય છે. પણ સંસારીયોનાં કુટુમ્બ ઉપર તમે અધિકાર વાપરો તેથી તમારી મર્યાદાનું ઉલ્લંઘન નહી થાય? ક્રોધ ન કરશો.

મોહની૦—" પ્રધાનપત્નીજી, પ્રશ્ન પુછોછો તેમાં સાધુજનો શા માટે ક્રોધ કરે? તેમાં આ તો ઉચિત પ્રશ્ન છે. તો ઉત્તર સાંભળો. સંસારને માટે બંધાયલાં ધર્મશાસ્ત્રમાં તો न स्त्री स्वातन्त्र्यमर्हति એટલે સુધી છે; પણ અલખ માર્ગનું ધર્મશાસ્ત્ર સ્ત્રીને અધ્યાત્મ દૃષ્ટિથી જુવે છે ને આ સૂત્રને ક્ષુદ્ર ગણે છે. સંસારની વ્યવસ્થા તો ત્રીશ વર્ષના પુત્રને પણ માતાપિતાપાસે બાળક ગણાવે છે ને એવા પુત્ર ઉપર સંસારી માતાપિતા આજ્ઞા કરતાં લજ્જાનું કારણ જોતાં નથી. અલખ યોગીયોની મઠવ્યવસ્થામાં વયોબાલ યુવાન્ થાય છે તેની સાથે પોતાના હૃદયકમળમાં રહેલા પરમજ્યોતિને પ્રત્યક્ષ કરે છે ને એ જ્યોતિના પ્રકાશને મનુષ્યની આજ્ઞાથી અવચ્છિન્ન કરવો કે અસ્વતંત્ર કરવો તેને અમારો સાધુસંપ્રદાય એક મહાન્ અધર્મ અને અનર્થ માને છે. મહારાજ મણિરાજની આજ્ઞાઓ સંસારમાં આવશ્યક છે પણ સુંદરગિરિ ઉપરના સાધુજન સાધુતાને વશ રહે ત્યાં સુધી મહારાજની આજ્ઞાઓ પણ માત્ર સૂચનારૂપ ગણાય છે એવા વિચાર, લેખ, અને આચાર પરાપૂર્વથી છે.

" ચંદ્રાવલીમૈયાને આપનો સંદેશો કાલ પ્હોચ્યો હતો તે એમણે મને વિદિત કર્યો હતો તે ઉપરથી આપને દર્શાવવાને માટે આ લેખોમાંના પ્રતિલેખ[1] પરિવ્રાજિકા મઠમાં રહે છે તે હું આણ્યા છે તે દેખાડીશ. જે શરીર બાળક છે ને સંસારીને ત્યાં જન્મ પામેલું છે તેના ઉપર અમારો અધિકાર નથી. પણ એ શરીર બાળકવય મુકી તરુણ થઈ અમારો આશ્રય શોધે ને અમે આપીયે તો એ શરીર ઉપર તેનાં જનકજનનીના અને સર્વ સાંસારિક સંબંધીયોના સંબંધ તુટી જાય એવો અમારો અધિકાર આ

---

1. નકલ.

લેખોએ વારંવાર સિદ્ધ કરેલો છે. મહારાજ મણિરાજનું બાળક તરુણ થઈ આ સ્થાને શરણ માગે તો તેના ઉપર પણ અમારો અધિકાર પ્રાપ્ત થાય છે ને મહારાજની આજ્ઞાઓ તેને પ્હોચતી નથી.”

સુંદર વ્હીલી અને દુઃખી થઈ બોલીઃ “ત્યારે શું મ્હારી કુમુદ અમારી મટી ?”

મોહની૦—સુંદરગૌરી, શા માટે શોક કરો છો ? એ મમતામૂલક પ્રશ્ન અમારે ત્યાં નિષ્ફળ છે. સાંસારિકી મમતાનો અમે ત્યાગ કરીયે ને કરાવીયે છીયે.

સુંદર૦—ત્યારે શું કુમુદનું કલ્યાણ કરવાનો અમારો અધિકાર ઉતરી ગયો ?

હસીને મોહની બોલીઃ “ તમે વળી કીયે દિવસે એ અધિકાર તમારી પાસે રાખ્યો છે જે? તમે વિવાહની વઞ્ચના કરી એના કુહેવાતા પતિને એને સોંપી દીધી તે દિવસથી તમારો અધિકાર તમે એ કુહેવાતા પતિને સોંપી દીધો. તમારી પાસે તે હવે ક્યાં છે ? સત્ય જોતાં તો એ સોંપવાનો અધિકાર પણ તમારી પાસે તમે માન્યો તે તમારો મહાન્ દૃષ્ટિદોષ થયો, એ દોષ જે કાર્યનું કારણ થયો તે મહાન્ અને ક્રૂર અધર્મ થયો, એથી તમારી નિર્દોષ પ્રિય પુત્રીને જે પ્રહાર વેઠવા પડ્યા તેથી સિદ્ધ થયું કે તમે એનું કલ્યાણ કરવાને શક્તિહીન છો, અને જે કલ્યાણ કરવા માતાપિતા અશક્ત નીવડ્યાં તે કલ્યાણ અમ સાધુજનોએ એને પ્રાપ્ત કરાવ્યું. હજી વધારે સૂક્ષ્મ વિચાર કરો તો આ અધર્મ અને અકલ્યાણનું પાપ આવી વ્યવસ્થાની કારણભૂત રાજનીતિને અને એ નીતિ પાળનાર રાજાને પણ સ્પર્શે છે. ભારતવર્ષના મહારાજ ભરતના પિતા દુષ્યન્તનું વાક્ય છે[1] કે જ્યારે જ્યારે માતાપિતા આદિ સ્નિગ્ધ સંબંધીઓનો મ્હારી પ્રજાને વિયોગ થશે ત્યારે ત્યારે તેમનું અપાપ સંબંધિકૃત્ય હું કરીશ. આ વિયોગ તે કેવળ મૃત્યુજન્ય નહીં પણ બુદ્ધિભ્રમાદિજન્ય ગણવો એટલે બુદ્ધિભ્રમથી માતાપિતાદિક વગે પુત્રાદિકનું સ્નેહથી કલ્યાણ કરવું મુકી દે ત્યારે પણ એ સ્નેહમય માતાપિતાદિનો પુત્રાદિકને વિયોગ થયો જ ગણવો; અને એ માતાપિતાદિકે પડતું મુકેલું કાર્ય રાજાએ આરંભવું એવું અમારા પ્રાચીન રાજધર્મવેત્તાઓ લખી ગયા છે.

---

૧. येन येन वियुज्यन्ते प्रजाः स्निग्धेन बन्धुना
स स पापादृते तासां दुष्यन्त इति घुष्यताम्
(शाकुन्तल)

આપણા મહારાજ એ ધર્મ પાળતા નથી તે તમારા ભ્રષ્ટ સંસારને ગમતું હશે, પણ અમારા સુન્દરગિરિ ઉપર તો મહારાજે પડતો મુકેલો એ ધર્મ પાળવાનું કામ અમે ત્રિમહંતું અધિષ્ઠાતૃમંડળ કરીયે છીયે ને એવા એવા રાજધર્મથી સાધુજનોનાં કલ્યાણ સાધીયે છીયે. સુન્દરગૌરી, તમે મધુરીનું જે કલ્યાણ ધારો છો તે તેના હૃદયને પણ કલ્યાણરૂપ ભાસશે તો અમે એના હૃદયનાં જ્યોતિને પરવશ નહી કરીયે, પણ તેમ નહી હોય તો તમે તેને પરવશ કરો એવું થવા પણ નહી દઈએ.

ગુણ૦—મહારા સ્વામીનાથે તમારો આ અધિકાર મને કહી દીધો છે ને એ અધિકારને વશવર્ત્તિની થઈને તમારો આશ્રય માગવાનું કહ્યું છે.

મોહની૦—તેઓ શુદ્ધધર્મજ્ઞ છે.

ગુણ૦—તો તમે કેવે પ્રકારે આશ્રય આપી શકશો?

મોહની૦—ગુરુજીની આજ્ઞાથી નવીનચંદ્રજી ચિરંજીવશૃંગ ઉપર વસતા હતા અને અમારા સખીકૃત્યથી મધુરીમૈયાને તેમનાં દર્શનનો ને સમાગમનો લાભ થયલો છે. મધુરીમૈયાએ કન્થા ધારી તે પણ આ પુણ્ય સમાગમનું જ ફળ થયું છે. નવીનચંદ્રજી અત્યારે ત્યાંથી પાછા ફરી ગુરુજી પાસે ગયા હશે, અને મધુરીમૈયાને લેઈ ચન્દ્રાવલીમૈયા અમારા મઠમાં પાછાં આવશે. મહારું કામ ન હોય તો હું ત્યાં જઈ તેમને અંહી મોકલીશ, અને મધુરીમૈયા આપની પુત્રી જ નીવડે તો તેના હૃદયની ઇચ્છા જાણી લેઈ ચન્દ્રાવલીને કહેશો, અને તેનાથી તે જાણી, શો નિર્ણય કરવો તે વિચારવા હું સમર્થ થઈશ.

સુન્દર૦— કુમુદ અમારે ઘેર આવવાની હા કહેશે તહોયે તમે એને નહી આવવા દો?

મોહની૦—એ હા એના હૃદયની હશે તો આવવા દેઈશું—નીકર નહી. એનું મુખ એના હૃદયનો મન્ત્ર પ્રકટ કરે છે કે નહી તે અમારે વિચારવાનું.

સુન્દર૦— ઠીક ભાભીજી, એટલી છોકરી કહેશે તે ખરું ને તમે એનાં મા કહેશો તે ખોટું. આપણે કોઈને મળ્યા વિના અંહીથી જ પાછાં જઈયે તો હવે શું ખોટું? એ રાંક છોકરીને આ બાવાબાવીઓયે સાંઢ જેવી કરી.

મોહની૦—તમને ન રુચતું હોય તો પણ અમે અવશ્ય એ મહાકૃળ સાધ્યું છે ને તમારે જવું કે રહેવું તે તમારી સ્વતંત્રતાની વાત છે.

ગુણ૦—મોહનીમૈયા, ચિરજીવશૃંગ ઉપર કુમુદ નવીનચંદ્ર જોડે કેવી જાતના સંસર્ગથી રહી હતી ?

મોહની૦—અન્ય જનથી તો તે ગોપ્ય જ હોવું જોઈએ. પણ તમે તેની જનની છો ને ચંદ્રાવલી ખરા સમાચાર જાણતાં હશે તે તમને આ વાત કહેશે.

ગુણ૦—કુમુદને તમારે ત્યાં રહેવાનું હશે તો ક્યાં રાખશો ?

મોહની૦—વિહારમહમાં નવીનચંદ્રજી જશે તો તેની સાથે, ત્યાં નવીનચંદ્રજી નહી જાય તો મધુરીમૈયા મ્હારી સાથે પરિવ્રાજિકામહમાં રહેશે, અને ગુરુજી અન્યત્ર વાસ આપશે તો ત્યાં જશે. પણ જ્યાં જશે ત્યાં સુંદરગિરિની છાયામાં રહેશે.

ગુણ૦—જ્યાં સુધી અમે આ સ્થાનથી રત્નનગરી જઈએ ત્યાં સુધી અને અમને અવશ્ય લાગે તો તે પછી કુમુદનું નામ અને તેનો અમારો સંબંધ ગુપ્ત રાખવાનું બનશે ? તમે જેને પુણ્ય સમાગમ કહો છો તેને અમે અધોગતિ કહીયે છીયે તે વસ્તુ કુમુદ પામી હોય તો તેને પણ ગુપ્ત રાખી શકશો ?

મોહની૦—એનો પૂર્વાશ્રમ પ્રકટ ન કરવો એ તો અમારો ધર્મ જ છે. એનો સમાગમ જનતે સર્વને પ્રત્યક્ષ થશે તો અમે તટસ્થ રહીશું ને પરોક્ષ રહેશે તો અમે પ્રકટ નહી કરીયે. તેને ઉન્નતિરૂપ ગણવો કે અધોગતિરૂપ ગણવો એ તો હૃદય હૃદયનો પોતાનો જેવો અધિકાર.

ગુણ૦—એટલું બહુ છે. તેટલું ગુપ્ત રાખજો ને તમે જઈને એને મોકલો.

મોહની૦—અમારા અધિકારના ઉલ્લેખ આપને જોવા છે ?

ગુણ૦—એ જોવા કરતાં ન જોવા સારા છે. કુસુમ, એમાં તહારે વાંચવા જેવું નથી—જે હોય તે એમને આપી દે.

કુસુમ આપતી આપતી વાંચતી રહી નહી ને મ્હોટેથી વાંચતી વાંચતી એક પછી એક પત્ર આપતી ગઈ.

" These anchorites live an innocent, free, unalloyed holy and refined life which is quite anomalous, not only in this province, but in the whole of modern India. Probably they are a relic of some very ancient stage of the glorious days of Indian civilization. The Chiefs of this State have always not only extended to them

liberal assistance and encouragement; but they have also, with genuine veneration, allowed to them all the sphere and privileges of self-government and all the protection against any trespasses by a depraved outside world, which a microscopic but nobly planned indigenous republic might have the rare luck of desiring and enjoying in the midst of the semi-barbarous age surging outside their castle-walls. The British Government has therefore wisely, not only confirmed, but even guaranteed the independence and integrity of this body of holy men, lest a change of views among the rulers of the State should ever tempt any future incumbents of the *gâdi* to contaminate or crush so noble and well-deserving an institution."—*Extract from the Correspondence of the British Representative to H. H. the Mahârâja Nâgarâja.*"

પ્રકરણ ૪૮.

બે યુગ વચ્ચેના પડદામાં પડતા ચીરા.

Some force whole regions, in despite
Of geography, to change their site:
Make former times shake hands with latter,
And that which was before, come after.

Butler's Hudibras.

ચાર તમ્બુઓમાંથી એક સ્ત્રીવર્ગને માટે હતો; બીજો માનચતુરને માટે હતો; ત્રીજામાં સાધુઆદિના સત્કારને માટે યોજના હતી; અને ચોથો રાજ્યનાં માણસો અથવા પુરુષવર્ગના અતિથિયોને માટે હતો અને એમાં ચન્દ્રકાંતને રાખવા કલ્પના હતી. મોહની ગઈ તેની સાથે સુન્દર અને કુસુમને સાથે લેઈ ગુણસુન્દરી પોતાના તમ્બુમાં ધીમે પગલે ગઈ અને એને પગલે વૃદ્ધ માનચતુર આવ્યો ને પુછ્યા લાગ્યો.

"ગુણસુંદરી, મોહની પાસેથી કાંઈ નવીન જણાયું?"

ગુણ૦—ચંદ્રાવલી એને લેઈ થોડી વારમાં આવશે અને આપણાં નાક રૂહેવાનાં છે કે કપાવાનાં છે તે કૂહેશે.

માન૦—તમે અમસ્તો શોક કરો છો. સંસારને તો ઝુલાવનાર હોય તો ઝુલાવીયે તેમ ઝુલે એવો છે. આપણાં નાક બાક છે એવાં ને એવાં રહેશે ને દીકરીને નકામા ડહામ દેશો નહીં. બ્રહ્મવટીયામાંથી બચી ને બળીમાંથી ઉગી તો સાધુઓમાં સમાશે ને બગતને તે બણવવાની કાંઈ બરુર નથી. માટે મુઝાશો માં ને હું સઉ સવળું ઉતારીશ.

ગુણ૦—બ્રહ્મારનાં નાકને આપ રાખશો પણ હૃદયમાં પડ્યા ઘા રુઝાવાના નથી. આપણે જેને અધર્મ ગણીયે છીયે તેને આ સાધુલોક ધર્મ ગણે છે ને કાંઈ કાંઈ ગાંડાં કૂહાડી એહ છે ને હજી ગાંડાં કૂહાડશે ને તેમને નિવારવાનું કાંઈ સાધન આપણી પાસે નથી. બરું પુછો તો કુમુદનું નામ દેવું મને ગમતું નથી, એ આવશે તો જોવી નહી ગમે, ને બોલશે તો સાંભળવું નહી ગમે. મ્હારા મનની બ્હીક બરી છે એવું મ્હારું કાળજું કૂહે છે ને મ્હારી કુખને લજવનારી આ પુત્રી ન પડી પેટ પથરો ને ન ગઈ મરી!

માન૦—તમે ભોળાં છો ને જગતની માયા સમજતાં નથી. એ દીકરીને મોઈ ઇચ્છો છો તે હવે તમ સ્ત્રીજનતને શું કરીયે? પણ બોલોને કે એણે તે શો વાંક કર્યો? એક જણની સાથે એનો જીવ જોડી પછી એના શરીરને બીજે ઠેકાણે આપણે કૂંકયું, ને ત્યાં આવો કર્મપુટયો માંટી મળ્યો. ગુણસુંદરી, કૂહેવું બધાંને સારુ છે પણ કરવું તો મહાકઠણ છે. તે છતાં આ છોકરીએ આટલી આટલી ટક્કર ઝીલી પોતાનું ને તમારું પણ સાચવ્યું. હવે જ્યારે ઈશ્વરે જ એને જોઈતો જન્મારો આપ્યો ત્યારે આપણે હજીયે આપણું નાહુ પકડી રહીયે તો આપણાં જેવાં મૂર્ખ કોણ? ક્યાં બ્રહ્મવટીયા, ક્યાં સુભદ્રા, ક્યાં માતાનો બેટ, ક્યાં સુન્દરગિરિ, ક્યાં સરસ્વતીચંદ્ર, ને ક્યાં એ? જ્યારે ચારે પાસથી આટલાં ચક્રા ગોઠવાઈને મળ્યાં ત્યારે આ ઘડીયાળ ચાલવા માંડ્યું ત્યાં શું તમે બટ્ટા થઈને કમાન તોડી નાંખશો? લોક તો પારકા ઘરમાં હોળી સળગાવે ને ચારે પાસ નાચી નાચી તાળીયો પાડે, માટે આપણે પણ શું એ આપણું ઘર સળગતું જોવું ને લોકમાં ભળવું? માટે ઉઠો ને આ ધેલછા મુકી દો. જુવો, બળી ઝળી મહામહેનતે કંઈ શીતળ થવા આવેલી રાંક દીકરી તમારી પાસે આવે ત્યારે એને પાછી બાળવા માંડશો નહીં, એને બહડશો નહીં, એની સાથે

અબોલા રાખશો નહી, મ્હોં ભારેખમ કરશો નહી, થોડુંબોલાં પણ થશો નહી,—એવું એવું કરશો તો એ ચકોર જાત તરત તમારા ગુપ્ત રોષને ચેતી જશે ને પ્રકટવા માંડેલી જ્યોત ચરચર થઈ હોલાવા માંડશે. માટે ડાહ્યાં થઈ એને ખોળામાં બેસાડી દીલાસો આપજો, એને એના સુખનો માર્ગ મા થઈને બતાવજો, ને એનાં આંસુ લ્હોજો. ગુણસુંદરી ! તમે આમ મ્હારું કહ્યું કરવામાં ચુકો તો તમને મ્હારા—એટલે ગણતાં હો તો તમારા વડીલના—સોગન છે. હું જાણું છું કે તમને હું બહુ વ્હાલો છું ને મ્હારા સમ તમે પાળ્યા વિના નહી રૂહો. તો તમારો આટલો વિશ્વાસ રાખી હુંજાઉં છું ને પરિવ્રાજિકામઠમાંથી આવવાનો માર્ગ શોધી વચ્ચે બેસુંછું ને એ આવશે તેની સાથે પાછો આવીશ. તમારી સાથે બધી વાત કરતાં એ શરમાશે, માટે એને ને કુસુમને સાધુજનોને માટેના તંબુમાં જવા દેજો ને બે બ્હેનો એક બીજાની વાત જાણી લેશે. બેટા કુસુમ ! બ્હેનની અમુઝણ ટાળજે ને પછી ગુણીયલને કૂહેવું હોય તે એકાન્તમા કૂહેજે.—આપણે સઉ સવળું કરીશું ને બ્હેનને કૂહેજે કે કોઈ એના ભણી નહી રૂહે તો દાદાજી તો રૂહેશે જ ને જેમ બ્હારવટીયાઓમાંથી તેને ઉગારવા ઘોડે ચ્હડ્યા હતા તેમ હવે સંસારનાં દુઃખમાંથી તેને ઉગારવા તહારા દાદાજી આખા સંસાર સામી બાકરી બાંધવાના છે, માટે એને કૂહેજે કે રજ ચિંતા કરીશ નહી. ગુણસુંદરી, એ બે બ્હેનો વાતો કરે એટલી વાર તમે ને સુંદર ચન્દ્રાવલીને અંહી બેસાડી એની પાસેથી સઉ વાત જાણી લેજો ને એની સલાહ લેજો. એ પણ બહુ ડાહ્યું ને વ્હાલવાળું પરગજ્જું માણસ છે. કુમુદ અંહી આવે તેટલી વેળા કોઈ એની પુછપરછ ન કરે માટે આપણાં માણસોને પણ તમ્બુઓની બેલી પાસ માંડવાઓમાં રાખ્યાં છે ને તમારા બોલાવ્યા વિના કોઈ આમ ડોકીયું પણ ન કરે એવો હુકમ આપ્યો છે. હું હવે જાઉંછું—ને—તમે જોજો હોં—મ્હેં કહ્યું છે તેમાં રજ ચુક ન થાય—મ્હેં મ્હારા સોગન દીધા છે!

માનચતુર ગયો.

ગુણસુંદરી નિઃશ્વાસ મુકી બોલી: "સુન્દરબા'બા, શું થવા બેઠું છે તે સમજાતું નથી. સંસારના સર્વ પ્રવાહથી અવળે માર્ગે આમ ખેંચાઈએ છીયે ને ઘરના વૃદ્ધ અને વિદ્વાન્ પુરુષો પણ આપણને ખેંચવામાં ભળે છે. તમારા દીયરની ઇચ્છાપ્રમાણે વર્તવામાં પતિવ્રત રહેલું છે ને તેમની ઇચ્છા આપણી વૃત્તિથી છેક અવળી ! તેમને નિવારવાનો અધિકાર વૃદ્ધોને રહ્યો તેમાં મામાજીએ નિવૃત્તિનું મોન ધાર્યું ને વડીલ તો ચાલતી બ્હેલમાં બેસી ગયા ! આ કાળે સાસુજી હત તો આપણી આ અવસ્થા ન થાત !

સુન્દર૦—ભાભીજી, કાંઈકે યુગ જ નવો બેસવા માંડે છે જે આપણે સ્ત્રીઓએ કરવાનું કામ પુરુષોએ હાથમાં લેવા માંડ્યું !

ગુણ૦—ઈંગ્રેજી વિદ્યા સ્ત્રીઓની સ્વતંત્રતાનું સાધન ગણાય છે તેણે મહારા તમારા અધિકાર જડ મૂળથી કાપી નાંખવા માંડ્યા ને હવે તો દીકરીયો પણ બાપની દરી ને આપણી મટી !

સુંદર૦—અધિકાર ને લક્ષ્મીના તેજમાં સહુ તણાય ! મહારાજના પ્રધાને અને કમાતે દીકરે જે કહ્યું તે વડીલ પણ કરે તો દીકરીયો કરે તેમાં શી નવાઈ ? એ કાલ દીકરીયોને મ્હેલ ચણાવી આપશે. પણ આપણ રંક જનતના હાથમાં શું હોય જે કોઈ આપણું કહ્યું કરે ? સંસાર સ્વાર્થનો સગો છે ને ભોગની તૃષ્ણામાં જવાનીયાં બધો સ્વાર્થ દેખે છે.

ગુણ૦—સુન્દરબાભી, સ્વામિની નિન્દા વિચારમાં પણ થાય તો પતિવ્રત ભાગે છે. માટે આ વાત જવા દો. હવે તો આ કાળનું વલોવાઈ જાય છે ને કંઈકે દોહલું થઈ આવે છે તેમાંથી છુટાય તો સારું ! સૌભાગ્યદેવી ગયાં ને હું રહી !

બોલતાં બોલતાં ગુણસુંદરીની આંખોમાં આંસુની ધારાઓ ચાલી રહી.

સુંદર૦—ભાભીજી, તમારે પતિવ્રત છે પણ હું તો કુમુદને સમજાવવાને છુટી છું. શું એ મ્હારું કહ્યું નહી માને ?

ગુણ૦—મોહનીએ કહ્યું તે ન સાંભળ્યું ? સુન્દરબાભી, જવા દો એ વાત. હવે પ્રાણ ને પ્રતિષ્ઠા સાથેલાગાં જ જશે. બીજો માર્ગ નથી. હું જાઉછું—જરીક આ કનાત પાછળ જઈ ને આવું છું— જઈશ—રોકશો મહારી જોડે ન આવશો—મને એકલી પડવા દો.

ગુણસુંદરી ઉઠી ને ચોણે જવા માંડ્યું. એ ગઈ—" ભલે, જરા જઈ આવો, જરા ગોકળું મુકશો ત્યારે કળ વળશે ":—સુન્દર બોલી, એક કાચ ઉપર બેસી રહી, ને ક્રોધ ભરેલા મુખથી, ઉછાળો મારી, એક ખુરસી ઉપર બેસી રહેલી કુસુમને કહેવા લાગી.

" તમને જન્મ આપ્યા તે આ માટે ! જા ! વડીલે આજ્ઞા આપી છે તે જોડેના તંબુમાં જઈને તહારી બ્હેનને જે પુછવું હોય તે પુછજે ને કાન ફુંકવા હોય તે ફુંકજે ! હવે તમે બે જણીઓ માની મટી છો ને બાપે બે બળદીયા આંણ્યા તે મ્હાલાય તેમ મ્હાલો ! "

કુસુમ ધીરે રહી બોલી: " કાકી, આકળાં શું કરવા થાવ છો ? બ્હો-

રની વાતો સાંભળી બ્હેનને માથે વગરન્યાયનો આરોપ શું કરવા મુકોછો? હજી એના મ્હોંની વાત તો જાણી નથી ને પુછી પણ નથી !"

સુન્દર.—શું જાણવાનું હતું? ફ્લોરા, તું, મોહની, અને ચન્દ્રાવલી મળી જે કહો તે બરું અને હું અને તહારી મા બેાટાં—ત્યાં સાંભળવાનું યે શું રહ્યું? એ ને તું બધાં શું કહેશેા તે ન સમજીયે એવી નહાની કીકી હું યે નથી ને તહારી મા પણ નથી ! વટલી જઈને બાવી થઈ તે વંટી જઈને નાતરું કરશે ને તહારે બાવી થઈને મીરાંબાઈ થઈ નાચવું છે! દીકરેા સપુત ઉહયેા તેણે સૌભાગ્યદેવીને શ્મશાન દેખાડ્યું ને દીકરીયેા કુળદીપક નીવડી તે ગુણસુન્દરીને શ્મશાન દેખાડશે ! કુસુમ! અમારા હાથ નીચા પડ્યા ને હવે તેા દીકરીઓ કરશે તે ભાવશે વેહશે; માટે તું જા અને જેમ તને સુઝે તે કરજે ને કરાવજે !

કુસુમ૦—હા, હું જાઉંછું ! ને કુમુદ બ્હેનને બધાં તરછોડશેા ત્યારે હું એની થઈશ. નથી તેને પુછતાં કે બેટા, શું થયું? ને નથી તેને કહેતાં કે તું ગભરાઈશ નહી. મને મ્હારી રજ ચિંતા નથી—આ તંબુની પેલી પાસની બેામાં કુસુમને ગગડાવી પાડશેા તે બમાશે—પણ આટલી આ-ટલી દુઃખની ચ્હેમાં ગરીબડી કુમુદબ્હેનને નાંખી તેને હવે શાંતિ વાળવાની વાત તેા રહી પણ દાઝ્યા ઉપર ડ્હામ ઘેા છેા ને નથી કોઈ જેતું ન્યાય કે અન્યાય—તે તેા કુસુમથી નહી બમાય.

સુન્દર૦—જા, બાપુ, જા.

કુસુમ૦—તે જાઉં છું જ. પણ સરત રાખજો કે ગુણીયલને શાંત કરવાને સટે નકામાં ઉકળવા ઘેા છેા ને મા અને કાકી જ કુમુદબ્હે-નની વાત સરખી સાંભળવાની વાટ જોતાં નથી તે સઉ પસ્તાશેા !

" કળિયુગનું માહાત્મ્ય પૂર વેગથી બેહું !" એવા શબ્દો કાકીના મુખ-માંથી પેાતાની પુઠ પાછળ નીકળતા સાંભળતી સાંભળતી કુસુમ સુન્દરને મુકી બીજા તંબુમાં જઈ તેની બ્હાર માર્ગ ઉપર દૃષ્ટિ જાય તેમ બુરશી માંડી બેઠી. બે પાસ ઝાડેાવાળા લાંબા સાંકડા રસ્તાનેા વાંક ઘણેા આછેા થઈને છેક આઘેથી દૃષ્ટિની હદ બાંધતેા હતેા. ઉપર ઝાડેાની ઘટા, નીચે લાલ માટી વચ્ચે ડબાયલા પથરા ને પથરાઓની વચ્ચે માટી, આખે રસ્તે ઝાડની શીતળ લાંબી પથરાયલી છાયામાં વચ્ચે વચ્ચે પાંદ-ડાઓમાં થઈને આવતા તડકાની—કરેાળીયાની હાલતી જાળ જેવી—જાળીઓ અને કંઈ કંઈ ડાળેા વચ્ચેના માર્ગમાં થઈને આવતા તડકાના સાપ જેવા લીસોટાઓ : કુસુમની આતુરતાને સ્થાને તૃપ્તિ ભરવા લાગ્યાં ન

લાગ્યાં. રસ્તાની છેક પેલી પાસે તડકામાં કંઈક છાયાનો આકાર દેખાય કે ત્યાં થઇને કોઈ માણસો આવતાં હશે એવી કલ્પનાથી તે ચમકતી હતી ને ઉભી થઈ થઈને, આંખો ઝીણી કરીને, દૂર દૃષ્ટિ નાંખતી હતી; કોઈકે વેળા કલ્પના ખોટી પડતાં બેસતી હતી; કોઈકે વેળા માણસને સટે ગાયો, ઘેટાં, હરિણ, ને કુતરાં આવતાં દેખાતાં; કોઈ વેળા ભીલ, સાધુઓ, યાત્રાળુઓ, વગેરે આવજા કરતાં નીકળતાં; પણ બ્હેનને જોવાની આતુર આંખો થાકી નહી.

એ માર્ગના છેડાની પેલી પાસ માનચતુર રસ્તાની એક પાસ "માલિ" દર્શાવવાના પથરા ઉપર, હાથમાં લાકડી ને લાકડીની ટોચ ઉપર હડપચી ટેકવી, બેઠો હતો ને જે આવે તેને તેની પાછળ કોણ છે એવું પુછતો હતો.

અંતે ચન્દ્રાવલી અને કુમુદ માનચતુરની દૃષ્ટિમર્યાદામાં દેખાયાં. કુમુદે ભગવી કન્થા ધારી હતી ને ચન્દ્રાવલીની આંગળીયે વળગી ધીરેથી વાતો કરતી કરતી આવતી હતી. એના મુખ ઉપર શોકને સ્થાને ધૈર્ય, શાન્તિ, સ્થિરતા, અને આગ્રહ હતાં, ને એના કપાળ વચ્ચે ઉભા તિલક પેઠે બે ત્રણ ઉભી કરચલીયો વળી હતી. થાકેલી લાગતી હતી પણ એના પગ થાકને ન ગાંહતાં નવા પ્રાણથી ઉપડતા લાગતા હતા. એની દૃષ્ટિ છેટેથી માનચતુર ઉપર પડી તેની સાથે એ ઉભી રહી, વાતો કરતી અટકી, ને ચન્દ્રાવલીને ચાલતી અટકાવી.

"કેમ, બેટા, અટકી ?" ચન્દ્રાવલીએ ચિન્તાથી પુછ્યું.

કુમુદ૦—મ્હારા વૃદ્ધ પિતામહ જેવું કોઈ છેટે દેખાય છે.

ચન્દ્રા૦—એ તો એ જ. બેટા; જે અતિવત્સલ ધર્મિષ્ઠ પિતાની તું પુત્રી છે તેના પુણ્ય શરીરનું આ ઉદ્ભવસ્થાન તું પરમ તીર્થ જેવું ગણજે. સંસારના અભ્યાસ એમની પાસે બે કઠોર વચન બોલાવે તો હિમાચલના કર્કશ કઠિન પથરાઓ વચ્ચે વચ્ચેના અવકાશમાં ગંગાજીનું મિષ્ટ અમૃત જળ પોતાનો માર્ગ કરે તેમ, તું પણ મિષ્ટતા છોડ્યા વિના ચતુર ગતિથી ચાલજે.

કુમુદ૦—પ્રલયને પ્રસંગે સૃષ્ટિની ચિન્તા કરતા પરમપુરાણ વૃદ્ધતમ નારાયણ એકલા જાગે છે તેમ એ મ્હારા પરમ વત્સલ વડીલ મ્હારી ચિન્તા કરતા જ બેઠા હશે.

તે બોલતી હતી એટલામાં તો માનચતુર જ તેની પાસે આવ્યો ને એનું મુખ જોતા નીચો વળી બોલ્યો: "મ્હારી કુમુદ !"

" હા ! વડીલ ! આપ ખુશી હો ! " બોલતાં બોલતાં કુમુદની આંખોમાં આંસુ ભરાયાં ને એ રોઈ પડી.—" મેં આપને સર્વને બહુ દુઃખી કર્યા ! "

માનચતુર એને માથે અને વાંસે પોતાનો કરચલીઓવાળો વૃદ્ધ હાથ મુકતો ફેરવતો બોલ્યોઃ

" બેટા ! તું રજ ગભરાઈશ નહી. જેણે તને બ્રહ્મારવટીયાઓમાંથી ઉગારી તે જ હું છું ! કોઈ તહારું નહી થાય તો હું થઈશ—પણ તહારો આ ભેખ મ્હારાથી જોવાતો નથી !"

માનચતુરનાં વૃદ્ધ નેત્રમાં પણ આંસુ ભરાયાં તે ઉંચું જોઈ ઉંચે હાથે લ્હોતી લ્હોતી પૌત્રી બોલી : " દાદાજી, વિધવાનાં વસ્ત્ર કરતાં આ ભગવી કન્થા વધારે સારી છે ને **ચન્દ્રા**વલીબ્હેન જેવાં સાધુજનના સત્સમાગમ મ્હારા સંસારના ઘા રુઝાવી બહુ શાન્તિ આપે છે—માટે આપ સ્વસ્થ થાવ ! આપે મ્હારા બાળપણમાં ગુણીયલની આટલી આટલી ચિન્તા કરી ને આટલે વર્ષે હજી પણ અમારી ચિન્તા કરવાનું આપને બાકી રૂહે એ મને ગમતું નથી. આપ સર્વ આટલે સુધી મ્હારે માટે આવો અને હું આપનાથી ગુપ્ત રહું તો કૃતઘ્ન થાઉં માટે આપને મળીને સાધુસમાગમમાં આયુષ્ય પુરું કરવા આજ્ઞા માગીશ તેની આપ ના નહી કરો ! "

" કુમુદ ! બેટા ! તહારા સુખને માટે જે કહીશ તે કરીશું. આ ઉંચેથી આભ પડશે તેની તહારા દાદાને ચિન્તા નથી. પણ તહારી આંખમાં આંસુનું ટીપું સરખું દેખું છું ત્યાં મ્હારો જન્મારો ધુળ વળ્યો સમજું છું !"

શોક સમેટી વાતો કરતાં કરતાં સઉ તંધુ ભણી વાધ્યાં તે છેટેથી દેખાતાં, હરિણ પેરે કુસુમ દોડતી દોડતી આવી ને—"બ્હેન! તમે આવ્યાં? " કરી બળથી કુમુદને વળગી પડી ને કુમુદે એને છાતી સરસી ચાંપી. બે બ્હેનોની આંખોમાં હર્ષનાં આંસુ હતાં. પણ કુમુદનો હર્ષ અપ્રકટ હતો ત્યારે કુસુમનો હર્ષ ઉછળતો હતો. બે બ્હેનોને અત્યંત પ્રેમથી મળેલી જોઈ રહેલા **માન**ચતુરનું હૃદય નવા આનંદથી તૃપ્ત થતાં તૃપ્ત થયું નહી.

" કુસુમ ! બ્હેનની તું હવે એકલી જ રહી ! હવે એનાં ભગવાં કુણ્ડાવવાં એ તહારી ચતુરાઈની કસોટી !

કુસુમ કુમુદથી છુટી પડી, પળ વાર એનો ભેખ જોઈ રૂહી, ને વડીલ સામે કમળનાળ જેવો કણ્ઠ ફેરવી બોલી.

"દાદાજી, અમે બે બ્હેનો જ હવે એક બીજાંની એકલી રહી એ તો ખરું કહ્યું. હવે ગુણીયલ પણ બ્હેનનાં નથી. બાકી ભગવાં તો મને પણ ગમ્યાં ને હવે તો આપના મ્હોંની વાણી કૂળો ને બ્હેનના જેવાં ભગવાં મને પણ મળે એટલે હું મ્હારાં કુમુદબ્હેનની ને કુમુદબ્હેન મ્હારાં ! દાદાજી, ચતુરાઈ તો ભગવાં રાખવામાં છે—ઉતારવામાં નથી !"

વાર્ત્તાવિનોદ આ નવા રૂપથી પ્રવાહ પામ્યો અને ચારે જણ વાતો કરતાં કરતાં આગળ ચાલ્યાં. તંબુ આવ્યો એટલે કુસુમ બોલી.

"દાદાજી, આપે ગુણીયલને શીખામણ દીધી તે શેઠની શીખામણ જાંપા સુધી રહી છે. માટે હવે આ ચન્દ્રાવલીબૈયાને ગુણીયલ પાસે બેસાડો કે બધી વાત કહી એમનો ઓરતો પુરો કરે ને એમને ને કાકીને ત્હાડાં પાડી માદીકરીને હસતાં મળવાનો પ્રસંગ આણે. બાકી હવણાં બ્હેનને ત્યાં લેઈ જશો તો ગુણીયલ મનના ઉભરા કહાડ્યા વિના નહી રૂહે, ને ઉભરા નહી કહાડે તો નહી બોલે ને નહી હસે, ને કંઈ નહી બોલવાનું બોલી બેસશે. આટલા દુઃખમાંથી છુટી બ્હેન આવ્યાં છે તેમનાથી આ જોઈ નહી શકાય ને એમનું કાળજું કહ્યું નહી કરે ને હું આવીશ તો ગુણીયલ જોડે લ્હડી પડીશ. માટે અમે બે અમારી મેળે આ તંબુમાં બેસી વાતો કરીશું ને આપને ગુણીયલનો વિશ્વાસ પડે ત્યારે અમને બોલાવજો—તે વાતો કરી રહ્યાં હઈશું તો આવીશું. બ્હેન, ગભરાશો નહી—ગુણીયલને હવણાનું આવું આવું બહુ થાય છે ને પાછાં જાતે જ શાંત થાય છે. તે આપણે બે શાંત થશે ત્યારે જઈશું ને તે પછી આવું થવાનો એમને ફરી વારો નહી આવવા દઈએ. આપણે ધારીશું તે કરીશું."

ચન્દ્રાવલી ભણી જોઈ કુમુદ બોલી: "ચન્દ્રાવલી બ્હેન, મને લાગે છે કે કુસુમ યોગ્ય માર્ગ દર્શાવે છે. મ્હારે માટે અનેક ઉડતી કથાઓ સાંભળી અનેક સંકલ્પવિકલ્પથી મ્હારાં વત્સલ ગુણીયલનું ચિત્ત મન્થન પામતું હશે અને તેમની પાસે બધી વાત મ્હારે સ્વમુખે કહેવી તે સંસારની નીતિથી અને રીતિથી વિરુદ્ધ છે ને આપના સમાગમથી ચિત્તના પડદા તોડવાનો જે અધિકાર હું પામી છું તે બંધી તોડીશ તો સુલટાને સ્થાને ઉલટું પરિણામ આવશે. માટે તમે દાદાજી જોડે પ્રથમ ગુણીયલ પાસે જાવ અને મ્હારા સંબંધમાંનો સર્વ ઇતિહાસ તમે એમને અથથી ઇતિ સુધી જાણોછો તેવો કહી બતાવજો, ને પવનથી કમ્પતા દીવા પેઠે અનેક વાતોથી કમ્પતા એમના કોમળ હૃદયને તમારી સાધુ વૃત્તિની દક્ષતાથી સ્થર કરજો ને તેની સ્થિરતા પ્રત્યક્ષ કરો એટલે તેની આજ્ઞા માગી મને

બોલાવજો. એમની પાસે તરત આવવાનું મને ભય નથી, પણ એમના પોતાના સ્નેહમર્મને મ્હારું દર્શન જ ત્રાસ આપશે તે મ્હારાથી જોઈ નહી શકાય. પણ તમારી અચલ પવિત્રતા ઉપર એમને પરમ પ્રીતિ છે, તમારાં વચન ઉપર એ અત્યંત શ્રદ્ધા રાખશે, અને તમારી સુજનતા એને શાંત કરશે.

" દાદાજી, ચન્દ્રાવલીબ્હેનને માટે આપને બહુ કહેવાની અગત્ય નથી. મને બે વાર એમણે આયુષ્ય આપ્યું અને ત્રીજી વાર આયુષ્યની સફળતા આપી. રાંક કુમુદને માટે આપે આ વૃદ્ધ શરીરને અત્યંત ભયમાં નાંખ્યું અને આપના મનને પરમ ચિંતામાં નાંખ્યું છે ને નાંખોછો તો હું વધારે શું કહું ? ચન્દ્રાવલીબ્હેને મ્હારી વીતેલી વાતો સર્વ પોતાના હૃદયમાં લખી રાખી છે તેમાંના લેખ આપ વાંચજો—ને આપ, પિતાજી, અને ગુણીયલ, ત્રણ જણ મળી મ્હારા ધર્મનો ન્યાય કરજો એટલે તે પછી મ્હારે કાંઈ જોઈતું નથી. સંસારનો ત્યાગ કરવો મ્હારે હવે બાકી નથી, પણ ત્યાગી જનોના સંપ્રદાયમાં સ્વસ્થતા પામીછું ને આ ભેખ એક વાર સ્વીકાર્યોછે તેનો હવે ત્યાગ થાય એમ નથી. દાદાજી, હવે મ્હારી ચિંતામાંથી સર્વને મુક્ત થવા વારો આવે છે ને હવે આપે મ્હારે માટે એક ચિંતા કરવી બાકી રહી છે તે ચિંતાને, ચંદ્રાવલીબ્હેન પાસેથી સર્વ વાત સાંભળીને, આટોપી લેજો. ગુણીયલને કહેજો કે કુમુદ જેવી રાંક હતી તેવી જ રાંક હજી છે, પણ એને માથે ધર્મ પ્રાપ્ત થયા છે તે ધ્યાનમાં લેઈ એનું મ્હોં દેખાડવાનો એને અધિકાર આપશો તો એ આપનાં પવિત્ર પ્રેમાળ દર્શનનો લાભ પામશે ને એ અધિકારને યોગ્ય કુમુદને નહી ગણો તો આજ સુધીનાં એનાં નવ્વાણું ટુંકાં ભાગ્યમાં સોમું એક ઉમેરાશે. દાદાજી, કુમુદ હવે પોતાનાં ટુંકાં ભાગ્યને કરેલાં કર્મનાં ફળ જ ગણે છે ને એ કડવાં ફળ ખાતાં મ્હોં બગાડતી નથી. દાદાજી, સાધુજનનો સમાગમ ફરીથી આવા અવતારમાંથી મને મુક્ત કરશે ને ધરેલાં ભગવાંનો ત્યાગ હવે કરું તે ફરી એવા અવતારના કુવામાં પડવા જેવું છે તે ન કરવું. એ હવે મ્હારો નિશ્ચય છે, અને નિશ્ચય કર્યો છે તેટલી ક્ષમા કરજો.

" મ્હારાં વચનથી આપની વૃદ્ધ આંખોમાં આંસુ આવે છે તે ન આણશો ! દાદાજી, હું પરમ સુખી થઈ છું તે જાણી આનંદ પામો."

પોતાનાં આંસુ લ્હોતો લ્હોતો માનચતુર નરમ પડી જઈ બોલ્યો. "બેટા, તહારું અકેકું વેણ મ્હારું કાળજું કોરી નાંખે છે. મ્હારાથી નથી બોલાતું !"

ડોસો નીચે બેસી કપાળે હાથ દેઈ હૃદયમાં રોવા લાગ્યો ને કુમુદ એને ગળે વળગી એનાં આંસુ લ્હોવા લાગી.

"દાદાજી, કુમુદને આવી વ્હાલી ન કરશો. આપે આવે આવે પ્રસંગે કદી આવું પોચું મન દેખાડ્યું નથી તે હવે આપના ધડપણમાં આપના હૃદયને આમ હલમલાઈ જતું જોવાનું હું બાળકનું ગજું નથી."

કંઈક સ્વસ્થ થઈ, ઉભો થઈ, માનચતુર બોલવા લાગ્યો : "ચિંતા નહી. કુમુદ, તહારે ભગવાં રાખવાં હશે તો હું પણ ભગવાં લેઈ આ સાધુ-ઓમાં રહીશ. મ્હારા કુટુંબનો આટલો આટલો વિસ્તાર હતો તેમાંથી સર્વ હવે તહારા ને કુસુમના ઉપર આવી રહ્યું, ને તેમાં પણ તહેં ભગવાં ધર્યાં ને કુસુમ-કોણ જાણે-શું કરશે! બેટા, હવે હવણાં આ વાત નકામી છે. થોડી ઘડીમાં, અને થોડી ઘડીમાં નહીતો એક બે દિવસમાં, સઉ વાતનો ફૈસલો થઈ જશે તો હું એટલા માટે અધીરો નહી બનું. પણ તમે બે જણેનો મ્હારા ધડપણનો છેડો કેવી રીતે આણ્યોછો તે જોઈશ, ને તે પછી તહારા જેવી બાળકને જ્યારે ભગવાં જ ગમશે ત્યારે હું પણ જ્યાં તું ત્યાં હું—મને પણ ભગવાં ગમશે. ભગવાં ધરીશ, પણ જે બે ચાર વર્ષ જીવવાનાં બાકી હશે એટલાં તને જોતો જોતો પુરાં કરીશ ત્યારે જ મ્હારો જીવ ગતે જશે."

કુમુદ૦—દાદાજી, આપ સાધુ થશો તો સુખી થશો ને આપ અંહી વસશો તો હું વધારે સુખી થઈશ. હું મ્હારે માટે જે કહું છું તે સંસારથી કંટાળીને નહી પણ મ્હારા અંતઃકરણથી કહું છું તેની હવે આપને શંકા નહી રહે.

માન૦—ના, બેટા, હવે નહી રહે. તો કુસુમ, તું કુમુદને લેઈ સાધુજ-નને માટેના તંબુમાં જા અને હું ચન્દ્રાવલીને લેઈ ગુણસુન્દરી પાસે જાઉંછું.

કુમુદ૦—ચન્દ્રાવલીબ્હેન, મોહનીભૈયાએ ગુણીયલને જે વાક્યપ્રહાર કર્યા તેવા તમે નહી કરો એવું મને અભય—વચન આપીને જાવ. મને જન્મ આપી એણે અનેકધા દુઃખ વેઠ્યું છે તે દુઃખોમાંથી એને મુક્ત કરી મ્હારે ઋણમુક્ત થવું છે.

ચન્દ્રા૦—મધુરી! ચન્દ્રાવલીથી તને અભયવચનની સર્વથા પ્રાપ્તિ જ છે ને તે પણ વગર માગ્યે મળી સમજવી. માનચતુરજી, આપની મધુર પુત્રીનું નામ અમે મધુરીભૈયા પાડ્યું છે.

પ્રકરણ ૪૯.

પુત્રી.

મ્હારી માવડી ! શાને તું આમ
આંસુડાં ઢાળે રે ?

એક તમ્બુમાં માનચતુર, ગુણસુન્દરી, સુન્દર અને ચંદ્રાવલીની વાતો ચાલી. બીજામાં બે બ્હેનોની ચાલી. એક હેકાણે ચન્દ્રાવલી જ બોલતી હતી. બીજામાં કુમુદ જ બોલતી હતી. દશ વાગ્યા, અગીયાર વાગ્યા, બાર વાગ્યા, ને ભોજનની વેળા થઈ. ચંદ્રાવલીએ સુન્દરીને બુદ્ધિધનના ઘરના કાળથી માંડી આજની સવાર સુધીની દની કથા કહી દીધી ને ગુણસુન્દરી ભૂતકાળનો શોક છોડી શાંત , પુત્રી નીતિથી ભ્રષ્ટ નથી થઈ જાણી નિવૃત્તિ પામી, અને માત્ર ંષ્યના વિચારમાં પડી. એ વિચાર ભોજન પછી કરવાનો ધાર્યો.

કુમુદ પોતાની વાત અર્ધી પણ પુરી કરી શકી નહી અને પોતાને લાં સ્વપ્નનો ઇતિહાસ સરસ્વતીચંદ્રે લખેલો આણ્યો હતો તે બ્હેનને વવાનો તો બધોયે બાકી રહ્યો. ભોજનવેળા થઈને તેડું આવ્યું ર કુસુમે કહેવ્યું : "તમે બધાં ત્યાં જમી લ્યો અને અમારે માટે ડની રાવડીમાં બે થાળીયો ભરીને મુકો." સુન્દર તંબુ બ્હાર તેડવા વી ઉભી—કુસુમ બ્હાર જઈ બોલી : "બ્હેનને હજી પોતાનું મ્હોં વવાનો અધિકાર મળ્યો નથી. કાકી, અમારી થાળીયો મોકલો. જમવું હશે તો જમીશું ને નહી જમવું હોય તો તે જમનાર સુન્દરરે ઉપર અભ્યાગત ઘણાય બોલાવીયે એમ છે. બ્હેન વટલી તો મ પણ વટલે—બ્હેન મોઈ જાણી તો કુસુમને પણ એવી જ જાણજો! ો, મ્હારું હવે ત્યાં કામ નથી."

સુન્દર૦—હું તમને બેને બોલાવવાને આવીછું.

કુસુમ૦—કામ વગર બોલાવો તે નકામું ને અધિકાર વિના આવીયે તે ું.

સુન્દર૦—બોલાવીયે તે અધિકાર ને જમવાનું એ કામ.

કુસુમ૦—મન વગરનું માન ને માન વગરનો પરોણો—એ દૂરથી જ સ્કાર કરવા જેવાં છે.

સુન્દર૦—તું નહી માને. મ્હારી કુમુદ માનશે—મને માંહ્ય આવવા દે.

કુસુમ૦—અમે બે જણ જઈએ ત્યારે આવજો. હવે કુમુદબ્હેનને "મ્હારી" કહેવાનું બાલી સવાસલું નહી જોઈએ.

સુન્દર કુસુમને હડસેલી નાંખી તંબુમાં ગઈ. કુમુદ ઉઠી સામી આવી. કાકી ભત્રીજી ભેટી પડ્યાં ને રોઈ પડ્યાં ને સુંદરે કુમુદને છાતી-સરસી ડાબી દીધી. બે છુટાં પડ્યાં ને એક કોચ ઉપર બેહાં. કાકી સામી આંબો કુહાડતી કુસુમ એક પાસ સામી ઉભી. થોડી વાર ત્રણમાંથી કોઈ બોલ્યું નહી. અંતે સુન્દર બોલી: "કુમુદ, અમે તને બહુ દુઃખી મેરી બરૂં?"

કુમુદ૦—ના, કાકી. હું હવે સાધુસંગતિમાં પરમ સુખી છું, પણ કોઈ જાણેલી દીકરીને જીવતી જાણી સઉને જે કલેશ થયો હશે તેનું હું કારણ થઈ પડી.

સુન્દર૦—બેટા, હવે એ ગઈ ગુજરી જવા દે. ચન્દ્રાવલીએ ભાભી-જીના હૃદયમાં અર્ધું અમૃત રેડ્યું છે ને બાકીનું રેડવું એ તમે બે બ્હેનોના હાથમાં છે. તમારા વિના કોઈ જમે એમ નથી—કહે તો હ્મારી ગુણીયલને પોતાને મોકલું, ને ગમે તો તે બોલાવે છે માટે મ્હારી જોડે ચાલ.

કુમુદ૦—કાકી, હું સાધુઓ ભેગી જમીછું ને મ્હારી હયાતી પ્રકટ કરવાથી સઉને સુખ છે કે દુઃખ તે જોવાનું બાકી છે.

સુન્દર૦—તે સઉનું થઈ રહેશે. હવણાં તો તું ચાલ. નકી, તું કુસુમ જેવી કહેણ નથી.

કુમુદ૦—જેવી આજ્ઞા. બ્હેન, ચાલો.

બે જણ ગયાં. ગુણસુંદરી એની વાટ જોઈ ઉભી હતી. કુમુદ પાસે ગઈ ને માતાને ચરણે માથું મુકી એને પગે પડી, પણ બોલાયું નહી.

હાથવતે એને ઉહાડતી ઉહાડતી ગુણસુંદરી બોલી: "ઉઠ, કુમુદ! ઘેલાં ન કુહાડ. જેને માથે પુરુષો, અને તેમાં પણ વડીલ જેવા વૃક્ષો, છત્રની પેઠે વરસાદ અને તડકામાંથી રક્ષણ કરનાર છે તેવી સ્ત્રીયોએ પોતાનાં બાળ-કની પણ ચિંતા કરવી અયોગ્ય છે. હ્મારે ને મ્હારે એને પગે લાગવાનું સ્થાન વડીલ છે માટે તેને પગે લાગ."

કુમુદ ઉહ્યા વિના રોતે થડકાયલે સ્વરે બોલી: "તેમને તો પ્રથમથી જ પગે લાગી ચુકી છું."

ગુણ૦—તેમને પગે લાગી તો મને હજાર વાર તું પગે લાગી. હવે તો મ્હારે તેમને પગે લાગવાનું બાકી રહ્યું છે કે મ્હારે માથે એમના જેવું છત્ર છતાં મ્હારું હૃદય મ્હારા હાથમાં ન રહ્યું. ગમે એટલું પણ હું યે સ્ત્રી તે સ્ત્રી જ.

માનચતુર પાસે આવી કુમુદને ઉઠાડવા લાગ્યો: —"કુમુદ, બેટા, હવે ઉઠ—હવે તો જેટલી વધારે વાર તું પગે પડી રહીશ એટલી ગુણીયલને શિક્ષા થાય છે."

કુમુદ તરત ઉઠી ને રોતી રોતી નીચું જોઈ સામી ઉભી રહી. એની આંખોમાં અને ગાલો ઉપર આંસુ છલકાઈ રહ્યાં હતાં.

માન૦—કુમુદ, **ચ**ન્દ્રાવલીએ તહારા દુઃખની જે વાત કરી છે ને તહારા સદ્ગુણની જે વાત કરી છે તે પછી મ્હારે કે **ગુણસુંદ**રીયે તને કાંઈ કહેવાનું રહ્યું નથી. હવે થઈ ગયું ભુલી, કરવાનું શું તે જ વિચારવાનું છે. માટે આપણે જમી લેઈએ તે પછી તહારે જે કહેવું હોય તે કુસુમને કહી દેજે ને **ચં**દ્રાવલી પણ અંહી જ ભોજન લેશે. તેમણે જ અમને તને જીવાડીને સોંપી છે તો તહારી ચિંતા કરવામાં તેમને પુછ્યા વિના ડગલું નહી ભરીયે. **સું**દર, ત્યાર સોરાં સંભારજ્યે કે **ચ**ન્દ્રકાંતને પણ બોલાવીયે ને આપણા વિચારમાં એમને યે ભેળવીયે.

પ્રકરણ ૫૦.

ગંગાયમુના.

બ્હેની ! એ તો કામણગારો રે !
તહારે માટે સર્વથી ન્યારોરે !

"કુ મુદબ્હેન ! આ સંસારના દમ્ભને છોડી જે રાત્રિ જોવાનો **સ**રસ્વતીચંદ્રને અભિલાષ હતો અને જેને માટે એમણે સર્વસ્વનો ત્યાગ કર્યો એ રાત્રિને તમે પણ એમની સાથે જઈ જોઈ આવ્યાં ખરાં !" તમ્બુની અંદરની કનાત અને બ્હારની કનાત આગળની દોરીયો વચ્ચે તમ્બુના દ્વારમાં થઈને આવજા કરતી અને એના એક સ્તમ્ભને ઝાલતી ઝાલતી કુસુમ બોલી—"લ્યો પાછા આ એમના લેખ."

"હા, હું જોઈ આવી ને એ લેખ તો તને જ આપવાને માટે લાવી છું." કુમુદ એક ખુરસી ઉપર બેઠી બેઠી બોલી.

" મને આપીને શું કરશો ને તેમ આપવાનો તમને શો અધિકાર ?" સામી ખુરશી ઉપર બેસતી બેસતી કુસુમ બોલી.

કુમુદ૦—મ્હેં ઘણો વિચાર કરીને અને ઘણા અધિકારથી તને એ લેખ આપ્યા છે તે રાખ.

કુમુદ૦—તે કહેશો તો ખરાં કની ?

કુમુદ૦—તે કહેવાનું છે જ. હું એમની જોડે જઈ એમના હૃદયના અલખ ભાગને જોઈ આવી, અને હવે એમના લખમાં એ અલખ જગવવાનો અધિકાર મને નથી તે તને સમજાવ્યું. સંસારનું પરમ કલ્યાણ કરવાનો એમનો પરમ અભિલાષ મ્હારાથી સિદ્ધ કરાવાય એમ નથી તેના સાક્ષી ચન્દ્રકાંતભાઈ, ને તમ્હારાથી કરાવાય એમ છે તેના સાક્ષી પણ એ જ!

" ઓત્ તમારું ભલું થાય ! ધીમી ધીમી લાંબી લાંબી વાતો કરીને ભોળાં બ્હેનને અંહી બ્હાણ આણ્યું કે ?" આંખો ચગાવી ઉંચું જોતી, મ્હોં પ્હોળું કરી, બોલતી બોલતી કુસુમ ઉભી થઈ, અને અંતે વિચાર કરતી કરતી બોલતી હોય તેમ હાથ લાંબો કરી ધીરે પણ દૃઢ સ્વરે બોલી ઉઠી; " એ તો તમારો મર્મ સમજી, પણ કુમુદબ્હેન, એમાં તો તમારું કાંઈ વળે નહી ! હું—બોલો હવે. "

કુમુદ૦—જો, આ કાગળમાં એક સાધુજને કવિતા લખી આપી છે તે ગા જોઈયે—

કુસુમ તે લેઈ ગાવા લાગી.

" મોરલીઁ અધર ચ્હડીરે
" મોરલી અધર ધરીરે
" સો મોરલીઁ અધર ચ્હડી રે !
" સો મોરલીઁ અધર ધરી રે ! "

" વારું, ઠીક આ બધું લાંબું લાંબું હું કંઈ નથી ગાતી—એ મને આપીને શું કહેવાનું કરો છો ? "

કુમુદ૦—અલખ હૃદયનું ગાન શ્રીકૃષ્ણજીવનના ઓઠ ઉપર મોરલીમાં ચ્હડે ત્યારે જ સંસાર એ ગાનને લખ કરે. કુસુમ ! જેના હૃદયમાં આવું આવું અલખ ગાન ભરેલું મ્હેં આ લેખમાં જોયું તેને લખ કરાવનારી મોરલી મ્હારાથી થવાતું નથી તે વિચારી મ્હારું હૃદય ફાટી જાય છે.

કુસુમ૦—એટલી વાત તો હું માનું છું. તમે જો આટલો સંસાર જોયો ન હત તો તમે આ દુઃખમાં ન પડત. નિઃસ્નેહો યાતિ નિર્વાણં સ્નેહોઽનર્થસ્ય

કારણમ્-નિઃસ્નેહી નિર્વાણનું સુખ પામે છે ને સ્નેહ અનર્થનું મૂળ છે. પણ પિતાજી કહે છે કે अनारम्भो हि कार्याणां प्रथमं बुद्धिलक्षणं અને आरब्धस्यान्त-गमनं द्वितीयं बुद्धिलक्षणम्. તમને સહુએ મળી આરંભના ખાડામાં નાંખ્યા તે હવે તમારું બુદ્ધિલક્ષણ એ કે તમારે અંત સુધી જવું; ને હું તો તમા-રાથી ચેતી ગઈ છું ને અનારમ્ભ જે પ્રથમ બુદ્ધિલક્ષણ છે તેને જ પકડી લીધું છે-અને-હવે તો-ભુલ્યે ચુક્યે-એ રસ્તે " કદી ભી ન જાઉંગી— કદી ભી ન જાઉંગી. "

કુસુમે ખભા વીંઝયા.

કુમુદ૦—જો એ બીજું બુદ્ધિલક્ષણ પકડ્યાથી મ્હારું દુઃખ મટે એમ હોતતો હું આરબ્ધના અંત સુધી જાતે જાત જ. પણ તેમ કર્યાથી તો ઉલટું સર્વ કાર્ય વણસે છે ને સંસારનું કલ્યાણ કરવાની મહાશક્તિ અને અપૂર્વ વૃત્તિ વાળા મહાત્માની શક્તિ અને વૃત્તિ પત્થર ઉપર પડતી વૃષ્ટિ પેઠે નિષ્ફળ થાય છે. મ્હારે તો હવે એક જ અધિકાર—વિહારપુરી અને ચન્દ્રાવલીના સંસાર જેવો સંસાર કરી નાંખવાનો—રહ્યો છે. મહા-શક્તિ મહાલક્ષ્મી જગદમ્બાસ્વરૂપે આકાશથી પૃથ્વી સુધી વ્યાપી રહે છે ને આવાં નવરાત્રિમાં આ સંસારનો ગરબો રમવા નીકળે છે તે આકાશમાં એ મહાત્મા ચંદ્ર પેઠે ફરશે અને રંક કુમુદ છેક નીચેના તળાવમાં તેને જોઈને જ વિકસશે—ઈશ્વરે મને એ જ અધિકાર આપ્યો છે—મહેશ્વર કે મહેશ્વરીને કપાળે સરસ્વતીચંદ્ર ચંદ્ર પેઠે ચળકશે ને દૂર પૃથ્વી પર બાબો-ચીયામાં પડી પડી રંક કુમદમાળ તો એ પિતા કહે કે માતા કહે તે દેવને ચરણે રહી એ ચંદ્રનાં માત્ર કીર્ત્તિકિરણને પોતાના હૃદય ઉપર ધારશે—

ગરબે રમવાને ગોરી નીસર્યા રે લોલ,
શિરે ચન્દ્ર ને પગે તે કુમુદને ધર્યા રે લોલ !

—એ ભાલતિલક ને હું ચરણકમળ—એમજ નિર્માણ થયલું છે.

કુસુમ— એમ રહેવાનું તમારું ભાગ્ય હોય તો તે પણ શું ખોટું છે ?

કુમુદ૦—સુંદરગિરિનાં આભલાંમાં એ ચન્દ્ર ઢંકાઈ રહે તો કુમુદ તેની કીર્ત્તિના પ્રકાશનો કાલ જોઈ શકે એમ નથી, ને તે નહી જોઈ શકે તો તમારી કુમુદ અકાળે કરમાશે ! કુસુમ ! વગર વાદળાના સ્વચ્છ આકાશના તારામંડળમાં જ્યારે ચન્દ્ર પૂર્ણ પ્રકાશથી રાજ્ય કરી રહેશે ત્યારે જ કુમુદ એની સંપૂર્ણ કીર્ત્તિને પ્રત્યક્ષ કરી બોલી રહેશે !

કુસુમ૦—એ તો ખરું.

કુમુદ૦—તો કુસુમ ! એ વાદળાંને વીંખેરનારી પવનલહરી થઈ મ્હારી કુસુમ શું એની કુમુદને પ્રફુલ્લિત નહી કરે ? કુસુમ, તહારી કુમુદ સંસારની દૃષ્ટિયે કલંકિત થઈ છે, એ પુલ હવે નિર્માલ્ય થયું છે, એનો સુગન્ધ એમાંથી લેવાઈ ગયો છે. ને બીજા દેવને એક વાર ધરાવેલું નૈવેદ્ય આ મહાત્મા ધરશે તો લોકની દૃષ્ટિમાંથી એ મહાત્માનું માહાત્મ્ય ઉતરી જશે. કુસુમ, તું દોષહીન અણસુંઘ્યું કુસુમ એ મહાત્માનું માહાત્મ્ય સુરક્ષિત રાખવાને સમર્થ છે.

કુસુમ કંઈક વિચારમાં પડી હતી તે જાગી.

" કુમુદબ્હેન, એમાંનું કંઈ ન વળે. તમે કોઈ રીતે કલંકિત થયાં નથી, તમારાં હૃદય નંગકુંદન પેઠે જોડાયાં છે તે જોડાયલાં રૂહે તો જ મ્હારું હૃદય તૃપ્ત રૂહેશે. જે સંસાર તમારામાં કલંક ન છતાં કલંક ગણે એવો આંધળો છે તેનું કલ્યાણ કરવાનું તમારે કાંઈ કામ નથી ! એ સંસારની સાથે તમારે શી લેવાદેવા છે ? એ સંસાર એવાં કલ્યાણ પામવાને યોગ્ય જ નથી. "

કુમુદ૦—આવા મહાત્માના અલખ ગાનને પ્રકટ કરવાની લક્ષણવતી મોરલી શું મ્હારી કુસુમ નહી થઈ શકે ? મ્હારી અને મ્હારા ચન્દ્રની વચ્ચે અંતરાય નાંખનારી વાદળીને વીંખેરનારી પવનની લ્હેર જેવી શું મ્હારી કુસુમ નહી થાય ?

કુસુમ૦—મ્હારે સુખનો તિરસ્કાર છે તેને તમારે સુખી કરવી છે, ને તમે દુઃખી છો તેમણે દુઃખમાં પડી રૂહેવું છે. સરસ્વતીચંદ્રને સુખી કરવાની શક્તિ મ્હારામાં નથી ને સંસાર જેને સુખ ગણે છે તે સુખ મને સુખી કરી શકે એમ નથી. હું જેવી છું તેવી જ પરમ સુખી છું.

કુમુદ૦—બ્હેન, તું સ્વાર્થી નથી ?

કુસુમ૦—જો સ્વતંત્ર રૂહેવામાં સ્વાર્થીપણું આવી જતું હોય તો એ સ્વાર્થ મને બહુ વ્હાલો છે.

કુમુદ૦—જે સ્વતંત્રતા તને પ્રિય છે તે આ મહાત્મા સંપૂર્ણ રીતે આપશે.

કુસુમ૦—એ તો છોકરાં સમજાવવાની વાત છે.

કુમુદ૦—મ્હારી સાથે આવો આવો પ્રસંગ પડ્યા છતાં, અન્તરની શીશી ઉપર ડાટો વાસી રાખે તેમ, જેણે મને પવિત્ર રાખી છે તેને, તહારી ઇષ્ટ સ્વતંત્રતામાં રજ પણ ન્યૂનતા થતાં, તે કંટક પેઠે સાલશે એવું શું તું ધારતી નથી ?

કુસુમ૦—ન્યૂનતા થાય તે પછી સાલે તે નકામું. એ ન્યૂનતાનો પ્રસંગ જ દૂર રાખવો.

કુમુદ૦—જેણે આજથી ચન્દ્રકુમુદના જેવો, વિહારપુરી ને ચન્દ્રાવલી જેવો, અશરીર—કેવળ માનસિક-સ્નેહનો યોગ મ્હારી સાથે જન્મારો રાખવાની સજ્જતા દર્શાવી છે તે તહારા ભયનો પ્રસંગસરખો નહી આવવા દે એવું તું ધારતી નથી ?

કુસુમ૦—સજ્જ હોય માટે સમર્થ પણ છે એમ કંઈ કહેવાયં ?

કુમુદ૦—હું અનુભવની વાત કહું છું કે તે મહાસમર્થ ત્યાગી છે.

કુસુમ૦—મને કાકીએ કહ્યું છે કે સ્ત્રીઓ જેવી દૃઢતા પુરુષોમાં નથી —પુરુષો ભલે પોતાની સ્તુતિ કરે.

કુમુદ૦—કાકીએ સત્ય કહ્યું છે. પણ જેમ સામાન્ય રીતે પુરુષો કરતાં સ્ત્રીયો નીચી હોય છે છતાં પુરુષો કરતાં ઉંચી સ્ત્રી પણ મળી આવે છે તેમ પુરુષોમાં પણ આવા ત્યાગી હોય છે—

કુસુમ૦—બ્હેન, તમે જે અણીશુદ્ધ પવિત્ર રહ્યાં છો તે તમારી જ શક્તિનું ફળ છે ને તમારા હૃદયની પ્રીતિ તમારી જીભને તમારી આત્મસ્તુતિના માર્ગથી આડી વાળે છે.

કુમુદ૦—મ્હેં તને સત્ય કહ્યું હતું તે ફરી કહું છું કે હું અત્તરની શીશી પેઠે ઢોળાઈ જવા જેવી થઈ હતી; તેને આ સમર્થ ત્યાગીએ સિદ્ધી કરી ને મ્હારી પવિત્રતાનું અત્તર અમર રાખ્યું. જેણે અઢળક લક્ષ્મીનો, મ્હારો, અને ઇન્દ્રપુરીજેવી મુંબાઈનો ત્યાગ કર્યો તે મહાત્મા મન્મથના અગ્નિ ઉપર દાઝ્યાવિના ચાલી શકે એમાં તને શું આશ્ચર્ય લાગે છે ?

કુસુમ૦—આશ્ચર્ય તો કાંઈ નથી. માત્ર અનુભવીયોનો અભિપ્રાય કહું છું.

કુમુદ૦—મ્હેં એમનાં સ્વપ્નોનો સાર જાણ્યો ને એમણે ધારેલા સમારમ્ભનો સાર જાણ્યો. તે કામમાં ખરચવા રાખેલી લક્ષ્મી તેમને ઓછી પડે છે માટે પુત્રાદિ ઉપાધિ પણ જોઈએ નહી એવો તેમનો નિશ્ચય છે તે પણ મ્હેં જાણ્યું છે; અને કુમુદ સાથેનો સંસાર પણ ઇચ્છતા નથી પણ કુમુદને દીધેલા દુઃખના પ્રાયશ્ચિત્તરૂપ ગણીને જ સ્વીકારવા ધારે છે— તે તને કહ્યું.

કુસુમ૦—તે પણ હશે. પણ મને આ કથાનો જ કંટાળો આવ્યોછે. તમે બીજી વાત કહાડો.

કુમુદ૦—જો આ વાતનો તને કંટાળો હોય તો મ્હારું દુઃખ નિવારવા તું રાજી નથી ને મ્હારે હવે બીજી વાત શી કરવાની છે ? કુસુમ, આપણો સમાગમ આટલાથી પુરો થશે અને કુમુદ પરિવ્રાજિકામઠમાં કરમાતા સુધી રૂહેશે. જેનું કલ્યાણજીવન સફળ કરવાની મ્હારી છેલી આશા તેં ધ્વસ્ત કરી છે તે મહાત્માએ સગી માતાને અભાવે સંસાર છોડ્યો, પ્રીતિ છોડી, મુંબાઈનિગરી જેવું ઉત્કર્ષસ્થાન છોડ્યું, અને સંસારનું મહાકલ્યાણ કરવા તેણે ધારેલું છે ને સમર્થ છે તે મહાકલ્યાણ સુપાત્ર સહધર્મચારિણીને અભાવે ઈશ્વરને સોંપી દેઈ પોતે ચદુશૃંગના બ્રહ્મચારી બાવા થઈને એ સુગન્ધવાળું પુલ રણની ઉકળતી રેતીમાં ચીમળાઈ આયુષ્ય પુરું કરશે. હવે આ વિના બીજો માર્ગ તેમને પણ નથી ને મ્હારે પણ નથી.

કુસુમ૦—ને તમારી ધારણા પ્રમાણે હું વર્તું તો તમે તમારો જન્મારો ક્યાં પુરો કરશો ?

કુમુદ૦ — મ્હારા અને મ્હારાં પવિત્ર દેવીના દુઃખથી મ્હારા સસરાજી સંન્યસ્ત લેવા ધારે છે તેમને આશ્વાસન આપવા હું તેમને ઘેર જઈશ. મ્હારાં ચ્યલકમ્હેન અશિક્ષિત છે પણ તહારા જેવાં જ તીવ્ર અને તહારા જેવાં જ માયાળુ છે તેમની જોડે ત્યાં કાળક્ષેપ કરીશ. મ્હારાં દેવી મ્હાનો પુત્ર મુકી ગયાં છે તેને ઉછેરવામાં, વિદ્યા આપવામાં, અને સદ્‌ગુણી કરવામાં તહારા બનેવીના જીવનું શ્રાદ્ધ અને તર્પણ માનીશ. બાકીનો કાળ સુવર્ણપુરમાં રહી તમ દમ્પતીના સમારંભનો લાભ સુવર્ણપુરનાં કુટુમ્બોમાં પ્રસારવા યત્ન કરીશ અને મ્હારા સસરાજી તેમાં ધનથી અને રાજ્યથી આશ્રય આપશે. વર્ષમાં કંઈક કાળ ગુણીયલ પાસે, કંઈક તહારી પાસે, અને કંઈક ચન્દ્રાવલીમ્હેન અને મોહનીમૈયા જેવાંના સત્સમાગમમાં, ગાળીશ, અને યથાશક્તિ તેમને તમને સુવર્ણપુરમાં બોલાવીશ. બાકી મ્હારું આયુષ્ય જેટલો અવકાશ આપશે તે સર્વ કાળ સારા ગ્રન્થો જોવામાં અને પરમાત્માના ચિન્તનમાં ગાળીશ. કુસુમ, મ્હારું આયુષ્ય મ્હારા ચન્દ્રને અને તને કલ્યાણપ્રવૃત્તિઓમાં સફળ લોકયાત્રા કરતાં જોઈ નિવૃત્ત અને તૃપ્ત થશે, તમને બેને, ગુણીયલને, પિતાજીને અને મ્હારા શ્વશુરકુટુંબને સુખી જોઈ સુખી થશે, અને તને કહેલાં કાર્યમાં તમારા જેવી જ પ્રવૃત્તિ રાખતાં મ્હારા ચન્દ્રનો અહોનિશ ધ્યાનયોગ પામશે. કહે વારુ, એ પછી કુમુદનું આયુષ્ય સફળ કરવાને શું બાકી રહ્યું ?

કુસુમ૦—તમે જ શાસ્ત્ર કહાડ્યું છે કે પ્રીતિને આગળ કર્યા વિનાનું

તમારું થયેલું લગ્ન સાધુજનો વઞ્ચનાલગ્ન ગણે છે—ને મ્હારું એવું લગ્ન કરાવવા તમે ઉભાં થાવ છો તે શું ?

કુમુદ૦—એ પ્રીતિનું બીજ તહારામાં નથી એવું નથી.

કુસુમ૦—બોટી વાત ! બોટી જ વાત !

કુમુદ૦—ચન્દ્રકાન્તભાઈએ સરસ્વતીચંદ્રને તહારી કેટલીક વાતો કહી છે તેથી હું સમજી છું કે એ મહાત્મા રત્નનગરી આવ્યા હતા તે કાળે તહારો બાલભાવનો જે ઉભળકો એમના ઉપર બીજરૂપે વવાયો હતો ત્યાં ઈશ્વરે એકાન્તમાં પણ ઉચિત વૃષ્ટિ કરી છે ને એ બીજના અંકુર ફુટી નીકળ્યા છે. હું તમારો યોગ કરાવીશ ત્યારે એ અંકુર વિકાસ પામી પુષ્પફળ ધારવાને સમર્થ થશે.

કુસુમ૦—ચંદ્રકાંતભાઈ મ્હારા કાળજાની વાત શી સમજે ? બંનાં સરસ્વતીચંદ્રનો દોષ કહાડતાં હતાં ત્યારે મ્હેં તેમનો જરી પક્ષ કર્યો એટલે કાકીએ ને બધાંએ એનો ગમે તેવો અર્થ કર્યો—તે સઉ ફોકટ.

કુમુદ૦—હેતુ વિનાનો પક્ષપાત તે જ સ્નેહ એવું સાધુજનો લક્ષણ કહે છે. એવો પક્ષપાત તહારા હૃદયમાં ઉદય પામ્યો છે એની શું તું ના કહે છે ? આપણા લોક નહાનાં બાળકોમાં વિવાહના વાગ્દાનકાળથી આવો પક્ષપાત રોપાવાના પ્રસંગ આણે છે ને સમપદીકાળે એ પક્ષપાત પરિપાક પામ્યા ગણી લગ્ન કરે છે—લોકની અધોગતિને લીધે તેઓ આ મર્મ સમજતા નથી ને આવા પ્રસંગો આણવાના યોગ્ય વિધિ કરતા નથી. ભગવાન્ મન્મથ સંકલ્પયોનિ છે અને આવા પ્રસંગોથી ઉત્પન્ન થયલા સંકલ્પો પરિપક્વ કરવામાં આવે ને યોગ્ય વયે લગ્ન કરવામાં આવે તો સમપદીની પ્રતિજ્ઞાઓ યથાર્થ રૂપે લેવાય એવું મ્હારા સ્વમના નાગલોક ગણતા. એવા જ પ્રસંગોએ મ્હારી અને સરસ્વતીચંદ્રની પ્રીતિને પ્રકટ કરી, ને એવા જ પ્રસંગોથી તહારી પ્રીતિનાં બીજ રોપાયાં છે તે યોગ્ય વિધિથી પરિપાક પામ્યા વિના રહેવાનાં નથી.

કુસુમ૦—એ તમારું શાસ્ત્ર જે હો તે હો. પણ મ્હારામાં તે પ્રીતિ નથી જ. ને સામાપક્ષમાં તો એ પ્રીતિનું મૂળ પણ નથી એવું તમારે કહ્યા વિના ચાલે એમ નથી. કુમુદબ્હેન, ફોકટ ફાંફાં શાને મારતાં હશો ?

કુમુદ૦—તહેં જ લખ્યું હતું કે ' દેખ મછેન્દર, ગોરખ આયા " એવું તેમને કહેવાનો તહારે અધિકાર છે.

કુસુમ, બભા ઉંચા કરી, મ્હોં મરડી, બોલી, " વારુ ! એવું કહ્યું તેમાં

શું આવી ગયું જે ? આમ ઉંધા ઉંધા અર્થ કરતાં આ સાધુઓમાં રહી શીખ્યાં હશો ?

કુમુદ૦—જે સાધુઓમાં રહીને હું શીખી તે તને ઉંધા અર્થ કરનાર લાગતા હોય તો તેમના ભેગાં જવાને ઠેકાણે હું કહું છું ત્યાં જા.

કુસુમ૦—હવે આ પ્રકરણ બંધ કરીશું ?

કુમુદ૦—ગમે તો એ પ્રકરણનો અને આપણો બેનો—એ સમાગમ સાથેલાગા બંધ કર, અને ગમે તો બે સમાગમને સાથેલાગા ચાલવા દે.

કુસુમ૦—જઓ, પિતાજી, તમે, ગુણીયલ, ને સરસ્વતીચંદ્ર,—એ ચારનો એક જ મત થાય તો તે કરું–ને ત્રણમાંથી એક જણનો મત જુદો પડે તો મ્હારી મરજી પ્રમાણે કરું—તો ?

કુમુદ૦—એટલું કરીશ તો બહુ છે.

કુસુમ૦—જો, જો, હાં, છેતરાશો ! એ ચાર મત એક થવાના નથી; ને નહી થાય તો તમે મ્હારી મરજી પ્રમાણે ચાલવા બંધાવ છો ?—તે ભુલી, પાંચમો દાદાજીનો મત પણ ખરો. એક કાકીનો નહી.

કુમુદ૦—હા, હું યે બંધાઉ ને તું યે બંધા.

કુસુમ૦—બંધાવ જોઈએ.

કુમુદ૦—આ હું બંધાઈ—મ્હારું વચન છે.

કુસુમ૦—બંધાવ છો ?—જો જો હોં ?

કુમુદ૦—હા, બંધાઈ. પણ તું બંધા ને.

કુસુમ૦—હું યે નહી બંધાઉ ને તમે યે ન બંધાશો, બે જણ મોકળાં રહીશું.

કુમુદ૦—મને બાંધી હવે કાંઈ છુટાશે ?

કુસુમે નિઃશ્વાસ મુક્યો : "ત્યારે શું હું બંધાઈ ? "

કુમુદ૦— શું કરવા નિઃશ્વાસ મુકે છે ? બે જણ બંધાયાં છીયે.

કુસુમ૦—એ તો કાંઈ ઠીક ન થયું.

કુસુમને ગળે હાથ મુકી, એને ઉઠાડી, એને સાથે લેઈ, કુમુદ તંબુમ્હાર નીકળી.

" કુસુમ, આ સામેની વાડોપાર ગુલાબના છોડ તું દેખેછે ? " કુમુદે પુછ્યું.

કુસુમ૦—હા.

કુમદ૦—આ પણે આગળ વંટોળીયામાં છુટી ધુળ ઉડે છે ને કાંટાવાળા દોંટા ઉપર આ ગુલાબ બંધાઈ રહ્યા છે તે પણ વાથી હાલે છે. એ બેમાંથી સારું જીવન કોનું ?

કુસુમ૦—મને આજ કાંઈ સુઝતું નથી. તમારે માથેથી ઉતરેલું ચક્ર મ્હારે માથે આવી બેઠું છે તેની વેદનામાં મને તમારું ગુલાબ પણ ગમતું નથી ને ધુળ પણ સુઝતી નથી.

કુમુદ—આ ધુળ છુટી છે તે સ્વતંત્રતાથી સુખમાં મ્હાલે છે ! ને ગુલાબ લોકનું કલ્યાણ કરવાને સરજેલાં છે તે બીચારાં આમ કાંટાઓ વચ્ચે બંધાઈ વીંઝાઈ રહ્યાં છે !

કુસુમ બોલી નહી.

કુમુદ૦—લોક ઘણું ખરું સ્વતંત્ર સુખ પાછળ દોડે છે તે આવા વંટોળીયામાં આ ધુળ પેઠે ગુંચવાય છે.—

કુસુમ૦—એ તો સત્ય.

કુમુદ૦—તેમાંનો સમજુ ભાગ સુખને સ્થાને સ્વતંત્રતા શોધે છે અને સમજુઓમાં પણ દૂરદર્શી હોય છે તે અન્ય સ્વતંત્રતાને સ્વચ્છંદ જેવી માને છે ને માત્ર ઉપાધિથી દૂર રહેવાની આ ઉપલા આકાશના જેવી-સ્થિતિને જ સ્વતંત્રતા ગણી સંન્યાસ અથવા ત્યાગ શોધે છે.

કુસુમ૦—મ્હારે એ જોઈએ.

કુમુદ૦—એવા પણ જીવ છે કે જે જીવરાજ શેઠના પ્રવાસને સફળ કરવા તેમના ઉપાધિઓમાં ગુલાબ પેઠે બંધાઈ વીંઝાઈ રહે છે—પાણીમાં ને પવનમાં કમળ પેઠે રહેછે ! પણ કમળ ઉપર પાણી રહે ને હાથેલીમાં પારો રહે એમ ઉપાધિઓ ચારે પાસ તરવરવા છતાં આ જીવો એ ઉપાધિઓથી અસ્પૃષ્ટ રહે છે અને તે છતાં પોતાનો સમાગમ પામેલા પાંણીને સુશોભિત અને સુગંધિત કરે છે અને પારાના વિષથી નિર્ભય રહી પારાનો લોકકલ્યાણકર પ્રયોગ કરે છે. કુસુમ ! સરસ્વતીચંદ્ર સ્વતંત્રતા ઇચ્છતા નથી પણ આવી અસ્પૃશ્યતાનું અને કલ્યાણવૃત્તિનું ધારણ કરે છે. જીવન્મુક્તિ અને મનુષ્યધર્મનો સમાગમ આવી રીતે જ થાય છે. તું સંન્યાસની સ્વતંત્રતા ઇચ્છે છે. હું તને, સરસ્વતીચંદ્ર જેવી—ગુલાબ અને કમળ જેવી— થયલી જોવા ઇચ્છું છું. તહારી ઇચ્છા પ્રમાણે સર્વનો એક મત થશે તે પ્રમાણે સ્વીકારવા તહેં સમજીને હા કહી છે તો હવે શા માટે મુઝાય છે ? તું કહેની કે તું સ્વતંત્ર રહી શું કરીશ ? તહારા આયુષ્યનો સુકાળ કેમ ગાળીશ ?

કુસુમ૦—સદ્ગુરુ વાંચીશ, જાણીશ, ને સ્વસ્થ રહીશ.

કુમુદ૦— બીજી કાંઈ કલ્યાણકર ક્રિયા કે ફળ વિના આટલા એકલપેટા સ્વચ્છન્દી નિષ્ફળ જીવનથી તને સંતોષ છે? તારા વાંચ્યાનું અને જાણ્યાનું ફળ બીજા કોઈને શું થશે? પાણી ભરેલાં વાદળાં વાદળમાં જ વેરાઈ જાય તેમ તારા સુંદર જીવનને વેરી નાંખવાને માર્ગે તું ચઢતી નથી? કુસુમ, આ સામે સુભદ્રાનો અને રત્નાકરનો પુણ્ય સંયોગ આ ગિરિરાજ ઉપરથી આપણે જોઈ શકીયે છીયે તે જરી જો!

કુસુમે દૃષ્ટિ કરી પણ ઉત્તર ન દીધો.

કુમુદ૦—સુભદ્રા મીઠા જળની ભરેલી છે પણ પોતાના તીર ઉપરના પ્રદેશ વિના બીજાને તેનો લાભ મળતો નથી—મળી શકે એમ નથી—પણ એનાં વેગભર્યા જળ મહાસાગરમાં ભળે છે, ભળે છે પણ મહાસાગરને મીઠો કરી ન શકતાં એનું પોતાનું જળ, ખારું બની, દેખાતું બંધ થાય છે અને જ્યાં ત્યાં મહાસાગરનું જળ ખળખળતું દેખાય છે! પણ ત્યાં જ એમનું અદ્વૈત સમજવું! સુભદ્રા પોતાની શક્તિ પ્રમાણે આ મહાસાગરની જળસમૃદ્ધિને પોષે છે—તેમાં વધારો કરે છે, પૃથ્વી ઉપરનાં દૂરનાં અનેક ગુપ્ત સ્થાનોમાંથી કંઈ કંઈ પદાર્થો ખેંચી આણે છે ને—તે શા શા છે તે જાણવા હોય તો ચાર દિવસ ચંદ્રાવલી બ્હેનના ચોતરા આગળ ઉભી ઉભી જોયાં કરજે—એ ખેંચી આણેલા પદાર્થોથી રત્નાકરનાં ઉંડાં મર્મસ્થાન ભરાય છે—ને રત્નાકર રત્નાકર થાય છે. એ રત્નાકર ઉપર પૃથ્વીની નૌકાઓ દોડ્યાં કરેછે ને સંસારને સાંકળે છે, એ રત્નાકર પૃથ્વી ઉપરના આ સર્વ વાતાવરણને પલાળે છે ને પ્રાણીમાત્રનાં જીવનમાં પળે પળે નવા જીવ ભરે છે, એ રત્નાકર એથી પણ વધારે ઉંચે ચઢી આકાશની મેઘમાળાઓનું સ્વરૂપ ધરે છે અને મેઘમાળાઓના ભવ્ય સંચય સંસારનું શું શું કલ્યાણ નથી કરતા! કુસુમ, તું એકલી કૌમારવ્રત પાળી શું કરવાની હતી? એકલો પડેલો પાણીનો રેલો ધુળમાં ભળી જાય છે, મનુષ્યોના ચરણની રજમાં ચંપાઈ જાય છે, ને તડકામાં ઉડી જાય છે! તેવું તારું જીવન થશે. જે મહાત્માનાં અંતઃસ્વપ્ન તેં જોયાં અને જેનાં કલ્યાણ કાર્યનું મનોરાજ્ય તેં દૃષ્ટિગોચર કર્યું તે મહાત્માના હૃદયરત્નાકરની તું રંક સુભદ્રા થઈશ તો પણ ઓછી વાત નથી; તો આ તો એની ગંગા, એની બ્રહ્મપુત્રા, અને એની સિન્ધુ એ સર્વ મહાનદીઓનું કામ કરવાને તું એકલી જ સમર્થ છે ને તારા વિના એ કામ કરવાને આખા ત્રિભુવનમાં કોઈ સમર્થ નથી! તો કુસુમ, શું એવું પુણ્યજીવન પ્રાપ્ત કરવા તને અભિલાષ નથી થતો?

કુમુદથી એ બનવું અશક્યછે—એ તો તું ગંગા થઈશ તો તહારી યમુના થશે, અને તું એ બેની ગંગા નહી થાય તો તું પણ પાણીનો રેલો ને કુમુદ પણ પાણીનો રેલો ! આપણે આ રત્નાકરનાં ગંગાયમુના જેવાં થઈશું તો ગુણીયલના સુખનો સમુદ્ર ઉભરાશે— આપણે પુત્રીઓ જ એના હૃદયને આજ જડમૂળથી તોડી પાડીયે છીયે તે એ હૃદયરૂપ રત્નછત્રને ટકાવનાર સોનાના દાંડા થઈશું !--અને આપણા પિતા આપણે માટે સર્વસ્વનો ત્યાગ કરવા તત્પર થયા છે તેને આપણે પરમ પ્રતિષ્ઠા આપીશું ! બાકી લક્ષ્મીનંદનની વૃદ્ધાવસ્થાના આશીર્વાદ આપણા ઉપર રેલાશે, મ્હારા શ્વશુરને તું આટલા આશીર્વાદ દેછે તેના કુટુમ્બના કલ્યાણનાં આપણે સાધન થઈશું,—અને એવાં અનેક સત્કાર્ય—જેને તું નહાનાં ગણતી હોય તો નહાનાં ને મ્હોટાં ગણતી હોય તો મ્હોટાં—એ સત્કાર્યનાં આપણે સાધક થઈશું. અને,—કુસુમ, આ સર્વ મહાફળની આપણે ઉપેક્ષા કરીયે તો પણ જે મત્સ્યેન્દ્રનાથ જેવા મહાત્માનું ગોરખકૃત્ય કરવા તું તત્પર થઈ છે, જે મહાત્માના પુણ્ય જીવનથી—આ તંબુના દંડથી તંબુની આ દોરીઓ રહી છે તેમ—ટકી રહેલી મ્હારી અને સુન્દરગિરિપરના સંસારમાંનાં સાધુજનોની આશાઓ એ મહાત્માને ટકાવી ટકી રહી છે, તે મહાત્માના જીવનને અને તેની સાથે મ્હારી અને આ સર્વની પવિત્ર આશાઓનાં મનોરાજ્યને સફળ કે નિષ્ફળ કરવાં એ એક કુસુમના હાથમાં છે ! તે તું નિષ્ફળ કરીશ, સ્વચ્છન્દ કુમારિકા રહી પેલી ધુળ પેઠે આથડીશ, તો—પિતા પોતાની ઉદારતાને લીધે ને ગુણીયલ પોતાના પતિવ્રતને લીધે તને સ્વતંત્રતા આપે છે ખરાં—પણ તેમનાં ભાગ્યની અવદશા મ્હારે હાથે થયેલી જોઈ આપણે સંસારમાં સ્વચ્છન્દ અને ક્રૂર પુત્રીઓનાં દૃષ્ટાંતરૂપ થઈશું, નવી કન્યાઓને વિદ્યા અને સ્વતંત્રતા મળવાનો સંસાર નિષેધ ગણશે તેનાં કારણ થઈ પડીશું, એ કન્યાઓનાં અદૃષ્ટ દુર્ભાગ્યને ઉપરથી પૃથ્વી ઉપર ઉતરી આવવાની નીસરણીયો થઈશું, અને તેમનાં મહાપ્રયત્ને ચ્હડતાં સદ્‌ભાગ્યને રોકી દેવાના દાદરા થઈશું ! અને કુમુદને કપાળે તો તહારા વિના એકલા પડનાર આ મહાત્માનું સર્વ સામર્થ્ય અને મનોરાજ્ય પડી ભાગ્યું જોવાનું જ બાકી રૂહેશે. હવે વધારે કૂહેવાની મ્હારી શક્તિ નથી—હુબાડ કે તાર, જીવાડ કે માર,—જ્યાં સુધી સંપૂર્ણ પ્રસન્ન થઈ પ્રીતિથી એ મહાત્માને તહારા ગંગા જેવા નિર્મળ હૃદયમાં સ્વીકારવા તું તત્પર થાય, ત્યાં સુધી એ મ્હારું કહ્યું માને એમ નથી, હું એમને કહું એમ થવાનું નથી, તેમ જ ત્યાં સુધી આ

રાજહંસ આકાશમાં સંચરવા સમર્થ થાય એમ નથી અને કુમુદ, એમને જડ પૃથ્વીઉપર નિરાહાર આયુષ્ય ગાળતા જોઈ, પોતાના-રંક આહારનો કોળીયો પામે એમ નથી. કુસુમ, હું કહેવાનું કહી રહી— તહારું મનોગત કહી દે એટલે ગમે તો હું તરત જાઉં ને ગમે તો તહારી પાસે રહું ને સર્વથા નિશ્ચિન્ત અને કૃતકૃત્ય થાઉં. હું તહારા ઉપર બળ કરતી નથી ને કરવાની નથી! સર્વના એકમત પ્રમાણે ચાલવાની તહેં હા કહી છે. અને તું તે પ્રમાણે ચાલીશ એ પણ હું જાણું છું. પણ તે વસ્તુ સર્વને ગમતી હોય પણ તહારા હૃદયમાં જરી પણ અણગમતી હશે તો તેથી તહારો જન્મારો બગડશે તે મહારાથી નહી ખમાય. માટે જ હું, તહારા મનને બુદ્ધિ આપી, તહારા મનને આ વાત ગમતી થાય તો જ તેમાં પ્રવૃત્ત થવા ઇચ્છું છું. તહારા હૃદયને એક બુણે પણ આ વસ્તુ ન ગમતી હોય તો દુઃખી કુસુમ કરતાં દુઃખી કુમુદ સારી! માટે મને તહારા મનની ખરેખરી વાત કહી દે કે તું સુખી શાથી થઈશ? અનેક જનના કલ્યાણના આ કાર્યથી તું સુખી થાય એમ હોય નહી તો મહારે એ કાર્ય નથી આરંભવું. મહારો પોતાનો સંકલ્પ તો એટલો જ છે કે એ કાર્ય આરંભવાની ના ઠરશે તો હું માતાપિતાને અપકીર્તિ કે હાનિ ન વેઠવા પડે ને આ મહાત્માની મહારાથી દૃષ્ટિસેવા થાય એવી રીતે--પૃથ્વીનો સ્પર્શ કર્યા વિના ચંદ્ર તેની પ્રદક્ષિણા કરે છે તેમ—પરિવ્રાજિકામઠમાં આયુષ્ય પુરું કરીશ! કુસુમ, તને કાયે માર્ગ સુખ થશે તે કહી દે! કુમુદ તો દુઃખમાં જન્મી છે, દુઃખમાં વસી છે, ને દુઃખમાં મરશે! પણ સુખમાં જન્મેલી મીન જળની માછલી જેવી કુસુમને ખારા પાણીમાં નહી નાંખું. તું હસતા મુખથી કહી દે—મહારું મુખ હસે કે રુવે તેની રજ ચિન્તા તું કરીશ નહી! કુસુમ, તહારું મનોગત કહી દે ને મને મુક્ત કર! હવે બીજો એક શબ્દ નહી પુછું ને પુછ્યું તેટલાની ક્ષમા કરજે.

કુસુમ૦—બ્હેન, તમારા બોલે બોલ સાચા છે ને અનુભવના છે. તમે મહારું કલ્યાણ ઇચ્છોછો એવી મહારી શ્રદ્ધા છે ને એ કલ્યાણનો માર્ગ તમે બતાવો છો તે પણ સાચો છે એ તમે સ્પષ્ટ કર્યું તે હું પ્રત્યક્ષ કરી શકુંછું. વાંધો માત્ર એટલો છે કે મહારા હૃદયની કેવી વૃત્તિ છે તે હું સમજી શકતી નથી. વૈદ્ય આપણી નાડી જોઈ રોગ પારખી ઔષધ કરે તેમ તમે સર્વ મહારા હૃદયની પરીક્ષા કરી જે ઔષધ કરશો તેથી મહારું કલ્યાણ થશે એમ હું હવે માનું છું: મહારા શરીરમાં માંસ શું છે તે હું જાણતી નથી તેમ મહારા હૃદયમાં કેવી નાડીયો છે તે

પણ જાણતી નથી. મ્હારો વૈદ્ય શોધી કૂદાડે કે તમે જ ઔષધ કરો!— મને કાંઈ સમજાતું નથી.

કુમુદ૦—એ ચિકિત્સા ને ઔષધ સુન્દરગિરિના સાધુજનોને મન સહજ છે ને તેમનો અભિપ્રાય પણ હું લેઈશ.

એક બીજાંને ગળે હાથ મુકી બે જ્હેનો તમ્બુની દોરીયો વચ્ચે ને દોરીયોબ્હાર ફરતી ફરતી વાતો કરી રહી એટલામાં તો પાછલો પ્રહર થઈ રહેવા આવ્યો, સૂર્ય નમવા લાગ્યો, અને બે જણીયો છુટી પડી, કુમુદ જે માર્ગેથી આવી હતી તે માર્ગ ઉપર દૃષ્ટિ કરી, વાતો બંધ કરી. આશપાશનો દેખાવ જોતી, ઉભી રહી ત્યાં તંબુમાં કાંઈક શબ્દ થયો. બે જણીયો તંબુમાં પાછી ફરી તો એક ચન્દ્રાવલી ઉભેલી હતી.

પ્રકરણ ૫૧.

સમાવર્તન.

" What am I to quote, where quotation itself is staggered at my situation ?"—*Anonymous.*



રસ્વતીચંદ્રને અને ચન્દ્રકાંતને એક જુદી પર્ણકુટીમાં ઉતારો મળ્યો તેમાં તેમણે બાકીનો દિવસ ગાળ્યો. તે દિવસે આવેલા પત્રોમાં ચન્દ્રકાન્તને આવેલા ઘણાક પત્રો ભેગા સરસ્વતીચંદ્ર ઉપર પણ પત્રો હતા. તેમાં બુલ્વરસાહેબના, લક્ષ્મીનંદનના, હરિદાસના, ઉદ્ધતલાલના,' તરંગશંકરના, અને બીજાઓના પણ હતા. સરસ્વતીચંદ્ર હવે સર્વનાં મનમાં પ્રકટ થયો અને સર્વ સુન્દરગિરિ ઉપર આવવાના બે પણ નક્કી થયું. છેક સાયંકાળ સુધી બે મિત્રોએ મુંબાઈની અને રત્નનગરીની વાતો કરી અને સાંઝે છ સાત વાગતાં બ્હાર નીકળવાનો વિચાર કરે છે ત્યાં કમાડ ખખડ્યું અને પુછવા જાય છે એટલામાં તે ઉઘાડી એક સાધુ દીવો કરી ગયો ને તેની પાછળ ચંદ્રાવલી આવી.

એને દેખતાં બે જણ ઉભા થયા અને પ્રણામ કર્યા. સર્વ બેઠાં.

ગુણસુંદરી સાથે પોતાને, અને કુસુમ સાથે કુમુદને, થયલી સર્વે વાતો ચન્દ્રાવલીએ કહી બતાવી અને અંતે બોલી:

" સાધુજન, બે બ્હેનોએ, પરમ સ્વતંત્રતાથી, પરમ કલ્યાણબુદ્ધિથી,
" અને પરમ વ્યવહારનિપુણતાથી, એવો નિર્ણય કર્યો છે કે મ્હારી
" મધુરીમૈયા—તે સંસારની કુમુદસુન્દરી— પરિવ્રાજિકાજીવન ગાળશે ને
" કુસુમબ્હેનની પ્રીતિનો આપે પરમ દયાથી સ્વીકાર કરવો યોગ્ય છે.
" આપ જેવા મહાસાગરનો કુસુમબ્હેન ગંગામૈયા પેઠે સમાગમ પામશે
" અને કુમુદબ્હેન તેમની પાછળ યમુનામૈયા પેઠે પ્રવાહિત રહેશે.
" સર્વનું કલ્યાણ આમાં છે. મ્હેં પણ સૂક્ષ્મ ચિકિત્સાથી બે બ્હેનોનાં
" હૃદયમર્મ સમજી લીધેલાં છે ને તેમનું માગેલું ઔષધ તે જ સર્વના
" કલ્યાણનું અને સર્વના ધર્મનું સાધક થશે એવો સિદ્ધાન્ત કરેલો છે.
" કહો જી, આપની શી આજ્ઞા છે ? "

ચન્દ્રકાન્ત આનંદમાં આવી બોલ્યો; " મિત્ર, કન્થા તમારે રાખવી
" હોય તો કુસુમસુન્દરી પણ રાખશે, અને સર્વનાં મનોરાજ્યના મનોરથ
" પૂર્ણ થાય એવી તમે પૂર્ણાહુતિ પણ કરી શકશો. લક્ષ્મીનંદનશેઠ કાલ
" પ્રાતઃકાળે આવી પહોંચશે અને બે સદ્ગુણી વિદુષી પરમ સંસ્કૃત આર્યા
" બ્હેનોની વિજ્ઞપ્તિ સ્વીકારશો તો તમારા હૃદય વિના સર્વનાં હૃદય પ્રફુલ્લ
" થશે અને તમારા મહામહાયજ્ઞની અદ્વૈતવેદિ ઉપર મહાજ્વાલાઓ
" પ્રકટ થશે. તમારા હૃદયની વૃત્તિ આ વિજ્ઞપ્તિ સ્વીકારવાની ના
" પાડે તો આ યજ્ઞમાં એ વૃત્તિનું પણ બલિદાન આપો અને સર્વનું કાર્ય
" કરો. તમે અને કુમુદસુન્દરીએ પ્રથમ સર્વ નિર્ણય મ્હારા ઉપર નાંખ્યો
" હતો તે હું હવે નિર્ણય કરું છું—મને પંચ ઠરાવ્યો હતો તે હું હવે આજ્ઞા
" આપુછું કે આ વિજ્ઞપ્તિ સ્વીકારો. બે બ્હેનોની ઇચ્છા પ્રમાણે ચાલવા
" તમે સ્વીકારેલું છે તે બ્હેનોની પણ ઇચ્છા જણાઈ ગઈ. તેમની ઇચ્છા
" તેમનાં હૃદયની છે કે માત્ર મુખની છે તે વિષયે પણ ચન્દ્રાવલીમૈયા
" જેવાં સૂક્ષ્મમર્મજ્ઞ સત્પરીક્ષકે સત્ય નિર્ણય કરી કહ્યો ! હવે તો તમારા
" હૃદયને પણ પુછવાનું બાકી રહ્યું નથી તો માત્ર મુખથી હા ભણો !
" ગુરુજીની પણ અનુજ્ઞા જ છે—તેમણે તો તમને દીક્ષા આપતાં જ
" કહેલું છે કે માન અને મદનો ત્યાગ કરો અને અવશ્ય હોય તો
" આ સાંકેતિકી કન્થાનો પણ ત્યાગ કરો, ને ચન્દ્રાવલીમૈયા જેવાં યા-
" ચકને નિર્મુખ કહાડવાનું અકાર્ય કરશો નહી ! "

ચન્દ્રા૦—સાધુજન, આપના વિષયમાં જ્ઞાનભારતી અને વિહારપુરીનો
અભિપ્રાય પણ જાણતી આવી છું. તેઓ ગુરુજીના ઉત્તમાધિકારી શિષ્યો
છે ને તેમણે ઉભયે મ્હારા વિચારમાં અનુમતિ કહી છે. ચિરંજીવોની કૃપા-

થી આપ જે ઉત્તમયજ્ઞના આધકારી છો તે અધિકારની કથાનું ગુરુજીને સ્વમુખે તેમણે શ્રવણ કરેલું છે; અને મધુરીમૈયાના અભિલાષને ઉત્તમ ગણી એની ભગિનીને આપ સ્વીકારો એટલું જ નહી, આપના દુઃખી પિતાને શાન્ત કરો એટલું જ નહી, પણ એ બે કર્તવ્યને તો આપના મહાયજ્ઞને અંગે સ્વીકારવા જેવાં સાધન ગણી, આપના સાધ્યના સંબંધમાં બીજી પણ ભવ્ય સામગ્રીઓ સંભૃત કરો, અને શ્રીઅલખના લખસ્વરૂપની વિભૂતિઓને સંસારમાં—વસન્તોત્સવના અબીલગુલાલ પેઠે-ઉરાડો, તો એમાં પણ ગુરુજીના આ લઘુ મહોનો અપૂર્વ ઉત્કર્ષ જ છે એવું કૃહાવ્યું છે.

સ૨૦—ભૈયા, તે મહાત્માઓની મ્હારા ઉપર બહુ કૃપા છે.

ચન્દ્રા૦—" મહાશય ! કલ્યાણાશયની અનન્તતા મ્હેં આપને તે દિવસ વર્ણવી હતી તે હવે આપે સંસારને પ્રત્યક્ષ કરાવવાનો પ્રસંગ સમીપ આવે છે. તે જોઈ વિહારમઠના અધિષ્ઠાતૃપદથી જ્ઞાનભારતીએ કૃહાવ્યું છે કે—

૧ "गुणागारे गौरे यशसि परिपूर्णे विलसति
प्रतापोऽकल्याणं दहति तव लक्ष्यस्वतिलक ।
नवैव द्रव्याणीत्यकथयदहो मूढतमधी-
श्चतुर्धा तेजोऽपि व्यभजत कणादः कथमसौ ॥

" અને વિહારપુરીએ તો એમ જ પુછ્યું છે કે—

૨ "वातं स्थावरयन्नभः पुटकयन्स्रोतस्वतीं सूत्रयन्
सिन्धुं पल्वलयन्वनं विटपयन्भूमण्डलं लोष्टयन् ।
शैलं सर्षपयन्दिशं च पलयंल्लोकत्रयं क्रोडयन्
हेलारब्धरयो हयस्तव कथंकारं गिरां गोचरः ॥

---

૧. હે લક્ષ્ય-રૂપના પોતાના તિલક! તારું ગુણમન્દિર એવું તો ગૌર છે—એ તારું પરિપૂર્ણ યશ એવું તો વિલસી રહ્યું છે-કે તારો પ્રતાપ અકલ્યાણમાત્રને બાળી ભસ્મ કરી નાંખે છે; ગુણોનું અધિષ્ઠાન થયલું એ અપૂર્વ દ્રવ્ય અને એ પ્રતાપ-તેજ કણાદના ન્યાયમાં ગણાવ્યાં નથી; તે એ મૂઢમાં મૂઢ બુદ્ધિવાળા મુનિયે કોણ જાણે શાથી નવ જ દ્રવ્ય કહ્યાં ને તેજના પણ માત્ર ચાર જ ભાગ પાડ્યા. (સુભાષિતરત્નભાંડાગાર ઉપરથી.)

૨. તારો અશ્વ કેવો દોડે છે ? પવનને તે સ્થાવર કરી મુકે છે, આકાશને પડીયા-દડીયા-જેવું કરી દેછે, નદીને સૂત્ર-તાંતણા-જેવી કરી દેછે, મહાસાગરને નહાની તળાવડી જેવો કરી દેછે, આખા વનને એક શાખા જેવું કરી દેછે, ભૂમંડલને માટીના દગડા જેવું કરી દેછે, પર્વતને રાઈના દાણા જેવા કરી દે છે, દિશાને પલ-માત્રા જેવી કરી દેછે, અને ત્રણે લોકને પોતાની ફાળમાં ભરી લેછે! રમતમાં જ જેણે એવો વેગ આરંભ્યો છે એવો તારો અશ્વ વાણીથી શી રીતે વર્ણી શકાય ? (સુભાષિતરત્નભાણ્ડાગાર).

" મહાત્મા ! પ્રધાનજીના પિતા અને પ્રધાનજીનાં પત્ની આપના મુખોચ્ચારની વાટ જુવે છે તેમને શો સન્દેશ કહું ? "

સ૨૦—ભૈયા ! એમને કહેજો કે હું તો કન્થાધારી સાધુજન છું, આ શરીરને અર્થે જે કાંઈ દ્રવ્ય પ્રાપ્ત થયું હતું અથવા થશે તે સર્વ લોકયજ્ઞમાં વેરી નાંખવાની પ્રતિજ્ઞાથી બંધાઈ ગયો છું, અને રત્નનગરીના લક્ષ્મીમાન્ પ્રધાનજીનાં ભાગ્યશાળી રહેલાં પુત્રીનું ભાગ્ય મ્હારા ભાગ્ય સાથે જોડાશે તો તેમને સૌંદર્યોધાન જેવા ભવ્ય આવાસમાંથી ઉતરી આવી પર્ણકુટીમાં રહેવાનો પ્રસંગ આવશે તે દુઃસહ થશે ! પ્રધાનજીનાં એક પુત્રી મ્હારા દુશ્ચરિતથી ભાગ્યહીન થઈ ગયેલાં છે તે તેમનાં આ એક પુત્રીનું દૃષ્ટાંત પ્રત્યક્ષ છતાં એમનાં બીજાં પુત્રીના વિષયમાં મ્હારો હવે ફરી વિશ્વાસ કરવાનો પ્રસંગ પાડતાં તેમણે ઘણું વિચારવાનું છે તે સાવધાન રહી સર્વ અનુભવી વડીલ વર્ગે વિચારવું જોઈએ છીએ, અને તે પછી કુમુદસુન્દરીના હૃદયની આજ્ઞા અને કુસુમસુંદરીના હૃદયની ઇચ્છા એક થાય તો હું તો ગુરુજીની ઇચ્છાથી દૂર નથી.

ચન્દ્રા૦—યોગ્ય સન્દેશ કહાવ્યો. મહાશય, તમને આશીર્વાદ દેઈ હું જાઉંછું.

સર્વ ઉઠ્યાં. સરસ્વતીચંદ્ર પ્રણામ કરતો કરતો બોલ્યો. " ચન્દ્રાવલી બૈયા, આપ રસની અને ધર્મની અપૂર્વ ચેતન મૂર્ત્તિ છો અને હું આપના મન્દિરમાં ઉપાસક પેઠે ઉભો છું તો આપની પાસે રહેલી આ બે પવિત્ર દીવીયોના દીપ મ્હારા અદક્ષિણ મુખપવનથી કમ્પે કે હોલાય એવું કરાવાનો પ્રસંગ ન આવવા દેશો. "

" અસ્તુ " કહી ચન્દ્રાવલી ચાલી ગઈ. ચન્દ્રકાન્ત સ્તબ્ધ થઈ સઉ જોયાં સાંભળ્યાં કરતો હતો તે પોતાને માટેની પથારીમાં બેસી ગયો ને લાંબો થઈ સુઈ ગયો.

" સરસ્વતીચંદ્ર, હવે વિચારવાનું નથી, ચર્ચવાનું નથી, ને રાત્રિ પડી તે બ્હાર જવાનું નથી. માત્ર ફલાહાર કરી સ્વસ્થ નિદ્રા પામવાનું છે."

આખી રાત બે મિત્રોએ બોલ્યા ચાલ્યા વિના જાણી. ચન્દ્રકાન્તે આખી રાત્રિ એક અસ્વપ્ન નિદ્રા વડે પુરી કરી. સરસ્વતીચંદ્ર જરી નિદ્રા પામતો હતો, વળી જાગૃત થતાં કાંઈક સ્તવન કરતો હતો, અને વળી નિદ્રાવશ થતો હતો. માત્ર એક વાર સરસ્વતીચંદ્ર નિદ્રામાં અશ્રુપાત કરતો કરતો બબ્બોલ્યો: "પુરુષ વજ્ર જેવો કઠણ છે ત્યારે સ્ત્રીની દયાનો પાર નથી. કુમુદસુંદરી ! તમે તમારો અભિમત પતિવ્રતાધર્મ પાળવાનો નિશ્ચય છોડી સાધુ-

વાતો કરતી હતી. અંતે કુમુદ પણ પાછી જવા નીકળી અને રથમાંથી ઉતરી ઉભી રહી ત્રુટતે સ્વરે બોલી.

" કુસુમ! ચિન્તા ન કરીશ. હું ત્યાં આવતી રહીશ ને નીકર તહેાયે સંસારનું આ રત્ન તને સોંપ્યું છે તેને જીવની પેઠે જાળવીને રાખજે, અને એ સદ્ભાગ્યની યેાગ્યતા તહારામાં છે તે વધારજે ! "

બે બ્હેનો એક બીજાને ખભે માથાં મુકી રોઈ. કુમુદ, સરસ્વતીચન્દ્રને ચરણે પડી, પડતી પડતી અને ચરણથી ઉઠતી ઉઠતી બોલી: " મહાત્મા ! આ સંસારની જાળમાં આપને નાંખ્યા છે તેટલા મ્હારા કાર્યની ક્ષમા કરજો. આ મ્હારી ગંગાના રત્નાકર સાગર થયાછો તે રમ્ય સમાગમથી તેનું અને સંસારનું પેાપણ કરવા આપના સમગ્ર મનોરાજ્યને સફળ કરજો ને હું મ્હારી ગંગામાં યમુના પેઠે ભળવા અવશ્ય સજ્જ રહીશ. આપ ધર્મના સુજ્ઞ છેા ને પ્રીતિરસમાં પૂર્ણ છેા તેા આ મેધાવિની પણ મુગ્ધાના હૃદય-દ્રેાશને સાચવી સાચવીને ઉધાડજો. બીજું શું કહું ? આપણાં સર્વ સ્વપ્ન મ્હેં આ મ્હારી બ્હેનનાં કરી દીધાં છે ! હું વિધવાએ પેાતાનું ભાગ્ય શેાધવું મુકી આ દિવ્ય કુમારિકાને માટે ઉઘાડું રાખ્યું છે, ને મ્હેં તેા આપણી ચતુર્થ રાત્રિને પ્રભાતે આપના કપાળ ઉપર આપને જગાડવા હાથ મુક્યે. હતેા ત્યારે આપના સ્વપ્નમાં મ્હારેા હાથ આપને આપની માતાનેા લાગ્યેા હતેા—તે જ પ્રમાણે હવે હું આપનાં જાગૃત સ્વપ્નની માતા થઈ છું ! આપની સાથે જોયેલાં સ્વપ્ન, આપનું અને કુસુમનું માતૃકર્મ કરવામાં મ્હારાં પ્રિયતમ સાધન બની, મ્હારા હૃદયમાં ચિરંજીવ રૂહેશે ! આપનેા બેનેા યેાગ રમણીય અને કલ્યાણકર થશે અને એ યેાગનેા યેાગ પામી આર્ય સંસાર સમૃદ્ધ થશે એ આશાથી કુમુદનાં સર્વ દુઃખ અને કષ્ટ તપ અત્યંત સફળ થશે ! આટલે સુધી મ્હારે માટે—મ્હારી તૃપ્તિને માટે —આપે અને કુસુમે આટલી પરા આહુતિ આપી છે તેા હવે વધારે માગવું તે અતિલેાભ જ થાય."

પગેથી ઉઠેલી કુમુદ શાંત અને સ્વસ્થ વૃત્તિથી ઉભી રહી ત્યાં સરસ્વતીચંદ્ર પેાતાનાં આંસુથી ન્હવાતેા ન્હવાતેા ગદ્‌ગદ કંઠથી બેાલવા લાગ્યેા.

" કુમુદસુન્દરી ! ઘેાર પાપ કરી મ્હેં તમને દુઃખમાં નાંખ્યાં તેના બદ-લામાં અપૂર્વ પ્રીતિજીવનનું બલિદાન આપેાછેા અને અતિ ઉદાર પુણ્ય કરી તમે મ્હારા મનોરાજ્યને પાર પાડવાનાં દ્વાર ઉઘાડી આપ્યાં તે દ્વારમાં હું વજ્ર જેવા કઠણ હૃદયનેા દુષ્ટ રાક્ષસ ઉભેા રહું છું ! એ મ્હારી માતા ! તમે આ મ્હારી જનનીનું કામ કર્યું તેા હું હવે તમારા દુષ્ટ પુત્રના અધિકારથી

પગે પડી ક્ષમા માગવાને કહું છું કે કુપુત્રો જાયેત ક્વચિદપિ કુમાતા ન ભવતિ! તમારી ક્ષમા મને તમે મ્હારી માતા થઈ ને જ આપી, મ્હારું સ્વાસ્થ્ય અને સુવૃત્ત તમારા ઉદાર મનોબળથી જ તમે સાચવ્યું, અને જેટલાં જેટલાં મ્હેં તમને ક્રૂરમાં ક્રૂર દુઃખ દીધાં તેટલાં તેટલાં પરમ સુખ અને પરમ કલ્યાણ તમે મને સોગણાં વધારી આપ્યાં! તમારાં માતુઃશ્રીની દક્ષતા અને તમારાં દેવીની ઋજુતા અને ઉભયની ઉદાર ક્ષમા તમારામાં મૂર્ત્તિમતી થઈ, ને ચન્દ્રાવલીમૈયા પાસે સંસ્કાર પામી તમે હું અનાર્ય ઉપર અવર્ણનીય આર્યતા પ્રકટ કરી! તો મ્હારા શિરને—મ્હારા ઉત્તમાંગને—ઓ મ્હારાં આર્યમાતા—આર્યતમા!—આ મ્હારા અનાર્ય શિરને તમારા આર્ય ચરણના સ્પર્શનો અધિકાર આપો."

આમ બોલતો બોલતો, બોલવાની શક્તિ બંધ થતાં આંસુથી નહવાઈ ગયેલો જ સરસ્વતીચંદ્ર કુમુદને ચરણે પડ્યો ને એનો ઉઠાડ્યો ઉઠ્યો.

"સરસ્વતીચંદ્ર! ઈશ્વરલીલાના ચમત્કારથી એક ભવમાં અનેક ભવ થાય છે તેમ મ્હારે તમારે થયું! પણ સર્વ અવતારમાં—સર્વ ભવમાં—તમે મને તમારી કહી તે હું તમારી રહી છું ને રહીશ!—ને મ્હેં તમને મ્હારા કહ્યા તે મ્હારા જ રહ્યા છો ને રહેજો! હૃદયથી આપણે હતાં તેવાં સર્વથા સર્વદા એક જ છીયે અને આપણી બેની વચ્ચે આપણી બેની પરમ પ્રીતિનું સુપાત્ર આ મ્હારી—મ્હારી જીવનમૂર્ત્તિ—મ્હારાં હૃદયનો આધાર—મ્હારી કુસુમ છે તે તેવી જ રહેશે અને એને એવી જ આપના હૃદયમાં રાખજો!—કુસુમ, આ મહાત્માની તું અહોનિશ હૃદયપૂજા કરીશ તે કાળે સર્વદા આ તારી પરોક્ષ બ્હેનને અવશ્ય સ્મરજે જ!"

બે બ્હેનો ફરી ભેટી.

"બ્હેન, તમે મુંબાઈ આવજો જ હાં! હું હવે માતાપિતાથી અને તમારાથી વીખુટી પડું છું!"

"કુસુમ, ભર્ત્તા એ સ્ત્રીની પરમ ગતિ છે, ને તું આવા મહાત્માના હૃદયમાં વસી તેની સેવા કરીશ અને તેમના મહાયજ્ઞોમાં સહધર્મચાર કરીશ ત્યારે માતા, પિતા, અને હું સર્વે સગાંની અને તારી પોતાની પણ એમનામાં જ પ્રતિક્ષા કરી લેજે! એમના વિના બીજા કોઈની ઇચ્છના કરી એમની સેવામાં પળવાર પણ ન્યૂનતા આણીશ નહીં! હવે એ જ તારું દૈવત છે અને એ પણ તને તેવી જ ગણશે! એમનામાં ને તારામાં હવે તું ભેદભાવ રજ પણ ગણીશ નહીં ને એમની આરતી કરે ત્યારે કુમુદને તો માત્ર ઘંટા પેઠે તારા હૃદયમાં વગાડજે!"

પ્રકરણ ૫૨.

આરાત્રિક અથવા આરતી.

સુન્દર વેણુ વાગી ! વેણુ વાગી !
વેણુ વાગી ને હું જાગી !—સુન્દર૦
(પ્રસ્તાવિક)
નટવર વસન્ત થઈ નાચી રહ્યો રે !
નાચી રહ્યો ! જુગ નચાવી રહ્યો !
નટવર૦
(પ્રસ્તાવિક)
મને રાસ જોયાના કોડ, વ્હાલા !
મને રાસ રમ્યાના કોડ, વ્હાલા !
મને થેઈ થેઈ રાસ રમાડ, વ્હાલા !
(પ્રસ્તાવિક)

વાચનાર ! ઘણો લાંબો પ્રવાસ કરી આપણે પાછા મુંબાઈ-નગરીમાં આવીયે છીયે. કુસુમને લેઈ મુંબાઈ આવ્યે સરસ્વતીચંદ્રને એક વર્ષ પુરું થઈ ગયું. એમના ઉપર ગુણસુન્દરીના પત્રો આવતા તેથી એ આર્યાને આખા જન્મારાના મહાતપનું ફળ મળ્યું હોય એમ કુસુમના સુખથી અને કુમુદના સ્વાસ્થ્યથી, એના સુખનો પ્યાલો ઉભરાતો હતો. રત્નનગરીમાં ગુણસુન્દરીનો કાળ હવે વિદ્યાનંદમાં નિર્વિઘ્ન જતો હતો ને પરદેશ પડેલી ભત્રીજીયોની વાતો સુન્દર ભાભીજીના કાનમાં આખો દિવસ ખુશ ખુશ કર્યા કરતી તે વિના ગુણસુન્દરીને બીજી ચિન્તા કે કામ રહ્યું નહી. વિદ્યાચતુર રાજ્યકાર્યમાં રોકાયલો હોવાથી બહુ પત્ર લખી શકતો ન હતો; પણ જ્યારે જ્યારે કંઈ લખવાને અવકાશ મળતો અને એના પત્ર આવતા ત્યારે તે સુતા–જમાતાનાં કલ્યાણકાર્યની વૃદ્ધિના સમાચાર પુછાવતો ને પોતાના ભણીની અનુભવભરી સૂચનાઓ કરતો. સુન્દરગૌરી કુસુમ ઉપર પત્ર લખતી અને કાકીભત્રીજી વચ્ચે જુદી જાતની પણ ટપા-ટપી અને ટકોરો તો હજી સુધી ચાલ્યાં જ કરતી તે કુસુમ સરસ્વતી-ચંદ્રને વંચાવી વિનોદ આપતી હતી. સરસ્વતીચંદ્ર પાસે, શાસ્ત્રી ને સાધુજનો પાસે, ને મડમો પાસે પોતાનાં જ્ઞાન, કળાઓ, અને ઉચ્ચ-ગ્રાહ વધતાં હતાં તેનું કુસુમ પોતાના ઉત્તરમાં સવિસ્તર વર્ણન માતાને ને બ્હેનને લખતી હતી.

સુન્દરગિરિ ઉપર બુદ્ધિધન અને નરભેરામ બે આવ્યા હતા તે પાછા સુવર્ણપુર ગયા ત્યારે માર્ગમાં વાત નીકળતાં નરભેરામે કબુલ કર્યું હતું કે પ્રમાદધનને વિદ્યાચતુરની સૂચના પ્રમાણે રાખ્યો હત તો સુંદર ફળ નીવડત ને વિદ્યાચતુરને લાગ્યું હતું કે વધારે સૂક્ષ્મ ચતુરતા વાપરી હત તો ન્યાય થાત, પ્રમાદ સુધરી જીવત, ને કુમુદ સુખી થાત. કુમુદસુન્દરી સુવર્ણપુર ગયા પછી બુદ્ધિધને સંન્યાસનો વિચાર માંડી વાળ્યો; અને નણંદભોજાઈ—બુદ્ધિધન સ્વસ્થતાથી કારભાર કરે એમ તેની સંભાળ રાખવા—ને દેવીએ મુકેલા બાળકને રમાડી કલોલ કરવા—લાગ્યાં, અને એ બાળક મ્હોટો થાય તેમ તેમ તેની શી શી ચિન્તાઓ કરવી તે કદી કદી આજથી વિચારતાં. સંસ્કૃત અને ઈંગ્રેજી પુસ્તકોમાંથી અનેક જ્ઞાનવાર્ત્તાઓ અને શૃંગાર વિનાના સર્વ વિષયો કુમુદસુન્દરી ઘરમાં બેસી વાંચતી, ને અનેક સ્ત્રીયો આવતી તેને સમજાવતી અને શીખવતી. થોડો કાળ એ ગુણસુન્દરી પાસે જઈ આવતી અને સુન્દરગિરિ ઉપર પરિવ્રાજિકાશ્રમની—તેમ સુભદ્રાના મુખ આગળ માતાના બેટમાં જઈ પોતાના, સરસ્વતીચંદ્રના, અને સંસારના કલ્યાણનું બીજ વાવનારી ચન્દ્રાવલીની—અતિથિ થઈ આવતી. એ પરમ સાધુજન પાસેથી એ નવા નવા ઉપદેશ આણતી ત્યારે કોઈ કોઈ વેળા અલકકિશોરી પણ એની સાથે જતી. હવે તો કુસુમનાથી છુટાં પડ્યે વર્ષ થવા આવ્યું ને કુસુમના પત્ર ઉપર પત્ર આવવા લાગ્યા, તેથી મુંબાઈ જઈ આવવાનું ઉધાડું ધાર્યું. બાકી કુસુમનું સુખ, સરસ્વતીચંદ્રની સ્વસ્થતા અને જીવનસફલતા, કલ્યાણગ્રામના મનોરાજ્યના મહાયજ્ઞની જ્વાલાઓ અને તેનાં હોમહવનકાર્યની વૃદ્ધિ—એ સર્વ વિષયે સરસ્વતીચંદ્રના સ્વહસ્તાક્ષર સહિત કુસુમના બીજે ત્રીજે સવિસ્તર પત્ર આવતા. એ પત્રોમાંના સમાચારના વિષય પ્રત્યક્ષ કરવા એ બે જણ કુમુદને મુંબાઈ આવવા ફરી ફરી લખતાં હતાં. પોતાને પણ એ સમારમ્ભમાં ગંગા જેવી કુસુમનું યમુનાકૃત્ય કરવાનો અભિલાષ હતો તે સિદ્ધ કરવા મુંબાઈ જવાનો કુમુદના મનમાં ઘણા દિવસનો સંકલ્પ હતો તે આ પ્રસંગથી ઉઘાડો કરવાનું નિમિત્ત મળ્યું. કુમુદની સાથે અલકકિશોરીને પણ મુંબાઈ આવવા તેડાં થતાં હતાં અને તેને પોતાની સાથે મોકલવા કુમુદે શ્વશુર પાસે માગી લીધું હતું એટલે પોતાના ઘરમાં નવીનચંદ્ર થઈ ઠગ પેઠે વેશ ધારી રહી ગયલાને મ્હેણાં દેવાને અલકે પણ ભાભીની સાથે મુંબાઈ જવાનું ધાર્યું.

મુંબાઈમાં સરસ્વતીચંદ્રના કલ્યાણગ્રામની યોજના ચર્ચાઈ ચર્ચાઈને પુરી થવા આવી હતી, અને તેના "ટ્રસ્ટ" ના લેખ ઉપર પિતાપુત્રની સહીયો પણ થઈ ગઈ હતી. હવે મુંબાઈની ભરવસ્તીથી આઘે સ્વચ્છ સુન્દર સ્થાને સમુદ્રની પાસે એ ગ્રામ માટે જગા વેચાતી રાખવાનો વિચાર ચાલતો હતો. કોટમાં સરસ્વતીચંદ્રની આરીસને માટે એક આખો પત્થરનો મ્હેલ રાખવામાં આવ્યો હતો—તેમાં લક્ષ્મીનંદનની "મીલ" ની "આરીસ" હતી, એના બીજા વ્યાપારની "આરીસ" હતી, અનેક દેશના વિદ્વાનોને અને દેશભક્ત જનોને તેમ આ દેશના હિતચિંતક પરદેશીયોને એકઠાં મળવાને અને લોકહિતના વિચાર ચર્ચવાને માટે પણ એક "આરીસ" હતી. એ આરીસોનું નામ "કક્ષાઓ" પાડ્યું હતું, અને સૂત્રયંત્રકક્ષા, વ્યાપારકક્ષા અને સમાજકક્ષા નામોથી એ આરીસો ઓળખાતી હતી. આખા મ્હેલનું નામ "લક્ષ્મી-સરસ્વતી-વિલાસ-મન્દિર" રાખ્યું હતું. એ મન્દિરના ગોપુરદ્વારને શિખરભાગે લક્ષ્મીનંદનની મુખાકૃતિ કોતરી હતી. એને પ્હેલે માળે એક આગલી કક્ષા કલ્યાણગ્રામના સ્થપતિઓ[1]—architects—ને માટે હતી. વિદ્વાન્ દીર્ઘદર્શી સ્થપતિઓ તેમાં આખો દિવસ બેસી, નકશાઓ લેઈ, યોજનાઓ કરતા ને આ કક્ષાને સામાન્ય મનુષ્યો ઇજનેરી આરીસને નામે ઓળખતાં. તેની જોડે એક બીજી કક્ષામાં કલ્યાણગ્રામના આશ્રમીયોને અને અંતેવાસીયોને માટે યોજનાઓ થતી અને તેમાં દેશદેશના અને ભાતભાતના સમર્થ વ્યાપારીયો અને વિદ્વાનો ભરાતા અને ચર્ચામાં ભળતા. સહુની પાછળ એક મ્હોટી કક્ષા સરસ્વતીચંદ્રને પોતાને બેસવાની હતી. તેમાં બે ખંડ હતા. તેમાંથી એકમાં પોતે બેસતો, અન્ય કક્ષાઓનાં કાર્યની નિરીક્ષા રાખતો, ને વિહારપુરી અને જ્ઞાનભારતીદ્વારા વિષ્ણુદાસજી સાથે જ્ઞાનમાર્ગનો પત્રવ્યવહાર રાખતો. બીજા ખંડમાં કુસુમ અને તેને મળવા આવનારી સ્ત્રીયો બેસતી. આ બે ખંડનાં પાછલાં દ્વાર સમુદ્ર ભણી પડતાં અને તેમની ને સમુદ્રની વચ્ચે કોઈ પડદો ન હતો. ગુમાન આવતી ત્યારે કુસુમની સાથે બેસતી ને કલ્યાણગ્રામની યોજનાઓ સમજતી. લક્ષ્મીનંદન આવતા ત્યારે નીચેની અને ઉપરની સર્વ કક્ષાઓમાં ફરતા અને દેખરેખ રાખતા, પણ એનું મુખ્ય ધ્યાન પુત્રના મહાકાર્યમાં વાપરવાનું સરવાયું જોવામાં હતું, અને એને પણ એ

---

૧. ઘર બાંધવાનું શાસ્ત્ર જાણનારા.

કાર્યમાં અંશભાગી થવાનો અને આવા પરોપકારી પુત્રને જોઈ કૃતકૃત્યતા માનવાનો અભિલાષ થયો હતો. આ સરવાયું પુરુ તો નીકળ્યું ન હતું પણ અડસટ્ટે લોકમાં માત્ર દશપંદર લાખ ગણાતી મીલકતની ઉપજ જ બે ત્રણ લાખની જણાઈ, અને પાંચેક લાખની મીલકત તો ઉપજ વિનાની હતી. તે ઉપરાંત સરસ્વતીચંદ્રની પાસેની મીલકત જુદી અને કુસુમને મળેલાં કન્યાદાન ને મણિરાજના કર્ણભવનમાંથી મળવાનું હતું તે જુદું.

આ ઉપરાંત ઝવેરકોટમાં, વાલકેશ્વર, અને મહાલક્ષ્મી આગળ પણ શેઠના બંગલા હતા. તેમાંથી જ્યાં જ્યાં પોતે જાય ત્યાં ત્યાં આઘેની ને પાડોશમાંની સર્વ સ્ત્રીયોને બોલાવી, આકર્ષી, કુસુમ તેમને વિદ્યા, કળા, અને વિનોદની રસીયણ કરી દેતી હતી. સરસ્વતીચંદ્રને માટે વાલકેશ્વરનો બંગલો રાખેલો હતો અને તેના શૃંગારની યોજના કરવામાં ગુમાન પોતાનો બધો કાળ ગાળતી. ભાઈને આ જોઈશું ને વહુને આ દીપશે—આ ચિંતામાં ગુમાન ઝવેરીયોને ત્યાં અને કાપડીયાઓને ત્યાં આથડતી, વાલકેશ્વરના બંગલાના ખંડે ખંડમાં ફરી વળતી, અને તેની સામગ્રીમાં દેશી સ્ત્રીયો, પારસી "બાનુઓ" અને ઈંગ્રેજમડમોના બંગલા અને તેના ખંડો જોઈ જોઈ રોજ રોજ નવા ફેરફાર કરાવતી. ગુમાન, અદેખી અપરમાતા મટી, વહુઘેલી સગી માતાની પેઠે, હવેરી હવેરી ફરતી અને આવી અનેક મડમોને અને દેશી હીંદુ સ્ત્રીયોને પુછી કુસુમના ને એના ગૃહના શૃંગાર વધારતી. કુસુમને પગલે લક્ષ્મીનંદનના મંદિરમાં આનંદની અહોનિશ વૃષ્ટિ થઈ રહી ને ધનાઢ્ય શેઠની વૃદ્ધાવસ્થામાં ઉદ્યોગ, સુખ, અને શાંતિની વ્યવસ્થા દેખી હરિદાસ પણ પોતાની સેવા સફલ થઈ માનતો.

એ સર્વ સુખમાં લક્ષ્મીનંદનને માત્ર એક બે વાતનો ઉંડો અસંતોષ હતો. જે ખંડમાં સરસ્વતીચંદ્રે કુમુદસુંદરીની મ્હોટી છબી રાખી હતી તે ખંડમાં એ છબી આગળ કંથા પ્હેરી ઉભો રહેતો અને ક્વચિત્ અશ્રુપાત કરતો એને લક્ષ્મીનંદને દીઠેલો હતો. તેમ કેટલીક વાર તો કુસુમની પાસે પણ કંથા પ્હેરીને ફરતો. વળી થોડા દિવસ થયાં તો કુસુમને માટે પણ કન્થા કરાવી હતી ને કુમુદસુંદરીની કંથા પ્હેરેલી એક મ્હોટી છબી કુલડાર્યો, વરકન્યા સજ્જડે ભગવી કન્થા પ્હેરી આ છબી પાસે ઉભાં રહીને પગે લાગતાં હતાં ને એક વેળા તો પાદરી લોકની પેઠે ઘુંટણે પડી હાથ જોડી આ છબી પાસે કંઈ ભાષણ કરતાં હતાં એવું નોકરોએ

શેઠના કાનમાં કહ્યું હતું. આ સર્વ વિચારી લક્ષ્મીનંદનનું પૌત્રલાલસાવાણું હૃદય ચિન્તાતુર રૂહેતું, અને ચન્દ્રાવલી અને વિહારપુરી પેઠે રૂહેવાની લાલસા પોતાનાં પુત્રવધૂમાં છે જાણીને તો છેક નિરાશ રૂહેતો ને કળે કળે નિમિત્તે નિમિત્તે ગુમાન કુસુમવહુને ઉપદેશ અને ઉદ્દીપન કરવાને ચુકતી નહી.

અંતે સરસ્વતીચંદ્રના લગ્નનું વર્ષ પુરું થયું તે દિવસે ગુમાને વાલકેશ્વરની મહાપૂજા કરાવી ને બંગલામાં પોતાની ઇષ્ટસિદ્ધિ થઈ માની સત્યનારાયણની પૂજા કરી હરદાસની કથા માંડી તેમાં પુત્રના સર્વ મિત્રોને ને આશ્રિતોને આમંત્ર્યા. વાલકેશ્વરના બંગલામાં બે મડમો કુસુમને ઇંગ્રેજી કલાઓ શીખવવાને આવતી ને ઇંગ્રેજ, પારસી, મુસલમાન વિદ્વાન્ ગુણી મિત્રો આવતા તેમને માટે પણ " પાર્ટી " આરંભી. ત્યાં " પીયાનો " નું ગાયન આરંભાયું ને શ્રીમતી ત્યાંનાં અતિથિમંડળનું આતિથેય કરતી હતી.

હરિદાસ કુસુમને લેઇ સ્ટેશન ઉપર ગયો હતો — કુમુદ અને તેની સાથનું મંડળ મુંબાઈ આવી માંહ્ય માંહ્યથી નાશક યાત્રાર્થે ગયું હતું તે અત્યારે આવવાનું હતું.

પોતાની દેશપ્રીતિના મનોરાજ્યના પ્રથમ ઉદયકાળે કરેલી કલ્પના પ્રમાણે ઉદ્ધતલાલે વ્યાપાર શીખવા વીલાયત અને અમેરિકા જવાનું સ્વીકાર્યું હતું. તરંગશંકર અને વીરરાવે કલ્યાણગ્રામમાં સકુટુમ્બ રૂહેવાનું સ્વીકાર્યું હતું. ચંદ્રકાંતે વકીલાત છોડી કલ્યાણગ્રામની વ્યવસ્થાના તન્ત્રીનું કામ સ્વીકાર્યું હતું, ને ગંગાભાભી સાથે એ ગ્રામમાં રૂહેવાને એ બંધાઈ ચુકયો હતો. આ મંડળ, અને ભૂત તથા વર્ત્તમાનમાં સરસ્વતીચંદ્રની ગુણજ્ઞ ઉદારતાએ ઉપકૃત કરેલું વિદ્વાનો — કારીગરો — ને — વ્યાપારીયોનું મંડળ, આજ ભેગું થયું હતું.

કુમુદ અને તેની સાથના મંડળને લેઈ કુસુમ અને હરિદાસ આવ્યાં તેની સાથે ગુમાનની આજ્ઞાથી વાજાવાળાનું " બેણ્ડ " વાગવા માંડ્યું. કુમુદ વિના બીજા કોઈ ને ન દેખતી ઘેલી કુસુમ બંગલામાં એની સાથે લપાઈ લપાઈને વાતો કરતી ચાલી. પોતાના બંગલાની એક પાસ વેલાઓ વચ્ચે માંડવામાં ઉભો ઉભો ચંદ્રનીના અજવાળામાં અત્યારે સરસ્વતીચંદ્ર કાશીનગરીથી પોતે આમન્ત્રેલા એક પરમહંસ પરમજ્ઞાનરૂપ જીવન્મુક્ત મહાત્મા પાસેથી કંઈ ઉંડો બોધ લેતો હતો તે બેણ્ડ સંભળાતાં એ મહાત્મા-ની આજ્ઞાથી ઉઠ્યો અને, સામો જઈ, કુમુદનું કુશળ પુછી, કુમુદ-કુસુમની

પાછળ અલકકુમ્હેનની સાથે વાતો કરતો કરતો પોતાનાં પગથીયાં પર ચઢવા લાગ્યો અને સૌભાગ્યદેવીના બાળક પુત્રને પોતાના હાથમાં લેઈ તેને પ્રીતિથી વિનોદપ્રશ્ન પુછવા લાગ્યો.

જુદાજુદા ખંડોમાં મેવા મીઠાઈ, હરિકથા, કીર્ત્તન, ધૂપ, અત્તર, "સેણ્ટ" ગાનતાન, અને અનેક જાતના વિનોદમાં રાત્રિનો દ્વેાઢ પ્રહર વીત્યો ને ધીમે ધીમે સર્વ વેરાયાં. સ્ત્રીમંડળનો મ્હોટો ભાગ કથામાં હતો તે પુરી થતા સુધી સમુદ્રભણીની બારીયો ઉઘાડી મુકી સર્વથી ઉપલા માળના એક ખંડમાં આરામાસન ઉપર પડ્યો પડ્યો સરસ્વતીચંદ્ર બારીમાંથી આવતી સમુદ્રના પવનની લ્હેરોથી નિદ્રાવશ થયો. નિદ્રામાં તેને પાંચ મિનિટ સ્વપ્ન થયું તેમાં તે સુન્દરગિરિ ઉપર એક પલંગ ઉપર બેસી સામી ઉભેલી કુસુમને કહેતો હતોઃ "કુસુમ! આપણો દેશ જ્યાં સુધી પૃથ્વી ઉપર સુવે છે ને તેને પહેરવાને વસ્ત્રો નથી ને ખાવાને અન્ન નથી ત્યાં સુધી આપણે આ પલંગ, આ મિષ્ટાન્ન, અને આ વસ્ત્ર શાં? भूतलशय्या तरुतलवासः कस्य सुखं न करोतु विरागः" આટલું બોલે છે તેની સાથે પલંગનો પથરો થઈ ગયો અને એનાં શરીર ઉપર વસ્ત્રોની કન્થાઓ થઈ ગઈ ને સ્વપ્ન પુરું થયું.

કથાને અન્તે ઘીની વાટોથી ને કપુરથી પ્રકટેલી ઘણાં બાનાંવાળી મ્હોટી ચાંદીની આરતી ઉપર હાથ ફેરવી— ઓવારણાં લેઈ—સર્વ મંડળે નિરંજનનું વંદન કરી આંખે લીધું. તે આરતી લેઈ ગુમાને કુસમને સરસ્વતીચંદ્ર પાસે મોકલી. સરસ્વતીચંદ્ર એકલો આરામાસનમાં નિદ્રાવશ સુખીથઈ સુતો હતો તેના સામી આરતી લેઈ કુસુમ ઉભી, પણ એ જાગ્યો નહી. એના મુખ ઉપર આરતીનો પ્રકાશ પડતાં કુસુમ એ મુખ ઉપર મોહિત થઈ એમની એમ ઉભી રહી.

પ્રિયમુખ જોતાં એનું પોતાનું મુખ આનન્દથી મલકાતું હતું, પણ તેનું એને ભાન ન હતું. દેવને કરવાની આરતી પતિદેવને જ કરવા ઇચ્છતી હોય—સર્વ દેવના કરતાં પતિદૈવતને જ શ્રેષ્ઠ અને પ્રિયતમ ગણતી હોય—તેમ—અથવા એમ ગણીને જ—માત્ર પતિમુખ ભણી આરતી ધરીને—આરતીના અનેક દીવાઓના એક થયલા પ્રકાશથી એ મુખને જોતી જોતી ઉભી જ રહી ને ગણુગણીઃ—

[1] "વ્રજ વહાલુંરે! વૈકુંઠ નથી જાવું!
"ત્યાં મુજ નન્દકુંવર ક્યાંથી લાવું?—વ્રજ૦"

ઘણાંને આરતીનું વંદન લેવું રહી ગયું હતું ને વહુ પાછી આવી નહી એ.

---

૧ પ્રસ્તાવિક.

જનનો બોધેલો ધર્મ સ્વીકારવા તત્પર થયાં તે શાથી ? માત્ર મ્હારા ઉપર પ્રીતિથી—અને મ્હારી આ સ્થિતિ જોવાની તમારી અશક્તિથી ! પવિત્ર માતાપિતાની અવગણના કરવા તત્પર થયાં—દેવી અને બુદ્ધિધન જેવી તમારા હૃદયની મૂર્ત્તિઓને ભુલી જવા તત્પર થયાં, અપકીર્ત્તિ અને હૃદયનું મર્મવેધન સ્વીકારવા ઉભાં થયાં—તે સર્વ શાને માટે ? હવે આવું વૈધવ્ય અને આ પરિત્રજ્યા લેવાની તીવ્રતમ પ્રતિજ્ઞા કરી બેહાં તે શાને માટે ? મ્હારું મનોરાજ્ય જોઈ સંસારઉપર તમારા હૃદયની કૃપા થઈ તે માટે, મ્હારા મનોરાજ્યની અનાથતા જોઈ શક્યાં નહી તે માટે, માતાપિતાની ઉદારતાની પરાકાષ્ઠા જોઈ આર્દ્ર થયાં તે માટે, ને કુસુમ જેવી બ્હેનની કુમારાવસ્થાનું કારણ-ઇંગિતથી જાણી-જોઈ શક્યાં નહી તે માટે! સર્વથા એ જ તમારી સૂક્ષ્મતમ પ્રીતિનું મૂળ; એ જ તમારી આર્દ્રતા, કોમળતા, દયા! એ દયાએ મ્હારી ને કુસુમવચ્ચે તમારી પાસે આ દૂતીકર્મ કરાવ્યું! એ દયાએ કુસુમનાં મ્હારે માટે સંવનન—પરિશીલન કરાવ્યાં! કુમુદ ! તમે જ આર્યા છો. કુમુદસુંદરી! આર્યતા તમે જ સમજ્યાં છો !" એવું લવતાં લવતાં એની રાત્રિ ગઈ. સર્વની રાત્રિ ગઈ અને પ્રાતઃકાળ થયો. લક્ષ્મીનંદન શેઠ અને શુભાન દશેક વાગે આવે છે એવા સમાચાર મળ્યા. પ્હેલાં હરિદાસ આવ્યો, હર્ષનાં આંસુ ભર્યો " ભાઈ" ને ભેટ્યો ને સાથે પાઘડી લુગડાં આણ્યાં હતાં તે, અંચળો ફ્હાડી, પ્હેરવા "ભાઈ" ને ફ્હેવા લાગ્યો. સરસ્વતીચંદ્રે ચન્દ્રકાંત સામું જોયું. ચન્દ્રકાન્તે સ્મિત કરી કહ્યું—"ભાઈ, હવે ગુરુજીની આજ્ઞા છે તે સાધુતાના માનનો ત્યાગ કરો અને, કન્થાને અને પાઘડીલુગડાંને એક ગણી, તમારે માટે ઘેલા થયલા પિતાને ઠાલ્યા અને સુખી કરવાને માટે, હરિદાસનું કહ્યું સત્વર કરો." કન્થાનો ત્યાગ કરી, સંસારનાં વસ્ત્ર પ્હેરતો પ્હેરતો સરસ્વતીચંદ્ર બોલ્યો—" હરિદાસ, પિતાશ્રીની પાસે હું આ વસ્ત્ર પ્હેરીશ ને અન્ય પ્રસંગે કન્થા પ્હેરીશ. તું આ કન્થાને રત્નપેઠે જાળવી રાખજે ને માગું ત્યારે આપજે !"

સર્વ શેહને સામા લેવા ગયા. પિતા, માતા, અને પુત્ર, માર્ગ વચ્ચે ભેટ્યાં અને રોયાં અને અનેક હૃદયવેધક વાતો કરતાં કરતાં શેહને માટે ઉભા કરેલા તંબુમાં ગયાં. સાધુજનોનાં ટોળેટોળાં સરસ્વતીચંદ્રનું રૂપાંતર જોવાને નીકળી પડ્યાં હતાં અને જ્યાં ત્યાં " અલખ," " યદુનન્દન," " વિષ્ણુદાસજી," અને " નવીનચન્દ્રજી" ના જયની ગર્જનાઓ ઉઠી રહી હતી.

બે દિવસમાં વિદ્યાચતુર આવ્યો. બીજા બે દિવસમાં બુદ્ધિધન આવ્યો.

બીજા બે દિવસમાં મુંબાઈથી બોલાવેલું ને અણબોલાવેલું મંડળ આવ્યું, અને સુન્દરગિરિ ઉપર મણિરાજના કર્ણભવનને અને વિદ્યાચતુરને બરચે તંબુઓનું ગામ ઉભું થયું. જ્ઞાનભારતી અને શાંન્તિશર્મા પાસે પચાશેક સાક્ષીઓ લેવાયા ને સરસ્વતીચન્દ્રનું અભિજ્ઞાન ન્યાયવ્યવહારથી સિદ્ધ થયું. તેને બીજે દિવસે આ મંડળ જનૈયાને અને સામૈયાને રૂપે બદલાઈ વહેંચાઈ ગયું ને સરસ્વતીચન્દ્ર અને કુસુમનું વરણવિધાન—લગ્ન—સાધુજનોના સંપ્રદાય પ્રમાણે સધાયું—ને બાકીનો વ્યવહાર તેનાં માતા-પિતાની ઇચ્છા પ્રમાણે સચવાયો.

વરકન્યા વિષ્ણુદાસજીને ચરણે કન્થાઓ પહેરીને નમ્યાં. લક્ષ્મીનંદન શેઠે યદુનંદનજીની પ્રતિમા પાસે વીશ હજાર રુપીઆની ભેટ મુકી અને વિષ્ણુદાસજીએ તેમાંનો અર્ધો ભાગ સુરગ્રામનાં મન્દિરોમાં વહેંચવા આજ્ઞા કરી.

કુસુમના કન્યાદાનપ્રસંગે બુદ્ધિધને પ્રમાદધનને માટે પોતાના દ્રવ્યમાંથી રાખેલો અંશ "મયાદત્તમાં" આપ્યો, કુમુદે શ્વશુર પાસેથી પોતાને મળેલો અંશ આપ્યો, અને વરકન્યાને વીદાયકરતી વેળા ગુણસુન્દરી અને સુન્દર રોઈ પડ્યાં તો વિદ્યાચતુર ગંભીર મૌન ધારી પાણીથી ભરેલી આંખે જોઈ રહ્યો, અને નિર્દંભ ઠરેલા અર્થદાસ પાસેથી સરસ્વતીચંદ્રવાળી મુદ્રા વેચાતી લીધી હતી તે કુસુમની આંગળીયે પહેરાવી પોતાનાં આંસુ ભણીથી સર્વની દૃષ્ટિને ચુકાવવા લાગ્યો.

ગુમાન વહુયેલીબની અને વરના પક્ષનો સાથ થોડા દિવસ સુન્દરગિરિ ઉપર ટક્યો. વરકન્યાને માટે મણિરાજે કસબી ઝાલરોવાળો તંબુ મોકલ્યો હતો.

ધનનંદનના મૃત્યુથી સરસ્વતીચન્દ્ર એકલો લક્ષ્મીનંદનનો વારસ હતો ને "ટ્રસ્ટડીડ" કરી શેઠે એને પોતાનું સર્વસ્વ આપી દીધું હતું. સરસ્વતીચન્દ્રે પિતામાતાની સેવાને માટે રખાય એટલું દ્રવ્ય રાખી અન્ય ભાગ પોતાના મનોરાજ્યની પૂર્ણાહુતિમાં નાંખવાની કલ્પનાઓ કરી અને તેની યોજનાઓમાં કુમુદ, કુસુમ, અને મિત્રમંડળ સર્વ ભળ્યાં તે યોજનાઓની વાતો ચલાવતાં ચલાવતાં સર્વ રત્નનગરી જવા નીકળ્યાં.

રત્નનગરીમાંથી નીકળતી વેળા એક પાસ કુસુમ ને બીજી પાસ વિદ્યાચતુર, ગુણસુંદરી, અને સુન્દર વચ્ચે મનોવેધક પ્રસંગ રચાયો. કુસુમનું ચિત્ત કુમુદમાં હતું—કુમુદ વરકન્યાના રથમાં બેસી થોડાક ગાઉસુધી વળાવવા ગઈ. સરસ્વતીચન્દ્ર બધો માર્ગ વિચારમાં હતો ને બે બહેનો જ

ટલે ગુમાન એને તેડવા ઉપર આવી, અને દૂરથી આ દેખાવ જોઈ પગ અટકાવી આનંદના ઉમળકાથી જોઈ રહી, અંતે કુસુમને બોલાવવાનું ભુલી શેઠની ચિંતા દૂર કરનાર આ દેખાવની વધામણી ખાવા દોડી ગઈ, ને દોડતાં દોડતાં પડતી પડતી રહી જઈ શેઠ પાસે પ્હોચી ગઈ. બધાં બેઠાં હતાં એટલે શેઠના કાનમાં જ ઉતાવળું ઉતાવળું કંઈક અમૃતવચન કહી દીધું.

કુમુદે સુન્દરગિરિ છોડ્યા પછી પણ ભગવી કન્થા મુકી ન હતી. તે પ્હેરીને, અત્યારે કુસુમ એકલી હશે જાણી, એને બોળતી બોળતી એ ઉપર આવી અને કુસુમના દ્વાર આગળ આવી ઉભી. પોતાના સ્વાર્પણનું—પોતાની પૂર્ણાહુતિનું—પુણ્યફલ દેખી અંજાઈ ગઈ હોય એમ પ્રતિમા પેઠે સ્તબ્ધ થઈ એક કમાડમાં લપાઈ રહી ઉભી જ રહી.

ઘેલી કુસુમ હજી સુધી આરતી લેઈ મલકાતી મલકાતી પતિમુખને ન્યાળી રહી હતી તે અચિન્તી કાંઈ ઊર્મિ ઉદ્ભવાથી—એ ઊર્મિના અસહ્ય વેગના હેલારાથી—દેવની આરતી વડે જ પતિદૈવતની આરતી ઉતારવા મંડી ગઈ. પતિના મિત્રો અને આશ્રિતોની ચારે દિશાઓમાં નીચે તરવરતી દીઠેલી મ્હોટી સંખ્યાને સ્મરતી સ્મરતી, તેના આધારભૂત પોતાના પતિના ગર્વથી ફુલતી ફુલતી, આરતી ઉતારતી ઉતારતી ગાવા લાગીઃ

"જાગો, કન્થા...ધા...રી !
"હવે મ્હારા જાગો કન્થા...ધા...રી !"

વળી આરતીનો વેગ વધારતી વધારતી ગાતી ગઈ, ને શ્રીકૃષ્ણને કરવાનું સંબોધન પતિને જ સંબોધી, તેમાંની ત્રીજી પંક્તિ ગાતાં તો આરતીવાળો હાથ, બ્યારી ભણી કાંઈ બતાવતી હોય તેમ, લંબાવ્યોઃ

"जयति तेँ ऽधिकं जन्मना जगत्
"श्रयत इन्दिरा शश्वदत्र वै ।
"दयित दृश्यतां दिक्षु तावक[1]स्
"त्वयि धृतासवस्त्वां विचिन्वते ॥

"विचिन्वते" શબ્દ બોલાતા પ્હેલાં તો તેનાથી રૂહેવાયું નહીં ને આરતી ફેંકી દેઈ, પોતે "ઇન્દિરાના—લક્ષ્મીના—શાશ્વત આશ્રય" રૂપ


---

[1] તમ્હારા જન્મથી જગત અધિક જય પામે છે. ઇન્દિરા એટલે લક્ષ્મી અંહી જ શાશ્વત આશ્રય પામી વસે છે. હે પ્રિય ! તમ્હારામાં જેના જીવ છે એવાં તમ્હારાં આશ્રિત જન બધી દિશાઓમાં તરવરે છે તે જો. (ગોપિકાગીત ઉપરથી)

માનેલા પતિ–ઉર ભણી, નદી સમુદ્રમાં ધસે તેમ, ધસતી અધારી બનેલી મુગ્ધા, લજ્જાને પ્રથમ છોડી, સુતેલા પતિના રાત્રિના કમળપુટ પેઠે બીડાયલા અધરપુટ ઉપર પોતાના અધરને બીજી આરતી પેઠે ધરવા જાય છે ને એનું પોપચું કંઈક ઉઘડતું દેખે છે ત્યાં એને ચમકાવનાર શબ્દ પોતાની પાછળ સંભળાયો.

કુમુદ, આ સુખસ્વપ્નથી પોતાની મર્યાદા ભુલી જઈ, ઉભી રહી હતી તે હજી વધારે ભુલી ને તેનાથી હસી પડાયું. પરમ આનન્દનાં આંસુ તેની આંખોમાં આવી ગયાં ને મુખવડે બ્હેાટેથી કૂહેવાઈ જવાયું,—ત્યાંથી તેા તે પાછે પગલે બ્હસી ગઈ પણ બ્હસતાં બ્હસતાં યે કૂહેવાઈ જવાયું,—કે;

"ઘેલી મ્હારી કુસુમ!"



પ્રિય વાંચનાર! પંદર વર્ષે આપણેા સમાગમ હવે સમાપ્ત થાય છે. તું પુરુષ હેા કે સ્ત્રી હેા, સાક્ષર હેા કે પ્રાકૃત જન હેા, રાજા હેા કે પ્રજા હેા, શ્રીમાન્ હેા કે રંક હેા, ત્યાગી હેા કે ભેાગી હેા, જુના સંપ્રદાયનેા હેા કે નવા વિચારનેા હેા—હેા તે હેા—સર્વથા તું જે હેા તેને માટે યથાશક્તિ યથામતિ થેાડી થેાડી સામગ્રી આ ગ્રંથના કેાઈકે કેાઈકે પાનામાં તને મળી આવે, કંઈ પણ ભાવતું ભેાજન ન મળવાથી કેવળ નિરાહાર પાછાં જવાનેા વારેા તહારે ન આવે, તહારે જોઈતા પદાર્થથી આવે સ્થાને બની શકે એટલી તૃપ્તિ અને એટલેા બેાધ અને બેાધ નહી તેા સૂચના ને સૂચના નહી તેા અભિલાષ-સ્થાન પણ તને આ ચાર ગ્રન્થેામાંથી મળી આવે; અને મનની જે વાતેા પુછવાને તહારા મનને કેાઈ અનુભવી, રસિક, કે જ્ઞાની સન્મિત્રની અપેક્ષા હેાય એ વાતેાનાં સમાધાન કંઈકે કરવાને તને આ ગ્રંથેા કેાઈ સ્થાને કંઈ અંશે મિત્ર જેવા નીવડ્યા હેાય, તેા આપણી મિત્રતા અને તહારી સેવા કંઈકે થઈ છે એમ સમજશે; અને તેનું શુભ ફળ તહારા આયુષ્યમાં કાંઈ પણ સુખનેા અને કલ્યાણનેા અંશ ભરશે તેા આ લેખ સફળ થશે. એક નવલકથાનેા લેખક તે કેાઈનું એથી વધારે કલ્યાણ—શું કરી શકે?—અથવા કરવાનેા અધિકારી હેાઈ શકે?

Farewell ! A word that must be, and hath been—
A sound which makes us linger ;—yet farewell !
Ye who have traced the Pilgrim to the scene
Which is his last, if in your memory dwell
A thought which once was his, if on ye swell
A single recollection, not in vain.
He wore his sandal-shoon and scallop-shell ;
Farewell ! With him alone may rest the pain,
If such there were—with him, the moral of his strain.

BYRON'S *Childe Harold's Pilgrimage.*

નડીયાદ, વિક્રમાર્ક ૧૯૫૭, આશ્વિન શુ. ૫ ગુરૂવાર.

